પૂજ્ય શ્રી. આણંદજી પુરૂષોત્તમ-ભાવનગર.

ૐ

શ્રી મુનિસુંદરસૂરિકૃત

અધ્યાત્મકલ્પદ્રુમ

આત્મિક વિષયનો અતિ ઉપયોગી ગ્રંથ.

વિસ્તારથી વિવેચન કરનાર

મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ,

બી. એ; એલ્ એલ્. બી.

સોલિસીટર, હાઈ કોર્ટ મુંબઈ.

પ્રસિદ્ધ કર્ત્તા

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા.

ભાવનગર.

પ્રથમાવૃત્તિ–પ્રત ૧૦૦૦.

મુંબઈ:

"ગુજરાતી" પ્રિન્ટિંગ પ્રેસમાં મુદ્રિત.

વીર સંવત ૨૪૩૫. વિક્રમ સંવત ૧૯૬૫. સને ૧૯૦૯.

મૂલ્ય રૂ. ૧–૪–૦.

Gift
BK-3126
B
132
-A358

भोगे रोगभयं कुले च्युतिभयं वित्ते नृपालाद्भयं,
मौने दैन्यभयं बले रिपुभयं रूपे जराया भयम् ।
शास्त्रे वादभयं गुणे खलभयं काये कृतांताद्भयं,
सर्वं वस्तु भयान्वितं भुवि नृणां वैराग्यमेवाभयम् ॥

વૈરાગ્યશતક.

THE UNIVERSITY LIBRARY
The Maharaja Sayajirao University
of Baroda
Call No. B
132
-A358
BK-3126

UNIVERSITY LIBRARY
THE MAHARAJA SAYAJIRAO UNIVERSITY OF BARODA
T.E.M.S. UNIVERSITY OF BARODA

શિરછત્ર તીર્થરૂપ પૂજ્ય વડીલ પિતામહ શ્રીયુત

આણંદજી પુરુષોત્તમ.

મારી લઘુવયથી મારાપર આપનો પરમ વાત્સલ્યભાવ, મને કેળવણી આપવાની અને ધાર્મિક તથા વ્યાવહારિક વિષયોમાં સારી રીતે સ્થિત થયેલો જોવાની આપની તીવ્ર ઇચ્છા, આખા કુટુંબપર આપના અનેક ગુણોની પડતી ઉત્તમ છાપ અને ખાસ કરીને કેળવણીના સંબંધમાં આપે મારાપર કરેલા ઉપકારોનો બદલો આ ભવમાં વળી શકે તેમ નથી જ, માત્ર તે ઉપકારોની યાદદાસ્તને અંગે આ ગ્રંથ આપના નામ સાથે જોડી હું મારી જાતને અલ્પાંશે કૃતાર્થ માનું છું.

લી. આળ મૌક્તિક.

दंभपर्वतदंभोलिः, सौहार्दांबुधिचंद्रमाः ।
अध्यात्मशास्त्रमुत्तालमोहजालवनानलः ॥
कांताधरसुधास्वादाद्यूनां यज्जायते सुखम् ।
बिंदुः पार्श्वे तदध्यात्मशास्त्रस्वादसुखोदधेः ॥

દંભ રૂપપર્વતને ભેદવાને વજ્રસમાન અને મિત્રતા રૂપ સમુદ્રની વૃદ્ધિ કરવાને ચંદ્ર સમાન અધ્યાત્મશાસ્ત્ર મોહજ્વલના વનને બાળવાને દાવાનળ સમાન છે. સ્ત્રીના અધરરસનું પાન કરતાં યુવાન પુરુષને જે સુખ ઉપજે છે તે સુખ અધ્યાત્મશાસ્ત્રના સ્વાદના સુખરૂપ સમુદ્ર પાસે માત્ર એક બિંદુ તુલ્ય છે.

શ્રીમદ્યશોવિજયજી. અધ્યાત્મસાર.

પ્રસ્તાવના.

સંવત ૧૯૫૭ ની સાલમાં મરહૂમ શેઠ ભાવનગરમાં પ્રથમ દેખાવ દીધો તે પ્રસંગે ત્યાંથી ચાર માઈલ દૂર અકવાડા ગામમાં કુટુંબ સાથે રહેવાનો પ્રસંગ થયો. તે પ્રસંગે મુરબ્બી કુંવરજી આણંદજી અને અમરચંદ ઘેલાભાઈએ આ અધ્યાત્મ કલ્પદ્રુમ ગ્રંથપર વિવેચન વિસ્તારથી લખવાની આવશ્યકતા બતાવી તેમજ ઉપમિતિ ભવપ્રપંચ ગ્રંથનું સરલ ગુજરાતી અવતરણ કરવાની જરુરિયાત બતાવી. આ બન્ને ગ્રંથમાં મારો અલ્પ પ્રવેશ હોવાથી તે જોવાની ઇચ્છા થઈ. અકવાડામાં રહી આ અધ્યાત્મ કલ્પદ્રુમ ગ્રંથ ઉપર ઉપરથી જોઇ ગયો અને તે ગ્રંથપર બહુ પ્રેમ થયો. ત્યાર પછી ઉપર્યુક્ત બન્ને વડિલોની પ્રેરણા અને આજ્ઞાથી તે ગ્રંથ બીજી વાર વાંચી ટુંકી નોંધ કરી, દરેક શ્લોકનાં મથાળાં બાંધ્યાં અને તેના છંદનો નિર્ણય કર્યો. ત્રીજીવાર ટુંકી નોટ લખી અને ચોથીવાર વિશેષ વિવેચન કર્યું. પાંચમી વખત જે આકારમાં આ ગ્રંથ છપાયો છે તે આકારમાં વિવેચન લખ્યું. આ સર્વ કાર્યમાં લગભગ છ વરસ થયાં, કારણ કે પરીક્ષાની વચ્ચેના અંતરોમાં જ આ કાર્ય બની શકતું હતું. આ ઉપરાંત લખેલ લેખો વારંવાર વાંચી જેટલું બની શકે તેટલું તેને સશાસ્ત્ર અને જમાનાને ઉપયોગી બનાવવા પ્રયત્ન કર્યો છે. આ યત્ન યોગ્ય રીતે અને યોગ્ય વખતે થયો છે કે નહિ તે વિચારવાનું કામ હવે લેખકનું નથી.

દેશ અને સંયોગો હાલ જુદા પ્રકારના વર્તે છે. આ કાળમાં અધ્યાત્મ અથવા ધર્મનાં ગીત ગાવાં એ અપ્રસ્તુત જણાય તેવી સ્થિતિ છે અને તેથી આ કાળમાં વૈરાગ્યની–અધ્યાત્મના વિષયની જરુરિયાત છે કે નહિ અને છે તો કેવા પ્રકારની અને કયા કારણોથી છે એ વિષયપર ઉપોદ્ઘાતમાં એક ઉલ્લેખ કરવાની આવશ્યકતા જણાઇ છે. હકીકત એવી છે કે ચોકસ સંયોગોને લીધે હાલ આત્મિક વિચારણાને જલાંજલિ દેવામાં આવી છે અને તેથી બનવા જોગ છે કે તપ્ત લોહપર પડેલાં જલબિંદુની પેઠે આ ગ્રંથની અસર ક્ષણવારમાં ઉડી જાય. આ સ્થિતિ સુધારવાની બહુજ જરુર છે. આપણો હિસાબ આ ભવમાં જ પૂર્ણ થઇ જતો હોય તો જ આવી સ્થિતિ ચલાવી શકાય. ઐહિક સુખસાધનો, મોજમજા અને ઇંદ્રિયતૃપ્તિના વિષયોપર જમાનાના અમણી-

નેતાઓનું લક્ષ્ય છે, આ ભવસંબંધનો વ્યવહાર મૂકી દેવો એવો સર્વથા ઉપદેશ કરવામાં આવે તો અત્ર તદ્દન અવ્યવસ્થા થઈ જાય અને તે એવી થાય કે એ અવ્યવસ્થાને લીધે જ પારલૌકિક હિત પણ સાધ્ય થઈ શકે નહિ. પરંતુ અગ્રણીઓનું કર્તવ્ય એ જણાય છે કે પારલૌકિક હિતને હાનિ ન પહોંચે તે અંતિમ સાધ્ય લક્ષ્યમાં રાખી વ્યાવહારિક કાર્યોમાં જરૂર પડે તે પ્રમાણે જોડાવું. પ્રાકૃત સંપ્રદાય માટે આટલી સામાન્ય હદ સુધીની વ્યવસ્થા પણ હાલ તુરત પૂરતી ગણવામાં આવે તો અયુક્ત નથી, પણ Eat, drink and be merry ખાઓ, પીઓ અને આનંદી રહો એ એપીક્યુરિયન વિચાર તો અધ્યાત્મ બળનો વજ્રથી ઘાત કરનાર છે. દેશના દુર્દૈવથી હાલનો વિચારપ્રવાહ વિચિત્ર વહે છે, છતાં વસ્તુસ્થિતિ શું છે અને શું હોવી જોઇએ એ બતાવવાની ફરજ વિચારશીળ મનુષ્યોને માથે મૂકવામાં આવી છે. વિરુદ્ધ ટીકા થવાના ભોગે પણ આ પ્રસંગ તેણે વહોરી લેવો યુક્ત છે એમ મને લાગે છે.

અધ્યાત્મ ગ્રંથના વિષયો બહુ શુષ્ક હોય છે. તેમાં પ્રેમ કે વીરરસની વાત આવતી નથી, મનોવિકારને તૃપ્ત કરે એવી મશાલાવાળી કથાઓ આવતી નથી, મસ્કરી કરી આનંદ ઉપજાવે એવા વિદુષકો તેમાં આવતા નથી, ગાયન કરી તૃપ્ત કરે એવી સુંદરીઓ તેમાં દેખાવ આપતી નથી, ભયંકર લડાઇ કરી વીરરસનો નમુનો બતાવે એવા ક્ષત્રિયો તેમાં આવતા નથી; તેમાં તો કોઇપર દ્વેષ ન કરનાર શાંત રસની સ્થાપના અને તેની પ્રતિષ્ઠા કરવામાં આવી હોય છે. એ વિષયને અનેક આકારમાં મૂકવામાં આવ્યો હોય છે. એના પ્રસંગને લઇને એને પ્રાપ્ત કરવાનાં ઉપાયો, સાધનો, રસ્તાઓ અને કુંચીઓ બતાવવામાં આવી હોય છે. એ રસની વિરુદ્ધના રસોનું વર્ણન કરવામાં આવેલું હોતું નથી, પણ એ વિરુદ્ધ રસોનો આ રસ સાથે શું સંબંધ છે તે બતાવવામાં આવ્યું હોય છે. આવાં કારણોને લીધે દુનિયાના રસિયા જીવોને શાંત રસનું પાન બહુ પસંદ ન આવે એ ખરૂં છે, પણ એ કડવું ઔષધ છે અને ભવવ્યાધિનો નાશ કરવા માટે ખાસ જરૂરનું છે એમ તેના નિદાન કરનારાઓ કહે છે અને કહી ગયા છે. આ પ્રમાણે શુષ્ક અને કડુ લાગતું ઔષધ આપવાની જરૂરિયાત જ્યારે અનુભવી જ્ઞાનીઓ કહી ગયા છે ત્યારે તેનું વિચાર કરી અનુકરણ કરવું એ ખાસ કર્તવ્ય માનવામાં આવ્યું છે. નવિન કૃતિ કરવા માટે જોઇતા અનુભવ, ભાષાપર કાબુ

અને પ્રતિભાનો અભાવ અથવા અલ્પભાવ હોય તો જુની કૃતિઓનું મૂળ સ્વરૂપ જળવી રાખી તેને નવીન આકારમાં મૂકવી એથી બે પ્રકારનો લાભ થાય છે એમ મારૂં માનવું છે. એક તો નવીન કૃતિ તરફ લોકોની અરૂચિ રહે છે તેનો સંભવ રહે નહિ અને બીજું મહાન ભીંતનો આશ્રય લઈ છુટથી પણ હદમાં રહીને વિચારો બતાવી શકાય. આવા હેતુથી પ્રેરાઈ અધ્યાત્મ વિષયપર સ્વતંત્ર ગ્રંથ લખવાને બદલે પ્રસ્તુત ગ્રંથ ઉપરજ પુષ્કળ વિવેચન કર્યું છે. આ વિવેચન કરવામાં ધનવિજય ગણિની ટીકા વારંવાર દૃષ્ટિ સમીપ રાખી છે અને વિવેચનમાં ઘણી જગોએ તેઓની શાહદત પણ લખી છે. આ પ્રમાણે કરવા ઉપરાંત અત્યાર સુધી વંચાયેલા ગ્રંથોમાંથી કવોટેશનો (ટાંચણો) અને અવતરણો પણ પ્રસંગોપાત મૂકયાં છે, આ જમાનાને ઉપયોગી થાય તેવી રીતે સરળ ગુજરાતીમાં વિવેચન કરવાનું ખાસ ધ્યાનમાં રાખ્યું છે, પારિભાષિક શબ્દોપર વિસ્તારથી અને ટુંકામાં ઘટે તેવી રીતે નોટો પણ આપવા યત્ન કર્યો છે, દરેક શ્લોકનો વિષય સામાન્ય રીતે શું છે તે સમજાય તેટલા માટે તેનાપર મથાળું વિચાર કરીને લખેલ છે અને મૂળ ગ્રંથકર્ત્તાનો આશય કોઇપણ રીતે ભંગ ન થાય તે ખાસ લક્ષમાં રાખવા યત્ન કર્યો છે. વિવેચન આ નિયમપર કરવામાં આવ્યું છે. વાંચનારને અસંતોષ થવાનું કારણ એક બને તેવું પ્રથમથી લાગતું હતું. આ અગત્યના વિષયમાં દૃષ્ટાંતો બહુ આપ્યાં છે, પણ ઘણી ખરી જગોએ નામ આપીનેજ સંતોષ પકડવો પડયો છે. દરેક દૃષ્ટાંતની કથાઓ લખવામાં આવે તો ગ્રંથની શુષ્કતા મટી જાય એ ખરી વાત છે, પણ ગ્રંથગૌરવ એટલું બધું થઈ જાય કે તે વાંચવાની રૂચિ ગ્રંથનું કદ જોતાંજ અલ્પ થઇ જાય એ ભયથી ખાસ ચુંટી કાઢેલાં દૃષ્ટાંતોની જ કથાઓ લખવામાં આવી છે. જેને કથાઓ વાંચવાની રૂચિ હોય તેમને કથાનુયોગના ગ્રંથો મલી શકે તેમ છે તેથી અત્ર સંક્ષેપ કરવામાં આવ્યો છે, છતાં પણ ગ્રંથગૌરવ ધાર્યા કરતાં બહુ થઇ ગયું છે. આ સંબંધમાં ખાસ કારણ જણાશે તો બીજી આવૃત્તિ બે ભાગમાં વહેંચી નાંખી સુધારો કરવામાં આવશે. કોઇને ગ્રંથ એકલો જ વાંચવો હોય તો તેઓએ મૂળ શ્લોક અને તેની નીચે ઇન્વર્ટેડ કોમામાં લખેલ અક્ષરાર્થ વાંચવો અને વિવેચન મૂકી દેવું. એથી ગ્રંથકર્ત્તાના વિચારો સીધા માલૂમ પડી આવશે. પાઠ કરી જવા માટે એકલા મૂળ શ્લોકો અને અક્ષરાર્થ જુદા નાના કદમાં છપાવવાની આવશ્યકતાપર ભવિષ્યમાં વિચાર કરવામાં આવશે. આ ગ્રંથના

દરેક અધિકારની પછવાડે તેનાપર પ્રકાશ પાડવા અને અધિકારનો આશય એક સાથે ગ્રહણ કરવા અંતિમ રહસ્ય આપવામાં આવ્યું છે જેની ઉપયોગીતા તે વાંચવાથી સમજાશે, પણ તે છુટાછુટા વખતે વાંચેલા વિચારોને એકત્ર કરવાના આશયથી લખાયું છે એમ અત્ર સ્ફુટ કરવું પ્રાસંગિક ગણાશે.

વૈરાગ્યનો વિષય, તેની જરૂરિયાત, તેનું અંતિમ સાધ્ય, અધ્યાત્મ શબ્દનો અર્થ, તેના વિષયો, આ ગ્રંથની ભાષા, શૈલી, વિષયો, વિભાગો, ગ્રંથકર્ત્તાનું ચરિત્ર, તેમના રચેલા અન્ય ગ્રંથો, તેમનો સમય, તેમના વખતની લોકભાવના, તેમના સમયમાં જૈન શાસનની સ્થિતિ વિગેરે વિષય ઉપોદ્ઘાતમાં લખ્યા છે તેપર ખાસ ધ્યાન ખેંચવાની જરૂર લાગે છે. એ સર્વ બાબતો આખા ગ્રંથને સમજવાની કુંચી પૂરી પાડે છે અને પ્રથમ તેનું બહુ સારી રીતે મનન કરી જવાથી ગ્રંથમાં પ્રવેશ જલદી થશે એમ લાગે છે, તેથી તે સાદ્યંત વાંચી તેનું મનન કરવાની ખાસ ભલામણ છે.

આમુખ (Opening)માં રસનું સ્વરૂપ, તેના સ્થાયી ભાવો, તેના વિભાવો, શાંત રસની વ્યાખ્યા, તેનું રસત્વ, મમ્મટે તેને રસ તરીકે સ્વીકારવા પાડેલી ના, તેની દલીલનું સ્વરૂપ અને તેપર અવલોકના, જગન્નાથ પંડિતના રસગંગાધરમાં આ સંબંધમાં પડેલો અભિપ્રાય અને છેવટે કળિકાલ સર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્યે સ્વરચિત કાવ્યાનુશાસન ગ્રંથમાં રસસ્વરૂપ અને લક્ષણનિરૂપણ પ્રસંગે સર્વ દલીલોનો કરેલો પરિષ્કાર અને તેજ વિષયપર સાહિત્યના બીજા વિદ્વાનોએ બતાવેલા વિચારોપર ખાસ લેખ લખવા વિચાર હતો, પણ કેટલાક સંજોગોને લીધે તે બની શકયું નથી. થોડા વખતમાં તે લેખ તૈયાર થઈ શકે તેમ ન હોવાથી હાલ તો તે વગર જ ગ્રંથ બહાર પાડયો છે, આગળ ઉપર તે સંબંધી કાંઈ લખવા ઇચ્છા રહે છે. એને માટે સાહિત્ય શાસ્ત્રનો બારીકાઈથી અભ્યાસ કરવાની જરૂર છે તેટલો સમય પરીક્ષા વિગેરે વ્યવસાયને લીધે મળી શકયો નથી, તેથી જ ગ્રંથની આદિમાં પૃષ્ટ બીજાપર જણાવેલ લેખ લખી શકાણો નથી તે માટે વાંચનાર ક્ષમા કરશે. આ વિષય તદ્દન પારિભાષિક છે અને સાહિત્યના ખાસ શોખીનને જ આનંદ આપે તેવો છે તેથી ઘણાખરા વાંચનારાઓને તેની ગેરહાજરીથી નુકશાન જવાનો સંભવ નથી.

આ ગ્રંથનું વિવેચન કરતાં ઘણી વખત એમ લાગતું હતું કે આવા અગત્યના વિષયમાં સંસારના મોહમાં પડેલા અને મગ્ન થયેલા મારા જેવા

પ્રાણીઓને કાંઇપણ લખવાનો અધિકાર નથી, છતાં જે જે ઉત્તમ સ્ફુરણા થાય તે બતાવવી એમાં દોષ નથી અને શાસ્ત્રના સંપ્રદાયને અનુસરી આવા લેખ લખવામાં આવે તો કોઇ કોઈ પ્રાણીને પણ લાભ થવાનો સંભવ છે એમ સમજીને આ ગ્રંથમાં કરેલાં વિવેચનને પ્રસિદ્ધિમાં મૂકવા હું લલચાયો છું, એમાં કદાચ સાહસ જણાય તો તે એટલું છે કે મમત્વત્યાગ, કષાયત્યાગ, ચિત્તદમન જેવા અગત્યના વિષયમાં લેખ લખનારમાં તેમાંનું કાંઈ ન હોય તો વાંચનારના મનપર તેના લેખની અસર બહુ ઓછી થાય છે. આ સાહસ ખેડવાનું પ્રયોજન એટલું જ છે કે કાર્યક્રમ હમેશાં પ્રથમ વિચારથી જ શરૂ થાય છે, માટે બને ત્યાંસુધી વિચારો તો ઉચ્ચજ કરવા, તે વિચારો પૈકી બની શકે તેટલા અમલમાં મૂકવા અને ન બને તેને અમલમાં મૂકવા દૃઢ ઇચ્છા રાખ્યા કરવી. આ હેતુથી વાંચનારાઓ પ્રત્યે ખાસ વિજ્ઞપ્તિ છે કે જ્યાં જ્યાં સુંદર વિચાર મૂળમાં કે વિવેચનમાં જણાય ત્યાં ત્યાં તે મુનિસુંદરસૂરિ મહારાજના છે એમ સમજવું. આ હકીકત વાસ્તવિક પણ છે, કારણ કે ગમે તેટલો પ્રયાસ કર્યા છતાં પણ જે સ્ફુરણા અને શક્તિથી સૂરિમહારાજે આ ગ્રંથ લખ્યો છે તેનું પૂરતું સ્ફોટન કરવું મુશ્કેલ જ છે. આવા વિષયમાં ત્યાગવૈરાગ્યવાળા મુમુક્ષુઓ બહુ સારી રીતે પ્રવેશ કરી શકે એ સ્વાભાવિક છે, અત્ર તો માત્ર કિંચિત્ ચંચુપ્રવેશ થઇ શકયો છે અને તેમાં પણ સાંસારિક અનેક પ્રત્યવાયો નડેલા હોવાથી સ્ખલના થવાનો પણ પૂરતો સંભવ છે.

ખાસ કરીને યતિશિક્ષા અધિકારના સંબંધમાં લખતી વખત વારંવાર લાગતું હતું કે તે વિષયપર વિવેચન કરવાનો શ્રાવકનો અધિકાર નથી. સૂરિ મહારાજે બહુ વિચાર કરી પોતાના સમયમાં જણાયલી અને આગળ આવતા (ભાવી) પડતા કાળમાં સંભવતી શિથિલતાપર વિસ્તારથી ઉલ્લેખ કર્યો છે તે વિષયને પૌદ્ગલિક સુખમાં આસક્ત અને સાધુ વર્ગની બહારનો પ્રાણી કેવી રીતે પૂરતો ખીલવી શકે ? નજ ખીલવી શકે. તેથી એ વિષય મુનિમહારાજ પાસે ખાસ અંકિત કરાવવો યોગ્ય લાગ્યો. મુનિમહારાજશ્રી આનંદસાગરજી પન્યાસ સંવત ૧૯૬૩ નું ચાતુર્માસ ભાવનગરમાં સ્થિત થયા તે પ્રસંગનો લાભ મને મળ્યો અને તેઓ પાસે બેસી તે અધિકાર અને તેનું વિવેચન તેઓશ્રી પાસે અંકે કરાવ્યું. તેઓ પોતે તો બહુ ઉત્તમ સ્વતંત્ર લેખ લખી શકે, પણ સાધુધર્મ ઉપર કટાળો ન આવે અને સાધુઓને પણ બોધદાયક થઇ પડે

એવું વિવેચન થવાની મારી ઉમેદ હતી તેમાં સ્ખલના થતી હોય તે દૂર કરવા તેઓશ્રીએ માથે લઈ મારા ઉપર અને આ ગ્રંથનો વાંચનથી લાભ લેવા ઇચ્છનાર બંધુઓ ઉપર ઉપકાર કર્યો છે તેની આ સ્થળે ખાસ નોંધ લેવાની મારી ફરજ સમજું છું.

શાસ્ત્રના વિષયમાં મારો અલ્પ પ્રવેશ હોવાથી અને ખાસ કરીને આધ્યાત્મિક વિષયમાં વાંચવાનો પૂરતો અવકાશ મળેલો ન હોવાથી આ ગ્રંથના વિવેચનમાં અનેક દુષણો થવા સંભવિત લાગતા હતા. તેથી આ ગ્રંથનો મોટો ભાગ ઉક્ત ચાતુર્માસમાં અવકાશના પ્રમાણમાં પન્યાસજી શ્રીઆનંદસાગરજી પાસે બેસી વાંચીને સુધાર્યો હતો. તેમજ મુનિરાજ શ્રી મણિવિજયજીપર છેવટની ફાર્મો છપાતાં પહેલાં મોકલી હતી. આ બન્ને મહાત્માઓએ પરોપકારના હેતુથી બહુ પ્રયાસ કરી ગ્રંથની સ્ખલનાઓ દૂર કરી છે તેથી મારા ઉપર અત્યંત આભાર થયો છે. ઉપરાંત મારા કાકા મુરબ્બી કુંવરજી આણંદજીએ આખો ગ્રંથ બહુ સારી રીતે વાંચી અનેક સુધારા સૂચવ્યા છે, તેમજ કેટલીક જગોએ યથાયોગ્ય વધારો પણ કર્યો છે. તેઓશ્રીનો મારાપર બાલ્યવયથીજ ઉપકાર છે, પરંતુ આ સ્થળે ખાસ નોંધ લેવાની જરૂર એટલા માટે છે કે આ ગ્રંથની અક્ષરતા ઉક્ત બન્ને મુનિમહારાજશ્રી અને તેઓના હસ્તથી સિદ્ધ થવાને લીધે મારી જાતને જવાબદારીના બોજામાંથી બહુ ભાગે મુક્ત થયેલી હું માનું છું.

આ ગ્રંથ લખવા માંડયો ત્યારથી તે પૂર્ણ થયો ત્યાં સુધી હું પરીક્ષાઓની ચિંતાઓમાંજ રહ્યો હતો. અવકાશના વખતમાં લખતો, પણ પ્રેસમાંથી બહાર પાડવાની વિડંબના બહુ છે એ છપાવનારાઓજ સમજે છે. એ પ્રસંગને અંગે મારા ભાઇ નેમચંદ ગિરધરલાલ કાપડીઆની પ્રુફ સુધારવાની કાળજી માટે મારે નોંધ લેવી યુક્ત છે. આ ગ્રંથ જલદી બહાર પડવાનું તે પણ એક કારણ છે. આ ગ્રંથ શ્રી જૈન ધર્મ પ્રસારક સભાએ મૂળ કિંમતે વેચવાની ઇચ્છા જણાવી બહુ શુભ કાર્ય કર્યું છે. આ ગ્રંથ છપાવવામાં તથા પ્રુફ સુધારવામાં આ સંસ્થા તરફથી થયેલા શ્રમને માટે તેનો આભાર માનું છું. આ ગ્રંથ શ્રી જૈન ધર્મ પ્રસારક સભા મુદ્રિત કરાવે અને તેની સાથે મારા વડીલશ્રીનું નામ અર્પણપત્રિકામાં જોડાય એ હકીકતથી મને બહુ આનંદ થયો છે. આ સંસ્થા અને મારા વડીલશ્રીનો આભાર અમૂલ્ય છે અને ધાર્મિક સંસ્કાર માટે આ બન્નેનો એક સરખી રીતે મારાપર ઉપકાર છે. આ ઉભય ઉપકાર

કરનારાઓના સંબંધથી આ પુસ્તક માટે લીધેલ શ્રમ કેટલેક અંશે ફળીભૂત થયો છે.

આ અધ્યાત્મ કલ્પદ્રુમ ગ્રંથના દરેક શ્લોકપર ચોપાઇ શ્રી રંગવિજય નામના સાધુએ બનાવી છે. આ ગ્રંથની પ્રત રા. રા. કેશવલાલ પ્રેમચંદ તરફથી અડધો ગ્રંથ છપાયા પછી મળી. જુની ગુજરાતી ભાષા વિગેરે જાણવા માટે તે ઉપયોગી જણાયાથી ગ્રંથની છેવટે મૂકવામાં આવી છે.

આ ગ્રંથને શુદ્ધ છપાવવા માટે અને શુદ્ધ વિવેચન કરવા માટે બનતો પ્રયાસ કરવામાં આવ્યો છે, છતાં પણ ભૂલ રહી ગઈ હોય એ બનવા યોગ્ય છે. આ સંબંધમાં વિવેકી વાંચનાર સૂચના કરશે તો બીજી આવૃત્તિ બહાર પડવાનો કદાચ યોગ ઉત્પન્ન થાય તો તે પ્રસંગે ખાસ ધ્યાન આપવામાં આવશે. આ ગ્રંથમાં ભાષા સાદી અને સરલ રાખવા બનતું ધ્યાન આપ્યું છે તેથી બુદ્ધિશાળી અને સામાન્ય વાંચનવાળા સર્વને આ ગ્રંથ કાંઇક નવીન જ્ઞાન આપશે એવી આશા રહે છે. સ્ખલનાઓ તરફ ધ્યાન આપવા કરતાં સૂરિ મહારાજે જે અત્યુત્તમ બોધ આપ્યો છે તે તરફ લક્ષ્ય આપવા ખાસ પ્રાર્થના છે. જે જે ઉત્તમ જણાય તે સૂરિમહારાજનું સમજવું અને અરૂચિકર જણાય તેને માટે મારી જવાબદારી સમજી ગ્રંથ સાદ્યંત વાંચવો-એકાદ વખત વાંચ્યાથી તેનો ભાવ બરાબર અંતરંગમાં ન ઉતરે તો બે પાંચ વખત મનન કરી ગ્રંથ વાંચવો અને વાંચવા કરતાં પણ વધારે વિચાર કરવો. આથી સૂરિમહારાજ જે ભાવ કહેવા માગે છે તે સમજશે અને સમજાય તો પછી યથાશક્તિ તે ભાવ વર્તનમાં મૂકવો. આ પ્રમાણે કરવાથી ગ્રંથ લખવાનું, વિવેચન કરવાનું અને પ્રસિદ્ધિમાં મૂકવાનું પ્રયોજન સિદ્ધ થશે. દોષને માટે ક્ષમાયાચના કરી અત્ર વિરમું છું.

વસંતપંચમી, સંવત ૧૯૬૫.
મુંબઈ, ગીરગામ બેકરોડ.

મૌક્તિક.

શ્લોકાનુક્રમણિકા.

પ્રથમાધિકાર-સમતા.

શ્લોક આદ્યુ સંખ્યા.	અધિકારના શ્લોકની સંખ્યા.	વિષય.	પૃષ્ઠ.
૧	૧	માંગલિક-શાંત રસ	૮
૨	૨	અનુપમ સુખના કારણભૂત શાંત રસનો ઉપદેશ. ...	૧૧
૩-૪	૩-૪	આ ગ્રંથમાં કહેવાના સોળ દ્વારો....	૧૩
૫	૫	સમતા અધિકાર; ભાવના ભાવવા માટે મનને ઉપદેશ.	૧૫
૬	૬	ઇંદ્રિયોનાં સુખ અને બીજી બાજુ સમતાનાં સુખ ...	૧૭
૭	૭	સાંસારિક જીવનાં સુખ અને બીજી બાજુ યતિનાં સુખ.	૧૯
૮	૮	સમતા સુખ અનુભવવાનો ઉપદેશ	૨૨
૯	૯	સમતાની ભાવના અને તેનું દૃષ્ટાંત	૨૩
૧૦	૧૦	સમતાનાં અંગો; ચાર ભાવના-પ્રથમ-સાધન	૨૫
૧૧	૧૧	ચાર ભાવનાનું સંક્ષિપ્ત સ્વરૂપ	૨૬
૧૨	૧૨	હરિભદ્ર સૂરિકૃત ષોડશકાનુસાર ચાર ભાવનાનું સ્વરૂપ	૨૬
૧૩	૧૩	મૈત્રી ભાવનાનું વિસ્તારથી સ્વરૂપ	૨૭
૧૪	૧૪	પ્રમોદ ભાવનાનું વિસ્તારથી સ્વરૂપ	૩૧
૧૫	૧૫	કરુણા ભાવનાનું વિસ્તારથી સ્વરૂપ	૩૪
૧૬	૧૬	માધ્યસ્થ ભાવનાનું વિસ્તારથી સ્વરૂપ	૩૭
૧૭	૧૭	બીજું સાધન-ઇંદ્રિયના વિષયોપર સમતા	૪૧
૧૮	૧૮	ત્રીજું સાધન-વિચારણા કરવાની જરૂરિયાત... ...	૪૨
૧૯	૧૯	જ્ઞાનીનું લક્ષણ-સ્વગુણસ્તુતિથી ખેદ, સ્વનિંદામાં સ્થિતિ-સ્થાપકતા...	૪૫
૨૦	૨૦	પોતાના ખરા શત્રુ મિત્ર કોણ છે તે ઓળખવાનો ઉપદેશ.	૪૮
૨૧	૨૧	કોઈપણ વસ્તુ ગ્રહણ કરવા પહેલાં વિચાર કરવાની જરૂર.	૫૦
૨૨	૨૨	રાગદ્વેષે કરેલા વિભાગોપર વિચારણા	૫૨
૨૩	૨૩	આત્મા અને બીજી વસ્તુઓના સંબંધપર વિચારણા....	૫૪
૨૪	૨૪	માતપિતા વિગેરેના સંબંધનો પ્રકાર	૫૭
૨૫	૨૫	સમતાને ઓળખનાર પ્રાણીઓની અલ્પ સંખ્યા ...	૫૯
૨૬	૨૬	ત્રીજું સાધન-સ્વાર્થ સાધનમાં તત્પર રહેવું	૬૪
૨૭	૨૭	પૌદ્ગલિક પદાર્થોની અસ્થિરતા....	૬૬

શ્લોક આદ્યુ સંખ્યા.	અધિકારના શ્લોકની સંખ્યા.	વિષય.	પૃષ્ઠ.
૨૮	૨૮	મરણપર વિચારણા-મમત્વનું વાસ્તવિક સ્વરૂપ ...	૬૯
૨૯ ૩૦	૨૯ ૩૦	વિષયપર મોહ-તેનું સ્વરૂપ; સમતા આદરવાનો ઉપદેશ.	૭૨
૩૧	૩૧	કષાયનું સ્વરૂપ-તેના ત્યાગનો ઉપદેશ...	૭૪
૩૨	૩૨	શોકનું સ્વરૂપ; „	૭૫
૩૩	૩૩	મોહત્યાગ; સમતામાં પ્રવેશ	૭૭
૩૪	૩૪	રાગદ્વેષ ત્યાગનો ઉપદેશ-ઉપસંહાર	૭૯
„	„	અંતિમ રહસ્ય	૮૨

દ્વિતીય અધિકાર-સ્ત્રી મમત્વમોચન.

૩૫	૧	પુરુષને ગળે બાંધેલી સ્ત્રીરૂપ શીલા	૮૯
૩૬	૨	સ્ત્રીઓમાં રહેલી અરમણીયતા	૯૦
૩૭	૩	અપવિત્ર પદાર્થોની દુર્ગંધી, તેનો સ્ત્રી શરીર સાથે સંબંધ.	૯૧
૩૮	૪	સ્ત્રી મોહથી આભવ પરભવમાં થતાં ફળો	૯૨
૩૯	૫	શરીરમાં શું છે તે વિચારવાની જરૂર...	૯૩
૪૦	૬	થવાની પીડાઓ વિચારીને મોહ ઓછો કરો... ...	૯૫
૪૧	૭	સ્ત્રી શરીર, સ્વભાવ અને ભોગ ફળનું સ્વરૂપ... ...	૯૬
૪૨	૮	સ્ત્રીની અનેક હીન વસ્તુ સાથે ઉપમાઓ...	૯૭
„	„	અંતિમ રહસ્ય...	૯૮

તૃતીય અધિકાર-અપત્યમમત્વમોચન.

૪૩	૧	પુત્ર પુત્રીનું બંધનપણું	૧૦૧
૪૪	૨	પુત્ર પુત્રીનું શલ્યપણું	૧૦૨
૪૫	૩	પુત્ર પુત્રીપર મમત્વત્યાગનો દૃષ્ટાંતથી ઉપદેશ... ...	૧૦૩
૪૬	૪	અપત્યપર સ્નેહબદ્ધ ન થવાનાં ત્રણ કારણો... ...	૧૦૪
„	„	અંતિમ રહસ્ય	૧૦૫

ચતુર્થ અધિકાર-ધનમમત્વમોચન.

૪૭	૧	પૈસા પાપના હેતુભૂત છે	૧૦૭
૪૮	૨	ધન ઐહિક આમુષ્મિક દુઃખ કરનાર છે...	૧૦૮
૪૯	૩	ધનથી સુખ કરતાં દુઃખ વધારે છે	૧૦૯
૫૦	૪	ધર્મ કરવા માટે ધન મેળવવું યુક્ત છે?	૧૧૦
૫૧	૫	મળેલ ધનનો વ્યય કર્યા કરવો	૧૧૨
૫૨	૬	ધનથી હાનીઓ-તેને તજવાનો ઉપદેશ...	૧૧૩
૫૩	૭	સાત ક્ષેત્રમાં ધન વાપરવાનો ઉપદેશ...	૧૧૫
„	„	અંતિમ રહસ્ય	૧૧૬

પંચમ અધિકાર—દેહમમત્વમોચન.

શ્લોક ચાલુ સંખ્યા.	અધિકારના શ્લોકની સંખ્યા.	વિષય.	પૃષ્ઠ.
૫૪	૧	શરીરને પાપથી પોષવું નહિ	૧૨૦
૫૫	૨	શરીર કારાગૃહમાંથી છુટવાનો ઉપદેશ	૧૨૨
૫૬	૩	શરીરથી કર્તવ્ય કરવાનો ઉપદેશ...	૧૨૩
૫૭	૪	દેહાશ્રિતપણાથી દુઃખ-નિરાલંબનત્વમાં સુખ... ...	૧૨૪
૫૮	૫	મોહરાજા અને સૂરિ વચ્ચે શરીર સંબંધી વાત ...	૧૨૫
૫૯	૬	શરીરની અશુચિ. સ્વહિતગ્રહણ...	૧૨૭
૬૦	૭	શરીરઘરને બાહુ અને તેનો ઉપયોગ	૧૨૮
૬૧	૮	શરીરથી કરી શકાતું આત્મહિત	૧૨૯
,,	,,	અંતિમ રહસ્ય	૧૩૦

ષષ્ઠ અધિકાર-વિષય પ્રમાદત્યાગ.

૬૨	૧	વિષય સેવનથી થતાં સુખ દુઃખની સરખામણી ...	૧૩૩
૬૩	૨	પરિણામે હાનિકારક વિષયો	૧૩૪
૬૪	૩	મોક્ષસુખ અને સંસારસુખ...	૧૩૫
૬૫	૪	દુઃખ થવાનાં કારણોનો નિશ્ચય કર...	૧૩૬
૬૬	૫	સદ્ગરુ નિશ્ચયપર વિચારણા	૧૩૭
૬૭	૬	મરણભય-પ્રમાદત્યાગ	૧૩૯
૬૮	૭	સુખ માટે સેવાતાં વિષયોનાં દુઃખ	૧૪૦
૬૯	૮	તું શા ઉપરથી વિષયોમાં રાચે છે?	૧૪૦
૭૦	૯	વિષય પ્રમાદ ત્યાગ કરવાથી સુખ...	૧૪૧
,,	,,	અંતિમ રહસ્ય	૧૪૩

સપ્તમ અધિકાર-કષાયત્યાગ.

૭૧	૧	ક્રોધનું પરિણામ-તેનો નિગ્રહ કરવાની આવશ્યકતા ...	૧૪૬
૭૨-૩	૨-૩	માન-અહંકારત્યાગ.	૧૫૦
૭૪	૪	ક્રોધ ત્યાગ કરનાર યોગીને મોક્ષ પ્રાપ્તિ	૧૫૧
૭૫	૫	કષાય નિગ્રહ.	૧૫૨
૭૬	૬	કષાય સેવન અસેવનનાં ફળપર વિચારણા	૧૫૩
૭૭	૭	કષાયત્યાગ; માનનિગ્રહ-બાહુબલિ	૧૫૪
૭૮	૮	માનત્યાગ, અપમાનસહન....	૧૫૫
૭૯	૯	સંક્ષેપથી ક્રોધનિગ્રહ....	૧૫૬
૮૦	૧૦	ષડ્રિપુ ઉપર ક્રોધ, ઉપસર્ગ કરનાર સાથે મૈત્રી... ...	૧૫૭

શ્લોક ચાલુ સંખ્યા.	અધિકારના શ્લોકની સંખ્યા.	વિષય.	પૃષ્ઠ.
૮૧	૧૧	માયા નિગ્રહ....	૧૫૮
૮૨	૧૨	લોભ નિગ્રહ.	૧૬૦
૮૩	૧૩	મદમત્સર નિગ્રહ	૧૬૩
૮૪	૧૪	વિશેષે કરીને ઈર્ષ્યા ન કરવી	૧૬૫
૮૫	૧૫	કષાયથી સુકૃતનો નાશ	૧૬૬
૮૬	૧૬	કષાયથી થતી હાનિપરંપરા...	૧૬૭
૮૭	૧૭	મદનિગ્રહ, ખાસ ઉપદેશ	૧૬૮
૮૮	૧૮	સંસારવૃક્ષનાં મૂળ કષાયો....	૧૬૯
૮૯	૧૯	કષાયના સહચારી વિષયોનો ત્યાગઃ દશ દૃષ્ટાંત... ...	૧૭૦
૯૦	૨૦	કષાયના સહચારી પ્રમાદનો ત્યાગ	૧૮૦
૯૧	૨૧	ઔદ્ધત્યનો ત્યાગ-ઉપસંહાર	૧૮૧
,,	,,	અંતિમ રહસ્ય	૧૮૩

અષ્ટમ અધિકાર-શાસ્ત્રાભ્યાસ.

૯૨	૧	ઉપરચોટીઓ શાસ્ત્રાભ્યાસ...	૧૮૯
૯૩	૨	શાસ્ત્ર ભણેલા પ્રમાદીને ઉપદેશ...	૧૯૧
૯૪	૩	સ્વપૂજા માટે શાસ્ત્રાભ્યાસ કરનારને ઉક્તિ...	૧૯૨
૯૫	૪	પરલોક હિતબુદ્ધિ વગરના અભ્યાસ કરનારાઓને ઉક્તિ.	૧૯૪
૯૬	૫	શાસ્ત્ર ભણીને શું કરવું?	૧૯૫
૯૭	૬	શાસ્ત્રાભ્યાસ કરીને સંયમ રાખવો	૧૯૬
૯૮	૭	કેવળ અભ્યાસ કરનાર અને અલ્પાભ્યાસીસાધકમાં શ્રેષ્ઠ કોણ?	૧૯૮
૯૯	૮	મુગ્ધબુદ્ધિ વિ. પંડિત	૧૯૯
૧૦૦	૯	શાસ્ત્રાભ્યાસ-ઉપસંહાર	૨૦૦
,,	,,	રહસ્યસાર	૨૦૧

અધિકારાંતર્ગત ચતુર્ગતિ દુઃખ વર્ણનાધિકાર.

૧૦૧-૨	૧૦-૧૧	નરકગતિનાં દુઃખો	૨૦૪
૧૦૩	૧૨	તિર્યંચગતિનાં દુઃખો...	૨૦૬
૧૦૪	૧૩	દેવગતિનાં દુઃખો	૨૦૭
૧૦૫	૧૪	મનુષ્યગતિનાં દુઃખો....	૨૦૮
૧૦૬	૧૫	ઉક્તસ્થિતિ દર્શનનું પરિણામ	૨૦૯
૧૦૭	૧૬	આખા દ્વારનો ઉપસંહાર....	૨૧૦
,,	,,	અંતિમ રહસ્ય	૨૧૧

નવમ અધિકાર-મનોનિગ્રહ.

શ્લોક ચાલુ સંખ્યા.	અધિકારના શ્લોકની સંખ્યા.	વિષય.	પૃષ્ઠ.
૧૦૮	૧	મનધિવરનો વિશ્વાસ ન કરવો...	૨૧૩
૧૦૯	૨	મનમિત્રને અનુકૂળ થવા પ્રાર્થના.	૨૧૪
૧૧૦	૩	મનપર અંકુશનો સીધો ઉપદેશ	૨૧૬
૧૧૧	૪	સંસાર ભ્રમણનો હેતુ-મન.	૨૧૭
૧૧૨	૫	મનોનિગ્રહ અને યમનિયમ....	૨૧૮
૧૧૩	૬	મનોનિગ્રહ વિનાના દાનાદિ ધર્મોનું વ્યર્થપણું.	૨૨૦
૧૧૪	૭	મન સાધ્યું તેણે સઘળું સાધ્યું...	૨૨૧
૧૧૫	૮	મનને વશ થયો તે રખડ્યો...	૨૨૨
૧૧૬	૯	પરવશ મનવાળાને ત્રણ શત્રુથી ભય...	૨૨૪
૧૧૭	૧૦	મન તરફ ઉક્તિ...	૨૨૫
૧૧૮	૧૧	પરવશ મનવાળાનું ભવિષ્ય	૨૨૭
૧૧૯	૧૨	મનોનિગ્રહ વગરનાં તપજપ વિગેરે ધર્મો	૨૨૮
૧૨૦	૧૩	મન સાથે પુણ્ય પાપનો સંબંધ...	૨૨૯
૧૨૧	૧૪	વિદ્વાન પણ મનોનિગ્રહ વિના નરકગામી થાય છે... ...	૨૩૧
૧૨૨	૧૫	મનોનિગ્રહથી મોક્ષ	૨૩૩
૧૨૩	૧૬	મનોનિગ્રહના ચાર ઉપાય	૨૩૪
૧૨૪	૧૭	મનોનિગ્રહમાં ભાવનાનું માહાત્મ્ય	૨૩૭
,,	,,	અંતિમ રહસ્ય	૨૩૮

દશમ અધિકાર-વૈરાગ્યોપદેશ.

૧૨૫-૬	૧-૨	મૃત્યુનો દોર-તેનો જય-તેપર વિચાર	૨૪૨
૧૨૭	૩	આત્માની પુરૂષાર્થ સિદ્ધિ	૨૪૪
૧૨૮	૪	લોકરંજન અને આત્મરંજન	૨૪૬
૧૨૯	૫	મદત્યાગ અને શુદ્ધ વાસના	૨૪૭
૧૩૦	૬	તને મળેલી નેગવાઈ	૨૪૮
૧૩૧	૭	ધર્મ કરવાની આવશ્યકતા-તેથી થતો દુઃખક્ષય	૨૫૦
૧૩૨	૮	અધિકારી થવા યત્ન કર	૨૫૩
૧૩૩	૯	પુણ્યાભાવે પરાભવ અને પુણ્યસાધનનું કરણીયપણું ...	૨૫૪
૧૩૪	૧૦	પાપથી દુઃખ અને તેનું ત્યાજ્યપણું...	૨૫૫
૧૩૫	૧૧	પ્રાણીપીડા-તેનું નિવારણ કરવાની જરૂર	૨૫૬
૧૩૬	૧૨	માની લીધેલું સુખ-તેનું પરિણામ	૨૫૭
૧૩૭	૧૩	પ્રમાદથી દુઃખ-શાસ્ત્રગત દૃષ્ટાંતો	૨૫૯

શ્લોક ચાલુ સંખ્યા.	અધિકારના શ્લોકની સંખ્યા.	વિષય.	પૃષ્ઠ.
૧૩૮	૧૪	પ્રત્યેક ઇંદ્રિયથી થતાં દુઃખપર સ્પષ્ટ દૃષ્ટાંત.	૨૭૧
૧૩૯	૧૫	પ્રમાદનું ત્યાજ્યપણું	૨૭૪
૧૪૦	૧૬	સુખપ્રાપ્તિ અને દુઃખનાશનો ઉપાય...	૨૭૪
૧૪૧	૧૭	સુખપ્રાપ્તિનો ઉપાય-ધર્મ સર્વસ્વ	૨૭૫
૧૪૨	૧૮	સકામદુઃખસહન-તેનાથી લાભો...	૨૭૬
૧૪૩	૧૯	પાપકર્મોમાં ડહાપણ માનનાર પ્રત્યે ઉક્તિ...	૨૭૮
૧૪૪	૨૦	તારાં કૃત્યો અને ભવિષ્યનો વિચાર...	૨૮૦
૧૪૫	૨૧	સહચારીના મૃત્યુથી બોધ	૨૮૧
૧૪૬	૨૨	પુત્ર સ્ત્રી કે સગાં ખાતર પાપ કરનારને ઉપદેશ... ...	૨૮૨
૧૪૭	૨૩	પરદેશી પંથીનો પ્રેમ-હિત વિચારણા	૨૮૪
૧૪૮	૨૪	આત્મ નગ્નતિ	૨૮૫
૧૪૯	૨૫	થોડા કષ્ટથી બીહે છે અને બહુ કષ્ટ થાય તેવું કરે છે...	૨૮૬
૧૫૦	૨૬	પાપનો ડર. ઉપસંહાર...	૨૮૮
,,	,,	અંતિમરહસ્ય	૨૮૯

એકાદશ અધિકાર-ધર્મશુદ્ધિ.

૧૫૧	૧	ધર્મશુદ્ધિનો ઉપદેશ	૨૯૩
૧૫૨	૨	શુદ્ધ પુણ્યજળમાં મળ-તેનાં નામો...	૨૯૫
૧૫૩	૩	પરગુણ પ્રશંસા...	૨૯૬
૧૫૪	૪	પોતાની ગુણસ્તુતિ અને દોષનિંદામાં મન ન રાખવું ...	૨૯૭
૧૫૫	૫	શત્રુગુણ પ્રશંસા...	૨૯૯
૧૫૬	૬	પરગુણ પ્રશંસા...	૩૦૦
૧૫૭	૭	ગુણસ્તુતિની અપેક્ષા નુકશાનકારક છે...	૩૦૦
૧૫૮	૮	શુદ્ધ ધર્મ કરવાની જરૂર. કરનારાઓની સ્વલ્પતા... ...	૩૦૨
૧૫૯	૯	પ્રશંસા વગરનાં સુકૃત્યોનું વિશિષ્ટપણું	૩૦૪
૧૬૦	૧૦	સ્વગુણ પ્રશંસાથી લાભ જરા પણ નથી	૩૦૫
૧૬૧	૧૧	ગુણ ઉપર મત્સર કરનાર-તેની ગતિ...	૩૦૭
૧૬૨	૧૨	શુદ્ધ પુણ્ય અલ્પ હોય તોપણ સારું	૩૦૮
૧૬૩	૧૩	ઉક્ત અર્થપર દૃષ્ટાંત	૩૦૯
૧૬૪	૧૪	ભાવ અને ઉપયોગ વગરની ક્રિયાથી કાયકલેશ... ...	૩૦૯
,,	,,	અંતિમરહસ્ય	૩૧૧

દ્વાદશ આધકાર-ગુરૂશુદ્ધિ.

૧૬૫	૧	ગુરુતત્ત્વની મુખ્યતા	૩૧૬
૧૬૬	૨	સદ્દોષ ગુરુના બતાવેલા ધર્મો પણ સદ્દોષ...	૩૧૭

શ્લોક ચાલુ સંખ્યા.	અધિકારના શ્લોકની સંખ્યા.	વિષય.	પૃષ્ઠ.
૧૬૭	૩	પોતે ડૂબે અને બીજાને ડૂબાવે તેવા કુગુરુ.	૩૧૮
૧૬૮	૪	શુદ્ધ દેવ, ગુરુ અને ધર્મને ભજવાનો ઉપદેશ	૩૧૯
૧૬૯	૫	કુગુરુના ઉપદેશથી કરેલો ધર્મ પણ નિષ્ફળ છે	૩૨૦
૧૭૦	૬	વીરને વિનંતિ; શાસનમાં લુંટારાનું જોર.	૩૨૪
૧૭૧	૭	અશુદ્ધ દેવ ગુરુ ધર્મ–ભવિષ્યમાં શોચ	૩૨૭
૧૭૨	૮	અશુદ્ધ ગુરુ મોક્ષ આપે નહિ. દૃષ્ટાંત	૩૨૮
૧૭૩	૯	તાત્વિક હિત કરનાર વસ્તુ	૩૨૮
૧૭૪	૧૦	ધર્મમાં જોડે તે જ ખરાં માબાપ...	૩૨૯
૧૭૫	૧૧	સંપત્તિનાં કારણો...	૩૩૦
૧૭૬	૧૨	વિપત્તિનાં કારણો...	૩૩૨
૧૭૭	૧૩	પરભવમાં સુખ મેળવવા માટે પુણ્યધન...	૩૩૪
૧૭૮	૧૪	સુગુરુ સિંહઃ કુગુરુ શિયાળ	૩૩૬
૧૭૯	૧૫	ગુરુનો યોગ છતાં પ્રમાદ કરે તે નિર્ભાગી...	૩૩૮
૧૮૦	૧૬	દેવ ગુરુ ધર્મ ઉપર અંતરંગ પ્રીતિ વગર ધર્મ અસાર છે.	૩૩૯
૧૮૧	૧૭	દેવ સંઘાદિનાં કાર્યોમાં દ્રવ્યવ્યય.	૩૪૦
,,	,,	અંતિમરહસ્ય	૩૪૨

ત્રયોદશ અધિકાર–યતિશિક્ષા.

૧૮૨	૧	મુનિરાજનું ભાવનામય સ્વરૂપ	૩૪૮
૧૮૩–૪	૨-૩	સાધુના વેશ માત્રથી મોક્ષ મળતું નથી...	૩૪૯
૧૮૫	૪	વેશ માત્રથી કાંઈ વળતું નથી...	૩૫૪
૧૮૬	૫	કેવળ વેશ ધારણ કરનારને થતો દોષ...	૩૫૫
૧૮૭	૬	બાહ્ય વેશ ધરવાનું ફળ...	૩૫૬
૧૮૮	૭	વર્ત્તન વિનાનું લોકરંજન–ઔધિવૃક્ષને કુહાડો...	૩૫૭
૧૮૯	૮	લોક સત્કારનો હેતુ–ગુણ વગરની ગતિ...	૩૫૯
,,	,,	લોકરંજનપર ટુંક રહસ્ય...	૩૫૯
૧૯૦	૯	યતિપણાનું સુખ અને ફરજ...	૩૬૦
૧૯૧	૧૦	જ્ઞાની પણ પ્રમાદને વશ થાય તેનાં બે કારણો... ...	૩૬૧
૧૯૨	૧૧	યતિ સાવદ્ય આચરે તેમાં થતો મૃષોક્તિનો દોષ... ...	૩૬૨
૧૯૩	૧૨	યતિ સાવદ્ય આચરે તેમાં થતો પરવંચનનો દોષ... ...	૩૬૪
૧૯૪	૧૩	સંયમમાં યત્ન ન કરનારને હિતબોધ...	૩૬૪
૧૯૫	૧૪	નિર્ગુણ મુનિની ભક્તિથી થતો ફલાભાવ...	૩૬૬
૧૯૬	૧૫	નિર્ગુણ મુનિને થતો પાપબંધ...	૩૬૬

શ્લોક ચાલુ સંખ્યા.	અધિકારના શ્લોકની સંખ્યા.	વિષય.	પૃષ્ઠ.
૧૯૭	૧૬	નિર્ગુણને થતું ઋણ અને તેનું પરિણામ...	૩૬૭
,,	,,	પરિગ્રહની વ્યાખ્યાપર ટુંક રહસ્ય...	૩૬૮
૧૯૮	૧૭	તારા કયા ગુણ માટે તું ખ્યાતિની ઈચ્છા રાખે છે?... ...	૩૭૦
૧૯૯	૧૮	નિર્ગુણ હોઈ સ્તુતિની ઈચ્છા રાખે તેને થતું ફળ... ...	૩૭૨
૨૦૦	૧૯	ગુણ વગર સ્તુતિની ઈચ્છા રાખનારનું ઋણ.	૩૭૩
૨૦૧	૨૦	ગુણ વગરનાં વંદન પૂજન–તેનું ફળ...	૩૭૪
૨૦૨	૨૧	ગુણ વગરનાં વંદન પૂજન–હિતનાશ...	૩૭૪
૨૦૩	૨૨	સ્તવનનું રહસ્ય–ગુણાર્જન.	૩૭૫
૨૦૪	૨૩	ભવાંતરનો ખ્યાલ–લોકરંજનપર અસર.	૩૭૬
,,	,,	લોકસત્કાર અને લોકરંજનનું ટુંક રહસ્ય	૩૭૭
૨૦૫	૨૪	પરિગ્રહત્યાગ.	૩૭૮
૨૦૬	૨૫	ધર્મના નિમિત્તથી રાખેલ પરિગ્રહ...	૩૮૦
૨૦૭	૨૬	ધર્મોપકરણપર મૂર્છા–એ પણ પરિગ્રહ.	૩૮૧
૨૦૮	૨૭	ધર્મોપકરણપર મૂર્છા–એ પણ દોષ.	૩૮૨
૨૦૯	૨૮	ધર્મોપકરણ ઉપડાવવાથી દોષ.	૩૮૩
૨૧૦	૨૯	સંયમ અને ઉપકરણની શોભાની સ્પર્ધા...	૩૮૪
,,	,,	પરિગ્રહ શબ્દનું ઉપયોગી રહસ્ય.	૩૮૪
૨૧૧	૩૦	પરીષહસહન–સંવર	૩૮૫
૨૧૨	૩૧	વિનાશીદેહ–જપ તપ કરવાં...	૩૮૬
૨૧૩	૩૨	ચરિત્રનાં કષ્ટ. વિ. નારકી તિર્યંચનાં કષ્ટ...	૩૮૭
૨૧૪	૩૩	પ્રમાદ જન્યસુખ વિ. મુક્તિનું સુખ...	૩૮૮
૨૧૫	૩૪	ચારિત્ર નિયંત્રણાનું દુઃખ વિ. ગર્ભવાસનું દુઃખ	૩૮૯
૨૧૬	૩૫	પરીષહ સહન કરવાનો ઉપદેશ.	૩૮૯
૨૧૭	૩૬	પરીષહ સહન કરવાનાં શુભ ફળ.	૩૯૧
૨૧૮	૩૭	પરીષહથી દૂર ભાગવાનાં માઠાં ફળ....	૩૯૨
૨૧૯	૩૮	પરીષહ સહન કરવામાં વિશેષ શુભફળ...	૩૯૩
,,	,,	પરીષહ સહનપર ટુંક રહસ્ય...	૩૯૪
૨૨૦	૩૯	સુખસાધ્ય ધર્મકર્તવ્ય–પ્રકારાંતર	૩૯૬
૨૨૧	૪૦	ભાવના–સંયમ સ્થાન–તેનો આશ્રય...	૩૯૭
૨૨૨	૪૧	યોગરુંધનની આવશ્યકતા	૪૦૨
૨૨૩	૪૨	મનોયોગપર અંકુશ–મનગુપ્તિ...	૪૦૩
૨૨૪	૪૩	મત્સરત્યાગ.	૪૦૪

શ્લોક ચાલુ સંખ્યા.	અધિકારના શ્લોકની સંખ્યા.	વિષય.	પૃષ્ઠ.
૨૨૫	૪૪	નિર્જરા નિમિત્ત પરીષહ સહન	૪૦૫
,,	,,	સાધુકર્તવ્ય–ગુણપર ટુંક રહસ્ય...	૪૦૬
૨૨૬	૪૫	યતિસ્વરૂપ–ભાવદર્શન...	૪૦૭
૨૨૭	૪૬	યતિએ ગૃહસ્થની ચિંતા ન કરવી	૪૦૮
૨૨૮	૪૭	ગૃહસ્થ ચિંતાનું ફળ	૪૦૯
૨૨૯	૪૮	તારી પ્રતિજ્ઞા–વિ. તારું વર્ત્તન	૪૧૦
૨૩૦	૪૯	દેખીતાં પ્રશસ્ત સાવદ્ય કર્મોનું ફળ...	૪૧૧
૨૩૧	૫૦	નિષ્પુણ્યકની ચેષ્ટા. ઉદ્ધત વર્તન–અધમ ફળ	૪૧૨
૨૩૨	૫૧	ચારિત્ર પ્રાપ્તિ–પ્રમાદત્યાગ	૪૧૪
૨૩૩	૫૨	બોધિબીજ પ્રાપ્તિ–આત્મહિત સાધન...	૪૧૪
૨૩૪	૫૩	શત્રુઓનાં નામ...	૪૧૫
૨૩૫	૫૪	સામગ્રી અને તેનો ઉપયોગ...	૪૧૬
૨૩૬	૫૫	સંયમની વિરાધના કરવી નહિ...	૪૧૭
૨૩૭	૫૬	સંયમથી સુખ. પ્રમાદથી તેનો નાશ...	૪૧૮
૨૩૮	૫૭	સંયમનું ફળ–ઐહિક આમુષ્મિક–ઉપસંહાર...	૪૧૯
,,	,,	અંતિમરહસ્ય	૪૨૦
		ચતુર્દશ અધિકાર–મિથ્યાત્વાદિ નિરોધ.	
૨૩૯	૧	બંધ હેતુનો સંવર...	૪૨૮
૨૪૦	૨	મનોનિગ્રહ–તંદુલમત્સ્ય	૪૩૨
૨૪૧	૩	મનનો વેગ. પ્રસન્નચંદ્ર રાજર્ષિ...	૪૩૪
૨૪૨	૪	મનની અપ્રવૃત્તિ; સ્થિરતા	૪૩૭
૨૪૩	૫	સુનિયંત્રિત મનવાળા પવિત્ર મહાત્માઓ...	૪૩૯
૨૪૪	૬	વચન અપ્રવૃત્તિ–નિરવદ્ય વચન	૪૪૦
૨૪૫	૭	નિરવદ્ય વચન–વસુરાજા...	૪૪૦
૨૪૬	૮	દુર્વાચ્યાનાં ભયંકર પરિણામ	૪૪૬
૨૪૭	૯	તીર્થંકર મહારાજ અને વચનગુપ્તિની આદેયતા... ...	૪૪૭
૨૪૮	૧૦	કાયસંવર–કાચબાનું દૃષ્ટાંત	૪૪૭
૨૪૯	૧૧	કાયાની અપ્રવૃત્તિ વિ. કાયાનો શુભવ્યાપાર...	૪૪૮
૨૫૦	૧૨	શ્રોત્રેંદ્રિય સંવર...	૪૪૮
૨૫૧	૧૩	ચક્ષુરિંદ્રિય સંવર...	૪૪૯
૨૫૨	૧૪	ઘ્રાણેંદ્રિય સંવર...	૪૫૦
૨૫૩	૧૫	રસેંદ્રિય સંવર	૪૫૧

શ્લોક ચાલુ સંખ્યા.	અધિકારના શ્લોકની સંખ્યા.	વિષય.	પૃષ્ઠ.
૨૫૪	૧૬	સ્પર્શેંદ્રિય સંવર...	૪૫૨
૨૫૫	૧૭	બસ્તિ સંયમ	૪૫૩
૨૫૬	૧૮	સમુદાયે પાંચે ઇંદ્રિયોના સંવરનો ઉપદેશ	૪૫૫
૨૫૭	૧૯	કષાયસંવર–કરટ અને ઉત્કરટ...	૪૫૭
૨૫૮	૨૦	ક્રિયાવંતની શુભ યોગમાં પ્રવૃત્તિ હોવી જોઇએ તેનાં કારણ	૪૫૮
૨૫૯	૨૧	મન યોગના સંવરની મુખ્યતા...	૪૫૯
૨૬૦	૨૨	નિઃસંગતા અને સંવર...	૪૬૦
,,	,,	અંતિમરહસ્ય	૪૬૧
		પંચદશ અધિકાર–શુભવૃત્તિ.	
૨૬૧	૧	આવશ્યક ક્રિયા કરવી	૪૬૪
૨૬૨	૨	તપસ્યા કરવી	૪૬૬
૨૬૩	૩	શીલાંગ–યોગ–ઉપસર્ગ–સમિતિ–ગુપ્તિ...	૪૬૮
૨૬૪	૪	સ્વાધ્યાય–આગમાર્થ–ભિક્ષા વિગેરે	૪૬૯
૨૬૫	૫	ઉપદેશ–વિહાર	૪૭૦
૨૬૬	૬	સ્વાત્મનિરીક્ષણ–પરિણામ.	૪૭૨
૨૬૭	૭	પરપીડાવર્જન–યોગનિર્મળતા	૪૭૪
૨૬૮	૮	ભાવનાઃ આત્મલય.	૪૭૫
૨૬૯	૯	મોહના સુભટનો પરાજય	૪૭૬
૨૭૦	૧૦	ઉપસંહાર––શુદ્ધ પ્રવૃત્તિ કરનારની ગતિ...	૪૭૮
,,	,,	અંતિમરહસ્ય	૪૭૯
		ષોડશ અધિકાર–સામ્યસર્વસ્વ.	
૨૭૧	૧	સમતાનું ફળ–મોક્ષસંપત્તિ	૪૮૧
૨૭૨	૨	અવિદ્યાત્યાગ–એ સમતા બીજ	૪૮૩
૨૭૩	૩	સુખદુઃખનું મૂળ–સમતા અને મમતા.	૪૮૪
૨૭૪	૪	સમતાની વાનકી. ફળપ્રાપ્તિ	૪૮૬
૨૭૫	૫	સમતાના કારણરૂપ પદાર્થોનું સેવન કર...	૪૮૭
૨૭૬	૬	આ ગ્રંથ–સમતા રસની વાનકી.	૪૮૮
૨૭૭	૭	કર્ત્તા–નામ–વિષય–પ્રયોજન	૪૯૦
૨૭૮	૮	ઉપસંહાર...	૪૯૧
,,	,,	અંતિમરહસ્ય	૪૯૨
,,	,,	આખા ગ્રંથના સર્વ શ્લોકોપર ચોપાઈ.	૪૯૫–૫૧૮

——:o:——

ઉપોદ્ઘાત.

દ્રવ્યાનુયોગ, ચરણકરણાનુયોગ, ગણિતાનુયોગ અને ધર્મકથાનુયોગ આ ચાર વિભાગમાં ધર્મશાસ્ત્રનો સમાવેશ થાય છે. આ ચાર અનુયોગો પૈકી ધર્મકથાનુયોગ બહુ સરળ રીતે ઉપદેશ આપી બસુસ કરીને બાળ જીવોની કલ્પનાશક્તિપર જબરજસ્ત અસર કરી આ જીવનને શુદ્ધ પ્રવાહમાં મૂકી દે છે; પણ હેત્વાભાસોવાળી યુક્તિઓ અથવા કુયુક્તિઓ શ્રવણગોચર થતાં તેમજ આત્માનું અસ્તિત્વ, પૃથ્વીનું અનાદિપણું અને સૃષ્ટિ કર્તૃત્વ નિરાસ વિગેરે પ્રશ્નોનો પ્રસંગ પડતાં તે ગુંચવાઇ જાય છે, લથડી જાય છે અને ઘણીવાર કેંદ્રમાંથી સરી જાય છે. ચરણકરણાનુયોગનો વિષય ક્રિયાકાંડ પરત્વે છે, જેને તર્કશક્તિ કે વિચારશક્તિ સાથે બહુ સંબંધ નથી. એનો અભ્યાસ તો દ્રવ્યાનુયોગ કે કથાનુયોગના અભ્યાસીને ચુસ્ત કરવામાં સહાયભૂત થઇ શકે છે તેથી તેની આવશ્યકતા બહુ જ છે, પણ નવીન અભ્યાસ શરૂ કરનારને તે બહુ ઉપયોગી નથી. ગણિતાનુયોગનો વિષય બહુ કઠીન અને શુષ્ક છે. જેને એ વિષયપર સ્વાભાવિક પ્રીતિ હોય છે તેને તે બહુ આનંદ આપે છે અને ચોક્કસ બનાવે છે, પણ આ વિષય કોઇ દિવસે સર્વથા લોકપ્રિય થયો નથી અને થવાનો નથી.

દ્રવ્યાનુયોગના વિષયની હકીકત આથી તદ્દન જૂદી છે. એ વિષય બહુ જ ઉપયોગી છે અને તેના અનેક વિભાગો છે. બુદ્ધિબળને મજબૂત કરનાર અને તેમાંથી જ જન્મનાર આ વિષય ઉપર શાસ્ત્રની મહત્વતા, ગંભીરતા, ઉદારતા અને ગહનતાનો આધાર રહે છે. માનસિક શક્તિઓ પૈકી કલ્પનાશક્તિને પોષણ આપી માર્ગ કરનાર તો બાળજીવો ઉપરજ અસર ઉપજાવી શકે છે; પણ તર્ક-બુદ્ધિ-પ્રજ્ઞા ઉપર અસર કરી કાર્ય કરનાર કદાચ થોડો વખત અલ્પાંશે કે અધિકાંશે ફતેહ પામે, પરંતુ પરિણામે તો તેનો જ સંપૂર્ણ વિજય થાય. આ હકીકત સ્પષ્ટ કરવાની જરૂર નથી, કારણ કે બાળ જીવોનો વર્ગ બીન કેળવાયલાનો બનેલો હોય છે અને તેઓનું ધાર્મિક તત્વ કથાશ્રવણ અને ઇશ્વરસ્મરણમાં પરિપૂર્ણ થાય છે, જ્યારે બુદ્ધિમાનોનું કર્તવ્ય

તત્વ જ્ઞાનના ગૂઢ રહસ્યો વાંચી વિચારી સમજી તેનું તાત્પર્ય શોધવા સમજવામાં સમાયેલું હોય છે. સામાન્ય નિયમ પ્રમાણે આવા મક્કમ પાયાપર બંધાયલા શાસ્ત્રનોજ જય થવાનો સંભવ છે. પરંતુ તે કાર્ય તેનો દ્રવ્યાનુયોગ કેવી સ્થિતિપર છે, કોણે બતાવ્યો છે, કેવી રીતે બતાવ્યો છે, તેનું અંતિમ સાધ્ય બિંદુ શું છે અને તેમાં અરસ્પરસ કાંઇ પણ વિરોધ છે કે નહિ એ પ્રશ્નોપર લટકે છે. આ પ્રમાણે હોવાથી કોઇપણ ધર્મની મહત્વતા સમજવા માટે તેના દ્રવ્યાનુયોગની મહત્વતા સમજવાની જરૂર પડે છે અને તેની કિમત પણ તેનાથી થાય છે. આ દ્રવ્યાનુયોગની મહત્વતા કેટલી છે તે વિચારવા જેવું છે. કર્મની શક્તિ, તેનાં બંધ ઉદયાદિ ચતુષ્ટય, તેનાં ઉદ્વર્તન સંક્રમણ અપવર્તનાદિ પ્રકાર, પરમાણુનો સ્વભાવ, નિગોદનું સ્વરૂપ, આત્મદ્રવ્યનું સ્વરૂપ વિગેરે પ્રશ્નો આ અનુયોગમાં ચર્ચાય છે. શાસ્ત્રકાર કહે છે કે શુદ્ધ દેવગુરૂ અને ધર્મ ઉપર શ્રદ્ધા હોય ત્યારેજ સમકિત થાય અને સમકિત વગરની ક્રિયા તો અંક વગરની શૂન્યો જેવી છે. આ શ્રદ્ધાને સ્થિર રાખનાર તત્વજ્ઞાન-તત્વબોધ જ છે. તત્વજ્ઞાનથી કમનસીબ રહેલો પ્રાણી સહજમાં શ્રદ્ધાથી ભ્રષ્ટ થઈ જાય છે, કારણ કે તેની શ્રદ્ધાનો પાયો ઊંડો હોતો નથી, જ્યારે બુદ્ધિમાન વિદ્વાનના સંબંધમાં તેમ બની શકતું નથી. અનેક ઉપયોગી વિષયો ચર્ચવા ઉપરાંત શ્રદ્ધાને સ્થિર રાખનાર તરીકે દ્રવ્યાનુયોગ જ બહુ ઉપયોગી છે.

દ્રવ્યાનુયોગનો વિષય બહુજ વિશાળ છે. તેના પેટા વિભાગમાં અનેક ઉપયોગી વિષયોનો સમાવેશ થાય છે. દરેક ધર્મનો વ્યવસ્થાસર અભ્યાસ, તે સર્વની પરસ્પર સરખામણી, તર્ક, મિમાંસા, ધર્મશાસ્ત્ર વિગેરે વિષયો તેમજ વસ્તુસ્વભાવશાસ્ત્ર Metaphysics અને નીતિશાસ્ત્ર Ethics નો સમાવેશ પણ દ્રવ્યાનુયોગમાં થાય છે. વસ્તુસ્વભાવશાસ્ત્ર એ આપણો ખરેખરો દ્રવ્યાનુયોગ છે. બાહ્ય વસ્તુ અને આત્મિક વસ્તુઓનો અરસ્પરસ સંબંધ, એક બીજાપર થતી તેની અસર અને તેઓનું વાસ્તવિક સ્વરૂપ દ્રવ્યાનુયોગમાં બતાવવામાં આવેલું હોય છે. એક જીવની નિગોદમાંથી નીકળીને નિવૃત્તિ પ્રાપ્ત કરવા સુધીમાં ઉત્ક્રાન્તિ કેવી રીતે થાય છે, કેવી કેવી ગતિઓમાં કેવા કેવા વેશ ધારણ કરે છે, કેવા કેવા પ્રાણીઓના વિચિત્ર પ્રકારના

સંબંધમાં આવે છે અને આ સર્વ વેશ અને સંબંધનું વાસ્તવિક કારણ શું છે, કર્મ અને પુરૂષાર્થને પરસ્પર કેવો સંબંધ છે એ સર્વ હકીકત દ્રવ્યાનુયોગ બતાવે છે. વ્યવહાર નીતિનો વિષય આજ અનુયોગમાં આવે છે. આથી માલૂમ પડશે કે દ્રવ્યાનુયોગ શબ્દ બહુ વિશાળ છે અને તેમાં અનેક વિષયોનો સમાવેશ થાય છે.

દ્રવ્યાનુયોગના પેટામાં જે વિષયો આપણે જોયા તે પૈકી એક બહુ અગત્યનો વિષય અધ્યાત્મ શાસ્ત્રનો છે. आत्मनि अधिकृत्य अध्यात्मम् આત્મા શું છે? કોણ છે? તેની ઉત્ક્રાન્તિ કેવી છે? તેનો પૌદ્ગલિક વસ્તુઓ સાથેનો સંબંધ કેવો છે? ક્યારનો છે? કેટલા વખત સુધીનો છે? તેનાં સગાં સ્નેહીઓ મિત્રો અને સંબંધીઓનો યોગ કયા કારણોથી થયો છે અને તે સર્વમાં વસ્તુસ્વરૂપ યથાસ્થિત શું છે? કેવું લાગે છે? ખોટું સ્વરૂપ સત્ય જેવું લાગે છે તેનું કારણ શું છે? આત્માની શુદ્ધ દશા કઇ? તેવી ક્યારે હતી? ન હોતી તો કેવી રીતે પ્રાપ્ત થઇ શકે? તેને માટે કેવો પુરૂષાર્થ કરવો પડે? આત્મા અને કર્મનો સંબંધ કેવો છે? ક્યાં સુધીનો છે? આ સર્વ અધ્યાત્મ ગ્રંથના મુખ્ય વિષયો છે. એના સમર્થનમાં અનેક પ્રકારની શિક્ષાઓ, સદ્ગુણ ગ્રહણ કરવાના પ્રસંગો, સ્થાનો અને કારણો, કર્મમળને દૂર કરવાના ઉપાયો અને વૈરાગ્યવાસિત હૃદય કરવાનાં અનેક સાધનો અધ્યાત્મના વિષયમાં ચીતરેલાં હોય છે. ભાવનાનું સ્વરૂપ, ભવની પીડા, પૌદ્ગલિક પદાર્થોની અસ્થિરતા, રાગદ્વેષનું વિચિત્રપણું, કામનું અંધપણું, ક્રોધનું દુર્જયપણું, કષાયનું કલીષ્ટપણું, વિષયોનું વિરસપણું, પાપસ્થાનકોનું અધોગમનપણું, પ્રેમનું અનિત્યપણું, જીવનનું ક્ષણિકપણું વિગેરે અનેક વિષયો અધ્યાત્મ શાસ્ત્રમાં બતાવવામાં આવેલા હોય છે. મનુષ્યની મનોવૃત્તિને બરાબર અંકુશમાં રાખનાર આ અધ્યાત્મ વિષય બહુજ અગત્યનો છે. દ્રવ્યાનુયોગના અનેક વિષયો પૈકી આપણો પ્રસ્તુત વિષય અધ્યાત્મનો છે. તેથી તે શું છે? તેના અધિકારી કોણ છે? તેનાં લક્ષણો કયાં છે? આ જમાનામાં આ વિષયની કોઇ પણ રીતે જરૂરીઆત છે કે નહિ? એ બાબતમાં વિચાર કરવો અત્ર પ્રસ્તુત છે. આત્મા સંબંધી અને તેને ઉદ્દેશીને જે જ્ઞાન થાય તેને અધ્યાત્મ જ્ઞાન કહેવાય છે. આત્મા કોણ છે અને કેવો છે એવો પ્રશ્ન સહજ

ઉત્પન્ન થાય તેવો છે. એ વિષયમાં વિશેષ ઉતરવા જતાં અતિ વિસ્તાર થાય, પણ જૈન શાસ્ત્રકાર એના સંબંધમાં શું કહે છે તે બહુ સંક્ષેપમાં ધ્યાનમાં લેવું એ આ ગ્રંથ સમજવાનું પ્રથમ પગથિયું છે. આપણા શરીરમાં ગમન કરવાની શક્તિ પગમાં નથી, જોવાની શક્તિ ચક્ષુઓમાં નથી, સુંઘવાની શક્તિ નાકમાં નથી પણ એક અંતરંગ સત્તા એ સર્વને નિયમમાં મેલે છે. એમ ન હોય તો મૃત શરીરને પણ પગ, આંખ અને ચક્ષુ હોય છે છતાં તેનો તેને કાંઇ ઉપયોગ નથી. એ અંતરંગ સત્તાને આત્મા તરીકે ઓળખવામાં આવે છે. તે પોતે નિર્લેપ અવસ્થાને પામે ત્યારે તો તદ્દન શુદ્ધ છે અને તેના પ્રદેશો નિર્મલ તેમજ અરૂપી છે, પરન્તુ કર્મ પુદ્ગલના અનાદિ સંબંધથી તે વિચિત્ર વેશો ધારણ કરે છે અને તેથી તેનું મનુષ્ય, તિર્યંચ, દેવતા અને નારકી વિગેરે નામ આપવામાં આવે છે; કર્મ સંબંધથી જ તે કામ ક્રોધાદિક કરે છે અને સુખ દુઃખ સહન કરે છે. તેની સાથે લાગેલાં અને લાગતાં કર્મો તે સર્વ પૌદ્ગલિક જ છે; તેની શક્તિથી આત્માની શક્તિ હણાય છે અને તે સંસારમાં રઝળે છે. વસ્તુતઃ આત્માનું સ્વરૂપ–લક્ષણ જ્ઞાન, દર્શન અને ચારિત્રમય છે. સર્વ વસ્તુઓને તથાસ્વરૂપે દરેક સમયે જોવી જાણવી અને સ્થિરતા રાખવી, આ આત્માનાં લક્ષણો છે અથવા તે ગુણો અને આત્માનો અભેદ છે. આ શુદ્ધ દશા કર્મને લીધે દબાઈ ગઈ છે, આચ્છાદન પામી ગઇ છે, અવરાઇ ગઇ છે. જેમ દીવા ફરતો પડદો કરવાથી તેનો પ્રકાશ ઝાંખો દેખાય છે અને વધારે પડદાઓ કરવાથી વધારે ઝાંખો દેખાય છે, પણ જ્યારે જોઇએ ત્યારે અંદર દીવો તો પ્રકાશિત છે જ; માત્ર આચ્છાદનો દૂર કરવાની જરૂર છે. તેજ પ્રમાણે આત્માના સંબંધમાં સમજવું. આ આચ્છાદનો દૂર કરવાનું કર્તવ્ય પ્રત્યેક પ્રાણીનું છે. જ્યારે કર્મો તદ્દન દૂર થાય છે ત્યારે આ આત્માએ મોક્ષ મેળવ્યો કહેવાય છે. એક વખત સર્વ કર્મ સાથેનો સંબંધ છૂટી જાય અને તેનો મોક્ષ થઈ જાય તો પછી આત્માને અત્ર ફરીવાર આવવું પડતું નથી, તેથી મોક્ષનું સુખ અવ્યાબાધ કહેવાય છે. જ્યાં સુધી આ જીવ સંસારમાં છે ત્યાં સુધી તેને સ્ત્રી પુત્ર ઘર ઘરેણાંપર મમત્વભાવ છે અને કામ ક્રોધાદિક કરે છે. આ સર્વ વિભાવ દશા છે, પરંતુ કર્માવૃત્ત સ્થિતિને લીધે તે સ્વભાવદશા થઈ પડી છે. પરમ વીર્યસ્ફુરણા કરવાથી આ જીવ પોતાનો શુદ્ધ સ્વભાવ

પ્રગટ કરી શકે છે. આ મનુષ્ય જીવનનો મુખ્ય ઉદ્દેશ સર્વ કર્મને તદ્દન દૂર કરવાનો અથવા તેમ બનવું અશકય જણાય તો કર્મનો ભાર જેટલો બને તેટલો ઓછો કરવાનો છે અથવા વધારે ચોકસ શબ્દોમાં બોલીએ તો પ્રયાસ તે પ્રકારનો હોવો જોઈએ અને આ કાર્યની ફતેહ ઉપર જ જીંદગીની ફતેહનો આધાર છે. જો કર્મ અને આત્મા બે પૃથક પૃથક ન હોય અને તેનો પૂર્વ ભવ સાથે સંબંધ ન હોય તો જુદા જુદા પ્રાણીઓમાં જન્મથી દેખાતું અલ્પ વિશેષ જ્ઞાનીપણું, ધનવાન નિર્ધનપણું, શરીરની આરોગ્યતા અને રોગીપણું, માનસિક સ્થિરપણું અને અસ્થિરપણું વિગેરે અનેક તફાવતો અને તેની અંદરની તરતમતાનો ખુલાસો બીજી કોઇ રીતે થઇ શકતો નથી તેમ જ જો પુનર્જન્મ ન હોય તો આ ભવમાં નીતિના નિયમોને અનુસરવાની કોઈ પણ લાલચ રહેતી નથી; ફક્ત વ્યવહારમાં રળી ખાવા ખાતર નીતિનો દેખાવ કરવાની જ જરૂર જણાય છે.

કર્મથી આવૃત્ત આત્માની આવી રીતે ઉત્ક્રાન્તિ થાય છેઃ તે પોતાના કર્માનુસાર ઊંચો ચડતો જાય છે. અનાદિ નિગોદમાંથી નીકળી વ્યવહાર રાશિમાં આવી પૃથ્વી, અપ્, તેજસ્, વાયુ અને વનસ્પતિપણું પામી, બે ત્રણ અને ચાર ઇંદ્રિયો પ્રાપ્ત કરી, પાંચ ઇંદ્રિયવાળો તિર્યંચ થાય છે અને વળી ભવિતવ્યતા પ્રસન્ન થાય અને કર્મ વિવર આપે ત્યારે મનુષ્ય થઈ કાર્ય સાધે છે. સર્વ કર્મથી મોક્ષ મનુષ્ય ગતિમાં જ થાય છે. Evolution ઉત્ક્રાન્તિના સિદ્ધાન્ત અને જૈનની ગતિ આગતિના સિદ્ધાન્તમાં એક મોટો તફાવત એ છે કે ઉત્ક્રાન્તિ વાદવાળા એમ માને છે કે "આ જીવ એક વખત અમુક હદ સુધી આવ્યો ત્યાર પછી તે ગમે તેવાં કાર્યો કરે તો પણ તે નીચે ઉતરતો નથી. પોતાની તે ને તે સ્થિતિમાં તે ગમે તેટલો કાળક્ષેપ કરો પણ તે પાછો પડતો નથી. એક જીવ ચઢતાં ચઢતાં મનુષ્ય થયો તો પછી તે તિર્યંચ થઇ શકે નહિ. ગમે તેવાં પાપ કરે તો પણ તે મનુષ્ય તો થવાનો જ, ત્યાં તે સુખદુઃખ પામે તે સર્વ કર્મ પ્રમાણે પામે છે." જૈન શાસ્ત્રકાર આ હકીકતના સંબંધમાં જુદી રીતે વાત કહે છે. તેઓ કહે છે કે "ઉત્ક્રાન્તિ અને અપક્રાન્તિ સાથે જ છે. અશુભ કર્મ કરવાથી આ જીવનો પાત થાય છે અને મનુષ્ય મહા પાપી કાર્યો કરે તો તિર્યંચ તો શું પણ એકેંદ્રિય જેવી

અધમ ગતિમાં પણ ચાલ્યો જાય છે." આ પ્રમાણે જૈન શાસ્ત્રકાર આત્માની હયાતિ અને તેની કર્મજન્ય ઉત્ક્રાન્તિ, અપક્રાન્તિ અને મોક્ષપ્રાપ્તિ થયે સર્વ કર્મનો નાશ માને છે. આત્મામાં અનંત શક્તિ હોવાથી આ સર્વ કાર્ય તે પોતે જ કરે છે. તેને આમાં કોઈની મદદ, પ્રેરણા કે ઇચ્છાની જરૂરીઆત રહેતી નથી, પરંતુ જે મદદ કે પ્રેરણા થાય છે તે નિમિત્ત કારણરૂપ છે. એની પણ કેટલેક અંશે આવશ્યકતા છે અને તે હેતુવડે જ આ ગ્રંથનો પ્રયાસ છે. નિશ્ચય નયે આત્મા કર્મથી નિર્લેપ છે અને તેજ તેનો સ્વભાવ છે. સુવર્ણમાં જેમ સુવર્ણત્વ ત્રણ કાળમાં રહેલું છે, જ્યારે તે માટીથી વિટાયલું ખાણમાં હતું ત્યારે પણ તેનામાં સુવર્ણત્વ હતું અને જ્યારે તેની સાથેથી માટી છૂટી પાડી, તપાવીને સાફ કરી, પાસો પાડવામાં આવ્યો ત્યારે પણ તેમાં સુવર્ણત્વ છે જ; તેવી જ રીતે આત્મામાં તેનું શુદ્ધ આત્મત્વ ત્રણ કાળમાં છે, પણ તે અપૂર્વ વિર્યસ્ફુરણાથી જ પ્રગટ થાય તેવું છે. જ્યાં સુધી પ્રગટ ન થાય ત્યાં સુધી ખાણમાં રહેલા સુવર્ણની સાથે તેની સરખામણી કરવી. આ જીવનું શુદ્ધ સ્વરૂપ તે સર્વ કર્મથી મુક્ત થાય ત્યારે પ્રગટ થાય છે. એ દશાને મોક્ષ દશા કહેવામાં આવે છે. એ સ્થિતિમાં જીવના મૂળસ્વભાવ–અનંતજ્ઞાન, દર્શન, ચારિત્રાદિ અનંતગુણો–પ્રગટ થાય છે. એ સ્થિતિ એક વખત પ્રાપ્ત કર્યા પછી તેમાંથી કોઇનો પાત થતો નથી, કર્મની સાથે ફરી વાર સંબંધ થતો નથી અને સંસારનાં દુઃખો ફરી વાર ભોગવવાં પડતાં નથી. કારણ કે કારણનો આત્યંતિક નાશ થયેલો હોવાથી ફરીને સંસારપરિભ્રમણરૂપ કાર્ય નિષ્પન્ન થતું જ નથી. આત્માને નિગોદ અવસ્થામાં જે જે દુઃખો અવ્યક્તપણે ભોગવવાં પડે છે અને નારકી તથા તિર્યંચ ગતિમાં વ્યક્તપણે જે જે દુઃખો ભોગવવાં પડે છે, તેની સાથે મોક્ષમાં જે અનંત અવ્યાબાધ સુખ પ્રાપ્ત થાય છે તેની સરખામણી કરીએ ત્યારે મોક્ષની મહત્વતા સમજાય તેવું છે. આત્માની ઉત્ક્રાન્તિ આવી રીતે થાય છે.

આ આત્મા સંબંધી જ્ઞાન મેળવવું, તેનાં નિત્યત્વ, અનિત્યત્વ આદિ પર્યાયોનો વિચાર કરવો, તેના ગુણોને સમજવા, તેનો અને

પુદ્ગલનો સંબંધ વિચારવો, પુદ્ગલ અને આત્મામાં બાહ્યદૃષ્ટિએ જણાતો અભેદ અથવા એકીભાવ સમજવો, તેનું મૂળ સ્વરૂપ યથાસ્થિત આકારમાં સમજવું, તે સંબંધનું અનિત્યત્વ વિચારવું, જીવનો અને અન્ય સગાંસંબંધીઓનો સંબંધ વિચારવો, તેનું અનિત્યપણું સમજવું, ઘર, પૈસા અને બીજી પૌદ્ગલિક વસ્તુઓ સાથેના સંબંધની વિચારણા કરવી વિગેરે વિગેરે અનેક વિષયોનો સમાવેશ અધ્યાત્મ શાસ્ત્રમાં થાય છે. ટુંકામાં કહીએ તો આત્મા સંબંધી સીધો વિચાર કરવાનું સ્થાન અધ્યાત્મ શાસ્ત્ર છે. એ દ્રવ્યાનુયોગનો પેટાવિષય છે એમ આપણે અગાઉ જોઈ ગયા છીએ. કેટલાક ચાર્વાકો આત્માનું અસ્તિત્વજ સ્વીકારતા નથી, તેઓની સાથે અધ્યાત્મગ્રંથો તકરારમાં ઉતરતા નથી. અધ્યાત્મગ્રંથો આત્માનું અસ્તિત્વ સ્વીકારીને જ આગળ ચાલે છે. એના સંબંધનો વાદવિવાદ કરવાનું યોગ્ય ક્ષેત્ર તર્ક-ન્યાયના ગ્રંથો છે. આત્માનું નાસ્તિત્વ માનવામાં કેટલા હેત્વાભાસો થાય છે, કુદરતના કેટલા આવિર્ભાવો તેથી ખુલાસો થયા વગરના પડી રહે છે વિગેરે મુદ્દાઓપર તર્કશાસ્ત્રની દલીલ પુરઃસર વિવાદ ન્યાયગ્રંથોમાં ચાલે છે. આ ગ્રંથ અધ્યાત્મનો જ હોવાથી આમાં પણ આત્માનું અસ્તિત્વ સ્વીકારીને જ ચાલવાની રીતિનું અનુકરણ કરવામાં આવ્યું છે. આત્મવાદ એટલો લાંબો છે કે ઉપોદ્ઘાતમાં આપીએ તો ગ્રંથગૌરવ બહુ થઈ જાય, તેથી તે છોડી દેવો પડ્યો છે; અહીં તો માત્ર એક જ વાત ધ્યાનમાં રાખવાની જરૂર છે અને તે એ છે કે આત્મા વગર આપણે ગતિ કરી શકીએ નહિ, બોલી શકીએ નહિ અને શુભાશુભ ફળોનો અનુભવ કરી શકીએ નહિ. છુટા પડેલા પત્થરમાં અથવા શુષ્ક કાષ્ઠમાં અને પ્રાણીઓમાં લાગણી સંબંધી જે તફાવત છે તે માત્ર આત્માની ગેરહાજરી હાજરીને લીધે જ છે. આ ગૂઢ વિષયમાં અધ્યાત્મ ગ્રંથો પ્રવેશ કરતા નથી, કારણકે તેમ કરવાની જરૂર જ તેઓને રહેતી નથી. પોતાની નિર્માણ કરેલી હદ બોળાંગી આગળ ચાલવું એ નકામો કાળક્ષેપ છે. આત્મવાદ સમજવા યોગ્ય છે. તર્કશાસ્ત્રની રૂચિવાળાએ તે ન્યાયના ગ્રંથોથી જોઈ લેવો. અધ્યાત્મના ગ્રંથોમાં અગાઉ જણાવેલા મુખ્ય વિષયોપર વિસ્તારથી અથવા સંક્ષેપથી ઉલ્લેખ કરવામાં આવ્યો હોય છે અને વિષયની યોગ્યતા જોઇને તેની હદ બાંધવામાં આવી હોય છે.

તે સર્વ વિષયોનો ઉદ્દેશ આત્મા અને પુદ્ગલનો સંબંધ અને ભેદ બતાવવાનો બહુધા હોય છે. આને અંગે પુદ્ગલદ્રવ્યનું સ્વરૂપ, કર્મપ્રકૃતિનું સ્વરૂપ, કર્મવર્ગણાનું સ્વરૂપ, તેના બંધાદિ ચતુષ્ટય (બંધ, ઉદય, ઉદીરણા અને સત્તા) તેની આઠ મૂળ અને એકસો અઠ્ઠાવન ઉત્તર પ્રકૃતિઓ, તેઓનું જુદે જુદે ગુણસ્થાનકે ઓછા વધતાપણું-વધવા ઘટવાપણું, કર્મનો અને આત્માનો સંબંધ, ઉદય ક્રિયા વખતે જીવને થતો કલેશ, જુદા જુદા પ્રકારનાં સુખ દુઃખનાં કારણો, મોહનીય આદિ કર્મોનું સ્વરૂપ, તેઓની પ્રેરણાથી રમાતો સંસારખેલ, પૌદ્ગલિક પદાર્થોનું અસ્થિરપણું, સગાંસંબંધીઓનું અશરણપણું વિગેરે વિગેરે અનેક વિષયો ચર્ચ્યા હોય છે. મુખ્ય વિષયોની સાથે આડકતરી રીતે આ જીવને સંસારથી વૈરાગ્ય થાય, વસ્તુસ્વરૂપ સમજાય અને ભેદજ્ઞાન પ્રાપ્ત થાય તેટલા માટે બીજા અનેક શિક્ષાના વિષયો અધ્યાત્મ શાસ્ત્રમાં પણ ચર્ચવામાં આવે છે. આ સર્વનો ઉદ્દેશ માત્ર એક જ હોય છે અને તે આત્માને પોતાનું ખરૂં સ્વરૂપ અવરાઈ ગયું છે તે પ્રસિદ્ધ કરવા તરફ દોરવાનો હોય છે,

આટલા ઉપરથી અધ્યાત્મ ગ્રંથોના અધિકારી કોણ? એ પ્રશ્નનો પણ નિર્ણય થઈ જાય છે. જેઓએ આત્માની હયાતિ સ્વીકારી તેનું શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કરવા નિર્ણય કર્યો હોય એટલે કે જેને આપણે મુમુક્ષુ જીવો કહીએ છીએ તેઓ આવા ગ્રંથના પ્રથમ પદે અધિકારી છે અને ખાસ કરીને તેવાઓને જ ઉદ્દેશીને આવા ગ્રંથો લખાય છે. સામાન્ય અધિકારીમાં બે વિભાગ છે. જેઓ આત્માનું અસ્તિત્વ સ્વીકારતા હોય, પણ તેનું વાસ્તવિક સ્વરૂપ અને તેનો પુદ્ગલ સાથેનો સંબંધ સમજતા ન હોય તેવાઓને રૂચિ ઉત્પન્ન કરવા સારૂ આવા ગ્રંથો ઠીક કાર્ય બજાવે છે. આવા પ્રાણીઓ આવા પ્રકારના ગ્રંથો વાંચી વિચારી વૈરાગ્ય ભાવ ધારણ કરે છે અને પરિણામે થોડા વખતમાં પ્રથમ વર્ગમાં દાખલ થઈ શકે છે. આવા મનુષ્યો પણ ગ્રંથ વાંચવાના અધિકારી છે.બીજા વિભાગમાં ધર્મથી વિમુખ નાસ્તિકો આવે છે. તેઓ આવા ગ્રંથના અધિકારી નથી. તેઓને આવા ગ્રંથોથી લાભ થવાનો સંભવ બહુ અલ્પ છે. તેઓએ ગુરુમુખથી અથવા સ્વતઃ અભ્યાસથી આત્માનું અસ્તિત્વ, તેનો મોક્ષ અને કર્મનું સ્વરૂપ પ્રથમ સમજી પછી જ અધ્યાત્મ ગ્રંથનો અભ્યાસ

કે વાંચન કરવું. આવી રીતે કરેલું વાંચન જ તેઓને અધિકારી બનાવી શકશે.

હવે આપણે સર્વથી અગત્યના વિષયપર આવીએ છીએ અને તે એ છે કે આવા અધ્યાત્મ-વૈરાગ્ય ગ્રંથોની આ જમાનામાં કાંઈ જરૂરીઆત છે કે નહિ? અધ્યાત્મ સિવાય દ્રવ્યાનુયોગના વિષયો આડકતરી રીતે આત્મા સાથે સંબંધ ધરાવે છે ત્યારે આત્મા પોતે કોણ છે? તેનું સ્વરૂપ શું છે? તેનો વિષયકષાયાદિ સાથે સંબંધ કેવો છે? શા કારણથી છે? કેટલા વખત સુધીનો છે? આત્માનું સાધ્ય શું છે? તે કેમ અને કયારે પ્રાપ્ત થાય? વિગેરે બહુ અગત્યના આત્માને લગતા વિષયો અધ્યાત્મ શાસ્ત્ર ચર્ચે છે તેથી તે આત્માને સીધી રીતે બહુ ઉપયોગી છે. ગણિતાનુયોગથી બુદ્ધિ વિકસ્વર થાય છે, કથાનુયોગથી થયેલી શ્રદ્ધા દૃઢ થાય છે અને શુદ્ધ ચારિત્રીનું અનુકરણ કરવાની ઇચ્છા થાય છે, ચરણકરણાનુયોગથી આત્મા સ્વસ્વરૂપ પ્રાપ્ત કરવાના પ્રયાસમાં ઉદ્યમવંત થાય છે. આ સર્વ બાબતો આત્મિક ઉન્નત્તિમાં આડકતરો ભાગ બજાવે છે, જ્યારે અધ્યાત્મ શાસ્ત્રતો આત્માને સીધી રીતે ઉપયોગી થાય તેવી વસ્તુઓ અને વસ્તુતત્ત્વો નિરંતર તેના જ્ઞાનચક્ષુની સમીપ રાખી મૂકે છે. અધ્યાત્મ શાસ્ત્રનો મુખ્ય વિષય વૈરાગ્ય છે. સાંસારિક સર્વ પદાર્થોપરથી રાગને દૂર કરી નાંખવો એ વૈરાગ્યનો મુખ્ય વિષય છે. સાંસારિક પદાર્થોમાં શેનો શેનો સમાવેશ થાય છે એ વિચાર ઘણી વખત આવે છે. એમાં સર્વ પૌદ્ગલિક વસ્તુઓનો સમાવેશ થાય છે. આ જીવને એક ઘડિયાળ કે કપાટ કે કોચ જોઈ તે લેવાનું મન થશે, મળશે તો તેનાપર પોલીશ કરાવવાનું મન થશે, પોલીશ થયા પછી કોઇ તેને અડકશે અથવા કોઇ તેને ડાઘો પાડશે તો તેને તે ગમશે નહિ. આવી રીતે અજીવ પદાર્થપર રાગદશાના કારણથી મમત્વ થાય છે. એવી જ રીતે પોતાના કપડાં, ઘરેણાં અને ધન ઉપર મમત્વ થાય છે. આ મમત્વ એવો સખત હોય છે કે શરીરપરના મમત્વ કરતાં પણ ઘણીવાર તે વધી જાય છે. ધનના મમત્વથી પ્રાણી ગમે તેવું દુર્વચન બોલે છે, ગમે તેની સાથે લડે છે, પોતાની સ્તુતિ કરે છે અને ગમે તેવું અકૃત્ય, અપ્રમાણિકપણું કે હિંસા કરવામાં પાછી પાની કરતો નથી.

આવી જ જાતનો મમત્વ પોતાનાં પુત્ર, સ્ત્રી અને બીજા સંબંધીઓ પર થાય છે. એના પરિણામે જીવ અનેક પ્રકારનાં નાટકો કરે છે, ચાળા કરે છે અને બાલચેષ્ટા કરે છે. આવી જ જાતનો પણ સર્વથી વધારે સખત પોતાની જાતપરનો મમત્વ છે. એના મમત્વ ખાતર જીવ માનસિક તેમ જ શારીરિક અનેક ઉપાધિઓ સહન કરે છે. આ મોહ અને મમતાનું વાસ્તવિક સ્વરૂપ સમજવાની બહુ જરૂર છે. સર્વ પૌદ્ગલિક પદાર્થો પર છે, એને અને આત્માને કોઈ જાતનો સંબંધ નથી, આત્માને તો તેઓપરના મમત્વથી ઉલટું વધારે સહન કરવું પડે છે વિગેરે વિષયો મનમાં સ્ફુટ કરવાની જરૂર છે. તેમ થાય ત્યારે જ સમજાય છે કે આત્મવ્યતિરિક્ત બીજી કોઇ પણ વસ્તુપર મમત્વ રાખવો તે તદ્દન મૂર્ખતા છે, સંસાર છે, પરિભ્રમણ છે. આ સ્થિતિનું નામ વૈરાગ્ય કહેવાય છે.

विगतो रागो विरागः तस्य भावः वैराग्यः એટલે જેનામાંથી રાગ ગયો તે વિરાગ અને તેનો ભાવ તે વૈરાગ્ય. રાગ અને મમત્વ એ પર્યાયવાચી શબ્દો છે, લગભગ એક જ અર્થવાળા છે. રાગ અને દ્વેષ બહુ જ નિકટ સંબંધવાળા હોવાથી આ વિષયમાં જ્યાં જ્યાં રાગ શબ્દ આવે ત્યાં ત્યાં દ્વેષ શબ્દ સાથે જ સમજી લેવો. આ રાગ પ્રાણીને ખરેખરો ફસાવનાર છે. એનું દુઃખ એ છે કે રાગ કરતી વખત ઘણી વેળા પ્રાણીને ખબર પડતી નથી કે હું પૌદ્ગલિક દશામાં-વિભાવ દશામાં વર્તું છું, ટુંકામાં કહીએ તો રાગ આ જીવને પોતાનો કરીને મારે છે. રાગને તેટલા માટે ઉપમિતિ ભવ પ્રપંચના કર્તા શ્રીસિદ્ધર્ષિ ગણિ કેશરીનું ઉપનામ આપે છે. આ મોહ-મમત્વ-રાગને દૂર કરવાનો ઉદ્દેશ વૈરાગ્યનો હોય છે. એ રાગને દૂર કરવાનું કારણ એક જ છે અને તે એ છે કે આ જીવને સંસારમાં રખડાવનાર તે છે. એને લીધે જીવ વસ્તુસ્વરૂપ. યથાર્થ સમજી શકતો નથી અને બહુ નીચી હદમાં રહી ગોથાં ખાધા કરે છે. એનો કેફ ચડે છે ત્યારે તો જીવ પોતાના કર્તવ્યાકર્તવ્યનું ભાન પણ ભૂલી જાય છે. આવી સ્થિતિમાં તે બહુ કર્મબંધ કરે છે અને રેંટમાળા તુલ્ય સંસાર અરઘટ્ટઘટ્ટીમાં ફર્યા કરે છે; એક ખાડામાંથી બીજામાં અને બીજામાંથી ત્રીજામાં એમ રખડતાં રખડતાં તેનો છેડો આવતો નથી. એ મમત્વ-રાગ દૂર કરવાનાં સાધનો અનેક હોય છે, તેમાં મુખ્યત્વે કરીને

વસ્તુસ્વરૂપનું ચિંતવન (ભાવના ભાવવી વિગેરે) છે અને તે વૈરાગ્ય ગ્રંથોમાં અથવા અધ્યાત્મ ગ્રંથોમાં ખાસ બતાવેલું હોય છે.

આ જમાનાની કેટલીક ખાસીઅતો છે. વસ્તુસ્વરૂપનું સંપૂર્ણ જ્ઞાન થતું નથી અને શિક્ષણ નવીન પદ્ધતિ પ્રમાણે મળે છે તેથી કેળવાયલા વર્ગમાંનો મોટો ભાગ મટીરીઅલીસ્ટ (જડવાદી) થઈ જાય છે. સ્પેન્સર, મીલ, હ્યુગો વિગેરેના લેખો આ વલણને પુષ્ટિ આપે છે. આવા પ્રકારનું વલણ આત્મિક ઉન્નતિનો વિરોધ કરનારું છે, કારણ કે જ્યાં આત્માનું અસ્તિત્વ જ સ્વીકારવામાં આવતું ન હોય ત્યાં તેની ઉન્નતિ અવનતિનો ખ્યાલ જ કયાંથી આવે? આત્મિક જ્ઞાન જ્યારે અનુભવપૂર્વક લેવામાં આવે ત્યારે જ ખરેખરો લાભ કરનાર થઈ પડે છે અને તેવા જ્ઞાનની જ બહુ આવશ્યકતા છે. નવીન સંસ્કારવાળા પ્રાણીઓ તો આ ભવની જંજાળમાં એટલા બધા લપટી જાય છે કે તેઓને પરભવ માટે વિચાર કરવાની કુરસદ પણ મળતી નથી. કાંઈક જીવનકલહ પણ વધતો ચાલ્યો છે, તેથી ઉદરપૂરણના વ્યવસાયમાં સવારની સાંજ અને સાંજની સવાર પડી જાય છે. કુદરતના સામાન્ય નિયમ વિરુદ્ધ લાંબા કલાકો સુધી કામ કરવું પડે છે અને વરસના બાર માસમાં એક બે માસ પણ નિવૃત્તિ મળી શકતી નથી. આવી રીતે પચાસ પોણોસો વરસની જીંદગી પૂર્ણ થાય છે અને કોઈપણ પ્રકારનું સાધ્ય સાધ્યા વગર જીંદગીનો છેડો આવે છે. મોટા શહેરોમાં આ સ્થિતિ આપણે ખાસ જોઈએ છીએ; નાના શહેરોનું વલણ પણ તેવું થતું જાય છે, જ્યારે ગામડામાં આળસનું સામ્રાજ્ય ચાલતું હોવાથી ત્યાં પણ આત્મિક ઉન્નતિ બહુ ઓછી થાય છે. આ પ્રમાણે કેળવાયલા માણસોને આત્મિક જ્ઞાન મેળવવાના માનસિક અને સ્થૂલ પ્રસંગો ઓછા થતા જાય છે એ સ્પષ્ટ હકીકત છે. તેઓને વસ્તુસ્વરૂપના જ્ઞાનની બહુ જરૂર છે. જેઓ કેળવાયલા હોઈ નિયમ પ્રમાણે કામ કરનારા હોય છે તેઓને કોઈપણ ઉપયોગી બાબત માત્ર સમજવાની જ જરૂર રહે છે. તેઓના ખ્યાલમાં આવે કે, આત્મિક જ્ઞાન મેળવવાની જરૂર છે તો પછી ગમે તેટલી અગવડે પણ તેઓ તે માટે વખત મેળવે જ. આ વર્ગને તેટલા માટે વૈરાગ્ય ગ્રંથોમાં આપેલો વસ્તુસ્વરૂપનો બોધ બહુ જ ઉપયોગી છે.

સામાન્ય રીતે જોઈએ તો હમણા સાધનની બહુ તંગી જણાય છે. સામાન્ય લોકોનું વલણ મહેનત કરવા તરફ હોતું નથી અને તેઓને મોજશોખ બહુ પ્રિય હોય છે. આ બાબતના અપવાદભૂત કેટલાક માણસો હોય છે, પણ જેઓ મોજશોખમાં પડે છે તેઓ મોજશોખનું સ્વરૂપ સમજતા નથી. પૌદ્ગલિક ભાવની ગૃદ્ધિ નકામી અને ખોટી છે, એ સમજવા માટે તેઓ સારુ આવા ગ્રંથોની બહુ જરૂર છે. બીજું મહેનત ઓછી કરનારને પોતાની ભાષામાં સરળ અને સમજી શકાય તેવી રીતે બોધ આપ્યો હોય તોજ તે ગ્રંથ જોવાનો વિચાર કરે તેમ છે. તેથી તેવાઓ માટે ભાષામાં અમુક સાધ્ય લક્ષ્યમાં રાખી આ ગ્રંથ અને તેના વિવેચનમાં વૈરાગ્ય વિષય બતાવ્યો છે. ધનવાનો ધનનું ઉપાર્જન અને રક્ષણ એટલી બધી ચોકસાઈથી કરવામાં તત્પર રહે છે કે ધનનું વાસ્તવિક સ્વરૂપ શું છે? તે કોનું છે? અને કયાં સુધીનું છે? એ સર્વ વાત ભૂલી જાય છે. આવો ધનવાનોનો વર્ગ આગલા જમાનામાં પણ હતો અને તેઓ ઘણીવાર ધનના વિચારમાં જ જીંદગી પસાર કરતા, તેથી ધનવાનોના સંબંધમાં અધ્યાત્મ ગ્રંથોની ઉપયોગીતા અગાઉ પણ હતી અને અધુના પણ છે. ગરીબ અને ધનવાનો વચ્ચેનો તફાવત અને અંતર વધતો જાય છે અને મીલ વિગેરે ઉદ્યોગો વધશે તેમ તે વધતો જશે. આવા સમયમાં ગરીબ માણસોને તો આખી જીંદગી સુધી રળતાં છતાં ઉદરનિર્વાહ પૂરતું મેળવવાની પણ મુશ્કેલી પડે છે. એવા પ્રાણીઓને વૈરાગ્યનો વિષય બહુ લાભ કરી શકે. વૈરાગ્યના વિષયમાં ખાસ ધ્યાન રાખવાનું એ છે કે તે દુનિયાથી સર્વ પ્રકારનો વિરાગ લાવી તેને ત્યાગ કરવાનો જ ઉપદેશ આપતો નથી, પણ જેટલો બને તેટલો આસક્તિભાવ ઓછો કરવાનો ખાસ ઉપદેશ આપે છે. પૌદ્ગલિક ભાવ સંજોગોને લીધે છોડી શકાય તેમ નજ હોય તો પછી તેમાં ગૃદ્ધિ ઓછી રાખવી એ ખાસ કર્તવ્ય છે. આ ભવમાં જ બધું સુખ ભોગવી લેવાનો જ્યાં ઉપદેશ મળતો હોય, શિક્ષણ મળતું હોય અને વર્તન જોવામાં આવતું હોય, ત્યાં સુખનું વાસ્તવિક સ્વરૂપ, પુણ્ય પાપનાં કારણો, ભવાંતરમાં તેનાં પરિણામો અને અત્ર કરવા યોગ્ય ખાસ કર્તવ્યોની સમજ આપવી, એ અધ્યાત્મ ગ્રંથોએ કરવાની બહુ અગત્યની સેવા છે. હકીકત એમ છે કે ઘણાખરા માણસો સંસારનો સર્વથા

ત્યાગ કરી શકતા નથી અને ધન, સ્ત્રી પુત્રાદિપર બહુ મમત્વ રાખે છે. દુનિયાના અનુભવીઓને આ હકીકતમાં નવીન કાંઈ પણ લાગે તેવું નથી. મમત્વ કેટલી હદ સુધી કામ કરે છે એનો વિચાર આપતાં એક વિદ્વાન્ માણસે કહ્યું હતું કે 'જે મોક્ષનાં ગાડાં બંધાતાં હોય અને ગાડાવાળો બે રૂપિયા માગે તો આ જીવ તેની સાથે ખેંચતાણ કરી ભાવ પરઠે, રૂપિયો સવારૂપિયો આપવાની વાત કરે, અને જો ઓછું બેસે તે બરચી વધારો બાળબચ્ચાં માટે મૂકી જવા ઇચ્છે.' સ્થિતિ આ પ્રમાણે છે અને આપણે પોતે તે દરરોજ અનુભવીએ છીએ, ત્યારે એ ધનનું સ્વરૂપ કાંઈક સમજાય, કાંઈક બુદ્ધિ ઓછી થાય, કાંઈક આસક્તિ ઘટે અને કાંઈક આત્માનું સત્ય સ્વરૂપ પ્રગટ કરવા ઇચ્છા થાય, એવાં સાધનો ચોજવાની બહુજ આવશ્યકતા લાગે છે. ચાલુ સમયમાં આ આવશ્યકતા બહુ આકરા સ્વરૂપમાં આપણી સમક્ષ આવી પડેલી છે, કારણ કે સાધ્ય બિંદુ ધાર્મિક તત્ત્વચિંતવનનું રહી શકે તેમ નથી. જીવનના સખત કલહો અને ભાવનાઓનું વૈચિત્ર્ય એ આ કાળના મુખ્ય જુદાં પડતાં લક્ષણો છે. આપણી ભાવના કાંઈક આધિભૌતિક, કાંઈક રાજકિય, કાંઈક ઇંદ્રિયાર્થરત અને કાંઈક ઢંગધડા વગરની થઇ પડી છે એમ સમજુઓ માને છે, બોલે છે અને અમુક અપેક્ષાએ તેથી દીલગીર પણ બહુ થાય છે. આવા સમયમાં અધ્યાત્મના ગ્રંથો બહુ લાભ કરી શકે છે.

આપણી ભાવનાની (અથવા લક્ષ્યાર્થની) સ્પષ્ટતા નથી એ હકીકત જરા સ્ફુટ રીતે સમજવાની જરૂર છે. ભાવના જેને ઇંગ્લિશમાં Ideal કહે છે તે દરેક મનુષ્યે સ્પષ્ટ રાખવી જોઇએ. જેવી ભાવના રાખવામાં આવે તેવા થવાનો સર્વ પ્રાણીઓનો ઉદ્દેશ હોય છે અને તેમાં જેટલે અંશે અસ્થિરપણું અથવા અચોક્કસપણું હોય છે તેટલે અંશે તે ગોથાં બાધાં કરે છે. આ જીવનનો હેતુ શો છે? જન્મવું, ધૂળમાં રગદોળાવું, સ્તનપાન કરવું, અભ્યાસ કરવો, ધન કમાવું, પરણવું, મોજશોખ કરવા અને મરી જવું એ તો સામાન્ય વાત થઇ. જીવનનો મહાન હેતુ શો છે એ વિચારી તદનુસાર ભાવના—ભાવનામૂર્ત્તિ નિર્માણ કરવી જોઇએ. એ મૂર્ત્તિ નિર્માણ થાય ત્યારે પછી તે મૂર્ત્તિના વર્તન પ્રમાણે અનુકરણ થાય છે. આવી જાતનો વિચાર કરવાનું આ જમાનામાં બનતું નથી અથવા બહુ અલ્પ બને છે તેથી જાગૃતિ

લાવવાની બહુ આવશ્યકતા છે. એવા સમયમાં આવા પ્રકારના ગ્રંથો બહુ લાભ કરી શકે છે. આવા ગ્રંથો જીવને આક્ષેપ કરી, મૃદુતાથી બોલી, સમજાવી અનેક પ્રકારનો સત્ય ઉપદેશ આપે છે. આવો ઉપદેશ બહુ સારી રીતે તો સત્સંગથી પ્રાપ્ત થાય. જેઓ વસ્તુસ્વરૂપ ઓળખી તેનાથી વિરામ પામી આત્મિક ઉન્નતિ કરવામાં જ જીવન પસાર કરતા હોય તેઓની પાસે બેસી સત્ય સ્વરૂપ સમજવાની બહુ જરૂર છે. સત્સંગનો મહિમા બહુ છે. જેઓમાં ગુણ ઉત્પન્ન થાય છે તેઓ જ ગુણનો વાસ્તવિક બોધ કરી શકે અને બરોબરી અસર પણ તેઓના બોધથી જ થાય. દાખલા તરીકે જે પ્રાણીઓમાં સમતા ગુણ પ્રાપ્ત થયો હોય છે અને તે ગુણને જેઓએ બીલવ્યો હોય છે તેઓના સંબંધમાં માત્ર અડધો કલાક આવીએ છીએ ત્યારે અંતરાત્મા જે અનિર્વચનીય સુખ અનુભવે છે અને જે આત્મિક આનંદ થાય છે તે અતીવ છે, મહાન્ છે, અવર્ણનીય છે. આવા મહાત્માઓની નિરંતર સેવા કરવાનું બને તો તો થોડા વખતમાં કાર્ય સિદ્ધ થઈ જાય, પરંતુ એ સંબંધમાં આ કાળમાં બે જાતની અગવડ આવે છે. આવા મહાત્માઓ બહુ થોડા છે અને તેનો લાભ લેનારાઓને અવકાશ પણ અલ્પ હોય છે. બાહ્ય દેખાવનું કામ એટલું બધું વધી ગયું છે કે સત્ય મહાત્મા કોણ છે? અને કયાં છે? એ બહુ વિકટ પ્રશ્નો છે અને તેનો નિર્ણય કરવા જેઓને અવકાશ અને ઇચ્છા છે, તે તો તેમને કદાચ શોધતા હશે અને તેવો લાભ લેતા હશે, પણ મોટે ભાગે આ સંબંધમાં કાંઈ થઈ શકતું નથી. વ્યવસાયી માણસોને તેટલા માટે પુસ્તકસંગ પણ સત્સંગ જેટલો જ લાભ આપે છે. માત્ર શરત એટલી હોવી જોઇએ કે તેણે વાંચન કર્યા બાદ મનન કરવું જોઇએ. અગાઉના કાળમાં પ્રાકૃત માણસોમાં વાંચનબળ અલ્પ હતું અને તેનાં સાધનો પણ બહુ અલ્પ હતાં, તેથી પુસ્તકસંગ બહુ અલ્પ બનતો; તે વિષયમાં હાલમાં પ્રાથમિક કેળવણીના વિશેષ પ્રચાર અને મુદ્રણકળાને લીધે સગવડ વિશેષ થયેલી હોવાથી આવા ગ્રંથોની આવશ્યકતા ઉત્પન્ન થઈ છે, એટલું જ નહિ પણ તે આત્મિક વિષયની એક મોટી ખોટ પૂરી પાડનાર સાધન થઈ પડે એમ લાગે છે. ઉપર પ્રમાણે આવા ગ્રંથોની આવશ્યકતા સિદ્ધ કર્યા બાદ હવે વૈરાગ્ય અને અધ્યાત્મના વિષયપર કાંઈક વિચાર કરીએ.

વૈરાગ્ય.

વૈરાગ્યના વિષયનો મુખ્ય ઉદ્દેશ સ્વવસ્તુ ઓળખાવવાનો, તેનાપર પ્રેમ ઉત્પન્ન કરાવવાનો અને પરવસ્તુ કઈ છે તેને શોધી તેની સાથેનો સંબંધ ઓછો કરાવી ધીમે ધીમે તે તોડી નંખાવવાનો છે. વસ્તુ પોતાની કઈ છે અને પારકી કઈ છે, એ સંબંધમાં બહુ બહુ વિચાર કરવાની જરૂર છે. આપણે ચાલુ વ્યવહાર ઉપર આધાર રાખી શરીર, ધન કે સ્ત્રીપુત્રાદિકને પોતાનાં માનીએ છીએ. આ સર્વનું વાસ્તવિક સ્વરૂપ કેવું છે? તેઓનો અને આ જીવનો સંબંધ કેવો છે? કેટલો છે? કેટલા વખત સુધીનો છે? શા કારણોથી ઉત્પન્ન થયેલો છે? એ સર્વ વિચારો અધ્યાત્મના ગ્રંથોમાં વૈરાગ્ય ઉત્પન્ન કરવાના હેતુથી બહુ મક્કમપણે પુનરુક્તિ કરીને પણ વારંવાર ચર્ચેલા હોય છે. વૈરાગ્યનો અર્થ જ ઉદાસીનતા છે. સાંસારિક સર્વ વસ્તુઓ અને સંબંધીઓનું વાસ્તવિક સ્વરૂપ બતાવી તેઓને પર તરીકે ઓળખાવવામાં આવે છે. તેઓ આપણા નથી, આપણે તેઓના નથી, તેઓ સાથેનો સંબંધ આકસ્માતિક છે, થોડા વખતનો છે અને પરિણામે વિયોગ નિઃસંશય કરાવનારો છે. આ રીતિએ પરવસ્તુપર ઉદાસીનતા ઉત્પન્ન કરવામાં આવે છે. હવે આ સર્વમાં વાસ્તવિક શું છે તે વિચારવા યોગ્ય છે. હજારોના ખરચથી બંધાવેલા મહેલો નાશ પામે છે, નાશ પામવાની સ્થિતિ પ્રાપ્ત થાય તે પહેલાં તેનો બંધાવનાર ચાલ્યો જાય છે, તે ક્યાં ગયો તે કોઈ જાણી શકતું નથી. પરમપ્રિય મિત્રો, પ્રાણાધિક પત્ની, જીવથી વહાલો પુત્ર, પુત્રપ્રેમી પિતા અને વાત્સલ્ય ભરપૂર માતા જ્યારે છેડો છોડીને ચાલ્યા જાય છે ત્યારે ગયા પછી પાછા તેઓ મિત્ર, પતિ, પિતા કે પુત્રનું શું થયું તેની સંભાળ લેવા પણ આવતાં નથી. આ હકીકત જીવોના સ્નેહ સંબંધની વિચિત્રતા અને અસ્થિરતા બતાવે છે. આવા પ્રકારનો વૈરાગ્ય ભાવ ઉત્પન્ન કરવાનો જ મુખ્ય ઉદ્દેશ આખા ગ્રંથનો હોવાથી તેપર વિવેચન કરવાની જરૂર નથી. માત્ર અત્ર કહેવાનું એજ છે કે વૈરાગ્યનો વિષય પરવસ્તુઓ સાથેનો સંબંધ તેના યથાસ્થિત સ્વરૂપમાં બતાવી તેનાપર લાગેલો ખોટો મમત્વ ત્યાગ કરવાનું શીખવે છે. આ મમત્વ ત્યાગ કરવાનું કાંઇ અકારણ કહેવામાં આવતું નથી; સકારણ કહેવામાં આવે છે. બરી વાત એ

છે કે આ જીવને સંસારમાં રઝળાવનાર મમત્વ ભાવ જ છે. જેને આ જીવ પોતાનાં માને છે, જે વસ્તુઓને પોતાની માને છે, તે વસ્તુતઃ તેમ નથી. તેઓનો અને આ જીવનો સંબંધ અનિત્ય છે. નજીકમાં નજીકના સ્નેહીઓ ચાલ્યા જાય છે, પ્રિયમાં પ્રિય સ્ત્રી દૂર નાશી જાય છે, વહાલામાં વહાલી વસ્તુ ભાંગી જાય છે, તૂટી જાય છે, ખસી જાય છે. એ સર્વનું કારણ શું? જે પોતાની વસ્તુ હોય તે કોઈ દિવસ પોતાની નથી એમ થવું ન જોઇએ. આ વાતમાં કોઈના બે મત પડે તેમ નથી, છતાં આપણે જોઈએ છીએ કે પોતાની માનેલી વસ્તુઓ પોતાની મટી જાય છે અને હમેશને માટે કલેશ આપે છે. ત્યારે પોતાનું શું છે એ સમજવાનો પ્રયાસ કરતાં પ્રથમ તો એમ જણાય છે કે જે વસ્તુઓને પોતાની માનવામાં આવે છે તે વાસ્તવિક પોતાની નથી અને બીજું એમ જણાય છે કે પોતાની વસ્તુઓ કઈ છે તેને આ જીવ હજુ બરાબર ઓળખતો નથી. જો આ સ્વરૂપ સમજવામાં આવે તો બહુ લાભ થાય, કારણ કે પોતાનું શું છે અને શું નથી એ સ્પષ્ટ સમજાઈ જાય તો પોતાનું જે હોય તે પ્રગટ કરવા–જાળવવા પ્રયાસ થાય, એમ થતાં સાધ્ય પણ સ્પષ્ટ થાય અને સાધ્ય સ્પષ્ટ થાય તો પ્રયાસ પણ યોગ્ય રીતે યોગ્ય દિશામાં પૂર્ણ જોસ સાથે દોરાય. અત્યારે તો સાધ્યના ધડા વગર નકામો પ્રયાસ બહુ થાય છે અને તેના પરિણામે જે પોતાનું નથી, તે સવિશેષપણે મેળવાય છે. પોતાનું અને પારકું સમજવાના જ્ઞાનને જૈન પરિભાષામાં ભેદજ્ઞાન કહેવામાં આવે છે. એ ભેદજ્ઞાન થવાની બહુ જ જરૂર છે અને એ સમજાય તો તદનુસાર વર્તન કરવાની પણ તેટલી જ જરૂર છે. એકલા સમજવાથી બહુ લાભ નથી, પણ સમજીને ક્રિયા કરવાની–જ્ઞાનને વર્તનમાં મૂકવાની બહુ જ જરૂર છે. આ જ્ઞાન અને ક્રિયાથી સાધ્ય પ્રાપ્ત થાય છે. એ સાધ્ય શું છે? એ વિચાર કરવા પહેલાં એટલું જાણવાની જરૂર છે કે વૈરાગ્યનો વિષય ઉક્ત ભેદજ્ઞાનનું કારણ અને કાર્ય બન્ને છે. જ્યારે વૈરાગ્યના વિષયમાં પ્રવેશ થાય, તેનાથી જીવનું સ્વરૂપ, સગાં સ્નેહીનું સ્વરૂપ, પ્રિય વસ્તુઓ, ઘર, ઘરેણાં, ફરનીચરનું સ્વરૂપ અને તે સર્વની સાથેનો જીવનો સંબંધ સમજાય ત્યારે ભેદજ્ઞાન થાય છે અને ભેદજ્ઞાન થાય ત્યારે તે સર્વ ઉપરથી વૈરાગ્ય ઉત્પન્ન થાય છે.

જે જીવને વસ્તુસ્વરૂપ સમજવાથી ભેદજ્ઞાન થાય છે તેને એક મહાન્ તત્ત્વ પ્રાપ્ત થાય છે. તેનું વર્તન બહુ ઊંચા પ્રકારનું થઇ જાય છે, તે સંસારનાં કાર્યોમાં ફોગટ પડતો નથી, પડે તો તેમાં બહુ જીવ ઘાલતો નથી, પણ નિરંતર તેથી દૂર ને દૂર રહેવા ઇચ્છે છે. ટુંકામાં કહીએ તો વેદાંતીઓ જેને 'સાક્ષીભાવ' કહે છે તેને મળતી અતિ ઉદાત્ત સ્થિતિને પ્રાપ્ત કરે છે. આવી સ્થિતિમાં આવ્યા પછી કેટલાક સંયોગોને લીધે કદાચ તેને વ્યવહારમાં રહેવું પડે છે તો પણ તેના અંતઃકરણમાં તેવા મિથ્યા વ્યવહારપર આસક્તિ હોતી નથી, ગૃદ્ધિ હોતી નથી, એકતા હોતી નથી. ઉપર ઉપરથી સર્વ કાર્યો તે કરે છે, પણ પોતાનું માનીને કોઈ કાર્ય કરતો નથી, અને જેમ કારાગ્રહમાં રહેલો પ્રાણી તેમાંથી છૂટવાની ઇચ્છા કર્યા કરે છે તેમ તે સંસારરૂપી કારાગ્રહભૂમિમાંથી દૂર બસી જઈ આત્મિક ભૂમિમાં પ્રવાસ કરવાની હોંશ રાખ્યા કરે છે અને જ્યાં સુધી તે ભૂમિ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી અવિશ્રાન્તપણે પુરુષાર્થ કર્યા કરે છે.

આ સાધ્ય શું છે તે પણ હવે જોવું જોઈએ. એક વાતનો નિર્ણય છે કે સર્વ પ્રાણીને સુખ પ્રિય છે અને દુઃખ અપ્રિય છે. સુખ માટે જેટલો પ્રયાસ કરવો પડે તેટલો આ જીવ કરે છે અને દુઃખથી દૂર રહેવા માટે પણ બનતી કોશીસ કરે છે. જેઓ વિશેષ સમજ્યા ન હોય તેઓ ગમે તેટલા અભણ હોય તો પણ સુખને સાધ્ય માને છે. સાધ્ય સર્વ પ્રાણીઓનું એક જ છે, માત્ર તેને ઓળખવામાં જ્ઞાનની કસોટીની જરૂર છે. કેટલાક જીવો સ્ત્રીસૌંદર્યના ઉપલોગમાં, કેટલાક પુત્રના પ્રેમમાં, કેટલાક ધનના ભંડારમાં, કેટલાક સુંદર મહેલોમાં, કેટલાક સારા બાગ બગીચામાં, કેટલાક સુંદર ફરનીચરમાં અને કેટલાક મનહર ગાડીઘોડામાં સુખ માને છે; કેટલાક પરોપકારનાં કાર્યો કરી, દેશસેવા, કોમસેવા, મનુષ્યસેવા કે પ્રાણીસેવા કરી અથવા તન્નિમિત્તે ધન ખરચી તેમાં સુખ માને છે; કેટલાક પ્રેમ ખાતર પોતાની જાતનો ભોગ આપી દે છે, કેટલાક પોતાની જાતને તપ, જપ, ધ્યાનમાં વાપરી સંતોષ પામે છે, કેટલાક વાંચન, મનન, નિદિધ્યાસનમાં સમય ગાળી જ્યારે તે વિષયમાં રમણ કરતા હોય છે ત્યારે અત્યંત સુખ અનુભવે છે, કેટલાક પ્રાપ્ત થયેલ

ઇંદ્રિયના ભોગોનો અસ્વીકાર કરી તેના ત્યાગમાં સુખ માને છે– આવી રીતે જુદી જુદી બાબતમાં સુખ માનવામાં આવે છે. આ સુખનું વાસ્તવિક સ્વરૂપ આ જીવ સમજતો નથી તેથી ઉપર જણાવ્યું તેમ કેટલાક સાચી બાબતમાં અને કેટલાક ખોટી બાબતમાં સુખ માને છે. અધ્યાત્મ ગ્રંથો આવા પ્રાણીઓને કહે છે કે તમે સુખ મેળવવાની ઇચ્છા કરો તે પહેલાં ખરું સુખ શું છે અને તે કયાં મળે તેમ છે તેનો ખ્યાલ કરો, અભ્યાસ કરો, વિચાર કરો. એક વખત સાધ્ય નક્કી કરીને પછી આગળ ચાલો. બહુધા એમ બને છે કે સત્ય હકીકતને અભાવે આ જીવ તાત્કાળિક દૃષ્ટ સુખમાં સંતોષ માની પરિણામે તેથી થતા લાભાલાભ તરફ દૃષ્ટિ રાખી શકતો નથી. વળી સુખ એ શુભ કર્મનો ઉદય છે અને એકઠી કરેલી જમે પુંજીનો વ્યય છે, જ્યારે વાસ્તવિક રીતે તો તે પણ આનંદ નથી–આ વાત સમતાનું સુખ સમજે ત્યારે લક્ષ્યમાં આવે તેમ છે.

મોક્ષ એ એવા પ્રકારનું સુખ છે કે જે સુખ પછી દુઃખ કદીપણ આવતું જ નથી; વળી ત્યાં પૌદ્ગલિક નહિ પણ આત્મિક આનંદ નિરંતર છે. એ સ્થિતિમાં અત્ર માની લીધેલ સુખ જે સોનાની બેડી જેવાં છે અને દુઃખો જે લોઢાની હેડ જેવાં છે તે નથી. આ મોક્ષ આપણું પરમ સાધ્ય હોવું જોઈએ, અને એ મેળવવા માટે ગમે તેટલો પ્રયાસ કરવો પડતો હોય તોપણ તે કરવો જોઈએ. એનાં કારણ બહુ વિચારવા યોગ્ય છે. આપણે શુભ કાર્યો કરીએ છીએ. દાન, જ્ઞાન, ક્રિયા, દમ, વિગેરેનો હેતુ શો? કોઇ કહેશે કે જનહિત. જનહિત કરવાનો હેતુ શો? આ પ્રમાણે સવાલો પૂછતાં પૂછતાં છેવટે મોક્ષ પ્રાપ્ત કરવાનો હેતુ જ આવશે. આત્મા સર્વ વ્યાવહારિક ઉપાધિઓથી મૂકાઇ સ્થિરતામાં રહે એ સ્થિતિ પ્રાપ્ત કરવાનું સર્વનું અંતિમ સાધ્ય છે અને તેને માટેજ સર્વ પ્રયાસ છે અથવા હોવા જોઈએ. તાત્કાળિક સુખમાં રાચેલો જીવ મોક્ષસુખનો અનુભવ સમજે નહિ, કલ્પી શકે નહિ અને તે પ્રાપ્ત કરવાને લલચાય નહિ તેટલા માટે એ સુખનું સ્વરૂપ બતાવવા વૈરાગ્યના ગ્રંથો પ્રયાસ કરે છે. તેઓ પ્રથમ સમતાનું સ્વરૂપ બતાવી જીવને સમજાવે છે કે સ્વર્ગસુખ અને મોક્ષસુખ તો દૂર રહેલાં છે,

પણ તારે ને તેની વાનકી જોવી હોય તો સમતા સુખમાં જોઇ લે. આ વૈરાગ્યનો વિષય વસ્તુસ્વરૂપ અને પ્રાણીઓનો અરસ્પરસ સંબંધ તેમ જ આ જીવના આચાર, વ્યવહાર, વર્તન વિગેરે બાબતો બહુ ઉંડા આશયથી અને સ્પષ્ટ રીતે બતાવે છે. તે વિષયમાં મુખ્ય પેટાવિષયો કયા કયા આવે છે તે જોઇએ.

પુત્ર, પ્રિયા, પૈસા અને શરીરનો પ્રેમ શું છે અને તે કેટલો અને કેવો લાભ હાનિકર્ત્તા છે એ વૈરાગ્યના વિષયમાં બહુ ઉત્તમ રીતે બતાવેલું હોય છે. એ સિવાય મન અને કર્મગ્રહણનો સંબંધ, ચિત્તદમનની જરૂરીઆત, તેથી થતો મહાન લાભ, કષાયોનું સ્વરૂપ, વિષય, પ્રમાદ વિગેરેની રચના ઇત્યાદિ અનેક વિષયો ચર્ચવામાં આવે છે. આ સર્વનો હેતુ એક જ છે અને તે એ કે વસ્તુસ્વરૂપ બરાબર ઓળખી સ્વવસ્તુ ઉપર દૃઢ ચિત્ત લગાડવું અને તેને પ્રગટ કરવી અને તેની સાથે જ પરવસ્તુનું સ્વરૂપ સમજી તેનો બની શકે તે પ્રમાણમાં ત્યાગ કરવો અને ન બની શકે તે સંબંધમાં વિચાર ચલાવી યોગ્ય પ્રયાસ કરવો અને ધીમે ધીમે તેનો પણ ત્યાગ કરવો. વૈરાગ્યના વિષયનો આ હેતુ છે, આ તેનું લક્ષણ છે અને આ તેનું અંતિમ સાધ્ય છે. આ વિષયની પુષ્ટિમાં અને અંતિમ સાધ્ય પ્રાપ્ત કરવાની શિક્ષા આપતાં બીજી અનેક પ્રકારની વ્યવહારૂ અને ધાર્મિક શિક્ષાઓ આવી પડે છે. વૈરાગ્યનો વિષય એટલો વિસ્તૃત છે કે તેનો સંબંધ આપણી જીંદગીના નાના મોટા સર્વ બનાવો સાથે હોય છે. આ હકીકતને લઈને એ વિષયની વિશાળતા બહુ રહે છે. એક બાબત ખાસ ધ્યાન આપવા જેવી છે અને તે અનુભવથી સમજાય તેવી છે. તે એ છે કે વૈરાગ્યના કોઇ પણ વિષય ઉપર વિચાર ચલાવતાં જે આનંદ અંતરાત્મા અનુભવે છે તે અપૂર્વ છે અને તેથી એમ સમજાય છે કે આત્માને પ્રાપ્તવ્ય સ્થિતિ તો એજ છે. માત્ર પ્રકૃતિ સંબંધને લીધે આ જીવ બીજી સ્થિતિઓ અનુભવે છે અને કોઇવાર પર વસ્તુઓના સંબંધથી આનંદ પામે છે. આપણે એક વાતનો વિચાર કરતા ગુંચાતા હોઇએ અને તે વાતનો નિર્ણય થાય, એક ગણિતનું મોટું મનોયત્ન કરતા હોઇએ અને દાખલો થઇ જાય, એક પુસ્તક વાંચતા હોઇએ અને તેમાંથી કોઈ મહાન સત્ય સમજાઈ જાય અથવા જાણવામાં આવે તે વખતે બહુ આનંદ થાય છે ને સુખ

મળ્યું લાગે છે. એ સ્થિતિ ખરેખરી સમજવા યોગ્ય છે, તેને Conscious satisfaction એટલે આત્મિક સંતોષ કહે છે. આ સ્થિતિ પ્રાપ્ત કરવી એ વૈરાગ્યના વિષયનું સાધ્ય છે અને હમેશને માટે (અવિનાશી) પ્રાપ્ત કરવી એ પરમ સાધ્ય છે. આ કારણને લીધે વૈરાગ્યના વિષયની મહત્વતા બહુ છે અને અધ્યાત્મ શાસ્ત્રનો ઉદ્દેશ વૈરાગ્ય ઉત્પન્ન કરવાનો જ છે. સાંસારિક ભાવો તરફ જેવો આ જીવને વૈરાગ્ય થાય કે આત્મિક જાગૃતિ સાથે જ થાય છે તેથી અધ્યાત્મ ગ્રંથો વૈરાગ્યના વિષયને જ પુષ્ટિ આપે છે. વૈરાગ્યના વિષયને અને અધ્યાત્મના વિષયને આથી શો સંબંધ છે તે સમજાયું હશે. એ બન્નેને સંબંધ છે એમ કહેવું તેના કરતાં તેઓ એક બીજાના અંગ છે એમ કહેવું વધારે યોગ્ય થઈ પડશે. આત્મા સંબંધી વિચાર કરનાર અધ્યાત્મશાસ્ત્ર આત્માને અનાદિ સંબંધથી થયેલા ખોટા પ્રેમ અને મમત્વથી દૂર હઠાવી તેપરની પ્રીતિનો નાશ કરવા કહે છે, જે બીજા શબ્દોમાં કહીએ તો વૈરાગ્ય છે.

આની સાથે એક હકીકતપર ખાસ ધ્યાન ખેંચવાની આવશ્યકતા રહે છે. આ કાળમાં વૈરાગ્યના વિષયના ઉપદેશની જરૂરિયાત છે, તે સાથે વૈરાગ્ય–અધ્યાત્મનો ડોળ ઘાલનારાઓ બહુ હોય છે, એ ખાસ ધ્યાનમાં રાખવાનું છે. મોઢેથી 'હે ચેતન! હે ચેતન!' કરવું અને જીવનના કોઈ ભાગમાં વ્યવસ્થા નહિ, સરખાઈ નહિ, વિવેક નહિ, વ્યવહારશુદ્ધિ નહિ, એ તેઓનું સ્વરૂપ ઘણું જ ધિક્કારવા યોગ્ય છે. અધ્યાત્મનું મુખ્ય સ્વરૂપ વર્ત્તનમાં પ્રગટ થવું જોઈએ. આત્મા, પરભવ, વૈરાગ્ય વિગેરે બાબતોમાં મોટી મોટી વાત કરવી એ બહુ સહેલું છે. જૈનધર્મનું સામાન્ય સ્વરૂપ સમજનાર પણ તેવી વાતો કરી શકે છે. પણ આવી માત્ર વાતોથી ખાસ લાભ નથી અને ઘણીવાર હાનિનો સંભવ છે. હાનિ એમ થાય છે કે વાત કરનારા પોતે વાતો કરવામાં જ સંપૂર્ણતા સમજે છે. આથી અધ્યાત્મ જ્ઞાનને અંગે થવી જોઇતી આત્મિક ઉન્નતિ થતી નથી અને ઘણી ખરી વાર તો તેની જગોએ દંભ–માયા–કપટ–બાહ્ય દેખાવ નામનો મહા દુર્ગુણ પ્રવેશ કરે છે. જેઓ આત્મિક વાતો આવી રીતે નિર્જીવ કિમતે ગ્રહણ કરે છે અથવા તેને માર્ગ આપે છે, તેઓની ઉત્ક્રાંતિ બહુ ધીમી થાય છે અને ઘણીવાર તો અપક્રાંતિ થાય છે.

અધ્યાત્મી હોવાનો ડોળ ઘાલવાનું મન થવાનાં બહુ કારણો છે. દુનિયામાં ઘણાખરા માણસો પ્રાકૃત વ્યવહારમાં હોઈ મધ્યમ પ્રવાહ પર કે કનિષ્ટ પ્રવાહપર જ વહેતા હોય છે, છતાં જનસ્વભાવની એક ખાસીઅત છે કે આત્મિક ગુણ પ્રગટ કરનાર અથવા પ્રગટ કરવાની વાતો કરનારને તેઓ બહુ માન આપે છે, તેના તરફ પૂજ્ય બુદ્ધિથી જુએ છે અને તેના સંબંધમાં ઉચ્ચ વિશેષણોથી વાત કરે છે. વગર કિમતે પ્રાપ્ત થતી આવી સ્થિતિ પ્રાપ્ત કરવાની ઇચ્છા કેટલીકવાર ઈરાદાપૂર્વક ઉત્પન્ન થાય છે અને કેટલીકવાર અજ્ઞાનપણે એવો ડોળ ઘાલવાની વૃત્તિ ઉદ્ભવે છે. આ બન્ને પ્રકારના આવિર્ભાવોથી મહા દુઃખ પ્રાપ્ત થાય છે અને આત્માની અવનતિ થાય છે.

વૈરાગ્યનો ડોળ ઘાલવાની પ્રબળ ઇચ્છા થાય ત્યારે દંભ કરનારની શું સ્થિતિ થાય છે તે વિચારવી. અવકાશ હોય તેમણે શ્રીમાન્ યશોવિજયજીના અધ્યાત્મ સારનો ત્રીજો દંભ અધિકાર જરૂર જોવો. એ ગ્રંથમાં આવા ડોળ ઘાલનારને બહુ તિરસ્કાર આપ્યો છે અને તેની સ્થિતિપર બહુ સખત ભાષામાં ઉલ્લેખ કર્યો છે. આ દંભ કરનારાઓથી અન્ય પ્રાણીઓએ પણ બહુ ચેતવાની જરૂર છે. એવા પ્રાણીઓ આખી સમાજની આધ્યાત્મિક ઉન્નતિને પાછી હઠાવી દે છે, કારણ કે લોકોને તેથી વૈરાગ્ય તરફ અરૂચિ ઉત્પન્ન થાય છે. આવા પ્રાણીઓને લોકો તરફથી ભગતનું ઉપનામ આપવામાં આવે છે. અજ્ઞાત ગમે તે કારણ હોય પણ સમજવા પ્રમાણે ઉક્ત શબ્દ લોકોમાં જે બહુ તિરસ્કારને પાત્ર થયો છે તે અધ્યાત્મનો ડોળ ઘાલનારાઓને લીધે જ હોવું જોઇએ એમ જણાય છે. આવા ડોળ ઘાલનારાઓને 'શુષ્ક અધ્યાત્મી' કહેવામાં આવે છે. થોડા વખતપર એક વિદ્વાન્ મહાત્મા સાથે અધ્યાત્મ સંબંધી વાત નીકળતાં તેઓએ આ સંબંધમાં મજાક–મશ્કરી કરતાં કહ્યું હતું કે कलावध्यात्मिनो भान्ति फाल्गुने बालका यथा. 'કલિ કાળમાં અધ્યાત્મીઓ ફાગણ મહિનામાં જેવા બાળકો હોય તેવા લાગે છે.' આમાં ભાવ એ છે કે ફાગણ મહિનામાં નાના બાળકો રમત ગમતમાં જેમ અસ્ખલિત શબ્દો બોલે છે અને તેનો વિચાર કરતા નથી તેમ જ કલિકાળમાં અધ્યાત્મીઓ બોલે છે તે વિચાર વિનાના બોલવા જેવું લાગે છે. બીજે પક્ષે જોઇએ તો તેઓ મોટી ઉમરના છે છતાં આધ્યાત્મિક ઉન્નતિ

જે તેઓનાં વચનનો વિષય છે તેમાં તો બાળક જેવા જ લાગે છે. આ વાતમાં રહેલું રહસ્ય બરાબર સમજવા જેવું છે. ટુંકામાં વાત એટલી જ છે કે જેઓ આ કાળમાં અધ્યાત્મી હોવાનો આડંબર કરે છે તેઓમાંના સર્વે વસ્તુતઃ અધ્યાત્મી હોતા નથી.

ત્યારે હવે મુશ્કેલી ખરા અધ્યાત્મીને અને ખોટા દેખાવ કરનારાઓને શોધવામાં આવે છે. આનો ઉપાય બહુ જ સહેલો છે. અમુક માણસ અધ્યાત્મની ગમે તેટલી વાત કરે તેથી તેને અધ્યાત્મી કે વૈરાગી સમજવો નહિ, પરંતુ તેનો વ્યવહાર કેવો છે, તેનું વર્તન કેવું છે, તેની સમતા કેવી છે, એ પર બારીકીથી બાનગી રીતે દૃષ્ટિ રાખવી. યુક્તિથી વ્યવહાર ચલાવનારા એટલે સુધી ગોઠવણ કરી શકે છે કે અંતરંગમાં ગમે તેટલો ક્રોધ ચાલતો હોય છતાં મુખમુદ્રા ઉપર જરા પણ રતાશ જણાવા દે નહિ. પરંતુ મુદ્રાના પ્રસંગોએ અધ્યાત્મની વાતો કરનારની વૃત્તિ કેવી રહે છે, ઇંદ્રિયના વિષયો તરફ ગૃદ્ધિ કેવી હોય છે, મોટા કષ્ટમાં મનની સ્થિતિ સ્થાપકતા કેવી રહે છે અને તે ઉપરાંત તે ગૃહસ્થ હોય તો પૈસા સંબંધી તેનો વ્યવહાર નીતિમય, પ્રમાણિક અને સત્યપરાયણ છે કે નહિ એપર બહુધા અધ્યાત્મીપણાનો આધાર રહે છે. આ બાબતમાં તપાસ કરતાં કે વિગતો મેળવતાં અને તેપરથી અનુમાન કરતાં બહુ વખત લાગે તેમ નથી. આવી રીતે સાધુઓના સંબંધમાં પણ તેઓની પુસ્તકાદિપર મમતા, શિષ્યવૃદ્ધિની અનિવાર્ય ઇચ્છા, ગૃહસ્થોનાં સાંસારિક કાર્યોમાં પ્રવેશ વિગેરે અનેક રીતે તપાસ કરી શકાય છે.

ઉક્ત હકીકતમાં બે વાતપર ધ્યાન રાખવાનું છે. એક તો પોતે શુષ્ક અધ્યાત્મી થવું નહિ અને બીજું શુષ્ક અધ્યાત્મીઓનો સંગ કરવો નહિ. આ બન્ને બાબતપર બહુ મક્કમપણે પણ ધીરજ અને દીર્ઘ દૃષ્ટિથી વિચાર કરવાની બહુ જ જરૂર છે. દુનિયાનો એવો નિયમ છે કે મીઠા દુર્ગુણમાં ફસાયલો પ્રાણી જલદી બહાર નીકળી શકતો નથી, અને અધ્યાત્મી થવું એ બહુ મીઠી વસ્તુ છે; તેટલા માટે થનાર અને નમનાર બન્નેએ બહુ ચેતવાની જરૂર છે. વૈરાગ્યના વિષયનું આટલું ભૂમિકામાં નિરૂપણ કરી હવે ગ્રંથ અને ગ્રંથકર્ત્તા તથા તેના સમયપર પ્રસ્તાવ કરીએ.

અધ્યાત્મકલ્પદ્રુમ.

અમુક સાધ્ય લક્ષ્યમાં હોવાથી. આસ કારણસર લંબાણ કરીને પણ આટલો વૈરાગ્યનો વિષય, અધિકારી, જરૂરીઆત અને તેનાં તત્ત્વો પર પ્રાસ્તાવિક ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ ગ્રંથને અંગે ઉપોદ્‌ઘાત કરતાં પ્રથમ 'અધ્યાત્મકલ્પદ્રુમ' નામ આ ગ્રંથનું શું સૂચવે છે તેપર વિચાર કરવાનું પ્રાપ્ત થાય છે. આ ગ્રંથના વિષયો કયા કયા છે અને વૈરાગ્યના વિષયને તે કેવી યુક્તિથી પોષે છે તે પર વિચાર કરી છેવટે ગ્રંથકર્ત્તા, તેનો સમય, તે વખતની જૈનોની સ્થિતિ, આ ગ્રંથની શૈલી, ભાષા, ઉદ્દેશ વિગેરે વિષયો સાથે ગ્રંથકર્ત્તાના રચેલા અને જણાયલા અન્ય ગ્રંથોની સૂક્ષ્મ પણ ટુંકી આલોચના કરવામાં આવશે. અધ્યાત્મ શબ્દનો અર્થ આપણે અગાઉ જોઇ ગયા તે પ્રમાણે આત્મા સંબંધી વિવેચન કરનાર વિષય એમ થાય છે. 'અધ્યાત્મોપનિષદ્' ગ્રંથમાં શ્રીમાન્ યશોવિજયજી મહારાજ અધ્યાત્મ શબ્દનો યૌગિક અને રૂઢ બન્ને અર્થ આપે છે. તેઓ શ્રી લખે છે કે:—

आत्मानमधिकृत्यस्याद्यः पंचाचारचारिमा ।
शब्दयोगार्थनिपुणा स्तदध्यात्म प्रचक्षते ॥
रूढ्यर्थनिपुणास्त्वाहु श्चित्तं मैत्र्यादिवासितम् ।
अध्यात्मं निर्मलं बाह्यव्यवहारोपबृंहितम् ॥

'અધ્યાત્મ શબ્દનો વ્યુત્પત્તિથી અર્થ કરીએ તો આત્માને ઉદ્દેશીને પંચાચાર (જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર)માં વ્યવહાર–વર્તન કરવું તે થાય છે, અને તેનો રૂઢ અર્થ કરીએ તો બાહ્ય વ્યવહારથી મહત્વતા પ્રાપ્ત કરેલા મનને મૈત્રી, પ્રમોદ વિગેરે ભાવનાથી વાસિત કરવું એ થાય છે. આ બન્ને અર્થ બહુ વિચારવા યોગ્ય છે. શબ્દાર્થ તો આપણે સમજી શકીએ તેવો છે, પણ રૂઢ્યર્થ સમજવાની બહુ જરૂર છે. બાહ્ય વ્યવહાર–સાંસારિક વ્યવહાર અથવા પ્રાકૃત વ્યવહારને જતો કરવો એવો અત્ર ઉદ્દેશ નથી, પણ એ વ્યવહારનું સ્વરૂપ સમજી તેનાથી મનને આગળ વધારવું, તેનાથી વિશાળ બનાવવું અને કાંઇક વધારો કરવો. એવી રીતે વધારો કરેલું મન પોતાના વિષય તરીકે સર્વ જીવો તરફ પ્રેમભાવ લાવી તેમાં આનંદ પામે છે અને આવા પ્રકારના અધ્યાત્મને શ્રીયુત ઉપાધ્યાયજી

નિર્મલ કહે છે. તેજ મહાત્મા અધ્યાત્મ સારના બીજા અધિકારમાં કહે છે કે गतमोहाधिकाराणामात्मानमधिकृत्य या । प्रवर्तते क्रियाशुद्धा तदध्यात्मं जगुर्जनाः ॥ જે મહાત્માનો મોહનો વિષય નાશ પામ્યો હોય અને જે આત્માને આશ્રયીને શુદ્ધ ક્રિયા કરી અંતરાત્મામાં પ્રવર્તે તેની ક્રિયાનું નામ તીર્થંકર મહારાજ અધ્યાત્મ કહે છે. અધ્યાત્મના શબ્દાર્થને ગ્રંથકર્ત્તાએ કેટલે દરજ્જે યોગ્ય કરી બતાવ્યો છે તે આપણે આગળ જોશું.

દરેક વસ્તુના જૈનશાસ્ત્રકાર ચાર નિક્ષેપા માને છે. એ કોઇ પણ વસ્તુને જુદી જુદી દૃષ્ટિથી જોવાનાં જુદા જુદા દ્વાર છે. અધ્યાત્મના પણ તેવીજ રીતે ચાર નિક્ષેપા થઇ શકે છે. નામ અધ્યાત્મ, સ્થાપના અધ્યાત્મ, દ્રવ્ય અધ્યાત્મ અને ભાવ અધ્યાત્મ. માત્ર 'અધ્યાત્મ' શબ્દ બોલવો પણ તેનો અર્થ પણ સમજવો નહિ એ નામ અધ્યાત્મ કહેવાય છે. તેવીજ રીતે અધ્યાત્મનો ડોળ ઘાલનાર શુદ્ધ વર્તન વગરના પ્રાણીઓ નામ અધ્યાત્મી કહેવાય છે. આધ્યાત્મિક જીવન વહન કરનારની મૂર્ત્તિની સ્થાપના કરવી અથવા અધ્યાત્મનું અક્ષર વિન્યાસીપણું કરવું એ સ્થાપના અધ્યાત્મ કહેવાય છે. અધ્યાત્મને ઉત્પન્ન કરનાર ઉપદેશ અથવા દૃશ્ય કે શ્રવ્ય કારણોને દ્રવ્ય અધ્યાત્મ કહેવાય છે અથવા રેચક, પૂરક, કુંભકાદિકે કરી બાહ્ય વૃત્તિએ એવું ધ્યાન બતાવે કે જેથી લોકો એમ જાણે જે એણે અંતરવૃત્તિએ આત્માનું સ્વરૂપ પ્રત્યક્ષ કર્યું દેખાય છે, પણ પોતે તો કોરા ને કોરા જ હોય તે પણ દ્રવ્ય અધ્યાત્મ કહેવાય છે અને નિજસ્વરૂપ સહિત ક્રિયાનું પ્રવર્તવું, તે ભાવ અધ્યાત્મ કહેવાય છે. આ ચાર નિક્ષેપા બાસ વિચારવા યોગ્ય છે. તેમાં પ્રથમના ત્રણ છાંડવા યોગ્ય છે અને ઉપરના શ્લોકોમાં જે પ્રકારનું વર્ત્તન કરવાનું કહેવામાં આવ્યું છે તેવા થવા યત્ન કરવો લાભપ્રદ છે. આ સ્થિતિને ભાવ અધ્યાત્મ કહેવામાં આવે છે. સ્થાપના અને દ્રવ્ય અધ્યાત્મ પણ સાધન તરીકે ઉપયોગી છે, પણ સાધનને સાધ્ય માનવાની ભૂલ ન થવી જોઇએ. સાધનને સાધ્ય માનવાની ભૂલ બહુવાર થતી જોવામાં આવે છે અને તેથી સાધનમાં જ જીવતર પૂર્ણ થાય છે. દાખલા તરીકે વ્યાકરણ અભ્યાસનું સાધન છે, સાધ્ય ભાષાજ્ઞાન અથવા ધર્મશાસ્ત્રના ગ્રંથો વાંચવાનું છે, છતાં ઘણા પ્રાણીઓ વ્યાકરણના અભ્યાસમાં જ બહુ વરસો અથવા

આખી જીંદગી ગાળી નાખે છે. આવી રીતે ઘણા પ્રાણીઓ સાધ્ય સમજ્યા વગર અથવા તેને નિરંતર દૃષ્ટિમાં રાખ્યા વગર સાધન ધર્મોમાં જ પોતાની જીંદગી પૂર્ણ કરે છે. ખાસ લક્ષ્યમાં રાખવાની જરૂર છે કે સાધન ધર્મોમાં જીવન પસાર થાય તો તેથી નુકશાન નથી, પુનર્ભવ માનનારને તો તેનો લાભ અન્ય ભવમાં આગળ પણ મળે છે; માત્ર હકીકત એમ છે કે સાધ્ય ધર્મ ઉપર બહુ થોડું ધ્યાન અપાય છે તે વાતમાં ફેરફાર થવો જોઈએ. શ્રી આનંદઘનજી મહારાજ અધ્યાત્મના ચાર નિક્ષેપાપર બહુ મુદ્દાસરનું વિવેચન શ્રી ઐયાંસનાથજીના સ્તવનમાં કરે છે. એમાં તેઓશ્રીએ ઉપરના ચાર નિક્ષેપાના નામો આપવા પહેલાં એક બહુ અગત્યની વાત કહી છેઃ

નિજસ્વરૂપ જે કિરિયા સાધે, તેહ અધ્યાતમ લહીએ રેઃ
જે કિરિયા કરી ચૌગતિ સાધે, તે ન અધ્યાતમ કહીએ રે.

અધ્યાત્મ તેનું નામ જ સમજવું કે જેનાથી ઉપર કહેલ ભાવ અધ્યાત્મ સિદ્ધ થાય, નિજસ્વરૂપ રમણતા થાય અને નિજસ્વરૂપસ્થિરતા થાય. બાકી જે ક્રિયાથી ચાર ગતિમાંથી કોઇ શુભ કે અશુભ ગતિ સધાય તેને અધ્યાત્મ ન કહેવાય. આપણે શુભ ક્રિયાઓ કરીએ તો તેથી દેવ, મનુષ્ય ગતિ સધાય છે, પણ આ ક્રિયાને શાસ્ત્રકાર મહત્વતા આપતા નથી. શુભ કર્મબંધ કરાવનારી અથવા સ્વરૂપરમણતા કરાવી નિર્જરા કરાવનારી એમ બે પ્રકારની ક્રિયાઓ હોય છે અને અધ્યાત્મ રસિક જીવોએ બીજી સર્વ પ્રકારની ક્રિયાઓ મૂકી દઇને સ્વરૂપરમણ કરાવનારી ક્રિયાનોજ આદર કરવો યોગ્ય છે. આ હકીકત કહીને પછી તેઓ ચાર નિક્ષેપાનું સ્વરૂપ બતાવે છે, જેપર ઉપર વિવેચન થઇ ગયું છે. તેઓ પ્રાંતે કહે છે કે–'ભાવ અધ્યાતમ નિજ ગુણ સાધે, તો તેહશું રઢ મંડોરે.' આ વાત કહીને અધ્યાત્મને રસ્તે જ વસ્તુવિચારણા કરવાનો આગ્રહ કરે છે અને બીજા સર્વ સાધનોનું લબાડપણું સૂચવે છે.

અધ્યાત્મ શબ્દનો આવો વિશાળ અર્થ છે. આ અધ્યાત્મ પોતે જ કલ્પવૃક્ષ છે અથવા અધ્યાત્મ રૂપ કલ્પવૃક્ષ છે. કલ્પદ્રુમ એટલે કલ્પવૃક્ષ. કલ્પવૃક્ષનું કામ તેની પાસે આવી યાચના કરનારને ઇચ્છિત

પદાર્થ આપવાનું છે. કલ્પવૃક્ષમાં પુદ્‌ગળ સ્કંધો જ એવા હોય છે કે જે મનોવર્ગણા પ્રમાણે ઇચ્છિત પૂરે છે. કેટલાએક કલ્પવૃક્ષો દેવતા અધિષ્ઠિત પણ હોય અને તેની પાસે જઈ મીઠાઈ, મેવા, ફળ, વસ્ત્ર, તાંબુલ, પલંગ, રમતગમતની ચીજો વિગેરે જે કોઈ વસ્તુ માંગવામાં આવે છે તે તુરત જ નજરે પડે છે. જૈનશાસ્ત્રકાર આ પ્રમાણે કલ્પવૃક્ષનું સ્વરૂપ કહે છે એમ જ નહિ પણ અન્ય શાસ્ત્રકારો પણ કલ્પવૃક્ષની વાતો કહે છે. કલ્પવૃક્ષ, કામધેનુ, ચિંતામણિરત્ન વિગેરે કથાનુયોગપ્રસિદ્ધ શબ્દો છે. અત્ર આ શબ્દનો ઉપયોગ અલંકારની ભાષામાં વાપરવામાં આવ્યો છે. જેમ કલ્પવૃક્ષની પાસે જઈ જે કાંઈ વસ્તુ માગીએ તે મળી શકે છે તેવી જ રીતે આ અધ્યાત્મ ગ્રંથ રૂપ કલ્પવૃક્ષ છે. એની પાસે આત્મિક સૃષ્ટિને લગતો જે કોઇ પદાર્થ માગવામાં આવશે તે તેને અહીંથી મળશે. આત્મિક વ્યવહાર સાથે તેને લગતો અને દૂર કરવા યોગ્ય સાંસારિક વ્યવહાર અને તેનું દુષ્ટ સ્વરૂપ પણ સાથે બતાવવામાં આવ્યું છે, એટલે અધ્યાત્મને લગતા ઘણા ઉપયોગી વિષયો આ ગ્રંથમાં મળી આવે તેમ છે. આ ગ્રંથનો શબ્દાર્થ છે.

આ વાંછિત પદાર્થો અને સત્યો આપનાર મહાન્ વૃક્ષની સોળ શાખાઓ ગ્રંથકર્ત્તાએ કલ્પી છે. સોળ શાખાવાળું વૃક્ષ કાંઈ નાનું હોય નહિ અને વિશેષ પત્રપુષ્પાદિને લીધે તે ભવ્ય દેખાય એમાં કાંઈ નવાઈ નથી. ગ્રંથકર્ત્તાએ અધ્યાત્મનો વિષય બહુ ઉપયોગી ધારી તેપર અનેક પ્રકારે ઉલ્લેખ કર્યો છે. આ ગ્રંથની યોજના બહુ નવીન પ્રકારની રાખવામાં આવી છે. સર્વ જીવોનું અંતિમ સાધ્ય મોક્ષ છે અને તેનું પ્રથમ કારણ સમતા છે. સાંસારિક સ્થિતિમાં રહેનારને તો મુખ્ય સાધ્ય સમતાપ્રાપ્તિનું હોવું જોઇએ, તેથી તે હકીકત ગ્રંથના અંતમાં આવવી જોઇએ, તેને બદલે મુદ્દાની હકીકતને બહુ લંબાવીને કહેવાથી કેટલીકવાર વાંચનારને કંટાળો આવે છે એમ તેઓના ખ્યાલમાં હશે તેથી તેઓ પ્રથમ અધિકારમાં સમતાનું વિવેચન કરે છે અને છેલ્લા અધિકારમાં પણ પાછું તેનું જ વિવેચન કરે છે. વચ્ચેના સર્વ અધિકારો સમતાના પેટા ભાગમાં આવે છે. કેટલાક સમતાને પરમ સાધ્ય માનવાનાં કારણો પૂરાં પાડે છે, કેટલાક તેનાં સાધનો પૂરાં પાડે છે અને કેટલાક તેના

માર્ગ દેખાડે છે. આ ગ્રંથના સોળ અધિકારમાં વિષયો કયા કયા અને કેવી રીતે બતાવ્યા છે તેમાં પ્રવેશ કરવા પૂરતો બહુ ટુંકાણમાં અત્ર ખુલાસો પ્રાસ્તાવિક છે, વિશેષ હકીકત અનુક્રમણિકા તથા દરેક અધિકારને છેડે લખેલા 'અંતિમ વિવેચન' પરથી જણાશે.

પ્રથમ અધિકારમાં સમતાનું સ્વરૂપ વિચારવામાં આવ્યું છે. સમતા પ્રાપ્ત કરવાનાં સાધનો બતાવવાનો ખાસ ઉદ્દેશ આ અધિકારમાં છે. આ વિષયને બહુ સારી રીતે વિકસ્વર કરવામાં આવ્યો છે. દુનિયાના સર્વ વ્યવહારમાં સમતા રાખવાની બહુ જ જરૂર છે. સમતા ન રાખનાર પ્રાણીની પ્રકૃતિ બહુ અવ્યવસ્થિત બની જાય છે. એ ગમે તેવાં ધર્મસાધન કે પુણ્યનાં કાર્યો કરે, પણ તે સર્વ સાધ્ય વગરનાં, વિવેક વગરનાં અને અર્થ વગરનાં થાય છે. જ્યાં સુધી ઐહિક તેમ જ આમુષ્મિક કાર્યમાં સમતાનો પ્રવાહ રેલછેલ થઈ જતો નથી ત્યાં સુધી આધ્યાત્મિક શરીર પ્રાણ વગરનાં હાડપિંજર જેવું છે. મનુષ્ય ગમે તેટલા પૈસા પ્રાપ્ત કરે, ગમે તેટલાં મોજશોખનાં સાધનો એકઠાં કરે, ગમે તેવા વૈભવો ભોગવે, ગમે તેટલું માન પ્રાપ્ત કરે, પણ વસ્તુતઃ આધ્યાત્મિક દૃષ્ટિએ જો તેનામાં સમતા ન હોય તો તે સર્વ શૂન્ય છે, અધમ છે અને તેથી પણ વધારે હાનિકારક છે, કારણ કે તે કારણો અતિ ખરચાળ છે, ઉડાઉ છે, નુકશાન કરનારાં છે અને પરભવે અધોગતિમાં પતન કરાવનારાં છે. સમતામય જીવનની ખૂબિ એવી ઉત્તમ અને વિશિષ્ટ છે કે તેની હવામાં, તેના વાતાવરણમાં, તેના પાડોશમાં પણ અખંડ શાંતિનું સામ્રાજ્ય સ્ફુરે છે અને એક વખત આવા જીવનના સંબંધમાં આવનાર પ્રાણી તેનાં હેતુ, ક્રિયા કે ક્રમ ન સમજતો હોય, ન પરખી શકતો હોય, ન પ્રથક્કરણ કરી શકતો હોય, તો પણ તે અતિ સુખનો અનુભવ કરે છે અને એવો સત્સંગ કરવા નિરંતર હોંસ રાખ્યા કરે છે અથવા એવા સંબંધમાં ગયેલી આનંદદાયક ક્ષણોને બહુ પ્રેમથી વારંવાર સંભાર્યા કરે છે. સમતા આવી પવિત્ર વસ્તુઓને જન્મ આપનાર છે અને સ્વયં શુદ્ધ છે તેથી તેને પ્રાપ્ત કરવાનો પ્રયાસ મુમુક્ષુ જીવનો હોય છે. એને પ્રાપ્ત કરવાનાં અનેક સાધનો પૈકી અત્ર ચાર ભાવના, ઇંદ્રિયોના વિષયોપર સમભાવ, આત્મસ્વ-

રૂપની વિચારણા અને સ્વસ્વાર્થ ઓળખી તે સાધવામાં રક્તતા એ ચાર સાધનોપર બહુ વિસ્તારથી વિવેચન ગ્રંથકર્ત્તાએ કર્યું છે. આખા ગ્રંથનું પરમ સાધ્ય સમતા હોવાથી અને તે વગર કરેલાં શુભ કાર્યો પણ સંસારફળ આપનારાં હોવાથી આ અધિકારપર બહુ વિચાર કરીને વિસ્તારથી વિવેચન કરવાની આવશ્યકતા જણાઈ હતી અને તે હેતુ પાર પાડવા માટે બનતો પ્રયાસ કરવામાં આવ્યો છે. સમતાને અંગે દૃષ્ટાંતો બહુ વિચારવા યોગ્ય છે તેથી વીર પરમાત્મા, અનાથીમુનિ, ગજસુકુમાળ, શાળિભદ્ર, સ્કંદકાચાર્ય વિગેરેનાં દૃષ્ટાંતોપર બહુ સારી રીતે મનન કરવું. આ અધિકાર બહુ અગત્યનો છે.

બીજો સ્ત્રીમમત્વમોચન અધિકાર ઐહિક પદાર્થમાં આસક્તિ થવાના મુખ્ય કારણપર ખાસ લક્ષ્ય ખેંચે છે. આ દુનિયામાં અસત્ય વ્યવહાર કરવાનાં કારણો સ્ત્રીરૂપ ઉપાધિથી જ ઉત્પન્ન થાય છે. મનસ્વી પુરુષ એકલો હોય તો તે બહુ આનંદથી રહી પોતાની જરૂર પૂરતું તો પાંચ પંદર દિવસમાં મેળવી શકે છે, પણ તેને ઘર બાંધવાની, પૈસા એકઠા કરવાની અને બીજા અનેક વ્યવહાર કરવાની જરૂર પડે છે તેનું મૂળ કારણ તો સ્ત્રી જ છે એમ વિચાર કરવાથી માલૂમ પડશે. દુનિયાનો વ્યવહાર જોતાં જણાશે કે ખૂનો કરવા જેવા પ્રસંગો મોટે ભાગે સ્ત્રીઓના કારણથી જ ઉદ્ભવે છે. સ્ત્રી સાથેનો પ્રેમ એવો વિચિત્ર છે કે જેથી સ્પર્શેન્દ્રિયને માર્ગ મળ્યા વગર રહે નહિ. એના પરિણામે કલ્પનાશક્તિપર દેખાતી સુંદર પણ પરિણામે ભયંકર મૂર્તિઓ ખડી થયા કરે અને છેવટે કલ્પનાશક્તિ એટલી બહેર મારી જાય કે માનસિકબળ અને તર્ક વિચારણાનો તેના ઉપર કોઈ પણ પ્રકારનો કાબુ રહે નહિ. આ સ્થિતિ એટલી ખરાબ છે કે તેનો કડવો અનુભવ મેળવનારને જ તેનો ખ્યાલ આવે તેમ છે. સ્વસ્ત્રીમાં મમત્વ રાખવાની અત્રે ના પાડવામાં આવી છે તો પછી પરસ્ત્રી સંબંધમાં તો કેટલો તિરસ્કાર હોવો જોઇએ એ ખાસ વિચારવાની હકીકત છે. સ્ત્રીને જે હીનવસ્તુઓ સાથે ગ્રંથકર્ત્તાએ સરખાવી છે તેનાપર બહુ વિચાર કરવાની જરૂર છે. એ સર્વ હકીકત અનુભવ અને સંપૂર્ણ વિચારણા તથા તત્ત્વજાગૃતિથી જ

સમજાય તેવી છે. વ્યવહાર દૃષ્ટિથી જોતાં કદાચ એમ લાગશે કે ધાર્મિક વૃત્તિવાળા પુરુષો તો બધું ત્યાગ કરવાનું જ કહે પણ તે બને કેમ ? પરંતુ આ દૃષ્ટિથી વિચાર કરવાનો નથી. બહુ ઉપયોગ પૂર્વક સંસારચક્રનું નિરીક્ષણ કર્યા વગર ઉપર ઉપરના હાવભાવમાં રક્ત થઇ જવાય એવા કાળમાં આ અધિકારનું રહસ્ય સમજવું અને પ્રાપ્ત થવું ઘણું મુશ્કેલ છે. આ અધિકાર આખો પુરુષ વર્ગને ઉદ્દેશીને લખાયેલો છે, કારણ જનશાસ્ત્રકાર પુરુષપ્રધાન ધર્મ કહે છે; તેથી સ્ત્રીઓએ શબ્દરચનામાં ઘટતો ફેરફાર કરી સ્ત્રીમમત્વમોચન અધિકારને પુરુષમમત્વમોચન અધિકાર તરીકે વાંચવો. આ અને હવે પછીના ત્રણે અધિકારો બાહ્ય સંબંધને આશ્રયીને લખાયલા છે, પણ તે સંબંધ વિભાવ દશાને લીધે આત્મિક સંબંધ જેવા થઈ ગયા છે, તેથી તે સંબંધનું સ્વરૂપ, સ્થિતિ અને પરિણામ બહુ બારીકીથી તપાસવાની જરૂર છે; આ અધિકાર મોહનીય કર્મનું સામ્રાજ્ય કેટલું પ્રબળ છે તે બતાવી આપે છે.

ત્રીજો પુત્ર મમત્વમોચન અધિકાર બહુ સંક્ષેપમાં પણ મુદ્દાસર વિષયપર લખાયો છે. કેટલાક પ્રાણીઓ પુત્રપુત્રીરૂપ સંસારમાં આસક્ત થઈ 'છોકરા મારા સ્વામીવત્સલ' જેવું કરે છે, મતલબ પોતાના નાના ઘરમાં આખી દુનિયાનો સમાવેશ થયેલો સમજી બીજા કોઇપણ પ્રકારના સામાજિક વિચાર તેઓ કરતા નથી. કેટલીકવાર અપત્યમમત્વને અંગે ફરજ વિગેરેના ગુંચવણ ભરેલા સવાલો ઉત્પન્ન થાય છે. એવા સવાલોનો આ અધિકારમાં સીધી અને આડકતરી રીતે બહુ સારો ખુલાસો કર્યો છે. આ અધિકાર શ્લોક સંખ્યામાં સર્વથી નાનો છે, પણ એની અગત્યતા ઓછી નથી.

ચોથા ધનમમત્વમોચન અધિકારમાં બહુ ઉપયોગી બાબતોપર ઉલ્લેખ થયો છે. આ દુનિયાનો મોટો ભાગ–લગભગ આખો ભાગ "પૈસો મારો પરમેશ્વર" એજ વૃત્તિવાળો હોય છે. પૈસા પેદા કરવાના રસ્તા, તેનું ચિંતવન, તેના વિચાર, તેની વાતો વિગેરેમાં આ જીવને જેટલો આનંદ આવે છે તેટલો બીજા કોઇપણ પદાર્થ કે પદાર્થના સંબંધથી આવતો નથી. અનાદિ અભ્યાસ આ પ્રમાણે મોહનીય કર્મના ઉદયથી પડી ગયો છે અને તેથી ઘણીવાર વ્યવહારમાં પૈસાને

અગ્યારમો પ્રાણ કહેવામાં આવે છે અને તેનું જોર એટલું બધું માનવામાં આવે છે કે પ્રસંગે એ દશ પ્રાણને પણ છોડાવી દે છે. ધનનો મમત્વ એકદમ મૂકાવો આકરો લાગે તેવી સ્થિતિ ઘણા પ્રાણીઓની હોવાથી દીર્ઘદૃષ્ટિવાળા ગ્રંથકર્ત્તાએ ધનનો વ્યય કેવી રીતે કરવો તે પણ બતાવ્યું છે. આ સંબંધમાં તેઓશ્રીના કહેવાનો મુખ્ય ઉદ્દેશ એ જણાય છે કે પૈસાના વિચાર અને ફડફડાટમાં આત્મિક સાધન છોડી દેવાનું ઘણા પ્રાણીઓને બને છે એ સંબંધમાં બહુ વિચાર કરવાની જરૂર છે. જે તદ્દન સ્થૂલ વસ્તુ છે, પૌદ્‌ગલિક છે, ચળ છે, છેવટ સુધી પાસે કદાચ રહે તોપણ પ્રાંતે તો અહીંજ પડી રહેવાની છે, એવી વસ્તુપર મમત્વ કરી પ્રાપ્ત કરેલ અનુકૂળતાઓનો લાભ લેતા ચૂકી જવું નહિ. પૈસા એકઠા કરવા એ તદ્દન નિર્હેતુક પ્રવૃત્તિ છે. એક અંગ્રેજ કવિ કહે છે કે,

Take thou no thought for aught save Right and Truth,
Life holds for finer souls no equal prize;
Honours and wealth are baubles to the wise.

"આ જીવનમાં વિશુદ્ધતર જીવન ગાળનારને સરખો બદલો મળતો નથી, સંયોગ પ્રમાણે વધતો ઓછો મળે છે; પણ તારે તો સત્ય અને ખરી વાત સિવાય બીજી કોઈ વસ્તુનો વિચાર કરવો નહિ. ડાહ્યા માણસને મન માનપાન અને પૈસા તો શોભીતાં પણ કિમત વગરનાં રમકડાં જેવાં છે." આ ટુંકા વાક્યમાં પણ બહુ અગત્યનું રહસ્ય સમાયું છે. ધનમમત્વમોચન અધિકાર બહુ વિચારીને વાંચવા યોગ્ય છે.

પાંચમા દેહમમત્વમોચન અધિકારમાં પણ બીજા અધિકારથી શરૂ થયેલ લય (spirit) ચાલુ રાખ્યો છે. આ શરીરપર અસાધારણ પ્રેમ રાખી તેને આખો વખત પંપાળવું નહિ અથવા તેને શોભાની ટાપટીપથી દીપાવવું નહિ. એને આત્મિક ધર્મો બજાવવામાં સહાયભૂત સમજી તેનાથી બની શકે તેટલું શુભ કાર્ય કરી લેવું. એ શુભ કાર્યો કરવા પૂરતી તેની સ્થિતિ સારી હોવી જોઇએ. શરીર તરફ તદ્દન ઉપેક્ષા રાખવી એવો હેતુ જણાતો નથી, પણ તેના તરફ જ અત્યંત ધ્યાન આપી તેને પ્રેરનાર–તેનામાં ચૈતન્ય

સ્વરૂપે રહેનારને ભૂલી જવો એમ ન થવું જોઈએ. આ અધિકારમાં સ્વદેહ અને પરદેહ બન્નેપર મમત્વ ન રાખવાનો ગર્ભિત આશય હોય એમ જણાય છે. શરીરને અશુચિમય સમજવાથી અને તેનાપર યોગ્ય વિચાર કરવાથી તેનું વાસ્તવિક સ્વરૂપ અને તેને અંગે તેની સાથે વર્તન કરવાનો યોગ્ય રસ્તો સારી રીતે ધ્યાનમાં આવે છે. આ પાંચમા અધિકારનો વિષય આ શારીરિક સુખમાં જ મસ્ત બનાવનાર કાળમાં પસંદ ન આવે એ બનવાજોગ છે, પણ તેથી સૂરિમહારાજ તો વસ્તુસ્વરૂપ સમજાવવાની પોતાની ફરજ ચૂકી જતા નથી. ચાલતા જમાનાની ખાવા પીવાની અને વર્તન કરવાની રીત શરીરને નિરંતરનું પોતાનું મનાવે છે કે જે વસ્તુ સ્થિતિથી વિરુદ્ધ છે એમ આપણો પ્રત્યક્ષ અનુભવ છે. દુનિયામાં જે જે હકીકતો બને તેનો માત્ર ઉપર ઉપરનો જ ખ્યાલ લેવાની ટેવ હોવાથી ઘણા જીવો આમાં ઉંડા ઉતરી શકતા નથી. એક માણસના મરણ વખતે ઘણાખરા કહેશે કે બહુ અરાબ થઈ ગયું વિગેરે, પણ શું અરાબ થયું? એનો વિચાર કરશે નહિ. શરીરને આત્માનો વિયોગ કે જે સ્વાભાવિક ધર્મ છે એજ થયું છે એવું પ્રથક્કરણ કરવાની તેને ઈચ્છા થશે નહિ. દુનિયાના સામાન્ય બનાવોમ પણ આવું અંતિમ રહસ્ય શોધવાની ટેવ પાડવી બહુ આવશ્યક છે.

છઠ્ઠા વિષય પ્રમાદત્યાગાધિકારમાં પંચેંદ્રિયના વિષયોનું સ્વરૂપ બહુ વિદ્વત્તાથી બતાવવામાં આવ્યું છે. આ જીવ સ્થૂળ ઇંદ્રિયસુખોમાં આસક્ત થઈ જાય છે. સારા સારા પદાર્થો ખાવામાં, સેન્ટ લવંડર સુંઘવામાં, હાર્મોનિયમ, પીઆના સાંભળવામાં, સુંદર સ્ત્રીઓનું રૂપ વિકારદૃષ્ટિથી જોવામાં અને તેઓ સાથે વિષયસેવન કરવામાં આ જીવ આનંદ માને છે. પાંચ ઇંદ્રિયના વિષયો અનેક પ્રકારના છે, જેનો અનુભવ દરરોજ થાય છે. આમાં સુખ શું છે? શું માનવામાં આવ્યું છે? તેમાં ખરું તત્ત્વ શું છે? ખરા સુખનું સ્વરૂપ શું છે? તે આ જીવને કેમ સમજાતું નથી? આ સ્થૂળ સુખો ભોગવતી વખત કેટલું અને કેવું સુખ આપે છે? પરિણામે તેથી શું થાય છે? આત્મિક સુખ અને સ્થૂળ સુખમાં તફાવત શો છે? એ વિષયપર બહુ અસરકારક વિવેચન આ અધિકારમાં કરેલું છે.

ઇંદ્રિયના વિષયમાં આ જીવની આસક્તિ એટલી બધી રહે છે કે તેનો કાંઈ પણ પ્રસંગ પડતાં જો પોતાને વિશેષ જ્ઞાન અને દૃઢ શ્રદ્ધા ન હોય તો તે તેમાં મગ્ન થઈ જાય છે. તે પ્રસંગે તેને એટલું પણ ભાન રહેતું નથી કે દુનિયામાં પ્રતિષ્ઠા મેળવનાર મારા જેવો પ્રતિષ્ઠિત ગણાતો પુરુષ આવા બાળકને છાજતા ખેલ કેમ કરે છે? એક ડાહ્યો ગણાતો માણસ પણ એકાંત ભાગમાં સ્ત્રી સાથે કેવી વિચિત્રતાથી વર્તે છે એ કલ્પી શકાય તેવું છે. એવી સ્થિતિથી તે વખતે અને ભવિષ્યમાં આ જીવને બહુ હાનિ થાય છે તે દૂર કરાવવાનો અત્ર ઉપદેશ છે. આવા વિષયોમાં વસ્તુસ્વરૂપ વિચારવાની બહુ જ જરૂર છે. પ્રમાદને માટે અત્ર બહુ લખવામાં આવ્યું નથી. અંતિમ રહસ્યમાં અને ભૂમિકામાં તે વિષયનું સહજ નિરુપણ કરવામાં આવ્યું છે.

સાતમો કષાયનિગ્રહ અધિકાર છે. આ અધિકારમાં લખેલ હકીકત આપણા દરરોજના અનુભવમાં આવે છે અને કર્મ પ્રકૃતિઓ ગ્રહણ કરવાના મુખ્ય દ્વારમાંનું એ એક દ્વાર છે. કષાયથી જ સંસારનો લાભ અને તેની વૃદ્ધિ થાય છે અને તે આ જીવના સંબંધમાં મોટો ફેરફાર કરી શકે છે. ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર તેના ભેદ છે. સવારથી રાત્રી સુધીમાં કષાયો કરવાના અનેક પ્રસંગો આવે છેઃ કોઈની પર ગુસ્સો આવી જાય છે, કોઇવાર પોતાની મોટી મોટી વાતો (આત્મપ્રશંસા) કરવામાં આનંદ મનાય છે, કોઇવાર બગવૃત્તિ ધારણ કરાય છે અને કોઈવાર પૈસાની માળા ફેરવાય છે. આ ચાર કષાયો અનેક રૂપમાં દેખાવ દઈ આ જીવને કેવા ચાળા કરાવે છે તે સંબંધી આ અધિકારમાં બહુ વિસ્તારથી વિવેચન કર્યું છે. આ ચાર કષાયો એવી અસાધારણ શક્તિ ધરાવે છે કે પોતાના પૂર જોસમાં જો તેમાંનો એક પણ હોય તો આ જીવ ગમે તેટલી ધર્મ ક્રિયા કરે, ગમે તેટલું જ્ઞાન ભણે, ગમે તેટલું તપ કરે પણ તે સર્વને નકામા બનાવી દે છે અને જીવનો અધઃપાત કરાવે છે. આવાં કારણોથી કષાયોનો નિગ્રહ કરવાની ખાસ જરૂર છે. મનોવિકારને તાબે થનાર પ્રાણીની જીંદગી લગભગ નકામા જેવી છે, એમ ઉપર ઉપરની દૃષ્ટિથી પણ આપણને લાગે છે, પરંતુ મનો-

વિકારો કેવા અને કેવી રીતે કામ કરનારા હોય છે એનું ઉંડાણમાં ઉતરી આપણે સ્વરૂપ ન જાણતા હોઈએ ત્યાં સુધી એ સત્ય હકીકત પણ માત્ર વાતના રૂપમાં રહે છે. કષાયને બરાબર ઓળખી, તે કરવાનો પ્રસંગ આવતાં તેનો નિગ્રહ કરવો અને તેનાથી જીતાઈ ન જતાં તેને જીતી લેવા એટલું સાધ્ય નિરંતર લક્ષ્યમાં રાખવું યોગ્ય છે. કષાયના દરેક વિષયપર મોટા મોટા લેખ લખાય તેમ છે અને અન્યત્ર તેવો પ્રયાસ કર્યો પણ છે, તેથી તેમજ આ અધિકારના વિવેચનમાં ગ્રંથના પ્રમાણ પુરતું વિવેચન થયેલું હોવાથી આ સ્થળે તો આ અધિકારમાં શું વિષય આવે છે તેનું માત્ર દિગ્દર્શન જ કરાવવામાં આવ્યું છે. કષાય જીંદગીમાં ઘણો અગત્યનો ભાગ ભજવે છે તેથી તેના સંબંધમાં બેદરકાર રહેવું નહિ એટલી ગ્રંથકર્ત્તા વારંવાર ભલામણ કરે છે.

ત્યાર પછી આઠમો શાસ્ત્રાભ્યાસનો અધિકાર આવે છે. આ અધિકાર બહુ વ્યવહારુ આકારમાં લખાયો છે. શાસ્ત્રનો અભ્યાસ કરી વિદ્વત્તા દેખાડવાની વૃત્તિ રહે તો તેથી બહુ લાભ થતો નથી, અભ્યાસ પ્રમાણે વર્તન હોવાની ખાસ જરૂર છે. પંડિતના નામ માત્રથી ખુશી થઈ જવા જેવું નથી પણ મતિ અનુસાર બુદ્ધિ હોવી જોઈએ અને તે બન્ને અનુસાર પ્રવૃત્તિ હોવી જોઈએ. વિષય પ્રતિભાસ, આત્મપરિણતિમત્ અને તત્ત્વસંવેદન જ્ઞાનનું સ્વરૂપ શ્રીમદ્ હરિભદ્રસૂરિએ અષ્ટકજીમાં આપ્યું છે તે બહુ મનન કરવા યોગ્ય છે એ હકીકત વિવેચનમાં ખાસ ધ્યાન ખેંચનારી છે. શાસ્ત્રાભ્યાસનો ઉદ્દેશ શું છે તે બહુ વિચારવા યોગ્ય છે અને આ વિષયપર ગ્રંથકર્ત્તાએ અસરકારક રીતે ધ્યાન ખેંચ્યું છે. આ સંબંધમાં બહુ વખત ગફલતી થાય છે. ઘણી વખત જ્ઞાનના દેખાવમાંજ સંપૂર્ણતા માનવામાં આવે છે તે સંબંધમાં યોગ્ય વિચાર બતાવવામાં આવ્યા છે. આ વિષયની સાથે અભ્યાસને અંગે સમજવામાં આવતાં ચતુર્ગતિના કલેશનું વર્ણન કરવામાં આવ્યું છે. નરક કે તિર્યંચ ગતિમાં દુઃખો છે તે તો આ જીવ સમજે છે, પણ મનુષ્ય અને દેવગતિમાં પણ સુખ નથી પણ દુઃખ છે એ વાત સ્પષ્ટ કરવાની બહુજ જરૂર છે. જે ક્રિયા કરવાથી ચઉગતિ સધાય તે અધ્યાત્મ નથી એમ

આનંદઘનજી મહારાજ અગ્યારમા શ્રી શ્રેયાંસનાથજીના સ્તવનમાં કહે છે અને કદાચ કોઇ ક્રિયાથી શુભ ગતિ બંધાય તો તે પણ ઈષ્ટ નથી એ ખાસ સમજવું જરૂરનું છે. અધ્યાત્મની વ્યાખ્યા કરતાં પણ આપણે જોયું છે કે જે અધ્યાત્મથી ચઉગતિમાંથી કોઈપણ શુભ અશુભ ગતિ બંધાય તે અધ્યાત્મ નથી.

આખા ગ્રંથના મધ્યબિંદુ રૂપ નવમો અધિકાર ચિત્તદમનનો આવે છે. ગમે તેટલી ક્રિયા કરવામાં આવે, ગમે તેટલું જ્ઞાન ભણવામાં આવે, ગમે તેટલી તપસ્યા કરવામાં આવે અને ગમે તેટલી યોગસાધના કરવામાં આવે, પણ જ્યાં સુધી મનની અસ્થિરતા હોય, ચિત્ત આકુળ વ્યાકુળ હોય, માનસિક ક્ષોભ હોય ત્યાં સુધી સાધ્ય પ્રાપ્ત થઈ શકતું નથી એ ખાસ લક્ષ્યમાં રાખવાનું છે. જ્ઞાનનો, તપનો અથવા ક્રિયાનો આશય મનપર અંકુશ લાવવાનો હોવો જોઈએ. મનની અવ્યવસ્થિત સ્થિતિથી પ્રાણીનાં કાર્યો કાંઈ પણ ફળ આપી શકતાં નથી એ શુદ્ધ દૃષ્ટિની અપેક્ષાએ યથાતથ્ય છે. એ સંબંધમાં સામાન્ય રીતે આપણા વિચારો બહુ અચોકસ રહે છે. સામાન્ય પ્રકૃતિ બાહ્ય દેખાવ ઉપર બહુ મત બાંધી દે છે પણ વસ્તુતઃ એમ થવું ન જોઈએ. અમુક પ્રાણીના સંબંધમાં મત બાંધતાં પહેલાં તે પ્રાણીનું મન કેટલું અંકુશમાં આવ્યું છે તેપર બહુ જ વિચાર કરવાની જરૂર છે. ગમે તેવાં કાર્ય કરવામાં ઉદ્યુક્ત થયેલા જીવને મન કેવી રીતે ફેરવી નાખે છે તેનો અનુભવ, વિચાર કરવાથી તુરત સમજી શકાય તેમ છે. મન જ મોક્ષ અને બંધનું કારણ શાસ્ત્રકારે કહ્યું અને ક્રિયા ન કહી એનું રહસ્ય આ અધિકારમાં બહુ સ્પષ્ટ રીતે સમજાવ્યું છે. આ અધિકારમાં ગ્રંથકર્ત્તાએ પ્રથમ અધિકારની પેઠે પોતાની વિદ્વત્તા બતાવી આપી છે અને વિવેચન પણ બહુ વિચાર કરીને લખવા પ્રયાસ થયો છે. આ અધિકારનો વિષય બહુ ઉપયોગી હોવાથી તેપર ખાસ ધ્યાન આપવા અને વારંવાર મનન કરવા ખાસ સૂચના કરવામાં આવે છે.

દશમો અધિકાર વૈરાગ્યનો આવે છે. એ અધિકારમાં આ સંસારના વિષયો ઉપરથી રાગ ઉઠી જાય અને વસ્તુસ્વરૂપ તેના યથાસ્થિત આકારમાં સમજાય તેટલા સારૂ વિદ્વાન્ ગ્રંથકર્ત્તાએ છુટા

ક્ષુદ્ર વિષયો લઈ વૈરાગ્ય થવાનાં સાધનો બતાવ્યાં છે. મૃત્યુનો દોર, લોકરંજનવાળા ધર્મનું ઉપરચોટીઆપણું, આ જીવને મળેલી અનેક પ્રકારની જોગવાઈઓ, તેનો તેણે લેવો જોઈતો લાભ, ધર્મથી થતો દુઃખક્ષય, સુખનું વાસ્તવિક સ્વરૂપ, પ્રમાદથી થતાં દુઃખો, ઇંદ્રિયોના વિષયોમાં પ્રવૃત્તિ કરવાથી થતાં દુઃખો, તેપર દૃષ્ટાંતો અને આ જીવનાં વર્તન અને ઉદ્દેશ વચ્ચે વિસંવાદ વિગેરે અનેક ક્ષુદ્ર ક્ષુદ્ર બાબતો લઈ તેપર બહુ અસરકારક ભાષામાં પ્રકાશ પાડ્યો છે. એ પ્રકાશનું સ્વરૂપ બહુ જ મનન કરવા યોગ્ય છે. એક પ્રસંગે અન્યદર્શનનાં દૃષ્ટાંતો પણ બહુ યુક્તિથી આપ્યાં છે. જ્યાં સુધી સાંસારિક–પૌદ્ગલિક વિષયોપરથી આ જીવને રાગ ઘટે નહિ ત્યાં સુધી તે ધર્મ સન્મુખ થાય નહિ એ સ્પષ્ટ હકીકત હોવાથી સર્વ વિષયોનું અત્રે પ્રથક્કરણ અને સ્પષ્ટીકરણ કરવામાં અંતિમ હેતુ તેનું પરિણામે થતું દુઃખરૂપ સ્વરૂપ સમજી તેનાથી દૂર રહી સમતા પ્રાપ્ત કરવાનો રાખવામાં આવ્યો છે. આ અધિકાર પણ બહુ જ મનન કરવા યોગ્ય છે. એના દરેક શ્લોકમાં અકેક અથવા તેથી વધારે મહાન સત્યો ઝળકી આવે છે જે શોધ કરનારાને અને સાધક હોય તેને પ્રાપ્ત થઈ જાય તેમ સ્પષ્ટ રીતે બતાવ્યાં છે.

અગ્યારમો અધિકાર ધર્મશુદ્ધિનો આવે છે. આ કાળમાં ધર્મના વિષયમાં લખવું એજ ઘણા જીવોને અપ્રાસંગિક લાગે છે. સખત હરીફાઇ અને પુદ્ગળમાં મસ્ત રહેવાના જમાનામાં ધર્મ શબ્દનો અભાવ દાખલ થતો હતો, તેમાં હવે કાંઇક ફેરફાર થતો જોવામાં આવે છે. ધર્મની આવશ્યકતા હવે લગભગ સર્વ સ્વીકારે છે. તે ધર્મમાં શુદ્ધિ કેટલા પ્રકારની રાખવી જોઈએ એ અત્ર બતાવવામાં આવ્યું છે. ધર્મમાં દોષો કેવા કેવા આવે છે તેનું મુદ્દાસર લીસ્ટ આપી સ્વગુણપ્રશંસાના દુર્ગુણ ઉપર અને જનસ્તુતિ ઉપર વિદ્વત્તા ભરેલો ઉલ્લેખ ગ્રંથકર્ત્તાએ કર્યો છે. આ હકીકતપર દરેક વાંચનારનું ખાસ ધ્યાન ખેંચવાની જરૂર લાગે છે. છેવટે ભાવશુદ્ધિ રાખવાનો ઉપદેશ આપ્યો છે. ભાવ વગરની ક્રિયા કેવી રીતે અલ્પફળ આપે છે તેપર અત્ર વિસ્તાર જોવામાં આવશે. આ અધિકારમાં શ્લોક સ્તુતિપર વ્યવહારુ વિવેચન ખાસ વાંચવા યોગ્ય છે.

બારમો અધિકાર ગુરુશુદ્ધિનો છે. એ અધિકારમાં ગુરુમહારાજ કેવા હોવા જોઇએ એ સંબંધમાં સૂરિમહારાજે બહુ વિસ્તારથી વિવેચન કર્યું છે. આ અધિકારમાં બહુ અગત્યના વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ગુરુપરીક્ષામાં બહુ વિચાર કરવાની આવશ્યકતા બતાવવામાં આવી છે અને તે માટે કઠણ ભાષાનો ઉપયોગ પણ ક્વચિત્ કરેલો જોવામાં આવે છે. આ અધિકારમાં સંપત્તિ અને વિપત્તિનાં કારણો બતાવ્યાં છે તે પણ મનન કરવા યોગ્ય છે.

તેરમો અધિકાર યતિશિક્ષાનો છે. યતિ નામથી ઓળખાતા સંસારનો ત્યાગ કરનારા સર્વને ઉદ્દેશીને લખાયલો આ અધિકાર બહુ ધીરજથી વાંચવાની જરૂર છે. વેશ માત્રથી લાભ નથી, જનરંજનપણાની કાંઇ કિમત નથી, યતિપણાની ઉચ્ચ પ્રકારની ફરજો શું શું છે, નકામા વસ્ત્રપાત્રનો પરિગ્રહ બોજારૂપ છે, પરીષહનું સ્વરૂપ શું છે, સમયના ભેદો કેટલા છે, ચરણસિત્તરી અને કરણસિત્તરીના ભેદો ક્યા ક્યા અને કેટલા છે વિગેરે અનેક ઉપયોગી હકીકતનો આ અધિકારમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ અધિકાર સર્વથી વધારે લાંબો છે. એની ભાષા શિક્ષા આપવા યોગ્ય કઠણ શબ્દોમાં લખાઈ છે તે તરફ ખપી જીવો ગુસ્સો કરતા નથી, પણ તેનું આંતર સ્વરૂપ સમજવા વિચાર કરે છે. સૂરિમહારાજ પોતાના અદ્ભુત ચારિત્રગુણમાં બાલ્ય વયથી જ આસક્ત હોવાને લીધે બહુ ઉત્તમ રીતે હૃદયભાવનાથી ઉપદેશ આપે છે. આ ઉપદેશ સાધુ અને શ્રાવક સર્વને માન્ય કરવા યોગ્ય છે. એ ઉપદેશમાં સાધુધર્મ બહુ વિકટ છે એવો વિચાર આવવાથી તે તરફ ઉપેક્ષા ન થઈ જાય એની ખાસ વિચારણા રાખવામાં આવી છે. આ અધિકારનું રહસ્ય સમજવું સમજાવવું બહુ મુશ્કેલ લાગે છે, તે છતાં જે પ્રયાસ કરવામાં આવ્યો છે તેમાં કોઈ વ્યક્તિને કે સમષ્ટિને દુઃખ લગાડવાનો બિલકુલ ઇરાદો નથી, છતાં એવો પ્રસંગ આવી ન જાય તે સારુ આ અધિકાર મુનિમહારાજાઓને વિવેચન સાથે બતાવી તેઓની સંમતિ મેળવી છે; છતાં પણ કોઈ સ્થાનકે દૂષણ રહ્યાં હોય તો તેને માટે અંતઃકરણથી ક્ષમાયાચના છે. સાધુવર્ગથી બહારનો માણસ આવા ગંભીર વિષયપર લખવા જાય તો તેમાં ગેરસમજુતી થવા સંભવ

છે, તેથી આખા ગ્રંથના સંબંધમાં સામાન્ય દોષક્ષમા માગવાની પ્રસ્તાવનાની પ્રચલિત રૂઢીને અનુસરવા ઉપરાંત બારમા અને તેરમા અધિકારના સંબંધમાં વિશેષપણે તેમ કરવાની જરૂર જોઇ છે. સૂરિમહારાજે જે ગંભીરતા અને લાગણીથી આ અધિકાર લખ્યો છે તે સમજવા માટે યત્ન કરવાની બાસ ભલામણ છે.

ચૌદમો અધિકાર મિથ્યાત્વાદિ સંવરનો છે. પાંચ પ્રકારના મિથ્યાત્વનું સ્વરૂપ લખી મન વચન કાયાના યોગોપર અંકુશ મેળવવા ઉપદેશ આપ્યો છે. મનયોગપર તંદુલમત્સ્ય અને પ્રસન્નચંદ્રનાં આખ્યાનો વિચારવાં યોગ્ય છે, વચનયોગપર વસુરાજાનું દ્રષ્ટાંત મનન કરવા યોગ્ય છે તેમ જ કાયયોગપર કાચબાનું આખ્યાન ચિંતવવા યોગ્ય છે. ત્યાર પછી ઇંદ્રિયસંયમપર પુષ્કળ વિવેચન કરી કષાયસંવર કરવા ઉપદેશ આપે છે અને તેમ કરતાં કુરટ અને ઉત્કરટ મુનિનું દ્રષ્ટાંત આપી બહુ ઉપયોગી બોધ આપે છે. છેવટે નિઃસંગતા પ્રાપ્ત કરવા પ્રેરણા કરવામાં આવી છે.

પંદરમો અધિકાર શુભવૃત્તિશિક્ષાનો છે. દરરોજ બે ટંક છ આવશ્યક કરવાં, તપસ્યા કરી કર્મનિર્જરા કરવી, શીલાંગ ધારણ કરવાં, યોગસંધન કરવું, ઉપસર્ગ સહન કરવા, સ્વાધ્યાય ધ્યાન કરવું, ઉપદેશ દેવો, આત્મનિરીક્ષણ કરવું વિગેરે શુભ પ્રવૃત્તિના અનેક શુભ પ્રકાર બતાવી તે પ્રમાણે કરનારને ભવિષ્યમાં કેવા પ્રકારનો લાભ થાય છે તેપર બાસ ધ્યાન ખેંચવામાં આવ્યું છે. આ અધિકારમાં જે જે પરચુરણ વિષયો બતાવવામાં આવ્યા છે તે બહુ ઉપયોગી અને મનન કરવા યોગ્ય છે.

સોળમા અને છેલ્લા સામ્યસર્વસ્વ અધિકારમાં આખા ગ્રંથની સારરૂપ સમતા રાખવાનો ઉપદેશ આપવામાં આવ્યો છે. સમતાને પરિણામે સુખ કેવી રીતે થાય છે અને તે સુખ કેવા પ્રકારનું છે તે બહુ ઉત્તમ રીતે બતાવ્યું છે. મોક્ષનું સ્વરૂપ વિવેચનમાં બતાવી તે પ્રાપ્ત કરવાનું કારણ સમતા છે એમ સિદ્ધ કરવામાં આવ્યું છે. આ ગ્રંથ સમતારસની વાનકી છે એમ બતાવી એના અધિકારી કોણ છે તે પણ બતાવવામાં આવ્યું છે. ત્યાર પછી કોઈ પણ પ્રકારના આડંબર વગર આ ગ્રંથ પૂર્ણ કરવામાં આવ્યો છે.

આ ગ્રંથ સૂરિમહારાજે કઈ સાલમાં લખ્યો છે તે સંબંધી કાંઇ નિર્ણય થઇ શકતો નથી. તે નિર્ણય કરવાનાં સાધનો આડકતરી રીતે પ્રાપ્ત થઈ શકે તેમ પણ નથી. મને એમ લાગે છે કે સૂરિમહારાજે ઉપદેશરત્નાકર વિગેરે ગ્રંથો બનાવ્યા પછી* જીંદગીના છેવટના ભાગમાં પોતાના અનુભવનું રહસ્ય આ ગ્રંથદ્વારા બહાર પાડયું છે અને આ ગ્રંથના શ્લોકો એક સાથે નહિ, પણ જ્યારે જ્યારે મનમાં સ્ફુરણા થઈ આવી હશે ત્યારે લખ્યા હશે એમ જણાય છે. સાતમા કષાયનિગ્રહ અધિકારમાં ક્રોધ માનના સ્વરૂપમાં વચ્ચે માયાના શ્લોક આવે છે, વળી લોભત્યાગના ઉપદેશ પછી ક્રોધત્યાગનું સ્વરૂપ આવે છેઃ મુનિસુંદરસૂરિ મહારાજ જેવા જબરા લેખક જેમણે ઉપદેશરત્નાકરમાં એક સરખી શૈલી બતાવી એક વિષયને એક છેડાથી બીજા છેડા સુધી નિયમસર લખ્યો છે તે આ પ્રમાણે આડા અવળા શ્લોકો સંબંધ વગર લખે તેનો એક જ રીતે ખુલાસો થઈ શકે છે. તેવી જ રીતે દેવગુરુધર્મશુદ્ધિ અધિકારનો વિષય ગુરૂશુદ્ધિ માટે જ લગભગ લખાયો છે. આ પ્રમાણે અનુમાન દોર્યું છે તે જો બરૂં હોય તો તેથી ગ્રંથની કિમતમાં બહુ વધારો થાય છે. કુદરતી રીતે અવલોકન કરતાં હૃદયમાંથી જે ઉદ્ગારો નીકળે તે કૃત્રિમ ઉદ્ગારો કરતાં વિશેષ ઉપયોગી જ ગણાય છે. વળી ઉપદેશરત્નાકર ગ્રંથની આદિમાં મંગલાચરણમાં ઘણા શ્લોકો લખ્યા છે; અત્ર તેમાંનું કાંઇ નથી, તે પણ સામ્યદશા બતાવે છે, અને એ દશા વૃદ્ધાવસ્થામાં સવિશેષપણે પ્રાપ્તવ્ય છે. મારી માન્યતા પ્રમાણે આ ગ્રંથ સંવત ૧૪૭૫ થી ૧૫૦૦ સુધીમાં કકડે કકડે લખાયો હશે એમ લાગે છે.

આ ગ્રંથની શૈલી બહુ જ ઉત્તમ છે. કોઈ કોઈ જગોએ પુનરાવર્ત્તન જણાય છે, પણ ઉપદેશના ગ્રંથમાં પુનરાવર્ત્તન દોષરૂપ

* આ હકીકતને શ્રી ધનવિજય ગણિ ટેકો આપે છે. ગ્રંથની શરૂઆતના અથ શબ્દપર નોટ લખતાં તેઓશ્રી કહે છે કે એ શબ્દ અનન્તરતા સૂચવે છે અને અત્ર તેને માટે એમ સમજવું કે આ ગ્રંથ ઉપદેશરત્નાકર વિગેરે ગ્રંથો લખ્યા પછી બનાવ્યો છે. આનું કાંઇ કારણ તેઓ આપતા નથી, પણ સૂરિમહારાજ પછી આપણાથી નજીકના સમયમાં તેઓ થયા છે તેથી તેઓની કહેલી હકીકત કદાચ સંપ્રદાયથી તેઓને જણાઇ હોય.

નથી એ આપણે ઉમાસ્વાતિ મહારાજના કહેવાથી જાણીએ છીએ. (જુઓ પ્રથમ શ્લોકપર વિવેચન પૃષ્ટ ૧૦) જે જે વિષય સૂરિ-મહારાજે લીધા છે તે સર્વ બહુ અસરકારક શબ્દોમાં તેઓએ છણ્યા છે. સંસ્કૃત ભાષા ઉપરનો તેઓનો કાબુ બહુ ઊંચા પ્રકારનો છે અને કોઈ કોઈ જગોએ અલંકારનો બહુ ઉત્તમ રીતે ઉપયોગ કરવામાં આવ્યો છે. તેઓનાં દૃષ્ટાંતો અને ઉપમાનો બહુ સ્પષ્ટ અને લાગુ પડતાં છે અને તેઓની વાક્યરચના માર્મિક છે. તેમની ભાષામાં ઉપદેશની ભાષાના સર્વ પ્રકાર સમાવવામાં આવ્યા છે. ઉપદેશની ભાષામાં કેટલીકવાર બહુ જ ઠંડી ભાષા રાખવી યોગ્ય છે. વિષયની મધુરતા અને પ્રિયપણું પ્રાપ્ત કરાવવા માટે આવી ભાષાની જરૂર છે. કોઈ વખત આક્ષેપક ભાષાનો ઉપયોગ કરવો પડે છે, કોઈ વખત કઠોર શબ્દોનો પણ ઉપયોગ કરવો પડે છે. સૂરિમહારાજે પણ આ જીવને કોઈ કોઈવાર 'વિદ્વાન્' અને કોઈ કોઈવાર 'મૂઢ' કહ્યો છે, તેમ જ ઉપર જણાવ્યું તેમ સર્વ પ્રકારની ભાષાશૈલીનો ઉપયોગ કર્યો છે, તેથી વાંચનાર સાંભળનારને આનંદ અને વિચાર થાય એ સ્વાભાવિક છે. આવી સર્વ પ્રકારની ભાષાશૈલીપર કાબુ મેળવવો એ સાધારણ વિદ્વાનથી બની શકે તેવું નથી. યતિશિક્ષાઅધિકારમાં તેઓ સહજ કડક થયા છે અને કોઈ કોઈ જગોએ તો વધારે કડક પણ થયા છે. એમાં શૈલીદોષ હો કે ન હો પણ તેઓનો આશય અતિશય મહાન્ હતો એમ સ્પષ્ટ જણાય છે.

અધિકારની ગોઠવણ બહુ વિચારવા લાયક છે. એક પછી એક અધિકાર વધારે વધારે ઉપયોગી હકીકત બતાવનારા લખાયા છે અને ચિત્ત રાખીને વાંચનારને બહુ આનંદ આપે તેવી રીતે તેની ગોઠવણ કરી છે. દરેક શ્લોકની ભાષા મધુર અને સ્પષ્ટ હોવા ઉપરાંત શૈલી બહુ સાદી અને અસરકારક છે.

આ ગ્રંથ મુનિજીવન અને શ્રાદ્ધજીવનના માર્ગદર્શક તરીકે બહુ જ ઉપયોગી છે એમ જણાય છે. આ ગ્રંથ વ્યાખ્યાનમાં અનેક સ્થળે વારંવાર વંચાય છે તે ઉપરાંત અનેક મુનિમહારાજાઓ આ ગ્રંથ સાદ્યંત કંઠસ્થ કરે છે અને તેનો પાઠ પણ નિરંતર કરે છે એમ અનુભવ્યું છે. આ ગ્રંથની મહત્વતા અને ઉપયોગિતાના સંબંધમાં આટલી હકીકત જ પૂરતી ગણી શકાય તેમ છે.

જે મહાન હેતુથી આ ગ્રંથ લખવામાં આવ્યો છે તે ખાસ યાદ આપવાની જરૂર છે. સમતાપ્રાપ્તિનો નજીકનો હેતુ અને મોક્ષ-પ્રાપ્તિનો પરંપરાગત હેતુ એ બન્ને અનંતર અને પરંપર હેતુ પ્રાપ્ત કરી શકાય એવી શૈલીથી અને ગોઠવણથી ગ્રંથ લખાયો છે

આ ગ્રંથપર ધનવિજય ગણિએ અધિરોહિણી નામની ટીકા લખી છે. એ ટીકા બહુ જ ઉત્તમ અને વિસ્તારવાળી સંસ્કૃત ભાષામાં છે. ટીકાકાર મહા વિદ્વાન જણાય છે. અત્રે શબ્દાર્થ લખવામાં મેં એ ટીકાનો વારંવાર ઉપયોગ કર્યો છે. વિવેચનમાં પણ ઘણી જગોપર તેઓના વિચાર ટાંકી બતાવ્યા છે. જ્યાં તેઓશ્રીનું નામ ન લખાણું હોય ત્યાં પણ તેઓની છાયા હશે જ. હું દરેક શ્લોકપર વિવેચન લખવા પહેલાં તે ટીકા વાંચતો હતો. આ ઉપરાંત આ ગ્રંથનો બાલાવબોધ (ભાષામાં ટુંકો અર્થ) રત્નચંદ્ર ગણિ અને વિદ્યાસાગર ગણિએ કર્યો છે. એ બાલાવબોધ ઉપરથી શા૦ ભીમશી માણેકે શ્રી પ્રકરણ રત્નાકરના બીજા ભાગમાં ભાષાર્થ છપાવ્યો છે. જો કે તેમાં આ ગ્રંથના મૂળ તથા અર્થમાં ઘણી ભૂલો રહી ગઈ છે છતાં પણ શા. ભીમશી માણેકે તેથી ઉપયોગી સેવા બજાવી છે. આ ગ્રંથના શ્લોકોની ભાષામાં ચોપાઈ શ્રીરંગવિજય નામના સાધુએ કરી છે, જેની પ્રત મારા મિત્ર તરફથી મોડી મળી તેથી શબ્દાર્થ લખવામાં તેનો ઉપયોગ થયો નથી, પણ તે ચોપાઈ ઉપયોગી થાય તેવી જણાયાથી ગ્રંથના છેવટના ભાગમાં આપી છે. અસલ ગુજરાતી ભાષા તેના તે જ આકારમાં જાળવી રાખવાની આવશ્યકતા સ્વીકારવામાં આવે છે તેથી તે ચોપાઈની ભાષામાં ફેરફાર કર્યો નથી.

આ ગ્રંથનું વિવેચન લખતાં ગ્રંથકર્ત્તાનો આશય શું છે તેપર દર વખત પૂરતો વિચાર કર્યો છે. અન્ય વિદ્વાન લેખકોના આ જ વિષયપરના વિચારો અને પશ્ચિમની કેળવણીના સંસ્કારથી પ્રાપ્ત થયેલ વિચારો અને ટાંચણો આપી બનતી મહેનતે વિવેચન ઉપયોગી બનાવવા યત્ન કર્યો છે, છતાં તેમાં મંદ અભ્યાસને લીધે મતિદોષ રહી જવા સંભવ છે તે માટે યોગ્ય સ્થળે ક્ષમાયાચના કરી છે તેમ જ અહીં પણ કરવામાં આવે છે. આ ગ્રંથના સંબંધમાં આટલું વિવેચન કરી આ ગ્રંથકર્ત્તાના સંબંધમાં કાંઈક ઐતિહાસિક નોંધો લઈ ઉપોદ્ઘાત સમાપ્ત કરવામાં આવશે.

મુનિસુંદરસૂરિ અને તેમનો સમય.

ઈતિહાસના વિષયમાં હિંદુસ્તાનમાં પ્રથમથી બહુ બેદરકારી બતાવવામાં આવી છે એવી સાધારણ ફરિયાદ છે. પોતાનું નામ પ્રસિદ્ધ કરી જવાની પ્રબલ ઇચ્છા ન હોવાને લીધે કે એ વિષયથી ભવિષ્યની પ્રજાને બાસ લાભ થવાનું કારણ ખ્યાલમાં ન આવવાને લીધે કે બીજા ગમે તેવાં કારણથી આ સંબંધમાં બહુ ફરિયાદનું કારણ રહ્યું છે. આને લીધે આર્યાવર્તની પ્રાચીન કાળમાં શું સ્થિતિ હતી તેનો સંપૂર્ણ ખ્યાલ મેળવવામાં બહુ મુશ્કેલી પડે છે. સીધા પુરાવો આ વિષયમાં ભાગ્યે જ મળી આવે છે; જે મળે છે તે ગ્રંથો ઉપર પડતા આજુબાજુના ઝાંખા પ્રકાશનાં કિરણોજ છે અને તેના ઉપરથી અનુમાન કરવાં પડે છે. અમુક ગ્રંથ કયા વખતમાં લખાયો છે એમ જો જાણી શકાય તો તેથી બહુ બુલાસા થાય છે; તે વખતની સોસાયટીનું બંધારણ, લોકોની વ્યવહારપદ્ધતિ, વિચારપદ્ધતિ અને વિકસ્વરતા કેવા પ્રકારનાં હતાં એ જાણવાનું સાધન પ્રાપ્ત થાય છે અને તેથી આદર્શ તરીકે તે હકીકત ચાલુ જમાનાની પ્રજાને બહુ લાભ કરી શકે છે. આવા ઐતિહાસિક લખાણોની ગેરહાજરીથી ઘણીવાર ગ્રંથનો અર્થ કરવામાં પણ અગવડ પડે છે અને ઘણીવાર અનુમાનના અધુરા આધાર ઉપર કામ ચલાવવું પડે છે. ઐતિહાસિક લખાણો પોતે કેટલો લાભ કરે છે તે બહુ અગત્યનો અને સમજવા જેવો વિષય છે, પણ અત્ર તે પ્રસ્તુત નથી. ઇતિહાસની ગેરહાજરી હિંદુસ્તાનમાં બહુ જણાય છે એટલો મુખ્ય ઉલ્લેખ જ હાલ તો પ્રસ્તુત છે.

હિંદુઓના સંબંધમાં જેટલી સીધા ઐતિહાસિક લેખોની ગેરહાજરી જોવામાં આવે છે તે જ પ્રમાણે જૈનોના સંબંધમાં સમજવાનું છે, પણ અત્ર સ્થિતિ કાંઈક સારી છે. ગુજરાત અથવા હિંદુસ્તાનનો ટુંકો ટુંકો અને કકડે કકડે જે ઇતિહાસ મળી આવે છે તે જૈન ગ્રંથોના આધારે જ લગભગ રચાયલો છે. હેમચંદ્રાચાર્ય અને ત્યાર પછીના ઘણા જૈન વિદ્વાનોએ ઇતિહાસ જેવું કાંઈ કાંઈ લખી મૂકયું છે અને તેમાંથી જે મળી આવે છે તેનો ઉપયોગ થાય છે. આ સ્થિતિ સારી છે

તેથી આપણને જરા આનંદ થાય છે. છતાં એટલું તો કહેવું જોઇએ કે જૈનગ્રંથોમાં પણ નિયમસર ચાલુ ઇતિહાસ મળી આવતો નથી, પરંતુ કકડે કકડે અને બનાવોની નોંધના રૂપમાં તે બહુધા હોય છે. ઇતિહાસના સંબંધમાં આટલો ઉપકાર જૈન પ્રજાએ પોતા ઉપર અને અન્ય પ્રજા ઉપર કર્યો છે એટલું જ નહિ, પણ પોતાની કોમમાં થયેલા મહાન્ આચાર્યોના સંબંધમાં પણ અનેક ગ્રંથોની પ્રશસ્તિઓ પ્રકાશ પાડે છે. હેમચંદ્રાચાર્ય પહેલાંના આચાર્યો માટે ચતુર્વિંશતિ પ્રબંધ વિગેરે ગ્રંથોમાં ઇતિહાસ મળે છે અને તે સમય પછીના આચાર્યો માટે તો આધારભૂત પટ્ટાવળિઓ મળી આવે છે. આ ઇતિહાસ પણ લગભગ શાલવારી જેવો જ હોય છે. અમુક આચાર્ય સંબંધી કાંઈ ન જાણતા હોઇએ તેના કરતાં થોડું પણ જાણતા હોઇએ તો સારૂં, એ દૃષ્ટિથી આ વિષયમાં કાંઇક સંતોષ થાય છે, પણ અમુક આચાર્યનું જીવનચરિત્ર લખવું હોય તો એક બે અપવાદ સિવાય (મારા માનવા પ્રમાણે હેમચંદ્રાચાર્ય અને હિરવિજયસૂરિ) બીજાઓના સંબંધમાં કાંઇ પણ મળે તેમ નથી. સ્થિતિ આ પ્રમાણે છે તેથી આ મહાન ગ્રંથના કર્ત્તા માટે બહુ ઇતિહાસ મળે તેમ તો નથી, પણ તપાસ કરી જે થોડું મળી આવ્યું છે તે અત્ર રજુ કરવામાં આવે છે.

આ ગ્રંથના કર્ત્તા મુનિસુંદરસૂરિ મહારાજ છે. તેઓનો જન્મ વિક્રમ સંવત ૧૪૩૬ માં (સને ૧૩૮૦ માં) થયો હતો. તેઓનો જન્મ કયા નગરમાં થયો હતો, તેઓના માતા પિતા કોણ હતા અને તેઓ કઇ જાતિના હતા તે સંબંધી કાંઈ પણ હકીકત મળી શકી નથી. તેઓશ્રીએ સાત વરસની નાની વયમાં સંવત ૧૪૪૩ ની સાલમાં જૈન ધર્મની દીક્ષા લીધી હતી. આટલી નાની ઉમરે દીક્ષા લેવાના સંબંધમાં અથવા આપવાના સંબંધમાં હાલ બહુ બાજુએથી શોરબકોર થાય છે, પણ તે સંબંધમાં પૂર્વ કાળમાં વિચારો બહુ જ જુદા પ્રકારના હતા. હાલ અનુભવ વગરના નાની વયવાળાને દીક્ષા આપવામાં કેટલાક ભૂલ થતી માને છે, પૂર્વકાળમાં સર્વાનુમતે એવો વિચાર હતો કે ઇંદ્રિયસ્વાદમાં પડી ગયા પછી આ પ્રાણીને તેમાંથી નીકળવું બહુ મુશ્કેલ પડે છે માટે પૂર્વના શુભ સંસ્કારથી કોઇપણ પ્રાણીને લઘુ વયમાં ચારિત્ર લેવા ઇચ્છા

થાય તો તેમાં વિલંબ કરવો નહીં, અંતરાય પાડવો નહીં અને તેને સંસારમાં આસક્ત થવાનો વખત આપવો નહીં. ઇતિહાસથી પણ એમ જણાયું છે કે જૈન શાસનમાં તેમજ અન્ય દર્શનમાં જે જે મહાત્માઓ નામ કાઢી ગયા છે, જેઓ અદ્‌ભુત ગ્રંથકર્ત્તા, તર્કવેત્તા કે વ્યાખ્યાનકાર થયા છે તે સર્વ નાની વયમાં દીક્ષિત થયેલા હતા. વજ્રસ્વામી લઘુ વયના દીક્ષિત હતા, શ્રી સિદ્ધસેનદિવાકરે બહુ નાની વયમાં દીક્ષા લીધી હતી, અભયદેવસૂરિને સોળ વર્ષની વયે તો આચાર્યપદ આપવામાં આવ્યું હતું, હેમચંદ્રાચાર્ય સાત વરસની વયના હતા ત્યારે તેમને દીક્ષા આપવામાં આવી હતી, આ ગ્રંથકર્ત્તાના પૂર્વ પુરૂષ સોમસુંદરસૂરિ સાત વરસની વયના હતા ત્યારે દીક્ષિત થયા અને યશોવિજયજી મહારાજના સંબંધમાં પણ તેમ જ સાંભળ્યું છે. શ્રીમાન્ હેમચંદ્રાચાર્યના સંબંધમાં આ બનાવપર ટીકા કરતાં પ્રો૦ પીટરસન લખે છે કે "દેવચંદ્રે આવા નાના છોકરાને (ચંગદેવ–હેમચંદ્ર) પોતાનો ચેલો બનાવ્યો તે કોઈને નવાઈ જેવું લાગશે, પણ બરી રીતે જોતાં તેમાં નવાઈ જેવું કાંઈ નથી. એવું ધોરણ આ દેશમાં તથા બીજા દેશોમાં અસલથી ચાલ્યું આવ્યું છે ને ચાલ્યું આવે છે.....મોટી ઉમરે પહોંચેલા માણસને જ સાધુ બનાવી શકાય એ ધોરણ સારૂં છે બરૂં, પણ બીજા સઘળા ધર્મોમાં જોશું તો એ જ રીતે નવા આચાર્યોને પસંદ કરવામાં આવે છે. જ્યાં આચાર્યને લગ્નાદિકનો પ્રતિબંધ હોય ત્યાં પોતાની જગા લેનાર આચાર્ય બનાવવા માટે આમ કર્યા સિવાય છુટકો જ નથી." પ્રો૦ પીટરસન જેવા વિદ્વાનો આ હકીકતને વ્યવહારૂ દૃષ્ટિથી બતાવે છે, પણ તે ઉપરાંત આવા અગત્યના વિષયમાં મનને એક બાજુના નિર્ણયપર લાવ્યા અગાઉ ધાર્મિક અને ઐતિહાસિક દૃષ્ટિથી સાધુઓના બંધારણ ઉપર અને તે સંસ્થાની જરૂરિયાતના વિષય ઉપર બારીક ધ્યાન આપવું જોઇએ. અભ્યાસકાળ બાલ્ય વયમાં જ પ્રાપ્તવ્ય છે અને હાલ જેમ બી, એ; એમ, એ. થતાં લગભગ તેર વરસ તો ઇંગ્લિશ અભ્યાસમાં થાય છે તેમ ધાર્મિક જ્ઞાનમાં એમ, એ. થતાં ઘણાં વરસો લાગવાં જોઇએ એ સહજ સમજી શકાય તેવું છે. આથી દુનિયાપર ઉપકાર કરવાના સંયોગ તો બાલ્ય વયમાં દીક્ષા લેનારને જ પ્રાપ્ત થવાનો સંભવ છે. મુનિસુંદરસૂરિ મહારાજે કેવા કેવા ચમત્કારો કર્યા છે તે આપણે આગળ જોશું ત્યારે આ સંબંધનો ખ્યાલ આપણને વિશેષ સ્પષ્ટ રીતે આવશે.

મુનિસુંદરસૂરિ મહારાજને દીક્ષા આપતી વખતે શિષ્ય કોના બનાવવામાં આવ્યા હતા તેનો કાંઈ ઇતિહાસ મળી શકતો નથી. તેઓ આગળ જણાવવામાં આવશે તેમ સોમસુંદરસૂરિની પાટે આવ્યા તેથી તેમના શિષ્ય હતા એમ માનવામાં આવે છે, પણ આ સોમસુંદરસૂરિનો જન્મ સંવત્ ૧૪૩૦ માં થયો હતો અને તેઓએ દીક્ષા સાત વરસની ઉમરે સંવત્ ૧૪૩૭ માં લીધી હતી, તેથી સંવત્ ૧૪૪૩ જે મુનિસુંદરસૂરિનો દીક્ષાકાળ છે તે વખતે તેઓની ઉમર તેર વરસની જ હોવી જોઈએ અને તેવી નાની વયમાં તેને શિષ્ય આપવામાં આવે એ બનવાજોગ નથી. વળી મુનિસુંદરસૂરિએ ગુર્વાવલીમાં દેવસુંદરસૂરિ જેઓ આ વખતે તપગચ્છની મૂળ પાટે હતા અને ગચ્છાધિપતિ હતા તેઓના સંબંધમાં લગભગ સીત્તેર શ્લોક લખ્યા છે તેથી કદાચ મુનિસુંદરના દીક્ષાગુરૂ તેઓશ્રી હોય એમ કલ્પના થાય છે.*

દેવસુંદરસૂરિ જેઓ ઉગ્ર પુણ્યપ્રકૃતિવાળા હતા તેઓને સંવત્ ૧૪૪૨ માં આચાર્યપદ મળ્યું હતું અને તેઓ સંવત્ ૧૪૫૭ માં કાળધર્મ પામ્યા હતા અને સુધર્મા સ્વામીથી પચાસમા ગચ્છાધિપતિ હતા એમ મુનિસુંદરસૂરિ પોતાની ગુર્વાવલીના શ્લોક ૩૬૮ માં કહે છે. આ આચાર્યશ્રીની પાટે શ્રી સોમસુંદરસૂરિ આવ્યા. આ સોમસુંદરસૂરિનો ઇતિહાસ બાસ વાંચવા યોગ્ય છે અને તે

* આ પ્રમાણે માનવાનું બીજું એક પ્રબળ કારણ છે: ગુર્વાવલી ગ્રંથ મુનિસુંદરસૂરિએ સંવત્ ૧૪૬૬ માં પૂર્ણ કર્યો જે વખતે દેવસુંદરસૂરિને કાળ કરી ગયાને આઠ નવ વરસ થયાં હતાં અને પાટ ઉપર સોમસુંદરસૂરિ હતા, છતાં ગ્રંથને અંતે તેઓ પોતાની જાતને દેવસુંદરસૂરિના શિષ્ય તરીકે ઓળખાવે છે. આ આખો પારીગ્રાફ આગળ ઉતારી લીધો છે ત્યાંથી સ્પષ્ટ સમજાઇ જશે. આ સંબંધમાં નિર્ણય થઈ શકે તેમ નથી, કારણ કે તે જ ગુર્વાવલીના ૪૨૦ મા શ્લોકમાં લખે છે કે "તે સોમસુંદરસૂરિનો શિષ્ય મારા જેવો ગુણ વગરનો પ્રાણી ઉપાધ્યાય મનાય છે." અહીં તેનો શિષ્ય એ શબ્દ સામાન્ય છે કે વિશેષ છે તે સમજવું મુશ્કેલ છે. બન્ને બાજુની હકીકત તપાસતાં તેઓ દેવસુંદરસૂરિના શિષ્ય હોય એમ માનવાનું કારણ વિશેષ રહે છે, પણ તેનો નિર્ણય થઈ શકતો નથી.

'સોમસૌભાગ્ય કાવ્ય'માંથી મળી શકે તેમ છે. અત્રે તો તેઓનો અને મુનિસુંદરસૂરિનો ઇતિહાસ જરૂર પૂરતો એકત્ર હોય તેટલો જ સંક્ષેપમાં બતાવવામાં આવ્યો છે. આ સોમસુંદરસૂરિ જયાનંદસૂરિના શિષ્ય હતા અને તેમને ૧૪૫૦ માં વાચક (ઉપાધ્યાય)પદ પ્રાપ્ત થયું હતું. આ કાળમાં શ્રીમંત શેઠીઆઓ સૂરિપદની પ્રતિષ્ઠાનો મહોત્સવ બહુ આડંબરથી કરતા હતા અને ગુરૂમહારાજ સંઘના અગ્રણી ગૃહસ્થોની વિનંતિપરથી પોતાના શિષ્યોમાંના યોગ્ય શિષ્યને સૂરિપદ આપતા હતા. આવી રીતે સોમસુંદરસૂરિએ છ શિષ્યોને સૂરિપદ આપ્યાં એમ સોમસૌભાગ્ય કાવ્યપરથી જણાય છે. દેવરાજ શેઠના આગ્રહથી મુનિસુંદરને, ગોવિંદ શેઠને બરચે જયચંદ્રને, નીંબ શેઠને બરચે ભુવનસુંદરને, ગુણરાજ શેઠના આગ્રહથી મહુવામાં જિનસુંદર વાચકને, વિશળ શ્રેષ્ઠીના પુત્ર ચંપકના આગ્રહથી જિનકીર્તિને અને રાણપુરમાં ધરણેંદ્ર શેઠના આગ્રહથી સોમદેવ વાચકને સૂરિપદ આપવામાં આવ્યાં હતાં અને તે સર્વ મહોત્સવો બહુ મોટા ખરચથી, અત્યંત આડંબરથી શ્રી સોમસુંદરસૂરિના વખતમાં થયા હતા. આ પ્રમાણે સૂરિ ગમે તેટલા થાય, પણ ગચ્છાધિપતિ તો એક જ સૂરિ હોય એવું બંધારણ હતું. આ નિયમ પ્રમાણે નરસિંહ શેઠના આગ્રહથી અદ્‌ભુત મહોત્સવ સાથે સોમસુંદરસૂરિને સૂરિપદ સંવત્ ૧૪૫૮ માં પ્રાપ્ત થયું હતું. આ શેઠની ગુરૂભક્તિ કેટલી ઉત્તમ હતી અને તે કાળમાં સાધુઓ તરફ સામાન્ય રીતે પણ કેવો પ્રેમ હતો તે બહુ જ વિચારવા યોગ્ય છે. સોમસુંદરસૂરિ ગચ્છાધિપતિ ક્યારે થયા તે સંવત્ મળી શકતો નથી, પણ તેઓએ બહુ વરસ સુધી ગચ્છનો ભાર ઉપાડ્યો એમ અનુમાન થાય છે. તેઓ સંવત્ ૧૪૯૯ માં કાળધર્મ પામ્યા તેથી ગચ્છાધિપતિપણું લગભગ ત્રીશ પાંત્રીશ વરસ સુધી તો કર્યું જ હશે એમ જણાય છે. ઉપર જણાવેલ 'સોમસૌભાગ્ય કાવ્ય' ગ્રંથ કાવ્યનો એક નમુનો છે અને તે તરીકે પણ તે ખાસ વાંચવા જેવો છે, જે ઉપરાંત સોમસુંદરસૂરિના શિષ્યરત્ન પ્રતિષ્ઠાસોમે તે સંવત્ ૧૫૨૪ માં બનાવ્યો છે તેથી જેટલે દરજ્જે તે ઐતિહાસિક હકીકત પૂરી પાડે છે તેટલે દરજ્જે તે બહુ આધારભૂત સાધા પૂરાવા જેવો પણ ગણી

શકાય તેમ છે. આ ગ્રંથ ઘણી હકીકતપર અજવાળું પાડે છે અને આ ઉપોદ્ઘાતમાં તેનો આધાર વારંવાર લેવામાં આવ્યો છે.

મુનિસુંદરસૂરિને વાચકપદવી (ઉપાધ્યાયની પદવી) વિક્રમ સંવત્ ૧૪૬૬ માં આપવામાં આવી હતી અને તે વખતથી તેઓ મુનિસુંદર ઉપાધ્યાયના નામથી પ્રસિદ્ધ થયા હતા. આ વખતે ગચ્છાધિપતિ સોમસુંદરસૂરિ હતા એ હકીકત ખાસ નોંધી રાખવા જેવી છે. એ જ મહાત્માને દેવરાજ શેઠના આગ્રહથી વિક્રમ સંવત્ ૧૪૭૮ માં સૂરિપદ મળ્યું અને ત્યાર પછી તેઓ મુનિસુંદરસૂરિના નામથી પૃથ્વીતલપર પ્રસિદ્ધ થયા. આ સૂરિપદવીનો મહોત્સવ સોમસૌભાગ્ય કાવ્યમાં બહુ સારી રીતે વર્ણવ્યો છે તે અત્રે નોંધ કરી લેવા જેવો છે. વર્ણન કરનાર નજરે જોનાર હતા તેથી અતિશયોક્તિનો સંભવ બહુ ઓછો છે. આ હકીકત સોમસૌભાગ્ય કાવ્યના છઠ્ઠા સર્ગમાં બતાવવામાં આવી છે. તેના શરૂઆતના ભાગનો સારાંશ નીચે પ્રમાણે છેઃ—

દેવસુંદરસૂરિ સ્વર્ગે ગયા પછી ગચ્છનો ભાર સોમસુંદરસૂરિને માથે આવ્યો. તેઓ મહા પ્રતાપી વિદ્વાન્ હતા. આ સૂરિરાજના દર્શન કરવાથી પૂર્વના ગૌતમ, જંબૂ, સ્થૂલભદ્ર વિગેરે મહાત્માઓ યાદ આવે તેમ હતું. ગુરૂમહારાજ ફરતાં ફરતાં મોટા નગરમાં આવી ચડ્યા. (નગરનું નામ સમજી શકાતું નથી, કદાચ તે સંવૃદ્ધ નામનું નગર હોય તો ના નહિ, પણ એવા નામથી કોઈ હાલનું નામ સમજી શકાતું નથી.) આ નગર બહુ રમણીય હતું. (કવિએ અત્ર નગરનું અદ્‌ભુત વર્ણન કર્યું છે.) આ નગરમાં આદીશ્વર પ્રભુ તથા મહાવીર પરમાત્માના બે ભવ્ય વિહારો હતા. એ નગરની શોભાઓ અને આરામો સરખી રીતે શોભતા હતા. ઇંદ્રની અમરાવતી જેવા આ શ્રેષ્ઠ અને સંપત્તિના નિધાનરૂપ નગરમાં લક્ષ્મીવાળા અને પોતાની બુદ્ધિથી વધેલા એક દેવરાજ નામના શેઠ વસતા હતા. એ શેઠને હેમરાજ નામનો નાનો ભાઇ હતો અને ત્રીજો ધટસિંહ નામે ભાઈ હતો. આ બન્ને ભાઈઓ પણ બહુ સારા હતા અને મોટા ભાઇને બે ભુજારૂપ હતા. એક પ્રસંગે દેવરાજ શેઠે પોતાના ભાઇઓને, કહ્યું "બંધુઓ! નાશ પામનારૂં આ ધન કોઇના ઘરમાં સ્થિર રહ્યું નથી. અનેક

ચક્રવર્તીઓ અને સાર્વભૌમ રાજાઓ આ દુનિયામાં ધનથી પ્રધાન થઈ ગયા છે, તેમ જ વાસુદેવો પણ દ્રવ્યની ઋદ્ધિસિદ્ધિથી પ્રસિદ્ધ થયેલા છે, તેમ જ શ્રીવિક્રમ, નળ, મુંજ અને ભોજરાજા પૃથ્વી પ્રખ્યાત થઈ ગયા છે. આવાઓનાં ઘરમાં પણ લક્ષ્મીએ સ્થિરપણું કર્યું નથી, તેથી પ્રાજ્ઞ પુરૂષ લક્ષ્મીનું દાન કરી કૃતાર્થ થાય છે. તમે બન્ને મનમાં વિચાર કરી જો સંમતિ આપો તો હું આ દ્રવ્યવડે સૂરિપદની પ્રતિષ્ઠા કરૂં.” બન્ને ભાઈઓએ બહુ ખુશીથી સંમતિ આપી એટલે દેવરાજ શેઠ હર્ષથી સોમસુંદરસૂરિ મહારાજ પાસે આવ્યા અને ગુરૂ મહારાજને વંદના કરી. (હવેનો ભાગ વિશેષ પ્રસ્તુત છે તેથી વિસ્તારથી સંપૂર્ણ આપવામાં આવે છે.)

व्यजिज्ञपद्विज्ञशिरोमणिश्च गच्छाधिपं स्वच्छमतिप्रसारम् ।
श्रीसूरिदीव्यत्पदभूमिवित्तव्ययस्य निर्मापणतः प्रसीद ॥ ३१ ॥

ચતુર પુરૂષોમાં પ્રધાન તે શેઠે સ્વચ્છ બુદ્ધિવાળા સૂરિ મહારાજને વિનંતિ કરી કે “આપ દીવ્ય સૂરિપદના સ્થાનમાં મારા પૈસાનો વ્યય કરાવવા માટે પ્રસન્ન થાઓ.” મતલબ મારા ખરચે કોઇ મુનિપર સૂરિપદની પ્રતિષ્ઠા કરાવો. ૩૧

ततो गुरुः सौविनेयवृन्दे ददौ सदौत्पत्यगुरुः स्वदृष्टिम् ।
श्रीवाचकेंद्रे मुनिसुंदराह्वे विशेषतो योग्यतया तया च ॥ ३२ ॥

ત્યાર પછી ઉન્નતિમાં ગુરૂ તે ગુરૂમહારાજે પોતાના શિષ્યસમૂહપર દૃષ્ટિ નાખી અને ખાસ કરીને વાચકેન્દ્ર શ્રીમુનિસુંદર ઉપર તેની વિશેષ યોગ્યતાને લીધે તેમની દૃષ્ટિ ઠરી. ૩૨

जल्पत्यनल्पं सविकल्पजालं सदाप्यहस्यूतमतिप्रभूतम् ।
श्राक् संस्कृतं प्रोन्मदवादिवृन्दं ननाश यस्मिन् किल काकनाशम् ॥ ३३ ॥

જે મુનિસુંદર ઉપાધ્યાય અતિ બુદ્ધિથી વ્યાસ તર્કના જાળને વચનમાર્ગથી પ્રવાહ આપે છે ત્યારે સંસ્કારવાળો ઉન્મત્ત વાદીઓનો સમૂહ કાગડાની પેઠે તત્કાળ નાશી જાય છેઃ અર્થાત્ જેઓ વાદવિવાદમાં વાદીઓને બહુ જલદીથી વાણીવડે પરાસ્ત કરી નાખે તેવા છે. ૩૩

स्वसाध्यसिद्ध्यै सति यत्र हेतूपन्यासमातन्वति वादभूमौ ।
प्रावादुकोन्मादभरः शरीरे स्वेदेन सार्द्धं किल जागलीति ॥ ३४ ॥

જે વાચકપતિ વાદભૂમિમાં પોતાના સાધ્યની સિદ્ધિને માટે હેતુનો ઉપન્યાસ કરે છે (સાધ્ય અને હેતુ બન્ને તર્કના પારિભાષિક શબ્દો છે) ત્યારે ઉગ્ર વાદીઓના ઉન્માદનો સમૂહ શરીરમાં જેમ પરસેવો ગળી જાય તેમ ગળી જાય છે. ૩૪

यन्निर्मिता श्रीगुरुभव्यकाव्यविज्ञत्रिगंगा गुणसत्तरंगा ।
प्रक्षालयन्ती कलिकल्मशौघं हृष्टानकार्षीत्सुमनःसमूहान् ॥ ३५ ॥

જે વાચકેંદ્રની રચેલી શ્રીગુરૂની ભવ્ય કવિતારૂપ ગંગા નદી ગુણરૂપ તરંગોથી ઉછળતી અને કલિકાળના પાપસમૂહને ધોઈ નાખતી અનેક વિદ્વાનોને હર્ષ ઉપજાવતી હતી. (આ કાવ્ય ગુર્વાવલીને સૂચવતું હોય એમ જણાય છે. આ કાવ્ય તેમણે સૂરિપદ મેળવ્યા પહેલાં સંવત્ ૧૪૬૬ માં લખ્યું હતું એ આપણે હવે પછી જોશું.) ૩૫

येन प्रकल्पिताः स्तुतयः स्तवाश्च गांभीर्यभृन्नव्यसदर्थसार्थाः ।
श्री सिद्धसेनादिमहाकवीनां कृतीर्मतीद्धा अनुचक्रिरे ताः ॥ ३६ ॥

જેમણે રચેલ ગંભીરતાથી ભરપૂર નવીન ઉત્તમ અર્થવાળી સ્તુતિઓ અને સ્તવનો શ્રીસિદ્ધસેનદિવાકરાદિ મહા કવિઓની કરેલી બુદ્ધિથી વૃદ્ધિ પામેલી કૃતિઓને અનુસરતી હતીઃ અર્થાત્ કાવ્યચમત્કૃતિ રસ અને અલંકારથી ભરપૂર હતી. (આ શ્લોક ‘સ્તોત્ર રત્નકોષ’ નામનાં તેઓનાં પ્રસિદ્ધ સ્તોત્રો અને તે ઉપરાંત બીજાં અત્યારે ન જણાતાં સ્તવનોને સૂચવતો હોય એમ જણાય છે.) ૩૬

सद्युक्तिभृत्संस्कृतजल्पशक्तिः सहस्रनाम्नां कथनैकशक्तिः ।
तात्कालिकी नव्यकवित्वशक्तिर्न यं विनान्यत्र समीक्ष्यतेऽद्य ॥ ३७ ॥

સુયુક્તિથી ભરપૂર સંસ્કૃત બોલવાની શક્તિ, એક હજાર નામોને એક સાથે કહેવાની શક્તિ અને તાત્કાળિક નવીન કવિતા બનાવવાની શક્તિ આમના સિવાય અત્યારે બીજા કોઈમાં જોવામાં આવતી નથી. (સંસ્કૃત ભાષાપર કાબુ, સહસ્રાવધાનીપણું અને શીઘ્રકવિત્વ આ ત્રણ વિષય અત્ર પ્રતિપાદન થાય છે.) ૩૭

विद्या न सास्ते निरवद्यताभृत्कला न सा चास्ति वरा धरायाम् ।
यस्यां न यस्यांगिगणार्चितस्य बुद्धिर्विशुद्धा प्रसरी सरीति ॥ ३८ ॥

દુનિયામાં એવી કોઈપણ નિરવદ્ય વિદ્યા નથી અને એવી કોઇ ઉત્તમ કળા નથી કે જેમાં અનેક મનુષ્યના સમૂહે પૂજેલા આ મુનિસુંદર

વાચકેંદ્રની બુદ્ધિ સારી રીતે પ્રસાર પામતી ન હોય: અર્થાત્ તેઓશ્રીની બુદ્ધિ સર્વ વિદ્યાકળામાં પ્રવેશ કરી શકતી હતી. ૩૮

मेधाविनः संति परे सहस्रा अदृष्यवैदुष्यधरा धरायाम् ।
परं न यस्य प्रसरत्प्रकर्षप्रज्ञस्य विज्ञस्य तुलाभृतः स्युः ॥ ३९ ॥

આ દુનિયામાં કોઇપણ પ્રકારનાં દુષણો રહિત વિદ્વત્તાને ધારણ કરનારા હજારો બુદ્ધિમાન્ પુરૂષો છે પણ પ્રસાર પામતી ઉત્કર્ષવાળી બુદ્ધિને ધારણ કરનાર વિદ્વાન્ મુનિસુંદર ઉપાધ્યાયની સરખામણીમાં આવે તેવા કોઇ નથી. ૩૯

तं वाचकं सूरिपदार्हमर्हन्मतोन्नतिस्फातिकरं विमृश्य ।
वचोऽन्वमेने सुमना महेभ्यराट्श्रीदेवराजस्य गणाधिराजः ॥ ४० ॥

આ વાચકેંદ્ર મુનિસુંદરને આર્હત મતની ઉન્નતિ કરનારા અને સૂરિપદને યોગ્ય જાણીને શુભ મનવાળા ગચ્છપતિ સોમસુંદરસૂરિએ તે મોટા શ્રેષ્ઠી દેવરાજના વચનને અંગીકાર કર્યું. ૪૦

अगादसौ धाम निकाममंतश्चित्तं प्रहृष्टः कृतिनां गरिष्टः ।
श्राक् प्राहिणोत्कुंकुमपत्रिकाश्च कीर्त्या समं भूमितलेऽखिलेऽपि ॥ ४१ ॥

પછી કૃતાર્થ પુરૂષોમાં શ્રેષ્ઠ તે દેવરાજ શેઠ હૃદયમાં બહુ આનંદ પામતો પોતાને ઘેર ગયો અને તત્કાળ પોતાની કીર્તિ સાથે આખી પૃથ્વી ઉપર કુંકુમપત્રિકાઓ (કંકોત્રીઓ) મોકલી. ૪૧

समागमन् संघजनाश्च तेनाहूताः प्रभूताः परिपूतचित्ताः ।
तदा च रूपास्तसुपर्वगर्वैस्तैस्तत्पुरं स्वःपुरवद्विरेजे ॥ ४२ ॥

તે શ્રેષ્ઠીએ બોલાવેલા અને પવિત્ર ચિત્તવાળા ઘણા સંઘાળુઓ એકઠા થઈ ત્યાં આવ્યા. રૂપથી દેવતાઓના ગર્વને પણ તોડનારા આ આવેલા લોકોથી તે નગર સ્વર્ગ લોકના નગરની પેઠે શોભા આપવા લાગ્યું. ૪૨

भेर्याद्यवाद्यानि जगर्जुरूर्जुस्वलानि मंगल्यरवातुलानि ।
समं च तैः श्राक् सुकृतानि तानि पुराकृतानि प्रथितानि तस्य ॥ ४३ ॥

માંગલિક શબ્દોથી અતુલ્ય ભેરી વિગેરે વાજિંત્રો ઉગ્રપણે ઊંચા સ્વરથી વાગવા માંડ્યાં અને તેની સાથે તે શેઠે પૂર્વે (પૂર્વ ભવમાં) કરેલાં સુકૃત્યો પ્રસિદ્ધ થવા માંડ્યાં. (આ ભવમાં લક્ષ્મી મળી છે તે ગતભવનાં સુકૃત્યો સૂચવે છે.) ૪૩

वातोर्मिवेल्लच्चुचिकेतनानि निकेतनानि व्यवहारिनेतुः ।
बभासिरे तस्य गुणान्वितस्य श्रद्धोज्ज्वलानीव लसन्मनांसि ॥ ४४ ॥

પવનના તરંગોથી આ શેઠનાં જે મંદિરોની ધ્વજાઓ ફરકતી હતી તે મંદિરો જાણે તે ગુણવાન શેઠનાં શ્રદ્ધાવડે ઉજ્જવળ થયેલ મન હોય તેવાં શોભતાં હતાં. ૪૪

तदा च सत्रामपुरस्य शोभां शुभां बिभर्ति स्म पुरं तदुच्चैः ।
पदे पदे यत्प्रमदप्रदात्री निरीक्ष्यतेऽखर्वसुपर्वराजिः ॥ ४५ ॥

તે વખતે તે નગર ઇંદ્રના નગરની ઉત્તમ શોભાને ધારણ કરતું હતું, કારણ કે સ્થાને સ્થાને દેવતાઓની શ્રેણીઓ હર્ષને ઉપજાવતી જોવામાં આવતી હતી. મતલબ કે મનુષ્યોની પંક્તિ દેવપંક્તિ જેવી શોભતી હતી. ૪૫

सर्वांगचार्वाभरणाभिरामा रामाः सकामाः प्रददुस्तदानीम् ।
न केवलं सद्धवलानि सर्वश्रोतृश्रुतीनामपि च प्रमोदम् ॥ ४६ ॥

આખા શરીરપર પહેરેલાં રમણીય ખેંચાણકારક આભૂષણોથી સુંદર લાગતી સકામ રામાઓ તે પ્રસંગે કેવળ ધવળ વસ્ત્રાદિથી નેત્રોને આનંદ આપતી હતી એટલું જ નહિ પણ તેઓ ધવળમંગળાદિથી શ્રોતાઓની શ્રવણેંદ્રિયને પણ આનંદ આપતી હતી. ૪૬

महोत्सवेषु प्रथितेषु तेषु समंततः संततमद्भुतेषु ।
सोत्कर्षहर्षेण पुरात् पुराणः शोकस्तदानीं निरकासि सद्यः ॥ ४७ ॥

આવી રીતે તે અદ્ભુત મહોત્સવો જ્યારે ચારે તરફ હર્ષના ઉત્કર્ષથી પ્રસરી રહ્યા ત્યારે પુરાણા જુના શોકને તત્કાળ તે નગરમાંથી દેશવટો આપવામાં આવ્યો હતો. ૪૭

मुहूर्तवस्रेऽथ रमासनाथयुगादिनाथस्य पृथूच्चचैत्ये ।
अमंडि नंदिर्गुरुभिस्तदानीमुर्व्यां च गुर्व्यां स्वयशःसमृद्धिः ॥ ४८ ॥

મુહૂર્તનો દિવસ આવ્યો એટલે શોભાયમાન શ્રી આદિનાથના ઊંચા અને વિશાળ ચૈત્યમાં ગુરૂએ મોટી પૃથ્વીમાં યશની સમૃદ્ધિરૂપ નંદી માંડી. (આ નંદી એ ચતુર્મુખ જિનસ્થાપના છે અને દીક્ષાઅવસરે સમવસરણની રચના કરવામાં આવે છે તે એ છે. એની સમક્ષ સર્વ ક્રિયા થાય છે.) ૪૮

महामहौघे प्रसरत्यनल्पे मंगल्यजल्पेऽखिलबंदीनां च ।
श्रीवाचकानां वरसूरिमंत्रं प्रादान्मुदा श्रीतपगच्छनाथः ॥ ४९ ॥

જ્યારે મોટા મોટા મહોત્સવો થઈ રહ્યા હતા અને સર્વ બંદીઓ માંગલ્ય ધ્વનિ કરતા હતા તે વખતે શ્રી તપગચ્છના સ્વામીએ શ્રી મુનિસુંદર વાચકને હર્ષથી ઉત્તમ સૂરિમંત્ર આપ્યો. ૪૯

संघाधिपः श्रीयुतदेवराजः सदावदातैरवदातकीर्तिः ।
उत्कर्षतो दानजलं प्रवर्षन् प्रावृट्घनाभो ददृशे तदानीम् ॥ ५० ॥

તે વખતે નિરંતર શુદ્ધ કાર્યો કરવાથી જે સંઘપતિ દેવરાજ શેઠની કીર્તિ ઉજ્જ્વળ થયેલી છે તે શેઠ ઉત્કર્ષથી દાનરૂપ વરસાદને વરસાવતો ચોમાસાના મેઘ જેવો દેખાવા લાગ્યો. ૫૦

माणिक्यरत्नैः प्रवरैश्च चीरैर्विभूषणैर्न्यकृतदुषणैश्च ।
प्रचक्रिरे तेन नरेंद्रकल्पाः कल्पांहिपाभेन वनीपकौघाः ॥ ५१ ॥

કલ્પવૃક્ષ જેવા તે ઉત્તમ શ્રેષ્ઠીએ ઉત્તમ માણિક્ય રત્નોથી અને નિર્દોષ આભૂષણોથી યાચકોના સમૂહને રાજા જેવા બનાવી દીધા. ૫૧

मुक्ताफलैर्निर्मलकांतिकांताचिरत्नरत्नैर्विशदाक्षतैश्च ॥
वर्षापयोमाधुरसीमरूपाः स्त्रियः श्रियः सद्युतिभिर्गुरुंस्तान् ॥ ५१ ॥

અત્યંતરૂપ સૌંદર્યવાળી સ્ત્રીઓએ તેજવાળાં મુક્તાફળોથી, નિર્મળ કાંતિવાળી કાંતાને યોગ્ય રત્નોથી અને ઉજ્જ્વળ અક્ષતથી તે ગુરૂમહારાજને તે કાળે વધાવી લીધા. ૫૨

गर्जत्यूर्जितवर्यतूर्यनिकरे दिक्चक्रकुक्षिंभरि-
ध्वाने सढ्वलध्वनौ च नितरां प्रोत्सर्पति स्त्रीमुखात् ।
हूहूतुंबरुजैत्रगायनगणैर्विस्तार्यमाणे च सद्-
गीते श्रीगुरवो विनेयसहिताः श्रीधर्मशालां ययुः ॥ ५३ ॥

ઉગ્ર અને ઉત્તમ વાજિંત્રોનો સમૂહ ગાજી રહ્યો હતો, સ્ત્રીઓનાં મુખમાંથી દિશાસમૂહના અંતરને પૂરતો ધવલમંગલનો ધ્વનિ અવિચ્છિન્ન પ્રસરતો હતો અને હૂ હૂ તથા તુંબરૂ નામના ગંધર્વોને જીતે તેવા ગાયક (ગાનારાઓ)ના સમૂહો ઉત્તમ ગાયનને ગાઇને વિસ્તારતા હતા–એ વખતે શ્રી ગુરૂમહારાજ પોતાના શિષ્યોને સાથે લઇને ધર્મશાળામાં પધાર્યા. ૫૩

प्रांचत्पेशल खंडिका मृदुलसन्नर्मप्रतिष्ठानिका,
श्रीखंडोज्जवलपट्टसुख्यसिचयैश्चंचत्प्रभासंचयैः ।
रम्यश्रीयुतसोमसुंदरमहासूरीश्वराणां व्यधात्,
पूजां श्रीश्रितदेवराजमहिमा श्रीदेवराजस्तदा ॥ ५४ ॥

સ્ફુરણાયમાન કાંતિવાળા કોમળ અને ઉજ્જવળ ચોલપટ્ટા વિગેરે વસ્ત્રોથી તે દેવરાજ શેઠ કે જે લક્ષ્મીને લીધે દેવરાજ (ઇંદ્ર)ના મહિમાનો આશ્રય કરતો હતો તેણે દૂર સુધી સંભળાય તેવાં મધુર ગાયનો ચાલતાં હતાં ત્યારે શ્રીયુત સોમસુંદરસૂરીશ્વરની પૂજા કરી અર્થાત્ કપડાં વિગેરે વસ્ત્રો વહોરાવ્યાં. (હાલમાં પણ પન્યાસપદવી સૂરિપદવીના મહોત્સવ વખતે આવી જ રીતે વસ્ત્રો વહોરાવવાનો રિવાજ જોવામાં આવે છે.) ૫૪

पक्वान्नैर्विविधैः स धीरमुकुटः सद्गंधकूरोत्करै-
र्दालिस्फातिततैः ससौरभघृतैर्घोलामृतैश्चामितैः ।
श्रीसंघं सकलं कलंकरहितश्चीर्जेमयामास तत्,
पूजां चीरचयैर्व्यधाच्च गणनातीतैः प्रतीतैर्गुणैः ॥ ५५ ॥

ધીર પુરૂષોમાં મુકુટ સમાન અને નિષ્કલંક લક્ષ્મીવાળા તે શ્રેષ્ઠીએ વિવિધ પ્રકારનાં પકવાન્નોથી, પુષ્કળ દાળની સાથે ઉત્તમ ગંધવાળા કૂર (ધાન્ય)ના સમૂહથી અને સુગંધી ઘીથી ભરપૂર એવા અપરિમિત ઘોળરૂપ અમૃતથી આખા શ્રી સંઘને જમાડ્યો અને ગુણોથી પ્રખ્યાત એવા અપરિમિત ચીર (વસ્ત્રો)થી તેની પૂજા કરી. ૫૫

श्रीमान् सूरिपदे पदेऽथ यशसां कारापिते श्रीगुरो-
रादेशान्मुनिसुंदरव्रतिवरश्रीसूरिणा संयुतः ।
युक्तः पंचशतीमितैश्च शकटैरुद्यद्भटैर्भूयसा,
संघेनाप्यनघेन तूर्णमचलत् श्रीतीर्थयात्रां प्रति ॥ ५६ ॥

શ્રીમાન્ શ્રેષ્ઠી યશના સ્થાનરૂપ સૂરિપદે તેમને સ્થાપન કરાવ્યા પછી શ્રી ગુરૂની આજ્ઞાથી વ્રતધારીઓમાં ઉત્તમ એવા તે શ્રી મુનિસુંદરસૂરિની સાથે પાંચશે ગાડાંઓ અને ઘણા સુભટો લઇ મોટો નિર્દોષ સંઘ કાઢી તત્કાળ તીર્થયાત્રા કરવા ચાલ્યા. ૫૬

भेर्यादूर्जितहृद्यवाद्यनिनदैर्व्योमांगणं गर्जयन्,
रंगत्तुंगतुरंगमक्रमखुराघातैः क्षितिं कंपयन् ।

चंचद्वर्णसुवर्णदंडकलशैर्देवालयैरुन्नतैः,
शोभां बिभ्रददभ्रशुभ्रयशसा शुभ्रं सृजन् क्ष्मातलम् ॥ ५७ ॥
श्रीशत्रुंजयपर्वतेऽपि च गिरौ श्रीरैवते दैवतं,
श्रीनाभेयजिनं निरस्तदुरितं नेमीश्वरं भास्वरम् ।
नत्वा तत्र महोत्सवान्नवनवान् कृत्वा च दत्वा धनं,
भूत्वा संघपतिः कृती निजगृहं चागात्ससंघोऽनघः ॥ ५८ ॥

ભેરી વિગેરે ઉગ્ર અને મનોહર વાજિત્રોના શબ્દોથી આકાશને ગજવતા, ચપલ રીતે ચાલતા ઊંચા અશ્વોના ચરણની અરીઓના આઘાતથી પૃથ્વીને કંપાવતા, સુંદર વર્ણવાળા સુવર્ણના દંડ અને કળશ યુક્ત ઊંચા જિનાલયોથી શોભાને ધારણ કરતા અને પોતાના અતિ ઉજ્જ્વળ યશથી પૃથ્વીને ઉજ્જ્વળ કરતા તે દેવરાજ શ્રેઠ શ્રી શત્રુંજય ગિરિ ઉપર રહેલા, પાપને દૂર કરનારા અને પ્રકાશમાન શ્રી ઋષભદેવ પ્રભુને અને રૈવતાચલ (ગીરનાર)પર રહેલા તેવા જ શ્રી નેમિનાથ પ્રભુને નમી, ત્યાં આગળ નવા નવા અનેક પ્રકારના ઉત્સવો કરી, પુષ્કળ ધનનું દાન આપી અને બરેબર સંઘપતિ થઈ આખા નિર્દોષ સંઘને સાથે લઈ પોતાને ઘેર પાછા આવ્યા. ૫૭–૫૮

श्रीगच्छेंद्रगिरा सुधारसकिरा शिष्योत्करैः संयुता,
गर्वोर्वकुवादिसिंधुरघटाविध्वंसपंचाननाः ।
पूर्णेंदुप्रतिमानना घनजनाह्लादप्रकर्षप्रदाः,
श्रीमन्तो मुनिसुंदराह्वगुरवः क्षोणौ विहारं व्यधुः ॥ ५९ ॥

પછી ગર્વથી ભરપૂર એવા મોટા કુવાદીરૂપ ગજેંદ્રોની ઘટાને ત્રાસ આપવા માટે કેશરી સિંહ જેવા, પૂર્ણચંદ્ર સમાન મુખવાળા અને ઘણા લોકોને ઉત્કૃષ્ટ આનંદ આપનારા તે શ્રીમાન્ મુનિસુંદર ગુરૂએ અમૃત રસને ઝરતી શ્રી ગચ્છપતિ (સોમસુંદરસૂરિ)ની આજ્ઞાથી શિષ્યોના સમૂહ સાથે ત્યાંથી અન્યત્ર વિહાર કર્યો. ૫૯

આવી અદ્ભુત રીતે આ ગ્રંથના કર્ત્તા શ્રીમુનિસુંદરસૂરિને આચાર્યપદનો અભિષેક થયો. એ હકીકત વાંચતાં બહુ આશ્ચર્ય ઉપજે છે. ગચ્છાધિપતિ સોમસુંદરસૂરિનું સ્વર્ગગમન સંવત્ ૧૪૯૯ માં થયું એમ ધર્મસાગર ઉપાધ્યાય પોતાની પટ્ટાવલીમાં લખે છે. આ

વખતે સર્વ આચાર્યોમાં શ્રેષ્ઠ મુનિસુંદરસૂરિ ગચ્છના અધિપતિ થયા. તેઓનું સ્વર્ગગમન સંવત્ ૧૫૦૩ માં થયું. તેઓનું જીવન ૬૭ વરસનું થયું ત્યારે તેમણે કાળ કર્યો. તેમાં ૬૦ વરસ દીક્ષાપર્યાય પાળ્યો, ૨૫ વરસ આચાર્ય તરીકે પ્રસિદ્ધ રહ્યા અને ગચ્છાધિપતિપણાનો ભાર માત્ર ૪ વરસ જ વહન કર્યો, જો કે સંભવિત છે કે ગુરૂની વૃદ્ધાવસ્થામાં તેઓએ જ ગચ્છની વ્યવસ્થા ઉપર ગુરૂમહારાજની બાજુએ રહીને પૂરતી રીતે ધ્યાન આપ્યું હશે.

આ સૂરિમહારાજ અસાધારણ વિદ્વત્તા ધરાવતા હતા. તેઓની યાદશક્તિ બહુ તેજસ્વી હતી અને શાસ્ત્રનું વિજ્ઞાન અદ્ભુત હતું. તેઓ એક હજાર અવધાન કરી શકતા હતા. એકી સાથે જુદી જુદી એક હજાર બાબતમાં ધ્યાન આપવું અને તેમાંનો કોઇપણ ભાગ પૂછે તેને કહી બતાવવો એ જ્ઞાનાવરણીના પ્રબળ ક્ષયોપશમથી પ્રાપ્ત થયેલી અદ્ભુત યાદશક્તિ અને મગજબળનો નમુનો છે. આ કાળમાં વધારેમાં વધારે સો અવધાન કરનારા સાંભળ્યા છે. જ્યારે કોઈ કોઈ આઠ, દશ કે પંદર સુધી કરનારા હોય છે, તેઓ તરફ પણ વિદ્વાનો અપૂર્વ માનની દૃષ્ટિથી જુએ છે; તો આવા હજાર અવધાન કરનારની કેવી અદ્ભુત શક્તિ હશે તે ખ્યાલમાં આવી શકવું પણ બહુ મુશ્કેલ છે. આબાલ બ્રહ્મચર્ય અને મનપર અપૂર્વ કાબુ વગર આ શક્તિ પ્રાપ્ત થવી મહા મુશ્કેલ છે. તેઓ 'સહસ્રાવધાની' તરીકે જૈન ગ્રંથોમાં પ્રસિદ્ધ થયા છે. તેઓનું જ્ઞાન કેટલું અપૂર્વ હતું તેનો ખ્યાલ કરવા માટે બીજી એ હકીકત ઇતિહાસમાં નોંધાયલી છે. તેઓને દક્ષિણ દેશના કવિઓએ 'કાલી સરસ્વતી'નું બિરૂદ આપ્યું હતું. અન્ય કોમના વિદ્વાનો અપૂર્વ વિદ્વત્તા વગર આવું ઉપનામ આપે એ અસંભવિત છે અને તેમાં પણ દક્ષિણના વિદ્વાનો બહુ વિચાર કરીને જ પદવી આપે છે. દક્ષિણ દેશના કવિઓની પ્રખ્યાતિ ભર્તૃહરિના વખતથી છે. તેઓ એક પ્રસંગે કહે છે કે अग्रे गीतं सरसकवयः पार्श्वतो दाक्षिणात्याः (મોઢા આગળ ગીત ગવાતાં હોય અને બન્ને બાજુએ દક્ષિણ દેશના કવિઓ બિરૂદાવલી બોલતા હોય વિગેરે). આ ઉપાધિનો અર્થ શું થાય છે તે બરાબર સમજી શકાતું નથી, પરંતુ કવિત્વશા

ક્તિમાં અદ્‌ભુત ચાતુર્ય બતાવનારને તે પદવી મળે છે એમ માલૂમ પડે છે. તેઓ કવિત્વશક્તિમાં આટલા નિપુણ હતા તે ઉપરાંત તર્ક–ન્યાયમાં પણ બહુ નિપુણ હતા. તેઓને મુઝફરખાન બાદશાહ તરફથી 'વાદીગોકુળષંઢ'નું બિરૂદ મળ્યું હતું. વાદીઓરૂપ ગાયોના સમૂહના તેઓ પતિ હતા એટલે તેઓ અનેક વાદીઓને પોતાને કબજે રાખી પરાસ્ત કરી શકે એવી શક્તિવાળા હતા એમ આ બિરૂદનો અર્થ થાય છે. આવી રીતે તેઓની યાદશક્તિ, કવિત્વશક્તિ અને તર્કશક્તિ બહુ ખીલેલી હતી એમ જણાય છે. સ્મરણશક્તિ, કલ્પનાશક્તિ અને ન્યાયશક્તિ Memory, Imagination and Reasoning faculty આ ત્રણ મગજની શક્તિઓ છે અને એ ત્રણે એક જ પુરુષમાં બહુ વિકસ્વર થયેલી હોય એવા દાખલા જવલ્લે જ જોવામાં આવે છે, લગભગ નથી જોવામાં આવતા એમ કહીએ તો ચાલે. ત્રણમાંથી એકાદ શક્તિ ઓછી વત્તી ખીલેલી હોય એવા દાખલાઓ તો બને છે, પણ ત્રણેનો એકત્ર યોગ બહુ અલ્પ સ્થાને હોય છે.

આ મહાત્મા સૂરિમહારાજની અદ્‌ભુત શક્તિઓના સંબંધમાં તેમના સમયની નજીકમાં થયેલા વિદ્વાનો કેવો અભિપ્રાય બતાવી ગયા છે એ જાણવું પ્રાસંગિક થઈ પડશે. તેઓના વખતમાં જ થયેલા શ્રીપ્રતિષ્ઠાસોમ નામના સાધુ સોમસૌભાગ્ય કાવ્યના દશમા સર્ગમાં લખે છે કે:—

श्रीसोमसुंदरयुगोत्तमसूरिपट्टे, श्रीमान् रराज मुनिसुंदरसूरिराजः ।
श्रीसूरिमंत्रवरसंस्मरणैकशक्तिर्यस्याभवद् भुवनविस्मयदानदक्षा ॥
श्रीरोहिणीति विदिते नगरे ततीति,
पश्चात्कृते किल चमत्कृतहृतपुरेशः ।
ऊरीचकार मृगयाकरणे निषेधं,
प्रावर्तयन्निखिलनीवृति चाप्यमारिम् ॥
प्रागेव देवकुलपाटकपत्तने यो, मारेरुपद्रवदलं दलयांचकार ।
श्रीशांतिकृत्स्तवनतोऽनतोत्तमांगभूपालमौलिमणिघृष्टपदारविंदः ॥
श्रीमानदेवशुचिमानसमानतुंग-
सूरेः प्रभाविकगुरून् स्मृतिमानयद्यः ।

श्रीशासनाभ्युदयदप्रथितावदातै-
स्तैस्तैश्चमत्कृतिकरैः कुसुदावदातैः ॥

"યુગપ્રધાન શ્રી સોમસુંદરસૂરિની પાટે મુનિસુંદરસૂરિ વિરાજિત થયા, જેઓની પ્રધાન સૂરિમંત્ર સ્મરણ કરવાની શક્તિ ત્રણ ભુવનને વિસ્મયનું દાન આપવામાં દક્ષ થઈ હતી. શ્રી રોહિણી નગરમાં મરકીના ઉપદ્રવને દળી નાખવાથી (બંધ કરવાથી) આશ્ચર્ય પામી તે નગરના રાજાએ પોતે શિકાર કરવાનો ત્યાગ કર્યો અને આખા દેશમાં અમારિ પ્રવર્ત્તાવી. આ સૂરિરાજને નમસ્કાર કરતા રાજાઓના મુગટમાં રહેલા મણિઓથી જેઓનાં ચરણકમળ ઘસાય છે એવા તે આચાર્ય મહારાજે પ્રથમ દેવકુલપાટક નગરમાં શાંતિને કરનાર એવા શાંતિકર સ્તોત્રથી મહામારીના ઉપદ્રવનો નાશ કર્યો હતો. જૈન શાસનનો અભ્યુદય કરનાર, કમળ જેવા ઉજ્જવળ અને ચમત્કાર ઉપજાવનાર, ઉજ્જવળ ચરિત્રોથી આ સૂરિમહારાજે શ્રી માનદેવ અને પવિત્ર હૃદયવાળા માનતુંગ વિગેરે પ્રભાવિક ગુરૂઓને યાદ દેવરાવ્યા હતા."

આ ટાંચણપરથી જણાય છે કે તેઓ અદ્‌ભુત ચમત્કારી તરીકે તે સમયમાં ગણાતા હતા. દેવકુળપટ્ટન જે અત્યારે પ્રભાસપાટણ તરીકે ઓળખાય છે ત્યાં મહામારીનો ઉપદ્રવ ચાલતો હતો, ત્યારે શાંતિકર સ્તોત્ર (संतिकरं) બનાવી તે ઉપદ્રવ દૂર કર્યો એમ આ શ્લોકપરથી જણાય છે. એ શાંતિકર સ્તોત્ર ત્યાર પછી એટલું બધું લોકપ્રિય થઈ પડ્યું છે કે નવસ્મરણમાંનું તે એક ગણાય છે. તેની બારમી ગાથામાં સૂરિ પોતે શ્રી શાંતિનાથની સ્તુતિ કરતાં કહે છે કે.

एवं सुदिट्ठि सुरगण, सहिओ संघस्स संति जिणचंदो ।
मज्झवि करेउ रक्कं, मुणिसुंदरसूरिथुअमहिमा ॥

સમ્યક્ દૃષ્ટિવાળા દેવસમૂહ સહિત એવા હે શાંતિજિનચંદ્ર! શ્રી સંઘનું રક્ષણ કરો અને મારૂં પણ રક્ષણ કરો. એ શાંતિનાથ મહારાજની મુનિઓમાં સુંદર શ્રુતકેવલીઓ અને આચાર્યોએ સ્તુતિ કરી છે. અત્ર વિદ્વાન્ સ્તોત્રકર્ત્તાએ પોતાનું નામ પણ ગર્ભિત રીતે સૂચવી દીધું છે.

એજ સ્તોત્રનો ચૌદમો શ્લોક જે ક્ષેપક હોય એમ માનવામાં આવે છે તેમાં લખવામાં આવ્યું છે કેઃ—

तवगच्छगयणदिणयर, जुगवरसिरिसोमसुंदरगुरुणम ।
सुपसायलद्धगणहर, विज्जासिद्धिं भणइ सीसो ॥

'તપગચ્છરૂપ ગગનમાં સૂર્ય સમાન યુગપ્રધાન શ્રી સોમસુંદર ગુરૂના સુપ્રસાદે પ્રાપ્ત થયેલી વિદ્યાસિદ્ધિને શિષ્ય મુનિસુંદરસૂરિ ભણે છે.' આ છેલ્લા શ્લોકનો પાઠ બહુધા કરવામાં આવતો નથી. મહામારીના ઉપદ્રવનો નાશ કરવા માટે આ સ્તોત્ર બનાવી વ્યાધિનો નાશ કર્યો તેવો જ બનાવ શ્રી માનદેવસૂરિના વખતમાં પણ બન્યો હતો અને તેમણે લઘુશાંતિ બનાવી ઉપદ્રવનો નાશ કર્યો હતો. માનતુંગાચાર્ય તે ભક્તામરના કર્ત્તા છે અને તેમણે શ્લોકોના ઉચ્ચાર સાથે બંધ વિગેરે તોડ્યા હતા એમ કહેવાય છે. આવા ચમત્કાર કરનારા પૂર્વાચાર્યોને શ્રી મુનિસુંદરસૂરિએ ફરી યાદ દેવરાવ્યા હતા એટલે આ મહાત્માને જોઇને તેઓ પણ સાંભરતા હતા. મતલબ આ સૂરિમહારાજ તેઓની જેવા હતા એવો પ્રતિષ્ઠાસોમનો અભિપ્રાય છે.

આ સૂરિમહારાજના સમય પછી સવાસો વરસે પટ્ટમી પાટે શ્રી હિરવિજયસૂરિ થયા જેઓએ અકબર બાદશાહને જૈન ધર્મ સમજાવ્યો હતો અને તીર્થ સંબંધી અનેક હુકો મેળવ્યા હતા. આ આચાર્યના જીવનકાળનું ચરિત્ર લખનાર શ્રી હીરસૌભાગ્ય નામના મહાકાવ્યના કર્ત્તા પૂર્વાચાર્યોના સંબંધમાં લેખ લખે છે. તેઓ પણ મુનિસુંદરસૂરિના નજીકના સમયમાં થયા છે તેથી તેઓ મુનિસુંદરસૂરિ માટે શું કહે છે તે પણ જાણવું પ્રાસંગિક થઇ પડશે.

पट्टश्रियास्य मुनिसुंदरसूरिशक्रे,
संप्राप्तया कुवलयप्रतिबोधदक्षे ।
कान्त्यैव पद्मसुहृदः शरदिन्दुबिंबे,
प्रीतिः परा व्यरचि लोचनयोर्जनानाम् ॥

એજ ગ્રંથની ટીકા અનુસાર જરા વિસ્તારથી અર્થ લખવાથી આનો ભાવ સ્પષ્ટ સમજાશે. આ શ્લોકમાં કહે છે કે આ (સોમ-

સુંદરસૂરિ)ની પટ્ટ લક્ષ્મી ઉપર મુનિસુંદર નામના સૂરિશક્ર (મોટા આચાર્ય) જેઓ કુવલય (પૃથ્વીરૂપી વલયપક્ષે રાત્રિવિકાસી કમળ)ને જાગ્રત કરવામાં ચતુર શરદ ઋતુના ચંદ્ર જેવા હતા તેઓ સૂર્યની કાન્તિથી લોકોની દૃષ્ટિને બહુ આનંદ ઉપજાવતા હતા. આ શ્લોકમાં કહેવાનો તાત્પર્યાર્થ એ છે કે લોકોને બોધિબીજ, દેશવિરતિ, સર્વવિરતિ પ્રમુખનું દાન આપવાવડે કરીને તેઓનો વિકાસ કરવામાં આ સૂરિમહારાજ ચતુર-દક્ષ હતા.

योगिनीजानितमार्युपप्लवं,
येन शांतिकरसंस्तवादिह ।
वर्षणादिव तपर्तुतप्तयो
नीरवाहनिवहेन जज्ञिरे ॥

શિવપુર નામના નગરમાં વ્યંતરીએ ઉત્પન્ન કરેલ મહામારી (મરકી)નો ભયંકર ઉપદ્રવ ચાલ્યો ત્યારે તે મહાત્માએ संतिकरं संतिजिणम् વિગેરે શબ્દોવાળા શાન્તિકર સ્તોત્રથી જેમ વાદળનો સમૂહ ગ્રીષ્મ (ઉનાળા) કાળના તડકાને વરસાદથી હાંકી કાઢે તે પ્રમાણે દૂર કર્યો—મારી હઠાવ્યો. આ શ્લોકપરથી એટલું વિશેષ માલૂમ પડે છે કે શાંતિકર સ્તોત્ર શિવપુર નગરમાં બનાવવામાં આવ્યું હતું. (અગાઉ દેવકુળપત્તનનું નામ આવ્યું છે તેથી શિવપુર નામ જુદું જણાય છે.)

बाल्येऽपि रश्मीन्सरसाजबन्धु-
रिवावधानानि वहन्सहस्रम् ।
अष्टोत्तरं वर्तुलिकानिनाद-
शतं स्म वेवेक्ति धियां निधिर्यः ॥

જેમ નાનો સૂર્ય હોય તોપણ એક હજાર કિરણો ધારણ કરે છે તેમ આ સૂરિ નાના હતા ત્યારે પણ એક હજાર અવધાન કરી શકતા હતા અને તે બુદ્ધિના ભંડાર આચાર્ય મહારાજ એકસો ને આઠ જાતના વાટકાનો નાદ પારખી શકતા હતા. આ સંબંધમાં એક કથાનક ટીકાકાર કહે છેઃ—એક વખત પાટણ શહેરમાં દૂર દેશથી વાદીઓ આવ્યા, તેઓ પત્રાવલંબન વિગેરે પણ કરતા હતા. રાજસભામાં વાદવિવાદ છ માસ સુધી ચાલ્યો અને છેવટે પોતાનું અદ્‌ભુત ચાતુર્ય બતાવવા સાથે મુનિસુંદરે એકસો આઠ વાટકાઓના

જુદા જુદા અવાજ ગમે તે અનુક્રમે પૂછવામાં આવતાં કહી બતાવી બુદ્ધિબળ પ્રગટ કરી સર્વ વાદીઓને પરાસ્ત કર્યા.

अलंभि याभ्यां दिशि येन काली-
सरस्वतीदं विरुदं बुधेभ्यः ।
रवेरुदीच्यामिव तत्र तेजो-
तिरिच्यते यत्तुनरत्र चित्रम् ॥

દક્ષિણ દેશના પંડિતો તરફથી તેઓશ્રીને 'કાલી સરસ્વતી' નું બિરૂદ પ્રાપ્ત થયું હતું. સૂર્યનું તેજ તો ઉત્તર દિશામાં વૃદ્ધિ પામતું હોય છે, પણ આમનો પ્રતાપ તો દક્ષિણમાં પણ વિસ્તરતો હતો, એ મહા આશ્ચર્યનું કારણ થયું છે. આ પ્રમાણે તેઓની નજીકના સમયના વિદ્વાનો તેઓ માટે મત ધરાવતા હતા. તેઓની શક્તિ બહુ અદ્ભુત હતી તે તો તેઓના ગ્રંથોપરથી પણ જણાય છે. તેઓએ જે જે વિષયો લીધા છે તે સંબંધમાં કોઈપણ જાતના ક્ષોભ કે ભય વગર હિંમતથી અને સત્યતાથી તેઓ બોલ્યા છે. તેઓનું આત્મિક બળ યતિશિક્ષા અધિકાર બહુ સારી રીતે બતાવી આપે છે. આવી બાબતમાં આવા આકરા શબ્દોમાં પોતાના જ વર્ગને શિક્ષા આપવી એ મનપર અસાધારણ કાબુ અને માનસિક ધૈર્ય વગર બનતું નથી. એ અધિકારનો દરેકે દરેક શ્લોક સૂરિ-મહારાજની આત્મવિભૂતિ બતાવવા માટે પૂરતો છે. આ મહાત્મા આચાર્યે સંવત્ ૧૫૦૩ માં કાળ કર્યો. તેઓ પછી મૂળ પાટ પર રત્નશેખરસૂરિ આવ્યા. આ ગ્રંથકર્ત્તાના વખતમાં જૈન સમાજનું બંધારણ કેવું હશે તે વિષે અનુમાન કરતાં પહેલાં એમણે કયા કયા ગ્રંથો બનાવ્યા છે તે જોઈ લઈએ. આ મહાત્માએ ઘણા ગ્રંથો બનાવેલા હોવા જોઈએ એવું અનેક કારણોથી અનુમાન થાય છે. તેઓ મોટી વય સુધી જીવ્યા છે, બાલ્ય કાળથી દીક્ષિત થયા છે, સ્મરણશક્તિ, કલ્પનાશક્તિ અને તર્કશક્તિ માટે ઉપનામો મેળવ્યાં છે અને જે ગ્રંથો મળે છે તેમાં તેઓનો ભાષા ઉપરનો કાબુ અસા-ધારણ માલૂમ પડે છે; પણ ત્યાર પછીના મુસલમાની કાળમાં રાજ્ય તરફના જુલમને લીધે અને લોકોની અસ્તવ્યસ્ત સ્થિતિને લીધે બહુ ગ્રંથો નષ્ટપ્રાય થઈ ગયા અને તેથી

પણ વધારે ખુવારી છેલ્લા ત્રણશે વરસમાં શાસ્ત્રાભ્યાસ તરફ વિશેષ અભિરૂચિની ગેરહાજરીને લીધે થઈ, એ આપણે અનેક કારણોથી જાણીએ છીએ તેથી આ ગ્રંથકર્ત્તાના કરેલા ગ્રંથોના સંબંધમાં પણ તેમજ બનવાનો સંભવ છે. તપાસ કરતાં જે ગ્રંથોનાં નામો મળી શક્યાં છે તે નીચે પ્રમાણે છે.

૧. ત્રિદશ તરંગિણી–આ ગ્રંથમાં ચોવીશ તીર્થંકરનું ચરિત્ર અને સુધર્માસ્વામીથી મૂળ પાટ ઉપર થયેલા આચાર્યોનું લીસ્ટ આપ્યું છે. એ ગ્રંથના ત્રણ મોટા વિભાગ પાડ્યા હોય એમ જણાય છે. પ્રથમ વિભાગમાં શ્રી વીરપરમાત્માનું ચરિત્ર, બીજા વિભાગમાં ત્રેવીશ તીર્થંકરોનું ચરિત્ર અને ત્રીજા વિભાગમાં આચાર્યોનું વર્ણન આપ્યું છે. આ ત્રણ વિભાગો પર્યુષણ પર્વમાં હાલ જેમ સુબોધિકા વંચાય છે તેમ વાંચવા માટે નિર્માણ કર્યા હશે એમ જણાય છે. આ ગ્રંથ પૈકી પ્રથમના બે વિભાગો લભ્ય નથી. ત્રીજો વિભાગ ગુર્વાવલીના નામથી પ્રસિદ્ધ છે અને તે મૂળ ગ્રંથ શ્રી બનારસ પાઠ-શાળા તરફથી છપાઈને બહાર પડ્યો છે. તેની અંતે તેઓશ્રી લખે છે કે–

इतिश्रीयुगप्रधानावतारश्रीमत्तपागच्छाधिराजबृहद्गच्छनायकपूज्याराध्य-
परमाप्तपरमगुरुश्रीदेवसुंदरसूरिगणराशिमहिमार्णवाद्गामिन्यां तद्विनेय
श्रीमुनिसुंदरगणिहृदयहिमवदवतीर्णश्रीगुरुप्रभावपद्मह्रदप्रभवायां श्रीमहा-
पर्वाधिराजश्रीपर्युषणापर्वविज्ञप्तित्रिदशतरंगिण्यां तृतीये श्रीगुरुवर्णन-
स्रोतासि गुर्वावलीनाम्नि महाह्रदेऽनभिव्यक्तगणना एकषष्टिः तरंगाः

આ ગુર્વાવલી ગ્રંથના કુલ ૪૯૬ શ્લોકો છે અને ઐતિહાસિક ગ્રંથ તરીકે તે બહુ જ ઉપયોગી ગ્રંથ ગણાય છે. આ ગ્રંથ તેઓએ સંવત્ ૧૪૬૬ માં પૂર્ણ કર્યો એમ એ જ ગ્રંથના શ્લોક ૪૯૩ પરથી જણાય છે. આ તે જ શાલ હતી કે જે શાલમાં તેઓને વાચકપદ મળ્યું હતું, પણ આ ગ્રંથમાં તેઓ પોતાને ગણિ તરીકે ઓળખાવે છે તેથી આ ગ્રંથ પૂર્ણ કર્યા પછી તેઓને વાચકપદ (ઉપાધ્યાયપદ) મળ્યું હશે અથવા ગણિ ને વાચક એકાર્થવાચક હશે એમ અનુ-માન થાય છે. વળી આ વખતે મૂળ પાટ ઉપર સોમસુંદરસૂરિ હતા છતાં દેવસુંદરસૂરિના સંબંધમાં બહુ વર્ણન કરવા ઉપરાંત પોતાની જાતને તેના વિનેય (શિષ્ય) તરીકે જણાવે છે તેથી

અગાઉ જણાવ્યું તેમ મુનિસુંદરસૂરિના દીક્ષાગુરૂ દેવસુંદરસૂરિ હોય એમ અનુમાન થાય છે. આ ગુર્વાવલી ગ્રંથમાં તેઓનો ભાષાપરનો કાબુ બહુ ઉત્તમ પ્રકારનો જોવામાં આવે છે અને છંદો પણ વારંવાર બદલાતા જાય છે. ઐતિહાસિક દૃષ્ટિથી આ ગ્રંથ બહુ ઉપયોગી છે અને વિક્રમની પંદરમી સદીમાં તપગચ્છનું અને જૈન બંધુઓનું કેવું બંધારણ હતું તે વિષયપર સારો પ્રકાશ પાડે છે જે આપણે આગળ ઉપર જોશું.

૨. ઉપદેશરત્નાકર–આ ગ્રંથ કઈ સાલમાં બનાવવામાં આવ્યો તે માલૂમ પડતું નથી. આ ગ્રંથમાં ઉપદેશની ફિલોસોફી આપવામાં આવી છે. તેમાં ઉપદેશ આપવાનો વિધિ, ઉપદેશને ગ્રહણ કરવાને યોગ્ય તથા અયોગ્ય પુરૂષોનાં લક્ષણ, મોહિત ચિત્તવૃત્તિવાળા પુરૂષનાં લક્ષણ, કેટલાક પુરૂષો ધર્મ સાધી શકતા નથી, કેટલાક પાળી શકતા નથી તેનું સ્વરૂપ, ધર્મોપદેશની વૃષ્ટિથી થતાં ફળો, ઉપદેશને અયોગ્ય પુરૂષોની સર્પ, જળો વિગેરે સાથે દાર્ષ્ટાંતિક યોજના, ઉપદેશ આપનાર યોગ્ય અયોગ્ય ગુરૂનું સ્વરૂપ, ગુરૂ અને શ્રાવક બન્નેની યોગ્યતાનું સ્વરૂપ વિગેરે વિગેરે અનેક પ્રકારના વિષયોપર વિવેચન કરવામાં આવ્યું છે. આ ગ્રંથની યોજના બહુ ઉત્તમ છે અને તેમાં પાડેલા તરંગો આત્માને શાંતિ આપે છે. અધ્યાત્મકલ્પદ્રુમ ગ્રંથની ભાષા કરતાં આ ગ્રંથની ભાષા તદ્દન જુદા પ્રકારની છે. એમાં દરેક વિષયપર બહુ બહુ દૃષ્ટાંતો મૂક્યાં છે અને ઉપદેશની એકની એક હકીકત અનેક આકારમાં કહી છે. શ્રોતા અને વક્તા બન્નેએ આ ગ્રંથ મનન કરીને વાંચવા જેવો છે. અધ્યાત્મકલ્પદ્રુમ જ્યારે ગંભીર ભાષામાં અને ઉચ્ચ વૃત્તિમાં લખાયલો છે ત્યારે આ ગ્રંથ અલંકારિક ભાષામાં અને વ્યવહારૂ વૃત્તિથી લખાયલો છે. ધર્મ અને તેના અધિકારી કોણ એ આ પુસ્તકમાં બહુ વિસ્તારથી બતાવ્યું છે. બહુ ઉપયોગી વિષયોનો અત્ર સમાવેશ થાય છે. આ ગ્રંથપર વિસ્તારથી ટીકા પણ મુનિસુંદરસૂરિ મહારાજે પોતે જ રચી છે. આ ગ્રંથનો શરૂઆતનો ભાગ શ્રી જૈન વિદ્યાપ્રસારક વર્ગ તરફથી છપાયો છે.

૩. અધ્યાત્મકલ્પદ્રુમ–આ ગ્રંથ સૂરિમહારાજે કઈ શાલમાં બનાવ્યો તે કહી શકાતું નથી, પણ પ્રસંગે પ્રસંગે અનુભવના

ઉદ્ગારરૂપે તેના શ્લોકો બનાવ્યા હોય એમ જણાય છે. આ ગ્રંથની ભાષા અતિ ઉત્તમ, હૃદયને અસર કરે તેવી અને વિષયરચના બહુ સાદી પણ ઉપયોગી અને વાંચીને વિચારે તેને મહા લાભ કરનારી છે. આ ગ્રંથના સંબંધમાં ઉપોદ્ઘાતમાં અગાઉ વિવેચન થઈ ગયું છે તેથી અત્ર વિશેષ લખવાની આવશ્યકતા નથી.

૪. સ્તોત્રરત્નકોષ–આમાં અનેક સ્તોત્રો સૂરિમહારાજનાં બનાવેલાં છે. એમાંનાં કેટલાંક સ્તોત્રો પ્રગટ થયાં છે. આ ગ્રંથ હજુ મારા જોવામાં આવ્યો નથી તેથી તેપર વિશેષ વિવેચન કરી શકાય તેવી સ્થિતિ નથી, પણ સૂરિમહારાજનો સંસ્કૃત ભાષાપરનો કાબુ જોતાં સ્તોત્રો કાવ્યચમત્કૃતિનો નમુનો હશે એમ અનુમાન થાય છે.

૫. મિત્રચતુષ્ક કથા–આમાં ચાર મિત્રની કથા છે. એ ગ્રંથ નાનો પણ ઉપદેશક છે અને લભ્ય છે. એના સંબંધમાં વિશેષ હકીકત હવે પછી તે ગ્રંથ મેળવીને બહાર પાડવા ઇચ્છા છે.

૬. શાંતિકર સ્તોત્ર–શિવપુર અથવા દેવકુળપટ્ટનમાં મહામારીનો ઉપદ્રવ થતાં શ્રી સંઘના આગ્રહથી આ પવિત્ર સ્તોત્ર બનાવી સંઘમાંથી ઉપદ્રવ દૂર કર્યો કહેવાય છે. આ સ્તોત્ર માત્ર તેર અથવા ચૌદ ગાથાનું છે, પણ જૈન વર્ગને તે એટલું બધું પ્રિય થઈ પડ્યું છે કે તેને દરેક પ્રસંગે ગણવાનાં સ્તોત્રોમાં દાખલ કર્યું છે. આ શાંતિકર સ્તોત્રમાં કાવ્યચમત્કૃતિ નથી પણ મંત્રચમત્કૃતિ છે. અક્ષરના સંયોગોમાં ચમત્કાર રહેલો છે એમ હવે પશ્ચિમ તરફના લોકો પણ માનવા લાગ્યા છે. આવા અક્ષરસંયોગોવડે શાસનનાં અધિષ્ઠાતા દેવ દેવીઓની સ્તુતિ, આવાહન, નામસ્મરણ વિગેરેનો આ સ્તોત્રમાં સમાવેશ કર્યો છે.

૭. પાક્ષિક સિત્તરી–આ નાનું પ્રકરણ છે. તેની બાવીશ લગભગ ગાથા છે. તેમાં પાક્ષિક પર્વ (પખ્ખી)–ચઉદશને દિવસે કરવું જોઈએ તેનો નિર્ણય બતાવ્યો છે. ગ્રંથ વિધિવાદનો છે. આ ગ્રંથ પણ મારા જોવામાં આવ્યો નથી પણ લભ્ય છે.

૮. અંગુલ સિત્તરી–ઉપરના જેવો જ આ પણ નાનો પ્રકરણ ગ્રંથ છે જે હજુ મારા જોવામાં આવ્યો નથી. તેમાં ઉત્સેધાંગુલ, પ્રમાણાંગુલ અને આત્માંગુલ સંબંધી વિચાર બતાવવામાં આવ્યો છે.

૯. વનસ્પતિ સિત્તરી–આ પણ નાનું પ્રકરણ છે. એમાં વિષય શું છે તેની ખબર નથી. પરંતુ પ્રત્યેક ને સાધારણ વનસ્પતિનાં લક્ષણ અને તેના ભેદો વિગરેનું સ્વરૂપ હોવા સંભવે છે.

૧૦. તપાગચ્છપટ્ટાવલી–ગુર્વાવલી ઉપરાંત તેઓએ તપાગચ્છની પટ્ટાવલી જુદી પણ બનાવી છે, જે મળી શકે છે.

૧૧ શાંતરસરાસ–રસાધિરાજ શાંતરસપર આ રાસ ગુજરાતી ભાષામાં રચ્યો છે. જુની ગુજરાતી ભાષાનો તે નમુનો છે.

આવી રીતે મુનિસુંદરસૂરિ મહારાજે અનેક ગ્રંથો બનાવ્યા છે તેમાંથી ઉપર લખ્યા તે લભ્ય છે. એ ગ્રંથો પણ આ વિદ્વાન આચાર્યની મહત્વતા અને અદ્‌ભુત શક્તિનો ખ્યાલ આપવા માટે પૂરતા છે. આ સૂરિમહારાજના સંબંધમાં અહીં તહીંથી આટલી હકીકત મેળવી શકાણી છે. ઐતિહાસિક ગ્રંથોની ગેરહાજરીને લીધે આવી અગત્યની બાબતમાં સાધારણ અને આજુબાજુની હકીકત ઉપર આધાર રાખવો પડે છે; છતાં એક ગ્રંથકર્ત્તા માટે આટલી પણ હકીકત પ્રાપ્ત થાય છે એટલું જૈન ઈતિહાસકારોને માટે માનપ્રદ છે.

હવે મુનિસુંદરસૂરિ મહારાજના વખતમાં સોસાયટીનું બંધારણ કેવા પ્રકારનું હતું એ હકીકત જાણવામાં આવે તો ગ્રંથ સમજવામાં બહુ ઉપયોગી થાય; કારણ કે ગ્રંથો હમેશાં ચાલુ જમાનાની હવાવાળા હોય છે. આ સંબંધમાં સીધો પુરાવો ગ્રંથમાંથી મળી શકે તેમ નથી, પણ સૂરિમહારાજે આ અધ્યાત્મકલ્પદ્રુમ ગ્રંથના જે વિભાગો પાડ્યા છે તેપરથી કેટલુંક અજવાળું પડે છે. આધ્યાત્મિક જીવન સંબંધમાં લોકોની સ્થિતિ બહુ મંદ પડી ગઇ હોય એમ લાગતું નથી; કારણ કે જો એ વિષયપર લોકોની રૂચિ તદ્દન ઉડી ગઇ હોય તો તે વિષયનો ઉપદેશ બહુ થાય નહિ. છતાં એટલું તો જણાય છે કે આધ્યાત્મિક વિષય તરફ લોકોની બહુ રૂચિ નહિ હોય. કમનશીબે આ સંબંધે સાક્ષી આપે તેવા પંદરમા સૈકાના

બીજા ગ્રંથો નથી તેથી આ સંબંધમાં વિશેષ કહી શકાતું નથી, પણ યતિશિક્ષા અધિકાર જે શબ્દોમાં લખાયો છે તે બતાવે છે કે આધ્યાત્મિક જીવન બહુ ઉચ્ચતર સ્થિતિ તો ભોગવતું નહિ જ હોય. આજુબાજુની હકીકત પણ આ બાબતમાં સાક્ષી આપે છે. હિંદુસ્તાનની સ્થિતિ આ સમયમાં બહુ જ અવ્યવસ્થિત હતી. તઘલખવંશનું રાજ્ય ચાલતું હતું, થોડા વખત પહેલાં જ અલ્લાઉદ્દીન ખૂની જેવા ખીલજી વંશના પાદશાહોએ કાળો કેર વર્તાવ્યો હતો અને લોકોના જાનમાલની સલામતી બિલકુલ નહોતી. રાજ્યક્રાન્તિ પણ વારંવાર થયા કરતી હતી અને મહમુદ ગાંડા જેવા રાજાઓ રાજ્યપર આવી ગયા હતા. આવા અવ્યવસ્થિત સમયમાં અનેક પ્રતિમાઓ, પુસ્તકો અને દેરાસરોનો નાશ થયો તેની સાથે લોકો પોતાની ઐહિક સંપત્તિ સંભાળવા જતાં પારલૌકિક તરફ ધ્યાન ન આપી શકયા અને તે બાબતને લીધે જ ચૌદમા, પંદરમા અને સોળમા સૈકામાં જૈન તેમજ અન્ય કોમમાં કોઈ અસાધારણ વિદ્વાન્ થયા નહિ.

આવા રાજ્યક્રાન્તિના સમયમાં જૈન કોમના સંબંધમાં અને મુનિ મહારાજાઓના સંબંધમાં શું સ્થિતિ હતી તે પણ અત્ર જાણવા લાયક છે. ગચ્છના ભેદો અગ્યારમા અને બારમા સૈકામાં શરૂ થયા તે આ વખતમાં પૂર્ણ જોસમાં પ્રસરતા હતા એમ સોમસૌભાગ્ય કાવ્યપરથી જણાય છે. છઠ્ઠા સર્ગના બીજા શ્લોકમાં કહે છે કે "વિશ્વપ્રસિદ્ધ એવો તે સૂરિરૂપ સૂર્ય (સોમસુંદરસૂરિ) જ્યારે આકાશમાં વૃદ્ધિ પામ્યો, ત્યારે તારાઓની પેઠે વિગ્રહ કરનારા બીજા સૂરીશ્વરોનું તેજ આશ્ચર્ય સાથે અદૃશ્ય થઈ ગયું." ખુદ તપગચ્છનું બંધારણ બહુ ઉત્તમ હતું એમ માનવાનાં અનેક કારણો છે; અને તેની સાખીતિઓ બહુ મળે છે, જેપર નીચે વિવેચન થશે. ગ્રંથકર્ત્તાનો તેમજ લોકોનો એ વખતમાં ગુરૂ તરફ પૂજ્ય ભાવ અપૂર્વ હતો એ સોમસૌભાગ્ય કાવ્યપરથી અને અધ્યાત્મકલ્પદ્રુમના ગુરૂશુદ્ધિ અધિકારથી જણાય છે. પ્રથમ ગ્રંથ વર્તમાન સ્થિતિ ચિતરે છે, જ્યારે બીજો ગ્રંથ ભાવના ideal ચિતરે છે અને ભાવના હમેશાં વ્યવહારૂ હદની અંદર રહીને જ બાંધી શકાય છે. તપગચ્છની

મૂળ પાટમાં આગળ ઉપર જે સડો પેઠો તે મુનિસુંદરસૂરિના વખતમાં નહોતો એમ માની શકાય છે, કારણકે અપૂર્વ ત્યાગ વૈરાગ્ય વગર અધ્યાત્મકલ્પદ્રુમની ભાષા હૃદયમાંથી નીકળવી અસંભવિત છે. આ સ્થિતિ હિરવિજયસૂરિ સુધી જળવાઈ રહી એમ અનુમાન થાય છે. સત્યવિજય પન્યાસને ક્રિયાઉદ્ધાર કરવાનો પ્રસંગ આવ્યો તે બહુ બગાડો અને ગડબડાટ થયા પછી જ હોવું જોઈએ એમ તો ઈતિહાસથી પણ જણાય છે, પણ લોકસત્કાર વિગેરે બાહ્યાચારો માટે સૂરીશ્વરે યતિશિક્ષા અધિકારમાં જે વિસ્તારથી વિચારો જણાવ્યા છે તેપરથી એમ લાગે છે કે બગાડાની ધીમી શરૂઆત થવાનાં ચિહ્નો અદ્‌ભુત કલ્પનાશક્તિ ધરાવનાર સૂરિ નોંધી શક્યા હતા. સાધુવર્ગમાં સંપ બહુ ઊંચા પ્રકારનો હતો, કારણ કે તે જ કાવ્યના પાંચમા સર્ગના છઠ્ઠા શ્લોકમાં જણાવે છે તે પ્રમાણે દેવેંદ્રસૂરિએ પોતાના પટ્ટશિષ્ય તરીકે મનમાં નિર્ણય કરેલા સોમસુંદરસૂરિને જ્ઞાનસાગરસૂરિ પાસે અભ્યાસ કરવા મોકલ્યા હતા. આ પ્રમાણે બનતું હાલમાં બહુ અલ્પ સ્થળે જોવામાં આવે છે અને ખાસ કરીને પ્રિય શિષ્યને બીજાને સોંપવામાં બહુ સંપ જ કારણભૂત થઈ શકે છે એ વ્યવહારદૃષ્ટિથી વિચારી શકાય તેવું છે. તપગચ્છમાં તે સમયના પ્રમાણમાં વિદ્વાનો અને સાધુઓ બહુ હતા એમ ગુર્વાવલીના છેલ્લા પચીશ શ્લોકોપરથી જણાય છે. ગણની સ્થિતિ કેવી હતી તે લખતાં મુનિસુંદરસૂરિ કહે છે કે:—

गणे भवन्त्यत्र न चैव दुर्मदा,
नहि प्रमत्ता न जडा न दोषिणः ।
विदूरभूमिः किल सोपवीतिं वा
कदापि किं काचमणीनपि क्वचित् ॥

આ ગણમાં અભિમાની, પ્રમાદી, મૂર્ખો અને પાપ સેવનારા નહોતા અને તેમાં રત્નાધિકોજ ઉત્પન્ન થતા હતા, કાચના ટુકડાઓનો સંભવ નહોતો. આ ઉપરાંત ગચ્છમાં કેવા વિદ્વાનો હતા તે ઉપર કહ્યું તેમ છેલ્લા પચીશ શ્લોકો જોવાથી સમજાશે. આવી જ હકીકત પ્રતિષ્ઠાસોમ સોમસૌભાગ્ય કાવ્યના દશમા સર્ગના ૬૫ મા શ્લોકમાં કહે છે:—

श्रीसोमादिमसुंदरस्य सुगुरोः श्रीमद्गणे सद्गुणे,
मोहद्रोहकथाप्रथा न हि मनाक् नैव प्रमादच्छलम् ।
नो वार्ताप्यनृतस्य तस्य विकथा नामापि न श्रूयते,
राज्यं प्राज्यमनुत्तरं विजयते श्रीधर्मभूमीशितुः ॥

"શ્રી સોમસુંદરસૂરિના શ્રીમાન્ સદ્‌ગુણી ગચ્છમાં મોહ અને દ્રોહની કથા નહુતી, પ્રમાદ તથા છળ જરાપણ નહુતાં, અસત્યની વાત જ નહુતી અને વિકથાનું તો નામ જ સંભળાતું નહોતું; તેમાં તો કેવળ ધર્મરાજનું અનુપમ મોટું વિશાળ રાજ્ય વિજયવંત વર્તે છે." આવાં આવાં અનેક ચિત્રો ગ્રંથકારે મૂક્યાં છે, તેમાં સહજ અતિશયોક્તિ હોય તોપણ સામટી રીતે જૈન ગૃહસ્થોની અને સાધુવર્ગની સ્થિતિ સંતોષકારક હતી એમ જણાય છે. શ્રાવકો પણ ગુરૂ તરફ દૃઢ ભક્તિવાળા હશે એમ જણાય છે. ગુણરાજ, દેવરાજ, વિશાળ, ધરણેંદ્ર, નીંબ વિગેરે શેઠીઆએ ગુરૂની જે શબ્દોમાં સ્તુતિ કરી પોતાની લઘુતા બતાવી છે અને અપૂર્વ મહોત્સવથી સૂરિપદવીની પ્રતિષ્ઠા કરાવી છે તે ચારિત્રધર્મ તરફ અને ગુરૂ તરફ લોકોનો દૃઢ અનુરાગ બતાવે છે. ગચ્છપતિ અથવા ગણાચાર્યની આજ્ઞા સર્વ બહુ માનથી ઉઠાવતા હતા એમ પણ અનેક રીતે નિર્ણિત થાય છે. સાધુઓમાં વિહાર કરવાની બહુ ટેવ હતી અને સોમસુંદરસૂરિ જેવા આચાર્ય પણ એક સ્થાનકે રહેતા નહોતા એમ સોમસૌભાગ્ય કાવ્ય વાંચતાં વારંવાર જણાય છે. આથી શ્રાવકોના સંબંધમાં પોતાના આ શ્રાવક ને આ બીજાના શ્રાવક એમ બહુ ઓછું રહેતું હશે એમ પણ જણાય છે. આચાર્યની અમુક ગામમાં પાટ (મુખ્ય સ્થાન–હેડક્વોર્ટર્સ) હોય અને તેની નજીકમાં જ આચાર્ય રહે એવી યોજના જણાતી નથી. શત્રુંજય ગિરિરાજની યાત્રાનો મહિમા તે કાળમાં જવા આવવાનાં સાધનો બહુ અલ્પ મોંઘાં તથા જોખમવાળાં હોવાથી બહુ હતો એમ ત્રણ વખત બહુ આડંબરથી નીકળેલા સંઘના વર્ણનપરથી જણાય છે. અવારનવાર જૈન કોમને રાજ્યકર્ત્તાઓ તરફથી મદદ મળતી હતી એમ ગુણરાજ શેઠને અહમદશાહ પાદશાહે તેના સંઘના સંબંધમાં કરી આપેલી સગવડ ઉપરથી અનુમાન થાય છે. (સર્ગ આઠ–શ્લોક ત્રીશ.)

જેમ જેમ તે સમયના ગ્રંથોને વધારે બારીકિથી વિચાર કરીને વાંચવામાં આવે તેમ તેમ તે વખતની જૈન સોસાયટીનું બંધારણ સારી રીતે સમજી શકાય તેમ છે. ઐતિહાસિક પર્યાલોચનાથી બહુ લાભ થાય છે. અત્યારે ગચ્છના ભેદો, સાધુવર્ગનો પરસ્પરનો અસંતોષવાળો સંબંધ અને શ્રાવકો તરફથી તે સંબંધમાં આપવામાં આવતું ઉત્તેજન અત્યંત ખેદાસ્પદ છે. મુનિસુંદરસૂરિ જેવા અસાધારણ વિદ્વત્તા રબળ ધરાવનારા એકાદ બે મહાત્માની આ કાળમાં બહુ જ જરૂર છે. તે સમય તો ધર્મસાધના અને શાસનઅભિવૃદ્ધિ માટે બહુ પ્રતિકૂળ હતો; અત્યારે તો યોગ્ય રીતે પ્રયાસ કરવામાં આવે અને તેનાપર યોગ્ય અંકુશ રહે તો થોડા વખતમાં શાસનના ડંકા વાગે એવું છે. બાકી ચાલુ સ્થિતિથી ઘણીવાર ઉમંગવાળા ઉત્સાહી પ્રાણીઓ પણ પાછા હઠી જાય છે. લેખ લખનારા અવ્યવસ્થિત રીતે મનમાં આવે તેમ લખે છે, બોલનારા મનમાં આવે તેમ બોલે છે અને વર્તન સ્વેચ્છા પ્રમાણે ચલાવાય છે. કોઈ પુછનાર નથી. શાસનની વાસ્તવિક લાગણી કોઇને રહી નથી અને કોઈમાં હોય તો બહુધા અજ્ઞાનીઓનું જોર હોવાથી પ્રયાસ નકામો જાય છે. અવારનવાર શાસનની ઉન્નતિ કરવાના પ્રયાસો થાય છે, પણ સંપને તેમજ પૂરતી સમજને અભાવે એક બીજાનાં કાર્યોની અસર ઓછી થાય છે.

ઉપદેશ આપનાર વર્ગની સ્થિતિ તે વખતમાં બહુ ઊંચા પ્રકારની હતી અને તે માનસિક તેમજ નૈતિક વિષયમાં વ્યવહારૂ રૂપમાં મૂકાયલી હતી. ઉપદેશક વર્ગ આખી પ્રજાપર અજાયબ જેવી અસર કરી શકે છે. શાસનની ઉન્નતિ કે અવનતિનો આધાર આ વર્ગ ઉપર જ રહે છે. ગચ્છાધિપતિઓ દેશ કાળના સંપૂર્ણ જાણકાર હતા અને નવીન સંયોગો ઊભા થતાં શાસ્ત્રમર્યાદામાં રહીને યોગ્ય ફેરફારો દાખલ કરવામાં ધર્મના ફરમાનનું વાસ્તવિકપણું સમજતા હતા. હાલની જેમ નિર્નાયક મંડળ નહોતું. તે વખતની સાધુની સંખ્યા બહુ મોટી હતી તેમજ તેમાં યોગ્ય જીવો પણ વિશેષ હતા તેથી સોમસુંદરસૂરિએ પોતાની હયાતીમાં પાંચ મહાત્માઓને સૂરિપદવી આપી હતી; પણ તે સર્વ એક

ગચ્છપતિની આજ્ઞામાં જ વર્તનારા હતા. આવા વિષમ કાળમાં ધર્મ જળવાઈ રહ્યો તે આવા મહાત્માઓની વિશાળ દીર્ઘ દૃષ્ટિને જ આભારી છે, નહિ તો તે સમય પહેલાં અને પછી એકંદર ચારશે વરસ હિંદુસ્તાન માટે એવાં વિપરીત ગયાં છે કે ધર્મ શબ્દનો મૂળથી નાશ થઈ જાય. તે વખતમાં શ્રાવકવર્ગની સ્થિતિ પણ બહુ સારી હશે એમ સૂરિપદવીની પ્રતિષ્ઠા, જિનચૈત્યોની પ્રતિષ્ઠા અને સંઘયાત્રાના મહોત્સવો બતાવે છે. આર્થિક સ્થિતિ ઘણી સારી ન હોય તો આવા અદ્‌ભુત મહોત્સવો થઈ શકે નહિ. એક એક શ્રાવકો શાસનના પ્રભાવક જેવા થયા છે તે મુનિસુંદરસૂરિ મહારાજે ગુર્વાવલીમાં કરેલા હેમમંત્રી અને લલ્લનાપુત્ર નાથાશાહના વર્ણનપરથી જણાય છે. આ શ્રાવકો લગભગ નિઃસંગ જેવા, સાવદ્ય ક્રિયાના સંબંધમાં આરંભથી ડરીને તે નહિ કરવાવાળા અને ગણને ટેકો આપનારા હતા. આવા શ્રાદ્ધવરો ઉત્પન્ન થાય ત્યારે શાસન ટકી રહે એમાં કાંઇ નવાઇ જેવું નથી. શાસનનું કાર્ય કરવામાં સ્વાર્થભોગ બહુ આપવો પડે છે અને વિરૂદ્ધ ટીકાઓ સહન કરવી પડે છે. પરંતુ એ સર્વ આત્મિક ઉન્નતિના હેતુ અર્થે કામ કરનારા સહન કરે છે; કારણ કે તેમનો હેતુ ઐહિક માનપ્રતિષ્ઠા મેળવવાનો હોતો નથી. સાધુવર્ગમાં આ સમયમાં મહા તપસ્વી, વાદીશ્વરો અને અભ્યાસીઓ હતા એમ ગુર્વાવલીના ૪૪૭ પછીના દશ શ્લોકથી જણાય છે. ક્રિયાશિથિલતા સાધુમાં નહોતી એમ એ જ શ્લોકો બતાવે છે. શ્રાવકવર્ગનો શાસ્ત્રાભ્યાસ બહુ હોય એમ ગ્રંથપરથી જણાતું નથી, પણ તે સમયમાં શ્રોતાઓ સારા હશે એમ તો ઉપદેશ રત્નાકરમાં આપેલા ઉપદેશ ગ્રહણ કરનારનાં લક્ષણોપરથી જણાય છે. સાધુધર્મમાં કંચન કામિનીનો ત્યાગ તો પ્રથમ પદે હોવો જોઈએ. મૂળ પાટમાં જ્યારથી પરિગ્રહનો ગડબડાટ દાખલ થયો ત્યારથી તેઓનું માન ઓછું થયું એમ આપણે જાણીએ છીએ. પરિગ્રહત્યાગના સંબંધમાં મુનિસુંદરસૂરિ યતિશિક્ષાના ૨૪ થી ૨૮ સુધીના પાંચ શ્લોકોમાં જે વિચારો બતાવે છે તે વિચારો સંપૂર્ણ રીતે બતાવી આપે છે કે તે વખતના મુનિઓમાં પરિગ્રહનો સંભવ બિલકુલ નહોતો. તેઓ વૃષભ, ઘોડા કે ઊંટ પાસે

પુસ્તક કે ઉપધિ ઉપડાવવાની પણ ના પાડે છે અને તેમ કરનારને અન્ય ભવે વૃષભ કે ઘોડાનો અવતાર લઈ ભાર ઉપાડી બદલો આપવો પડશે એમ જણાવે છે તેથી ધનના સંબંધમાં તો સવાલ જ રહેતો નથી. ધર્મને નામે ઉપકરણાદિના આકારમાં પણ પરિગ્રહ રાખવાની ના પાડે છે અને તેના ઉપર મૂર્છા રાખવી એને જ તેઓ પરિગ્રહ કહે છે. આ સર્વ વિચારો વિસ્તારથી વાંચતાં ચોકસ જણાય છે કે તેઓ પરિગ્રહની બાબતમાં નિર્દોષ હતા અને જેવા નાયક હોય તેવો જ તેને અનુસરનારો વર્ગ હોય તેથી સાધુવર્ગમાં પરિગ્રહનો પ્રવેશ હિરવિજયસૂરિ પછી જ થયો એમ જણાય છે. આવા કારણથી શ્રીમદ્યશોવિજયજી ઉપાધ્યાયના સમયમાં સત્યવિજય પન્યાસને ક્રિયાઉદ્ધાર કરવો પડ્યો હતો. ક્રિયાઉદ્ધાર કરતી વખતે અનેક બાબતોના સુધારા કરવામાં આવ્યા હતા પણ મુખ્યત્વે કરી કંચન અને કામિનીનો ત્યાગ તો દૃઢપણે કરવામાં આવ્યો હતો. આ ક્રિયાઉદ્ધારના પ્રસંગો ફરીવાર ન આવે તે માટે આ મુખ્ય મુદ્દો ધ્યાનમાં રાખી શ્રાવકોએ શિથિળપણાને ઉત્તેજન આપતાં બહુ વિચાર કરવો યોગ્ય છે.

અત્ર ઉપોદ્ઘાત પૂર્ણ થાય છે. શાંતિથી પરિપૂર્ણ અને શાંતિ આપનાર ગ્રંથમાં પ્રવેશ કરવાનો છે. તે એક સામાન્ય વાર્તાના ગ્રંથ તરીકે ઉપર ઉપરથી વાંચવાનો નથી. એની હકીકત વાંચી, સમજી, મગજમાં ઉતારવાની છે અને તેનું મનન અને નિદિધ્યાસન કરી આત્માને અધ્યાત્મરૂપ કરવાનો છે. આ પ્રમાણે થાય ત્યારે જ આ ગ્રંથ વાંચવાથી થનારો લાભ પ્રાપ્ત થાય. બાકી એક નવીન ગ્રંથ તરીકે તેમાં શું લખ્યું છે તે ઉપર ઉપરથી જોઈ જવું એથી નુકશાન નથી પણ વાસ્તવિક લાભ નથી. આવી જાતના વાંચનનો શોખ હાલ વધતો જાય છે તેની સામે રક્ષણ કરવાની જરૂર છે તેથી અત્ર આટલી સૂચના કરવી પ્રાસંગિક ગણવામાં આવી છે. ઉપોદ્ઘાત સાથે આમુખમાં શાંત રસની રસસિદ્ધિ લખવાનો વિચાર હતો અને તેવા જ હેતુથી તે વિષયનું વિવેચન મંગલાચરણમાંથી દૂર રાખ્યું હતું; કારણ કે વિષય તદ્દન પારિભાષિક હોવાથી સાહિત્યના શોખીન અને તેના અભ્યાસીને જ આનંદ

આપે તેવો છે; પણ આ કાર્ય જેવા રૂપમાં જોઇએ તેવા રૂપમાં અનેક વ્યવસાયોને લીધે તૈયાર થઈ શક્યું નથી તેથી દાખલ કર્યું નથી. આ ગ્રંથની બીજી આવૃત્તિ કરવાનો પ્રસંગ આવશે તો તેમાં દાખલ કરવાની પ્રબળ ઇચ્છા છે. આધ્યાત્મિક શાંતિનો પ્રસાર થઈ જીવન વિશુદ્ધતર અને ઉન્નત બનાવવાની પ્રકૃષ્ટ ઇચ્છાથી ગ્રંથલેખન અને તદ્વિવેચન થયું છે અને તે ઇચ્છા પાર પડો એવી ખરા અંતઃકરણથી પ્રાર્થના છે. તથાસ્તુ.

મો. ગિ. કા.

વિષયસંક્ષેપ.

(શ્લોક તથા વિવેચનની વિસ્તારથી અનુક્રમણિકા.)

ઉપોદ્ઘાત–પીઠિકા–શાંત રસનું રસાધિરાજત્વ–તેમ હોવાનાં ત્રણ કારણો. મંગળ, વિષય, પ્રયોજન, સંબંધ અને અધિકારી. આ ઉપદેશનું કારણ શું છે તેનો નિર્ણય. શાંત રસ ભાવનાનું માહાત્મ્ય. આ ગ્રન્થમાં કહેવાના સોળ અધિકાર.
પૃષ્ઠ. ૧–૧૪.

પ્રથમ અધિકાર–સમતા–ભાવના નિરંતર ભાવવા માટે મનને ઉપદેશ. અનાદિ અભ્યાસથી વિભાવ દશાને પરવશપણું. ઇંદ્રિયસુખ અને સમતાના સુખની સરખામણી. માન્યતાનાં સુખો અને યતિનાં સુખોની સરખામણી. ભર્તૃહરિના તેપર વિચારો. ક્ષણમાત્ર સમતાપૂર્વક મૈત્રી રાખવાથી થતો આનંદ. ખરેખરા યોગીનું સ્વરૂપ. આનંદઘનજીના તેપર વિચારો. સમતાનું પ્રથમ અંગ–ચાર ભાવનાઃ મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ ભાવનાનું વિસ્તારથી સ્વરૂપ, વિવેચન અને તેપર અન્ય વિદ્વાનોના વિચારની અવતરણા. સમતાનું બીજું અંગ–ઇંદ્રિયોના વિષયોપર સમભાવ રાખવો. સમતા પ્રાપ્ત કરવાનું ત્રીજું અંગ–આત્મસ્વરૂપની વિચારણા. આ વિષયમાં જીવની બેદરકારી. પારકાના ગુણસ્તવનથી અને પોતાની નિંદાથી રાજી થાય તે જ્ઞાની. કૃષ્ણનું તેપર દૃષ્ટાંત. વસ્તુતઃ પોતાના કોણ છે અને પારકા કોણ છે તેને શોધી કાઢવાની જરૂરીઆત. વસ્તુ ગ્રહણ કરવા પહેલાં તેનો અને પોતાનો કેવો, કેટલો અને કયારનો સંબંધ છે તે વિચારવાની આવશ્યકતા. મારા તારાનો વિભાગ રાગદ્વેષકૃત છે જે બંને તારા દુશ્મન છે. આ વિભાગનું અપ્રમાણપણું. આત્મા અને પુદ્ગલના સંબંધપર લોકપ્રકાશ ગ્રન્થ. માત પિતાનો સંબંધ, તેપર દૃષ્ટાંતો અને ઉપદેશમાળાનું વિવેચન. બહુ અલ્પ પ્રાણીઓ સમતાનું સ્વરૂપ જાણે છે. સમતાનું ચોથું અંગ–સ્વાર્થસાધનમાં રક્ત રહેલું. આને માટે પોતાનો સ્વાર્થ ઓળખવો. સ્વાર્થપરાયણ દુનિયા, તેનાથી ભિન્ન તારો સ્વાર્થ. પૌદ્ગલિક પદાર્થો સાથેનો સંબંધ અસ્થિર છે. વાસ્તવિક આનંદ ક્યાં છે તેની શોધ. મરણપર વિસ્તારથી વિચાર કરવાની જરૂર અને તેનું વાસ્તવિક સ્વરૂપ. મરણ ઇચ્છવું નહિ, તેમ મરણથી ડરવું નહિ અને નિરંતર તેને માટે તૈયાર રહેલું. મરણ તો ચોકસ છે જ, માટે અનુકૂળતા પ્રમાણે સમતાપ્રાપ્તિ તરફ પ્રયાસ દોરવાનો વ્યવહાર. કષાય અને શોકનું વાસ્તવિક સ્વરૂપ, તેપર વિચાર અને તે બંનેને ત્યાગ કરવાનો ઉપદેશ. રડવા કુટવાના હાનિકારક રિવાજમાં રહેલો અસત્ય વ્યવહાર અને તે પૂરું પાડતાં આર્ય સંસારના અધોપાતનું દૃષ્ટાંત. અરસપરસ બચાવવાની અસમર્થતા અને તેથી મોહત્યાગનું યોગ્યપણું. અનાથીમુનિ. પૌદ્ગલિક વસ્તુ સાથેનો બહુ ટુંકો સંબંધ અને તે ત્યાગ કરવાનો ઉપદેશ. સુબુદ્ધિ પ્રધાનનું દૃષ્ટાંત. ઉમાસ્વાતિ વાચકના એ જ વિષયપર વિચાર–આખા અધિકારનું અંતિમ રહસ્ય.
પૃષ્ઠ ૧૪–૮૮.

બીજો અધિકાર–સ્ત્રીમમત્વમોચન–પહેલા, બીજા, ત્રીજા, ચોથા અને પાંચમા અધિકારને સંબંધ. સ્ત્રી પુરુષને ગળે બાંધેલી શિલા જેવી છે અને દુઃ બંધન છે. સ્ત્રીશરીરનું બાહ્ય દર્શન અને મહા અશુચિમય અંતરંગ દર્શન. મલ્લિ- કુંવરીનું દૃષ્ટાંત. છઠ્ઠી ભાવનાનું સ્વરૂપ. સ્ત્રીશરીરપર ભર્તૃહરિના વિચારો. સ્ત્રી- મોહથી આ ભવ અને પરભવમાં થતું ફળ. કપિલ કેવળીનું દૃષ્ટાંત. એલાયચીકુમારને સ્ત્રીસૌન્દર્યના વ્યામોહને લીધે થયેલી પીડા. સ્ત્રીનો બાહ્ય વેશ અને અંદર ભરેલું ગટરખાનું. મોહનીય કર્મનું સામ્રાજ્ય. સંયોગથી ઉત્પન્ન થતી ઐહિક આમુષ્મિક પીડાઓ. સંયોગથી થતો આનંદ જરા પણ હોય તો તે ક્ષણિક છે. ઉંઘમાંથી રાત્રિએ જાગૃત થયેલો મુમુક્ષુ શું વિચારણા કરે તેપર હેમચંદ્રાચાર્ય. સ્ત્રી ભૂમિ વગરની વિષકંદલી, મંગલ વગરની વાધણ, નામ વગરનો મોટો વ્યાધિ વિગેરે વિગેરે તેની અનેક રીતે ઉપમેયતા અને તેનું વાસ્તવિકપણું. અધિકારનું રહસ્ય. પુરુષોને માટે સ્ત્રીએ પણ ઉલટી રીતે સર્વ વાત સમજવી. પ્રેમની પરિસીમા, સ્વાર્થસંઘટ્ટનના પ્રસંગો પ્રાપ્ત થયે વર્તન. પરસ્ત્રીનો ત્યાગ તો અવશ્ય કરવો જોઈએ. આ વિષયપર લખાયલા અન્ય ગ્રન્થો.

પૃષ્ઠ ૮૯–૧૦૦.

ત્રીજો અધિકાર–અપત્યમમત્વમોચન–પુત્ર પુત્રીને જોઈ હર્ષઘેલા ન થવાનો ઉપદેશ. ભવભૂતિ કવિનું આ વિષયપર અવતરણ. આર્દ્રકુમારનું દૃષ્ટાંત. લોકધર્મ સાથે પિતૃ કે પુત્રધર્મના સંઘટ્ટનના પ્રસંગો આવતાં કયો માર્ગ લેવો? પુત્ર પુત્રીનું શલ્યપણું. તેઓનું ચલાચલત્વ. પુત્રી સંબંધમાં વિશેષ ચિંતા. સ્ત્રીની કુક્ષિમાં ક્રીડા અને ત્યાં જ ઉત્પન્ન થતાં પુત્ર પુત્રી. પ્રેમ બાબતમાં ત્યાં રહેતો ભેદ. અપત્યપર સ્નેહબદ્ધ ન થવાનાં ત્રણ કારણો–(૧) આપત્તિમાં પાલન કરવાની અશક્તિ, (૨) સંબંધનું અનિત્યપણું અને (૩) ઉપકારનો બદલો વાળવાનો સંદેહ. પુત્ર પુત્રી માટે માનતા માનનારનું મૂર્ખપણું, તેના સારુ બીજી સ્ત્રી કરનારનું મંદબુદ્ધિપણું.

પૃષ્ઠ ૧૦૧–૧૦૬

ચોથો અધિકાર–ધનમમત્વમોચન–લક્ષ્મી પાપના હેતુભૂત છે અને સંસારભ્રમણ આપનારી છે. મમ્મણ શેઠનું દૃષ્ટાંત. સીઝર, પોંપી, બોનાપાર્ટ વિગેરેનાં દૃષ્ટાંતો. આ ભવ અને પરભવમાં પૈસા દુઃખ આપનાર છે. નંદ રાજાની સોનાની હુંગરી. ધનથી થોડું સુખ અને દુઃખ બહુ જ વધારે છે. મારાપણાની માન્યતાથી જરા સુખ થાય છે પણ તે નામનું જ છે. સત્ય સુખ સંતોષમાં જ છે. ધર્મનિમિત્તે ધન મેળવવું યુક્ત છે? એ પ્રશ્નનો નિર્ણય. મળેલા ધનનો વ્યય ક્યાં કરવો? ધનથી થતી અનેક પ્રકારની હાનિ, તેને તજી દેવાનો ઉપદેશ–તેનાં ચાર કારણો–પરભવમાં દુર્ગતિ, આ ભવમાં ચાલુ ભય અને ધર્મવિમુખતા તેમજ અન્યથી ઉપભોગપણું. સાત ક્ષેત્રમાં ધનનો વ્યય કરવાનો ઉપદેશ. પૈસાનો વ્યય કરતી વખત લોકોની સ્થિતિ અને જરૂરિયાતપર વિચાર કરવાની આવશ્યકતા. જમણવાર કરવા કરતાં વિશેષ ઉત્તમ સ્થાનપર ધન વાપરવાની જરૂર. આ સંસારમાં રઝળાવનાર બે વસ્તુમાંથી એક ધન. ધનપરના મોહનું વૃદ્ધાવસ્થામાં વિશેષ જોર. સાધ્ય વગર માત્ર ધન ખાતર ધન મેળવવા માટે જ પૈસા પેદા કરવાની ઇચ્છા થાય છે. એ ગમે તેટલી સંખ્યામાં મળે તોપણ

અતૃપ્તિ રહ્યા કરે છે. ચાલુ સ્થિતિથી અસંતોષ રાખવો નહિ. સુખ ક્યાં છે તેની શોધ. મનુષ્યજીવનનો ઉચ્ચતર હેતુ પાર પાડવા તરફ પ્રેરણા. પૃષ્ઠ ૧૦૭–૧૧૯.

પાંચમો અધિકાર–દેહમમત્વમોચન–અધિકારનો ઉદ્દેશ–શરીરને પાપથી પોષવું નહિ. સનત્કુમારનો શરીરમદ. ત્રિશંકુનું શરીરપ્રેમપરનું પૌરાણિક દૃષ્ટાંત. શરીરકારાગૃહમાંથી છૂટવાનો ઉપદેશ. વાંદરો અને ગાગરમાં ભરેલાં બોરનું દૃષ્ટાંત. શરીરસાધનથી કર્તવ્યો કરવાની પ્રેરણા. દેહાશ્રિતપણાથી દુઃખ, નિરાલંબનત્વમાં સુખ. અગ્નિ લોહના સંબંધનું દૃષ્ટાંત. જીવ અને સૂરિ વચ્ચે થયેલી વાતચિત. શરીરને જરા જરા આપીને સંયમભાર સહન કરવાનો ઉપદેશ. શરીરમાં પડતાં પદાર્થોની અશુચિ. શરીરમાં ભરેલી અશુચિ. શરીરની અંતિમ સ્થિતિ. મલ્લિનાથે પુતળી બનાવીને આપેલો ઉપદેશ. છઠ્ઠી ભાવના પર વિચારણા. શરીરઘરને ભાડું આપી તેનો કરવો જોઇતો ઉપયોગ. શરીરવડે બની શકે તેટલું આત્મહિત સાધી લેવાનો ઉપદેશ. અધિકારના વિષયોનું પ્રથક્કરણ. વ્યવહારથી ખમવા પડતાં સર્વ દુઃખો. શરીર સાથે સંબંધ કેવા પ્રકારનો રાખવો તે સંબંધી સંક્ષેપમાં વિચારો. પૃષ્ઠ ૧૨૦–૧૩૧.

છઠ્ઠો અધિકાર–વિષયપ્રમાદત્યાગ–આંતરંગ મમત્વ. પ્રમાદ શબ્દના અર્થો, તેના પાંચ તથા આઠ પ્રકાર. વિષયસેવનથી લાગતાં સુખોનું ખરું પરિણામ. આ સુખ સાથે સમતાના સુખની સરખામણી. વિષયોથી પરિણામે થતી હાનિઓ. તેના ઉપર ચિદાનંદજી મહારાજનું કવિત. મોક્ષસુખ અને સંસારસુખ, એ બન્નેને વિરોધ. બન્નેનો કોષ્ટકથી બતાવેલો વિરોધ. તને દુઃખ શા કારણોથી થાય છે તેનો નિશ્ચય કર. સર્વ ગતિઓમાં થતાં દુઃખોનું વર્ણન. સદ્ગરુ નિશ્ચયપર વિચારણા. જન્મ વખતની વેદના, તેપર પ્રવચન સારોદ્ધાર ગ્રંથ. પ્રાણીઓને માથે મરણનો ભય. તેનો સમય આપણે જાણતા નથી માટે પ્રમાદ ન કરવો. સુખ માટે સેવાતા વિષયો ભોગવતી વખતે અને પછી સુખ આપતા નથી. સ્વયં ત્યાગ કર્યાથી થતો સંતોષ. તું શા ઉપર વિષયોમાં રાચી માચી રહે છે? વિષયોના ત્યાગથી થતું મહા સુખ. વિષય સેવનારના સુખનો પ્રકાર કેવો છે તે પર ધર્મદાસગણિ. શાંતિના સુખપર ઉમાસ્વાતિ મહારાજ. આ અધિકારના મુદ્દાઓ. એક એક ઇંદ્રિયપરવશ પડેલા તિર્યંચોની દુર્દશા–તેપર ઉપાધ્યાયજી તથા ચિદાનંદજી. સુખ માત્ર માન્યતામાં જ છે. તેપર ભર્તૃહરિ. પાંચ પ્રમાદપર સામાન્ય વિચારણા. પૃષ્ઠ ૧૩૨–૧૪૫

સાતમો અધિકાર–કષાયનિગ્રહ–કષાયના ચાર તથા સોળ ભેદ. તેનું સ્વરૂપ, તેનો શબ્દાર્થ. ક્રોધનું સ્વરૂપ, તેનો નિરોધ કરવાની આવશ્યકતા. ક્રોધ કરનારપર શાંતિ રાખવી. ગાળ દેનારને ગાળ દેવા દેવી. તેપર ભર્તૃહરિ. ચંડકૌશિક. ગજસુકુમાળ. વીરપરમાત્મા. ક્રોધથી પ્રીતિનો નાશ. ક્રોધપર ઉમાસ્વાતિ વાચક. તેપર સુક્તમુક્તાવલિ. માનનો ત્યાગ કરવા ઉપદેશ. માન અને તપનો સંબંધ. સામો પ્રાણી ક્રોધ કરે ત્યારે મનસ્વી પ્રાણી કેવું વર્તન રાખે–દમદંતમુનિ. કષાયથી ગુણ કાંઇ થયો નથી અને તેનાથી થતા દોષો વિચારવા યોગ્ય છે. કષાયસેવન અને અસેવનના પરિણામપર વિચારણા. માનનિગ્રહ–તેપર બાહુબલિનું દૃષ્ટાંત, બહેનોએ તેને આપેલ બોધ. માન ત્યાગ કરી અપમાન સહન કરવાનો ઉપદેશ. વૈરની ઇચ્છાનો પરભવમાં થનારી વેદનાપર વિચાર

કરી નિરોધ કરવો. ષડરિપુ ઉપર ક્રોધ કરવો, ઉપસર્ગ સાથે મૈત્રી કરવી. ષડરિપુની વ્યાખ્યા. ગજસુકુમાળ, અવંતિસુકુમાળ, સ્કંદક, અરણિક, મેતાર્યના જીવનપર વિચાર. માયાનિગ્રહ-ઉપાધ્યાયજીનો માયા સ્વાધ્યાયમાં બોધ. ઉદયરત્નજી તથા સિંદૂરપ્રકરકાર વિગેરેના વિચારો. લોભનિગ્રહ-તેપર ભર્તૃહરિ, સિંદૂરપ્રકરકાર, ઉમાસ્વાતિજી વિગેરેના વિચારો. સુભૂમ, ધવળ, રામ વિગેરેનાં શાસ્ત્રપ્રસિદ્ધ દૃષ્ટાંત. રીઝર, નેપોલીઅન વિગેરે ઐતિહાસિક દૃષ્ટાંતો. સંતોષનું સુખ. મદમત્સરનિગ્રહનો ઉપદેશ. તેર કાઠિયા પર વિવેચન. ઇર્ષા ન કરવાનો ઉપદેશ. ગુણ પ્રાપ્ત કરવાનો ઉપાય. કષાયથી થતો સુકૃત્યોનો વિનાશ. કષાયથી થતી હાનિપરંપરાનું લીસ્ટ. મદનો નિગ્રહ કરવા માટે ખાસ ઉપદેશ. તેપર હેમચંદ્રાચાર્યના વિચારો. આઠ મદ અને તે કરનારાઓનાં સંક્ષેપથી દૃષ્ટાંતો. સંસારવૃક્ષનું મૂળ કષાયો. કષાયના સહચારી વિષયોનો ત્યાગ. ધર્મની જોગવાઇની મુશ્કેલી. દશ દૃષ્ટાંતે મનુષ્યભવનું દુર્લભપણું, તેપર શ્લોકો અને તેનું વિસ્તારથી વિવેચન. કષાયના સહચારી પ્રમાદનો ત્યાગ. ઉદ્ધતાઇનો ત્યાગ કરવાનો ઉપદેશ. તેં શું મહાન કામ કર્યું છે કે ઊંચો ને ઊંચો ચાલે છે? તેપર વિચારણા. સોળ ભય. અંતિમ રહસ્ય. કષાયત્યાગના વિષયની અગત્યતા, સંસારના દરેક કાર્યમાં તેનો આવિર્ભાવ, તેને સમજવાની અગત્યતા. ક્રોધ, માન, માયા, લોભ એ દરેકપર સ્વતંત્ર સુદ્દાસરનો ટૂંકો ઉલ્લેખ, એ દરેકનાં રૂપકો.

પૃષ્ઠ ૧૪૬–૧૮૮.

આઠમો અધિકાર-શાસ્ત્રાભ્યાસ—ઉપરચોટીઓ શાસ્ત્રાભ્યાસ. હૃદયમાં બીનારા વગરનો લુખો અભ્યાસ. વિષયપ્રતિભાસ જ્ઞાનનું સ્વરૂપ, અનેક વાર થતું એ જ્ઞાન, તેની અલ્પ કિમત. શાસ્ત્રાભ્યાસ છતાં પ્રમાદ કરનારની સ્થિતિ, તેના ભવરોગનું અસાધ્યપણું. આઠ પ્રકારના પ્રમાદ. પોતાની પૂજા પ્રતિષ્ઠા માટે શાસ્ત્રાભ્યાસ કરનારાઓ તરફ ઉક્તિ. તેઓની દીપજ્યોતિમાં પડતાં પતંગીઆં સાથે સરખામણી. વિષયપ્રતિભાસ જ્ઞાનવાળાની પ્રવૃત્તિ તરફ નિરપેક્ષ વૃત્તિ. તેઓમાં રહેતો અંતઃકરણની દેળવણીનો અભાવ. ખ્યાતિ મેળવવા માટે શુષ્ક અભ્યાસ કરનારાઓને બે વચન. તેઓનું પેટભરાપણું. શાસ્ત્ર ભણીને શું કરવું યુક્ત છે? સંયમ રાખવાનો ઉપદેશ. અભ્યાસ માત્ર કરનાર અને અલ્પાભ્યાસી પણ સાધ્ય દૃષ્ટિવાળામાં શ્રેષ્ઠ કોણ? તત્ત્વસંવેદન જ્ઞાનનું સ્વરૂપ. મુગ્ધ અને પંડિત. આસ્રવચનાનુસાર અનુષ્ઠાન-ઉપસંહાર-માત્ર અભ્યાસથી ફળનો અભાવ. ધર્મદાસગણિના વિચારો. અંતિમ રહસ્ય. નામના પંડિતોનો બાહ્ય દેખાવ. ક્રિયા અને જ્ઞાનનો સંબંધ. તેપર યશોવિજયજી મહારાજ. અજ્ઞાનવાદ તરફ અભાવ. **અધિકારાંતર્ગત ચતુર્ગતિ દુઃખ વિવેચન.** નરકગતિનાં દુઃખો. ત્રણ પ્રકારની વેદના. તિર્યંચગતિનાં દુઃખો. દેવગતિનાં દુઃખો. મનુષ્યગતિનાં દુઃખો. એ દુઃખસ્ફોટનનું પરિણામ. ઉપસંહાર. આખા દ્વારનો પરસ્પર સંબંધ. પાશ્ચાત્ય સુખસૂત્ર અને જૈન સુખસૂત્રનો તફાવત.

પૃષ્ઠ ૧૮૯–૨૧૨.

નવમો અધિકાર-ચિત્તદમન—આખા ગ્રંથના મધ્ય બિંદુરૂપ આ અધિકાર. મનદીવરનો વિશ્વાસ કરવો નહિ. મનને પોતાનું માનવું નહિ. મનને વશ થવા પ્રાર્થનાદ્વારા ઉપદેશ. મનપર અંકુશ રાખવાનો સીધો ઉપદેશ. પ્રસન્નચંદ્ર રાજર્ષિ અને

તંદુલ મત્સ્યનાં દૃષ્ટાંતો. જીવણશેઠની માનસિક ભાવના. સંસારભ્રમણનો હેતુ મન છે. સંસાર ચક્ર છે, તેને ફરતું બંધ રાખવા મજબૂત ખેકની જરૂર છે. યમ, નિયમ અને મનોનિગ્રહ. નિયમના પ્રકાર-યમના પ્રકાર. મનોનિગ્રહ વગરના દાનાદિ ધર્મોનું વ્યર્થપણું. પાંચ પ્રકારના દાન. મન સાધ્યું તેણે સઘળું સાધ્યું. મનનો વિરુદ્ધ સ્વભાવ. ભૂલવાની વાતનું વારંવાર સ્મરણ. મનને વશ થનારની રખડપટ્ટી. તીર્થંકરભાષિત જહાજ અને મનપિશાચ. કલ્પનાશક્તિનો તીવ્ર વેગ. પરવશ મનવાળાને તેવડો ભય. તેપર આનંદઘનજીની ઉર્મિઓ. મનને ઉક્તિ. મનને વશ થનારનું અંતિમ ભવિષ્ય. એક વ્યવહારૂ દૃષ્ટાંત. તાર સમાચાર. મનોનિગ્રહ વગરના તપજપનું નિરર્થકપણું. પુણ્યપાપબંધનો મન સાથે સંબંધ. તેપર ચિદાનંદજી અને યશોવિજયજીના વિચારો. મનોનિગ્રહ વગરનું જ્ઞાન. આળોવતાં આવડવાની વાતપર માર્મિક વિવેચન. જ્ઞાનવાનની વિશેષ જવાબદારી. મનોનિગ્રહથી પરંપરાએ મોક્ષગમન. મનોનિગ્રહના ચાર ઉપાયઃ સ્વાધ્યાય, સ્વાધિકાર. યોગ્ય ક્રિયામાં વ્યાપાર, ભાવના અને આત્માવલોકન. યોગવ્યાપારપર ઉમાસ્વાતિ મહારાજના વિચારો. ભાવનાની જાગૃતિથી મનપર અસર. અંતિમ રહસ્ય. મનની સ્થિતિસ્થાપકતા. મનપર કાબુ રાખવાની જરૂર. અભ્યાસ પાડવાની આવશ્યકતા અને તેની રીતિ. અધિકારમાં બતાવેલા વિષયોનું પ્રથક્કરણ. સુવર્ણાક્ષરથી કોતરી રાખવા યોગ્ય મુદ્રાલેખ.

પૃષ્ઠ ૨૧૩–૨૪૧.

દશમો અધિકાર-વૈરાગ્યોપદેશ—મૃત્યુનો દોર. જીવનના કાળમાં પરિણામહિત માટે યત્ન કરવા ઉપદેશ. શત્રુને ઓળખવાની જરૂર. મરણથી ડરવું નહિ, તેને ઇચ્છવું નહિ, તેને માટે તૈયાર રહેવું. શક્તિ સ્ફુરણા કરવાનો ઉપદેશ. જૈનોનો પુરૂષાર્થવાદ. લોકરંજન અને આત્મરંજન. ભરતચક્રવર્તીનું દૃષ્ટાંત. દેખાવ ન કરવાથી લાભ. મદત્યાગ અને શુદ્ધ વાસના. પ્રાપ્ત થયેલી જોગવાઇનો લેવો જોઇતો લાભ. મનુષ્યભવપ્રાપ્તિની દુર્લભતા ઉપર ચિદાનંદજી. ધર્મથી થતો દુઃખક્ષય. પુદ્ગલપરાવર્તનનું વિસ્તારથી સ્વરૂપ. સ્તુતિ, સુખ કે સિદ્ધિ ઇચ્છવા પહેલાં તેને લાયક થવાની આવશ્યકતા. વારંવાર થતો પરાભવ ક્યાંથી ઉત્પન્ન થાય છે તેપર વિચારણા. પુણ્યનું આદરણીયપણું અને પાપનું ત્યાજ્યપણું. ધર્મદાસગણિના વિચારો. વિપાકોદય. માની લીધેલું સુખ અને તેનું પરિણામ. સુખ શું છે અને ક્યાં છે? પ્રમાદથી દુઃખ. તેપર શાસ્ત્રગત બોકડો, કાકિણી, જળબિંદુ, કેરી, ત્રણ વાણીઆ, ગાડું હાંકનાર, ભીખારી, દરિદ્ર કુટુંબ, બે વાણીઆ, બે વિદ્યાધર અને નિર્ભાગીના વિસ્તારથી ઉપનય સાથે દૃષ્ટાંતો. પ્રત્યેક ઇંદ્રિયજન્ય દુઃખપર તિર્યંચનાં દૃષ્ટાંતો. પ્રમાદનું ત્યાજ્યપણું. અત્યારે કામ કાઢી લેવાનો વખત છે તેથી પુણ્ય કરવાનો ઉપદેશ. સુખપ્રાપ્તિના ઉપાય. ધર્મધન એકઠું કરવાની જરૂર. સહન કરે છે તેટલાંજ દુઃખો સકામપણે સહન કરવાથી થતા લાભ. પાપકર્મોમાં ડહાપણ માનનાર તરફ ઉક્તિ. શેઠ અને મહંતનો વ્યવહારૂ દાખલો. આ જીવનાં કૃત્યો અને તેથી થતી વિપત્તિઓ. શાસ્ત્રશ્રવણ વખતનો કર્મકર્માટ અને વર્તન વચ્ચે વિરોધ. સહચારી મિત્ર વિગેરેના મૃત્યુથી મળતો બોધ. ભર્તૃહરિ અને વિનયવિજયજીના તેપર વિચારો. સગાંઓ ખાતર પાપકૃત્યો કરનારને ઉપદેશ. વારસો આપી જનાર પિતાનો આભાર માનનાર પુત્રોની નિર્જીવ સંખ્યા. પૈસાનો સન્નિપાત. પરલોકના પંથીનો ધનપર પ્રેમ. પુણ્યધન એકઠું કરવા જાગૃતિ. ન

મળ્યા રામ ને ન મળી માયા. થોડા કષ્ટથી બહોનાર વિશેષ મળે તેવાં કાર્યો કરે છે. પાપનું કલુષિતપણું. અંતિમ રહસ્ય. ભેદજ્ઞાનનું સ્વરૂપ અને રહસ્ય. દુઃખ, મોહ અને જ્ઞાનગર્ભિત વૈરાગ્ય–તાત્કાળિક અને પારિણામિક સુખો. પ્રસંગની અનુકૂળતા. વૈરાગ્યનાં અનેક કારણો. આત્માની અનંત શક્તિનું પ્રાકટ્ય. પૃષ્ઠ ૨૪૨–૨૬૨.

અગિયારમો અધિકાર–ધર્મશુદ્ધિ—ધર્મને મલિન ન કરવાનો ઉપદેશ. ધર્મ શબ્દના અર્થો. સાધનધર્મને સાધ્ય માનવાની થતી ભૂલો. ધર્મપ્રાપ્તિની ઇતિહાસની નજરે દેખાતી જરૂર. શુદ્ધ પુણ્યજળમાં મળ. તેનું લંબાણથી લીસ્ટ. પરગુણ-પ્રશંસા–તેથી થતો ઇષ્ટલાભ. સ્વગુણસ્તુતિની ઇચ્છા ન રાખવી. લોકપ્રશંસાપર આધાર રાખનારા ઠગાય છે તે વાતનું સ્પષ્ટપણું. શત્રુગુણપ્રશંસા. તેમાં રહેલું જ્ઞાની-પણાનું લક્ષણ. પરગુણપ્રશંસાથી થતો જોઇતો આનંદ. ઉદાસીન વૃત્તિને નામે ભેદરકારી દાખલ ન થાય તેની ચેતવણી. ગુણસ્તુતિની અપેક્ષા પણ હુકસાનકારક છે. શુદ્ધ ધર્મ કરનારાઓની અલ્પ સંખ્યા. એકડા શીખવા પણ તેમાં છંદગી ન કાઢી નાખવી. અશુદ્ધ ધર્મથી શુદ્ધ તરફ પ્રયાણનું સાધ્ય. શુભ ધરમાદો કરનાર. ગુણ ઉપર મત્સર કરનારની ગતિ. પુણ્ય અલ્પ પણ શુદ્ધ હોય તે વધારે સારું. તે કેટલું છે તે કામનું તથી પણ કેવું છે તે કામનું છે. તેપર દીપક, અમૃત અને તાણખાનાં દૃષ્ટાંતો. શુદ્ધિ સાથે ભાવની પણ જરૂરીઆત–તેપર સુક્તામુક્તાવલિકારના વિચારો. અનેક પ્રકારે થતો ધર્મ. તેપર ઉપદેશતરંગિણીનું અવતરણ–અધિકારમાં આવેલી મુખ્ય ત્રણ બાબતોપર વિવેચન. પૃષ્ઠ ૨૬૩–૩૧૪.

બારમો અધિકાર–ગુરુ શુદ્ધિ—ધર્મને બતાવનાર ગુરુ મહારાજ. સર્વ તત્ત્વમાં ગુરુતત્ત્વની મુખ્યતા. ગુરુપણું ક્યાં ઘટી શકે? સદોષ ગુરુના બતાવેલા ધર્મો પણ સદોષ. ઊંટવૈદ્યોનું દૃષ્ટાંત. ડૂબનાર અને ડૂબાડનાર ગુરુઓ. વાહન પેઠે ગુરુની શોધ કરવાની જરૂર. કુગુરુના ઉપદેશેલા ધર્મની નિષ્ફળતા. પ્રેમલાઓની ભક્તિ. ગચ્છાચાર પયન્નાનું વાક્ય. રાગ દૂર કરવા માટે ગુરુપર રાગ કરવાનું કહેવાના ઉપદેશનું રહસ્ય. દૃષ્ટિરાગ પર ગંભીર વિચારણા. અંધ શ્રદ્ધા ન કરવાનો ઉપદેશ. સ્વરૂપ જ્ઞાન બતાવનાર ગુરુ. શાસનના રક્ષકોનું ભક્ષકપણું. તેપર ધોકાર. આ કાળમાં ધર્માધ્યક્ષોની ફરજ. જડવાદનો ચાલતો કાળ. અશુદ્ધ ગુરુને આદરવાથી ભવિષ્યમાં થતો શોચ્ય. તે મોક્ષ આપી શકે નહિ તેપર ત્રણ દૃષ્ટાંતો. ખરો ઉપકાર કરનાર ગુરુ. ધર્મમાં જોડનાર જ ખરા માબાપ કહેવાય. સંપત્તિનાં સાત કારણો. વિપત્તિનાં છ કારણો. પુણ્યધનનું કરિયાણા પણું. ધર્મશ્રવણ; ગુરુસિંહનું બળ. ગુરુને મેળવી પ્રમાદ ન કરવો. દેવગુરુધર્મપર અંતરંગ પ્રીતિ રાખવામાં જન્મનું સાર્થક. દેવ કે સંઘનાં કાર્યોમાં ધનવ્યય. ગુરુના ચાર વિભાગ. ગુરુનો આશ્રય ક્યાં સુધી જરૂરનો છે તેપર યશોવિજયજીના વિચાર. કુગુરુના પાંચ વર્ગ. ગુરુમહારાજનું ઉપયોગીપણું. તેપર સિંદૂરપ્રકરનું વાક્ય. ગુરુ વગરનું જ્ઞાન. પૃષ્ઠ ૩૧૫–૩૪૬.

તેરમો અધિકાર–યતિશિક્ષા—યતિ શબ્દમાં કોનો કોનો સમાવેશ થાય? મુનિમહારાજ માટે ભાવનામય શુદ્ધ સ્વરૂપ. તેઓના ગુણોનું પ્રથક્કરણ. સાધુના વેશ માત્રથી બહુ લાભ નથી. મુનિનાં કર્તવ્યો. પાંચ પ્રકારનો સ્વાધ્યાય, અષ્ટ પ્રવચન માતા, બાર પ્રકારનો તપ, કષાય ને નોકષાય, બાવીશ પરીષહ, સોળ ઉપસર્ગ, અઢાર હજાર શીલાંગ, આ પ્રત્યેકપર વિવેચન. વેશ માત્રથી કાંઈ વળતું નથી. ઉપરાંત તથી

દોષ પણ થાય છે. અન્તગળ કર્તરિ ન્યાય. બાહ્ય વેશનું વાસ્તવિક ફળ. બાહ્યાડંબર-પરના પાંચ શ્લોકોનું રહસ્ય. વર્તન વગરનું લોકરંજન. તેનાથી થતો સંસારસમુદ્રમાં પાત. બાહ્ય ડોળ ઘાલનારાને શિક્ષા. લોકસત્કારનો હેતુ, ગુણ વગરની ગતિ. લોક-રંજનના બે શ્લોકપર વિવેચન. લોકરંજનનું વાસ્તવિક રહસ્ય. યતિપણામાં રહેલું સુખ તેને અંગે બનવવી જોઇતી ફરજો. પરિગ્રહ ત્યાગ કરવામાં યતિધર્મનું મુખ્યપણું. જ્ઞાની પ્રમાદને વશ થાય તેનાં કારણો. સાવદ્ય આચરવામાં યતિને મૃષોક્તિનો લાગતો દોષ. કરેમિભંતેનો પાઠ અને તેનો ભાવ. મન વચન કાયાની એકસરખી પ્રવૃત્તિ. સાવદ્યમાં પરવંચનનો પણ દોષ. સંયમમાં યત્ન ન કરનાર તરફ કટાક્ષયુક્ત ઉક્તિ. નિર્ગુણ મુનિની ભક્તિથી તેનો આશ્રય કરનારને ફળનો અલાભ. વિશેષમાં ઉલટો પાપબંધ. નિર્ગુણનોથતું ઋણ અને તેથી ભવિષ્યમાં હાનિ. છ શ્લોકમાં બતાવેલ પરિગ્રહ-ત્યાગના ઉપદેશનું રહસ્ય. તેપર વિવેચન. વેશ છૂટી ન શકે તો સંવેગમાર્ગ આદરવાની સૂચના. સ્તુતિની ઇચ્છા રાખનારને બોધ. આઠ સિદ્ધિ તથા યોગવહનપર નોટ. ગુણ વગર સ્તુતિની ઇચ્છા ન રાખવી. ગુણ વગરનાં વંદનપૂજન. હિતનો તેથી થતો નાશ. પરસ્તુતિનું તાત્વિક રહસ્ય. ગુણાર્જન કરવાની આવશ્યકતા. ભવાંતરનો ખ્યાલ કરી ગુણસ્તુતિની અપેક્ષા મૂકી દેવાની જરૂર. લોકસત્કારના સાત શ્લોકોના રહસ્યપર વિવેચન. પરિગ્રહત્યાગનો ખાસ ઉપદેશ. નામાંતર કરવાથી ગુણદોષ અલ્પ થતાં નથી. ધર્મના નિમિત્તથી રાખેલ પરિગ્રહ. સોનું ભરેલા વહાણનું દૃષ્ટાંત. ઉપકરણ શબ્દનો અર્થ. ધર્મોપકરણપર મૂર્છા રાખવી એ પણ પરિગ્રહ છે. તેથી દોષો પ્રાપ્ત થાય છે તેનું સ્વરૂપ. ધર્મોપકરણ બીજા પાસે ઉપડાવવાથી થતો દોષ. સંયમની જરૂરીઆત અને બાહ્ય શોભા. ઉપકરણના વ્યવહારપર છ શ્લોકોમાં બતાવેલ રહસ્યપર વિવેચન. ઉપાધ્યા-યજીના એ જ વિષયપર વિચારો. પરીષહ સહન કરવાનો ઉપદેશ. શરીરનું વિનાશીપણું વિચારી જપતપ કરવાની શિક્ષા. ચારિત્રનાં કષ્ટ અને નારકીનાં કષ્ટોપર વિચાર. પ્રમાદજન્ય સુખ અને મુક્તિનું સુખ–તેપર વિચારો. ચારિત્રનિયંત્રણાનું દુઃખ અને ગર્ભવાસનું દુઃખ–તેપર વિચારણા. સ્વવશપણે પરીષહ સહન કરવામાં થતો મહા લાભ. તેપર રાજર્ષિ ભર્તૃહરિના વિચારો. વિષયોનું પ્રાબલ્ય, તેનાં ચાલુ દૃષ્ટાંતો. પરીષહ સહન કરવાના ઉપદેશના નવ શ્લોકપર વિવેચન. બાવીશ પરીષહનાં નામ તથા અર્થ. ધર્મકર્તવ્યોનું સુખસાધ્યત્વ. બાર ભાવનાઓનું વિસ્તારથી સ્વરૂપ. ચરણસિત્તરીના સીત્તેર ભેદો-પર વિસ્તાર. કરણસિત્તરીના સીત્તેર ભેદોપર વિસ્તાર–યોગરુંધનની અતિ આવશ્યકતા. મનોયોગપર અંકુશ લાવવાનો ખાસ ઉપદેશ. પરમત્સર ત્યાગ કરવાનો સ્પષ્ટ ઉપદેશ. નિર્જરા કરવા માટે પરીષહ સહન કરવાનો ઉપદેશ. વિપત્તિની પ્રાર્થના. ક્રિયામાર્ગના પાંચ શ્લોકપર વિવેચન. અભ્યાસ પાડવાથી થતો અતિ લાભ. તેપર ધર્મસંગ્રહ ગ્રંથ. યતિનું સ્વરૂપ, ભાવદર્શન. યતિને ગૃહસ્થની ચિંતા કરવાનો નિષેધ. તેવી ચિંતાનું ફળ. દીક્ષા લેતી વખત કરેલ પ્રતિજ્ઞાનુસાર વર્તન કરવું જોઇએ. પ્રશસ્ત સાવદ્ય પણ યતિને અનાદરણીય. પદવીનો ગર્વ કરનાર નિષ્પુણ્યક જીવ. પ્રમાદત્યાગ કરવાનો યતિને ઉપદેશ. બોધિબીજપ્રાપ્તિ અને આત્મહિત સાધન કરવાની જરૂર. આ જીવના અનેક શત્રુઓ–તેઓનું લાંબુ લીસ્ટ. પ્રાપ્ત થયેલ સામગ્રીનો ઉપયોગ. સંયમવિરાધના ન

કરવાનો ઉપદેશ. સંયમથી થતાં સુખો. પ્રમાદથી થતો સુખોનો નાશ. સંયમનું અદ્ભિક આમુષ્મિક ફળ. અધિકારનું અંતિમ રહસ્ય. આ અધિકારમાં સમાયેલા અનેક વિષયો. મુનિમાર્ગનું લાગતું કઠણપણું. મુનિના સંબંધમાં અભિપ્રાય બાંધતાં ધ્યાનમાં રાખવા યોગ્ય હકીકતો. હાલમાં ચાલતો પદવીનો લોભ. સાધુધર્મનું આદરણીયપણું. અધિકારમાં બતાવેલ કટુ ઔષધ. કઠિન શબ્દો માટે સામાન્ય ક્ષમાયાચના. પૃષ્ઠ ૩૪૭–૪૨૭.

ચૌદમો અધિકાર-મિથ્યાત્વ નિરોધ-સંવરોપદેશ-મિથ્યાત્વ અવિરતિ, કષાય અને યોગ. એ ચારનું બંધહેતુત્વ. તેના ત્યાગનો ઉપદેશ. મિથ્યાત્વના પાંચ પ્રકારપર વિવેચન. બાર અવિરતિ, પચીશ કષાય, પંદર યોગ. મનોનિગ્રહ. તંદુલ મત્સ્યનું દૃષ્ટાંત. મનના વેગપર પ્રસન્નચંદ્ર રાજર્ષિનું દૃષ્ટાંત. મનની અપ્રવૃત્તિ અને સ્થિરતા. હઠયોગ અને રાજયોગપર વિવેચન. જૈન યોગમાં તેઓનાં સ્થાનો. ધર્મધ્યાનના ચાર પાયા ઉપર વિસ્તારથી વિવેચન. સુનિયંત્રિત મનવાળા પવિત્ર મહાત્માઓ. વચન અપ્રવૃત્તિ. વસુરાજાનું વિસ્તારથી દૃષ્ટાંત. કટવાં વચનનાં ભયંકર પરિણામો. તીર્થંકર મહારાજે સ્વદૃષ્ટાંતથી બતાવેલ વચનગુપ્તિની ઉપાદેયતા. કાયાસંવર. કાચબાનું દૃષ્ટાંત. કાયાની અપ્રવૃત્તિ અને શુભ વ્યાપાર. શ્રોત્રેંદ્રિયસંવર-હરણ. ચક્ષુરિંદ્રિયસંવર-પતંગ. ઘ્રાણેંદ્રિયસંવર-ભ્રમર. રસેંદ્રિયસંવર-મચ્છ. સ્પર્શેંદ્રિયસંવર-હસ્તી. અસ્તિસંયમ-સ્થૂળભદ્રજી. આ ઇંદ્રિયની વિશેષ અગત્યતા અને તેપર રચાયલા ગ્રંથો. સર્વ ઇંદ્રિયસંયમનો ઉપદેશ. કષાયસંવર-કરટ અને ઉત્કરટ. ક્રિયાવંતની શુભ યોગમાં પ્રવૃત્તિ. મનયોગના સંવરની મુખ્યતા. નિઃસંગતા અને સંવર. શુભચિંતવન, શુભ ભાવના. પૃષ્ઠ ૪૨૮–૪૬૩.

પંદરમો અધિકાર-શુભ વૃત્તિ-આવશ્યક ક્રિયા કરવાનો ઉપદેશ. છ આવશ્યકપર વિવેચન. એ કરવાના ઉપદેશમાં રહેલું રહસ્ય. તપસ્યા કરવાનો ઉપદેશ. કર્મનિર્જરાનો અર્થ, તપસ્યા અને તેનો સંબંધ. શીલાંગ. યોગ. ઉપસર્ગ. સમિતિ. ગુપ્તિ સ્વાધ્યાય. આગમાર્થ. ભિક્ષા. વિષવાદ રહિતપણું. ઉપદેશ. વિહાર. ઉપદેશ નિષ્પાદ્ય જોઇએ અને ધર્મપ્રાપ્તિની સન્મુખતા તથા સમભાવ ઉત્પન્ન કરનાર જોઇએ. આત્મનિરીક્ષણ. પરપીડાવર્જન. યોગની નિર્મળતા. ભાવના. આત્મલય. મોહ સુભટનો પરાજય. અમમત્વભાવનો ત્યાગ. રતિઅરતિનો ત્યાગ. કષાયત્યાગ. શુદ્ધ પ્રવૃત્તિ કરનારની ગતિ. અંતિમ રહસ્ય. પૃષ્ઠ ૪૬૪–૪૮૦

સોળમો અધિકાર-સામ્ય સર્વસ્વ-સમતાનું ફળ મોક્ષપ્રાપ્તિ. આ શ્લોકપર વિચારણા. સુખદુઃખ આ જીવ પોતે જ છે. સુખનું મૂળ સમતા, દુઃખનું મૂળ મમતા. સમતાની વાનકીનું દર્શન. સહજ પ્રસંગ. સમતાનાં સાધનોના સેવનનો ઉપદેશ. આ ગ્રંથ સમતા રસની વાનકી છે. સમતાના સ્વરૂપપર ચિદાનંદજીની ઉક્તિ. અનુભવ કરવાની વાંચનારને પ્રાર્થના–આ ગ્રંથના કર્તા, નામ, પ્રયોજન, ઉપસંહાર. અંતિમરહસ્ય. અલ્પાયુષ્યની સ્થિતિપર વિવેચન. પૃષ્ઠ ૪૮૧–૪૯૪

આખા અધ્યાત્મકલ્પદ્રુમ ગ્રંથની રંગવિજયકૃત ગુજરાતી ચોપાઈ અને તેની સાથે સરખામણી માટે સંસ્કૃત શ્લોકની સંખ્યા. પૃષ્ઠ ૪૯૫–૫૧૮

ॐ परमात्मने नमः

श्री अध्यात्मकल्पद्रुमाभिधान ग्रंथः सविवरणः प्रारभ्यते.

अथायं श्रीमान् शांतनामा रसाधिराजः सकलागमादिसुशास्त्रार्णवोपनिषद्भूतसुधारसायमान ऐहिकामुष्मिकानंतानंदसंदोहसाधनतया पारमार्थिकोपदेश्यतया सर्वरससारभूतत्वाच्च शांतरसभावनाध्यात्मकल्पद्रुमाभिधानग्रंथांतरग्रंथननिपुणेन पद्यसंदर्भेण भाव्यते ॥

"હવે સર્વ આગમ વિગેરે સુશાસ્ત્ર સમુદ્રના સારભૂત અમૃત "રસ સમાન રસાધિરાજ શાંત રસને તે આ લોક અને "પરલોક સંબંધી અનંત આનંદસમૂહની પ્રાપ્તિનું સાધન હોવાથી, "પારમાર્થિક ઉપદેશ આપવામાં યોગ્ય હોવાથી અને સર્વ રસમાં સાર"ભૂત હોવાથી, તે શાંત રસની ભાવનાવાળા અધ્યાત્મકલ્પદ્રુમ "નામના પ્રકરણમાં તે ભાવને સૂચવવામાં નિપુણ પદ્યબંધવડે "વર્ણવું છું."

વિશેષાર્થઃ–બહુ ગંભીર શબ્દોમાં ગદ્યબંધ રચનાવડે પ્રૌઢ વિચાર બતાવવા સાથે ગ્રંથની શરૂઆત કરવામાં આવી છે. શાંત

રસનું રસત્વ સિદ્ધ કરતાં બીજા બહુ પ્રસંગો પણ બતાવી દીધા. શાંતરસનું રસત્વ સિદ્ધ કરવામાં આસ વિષયને ઉપયોગી ઉલ્લેખ અત્ર પ્રસ્તુત છે; પરંતુ વિષય પારિભાષિક હોવાથી સર્વને ઉપયોગી હોવા કરતાં સહૃદય કાવ્યના આસ વિષયના શોખીનોને બહુ આનંદ આપનાર છે તેથી તેને માટે આમુખમાં જુદો લેખ કરવામાં આવ્યો છે.

શાંતરસ એ ઉત્કૃષ્ટ રસ છે. એનાં સર્વ અંગો સાથે એ હોય છે ત્યારે આત્મા જે ઉન્નત દશા ભોગવે છે તેનું યથાસ્થિત ચિત્ર આપવું મુશ્કેલ છે. સાંસારિક સર્વ ઉપાધિઓથી વિમુક્ત થયેલું મન શુદ્ધ થયા પછી જે આત્મજાગૃતિનો અનુભવ કરે છે તે અનુભવરસિક પોતેજ સમજી શકે છે. પ્રાકૃત વિષયોથી ઉચ્ચ સ્થિતિમાં વર્તનાર, અસરંગી દુનિયાના વિષયકષાયોથી રંગાયેલ વીર, કરુણા કે હાસ્યાદિ રસોથી તદ્દન જુદાજ પ્રકારની સ્થિતિને અનુભવની સ્થિતિમાં લાવનાર શાંત રસ ઉત્કૃષ્ટ રસ છે એ અન્યત્ર બતાવવામાં આવશે, તેમ દલીલથી ગમ્ય છે તેટલુંજ નહિ પણ અનુભવથી જ્ઞેય છે.

શાંતરસ આ ભવ અને પરભવ સંબંધી અનંત આનંદ મેળવવાનું સાધન છે. શાંતરસ ભાવનારને આ ભવમાં માનસિક અને શારીરિક બન્ને પ્રકારના આનંદ થાય છે. માનસિક આનંદ એટલો ઉંચા પ્રકારનો થાય છે કે એ રસનું વિવેચન કરતાં પ્રથમ જ કહે છે કે એ શાંતરસ અમૃત રસ છે. એવી દંતકથા* છે કે દેવતાઓએ સમુદ્ર મંથન કરી ચૌદ રત્નો શોધતાં છેવટે અમૃત મેળવ્યું. એ મેળવતાં બહુ પુરુષાર્થની જરુર પડી. આચારાંગાદિ અગ્યાર અંગો (મૂળ સૂત્રો) અને 'આદિ' શબ્દથી પૂર્વાચાર્યવિરચિત યોગ, અધ્યાત્મ, ધર્મશાસ્ત્ર વિગેરે અનેક વિષયોનું પ્રતિપાદન કરનારા ઉપાંગ, પયન્ના અને પ્રકરણો વિગેરે અનેક ગ્રંથોરુપ સમુદ્ર છે. એ મહાન સમુદ્રમાંથી બહુ પ્રયાસ કરીને શોધી કાઢેલ શાંતરસ છે. મતલબ એને શોધવામાં પ્રબળ પુરુષાર્થની જરુર પડી છે અને

* આ દંતકથા લૌકિક છે, પરંતુ રુપક કરતી વખત તેનો ઉપયોગ કરવામાં શાસ્ત્રને બાધ આવતો નથી.

સમજનારને પડે છે અને આસ ધ્યાનમાં રાખવા જેવી હકીકત એ છે કે શાંતરસ સર્વ ધર્મશાસ્ત્રમાંથી મંથન કરીને શોધી કાઢેલ 'સાર' છે. આ રસને ઉત્કૃષ્ટ રસ કહેવાનું કારણ એટલાથીજ સ્પષ્ટ થાય છે. એના સમર્થનમાં વિશેષ દલીલની અપેક્ષા રહેતી નથી. ગંભીર શાસ્ત્રસમુદ્રનો જે 'સાર'–'નવનીત'–'માખણ' હોય તે બહુ ઉપયોગી અને આસ જરુરનો હોય એમ કહેવું એ કરતાં સમજી જવું વધારે સુગમ્ય છે. છતાં એના સમર્થનમાં વિશેષ ત્રણ કારણ કહે છે એ પણ એટલાજ ઉપયોગી છે. એ ત્રણ કારણો હવે આપણે તપાસીએ.

૧ શાંત રસ આ ભવ અને પરભવ સંબંધી અનંત આનંદ મેળવવાનું સાધન છે. શાંત રસ ભાવનારને આ ભવમાં માનસિક અને શારીરિક બન્ને પ્રકારના આનંદ થાય છે. માનસિક આનંદ એટલો ઉંચા પ્રકારનો થાય છે કે તેનો ખ્યાલ આપવો મુશ્કેલ છે. બીજા કોઈ પણ માણસને નુકસાન કર્યા વગર આત્મા તરફની ફરજ બજાવવાથી જે અનિર્વચનીય આનંદ થાય છે તે અનુભવથી જ સમજી શકાય છે. એ આનંદ કેટલો હશે તેનો ખ્યાલ આપવા માટે **વાચકપતિ શ્રીઉમાસ્વાતિ** મહારાજનું વચન યાદ આવે છેઃ–

नैवास्ति राजराजस्य, तत्सुखं नैव देवराजस्य ।
यत्सुखमिहैव साधोर्लोकव्यापाररहितस्य ॥ १२८ ॥

"લોકવ્યાપારથી રહિત એવા સાધુને આ લોકમાં જે સુખ છે, તે સુખ ચક્રવર્તીને અને ઈન્દ્રને પણ નથી." આટલાપરથી જણાય છે કે શાંત રસ ભાવનારના સુખ સાથે પૌદ્ગલિક સ્થૂળ સુખ સરખાવી શકાય તેમ નથી. દુનિયાની દૃષ્ટિમાં રાજા–શહેનશાહ–સાર્વભૌમ કે ચક્રવર્તી બહુ સુખી લાગશે અથવા દેવના પતિ ઈંદ્ર સુખી લાગશે, પરંતુ લોકવ્યાપારથી રહિત થયેલા સાધુના સુખ પાસે આ સ્થૂળ સુખ કાંઇ હિસાબમાં નથી.

આવી રીતે આ ભવમાં માનસિક સુખ બહુ આનંદદાયી થાય છે. શારીરિક અને માનસિક સુખનો પરસ્પર સંબંધ એવા પ્રકારનો છે કે માનસિક સુખ હોય ત્યાં શારીરિક સુખ હોય છે જ. આગળ

બતાવવામાં આવશે તેમ સુખ દુઃખ માન્યતાપર–મનના બંધારણપર આધાર રાખે છે તેથી બન્ને પ્રકારનાં સુખોમાં માનસિક સુખનીજ મુખ્યતા છે.

શાંત રસથી પ્રાપ્ત થતું ઐહિક સુખ પ્રત્યક્ષ છે. તે મેળવવામાં ધનનો વ્યય કરવો પડતો નથી, શરીરને શોષવું પડતું નથી, મનને ચિંતામાં નાખવું પડતું નથી, ધમાલ કરવી પડતી નથી, કારણ કે તેનું સાધન શાંત રસ છે. તેટલા માટે જ સદરહુ મહાન લેખક કહે છે કેઃ–

स्वर्गसुखानि परोक्षाण्यत्यन्तपरोक्षमेव मोक्षसुखम् ।
प्रत्यक्षं प्रशमसुखं, न परवशं न च व्ययप्राप्तम् ॥

"સ્વર્ગ સુખ પરોક્ષ છે અને મોક્ષનું સુખ તો એથી પણ વધારે પરોક્ષ છે. પ્રશમ સુખ પ્રત્યક્ષ છે; એને પ્રાપ્ત કરવામાં દોઢિયાનો ખરચ થતો નથી અને તે પરવશ પણ નથી." મતલબ, આ ભવમાં પ્રત્યક્ષ રીતે મળી શકે અને પોતાનો લાભ બતાવી શકે એવું સુખ પ્રશમ જ છે. એને પ્રાપ્ત કરવાનું સાધન શાંત રસ છે. આવી જ રીતે પરભવમાં પણ મહા સુખ આપનાર શાંત રસ છે. આ જીવન શાંત પ્રવાહથી વહન થયું હોય તો તેને ક્લિષ્ટ કર્મોપત્તિ થતી નથી અને પ્રાપ્ત કરેલાં ક્લિષ્ટ કર્મોનો નાશ થાય છે, તેથી પરભવમાં સ્વાભાવિક રીતે આનંદ મળવાનો સંભવ વધારે રહે છે.

આવી રીતે આ ભવ પરભવના આનંદનું સાધન શાંત રસ છે એટલું જ નહિ પણ અનંત આનંદ–મોક્ષ સુખ–જેની પછવાડે કોઇ દિવસ નિરાનંદપણું પ્રાપ્ત થવાનું નથી, તે પણ શાંત રસથી પ્રાપ્તવ્ય છે. આ પ્રથમ કારણ થયું.

૨. પારમાર્થિક ઉપદેશ કરવા યોગ્ય શાંત રસ છે. બીજા સર્વ રસોમાં પાર્થિવ વિષયો આવે છે. એ સર્વ રસોમાં ઇંદ્રિયના વિષયોની તૃપ્તિ અને મનના નિરંકુશ વર્તન સિવાય વસ્તુતઃ આનંદદાયક કાંઇ આવતું નથી. પણ આ શાંત રસ એવા પ્રકારે આનંદ આપે છે કે તેથી કોઇને અગવડમાં ઉતરવું પડતું નથી. વીર કરૂણા હાસ્ય રસો પાર્થિવ છે, બીજાને ભોગે આવિર્ભાવ પામનારા છે અને

પરિણામ વગરના છે. આ સર્વ બાબતોમાં શાંત રસ તેથી ઉલટોજ છે. પારમાર્થિક વિષયને પ્રતિપાદન કરનાર અને તેનો જ ઉપદેશ આપનાર હોવાથી આ રસ પ્રધાનપણે ઉપદેશવા યોગ્ય છે. વળી બીજી રીતે જોઇએ તો જેઓ પરમાર્થના ઇચ્છક હોય તેઓનેજ આ રસનું પ્રતિપાદન ઇષ્ટ લાગે છે; તેથી આ રસ તેના અધિકારીની અપેક્ષાએ પણ ઉત્કૃષ્ટ છે; કારણકે તેના અધિકારીઓ પ્રાકૃતજનસમૂહની સામાન્ય સપાટીથી કાંઇક અથવા બહુ અંશે ઉંચા હોય છે. આ દ્વિતીય કારણ થયું.

૩. શાંતરસ સર્વ રસોનો સાર છે. આપણે આમુખમાં જોયું કે હાસ્યાદિ રસોને કવિઓએ જે ઉત્કૃષ્ટસ્થાન આપ્યું છે, તે ટકી શકે તેવું નથી અને શાંત રસને ખરા રસ તરીકે સિદ્ધ કરવામાં આપણે કૃતોદ્યમ થયા છીએ; તેટલું જ નહિ, પણ એ ઉત્કૃષ્ટ રસ છે અને એ રસનો મહિમા જે સમજે અને અનુભવગોચર કરે તેને હાસ્યાદિ રસો તો સ્થૂલ લાગે એ પણ જોયું. મતલબ શાંત રસને રસાધિરાજ શામાટે કહેવો, તે સંબંધમાં સર્વ દલીલો આપણે જોઇ ગયા છીએ, એ જ દલીલો અત્ર સમજી લેવી. આ ત્રીજું કારણ થયું.

આ ત્રણે કારણોથી શાંત રસનું ઉત્કૃષ્ટપણું બતાવ્યું. આ કારણોને પરસ્પર કાર્યકારણભાવ છે. આલોક પરલોકમાં અનંત આનંદનું સાધન શાંત રસ છે, તેથી જ પારમાર્થિક ઉપદેશ દેવા યોગ્ય છે અને બન્ને કારણોને લીધે રસાધિરાજ છે.

આ ગ્રંથનો અર્થ શું છે, વિગેરે હકીકત ઉપોદ્‌ઘાતમાં લખાયેલી હોવાથી અત્રે તેનું પુનરાવર્તન કરવામાં આવતું નથી. અત્ર આટલું જણાવવું ઉચિત લાગે છે કે આ ગ્રંથ મહા વિદ્વાન **શ્રી મુનિસુંદરસૂરિ મહારાજનો** બનાવેલો છે, જેઓ યુગપ્રધાન તુલ્ય હતા, અને મૂળ પાટે થયા હતા. તેઓશ્રીએ બહુ અનુભવ કરીને અતિ પ્રૌઢ ભાષામાં આ ગ્રંથ રચ્યો છે અને તેનાપર બહુ વિચાર કરીને નોટ લખવામાં આવી છે. આખો ગ્રંથ મનન કરીને વાંચવાનો આગ્રહ કરવામાં આવે છે.

આ શ્રી અધ્યાત્મ કલ્પદ્રુમ ગ્રંથપર ઉપાધ્યાય મહારાજશ્રી **ધનવિજયગણિએ** ટીકા લખી છે. પ્રથમ ગદ્યબંધ પ્રબંધની ટીકામાં

બહુ ઉપયોગી હકીકત બતાવવામાં આવી છે. અત્ર તેમની ટીકામાંથી જે ભાગ વિદ્વત્તા ભરેલો છે તે બાસ ઉપયોગી હોવાથી નીચે નોંધી લીધો છે. "આ લોકમાં (સામાન્ય રીતે) વિદ્વાનોની પ્રવૃત્તિ માટે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થ છે; તેમાં સંસારી પ્રાણીઓને પરસ્પર કાર્યકારણભાવ પામેલા અર્થ અને કામ એ બે પુરુષાર્થ છે. પણ મુમુક્ષુ (મોક્ષના અર્થી) પ્રાણીઓને તો ધર્મ અને મોક્ષ એ બે જ પુરુષાર્થો છે. આ બેમાં પણ ધર્મ કારણ હોવાથી મોક્ષ પરમ પુરુષાર્થ છે. તેના અધિકારી, સહુસ્સાવધાનના કરનાર, પ્રત્યક્ષ સરસ્વતીરૂપ સોમસુંદરસૂરિની પાટને શોભાવનાર, તપગચ્છના નાયક, યુગપ્રધાન સમાન મુનિસુંદરસૂરિએ આ અધ્યાત્મ કલ્પદ્રુમ ગ્રંથ રચ્યો છે, જેમાં મોક્ષના અસાધારણ ઉપાયભૂત અને પોતે અનુભવેલા શાંત રસને પરોપદેશ માટે પ્રકાશ્યો છે હું પણ શાંત રસનો અર્થી હોવાથી તેની વ્યાખ્યા કરું છું."

ગ્રંથની આદિમાં મંગલ, વિષય, પ્રયોજન, સંબંધ અને અધિકારી એ પાંચ વસ્તુ બતાવવી જોઇએ, એવો શિષ્ટાચાર છે. મંગલ કરવાનો હેતુ એવડો રાખવામાં આવ્યો હોય એમ જણાય છે. ઇષ્ટ દેવની સ્તુતિ અને ગ્રંથપઠનપાઠનની પ્રવૃત્તિમાં મનને પોરવવાની અભિલાષા. તત્ સૂચક માંગલિક સર્વ ધર્મમાં ઇષ્ટ ગણાય છે, છતાં ઘણી વખત તે વગર પણ ચલાવવામાં આવે છે. પ્રથમથી એવો શિષ્ટાચાર છે કે અથ શબ્દને માંગલિક સૂચક ગણવો. અન્ય શાસ્ત્રોમાં પણ કહ્યું છે કે "ૐ શબ્દ અને અથ શબ્દ માંગલિક સૂચક સમજી લેવા." આવી રીતે સામાન્ય શબ્દોમાં મંગલ કરવાનો સંપ્રદાય સાચવ્યો હોય તેમ જણાય છે. અથ શબ્દ આરંભ સૂચક પણ છે અને 'હવે' એવા અર્થમાં પણ તે વપરાય છે અને તે વખતે ટીકાકારના કહેવા પ્રમાણે તે અનંતરતા સૂચવે છે. 'ઉપદેશ રત્નાકર' વિગેરે ગ્રંથોની સાથે અનંતરતા સૂચવનાર આ શબ્દથી અવસરસંગતિ પણ બતાવવામાં આવી ગઇ. આ ગ્રંથમાં વિષય શો આવશે તે બીજો અગત્યનો પ્રશ્ન છે અને તેનો ખુલાસો પણ ગદ્યબંધ પ્રબંધમાં થઇ જાય છે. શાંત રસ એ આખા

ગ્રંથનો વિષય છે અને તેને પોષવા માટે સર્વત્ર એક સરખી રીતે પ્રયાસ કરવામાં આવ્યો છે.

'પ્રયોજન'–આ ગ્રંથ બનાવવાનો હેતુ શો છે, એ જાણવું પણ જરુરનું થઇ પડે છે. આ વિષય બહુ અગત્યનો હોવાથી વધારે સ્પષ્ટ શબ્દોમાં મૂકવાની જરુર છે. અધ્યાત્મનો વિષય જનસમૂહને રુચતો નથી અને તેપર પ્રેમ લાવવા માટે બહુ પ્રયાસ કરવો પડે છે, છતાં તે વિષય 'આભવ અને પરભવમાં અનંત આનંદનું સાધન' હોવાથી તેને પોષવાની બહુ જરુર છે એટલું જ નહિ પણ એ વગરનું જીવન શૂન્ય જેવું છે. આ શબ્દથી પ્રયોજન બતાવ્યું. એ અધ્યાત્મ અને વૈરાગ્યનો વિષય કેટલો જરુરનો છે તેને માટે ઉપોદ્ઘાત જુઓ.

સંબંધ–આ ગ્રંથ પદ્યબંધ રચનાથી રચવામાં આવશે એમ કહીને વિભાવ્યવિભાવનભાવરૂપ સંબંધ બતાવ્યો.

અધિકારી–આ ગ્રંથ વાંચવાને યોગ્ય કોણ ગણાય? મારેલ પારો જો નબળા માણસને શરીરશુદ્ધિ કર્યા વિના આપવામાં આવે તો તેનો નાશ થાય છે. અધ્યાત્મ શાસ્ત્ર જેવા ગ્રંથો કોના હાથમાં મૂકવ અથવા કોણે વાંચવા તે બહુ અગત્યનો પ્રશ્ન છે. આવા ગ્રંથોમાં સામાન્ય વચનને વિશેષ વચન તરીકે સમજવાની અથવા અપેક્ષાવાળા વચનને એકાંત સ્વરૂપે સમજવાની ઘણીવાર ભૂલ થઇ જવાનો સંભવ રહે છે. એ પ્રસંગે ગ્રંથકર્ત્તાનો આશય જો લક્ષમાં આવતો નથી તો પરિણામે કેટલીકવાર હાનિ થઇ જાય છે. તેટલા માટે આવા ગ્રંથના અધિકારી 'પારમાર્થિક ઉપદેશ્ય' ને પાત્ર થયેલા જ ગણાય છે'

આવી રીતે બહુ ઉત્સાહથી ગ્રંથની શરૂઆત કરવામાં આવી છે. પીઠિકા ગદ્યબંધમાં રચી આખો ગ્રંથ પદ્યબંધ રચનામાં બનાવ્યો છે. આ ગ્રંથ થોડો વાંચવો, પણ સમજીને વાંચવો; વાંચીને વિચારવો અને વિચારીને પોતાની સ્થિતિ અને સંજોગ અનુસાર વ્યવહારમાં મૂકવો.

શાંત રસ-શરૂઆત-માંગલિક.

जयश्रीरांतरारीणां लेभे येन प्रशांतितः ।
तं श्री वीरजिनं नत्वा, रसः शांतो विभाव्यते ॥१॥

"જે શ્રી વીરભગવાને અંતરંગ શત્રુઓની જયલક્ષ્મી ઉત્કૃષ્ટ "શાંતિથી મેળવી છે તે પરમાત્માને નમસ્કાર કરીને શાંતરસની "ભાવના કરવામાં આવે છે." ૧ અનુષ્ટુપ. [૧]

વિવેચન–વ્યવહારમાં આપણે જાણીએ છીએ કે શત્રુનો નાશ કરવા માટે અને તેનાપર વિજય મેળવવા માટે દ્વેષ અથવા ક્રોધ અને માન મુખ્ય ભાગ ભજવે છે. પરંતુ શ્રી વીરપરમાત્માનું મનોરાજ્ય એવું વિશાળ હતું કે તેમણે કષાય ન કરતાં શાંતિ રાખીને સર્વ અંતરંગ શત્રુપર ફતેહ મેળવી. અંતરંગ શત્રુઓ મોહરાજાના સેવક તરીકે કામ કરે છે અને તેના લશ્કરમાં વિષય, કષાય, જ્ઞાનાવરણીય વિગેરે અનેક પ્રકારની ટુકડીઓ રહેલી છે. માર્ગાનુસારી થયા પછી વિજય મેળવવાની ઇચ્છા રાખનારનું અંતરંગ સૈન્ય માર્ગભ્રષ્ટ થતું નથી અને તદનંતર તત્વશ્રદ્ધારૂપ સમ્યક્ત્વ પ્રાપ્ત થયા પછી દેશથી અથવા સર્વથી વિરતિગુણ પ્રાપ્ત થાય ત્યારે ઇંદ્રિયદમન, આત્મસંયમ, ક્ષમાધારણ, સત્યવચનોચ્ચાર, સ્તેયત્યાગ, અખંડ બ્રહ્મચર્ય અને અધિકારના પ્રમાણમાં બહિઃ અને અંતરંગ પરિગ્રહનો ત્યાગ વિગેરે સદ્ગુણો પ્રાપ્ત થતાં જ આ જીવ અપ્રમત્ત અવસ્થા પ્રાપ્ત કરી ધીમે ધીમે સદરહુ અંતરંગ શત્રુઓના કિલ્લાઓ તોડતો જાય છે. શ્રી વીરપ્રભુએ પણ અભ્યંતર વૈરીઓનો નાશ કરવા માટે એ જ રસ્તો લીધો હતો. લક્ષ્મી પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય તેણે પ્રથમ તો જે પ્રાણીઓએ લક્ષ્મી પ્રાપ્ત કરી હોય તેની સેવા કરવી જોઇએ. સેવા કરવાથી તે પુરુષે ગ્રહણ કરેલા રસ્તાનું જ્ઞાન થાય છે અને તેથી અલ્પ પ્રયાસે સાધ્ય સિદ્ધ થાય છે. શાંત રસનો કામી મહાપુરૂષ પણ તે રસ જેને પ્રાપ્ત થયેલો છે એવા આસન્નઉપકારી શ્રી

[૧] આઠ અક્ષર દરેક પદમાં હોય છે. છઠ્ઠો ગુરુ અને પાંચમો લઘુ હોય છે. બીજા તથા ચોથા પદનો સાતમો હ્રસ્વ હોય છે, પહેલા તથા ત્રીજાનો સાતમો દીર્ઘ હોય છે.

ચરમતીર્થંકરની સ્તુતિ કરે છે. શાંતિથી અંતરંગ શત્રુપર કેવો વિજય મેળવ્યો તે સંબંધી કથાનક અન્ય ગ્રંથોથી જાણી લેવું. સંગમ, ચંડકૌશિક, શૂલપાણિ, ગોશાલક વિગેરે અતુલ્ય દુઃખ આપનાર તરફ અખંડ શાંતિ રાખનારનું અંતરંગ મનોબળ કેટલું વીર્યવાન હશે તે લખવા કરતાં કલ્પવું જ વિશેષ યુક્ત છે, કલ્પી શકાય તેવું છે; આવા પરમાત્માનું નામોચ્ચારણ કરી શાંતરસની ભાવના કરવાનો ઉદ્યમ કરવામાં આવ્યો છે.

કોઇ પણ શબ્દમાત્રને ગ્રહણ કરી તેનાપર આખો પ્રયોગ લેવો તેને નિરૂક્ત કહે છે; એટલે કેટલાક શબ્દોનો વ્યુત્પત્તિથી અર્થ બને નહિ, પણ પ્રયોગથી જ અર્થ બને છે. વીર શબ્દ માટે નિરૂક્ત કરતાં વિદ્વાનો કહે છે કેઃ–

विदारयति यत्कर्म, तपसा च विराजते ।
तपो वीर्येण युक्तश्च, तस्माद्वीर इति स्मृतः ॥

તેઓ કર્મનું વિદારણ કરે છે, તપસ્યાથી વિરાજમાન છે, તથા તપશક્તિવાળા છે, આ નિરૂક્તથી તે 'વીર' કહેવાય છે.

અથવા વ્યુત્પત્તિથી પણ એવો જ ધ્વનિ નીકળે છે. વિશેષેણ ईरयति प्रेरयति कर्माणीति वीरः જે કર્મોને પ્રેરે છે, ધક્કા મારે છે, આત્માથી વિખુટા કરી કાઢી મૂકે છે તે વીર. આવા શ્રીવીર પરમાત્માને નમસ્કાર કરીને ગ્રંથનું મંગલાચરણ કરવામાં આવ્યું છે.

ટીકાકાર મહારાજ શ્રી ધનવિજયગણિ કહે છે કે શાસ્ત્રની આદિમાં મંગલ, અભિધેય, સંબંધ, પ્રયોજન અને અધિકારી એ પાંચ વસ્તુ બતાવવી જોઇએ, તે આ શ્લોકમાં પણ બતાવવામાં આવી છે. વીર પરમાત્માને નમસ્કાર કરીને મંગલ કર્યું છે, અભિધેય અથવા વિષય શાંત રસ છે, અંતરંગ શત્રુના જયરૂપ લક્ષ્મી મેળવવાનું પ્રયોજન છે, શાંત રસનો વિભાવ્યવિભાવનભાવ એ સંબંધ છે અને મોક્ષાર્થી પ્રાણીઓ જેઓને અંતરંગ શત્રુપર જય મેળવવાની ઇચ્છા છે તે આ ગ્રંથના અધિકારી છે.

આ પાંચે વસ્તુઓ ગદ્યબંધ રચનામાં પ્રથમ બતાવવામાં આવી છે, છતાં અત્ર ફરીવાર બતાવી તેથી પુનરૂક્તિદોષ થાય

એવો જો આક્ષેપ કરવામાં આવે તો તેના ઉત્તરમાં જણાવવાનું કે ઉપદેશના ગ્રંથોમાં પુનરૂક્તિદોષ લાગતો નથી. સઝાય, ધ્યાન, તપ, ઔષધ, ઉપદેશ, સ્તુતિ, પ્રયાણ અને સંતગુણકીર્તનમાં પુનરૂક્તિ દોષ લાગતો નથી. વાચકવર્ય શ્રી ઉમાસ્વાતિ મહારાજ પ્રશમરતિ પ્રકરણમાં કહે છે કે;–

ये तीर्थकृतप्रणीतांभावास्तदनन्तरैश्च परिकथिताः ।
तेषां बहुशोऽप्यनुकीर्तनं भवति पुष्टिकरमेव ॥
यद्वद्विषघातार्थं मंत्रपदे न पुनरुक्तदोषोऽस्ति ।
तद्वद्रागविषघ्नं पुनरुक्तमदुष्टमर्थपदम् ॥

"તીર્થંકરમહારાજપ્રણીત અને તેના પછીના અવિચ્છિન્ન સંપ્રદાયાગત આચાર્યોએ બતાવેલા–કથન કરેલા ભાવોનું વારંવાર કથન કરવું તે તેને પુષ્ટિ કરવા જેવું છે. વિષઘાતને માટે વારંવાર મંત્રોચ્ચાર કરવાથી જેમ પુનરૂક્તિદોષ લાગતો નથી તેમ રાગરૂપ વિષનો ઘાત કરનાર અર્થ પદો પણ વારંવાર કહેવાથી તે કાર્ય દોષ વિનાનું જ છે." આપણા ગ્રંથમાં એકનો એક ભાવ બે બે વખત અને કોઈ ભાવ તેથી વધારે વખત પણ કહેવાય છે તેમ જ ઉપદેશના અનેક ગ્રંથો હોવા છતાં ફરીવાર ગ્રન્થ લખવો એ પણ પુનરૂક્તિ જ છે, પરંતુ એ સર્વનો અત્ર ખુલાસો થઇ જાય છે. આમાં કાવ્યચાતુર્ય બતાવવાનો હેતુ બહુધા હોતો નથી તેથી દોષ લાગતો નથી. જેમ વ્યાપારી હંમેશા એક જ રીતે વ્યાપાર કર્યા કરે છે તેમાં તેની ઇચ્છા વ્યાપારની નથી પણ ધનપ્રાપ્તિની છે, જેમ મંત્રપદનો વારંવાર જાપ કરવામાં આવે છે તેમાં શ્રદ્ધા ગુણ પ્રધાન છે અને સાધ્ય મંત્ર તરફ નથી, પણ વિષનાશ તરફ છે અને જેમ વ્યાધિગ્રસ્ત પ્રાણી એકને એક ઔષધનું અનેકવાર સેવન કરે છે તેનો હેતુ ઔષધ ખાવાનો નથી પરંતુ વ્યાધિનો વિનાશ કરવાનો છે; તેવી જ રીતે શુદ્ધ વ્યાપાર કરવાની ઇચ્છાવાળા અથવા રાગવિષ કે મોહવ્યાધિનો નાશ કરવાની ઇચ્છાવાળા મુમુક્ષુને અનેક પ્રકારે અનેક વાર તેનો તેજ ઉપદેશ આપવામાં આવે તો તેનું સાધ્ય વચનોચ્ચાર કે વચનવ્યાપાર તરફ નથી, પણ રાગવિષનો નાશ અથવા શુદ્ધ દ્રવ્યનો સંચય કરવા તરફજ છે તેથી એમાં પુનરૂક્તિદોષ જરા પણ લાગતો નથી.

મુનિ સુંદરસૂરિ મહારાજ પોતાના બનાવેલા સર્વ ગ્રંથોની શરૂઆતમાં 'જય શ્રી' શબ્દ મૂકે છે, એ શબ્દવડેજ તેમની ઓળખાણ પડે છે; એ બાબત ખાસ નોંધ લેવા જેવી છે. ૧

અનુપમ સુખના કારણભૂત શાંતરસનો ઉપદેશ.

सर्वमंगलनिधौ हृदि यस्मिन्, संगते निरुपमं सुखमेति ।
मुक्तिशर्म च वशीभवति द्राक्, तं बुधा भजत शांतरसेंद्रम् ॥ २ ॥

"સર્વ માંગલિકનો નિધાન એવો શાંતરસ જેના હૃદયમાં પ્રાપ્ત "થાય તે અનુપમ સુખ પામે છે અને મોક્ષનું સુખ એકદમ તેના "કબજામાં આવી જાય છે. હે પંડિતો ! એવા શાંતરસને તમે ભજો– "સેવો–ભાવો." ૨. સ્વાગતાવૃત્ત.[૧]

વિવરણ—સર્વ પ્રાણીઓની પ્રવૃત્તિ અમુક હેતુને લઈને થાય છે. प्रयोजनमनुद्दिश्य न मन्दोऽपि प्रवर्तते. આ સ્વતઃસિદ્ધ નિયમ છે. વ્યાપાર કરનારનો હેતુ ધનપ્રાપ્તિનો હોય છે, ભણનારનો હેતુ ભણજ કેળવવાનો અથવા પરીક્ષા પાસ કરવાનો હોય છે, ચાલનારનો હેતુ અમુક જગ્યાએ પહોંચવાનો હોય છે અને બોલનારનો હેતુ અમુક અસર સાંભળનારના મનપર નીપજાવવાનો હોય છે. આ સર્વ હેતુનો પરંપરાએ છેવટનો હેતુ પ્રાણીને સુખ પ્રાપ્ત કરવાનો હોય છે. જે પ્રવૃત્તિથી પરિણામે સુખ મળે તેવું ન હોય તેમાં વિચારવાન પ્રાણી પ્રવૃત્તિ કરતા નથી. તેથી સર્વ પ્રવૃત્તિનો હેતુ સુખ પ્રાપ્ત કરવાનો છે એ સૂત્ર આપણને પ્રાપ્ત થાય છે. ત્યારે સવાલ એ થાય છે કે સુખ શું છે? અને સુખ ક્યાં છે? આ સવાલનો જવાબ આપવામાં બહોળા અનુભવ જ્ઞાનની જરૂર છે. વાસ્તવિક હકીકત એમ છે કે જે પ્રાપ્ત કરવાની ઇચ્છાથી આ જીવ પ્રયાસ કરે છે તેનું સ્વરૂપ તે સમજતો નથી. ઘણા જીવો સારૂં ખાવામાં, સારાં વસ્ત્રો પહેરવામાં, સારા દેખાવામાં, પ્રથમ પંક્તિની ખુરશી મેળવવામાં અથવા વાહવાહ કહેવરાવવામાં સુખ માને છે, પણ એમાં સુખ શું છે? શરીર નાશવંત છે, નામ કોઈનાં અમર રહેતાં

૧ સ્વાગતાવૃત્તમાં ૧૧ અક્ષર. स्वागता रनभगैर्गुरुणा च ॥
–ᴗ–ᴗᴗ–ᴗᴗ– –

નથી, અને સર્વથી વધારે અગત્યની હકીકત એ છે કે આવા પ્રકારના વિષયોને સુખ માનવામાં પ્રાપ્ત કરેલ સંપત્તિ (પુણ્યધન) અવાઈ જાય છે અને પરિણામે પાછું દુઃખ થાય છે. જે સુખની પછવાડે દુઃખ થાય તેને સુખ કેમ કહેવાય? સાંસારિક સર્વ સુખો આવા પ્રકારનાં છે. વિષયજન્ય સુખ માત્ર માન્યતામાં જ રહે છે, એથી કોઈ પણ પ્રકારનો વાસ્તવિક આનંદ થતો નથી. આનંદ લાગે છે તે પણ ખોટો છે, અસ્થિર છે, અલ્પ છે, અલ્પ સમય ચાલે તેવો છે અને એને સુખ માનવું એમાં મોટી ભૂલ થાય છે. સુખ ખરેખરું મનની શાંતિમાંજ છે. જ્યારે મન એક વિચાર કે વિષયપરથી બીજી તરફ દોરાય છે અને એક વસ્તુપર સ્થિર રહેતું નથી ત્યારે સમજવું કે હજુ તેને વાસ્તવિક ખ્યાલ થયો નથી. આવા પ્રકારનું સુખ પ્રાપ્ત કરવાનું પરમ સાધન શાંતરસની ભાવના ચિત્તક્ષેત્રમાં સ્થિર કરવી એ જ છે. એ શાંતરસ ભાવતાં જે સુખ પ્રાપ્ત થાય છે તે અનિર્વચનીય છે. પાર્થિવ વસ્તુમાં એવો કોઈ પણ પદાર્થ નથી કે જેની સાથે એ સુખની સરખામણી થઈ શકે. શાંતરસની ભાવના ઉત્કૃષ્ટ રીતે ભાવતાં સર્વ પ્રકારનાં દુઃખોનો આત્યંતિક અભાવ થાય છે, અને એવી રીતે અવિનાશી અવ્યાબાધ સુખ પ્રાપ્ત થાય તેને જ વાસ્તવિક સુખ કહેવું યોગ્ય છે.

આવું ઉત્કૃષ્ટ સુખ પ્રાપ્ત કરવાનો ઉપાય ઉપર કહ્યું તેમ શાંતરસનો વિચાર કરવો અને તે જ પરમ સાધ્ય છે એમ માનવું એ છે. શૃંગાર, હાસ્ય, વીર વિગેરે રસોમાં માની લીધેલા ઇંદ્રિયજન્ય વિષયસુખથી કલ્પિત ક્ષણિક વિનશ્વર આનંદ થાય છે, પરંતુ ખરેખરો ચિરસ્થાયી, અંત વગરનો આનંદ તો શાંતરસની ભાવનાથી જ થાય છે અને તે શાંતરસને ભાવવાનો ઉપદેશ અત્ર આપવામાં આવ્યો છે. આખા ગ્રંથમાં આ સાધ્ય રાખવામાં આવેલ છે તેથી મનનપૂર્વક આ ગ્રંથનો અભ્યાસ કરવો એ સુખપ્રાપ્તિનો ઉપાય સાધવા બરોબર છે.

રસેન્દ્ર-રસેશ્વર સિદ્ધાંત એવો છે કે દેહપાત પછી બીજા ઓની માની લીધેલી મુક્તિ મળે તે ચોક્કસ નથી, માટે અત્ર રસેન્દ્ર (પારો) ખાઇને શરીરને નિભાવવું. છતાં શરીર તો નાશ

થવાનું જ છે એમ જો શંકા થાય તો તેના જવાબમાં આ સિદ્ધાંતના અનુયાયીઓ એમ કહે છે કે આ શરીર પડ્યા પછી હરગૌરી સૃષ્ટિમાં શરીર પ્રાપ્ત થવાનું છે તે બહુ મજબૂત મળશે. તેઓના આ મતપર આક્ષેપ કરતાં સૂરિ મહારાજ કહે છે કે રસેન્દ્ર (પારો) પણ આ શાંત રસાધિરાજ જ છે. (આ સિદ્ધાંત માટે જુઓ રસેશ્વર સિદ્ધાંત-અથવા રસાર્ણવ-રસહૃદય વિગેરે ગ્રંથો.) શાંત રસને રસેન્દ્ર કેવી રીતે કહેવામાં આવ્યો છે તેને માટે ઉપર ઉપોદ્ઘાતમાં વિસ્તારથી વર્ણન થઈ ગયું છે. એ રસ સર્વ મંગળનો ભંડાર છે કારણ કે સર્વ માંગલિક્યમાલા એનાથી જ વિસ્તરે છે. પંડિતો આ ઉપદેશને યોગ્ય છે અને પંડિતો જ શાંત રસની ખૂબી સમજી શકે છે. તેથી સૂરિ મહારાજે બુધ શબ્દથી પંડિતોને સંબોધન કર્યું છે. જેઓ સંસારનું વાસ્તવિક સ્વરૂપ સમજી પુદ્ગલ અને આત્માનો ભેદ સમજ્યા હોય તેને શાસ્ત્રકારો પંડિત કહે છે. ૨

આ ગ્રંથના સોળ દ્વારો.

समतैकलीनचित्तो, ललनापत्यस्वदेहममतामुक् ।
विषयकषायाद्यवशः शास्त्रगुणैर्दमितचेतस्कः ॥ ३ ॥
वैराग्यशुद्धधर्मा, देवादिसतत्त्वविद्विरतिधारी ।
संवरवान् शुभवृत्तिः साम्यरहस्यं भज शिवार्थिन् ॥४॥ युग्मम्

"હે મોક્ષાર્થી પ્રાણી! તું સમતા ઉપર લીન ચિત્તવાળો થા; "સ્ત્રી, પુત્ર, પૈસા અને શરીર ઉપરથી મમતા છોડી દે; વર્ણ, ગંધ, "રસ, સ્પર્શ વિગેરે ઇન્દ્રિયોના વિષયો અને ક્રોધ, માન, માયા "અને લોભ એ કષાયોને વશ થા નહિ; શાસ્ત્રરૂપ લગામવડે "તારા મનરૂપ અશ્વને તું કાબુમાં રાખ; વૈરાગ્યે કરીને શુદ્ધ-નિષ્ક- "લંક ધર્મવાન થા (સાધુના દશ યતિધર્મ અને શ્રાવકનાં બાર વ્રત "તેમજ આત્મગુણોમાં રમણતા કરવા રૂપ શુદ્ધ ધર્મવાળો થા); "દેવ ગુરૂ ધર્મનું શુદ્ધ સ્વરૂપ જાણનારો થા; સર્વ પ્રકારના સાવદ્ય "યોગથી નિવૃત્તિરૂપ વિરતિ ધારણ કર; (સત્તાવન પ્રકારના) સંવર-

"વાળો થા; તારી વૃત્તિઓને શુદ્ધ રાખ અને સમતાના રહસ્યને "તું ભજ. ૩-૪ આર્યા વૃત્ત[1].

ભાવઃ-આ યુગ્મમાં સામાન્ય રીતે પ્રકીર્ણ ઉપદેશ આપવા ઉપરાંત આ ગ્રંથમાં કહેવાના સોળ અધિકાર સૂચવ્યા છે તે નીચે પ્રમાણેઃ-

૧. સમતા અધિકાર.
૨. સ્ત્રી (લલના) મમત્વ મોચન.
૩. અપત્ય મમત્વ મોચન.
૪. ધન મમત્વ મોચન.
૫. દેહ મમત્વ મોચન.
૬. વિષય નિગ્રહ.
૭. કષાય નિગ્રહ.
૮. શાસ્ત્ર ગુણ વર્ણન.
૯. ચિત્ત દમન.
૧૦. વૈરાગ્ય ઉપદેશ.
૧૧. ધર્મ શુદ્ધિ ઉપદેશ.
૧૨. દેવ ગુરૂ ધર્મ શુદ્ધિ ઉપદેશ.
૧૩. યતિ શિક્ષા.
૧૪. સંવર ઉપદેશ. મિથ્યાત્વાદિ નિરોધ.
૧૫. શુભ પ્રવૃત્તિ.
૧૬. સામ્ય રહસ્ય.

આ સોળ વિષય અધ્યાત્મના છે. એના ઉપર આગા ગ્રંથમાં વિવેચન કરવામાં આવ્યું છે અને તેઓનો પરસ્પર સંબંધ પણ યુક્ત સ્થાનકે બતાવવામાં આવ્યો છે. એ સર્વ કલ્પવૃક્ષ સમાન છે; એની સેવા કરનારને તે મનોવાંછિત આપે છે, માટે એનું વાંચન, મનન, નિદિધ્યાસન કરવા આગ્રહ કરી અત્ર પ્રાસાંગિક ઉદ્ગાર પૂર્ણ કરવામાં આવે છે અને ગ્રંથની શરૂઆત કરવામાં આવે છે.

૧ આર્યાને ચાર ચરણ હોય છે. દરેક ચરણમાં અનુક્રમે ૧૨-૧૮-૧૨-૧૫ માત્રા હોય છે.

પ્રથમ સમતા અધિકાર. ભાવના ભાવવા માટે મનને ઉપદેશ.

चित्तबालक मा त्याक्षी रजस्रं भावनौषधीः ।
यत्त्वां दुर्ध्यानभूता, न छलयन्ति छलान्विषः ॥ ९ ॥

"હે ચિત્તરૂપ બાળક! તું ભાવના રૂપ ઔષધિઓને હંમેશા[1] "દૂર કરીશ નહિ; જેથી કરીને છળને શોધનારા દુર્ધ્યાનરૂપ ભૂત 'પિશાચો તને છેતરી શકશે નહિ." અનુષ્ટુભ્.

વિશેષાર્થ-સમતાદિક અધ્યાત્મના વિષયમાં હજુ આ જીવ બહુ પછાત છે, તેનું ખરું રહસ્ય સમજી તેને અનુસરતો નથી તેથી તેના મનને બાળક કહેવામાં આવ્યું છે.

હે બાળ મન! તું જરા વિચાર કર. સાંસારિક સગા સ્નેહીઓ અસ્થિર છે, પૌદ્ગલિક વિષયસુખ અનિત્ય છે, આજ જે રંગ છે તે કાલ રહેતો નથી; સગા સ્નેહીઓનું કે શેઠ વિગેરે સ્વામીનું કોઇનું વાસ્તવિક રીતે તારે શરણ નથી, તને ખરું દુઃખ પડતાં તેઓ કાંઇ પણ ઉપકાર કરી શકે તેમ નથી; વળી તેઓ સર્વ એક મેળાની જેમ અત્ર મળ્યા છે પણ તેને છુટા પડતાં વાર લાગવાની નથી. તું પોતે તો એકલોજ આવ્યો છે અને એક લોજ જવાનો છે; તું કોઇનો નથી અને તારું કોઇ નથી-આમ અનેક રીતે સંસારનું વાસ્તવિક સ્વરૂપ શું છે તેનો વિચાર કરવો, પોતાની શુદ્ધ દશા અને વિભાવ દશા કઇ છે તેનું સ્વરુપ સમજી તેનું રટણ કર્યા કરવું-પૌદ્ગલિક અને આત્મિક તત્ત્વોમાં શો ફેર છે તે સમજી તેનાપર વિચાર કરવો, એને શાસ્ત્રકાર ભાવના કહે છે. એ ભાવના ભાવવાથી સાચી સ્થિર વસ્તુ કઇ છે તેનું સત્ય જ્ઞાન થાય છે અને જ્ઞાનના પરિણામે તદનુસાર વર્તન કરવાનો નિશ્ચય થતાં પરિણામે તેવું વર્તન પણ થાય છે. કોઇ પણ કાર્ય થવાનો અથવા કરવાનો આ શુદ્ધ ક્રમ છે અને ઉત્ક્રાન્તિ પણ તદનુસારજ થાય છે. આવી ભાવનાઓ શાસ્ત્રકાર બાર પ્રકારની અથવા સોળ પ્રકારની કહે છે અને એનું બરાબર સ્વરૂપ યોગશાસ્ત્ર, પ્રવચનસારોદ્ધાર, શાંત સુધારસ વિગેરે ગ્રંથોમાં બહુ વિસ્તારથી

૧ થોડો વખત પણ.

આપ્યું છે. આ ગ્રંથની નોટમાં પણ આગળ સવિસ્તર તેનું સ્વરૂપ આવવાનું છે. અત્ર કહેવાનું એ છે કે તારે આવી વસ્તુસ્વરૂપનું સમજણ આપનારી અને તે મય ભાવનાઓ નિરંતર મન સન્મુખ રાખ્યા કરવી. તારા દરેક કાર્યમાં તે ભાવના તારે ચુકી જવી નહિ. તું ખાતો હો, પીતો હો, ચાલતો હો, વ્યાપાર કરતો હો કે ધર્મકાર્ય કરતો હો, તે દરેક વખતે તારે આ ભાવનાઓને હૃદયચક્ષુ સન્મુખ રાખવી. એ ભાવનાઓ ધાર્મિક ક્રિયા કરતી વખતે અને ખાસ કરીને સ્વાધ્યાય ધ્યાન કરતી વખતેજ ભાવવાની છે એમ તું માનીશ નહિ, એ ભાવના તારા દરેક કાર્યમાં ઓતપ્રોત પોરવાઇ જવી જોઇએ.

અનાદિ અભ્યાસને લીધે સંસારભાવના આજીવની સ્વભાવદશા જેવી થઈ ગઇ છે. એને ઘર બંધાવવામાં, ઘરેણાં ઘડાવવામાં કે વ્યાપાર કરવામાં જેટલો આનંદ આવે છે અને જેટલે અંશે તે કાર્ય સાથે તે એકમેક થઈ જાય છે તેટલો સંસારનું ખરું સ્વરૂપ વિચારતી વખત તે થતો નથી, થઈ શકતો નથી, થવાનો વિચાર પણ કરતો નથી અને પરિણામે દુર્ધ્યાનમાં પડી જાય છે. વળી ઘણીવાર તો એવું વિપરીત બને છે કે તેનાં ધાર્મિક કાર્યોમાં પણ દુર્ધ્યાન દાખલ થઇ જાય છે અને ચિત્તવૃત્તિ ડોળી નાખે છે. એ દુર્ધ્યાન કેવી રીતે કામ કરે છે તે આપણે નવમા **ચિત્તદમન** અધિકારમાં જોઇશું. અત્ર પ્રસ્તુત એ છે કે જો આ જીવ ભાવના ભાવવાથી વિમુખ થઇ જાય છે તો તુરતજ દુર્ધ્યાન રૂપ પિશાચો તેના હૃદયમંદિરનો કબજો લે છે અને પછી તેની પાસે અનેક પ્રકારના વિચિત્ર અને હાસ્યજનક નાચ નચાવે છે.

ભાવનાને તેટલા માટે યંત્રયુક્ત માદળિયું કહેવામાં આવ્યું છે. જગતમાં કેટલાકની એવી માન્યતા છે કે સયંત્ર માદળિયું પહેરનાર પર ભૂત પિશાચના નામથી પ્રસિદ્ધ થયેલી અમાનુષી પ્રકૃતિઓ અસર કરી શકતી નથી. આ માન્યતા પર રૂપક અલંકાર ગોઠવી વિદ્વાન ગ્રંથકર્તા કહે છે કે જો તું ભાવનામંત્રથી મંત્રિત માદળિયું તારા હાથપર બાંધીશ તો દુર્ધ્યાનરૂપ ભૂત પિશાચો તારા હૃદયમંદિરનો કબજો લેશે નહિ. દુર્ધ્યાનનું જોર પ્રબળ

આત્મવીર્ય પાસે બીલકુલ ચાલતું નથી. આ જીવ જ્યારે શુદ્ધ આત્મિક દશામાં રમણ કરવા માંડે છે ત્યારે તેનામાં એવું અપૂર્વ વીર્ય સ્ફુરેછે કે તેનું માપ અનુભવથી જ ગમ્ય છે. માત્ર કર્માવૃત સ્થિતિને લીધે આ આત્મા ઘણા વખતથી ઉંઘ્યા કરે છે તેથી જ તેના પર આવા વિભાવી ભાવો જોર ચલાવે છે, બાકી જ્યારે ભાવનાજળથી તે જાગૃત થશે કે તુરત જ તે સર્વ ખસી જશે—નાસી જશે અને દૂર જ રહેશે.

ટીકાકાર કહે છે કે ગમ્ય, અગમ્ય, કાર્ય, અકાર્ય, હેય, ઉપાદેય વિગેરે જ્ઞાનમાં વિકળતા હોવાથી ચિત્ત હજુ બાળક છે. ભાવનાથી ધૈર્ય-સ્થિરતા પ્રાપ્ત થાય છે તેથી તે ઔષધરૂપ છે અને દુર્ધ્યાનથી પરવશપણું, દુર્ગતિ અને ઉન્માદ થાય છે, તેથી તે ભૂત વ્યંતર જેવાં છે.

સમતાના પ્રથમ બીજ તરીકે ભાવના છે એમ અત્ર ઉપદેશ કર્યો. આ અધિકારમાં મૈત્ર્યાદિ ચાર ભાવનાનું સ્વરૂપ બતાવવામાં આવશે. તે પહેલાં સમતાનું સુખ કેવા પ્રકારનું છે તે બતાવે છે. ૫.

ઇન્દ્રિયોનાં સુખ-સમતાનાં સુખ.

यदिंद्रियार्थैः सकलैः सुखं स्यान्नरेंद्रचक्रित्रिदशाधिपानाम् ।
तद्विंदवत्येव पुरो हि साम्यसुधांबुधेस्तेन तमाद्रियस्व ॥ ६ ॥

"રાજા, ચક્રવર્તી અને દેવોના સ્વામી ઇંદ્રોને સર્વ ઇંદ્રિયના "અર્થોથી જે સુખ થાય છે તે સમતાના સુખસમુદ્ર પાસે ખરે- "ખર એક બિંદુ તુલ્ય છે માટે સમતાના સુખને આદર." ૬

ઉપેંદ્રવજ્રા વૃત્ત.[1]

ભાવાર્થ—અધ્યાત્મજ્ઞાનનું પ્રથમ બીજ સમતા છે. સર્વ સંજોગોમાં મનને એકસરખું રાખવું, ગમે તેવા પ્રસંગો આવે તો પણ ચંચળ વૃત્તિ ધારણ કરવી નહિ, એને સમતા કહે છે. એવી મનોવૃત્તિ થાય ત્યારે જ ખરેખરું સુખ થાય છે અને બીજા શ્લોકમાં જે સુખની શોધ કરવામાં આવી છે તે સમતાનુંજ સુખ છે. એ સુખ

૧ ઉપેંદ્રવજ્રામાં ૧૧ અક્ષર. उपेंद्रवज्रा प्रथमे लघौ सा
⏑–⏑––⏑⏑–⏑––

ખરેખરૂં તો અનુભવગમ્ય છે. તે સુખનો બીજી કોઇ પણ રીતે ખ્યાલ આપવો મુશ્કેલ છે, લગભગ અશક્ય જેવું જ છે; છતાં આ જીવ તો પૌદ્ગલિક સુખમાં આસક્ત છે તેથી તે સુખનો ખ્યાલ અત્યાર સુધીના સાદા અનુભવાનુસાર આપવાથી જ તે નવીન વાસ્તવિક સુખ પ્રાપ્ત કરવા ઉદ્યમવંત થાય તેમ છે. આમ હોવાથી તેને કહે છે કે હે જીવ! એક રાજા અનેક પ્રકારના હુકમો કરતો હોય, પાણી માગે ત્યાં દૂધ મળતું હોય, બમા બમા પોકરાતી હોય, અનેક રાણીઓથી પરિવૃત હોય અને સર્વ ઇંદ્રિયોનાં વિષયસુખો સારામાં સારા આકારમાં ભોગવતો હોય, તેનું સર્વ સુખ તું કલ્પી લે. તે ઉપરાંત રાજાઓના પણ મુગટમણિ સાર્વભૌમ ચક્રવર્તીની છ ખંડ ઋદ્ધિનું સુખ એકત્ર કર; અને દેવપતિ ઇંદ્રના સર્વ પૌદ્ગલિક સુખોને પણ એકઠા કર. આ સર્વ સુખોનો સરવાળો કર. તારી કલ્પનામાં આથી વધારે સુખ આવવું મુશ્કેલ છે. પરંતુ અમે સ્વાનુભવથી કહીએ છીએ કે આ સર્વ સુખો એકત્ર કરીને કરોડો વર્ષ યાવત્ અનંતકાલ અનુભવ્યાં હોય તો પણ સમતાથી જે સુખ થાય છે તેની પાસે તે કાંઇ હિસાબમાં નથી, સમતાનું સુખ સમુદ્ર જેટલું ગણીએ તો આ સ્થૂલ સુખોનો સરવાળો એક ટીપા જેટલો થાય છે. સર્વસાધનસંપન્ન રાજાઓ કે દિગ્વિજય કરનાર ચક્રવર્તીને અથવા બહુ સુખી ગણાતા દેવેંદ્રને પણ સમતાના સુખ જેટલું સુખ નથી. શાસ્ત્રકાર પણ કહે છે કે:–

जं च कामसुहं लोए, जं च दीव्वं महासुहं ।
वीयराय सुहस्सेयं णंतभागंपि नग्घई ॥

લોકમાં જે વિષયાદિકના સુખો છે અને દેવલોકમાં જે મહાસુખો છે તે વીતરાગના સુખ પાસે અનંતમાં ભાગે પણ થતાં નથી.

આવું મહાન સુખ તારા યત્નથી સાધ્ય છે, અત્રે જ તને મળી શકે તેમ છે. તેમાં નથી પૈસાની જરૂર કે નથી બાહ્ય મદદની જરૂર, નથી કોઈના રક્ષણની જરૂર કે નથી કોઇ તરફની આકાંક્ષાની જરૂર; માત્ર તારૂં શું છે તે સમજી તે મેળવવા અથવા પ્રગટ કરવા પ્રયાસ કર અને બીજી બધી બાહ્ય ઉપાધિ તજી દે, એટલે સમતા સુખ તને આપો આપ પ્રાપ્ત થઈ જશે. પરંતુ આ બાબતમાં તારે

દૃઢ નિશ્ચય કરવાની જરૂર છે. એકવાર નિશ્ચય કર્યો કે પછી તેના સાધનો શું છે તે તને સ્વતઃ મળી જશે, તે બતાવનારા પણ મળી જશે અને તને બહુ આનંદ થશે. પૌદ્ગલિક સર્વ સુખો નાશવંત છે, પછવાડે દુઃખસંતતિ મૂકી જનારાં છે, ભોગવતી વખત પણ અનેક પ્રકારની શારીરિક અને માનસિક ઉપાધિ કરનારાં છે, ત્યારે અત્ર બતાવેલું સમતાજન્ય સુખ એ સર્વ પ્રકારની બગવડોથી મુક્ત છે; માટે સમતા સુખ આદર. ૬.

સાંસારિકજીવનાં સુખ—યતિનાં સુખ.

अदृष्टवैचित्र्यवशाज्जगज्जने, विचित्रकर्माशयवाग्विसंस्थुले ।
उदासवृत्तिस्थितचित्तवृत्तयः, सुखं श्रयन्ते यतयः क्षतार्तयः ॥७॥

" જ્યારે જગત્ના પ્રાણીઓ પુણ્યપાપના વિચિત્રપણાને "આધીન છે, અને નાના પ્રકારના કાયાના વ્યાપાર, મનના વ્યાપાર "અને વચનના વ્યાપારથી અસ્વસ્થ (અસ્થિર) છે; ત્યારે માધ્યસ્થ "વૃત્તિમાં જેમની ચિત્તવૃત્તિ રહેલી છે અને જેઓની મનની "પીડાઓ (આધિ) નાશ પામી છે તેવા યતિઓ બરા સુખને "ભજે છે (ભોગવે છે.)" ૭. વંશસ્થવૃત્ત.[૧]

વિવેચન–ઇંદ્રિયજનિત વિષયસુખ અને સમતા સુખનું સ્વરૂપ બતાવી હવે તે બન્નેનાં દૃષ્ટાંતો બતાવીને સમતા સુખની અધિકતા સિદ્ધ કરે છે. પુણ્યના ઉદયથી આ જીવ સારા શરીરવાળો, રૂપાળો, સગાંસ્નેહીથી પરિવૃત, ધનવાન, પુત્રવાન, આયુષ્માન વિગેરે અનેક પ્રકારનાં રૂપો ધારણ કરે છે; તેજ જીવ પાપના ઉદયથી તેથી ઉલટાં કુરૂપો ધારણ કરી કંગાળ જેવો દેખાય છે. પુણ્યના ઉદયથી આ જીવ સુખી દેખાય છે, વળી એકાદ પ્રતિકૂળ કર્મનો સપાટો આવે ત્યારે મહાદુઃખી દેખાય છે. કોઇવાર બાળક જેવો થઇ રઝળે છે અને કોઇવાર કામરસિક થઈ વિષયસેવન કરે છે, કોઇવાર વિત્ત વગરનો થઈ જાય છે અને કોઇવાર સંપૂર્ણ વૈભવવાળો થાય છે, કોઇવાર ઘરડો બખ થઇ જાય છે અને કોઇવાર બળવાન

---

૧ વંશસ્થ અથવા વંશસ્થવિલ વૃત્તના દરેક ચરણમાં ૧૨ અક્ષર હોય છે. वदंति वंशस्थविलं जतौजहौ. –ᴗ–ᴗᴗ–ᴗ–ᴗ– (૫–૭)

થઇ જાય છે; આવાં આવાં અનેક રૂપો વિચિત્ર કર્મોને વશ થઇને આ જીવ ધારણ કરે છે. સંસારરંગભૂમિ ઉપર અનેક પ્રકારનાં ખેલો ભજવે છે અને કાળ આવે ત્યારે યમરાજાની રાજધાનીના પડદામાં પ્રવેશ કરે છે; વળી પાછો સારો કે ખરાબ બીજો વેશ ધારણ કરે છે. એવી રીતે અનેકવાર રખડપટ્ટી કર્યા કરે છે. આખો વખત મન વચન કાયાના વ્યાપારમાં મસ્ત રહી વિષયકષાયને આધીન થાય છે અને કિંચિત્ વખત પણ સ્થિરતા પામતો નથી. કષાયાદિકમાં પ્રવૃત્તિ કરતી વખતે તે તન્મય થઇ જાય છે અને જાણે પોતે કષાયમય જ હોય એવો દેખાવ આપે છે. આવી અનેક હાડમારી આ જીવ ભોગવે છે અને તે હાડમારીને સુખ માને છે. આવી દોડાદોડમાં સુખ હોય તે કહેવા કરતાં માની લેવું જ યુક્ત છે. કારણ કે નિરાંત વગર સુખ હોય જ નહિ. માથે દુઃખની તરવાર લટકતી હોય ત્યાં સુખ હોય જ નહિ. આ સંસારી જીવનું સુખ થયું. એનું ખરેખરું તાદાત્મ્ય સ્વરૂપ ચિત્રપટપર શ્રીઉપમિતિ ભવ પ્રપંચના સુપ્રસિદ્ધ વિદ્વાન લેખક પૂજ્યપાદ શ્રી સિદ્ધર્ષિગણિએ આલેખ્યું છે, તે મનન કરવાથી આ ઉક્તિનું રહસ્ય પ્રાપ્ત થાય છે.

હવે બીજી બાજુએ સર્વ સુખદુઃખપર માધ્યસ્થ દૃષ્ટિ રાખનાર, આત્મારામમાં રમણ કરનાર, દશ યતિધર્મોનું વહન કરનાર, પંચમહાવ્રત પાલનાર, સાંસારિક સર્વ ઉપાધિઓથી દૂર રહેનાર, ખટપટનો સ્વપ્નમાં પણ ખ્યાલ ન કરનાર, પવિત્ર જીવન વહન કરનાર શ્રી યોગીમહાત્માઓ–મુનિમહારાજા કેવા પ્રકારનું સુખ અનુભવે છે તે જોઇએ. આપણે અગાઉ જોયું છે કે સુખ માન્યતામાં જ છે, પુદ્ગલમાં સુખ નથી અને વાસ્તવિક સુખ તો સામ્યભાવમાં જ છે. ઉદાર યોગીઓ જેનું વિસ્તારથી સ્વરૂપ નવમા શ્લોકમાં કહેવામાં આવશે તેઓને સર્વ સંજોગોમાં આનંદ જ છે. તેઓ સુખપર રાજી થતા નથી, દુઃખથી ડરતા નથી; એટલું જ નહિ પણ કર્મક્ષય નિમિત્તે દુઃખને આવકારદાયક ગણે છે. તેઓ જાણે છે કે સુખ પુણ્યપ્રકૃતિનો ઉદય છે અને દુઃખ પાપપ્રકૃતિનો ઉદય છે; બન્ને કર્મપ્રકૃતિ છે, ત્યાજ્ય છે અને તેમાં

આનંદ કે શોક માનવો એમાં મૂર્ખતા જ છે. એવા મહાત્માઓને જે અંતર આનંદ થાય છે તેનું વર્ણન કરવું મુશ્કેલ છે, કારણ કે તેઓને દુઃખમાં પણ આનંદ જ છે. માનસિક ઉપાધિનો નાશ થાય છે કે તુરત જ સર્વ પાર્થિવ પીડાઓનો સ્વતઃ નાશ થઈ જાય છે અને ઉદારચરિત યોગીઓ તો સ્થિર મનોવૃત્તિ રાખી માનસિક ઉપાધિઓથી દૂર જ રહે છે અને તેના સંબંધમાં પણ આવતા નથી, એમને તૃણ ને સુવર્ણ સરખું છે, રાયરંકમાં ભેદ નથી, નિંદા સ્તુતિમાં ભેદ નથી, શત્રુ મિત્રપર સમભાવ છે અને રાજા જેવો દેખીતો તેમનો વૈભવ લાગતો નથી છતાં તેઓ રાજા જેટલો જ વૈભવ અનુભવે છે, એ સંબંધમાં આપણને સૂરિ મહારાજ સ્વાનુભવથી સાક્ષી આપે છે. વળી એ જ સંબંધમાં વિરક્ત ભાવનું સુખ અનુભવનાર અને સંસારનો પણ અનુભવ લેનાર રાજર્ષિ ભર્તૃહરી સંક્ષેપમાં કહે છે કે–

महीं रम्यां शय्यां विपुलमुपधानं भुजलता,
वितानं चाकाशं व्यजनमनुकूलोयमनिलः ।
स्फुरद्दीपश्चंद्रो विरतिवनितासंगमुदितः,
सुखं शांतः शेते मुनिरतनुभूतिर्नृप इव ॥

જેમ રાજાનો વૈભવ અત્યંત છે તેમ મુનિઓ પોતાના શરીરપર ભસ્મ લગાવે છે અને તે શાંત હોઇને સુખથી સુએ છે. તેને પૃથ્વી જ સુંદર શય્યા છે, લતા જેવા તેના હાથ વિસ્તારવાળું ઓશીકું છે, આકાશ તેનો ચંદરવો છે, અનુકૂળ પવન તેનો પંખો છે અને ચંદ્ર તેનો દેદીપ્યમાન દીવો છે તથા તે વિરતિ સ્ત્રીની સોબતમાં આનંદ માને છે. આવી રીતે સર્વ રાજ્યચિન્હો તે મુનિ પાસે છે અને રાજા કરતાં પણ વધારે શાંતિથી તે સુએ છે, કારણ કે તેની માનસિક સર્વ ઉપાધિઓ દૂર થયેલી હોય છે. આવા જ કોઇ કારણથી સંત પુરુષો વિપત્તિ માગી લે છે, કારણ કે સારા વખતમાં દુઃખ ભોગવી લીધું હોય તો પછી અગવડ પડતી નથી અને બાંધેલાં દુઃખો એકવાર ભોગવવાં તો પડવાનાં જ, તેથી તેમાં તેને કાયરતા આવતી નથી. આવી રીતે સાંસારિક જીવો અને

યતિનાં સુખની સરખામણી કરવામાં આવી છે, એ બન્ને હકીકત હે આત્મા! તું ખાસ ધ્યાનમાં રાખજે. ૭.

સમતાસુખ અનુભવવાનો ઉપદેશ.

विश्वजंतुषु यदि क्षणमेकं, साम्यतो भजसि मानस मैत्रीम् ।
तत्सुखं परममत्र परत्राप्यश्नुषे न यदभूत्तव जातु ॥ ८ ॥

"હે મન! તું સર્વ પ્રાણી ઉપર સમતાપૂર્વક એક ક્ષણવાર પણ "પરહિતચિંતારૂપ મૈત્રીભાવ ભાવીશ તો તને આ ભવ અને પર- "ભવમાં એવું સુખ મળશે કે જેવું તેં કદિ પણ અનુભવ્યું હશે "નહિ". ૮. સ્વાગતાવૃત્ત.

ભાવાર્થ–સમતા સુખ એ અધ્યાત્મનું બીજ છે અને તે માટે સાદું દૃષ્ટાંત બતાવ્યું. પરંતુ ખરેખર સમતા સુખ જાણવાનું સાધન તો તેનો અનુભવ જ છે તેથી તે બાબતમાં પ્રેરણા કરતાં કહે છે કે–હે ભાઇ! અમે સમતા સુખના આટલા બધા વખાણ કરીએ છીએ, પણ એથી લાભ કેટલો થાય છે તે તને બતાવી શકતા નથી. રસાયણ ખાનારને પરિણામે લાંબા વખત સુધી અનેક લાભ થાય છે, પણ બાધા સિવાય બોલવાથી તેનો લાભ સમજાવી શકાતો નથી. માટે તું સમતા જરા વખત રાખ. પરહિતનું ચિંતવન કરવું અને પરહિતના વિચારમાં પોતાની જાતના સુખને ભૂલી જવું–સ્વાર્થ ત્યાગ કરવો એને મૈત્રીભાવના કહે છે. એનું સવિસ્તર સ્વરૂપ હવે પછી તેરમા શ્લોકમાં આપવામાં આવ્યું છે. એ મૈત્રીભાવ બીજા જીવોપર તું એક ક્ષણવાર જ રાખ. તેના પરિણામે તું એવું સુપુણ્ય બાંધીશ કે તેના યોગથી તને આભવ અને પરભવમાં અપૂર્વ સુખનો અનુભવ થશે. અત્યાર સુધી તેં પૌદ્ગલિક સુખો અનુભવ્યાં છે તેથી સુખ પણ તું તેમાં જ સમજે છે, પરંતુ જ્યારે આત્મિક સુખો અનુભવવા યોગ્ય સુકર્મદલ તું ગ્રહણ કરીશ ત્યારે તને નવીન પ્રકારનો જ આનંદ થશે.

ગ્રંથકર્તા અત્ર બાલ અધિકારિઓને આશ્રયીને મૈત્રીભાવથી જે સામ્ય સુખ પ્રાપ્ત થાય છે તેનો પુણ્યકર્મ સાથે સંબંધ જોડે છે. આપણે એથી આગળ વધેલાને કહી શકીએ કે સમતાભાવ ભાવતી વખતે જે અપૂર્વ આનંદ થાય છે તે પણ અનિર્વચનીય છે, એના

પરિણામે જે શુભકર્મબંધ અથવા કર્મનિર્જરા થાય છે તે તો બાજુ ઉપર રાખીએ, પણ તે ભાવ ભાવતાં જે માનસિક સંતોષ (conscious satisfaction) થાય છે તે પણ મહાન છે, ભવ્ય છે, અલૌકિક છે, નૂતન છે, સર્વોત્તમ છે, અનનુભૂતપૂર્વ છે. સમતાથી સુખ થાય છે તે બીજાનું સુખ લઇને અથવા ઓછું કરીને થતું નથી, પણ સ્વસંપન્ન છે, સ્વસંપૂર્ણ છે, પરને ઉપકારી છે, અને ઉભયને આનંદદાતા છે. પૌદ્ગલિક અને આત્મિક આનંદમાં આ મહાન તફાવત છે. આ સમતાથી થતો આનંદ અનુભવતી વખતે જ એવું સુખ આપે છે કે જેવું આ જીવે અગાઉ સાંસારિક પદાર્થોમાં અનુભવ્યું ન હોય. આ પ્રમાણે હોવાથી હે ભાઇ! તું એકવાર સામ્યભાવ ધારણ કર, પછી તું તેનું સુખ જોજે. જો તને તેમાં કાંઇ અપૂર્વતા માલુમ પડે તો તે સુખનો ફરીવાર અનુભવ કરવાનો વિચાર કરજે; પણ એકવાર તો અમારા આગ્રહથી જ તે રસ્તે પ્રયાણ કર. અમે એ સુખનો સ્વાદ કોઇ કોઇવાર ચાખ્યો છે અને તેથી તને ભલામણ કરીએ છીએ કે તારે સંસારમાં રહ્યા છતાં મોક્ષસુખની વાનકી ચાખવી હોય તો એ ઉત્તમ માર્ગ છે. ૮.

સમતાની ભાવના (Ideal) તેનું દર્શન.

न यस्य मित्रं न च कोऽपि शत्रुर्निजः परो वापि न कश्चनास्ते ।
न चेंद्रियार्थेषु रमेत चेतः, कषायमुक्तं परमः स योगी ॥ ९ ॥

"જેને કોઇ પણ મિત્ર નથી અને કોઇ પણ શત્રુ નથી; "જેને કોઇ પોતાનો નથી અને કોઇ પારકો નથી; જેનું મન "કષાય રહિત હોઇને ઇંદ્રિયોના વિષયમાં રમણ કરતું નથી તેવો "પુરૂષ મહાયોગી છે." ૯. ઉપેંદ્રવજ્રા.

ભાવાર્થ–જે યોગીનું દર્શન સાતમા શ્લોકમાં કરાવવામાં આવ્યું છે તેનું સ્વરૂપ અત્ર બતાવે છે. સમતા ગુણ પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળા પ્રાણીએ પોતાની સન્મુખ આ શ્લોકમાં લખી છે તેવી ભાવના રાખવી જોઇએ. કોઈ એક ગુણ પ્રાપ્ત કરવો હોય તો પ્રથમ તેનું શુદ્ધ સ્વરૂપ સમજી બરાબર હૃદયમંદિરમાં તેનું સ્થાપન કરવું જોઇએ અને ત્યાર પછી કોઇ પણ પ્રસંગ આવતાં અથવા ગમે તે કાર્ય કરતાં તેની ભાવના સમીપ જ રાખવી

જોઇએ. એ પ્રમાણે કરવામાં આવે તો જ ગુણપ્રાપ્તિ થાય છે, તે વગર ધ્યાન સ્થિર રહેતું નથી અને સાધ્યની સ્પષ્ટતા ન હોય તો અસ્તવ્યસ્ત પ્રયાસો લગભગ નકામા જેવા થાય છે. ભાવના-નિશ્ચય થવા પછી તેવા થવાની ધારણા થાય છે અને તેવા થવાનો ધીમે ધીમે અભ્યાસ પાડતાં તેવા થઇ જવાય છે. ત્યારે સમતાની ભાવના કેવી હોવી જોઇએ, તે આપણે અત્ર જોઇએ.

કોઇ પ્રાણી આ જીવને ગાળો આપે યા તેની નિંદા કરે ને કોઇ તેની સ્તુતિ કરે; કોઇ તેને લાખો રૂપિયાનું નુકશાન કરે ને કોઇ તેને કરોડોનો ફાયદો કરી આપે; કોઇ તેનો તિરસ્કાર કરે ને કોઇ તેને બહુ માન આપે; કોઇ તેની સાથે લડાઇ કરવા તૈયાર થઇ જાય ને કોઇ તેની સાથે મૈત્રી વધારવા ઇચ્છા રાખે; આવા આવા પરસ્પર વિરોધસૂચક દ્વિસંયોગ ગમે તેટલા કલ્પીએ તે સર્વમાં જેની મતિ એક સરખી જ રહે છે, જેને શત્રુ અને મિત્ર તુલ્ય છે, જે શત્રુતા અથવા મિત્રતાના કારણમાં સામા જીવનો કાંઇ પણ દોષ સમજતો નથી, પરંતુ કર્માવૃત આત્મિક સ્વરૂપનું રટણ કરી તે દૃષ્ટિમાં જાતને લીન કરી દઇ સામા પુરૂષ તરફ જરા પણ અપ્રીતિ લાવતો નથી તે પુરૂષ ખરેખરો યોગી છે. જેને પોતાના કે પારકા કોઇ નથી, જેને પુત્ર કે અન્ય સરખા છે તે યોગી છે. જેને પાંચ ઇંદ્રિયોનાં વિષયોમાં આસક્તિ નથી, જેને મદ બીલકુલ નથી, કષાયનો અંશ જે જીવમાં આવિર્ભાવ પામતો નથી, વિકથાનું નામ જેની પાસે સંભળાતું નથી અને જે સર્વદા ધર્મજાગૃત અવસ્થામાં રહે છે–આવા પુરૂષ પરમયોગી છે. ટુંકામાં કહીએ તો જે મહાત્મા સર્વદા વ્યવહારમાં માની લીધેલાં કાર્યોથી દૂર રહી પોતાનું શું છે તે ઓળખે છે અને ઓળખીને બેસી રહેતા નથી પણ તે અનુસાર વર્તન કરે છે, તે શુદ્ધ યોગી છે. તેમની કાયાની પ્રવૃત્તિ, વચનનો ઉચ્ચાર અને મનના વિચારો નિરંતર શુદ્ધ, જરૂર પડ્યે જ વપરાશમાં આવનારા અને અતિશય સ્થિર હોય છે. આવા મહાત્મા જેવા થવાની ઇચ્છા રાખવી એ સર્વ મુમુક્ષુનું દૃષ્ટિબિંદુ હોવું જોઇએ. પરમયોગી આનંદઘનજી મહારાજે શાંતિનું સ્વરૂપ બોધતાં શાંત જીવના ઘણા પ્રકારે લક્ષણો કહ્યાં છે, તેમાં નીચેનાં લક્ષણો અત્ર પ્રસ્તુત છે.

માન અપમાન ચિત્ત સમ ગણે, સમ ગણે કનક પાષાણ રે;
વંદક નિંદક સમ ગણે, ઇસ્યો હોયે તું જાણ રે ॥ **શાંતિ** ॥ ૯॥
સર્વ જગજંતુને સમ ગણે, સમ ગણે તૃણ મણિ ભાવ રે;
મુક્તિ સંસાર બેહુ સમ ગણે, મુણે ભવજલનિધિનાવ રે ॥ **શાંતિ** ॥ ૧૦॥
આપણો આતમ ભાવ જે, એક ચેતના ધાર રે;
અવર સવિ સાથ સંજોગથી, એહ નીજ પરિકર સાર રે ॥ **શાંતિ** ॥ ૧૧॥

આવું સમતાવંત જીવનું સ્વરૂપ સંક્ષેપથી છે, એનો વધારે વિસ્તાર આગમમાં છે એમ યોગી ભલામણ કરે છે. આ ભાવના સમતાના અધિકારી જીવોએ નિરંતર હૃદય સન્મુખ રાખવી. ૯

સમતાનાં અંગો–ચાર ભાવના.

भजस्व मैत्रीं जगदंगिराशिषु, प्रमोदमात्मन् गुणिषु त्वशेषतः ।
भवार्त्तिदीनेषु कृपारसं सदा–प्युदासवृत्तिं खलु निर्गुणेष्वपि ॥ १०॥

"હે આત્મા! જગતના સર્વ જીવો ઉપર મૈત્રીભાવ ધારણ કર; "સર્વ ગુણવાન પુરૂષો તરફ સંતોષદૃષ્ટિથી જો. ભવ (સંસાર)ની "પીડાથી દુઃખી થતાં પ્રાણીઓ ઉપર કૃપા રાખ અને નિર્ગુણી "પ્રાણીઓ ઉપર ઉદાસવૃત્તિ–માધ્યસ્થ ભાવ રાખ." ૧૦. વંશસ્થવૃત્ત.

ભાવ–સમતાની ભાવનામૂર્તિનું સ્વરૂપ કહી તે લક્ષ્યમાં રાખવા જણાવ્યું. હવે સમતા પ્રાપ્ત કરવા માટે અનેક સાધનો છે તે બતાવે છે. સાધન અનેક પ્રકારનાં હોય છે. પોતાના સંજોગો પ્રમાણે કયું સાધન અનુકૂળ આવશે તે મુમુક્ષુ પ્રાણીએ વિવેકદૃષ્ટિથી વિચાર કરીને સમજી લેવું. એક જીવને જે સાધન હોય છે તે બીજા જીવના માનસિક બંધારણ અને ઉત્ક્રાંતિના પ્રમાણમાં તેટલું જ ઉપકાર કરનારૂં નીવડતું નથી; તેથી એ સંબંધમાં એક સામાન્ય નિયમ બાંધવા કરતાં સમતા પ્રાપ્ત કરવાનાં અનેક સાધનો બતાવવાં અને તેનાથી પોતાને યોગ્ય પસંદગી આ જીવે કરી લેવી એ વધારે સરલ માર્ગ છે એમ ધારી આ ગ્રંથમાં અનેક સાધનો બતાવ્યાં છે. લગભગ બધા જીવોપર એક સરખો ઉપકાર કરનાર સાધન ચાર ભાવના ભાવવી તે છે. એ ભાવના એવી ઉત્તમ છે કે પાંચમા શ્લોકમાં બતાવ્યા પ્રમાણે તે દુર્ધ્યાનને આવવા દેતી નથી. એ ચાર ભાવના તે આ શ્લોકમાં બતાવ્યા પ્રમાણે મૈત્રી,

પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થ છે. એનું વિસ્તારથી સ્વરૂપ તેરથી સોળ શ્લોકમાં હવે પછી બતાવવામાં આવશે. એ સાધન તરફ ધ્યાન ખેંચી તેજ વિષયપર હવે વિશેષ ઉલ્લેખ કરવામાં આવે છે. અત્ર ઉદ્દેશ નિર્દેશરૂપમાં પુનરાવૃત્તિદોષની શંકાનો સદ્ભાવ જ નથી. ૧૦.

ચાર ભાવનાનું સંક્ષિપ્ત સ્વરૂપ.

मैत्री परस्मिन् हितधीः समग्रे, भवेत्प्रमोदो गुणपक्षपातः ।
कृपा भवार्त्ते प्रतिकर्तुमीहोपेक्षैव माध्यस्थ्यमवार्यदोषे ॥ ११ ॥

"બીજાં સર્વ પ્રાણીઓ ઉપર હિત કરવાની બુદ્ધિ તે (પ્રથમ) "મૈત્રી ભાવના; ગુણનો પક્ષપાત તે (બીજી) પ્રમોદ ભાવના; "ભવરૂપ[1] વ્યાધિથી હેરાન થતાં પ્રાણીઓને ભાવ ઔષધથી સારૂં "કરવાની ઇચ્છા તે (ત્રીજી) કૃપા ભાવના; ન ટળી શકે તેવા "દોષવાળા પ્રાણી ઉપર ઉદાસીન ભાવ તે (ચોથી) માધ્યસ્થ્ય "ભાવના." ૧૧.

ઉપજાતિ.[2]

ઉક્ત ચાર ભાવનાઓનું હરિભદ્રસૂરિકૃત તુર્ય ષોડશકાનુસાર સ્વરૂપ.

परहितचिंता मैत्री, परदुःखविनाशिनी तथा करुणा ।
परसुखतुष्टिर्मुदिता, परदोषोपेक्षणमुपेक्षा ॥ १२ ॥

"(આત્મ વ્યતિરિક્ત) બીજાં પ્રાણીઓનું હિત ચિંતવવું તે "મૈત્રી ભાવના; પારકાં દુઃખોનો નાશ કરવાની ઇચ્છા અથવા "ચિંતા તે કરૂણા ભાવના; બીજાઓનાં સુખને જોઇ આનંદ પામવો "તે પ્રમોદ ભાવના અને બીજાઓના દોષોની ઉપેક્ષા કરવી તે "ઉપેક્ષા ભાવના." ૧૨

આર્યાવૃત્ત.

હવે તે દરેક ભાવનાનું સ્વરૂપ કળિકાળસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્યકૃત શ્રી યોગશાસ્ત્ર અનુસારે બતાવવામાં આવે છે. પ્રસંગોપાત અન્ય ગ્રંથોથી એ ભાવનાનું સ્વરૂપ વધારે સ્પષ્ટ કરવાનો પ્રયાસ પણ વિવેચનમાં કર્યો છે. ૧૨.

---

૧ સંસાર અથવા કર્મ. એથી ભાવદયા અને દ્રવ્યદયા બન્નેનો અત્ર સમાવેશ થાય છે. ૨ ઉપજાતિના દરેક ચરણમાં ૧૧ અક્ષર હોય છે. ઇંદ્રવજ્રા અને ઉપેંદ્રવજ્રા એકજ શ્લોકમાં મળી જાય ત્યારે તે ઉપજાતિ છંદ કહેવાય છે.

પ્રથમ મૈત્રી ભાવનાનું સ્વરૂપ.

मा कार्षीत्कोपि पापानि, माचाभूत्कोपि दुःखितः ।
मुच्यतां जगदप्येषा, मतिर्मैत्री निगद्यते ॥ १३ ॥

"કોઇ પણ પ્રાણી પાપ કરો નહિ, કોઇ પણ જીવ દુઃખી "થાઓ નહિ, આ જગત્ કર્મથી મુકાઓ–આવી બુદ્ધિને મૈત્રી "કહે છે." ૧૩.

અનુષ્ટુભ્ વૃત્ત.

વિવેચન–પાંચમા શ્લોકમાં જે ભાવના ઔષધિ લેવાનું સૂચવન કર્યું છે તે ભાવનાઓ પૈકી કેટલીક ભાવનાનું સ્વરૂપ હવે બતાવે છે. બારભાવના સંસારનું સ્વરૂપ પ્રકટ કરે છે, જ્યારે ચાર યોગની ભાવના (મૈત્ર્યાદિ) બીજા જીવો તરફ કેવા પ્રકારનું વર્તન રાખવું તેનો યથાસ્થિત ખ્યાલ આપે છે. પ્રથમ મૈત્રી ભાવના (Universal Brotherhood) બહુ અગત્યનો વિષય છે. જમાનાની વિચિત્રતાને લીધે આ ઉત્કૃષ્ટ ચારે ભાવનાઓ નાશ પામતી જાય છે, તેને ભાવનારાઓ માલૂમ પડતા નથી, બહુ ઓછા જણાય છે. જ્યારે ચારે ભાવનાનું સ્વરૂપ બરાબર સમજવામાં આવશે ત્યારે પ્રત્યેક ભાવના કેટલી મહત્વની છે અને વ્યવહારનાં માની લીધેલાં કર્તવ્યોથી કેટલી મહાન ભૂમિમાં ઉહ્યન કરે છે એ જણાશે. એના સ્વાર્થીપણાનો નાશ પ્રત્યક્ષ જોવામાં આવશે. મૈત્રી ભાવવાનું સ્વરૂપ બાંધતાં શ્રી હેમચંદ્રાચાર્ય કહે છે કે 'કોઇ પણ પ્રાણી પાપ કરો નહિ' એવી બુદ્ધિ તે મૈત્રી કહેવાય છે. કોઈ પણ પ્રાણી પાપ કરો નહિ એવી ઇચ્છા જ્યારે થાય ત્યારે પાપનાં કારણો બીજા પ્રાણીઓ પ્રાપ્ત ન કરે એવો સરલ વ્યવહાર શોધી આપવાની સામાન્ય બુદ્ધિ થાય છે અને ખાસ કરીને પોતે તો પાપ કરતો જ નથી. આવી રીતે નવીન કર્મબંધ થતો નથી અને તે ઉપરાંત શુભ પ્રયાસથી નિર્જરા અથવા શુભકર્મબંધ થાય છે. આ પ્રથમ લક્ષણમાં સ્વાર્થનો ત્યાગ પ્રત્યક્ષ છે. 'બીજા કોઇ દુઃખી ન થાઓ એવી બુદ્ધિ રાખવી એ મૈત્રી ભાવ છે.' આ વિચાર મનની મહાન વિશાળતા બતાવે છે. ઘણા જીવો અથવા તો પ્રાયે સર્વ જીવો પોતાના સુખની દરકાર રાખે છે, પરંતુ બીજા જીવોનું શું થતું હશે તે જોવાને કે જાણવાને ઉભા પણ રહેતા

નથી. વિશાળ દુનિયાના સર્વ જીવો તરફ મૈત્રીભાવ કરનાર સર્વને સુખી જોવામાં રાજી થાય છે, અને પોતે તો કોઇ જીવને કોઇ પણ પ્રકારનું દુઃખ આપતો જ નથી. 'આ જગત્ કર્મથી મુકાઓ, આવી બુદ્ધિ પણ એજ વિશાળ મનોરાજ્યમાંથી નીકળે છે. પારકાના હિતનું ચિંતવન કરવું એ મૈત્રીભાવ છે. તીર્થંકર મહારાજને વીશ સ્થાનક તપ કરતાં એવી ઇચ્છા થઈ જાય છે કે "સવી જીવ કરું શાસન રસી, એસી ભાવદયા મન ઉલ્લસી"[1] અને આ ઉત્કૃષ્ટ ભાવદયાના પરિણામે તીર્થંકરનામકર્મનો બંધ કરે છે. સર્વ જીવો જો શાસનમાં જોડાઇ જાય તો પછી તેઓને આ ભવજંજાળ મટી જાય અને તેઓનાં મહા દુઃખોનો પણ નાશ થાય એવી પરાર્થ સાધવાની ઉત્તમ વૃત્તિ થતાં જ સાર્વભૌમ કે દેવેંદ્ર પણ જેને નમસ્કાર કરે છે એવું મહાન તીર્થંકરપદ પ્રાપ્ત કરે છે, એથી મૈત્રીભાવ ભાવતાં મન કેટલું સમતામાં સ્થિત થતું હશે તે બરાબર સમજાય છે.

મૈત્રીભાવ ભાવનાર પ્રાણી બહુધા પોતાના સુખનો બહુ વિચાર કરતો નથી. હરિભદ્ર સૂરિ મહારાજ કહે છે તેમ 'પરહિતચિંતા મૈત્રી' એ બરાબર સૂત્ર છે. પોતાના સ્વાર્થનો વિચાર કરવા કરતાં પરહિત ચિંતવનમાં અપૂર્વ આનંદ થાય છે અને તેથી સ્વહિત તો સ્વાભાવિક રીતે સિદ્ધ થઇજ જાય છે. આખી દુનિયાને પોતાના બંધુ તરીકે માનનારને મનમાં એવો તો પ્રેમ આવે છે કે પ્રેમથીજ તે મોક્ષ પ્રાપ્ત કરે છે. આવા જીવના ઉચ્ચાર અને વિચાર પણ અનુકરણ કરવા યોગ્ય હોય છે. તેનો સહજ ખ્યાલ આપતાં ઉપાધ્યાયજી શ્રી વિનયવિજયજી મહારાજ શાંત સુધારસમાં કહે છે કે:-

या रागदोषादिरुजो जनानां, शाम्यतु वाक्कायमनोदुहस्ताः ।
सर्वेष्वुदासीनरसं रसंतु, सर्वत्र सर्वे सुखिनो भवन्तु ॥

'રાગ દ્વેષ વિગેરે વ્યાધિઓ જે પ્રાણીનાં મન વચન કાયાના શુભ યોગોનો નાશ કરે છે તે સર્વ પીડાઓ શમી જાઓ. એટલે સર્વ પ્રાણીઓ વીતરાગ થઈ જાઓ, સર્વ પ્રાણીઓ ઉદાસીન રસ

[1] આ વચનમાં પ્રાધાન્ય કરુણાભાવ છે અને સર્વ જીવો તરફ તે લંબાય છે તેથીજ અત્ર તે પ્રસ્તુત છે, એનો મુખ્ય વિષય કૃપાભાવનાનોજ છે.

પીઓ અને સર્વ ઠેકાણે સર્વ પ્રાણીઓ સુખી થાઓ'. આખી દુનિયાનાં સર્વ પ્રાણીઓ સુખી થાઓ એમ કહેવામાં નથી રાખ્યો જાતિભેદ કે નથી રાખ્યો ધનવાન ગરીબનો ભેદ; નથી રાખ્યો સંપ્રદાયભેદ કે નથી રાખ્યો સેવ્યસેવકભેદ; નથી રાખ્યો વખાણ કરનાર કે નિંદા કરનારનો ભેદ કે નથી રાખ્યો સ્થાન સ્થળ કે ભૂમિનો ભેદ. આખા વિશ્વ ઉપર એક સરખી દૃષ્ટિ થાય છે એ મૈત્રીભાવનું ઉત્કૃષ્ટ લક્ષણ છે. શ્રી બૃહત્શાંતિમાં નગરવાસીને, આખા શ્રી સંઘને, લોકોને, રાજાને અને સર્વ જનોને શાંતિ થાઓ ઇત્યાદિ ઇચ્છા બતાવી છે અને પ્રાંતે આપેલું આશિર્વચન પણ એવોજ ગંભીર ધ્વનિ બતાવે છે-

शिवमस्तु सर्वजगतः, परहितनिरताः भवन्तु भूतगणाः ।
दोषाः प्रयान्तु नाशं, सर्वत्र सुखीभवन्तु लोकाः ॥

"આખા જગત્નું કલ્યાણ થાઓ! સર્વ પ્રાણીઓ પારકું હિત કરવામાં તત્પર થાઓ! સર્વ દોષો નાશ પામી જાઓ! સર્વ જગાએ સર્વ પ્રાણીઓ સુખી થાઓ!!" કેવા વિશુદ્ધ અને મહાન અંતઃકરણમાંથી આ ભાષા નીકળે છે? એ બોલનારને પવિત્ર કરે છે એટલુંજ નહિ પણ સાંભળનારને પણ પવિત્ર રહેવાનો વિચાર કરાવી દે છે. ઉપર લખેલી ગાથાથી જેવો ધ્વનિ પાક્ષિક પર્વણિમાં નીકળે છે તેવો જ મહાન ધ્વનિ નિત્ય અનુષ્ઠાનમાં-શ્રાદ્ધ પ્રતિક્રમણ સૂત્રમાં પણ બતાવવામાં આવ્યો છે. જુઓ-

खामेमि सव्व जीवे, सव्वे जीवा खमंतु मे ।
मित्ति मे सव्व भुएसु, वेरं मज्झं न केणइ ॥

એટલે 'હું સર્વ જીવોને ખમાવું છું અને તેઓ મને ક્ષમા કરે એમ ઇચ્છું છું. મારે સર્વ જીવ સાથે મૈત્રી છે અને કોઇ સાથે વૈર વિરોધ નથી.' આવી રીતે ત્યાગ અને ગ્રહણ બન્ને રીતે મૈત્રી ભાવના ઉત્કૃષ્ટ રીતે ભાવવાની આવશ્યકતા છે. Forbear & forgive ખમીએ ને ખમાવીએ એ જૈન શાસ્ત્રની શુદ્ધ નીતિ છે. એમાં સામો માણસ ક્ષમા કરશે કે નહિ એ જોવાનું નથી. માન તજી ખમાવનાર તો સર્વથા આરાધક થાય છે. ક્ષમા ગુણ આદરતાં ક્રોધનો સર્વથા ત્યાગ કરવો પડે છે અને વૈરવિરોધનું તો નામ પણ લેવામાં

આવતું નથી. નિત્ય અનુષ્ઠાનમાં વૈરભાવ ત્યાગ કરવાનો જે ઉપદેશ છે તેને સમર્થન કરતાં શાંત સુધારસકાર કહે છે કે–

सर्वत्र मैत्रीमुपकल्पयात्मन्, चिंत्यो जगत्यत्र न कोपि शत्रुः ।
कियद्दिनस्थायिनि जीवितेऽस्मिन्, किं खिद्यते वैरिधिया परस्मिन् ॥

'હે આત્મન્! તું સર્વ સ્થાનકે મૈત્રી કલ્પી લે અને આ જગત્માં તારો કોઇ પણ શત્રુ છે એમ ચિંતવીશ નહિ. હે ભાઇ! તું તે અહીંઆં કેટલાક દિવસ બેસી રહેવાનો છે કે નાહક બીજા ઉપર વૈર રાખીને ખેદ પામે છે?' અહીંઆં થોડો વખત રહેવું છે અને પછી બધું અત્ર મૂકીને ચાલ્યા જવું છે ત્યારે ખેદ શામાટે કરવો? કોના ઉપર કરવો? આવી બુદ્ધિ ક્ષમા રાખવાથીજ પ્રાપ્ત થાય છે અને તેથી મૈત્રીભાવનાનું એક અંગ ક્ષમા છે. એટલા માટેજ પુન્યપ્રકાશના સ્તવનમાં તેજ મહાત્માએ કહ્યું છે કે–

સર્વ મિત્ર કરી ચિંતવો સાહેલડીરે, કોઇ ન જાણો શત્રુ તો;
રાગદ્વેષ એમ પરિહરી સાહેલડીરે, ફીજે જન્મ પવિત્ર તો.

ક્ષમા રાખનાર–મૈત્રીભાવ ઉત્કૃષ્ટ રાખનાર–વૈરી ઉપર પણ સમભાવ રાખનાર ગજસુકુમાળ, મેતાર્ય, અંધક મુનિ, ચિલાતીપુત્ર, વીરપરમાત્મા, અર્જુનમાળી ભટ્ટા વિગેરે અનેક દૃષ્ટાંતો શાસ્ત્રપ્રસિદ્ધ છે. શ્રીવીરપરમાત્માને તો પોતાને દુઃખ દેનાર દુઃખી થશે એ વિચારથી નેત્રમાં અશ્રુ આવી ગયાં. મૈત્રીભાવનાનું આ ઉત્કૃષ્ટ દૃષ્ટાંત છે. પંડિત પુરૂષો આત્મવત્ સર્વભૂતેષુ સર્વ પ્રાણીઓને પોતાના આત્મા જેવા જાણી, તેને કોઇ પણ પ્રકારનું દુઃખ દેતા નથી, એટલું જ નહિ પણ બીજાનાં દુઃખે દુઃખી થાય છે અને બીજાને દુઃખમાંથી દૂર કરાવવા માટે પોતાની પાસે જે કાંઇ હોય તેનો વ્યય કરવામાં આંચકો ખાતા નથી. અન્ય શાસ્ત્રોમાં પણ કહ્યું છે કે–

अष्टादशपुराणानां, सारात्सारः समुद्धृतः ।
परोपकारः पुण्याय, पापाय परपीडनं ॥

"સર્વ શાસ્ત્રોનો–અઢાર પુરાણનો સાર–ઉદ્ધાર એજ છે કે પરોપકાર (પારકાનું ભલું કરવું) એજ પુણ્ય અને પરને પીડા કરવી એજ પાપ." અને તેથી परोपकाराय सतां विभूतयः સજ્જન માણસને જે માનસિક, શારીરિક કે આર્થિક સંપત્તિ પ્રાપ્ત થાય

છે તે હંમેશા બીજાપર ઉપકાર કરવા માટે જ હોય છે. તેઓ ધનથી મોજશોખ માણતા નથી, કે સ્થૂળ વિષયસુખોમાં આનંદ પામતા નથી, પણ બીજા જીવોને સુખી કરવા અને તે માટે પોતાનું દરેક પ્રકારનું સંપત્તિબળ વાપરવું એજ સંપત્તિપ્રાપ્તિનો હેતુ સમજે છે.

મૈત્રીભાવ સર્વ પ્રાણીઓ ઉપર રાખવો, પોતા ઉપર ક્રોધ કરનાર તરફ પણ તેજ ભાવ રાખવો અને કદી ન રાખી શકાય તો બીજાપર ગુસ્સે ન થતાં પોતાની કર્મસ્થિતિ વિચારી તેનાપર જ ખેદ કરવો અને નવીન કર્મબંધ તેવા પ્રકારનો ન થાય તે માટે જાગૃતિ રાખવી. મૈત્રીભાવ રાખવાનું અનેક શાસ્ત્રકારો કહે છે, પરંતુ જૈન શાસ્ત્રકારની વિશેષ ખૂબી એ છે કે તેમનો મૈત્રીભાવ પોતાના ધર્માનુયાયીઓથી જ પર્યાપ્ત થતો નથી, પરંતુ તે આખી દુનિયાનાં સર્વ મનુષ્યો તરફ એક સરખી રીતે લાગુ પડે છે. તેમાં વર્ણ, જ્ઞાતિ કે ધર્મનો ભેદ નથી. આટલું જ નહિ પણ તે તિર્યંચ–જનાવરો–પક્ષીઓ તથા જળચર તરફ પણ પોતાનો રક્ષણશીલ હાથ લંબાવે છે. એથી પણ આગળ વધીને તે એકેન્દ્રિય, દ્વીંદ્રિય, ત્રીંદ્રિય અને ચતુરીંદ્રિય સુધી પણ જાય છે. નાનામાં નાના જીવને કોઇ પણ પ્રકારનું દુઃખ દેવું એ મૈત્રીભાવથી વિરૂદ્ધ છે; અને પંચેન્દ્રિય મનુષ્ય અને તિર્યંચ તરફ વધારે લાગણી રાખવી એવો સાથે સાથે ઉપદેશ છે. જૈન શાસ્ત્રકારો વૈર વિરોધ સમાવવાનો ઉપદેશ આપે છે, તે મૈત્રીભાવનું કારણ છે. પણ તેનું સાધ્યબંદુ તો સર્વ જીવો તરફ હિતબુદ્ધિ રાખવામાં છે અને તેથી જ सव्वस्स जीव रासिस्स એ ગાથા કહેવામાં આવી. આ મૈત્રીભાવ સમતાનું અંગ છે અને વધારે વિસ્તારથી જેમ જેમ તેનાપર વિચાર કરવામાં આવે છે તેમ તેમ તે ગુણના વિષયનું ક્ષેત્ર વધારે વિસ્તીર્ણ થતું જાય છે, તે સાથે આનંદમાં પણ તે તેજ પ્રમાણમાં વધારો બતાવ્યા કરે છે. એ ગુણની ભાવના બરાબર સમજી મનન કરવાથી અનેક પ્રકારના લાભો થવાનો સંભવ છે એમ અનુભવીઓ કહી ગયા છે. ૧૩.

द्वितीय प्रमोद भावनानुं स्वरूप.

अपास्ताशेषदोषाणां, वस्तुतत्त्वावलोकिनाम् ।
गुणेषु पक्षपातो यः, स प्रमोदः प्रकीर्तितः ॥ १४ ॥

"જેમણે સર્વ દોષો દૂર કર્યા છે અને વસ્તુતત્ત્વને જેઓ
"જોઈ રહ્યા છે તેઓના ગુણ ઉપર પક્ષપાત [1] તે પ્રમોદ ભાવના
"કહેવાય છે." ૧૪ અનુષ્ટુભ્ વૃત્ત.

વિવેચન–જે મહાન પુરૂષોએ પોતાના સર્વ દોષોને મહા પ્રયાસે કરીને દૂર કર્યા છે, એટલે જેઓનાં ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ વિગેરે મહાન દોષોનો નાશ થઇ ગયો છે અને જેઓ વસ્તુસ્વરૂપ બરાબર સમજે છે એવા મહાત્મા પુરૂષોના ગુણ તરફ બહુ માન રાખવાનો અત્ર ઉદ્દેશ છે.

અનેક ઉપસર્ગ સહન કરી, આત્મવીર્ય ફોરવી દુનિયામાં જે અસાધારણ સદ્ગુણો કહેવાય તે પ્રાપ્ત કરનારા શ્રીવીતરાગ મહારાજાઓને ધન્ય છે. તેઓશ્રીએ પોતાના સર્વ કર્મોનો ક્ષય કરી જિનનામને સિદ્ધ કરી બતાવ્યું છે. વળી આ દુનિયામાં અનેક સાધુમહાત્માઓ થઈ ગયા છે જેઓએ પરોપકાર માટે પોતાના પ્રાણની પણ દરકાર કરી નથી. દુનિયા ઉપર ઉપકાર કરવાના હેતુથી અનેક ગ્રંથો લખી ઉપદેશ આપી વસ્તુસ્વરૂપનું ભાન કરાવ્યું છે અને તે માટે તેઓએ પોતાના નામની કાંઇ પણ દરકાર કરી નથી. વળી અત્યારે પણ અનેક સાધુમુનિરાજો ઉપદેશ દઈને અન્ય જીવો ઉપર ઉપકાર કરી રહ્યા છે અને પોતાના કર્મનો ક્ષય કરવામાં પણ અસાધારણ પ્રયાસ કયા કરે છે એવા સાધુઓને બરોબર ધન્ય છે. ધૈર્ય ગુણ રાખી પોતાની સ્થિતિ અને સંયોગ અનુસાર ધર્માનુષ્ઠાન અને પરોપકાર કરનારા આનંદ, કામદેવ વિગેરે શ્રાવકો અને સ્ત્રીજાતિને પ્રશંસાપાત્ર કરનાર સુલસા વિગેરે શ્રાવિકાઓ– જેમને શ્રીવીરપરમાત્મા પણ ધર્મલાભ કહેવરાવતા હતા–એવા શ્રાદ્ધરત્નોને ધન્ય છે. સંતોષ, સત્ય, અનુકંપા, નમ્રતા, વિનય, દાક્ષિણ્ય, દાન વિગેરે અનેક ગુણોથી અલંકૃત નરવીરો બહુ થઇ ગયા છે અને કોઈ કોઇ અત્યારે પણ પૃથ્વીને શોભાવે છે એ સર્વને ધન્ય છે. મહાત્મા પુરૂષોનાં ચરિત્રો અથવા જીવનવૃત્તાંતો વાંચી અથવા સાંભળી મનમાં તેઓના ગુણમાટે બહુ માન લાવવું એ પ્રમોદભાવના છે. એક ગુણ જો સર્વાંશે પ્રાપ્ત કરવામાં આવે

[1] બહુ માનની લાગણી અથવા મનનો આનંદ.

તો સર્વ ગુણો તેની પછવાડે શ્રેણીબંધ આવે જાય છે એ સિદ્ધ નિયમ છે, અને ગુણ પ્રાપ્ત કરવાનો સિદ્ધ ઉપાય એ છે કે જે મહાત્મા પુરૂષોએ તે ગુણો પ્રાપ્ત કર્યા હોય તેઓની ભાવના શુદ્ધ સ્વરૂપમાં હૃદયમંદિરમાં ગોઠવવી. એવી રીતે ભાવના રાખવાથી ગુણપર રાગ થાય છે અને તે ગુણો ન હોય તો પ્રાપ્ત કરવા ઇચ્છા થાય છે, અને જરા વીર્ય ફોરવવાથી તે ગુણો પ્રાપ્ત પણ થાય છે અને ભાવના ભાવતી વખતે જો તે ગુણો પોતામાં હોય છે તો તે ગુણો વિશેષ સ્વચ્છ બને છે. અમુક પ્રાણીને બહુ માન મળે છે એ જોઇ અસંતોષ ન લાવવો અથવા તેના તરફ ઇર્ષા ન કરવી, પરંતુ તેનો ગુણોત્કર્ષ કરવો એજ ગુણ પ્રાપ્ત કરવાનું સાધન છે. આવી રીતે વિચાર કરીને તીર્થંકર મહારાજનો મૈત્રીભાવ, ગજસુકુમાળાદિકની ક્ષમા, વિજય શેઠનું બ્રહ્મચર્ય, શ્રીપાળ રાજાની દાક્ષિણ્યતા અને સરળતા, સીતાનું સતીત્વ અને રેવતીનો ભક્તિભાવ વિગેરે તરફ ધ્યાન આપવું અને સ્તુતિયોગ્ય ગુણોની અને ગુણવાનોની પ્રશંસા કરી જીભની અને કાનની અનુક્રમે ગુણાનુવાદ અને ગુણશ્રવણથી સફળતા કરવી.

તત્ત્વાર્થ ભાષ્યકાર શ્રીઉમાસ્વાતિ મહારાજ લખે છે કે " અભ્યુત્થાનાદિક વિનય, વંદન, સ્તુતિ, પ્રશંસા, વૈયાવચ્ચ ઇત્યાદિકે કરીને સમ્યક્ત્વ, જ્ઞાન, ચારિત્ર અને તપસ્યાથી વિશિષ્ટ મનુષ્યોમાં બીજાઓએ તથા પોતે કરેલી પૂજાને લીધે થયેલો મનનો આનંદ જે સર્વ ઇંદ્રિયો દ્વારા જણાઇ આવે તે પ્રમોદ ભાવના. " પ્રમોદ ભાવનાની આ વ્યાખ્યામાં પણ મનનો આનંદ જ પ્રધાન ભાગ લે છે, પરંતુ વિશેષમાં અત્ર વર્તન પણ સાથેજ ગણવામાં આવ્યું છે.

સાધુ (ઉત્તમ) પુરુષોનાં નામનું તથા ગુણનું સ્મરણ માત્ર કરવાથી પણ અનેક લાભ થાય છે, અને જેઓ કર્મનું સ્વરૂપ સમજે છે તેઓ જાણે છે કે અમુક સ્મરણથી તેનો દૃઢ સંસ્કાર થઇ જાય છે, તો પછી ગત્યંતરમાં પણ સ્મરણનો વિષયગુણ જરૂર પ્રાપ્ત થાય છે. આવી રીતે પ્રમોદ ભાવનાથી આ ભવ અને પરભવમાં બહુ લાભ થાય છે. કોઇની નિંદા કરતી વખતે એક જાતનો માનસિક ક્ષોભ થાય છે, તેનું તો અત્ર દર્શન પણ થતું નથી અને

ઉલટું પ્રમોદભાવ ભાવતી વખતે જ અપૂર્વ આનંદ થાય છે. સમતા ભાવનું એજ લક્ષણ છે કે તે કરતી વખતે જ નૂતન આનંદ થાય છે અને તે અનુભવથી જ ખરેખરો સમજાય છે. આ પ્રમોદ ભાવના સમતાનું અંગ છે અને એને ભાવવામાં કોઇ પણ જાતનો બાહ્ય પ્રયાસ કરવો પડતો નથી. ૧૪.

તૃતીય કરૂણા ભાવનાનું સ્વરૂપ.

दीनेष्वार्त्तेषु भीतेषु याचमानेषु जीवितम् ।
प्रतिकारपरा बुद्धिः कारुण्यमभिधीयते ॥ १५ ॥

"અશક્ત, દુઃખી, ભયથી વ્યાકુળ થયેલા અને જીવિતવ્યને "યાચનાર પ્રાણીઓ ઉપર તેઓનું દુઃખ ટાળવાની જે બુદ્ધિ તે "કરૂણા ભાવના કહેવાય છે." ૧૫ અનુષ્ટુભ્.

વિવેચન–અનેક સંસારી જીવો લક્ષ્મી પ્રાપ્ત કરવાના ઇરાદાથી જંગલે જંગલ અથવા દેશ પરદેશ ફરે છે, પારકી સેવા કરે છે, અનેક કષ્ટો સહન કરે છે અને આવી રીતે લક્ષ્મી મેળવી વળી પાછો તેનો દુરૂપયોગ કરી હેરાન થાય છે. લક્ષ્મી પ્રાપ્ત કરતી વખતે અનેક રીતે દુઃખી થાય છે; તેનું રક્ષણ કરવામાં તેથી પણ વધારે દુઃખી થાય છે. મુંબઈઅેન્કના ભૈયાની પેઠે લક્ષ્મી ઉપર ચોકી કર્યા કરે છે; તેના વ્યયમાં પણ અનેક રીતે દુઃખી થાય છે; ઉડાઉ માણસ મોજશોખથી શરીર બગાડે છે; કંજુસ માણસ બળી બળીને મનને અને મગજને બાલી કરે છે, અને અતિવિષયી માણસ વ્યાધિથી દુઃખી થાય છે. વળી લક્ષ્મી ઉપર દુશ્મન–ચોર તો હંમેશા ઉભાજ છે. મનુષ્યને માથે રોગ, ભય, મૃત્યુ, વૃદ્ધાવસ્થા વિગેરે શત્રુઓ તો નિરંતર જાગતા જ છે અને તે હંમેશા દુઃખ આપ્યા કરે છે.

ઇતિહાસમાં ભૂમિ ખાતર અનેક રાજાઓ લડાઇ કરતાં અને હજારો સેનાનીઓનાં લોહી રેડતાં જોવામાં અથવા વાંચવામાં આવ્યા છે; મત્સરથી કેસ લડી હજારો લાખોના ખરચમાં ઉતરી જઇ વખત અને પૈસાનો નાશ કરનારા સાંભળ્યા છે; લોભથી અનેક પ્રકારનાં અપ્રમાણિક આચરણ અને હલકા પ્રકારના કાવાદાવા કરનારા પ્રાણીઓ

અવલોકનપથમાં આવ્યા છે; કેટલાક પ્રાણીઓ પાંચ ઇંદ્રિયોનાં વિષયો ભોગવવામાં તલ્લીન થઈ સંસારમાં રાચ્યામાચ્યા રહે છે એમ દૃષ્ટિપથમાં આવ્યું છે; કેટલાક પ્રાણીઓ મહા પાપબંધ કરી અધોગતિમાં જવા યોગ્ય કાર્યવ્યવહાર બતાવી તેઓના સંબંધમાં વિચાર કરનારને પણ મહા ક્લેશ કરાવનારા તરીકે અનુભવ્યા છે– આવી રીતે આખું જગત્ દુઃખથી વ્યાપ્ત છે. કોઈ શુદ્ધ દેવગુરૂધર્મનું સ્વરૂપ ઓળખવાની દરકાર કરતા નથી અને અનાદિ મિથ્યાત્વમાં સબડી રખડ્યા કરે છે; કોઈની મગજશક્તિ, સમજણ કે વિચારશક્તિ જાગૃત થઈ શકે તેવી હોય છતાં પણ હિતોપદેશ સાંભળતા નથી, અને સાંભળીને તેપર વિચાર પણ કરતા નથી. આમ અનેક રીતે જીવો દુઃખી હોય છે, દુઃખી દેખાય છે, અથવા ભવિષ્યમાં દુઃખી થવાના એવી પ્રતીતિ થાય છે. આવા પ્રકારના પ્રાણીઓ તરફ કરૂણા લાવવી–દયા લાવવી–તે **કરૂણાભાવના** અથવા કૃપાભાવના કહેવાય છે.

દુઃખ અનેક પ્રકારનાં છે, તેનું લીસ્ટ આપવું અશકય છે, તેમજ જરૂરનું પણ નથી. એ સર્વ દુઃખો માનસિક અને શારીરિક બે પ્રકારનાં હોય છે. બીજી રીતે એનો પરકૃત, સ્વકૃત અને ઉભયકૃત એવો પણ વિભાગ થઈ શકે છે. આવાં અનેકરંગી દુઃખમાંથી છોડાવવાની બુદ્ધિને ત્રીજી ભાવના કહી છે. એ ભાવના ભાવતી વખતે વૃત્તિ બહુ નિર્મળ થાય છે. મહાત્મા સાધુઓ અને બીજા અનેક માણસો એક પૈસાની પણ અપેક્ષા વગર આ જગત્ના પ્રાણીઓને ભવબંધનથી છોડાવવા પ્રયાસ કરે છે, તે આ ભાવનાને પરિણામે જ છે અને આ ભાવનાયુક્ત લાગણીથી જ પોતાના જાતિભાઈ, દેશભાઇ અથવા મનુષ્યમાત્રનું દુઃખ દૂર કરવા પ્રયાસ થાય છે. તીર્થંકર મહારાજને પૂર્વ ભવમાં સર્વ જીવને શાસનરસીઆ બનાવવાની ઇચ્છા થાય છે, તેમાં મૈત્રીભાવ સર્વ જીવ આશ્રી લાગુ પડે છે, તે આપણે ઉપર જોઈ ગયા; પરંતુ ભગવાન્ને પ્રેરણા કરનાર ભાવના તો કરૂણા જ છે. આ જગત્ના જીવોને દુઃખી જોઇ દુઃખનું સ્વરૂપ અને તેથી પીડા પામતા લોકોને જોઇને તેઓને દુઃખમાંથી છોડાવવાની તીવ્ર ભાવના ઉત્પન્ન થાય છે, અને આ

ભાવના ભાવતાં જ તેઓ તીર્થંકરનામકર્મનો બંધ બહુધા કરે છે. રોમ કંપી જાય તેવા ઉપદ્રવો કરનાર સંગમ ઉપર ભગવાન્ શ્રી મહાવીર સ્વામીની કેવી ઉત્કૃષ્ટ કરૂણા! પોતાને કષ્ટ થયું એ વાત તો તેમના મનમાં પણ આવી નથી, પરંતુ પોતાના સંબંધમાં આવનાર બિચારો આ જીવ દુઃખી થશે એ વિચારથી જ કરૂણા આવી અને તેથી આંખમાં પાણી આવી ગયાં.

કરૂણા ભાવના ભાવનારની દૃષ્ટિ બહુ વિશાળ રહે છે. તે आत्मवत् सर्वभूतेषु પોતાના જેવા સર્વ પ્રાણીઓને દેખે છે અને બીજાને દુઃખી જોઇ આ જીવનું મન દગ્ધ થઇ જાય છે. તેઓને દુઃખમાંથી કેવી રીતે છોડાવવા એનો વિચાર તેને ઉપરાઉપર આવવા માંડે છે. [1]શેક્સપિયર એક જગ્યાએ કહે છે કે 'કરૂણા એવડો આશિર્વાદ છે, તે આપનાર અને લેનાર બન્નેને રાજી કરે છે.' આ હકીકત બહુ વિચારવા લાયક છે. પૈસામાં એકનો લાભ તે બીજાનું નુકશાન એમ પ્રાયે બને છે, પરંતુ કરૂણામાં તો બન્નેને લાભજ થાય છે. કરૂણા કરનાર પારકાના દુઃખને દૂર કરવાનો ઉપાય મનમાં ચિંતવે છે, તે પ્રાણી પોતે પણ સુખીજ થાય છે, કારણકે બરેબરી લાગણીથી પરોપકાર કરનારને દુઃખ થતું જ નથી. શાંતસુધારસમાં તેથીજ કહ્યું છે–

परदुःखप्रतीकारमेवं ध्यायंति ये हृदि ।
लभंते निर्विकारं ते, सुखमायतिसुंदरम् ॥

'જે પ્રાણી એ રીતે બીજાના દુઃખનો ઉપાય હૃદયમાં વિચારે છે તે પરિણામે સુંદર અને વિકાર વગરનું સુખ મેળવે છે.' આવી બુદ્ધિથીજ સુખ મળે છે અને તે પણ પરિણામે સુંદર સુખ મળે છે. સાધારણ સુખ તો ક્ષણિક અને પરિણામે દુઃખ કરનાર (જેવાં સુખ પાપાનુબંધી પુણ્યથી) હોય છે, પણ આ તો પરિણામે પણ સુંદર છે અને વળી તે સુખમાં વિકાર પણ કોઇ પ્રકારનો હોતો નથી. આ ભાવના ઉપર બહુ વિચાર કરવાની જરૂર છે. ઘણા પ્રાણીઓ પોતાનું ભરણપોષણ કરવામાંજ જીવનની સફળતા માને છે, પરંતુ પરોપકારી પુરૂષો કહે છે કે 'કાગડો કે ઢોર પણ પેટ તો ભરે છે.

1 Merchant of Venice.

મનુષ્ય જીવનની ઉત્તમતા બરેબરી એમાંજ છે કે સંસારના સર્વ સંબંધથી જરા ઉંચા આવી સ્વને ભૂલી જઇ પરોપકારપરાયણ જીવન કરવું.' પરોપકારની વ્યાખ્યા ટુંકી નથી, કારણ તેની હદ નથી પોતાની સ્થિતિ, શક્તિ, સંજોગાદિ અનુસારે આત્મવ્યતિરિક્ત પ્રાણીઓને ઉપયોગી થઇ પડવું એ પરોપકાર છે અને કરૂણા ભાવનાનું એ મુખ્ય પરિણામ છે. એ ભાવના રાખવાથી અનેક પ્રાણીઓ સંસારસમુદ્ર તરી ગયા છે, એવું શાસ્ત્રમાં વાંચીએ છીએ અને ઇતિહાસમાં પણ પરોપકારી જીવનો બહુ મળી આવે છે. ૧૫.

ચોથી માધ્યસ્થ ભાવનાનું સ્વરૂપ.

क्रूरकर्मसु निःशंकं, देवतागुरुनिंदिषु ।
आत्मशंसिषु योपेक्षा, तन्माध्यस्थ्यमुदीरितं ॥ १६ ॥

"કોઇ પણ પ્રકારના આંચકા વગર ક્રૂર કર્મ કરનારા, દેવ "અને ગુરૂની નિંદા કરનારા અને આત્મશ્લાઘા કરનારા પ્રાણીઓ "તરફ ઉપેક્ષા તે માધ્યસ્થ્ય (અથવા ઉદાસીનતા) ભાવના કહે- "વાય છે." ૧૬. અનુષ્ટુભ્.

વિવેચન–દુનિયામાં અનેક પ્રકારની વિચિત્ર પ્રકૃતિઓના પ્રાણી હોય છે. કોઇ પ્રાણીઓ નિરંતર ક્રૂર કૃત્યો કરવામાં મોજ માને છે. કોઇ અસત્ય બોલી બીજાને છેતરવામાં સંતોષ માને છે, કોઇ ચોરી કરી પરધન હરણ કરે છે, કોઇ અપ્રમાણિકપણે ધન સંચય કરે છે, કોઇ પૈસા એકઠા કર્યા કરે છે, કોઇ પરસ્ત્રીમાં આસક્ત રહી ધન, શરીર અને કીર્તિનો નાશ કરે છે, કોઇ ક્રોધ કરી વારંવાર આવેશમાં આવી જાય છે, કોઇ જાતિ, કુળ, બળ, મદ, ઐશ્વર્ય, વિદ્યા વિગેરેનો અહંકાર કર્યા કરે છે, કોઇ પ્રપંચ યુક્ત કાર્યો કરીને શક્તિનો દુરૂપયોગ કરે છે, કોઇ કરોડો રૂપિયા મેળવવા પ્રયાસ કર્યા કરે છે, કોઇ પારકી નિંદા કરી વચનને માર્ગ આપે છે, કોઇ ધમાધમ કરવામાં મોજ માને છે, કોઇ પરજીવનો વિનાશ કરી નીચ મનોવિકારોને તૃપ્તિ આપે છે, કોઇ દેવગુરૂની નિંદામાં જ જીવનનું સાફલ્ય સમજે છે–આવાં આવાં પાપકૃત્યોમાં આનંદ માનનારા બહુ પ્રાણીઓ જોવામાં

આવે છે. સંસારનું સ્વરૂપ થોડું સમજ્યું હોય તેવા પ્રાણીઓને પણ આવી અધમ પ્રકૃતિના માણસો તરફ વધતો ઓછો ક્રોધ આવી જાય છે, કારણ કે પાપ અને પાપી સામાન્ય રીતે જન સમુદાયનો તિરસ્કાર પોતાની તરફ ખેંચી લે છે. જૈનશાસ્ત્રકાર કહે છે કે 'આવા જીવો તરફ પણ તારે ક્રોધ કરવો નહિ.' સાંસારિક સ્વાર્થને અંગે પણ ક્રોધ તો સર્વથા ત્યાજ્ય છે જ, પરંતુ આવી રીતે પણ ક્રોધ કરવો તારે કાંઇ કામનો નથી. હે ભાઇ! તું વિચાર કર કે આવા પ્રકારના માણસો ઉપર ક્રોધ કરવાથી તને શો લાભ છે? સર્વ જીવો પોતપોતાના કર્માનુસાર કાર્યો કરે છે, તેના ઉપર ક્રોધ કરવો એ તદ્દન નિર્હેતુક છે, કારણ કે તારા ક્રોધથી કાંઇ તે પ્રાણીઓ પાપકૃત્યોથી પાછા હઠવાના નથી. જીવને જ્યારે પાપાનુબંધી પાપ અથવા પાપાનુબંધી પુણ્યનો ઉદય થાય છે ત્યારે દુઃખ અથવા સુખનો અનુભવ કરતાં અનુક્રમે ઉપર બતાવ્યાં તેવાં કૃત્યો કરવાનું સૂજે છે, એ કર્મનું શાસન છે. જો તેઓને સારે માર્ગે ચડાવવાની તારામાં શક્તિ હોય તો તે દ્વારા તું તેઓને સમજાવ, તેઓને ઉપદેશ આપ, તેઓ તરફ તારી હિતબુદ્ધિ છે એમ જણાવી દે; પણ જો તારામાં તેવી શક્તિ ન હોય તો તું તારું સંભાળી રાખ. તેં કાંઇ આખી દુનિયાને સુધારવાનો કોન્ટ્રેક્ટ લીધો નથી. પ્રયત્ન કરીને જીવને સારે રસ્તે ચડાવવા તેનો કરૂણા ભાવનામાં સમાવેશ થાય છે.[1] પરંતુ જ્યારે તે રસ્તો તારે માટે ખુલ્લો ન હોય એટલે તારામાં પરોપદેશ કરવાની શક્તિ ન હોય અથવા ગમે તેટલો ઉપદેશ કરતાં પણ સામો જીવ તેના મહા પાપોદયથી સારે રસ્તે આવી શકતો ન જ હોય તો પછી તારે તેના તરફ ઉપેક્ષા રાખવી એ વધારે ઉચિત છે. કેટલાક પ્રાણીઓ તત્ત્વનું સ્વરૂપ ન સમજે તેવા હોય છે અને કેટલાકે ન સમજવાનો નિશ્ચય કરેલો હોય છે, આવા પ્રાણીઓ તરફ ઉપેક્ષા રાખવી એ વધારે સારું છે.

[1] સર્વ જીવો તરફ મૈત્રીભાવ રાખવો એ પ્રથમ પદે છે, તેમાં પણ જે જીવો દુઃખી હોય તેને દુઃખમાંથી છોડાવવા વિચાર કરવો તે કરૂણાભાવ છે. પ્રયત્ન કરવા છતાં પણ હિત થવાનો સંભવ ન રહે ત્યારે ઉદાસીનતા રાખવાની છે. પ્રમોદભાવના જુદા વિષય તરફજ જાય છે.

એથી એ પ્રાણી પોતાનાં પાપકૃત્યોમાં વધારે ચુસ્ત થતો નથી અને તારી સાથે વિરોધ ન થયો હોય તો કોઇ દિવસ પણ તારાથી સુસાધ્ય રહે છે. એના તરફ તું એકવાર પ્રગટપણે તિરસ્કાર બતાવી દે, ત્યાર પછી આજીવિતવ્ય તે તારી વિરૂદ્ધ જ રહે છે. વળી એવા હલકા જીવોપર ક્રોધ કરવો એમાં તને લાભ નથી. પ્રશસ્ત કે અપ્રશસ્ત ક્રોધ બન્ને ઉચ્ચ સ્થિતિએ સર્વથા ત્યાગ કરવા યોગ્ય જ છે. તેટલા માટે જ શ્રીમદ્યશોવિજયજી મહારાજ દ્વેષની સ્વાધ્યાયમાં કહે છે કે "રાગ ધરી જે જીહાં ગુણ લહીએ, નિર્ગુણ ઉપર સમચીત્ત રહીએ." ગુણવાન ઉપર રાગ અને નિર્ગુણી ઉપર સમચીત્ત રાખવું એવો અત્ર સ્પષ્ટ ઉપદેશ છે. એનો ભાવ પ્રગટ છે તેથી વિશેષ ઉલ્લેખની જરૂર રહેતી નથી, પરંતુ એ વૃત્તિ પ્રાપ્ત કરવાની બહુ જરૂર છે, તેથી સમતાના અભ્યાસીનું એ તરફ ખાસ ધ્યાન ખેંચવામાં આવે છે.

શ્રી વિનય વિજયજી ઉપાધ્યાય પણ કહે છે કે 'માધ્યસ્થ ભાવના સાંસારિક પ્રાણીઓને વિશ્રાંતિ લેવાનું સ્થાન છે.' આ જગત્‌ના જીવો ભિન્ન ભિન્ન કર્મોએ કરીને ભિન્ન ભિન્ન સ્વરૂપવાળા જણાય છે, તેથી સર્વની ચેષ્ટા એક સરખી હોતી નથી, હોઈ શકે પણ નહિ; ત્યારે સમજુ માણસોએ કોનાપર ગુસ્સે થવું અને કોનાપર સંતુષ્ટ થવું? તીર્થંકર મહારાજ શ્રી વીરપ્રભુએ મિથ્યા બોલનાર પોતાના જમાઇ જમાલિને પણ રોકવા માટે બળાત્કાર કર્યો નહિ. આટલા ઉપરથી જણાય છે કે તીર્થંકર મહારાજ અનંત વીર્યવાળા હોય છે, છતાં પણ બળાત્કારથી ધર્મ પ્રવર્તાવતા નથી, પણ શુદ્ધ ધર્મનો ઉપદેશ જ આપે છે. આટલા માટે હૃદયમાં સમતા રાખવી અને મનોવિકારને વશ થઇ જવું નહિ.

ઘણી વખત બીજા પ્રાણીને હિત કરવાના હેતુથી આ જીવ કલેશ પામે છે અને કેટલીકવાર ખોટી ચિંતા કર્યા કરે છે. કાર્ય કરવું તે ઠીક છે, પરંતુ તેવી ચિંતા નકામી છે, કારણકે સામા પ્રાણીને કર્મ વિવર ક્યારે આપશે તે બાબતમાં આપણું અજ્ઞાન હોવાથી આપણે દરેક કાર્યમાં સફળ થઇ શકીએ નહિ. વળી ફળ શું થશે તે સંબંધમાં ચિંતા કરવાનો આપણો અધિકાર પણ નથી. એવીજ રીતે અસત્ય

બોલનાર કે અપ્રમાણિક આચરણ કરનાર ઉપર દ્વેષ કરવો નકામો છે, કારણકે બન્નેને તેથી તો લાભ જ નથી. હિતોપદેશ ન સાંભળનાર ઉપર પણ દ્વેષ ન કરવો; વિચારવું કે હજુ તેની સ્થિતિ પાકી નથી. દેવ ગુરૂ કે ધર્મની નિંદા કરનાર ઉપર ક્રોધ થાય એ તો આપણે અનુભવીએ છીએ. ઇતિહાસમાં પણ અનેક દૃષ્ટાંતો છે. શાસ્ત્રકાર તેની પણ અમુક હદે ના પાડે છે. તું બની શકે તો તેઓને શુદ્ધ સ્વરૂપ સમજાવ, પછી શું થાય છે તે જો. જો ન સમજે તો તારો પ્રયાસ નિષ્ફળ થયો છે એમ સમજીશ નહિ. તેં તો તારી ફરજ બજાવી છે. તું પછી વિચારજે કે એ બિચારાને હજુ રખડવું બાકી છે તેથી સાચો માર્ગ દેખતો નથી. આ રેખા તું નિરંતર ધ્યાનમાં રાખજે, એથી તને નાસીપાસી પણ થશે નહિ અને શાંતિ જળવાઈ રહેશે. તેથી જ શ્રીશાંતસુધારસમાં કહ્યું છે કે:—

तस्मादौदासीन्यपीयूषसारं, वारंवारं हंत संतो लिहंतु ।
आनन्दानामुत्तरंगत्तरंगैर्जीविद्भिर्यद्भुज्यते मुक्तिसौख्यम् ॥

'એ રીતે ઉદાસીનતા એ અમૃત છે અને સંત પુરૂષો એ અમૃતનો વારંવાર સ્વાદ લેછે; એવા આનંદના ઉચ્ચ તરંગોવડે જીવનારાઓ આ જન્મમાંજ મુક્તિસુખને ભોગવે છે.' આ ભાવનાથી પુરૂષાર્થ કરવાનો પ્રતિબંધ થતો નથી, પણ પુરૂષાર્થ કર્યા પછી પરિણામે નિષ્ફળતા મળે ત્યારે કેટલીકવાર સામા પ્રાણીપર જે કષાયયુક્ત ઉગ્ર લાગણી થાય છે તેને કાબુમાં રાખવાનો આ ભાવનાનો વિષય છે.

મૈત્રી, પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થ એ ચાર ધર્મધ્યાનની ભાવના છે. એ ભાવના ભાવવાથી જીવ આર્ત, રૌદ્ર ધ્યાનમાંથી મુક્ત થઇ ધર્મધ્યાનમાં આવે છે. આ ચાર ભાવના ભાવવાથી મન સ્થિર થાય છે અને સમતા પ્રાપ્ત થાય છે. એ ભાવના ભાવતાં મનમાં અનિર્વચનીય આનંદ થાય છે. એ આનંદને સરખાવવા માટે સ્થૂળ સૃષ્ટિમાં કોઇ પણ પદાર્થ નથી. એ ચારે ભાવના અગાઉ જણાવ્યું તેમ સમતાનાં અંગ છે અને સમતાને સ્થિર કરનાર છે. શાંતરસના બપીએ આ ભાવના રૂપ જળનું વારંવાર પાન કરવું. અભ્યાસ પડ્યા પછી રસ્તો સરલ થઇ જશે. અત્ર ચારે ભાવનાનું

સંક્ષિપ્ત સ્વરૂપ બતાવ્યું છે, વિશેષ સ્વરૂપ જાણવાની જિજ્ઞાસા હોય તેમણે અન્ય ગ્રંથોમાંથી તેનું સ્વરૂપ જોઇ લેવું, બાકી એનું ખરૂં સ્વરૂપ તો એ ભાવના ભાવવામાં આવશે ત્યારેજ અનુભવમાં આવશે. એ ભાવના ભાવતાં શરૂઆતમાં તો મનોક્ષેત્ર કદાચ સંકોચવાળું લાગશે પણ ધીમે ધીમે તે વિસ્તૃત થતું જશે. ૧૬.

સમતાનું બીજું સાધન-ઇંદ્રિયના વિષયોપર સમતા.

चेतनेतरगतेष्वखिलेषु, स्पर्शरूपरवगंधरसेषु ।
साम्यमेष्यति यदा तवचेतः, पाणिगं शिवसुखं हि तदात्मन्॥ १७॥

"હે ચેતન ! સર્વ ચેતન અને અચેતન પદાર્થોમાં રહેલાં સ્પર્શ, "રૂપ, રવ (શબ્દ), ગંધ અને રસમાં તારૂં ચિત્ત સમતા પામશે "ત્યારે મોક્ષનું સુખ તારા હાથમાં આવી જશે." ૧૭. સ્વાગતા વૃત્ત.

ભાવાર્થ–સમતાના પ્રથમ સાધન તરીકે ચાર સમ્યક્ત ભાવના કહી. હવે બીજું સાધન **ઇંદ્રિયના વિષયોપર સમભાવ** રાખવાનું છે તે કહે છે. સ્ત્રી, પુત્ર વિગેરે ચેતન પદાર્થો અને શય્યા, વસ્ત્રાદિ અચેતન પદાર્થો એ બન્નેને અંગે અનેક પ્રકારના સ્થૂળ વિષયો પ્રાપ્ત થાય છે. કોમળ સ્પર્શથી સુખ અને કર્કશ સ્પર્શથી દુઃખ થાય છે, તેમજ રૂપવાન સ્ત્રી કે વસ્તુ જોઇને પ્રેમ આવે છે અને કુરૂપ જોઇને દ્વેષ થાય છે, તેવીજ રીતે સુગંધ તરફ નાસિકા આકર્ષાય છે, ત્યારે દુર્ગંધથી મ્હોં મરડાય છે, તથા મિષ્ટ પદાર્થનો સ્વાદ કરતાં જિહ્વામાં પાણી છૂટે છે, ત્યારે અનિષ્ટ પદાર્થ ખાતાં મ્હોં બગડે છે, અને સુસ્વર ધ્વનિ સાંભળી કાન મંડાય છે ત્યારે કુસ્વર સાંભળી કાનમાં આંગળીઓ ઘાલવામાં આવે છે. આ પાંચ ઇંદ્રિયોના ત્રેવીશ વિષયો છે. આ સર્વ વિષયો તરફ જ્યારે તને સમભાવ થશે, એટલે સારૂં કે ખરાબ એવો કોઇ પણ પ્રકારનો ભેદ તારા મનમાં થશે નહિ, ત્યારે મોક્ષસુખ તારા હાથમાં આવી જશે. આ પાંચે ઇંદ્રિયના વિષયો આ જીવને બહુ છેતરે છે અને સંસારમાં રખડાવનારા પણ ખરેખરા તેઓજ છે. નીતિશાસ્ત્રકારો કહે છે કે–

इह हि मधुरगीतं नृत्यमेतद्रसोयं,
स्फुरति परिमलोयं स्पर्श एष स्तनानाम् ।

इति हतपरमार्थैरिन्द्रियैर्भ्राम्यमाणः,
स्वहितकरणधूर्तैः पंचभिर्वंचितोस्मि ॥

'આ મધુર રીતે ગવાયેલું ગાયન, આ નાચ, આ રસ, આ સુગંધી, આ સ્તનોનો સ્પર્શ–આવા પરમાર્થને હણનારી ઇંદ્રિયો, જેઓ સ્વહિત સાધવામાં ધૂર્ત છે, તે પાંચેથી હું સંસારમાં પરિભ્રમણ કરું છું અને તેઓથી બરેબરો છેતરાઉં છું.' આ પાંચે ઇંદ્રિયો ઉપર અથવા વસ્તુતઃ પાંચેના વિષયો ઉપર રાગદ્વેષ ન રાખવો એ મોક્ષપ્રાપ્તિનો ઉપાય છે. મોક્ષપ્રાપ્તિનો ઉપાય રાગદ્વેષનો ત્યાગ જ છે, કારણ કે કષાય જે સંસારમાં રખડાવનાર છે અને જેનું સ્વરૂપ આગળ સાતમા અધિકારમાં વિસ્તારથી બતાવ્યું છે તે સર્વ રાગદ્વેષથી જ ઉત્પન્ન થાય છે. માટે ઇંદ્રિયોના ક્ષણિક સુખમાં આનંદ ન માનતાં તેના ત્યાગથી મોક્ષનું અવિચ્છિન્ન સુખ પ્રાપ્ત થાય છે તેનો ખ્યાલ લાવી તેમાં પ્રયાસ કરવો એ સમતા પ્રાપ્ત કરવાનું અને તે દ્વારા પરંપરાએ અવ્યાબાધ સુખ પ્રાપ્ત કરવાનું પરમ સાધન છે, એ ખાસ ધ્યાનમાં રાખવું. તેટલા માટે શ્રી સિંદૂર પ્રકરમાં કહે છે કે 'હે સાધુ! તું ગમે તેટલાં મૌન વ્રત ધારણ કર, ઘરનો ત્યાગ કર, આચારનો અભ્યાસ કર, વનમાં ગમન કર, તીવ્ર તપસ્યા કર; પણ જ્યાં સુધી કલ્યાણ વનને ભાંગી નાખનાર મહાવાયુ સમાન ઇંદ્રિયસમૂહનો તેં પરાજય કર્યો નથી, ત્યાં સુધી રાખમાં રેડેલા ઘીની જેમ સર્વ વૃથા સમજવું.'[1] તેમ જ શરૂઆતમાં જ ત્યાં કહ્યું છે કે ઇંદ્રિયના સમૂહનો પરાજય કરવાથી કલ્યાણ પ્રાપ્ત થાય છે.[2] જે ઇંદ્રિયોનું સુખ ક્ષણિક છે તેને કબજામાં રાખી તેના વિષયોથી થતાં સુખ દુઃખપર સામ્યભાવ રાખવો એ અત્ર ઉપદેશ છે. સમતા પ્રાપ્ત કરવાનું આ બીજું સાધન થયું. ૧૭

આત્મ શિક્ષા–વિચાર કરવાની જરૂરિયાત.
સમતાપ્રાપ્તિનું ત્રીજું સાધન.

के गुणास्तव यतः स्तुतिमिच्छस्यद्भुतं किमकृथा मदवान् यत् ।
कैर्गता नरकभीः सुकृतैस्ते, किं जितः पितृपतिर्यदचिन्तः ॥ १८ ॥

१ સિંદૂર પ્રકર શ્લોક ૭૧. ૨ સહર શ્લોક ૬૯, પંક્તિ ચોથી.

"તારામાં કયા ગુણો છે કે તું સ્તુતિની ઇચ્છા રાખે છે? તેં "શું આશ્ચર્યકારી મોટું કાર્ય કર્યું છે કે તું અહંકાર કરે છે? (તારા) "કયાં સુકૃત્યોથી તારી નરકની બીક મટી ગઈ છે? તેં શું યમને "જીત્યો છે કે જેથી તું ચિંતા વગરનો થઇ ગયો છે?" ૧૮

સ્વાગતાવૃત્ત.

ભાવાર્થ–સમતાપ્રાપ્તિનું ત્રીજું સાધન **વસ્તુસ્વરૂપની અને આત્મસ્વરૂપની વિચારણા** છે. જ્યારે આત્મા શું છે અને તેનો અને પુદ્ગલનો સંબંધ કેવો છે, કયાં સુધી ચાલે તેવો છે વિગેરે બાબતનો વિચાર યોગ્ય રીતે કરવામાં આવે ત્યારે મનમાં શાંતિ થાય છે અને નકામો વ્યવસાય ઘટી જાય છે. સમતાપ્રાપ્તિનું આ ઉત્કૃષ્ટ અંગ છે. એ અંગના સમર્થનમાં આ અધિકારના હવે પછીના ઘણા શ્લોકો છે અને અધ્યાત્મશાસ્ત્ર આ વિષયને જ પુષ્ટિ આપે છે. અનેક પ્રકારે વસ્તુસંબંધ ઓળખવાનો અત્ર પ્રયાસ કરવામાં આવ્યો છે, તે પર ધ્યાન રાખી વિચારણા કરવાની બહુ જ જરૂરિયાત છે. જ્યાં સુધી યોગ્ય વિચારણા કરવામાં આવતી નથી ત્યાં સુધી જ આ જીવ પોતાની શક્તિનો વ્યર્થ વ્યય કરે છે. આત્મવિચારણા કરવી એ તેથી બહુજ ઉપયોગી છે. હકીકત એમ છે કે આ જીવ આકાશના તારાઓ અને દેવતાના વૈમાનોનો વિચાર કરે છે, દૂર દેશમાં શું છે તે જોવા જાય છે અને પોતાની અસરંગી જિજ્ઞાસાને વિવિધ રીતે તૃપ્ત કરે છે; પરંતુ પોતે કોણ છે? પોતે શું કરે છે? શામાટે કરે છે? તેનો અર્થ શું છે? તેનું પરિણામ શું છે? તે સર્વ સમજતો નથી, સમજવા યત્ન કરતો નથી, સમજવાની જિજ્ઞાસા જાગૃત કરતો નથી; પરંતુ ઉંચે આકાશમાં જોતાં કુવામાં પડનાર જ્યોતિષીની પેઠે તે ભૂલ ખાય છે. બીજે દોડવા કરતાં અનેક આશ્ચર્યનું ધામ પોતે કોણ છે, વિશ્વવ્યવસ્થામાં પોતે કઇ જગા રોકે છે, કર્મ અને ભવસ્થિતિના કાયદા પોતાને કેવી રીતે લાગુ પડે છે, તેનાથી છુટવાનો ઉપાય શું છે એ સંબંધમાં વિચાર કરવાની બહુ જ જરૂર છે. આત્મિક વિચારણા તરફ અત્ર તેનું ધ્યાન ખેંચવામાં આવે છે.

હે ચેતન! બીજા માણસો તારા વખાણ કરે, તારી સ્તુતિ કરે એ સાંભળવાની તું ઇચ્છા રાખે છે; પણ તારામાં ગુણો કયા છે? મહાવીર સ્વામી જેવો તપસ્યા ગુણ, ગજસુકુમાળ જેવો ક્ષમા ગુણ, શ્રીપાળ મહારાજા જેવી દાક્ષિણ્યતા, સ્કંદકમુનિ જેવી સમતા, વિજય શેઠ જેવું બ્રહ્મચર્ય, બાહુબળી જેવો મદત્યાગ, હેમચંદ્રાચાર્ય, હરિભદ્રસૂરિ કે યશોવિજયજી જેવું શ્રુતજ્ઞાન વિગેરે ગુણો તારામાં હોય અને પછી તું સ્તુતિની ઇચ્છા રાખતો હોય તો જાણે સમજ્યા, પરંતુ તે તારામાં કાંઈ નથી, છતાં શા ઉપર તું વખાણ મેળવવા માગે છે? વળી હે ભાઇ! તેં શું મોટું અદ્ભુત કામ કર્યું છે કે તું ઉંચી નજર રાખીને અભિમાનમાં તણાતો જાય છે? જે વેશ્યાના ઘરમાં બાર વર્ષ રહી અનેક વિષયસુખ ભોગવ્યાં તેજ વેશ્યાના ઘરમાં તેજ વેશ્યાની પ્રાર્થના છતાં ચાર માસ સુધી અડગપણે બ્રહ્મચર્ય પાળનાર શ્રી સ્થૂળીભદ્ર મહારાજ જેવું અથવા તો છ ખંડ સાધનાર ચક્રવર્તી જેવું કાંઈ મહાન્ કામ કરીને અહંકાર કરતો હો તો જરા વાસ્તવિક લાગે, પણ તું તો નકામો ખોટો ખોટો અક્કડ થઇને ચાલે છે. તેનું કારણ તું વિચાર કરીને અમને સમજાવ. વળી હે બંધુ! તેં ઘોર તપસ્યા, દેશવિરતિ, સર્વવિરતિ, ચૈત્યપ્રતિષ્ઠા, તીર્થયાત્રા, શ્રી સંઘની ભક્તિ, સુપાત્રદાન વિગેરે કયા મહાન્ કાર્યો કરી નાંખ્યાં છે કે તારે નરકમાં જવાની બીક મટી ગઈ છે? જેણે આ જીવનમાં કાંઇ મહાન્ કાર્ય કર્યું હોય તેને તો બહુધા નરકમાં જવાનું હોતું નથી અને તેના જીવનની સફળતા ગણાય છે, પરંતુ તારે તો હજુ નરકનિગોદમાં જવાની બીક ઉભી જ છે. વળી હે ભવ્ય! તું આમ ચિંતા વગરનો થઇને ફર્યા કરે છે તેથી અમને તો મોટું આશ્ચર્ય થાય છે. કારણ કે જેને માથે શત્રુ હોય તે સંભાળ રાખ્યા વગર ફરી શકે નહિ અને ફરે તો દુર્દશા પામે, અને તારે માથે તો યમ જેવો અપ્રતિહત શાસ્ત્રનવાળો શત્રુ ગાજે છે, છતાં તું બેદરકાર થઇને ફર્યા કરે છે ત્યારે શું તે શત્રુને તેં જીતી લીધો છે? તું આવા વિચાર કેમ કરતો નથી?

ઉપર જણાવેલા ગુણો જે પ્રાણીમાં હોય તેણે પણ સ્તુતિની ઇચ્છા રાખવી ઘટતી નથી અને મહાન્ આશ્ચર્ય ઉત્પન્ન કરે તેવાં

કાર્યો કરનારને પણ મદ કરવો ઘટતો નથી અને સુકૃત્ય કરનાર પણ બીક તજી દેતો નથી તેમજ યમના ભયને જીતનાર પણ આત્મચિંતવન મૂકતા નથી અને જે જે મહાન્ પ્રાણીઓએ એ ગુણો વિગેરે પ્રાપ્ત કર્યા છે તેઓએ પણ સ્તુતિની ઇચ્છા રાખી નથી અને અહંકાર પણ કર્યો નથી, એ આપણે સારી રીતે જાણીએ છીએ. પરંતુ સૂરિમહારાજ તો આ જીવને કહે છે કે આવા ગુણ વિગેરે તારામાં હોય અને પછી સ્તુતિ વિગેરેની ઇચ્છા રાખતો હો તો તો જાણે વ્યાજબી ગણાય, પણ તે કાંઈ તારામાં નથી, છતાં તું શા ઉપર મક્કમ રહે છે!!

આવી રીતે પોતામાં કયા ગુણો છે અને પોતે કયા મોટાં કામો કર્યાં છે, તેનો બરાબર વિચાર કર અને તેમ કરીશ ત્યારે જ તને આત્મિક સ્વરૂપ સમજાશે. ઉપદેશ દેવાની આ નૂતન પદ્ધતિ બહુ અસરકારક છે, કારણ કે મનુષ્યની તીક્ષ્ણ લાગણીને તે પ્રેરે છે અને જાગૃત થવાની ઇચ્છા રાખનારો અભ્યાસી મુમુક્ષુ તેનું તાત્પર્ય સમજી આત્મવિચારણા કરવા ઉદ્યુક્ત થઇ જાય છે. ૧૮

જ્ઞાનીનું લક્ષણ.

गुणस्तवैर्यो गुणिनां परेषामाक्रोशनिंदादिभिरात्मनश्च ।
मनः समं शीलति मोदते वा, खिद्येत च व्यत्ययतः स वेत्ता ॥१९॥

"બીજા ગુણવાન પ્રાણીઓના ગુણની સ્તુતિ કરે ત્યારે અને "અન્ય માણસો પોતાપર આક્રોશ કરે અથવા પોતાની નિંદા કરે "તે વખતે જે પોતાના મનને સ્થિતિસ્થાપક રાખે છે અથવા તે "વખતે જે આનંદ પામે છે; અને તેથી ઉલટી વાત બનતાં (એટલે "પરગુણનિંદા અથવા આત્મ પ્રશંસા થતાં) જે ખેદ પામે છે "તે પ્રાણી જ્ઞાની–જાણકાર કહેવાય છે." ૧૯ ઉપજાતિ.

વિવેચન–બીજા પ્રાણીઓના દાન, લોકસેવા, દેશસેવા, કોમસેવા, ધૃતિ, ક્ષમા, બ્રહ્મચર્ય, ઔદાર્ય, ગાંભીર્ય, નિષ્કપટતા, સરળતા વિગેરે ગુણોની પ્રશંસા સાંભળીને જ્ઞાની પુરૂષ પોતાના મનની સ્થિતિસ્થાપકતા ખોઇ બેસતો નથી. સામાન્ય માણસો પૈકી ઘણા પરગુણસ્તવન સાંભળી ઇર્ષા કરે છે, ચાલે તો ઘસાતું બોલે છે,

કેટલીકવાર ગુણને અવગુણ કરી દેખાડે છે અને તદ્દન અધમ વૃત્તિવાળા તો ગુણીયલ પુરૂષોની નિંદા કરે છે. જ્ઞાનીનું લક્ષ્ય તો સર્વદા ગુણ ઓળખવાનું અને ગુણપ્રાપ્ત કરવાનું જ હોય છે. તેથી જ્યારે જ્યારે તે અમુક વ્યક્તિમાં કોઇ પણ સદ્‌ગુણ છે એમ સાંભળે છે ત્યારે ત્યારે મનને સ્થિર રાખી તે સાંભળે છે એટલું જ નહિ પણ ગુણનું અસ્તિત્વ વિચારી આનંદ પામે છે, ગુણનો પ્રત્યક્ષ ભાવ જોઇ જાણી તે તો રાજી રાજી થઇ જાય છે અને ગુણવાન તરફ સ્વાભાવિક રીતેજ આકર્ષાય છે. બીજા માણસોના ગુણોને હલકા પાડતા નથી અથવા તેની કિંમત ઓછી કરવા જેવું ગૂઢ વચન બોલતા નથી. જ્ઞાની માણસો આવા હોય છે; કારણકે ગુણપ્રાપ્તિનો ઉપાયજ તે છે. 'રાગધરી જે જિહાં ગુણ લહીએ' એ ભાવ જાણકાર માણસ સ્વાભાવિક રીતેજ સમજે છે. માધ્યસ્થ ભાવનામાં નિર્ગુણ ઉપર સમચિત્ત રાખવાનો ઉપદેશ આપ્યો હતો.[૧] અત્ર ગુણવાન ઉપર ઇર્ષ્યા દૂર કરી પ્રેમ રાખવાનો અને ગુણ ઉપર રાગ કરવાનો ઉપદેશ છે. કહ્યું છે કે—

परगुणपरमाणून् पर्वतीकृत्य नित्यं,
निजहृदि विकसन्तः सन्ति सन्तः कियन्तः ।

'આણુ જેવા પારકા ગુણોને પર્વત જેવા માનીને નિરંતર પોતાના હૃદયમાં વિકસ્વરભાવ પામતા સન્ત પુરૂષો કોઇ કોઇ હોય છે.' આવી રીતે ગુણગ્રાહીપણું પ્રાપ્ત કરવાની બહુ જરૂર છે. બીજાના નાના ગુણને પણ મોટો સમજી તે પ્રાપ્ત કરવા પ્રયાસ કરવો. આને બદલે જો તે ગુણની ઉપેક્ષા કરવામાં આવે અથવા ઇર્ષ્યા કરવામાં આવે અથવા તો નિંદા કરવામાં આવે તો બહુ હાનિ થાય છે. મરી ગયેલો, દુર્ગંધિવાળો, હાડપિંજરશેષ શ્વાન જોઇને પણ દુર્ગંચ્છા ન લાવતાં કૃષ્ણ વાસુદેવે તેની દાંતની પંક્તિના વખાણ કર્યા, એ ગુણગ્રાહીપણાનું અપૂર્વ દૃષ્ટાંત બહુ વિચારવા યોગ્ય છે. સાધારણ રીતે એવા શ્વાન તરફ મ્હોં મરડીને કે મ્હોંપર રૂમાલ ઢાંકીને જ ચાલવાનો રિવાજ જોવામાં આવે છે, તે છતાં એમાંથી પણ શુભ ગ્રહણ કરવાની બુદ્ધિ બહુ લાભ કરનારી નીવડી. હંસને દૂધ અને પાણી જુદા પાડવાની ટેવ છે એ મોટી વાત નથી; પરંતુ એમાંથી

૧ જુઓ શ્લોક ૧૬ મો અને તેનાપર નોટ.

દૂધ જ ગ્રહણ કરવાની ટેવ છે એ મોટી વાત છે અને અનુસરવા યોગ્ય છે. આવા ગુણ ગ્રહણ કરનારા પુરૂષો ઓછા હોય છે એ ખરૂં, પણ તેવા હોય છે ખરા અને આપણે પણ વિચાર કરીએ તો તેવા થઇ શકીએ. ઘણા પ્રાણીઓની ટેવ આખા સુંદર શરીરમાં ક્ષત કયાં છે એ શોધવાની હોય છે. ગુણવાનમાં કોઇ સહજ દોષ હોય તે શોધી તે દ્વારે તેનું નબળું બોલનારા બહુ આત્મિક હાનિ પામે છે. ગુણગ્રાહીપણાની ટેવ બહુ લાભકર્ત્તા છે.

જ્ઞાની પુરૂષનું બીજું લક્ષણ એ છે કે બીજો કોઇ પ્રાણી પોતાની નિંદા કરે અને પોતાની ઉપર ક્રોધ કરે તો તે વખતે પણ પોતાના મનને સ્થિતિસ્થાપકતામાં રાખે. પોતાની નિંદા સાંભળી તે ગુસ્સે થઇ જતો નથી અને તેનું મન તે વખતે અસ્તવ્યસ્ત થઈ જતું નથી પરંતુ શાંત રહે છે, એટલુંજ નહિ પણ પોતાની આત્મિક સત્તાની કસોટિ થવાનો પ્રસંગ જાણી વધારે જ્ઞાની તો તેથી આનંદ માને છે. ઉત્કૃષ્ટ ગુણપ્રાપ્તિની સ્ફુટ ઇચ્છાની અત્ર અવધિ થાય છે. દુનિયાના ઘણાખરા માણસો તો પોતાની સ્તુતિ સીધી રીતે કે આડકતરી રીતે સાંભળવા ઇચ્છા રાખે છે અને સાંભળીને રાજી થાય છે. કેટલીક વાર આત્મલઘુતા બતાવી તે દ્વારા પણ સ્તુતિ કરાવવાની ઇચ્છા રાખે છે; પરંતુ આવી ઇચ્છા ન રાખનારા બહુ થોડા હોય છે અને પોતાની સ્તુતિથી કદાચ મદ ઉત્પન્ન થાય તેવા હેતુથી સ્તુતિ સાંભળી દરકાર ન કરનારા અને તેથી ઉલટા ખેદ પામનારા તો બહુજ થોડા હોય છે. દુનિયાનો મોટો ભાગ સાચે રસ્તે હોતો નથી એનો અત્ર પ્રગટ ઉલ્લેખ છે, અને તેથી આ બાબતમાં થોડા પણ સમજુ માણસોને પગલે ચાલવું એજ શુદ્ધ માર્ગ છે.

એવીજ રીતે પારકાના ગુણની નિંદા સાંભળી ખેદ પામવો એ ગુણ તરફ પ્રેમ બતાવે છે અને આ સર્વ લક્ષણ જેનામાં હોય તેનેજ શાસ્ત્રકાર જ્ઞાની કહે છે. દ્રવ્યાનુયોગના થોડા ગ્રંથો વાંચ્યા અથવા યુનિવર્સિટીની કેટલીક ડીગ્રીઓ મેળવી એથી ખરા જ્ઞાની થવાતું નથી. જ્ઞાનની સાથેજ વર્તન શુદ્ધ હોવું જોઇએ. બુદ્ધિના ક્ષયોપશમથી થોડું સ્વરૂપજ્ઞાન પ્રાપ્ત થઇ જાય તેથી મલકાઇ જવાનું નથી, કારણ કે વસ્તુતઃ જ્ઞાનનું ફળ વર્તન જ છે અને ફળ વગરનું

જ્ઞાન માત્ર શોભા આપે છે, પરંતુ વાસ્તવિક લાભ કરતું નથી. કેળવણીનું પરિણામ આ જ હોવું જોઇએ અને સમજુ પ્રાણીઓ એનેજ અનુસરે છે, એ આપણે વારંવાર વાંચીએ છીએ. જ્ઞાનીનું લક્ષણ સાધુ અને શ્રાવકને એક સરખી રીતે લાગુ પડે છે, તેથી જેઓ ખરેખરા જ્ઞાની હોવાનો દાવો કરતા હોય તેમણે આ શ્લોકમાં બતાવેલું વર્તન કરવું બાસ જરૂરનું છે. વસ્તુસ્વરૂપ ચિંતવવાનો આ ત્રીજો ઉપાય અમલમાં મૂકવાથી સમતા પ્રાપ્ત થાય છે અને તે ચિંતવન વિશેષે જ્ઞાનુકારને જ પ્રાપ્તવ્ય છે, તેથી સમતા પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળા તત્ત્વજિજ્ઞાસુએ–પછી તે સાધુ કે શ્રાવક ગમે તે હોય–તેણે આત્મપ્રશંસા કરવી નહિ, બીજા કરે એવી ઇચ્છા રાખવી નહિ, કરે તો તેથી આનંદ માનવો નહિ અને પરગુણ અણુ માત્ર હોય તેને પણ મોટો માનવો, તેની પ્રશંસા કરવી અને બીજા પ્રાણીઓ તેની પ્રશંસા કરે તે સાંભળી રાજી થવું. ૧૯.

પોતાના શત્રુ મિત્ર-સ્વપર ઓળખવાનો ઉપદેશ.

न वेत्सि शत्रून् सुहृदश्च नैव, हिताहिते स्वं न परं च जंतोः[1] ।
दुःखं द्विषन् वांछसि शर्म चैत न्निदानमूढः कथमाप्स्यसीष्टम् ॥२०॥

"હે આત્મન્! તું તારા શત્રુ અને મિત્રને ઓળખતો નથી, "તારૂં હિત કરનાર અને અહિત કરનાર શું છે તે જાણતો નથી "અને તારૂં પોતાનું અને પારકું શું છે તે જાણતો નથી; (વળી) "તું દુઃખપર દ્વેષ કરે છે અને સુખ મેળવવાને ઇચ્છે છે, પણ "તેનાં કારણો નહિ જાણતો હોવાથી તું તે ઇચ્છિત વસ્તુ કેવી "રીત મેળવીશ?" ૨૦ ઉપેંદ્રવજ્રાવૃત્ત.

ભાવાર્થ–એક સાધારણ નિયમ છે કે શત્રુપર જય મેળવવા માટે તેને બરાબર ઓળખવો જોઇએ અને તેના બળનો બ્યાલ કરવો જોઇએ. ટ્રાન્સવાલના રહેવાશી બોર લોકોના બળનો ઓછો બ્યાલ કરવાથી અંગ્રેજ સરકારને શરૂઆતમાં બહુ મુશ્કેલી નડી હતી. તું તો તારા શત્રુઓ કોણ છે તે પણ જાણતો નથી તો પછી તેઓ કેવા છે એ જાણવાનો તો તને અવકાશ પણ કયાંથી હોય? રાગ, દ્વેષ અથવા તજ્જન્ય કષાય, વેદોદય, મોહ અથવા મિથ્યાત્વ, અવિ-

1 जंतो इति वा पाठः संबोधने.

રતિ, પ્રમાદ, કષાય અને યોગ તારા શત્રુઓ છે અને ઉપશમ, વિવેક, સંવર વિગેરે તારા મિત્રો છે. આ સર્વને બરાબર ઓળખ અને તે પ્રત્યેકનું તારી વિરૂદ્ધમાં અને તારી મદદમાં કેટલું બળ છે, તેનો બ્યાલ કર. આવી રીતે શત્રુ મિત્રને ઓળખવાથી તું આત્મગુણ વ્યક્તીકરણરૂપ સોનાની બાણો તુરતજ પ્રાપ્ત કરી શકીશ.

વળી તને હિત કરનાર શું છે, અને કોણ છે? અને અહિત કરનાર શું છે અને કોણ છે? તે પણ તું જાણતો નથી. તારૂં તાત્કાલિક હિત દેખાતું હોય પણ તેથી પરિણામે તને અહિત થતું હોય તો તે આદરવા યોગ્ય નથી, એ કહેવાની જરૂર નથી. એથી પણ વધારે તારૂં શું છે અને પારકું શું છે તે પણ તું બરાબર જાણતો નથી. તું કોણ? તું શરીર નહિ, કપડાં નહિ, આભૂષણો નહિ, પણ કોઇ બીજો છે. શરીરને ગતિમાં રાખનાર, કપડાં પહેરનાર, આભૂષણો ધારણ કરનાર કોઇ બીજો જ છે. તે આત્મા છે. તે તું છે. તેની વસ્તુ તે આત્મિકવસ્તુ કહેવાય છે. બાકી ઘર, કપડાં, ઘરેણાં પૈસા અને શરીર સર્વ પારકાં છે, અપર છે અને અજ્ઞાનતાથી તેમને તું તારાં માની બેઠો છે, પણ તેમાં તારી મોટી ભૂલ થાય છે. પૌદ્ગલિક પદાર્થ સર્વથા પારકાજ છે; તેઓ સાથે આવતા નથી અને લાંબો વખત રહેતા પણ નથી. તારૂં છે તે તો તારારૂપ જ છે, તારી પાસે જ છે, તારાથી ભિન્ન નથી. આ વિવેક જ્યારે તારામાં આવશે ત્યારે તને વસ્તુસ્વરૂપનું બરાબર ભાન થશે અને પછી તને બહુ આનંદ આવશે. અનંત જ્ઞાન, દર્શન અને ચારિત્ર જ તારાં છે અને તેજ તને પરિણામે હિત કરનારાં છે, બાકી સર્વ વસ્તુઓ પારકી છે અને પરિણામે અહિત કરનારી છે.

વૈદ્ય પાસે વ્યાધિગ્રસ્ત માણસ જાય ત્યારે પહેલાં તો તેને શું વ્યાધિ છે તેનું તે નિદાન કરે છે, વ્યાધિનું કારણ શોધે છે અને કયો વ્યાધિ છે તેનો તે નિર્ણય કરે છે. તને વિભાવ દશામાં રાચવામાચવારૂપ વ્યાધિ થયો છે અને તેમાંથી મુક્ત થઇ તું સુખ મેળવવા ઇચ્છે છે, તો તેનું કારણ શોધી કાઢ. જ્યાં સુધી આ કારણ તને જડશે નહિ ત્યાં સુધી તારા વ્યાધિઓ જશે નહિ. માટે સ્વપર વિવેક લાવી હિતકર અને અહિતકર શું છે તે બરાબર સમજી

લે. આ ગ્રંથકર્ત્તાના વૈદ્યપણામાં તને ભરોંસો હોય તો આ ગ્રંથ જોઇ જા. તું બરાબર વિચાર કરીશ તો આ ગ્રંથમાંથી તેનું નિદાન તને જડી આવશે. વળી આ ગ્રંથકારે ચિકિત્સા પણ બતાવી છે તે ધ્યાનમાં રાખી શોધી કાઢજે. વસ્તુસ્વરૂપ સમજવાની જરૂર કેટલી છે તે હવે વધારે સ્પષ્ટ થતું જાય છે. જ્યાં સુધી વસ્તુસ્વરૂપ સમજાય નહિ ત્યાં સુધી સમતા પ્રાપ્ત થાય નહિ અને સમતા પ્રાપ્ત થયા વગર વ્યાધિનો નાશ થાય નહિ. તેથી સમતાપ્રાપ્તિના આ ત્રીજા સાધન ઉપર અનેક રીતે ભાર મૂકવામાં આવ્યો છે. વૈદ્યરાજે બતાવેલા નિદાનપર બહુ ધ્યાન આપવાની જરૂરિયાત છે, તે હવે સ્પષ્ટ થાય છે. ૨૦.

વસ્તુ ગ્રહણ કરવા પહેલાં વિચાર કરવાની જરૂર.

कृती हि सर्वं परिणामरम्यं, विचार्य गृह्णाति चिरस्थितीह ।
भवान्तरेऽनन्त सुखाप्तये तदात्मन् किमाचारमिमं जहासि ॥२१॥

"આ લોકમાં જે ડાહ્યા માણસ હોય છે તે વિચાર કરીને એવી "વસ્તુ ગ્રહણ કરે છે કે જે લાંબો વખત સુધી ચાલે તેવી અને પરિણામે "સુંદર હોય. ત્યારે હે ચેતન! આભવ પછી અનંત સુખ મેળવવા માટે "આ ધાર્મિક આચારને તું કેમ તજી દે છે?" ૨૧. ઉપેંદ્રવજ્રા

ભાવાર્થ–વસ્તુસ્વરૂપ અને સંબંધનું જ્ઞાન મેળવવાની જરૂરિયાત કેટલી બધી છે તે આપણે ઉપર જોયું, હજુ પણ તેજ સાધનને વિશેષ પ્રતિપાદન કરવા માટે કહે છે. સમજુ વ્યવહારકુશળ માણસ કોઇ પણ વસ્તુ ખરીદ કરતાં બે જાતનો વિચાર કરે છે. એક તો તે વસ્તુ ટકાઉ હોવી જોઇએ અને બીજું તે વસ્તુ ઉપયોગી હોવી જોઇએ. આપણા પોતાના આત્મિક વ્યવહારમાં આ નિયમનો ભંગ થતો જોવામાં આવે છે અને તે એક બે બાબતમાં નહિ, પણ આખો વ્યવહારજ ઉંધી ઈંટથી મંડાએલો માલુમ પડે છે. દાખલા તરીકે આપણને યૌવનાવસ્થાના સુખભોગમાં આનંદ લાગે છે; પણ તે સુખને અંતે વૃદ્ધાવસ્થાનું દુઃખ છે અને તે સુખ

ચાલે છે ત્યારે પણ બહુ થોડો વખત ચાલે છે; ધન મળે છે ત્યારે સુખ લાગે છે, પણ તેનો નાશ થાય છે ત્યારે દુઃખ થાય છે; સ્નેહીને જોઇ આનંદ થાય છે પણ તેના મરણથી શોક થાય છે–એવી રીતે સર્વ પૌદ્ગલિક વસ્તુઓમાં પરીણામે દુઃખ છે, એટલું જ નહિ પણ આનંદ અલ્પ કાળ સુધીનો જ છે. (વસ્તુતઃ તો આને આનંદ કહિ જ શકાય નહિ). વળી થોડા કાળના સુખની ખાતર બહુ કાળના સુખનો ભોગ આપવો પડે છે, તેથી વ્યવહારકુશળ માણસે વિચાર કરવાની જરૂર છે. તું કોણ? તારૂં શું? તારી ફરજ શી છે? આ સર્વ વસ્તુઓ તારી કેવી રીતે છે? તેમનો ને તારો શો સંબંધ છે? તારી અન્ય પ્રાણીઓ તરફ તથા વસ્તુઓ તરફ કાંઈ ફરજ છે? છે તો કેવી છે? વિગેરે બાબતનો વિચાર કરવાની આવશ્યકતા અનેકવાર પુનરાવર્તન કરી કરીને સમજવાની જરૂર છે. આવી રીતે જ્યારે આત્મનિરીક્ષણ કરવાની ટેવ પડશે ત્યારે વસ્તુસ્વરૂપ બરાબર જણાશે. આ જીવ વિચાર કર્યા વગર–ધર્મબુદ્ધિએ પણ ઘણીવાર અજ્ઞાનદશાથી મહા પાપો કરી નાખે છે; એનું કારણ એ છે કે કોઇ પણ કાર્ય કરી, તેનું પરિણામ શું થશે અને આત્માને તેથી કેટલી હાનિ થઈ અને પોતાની કેટલી અવનતિ થઈ તથા ગુણથી અધો અવતરણ કેટલું થઈ ગયું, તે સર્વનો તોલ કરવાની આ જીવને ટેવ નથી. ઘણાં સુકૃત્યો આવી રીતે અલ્પફળ આપે છે, ઘણા સદુપદેશો બાસ આ જીવને ઉદ્દેશીને બોલાયલા હોય છતાં નિષ્ફળ થાય છે અને હૃદયભૂમિની સપાટીપરથી ચાલ્યા જાય છે; પરંતુ હૃદયને જરાપણ આર્દ્ર કરતા નથી. એ સર્વનું કારણ એક જ છે કે આ જીવને આત્મવિચારણાની ટેવ નથી. આત્મવિચારણા કરનાર પોતાના દરેક કાર્યને તપાસી શકે છે; અને તેથી કાર્યક્રમમાં ભૂલ કેટલી છે, મેલ કેટલો છે અને દોષ કેટલો છે તે શોધી દૂર કરી શકે છે. આત્મનિરીક્ષણ કરનાર સર્વદા જાગૃત રહેછે અને કદીપણ શક્તિનો નાશ કરતો નથી.[1] આવાં અનેક કારણોને લીધે આત્મ-

---

૧ 'આત્મનિરીક્ષણ'ના વિષય ઉપર શ્રી જૈનધર્મ પ્રકાશ માસિકના પુસ્તક ૧૮ માં પૃષ્ઠ ૧૦૦ થી શરૂ થતો એક લેખ આ શ્લોક ટાંકીને લખ્યો છે, તેપર ધ્યાન ખેંચવામાં આવે છે. ગ્રંથગૌરવના ભયથી એ લેખ અત્રે લખ્યો નથી.

વિચારણાથી બહુ પ્રકારના લાભ થાય છે. તો હે ચેતન! આવી જાગૃતિનો આચાર[1] (વ્યવહાર) તું શા માટે તજી દે છે? એ વ્યવહાર તજી દેવાથી બહુ નુકશાન છે, કારણ કે તારૂં સાધ્ય તેથી દૂર થતું જાય છે. ૨૧.

રાગદ્વેષના કરેલા વિભાગપર વિચારણા.

निजः परो वेति कृतो विभागो, रागादिभिस्ते त्वरयस्तवात्मन् ।
चतुर्गतिक्लेशविधानतस्तत्, प्रमाणयन्नस्यरिनिर्मितं किम् ॥ २२ ॥

"હે ચેતન્! તારૂં પોતાનું અને પારકું એવો વિભાગ રાગ-
"દ્વેષે કરેલો છે; ચારે ગતિમાં તને અનેક પ્રકારનો કલેશ કરાવતા
"હોવાથી રાગદ્વેષ તો તારા શત્રુઓ છે–ત્યારે શત્રુઓએ કરેલે.
"વિભાગ તું કેમ કબૂલ કરે છે?" ૨૨. ઉપજાતિ.

ભાવાર્થ–શ્રીમદ્યશોવિજયજી મહારાજ અષ્ટકમાં લખે છે કે अहं ममेति मंत्रोऽयं, मोहस्य जगदांध्यकृत्[2] 'હું અને મારૂં એ મોહ (રાગ-દ્વેષ લક્ષણ) મંત્રથી જગત અંધ થઈ ગયું છે. એને મળતો ભાવ બતાવતાં ભર્તૃહરિ કહે છે કે पीत्वा मोहमयीं प्रमादमदिरामुन्मत्तभूतं जगत्[3] મોહથી ભરેલી પ્રમાદમદિરા પીને આ જગત્ ગાંડું થઈ ગયું છે. મોહ આવી રીતે આ જીવ ઉપર અનેક પ્રકારના ત્રાસ ઉત્પન્ન કરે છે તેનું કારણ વિચારીએ. વીશમા શ્લોકમાં આપણે જોઈ ગયા છીએ કે આ જીવ પોતાનું અને પારકું શું છે તે જાણતો નથી

---

૧ આચાર શબ્દનો અર્થ કેટલાક પંચાચાર એમ કરી તેને ભવાંતરમાં અનંત સુખનું સાધન બતાવી તે અર્થ અત્ર ઘટાવે છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્યરૂપ પંચ આચાર ભગવંતે ઉપદેશ્યા છે, અને તે અપ્રમત્તપણે પાળવા અત્ર ઉપદેશ છે. આ પ્રમાણે કરેલો અર્થ અસમીચીન નથી, પણ મુનિસુંદરસૂરિ મહારાજે યતિશિક્ષા ઉપદેશ સિવાયનો આખો ગ્રંથ જેમ બને તેમ પારિભાષિક ન થવા દેવા યત્ન કર્યો હોય એમ મને લાગે છે અને તેથી સામાન્ય અર્થ થઇ શકતો હોય ત્યાં વિશેષ અર્થ ન કરવો એ પદ્ધતિ મને વિશેષ અનુકૂળ લાગી છે.

૨ જ્ઞાનસાર. અષ્ટક ચોથું. પ્રથમ શ્લોક. ૩ વૈરાગ્ય શતક. શ્લોક સાતમો.

આ સત્ય છે? બધા જીવો ઘણી વસ્તુને પોતાની છે એમ માને છે, પરંતુ એમાં ભૂલ એ થાય છે કે પોતાની વસ્તુ નથી તેને પોતાની માની બેસે છે, અને પોતાનું અનંત દ્રવ્ય જે દરરોજ સાથે રહે છે, સંનિધિમાંજ છે અને જેને શોધવા જવું પડતું નથી તેને તે ઓળખતો નથી, જાણતો પણ નથી અને ભ્રમણમાં રખડ્યા કરે છે. આવી સ્વપરની ખોટી વહેંચણ થઇ છે તેનું કારણ શું? વહેંચણી કરનાર કોણ? આનો વિચાર કરો. 'આ દ્રવ્ય મારૂં છે, આ સ્ત્રી મારી છે, આ ઘર મારૂં છે' એમ ઓળખાવનાર રાગ છે–એ મોહ છે–એ મદિરા છે. 'આ ઘર પારકું છે, આ છોકરો બીજાનો છે, આ વસ્તુનો નાશ થયો તેમાં અડચણ નથી, કારણ તે મારી નથી' એમ ઓળખાવનાર દ્વેષ છે–એ પણ મોહ છે–એ મદિરા છે. એવી જ રીતે મદથી, ઇર્ષાથી, અહંકારથી, લોભથી સ્વપરનો વિભાગ પાડે છે એ સર્વ મોહજન્ય છે, મોહનો માર્ગ જગત્ને અંધ કરીને કામ કરવાનો છે અને સ્પીરીટ (દારૂ) ની પેઠે તે પ્રાણીને ઉન્મત્ત બનાવે છે. ટુંકામાં કહીએ તો પૌદ્ગલિક વસ્તુઓનો સ્વપર વિભાગ મોહજન્ય છે.

મોહ આ પ્રાણીને ચારે ગતિમાં અનેક પ્રકારનાં દુઃખ આપ્યાં કરે છે. દેવગતિમાં વિરહદુઃખ અને પરોત્કર્ષ સહન કરવાનું દુઃખ, મનુષ્યગતિમાં આજીવિકાનું દુઃખ અને સંયોગવિયોગનું દુઃખ, તિર્યંચગતિમાં મુંગે મોઢે અનેક પ્રકારનાં કષ્ટ સહન કરવાનું અને તાપ ઠંડી સહન કરવાનું દુઃખ અને નરકગતિમાં અનેક પ્રકારનાં શારીરિક અને માનસિક અસહ્ય દુઃખો મોહ ઉત્પન્ન કરે છે અને તે આ જીવને જરૂર સહન કરવાં જ પડે છે. રાગદ્વેષજન્ય કષાયો છે અને તે બન્ને પોતે મોહના સેવક છે અથવા મોહ પોતે જ છે. ઉક્ત રીતે અનેક પ્રકારનાં દુઃખ આપનાર મોહને તો આ જીવનો બરોબરો દુશ્મન કહી શકાય. દુશ્મનનો આનંદ આ જીવને ભૂલાવો બરાવી દુઃખ આપવામાં જ હોય છે. તે જ મોહ સ્વપર વિભાગ કરી આપે છે. આ મારૂં છે અને આ પારકું છે, એવું પૌદ્ગલિક વસ્તુમાં આરોપણ કરવું એ પ્રકટપણે અસત્ય છે; કારણ કે તેમાં આત્મિક કાંઇ નથી અને આત્મિક ન હોય તે પોતાનું નથી. આવી

રીતે વિભાગ કરનાર તો તારા ખરેખરા દુશ્મન છે. ત્યારે દુશ્મનનો કરેલો વિભાગ તું કબૂલ શા માટે રાખે છે? દુનિયામાં કોઇ કારણસર બે પક્ષકારો વચ્ચે તકરાર થાય તો તેનો નીવેડો મધ્યસ્થ માણસથી લાવવામાં આવે છે; પરંતુ તે જ નીવેડો કરવાનું કામ જો એક પક્ષના દુશ્મનને સોંપવામાં આવે તો જરૂર તેનું પરિણામ તેના લાભથી ઉલટું જ આવે છે–અર્થાત્ તેને નુકશાન થાય છે.

માટે હે ચેતન! તારૂં શું છે અને પારકું શું છે તેનો વિભાગ તારા હિતસ્વી હોય તેની પાસે કરાવ. એમ કરીશ તો તને કાંઇ પણ લાભ થશે અને આત્મિક દ્રવ્ય જે અત્યારે તારી સત્તામાં રહ્યું છે તે પ્રગટપણે તું પામી શકીશ. શત્રુને હવે તું કયાં સુધી તારા તરીકે સમજીશ? તું હવે ઉન્મત્તપણું છોડી દે અને મોહનો કરેલો વિભાગ તને બહુ અહિત કરનારો છે એ ધ્યાનમાં લે. આ મનુષ્ય-ભવમાં તને વિચાર કરવાનો બહુ અવકાશ છે. કારણ કે અત્રે તારી સર્વ શક્તિઓ થોડે કે વધતે અંશે ખીલેલી છે. એ સ્થિતિનો ખ્યાલ કરી તું સ્વપર ખરેખરૂં શું છે તે સમજ. આ ભવમાં તને જોગવાઇ મળી છે તેનો ખરેખરો ઉપયોગ કર. ૨૨.

આત્મા અને બીજી વસ્તુઓના સંબંધપર વિચારણા.

अनादिरात्मा न निजः परो वा,
कस्यापि कश्चिन्न रिपुः सुहृद्वा ।
स्थिरा न देहाकृतयोऽणवश्च,
तथापि साम्यं किमुपैषि नैषु ॥ २३ ॥

"આત્મા અનાદિ છે; કોઇને કોઇ પોતાનું નથી અને કોઇ "પારકું નથી; કોઇ શત્રુ નથી અને કોઇ મિત્ર નથી; દેહની આકૃતિ "અને (તેમાં રહેલા) પરમાણુઓ સ્થિર નથી–તોપણ તેમાં તું "સમતા કેમ રાખતો નથી?" ૨૩.

ઉપજાતિ.

વિવેચન–આત્મા શું છે અને કોણ છે તેની વિચારણા કરવાનો ત્રીજો સાધ્ય ઉપાય હજુ પણ વિશેષ સ્પષ્ટ કરે છે. રાગદ્વેષે સ્વપ-

રનો વિભાગ ખોટો કર્યો છે એવું સમુચ્ચયે ઉપર બતાવ્યું. હવે આત્મા કોણ છે અને તેનો બીજાઓ સાથે કેવો સંબંધ છે, તે અત્ર જોઇએ. આત્મા દ્રવ્યરૂપે ધ્રુવ અનાદિ છે, પર્યાયથી પલટન ભાવ પામે છે, પુદ્ગળના સંગમાં રહી વિચિત્ર જાતિ, નામ, શરીર ધારણ કરે છે, પણ સ્વસ્વભાવે શુદ્ધ ચૈતન્યવંત સનાતન છે. એનું સ્વરૂપ બહુ ગ્રંથમાં બતાવ્યું છે. શ્રીલોકપ્રકાશ[1] ગ્રંથમાં તેનું સ્વરૂપ બતાવ્યું છે, તેનો અત્ર સાર આપીએ છીએ. "જીવનું સામન્ય લક્ષણ ચેતના છે, વિશેષ સ્વરૂપ પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન અને ચાર દર્શન એ બારેનો ઉપયોગ છે. સર્વ જીવને અક્ષરનો અનંતમો ભાગ તો સર્વદા ઉઘાડો રહે છે, તેથી ઉપયોગ વગરનો કોઇ પણ જીવ ત્રણ લોકમાં નથી. ગમે તેટલાં આવરણ કરનાર કર્મો હોય તો પણ આ અક્ષરનો અનંતમો ભાગ તો અવરાતો નથીજ. અક્ષર એટલે જ્ઞાન અને દર્શનનો ઉપયોગ સમજવો. જેમ સૂર્ય ઉપર વાદળાં ઘેરાઇ ગયાં હોય, છતાં પણ કાંઇ કાંઇ પ્રભા તો રહેજ છે; તેમજ આત્માનું અનંત જ્ઞાન અવરાઇ જાય તોપણ જરા ભાગ તો ઉઘાડો રહે છે અને દિવસ જેમ રાત્રિથી તેજ કારણે ભિન્ન થાય છે તેમ આત્મા પણ અજીવથી આ લક્ષણને લીધેજ જુદો પડે છે. જો કે આત્માનું જ્ઞાન લક્ષણ છે તોપણ કર્મથી આવૃત્ત હોવાને લીધે તે પ્રકટ જણાતું નથી, પરંતુ ખાણમાં રહેલ સોનામાં જેમ શુદ્ધ કચનત્વ છે તેમ આત્મામાં અનંતજ્ઞાન સર્વદા છેજ; ફક્ત તેનાપર પડ ફરી વળેલાં છે. વ્યક્ત અવ્યક્તરૂપે જ્યારે આત્માને ક્ષયોપશમ થાય છે ત્યારે શક્તિ અને કાર્યરૂપે જ્ઞાન ઉત્પન્ન થાય છે અને વળી તેજ વીર્ય ચાલ્યું જાય છે ત્યારે કાદવ જેમ દર્પણને આવરી મૂકે છે, તેમ કર્મો જ્ઞાનને આવરી દે છે, પરંતુ જો બહુ પ્રયાસ કરી સર્વ કચરો દૂર કરવામાં આવે તો અનાદિ શુદ્ધ સ્વરૂપ પ્રગટ થાય. આત્માનું રૂપ એકજ છે, પરંતુ કર્માવૃત્ત હોય ત્યારે તે વિવિધરૂપ ધારણ કરે છે."

આવા અનાદિ કાળથી આવરિત સ્વરૂપવાળા આત્માને બીજું કોઇ પોતાનું નથી અને કોઇ પારકું નથી; તેમજ કોઇ તેનું શત્રુ

[1] દ્રવ્યલોક–દ્વિતીય સર્ગ. શ્લોક ૫૩–૭૩.

નથી અને કોઇ મિત્ર નથી. એનું પોતાનું છે તે એજ છે. માતા, પિતા, સ્ત્રી, પુત્ર વિગેરે સર્વે અનેક પ્રકારના સંબંધમાં અનંતવાર આવ્યા કરે છે અને તેથી તેઓ પોતાના કહેવાયજ નહિ. પોતાના હોય તો અત્રે રહી જાયજ નહિ, માટે એવા ક્ષણિક સંબંધને પોતાનો કે પારકો માનવો એ ખોટું છે. આ હકીકતના સમર્થનમાં શાસ્ત્રકાર કહે છે કે–

न सा जाइ न सा जोणी, न तं ठाणं न तं कुलं ।
न जाया न मुया जत्थ, सव्वे जीवा अणंतसो ॥

'એવી કોઇ જાતિ નથી, એવી કોઇ યોનિ નથી, એવું કોઇ સ્થાન નથી, ને એવું કોઈ કુળ નથી કે જ્યાં સર્વે જીવો અનંતવાર જન્મ પામ્યા ન હોય અને અનંતવાર મરણ પામ્યા ન હોય.' મતલબ કે સર્વ સ્થાનકે સર્વ સંબંધમાં આ જીવ અનંતવાર ઉત્પન્ન થયો છે. અનંત કાળચક્રનું માન જોઇએ અને સાથે વિચાર કરીએ કે આ જીવે અનંત પુદ્‌ગળ પરાવર્તન[1] કર્યાં છે એટલે આ હકીકત સ્પષ્ટ સમજાઈ જાય છે. વળી એ પણ આથી સમજાય છે કે આપણે શત્રુ કોને કહેવા અને મિત્ર કોને કહેવા ! દરેક જીવ આ જીવના સંબંધમાં શત્રુ મિત્ર તરીકે અનંત કાલમાં અનંતવાર થઇ ગયાનો સંભવ છે. માટે આ તારા સગાઓમાં કોઇ તારા નથી અને કોઇ પારકા નથી છતાં તું તારાને પારકા માને છે તે સંસારનું સ્વરૂપ, તારૂં પોતાનું સ્વરૂપ અને સામાન્ય રીતે જીવનો કર્મ સાથેનો સંબંધ વિગેરે તું જાણતો નથી તેને લીધે જ છે.

આ તારો દેહ છે તે નાશવંત છે. તારા શરીરની આકૃતિ પણ નાશવંત છે. જરાવસ્થામાં તે બદલાઇ જશે અને અંતે રાખ

[1] એક પુદ્‌ગળપરાવર્તનમાં કેટલો કાળ થાય છે તેનો ખ્યાલ આપવો મુશ્કેલ છે. કરોડો કે અબજો વરસથી તેનું માપ થઇ શકતું નથી. તેનો ખ્યાલ કરવા માટે જુઓ સૂક્ષ્મ અદ્ધા સાગરોપમનું સ્વરૂપ (લોક પ્રકાશ–દ્રવ્ય લોક–પ્રથમ સર્ગ–લોક ૯૫) એવા વીશ કોડાકોડિ સાગરોપમનું એક કાળચક્ર થાય છે અને એવા અનંત કાળચક્રે એક પુદ્‌ગળપરાવર્તન થાય છે. એના વિશેષ સ્વરૂપ માટે દશમા અધિકારના સાતમા શ્લોકપરનું વિવેચન જુઓ.

થઇ જશે. આ શરીરપરનો મોહ તે પારકી વસ્તુપરનો મોહ છે. યૌવન ગયા પછી રૂપ રહેતું નથી, દેહ જર્જરિત થાય છે, મ્હોંમાંથી લાળ પડે છે, આંખે ઝાંખ પડે છે, શરીર ધ્રુજે છે, વાળ શ્વેત થઇ જાય છે અને કપાળે કરચલી પડે છે–આવા શરીરપર પ્રેમ કરવો, તેને પંપાળ્યા કરવું, તેની દરેક તબીયત જાળવવી, તેને ગમે તેવા અભક્ષ્ય પદાર્થોથી પોષવું એ મૂર્ખતા છે, અજ્ઞતા છે, વસ્તુસ્વરૂપનું અજ્ઞાન છે. જે વસ્તુ પોતાની નથી તેને પોતાની માની તેની ખાતર કલેશ પામવો અર્થ વગરનો છે. શરીર કેવું નાશવંત છે અને એનાપર મમત્વ રાખવાથી છેવટે કેટલો ખેદ થાય છે, તે ચોથા દેહ મમત્વ મોચન અધિકારમાં વિસ્તારથી બતાવ્યું છે. લોકસ્થિતિ આ પ્રમાણે છે તેથી સર્વ વસ્તુ ઉપર સમભાવ રાખવો, સર્વ પ્રાણીઓ ઉપર સમભાવ રાખવો અને આત્મિક દશા ઉન્નત કરવાનું સાધ્ય નજર સમીપ રાખવું. આ પ્રમાણે આત્મસ્વરૂપ વિચારવાની જરૂરિયાત કેટલી છે, તે આપણે જોયું. ૨૩.

હવે માતાપિતા વિગેરેનો સંબંધ કેવો છે તે કહે છે.

यथा विदां लेप्यमया न तत्त्वात्, सुखाय मातापितृपुत्रदाराः ।
तथा परेऽपीह, विशीर्णतत्तदाकारमेतद्धि समं समग्रम् ॥ २४ ॥

"જેવી રીતે ચિત્રમાં આલેખેલાં માતા, પિતા, પુત્ર અને સ્ત્રી "વાસ્તવિક રીતે સમજુ પ્રાણીને સુખ આપતાં નથી તેવીજ રીતે "આ સંસારમાં રહેલાં પ્રત્યક્ષ માતાપિતાદિક પણ સુખ આપતાં "નથી. તે બન્નેનો આકાર નાશ પામતાં તે બન્ને સરખાં જ છે." ૨૪

ઉપજાતિ.

ભાવાર્થ–જેમ પરવસ્તુ સાથેનો સંબંધ અસ્થિર છે તેમ સગાસ્નેહીઓનો સંબંધ પણ અસ્થિર છે, એ વિષયપર મમત્વ મોચન અધિકારમાં વિશેષ વિવેચન કર્યું છે, તેનું કાંઇક પૂર્વનિરૂપણ (anticipation) કરતાં અત્ર કહે છે કે હે ચેતન! તું તારાં માતા પિતા સ્ત્રી કે પુત્રના મોહમાં મસ્ત થઇ આ સંસારને તારો માની બેઠો છો, પરંતુ તું કોઇ પણ પ્રકારનો વિચાર

કરતો નથી અને વાસ્તવિક રીતે તેઓ તારાં છે કે નહિ તેનો પણ તું ખ્યાલ કરતો નથી એ બહુ અયુક્ત છે. માતા પિતા સ્ત્રી કે પુત્રની છબી ચીતરી હોય અથવા તેઓનો ફોટોગ્રાફ પડાવ્યો હોય તે જેમ કોઇ પણ પ્રકારનું સુખ આપી શકતો નથી[1] તેવીજ રીતે તું વિચાર કરીશ તો જણાશે કે તારા હયાત સંબંધીઓ પણ તને બરૂં સુખ આપી શકતા નથી. શ્રીવીર પરમાત્માના હસ્તદીક્ષિત શિષ્ય **શ્રીધર્મદાસ** ગણિ[2] કહે છે કે:-

માયા પિયા ય ભાયા, ભજ્જા પુત્તા સુહીય નિયગાય ।
ઇહ ચેવ બહુવિહા, કરંતિ ભયવેમણસ્સાણ ॥

'આ સંસારમાં માતા, પિતા, ભાઇ, સ્ત્રી, પુત્ર, મિત્ર અને પોતાના સંબંધીઓ બહુ પ્રકારના ભય અને મનનાં દુઃખ ઉત્પન્ન કરે છે.' સૂરિ મહારાજ કહે છે તેમ સંબંધીઓ મરણથી વિયોગજન્ય દુઃખ આપે છે એટલું જ નહિ, પરંતુ જીવતાં છતાં પણ અનેક પ્રકારનાં દુઃખો આપે છે. એવા દુઃખોત્પાદક સંબંધમાં **બ્રહ્મદત્ત ચક્રવર્તીની** માતા **ચુલણી** માતા સંબંધનું દૃષ્ટાંત પૂરૂં પાડે છે, **કનકકેતુ** પિતા સંબંધનું, **કોણિક** (શ્રેણીકપુત્ર) પુત્ર સંબંધનું અને **નયનાવળી**[3] (યશોધર રાજાની રાણી) સ્ત્રી સંબંધનું દૃષ્ટાંત પૂરૂં પાડે છે. આ સંબંધમાં શાસ્ત્રોક્ત દૃષ્ટાંતો જોવા ઉપરાંત દરેક માણસે પોતાનો અનુભવ પણ કામે લગાડવો. એક નાની રકમ સારૂ ભાઇઓ જ્યારે લડે છે ત્યારે વિવેકી પ્રાણી હતનો રંગ અનુભવે છે; સ્ત્રીની ઇચ્છા પાર પડતી નથી ત્યારે ગમે તેવાં અપવચન બોલે છે; આપત્તિમાં મિત્રો તજી જાય છે; માતાપિતાનો સંબંધ પણ સ્વાર્થભ્રંશ ન થાય ત્યાંસુધી બહુ સારો રહે છે. વળી જેમ ચિત્રનો નાશ થતાં નયનને જે સુખ થતું હતું તે નાશ પામે છે તેમ પ્રત્યક્ષ માતાપિતાનો અભાવ થતાં તેઓ સુખ આપતાં બંધ થાય છે. શરીર નાશ પામતાં મૃત્યુથી જે દુઃખ થાય છે તે પણ સ્વાર્થને અંગે જ છે, તે આપણે છવીશમા શ્લોકમાં વિસ્તારથી જોઇશું.

૧ આ ઉપરથી તે મોહકારક થતાં નથી એમ કહેવાની મતલબ નથી. સારા પદાર્થને દેખવાથી સારી અને નબળાને દેખવાથી નબળી અસર તો હૃદય ઉપર થયા જ કરે છે. ૨ **ઉપદેશ માળા** ગાથા ૧૪૪ મી. ૩ જુઓ, યશોધર ચરિત્ર ભાષાંતર. પ્રકટકર્તા શ્રી જૈ. ધ. પ્ર. સભા.

તેથી નાશ પામતી વખત દુઃખ થાય છે તે પણ પ્રેમને ઉત્તેજન આપનાર નથી, પરંતુ તેથી પણ વૈરાગ્યભાવ જ આવે તેમ છે. આવી રીતે માબાપ, સ્ત્રી કે પુત્રપર મમત્વ રાખવો એ અજ્ઞાન છે, દુઃખનું કારણ છે અને તજવા યોગ્ય છે. એ સંબંધ કેવો છે, કેટલો છે અને કેટલા વખત સુધી ચાલે તેવો છે એપર વિચાર કરવાથી આત્મતત્ત્વનું સહજ ભાન થઇ જશે.

માતાપિતા ઉપર મોહ રાખવો નહિ એટલો અત્ર ઉપદેશ છે, પરંતુ તે ઉપરથી તેઓ તરફ ગમે તે પ્રકારનું વર્તન ચલાવવું એમ સમજવાનું નથી. શાસ્ત્રનો જ્યાંસુધી એકદેશીય અભ્યાસ થયો હોય ત્યાંસુધી ધર્મના વિશુદ્ધ ફરમાનોનું આવું મૂર્ખાઇ ભરેલું પરિણામ લાવવાનો અવિવેકી માણસોના સંબંધમાં બહુ ભય રહે છે. દરેક પ્રાણીએ પુત્રધર્મ, પતિધર્મ, માતૃધર્મ, પિતૃધર્મ, મિત્રધર્મ બરાબર જાળવવા એવો શાસ્ત્રકારનો ખાસ ઉપદેશ છે અને અનેક જગોએ તેપર ભાર મૂકી મૂકીને કહેવામાં આવ્યું છે. માત્ર સંસાર ઉપરથી વાસના ઉઠી જઇ લોકયજ્ઞ કરવાની વિશુદ્ધ વૃત્તિ હૃદયમાં જાગૃત થાય તે વખતે મોહજન્ય સંબંધથી અને પુત્ર ધર્માદિક ધર્મોના ખોટા અથવા અધુરા ખ્યાલથી અટકી જવાનો સંભવ ન રહે અને તેજ સંબંધીઓના મૃત્યુથી થતા વિયોગપ્રસંગે પ્રમાણ વગરનો અને પરિણામ વગરનો શોક ન થાય તે સારૂ જ આ ઉપદેશ છે. પિતૃધર્માદિનો જ્યારે વિશ્વપ્રાણી તરફના ધર્મ સાથે સંઘટ્ટ થાય ત્યારે પ્રથમ ધર્મનો કદાચ ભોગ આપવો પડે તો પણ સામાન્ય શિષ્ટાચાર પ્રમાણે અંત્યધર્મ આદરવો યુક્ત છે. મોહથી ફસી જવું નહિ અને પ્રતિબંધમાં પડી જવું નહિ એ શુદ્ધ આશય છે. આ વિષયને અંગે ચોથી એકત્વ ભાવના વિચારવા યોગ્ય છે. એ ભાવનાનો ઉદ્દેશ અને આ શ્લોકનો ઉદ્દેશ લગભગ એક સરખા છે. ૨૪

સમતાને ઓળખનારાની સંખ્યા.

जानन्ति कामान्निखिलाः ससंज्ञा,
अर्थं नराः केऽपि[1] च केऽपि धर्मम् ।

૧ केऽपि स्थाने कर्म इति पाठः क्वचिद्दृश्यते.

जैनं च केचिद् गुरुदेवशुद्धं,
केचित् शिवं केऽपि च केऽपि साम्यम् ॥ २५ ॥

"સર્વ સંજ્ઞાવાળા પ્રાણીઓ 'કામ'ને જાણે છે, તેમાંથી કેટ-
"લાક અર્થ (ધનપ્રાપ્તિ)ને જાણે છે, અને તેમાં પણ કેટલાકજ
"ધર્મને જાણે છે; તેમાંથી કેટલાકજ જૈનધર્મને જાણે છે અને
"તેમાંથી બહુ થોડા શુદ્ધ દેવગુરૂયુક્ત જૈનધર્મને જાણે છે; તેમાં
"પણ બહુ થોડા પ્રાણી મોક્ષને ઓળખે છે અને તેથી પણ બહુ
"થોડા પ્રાણીઓ સમતાને ઓળખે છે." ૨૫ ઇન્દ્રવજ્રા.

વિવેચન–સંસારી જીવો કર્મથી આવૃત હોવાને લીધે સમતાના સ્વરૂપને ઓળખતા નથી અને આદરતા નથી. આ સ્વરૂપ બતાવીને કર્ત્તા સિદ્ધ કરે છે કે સમતાને જાણનારા તથા આદરનારા બહુ ઓછા છે. પતિત થવાના રસ્તા હંમેશાં ઉઘાડા હોય છે. અનાદિ અભ્યાસથી આ જીવ એવા નીચે જનારા રસ્તા ઉપર તુરતજ ઢળી જાય છે. વિભાવ દશાને વશ પડેલા જીવો કર્મ રસ્તાને આધીન થઇ વિષય તરફ દોરવાઇ જાય છે, કારણ કે મૈથુન સંજ્ઞા આ જીવ સાથે અનાદિ સંબંધવાળી છે.

ધનવિજય ગણિ કહે છે કે કામ શબ્દવડે ઉપચારથી શબ્દ વિગેરે ઇંદ્રિયોના સર્વ વિષયો સમજવા. એકેંદ્રિયને પણ વિષય હોય છે. એ સંબંધમાં તેઓ શ્રીજીવાભિગમ સૂત્રનું વાકય ટાંકી બતાવે છે.

पंचिंदियो उ वउलो, नरोव्व सव्वविसयउवलंभा ।
तहवि न भन्नइ पंचिंदि, ओत्ति बझिंदिया भावा ॥

"બકુલ વૃક્ષ પાંચે ઇંદ્રિયના સર્વ વિષયો ગ્રહણ કરી શકે છે, માટે ભાવથી પંચેંદ્રિય છે; તો પણ બાહ્ય ઇંદ્રિયોનો અભાવ હોવાથી તેને પંચેંદ્રિય કહેવાય નહિ." લૌકિક શાસ્ત્રમાં પણ કહ્યું છે કે:-

पादाहतः प्रमदया विकसत्यशोकः,
शोकं जहाति बकुलो मधुसिंधुसिक्तः ।
आलिंगितः कुरुबकः कुरुते विकास-
मालोकितस्तिलक उत्कलिको विभाति ॥

"અશોક વૃક્ષને સ્ત્રી પગની લાત મારે ત્યારે તે વિકાસ પામે છે, બકુલ વૃક્ષપર સ્ત્રી જ્યારે દારુનો કોગળો નાખે છે ત્યારે તે શોક તજી દે છે, કુરૂબક વૃક્ષને સ્ત્રી આલિંગન કરે ત્યારે તે પણ વિકાસ પામે છે, અને તિલક વૃક્ષની સામું સ્ત્રી જુએ ત્યારે તેને કળિઓ આવે છે." આવી રીતે શબ્દાદિ વિષયનું ગ્રહણ કરવું સર્વ પ્રાણીઓને હોય છે, તેમાંથી કેટલુંક આર્ષ પ્રમાણથી અને કેટલુંક અનુભવથી સિદ્ધ છે.

ટીકાકારનો આ અર્થ સમીચીન જણાય છે. તિર્યંચમાં આપણે જોઈએ તો સર્પને ક્રોધ, હાથીને માન, શિયાળને માયા, ઉંદર વિગેરેને લોભ વિગેરે જુદી જુદી પ્રકૃતિઓ પ્રબળ દેખાય છે, પણ વિષયસુખની ઇચ્છા તો સર્વ પ્રાણીઓને સામાન્ય હોય છે. સંજ્ઞા દરેક પ્રાણીને કેટલી હોય છે તેનું સ્વરૂપ બતાવવા માટે શાસ્ત્રમાં બહુ ઉલ્લેખ થયેલો છે. સામાન્ય રીતે દરેક જીવને ચાર સંજ્ઞા બતાવી છે–આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ. આ સર્વ સંજ્ઞા અનાભોગથી કે આભોગથી સર્વ પ્રાણીઓને હોય છે. એ એકેન્દ્રિયને પણ હોય છે. તેના સમર્થનમાં બહુ દૃષ્ટાંતો આપ્યાં છે. તે ઉપરાંત સંજ્ઞા દશ અથવા સોળ પણ છે. વિસ્તારથી જાણવાની ઇચ્છાવાળાએ **લોક પ્રકાશ**[1] ગ્રંથ જોવો. એમાં **શ્રી ભગવતી સૂત્ર, સ્થાનાંગ** સૂત્ર વિગેરેના આધારથી બહુ સારી રીતે સંજ્ઞાનું સ્વરૂપ બતાવ્યું છે. ત્યાં સિદ્ધ કર્યું છે કે સર્વ પ્રાણીઓને આહારાદિ ચારે સંજ્ઞાઓ અવશ્ય હોય છે. પરિગ્રહ સંજ્ઞાને બદલે નિદ્રા સંજ્ઞા મૂકીને અન્ય ગ્રંથકારો પણ કહે છે કે आहारनिद्राभयमैथुनानि सामान्य-मेतत्पशुभिर्नराणाम्. એથી જણાય છે કે ઇંદ્રિયોના વિષયો સર્વ પ્રાણીઓ જાણે છે, એ બાબતમાં કોઇને શીખવવાની જરૂર પડતી નથી.

સર્વ સંજ્ઞી (જેને સંજ્ઞા હોય તે) પ્રાણીઓમાંથી મનુષ્ય ધનપ્રાપ્તિનો વિષય સારી રીતે જાણે છે. ધન બીજો પુરૂષાર્થ છે. એનું ક્ષેત્ર મનુષ્યલોકમાંજ છે. કેટલાક તિર્યંચ ધનપર ચોકી કરે

---

૧ દ્રવ્યલોક–ત્રીજો સર્ગ. શ્લોક ૪૪૨–૪૬૩

છે, પરંતુ પ્રાપ્તિનો વિષય તો મનુષ્યમાંજ છે. મનુષ્ય ધન ખાતર અનેક પ્રકારનાં અકાર્યો કરે છે, રાતદિવસ તે મેળવવા પ્રયાસ કરે છે, તેને માટે દેશ પરદેશ ફરે છે, નીચ (અધમ) ની નોકરી કરે છે, નાલાયક માણસોની ખુશામત કરે છે અને પૈસા ખાતર ગમે તેવો ભોગ આપે છે. આવી રીતે ધનપ્રાપ્તિ માટે આ જીવ અનેક પ્રકારના નાચ નાચે છે અને અનેક વેશ ભજવે છે. ભર્તૃહરિ તેટલા માટે યોગ્ય રીતે કહે છે કે–त्वमाशे मोघाशे किमपरमतो नर्तयसि माम्.[1] 'હે આશા! તારી ખાતર લુચ્ચાઓના ઉલ્લાપ મેં સહન કર્યા, આંસુ મનમાં શમાવી દઈ શૂન્ય મનથી પણ હાસ્ય કરાવ્યું, અંતઃકરણને મેં દાબી રાખ્યું અને નીચ માણસોને મેં નમન પણ કર્યું. હે નિષ્ફળ આશા! હજી વળી તું કેટલાક નાચ કરાવીશ!' ધનપ્રાપ્તિ માટે મનુષ્યો શું શું કરે છે તેનું વિશેષ વર્ણન દૃષ્ટાંત સહિત પાંચમા અધિકારમાં કહેવાશે. અત્ર પ્રસ્તુત એ છે કે મનુષ્ય ધનપ્રાપ્તિનો વિષય જાણે છે અને આ સંબંધમાં અપવાદ શોધવા બહુ મુશ્કેલ પડે તેમ છે.

ધનપ્રાપ્તિનો વિષય જાણનારા મનુષ્યોમાં પણ બહુ થોડા પ્રાણીઓ ધર્મને ઓળખે છે. ઘણા ખરા તો અખંડ પ્રવૃત્તિમાં અથવા પ્રમાદમાં જીવન પૂરું કરે છે. આયુષ્ય કરતાં બે વરસનું વધારે કામ હોય એવા બહુ પ્રાણીઓ હોય છે, જેઓ સંચાની માફક સવારથી તે મોડી રાત્રિ સુધી જરા પણ વિશ્રાંતિ લઇ શકતા નથી અને કેટલાકને બેસવા આડે ઉઠવાની પુરસદ મળતી નથી. ધનપ્રાપ્તિ, તેનું રક્ષણ, તેનો વિચાર, ભોજશોખ, નકામી વિકથા, ઇંદ્રિયોના ભોગો વિગેરેમાં રક્ત રહી ધર્મ એવો શબ્દ પણ જાણતા નથી. પાશ્ચિમાત્ય વિચારોએ આધ્યાત્મિક આર્ય પ્રજાપર પણ પોતાનો પ્રવૃત્તિનો સપાટો સજ્જડ ચલાવ્યો છે. આવા સમયમાં ધર્મને જાણનારા બહુ ઓછા હોય એ સ્વાભાવિક છે. આવા જીવોમાંથી પણ શુદ્ધ દેવગુરૂના સ્વરૂપને બતાવનારા એવા ધર્મને ઓળખનારા બહુજ થોડા હોય છે. ઘણા જીવો ધર્મને નામે હિંસાને પોષે છે, ધર્મના દેખાવ નીચે

[1] વૈરાગ્યશતક–શ્લોક છઠ્ઠો.

ઢોંગ કરે છે, ધર્મને નામે માયા કરે છે, ધર્મને ધનપ્રાપ્તિનું સાધન કરે છે. સંસારથી સર્વથા મુક્તિ અપાવનાર, શુદ્ધ આત્મદશાનું સ્વરૂપ બતાવનાર અને મનને અને શરીરને કષ્ટ કરનાર ઉપાધિઓથી છોડાવનાર **શ્રીજિનેશ્વરપ્રણીત શુદ્ધ ધર્મનું** સ્વરૂપ જાણનાર બહુ ઓછા પ્રાણીઓ હોય છે. વળી કેટલાક પ્રાણીઓને જૈનધર્મ પ્રાપ્ત થઇ જાય તો ત્યાં પણ તેની શુદ્ધ બાજુ પ્રાપ્ત થતી નથી. નિન્હવપણું, કુગુરૂ સેવા વિગેરે અશુદ્ધ બાજુનાં દૃષ્ટાંતો છે. વળી શુદ્ધ ધર્મપર શ્રદ્ધા રહેવી પણ બહુ મુશ્કેલ છે અને પાશ્ચાત્ય સંસ્કારને લીધે જડવાદ પ્રાધાન્ય માનનારા આ જમાનામાં તો શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત થવું અને તે જળવાઇ રહેવું બહુજ મુશ્કેલ પડે છે. ઘણા પ્રાણીઓ શુદ્ધ મોક્ષમાર્ગ ઓળખી શકતા નથી, તેનું સ્વરૂપ જાણી શકતા નથી, અને ત્યાં કેવું સુખ છે તે સમજી શકતા નથી. સ્ત્રી પુત્રાદિક વગર ને ખાવાપીવાના મોજશોખ વગર ત્યાં શો આનંદ આવતો હશે, એવા ઐહિક ખ્યાલમાં રહી અનાદિ સંસારમાં રખડ્યા કરે છે. મહાભાગ્યયોગે મોક્ષનું સ્વરૂપ જણાય તો પણ બહુ ઓછા પ્રાણીઓ સમતાનું સ્વરૂપ જાણે છે. **મોક્ષને પામવાનું સાધન સમતા છે. એ જ્ઞાનનું ક્રિયામાં વર્તન** છે, અને એ સ્વરૂપ જાણવામાં આવે ત્યારેજ વસ્તુતઃ સુખ શું છે તેનો ખ્યાલ આવે છે.

આ આખા શ્લોકની મતલબ એ છે કે સંસારના સંબંધનું સ્વરૂપ કહેવામાં આવ્યું, છતાં પણ લોકો સંસારને દુઃખની નજરથી જોતા નથી. સંસારી જીવ તો જાણે આંખો મીંચીને ચાલ્યોજ જાય છે, જરા પણ વિચાર કરતો નથી. સુખ કયાં છે તેનો વિચાર કરો. બધે ફરી આવો. રાજાના મહેલો જુઓ. દિવાનોની ઓફીસો જુઓ, ન્યાયાધીશોની કોર્ટો જુઓ, શેઠીઆઓના વૈભવ જુઓ, યુરોપિયનો કે પારસીઓનો સંસાર જુઓ કે કહેવાતા મોટા મોટા માણસોનાં ચરિત્રો જુઓ; તમને તુરત જણાશે કે સંસારમાં સુખ હોય તો માત્ર સમતામાં છે–સંતોષમાં છે–ચાલુ સ્થિતિને સ્વકર્મજન્ય માની તેને સમ્યગ્ ભાવે વેદવામાંજ છે અને અધ્યાત્મ રમણતામાંજ છે. બાકી બધા નકામાં ફાંફાં છે. આ પ્રમાણે સ્વરૂપ સમજનારા બહુ ઓછા છે, પરંતુ તે સમજવાની બહુ જરૂર છે. ૨૫.

સગા સંબંધીઓનો સ્નેહ સ્વાર્થી છે; તેથી પોતાના સ્વાર્થસાધનમાં રક્ત રહેવું એ સમતાનું ચોથું સાધન.

स्निह्यन्ति तावद्धि निजा निजेषु,
पश्यन्ति यावन्निजमर्थमेभ्यः ।
इमां भवेऽत्रापि समीक्ष्य रीतिं,
स्वार्थे न कः प्रेत्यहिते यतेत ॥ २६ ॥

"સગા સંબંધીઓ જ્યાં સુધી પોતાના સગાઓમાં કાંઈ પણ "પોતાનો સ્વાર્થ જુએ છે ત્યાં સુધી જ તેના પર સ્નેહ રાખે છે; "આ ભવમાં પણ આવા પ્રકારની રીત જોઈને પરભવમાં હિતકારી "પોતાના સ્વાર્થ માટે કોણ યત્ન ન કરે?" ૨૬ ઉપજાતિ.

વિવેચન–અવલોકન કરીને બારીકીથી જોનારને સમજવામાં આવ્યું હશે કે વૃદ્ધ પુરૂષ મરણ પામે ત્યારે તેના સગા સંબંધીઓ કહે છે કે 'ભાઈ! એ તો ભાગ્યશાળી થઈ ગયા.' આ નાની હકીકતમાંથી બહુ શિક્ષા લેવા જેવી છે. આવા ઉદ્‌ગાર નીકળવાનું કારણ શું હશે? વૃદ્ધ પુરૂષમાં કોઈ પણ પ્રકારનો સ્વાર્થ રહ્યો હોતો નથી. તેઓ કાંઈ રળીને આપતા નથી, ઉલટા કેટલીક રીતે પુત્રને વારસો મેળવવામાં ને તેનો યથેચ્છ ઉપયોગ કરવામાં તે પ્રતિબંધ કરે છે. સ્ત્રીને, પુત્રને કે સગાઓને વૃદ્ધ પુરૂષોથી કોઈ પણ પ્રકારનો લાભ થવાનો સંભવ હોતો નથી. આ કારણને લીધે વૃદ્ધનું મરણ શુભ ગણવામાં આવે છે. વૃદ્ધના મરણ વખતે રડવામાં આવતું નથી અથવા ઓછું રડવામાં આવે છે તે કાંઇ સંસાર તરફ વૈરાગ્ય બતાવનારૂં નથી, પરંતુ સ્વાર્થનો અંશ વિશેષપણે બતાવનારૂં છે. મરણમાં અને તે પ્રસંગે શોક કરવામાં પણ સ્વાર્થનો ભાગ છે એ હકીકત વિચિત્ર લાગે છે, કારણ કે બાહ્ય દૃષ્ટિવાનને તો શોકમાં પ્રેમનો ભાગ નજરે આવે છે; પરંતુ વસ્તુતઃ વિચિત્ર લાગે છે તેજ ખરૂં છે. મરકી થયેલા પ્રાણીને સગાઓ પણ તજી દેછે. સારા સારા દાખલાઓમાં જોયું છે કે સગાસ્નેહી અને પુત્ર કે સ્ત્રી પણ ગ્રંથીક સંનિપાતથી વ્યાધિગ્રસ્ત થયેલાની સાર-

વાર કરતાં નથી. મરકીનો વ્યાધિ લગભગ અસાધ્ય ગણાય છે અને તેના સપાટામાં આવનાર પ્રાણીને સારૂં થવું બહુ મુશ્કેલ છે. થોડા વખતના અનુભવથી લોકો ખોટું સમજી ગયા છે કે મરકીના દરદીઓની સારવાર કરનારને પણ મરકી લાગે છે (આ માન્યતા જુઠી છે એમ પ્લેગ કમીશનનો રિપોર્ટ જણાવે છે; ફક્ત સારવાર કરનારે અલ્પ ખોરાક, અન્ય સ્થાને શયન, હસ્તમુખ પ્રક્ષાલન વિગેરે નિયમો બહુ ધ્યાનમાં રાખવાની જરૂર છે.) અને મરકીના સપાટામાં આવનાર બહુ ઓછા બચે છે. આથી મરકી થનારમાં જરા સ્વાર્થ હોય તે પણ સ્વજીવનલોભના સ્વાર્થ પાસે તુચ્છ થઇ જાય છે. પ્રેમીનો પ્રેમ સ્વાર્થપરાયણજ છે, એ મરકીએ બહુ સારી રીતે બતાવી આપ્યું છે. તે ઉપરાંત સામાન્ય વ્યવહારમાં પણ આપણે જોઇએ છીએ કે યૌવન ગયા પછી સ્ત્રીનું પુરૂષપર કે પુરૂષનું સ્ત્રીપર પૂર્વવત્ હેત રહેતું નથી, પૈસા ગયા પછી પુત્રનું હેત રહેતું નથી અને દુઃખમાં મિત્રનું હેત રહેતું નથી. આ સર્વ દૃષ્ટાંતો નવાણું ટકા ખરાં છે. **મતલબ એ છે કે દુનિયાનો મોટો ભાગ સ્વાર્થપરાયણ છે. પ્રેમમાં પણ સ્વાર્થ છે અને રૂદનમાં પણ સ્વાર્થ છે.**

મરણનો શોક કેટલે અંશે સ્વાર્થપ્રેરિત છે અને મરણથી કેટલું ડરવું તથા તત્પ્રસંગે શું કરવું એ બાબત અત્ર પ્રસ્તુત નથી. તે સંબંધી વિશેષ ઉલ્લેખ પાંચમા દેહમમત્વમોચન અધિકારમાં છે અને વિશેષ રૂચિવંતે શ્રી જૈનધર્મ પ્રકાશમાં[1] પ્રસિદ્ધ થયેલો "જીવન સંધ્યા"નો વિષય વાંચવો. અત્ર તેપરથી સારાંશ એટલોજ ગ્રહણ કરવાનો છે કે દુનિયાનાં સર્વ કાર્યો, પછી તે પ્રેમનાં હોય કે શોકનાં હોય તે સર્વે–સ્વાર્થથી ઉદ્‌ભવે છે.

આ પ્રમાણે છે ત્યારે તારે પણ દુનિયાના પ્રવાહને છોડવો નહિ. કારણ કે તું પણ દુનિયાનો પ્રાણી છે. ફક્ત તારે દિશા ફેરવી નાખવી. જ્યારે આખી દુનિયા પોતાના સ્વાર્થમાં મચી છે ત્યારે તું પણ તારો સ્વાર્થ સાધી લે, પણ તારો સ્વાર્થ શો છે? ક્યાં છે? તે ઓળખીને પછી. તારો ખરો સ્વાર્થ પરભવમાં તને

[1] જુઓ પુસ્તક ૨૨ મું, પૃષ્ઠ ૪૭.

આનંદ થાય અને તારૂં આત્મહિત થાય તેમાં જ છે. કારણ કે સ્વાર્થ શબ્દનો અર્થ જ તે છે. આ દૃષ્ટિથી તારો સ્વાર્થ સાધવામાં તું ઉદ્યુક્ત થજે. પરભવનો સ્વાર્થ કેવી રીતે સાધી શકાય તે જાણવા માટે તું પ્રયાસ કર. સામાન્ય રીતે તાત્કાળિક લાભ લેવાની ઇચ્છા છોડી દઈ પરિણામે હિત કેવી રીતે થાય તે તું જો. પારમાર્થિક રહસ્ય બતાવનારા અનેક ગ્રંથોમાંથી કોઈ પણ ગ્રંથ તું વાંચીશ વિચારીશ કે તરત જ તને સ્વાર્થનું ભાન થશે. મનોનિગ્રહ, સંસારપર ઉદાસીનતા, ગૃદ્ધતાનો નાશ, સત્ય વ્યવહાર, દાન, દયા, ક્ષમા વિગેરેમાં તું તારો વ્યવહાર જોડી દેજે એટલે તને સ્વાર્થ સાધ્ય થશે.

પરદ્રવ્યનો સંબંધ વિચારીને પછી સ્વાર્થસાધનમાં તત્પર રહેવું એ સમતા પ્રાપ્ત કરવાનો ચોથો ઉપાય છે. આ ચોથો ઉપાય જરા વિચાર કરવાથી બહુ સારી રીતે પ્રાપ્ત થાય છે, કારણ કે એમાં વર્તનની દિશાજ ફેરવવાની રહે છે. આ સાધન તરફ આસ ધ્યાન આપવાની જરૂર છે. ૨૬.

પૌદ્ગલિક પદાર્થોની અસ્થિરતા-સ્વપ્નદર્શન.

स्वप्नेंद्रजालादिषु यद्वदाप्तैरोषश्च तोषश्च मुधा पदार्थैः ।
तथा भवेऽस्मिन् विषयैः समस्तैरेवं विभाव्यात्मलयेऽवधेहि ॥२७॥

"જેવી રીતે સ્વપ્ન અથવા ઇંદ્રજાળ વિગેરેમાં પ્રાપ્ત થયેલા "પદાર્થોપર રોષ કરવો કે તોષ કરવો તે તદ્દન નકામો છે તેવી રીતે "આ ભવમાં પ્રાપ્ત થયેલા પદાર્થો ઉપર પણ (રોષ કરવો કે તોષ "કરવો તે નકામો છે): આવી રીતે વિચાર કરીને આત્મ સમા- "ધિમાં તત્પર થા." ૨૭. ઉપનતિ.

ભાવાર્થ-સ્વાર્થ સાધવાનું ચોથુ સાધન અત્ર વિશેષ પુષ્ટ કરે છે. 'કુસુમપુર નગરમાં એક ભિક્ષુક રહેતો હતો. આખો દિવસ રખડી રઝળીને ભિક્ષાનું અન્ન જરા જરા લઇ આવ્યો, ગામ બહાર એક ઝાડ તળે બેસી અન્ન ખાધું અને પાણી પીધું. મંદ પવનની લહરીમાં તે ઉંઘી ગયો. સ્વપ્નમાં જોયું કે રાજ્ય મળ્યું, ભોગ મળ્યા,

સ્ત્રીઓ મળી, બે બાજુ ચામરો વિંજાય છે અને ભાટલોકો બિરૂદાવલિ બોલે છે. કવિ, સૈન્ય, પ્રધાનમંડળ વિગેરેથી પરિવૃત થઇ નગરમાં પોતે ફરવા નીકળે છે, અને કચેરી વખતે અનેક સામંત વર્ગ તથા રાજાઓ તેને માન આપે છે. આવી સ્થિતિમાં મનમાં મોજ માને છે ત્યાં સ્વપ્ન પૂર્ણ થયું, આંખ ઉઘડી ગઈ, જુએ છે તો ન મળે રાજ્ય કે ન મળે પ્રધાનમંડળ; ન મળે કવિઓ કે ન મળે સેનાનીઓ; ન મળે સામંતચક્ર કે ન મળે ભવ્ય સિંહાસન. એક બાજુ ફાટીતુટી ગોદડી અને બીજી બાજુ અવશિષ્ટ ભિક્ષાન્નથી ખરડાયલું ઠીકરૂં પડયું છે.' સંસારનું સુખ આવા પ્રકારનું છે. પ્રથમ તો એમાં સુખ જ નથી. કદાચ તેને સુખ કહીએ તો પણ તે કેટલું છે? કેવું છે? સ્વપ્નમાં મળેલાં સુખને સુખ કહેવું એજ પ્રથમ તો ભૂલ છે. વળી તે બહુ અલ્પકાળસ્થાયી છે, પાછી અસલ સ્થિતિ પ્રાપ્ત કરાવનાર છે અને માનસિક ખેદ વધારનાર છે; ત્યારે એ સુખમાં આસક્તિ રાખવી તદ્દન નિરૂપયોગી છે એટલુંજ નહિ પણ હાનિકારક છે. ભિખારીનાં સુખમાં જેમ કાંઇ દમ જેવું નથી તેમ આ સંસારના માની લીધેલાં સુખમાં પણ વસ્તુતઃ કાંઇ જ નથી. આવી જ રીતે આપણને પસંદ ન આવે તેવો કોઈ પદાર્થ પ્રાપ્ત થાય તો તેથી રોષ કરવો પણ નકામો છે, કારણ કે વસ્તુ પોતે કોઇ પણ રીતે આપણું હિત અહિત કરી શકતી નથી. એના સંબંધમાં આવનાર મનને કેવા પ્રકારનું વલણ આપવું એ સુજ્ઞના વિચારનું ક્ષેત્ર છે, પરંતુ ઇષ્ટ કે અનિષ્ટ વસ્તુપર હર્ષ કે રોષ કરવો એ વસ્તુસ્વરૂપનું અજ્ઞાન સૂચવે છે. દેવતાઓ અને તેવી શક્તિ પ્રાપ્ત કરેલ મનુષ્યો કોઇ કોઇ નિમિત્તને લઇને ઇંદ્રજાળ બતાવે છે. અંબડ પરિવ્રાજકનું[1] દૃષ્ટાંત આપણે સારી રીતે જાણીએ છીએ. વસ્તુતઃ આમાં સત્ય કાંઇ નથી. 'ચાર દહાડાનું ચાંદરડું ને ઘોર અંધારી રાત.' સ્વપ્ન અથવા ઇંદ્રજાળમાં દેખાતા પદાર્થોની પ્રાપ્તિ અથવા નાશથી હર્ષ કે શોક કરવો તે મિથ્યા છે, તેવીજ રીતે સાંસારિક સર્વ પદાર્થો માટે સમજવું.

આ હકીકત જરા સ્પષ્ટ રીતે જોઇએ. આપણને અનુકૂળ કોઇ પદાર્થ પ્રાપ્ત થાય ત્યારે તેનાપર પ્રીતિ થાય છે અને રાગથી

---

૧ જુઓ સુલસા ચરિત્ર.

જે સુખ થાય છે તે માની લીધેલુંજ છે. એમાં સુખ શું? વળી એ સુખ છે પણ બહુ થોડા વખત સુધી ચાલે તેવું. છેવટે અસલની સ્થિતિ તો પાછી જરૂર પ્રાપ્ત થવાની છે. પૌદ્ગલિક વસ્તુઓનો એવો ધર્મ છે કે જ્યાં સુધી એક વસ્તુ પ્રાપ્ત થઇ ન હોય ત્યાં સુધી તેનાપર બહુ પ્રેમ રહે છે પણ પ્રાપ્ત થયા પછી થોડા વખતમાં તેનાપરથી મન ઉતરતું જાય છે. નાની વયમાં ઘડિયાળ પ્રાપ્ત કરવાની અથવા મેળામાં ગયા પછી નવીન રમકડાં પ્રાપ્ત કરવાની જે હોંસ બાળકમાં જોવામાં આવે છે તેવી હોંસ તે મળ્યા પછી બે ચાર દિવસે રહેતી નથી. આવી રીતે બીજી સર્વ વસ્તુઓ માટે સમજી લેવું. તેમાં આનંદ છેજ નહિ, માન્યો છે તે પણ અલ્પ છે, અલ્પકાળ સુધી ચાલે તેવો છે અને પરિણામે અધઃપાત કરાવનારો છે. આ પ્રમાણે વસ્તુસ્થિતિ છે. સંસારના સર્વ પદાર્થ અને સંબંધનું સ્વપ્નમાં પ્રાપ્ત થયેલ વસ્તુ સાથે અથવા ઇંદ્રજાળ સાથે સંમેલન બહુ મનન કરવા યોગ્ય છે, ચમત્કારી છે અને વિચાર કરવાથી સર્વ બાબતમાં લાગુ પડતી રીતે ઘટી શકે તેવું છે. વસ્તુધર્મ આવા પ્રકારનો છે, એટલે સાંસારિક કોઈ પણ પદાર્થમાં સુખ માનવું અથવા ઇંદ્રિયના કોઈ પણ વિષયમાં સ્થિરતા માનવી એ અયોગ્ય છે, ખોટું છે, આડે રસ્તે દોરનારૂં છે. ત્યારે સવાલ પ્રાપ્ત થાય છે કે કરવું શું? જ્યારે પૌદ્ગલિક વિષયોમાં આનંદ નથી, ત્યારે આનંદ છે ક્યાં? આ જીવના પોતાના સહજ ધર્મો હોય તે પ્રાપ્ત કરીને તેમાં જો લીનતા કરવામાં આવે તો પરમસુખ પ્રાપ્ત થાય અને નકામી અસ્થિરતા મટી જાય. માટે બીજી નકામી વાતો બાજુએ મૂકી સ્વગુણ પ્રકટ કરવા માટે આત્મલય કરવો એજ કર્તવ્ય છે. આત્મલય કરવા માટે યમ અને નિયમ પ્રબળ સાધન છે. જ્યારે મન અમુક નિયમોથી નિયંત્રિત થઈ કબજામાં આવે છે ત્યારે આત્મસ્થિરતા બહુ અંશે પ્રાપ્ત થતી જાય છે અને અભ્યાસથી તે વધારે અંશમાં રમણતા કરાવે છે. સગાસ્નેહીઓના અસ્થિર સંબંધ અને પૌદ્ગલિક વસ્તુપર ખોટો પ્રેમ દૂર કરી આપણું પોતાનું શું છે તેની વિચારણામાં અને તેવું જ્ઞાન પ્રાપ્ત થયા પછી તેની વિશેષ બીલવણી કરવાના કાર્યમાં મગ્ન રહેવું એ

સમતા પ્રાપ્ત કરવાનું ચોથું સાધન છે અને પંડિત પુરૂષો તેને 'આત્મલય'નું સાર્થ નામ આપે છે. ૨૭.

મરણપર વિચાર. મમત્વનું વાસ્તવ સ્વરૂપ.

एष मे जनयिता जननीयं,
बंधवः पुनरिमे स्वजनाश्च ।
द्रव्यमेतदिति जातममत्वो,
नैव पश्यसि कृतांतवशत्वम् ॥ २८ ॥

"આ મારા પિતા છે, આ મારી માતા છે, આ મારા ભાઇઓ "છે, વળી આ મારા સગા સ્નેહીઓ છે, આ મારૂં ધન છે–એ "પ્રમાણે તને મમત્વ થયો છે અને તેથી તારૂં યમને વશપણું છે, "તે તો તું જોતો જ નથી." ૨૮. સ્વાગતા.

ભાવાર્થ–આ સંસારના સર્વ સંબંધ સ્વપ્ન જેવા છે, તેનું દૃષ્ટાંત બતાવવા અત્ર ઉલ્લેખ કરે છે. આ જીવને સ્ત્રી, કુટુંબ, પુત્ર, સગાંઓ અને ધનપર એવી સજ્જડ મમતા ચોંટેલી હોય છે કે તે આ જીવને બહુ દુઃખ આપે છે અને છતાં પણ આ સંસારમાં દુઃખ આપનાર મમતા છે એમ આ જીવ જાણતો નથી પણ તેમાં જ સુખ માની બેઠો છે. આવાં કારણોથી જ શાસ્ત્રકારો મમતાને મદિરા (દારૂ) સાથે સરખાવે છે. દારૂ પીનારને સદસદ્વિવેક રહેતો નથી, અસંબદ્ધ બોલાઇ જાય છે. વસ્તુતત્ત્વની ઓળખાણ રહેતી નથી. તેવી જ સ્થિતિ મમતાને વશ પડનાર પ્રાણીની પણ થાય છે. મમત્વને વશ પડેલા દુનિયામાં મોટા ભાગે બધા જીવો છે અને તેઓનું વર્તન જોઈએ તો જણાશે કે તેઓ કૃત્યાકૃત્ય ચૂકી જાય છે, ન કરવા યોગ્ય કાર્યો કરે છે, અસ્થિર પદાર્થોપર પ્રેમ રાખે છે અને સ્થિર પદાર્થોને તજી દે છે. મોહમાં મગ્ન થયેલા પ્રાણીઓ કેવા કેવા ચાળા કરે છે તે જોવા જેવું છે, તેને માટે આખી દુનિયા ખુલ્લી છે. શાસ્ત્રકાર એ હકીકત તરફ કેવી દૃષ્ટિથી જુએ છે તેનો સહજ ખ્યાલ આ ગ્રંથના બીજાથી પાંચમા સુધીના અધિકારમાં આપવામાં આવ્યો છે. આ જીવ મારા તારાની મમતામાં એટલો

મુંઝાઇ જાય છે કે પોતાને માથે યમનો મોટો ભય છે તે પણ તેની નજરમાં રહેતું નથી. તેનું સર્વ વર્તન–વ્યવહાર–એવા પ્રકારપર રચાય છે કે જાણે એને કોઈ દિવસ મરવું જ નથી. આ દુનિયામાં મરવું એ ચોક્કસ વાત છે માટે તે સંબંધમાં વિચાર કરવો એ પણ ઉચિત વાત છે, એટલું જ નહિ પણ બહુ જરૂરની વાત છે. મરણના સંબંધમાં અત્ર પ્રસ્તુત એટલું જ છે કે મરણ ઇચ્છવું નહિ. બરાબ સ્થિતિમાંથી બચી જવા–છૂટી જવા–મૃત્યુ માગવું નહિ, કારણ કર્મ ભોગવ્યા સિવાય છુટકો નથી અને બધા જીવો માટે કાંઈ પરલોકમાં પલંગ ઢાળી રાખ્યા નથી; તેમ જ મરણથી ડરવું નહિ–મરકીનો વ્યાધિ ગામમાં ચાલતો હોય અથવા પુત્ર નાનો હોય, સ્ત્રી હયાત ન હોય અથવા સ્થિતિ સાધારણ હોય કે બીજા કોઈ પણ કારણથી મરણથી જરાપણ બ્હીવું નહિ, પરંતુ મરણ માટે હંમેશા તૈયાર રહેવું–એથી આખી જીંદગીમાં આરાધના બહુ થશે અને મૃત્યુ દૃષ્ટિ સમીપ રહેશે તો ફરજને અંગે કરવા પડતાં સાંસારિક કાર્યોમાં પણ એક જાતની મૃદુતા આવી જશે, જેથી ભવાંતરમાં ઉત્ક્રાન્તિના નિયમ પ્રમાણે આ જીવનો કર્મક્ષયના સંબંધમાં વધારો થતાં થતાં કર્મનો આત્યંતિક નાશ થવાનો સંભવ પ્રાપ્ત થશે અને છેવટે નાશ થશે.[૧] આ સર્વ સ્થિતિ પ્રાપ્ત કરવાને બદલે આ જીવ તો મમત્વને વશ થઇ એવું વિચિત્ર પ્રકારનું વર્તન કરે છે કે બહારથી જોનારને ખરેખર હસવું આવે.

અત્ર સર્વ સંબંધની અસ્થિરતા બતાવવા આટલો ઉલ્લેખ થયો. મરણ સંબંધમાં વિશેષ વિચાર કરીએ તો જણાય છે કે તે મનુષ્યને માથે ન હોત તો તેનાં દરેક કાર્યમાં બહુ કઠોરતા પ્રાપ્ત થયેલી હોત. મરણ માથે છે એવું જાણે છે તોપણ અનેક વખત માન વિગેરેમાં તણાઈ જઇ આ જીવ કષાયવશ થઈ જાય છે, તો જો મરણ ન હોત તો પછી તે ભોંય ઉપર પગ પણ દેત નહિ. આથી મરણ વખતે કાંઈ, કોઈ સાથે આવતું નથી એ વિચાર નિરંતર દૃષ્ટિ સમીપ રાખવો યુક્ત છે. આમાં પણ દીનપણું બતાવવું નહિ,

૧ આ સર્વ મુદ્દાઓ સહજ વિસ્તારથી જોવાની ઇચ્છા હોય તેમણે જીવન સંખ્યાનો લેખ જોવો. જુઓ નોટ ૧ શ્લોક ૨૬.

પરંતુ દૃઢતા સાથે એકત્વભાવ બળવત્તરપણે ધારણ કરવો. શાસ્ત્રકાર તે ભાવ આગળ કરતાં અનેક રીતે ઉપદેશ કરે છે. એક પ્રસંગે તેઓ કહે છે કે–

चेतोहरा युवतयः स्वजनोनुकूलः सद्बांधवाः प्रणयगर्भगिरश्च भृत्याः ।
वल्गंतिदन्तिनिवहास्तरलास्तुरंगाः संमीलने नयनयोर्नहि किंचिदस्ति ॥

'ચિત્ત હરણ કરે તેવી સુંદર યુવતીઓ, અનુકૂળ સગા સંબંધીઓ, આબરૂદાર ભાઇઓ, સભ્યતા પૂર્વક ઉચ્ચાર કરનારા નોકરો, હાથીઓના સમૂહ અને ચપળ ઘોડાઓ આ સર્વ હોય પણ આંખ મીંચાણી એટલે એમાંનું કાંઈ નથી.' વ્યવહારમાં પણ સાંભળીએ છીએ કે

જેની ફુંકે પર્વત ફાટે, આભ ઉંડલમાં ભરતા;
જેને ચાલે ધરણી ધ્રુજે, તે નર દીઠા મરતા.

આવી સ્થિતિ છે, માટે મરણને દરરોજ દૃષ્ટિસમીપ રાખી તેને માટે ગમે તે વખતે તૈયાર રહેવું. બાકી તો મોટા મોટા ચક્રવર્તીઓ પણ છખંડ પૃથ્વી અને હજારો સ્ત્રીઓ તથા પારવગરની ઋદ્ધિ અત્ર મૂકીનેજ ગયા છે, તેમની સાથે કોઈ ગયું નથી, કાંઈ ગયું નથી. એ વાત નવી જાણવાની રહી નથી. વળી માબાપ સ્ત્રી પુત્ર વિગેરેનો પ્રેમ પણ જ્યાં સુધી તેઓ સાથે સ્વાર્થનો સંઘટ્ટ ન થાય ત્યાં સુધીજ બહુ લાગે છે. લાગે છે એમ કહેવાનું તાત્પર્ય એજ છે કે **વસ્તુતઃ તે છેજ નહિ.** એક શેઠના છોકરાને પોતાના કુટુંબપર બહુ પ્રેમ હતો, તેની પરીક્ષા બતાવવા સારૂ તેના મિત્રે તેને કૃત્રિમ માંદવાડ હોવાનો દેખાવ કરવાનું શીખવ્યું, અને પેટની અસહ્ય (કૃત્રિમ) વેદનાથી શેઠપુત્ર જ્યારે અસાધ્ય લાગતા વ્યાધિના કાંઠાપર પડયો ત્યારે ધન્વંતરી વૈદ્યનું રૂપ લઈ મિત્રે માથા પરથી પાણી ઉતારી તેમાં સર્વ રોગ સમાયો છે અને તે પીનારને તે રોગ આવશે પણ પુત્ર સાજો થશે, એવું સ્વરૂપ બતાવ્યું ત્યારે તેની નવયૌવના સ્ત્રી, અતુલ પ્રેમવાળી માતા, કરોડોનો વારસો આપનાર પિતા, અબજોનો વારસો મેળવનાર પુત્ર અને બીજા આશ્રિતો સર્વ બસી ગયા અને કોઇએ તે પાણી

પીધું નહિ. કોઈ પાણી પીવે એમ માનવું એજ ખોટું છે, કારણ કે પ્રેમબંધન સ્વાર્થની દોરીપરજ બંધાયલું છે. સ્વાર્થનો દોરો તુટે કે કોઈ જાતનો સંબંધ રહેતો નથી અને 'કાઢો કાઢો' એજ ઉચ્ચાર થાય છે. સંબંધનું આવું સ્વરૂપ જાણવા છતાં પણ પ્રાણીઓ કર્તવ્ય વિમુખ થઈ શામાટે સંસારબંધનમાં ફસાતા હશે એનો ખુલાસો જ્ઞાની મહારાજ આપે છે. એમાં અનાદિ મિથ્યાત્વ–વસ્તુ સ્વરૂપની અજ્ઞતા-સિવાય બીજું કાંઇ પણ કારણ નથી. આથી સ્વપ્ન કે ઇંદ્રજાળ જેવા સંસારસંબંધમાં મુંઝાઈ ન જતાં આત્મતત્ત્વ કયાં છે તે સમજવું અને સમતા આદરવી એજ મુખ્ય ફરજ છે એ સિદ્ધ થાય છે. ૨૮.

વિષયપર મોહ-તેનું ખરૂં સ્વરૂપ-સમતા આદરવાનો ઉપદેશ.

નો ધનૈઃ પરિજનૈઃ સ્વજનૈર્વા, દેવતૈઃ[1] પરિચિતૈરપિ મંત્રૈઃ।
રક્ષ્યતેઽત્ર ખલુ કોઽપિ કૃતાંતાન્નો વિભાવયસિ મૂઢ કિમેવમ્ ॥૨૯॥
તૈર્ભવેઽપિ યદહો સુખમિચ્છંસ્તસ્ય સાધનતયા પ્રતિભાતૈઃ।
મુહ્યસિ પ્રતિકલં વિષયેષુ, પ્રીતિમેષિ ન તુ સામ્યસતત્ત્વે ॥ ૩૦ ॥

અર્થતો યુગ્મમ્।

"ધન, સગાવહાલાઓ, નોકરચાકરો, દેવતાઓ અથવા પરિ-
"ચિત મંત્રો, કોઈ પણ યમ (મરણ)થી અહીં રક્ષણ કરતું નથી.
"હે અલ્પજ્ઞ પ્રાણી! તું આ પ્રમાણે વિચાર કેમ નથી કરતો?
"સુખ મેળવવાનાં સાધન તરીકે દેખાતા તેઓ (ધન, સગા, નોકર
"વિગેરે) વડે સંસારમાં સુખ મેળવવા ઇચ્છતા હે ભાઈ! તું પ્રત્યેક
"ક્ષણે વિષયોમાં મુંઝાઈ જાય છે, પણ સમતારૂપ ખરા રહસ્યમાં
"પ્રીતિ પામતો નથી." ૨૯–૩૦ સ્વાગતાવૃત્ત.

ભાવાર્થ–આપણે ઉપર જોઇ ગયા કે આ પ્રાણી મમત્વને વશ થઈ મરણભય ભૂલી જાય છે. આ હકીકત વધારે દૃઢ કરવાના હેતુથી કર્ત્તા કહે છે કે તારી પાસે ગમે તેટલા પૈસા હોય તોપણ તેનાથી તારો મરણભય જવાનો નથી. પૈસા દુનિયાની અનેક વસ્તુઓ ખરીદ કરે છે, પણ યમદેવ તેનાથી ખરીદી શકાતો નથી.

૧ દૈવતૈરિતિ વા પાઠઃ

તારા ગમે તેવા સગા કે નોકરો હશે, તે પણ તને મોતથી બચા-વશે નહિ. શેઠના પુત્રને[1] બચાવી શકાય તેમ હતું તોપણ તેઓએ બચાવ્યો નહિ તો પછી મૃત્યુથી બચાવ કરવાની તેઓમાં શક્તિજ નથી ત્યારે તો વિચાર કરવાનો અવકાશ પણ કયાં રહે છે? એટ-લું જ નહિ પણ કદિ દેવતાઓ તારે આધીન હશે તો તે પણ તારું રક્ષણ કરવા અસમર્થ છે, કારણ તેઓ પોતે જ મરણને વશ છે, અને તારે આધીન ગમે તેટલી મંત્રશક્તિઓ હોય તોપણ એક મિનિટ આઘી પાછી થવાની નથી. અનંતવીર્યવાળા શ્રી **મન્મહા-વીર પરમાત્મા**, પાછળ મહા ઉપકાર થાય તેમ હતું તોપણ, મૃત્યુનો દોર એક ક્ષણ પણ અટકાવી શકયા નથી અને કોઇ પણ પ્રકારનો ભેદ રાખ્યા વગર સ્પષ્ટ રીતે કહી ગયા છે કે એ કાર્ય કરવાને (મૃત્યુનો નિર્ધાર કરેલો સમય ફેરવવાને) કોઇ પણ સમર્થ નથી. આવી વસ્તુસ્થિતિ છે તેને જાણીને પણ તું તેજ ધન સગા વિગે-રેને સુખનાં સાધન માનીશ? આ સંસારમાં સુખ છેજ નહિ; તેમાંથી સુખ મેળવવાની ઇચ્છા રહે છે એ તારી પ્રથમ ભૂલ થાય છે. બીજી ભૂલ પહેલી ભૂલના પરિણામે થાય છે, અને તે એ છે કે ધન, સગાં, સ્વજન વિગેરે સુખનાં સાધન માન-વામાં આવે છે; આ બન્ને ભૂલને પરિણામે વિષયોપર પ્રેમ થાય છે અને ઇંદ્રિયના વિષયોપર પ્રેમ થયો એટલે લક્ષચોરાશીમાં ફેરા મારવાનું શરૂ થાય છે. માટે હે બંધુ! તું વસ્તુસ્વરૂપ સમજ અને આ તારી શુદ્ધ દશા નથી એ ધ્યાનપર લાવ. આ વિષયો-પર પ્રીતિ લાવે છે, પરંતુ અગાઉ જણાવ્યું તેમ તેઓ તો ઇંદ્રજાળ જેવા અસ્થિર છે. તેનાપર પ્રેમ બાંધીને સંસારભ્રમણ કરવું એ તારા સરખા સમજુને યુક્ત નથી. શામાટે સમતામાં પ્રીતિ રાખતો નથી. સર્વ વસ્તુઓનું નવનીત સમતા છે, એને આદરનારા અનેક જીવો સર્વ દુઃખથી વિરામ પામી ગયા છે. એના સંબંધમાં આવ્યા પછી તારી સ્થિતિ જરૂર ફરી જશે. માટે બીજી નકામી બાબતોનો ત્યાગ કરી તારાં સ્વાર્થસાધનમાં તત્પર થા. સ્વાર્થ-સાધનનું પ્રથમ અંગ સર્વ જીવપર-સર્વ વસ્તુઓપર સમભાવ

૧ જુઓ ૨૮ મા શ્લોકપર વિવેચન.

રાખવો, કષાયનો ત્યાગ કરવો, વિષયથી વિરમવું અને આત્મપરિણતિ જાગૃત કરવી–ટુંકામાં કહીએ તો સમતા પ્રાપ્ત કરવી એજ છે. ૨૯–૩૦.

કષાયનું બૂરું સ્વરૂપ-તેના ત્યાગનો ઉપદેશ.

किं कषायकलुषं कुरुषे स्वं,
केषु चिन्ननु मनोऽरिधियात्मन् ।
तेपि ते हि जनकादिकरूपै-
रिष्टतां दधुरनंतभवेषु ॥ ३१ ॥

"હે આત્મન્! કેટલાક પ્રાણીઓ ઉપર શત્રુબુદ્ધિ રાખીને તું "તારાં મનને શા સારૂ કષાયથી મલીન કરે છે? (કારણ કે) તેઓ "માતપિતા વિગેરે રૂપોમાં તારી પ્રીતિ અનંતા ભવોમાં પામ્યા છે."૩૧.

સ્વાગતા.

ભાવ–કોઈના ઉપર ક્રોધ કરવો તે બહુ મુશ્કેલ છે. તે કરતી વખતે મુખને લાલચોળ કરવું પડે છે અને મનનો કબજો મૂકી દેવો પડે છે. ક્રોધ કરવો એ આત્મિક શુદ્ધ દશા નથી એ આટલા ઉપરથી જ જણાય છે, કારણ કે એમાં સ્વાભાવિકતા બહુ ઓછી છે. ત્યારે આવી કૃત્રિમ દશા ધારણ કરવામાં લાભ શું છે? એવી દશા શા માટે ધારણ કરવી? સામીબાન્ધુએ ક્ષમા ધારણ કરવામાં કોઇ પણ પ્રકારની મહેનત કરવી પડતી નથી, કોઇ જાતની તૈયારી કરવી પડતી નથી અને કાંઈ વિચાર પણ કરવો પડતો નથી. તે આત્મિક શુદ્ધ દશા હોવાથી તેનાપર વિચાર કરનારને તે સહજ પ્રાપ્તવ્ય છે અથવા અપેક્ષા બરાબર ધ્યાનમાં રાખીને બોલીએ તો તે પ્રાપ્ત જ છે. આ આખું અપેક્ષા વચન બતાવે છે કે **સંસારમાર્ગ સરલ નથી, પણ મોક્ષમાર્ગ સરલ છે.** આવો વાંકો ચુંકો કષાય માર્ગ શામાટે તું આદરે છે? વળી તું એક બીજો પણ વિચાર કરીશ તો તને જણાશે કે કષાય કરવો અનુચિત છે. જેઓની ઉપર તું કષાય કરે છે તેઓ તારા માતાપિતા રૂપે અનેક વાર તારા પ્રીતિપાત્ર થયા છે.[1] એકવાર જે પ્રીતિપાત્ર થયું હોય

[1] જુઓ ચાલુ અધિકાર, શ્લોક ૨૩ ઉપર નોટ.

તેનાપર કષાય કરવો એ સુજ્ઞનું કાર્ય હોયજ નહિ. કષાય પર વસ્તુ છે, પૌદ્ગલિક છે, પુદ્ગળ જન્ય છે, સંસારમાં રખડાવનાર છે, દર્શનથી પણ ભેદ આપે તે વર્ગમાં તેનો સમાવેશ થાય છે. એનું સેવન કરતાં સ્વાર્થસાધન જરા પણ સિદ્ધ થતું નથી, ઉલટો સંસાર વધે છે. તેથી સંસારનો સંબંધ તોડવાની ઇચ્છાવાળા બધી જીવે કષાયના સંબંધમાં પણ ન આવવું વધારે સારૂં છે. કષાયના સંબંધમાં વિશેષ વિવેચન સાતમા અધિકારમાં આવશે; અત્ર કષાય સમતાને પૂરેપૂરા બાધ કરનારા છે, સમતાના વિરોધી છે અને જેનાપર કષાય કરવામાં આવે છે તે ન્યાયદૃષ્ટિથી કષાયનું પાત્ર થઇ શકતા નથી એટલુંજ બતાવે છે. તારૂં સાધ્ય (મોક્ષ) અને તારૂં સાધન જો વિરોધવાળું હશે તો તારાં દરેક કાર્યમાં વિસંવાદ પ્રાપ્ત થશે અને છેવટે સાધ્ય મળશે નહિ. મોક્ષ અને કષાયને વિસંવાદ છે એવું અનુભવી પુરૂષો સિદ્ધ કહી ગયા છે; માટે હવે યોગ્ય વિચારણા કરજે. ૩૧.

શોકનું બૂરું સ્વરૂપ-તે ત્યાગ કરવાનો ઉપદેશ.

यांश्च शोचसि गताः किमिमे मे,
स्नेहला इति धिया विधुरात्मा ।
तैर्भवेषु निहतस्त्वमनंते-
ष्वेव तेपि निहता भवता च ॥ ३२ ॥

"શું આ મારા સ્નેહીઓ (મરી) ગયા!! આ પ્રમાણે બુદ્ધિથી "વ્યાકુળ થઇને જેઓને માટે તું શોક કરે છે તેઓ વડેજ તું "અનંત ભવોમાં હણાયેલો છે અને તેઓ પણ તારાવડે "હણાયા છે." ૩૨.

સ્વાગતા.

ભાવાર્થ–ઉપરના શ્લોકમાં જે વાત કરી તેજ વાત અત્ર બીજા રૂપે કહે છે. જેવી રીતે કોઇ જીવ ઉપર કષાય કરવો ઉચિત નથી તેવીજ રીતે કોઈના મરણ વિયોગાદિ પ્રસંગે તેને માટે શોક કરવો તે પણ ઉચિત નથી. સગાં સ્નેહી એટલે પુત્ર માતા પિતા સ્ત્રી વિગે-રેના મરણ પ્રસંગે શોક કરવાથી આત્મિક ગુણની હાનિ થાય છે,

કારણ કે શોક રાગમૂલક છે અને સંસારને વધારનાર[1] એ મોટા મલ્લમાંનો રાગ એક છે. જેના મરણ માટે શોચ કરવામાં આવે છે તેના વડે જ અનંત ભવભ્રમણમાં આ જીવ અનેક વાર મરાયો હશે અને તેને અનંતવાર માર્યો પણ હશે એ તદ્દન બનવા જોગ છે; ત્યારે પછી રોવું શા હેતુએ? વાસ્તવિક રીતે તો જે સમય પ્રમાદમાં ગયો હોય અને જેટલું આત્મહિત સાધી શકાયું ન હોય તેને માટે પોતાની જાતને રોવું અથવા નિષ્ફળ કાળ નિર્ગમન અને પ્રમાદ માટે શોક કરવો વાજબી છે. આવી જાગૃત દશા વ્યવહારના દરેક કાર્યમાં રાખવાની ટેવ પડશે અને સાધ્યદૃષ્ટિ નિરંતર લક્ષ્યમાં રહેશે ત્યારે બહુ આનંદ થશે. એ વખતે માનસિક આનંદ થવા ઉપરાંત શોકને સ્થાનજ મળશે નહિ. કારણ કે શોકનું મૂળ શું છે અને તે કોને હોય તે બરાબર સમજાઈ જાય છે.

આ પ્રમાણે હકીકત છે ત્યારે રીતસર બેસી, ખોટો ઠઠારો કરી, મનમાં ઉભરો હોય યા ન હોય તોપણ દેખાવ આતર પરને ઠગી ઐહિક સ્વાર્થ સાધવાની બુદ્ધિએ રાગડા તાણવાનું મહા નિંદ્ય આચરણ છે, અસત્ય વ્યવહાર છે અને કેળવણીની ગેરહાજરી બતાવનાર બાહ્ય આડંબરનું વિચિત્ર દર્શન છે. એ પ્રકાર ધર્મ વિરૂદ્ધ છે કારણ કે તેમાં માયામિશ્રિત શોકનો આવિર્ભાવ છે અને શુદ્ધ વ્યવહારનું સ્વરૂપ સમજનારા ધર્મિષ્ટ ગૃહસ્થો પણ તેમાં ભાગ ઓછો લે છે. સ્ત્રીઓને લજ્જા વગર કુટવાની આવી તાલીમ આપવામાં આવે છે અને તે પ્રસંગે બોલવાના વાક્યોના નિયમીત પાઠ મોઢે કરાવવામાં આવે છે. આર્યસંસારના અધોપાતનું આ પણ એક બરેબરૂં દૃષ્ટાંત છે. કેળવણીની ગેરહાજરી આ ઠેકાણે બહુ જણાય છે અને ધાર્મિકદૃષ્ટિએ જોતાં તો આ રિવાજ તદ્દન બાલીશતા, મોહના ચાળા અને નૂતન નાટક બતાવે છે. અંતઃકરણથી થતો મોહજન્ય સાચો શોક કરવાની પણ શાસ્ત્રકાર ના કહે છે તો પછી આવો ધાંધલયુક્ત ખોટો વ્યવહાર તો કેમજ કર્તવ્ય તરીકે માની શકાય? પોતાની શારીરિક સ્થિતિનો વિચાર કર્યા વગર પ્રવર્તતા આ જંગલી રિવાજમાં એક પણ જાતનો

[1] રાગદ્વેષ–મોહના સેવકો.

અર્થ નથી, વિવેક નથી, વિચાર નથી, તેથી સુજ્ઞ સ્ત્રીઓએ લોકો શું કહેશે તેનો ખોટો ખ્યાલ મૂકી દઈ આવા વ્યવહારથી દૂર રહેવું યોગ્ય છે. કહેનારા હજારો વરસ બેસી રહેવાના નથી અને જેને માટે કહેશે તેની આત્મિક હાનિમાં તેઓ કાંઈ ભાગ લેવાના નથી; માટે સજ્ઞાનીઓ અને સત્પુરૂષોએ દરેક રીતે શોકનો ત્યાગ કરવો અને ખાસ કરીને કૃત્રિમ રાગડા તો તરતજ છોડી દેવા. ૩૨.

મોહ ત્યાગ–સમતામાં પ્રવેશ.

त्रातुं न शक्या भवदुःखतो ये,
त्वया न ये त्वामपि पातुमीशाः ।
ममत्वमेतेषु दधन्मुधात्मन्,
पदे पदे किं शुचमेषि मूढ ॥ ३३ ॥

"જે સ્નેહીઓને ભવદુઃખથી બચાવવાને તું શક્તિવાન્ નથી "અને જેઓ તને બચાવવાને શક્તિવાળા નથી તેઓ ઉપર "ખોટો મમત્વ રાખીને હે મૂઢ આત્મન્! તું પગલે પગલે શા "સારૂ શોક પામે છે?" ૩૩. ઉપજાતિ.

ભાવાર્થ–જેને ત્યાં દરરોજ વસ્ત્ર અલંકારને ભોજનાદિકની પેટીઓ ઉતરતી હતી તેવા **શાલિભદ્રને** પણ જ્યારે જણાયું કે પોતાને માથે હજુ શ્રેણિક નામનો રાજા રાજ્ય કરે છે ત્યારે સંસારથી વૈરાગ્ય પામી દરરોજ એક એક સ્ત્રીનો ત્યાગ કરવા માંડયો. તેમને જણાયું કે અત્ર જે સુખ લાગે છે તે ખોટું છે, વાસ્તવિક સુખ તે નથી, માટે એવી સ્થિતિ પ્રાપ્ત કરવી કે જ્યાં પોતા ઉપર કોઇનો અમલ ચાલી શકેજ નહિ. જેને શ્રેણિક રાજાના ખોળામાં બેસતાં પણ પરિશ્રમને લીધે પરસેવો થયો હતો તે જીવ સત્ત્વવંત થઇ ચારિત્રના વિષમ માર્ગપર ચાલવાનો વિચાર કરે એ બહુ મનન કરવા યોગ્ય લાગે છે. આથી પણ વધારે સત્ત્વવંત ધન્નો સ્નાન કરતો હતો ત્યાં પોતાની સ્ત્રી (શાલિભદ્રની બહેન) સુભદ્રાના નયનમાંથી ઉષ્ણ અશ્રુ શરીરપર પડતાં તેના શોકનું નિમિત્ત પૂછયું અને જ્યારે સુભદ્રાએ શાલિભદ્રનો દરરોજ એક એક સ્ત્રી

ત્યાગ કરવાનો વિચાર સંભળાવ્યો અને આજે સત્તર દિવસ થઇ ગયા છે એ વાત જણાવી ત્યારે ધન્નો હસ્યો. 'સંસાર અસાર છે એવું જાણ્યા પછી જ્યારે તજવી ત્યારે એક એક સ્ત્રી શામાટે તજવી? તજવી ત્યારે તો બધી તજી દેવી.' આ ટીકાથી આશ્ચર્ય પામેલી સુભદ્રાએ મર્મમાં કહ્યું 'સ્વામી! કહેવું બહુ સહેલ છે. દુનિયામાં કરેલ કામપર ટીકા કરનારા બહુ હોય છે, પરંતુ પોતાને કરવાનો વખત આવતાં લગભગ બધા ખસી જાય છે.' ધન્નો ચમક્યો અને બોલ્યો 'લે મેં તો આ સર્વ તજી!' આમ કહીને તે તરત તજ ઉઠ્યો, શાલિભદ્રની પાસે ગયો અને કહ્યું કે કાયરપણું શામાટે કરે છે? આ સંસારમાં આપણું કોઇ નથી માટે ચાલો આપણે શ્રી વીરપરમાત્મા પાસે જઇએ. પછી બંને જણા પ્રભુ પાસે ગયા ને ચારિત્ર ગ્રહણ કર્યું.

અનાથીમુનિને પણ દાહજ્વર થતાં જણાયું હતું કે 'પોતાનું કોઇ નથી. જેઓની ખાતર આ જીવ પ્રાણ આપવા તૈયાર થાય છે, જેઓની ખાતર સંસાર ત્યાગ કરતા આ જીવને અનેક પ્રકારના સંકલ્પ વિકલ્પો થાય છે, તેઓનો સ્નેહ અમુક હદમાં જ બંધાયેલો છે.' એવા વિચારથી કેમ રસ્તાની સુજ ન પડે? પરંતુ વસ્તુસ્થિતિ એવી છે કે સુતરના તાંતણા તોડવા એ પણ આ જીવને વખતપર બહુ મુશ્કેલ પડે છે. આનું કારણ સ્પષ્ટ છે. બાહ્ય દૃષ્ટિએ તે સુતરના તંતુ લાગે છે પણ તે તો મોહરાજાએ વીંટેલા જાડા દોરડા છે, અને તેને તોડવા જેટલું આત્મવીર્ય ફોરવનાર જ આ સંસારયાત્રા સફળ કરે છે. બધા જીવો આયુષ્યના પ્રમાણમાં જીવે તો છે જ, પરંતુ જેઓ, મોહગ્રંથીનો છેદ કરે છે તેઓનો ફેરો સફળ થાય છે, ત્યારે બાકીના સર્વનો ફેરો ફોગટ (નિષ્ફળ) થાય છે. આ જીવને અરેઅરે દુઃખતો જન્મમરણનું છે, એ દુઃખમાંથી છોડાવવાને જેઓ તદ્દન અશક્ત છે તેઓને સારૂ અનેક પ્રકારનાં કષ્ટ વેઠી ધન એકઠું કરવું, તેઓના માની લીધેલા પ્રસંગ પર વ્યય જાળવવા, તેઓના માનેલા વ્યવહાર પ્રમાણે પોતાની મરજી વિરૂદ્ધ પણ વર્તન કરવું અને ભવદુઃખ છોડાવનારની સોબત કરવા ઇચ્છા થાય ત્યારે તેઓ અનેક પ્રકારના અંતરાય ઉભા કરે તે મુંગે મોઢે

સહન કરવા એ તદ્દન ગેરવાજબી છે. દુનિયામાં તો આષાઢીભૂતિ, નંદિષેણ અને આર્દ્રકુમાર જેવા જીવો પણ હોય છે, જેઓ સંસારમાં પાછા પડયા છતાં વખત આવતાં સંસારનેજ મોક્ષનું સાધન બનાવી તેનાપર સવારી કરી તેને કબજે કરી લે છે; અને ગજસુકુમાળ, નેમનાથજી તથા સ્કંદકાચાર્ય જેવા પ્રાણીઓ પણ હોય છે કે જેઓ સંસારથી ડરી તેના સંબંધમાં જ આવતા નથી. આ બન્ને વર્ગના પ્રાણીઓ સંસારનું સ્વરૂપ બહુ સારી રીતે સમજેલા છે. આ બન્નેમાંથી કયો વર્ગ આદરણીય છે, તે વિચારવું પોતાના સંયોગ અને મનોબળપર આધાર રાખે છે, પરંતુ એક વાત તો બન્ને વર્ગમાંથી એકસરખી રીતે અનુકરણ યોગ્ય છે અને તે એ કે સંસારનો સંબંધ ત્યાજ્ય છે, સંબંધીઓ ખાતર ભવદુઃખમાં સબડ્યા કરવું એ મોહના ચાળા છે અને વાસ્તવિક વસ્તુસ્વરૂપનું અજ્ઞાન છે. સંયમ આરાધન કરવાની શક્તિ નહોય અથવા ઇચ્છા થતી નહોય તેણે તે પ્રાપ્ત કરવાની ઇચ્છા હોંસ રાખવી અને શ્રાદ્ધજીવનમાં પણ સત્ય વ્યવહાર ચલાવી અનુકરણ કરવા યોગ્ય દેશચારિત્ર ધારણ કરવું. આશ્રિતોના માની લીધેલાં શ્રેય સારૂ અનંત ભવો સુધી મહા દુઃખ પ્રાપ્ત થાય તેવું આચરણ ચલાવવું નહિ એ ખાસ ધ્યાનમાં રાખવા લાયક સદુપદેશ છે. સ્વાર્થ સાધનમાં રક્ત રહેવાના ઉપદેશને પુષ્ટ કરતા વગર કારણે તેમાં લપટાવું નહિ એવો અત્ર ઉપદેશ કર્યો છે. એ સમતા પ્રાપ્ત કરવાનું ચોથું સાધન છે. ૩૩.

સમતાદ્વારનો ઉપસંહાર. રાગદ્વેષ ત્યાગનો ઉપદેશ.

सचेतनाः पुद्गलपिंडजीवा,
अर्थाः परे चाणुमया द्व्येपि ।
दधत्यनंतान् परिणामभावां–
स्तत्तेषु कस्त्वर्हति रागरोषौ ॥ ३४ ॥

"પુદ્ગળ પિંડને અધિષ્ઠિત જીવો સચેતન પદાર્થો છે અને "પરમાણુમય અર્થ (પૈસા) વિગેરે અચેતન પદાર્થો છે. આ બન્ને

"જાતિના પદાર્થો અનેક પ્રકારના પર્યાય ભાવ-પલટન ભાવ પામ્યા
"કરે છે; તેથી તેના ઉપર રાગ દ્વેષ કરવાને કોણ લાયક ગણાય?" ૩૪.
ઉપજાતિ.

વિવેચન-સ્ત્રી, પુત્ર, સગાં અને સંબંધીઓ વિગેરે સર્વ મનુષ્યો તેમજ પોપટ, અને કાગડો, સર્પ અને નોળીઓ, મગરમચ્છ અને સોનાની પાંખોવાળા મચ્છો, વીંછી અને તીડ, કીડી અને માંકી, શંખ અને જળો સર્વના શરીર પુદ્ગળનાં બનેલાં છે, તેમજ બાહ્ય માંથી નીકળ્યા પછી સોનું રૂપું લોઢું વિગેરે ધાતુઓ તેમજ ઘરમાં રહેલું સુંદર ફરનીચર સર્વ અચેતન છે તેપણ જીવ વગરનું પુદ્ગળ છે. આ સર્વ સચેતન અને અચેતન પદાર્થો વારંવાર પર્યાયભાવ પામે છે. જીવ વારંવાર દેવપણું, મનુષ્યપણું, તિર્યંચપણું અને નારકીપણું પામે છે અને તેનો તે સ્વભાવ આ અધિકારમાં આપણે બે ચાર પ્રસંગે રૂપાંતરથી જોઈ ગયા છીએ. કોઈવાર તે પ્રમોદ કરે તેવું રૂપ ધારણ કરે છે અને કોઈવાર તે મહા નિંદ્ય લાગતું કુરૂપ ધારણ કરે છે. એવીજ રીતે અચેતન પદાર્થો પણ અનેક પ્રકારનાં સારા બરાબ લખાતાં રૂપો ધારણ કરે છે. એનું દૃષ્ટાંત સુબુદ્ધિ પ્રધાને બાઈના જલથી બનાવેલું નિર્મળ જલરત્ન પૂરું પાડે છે.

'એક રાજા અને તેનો સુબુદ્ધિ નામે પ્રધાન એક દિવસ બહુ ગંધાતી બાઈ પાસે નીકળ્યા. રાજાને આ બહુ બરાબ વાસ આવતી બાઈની ગંધથી ઠીક લાગ્યું નહિ તેથી તેણે મ્હોં મરડ્યું. પ્રધાન સાથે તેણે આ સંબંધી વાતચીત પણ કરી. પ્રધાને તો ઠંડે ચટે જણાવ્યું કે પુદ્ગળનો સ્વભાવ સુગંધી દુર્ગંધી થયા કરવાનો છે, કારણ કે દરેક પરમાણુમાં બેમાંથી એક ગંધ હોય જ છે. રાજાને આ વાત રૂચી નહિ પણ બન્ને તે વખત ચૂપ રહ્યા. પ્રધાને ત્યાર પછી તે બાઈમાંથી કેટલુંક પાણી ભરી મંગાવ્યું, અને તે પાણીને શુદ્ધ કરાવ્યું. પછી તેમાં કતકચૂર્ણાદિ નાખીને તેની દુર્ગંધ દૂર કરી અને કર્પૂર પ્રમુખથી સુગંધ ઉત્પન્ન કરી. પછી કોઈ પ્રસંગે રાજાને આ પાણી પીવા આપતાં તેણે તે પાણીનાં બહુ વખાણ કર્યાં એટલે પ્રધાને સર્વ હકીકત નિવેદન કરી. રાજાને આથી પુદ્ગળના વિચિત્ર ધર્મની પ્રતીતિ થઈ.'

જે પદાર્થો પર પ્રીતિ કરવી તે પદાર્થ જો એક સરખી સ્થિતિમાં નિરંતર રહેવાના હોય તો તે પ્રીતિને યોગ્ય કહી શકાય. ઘરનું સુરમ્ય ફરનીચર ભાંગી જશે, નાશ પામશે, પુટી જશે, સુંદર શરીર માટી સાથે મળી જશે, તેમાં રહેલો આત્મા પર્યાયથી અનેક ભાવો પામશે ત્યારે તેમાં પ્રેમ કેવી રીતે કરવો? કોના ઉપર કરવો? શા માટે કરવો? કરીએ તો તેનો અર્થ શું? આવા વારંવાર બદલાતા સચેતન અચેતન પદાર્થો પર પ્રેમ કરવો એ આપણા ગૌરવથી નીચું છે, કરવા યોગ્ય નથી. એટલા માટે **શ્રી ઉમાસ્વાતિ** મહારાજ **પ્રશમરતિ** પ્રકરણમાં લખેછે કે-

तानेवार्थान् द्विषतस्तानेवार्थान् प्रलीयमानस्य ।
निश्चयतोऽस्यानिष्टं न विद्यते किंचिदिष्टं वा ॥[1]

'એકજ વિષયો પર દ્વેષ કરનારા જીવો જ્યારે તેજ વિષયો પરિણામાંતર પામી સારા થાય છે ત્યારે તેજ પદાર્થોમાં તલ્લીન થાય છે તેથી આ જીવને નિશ્ચયથી કોઈ પણ પદાર્થ ઈષ્ટ અથવા અનિષ્ટ નથી' આ ટુંકા પદ્યમાં બહુ અર્થગાંભીર્ય રહ્યું છે તે વિચારવાયોગ્ય છે.

આવી રીતે કોઈ પણ જીવ કે અજીવપર રાગ દ્વેષ કરવો અયુક્ત છે તે સિદ્ધ માનવામાં આવે તો બહુ બટપટનો અંત આવી જાય. એટલા માટેજ 'વીતરાગ' ને દેવ માનવામાં આવે છે. વસ્તુ ઉપરથી રાગ ઓછો થઈ જાય એટલે સ્વાભાવિક રીતે સર્વ ઉપર સમભાવ આવે છે અને સમભાવ પ્રાપ્ત કરવો એજ સર્વનું સાધ્યબિંદુ છે. સમતા અધિકારનો ઉપસંહાર કરતાં સ્વાર્થસાધન સારૂ આ ઉત્તમ ઉપાય બતાવ્યો છે તે બહુ મનન કરવા યોગ્ય છે. આ સંસારમાં બરોબર રખડાવનાર 'રાગદ્વેષ' છે. તે બન્ને મોહજન્ય છે અથવા મોહજ છે, કારણ કે રાગદ્વેષ કરતી વખતે વિવેકનો નાશ થાય છે અને ચિત્તની સમતા ઉડી જાય છે. મોહને મદિરા સાથે સરખાવી આપણે અનેકવાર જોઈ ગયા છીએ કે વિવેકનો નાશ કરવો એ મોહનું પ્રથમ કર્તવ્ય છે. રાગદ્વેષનો

[1] પ્રશમરતિ, શ્લોક પર મો.

નાશ થયા પછી કેાઈ કાર્ય બનતું નથી એમ નથી, પરંતુ દરેક કાર્ય કરવામાં જે ચીકાશ હતી તે દૂર થાય છે, સરલભાવ પ્રાપ્ત થાય છે અને કર્તવ્ય અકર્તવ્યનું બરાબર ભાન થાય છે. માટે કેાઈ પણ પદાર્થ ઉપર ગાઢ રાગબંધન ન રાખવું એટલું તેા હાલ તુરત જરૂર કરવું અને રાગની પેઠે આકરૂં વૈર પણ કેાઈ સાથે ન રાખવું, કારણ કે વસ્તુની રચના જોતાં પછી તે જીવ હેા કે અજીવ હેા પણ તે સર્વ વસ્તુઓ રાગદ્વેષને લાયક નથી. તેમાં પણ અચેતન પદાર્થ ઉપર દ્વેષબુદ્ધિ તેા અતિ અનભિજ્ઞતાને સૂચવે છે. ૩૪.

* * * * * *

* * * * * *

એવી રીતે પ્રથમ સમતા અધિકાર પૂર્ણ થયેા. આખા ગ્રંથની પીઠિકા આ અધિકારમાં છે. આખા ગ્રંથમાં અનેક પ્રયત્નેા કરી જે પ્રાપ્ત કરવાની સૂચના કરવામાં આવી છે તેનેા સીધેા કે આડકતરેા ધ્વનિ સમતા પ્રાપ્તિમાંજ પર્યવસાન પામે છે. મમત્વત્યાગ, ચિત્તદમન, કષાયત્યાગ, શુભવૃત્તિ વગેરે સર્વનું સાધ્ય સમતા છે અને સમતાનું પરમ સાધ્ય અક્ષયપદ (મેાક્ષ) છે. તેથી આખા ગ્રંથના બીજભૂત અને સાધ્યસૂચક આ અધિકારની જેમ કર્ત્તાએ મુખ્યતા ગણીછે તેમ બહુ સંભાળ રાખીને તેનાપર નેાટ લખવાનું અને તે વારંવાર ફેરવીને એક સરખી બનાવવાનું લક્ષ્યમાં રાખ્યું છે. અત્ર સામાન્ય રીતે મંગળાચરણ કર્યા પછી સમતા કેવી ઉત્કૃષ્ટ વસ્તુ છે તેપર ગ્રંથકર્ત્તા આપણને લઈ જાય છે. તેને માટે યેાગી કેાણ કહેવાય? વિગેરેના સ્પષ્ટ દેખાવેા આપણી અંતર્ચક્ષુ સમક્ષ રજી કરી છેવટે સમતાની ઉત્કૃષ્ટ સ્થિતિ બતાવે છે. સમતાનેા સામાન્ય અર્થ એ જ થાયછે કે ગમે તેવા અનુકૂળ પ્રતિકૂળ સંજોગેા પ્રાપ્ત થાય તેાપણ મનને એક સરખી રીતે પ્રવર્તાવવું; ઐશ્વર્યથી રાજી થઈ જવું નહિ અને વિપત્તિથી શેાક કરવેા નહિ; ગમે તેવા સુખ કરનારા સંયેાગેા પ્રાપ્ત થાય તેા તેથી સંસારમાં રાચી જવું નહિ અને ગમે તેવા ગ્લાનિ કરનારા સંયેાગેા પ્રાપ્ત થાય તેા તેથી અસ્થિર

મનવાળા થઇ જવું નહિ. આવા પ્રકારની મનની એક સરખી સ્થિતિને 'સમતા' કહેવામાં આવે છે. એ સ્થિતિ પ્રાપ્ત કરવાથી આ ભવદુઃખ મટી જાય છે અને તેટલા માટે દરેક પદાર્થોનું બારીકીથી અવલેાકન કરી તેનેા અને પેાતાનેા ખરેા સંબંધ કેવા પ્રકારનેા છે તે બરાબર વિચારી લેવા યેાગ્ય છે. આવી રીતે અવલેાકન કરવાથીજ વસ્તુનું સ્વરૂપ બરાબર સમજાય છે.

અહીં એક વાત બાસ ધ્યાનમાં રાખવાની છે કે ગમે તેવી સૂક્ષ્મ લાગતી બાબતને પણ તપાસ કર્યા વગર ચલાવી લેવી નહિ, એટલે વ્યવહારના નાનામાં નાના વિષય ઉપર પણ નજર રાખી તેની યેાગ્ય કિંમત આંકવી. જો તેની પરીક્ષામાં ભૂલ કરી તેની કિંમત હેાય તે કરતાં વધારે કે ઓછી આંકી અથવા તેા અવગણના કરી–સૂક્ષ્મ છે એમ ધારી તેને વિસારી મૂકી અથવા તેની ઉપેક્ષા કરી તેા તે સૂક્ષ્મ બાબત પણ આપણા ઉપર પેાતાનું સામ્રાજ્ય ચલાવે છે. Smiles નામનેા અંગ્રેજ લેખક પેાતાના 'The Character' નામના ગ્રંથમાં લખે છે કે, "Never give way to what is little or by that very little, however small it may be, you will be practically governed." અને તે બરેાબરૂં છે. શરૂઆતમાં નાના લાગતા અક્ષીણ વિગેરેના વ્યસનની જો તે વખતે અવગણના કરી ઉપેક્ષા કરી હેાય છે તેા ધીમે ધીમે તે આખા શરીરનેા કબજો લઇ મનુષ્યપર પેાતાનું અપ્રતિહત સ્વાતંત્ર્ય ચલાવે છે. માટે અવલેાકન કરવાની ટેવ વારંવાર રાખવી અને તે રીતે વસ્તુ ઓળખી તેનાપર જય મેળવવેા.

'સમતા' એટલે સર્વ જીવેા તથા વસ્તુઓ તરફ રાગદ્વેષનેા અભાવ. જેઓ આત્મિક માર્ગમાં ઉતરવા ઇચ્છતા હેાય તેઓને સમતાનેા વિષય પ્રથમ અગત્યતા ધરાવનારેા છે. વિષય બહુ મનન કરવા યેાગ્ય છે અને વિચારી વિચારીને તેમાંથી સાર કાઢી લેવા યેાગ્ય છે. સમતા વગરની દરેક ધાર્મિક ક્રિયા બહુ અલ્પ ફળ આપે છે, અને તે ફળ એટલું બધું અલ્પ છે કે જે ફળ મેળવવાની ઇચ્છાથી[1] ક્રિયા કરવામાં આવે છે તેની અપેક્ષાએ

૧ મેાક્ષ મેળવવાનીજ ઇચ્છા હેાઇ શકે, બાકી પૌદ્ગલિક ઇચ્છાના સંબંધમાં તેા જૈન શાસ્ત્રકાર નિષેધ કરે છે.

તો કાંઇ ફળ થતું નથી એમ કહીએ તોપણ ચાલે. આખો દિવસ ભાર વહન કરનારને એક પાઇ મજુરીની મળે એના જેવું તે છે. એથી ઉલટું જ્યારે સમતા સહિત ક્રિયા કરવામાં આવે છે ત્યારે તે ક્રિયામાં એક એવી જાતની સૌંદર્યતા અથવા મૃદુતા આવે છે કે જેથી તે ક્રિયામાં એક જાતનો અપૂર્વ (સહજ) આનંદ વ્યાપી જાય છે. એનો સ્પષ્ટ ખ્યાલ આપવો બહુ મુશ્કેલ છે, કારણ કે એ દૃષ્ટાંતનો વિષય નથી, પરંતુ અનુભવગમ્ય છે. આ ગ્રંથમાં ઘણા વિષયો અનુભવથીજ સમજાય તેવા છે, જે માટે આપણે નિરૂપાય છીએ. તેનો રસ જેણે ચાખવો હોય તેણે પ્રથમ તેના અધિકારી થવું જોઇએ, અને ત્યાં સુધી તો તેનું જે વર્ણન અધુરા શબ્દોમાં કરવામાં આવ્યું હોય તે ગ્રહણ કરવું જોઇએ. સાકરનો સ્વાદ કયા શબ્દોમાં વર્ણવવો! ચાખનાર તરતજ અનુભવથી તેના સ્વાદને સમજે છે. એવો આ આંતરાનંદ અવર્ણનીય, અનિર્વચનીય છે. શાસ્ત્રકાર કહી ગયા છે કે–

સમતા વિણ જે અનુસરે, પ્રાણી પુણ્ય કામ;
છાર ઉપર તે લીંપણું, ઝાંખર ચિત્રામ.

આવી રીતે સમતા વગર ગમે તે ધાર્મિક ક્રિયા કરવામાં આવે તે છાર ઉપર લીંપવા બરાબર છે. જ્યાં સુધી ભૂમિકા શુદ્ધ કરવામાં આવી ન હોય ત્યાં સુધી તેનાપર ગમે તેટલાં ચિત્રો કાઢવામાં આવે તે નકામાં છે. સર્વથી વધારે જરૂર ભૂમિકાને શુદ્ધ કરવાની છે.

સમતા એટલે 'સ્થિરતા.' આપણા પ્રાકૃત માણસોનાં મન કેટલાં બધાં અસ્થિર–ચંચળ હોય છે તેનો ખ્યાલ તુરત આપી શકાય તેમ છે. નવકારવાલિ ગણવાનો આરંભ કરતાં એકાદ નવકાર ધ્યાન રાખીને ચિંતવાય છે. પછી મનના બે વિભાગ[1] પડી જાય છે. મનની વિચિત્ર ગતિ શરૂ થાય છે. હાથ પોતાનું કાર્ય કરે છે

[1] ઉપયોગ સમયાંતર હોવાથી પલટાયા કરે છે જેનું આપણને ભાન નથી તેથી આ પ્રમાણે લાગેછે. વસ્તુતઃ બે વિભાગ પડતા નથી, પણ ઉપયોગ બદલાયા કરે છે. ક્રિયાના તો વિભાગ પડે છે. આ દ્રવ્યાનુયોગને અંગે મનના બંધારણનો ગહન વિષય છે તેથી અત્ર તેની ચર્ચા કરી નથી.

એટલે મણકા એક પછી એક પડવા જારી રહે છે. મનના એક વિભાગમાં અસ્પષ્ટપણે નવકારનો જાપ ચાલે છે જે બહુધા mechanical (યંત્રવત્) હોય છે, અને તેજ વખતે બીજા વિભાગમાં મન દુનિયાના કઇક વિભાગોમાં ફરવા નીકળી પડે છે. આવાજ પ્રકારની સ્થિતિ પ્રતિક્રમણ વખતે પણ અનુભવાય છે. ટેવ પાડવાથી આ સ્થિતિ સુધરી શકે તેમ છે. ધીમે ધીમે એક વસ્તુમાં મનને સ્થીર કરી શકાય છે અને તે પ્રાપ્ત થાય ત્યારે જ કાર્યસિદ્ધિ થાય છે. મનની એકાગ્રતા પ્રાપ્ત કરવા માટે યમનિયમાદિની બહુ જરૂર છે. જે સમતાના સાધનને આ ગ્રંથમાં ચર્ચ્યા છે તે બહુધા યોગનો વિષય છે અને તેને માટે જુદો લેખ લખવાની જરૂર છે. અત્ર કહેવાનું એટલું જ છે કે સ્થિરતા પ્રાપ્ત કરવાથી બહુ પ્રકારના લાભ થાય છે અને તેજ સમતા છે.

સમતાનો આવો વિશાળ અર્થ ધ્યાનમાં રાખી ગ્રંથકાર ત્યાર પછી સમતાને મોક્ષનું અંગ છે. એમ બતાવે છે. સમતા વગરના અનુષ્ઠાનો લગભગ ફળ વગરના છે એમ આપણે ઉત્કૃષ્ટ ફળની અપેક્ષાએ જોયું તેથી આ વિભાગ તો સ્વતઃ સિદ્ધ થઇ જાય છે, તેથી આ વિષય ઉપર ગ્રંથકર્ત્તા વિશેષ વિવેચન ન કરતાં સમતા પ્રાપ્તિનાં સાધનો તરફ આપણને દોરી જાય છે. આ વિષયને ચાર વિભાગમાં વહેંચી શકાય છે. સાધનો અનેક પ્રકારનાં છે અને તે આખા ગ્રંથમાં અનેક રીતે બતાવવામાં આવ્યાં છે. દરેક પ્રાણીને પોતાને કયું સાધન અનુકૂળ થઇ પડશે તે તેણે પોતે પોતાને માટે વિચારી લેવું. આ અધિકારમાં સમતાને પ્રાપ્ત કરવા માટે મુખ્ય ચાર પ્રકારનાં સાધનો બતાવ્યાં છે.

૧ સમતા પ્રાપ્ત કરવાનું પ્રથમ સાધન મૈત્રી, પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થ એ ચાર ભાવના ભાવવી એ છે. આ ચાર ભાવનાઓ બહુ ઉપયોગી છે અને જીવોનો પરસ્પર સંબંધ દર્શાવનારી હોવાથી તે હૃદયને આર્દ્ર કરે છે. એનું વિશેષ વિવેચન ગ્રંથમાં નોટ લખતી વખતે આપ્યું છે ત્યાંથી જાણી લેવું. બીજી બાર સંસારભાવના અથવા ભવભાવના છે તે સંબંધી આ ગ્રંથમાં

આગળ વિવેચન કરવામાં આવશે. શરૂઆતમાં આ અગત્યની ચાર ભાવનાઓ પર ખાસ ધ્યાન ખેંચવાથી સૂરિ મહારાજે બહુ ઉપકાર કર્યો છે. એ ચાર ભાવના ભાવવાથી ઘણા જીવોને સમતા પ્રાપ્ત થઇ શકે છે એ સંદેહ વગરની વાત છે.

૨ સમતા પ્રાપ્ત કરવાનું બીજું સાધન ઇંદ્રિયના વિષયોપર **સમચિત્ત રાખવાનું છે.** સાંસારિક સર્વ વિષયો સાથે આ જીવને કેવા પ્રકારનો સંબંધ છે તે વિચારી જોતાં આ સાધનની યોગ્યતા બહુ સારી રીતે સમજાય છે. બાહ્ય દેખાવથી વસ્તુઓમાં ફસાઈ અનુકૂળ વિષયોમાં મુંઝાઈ જવાથી કર્તવ્ય વિસ્મરણ થાય છે એ વસ્તુનો સહજ ધર્મ છે.

૩. સમતાનું ત્રીજું સાધન **વસ્તુ સ્વભાવ ઓળખવાનું છે.** પૌદ્ગલિક વસ્તુઓનો જીવ સાથે કેવા પ્રકારનો સંબંધ છે એનો ખ્યાલ કરવાની બહુજ જરૂર છે. જ્યાં સુધી આવા પ્રકારનું જ્ઞાન થતું નથી ત્યાં સુધી જીવ બહુ ભૂલો કરે છે. જે વસ્તુ કદિ પોતાની થઇ શકે નહિ તેને પોતાની માને છે, તેનાપર પ્રેમ કરે છે, તેના સંયોગથી આનંદ માને છે, તેને પ્રાપ્ત કરવાના પ્રયાસમાં શક્તિનો ઉપયોગ કરે છે અને તેના વિયોગથી દુઃખી થાય છે. સગા સંબંધીઓ–પુત્ર સ્ત્રી વિગેરેનો સંબંધ પણ આ સ્થાને વિચારવા યોગ્ય છે અને તેવીજ રીતે દરેક વસ્તુઓનો સંબંધ પણ અવલોકન કરવા યોગ્ય છે. એ સંબંધની સ્થિતિ અને સુખ આપવાની અલ્પતા અથવા અભાવ ધ્યાનમાં લઇ તે સુખમાં મસ્ત ન બનતાં 'સ્વ' શું છે તે ઓળખવું એ સમતા પ્રાપ્તિનો રામબાણ ઉપાય છે. આ વિષયને અંગે આત્મશિક્ષા પણ અનેક પ્રકારની આપવામાં આવી છે.

૪. સમતા પ્રાપ્ત કરવાનું ચોથું સાધન **સ્વાર્થ પ્રાપ્ત કરવામાં રક્ત રહેવું એ છે.** આ જીવ જ્યાં સુધી વસ્તુઓની વાસ્તવિક સ્થિતિ જાણતો નથી ત્યાં સુધી નકામો પ્રયાસ કરી સુખ નથી ત્યાંથી સુખ મેળવવા પ્રયાસ કરે છે; તેથી સર્વ પ્રાપ્ત થયેલા અથવા થનારા પદાર્થોને સ્વપ્ન કે ઇંદ્રજાળથી પ્રાપ્ત થયેલ પદાર્થો સાથે સરખાવી,

તે સરખામણી ઘટાવી સ્વાર્થસાધન કરવા માટે કર્ત્તા પ્રેરણા કરે છે. અત્ર જે સ્નેહીવર્ગમાં ફસી મહાપ્રયાસ કરવામાં આવે છે તેનું કાંઇ પણ ફળ મળતું નથી, કારણ કે સર્વ પ્રયાસ ધનપ્રાપ્તિ માટે કરવામાં આવે છે. તે પ્રવૃત્તિ તદ્દન નિર્હેતુક અને ખોટી છે. એથી આ જીવને કોઇ પ્રકારનો લાભ થતો નથી અને જ્યારે આ જીવ સંસારાટવીમાં ભૂલો પડે છે ત્યારે તેને રસ્તો બતાવવા કે મહ ભયંકર જનાવરોથી તેનું રક્ષણ કરવા તેના સ્નેહીઓ આવતા નથી; તેમજ જે પદાર્થો ઉપર તે પ્રેમ કરે છે તે પોતાનાં રૂપમાં સ્થીર રહેતા નથી, વારંવાર બદલાયા કરે છે અને નાશ પામે છે. આવા પદાર્થો ઉપર પ્રીતિ કરીને આત્મવિલય કરવામાં આવે તેના કરતાં જો સ્વાર્થસાધન કરવામાં આવે તો મહા કલ્યાણ થઈ જાય.

આવી રીતે અનેક પ્રકારનાં સાધનો સમતા પ્રાપ્ત કરવા માટે આ અધિકારમાં બતાવવામાં આવ્યાં છે. વાત એમ છે કે દરેક બાબત ઉપર નિરીક્ષણ કરવાની ટેવ પાડવાની જરૂર છે. વસ્તુને જોઇ તેનું બાહ્ય નિરીક્ષણ કરવાથી લાભ નથી, પરંતુ તે શું છે? કયાંથી આવી છે? તેનો અને પોતાનો સંબંધ શું છે? કેટલો છે? કયાં સુધીનો છે? વિગેરે વિચારવાથી સમતા પ્રાપ્ત થાય છે, કારણ કે આ પ્રનાલિકાએ કાર્ય કરનારને આત્મજાગૃતિ પ્રાપ્ત થાય છે. આત્મનિરીક્ષણ (self-examination) નો અચિંત્ય પ્રભાવ બહુ લક્ષ્યમાં રાખવાયોગ્ય છે.

આ સમતા અધિકાર આખા ગ્રંથની કુંચી છે. આખા ગ્રંથને વિસ્તાર સમતા પ્રાપ્ત કરવા માટે તેનાં અનેક પ્રકારનાં સાધને બતાવવામાં જ સમાઈ ગયો છે. આખી જીંદગીમાં અનુભવ કરી ઉત્તરાવસ્થામાં મુનિસુંદરસૂરિએ આ ગ્રંથ લખ્યો હોય એમ આ અધિકારના પ્રત્યેક શ્લોકમાંથી ધ્વનિ સ્ફુરે છે. એનો દરેક શ્લોક બહુ વિચાર કરવા યોગ્ય છે. આ આખા અધિકારમાં એક જાતની સમતા રેલછેલ થયેલી જણાય છે. સૂરિ મહારાજનો આ ઉચ્ચ આશય લક્ષ્યમાં રાખી તેનાપર ઘટતું વિવેચન કરવા પ્રયાસ કર્યો છે. સમતા પ્રાપ્ત કરવા માટે સર્વ પ્રકારની શક્તિનો ઉપયોગ

કરવો એ આ ગ્રંથ વાંચવાનું અદ્વિતીય પરિણામ હોવું જોઇએ. 'સમતા' આખા ગ્રંથનું રહસ્ય છે તેની સ્પષ્ટતા છેલ્લા અધિકારથી થશે. એ 'સામ્યસર્વસ્વ' અધિકાર ગ્રંથને પૂર્ણ કરીને બતાવે છે કે ગ્રંથની આદિ અને અંતનો એકજ વિષય છે. તેની પુષ્ટિમાં વચ્ચે બીજા અધિકારો લખ્યા છે, પરંતુ સાધ્ય બાસ ધ્યાનમાં રાખવામાં આવ્યું છે. આ વિષયમાં જે કાંઇપણ પ્રેમ લાગ્યો હોય, જો ભવવાસના જરા પણ ઉઠી હોય અથવા ઉઠાવવા યોગ્ય છે એમ લાગ્યું હોય તો હવે પછીના અધિકારોમાં દરેક સુજ્ઞ વાંચનારે પ્રવેશ કરવો એટલી પ્રાર્થના છે.

इति सविवरणः समतानामा प्रथमोधिकारः

अथ द्वितीयः स्त्रीममत्व मोचनाधिकारः

समतानું રહસ્ય સમજ્યા પછી તેને પ્રાપ્ત કરવાનાં સાધનો તરફ સ્વાભાવિક રીતે ધ્યાન ખેંચાય છે. પ્રથમ સાધન મોહ-મમત્વનો ત્યાગ કરવો એ છે. જનસ્વભાવનું અવલોકન કરનારને અનુભવ થયો છે કે અનેક પ્રકારના મમત્વમાં પણ સ્ત્રી ઉપરનો મોહ અને મારાપણું વિશેષ બળવાન્ હોય છે. તેથી અત્ર પ્રથમ તે ઉપર વ્યાખ્યા કરે છે. બીજો, ત્રીજો, ચોથો, અને પાંચમો અધિકાર પરસ્પર સંબંધ ધરાવે છે.

પુરૂષને ગળે બાંધેલી શિલા.

मुह्यसि प्रणयचारुगिरासु, प्रीतितः प्रणयिनीषु कृतिं स्त्वम्[1] ।
किं न वेत्सि पततां भववार्द्धौ, ता नृणां खलु शिला गलबद्धाः॥१॥

"હે વિદ્વન્! જે સ્ત્રીઓની વાણી સ્નેહથી તને મધુર લાગે
"છે તેના ઉપર પ્રીતિથી તું મોહ પામે છે; પણ ભવ સમુદ્રમાં
"પડતાં પ્રાણીઓને તેઓ ગળે બાંધેલા પથ્થર (જેવી) છે એમ
"શું જાણતો નથી?" ૧. સ્વાગતાવૃત્ત.

વિવેચન-અનાદિ અભ્યાસથી મોહરાજાના હુકમથી આ પ્રાણી બહારના સુંદર દેખાવ તથા ભાષણથી સ્ત્રી ઉપર મોહ પામી જાય

१ कृतिन् किमिति पाठान्तरः क्वचिदृश्यते.

છે. પછી તેને નથી રહેતો વિવેક કે નથી રહેતી લજ્જા. સ્ત્રીનો મોહ તેને કેટલો પ્રતિબંધ કરનારો છે તે જરા વિચાર કરે તો તરત સમજાઈ જાય તેવું છે. સત્તાગત અનંત જ્ઞાનવાળા જીવની આ ઠપકાપાત્ર સ્થિતિ તરફ ધ્યાન રાખી તેને જાગૃત કરવા માટે 'વિદ્વાન્'ના ઉપનામથી સંબોધીને કહે છે કે હે ભાઇ! દરિયામાં ડૂબતા માણસને લાકડું કે એવો કોઈ હલકો પદાર્થ આલંબન તરીકે જરૂરનો છે, કે જેથી તે તરી શકે; પણ તેને બદલે પથ્થર કેડે બાંધ્યો હોય તો તે દરિયામાં ડૂબતો જ જાય છે. ભવ (સંસાર) સમુદ્ર છે, અને તેમાં સ્ત્રી આ જીવને ગળે બાંધેલી શિલારૂપ થઈને ડૂબાડે છે. એક ભવમાં–એક વખતના સંબંધ માત્રમાં જ તે એટલો કર્મબંધ કરાવે છે કે અનંત ભવ સુધી રઝળવું પડે. આવી જ રીતે વૈરાગ્ય શતકકાર પણ કહે છે:–

मा जाणसि जीवतुमं पुत्तकलत्ताईमज्झ सुहहेऊ ।
निउणं बंधणमेयं, संसारे संसरंताणं ॥

'હે જીવ! પુત્ર, સ્ત્રી વિગેરે મારે સુખનું કારણ છે એમ તું જાણીશ નહિ; કારણ કે સંસારમાં ભ્રમણ કરતાં એવા આ જીવને એ પુત્ર અને સ્ત્રી વિગેરે ઉલટાં દૃઢ બંધન છે.' મોહનું આવું સ્વરૂપ જાણી જેમ બને તેમ મોહ ઓછો કરવો અને સંસારપર ઉદાસીન ભાવ રાખવો એ અત્ર ઉપદેશ છે. શૃંગારના વિષયમાં ગળે આલિંગન કે બંધન કરવું એ ઉત્કૃષ્ટ રસ શૃંગારના કવિઓ ગણે છે, એ વાસ્તવિક રીતે શું છે એનો ખરો ખ્યાલ કવિએ અત્ર આપ્યો છે. હીનોપમા ન થઇ જાય એ ખાસ ધ્યાનમાં રાખી યથાસ્થિત સ્વરૂપનું દિગ્દર્શન કરાવ્યું છે. ૩૫.

સ્ત્રીઓમાં રહેલી અરમણીયતા.

चर्मास्थिमज्जांत्रवसास्रमांसामेध्याद्यशुच्यस्थिरपुद्गलानाम् ।
स्त्रीदेहपिंडाकृतिसंस्थितेषु, स्कंधेषु किं पश्यसि रम्यमात्मन् ॥ २ ॥

"સ્ત્રીના શરીરપિંડની આકૃતિમાં રહેલા ચામડી, હાડકા, ચરબી, આંતરડાં, મેદ, લોહી (રૂધિર), માંસ, વિષ્ટા વિગેરે અપવિત્ર

"અને અસ્થિર પુદ્ગલોના સમૂહમાં હે આત્મન્ તું! સુંદર શું જુએ છે?" ૨ ઇંદ્રવજ્રા.

વિશેષ વિવેચન બીજી અને ત્રીજી ગાથાનું સાથે છે. ૩૬

અપવિત્ર પદાર્થોની દુર્ગંધી. સ્ત્રીશરીરનો સંબંધ.

विलोक्य दूरस्थममेध्यमल्पं, जुगुप्ससे मोटितनासिकस्त्वं ।
भृतेषु तेनैव विमूढ योषावपुःषु तत्किं कुरुषेऽभिलाषम् ॥ ३ ॥

"હે મૂર્ખ! દૂર રહેલી જરા પણ દુર્ગંધી વસ્તુ જોઈને તું નાક "મરડીને દુગંછા કરે છે; ત્યારે તેવી જ દુર્ગંધીથી ભરેલાં સ્ત્રીઓનાં "શરીરની તું કેમ અભિલાષા કરે છે?" ૩ ઇંદ્રવજ્રા.

ભાવાર્થ–મલ્લીકુવરીને પરણવાની ઇચ્છાએ આવનાર છ રાજાઓને પ્રતિબોધ પમાડવા માટે સ્વશરીરપ્રમાણ પુતળી કરી તેમાં ઉત્તમ ઉત્તમ આવાનાં પદાર્થો નાંખી રાજાઓ સમક્ષ બોલતાં દુર્ગંધી પ્રસરી તેથી સર્વ રાજાઓને પ્રતિબોધ થયો અને તેપરથી સર્વને ખ્યાલ આવ્યો કે શરીરમાં તો માંસ રૂધિર વિગેરે ગટરખાનું જ ભરેલું છે; ફક્ત તે અપવિત્ર પદાર્થો ઉપર ચામડી મઢી લઇ તેને સુંદર દેખાડયું છે. મોહથી આ જીવ અંદર જોતો નથી, અને તેથી જ તેને ઉપરનું સૌંદર્ય દેખાય છે. "નગરખાળ પરે નિત્ય વહે, કરે મળ મુત્ર ભંડારોરે, તીમ દ્વારોરે; નર નવ દ્વાદશ નારીનાં એ." આવી રીતે પ્રવાહબંધ મળ મુત્ર ચાલ્યાજ કરે છે, અને તેથી જ ભર્તૃહરિએ કહ્યું છે કે 'मुहुर्निंद्यं रूपं कविजनविशेषैर्गुरुकृतं'– સ્ત્રીઓનું રૂપ તો તદ્દન નિંદ્ય છે, વારંવાર નિંદ્ય છે; છતાં વિષયમાં મસ્ત થયેલા કલ્પિત ઐહિક સુખના આસક્ત કવિઓ તેના દેહને ભારે ભારે ઉપમા આપી તેને આકાશમાં ચડાવી દે છે, અને સંસારમાં મગ્ન જનો આ કવિઓની પ્રતિભા શક્તિનાં વખાણ કરે છે, પરંતુ સર્વ પ્રકારનો અનુભવ કરીને રાજર્ષિ ભર્તૃહરિ કહે છે કે "એમાં સાર કાંઇ જ નથી."

"દેખી દુર્ગંધ દૂરથી, તું મોંહ મચકોડે માણેરે, નવિજાણેરે; તેણે પુદ્ગળે તુંજ તનું ભર્યું એ." ઉપરના શ્લોકનો ભાવ અત્ર

સમાઈ જાય છે. કચરાપટ્ટીના ગાડાંને દૂરથી જતું જોઈ મુખ ઉપર રૂમાલ આડો રાખીએ છીએ, અને વિષ્ટામાં પગ પડતા ઘોઈ નાંખીએ છીએ તેવી બુદ્ધિ આગળ કેમ ચાલતી નહિ હોય? વિષયાંધપણું એટલે શું તે અહિં સ્પષ્ટ થાય છે. વિષયાંધ થયો એટલે વિવેક ચાલ્યો જાય છે. મલ્લીનાથજીનું દૃષ્ટાંત અત્ર બહુ ઉપયોગી છે, અને તેમાંથી ઘણો સાર લેવાનો છે. ૩૭.

સ્ત્રી મોહથી આ ભવ પર ભવમાં થતાં ફળોનું દર્શન.

अमेध्यमांसास्रवसात्मकानि, नारीशरिराणि निषेवमाणाः ।
इहाप्यपत्यद्रविणादिचिंतातापान् परत्रेयुर्तीदुर्गतीश्च ॥ ४ ॥

"વિષ્ટા, માંસ, રૂધિર અને ચરબી વિગેરેથી ભરેલાં સ્ત્રી-
"ઓનાં શરીરને સેવનારા પ્રાણીઓ આ ભવમાં પણ પુત્ર અને
"પૈસા વિગેરેની ચિંતાનો તાપ પામે છે અને પરભવે દુર્ગતિમાં
"જાય છે." ૪

ઉપજાતિ.

વિવેચન–ઉપર જણાવ્યું તેમ સ્ત્રીઓનું શરીર અપવિત્ર પદાર્થોથી ભરેલું છે તેથી સેવવા યોગ્ય નથી, છતાં પણ કામાંધ જીવો તેને સેવે છે ત્યારે પછી બહુ દુઃખ સહન કરવાં પડે છે. છોકરો વઠેલો થાય તો તેથી અથવા બીજે પ્રકારે ઘણી સંતતિ થવાથી પણ પુત્રલાલનપાલનની અનેક ચિંતા થાય છે અને પૈસા પણ તેને ખાતર તેમજ સ્ત્રીઓની ખાતર બહુ પેદા કરવા પડે છે. પોતાનું પેટ ભરવા ઉપરાંત બીજાઓનાં પેટ ભરવાં પડે છે અને પાછળ વારસો મૂકી જવા માટે પણ એકઠું કરવું પડે છે, જાળવવું પડે છે, અને આવી રીતે આખો ભવ તે ઉપાધિમાં પૂરો થાય છે, (પુત્ર અને ધનની શું સ્થિતિ છે તે માટે જુઓ ત્રીજો અને ચોથો અધિકાર). એક સ્ત્રીની ખાતર કેટલું થાય છે તે કપિલ કેવળીના દૃષ્ટાંતથી જણાય છે. કપિલ અભ્યાસ અવસ્થામાં એક શેઠની મદદથી કોઈ બાઇને ત્યાં જમતા હતા; ત્યાં તેની સાથે તેને આસક્તિ થઇ અને શરીર સંબંધ થતાં તેને ગર્ભ રહ્યો. પ્રસૂતિ કર્મ

૧ परत्र प्रतीति वा पाठः

માટે પૈસાની જરૂર પડી એટલે ત્યાંનો રાજા સવારના પ્રથમ જનાર બ્રાહ્મણને બે માસા સોનું આપતો હતો તેની પાસે જઈ સુવર્ણ મેળવવાનો વિચાર કર્યો. પછી પાછલી રાત્રિએ વહેલો ઉઠી રાજાના મહેલ તરફ જવા નીકળ્યો; ચોકીદારોએ તેને ચોર જાણીને પકડયો, અને સવારના રાજા પાસે જ્યારે તેને ઉભો કર્યો ત્યારે તેણે પોતાની સર્વ હકીકત નિવેદન કરી. તેના સત્યવાદીપણાથી રાજા ખુશી થયો અને કહ્યું કે તારે જે ઇચ્છા હોય તે માગ. કપિલ તો રાજાની આજ્ઞાથી અશોક વાડીમાં જઈ વિચારવા લાગ્યો કે જો બે માસા સુવર્ણ માગીશ તો તો તેથી માત્ર વસ્ત્રોજ સ્ત્રીને માટે આવશે પણ ઘરેણાં નહિ આવે. ત્યારે હજાર સોનૈયા માગું? ના, ના, તેનાં પણ પૂરતાં ઘરેણાં નહિ થાય. ત્યારે ચાલો, લાખ સુવર્ણમહોર માગીએ. આમ ચડતાં ચડતાં યાચનાની હદ ન રહી એટલે પાછો વિચાર થયો કે અરે, બે માસા સોનાને માટે નીકળેલો તેને કરોડ સોનામહોરથી પણ સંતોષ થતો નથી; માટે ધિક્કાર છે આ તૃષ્ણાને! આવા વિચારથી ત્યાંજ કેશનો લોચ કર્યો. વિ૦ વિ૦. આ દૃષ્ટાંતમાં જોવાનું માત્ર એટલુંજ છે કે એક સ્ત્રીના સંબંધથી પણ તૃષ્ણા કેટલી વધે છે. તેને માટે એલાયચી કુમારનું ચરિત્ર પણ પ્રસિદ્ધ છે. સ્ત્રીમોહથી તેણે ઘણું સહ્યું. દુનિયામાં જરા નજર નાખશો તો તુરત જણાશે કે **સ્ત્રી એટલે ઘર અને ઘર એટલે બધું.** માટે સંસારમાં પડનારાઓએ અને પડેલાઓએ બહુ વિચાર કરવાનો છે.

આ ભવમાં આટલી અડચણો અને દુઃખ વેઠવાં પડે છે તે ઉપરાંત પરભવમાં પણ બહુ દુઃખની પ્રાપ્તિ થાય છે. મોહમાં મગ્ન થયેલાઓના નરક વિગેરે ગતિમાં શા હાલ થાય તે સહેજે સમજાય તેવું છે. ૩૮.

સ્ત્રી શરીરમાં શું છે તે વિચારવાની જરૂર.

अंगेषु येषु परिमुह्यसि कामिनीनां,
चेतः प्रसीद विश च क्षणमंतरेषां ।
सम्यक् समीक्ष्य विरमाशुचिपिंडकेभ्य-
स्तेभ्यश्च शुच्यशुचिवस्तुविचारमिच्छत् ॥ ५ ॥

"હે ચિત્ત! તું સ્ત્રીઓનાં શરીર ઉપર મોહ પામે છે; પણ "તું (અસ્વસ્થતા મૂકીને) પ્રસન્ન થા, અને જે અંગો ઉપર મોહ પામે "છે તે અંગોમાં પ્રવેશ કર. તું પવિત્ર અને અપવિત્ર વસ્તુના "વિચાર (વિવેક)ની ઇચ્છા રાખે છે તેથી બરાબર સારી રીતે વિચાર "કરીને તે અશુચિના ઢગલાથી વિરામ પામ." ૫. વસંત તિલકા.[1]

વિવેચન–આ પ્રાણી બહારના દેખાવ માત્રથી ફસાઈ જાય છે. કર્ત્તા કહે છે કે તને શરીરના જે ભાગ ઉપર મોહ થતો હોય તેની અંદર જરા ઊંડો ઉતર અને તેમાં શું છે તે વિચાર. જરા વિચાર કરીશ તો કદિ પણ મોહ થશે નહિ. રાવણ સરખા ભૂલ્યા તે આટલો વિચાર ન કરવાનું જ પરિણામ હતું અને નેમનાથ સંસાર છોડી ચાલ્યા ગયા તે એવો વિચાર કરવાનુંજ પરિણામ હતું. તેને પ્રથમથીજ સમજાઈ ગયું હતું કે સ્ત્રીસંબંધથી અનેક પ્રકારની ઉપાધિ જરૂર વધશે. અનેક મહાત્માઓ સંસાર છોડી જંગલમાં ચાલ્યા જાય છે તે આ બંધન તોડવા માટેજ છે. સ્ત્રીના રૂપમાં આસક્ત થયેલા મનુષ્યરૂપ અનેક પતંગીઆ બહારના મોહથી ફસાઈ સારાં કપડાં પહેરીને શોભીતી થયેલી પરસ્ત્રીરૂપ દીવાની ઝાળમાં પડે છે અને પછી શું થાય છે તે સર્વ સમજે છે. શૃંગારને પોષણ કરનારા કવિઓની કવિત્વશક્તિ ગમે તેટલી વખાણવા જેવી હોય, પણ તેઓની મનનશક્તિ આટલેથીજ અટકી છે. કોઈ આવાજ પ્રકારના હેતુથી શાંતરસને રસમાં ગણવાની તેમના તરફથી ના પાડવામાં આવી છે. કવિઓ પણ મનુષ્યજ હતા અને મનુષ્યની નબળી બાજુમાં મોહ રહે છે તેને વશ થઇ જવાથી મોહ તેઓના ઉપર પોતાની શક્તિ અજમાવે એ સ્વાભાવિક છે.

આ શ્લોકનો ભાવ વિચારવા જેવો છે. સંસારમાં ભમાડનાર કર્મો પૈકી મોહનીય કર્મ બહુ તીવ્ર છે, બળવાન્ છે અને સામે થવામાં જરા મુશ્કેલી પમાડે તેવું છે. ઉપમિતિ ભવ પ્રપંચના

---

૧ उक्ता वसंततिलका तभजा जगौगः વસંતતિલકામાં ચૌદ અક્ષર હોય છે.

– – ᴗ – ᴗ – ᴗ ᴗ ᴗ – ᴗ – – (૮–૬)

કર્ત્તા સિદ્ધર્ષિ ગણિ તેમજ અન્ય મહાત્માઓ કર્મોની અંદર તેને રાજાની પદવી આપે છે, અને બીજા કર્મોને તેના પ્રધાન, સિપાઈ તરીકે ઓળખાવે છે. ધર્મધનની હાનિ કરનાર મોહનીય કર્મના પ્રભાવથી ધર્મધનથી રહિત થઇ જઇ આ જીવ સંસારમાં રખડયા કરે છે. સંસાર ઓછો કરવો, ભવના ફેરા મટાડવા, સ્વસ્થાન પ્રાપ્ત કરવા અને નિરતિશય આનંદ મેળવવા સ્ત્રીપરનો મમત્વ ઓછો કરવો એ અત્ર ઉપદેશ છે. સાંસારિક ભોગ ભોગવનારાઓએ તેને ત્યજતી વખત શાળિભદ્ર અને સ્થુળિભદ્રાદિનું ચરિત્ર જોવું અને સંસારમાં ન પડ્યા હોય તેમણે પડ્યા અગાઉ નેમનાથ અને મલ્લિનાથાદિકનું ચરિત્ર જોવું. ૩૯.

ભવિષ્યની પિડાઓ વિચારીને મોહ ઓછો કરવો.

विमुह्यसि स्मेरदृशः सुमुख्या, मुखेक्षणा दीन्यभिवीक्षमाणः ।
समीक्षसे नो नरकेषु तेषु, मोहोद्भवा भाविकदर्थनास्ताः ॥ ६ ॥

"વિકસિત નયનવાળી અને સુંદર મુખવાળી સ્ત્રીઓનાં નેત્ર, "મુખ વિગેરે જોઇ તું મોહ પામે છે, પણ તેના મોહને લીધે ભવિ-"ષ્યમાં ઉત્પન્ન થનારી નરકની પિડાઓને તું કેમ જોતો નથી?" ૬.
ઉપજાતિ.

વિવેચન–દૂધ પીવાને લલચાયેલી બિલાડી દૂધનેજ દેખે છે, પણ માથે ડાંગ લઇને ઉભેલા પુરૂષને દેખતી નથી; ખોટો દસ્તાવેજ કરનાર તાત્કાલિક લાભનેજ જુએ છે પણ ન્યાયાસનપરથી થનારા ન્યાયને પરિણામે થનારી જેલજાત્રા તરફ નજર રાખતો નથી; તેવીજ રીતે મોહાંધ પ્રાણી સ્ત્રીનાં સુંદર અવયવ અને રેશમી સાડી જ દેખે છે, પણ તેનાથી આ ભવ અને પરભવમાં થનારી પીડાઓને વિચારતો નથી. નરકનાં દુઃખોનો ખ્યાલ આવવો પણ મુશ્કેલ છે. તેની શીત, ઉષ્ણ વિગેરે દશ પ્રકારની વેદનાનું સ્વરૂપ શાસ્ત્રમાંથી વાંચતાં મજબૂત હૃદયનો માણસ પણ કંપી ઉઠે છે. વળી ક્ષેત્રવેદના ઉપરાંત પરમાધામિકૃત વેદના પણ બહુ સખ્ત હોય છે. આ ઉપરાંત ત્રીજી પરસ્પર નારકી જીવો અનેક ઉપઘાત કરે છે, તે અન્યોન્યકૃત વેદના પણ બહુ સખ્ત છે. આવી રીતે ક્ષણુ-

માત્રના સુખની આતર દીર્ઘકાળનું મહાદુઃખ વહોરવું પડે છે, તેનો હે ભાઈ! વિચાર કર. (આજ મુદ્દા ઉપર આખો શૃંગાર વૈરાગ્ય તરંગિણી ગ્રંથ લખાયેલો છે, તે વાંચવાની ખાસ ભલામણ કરવામાં આવે છે.) ૪૦.

સ્ત્રી શરીર, સ્વભાવ અને ભોગ ફળનું સ્વરૂપ.

अमेध्यभस्त्रा बहुरंध्रनिर्यन्, मलाविलोद्यत्कृमिजालकीर्णा ।
चापल्यमायानृतवंचिका स्त्री, संस्कारमोहान्नरकाय भुक्ता ॥ ७ ॥

"વિષ્ટાથી ભરેલી ચામડાની કોથળી, બહુ છિદ્રોમાંથી નીકળતા "મળ (મુત્ર-વિષ્ટા)થી મલીન, (યોનીમાં) ઉત્પન્ન થતા કીડાઓથી "વ્યાપ્ત, ચપળતા, માયા અને અસત્ય (અથવા માયામૃષાવાદ) "થી ઠગનારી એવી સ્ત્રીઓ પૂર્વ સંસ્કારના મોહથી નરકમાં જવા "સારૂંજ ભોગવાય છે." ૭. ઉપજાતિ.

વિવેચન-સ્ત્રી શરીરનું સ્વરૂપ ઉપર બહુ વિવેચનથી બતાવાઈ ગયું. આ શ્લોકમાં કહે છે કે સ્ત્રી વિષ્ટાની કોથળી છે. "યકૃત, વિષ્ટા, શ્લેષ્મ, મજ્જા અને હાડકાથી ભરેલી, અને સ્નાયુઓથી વીંટી લીધેલી બહારથી રમ્ય સ્ત્રીઓ ચામડાની કોથળી છે." વૈદક શાસ્ત્ર પ્રમાણે તેનાં શરીરનાં અગ્યાર, બાર દ્વારો નિત્ય વહ્યાં કરે છે. ટીકાકાર વાત્સાયન શાસ્ત્રમાંથી શ્લોક ટાંકી બતાવે છે કે, 'સૂક્ષ્મ, મૃદુ, યોનીના મધ્ય ભાગમાં રહેનારા અને લોહીમાંથી ઉત્પન્ન થતા કૃમીઓ સ્ત્રીઓને બરજ ઉત્પન્ન કરે છે.' સ્ત્રી શરીર અપવિત્ર છે એ આટલી હકીકતથી સમજાય તેવું છે. અત્ર લૌકિક શાસ્ત્રોથી પણ તે અપવિત્ર છે એમ બતાવ્યું. વિચાર કરનારને તો શાસ્ત્રની પણ અપેક્ષા રહેતી નથી, કારણ કે આ વાત વિચાર માત્રથી પણ સમજાય તેવી છે. શાસ્ત્રમાં જોઈએ તો કલિકાલ સર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય યોગશાસ્ત્રના ત્રીજા પ્રકાશમાં લખે છે કે મુમુક્ષુ જીવ રાત્રે ઉંઘમાંથી જાગી જાય તો વિચાર કરે કે વિષ્ટા, મળ, મુત્ર, શ્લેષ્મ, મજ્જા, સ્નાયુ અને અસ્થિની બનાવેલી, બહારથી સુંદર લાગતી સ્ત્રીઓ ચામડાની કોથળી છે. કદાચ એ કોથળીમાં જે હોય તેને બહાર કાઢયું હોય એટલે કે કોથળી ઉલટાવી નાંખી

હોય તો તેનો ઈચ્છક પુરૂષ શિયાળ અને ગીધથી તેનું રક્ષણ કરવા ઉભો રહે. (એટલે એ પદાર્થો તરફ પશુઓ ખેંચાઇ આવે એવા પદાર્થો છે). સ્ત્રીરૂપ શસ્ત્રથી જ જ્યારે કામી જીતાઇ જાય છે ત્યારે કામદેવ શા માટે તદ્દન નામનું શસ્ત્ર હાથમાં લેતો નથી, અર્થાત્ ગમે તેવા શસ્ત્રથી પણ કામી જીતાઇ જશે; એને જીતવા માટે મોટાં શસ્ત્રોની જરૂર પડશે નહિ.

સ્ત્રીઓમાં ચાપલ્ય, માયા વિગેરે દોષો સ્વાભાવિક હોય છે. નૈતિક શાસ્ત્રમાં કહ્યું છે કે 'અસત્ય, સાહસ, માયા, મૂર્ખાઇ, લોભીપણું, અપવિત્રપણું, નિર્દયપણું એટલા દોષો સ્ત્રીઓમાં સ્વાભાવિક રીતેજ હોય છે.' આપણો અનુભવ છે કે જુના સંસારમાં અમદાવાદી કીનખાબ સારૂ કજીયા થાય છે ત્યારે સુધરેલા સંસારમાં ફેન્સ સીલ્ક સારૂ કજીઆ થાય છે; પરંતુ વાત એકની એકજ છે. ચાલુ જમાનાની બરચાળ જીંદગીમાં સ્ત્રીઓ કેટલે દરજ્જે જવાબદાર છે તે એક વિચારવા જેવો સવાલ છે.

સ્ત્રીભોગનું ફળ શું થાય? વિષયાનંદમાં ધર્મભાવ તો રહે જ નહિ, તેમાં પણ વિશેષે કરીને સ્પર્શેન્દ્રિયના ભોગમાં તો મન ઇંદ્રિય એકાકાર પ્રવર્તે ત્યારે જ આનંદ થાય છે. આનું પરિણામ શું આવે? શાસ્ત્રકાર ફરમાવી ગયા છે કે સાધુ જો સ્ત્રીનો સંબંધ કરે તો બહુ પાપ બાંધે, જે પાપનું વર્ણન સાંભળતાં કંપારી થાય તેમ છે, અને સમકિતથી પણ ભ્રષ્ટ થાય, અને ગૃહસ્થને ભોગદ્વારા નરકગમન કરાવનાર થાય. આવી રીતે જુઓ કે સ્ત્રીશરીરમાં કાંઇ પણ વખાણવા જેવું નથી, સ્ત્રીનો સ્વભાવ ઉક્ત પ્રકારનો છે, અને તેને ભોગવવાથી પરિણામે આ ભવમાં અને પરભવમાં મહા દુઃખ થવાનું છે. હવે આટલું બતાવ્યા પછી શું કરવું જોઇએ તે મનમાં જ સમજી જાઓ. ૪૧.

લલનામમત્વ મોચનદ્વારનો ઉપસંહાર અને સ્ત્રીની હીન ઉપમેયતા.

निर्भूमिर्विषकंदली गतदरी व्याघ्री निराव्हो महा-
व्याधिर्मृत्युरकारणश्च ललनाऽनभ्रा च वज्राशनिः ।

बंधुस्नेहविघातसाहसमृषावादादिसंतापभूः,
प्रत्यक्षापि च राक्षसीति विबुधैःख्याताऽऽगमे त्यज्यताम्॥८॥

"(સ્ત્રી) ભૂમિ વગરની (ઉત્પન્ન થયેલી) વિષની વેલડી છે, "ગુફા વગરની વાઘણ છે, નામ વગરનો મોટો વ્યાધિ છે, કારણ "વિનાનું મૃત્યુ છે, આકાશ વગરની વિજળી છે, સગા અથવા "ભાઇઓના સ્નેહનો નાશ, સાહસ, મૃષાવાદ વિગેરે સંતાપોનું "ઉત્પત્તિસ્થાન છે અને પ્રત્યક્ષ રાક્ષસી છે;–આવાં આવાં ઉપ- "નામો સ્ત્રીઓ માટે આગમમાં આપવામાં આવ્યાં છે, માટે તેને "ત્યજી દો." ૮. શાર્દૂલવિક્રીડિત.[1]

વિવેચન–આ શ્લોકનો ભાવાર્થ સમજી શકાય તેવો છે. ગુફા વગરની વાઘણની બીક વધારે રાખવાનું કારણ છે. ગુફામાં રહેતી હોય તો તેટલી જ જગોએ બીક રહે છે, નહિ તો આખા જંગલમાં બીક રહે છે. આવી રીતે સ્ત્રીની બીક આખા સંસારવનમાં રહે છે. બાકી અર્થ સમજી શકાય તેવો છે. ૪૨.

* * * *
* * * *

વિદ્વાન્ ગ્રંથકારે આ પ્રમાણે **સ્ત્રીમમત્વદ્વાર** પૂર્ણ કર્યું. સમતાના અધિકાર પછી તરત જ સ્ત્રીમમત્વદ્વાર લખવામાં ગંભીર આશય છે. સ્ત્રી એ સંસાર છે, અને એના મમત્વમાં ફસાવાથી સંસારની જેટલી વૃદ્ધિ થાય છે તેટલી બહુધા બીજા કોઈ કારણથી થતી નથી. સ્ત્રીઓ માટે ગ્રંથકારે આટલું બધું લખ્યું તેનો આશય એમ જણાય છે કે સર્વ પ્રકારના મોહ કરતાં સ્ત્રી તરફનો મોહ પ્રાણીને બહુ બંધનકર્ત્તા થઈ પડે છે. જેમ પુરૂષોને સ્ત્રીઓ બંધન રૂપ છે તેમજ સ્ત્રીઓને પુરૂષો બંધન રૂપ છે. આ અધિકારમાં

---

૧ सूर्याश्वैर्यदिमः सजौसततगा शार्दूलविक्रीडितम्
શાર્દુલવિક્રીડીતમાં ૧૯ અક્ષર હોય છે. મ, સ, જ, સ, ત, ત તથા ગ.
– – – ᴗ ᴗ – ᴗ – ᴗ ᴗ – – – ᴗ – – ᴗ –

બતાવેલી હકીકત સ્ત્રીઓએ પુરૂષોના સંબંધમાં તેમજ સમજવી. વિશેષમાં એટલું પણ જણાય છે કે અગરજો સ્ત્રીઓને મનોવિકાર વધારે હોય છે છતાં પણ પુરૂષ કરતાં ઘારે તો સ્ત્રીઓ મનપર અંકુશ વધારે રાખી શકે. પુરૂષની લલચાવી સ્ત્રી લલચાશે નહિ, ત્યારે પુરુષને પીગળી જતાં બહુ ઓછીવાર લાગશે. સ્ત્રીશરીરબંધારણ વિગેરે કેટલાંક કારણો એવાં છે પણ અત્ર તે પ્રસ્તુત નથી. આ આઠ ગાથામાં સ્ત્રીના શરીરની અશુચિ તરફ ગ્રંથકારે બહુ ધ્યાન ખેંચ્યું છે; આ ઉપરાંત એક હકીકત એ છે કે પ્રેમ સ્વાભાવિક અને વિષયજન્ય એમ બે પ્રકારના હોય છે. વિષયજન્ય પ્રેમ યુવાવસ્થામાં બળવાન્ હોય છે. આવો પ્રેમ જ બહુધા દુનિયામાં દેખાય છે, પણ તેથી કેટલે દરજ્જે લેવાઇ જવું એ વિચારવા યોગ્ય સવાલ છે. **સુરીકાંતા, નયનાવળી** વિગેરેના પ્રેમ અને સ્વાર્થ તથા મનોવિકારતૃપ્તિ સ્ત્રીઓની કાળી બાજુ બતાવે છે. દુનિયાનો અનુભવી માણસ જોઇ શકશે કે પ્રેમની પરિસિમા કયાં દોરાય છે અને સ્વાર્થ સંઘટ્ટન થતાં કેવા દૂર બેસી જવાય છે. સ્ત્રીસંબંધથી અથવા તન્નિમિત્તે ઘણું ખૂન અને ફોજદારી કેસો બને છે. આવી રીતે સ્ત્રીસંબંધથી અનંત સંસાર વધે છે એ નિઃસંદેહ છે.

વિષયતૃપ્તિમાં વાસ્તવિક કશો આનંદ નથી, એ સર્વ સમજે છે; પણ મનોવિકારને તાબે થઈ આ પ્રાણી અનેક ચાળા કરે છે. બસુસ કરીને જેઓ સ્થાને અસ્થાને વખતે કવખતે વિષયાધીન થઈ જતા હોય તેઓને તો બહુજ વિચારવાનું છે; કદાચ સ્વસ્ત્રીનો ત્યાગ ન બને તો પણ પરસ્ત્રી તરફ નજર કરવામાં અથવા તેની સાથે સંબંધ કરવામાં તેના પતિને કેટલો અન્યાય કરાય છે તે બહુ વિચારવા જેવું છે. એવીજ સ્થિતિમાં પોતાની જાતને મૂકવાથી તરત જ તેનો ખ્યાલ આવી શકે તેમ છે. સાધારણ વ્યવહારના નિયમથી, આબરૂદાર ગૃહસ્થની ફરજ તરીકે પણ પરસ્ત્રીસંબંધનો તો વિચાર જ થવો ન જોઇએ. દેખીતા સારા અને આબરૂદાર માણસો પણ જ્યારે આ ફંદમાં પડે છે ત્યારે પ્રતિષ્ઠા, ધન અને શરીરની હાનિ કરે છે, અને તેઓપર સંસારની અનેક આપત્તિઓ આવી

પડે છે. પોતાની સ્ત્રીનો સંબંધ કરવામાં પણ વખત–સંયોગ જોવા અને જેમ બને તેમ સંકોચ કરવો. મનમાં ઇચ્છા તો નિરંતર વિષયત્યાગની જ રાખવી.

આ ઉપયોગી વિષય ઉપર શાસ્ત્રના ઘણા ગ્રંથોમાં લેખ છે. તેને માટે ઇંદ્રિય પરાજયશતક, ઉપદેશમાળા, શૃંગારવૈરાગ્ય તરંગિણી, ભવભાવના, પુષ્પમાળા વિગેરે ગ્રંથો જોવા. ચાલુ જમાનાના બહારના દેખાવથી ફસાઈ જવું નહિ અને આ જીવનનો કાંઈક ઉંચો હેતુ છે, સંસારવૃદ્ધિ અને એશઆરામ સારૂ આ જીવન નથી એટલી સાધ્યદૃષ્ટિ રાખી યોગ્ય પ્રવૃત્તિ કરવામાં આવશે તો તેનું ઝેર ઉતરી જશે.

इति सविवरणः स्त्रीममत्वमोचननामा द्वितीयोऽधिकारः

अथ तृतीयोऽपत्यममत्व मोचनाधिकारः

अध्यात्म જ્ઞાનના રસિક જીવોને સમતાની જરૂર છે અને તેનાં સાધનો પૈકી મમત્વત્યાગની પ્રથમ આવશ્યકતા છે. સ્ત્રીઓ પછી આ પ્રાણીને પુત્રનો મમત્વ તજવો બહુ આકરો થઇ પડે છે, તેથી આ પુત્રપુત્રીનો ત્યાગ બતાવનાર ત્રીજું દ્વાર સંક્ષેપથી કહે છે.

પુત્રપુત્રી બંધન છે તેનું દર્શન.

मा भूरपत्यान्यवलोकमानो मुदाकुलो मोहनृपारिणा यत् ।
चिक्षिप्सया नारकचारकेऽसि दृढं निबद्धो निगडैरमीभिः ॥ १ ॥

"તું પુત્રપુત્રીને જોઇને હર્ષઘેલો થા મા, કારણ કે મોહ-
"રાજા નામના તારા શત્રુએ તને નરકરૂપ બંદિખાને નાંખવાની
"ઇચ્છાથી આ (પુત્રપુત્રી રૂપ) લોઢાની બેડીવડે તને મજબૂત
"બાંધ્યો છે." ૧. ઉપજાતિ.

વિવેચન–"પિતા અને માતા વચ્ચે સ્નેહબંધન રૂપ પુત્ર નામની સાંકળ નાંખવામાં આવે છે" એમ કવિ ભવભૂતિ કહે છે. પુત્રને જોઇને માણસ ગાંડા ઘેલો થઈ જાય છે, અને તેની સાથે બોલવામાં રમાડવામાં એવી જાતની ચેષ્ટા કરે છે કે જાણે તે પોતે ગાંડો થઇ ગયો હોય. વળી બાળકની સાથે બાળક થઇ જાય છે. પ્રસંગોપાત ગ્રંથકર્ત્તા તેને સમજાવે છે કે મોહરાજાએ આ બંધન

કર્યું છે. કેદમાં પડેલા માણસને કોઈ પણ પ્રકારનો આનંદ થતો નથી, તેને સુખ નથી; તેમ જ આ પુત્રબંધનથી તારી સર્વ સ્વતંત્રતાનો નાશ થાય છે. તારે દેશસેવા, પિતૃસેવા કે આત્મસેવા કરવી હશે તે પણ ઓછી થશે અથવા નહિ થઇ શકે. આર્દ્રકુમાર ફરી દીક્ષા લેવા માટે જવા ઇચ્છતા હતા ત્યારે પુત્રે કાચા સુતરના બાર તાંતણા તેના પગ ફરતાં વીંટયા; તેવા તાંતણા તો શું પણ દર્શન માત્રથી પણ હાથીની સાંકળ તોડવાની શક્તિવાળા એવા અને હજારો માણસોને ભારે પડે તેવા આર્દ્રકુમારથી તે કાચા સુતરના તાંતણા તુટ્યા નહિ, અને બાર વરસ વધારે ઘરમાં રહેવું પડ્યું. પુત્રપુત્રીઓનું બંધન આવા પ્રકારનું છે.

મહા વૈરાગ્ય ભાવ જાગૃત થતાં કોઈ આસન્નસિદ્ધિ જીવને સંસારત્યાગ કરવાની ઇચ્છા થાય છે ત્યારે સ્ત્રી અને પુત્ર કેટલાં બંધનરૂપ થાય છે, તે સર્વને અનુભવસિદ્ધ છે. આત્મધર્મ અને ઉંચા પ્રકારની ફરજ અદા કરવા જતાં પુત્રધર્મ અને પતિધર્મને કાંઇપણ બાધ આવે તો વધારે માન હમેશાં આત્મધર્મનેજ મળવું જોઇએ, અને જનયજ્ઞ કરતાં પિતૃયજ્ઞ કે પુત્રયજ્ઞનો ભોગ આપવો પડે તો પણ સર્વ ધર્મને તે ઇષ્ટજ છે. ૪૩.

પુત્રપુત્રી શલ્યરૂપ છે તેનું દર્શન.

आजीवितं जीव भवान्तरेऽपि वा, शल्यान्यपत्यानि न वेत्सि किं ह्यदि ।
चलाचलैर्यैं विविधार्ति दानतो, ऽनिशं निहन्येत समाधिरात्मनः ॥ २॥

"હે ચેતન! આ ભવમાં અને પરભવમાં પુત્રપુત્રી શલ્ય "છે એમ તું તારા મનમાં કેમ જાણતો નથી? તેઓ થોડી અથવા "વિશેષ ઉમ્મર સુધી જીવીને તને અનેક પ્રકારની પીડા કરી તારી "આત્મ સમાધિનો નાશ કરે છે." ૨. ઉપજાતિ.

વિવેચન–છોકરાંઓ અનેક ઉપાધિનાં કારણ છે. તે ઉપરાંત વળી માબાપને શલ્યભૂત છે. જો **ચળ** એટલે ઓછા આયુષ્યવાળો હોય તો માબાપને શોક કરાવે છે અને જો વિધવા મૂકીને જાય છે તો તો શોકનો કાંઇ પારજ રહેતો નથી. જો **અચળ** એટલે વધારે

આયુષ્યવાળા હોય છે તો કેળવણી, પાણિગ્રહણ, લગ્ન, સંસારમાં વધારવાં વિગેરે કાર્યોમાં વ્યગ્ર પિતાને અનેક ઉપાધિ થાય છે; તેમાં પણ પુત્રને ઇચ્છા પ્રમાણે આગળ નહિ વધતો જોઇને મનમાં બહુ લાગી આવે છે. વળી તેઓ **ચળાચળ** એટલે ચંચળ હોય તો કુકર્મો કરીને પિતાના ચિત્તને શાંતિ રહેવા દેતા નથી. વળી અતિશયાર્થે દ્વિર્ભાવ લઈ ચળાચળનો અર્થ વિનશ્વર કરીએ તો તેવા પુત્ર પુત્રીથી પણ શાંતિ રહેતી નથી. આવી રીતે પુત્રપુત્રીથી સર્વદા સમાધિનો નાશ તો થાય છેજ.

પુત્ર કરતાં પણ પુત્રીની બાબતમાં વધારે ચિંતા રહે છે. તેને ભણાવવી, સારો વર શોધવો અને તેનાં પુત્રપુત્રી સુધી દરેક પ્રસંગે પોતે હાથ લંબાવવો અને કમનશીબ હોય તો તેનાં વૈધવ્યનાં દુઃખો જોવાં–આ સર્વ અંતઃકરણમાં શલ્યરૂપજ છે.

આવી રીતે આ ભવમાં અપત્યથી સમાધિનો નાશ થાય છે અને તે દુર્ધ્યાનના પરિણામે આવતા ભવમાં પણ ઠરીને બેસવાનો વારો આવતો નથી. આ શ્લોક જેને પુત્ર ન હોય તેણે ખાસ ધ્યાનમાં રાખવા જેવો છે. આ સંબંધમાં આ અધિકારની છેવટના ઉદ્‌ગારોમાં વિશેષ સ્વરૂપ છે. ૪૪.

આક્ષેપદ્વારા પુત્ર મમત્વ ત્યાગનો ઉપદેશ.

कुक्षौ युवत्याः कृमयो विचित्रा, अप्यस्रशुक्रप्रभवा भवन्ति ।
न तेषु तस्या न हि तत्पतेश्च, रागस्ततोऽयं किमपत्यकेषु ॥ ३ ॥

"પુરૂષનું વીર્ય અને સ્ત્રીનું રક્ત–તે બન્નેના સંયોગથી સ્ત્રીની "યોનિમાં વિચિત્ર પ્રકારના કીડાઓ ઉત્પન્ન થાય છે; તેના ઉપર "સ્ત્રીનો કે તેના પતિનો રાગ થતો નથી, ત્યારે પુત્રો - ઉપર "શાસારૂ રાગ થાય છે?" ૩. ઉપજાતિ.

વિવેચન–એકજ સંયોગના પરિણામે પુત્ર પુત્રી અને બેઇંદ્રિય જીવો યોનિમાં ઉત્પન્ન થાય છે. એક ઉપર પ્રીતિ થાય છે અને બીજા ઉપર દુગંચ્છા થાય છે. આ પ્રેમની વિચિત્રતા છે. સૂક્ષ્મ જીવોની ઉત્પત્તિ ધર્મશાસ્ત્ર અને કામશાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. સ્થાન,

સમય અને સંજોગમાં એકાકાર વૃત્તિ છે, છતાં પણ મનના દ્વિધા ભાવથી પ્રેમમાં આવી વિચિત્રતા છે, એ જોવા જેવું છે. આ ઉપદેશ આક્ષેપથી કરેલો છે અને જોકે શબ્દો કર્કશ છે છતાં પણ ઉપદેશના ગર્ભમાં જે ઉચ્ચભાવ છે તે ધ્યાન આપવા યોગ્ય છે. ૪૫.

અપત્યપર સ્નેહબદ્ધ ન થવાનાં ત્રણ કારણો.

त्राणाशक्तेरापदि संबंधानंत्यतो मिथोंऽगवताम् ।
संदेहाच्चोपकृते, मापत्येषु स्निहो जीव ॥ ४ ॥

" આપત્તિમાં પાલન કરવાની અશક્તિ હોવાથી, પ્રાણીઓનો " દરેક પ્રકારનો પરસ્પર સંબંધ અનંત વખત થયેલો હોવાથી અને " ઉપકારનો બદલો વાળવાનો સંદેહ હોવાથી હે જીવ! તું પુત્ર " પુત્રાદિપર સ્નેહવાળો થા મા." ૪. આર્યા.

વિશેષાર્થ–પુત્રપુત્રાદિના સ્નેહમાં આસક્ત ન થવાનાં ત્રણ કારણો બતાવે છે. (૧) દુઃખમાંથી રક્ષણ કરવાને તેઓ શક્તિવાન નથી. કર્મજનિત પાપોદય થવાથી આપત્તિ આવે છે તેમાંથી રક્ષણ કરવાને કોઇ પણ શક્તિવાન હોય તો તે આત્મશક્તિજ છે, બીજાનું કાંઇ પણ ચાલતું નથી. કર્મસ્વરૂપ સમજતા હોય તેઓને આ દલીલનું વાસ્તવિકપણું સમજાઇ જશે.

(૨) આ પ્રાણીઓને પરસ્પર અનેક સંબંધ થાય છે. દરેક પ્રાણી માતા, પિતા, સ્ત્રી, પુત્રપણે અનંતવાર થાય છે. સમતા દ્વારમાં આ સંબંધી સંપૂર્ણ વિવેચન થઇ ગયું છે; પણ અપત્યપર આસક્ત ન થવાનું આ એક મજબૂત કારણ છે તેથી અત્ર તે તરફ ધ્યાન ખેંચવામાં આવે છે.

(૩) ઉપકારનો બદલો વાળવાનો સંદેહ છે. અનેક પુત્રો તો પિતાની પહેલાંજ દુનિયા ત્યજી જાય છે અને કેટલાએક કુપુત્ર નીવડે છે. આવા પુત્રો પિતાને જરા પણ ઉપયોગી થતા નથી એટલુંજ નહિ પણ શોક અને ચિંતાનું કારણ થઇ પડે છે. કોણીકે પોતાના પિતા શ્રેણીકના શા હાલ કર્યા હતા તે પ્રસિદ્ધ વાત છે. વૃદ્ધાવસ્થામાં પુત્રો બાપાને કેવી રીતે હડધૂત કરે છે તે અનુભવી-

ઓએ જોયું છે. વારસો લેવાની લાલચે કેટલાએક પુત્રો કેવાં કેવાં કૃત્યો કરે છે તે પ્રસિદ્ધ વાત છે. જગત્માં સુપુત્રો નથી એમ કહેવાની મતલબ નથી. રામ અને અભય કુમાર જેવા પણ છે,[1] પણ પોતાનો પુત્ર કેવો નીવડશે તે વીમો છે અને તે વીમાની ખાતર પોતાનું આત્મસાધન ન કરવું એ અનુચિત છે. આ ત્રણ કારણથી અપત્યસ્નેહબદ્ધ થવું નહિ. બીજા કાવ્યને છેડે થયેલી શંકાનું અત્ર નિવારણ થઇ જાય છે. ૪૬.

* * * *
* * * *

આવી રીતે ત્રીજું અપત્ય મમત્વ મોચન દ્વાર પૂર્ણ કરવામાં આવ્યું છે. પુત્રપ્રાપ્તિથી અતિ હર્ષ માનવો નહિ, પુત્રમરણથી દિલગીર થવું નહિ અને પુત્રપુત્રાદિના બંધનથી સંસાર વધારવો નહિ એ મુખ્ય ઉપદેશ છે. આ સંબંધમાં વધારે અગત્યની બાબત એ છે કે પુત્ર ન હોય તો દુર્ધ્યાન કરવું નહિ. પુત્ર પુત્રી હોય તો તેને કાઢી મૂકાતાં નથી પણ ન હોય તેણે સંતોષ રાખવો જોઇએ. તેઓએ માનવું કે દુનિયાની મોટી જંજાળથી તેઓ મુક્ત છે અને આત્મસાધન, ધર્મકાર્યમાં દ્રવ્યવ્યય અને દેશસેવામાં જીવન અર્પણ કરતાં તેઓને કશી અડચણ નથી. અત્યંત દિલગીરી સાથે લખવું પડે છે કે મનુષ્યવ્યવહારમાં આથી તદ્દન વિરૂદ્ધ દેખાવ નજરે પડે છે. બસુસ કરીને કેળવણીથી બેનશીબ રહેલા માણસો શાસ્ત્ર અને સંપ્રદાય વિરૂદ્ધ આચરણ પુત્રપ્રાપ્તિ સારૂ કરે છે. જાણે કે પુત્રથીજ મોક્ષ હોય તેમ માની લૌકિક મિથ્યાત્વરૂપ માનતા માને છે, લીલ પરણાવે છે અને આખો દિવસ દુર્ધ્યાન કર્યા કરે છે; આટલુંજ નહિ પણ કેટલાએક મૂર્ખાનંદો તો એક છતાં બીજી સ્ત્રી પણ પરણે છે. અભણ સ્ત્રીઓ પોતાનો હક સ્થાપન કરી શકતી નથી તેથી તેના ભર્તારો તેની નબળાઇનો ગેરલાભ લેછે, પણ આવું સ્વાર્થીપણું હવેના જમાનામાં ચાલવાનું નથી. પુત્રવાનને શું સુખ

[1] આવા પુત્રો થોડા હોય છે, તેથીજ ગ્રંથકર્ત્તા 'સંદેહ' શબ્દ મૂકે છે; જ્યારે પ્રથમની બે બાબતમાં નિર્ણય બતાવેછે.

છે તે તેઓ જોતાં નથી; તેમાં બીલકુલ સુખ નથી. પણ દૂરથી જોતાં બહુ પુત્રવાળો સુખી જણાય છે. પુત્રવાનોને પુત્રની બાસ કિંમત નથી, પણ પુત્ર ન હોય તેઓ પોતાની જીંદગીને નિષ્ફળ માને છે. આ તદ્દન અજ્ઞાનતા અને મોહનો કેફ છે. તેનાપર જ્ઞાનનો પ્રકાશ પડવાની જરૂર છે. અપત્યપર સ્નેહ રાખી સંસારયાત્રા વધારવી, એવો જૈનશાસ્ત્રનો ઉદ્દેશ નથી. ચોથા શ્લોકમાં જે ત્રણ કારણો બતાવ્યાં છે તે તરફ બાસ ધ્યાન ખેંચવામાં આવે છે. આ અધિકારમાં સર્વથી ઓછા શ્લોક છે, પણ મુદ્દાની હકીકતનો સંક્ષેપમાં સારી રીતે સમાવેશ કરી દીધો છે.

इति सविवरणोऽपत्यममत्वमोचननामा तृतीयोऽधिकारः

अथ चतुर्थो धनममत्व मोचनाधिकारः

આ પ્રાણીને મોહ સંસારમાં પરિભ્રમણ કરાવે છે. અનેક પ્રકારના મોહમાં પૈસા અને સ્ત્રીપુત્રનો મોહ વિશેષ હેરાનગતિ કરે છે. સ્ત્રીપુત્રના મોહ સંબંધી વિવેચન થઇ ગયું. હવે તેનાથી જરા પણ ન ઉતરે તેવો બલકે તેથી પણ વધારે રખડાવનાર ધનનો મોહ કેવો છે, કોને થાય છે, શામાટે થાય છે, તેનો પ્રતિકાર શો, વિગેરે સ્વરૂપયુક્ત ચોથો અધિકાર બતાવે છે.

પૈસા પાપના હેતુભૂત છે.

याः सुखोपकृतिकृत्वधिया त्वं, मेलयन्नसि रमा ममताभाक् ।
पाप्मनोऽधिकरणत्वत एता, हेतवो ददति संसृतिपातम् ॥ १ ॥

"લક્ષ્મીની લાલચમાં લેવાયેલો તું (સ્વ) સુખ અને ઉપકારની બુદ્ધિથી જે લક્ષ્મી મેળવે છે તે અધિકરણ હોવાથી પાપનીજ હેતુભૂત છે અને સંસારભ્રમણને આપનારી છે." ૧.

સ્વાગતાવૃત્ત.

વિવેચન–ધન મેળવતી વખતે પોતાને સુખ મેળવવાની અને સ્વજન કુટુંબ મિત્રાદિપર ઉપકાર કરવાની બુદ્ધિ હોય છે.-(ગ્રંથકર્ત્તા બહુ સારો ભાવ લઇને આ લખે છે, પરંતુ સત્ય હકીકત જોઇએ તો આવી બુદ્ધિ પણ બહુ થોડાને હોય છે. ઘણા લક્ષ્મીવાનો તો પોતે સુખ ભોગવતા નથી, દાન દેતા નથી, માત્ર લક્ષ્મીની

તીજોરી ઉપર ચોકીજ કર્યા કરે છે.) આવા હેતુથી મેળવાતી અને મેળવેલી લક્ષ્મી પણ કર્માદાન વિગેરે અનેક પાપોથી ભરપૂરજ હોય છે, અને એવા પાપથી ભારે થયેલો પ્રાણી સંસારસમુદ્રમાં ડૂબતો જાય છે અને પછી અનંતકાળ સુધી ઉંચો આવી શકતો નથી.

મમ્મણ શેઠ પાસે બહુ દ્રવ્ય હતું, છતાં પોતે તો તેલ ને ચોળાજ ખાતા હતા અને ઘોર અંધારી રાત્રિએ વરસતા વરસાદમાં પૂર આવેલી નદીમાંથી લાકડાં ખેંચીને પૈસા સારૂ અનેક કષ્ટ વેઠતા હતા. તેઓ મરીને કયાં ગયા? નરકમાં જવાથી સંસારપાતજ થયો. ઇતિહાસમાં આપણે જોઇએ છીએ તો ધન-પૈસા ખાતર અનેક જીવોનો નાશ કરવામાં આવે છે, અને જેઓ પૈસા મેળવે છે તેઓ પોતાનો લોભ પૂરો પાડવા સારૂજ પૈસા મેળવે છે. જુલીયસ સીઝર, પોમ્પી, મેરીયસ, નેપોલીયન બોનાપાર્ટ અને છેલ્લા વખતમાં બોર અને અંગ્રેજોનું યુદ્ધ અને જાપાન તથા રૂશીઆનું યુદ્ધ પૈસાપ્રાપ્તિ સારૂંજ છે. ઇતિહાસમાં લોહીની નદીઓ વહી છે તે સર્વ આ લક્ષ્મીની પ્રાપ્તિ માટેજ બહુધા થયેલી હોય છે. આવાં કારણોથી **તીર્થંકર મહારાજ** તો થાળી ટીપી ટીપીને કહી ગયા છે કે ભાઇઓ! પૈસાનો લોભ કરશો નહિ. પૈસાથી નરક બહુ નજીક આવે છે. ૪૭.

ધન ઐહિક અને આમુષ્મિક દુઃખ કરનાર છે.

यानि द्विषामप्युपकारकाणि, सर्पोंदुरादिष्वपि यैर्गतिश्च ।
शक्या च नापन्मरणामयाद्या, हन्तुं धनेष्वेषु क एव मोहः॥ २॥

"જે પૈસા શત્રુને પણ ઉપકાર કરનારા થઈ પડે છે, જે "પૈસાથી સર્પ ઉંદર વિગેરેમાં ગતિ થાય છે, જે પૈસા મરણ રોગ "વિગેરે કોઈ પણ આપત્તિઓ દૂર કરવાને શક્તિવાન નથી તેવા "પૈસા ઉપર તે મોહ શો?" ૨. ઇંદ્રવજ્રા.

ભાવાર્થ-વ્યવહારમાં પૈસાદારને આસમાનમાં ચડાવી દેવામાં આવે છે. सर्वे गुणाः कांचनमाश्रयन्ते. 'वसु विना नर पशु' વિગેરે વ્યાવહારિક વાક્યો કેટલે અંશે આડે માર્ગે દોરનારાં છે તે અત્ર બતાવે છે. પ્રથમ પદમાં બહુ સરસ ભાવ બતાવ્યો છે. શત્રુ ધન

લુંટી જઈ અને તેજ ધનથી બલવાન થઈ તારી સામે તે વાપરે છે. **પરશુરામે** મહા સંહાર કરીને **નક્ષત્રી**[1] કરેલી પૃથ્વી અને દોલત-સર્વ **સુભૂમને** ભોગ પડ્યાં. પ્રતિવાસુદેવો મહા મહેનત કરી ત્રણ ખંડનું રાજ્ય એકઠું કરે છે તે વાસુદેવના ઉપભોગમાં આવે છે, અને પ્રતિવાસુદેવનું ચક્ર તેનું પોતાનું જ માથું છેદે છે. આવી રીતે આપણા પૈસાથી આપણો શત્રુ પણ બળવાન્ થઈ શકે છે.

બહુ લોભી પ્રાણીઓ મરણ પામીને પોતાના ધન ઉપર સર્પ કે ઉંદર થાય છે, એવી વાત આપણે શાસ્ત્રમાં વારંવાર વાંચીએ છીએ. આ ભવમાંજ નહિ પણ પરભવમાં પણ આટલું દુઃખ દેનાર નીચ જાતિમાં (તિર્યંચમાં) ગમન કરાવનાર પૈસાને માટે શું કહેવું અને તેનાપર મોહ કેવો કરવો, તે વિચારવા જેવું છે.

રાજા, ચક્રવર્તી અને આખી દુનિયાને માથે લેનારા બીજા શૂરવીરો ચાલ્યા ગયા ત્યારે તેઓના પૈસાએ તેઓને બચાવ્યા નહિ, અને મોટા ધન્વંતરી વૈદ્યો કે ડાક્તરો પણ બચાવી શકયા નહિ. મોટા ધનવાનો માંદા પડે છે ત્યારે તેઓને અસાધ્ય વ્યાધિ-માંથી પૈસા બચાવી શકતા નથી, તેમ બીજી આપત્તિમાંથી બચા-વવાને પણ ધન સમર્થ નથી. આવી રીતે શારીરિક તેમજ માન-સિક, ઐહિક તેમજ આમુષ્મિક અનેક દોષોનાં મૂળ પૈસાપર મોહ કેમ કરવો અને તેવા પૈસાથી આશા શી રાખવી? નંદ રાજાની સોનાની ડુંગરીઓ પણ અંતે કાંઇ કામમાં આવી નથી એ ધ્યાનમાં રાખવા જેવું છે. ૪૮.

ધનથી સુખ કરતાં દુઃખ વધારે છે.

ममत्वमात्रेण मनःप्रसादसुखं धनैरल्पकमल्पकालम् ।
आरंभपापैः सुचिरं तु दुःखं, स्याद्दुर्गतौ दारुणमित्यवेहि॥३॥

"આ પૈસા મારા છે એવા વિચારથી મનપ્રસાદરૂપ થોડું "અને થોડા વખતનું સુખ પૈસાથી થાય છે-પણ આરંભના પાપથી "દુર્ગતિમાં લાંબા વખત સુધી ભયંકર દુઃખ થાય છે; આ પ્રમાણે "તું જાણ." ૩ ઉપજાતિ.

---

૧ ક્ષત્રિય રહિત.

વિશેષાર્થ–"આ ઘર મારૂં, આ ઘરેણાં મારાં, વટાવ ખાતામાં આટલી રકમ જમે છે તે મારી" એવાં માની લીધેલાં મારાપણાના મમત્વથી મન જરા પ્રસન્ન થાય છે, અને તેવી મનની પ્રસન્નતામાં આ જીવે સુખ માનેલું છે. વાસ્તવિક સુખનો અનુભવ ન હોવાથી આમાં સુખ લાગે છે પણ તે સુખ માત્ર નામનું છે. મનની શાંતિમાં અગાઉ જે સુખ બતાવ્યું છે તે સુખ આગળ આની કાંઇ ગણતરી પણ નથી. વળી આ સુખ બહુ થોડો વખત રહે છે. હાલ મનુષ્યનું બહુ તો સો વર્ષનું આયુષ્ય ગણીએ તો અનંતકાળની પાસે તે લેખામાં નથી. વળી આટલા અલ્પ સમયમાં આરંભાદિ વડે દ્રવ્ય મેળવીને જે સુખ મેળવવા પ્રયત્ન કરીએ તેને પરિણામે અસંખ્ય વર્ષો સુધી નારકીનાં દુઃખો અને નિગોદનાં દુઃખો ભમવાં પડે છે. ધર્મદાસગણિ કહી ગયા છે કે 'જે સુખની પછવાડે દુઃખ હોય તેને સુખ કહી શકાયજ નહિ.' આ સંસારમાં પણ પચાસ વર્ષ સુધી ગૃહસ્થસ્થિતિમાં રહેલો માણસ પછવાડેના પાંચ વર્ષ જો દુઃખી થાય છે તો તેનું પ્રથમનું સુખ કાંઇ ગણતરીમાં પણ આવતું નથી.

પૈસાથી સુખ કેવું અને કેટલું છે તેની પ્રીલસુપ્રી જાણ્યા પછી તને યોગ્ય લાગે તો તેનાપર મોહ કરજે. કેટલીક બાબતમાં પ્રાકૃત લોકપ્રવાહથી ખેંચાઇ જવું યોગ્ય નથી. દુનિયા જે દ્રવ્યવાનોને મહાસુખી ધારતી હોય તેના અંતઃકરણને જઇને પૂછવું કે તેને ખરૂં સુખ છે? દુનિયાના પાકા અનુભવીઓ કહે છે કે પૈસાથી એકાંત ઉપાધિ છે, સુખ હોય તો સંતોષમાંજ છે, અને ચાલુ સ્થિતિને તાબે થઈ મનને આનંદમા રાખવું એજ સુખ મેળવવાનો ઉપાય છે. બાકી તો રાવણ, જરાસંધ અને ધવળશેઠનાં ચરિત્રોનો વિચાર કરવો, જેથી સુખનું ખરૂં તત્ત્વ સમજાઇ જશે. ૪૯.

ધર્મ નિમિત્તે ધન મેળવવું યુક્ત છે?

द्रव्यस्तवात्मा धनसाधनो न, धर्मोऽपि सारंभतयातिशुद्धः।
निःसंगतात्मा त्वतिशुद्धियोगान्मुक्तिश्रियं यच्छति तद्भवेपि ॥४॥

"ધનના સાધનથી દ્રવ્યસ્તવ સ્વરૂપવાળો ધર્મ સાધી શકાય "છે, પણ તે આરંભયુક્ત હોવાથી અતિશુદ્ધ નથી; જ્યારે નિઃસં- "ગતા સ્વરૂપવાળો ધર્મ અતિશુદ્ધ છે અને તેથી તેજ ભવમાં પણ "મોક્ષલક્ષ્મી આપે છે." ૪. ઇંદ્રવજ્રા.

વિશેષાર્થ–વિવિધ પ્રકારની પૂજા, જિંબપ્રતિષ્ઠા, સ્વામીવાત્સલ્ય મંદિર ચણાવવાં, ઉપાશ્રય કરાવવા વિગેરે દ્રવ્યસ્તવ કહેવાય છે. દ્રવ્યની મદદથી આ પ્રકાર બહુ સારી રીતે સાધી શકાય છે. પુણ્યશાળીઓ મળેલ લક્ષ્મીનો ધર્મમાર્ગે વ્યય કરી મહા પુન્યોપાર્જન કરે છે. ગ્રંથકાર કહે છે કે આ પ્રકારના ધર્મમાં પણ આરંભ થાય છે, કારણ કે ષટ્કાય જીવનું મર્દન થાય છે તેથી આ પ્રકારનો ધર્મ અતિશુદ્ધ નથી. ધ્યાન રાખો કે અતિશુદ્ધ નથી, શુદ્ધ તો છેજ; પણ તેવો ધર્મ કરવાને નિમિત્તે દ્રવ્ય મેળવવું યુક્ત નથી. હરિભદ્રસૂરિ મહારાજાએ પણ અષ્ટકજીમાં કહ્યું છે કેઃ–

धर्मार्थं यस्य वित्तेहा तस्यानीहा गरीयसी।
प्रक्षालनाद्धि पंकस्य दूरादस्पर्शनं वरम् ॥

"ધર્મને માટે પૈસા મેળવવાની ઇચ્છા કરવી તેના કરતાં તેની ઇચ્છા નજ કરવી એ વધારે સારૂં છે. પગે કચરો લાગ્યા પછી તેને ધોઇને સાફ કરવા કરતાં દૂરથી કાદવનો સ્પર્શ નજ કરવો, એ વધારે સારૂં છે."

બાકી મળેલ દ્રવ્યનો તો ધર્મમાર્ગે જ વ્યય કરવો. આ ભાવ આવતા શ્લોકથી સ્પષ્ટ થશે. દ્રવ્યસ્તવયુક્ત ધર્મથી લાંબે કાળે મુક્તિ મળે છે ત્યારે નવવિધ પરિગ્રહથી નિઃસંગ થયેલા જીવો તેજ ભવમાં જન્મ જરા મરણ રહિત અચ્યુતપદ પ્રાપ્ત કરે છે. નિઃસંગતા સ્વરૂપવાળો ધર્મ અતિ શુદ્ધ છે.

કહેવાની મતલબ એ છે કે ધર્મનિમિત્તે ધન મેળવવા વિચાર કરવો નહિ. પુનરાવર્તન કરીને કહેવામાં આવે છે કે આ શ્લોકનો ભાવ બરાબર વિચારવો. દ્રવ્યસ્તવને જરાપણ નબળું પાડવાનો વિચાર ગ્રંથકર્ત્તાનો નથી, પણ ધર્મમાં પ્રધાનતા નિઃસંગતાનીજ છે. દ્રવ્યસ્તવથી મોક્ષ લાંબે કાળે પ્રાપ્ત થાય છે, પરંતુ તે મોક્ષમાર્ગ તો છેજ.

કેટલાક માણસો અન્યાય કે અપ્રમાણિકપણાથી દ્રવ્ય મેળવતાં વિચાર કરે છે કે પૈસા મેળવીને ધર્મમાર્ગે તેનો વ્યય કરશું. આ વિચાર તદ્દન ખોટો છે, અને શાસ્ત્રકાર એવા નિમિત્તથી ધન મેળવવાની ચોખ્ખી ના પાડે છે. મહા આરંભ કર્માદાન અને ક્ષુદ્ર વ્યાપાર કરી મેળવેલા ધનનો ધર્મમાર્ગે અર્ચ કરશું એવો કેટલાક પ્રાણીઓ વિચાર કરે છે, તે જૈનશાસ્ત્રનું રહસ્ય સમજનારને તદ્દન વિપરીત લાગે છે. આ શ્લોકનો ખાસ ઉદ્દેશ દ્રવ્યસ્તવની અપેક્ષાએ ભાવસ્તવની મુખ્યતા કેટલી છે તે બતાવવાનો છે, અને આ ઉપદેશ શ્રાવકોને ઉદ્દેશીને લખાયલો છે. દ્રવ્યસ્તવ સાધવા ધનોપાર્જન કરી સંસારમાં પડ્યા રહેવું અથવા ભાવસ્તવ ન આદરવાનો વિચાર કરનારાઓને મહાનિશીથ સૂત્રમાં બતાવેલા વિચારો અનુસારે આ શ્લોક લખાયલો છે એમ એક વિદ્વાન મુનિમહારાજ આ પ્રસંગ માટે જણાવે છે. આ શ્લોક સાથે નીચેનો શ્લોક વાંચવો અને અતિ-શુદ્ધ શબ્દપર ખાસ ધ્યાન આપવું. ૫૦.

મળેલ ધનનો વ્યય ક્યાં કરવો?

क्षेत्रवास्तुधनधान्यगवाश्वैर्मेलितैः सनिधिभिस्तनुभाजाम् ।
क्लेशपापनरकाभ्यधिकः स्यात्को गुणो न यदि धर्मनियोगः ॥ ५ ॥

"મળેલાં અથવા મેળવેલાં ક્ષેત્ર, વસ્તુઓ (ઘર વિગેરે), ધન, "ધાન્ય, ગાય, ઘોડા અને ભંડારોનો ઉપયોગ જો ધર્મનિમિત્તે ન થાય "તો તેથી ક્લેશ (દુઃખ), પાપ અને નરકથી બીજો શો વધારે ગુણ "થાય?" ૫.

સ્વાગતાવૃત્ત.

ભાવાર્થ–ઘણા પુણ્યવાન્ જીવોને પૈસા મળે છે ત્યારે વધારે મેળવવા અને મળેલાનું રક્ષણ કરવા શ્રમ કરે છે અને અનેક આશ્રવો સેવે છે. દ્રવ્યવડે કુટુંબમાં કંકાસ થાય છે અને દુર્ધ્યાનવડે દુર્ગતિ થાય છે. ત્યારે ધનનો લાભ શો? સાત ક્ષેત્ર, ગરીબ બંધુ-ઓને આશ્રય, સ્ત્રીકેળવણી, ઉંચી કેળવણી, ધાર્મિક કેળવણી કે સંસ્કૃત કેળવણીને ઉત્તેજન, નિરવદ્ય ઔષધશાળાઓ, સ્કૂલ, બોર્ડીંગ અને અનાથાલય વિગેરે બરેબરી charity (ચેરીટી) ના ખાતાઓમાં

જે દ્રવ્યનો વ્યય થાય તોજ તેનો સદુપયોગ થયો કહેવાય. બાકી પૈસાના પૂજારી થવું અને તેના ફરતી ચોકી કર્યા કરવી કે મોજશોખ માણવા એથી કાંઇ લાભ નથી એટલુંજ નહિ પણ એકાંત હાનિ જ છે.

આ બંને શ્લોકને સાથે વાંચવાથી જણાય છે કે ધનની ઇચ્છા રાખવી નહિ, તેની પાછળ ગાંડા થઇ જવું નહિ, ચાલુ સ્થિતિમાં સંતોષ પકડવો, અને મળેલ પૈસાનો સારી રીતે જનસુધારણા અને કોમસુધારણામાં વ્યય કરવો. ધર્મમાર્ગે ધનનો વ્યય કરવો તે સારૂં છે, પણ નિઃસંગ થઇ તેનો સર્વથા ત્યાગ કરવો તે તેથી વધારે સારૂં છે. ૫૧.

ધનથી થતી અનેક પ્રકારની હાનિ, તેને તજી દેવાનો ઉપદેશ.

आरंभैर्भरितो निमज्जति यतः प्राणी भवांभोनिधा-
वीहंते कुनृपादयश्च पुरुषा[1] येनच्छलाद्बाधितुम् ।
चिंताव्याकुलताकृतेश्च हरते यो धर्मकर्मस्मृतिं,
विज्ञा ! भूरिपरिग्रहं त्यजत तं भोग्यं परैः प्रायशः ॥ ६ ॥

"આરંભના પાપથી ભારે થયેલો પ્રાણી જે ધનને લીધે સંસાર "સમુદ્રમાં ડૂબે છે, જે ધનના પરિગ્રહથી રાજા વિગેરે પુરૂષો છિદ્ર "જોઇને દુઃખ દેવાને ઇચ્છે છે, અનેક ચિંતામાં આકુળવ્યાકુળ "રાખીને જે પૈસા ધર્મકાર્ય કરવાનું તો યાદ આવવા દેતાજ નથી, "અને ઘણે ભાગે જે પારકાનાજ ઉપભોગમાં આવે તેવા એ પૈસાના "મોટા સંગ્રહને હે પંડિતો! તમે તજી દો." ૬. શાર્દૂલવિક્રીડિત.

વિશેષાર્થ–સંસાર દરિયો છે, ભારે વહાણ જેમ દરિયામાં ડૂબી જાય છે તેમ પાપથી ભારે થયેલો જીવ સંસારસમુદ્રમાં ડૂબી જાય છે. પૈસા કમાવામાં, તેનું રક્ષણ કરવામાં અને અકાર્યમાં વ્યય કરવામાં અનેક આરંભ કરવા પડે છે; આરંભથી પાપ થાય છે અને પાપથી આત્મા ભારે થાય છે. માટે પૈસા સંસારભ્રમણનો જ હેતુ છે.

રાજાઓ અગાઉના વખતમાં પૈસા ખુંચવી લેતા હતા, અને તેમ કરવા સારૂ દ્રવ્યવાનનાં છિદ્ર જોયા કરતા હતા. આવા ભયમાં

[1] પુરુષં એવો કવચિત્ પાઠ છે, તે પરિગ્રહવંત પુરૂષ માટે સમજવો.

ગૃહસ્થોને હંમેશાં રહેવું પડતું અને તેટલા સારૂ પૈસા હોય તોપણ ગરીબાઇનો દેખાવ કરવો પડતો હતો. અત્યારે પણ ચોર, લુચ્ચાઓ અને સોનેરી ટોળીવાળાથી પૈસાદારોને ડરવાનું રહે છે.

પૈસાના વિચારમાં આ પ્રાણી એટલો બધો લુબ્ધ થઇ જાય છે કે પોતાનો પુત્રધર્મ, પિતૃધર્મ, પતિધર્મ, ભક્તધર્મ વિગેરે ધર્મો તદ્દન ભૂલી જાય છે. પૈસાના વિચારમાંજ તેને મજા આવે છે. પૈસા કેમ રળવા, કેમ વધારવા, કેમ ખરચવા વિગેરે વિગેરે બાબતો તેના મનપર એટલી બેસી જાય છે કે પોતાનો સર્વ ધર્મ ત્યજી દેછે; ધર્મનું નામ પણ યાદ આવતું નથી.

ધન તજી દેવાનાં ત્રણ કારણો કહ્યાં. **પરભવમાં દુર્ગતિ આ ભવમાં ચાલુ ભય** અને **ધર્મવિમુખતા**. તે કરતાં ચોથું કારણ વધારે મજબૂત છે, તે એ છે કે **પેદા કરેલા પૈસા ઘણે ભાગે બીજાનાજ ઉપભોગમાં આવે છે.** પૈસા પેદા કરનાર તો આખી જીંદગી વેઠ કરે છે, મોટા વારસો મૂકી જનારા પોતે સુખ ભોગવતા નથી, છોકરા હોય છે તો તે સુખ ભોગવે છે અથવા બીજા માલેક થાય છે. ખાસ કરીને કૃપણનું તેમજ થાય છે. નીતિશાસ્ત્રમાં કહે છે કે-

कीटिकासंचितं धान्यं, मक्षिकासंचितं मधु ।
कृपणैः संचितं वित्तं, परैरेवोपभुज्यते ॥

'કીડીએ ભેગું કરેલું અનાજ, માખીએ સંગ્રહ કરેલું મધ અને કૃપણ પુરૂષે એકઠું કરેલું ધન પારકાવડેજ ભોગવાય છે.'

આ ચાર કારણોનો અંતઃકરણથી વિચાર કરે તો ધન ઉપર મોહ શું રહે? આવો વિચાર તો કરો. તમારી પાસે પાંચ દશ લાખ રૂપીઆ હોય તો તેથી મોહ પામી જશો નહિ. **શાલિભદ્રને** ઘેર દેવતાઇ આભૂષણાદિની દરરોજ નવાણું પેટીઓ ઉતરતી, તોપણ તેને લાગ્યું કે પોતાને માથે રાજા છે, માટે આ સંસાર અસાર છે. તો તમારા બે પાંચ લાખ તે શી ગણતરીમાં છે? તમે સામાન્ય સ્થિતિના હો તો ધનનો ત્યાગ બહુ મુશ્કેલ નથી. ધનથી લાભ કાંઇ પણ નથી. કોણ જાણે કેવા અનાદિ પ્રવાહથી આ જીવ લોભમાં તણાતોજ જાય છે, અને પૈસા ત્યાગ કરતાં વિચાર કરે છે કે મારાથી

આના વગર રહેવાશે કે કેમ? પણ ભાઇઓ! ઉપર લખેલા અને બીજા અનેક દોષોથી ભરેલા પૈસાને તજી દો. પૈસા તજી દેવા તે તમે ધારો છો તેટલું મુશ્કેલ નથી. કોઇ પણ વસ્તુનો વિયોગ થાય ત્યારે એમ લાગે છે કે જાણે તે વગર ચાલશેજ નહિ, પણ વસ્તુતઃ તે વગર ચાલે છે. એજ નિયમ પૈસા માટે પણ સમજવો. ૫૨.

સાત ક્ષેત્રમાં ધન વાપરવાનો ઉપદેશ.

क्षेत्रेषु नो वपसि यत्सदपि स्वमेत-
द्यातासि तत्परभवे किमिदं गृहीत्वा ।
तस्यार्जनादिजनिताघचयार्जितात्ते,
भावी कथं नरकदुःखभराच्च मोक्षः ॥ ७ ॥

"તારી પાસે દ્રવ્ય છે છતાં પણ તું (સાત) ક્ષેત્રમાં વાપરતો "નથી, ત્યારે શું પરભવે ધનને તારી સાથે લઇ જવાનો છે? વિચાર "કર કે પૈસા મેળવવા વિગેરેથી થયેલા પાપસમૂહથી મેળવેલાં "નારકીનાં દુઃખોથી તારો મોક્ષ (છુટકારો) કેમ થશે?" ૭.

વસંતતિલકા.

ભાવાર્થ-પ્રાપ્ત કરેલા પૈસા પરભવમાં સાથે આવતા નથી, વળી તેને પેદા કરવામાં, જાળવવામાં અને તેનો વ્યય કરતાં અથવા નાશ થતાં અનેક દુઃખપરંપરા થાય છે અને પરભવમાં હીનગતિ થાય છે. હવે ત્યારે કરવું શું? કરવાનું એજ છે કે પ્રાપ્ત થયેલ, પૈસાનો શુભ રસ્તે વ્યય કરવો. દ્રવ્ય વાપરવાના અનેક રસ્તા છે. જિનબિંબસ્થાપન, જિનદેરાસરનો જીર્ણોદ્ધાર, પુસ્તકોનું લખાવવું, છપાવવું, રક્ષણ કરવું અને પુસ્તકભંડારો કરવા, લાઇબ્રેરી કરવી તથા કેળવણીનો પ્રસાર કરવો, સાધુસાધ્વીઓ, સ્વામીભાઇઓ અને બહેનોનો ઉત્કર્ષ કરવો, અનાથનું પ્રતિપાલન કરવું અને શાસનની શોભા વધારવી; આવાં આવાં અનેક ઉપયોગી સ્થાનો છે, તેમાં જે જે સ્થાનકે આવશ્યકતા લાગતી હોય અને જે સ્થાનકે વ્યય કરવો સમજુને ડહાપણ ભરેલો લાગતો હોય તે તે સ્થાનકે વ્યય કરવો. દ્રવ્યવ્યય કરવામાં લોકોની આધુનિક સ્થિતિ અને જરૂરી-

આતપર ખાસ ધ્યાન આપવું. જો આવી ઉત્તમ ભાવનાથી દ્રવ્યવ્યય કરવામાં આવે તો સંસારદુઃખથી છુટવાનું જલદી બને તેમ છે. શાસ્ત્રકારનું ખાસ ફરમાન છે કે **સાત ક્ષેત્રમાં ધનનો વ્યય કરવો, તેમાં પણ જે ક્ષેત્ર સીદાતું હોય તે તરફ પ્રથમ ધ્યાન આપવું.** જમણવાર કરવાની આ જમાનામાં ઘણા માણસો સમજીને-વિચારીને ના પાડે છે. તેઓને લાડવા કડવા લાગતા નથી, પરંતુ તેઓ સમજે છે કે જમણવાર કરતાં શ્રાવકોની સ્થિતિ સુધારવાની, તેઓને ઉદ્યમે ચડાવવાની અને અભણને ભણાવવાનાં સાધનો ચોજી જૈન પ્રજાને બીજી પ્રજાઓની સપાટીપર મૂકવાની પ્રથમ જરૂરીઆત છે; તેવીજ રીતે દેરાસર વધારવા કરતાં તેમની પૂજા કરનારાઓને વધારવાની અને જે દેરાસરો છે તેમને જાળવનારા ઉત્પન્ન કરવાની વધારે જરૂરીઆત છે. આ વિચાર સશાસ્ત્ર છે એમ તને જણાય તો તારે તે આદરવો. ફક્ત લોકપ્રવાહથી ખેંચાઇ જવું નહિ. જ્યારે આવી રીતે વિચાર કરીને ધનનો વ્યય કરવામાં આવશે ત્યારે બેવડો લાભ થશે. પ૩.

* * * *
* * * *

આવી રીતે **ધનમમત્વ મોચનદ્વાર** પૂર્ણ થયું. આ ધનનો વિષય બહુજ ઉપયોગી છે, એ સમજાવવાની જરૂર નથી. ગ્રંથકર્તાએ વિષય લીધો છે તે પ્રમાણે તેના બે ભાગ થઇ શકે છે. ધન ઉપર મમતા ન રાખવાનાં કારણો શરૂઆતમાં વિગતવાર બતાવ્યાં છે. અત્ર જે જે કારણો બતાવ્યાં છે તેપર પ્રાણી વિચાર કરે તો તેની ચક્ષુ ઉઘડ્યા વગર રહે નહિ. ચોથા શ્લોકમાં જે તત્ત્વજ્ઞાન બતાવ્યું છે તે બહુ ઉપયોગી છે, અને ત્રીજા શ્લોકમાં કહ્યું છે કે **ममत्वमात्रेण मनःप्रसाद-सुखम्** આ વાક્ય બહુ રહસ્યથી ભરપૂર છે. ટુંકામાં કહીએ તો પ્રથમના ચારે શ્લોકોમાં જે કારણો બતાવ્યાં છે તે બહુ વિચારવા ચોગ્ય, મનન કરવા ચોગ્ય અને અનુકરણ કરવા ચોગ્ય છે. વિષયના બીજા ભાગમાં મળેલાં ધનનો ચોગ્ય માર્ગે વ્યય કરવા સૂચના કરી છે અને તે સંબંધમાં કેટલુંક ઉપયોગી જ્ઞાન આપ્યું છે. મુખ્ય ઉપદેશ અને ઉદ્દેશ ધનત્યાગનોજ છે; પણ કદાચ તદ્દન મમત્વ છુટી શકે નહિ તો પછી શુભ માર્ગે વ્યય કરવાનું કહ્યું છે.

બંધુઓ ! આ સંસારમાં અનેક પ્રકારે રઝળાવનાર સ્ત્રી અને ધન એ બેજ વસ્તુઓ છે. એમના ઉપર રાગ એવા પ્રકારનો થાય છે કે તેનું વર્ણન જ્ઞાનીઓ પણ પૂરેપૂરું આપી શકતા નથી. આમાં ધન ઉપરનો સ્નેહ વધારે સખ્ત છે કે સ્ત્રી ઉપરનો વધારે સખ્ત છે તે કહેવું મુશ્કેલ છે. સ્ત્રી ઉપરનો સ્નેહ મોટી ઉમરે શરૂ થઇ થોડા વર્ષમાં ઓછો થઇ જાય છે; પણ જેટલો વખત રહે છે તેટલો વખત તેનો રસ (intensity) બહુધા વધારે હોય છે. દ્રવ્યપરનો મોહ દરરોજ વધતો જાય છે અને વૃદ્ધાવસ્થામાં તે પરાકાષ્ઠાએ પહોંચે છે. અમુક વ્યક્તિને માટે કયો મોહ વધારે છે તે કહી શકાય, પણ સામાન્ય રીતે મારૂં પોતાનું તો માનવું એવું છે કે દ્રવ્યપરનો મોહ કદાચ સ્ત્રીમોહથી ચઢીઆતો હોય કે ન હોય, પણ તેથી ઉતરે એવો તો નથીજ. કોઇ પણ વસ્તુ પ્રાપ્ત કરવામાં પ્રાણીને અમુક ઇરાદો હોય છે, પણ ધનપ્રાપ્તિમાં તો કાંઇ પણ ઇરાદા વગર માત્ર પૈસાની ખાતર જ પૈસા મેળવવા યત્ન કરવામાં આવે છે. પુત્રને મહોટો વારસો આપવાનું પણ બ્હાનુંજ છે. આ દલીલના પૂરાવામાં બે હકીકત જોવાની છે. એક તો વગર પુત્રના અને પુત્ર થવાની આશા વગરના માણસો પણ એટલીજ ખંતથી પૈસા પ્રાપ્ત કરે છે, અને પાસેના પૈસાનો શુભ માર્ગે પણ વ્યય કરતા નથી; અને બીજી એ કે જો આવતા ભવ માટે પૈસા રોકાઈ શકાતા હોય (investing of money) તો કોઈ પણ માણસ પુત્રને વારસો આપવાની દરકાર કરે તેમ નથી. વળી બીજું એ પણ જાણવા ચોગ્ય છે કે દરેક કાર્યમાં અમુક હદ હોય છે એટલે કે અમુક વખત પછી અને અમુક પ્રાપ્તિ થયા પછી તે કાર્ય પૂરું થયું ગણાય. પૈસાની બાબતમાં આ નિયમ પણ જુઠો પડે છે. હજાર મળે લાખની અને લાખ મળે કરોડની ઉત્તરોત્તર ઇચ્છા વધતીજ જાય છે. વધતી ઇચ્છા અનુસાર કર્તવ્યમાં જોડાઈ જીવન પૂર્ણ થાય છે, પણ પૈસા કમાવાનું કાર્ય કદી પણ પૂરું થતું નથી. કાર્યસિદ્ધિના આ બે નિયમોને ધનપ્રાપ્તિ ખોટા પાડે છે.

ધનપ્રવૃત્તિ નિર્હેતુક છે એ આપણે જોયું, છતાં જેઓ તેને ઇચ્છતા ન જ હોય તે ઉત્કૃષ્ટ પ્રશંસાને પાત્ર છે. જેઓ શ્રાવક

અવસ્થામાં છે તેમણે સર્વ ત્યાગની ઇચ્છા રાખવી અને સાથે ચાલુ સ્થિતિમાં સંતોષ રાખવો. પોતાની સ્થિતિ સુધારવા મહત્વાકાંક્ષા રાખવી પણ તેમાં પરોવાઈ જઈ દુર્ધ્યાન ન થવા દેવું. ચાલુ સ્થિતિમાં આનંદ પામવો અને ખાસ કરીને કર્મના સિદ્ધાંતને તાબે થઈ જવું નહિ પણ પુરૂષાર્થ કરવો. ગેરસમજુતી ન થાય તેટલા માટે જણાવવાની જરૂર છે કે સંતોષ ને પુરૂષાર્થને વિરોધ નથી; પણ દુર્ધ્યાન થાય, પૈસાની જપમાળા જપાય, પૈસા પૈસાનુંજ ધ્યાન રહે એવી સ્થિતિ ન થવા દેવી. you may aspire, but don't be dissatisfied with your present lot. તમે મોટા થવાની આશા–ઇચ્છા રાખો, પણ તમારા ચાલુ સંયોગોથી અસંતોષી બનો નહિ.

ધન મેળવ્યા પછી શું કરવું, એ બાબતમાં ગ્રંથકારે વિવેચન કર્યું છે. ધન મેળવતાં કેવા કેવા સંસ્કાર થાય છે તેપર જો ધ્યાન આપવામાં આવે તો ઉપદેશ લાગ્યા વગર રહે નહિ. પૈસા માટે પરદેશગમન, નીચ સેવા, ટાઢ તડકા અને તીવ્ર વચનો સહન કરવામાં આવે છે; પૈસા માટે ખુશામત કરવામાં આવે છે, પૈસા માટે બટપટ કરવામાં આવે છે અને પૈસા માટે અનેક વિટંબના સહન કરવામાં આવે છે. જે કદર્થનાનો અંશ સહન કરવાથી મુનિમાર્ગમાં મોક્ષ મળે તેવી કદર્થના પૈસા સારૂ અનાદિ મોહમદિરામાં ચકચૂર થયેલ જીવ કરે છે, પણ વિચારતો નથી કે આ બધું શા સારૂ? મૂઢ અવસ્થામાં અથડાઈ પછડાઈ અનંતકાળ રખડ્યા કરે છે. સિંદૂર પ્રકરમાં કહે છે કે–'ધનથી અંધ થયેલી બુદ્ધિવાળા પુરૂષો વિષમ અટવીમાં ભ્રમણ કરે છે, વિકટ દૂર દેશાંતરમાં ફરે છે, ગહન સમુદ્રનું ઉલ્લંઘન કરે છે, બહુ દુઃખવાળી ખેતી કરે છે, કૃપણ પતિની સેવા કરે છે અને હસ્તીઓના સંઘટ્ટથી અપ્રવેશ્ય સંગ્રામમાં જઈ પ્રાણ આપે છે. આ સર્વ લોભનું ચેષ્ટિત છે.'

સુખ ક્યાં? પૈસાદારોની હવેલીમાં, રાજાના મહેલમાં, ચક્રવર્તીના આવાસમાં, ઇંદ્રના ઇંદ્રાસનમાં કે બે ઘોડાની ગાડીમાં? વિચારીને જવાબ દેવો એ સરત છે. જરા જુઓ. બહારના આડંબરમાં સુખ નથી. સુખી લાગતાં માણસોનાં હૃદય સળગી જતાં

હોય છે, ઘરમાં અનેક બટપટ હોય છે અને મનમાં તો યુદ્ધ ચાલ્યા કરે છે, સુખ સંતોષમાં જ છે, ચાલુ સ્થિતિને તાબે થવામાં જ છે. ધન અસ્થિર છે, કોઇનું થયું નથી અને કોઇનું થવાનું નથી. વળી પ્રાયે વિદ્યા અને ધનને વૈર છે. જ્ઞાન વગર સુખ નથી, અને પૈસાદારને સુખી માનવા એના જેવી બીજી મૂઢતા નથી.

અનેક દોષોથી ભરપૂર, ધવળ શેઠ, મમ્મણ શેઠ, સુભૂમ ચક્રી વિગેરેને નરકમાં નાખનાર, એકાંત ઉપાધિથી ભરપૂર, મનની અશાંતિનું પ્રબલ સાધન અને દુઃખનો વરસાદ વરસાવનાર, વિદ્વાનોથી અંધનું ઉપનામ મેળવનાર લક્ષ્મીનું સુખ ભોગવનાર ધનિકોને તે સુખ મુબારક હો. ચાલુ જમાનાના વિચિત્ર રંગથી ભરપૂર જીંદગીમાં અને ખાસ કરીને સભ્યત પ્રવૃત્તિના મધ્યબિંદુ ગણાતાં મોટાં શહેરોના સુખી દેખાતા લોકોને જોઇ જરાપણ મુંઝાવું નહિ; તેઓને સુખી માનવા નહિ. કારણ કે તેઓના ખાસ નજીકના સંબંધમાં ગયેલાઓ જાણે છે કે તેઓ સુખી નથી. આપણું સુખ આપણી સાથેજ છે, અને આપણે તો પરમાનંદપદ પ્રાપ્ત કરવાની ઇચ્છામાં ચાલુ સ્થિતિને તાબે થઈ, શુદ્ધ વૃત્તિએ રહી, ધર્મમય જીવન કરવાનો ઉદ્દેશ રાખી, ઉચ્ચતર અને વિશુદ્ધતર જીવન ગાળવાનો આશય, ઉદ્દેશ અને ઇચ્છા રાખવી. મનુષ્યજીવનનો ઉંચો હેતુ પાર પાડવા સારૂ મનપર અંકુશ રાખવાની અને લોભનો ત્યાગ કરવાની બહુ જરૂર છે.

इति सविवरणो धनममत्वमोचननामा चतुर्थोऽधिकारः

अथ पंचमो देहममत्व मोचनाधिकारः

અત્યાર સુધીની હકીકતથી જણાયું હશે કે સ્ત્રી, પુત્ર અને ધનનો મોહ આ પ્રાણીને બહુ બંધનકર્તા છે. આ ત્રણ પ્રકારના મોહ સાથે શરીરપરનો મોહ પણ વિચારવા જેવો છે. શરીરપરના મોહથી ફસાઇ પોતાનું કર્તવ્ય ચૂકવું નહિ અને શરીરને અતિ નાજુક તબીયતવાળું બનાવવું નહિ, એવા ઉદ્દેશથી આ અધિકાર લખાયેલો છે.

શરીરને પાપથી પોષવું નહિ.

पुष्णासि यं देहमघान्यचिंतयं-
स्तवोपकारं कमयं विधास्यति ।
कर्माणि कुर्वन्निति चिंतयायतिं,
जगत्त्रयं वंचयते हि धूर्त्तराट् ॥ १ ॥

"પાપને અણવિચારતો જે શરીરને તું પોષે છે તે શરીર "તારા ઉપર શું ઉપકાર કરશે? (તેથી તે શરીર માટે હિંસાદિક) "કર્મો કરતાં આવતા કાળનો વિચાર કર. આ શરીરરૂપ ધૂતારો "પ્રાણીને દુનિયામાં છેતરે છે." ૧ વંશસ્થ.

ભાવાર્થ–શરીરને પોષણ કરવા સારૂ તેને હીન ખોરાક અને ઉપચાર કરાવવા પડે છે અને તે માટે પૈસા પેદા કરવા પડે છે. હિંસા અસત્ય વિગેરે પાપો પણ સેવવાં પડે છે. શરીર ધીમે ધીમે

નાજુક તબીયતનું બની જાય છે. તેને સાબુ ચોળવા, પંખા નંખાવવા અને અખાદ્ય પદાર્થો દવારૂપે બવરાવવા પડે છે. આવી રીતે પોષણ કરેલું શરીર પણ જરાએ બદલો વાળતું નથી, વારંવાર કંટાળો આપ્યા કરે છે અને ઉલટું ઘણી વખત તો રોગનું ઘર થઇ પડે છે.

વળી આવાં કર્મો કરતી વખતે પ્રાણીએ ભવિષ્ય કાળનો વિચાર કરવો જોઇએ. શરીરને જરા સુખ આપવા ખાતર જેનાં નામ ન આપી શકાય તેવી દવાઓ ખાતાં છતાં તે તો પોતાનું ધાર્યુંજ કામ કરે છે અને પરભવમાં નીચ ગતિ થાય છે તે નફામાં રહે છે. વળી આવાં કર્મોથી પોષેલ શરીર પણ નાશ તો પામેજ છે. આપણે તેને પોતાનું માની બેઠા છીએ પણ વાસ્તવિક સ્વરૂપ તેમ નથી. ખરેખર, વિદ્વાન ગ્રંથકર્તા કહે છે તેમ શરીરરૂપ ધૂતારો સર્વ પ્રાણીઓને ઠગે છે. કહેવાની મતલબ એ છે કે શરીરને પાપી કાર્યથી પોષવું નહિ. ધાર્મિક કાર્યમાં ઉપયોગી થાય છે તેથી તેને જોઇતો નિરવદ્ય ખોરાક આપી મમત્વ વગર પાળવું એટલુંજ કર્તવ્ય છે.

શરીરપરનો મોહ સંસારમાં રઝળાવે છે એ નિઃસંશય છે. **સનતકુમાર ચક્રવર્તી**ને શરીરપર બહુ પ્રેમ હતો, પણ જ્યારે તે મોહ પરાકાષ્ઠાએ પહોંચ્યો ત્યારે શરીર વિષમય થઇ ગયું, અને પુરાણમાં ત્રિશંકુ માટે એક દૃષ્ટાંત આપેલ છે તે પણ શરીરપર અત્યંત પ્રેમ રાખનારને બોધ આપે તેવું છે. 'આ ત્રિશંકુ રાજાને શરીરપર એટલો બધો પ્રેમ હતો કે એજ શરીરથી સ્વર્ગમાં જવાની તેને ઇચ્છા થઇ. પોતાના કુળગુરૂ વસિષ્ઠને આ વાત જ્યારે કહી ત્યારે તેઓએ વાતને હસી કાઢી. ત્યાર પછી પોતાના પુત્રોને પ્રયત્ન કરવા કહ્યું પરંતુ તેઓએ પણ મશ્કરી કરી વાત ઉડાવી દીધી. આટલા ઉપરથી ત્રિશંકુ ગુસ્સે થઇ ગયો અને વિશ્વામિત્ર પાસે ગયો. વિશ્વામિત્રના કુટુંબ ઉપર દુકાળના વખતમાં ત્રિશંકુએ ઉપકાર કર્યો હતો તેથી વિશ્વામિત્રે તેની માગણી કબૂલ કરી અને યજ્ઞ કરવા માંડ્યો. તપના પ્રભાવથી વિશ્વામિત્રે ત્રિશંકુને આકાશમાં ચડાવવા માંડ્યો પણ સ્વર્ગના ગઢ આગળ પહોંચ્યો ત્યાં ઇંદ્રે તેને ઉંધે માથે પછાડ્યો. અર્ધ રસ્તે પહોંચ્યો ત્યાં વિશ્વામિત્રે આ વાત જાણી એટલે બોલ્યા કે तिष्ठ त्रिशंकु तिष्ठ આ ઉચ્ચારથી ત્રિશંકુ ઉંધે

માથે વચ્ચે લટકી રહ્યો. ન મળ્યું સ્વર્ગસુખ અને ન મળ્યું સંસારસુખ. શરીરપરના મમત્વથી સર્વ ખોયું.' (આપ્ટે ડીક્શનેરી). આ હકીકતપરથી શરીરમોહ કેટલો નુકશાનકર્તા છે એ જોવાનું છે.[૧] ૫૪

શરીર કારાગૃહમાંથી છુટવાનો ઉપદેશ.

कारागृहाद्बहुविधाशुचितादिदुःखा-
न्निर्गंतुमिच्छति जडोपि हि तद्विभिद्य ।
क्षिप्तस्ततोऽधिकतरे वपुषि स्वकर्म-
व्रातेन तद्दृढयितुं यतसे किमात्मन् ॥ २ ॥

"મૂર્ખ પ્રાણી હોય છે તે પણ અનેક અશુચિ વિગેરે દુઃખોથી "ભરેલાં બંદીખાનાને ભાંગીને બહાર નીકળી જવા ઇચ્છા રાખે છે. "તારાં પોતાનાં કર્મોવડેજ તેથી પણ વધારે આકરા શરીરબંદી- "ખાનામાં તું નંખાયેા છે છતાં તે બંદીખાનાને વધારે મજબૂત "કરવા શાસારૂ યત્ન કરે છે?" ૨. વસંતતિલકા.

ભાવાર્થ–કેદખાનામાં ક્ષુધા, તૃષા, ગંદકી, સખ્ત કામ વિગેરે અનેક દુઃખો સહન કરવાં પડે છે તેથી તેમાં રહેલા માણસની વૃત્તિ એવીજ હોય છે કે કયારે આમાંથી છુટું? કયારે લાગ મળે ને આ સળીઆ ભાંગી નાસી જાઉં? શરીરરૂપ કેદખાનામાં તો મહા અશુચિ ભરેલી છે, તેમાંથી નાસી જવાનો યત્ન કરવાને બદલે આ જીવ તેને સુંદર આહાર, આઇસક્રીમ, કોલ્ડડ્રીંક, કનિષ્ઠ ઔષધિઓથી ઉલટો પાળે છે, પોષે છે, ચોળે છે, પંપાળે છે અને તેને જરા પીડા થતાં ગાંડો ઘેલો બની જઈ હાયવોય કરી મૂકે છે.

વિચારવાન પ્રાણીએ શરીરકારાગૃહનો સદુપયેાગ કરવો જોઇએ. તેનાપર એવો અમલ ચલાવવો જોઇએ કે ફરીવાર તે કેદખાનામાં આવવું જ પડે નહિ. શરીરપરનો મમત્વ છોડવો એ જરા પણ મુશ્કેલ નથી. એક ગાગરમાં બોર ભર્યાં છે. ગાગરનું મ્હોં સાંકડું છે. વાંદરો ગાગર નજીક આવી બોર લેવાની ઇચ્છાથી હાથ નાંખી

૧ જગતિને બદલે કોઇ સ્થાનકે જગંતિ એવો પાઠ છે, તેનો અર્થ 'જગતના પ્રાણીઓને' એમ થઇ શકે; પણ પ્રથમ પાઠ વધારે સમીચીન જણાય છે.

મોટી મુઠ્ઠી ભરે છે. પછી હાથ નીકળતો નથી ત્યારે સમજે છે કે ગાગરે મને પકડી રાખ્યો છે. વાસ્તવિક શું છે? ગાગરને પોતે પકડી રાખી છે, અને જેવો મદારી એક ચાબખો મારે છે કે હાથ છૂટી જાય છે. તેવીજ રીતે આ જીવ માને છે કે મને શરીરે પકડી રાખ્યો છે, સ્ત્રીપુત્રે પકડી રાખ્યો છે. વસ્તુતઃ તો વાંદરાની પેઠે પોતેજ તેઓને મૂકતો નથી. મમત્વ છોડવો હોય તો જરા પણ મુશ્કેલી નથી માટે વિચાર કરો; નહિ તો જ્યારે કાળરૂપ મદારી આવી સપાટો લગાવશે ત્યારે તો પોતાની મેળેજ શરીરનો એકદમ ત્યાગ કરવો પડશે. ૫૫.

શરીર સાધનથી કરવા યોગ્ય કર્તવ્ય પ્રેરણા.

चेद्वांछसीदमवितुं परलोकदुःख-
भीत्या ततो न कुरुषे किमु पुण्यमेव ।
शक्यं न रक्षितुमिदं हि चै दुःखभीतिः,
पुण्यं विना क्षयमुपैति न वज्रिणोपि ॥ ३ ॥

"જો તું તારા શરીરને પરલોકમાં થનારા દુઃખના ભયથી "બચાવવા ઇચ્છતો હોય તો પુણ્ય શામાટે કરતો નથી? આ શરીર "(કોઇવડે પણ) પોષી શકાય તેવું નથી; ઇંદ્ર જેવાને પણ પુણ્ય "વગર દુઃખની બીક નાશ પામતી નથી." ૩. વસંતતિલકા.

ભાવાર્થ–હે ભાઇ! તને કદાચ એમ ભય લાગતો હોય કે આ શરીરને અહીં મૂકીને પરલોકમાં જઇશું ત્યારે બહુ દુઃખ ભોગવવાં પડશે અને તેથી અહીંજ વધારે જીવી લેવું સારૂં છે; આવા વિચારથી તું રાત્રિભોજન, કંદમૂળ, અભક્ષ્ય, અનંતકાય વિગેરેનું ભક્ષણ કરતો હોય અને શરીરને પોષતો હોય તો તેમાં તારી ભૂલ થાય છે. વધારે ઉત્તમ રસ્તો એ છે કે તારે ખૂબ પુણ્ય કરવું. આથી તારૂં શરીર આ ભવમાં સારૂં રહેશે અને તને પરભવ સંબંધી ભય નહિ રહે. હાલ તને જે સ્થિતિહીનતા લાગે છે તે પુણ્ય ઓછું હોવાને લીધેજ

૧ કોઇક પ્રતમાં અત્ર ન છે અને ચતુર્થ પંક્તિમાં ચ છે તેનો ભાવ પણ તેજ રહે છે.

છે, અને તે જ કારણથી ઇંદ્ર અને ચક્રવર્તીઓ પણ બ્હીકમાં રહ્યા કરે છે. શરીરપ્રાપ્તિનો હેતુ શો અને તે હેતુ સૌથી સારી રીતે કેવી રીતે પાર પડે તે વિચારવાની બહુ જરૂર છે.

અથવા આ શ્લોકનો ભાવ બીજી રીતે પણ સમજવા યોગ્ય છે. જો તું શરીરનું રક્ષણ કરવા ઇચ્છતો હોય તો પુણ્ય કર, કારણ કે પરભવમાં જે શરીર પ્રાપ્ત થશે તે તેથી સારૂં પ્રાપ્ત થશે. આનું કારણ એ છે કે આ શરીરને બચાવવા કોઇ પણ શક્તિવાન નથી, ઇંદ્ર સરખા પણ અશક્ત છે; માટે પુણ્યધન પ્રાપ્ત કરવું, પુણ્ય વગર પરલોકનાં દુઃખનો ભય નાશ પામવાનો નથી. ઘડાનો નાશ થવાની બ્હીક રાખવા કરતાં ઘડો બનાવવાની કળા શીખી લેવી, જથી નાશ થાય ત્યારે નવો પ્રાપ્ત કરવાની શક્તિ હાજર રહે. ૫૬.

દેહાશ્રિતપણાથી દુઃખ, નિરાલંબનત્વમાં સુખ.

देहे विमुह्य कुरुषे किमघं न वेत्सि,
देहस्थ एव भजसे भवदुःखजालम् ।
लोहाश्रितो हि सहते घनघातमग्नि-
र्बाधा न तेऽस्य च नभोवदनाश्रयत्वे ॥ ४ ॥

"શરીર ઉપર મોહ કરીને તું પાપ કરે છે, પણ તને ખબર "નથી કે સંસારસમુદ્રમાં દુઃખો ખમવાં પડે છે, તે શરીરમાં રહ્યો "છે તેથીજ પામે છે. અગ્નિ લોઢામાં રહ્યો હોય છે ત્યાં સુધીજ "હથોડાના (ઘણના) પ્રહારો (ઘા) ખમે છે. તેથી જ્યારે તું આકાશની "પેઠે આશ્રયરહિતપણું અંગીકાર કરીશ ત્યારે તને અને અગ્નિને કાંઇ "પણ પીડા નહિ થાય." ૪. વસંતતિલકા.

ભાવાર્થ–અત્યાર સુધીમાં પરલોકદુઃખશંકાથી પુણ્યસંચય વધારે કરવાનો ઉપદેશ કર્યો. હવે આ શ્લોકમાં કહે છે કે આ લોકમાં પણ તું દુઃખ શાસારૂ પામે છે? શરીરથી તને કોઇ પણ પ્રકારનું સુખ નથી, ઉલટાં તને જે જે દુઃખો ભોગવવાં પડ્યાં છે તે શરીરસંબંધથીજ ભોગવવાં પડ્યાં છે. શરીર સાથેનો સંબંધ છોડી દે તો એકદમ મોક્ષે ચાલ્યો જા. જેઓ શરીરને અલક્ષ્યથી

પોષે છે તેઓ તો બંને રીતે માર ખાય છે. આ ભવમાં પણ મોટી ઉમ્મરે દુઃખી થાય છે. કદાચ ચઢતા લોહીમાં માલમસાલા બે વર્ષ નુકશાન બતાવે નહિ પણ જરા મોટી ઉમર થતાં તેની અસર જણાયા વગર રહેતી નથી. શરીર થોડા વખતમાં જર્જરીભૂત થઇ જાય છે. પરલોકમાં પુણ્ય વગર શા હાલ થાય તે તો પ્રસિદ્ધ જ છે. બંને શ્લોકનો ઉદ્દેશ એ છે કે હે ભાઇઓ! પરલોકમાં સુખ પામવાની મરજી હોય અને આ ભવમાં શરીરને સામાન્ય રીતે સારી અવસ્થામાં રાખવું હોય તો તેને બહુ પંપાળવું નહિ.

ધર્મના સાધન તરીકે શરીર ઉપયોગી છે તેથી તેને વિસારી પણ મૂકવું નહિ. વિચાર કરીને મધ્ય રસ્તો પકડવો એ ઉચિત છે.

અગ્નિ જ્યારે લોહના સંબંધમાં આવે છે ત્યારે મોટા મોટા ઘણ તેનાપર પડે છે; પણ જ્યારે લોઢામાંથી નીકળી જાય છે ત્યારે બધી પીડા મટી જાય છે. આત્મા અગ્નિ જેવો છે. શરીર રૂપ લોહના સંબંધથી રોગ, દુઃખ વિગેરે ખમે છે, પણ જ્યારે તેની સાથે સંબંધ છોડશે કે તેનાં દુઃખો નાશ પામી જશે. આ જીવ જેને પોતાનો આશ્રય માને છે તે શરીર જ આશ્રિતને દુઃખ આપે છે એ બહુ દુઃખકારક બિના છે; તેથી હવે તો એવું કામ કરવું જોઇએ કે [1]કોઇ પણ પ્રકારના વિચારને અયોગ્ય એવા એ નાલાયક શરીરનો આશ્રય જ કરવો પડે નહિ. શરીરપર મમત્વ ઓછો કરવા આ ઉપમા બહુ ઘટતી છે; આ ઉપરાંત નીચેનો શ્લોક પણ વિચારવા જેવો છે. ૫૭.

જીવ અને સૂરિ વચ્ચે થયેલી વાતચીત.

दुष्टः कर्मविपाकभूपतिवशः कायाव्हयः कर्मकृत्,
बद्धा कर्मगुणैर्हृषीकचषकैः पीतप्रमादासवम् ।
कृत्वा नारकचारकापदुचितं त्वां प्राप्य चाशुच्छलं
गंतेति स्वहिताय संयमभरं तं वाहयाल्प ददत् ॥ ५ ॥

1 Not deserving any consideration.

"શરીર નામનો નોકર કર્મવિપાક રાજાનો દુષ્ટ સેવક છે, તે "તને કર્મરૂપી દોરડાએ બાંધીને ઇંદ્રિયો રૂપી દારૂ પાવાનાં પાત્રો- "વડે તને પ્રમાદ રૂપ મદિરા પાશે. આવી રીતે તને નારકીનાં "દુઃખ ભમવાને યોગ્ય કરીને પછી કાંઈ બહાનું લઇને તે સેવક "નાસી જશે; માટે તારાં પોતાનાં હિતને માટે તે શરીરને જરા "જરા આપીને સંયમના ભારને તું સહન કર." ૫.

શાર્દૂલવિક્રીડિત.

વિવરણ–એક કર્મવિપાક નામે રાજા ચતુર્ગતિ નગરીમાં રાજ્ય કરે છે. આ રાજાને અનેક સેવકો છે અને શરીર પણ અનેકમાંનો એક સેવક છે. હવે રાજા દરરોજ કચેરી ભરે છે, તેમાં એક દિવસ આ જીવ યાદ આવ્યો એટલે પોતાના સેવકોને હુકમ કર્યો કે આ જીવને બંદીખાનામાં નાખી દો, નહિતો કદાચ તે મોક્ષનગ- રમાં ચાલ્યો જશે જ્યાં આપણી સત્તા (jurisdiction) જરા પણ નથી. શરીર નામના સેવકે તૈયારી કરી અને રાજાને કહ્યું કે જીવને કબજે રાખવા સારૂ દોરડાનો બંધ પડશે. કર્મવિપાકે કહ્યું "અરે કાયા! તેમાં તારે મુંઝાવાનું નથી. આપણી શાળામાં કર્મ નામનાં હજારો દોરડાં છે તેમાંથી તારે જોઈએ તેટલાં લઈ લે. ફક્ત તું આ જીવથી સાવચેત રહેજે, નહિ તો તને થાપ બવ- રાવી દેશે." વળી પાછો શરીરસેવકને વિચાર થયો કે કામ આ કરૂં છે તેથી રાજાને કહ્યું કે "મહારાજ! આ જીવમાં તો અનંત શક્તિ છે તેથી મને મારીને હઠાવી દે, માટે કોઈ એવી વસ્તુ આપો કે તેના ઘેનમાં પડ્યો રહે અને પોતાની શક્તિ છે તેનો ખ્યાલ જ આવે નહિ." આ ઉપરથી બહુ વિચાર કરીને રાજાએ મદ્ય, વિષય, કષાય, નિદ્રા અને વિકથા એ પાંચ પ્રમાદ રૂપ આસવ (દારૂ) આપ્યા, અને ભલામણ કરી કે ઇંદ્રિયોરૂપ વાસણમાં આ આસવ લઈ આ જીવને પાયા કરવો.

શરીરે આવી રીતે પોતાના રાજાનો હુકમ થતાં તરત જ અમલમાં આણ્યો. દારૂના ઘેનમાં મગ્ન થઈ ગયેલા જીવને કૃત્યા- કૃત્યનો પણ વિવેક રહ્યો નહિ; અને જ્યારે શરીરને ચોક્કસ થયું

કે આ જીવ હવે મોક્ષે જશે નહિ પણ નારકીમાં જ જશે, ત્યારે પોતાનું કાર્ય ફતેહ થયું છે એમ માની આ જીવને છોડીને ચાલ્યો જવાનો વિચાર કરવા લાગ્યું. હવે એવા વખતમાં અકસ્માત્ ગુરૂ- મહારાજ (મુનિસુંદરસૂરિ) આ જીવને મળી ગયા. બંદીખાનામાં પીધેલ અવસ્થામાં પડેલા આ જીવને જોઇને તેઓને બહુ દયા આવી. એટલે તેમણે તે જીવને કેદખાનાનું સ્વરૂપ સમજાવ્યું અને પછી કહ્યું કે "હે ભાઈ! આ બંદીખાનામાંથી અત્યારે પણ નીકળી જા. આ શરીર જરા લોભી છે, માટે તારે એવી યુક્તિ કરવી કે તેને થોડું થોડું બવરાવવું અને મોક્ષનું સાધન તેનાવડે જ તૈયાર કરવું, અને તારે પાંચ ઇંદ્રિયોપર સંયમ રાખવો ને પાંચ પ્રમાદ રૂપ દારૂ તો કદી પીવો જ નહિ."

મુનિ સુંદરસૂરિ મહારાજના આ ઉપદેશ ઉપર હાલમાં જીવ વિચાર ચલાવે છે. ઉપદેશ પ્રમાણે અમલ થવાની બહુ જરૂર છે. ૫૮.

શરીરની અશુચિ. સ્વહિતગ્રહણ.

यतः शुचीन्यप्यशुचीभवन्ति,
कृम्याकुलात्काकशुनादिभक्ष्यात् ।
द्राग्भाविनो भस्मतया ततोंऽगा-
त्मांसादिपिंडात् स्वहितं गृहाण ॥ ६ ॥

"જે શરીરના સંબંધથી પવિત્ર વસ્તુઓ પણ અપવિત્ર થઈ "જાય છે, જે કૃમિથી ભરેલું છે, જે કાગડા કુતરાને ભક્ષણ કરવાને "યોગ્ય છે, જે થોડા વખતમાં રાખ થઈ જવાનું છે અને જે "માંસનોજ પિંડ છે તે શરીરથી તું તો તારૂં પોતાનું હિત કર." ૬.

ઉપજાતિ.

વિવેચન–અતિ સુંદર વસ્તુઓ પણ શરીરના સંબંધમાં આવતાં અપવિત્ર થઈ જાય છે. મલ્લીનાથે છ રાજાઓને જે અકસીર ઉપદેશ આપ્યો તે આ શરીરની રચના બતાવીને જ આપ્યો હતો. આવું શરીર જીવતું હોય એટલે કે જ્યાં સુધી તેમાં આત્મા–ચેતન હોય ત્યાંસુધી કૃમિ વિગેરેથી ભરેલું હોય છે અને

મરણ પામ્યા પછી તે જરા પણ ઉપયોગમાં આવતું નથી. ઢોરનાં ચામડાં, માંસ, પુંછડાં, શીંગડાં, ખરી અને ચરબીના પણ પૈસા ઉપજે છે ત્યારે માણસનું શરીર તો બિલકુલ નકામું જ છે, અને ચાર દિવસ કદી પડયું રહે તો રોગનો ઉપદ્રવ કરે છે તેથી મરણ પછી તેની રાખ કરી નાખવામાં આવે છે, અને હાલ છે તે પણ માંસનો લોચો જ છે. એવા શરીરપર મોહ શો કરવો? જે દુર્ગંધ દૂરથી જોઈ નાક આડા રૂમાલ દઈએ છીએ તેવીજ દુર્ગંધ આ શરીરમાં ભરેલી છે. આ સંબંધમાં છઠ્ઠી ભાવના વાંચવાની ભલામણ કરવામાં આવે છે. પુરૂષના નવ અને સ્ત્રીના બાર દ્વારમાંથી ગટરની જેમ અપવિત્ર પદાર્થો નીકળ્યા જ કરે છે અને સુંદર પદાર્થો શરીરના સંસર્ગથી તે રૂપને પામેલા હોય છે.

હવે આટલા ઉપરથી જાણવાનું એ છે કે શરીરને જરા જરા ખવરાવીને તેનાથી આત્મહિત કરી લેવું. જેમ શરીરથી સંસારમાં ડુબાય છે તેમ તેનાથી જ તરી શકાય છે, માટે આ શરીરનો સદુપયોગ કરવો. આ જ ભાવ નીચેના બે શ્લોકથી વધારે સ્પષ્ટ થશે. ૫૯

શરીરઘરને ભાડું અને તેનો ઉપયોગ.

परोपकारोस्ति तपो जपो वा,
विनश्वराद्यस्य फलं न देहात् ।
सभाटकादल्पदिनाप्तगेह–
मृत्पिंडमूढः फलमश्नुते किम् ॥ ७ ॥

"જે નાશવંત શરીરથી પરોપકાર, તપ, જપ રૂપ ફળ થતાં "નથી તે શરીરવાળો પ્રાણી થોડા દિવસને માટે ભાડે રાખેલા ઘર "રૂપ માટીના પિંડપર મોહ પામીને શું ફળ પામે?" ૭. ઉપજાતિ.

ભાવાર્થઃ–નયસારના ભવથી વીરપરમાત્માના જીવે પરોપકાર, તપ અને ધ્યાનની શરૂઆત કરી, શરીરપરનો મમત્વ છોડી દીધો અને છેલ્લા ભવમાં સાડાબાર વર્ષ તપ કર્યો અને ઉપસર્ગો સહન કર્યા; તેનું વર્ણન વાંચતાં પણ વિચાર થાય છે. આવી રીતે શરીરનો ઉપયોગ કરવાનો અત્ર ઉપદેશ છે. આવું જો ન થઈ શકે તો પછી શરીરપ્રાપ્તિથી લાભ શો?

ટિકાકાર ધનવિજયગણિ લખે છે કે "કોઇ પ્રાણીએ ભાડું આપીને થોડા દિવસ માટે એક ઘર ભાડે રાખ્યું હોય અને પછી આ મારૂં ઘર છે અને વપરાશે તો નાશ પામશે એમ માની તે ઘરને વાપરતો નથી; પછી મુદત પૂરી થાય છે એટલે ઘર તો છોડી દેવું પડે છે; તેવી જ રીતે આ શરીર જીવને ટુંક (પરિમિત) આયુષ્યયુક્ત પ્રાપ્ત થાય છે ત્યારે આ જીવ વિચાર કરે છે કે પરોપકાર તપસ્યા વિગેરે કરીશ તો આ શરીર દુર્બળ થઈ જશે, માટે આપણે તો તેવું કાંઈ પણ કરવાના નથી. આવા ખોટા વિચારથી મૂઢ બુદ્ધિવાળો જીવ શરીરનો સદુપયોગ કરતો નથી, અને આયુષ્ય પૂર્ણ થાય છે કે તુરત શરીરને તજી દેવું પડે છે ત્યારે તે મનુષ્યભવ અને શરીર બંનેથી ભ્રષ્ટ થાય છે."

શરીરને ક્યારે પોષવું, કેમ પોષવું, શામાટે પોષવું વિગેરે સવાલોનો અત્ર નિર્ણય બતાવ્યો છે તે મનન કરવા યોગ્ય છે. ૬૦

શરીરથી કરી શકાતું આત્મહિત.

मृत्पिंडरूपेण विनश्वरेण, जुगुप्सनीयेन गदालयेन ।
देहेन चेदात्महितं सुसाधं, धर्मान्नकिं तद्यतसेऽत्र मूढ ॥८॥

"માટીના પિંડ રૂપ, નાશવંત, દુર્ગંધી અને રોગના ઘર એવા "આ શરીરવડે જ્યારે ધર્મ કરીને તારૂં પોતાનું હિત સારી રીતે સાધી "શકાય તેમ છે ત્યારે હે મૂઢ! તેમાં યત્ન કેમ કરતો નથી?" ૮

ભાવાર્થ–આ શરીર પાર્થિવ માટીના પિંડરૂપ, નાશ પામનાર, દુર્ગંચ્છનિક અને વ્યાધિનું ઘર વિગેરે દોષોથી યુક્ત છે, ત્યારે હવે તેનાથી કાંઈ લાભ મેળવાય તેમ છે? જો આપણને તેનાથી કોઈ પણ પ્રકારનો લાભ મળી શકે તેમ હોય તો તે સાધી લેવો. જ્ઞાની કહે છે કે 'ઇંદ્રિયદમન, સંયમપાલન વિગેરે મહાન્ કાર્યો આ શરીરદ્વારા થઈ શકે છે.' તે કરવાને માટે અત્ર ઉપદેશ આપે છે. વિદ્વાનોનું કર્તવ્ય અને ખૂબી એ છે કે તદ્દન ખરાબ પણ છોડી

ન શકાય તેવા પદાર્થનો શુભ ઉપયોગ શોધી કાઢવોઃ એટલે કે આ શરીર ઉપર જણાવેલા અવગુણોવાળું છતાં પણ જ્યારે છોડી શકાય તેમ નથી ત્યારે તેનાથી જે જે આત્મહિત થાય તેમ હોય તે તે કરી લેવું, તેમાં કિંચિત્ પણ પ્રમાદ કરવો નહિ. અત્યારે ચેતવું નહિ અને પાછળથી પશ્ચાત્તાપ કરવો તે મૂર્ખનું કામ છે. ૬૧

* * * * *
* * * * *
* * * * *

આ પ્રમાણે **દેહ મમત્વ મોચન** દ્વાર પૂર્ણ થયું. આ દ્વારમાં જે શિક્ષા છે તેનો નીચે પ્રમાણે સંક્ષેપ થઈ શકે—

૧ શરીરને પોષવું તે નિરૂપકારીપર આભાર કરવા જેવું છે.

૨ શરીર તારૂં પોતાનું નથી, પણ મોહરાજાએ બનાવેલું બંદીખાનું છે.

૩ શરીર તારી નોકરીમાં નથી, તે તો મોહરાજાની સેવામાં છે.

૪ શરીર રૂપ કેદખાનામાંથી છુટવા માટે તારે અસાધારણ પ્રયાસ–પુરૂષાર્થ કરવો ઘટે છે.

૫ શરીરરૂપ કેદખાનામાંથી છુટવાનો ઉપાય પુણ્યપ્રકૃતિનો સંચય કરવો તે છે.

૬ શરીરને ઓછું પંપાળવું અને ઇંદ્રિયોનો સંયમ કરવો.

૭ શરીરથી આત્મહિત કરવા ધર્મધ્યાન કરવું.

૮ શરીરને ભાડાનું ઘર માનવું.

૯ શરીરને છોડતી વખત જરા પણ દુઃખ લાગે નહિ એવી વૃત્તિઓ કરી દેવી.

૧૦ શરીરની અશુચિપર વિચાર કરવો.

'હે ભાઇઓ! સ્ત્રી, પુત્ર, ધન અને શરીરપર મોહ રાખશો નહિ, એમ જ્ઞાનીઓ તો પોકાર કરી કરીને વારંવાર કહી ગયા છે, પરંતુ આ જીવ સમજ્યા છતાં પણ છોડી શકતો નથી. આસ કરીને શરીરની બાબતમાં તો દેખીતી ભૂલ થાય છે, કારણ કે

શરીરને પંપાળવાથી તો તે એટલી' રીતે હેરાન કરે છે કે કાંઈ વાત નહિ. તબીયત નાજુક બનાવી દેછે અને અનેક ચાળા કરાવે છે; આ સર્વનો હેતુ એજ કે તેઓ શરીરને ભાડાનું ઘર સમજતા નથી, પણ ઘરનું ઘર સમજે છે. તેમને મરણવખતે આ શરીર છોડવું બહુ મુશ્કેલ પડે છે, પણ તેવું કોને થાય છે? જેઓને આગામી ભવે વધારે સારી જગો મેળવવાની આશા નથી તેઓજ ગભરાય છે. વળી આપણે સંસારમાં ટાઢ, તડકા, ભૂખ વિગેરે સર્વ ખમીએ છીએ, પણ એક ઉપવાસ કરવો હોય તો શરીર અશક્ત બની જાય છે. આવા વતનવાળા પ્રાણીઓને મરણપ્રસંગે કયા પ્રકારનો આનંદ હોય?

વળી જેમ શરીરપર બહુ મમતા રાખવી નહિ તેમ તેની તદ્દન ઉપેક્ષા પણ કરવી નહિ, કારણકે શરીરની મદદથીજ સંસારસમુદ્ર તરી શકાય છે. શરીરને પોતાની પ્રકૃતિ અનુકૂળ સાદો સાત્વિક ખોરાક આપવો અને કુદરતના નિયમને અનુસરી શરીરને જરા કસરત પણ આપવી. નિયમિત ટેવ અને યોગ્ય કસરતથી વ્યાધિઓના પ્રસંગ અલ્પ આવે છે. શરીરને તદ્દન નાજુક તબીયતનું બનાવી દેવું નહિ. છેલ્લા શ્લોકમાં કહ્યા પ્રમાણે શરીરને ભાડું આપી તેના બદલામાં આત્મહિત કરી લેવું. શ્રી શાંત સુધારસમાં છઠ્ઠી ભાવનાના અંતમાં લખે છે કે "કેવળ મળ રૂપ પુદ્ગળોનો સમૂહ અને પવિત્ર ભોજનને અપવિત્રપણું આપનાર આ શરીરમાં માત્ર એક મોક્ષસાધન કરવાનું સામર્થ્ય છે તેનેજ મોટા સાર રૂપ જાણ." શરીરની મદદથી આત્મહિત કરવામાં લક્ષ્ય રાખવું, શરીરપર મોહ ઓછો કરવો અને શરીરપ્રાપ્તિનો બરાબર લાભ લેવો એ સમજુનું કર્તવ્ય છે.

इति सविवरणः देहममत्वमोचननामा पंचमोऽधिकारः

अथ षष्ठो विषय प्रमाद त्यागाधिकारः

પાંચમા દ્વારમાં શરીર પરથી મોહ ઓછો કરવાનું કહ્યું અને તેવી રીતે મુખ્ય મમત્વના કારણભૂત સ્ત્રી, ધન, પુત્ર અને શરીરપરનો મમત્વ તજવાની વ્યાખ્યા પૂર્ણ થઇ. આ સર્વ બાહ્ય મમત્વ છે તેનો ત્યાગ કર્યા પછી આંતરંગ મમત્વનો પણ ત્યાગ કરવો જોઇએ એટલે કે વિષયો ઉપરથી મન ઓછું થવું જોઇએ અને પ્રમાદ ન રાખવો જોઇએ. 'પ્રમાદ' શબ્દ બે અર્થમાં વપરાય છે. એક અર્થ આળસ થાય છે તે સામાન્ય અર્થ છે! જૈન પરિભાષામાં પ્રમાદ શબ્દની અંદર ઘણી વસ્તુનો સમાવેશ થાય છે. પ્રમાદ શબ્દમાં વિષયનો સમાવેશ થાય છે તો પણ તેના તરફ ખાસ ધ્યાન ખેંચવાની જરૂર હોવાથી આ અધિકારમાં વિશેષ વર્ણન તેનું જ કરવામાં આવ્યું છે. વિષય પાંચ પ્રકારના છે; સ્ત્રી-સંભોગ, તૈલમર્દન, ભાવનાચંદનાદિ વિલેપન, સ્નાન, ઉદ્વર્તનાદિ સ્પર્શેન્દ્રિયના વિષયો છે; મીઠા પદાર્થો ખાવા, આહારમાં ગૃદ્ધ થવું અને નવા નવા સ્વાદો નીપજાવવા એ રસેંદ્રિયના વિષયો છે; પુષ્પ અત્તરની સુગંધ લેવી એ ઘ્રાણેન્દ્રિયના વિષયો છે; બારકી સ્ત્રીઓ સામે જોવું, કટાક્ષ કરવાં એ ચક્ષુરિંદ્રિયના છે અને વેશ્યા તથા ગવૈયા વિગેરેનાં ગાયનો તથા વાયોલીન, હારમોનિયમ, સતાર કે બેન્ડ વિગેરે વાજીત્રોના મધુર સ્વરો સાંભળવા એ શ્રોત્રેંદ્રિયના વિષયો છે. આ પાંચ ઇંદ્રિયો જીવને બહુ દુઃખ દે છે અને આ અધિકારમાં તેના સંબંધનું જ વિવેચન છે. પ્રમાદ પાંચ પ્રકારના છે.

मज्जं विषयकसाया, निद्राविकहाय पंचमी भणिया ।
ए ए पंच पमाया, जीवं पाडंति संसारे ॥

૧.મદ (આઠ પ્રકારના છે. તપ, શ્રૂત, બળ, ઐશ્વર્ય, જાતિ, કુળ, લાભ, રૂપ). ૨. વિષય (પાંચ ઇંદ્રિયોના ૨૩ વિષયો છે) ૩. કષાય (ક્રોધ, માન, માયા અને લોભ. એ પ્રત્યેક ચાર ચાર પ્રકારના હોવાથી સોળ ભેદ થાય છે). ૪ વિકથા (રાજકથા, દેશકથા, સ્ત્રી કથા અને ભોજનકથા). ૫ નિદ્રા (નિદ્રા, નિદ્રા નિદ્રા, પ્રચલા, પ્રચલા પ્રચલા, સ્ત્યાનર્દ્ધિ) અથવા પ્રમાદ આઠ પ્રકારના છે.

पमाओयमुणिंदोहिं, भणिओ अट्ठभेयओ ।
अन्नाणं संसओचेव, मिच्छानाणं तहेवय ॥
रागो दोसो मइब्भंसो, धम्ममिय अणायरो ।
जोगाणं दुप्पणिहाणं, अठहा वज्जियव्वओ ॥

"અજ્ઞાન, સંશય, મિથ્યાજ્ઞાન, રાગ, દ્વેષ, મતિભ્રંશ, ધર્મનો અનાદર અને મન, વચન તથા કાયાના યોગોનું દુઃપ્રણિધાન. આ આઠ પ્રકારનો પ્રમાદ જિનેશ્વરે વર્જવા યોગ્ય કહ્યો છે."

આ વિષય પ્રમાદને તજવાની શી જરૂર છે તે આ અધિકારમાં બતાવવામાં આવ્યું છે.

વિષયસેવનથી થતા સુખ-દુઃખની સરખામણી.

अत्यल्पकल्पितसुखाय किमिंद्रियार्थै
स्त्वं मुह्यसि प्रतिपदं प्रचुरप्रमादः ।
एते क्षिपन्ति गहने भवभीमकक्षे,
जंतून्न यत्र सुलभा शिवमार्गदृष्टिः ॥ १ ॥

"ઘણાજ થોડા અને તે પણ માની લીધેલાં (કલ્પિત) સુખ માટે "તું પ્રમાદવાન્ થઇને વારંવાર ઇંદ્રિયોના વિષયમાં શામાટે મોહ "પામે છે? એ વિષયો પ્રાણીને સંસાર રૂપ ભયંકર ગહન વનમાં "ફેંકી દેછે, જ્યાંથી મોક્ષમાર્ગનું દર્શન પણ આ જીવને સુલભ નથી."

વસંતતિલકા.

વિવેચન-મિષ્ટ પદાર્થ ખાધો, સ્ત્રીસંભોગ કર્યો અથવા પીયાનાના સુંદર સ્વરો સાંભળ્યા; સુખ કેટલું? કેટલા વખત સુધીનું? હવે

પરિણામ જુઓ. ઇંદ્રિયજનિત વિષયમાં રમણુતા એ શુદ્ધ આત્મિક દશા નથી તેથી તેના પરિણામે આ જીવ સંસારમાં પડે છે અને એવો ઉતરી જાય છે કે મોક્ષ શું છે? કયાં છે? કોને મળી શકે છે? એ જોવાનો, જાણવાનો કે સમજવાનો પ્રસંગજ તેને નથી આવતો. આ સર્વનો હેતુ એટલો જ કે વિષયને સુખ માન્યું. વાસ્તવિક સુખ એ છેજ નહિ; તેને ઠેકાણે શાંત પ્રદેશ હોય, ચોતરફ દશ દશ ગાઉમાં મનુષ્યની વસ્તી પણ ન હોય, અખંડ શાંતિ પ્રવર્તતી હોય અને શાંતિનો ભંગ કરનાર કોઇ હોય નહિ, આવા અરણ્યમાં બેસી ધર્મશાસ્ત્રનું અધ્યયન અને મનન થાય ત્યારે ઉંડા અંતઃકરણમાં જે આત્માનંદ થાય છે તેનું વર્ણન કરવું અશક્ય છે. તે સ્વાભાવિક આનંદ છે. સર્વ દેવતાઓના ઇંદ્રિયજન્ય સુખો કરતાં અનુત્તર વૈમાનના દેવતાઓનું જ્ઞાનાનંદનું સુખ અસાધારણ ગણવામાં આવ્યું છે. આ રીતે ઇંદ્રિયોના સુખમાં વાસ્તવિક સુખ છે જ નહિ, તે ઉપરાંત સંસાર રૂપ વનમાં તે એવી વિચિત્ર ગતિ કરાવે છે કે તેનો ખરેખરો ખ્યાલ ઉપમિતિ ભવ પ્રપંચના બીજાથી સાતમા સુધીના પ્રસ્તાવ વાંચવાથી આવી શકશે. ઇંદ્રિયો આપણી થઇને મારે છે એ મોટી પીડા છે; કારણકે તેથી કરીને તે કયારે મારે છે તે સમજુઓ પણ કેટલીકવાર જાણી શકતા નથી. ૬૨

પરિણામે હાનિકારક વિષયો.

आपातरम्ये परिणामदुःखे,
सुखे कथं वैषयिके रतोऽसि ।
जडोऽपि कार्यं रचयन् हितार्थी,
करोति विद्वन् यदुदर्कतर्कम् ॥ २ ॥

"ભોગવતી વખતે માત્ર સુંદર લાગતા પણ પરિણામે દુઃખ "દેનારા વિષયસુખમાં તું કેમ આસક્ત થયો છે?. હે નિપુણ! પોતાનું "હિત ઇચ્છનાર મૂર્ખ પ્રાકૃત માણસ પણ કાર્યના પરિણામનો "તો વિચાર કરે છે." ૨. ઉપજાતિ.

ભાવાર્થ–ઉપર કહ્યું તેમ હરકોઇ કાર્યમાં જોવું કે આ કાર્યમાં તાત્કાળિક સુખ છે કે પરિણામે સુખ છે. મોટા ભયંકર કૂવામાં નીચે

મોટો અજગર છે, ચાર મોટા સર્પ ચાર ખુણામાં ફુંફાટા કરી રહ્યા છે. ઝાડની ડાળી સાથે પોતે લટકે છે. તેજ ડાળી બે ઉંદરો કાપે છે–છતાં મધનાં ટીપાંની ઇચ્છામાં આ જીવ વિમાનમાં રહેલા વિદ્યાધર યુગ્મને પણ રાહ જોવા કહે છે. આ મધુબિંદુનું દૃષ્ટાંત જીવની સમજશક્તિ કેટલી ઓછી છે અને પોતાનો સ્વાર્થ સાધવામાં તેનું કેટલું પછાતપણું છે તે બતાવે છે. ચિદાનંદજી મહારાજ પણ કહી ગયા છે કેઃ–

ઇંદ્રિય જનિત વિષય રસ સેવત, વર્તમાન સુખ ઠાણે
પણ કિંપાકતણા ફલની પરે, નવ વિપાક તસ જાણે
સંતો દેખીએ બે, પરગટ પુદ્ગળ જાળ તમાસા.

વિષયજન્ય સુખ પરિણામે એકાંત દુઃખ દેનારૂં છે અને તારે એકાંત સુખ મેળવવાની ઇચ્છા છે. હે ભાઇ! મૂર્ખ પણ જ્યારે કાંઇ પણ કાર્યમાં પરિણામનો વિચાર કરે છે ત્યારે તારી વિદ્વત્તા કેમ ઉંધી જાય છે? મગજને તસ્દી આપી વિચાર કર. આ કિંમતી જીવન અલ્પ સુખ ખાતર હારી જા નહિ. આવી સગવડ ફરી મળવી મુશ્કેલ છે. ૬૩

મોક્ષસુખ અને સંસારસુખ.

यदिंद्रियार्थैरिह शर्म बिंदव-
द्यदर्णवत्स्वः शिवगं परत्र च ।
तयोर्मिथः संप्रतिपक्षता कृतिन्,
विशेषदृष्ट्यान्यतरद् गृहाण तत् ॥ ३ ॥

"ઇંદ્રિયોથી આ સંસારમાં જે સુખ થાય છે તે બિંદુ જેટલું છે "અને પરલોકમાં (તેના ત્યાગથી) સ્વર્ગ અને મોક્ષનું સુખ થાય છે "તે સમુદ્ર જેટલું છે; આ બન્ને પ્રકારનાં સુખોને પરસ્પર શત્રુતા છે. "તેટલા માટે હે ભાઇ! વિચાર કરીને તે બેમાંથી એકને ખાસ "ગ્રહણ કર." ૩ વંશસ્થ.

વિવેચન–ઉપરની ગાથામાં ઇંદ્રિયજન્ય સુખને પણ આપાત રમણીય કહ્યું છે અને મોક્ષનું સુખ પણ રમણીય કહેવાય છે તેથી બન્ને સુખમાં રમણીયતા એ સમાન ધર્મ છે; પરંતુ બન્નેમાં તફાવત શું છે તે બતાવે છે.

---

૧ સ ને બદલે क्वचित् अस्ति એવો પાઠાંતર છે.

સંસારસુખ અને મોક્ષસુખ વચ્ચે જમીન આસમાનના જેટલો ફેર છે, એકને ટીપું કહીએ તો બીજું દરિયા જેટલું કહેવાય.

બીજું એ છે કે સંસારસુખ ત્યાં મોક્ષસુખ નહિ અને મોક્ષ સુખ ત્યાં જ હોય કે જ્યાં સંસારસુખની અપેક્ષા પણ હોય નહિ.

સાંસારિક સુખ થોડા વખતનું છે; મોક્ષસુખ બહુકનું છે.
સાંસારિક સુખ બહુ થોડું છે, મોક્ષસુખ અનંતું છે.

સંસારસુખ અંતે દુઃખયુક્ત અને વિનાશી છે. મોક્ષસુખ નિત્ય છે. (શાશ્વત છે). વસ્તુતઃ શુદ્ધ સ્વરૂપ આ છે. હવે તારી મરજી હોય તો સ્ત્રીઓ ભોગવ, પૈસા પેદા કર, પરદેશ ભમ, મનગમતાં ભોજન કર, વિષયો સેવ, નોકરી કર; અને તારી મરજી હોય તો સંસારબંધન તોડી જ્ઞાનમાં લીન થઈ, બેંતાળીશ દોષરહિત આહાર લઈ, પંચ મહાવ્રત ઉત્કૃષ્ટ રીતે પાળી, મનઇંદ્રિયોનો સંયમ કરી, અનેક જીવોના સુખ વાસ્તે, તેઓ પણ આવે તો પોતાની સાથે લઇ લેવા સારૂ મોક્ષ માર્ગની તૈયારી કર. સર્વ હકીકત તારી સન્મુખ છે, અને વિચાર કરવો એ તારી મુનસફી ઉપર છે. ૬૪.

દુઃખ થવાનાં કારણોનો નિશ્ચય કર.

भुंक्ते कथं नारकातिर्यगादि-
दुःखानि देहीत्यवधेहि शास्त्रैः ।
निवर्तते ते विषयेषु तृष्णा,
बिभेषि पापप्रचयाच्च येन ॥ ४ ॥

"આ જીવ નારકી તિર્યંચ વિગેરેનાં દુઃખો શામાટે પામે છે તે "શાસ્ત્રવડે જાણ, તેથી કરીને વિષય ઉપર તૃષ્ણા ઓછી થશે અને "પાપ એકઠું થવાની બીક લાગશે." ૪. ઉપજાતિ.

વિવેચન–"નારકીમાં રહેલા જીવોને એવી ક્ષુધા હોય છે કે ચૌદ રાજલોકવ્યાપી સર્વ પુદ્ગળોનું ભક્ષણ કરવાથી પણ તેને તૃપ્તિ થાય નહિ, સર્વ સમુદ્રના જળનું પાન કરવાથી પણ તેની તરસ છીપે નહિ, ટાઢની વેદના વડે અત્યંત પરાભવ પામે છે, અત્યંત તાપથી કદર્થના પામે છે, અને બીજા નારકીઓ પણ તેને

વેદના આપે છે. આવી રીતે પરમાધાર્મિકકૃત, ક્ષેત્રકૃત અને પરસ્પર કૃત વેદનાઓ ત્યાં થાય છે.

"તિર્યંચ ગતિમાં તેનો માલીક શરીરમાં નાથ પરોવે છે, તેની પાસે પુષ્કળ ભાર ખેંચાવે છે, પરોણાવડે માર મારે છે, કાન પુચ્છ વિગેરે છેદે છે, કૃમિ તેને ખાઈ જાય છે, અને ભુખ તરસ સહન કરવી પડે છે.

"મનુષ્યભવમાં વ્યાધિઓ, વૃદ્ધાવસ્થા, દુર્જન મનુષ્યના પ્રસંગ, ઈષ્ટનો વિયોગ, અનિષ્ટ સંયોગ, ધન હરણ, સ્વજન મરણ વિગેરે અનેક દુઃખો છે.

"દેવગતિમાં પણ ઇંદ્રના હુકમો પરવશપણે માનવા પડે છે, બીજા દેવોનો ઉત્કર્ષ જોઇ ખેદ થાય છે, બીજી દેવાંગનાના સંગની ઇચ્છા મનને પીડે છે, પોતાનો ચ્યવનસમય (મરણ) નજીક આવે છે ત્યારે દેવો બહુ રડે છે, વિલાપ કરે છે અને છેવટે અશુચિમય સ્ત્રીકુક્ષિમાં પડે છે."

ઉપમિતિ ભવપ્રપંચ પીઠબંધ ભાષાંતર. પૃ. ૫૨.

આવી રીતે સર્વ ગતિમાં દુઃખ છે તો તું શાસ્ત્ર વાંચીને કે સાંભળીને નક્કી કર કે આવાં દુઃખોનું કારણ શું હશે? તું આવો વિચાર કરીશ તો પછી તને વિષયપર તિરસ્કાર થશે અને પાપ કૃત્યોથી પણ પરાઙ્મુખ થઈશ. કારણ કે દુઃખના હેતુ વિષય પ્રમાદ છે એમ શાસ્ત્રકારે તો પાકી ખાત્રી કરેલી છે. આ હકીકતનો શાસ્ત્રથી નિર્ણય કરવાનો હેતુ એ જ છે કે સામાન્ય બુદ્ધિ આવા ગહન વિષયમાં ઉતરી શકે નહિ. શાસ્ત્રનિર્ણયનું પરિણામ મુનિ સુંદરસૂરિએ આખા ગ્રંથમાં બતાવી આપ્યું છે. ૬૫.

સદ્દહુ નિશ્ચયપર વિચારણા.

गर्भवासनरकादिवेदनाः,
पश्यतोऽनवरतं श्रुतेक्षणैः ।
नो कषायविषयेषु मानसं,
श्लिष्यते बुध विचिंतयेति ताः ॥ ५ ॥

"જ્ઞાનચક્ષુથી ગર્ભાવાસ નારકી વિગેરેની વેદનાઓ વારંવાર
"જોવા પછી તારૂં મન વિષય કષાય ઉપર ચોંટશે નહિ; માટે હે
"પંડિત! તું બરાબર તેનો વિચાર કર." ૫. સ્થૌદ્ધતા.

ભાવાર્થ–શાસ્ત્રદૃષ્ટિથી–જ્ઞાનચક્ષુથી જ્યારે તું જોઈશ ત્યારે તને માલૂમ પડશે કે સાંસારિક દુઃખો કેવાં અને કેટલાં છે. ગર્ભવાસમાં દુઃખ બહુ સખત છે, તેનો ખ્યાલ આપવા સારૂ શાસ્ત્રકાર કહે છે કે આખા શરીરમાં તપાવેલી લોહની સોઈઓ લગાવી હોય તે કરતાં આઠગણું ગર્ભમાં દુઃખ છે અને જન્મસમયે આથી પણ અનંતગણું દુઃખ છે. પ્રવચન સારોદ્ધારમાં તે સંબંધમાં કહ્યું છે કેઃ–

रंभागर्भसमः सुखीशिखिशिखावर्णाभिरुच्चैरय-
सूचिभिः प्रतिरोमभेदितवपुस्तारुण्यपुण्यः पुमान् ।
दुःखं यल्लभते तदष्टगुणितं स्त्रीकुक्षीमध्यस्थितौ,
संपद्येत ततोऽप्यनंतगुणितं जन्मक्षणे प्राणिनाम् ॥

'કેળાના ગર્ભ જેવો કોમળ અને અત્યંત સુખી જીવ હોય તેના દરેક રોમમાં તપાવેલી અગ્નિજ્વાળા જેવી લાલ લોઢાની સોયો પરોવી હોય ત્યારે તેને જે દુઃખ થાય છે તેનાથી આઠગણું દુઃખ ગર્ભમાં દરરોજ થાય છે અને જન્મસમયે તેથી અનંતગણું દુઃખ થાય છે.'

નારકી તિર્યંચનાં દુઃખોનું વર્ણન ઉપર થઇ ગયું છે. આ દુઃખો ઉપર વારંવાર વિચાર થશે ત્યારે વિષય ઉપર મન ઓછું થઇ જશે, કારણ કે દુઃખનાં કારણ તેઓ જ છે. કહેવાની મતલબ એ છે કે વિચાર કરવાની બહુ જરૂર છે. સવારથી સાંજ સુધી ગાડું ગબડાવી જવું અને વચ્ચે મોટો પથ્થર આવે ત્યારે ગભરાઈને ઉભા થઈ રહેવું, એ પુરૂષાર્થવાનનું કર્ત્તવ્ય નથી. વિચારો, જુઓ, તપાસો અને પોતાના અંગિત સ્વાર્થને બાજુએ મૂકી ચોક્કસ નિર્ણય પર આવો અને તદનુસાર વર્તન કરો. જો કે અત્ર પ્રસ્તુત પ્રસંગ વિષયત્યાગનો છે તથાપિ કષાયને અને તેને એટલો બધો નજીકનો સંબંધ છે કે અત્ર તત્સૂચનાર્થ કષાય શબ્દ મૂકયો છે. કષાય સંબંધી વિશેષ હકીકત આવતા પ્રસ્તાવમાં આવશે, અને તેનું વિવેચન પણ તે સ્થાને થશે. ૬૬.

મરણ ભય—પ્રમાદ ત્યાગ.

वध्यस्य चौरस्य[1] यथा पशोर्वा,
संप्राप्यमाणस्य पदं वधस्य ।
शनैः शनैरेति मृतिः समीपं,
तथाखिलस्येति कथं प्रमादः ॥ ६ ॥

"ફાંસીની સજા થયેલ ચોરને અથવા વધ કરવાને સ્થાનકે લઇ
"જવાતા પશુને મૃત્યુ ધીમે ધીમે નજીક આવતું જાય છે તેવી જ રીતે
"સર્વને મૃત્યુ નજીક આવતું જાય છે, ત્યારે પછી પ્રમાદ કેવી રીતે
"થાય ?" ૬ ઉપજાતિ.

અધિરોહણ.–ગુજરાતી ભાષામાં એક કહેવત છે કે મા જાણે દીકરો મોટો થયો પણ આઉખામાંથી ઓછો થયો. દરેક કલાક, દરેક મિનિટ અને દરેક સેકન્ડ પોતાનું કામ કર્યે જાય છે તેથી ઘડીમાંથી પડતી રેતીની દરેકે દરેક કણીને સોનાની ગણીને તેનો સદુપયોગ કરવો. કુદરતી રીતે શરીરનું બંધારણ પણ ઉદ્યોગ તરફ જ વલણ ધરાવે છે, અને શારીરિક કે માનસિક કાર્ય કરતાં પોતાની ફરજ બજાવવા યત્ન કરવો એ કર્તવ્યપરાયણતા છે.

'વખતની' દેવીને અંગ્રેજીમાં ચિત્રી છે. તેના તાળવા ઉપર બાલની ચોટલી છે, પછવાડે માથું બોડું છે. પ્રસંગ–વખત–તક આવતાં તેને જે અગાઉથી પકડે છે તે તેની ચોટલી પકડી શકે છે અને તેનો લાભ મેળવે છે; જે પછવાડેથી પકડવા જાય છે તેના હાથમાં બોડું માથું આવે છે એટલે કે 'ગયો અવસર ફરીને આવતો નથી;' માટે કોઈપણ તક હાથમાંથી જવા દેવી નહિ અને હૃદયમાં સોનેરી અક્ષરથી કોરી રાખવું કે 'વખત એ પૈસો છે.' મૃત્યુથી ડરવું-એમ અત્ર કહેવાનો ઉદ્દેશ નથી, પરંતુ ઉદ્દેશ એ છે કે મૃત્યુને નજરમાં રાખી આળસ પ્રમાદ ન કરવાં, પણ અહુનિશ કર્તવ્યપરાયણ રહેવું. ૬૭.

---

1 चोर इति वा पाठः

સુખ માટે સેવાતા વિષયોમાં દુઃખો.

बिभेषि जंतो यदि दुःखराशे-
स्तर्दिंद्रियार्थेषु रतिं कृथा मा ।
तदुद्भवं नश्यति शर्म यद्राक्,
नाशे च तस्य ध्रुवमेव दुःखम् ॥ ७ ॥

"હે પ્રાણી! જો તું દુઃખોથી બહીક રાખતો હોય તો ઇંદ્રિ-
"યોના વિષયોમાં આસક્તિ કર નહિ. તે (વિષયો)થી ઉત્પન્ન થયેલું
"સુખ તો તુરત નાશ પામે છે અને તે નાશ પામે ત્યારે તો પછી
"લાંબા વખતનું દુઃખજ છે." ૭. ઉપજાતિ.

સાર–વિષયસુખની બાબતમાં બહુ વિચારવા જેવું છે, એક તો તેના પરિણામે દુઃખ થાય છે (દુઃકૃત જન્ય) અને બીજું તેના અભાવે દુઃખ થાય છે અને ત્રીજું તે થોડો વખત ચાલે છે. આ ત્રણ હકીકત જુદા જુદા રૂપમાં ઉપર જોઈ ગયા. ચોથી હકીકત એ છે કે જો આપણે તેઓને તજ્યા હોય છે તો બહુ આનંદ આપે છે. પણ જો તેઓ આપણને તજી જાય છે તો બહુ દુઃખ દેતા જાય છે. પરિપકવ ઉમ્મર થયા પહેલાં જેઓ ઇંદ્રિય ભોગો તજી દેછે તેઓ શરીર અને મનનાં ઊંચા પ્રકારનાં સુખ પામે છે. ભર્તૃહરિ કહી ગયા છે કે स्वयं त्यक्ता ह्येते शमसुखमनंतं विदधते (જો વિષયને પોતાની મેળે જ તજ્યા હોય તો તેઓ અનંત સુખ આપે છે). પરંતુ વૃદ્ધ ઉમ્મરે શરીર અશક્ત થયા પછી જો તેઓ આપણને છોડી જાય તો મનમાં મહા ખેદ થાય છે. શ્લોકના ચોથા પાદમાં કહ્યું છે તેનો આ ભાવ છે; માટે સર્વ પ્રાણીઓએ વિષય ત્યાગ કરવાની ઇચ્છા રાખવી અને તેને માટે પ્રયાસ કરવો. ઉક્ત ચાર પ્રકારની અગવડ સહન કરવી એમાં જરા પણ ડહાપણ નથી, અને ત્યાગ કરવો એ ધારવામાં આવેછે તેટલું મુશ્કેલ નથી. ૬૮.

તું શા ઉપરથી વિષયોમાં રાચે છે ?

मृतः किमु प्रेतपतिर्दुरामया,
गताः क्षयं किं नरकाश्च मुद्रिताः ।

ध्रुवाः किमायुर्धनदेहबंधवः,
सकौतुको यद्विषयैर्विमुह्यसि ॥ ८ ॥

"શું જમ (યમ) મરી ગયો ? શું દુનિયામાંથી બધા વ્યાધિઓ
"નાશ પામી ગયા ? શું નારકીનાં બારણાં બંધ થયાં ? શું આયુષ્ય,
"પૈસા, શરીર અને સગાં સંબંધીઓ હમેશા એસી રહેવા ઠર્યાં ?
"કે તું આશ્ચર્ય-હર્ષ સહિત વિષયોમાં વિશેષે મોહ પામે છે?" ૮.
વંશસ્થવિલ.

સંક્ષેપ–જેને મરવાની બીક ન હોય તે તો જાણે વિષયપ્રમાદમાં આસક્ત થાય તો તેને પાલવે પણ તારે માથે તો યમ જેવા શત્રુ ગાજે છે, વ્યાધિઓનો તો પાર નથી, તારાં કૃત્યો નરકમાં જવા યોગ્ય છે; તારૂં આયુષ્ય અસ્થિર છે; લક્ષ્મી કોઇની પણ થઇ નથી; શરીર ક્ષણવિનાશી છે અને સગાં સંબંધીઓ સ્વાર્થ સુધી તારાં છે. પછી કોઇ કોઇનું નથી; ત્યારે તું શું જોઇને વિષયમાં રાચ્યો માચ્યો રહે છે ? (જુઓ અધિકાર પ્રથમ–શ્લોક ૧૮.)

આ આક્ષેપક શ્લોક છે, પણ સહૃદય જનોને આમાંથી બહુ શીખવાનું મળે તેવું છે. આશ્ચર્યપૂર્વક કે હર્ષથી વિષયમાં નિમગ્ન થતાં માથે રહેલું વૈર સ્મરણ બહાર ન જવાની સૂચના કરનારા આ શ્લોકના ભાવ પર જરૂર વિચાર કરવો યુક્ત છે. ૬૯.

વિષય પ્રમાદ ત્યાગ કરવાથી સુખ. ઉપસંહાર.

विमोह्यसे किं विषयप्रमादै-
र्भ्रमात्सुखस्यायतिदुःखराशेः ।
तद्वार्धमुक्तस्य हि यत्सुखं ते[2]
गतोपमं चायतिमुक्तिदं तत् ॥ ९ ॥

" ભવિષ્યમાં જે અનેક દુઃખોનો રાશિ છે તેઓમાં સુખના
" ભ્રમથી તું વિષયપ્રમાદજન્ય બુદ્ધિથી કેમ મોહ પામી જાય છે ?
" તે સુખોની અભિલાષાથી મૂકાયલા પ્રાણીને જે સુખ થાય છે
" તે નિરૂપમ છે અને વળી ભવિષ્યમાં તે મોક્ષ આપનારૂં છે." ૯.
ઉપજાતિ.

---

૧ तद्गार्ध्यमुक्तस्येति वा पाठः ૨ तद्गतोपमामिति वा पाठः

ભાવાર્થ–अतद्वति तत्प्रकारकं ज्ञानं भ्रमः સુખ ન હોય ત્યાં સુખ માનવું એ ભ્રમ. વિષયોમાં આ જીવ સુખ માને છે એ ભ્રમ છે, કારણ કે તેમાં જરા પણ સુખ નથી; વળી ઉત્તર કાળમાં તે માની લીધેલાં સુખથી બહુ દુઃખ થવાનું છે. આવી રીતે બન્ને પ્રકારે અગવડમાં નાંખનાર પ્રમાદ અને વિષયો છે. તેઓ આ જીવને ઉંધા પાટા બંધાવી ઇંદ્રિયભોગોમાં સુખ મનાવે છે. વિષય સેવનારને સુખ કેવા પ્રકારનું છે તે મહારાજ ધર્મદાસગણિ લખી ગયા છે.

जह कच्छुल्लो कच्छुं, कंडुयमाणो दुहं मुणइ सुक्खं ।
मोहाउरामणुस्सा, तहकामदुहं सुहं विंति ॥

'જેમ કોઈ માણસને ખસ થઈ હોય અને તેનાપર ચળ–ખુજલી–આવે ત્યારે તેને ખણવામાં સુખ માને છે તેમ મોહમાં આતુર થયેલા માણસો કામભોગના દુઃખને–વિષયોને સુખ કહે છે.' પરંતુ આ સુખ ઉપરથી ખોટો મોહ ઓછો કરી–અભિલાષા તજી દઈ જ્યારે શાંતિમાં નિમગ્ન થઈ જાય છે, જ્યારે સંસારવાસના ઉઠી ઉચ્ચ ભાવના અંતઃકરણમાં વાસ કરે છે તે વખત મનમાં જે આનંદ થાય છે તે નિરૂપમ છે. દુનિયામાં એવો કોઈ આનંદ નથી કે જેની સાથે તે સરખાવી શકાય. ઉમાસ્વાતિ વાચક મહારાજા શ્રી પ્રશમરતિ પ્રકરણમાં કહી ગયા છે કેઃ–

नैवास्ति राजराजस्य, तत्सुखं नैव देवराजस्य ।
यत्सुखमिहैव साधोर्लोकव्यापाररहितस्य ॥

'જે સુખ લોકવ્યાપારથી રહિત સાધુને છે તે સુખ ચક્રવર્તીને કે ઇંદ્રને પણ નથી.' આત્માને આનંદ થાય તેથી જે સુખ થાય તે ઉત્કૃષ્ટ જ હોય એમાં નવાઈ નથી. સંસારસુખ તે વિકારજન્ય અને માની લીધેલું છે અને આ તો તાત્વિક સુખ છે. વળી આ સુખના પરિણામમાં પણ મુક્તિ છે. સંસારસુખથી કર્મબંધ થાય છે અને સમતાસુખથી સંવર કે નિર્જરા થાય છે અને છેવટે મોક્ષ થાય છે. ૭૦. * * * * *

એ પ્રમાણે વિષય પ્રમાદ ત્યાગ અધિકાર પૂર્ણ થયો. વિષય સેવન ઉપર ખાસ ભાર મૂકી લગભગ આખા અધિકારમાં તેજ ભાવ ચર્ચવામાં આવ્યો છે; વિષયો તાત્કાળિક સારા લાગેછે પણ પરિણામે દુઃખ આપે છે; તાત્કાળિક સુખ પણ માન્યતા માત્રજ રહેલું છે. અને સંસારની અનેક ઉપાધિ અને ખટપટનું કારણ વિષયો છે. આ મુખ્ય મુદ્દા છે. પાંચે ઇંદ્રિયોના વિષયો બહુ રઝળાવે છે એ નિઃસંદેહ વાત છે. આપણે તિર્યંચ જાતિના દૃષ્ટાંતથી જોશું તો જણાશે કે પ્રત્યેક ઇંદ્રિયના સંબંધથી મહા દુઃખ પ્રાપ્ત થાય છે. હાથીને પકડવા માટે ખાડામાં કૃત્રિમ હાથણી રાખે છે અને સ્પર્શેંદ્રિયને વશ થઇ હાથી ફસાઇ જાય છે; મિષ્ટ પદાર્થ ખાવાના લોભમાં માછલું આંકડામાં પરોવાઇ જાય છે; સુગંધની લહેરમાં ભ્રમર આખી રાત્ર કમળમાં બેસી રહી હાથીનાં મુખમાં જઇ પ્રાણ ખોઇ બેસે છે; ત્યારે દિવાની જ્યોતિમાં પતંગ પ્રાણ સમર્પણ કરે છે, અને હરિણ સુંદર મોરલીના કે વિણાના સ્વર પર લલચાઇ પારાધિથી ફસાઇ જાય છે. ઉપાધ્યાયજી ઇંદ્રિય અષ્ટકમાં કહે છે કે

पतंगभृंगमीनेभसारंगा यान्ति दुर्दशाम् ।
एकैकेंद्रियदोषाच्चेद्दुष्टैस्तैः किं न पंचभिः ॥

આવી રીતે પતંગ, ભ્રમર, માછલું, હાથી અને હરણ એક એક ઇંદ્રિયના વશપણાથી દુર્દશા પામેછે તો જ્યાં પાંચે દુષ્ટ ઇંદ્રિયોને વશ થવાપણું થાય ત્યાં તો શું ન થાય ? ચિદાનંદજી મહારાજ પણ કહેછે કે–

એક એક આસક્ત જીવ એમ, નાનાવિધ દુઃખ પાવેરે ॥ વિષય ॥
પંચ પ્રબલ વર્તે નિત્ય જાકું તાકું કહાજ્યું કહીએરે
ચિદાનંદ એ વચન સુણીને નિજ સ્વભાવમાં રહીએરે
વિષયવાસના ત્યાગો ચેતન, સાચે મારગ લાગોરે. ॥

આટલા ઉપરથી જોયું હશે કે ઇંદ્રિયોથી બહુ દુઃખ થવાનો સંભવ છે અને તેટલા માટે શ્રીમદ્યશોવિજયજી પોતાના ઇંદ્રિય અષ્ટકની શરૂઆતમાંજ કહેછે કે

बिभेषि यदि संसारान्मोक्षप्राप्तिं च कांक्षसि ।
तदेंद्रियजयं कर्तुं स्फोरय स्फारपौरुषम् ॥

'જો તને સંસારની બીક લાગતી હોય અને મોક્ષ મેળવવાની ઇચ્છા રહેતી હોય તો ઇંદ્રિયો પર અંકુશ મેળવવા સારૂ અસાધારણ પુરૂષાર્થ ફોરવ.' આ પ્રમાણે ઇંદ્રિયોને જીતવા માટે અસાધારણ પરાક્રમ વાપરવાની જરૂર છે. કારણ કે તેની સાથે અનંતકાળનો સંબંધ છે.

બીજી અગત્યની વાત એ છે કે જીવ વિષયજન્ય સુખ માની બેઠો છે પણ તેમાં એવું કાંઇ સુખ છે જ નહિ. ભર્તૃહરિ કહે છે કે વ્યાધિનું ઔષધ કરવું તેમાં સુખ શું ? ગળે તરસ લાગે ત્યારે સ્વાદિષ્ટ પાણી પીએછે એમાં સુખ શું? પેટમાં ભૂખ લાગે ત્યારે ખાય છે તેમાં સુખ શું? શરીરમાં વિકાર થાય ત્યારે કામભોગ સેવે છે તેમાં સુખ શું ? આવી રીતે સર્વ વ્યાધિના ઓસડો છે; તેને જીવ સુખ માની બેઠો છે. વિષયોથી ઉત્તરોત્તર પણ બહુ દુઃખ છે. આ સંબંધમાં દરેક શ્લોકની સાથે જોઇએ તેટલું વિવેચન થઇ ગયું છે તેથી અત્ર પુનરાવર્તન કરવાની આવશ્યકતા નથી.

પ્રમાદના સંબંધમાં ૧લો અને ૬ઠ્ઠો શ્લોક છે. આ સંબંધમાં મુખ્ય મુદ્દો એજ છે કે મૃત્યુ નજીક આવે છે માટે જાગ્રત થા. गृहीत इव केशेषु मृत्युना धर्ममाचरेत्। આવી રીતે પ્રમાદ અને વિષય માટે સારી રીતે જાણવામાં આવ્યું. અત્યારે લૌકિક પ્રવૃત્તિ ઐહિક સુખ સાધનો વધારે મેળવવા તરફ દોરાયલી છે, તે વખતે દરેક પ્રાણીએ પોતે શો ભાગ લેવો તે વિચારવાનું છે. નવીન જમાનામાં શરીરભોગ અને તૃપ્તિ અને ઇંદ્રિય વિકાર વધારનારા બાહ્યોપચાર અને શોભાના એટલા પદાર્થો આવે છે અને સુધારા અને ફેશનને નામે એટલો બધો કુધારો દાખલ થઇ ગયો છે કે વિચારવાળાએ દરેક બાબતમાં દૃષ્ટિ રાખવાની જરૂર છે.

પ્રમાદ પાંચ છે. તેમાં 'મદ્ય' નો પ્રચાર આ જમાનામાં અનેક નિમિત્તને લઇને વધતો જાય છે. 'કષાય' દ્વારમાં તેની અને સર્વ કષાયોની ઉપર સારી રીતે વિવેચન કરશું. 'વિકથા' ના સંબંધમાં

રાજકથા, દેશકથા, ન્યૂસપેપરને અંગે વધતી જાય છે અને પ્રવૃત્તિને લીધે ધર્મકથા ઓછી થતી જાય છે. આ બાબત પણ વિચારવા યોગ્ય છે. પાંચમો પ્રમાદ 'નિદ્રા' છે, તેને વધારવી ઘટાડવી એ પોતાની ઇચ્છા ઉપર છે. નિદ્રા ઓછી કરવાનો ઉપાય એ છે કે સાત્વિક આહાર લેવો. પાંચ પ્રમાદનો ત્યાગ કરી સ્વશક્ત્યનુસાર ગુણમાં વધારો કરી ગુણસ્થાને ચડ્યા જવું એ મનુષ્ય જીવનનું કર્ત્તવ્ય અને સાફલ્યતા છે. બાકી તો અનેક જન્મથી જીવ સાંસારિક ઊંચી સ્થિતિઓ સંપાદન કરતો આવ્યો છે. તેમાં કાંઇ નવાઇ નથી. ઇંદ્રિયોપર અંકુશ આવ્યા વગર કાંઇ પણ આત્મિક વધારો (Spiritual progress) થઇ શકવાનો નથી.

इति सविवरणः विषयप्रमादत्यागनामा षष्ठोऽधिकारः ।

अथ सप्तमः कषायत्यागाधिकारः

સમતા પ્રાપ્ત કરવામાં આડાં આવનાર સાધનોમાં મમત્વ, વિષય અને કષાય છે. વિષયનું અંધપણું આપણે જોઇ ગયા, હવે કષાયથી કેટલી હાનિ થાય છે તે અત્ર બતાવે છે.

કષાયમાં મુખ્ય ચારનો સમાવેશ થાય છે. ક્રોધ, માન, માયા અને લોભ. આ દરેક ઓછી વધતી તરતમતામાં હોય છે. સ્થૂલતા અને કાલ નિમિત્તક તેના દરેકના વળી ચાર ચાર ભેદ પાડવામાં આવ્યા છે. ઉત્કૃષ્ટ પંદર દિવસ રહે તે **સંજ્વલન**, ઉત્કૃષ્ટ ચાર માસ સુધી રહે તે **પ્રત્યાખ્યાની**, ઉત્કૃષ્ટ વરસ સુધી રહે તે **અપ્રત્યાખ્યાની** અને યાવજ્જીવ રહે તે **અનંતાનુબંધી**. આવી રીતે કષાયના સોળ ભેદ થાય છે. વળી આ કષાયને ઉત્પન્ન કરનાર હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, દુગંછા અને ત્રણ વેદ છે તે નવ નોકષાય એ નામથી ઓળખાય છે.

અત્ર પ્રસ્તુત વિષય કષાય છે. કષાયનો વિદ્વાનો અર્થ કરે છે કે કષ એટલે સંસાર તેનો આય એટલે લાભ જેથી થાય છે, અર્થાત્ સંસારમાં રઝળવાનું જેથી થાય છે તે કષાય. આ અર્થ કેટલે દરજ્જે ખરો છે તે નીચે વાંચવાથી માલૂમ પડી આવશે.

ક્રોધનું પરિણામ-તેનો નિગ્રહ કરવાની આવશ્યકતા.

रे जीव सेहिथ सहिष्यसि च व्यथास्ता-
स्त्वं नारकादिषु पराभवभूः कषायैः ।
मुग्धोदितैः कुवचनादिभिरप्यतः किं,
क्रोधान्निहंसि निजपुण्यधनं दुरापम् ॥ १ ॥

"હે જીવ ! કષાયવડે પરાભવનું સ્થાન થઇને નારકીમાં તેં "અનેક પીડાઓ સહન કરી અને હજુ સહન કરીશ; તેથી મૂર્ખ "મનુષ્યોએ દીધેલ ગાળ વિગેરે બરાબ વચનથી ક્રોધ પામી જઇને "મહા મુશ્કેલીથી મળી શકે એવું પુણ્ય ધન તું કેમ નાશ પમાડેછે?" ૧

વસંતતિલકા.

વિવેચન–કષાય કરવાથી આ જીવે અત્યાર સુધીમાં અનેક દુઃખો સહન કર્યાં; નારકીમાં પરમાધામીએ પીડ્યો અને પરસ્પર લડ્યો; નિગોદમાં સબડ્યો અને વનસ્પતિમાં રબડ્યો; તેમજ ચોરાશી લાખ જીવાયોનિમાં કાંઇ બાકી રહી નહિ એટલુંજ નહિ પણ દરેક યોનિમાં અનંતવાર આંટા મારી આવ્યો. આ સર્વનું કારણ રાગ દ્વેષ છે. દુનિયામાં રબડાવનાર, ફસાવનાર અને કર્તવ્ય પરાયણતા ભૂલાવનાર, તેમજ તદ્દન ગાંડા અથવા ઉન્મત્ત કરી મૂકનાર આ બે શક્તિઓ છે. તેઓથી કષાય ઉત્પન્ન થાય છે. ક્રોધ અને માન એ બન્ને દ્વેષરૂપ છે, ત્યારે માયા અને લોભ અમુક નયે રાગરૂપ છે. આ સર્વ કષાયો અનંતકાળ દુઃખ આપનારા છે. આ અધિકારમાં કષાયનું સ્વરૂપ ચાલે છે તેમાં પ્રથમ ક્રોધને મુખ્યતા આપી છે. કોઈ મૂર્ખ માણસ ગાળ આપે તો સામા ગુસ્સે થઇ જવું નહિ, તે વખતે વિચારવું કે બિચારો નાહક સંસાર વધારે છે; અથવા ભર્તૃહરિ કહે છે તેમ કરવું.

ददतु ददतु गालीर्गालीमन्तो भवंतो,
वयमिह तदभावाद्गालीदानेऽसमर्थाः ।
जगति विदितमेतद्दीयते विद्यमानं,
न तु शशकविषाणं कोऽपि कस्मै ददाति ॥

'તમારે દેવી હોય તો ગમે તેટલી ગાળો દો; કારણ કે તમે "ગાળવાળા" છો. અમારી પાસે ગાળો છેજ નહિ તેથી અમે દઇ પણ શકતા નથી. દુનિયામાં જેની પાસે જે વસ્તુ હોય તે તેઓ બીજાને આપી શકે છે, જુઓ, શશલાનાં શૃંગ નથી હોતાં તો તે કોઇ કોઇને આપી શકતું નથી.'

ઉપર જણાવેલા પ્રસંગો આવે તે વખતે જો યોગ્ય સમતા રાખવામાં આવે તો બહુ લાભ થાય છે અને જો ક્રોધ થઇ જાય

તો મહા મુશ્કેલીથી મળે તેવું પુણ્યરૂપ ધન આ પ્રાણી હારી જાય છે. જે ધનનો છેડો નથી એવું ક્રોડ પૂર્વ વર્ષોએ મેળવેલું જ્ઞાનાદિ આત્મગુણરૂપ ધન હારી જાય છે અને તેથી ક્રોધનો જય કરવો એ લાભનાં રક્ષણ તેમજ તેની પ્રાપ્તિ કરવા જેવું છે.

દૃષ્ટાંત જોઇએ તો શાસ્ત્રમાં વિદ્યમાન છે. શિષ્યપર ક્રોધ કરવાથી ગુરૂ કાળ કરીને ચંડકોશિક નાગ થયા. મહા તીવ્ર ઉપદ્રવ પ્રાપ્ત થયા છતાં ગજસુકુમાળ ક્રોધ ન કરતાં શાંત રહ્યા તો તેના પ્રતાપથી તુરતજ મોક્ષ ધન પામ્યા. તેવીજ રીતે મેતાર્ય મુનિ પણ અંતગડ કેવળી થઇ મોક્ષ લક્ષ્મી પામ્યા. આસન્ન ઉપકારી વીરપરમાત્માના ક્રોધના જય તરફ નજર કરીએ છીએ ત્યારે તો મહા આશ્ચર્યજ થાય છે. તેઓપર થયેલા ઉપસર્ગોનું વર્ણન વાંચતાં હૃદય કંપે છેઃ અને ખરેખર, જે જૈનને વીર પરમાત્મા માટે માન હશે તેને સંગમ ઉપર ક્રોધ આવશે. પણ વિચાર કરવાનો છે કે પરમાત્માને શું થયું હતું? સાંભળીને ખરેખર નવાઈ લાગશે કે પોતાપર આવા સખત, પ્રાણાંત કરે તેવા, અનેક ઉપસર્ગો કરનાર સંગમને અનંત સંસાર રઝળવું પડશે એ વિચારથી પ્રભુની આંખમાં કરૂણાશ્રુ આવી ગયાં હતાં. ક્રોધના જયની અત્ર પરાકાષ્ઠા આવી જાય છે. અશક્ત પ્રાણી ગમે તેવા ખુંદ્યા ખમે, પણ ચક્રવર્તીથી વધારે બળવાનનો આવી રીતનો ક્રોધનો જય ખરેખર અનુકરણ કરવા જેવો છે.

દશ પ્રકારના યતિધર્મમાં મુખ્ય પદે પ્રથમ ક્ષમા એટલે ક્રોધનો જય આવે છે. ક્રોધના આવેશમાં પ્રાણી કર્તવ્ય વિચારથી શૂન્ય થઈ જાય છે અને તદ્દન બેભાન અવસ્થામાં આવી જઇ ગમે તેવા હુકમો કે અનર્થો કરી નાખે છે. ક્રોધ પસ્તાવાનું કારણ છે અને તેનો જય કરવો એટલે પ્રસંગ પ્રાપ્ત થયે શાંતિ રાખવી એજ ખરૂં કર્તવ્ય છે. શાંતિ રાખવી એ મુશ્કેલ છે પણ અશકય નથી. ન્યાય વિશારદ ઉપાધ્યાય શ્રીમદ્યશોવિજયજી મહારાજ કહે છે કે "ઉપશમ સાર છે પ્રવચને, સુજસ વચન એ પ્રમાણોરે" આવી રીતે શાંતિ રાખવી એ જૈન સિદ્ધાંતનો સાર છે અને એ વચન ટૂંકશાળી છે.

ઉમાસ્વાતિવાચક મહારાજ પ્રશમરતિ પ્રકરણમાં લખે છે કે क्रोधात्प्रीति विनाशं, ક્રોધથી સ્નેહનો નાશ થાય છે. આ હકીકતનું યથાસ્થિતપણું બરાબર અનુભવવામાં આવે છે. વળી તેજ વિદ્વદ્વર્ય લખે છે કેઃ-

क्रोधः परितापकरः सर्वस्योद्वेगकारकः क्रोधः ।
वैरानुषंगजनकः क्रोधः क्रोधः सुगतिहन्ता ॥

'ક્રોધ પરિતાપ ઉત્પન્ન કરે છે એટલે મનને બાળ્યા કરે છે અને ક્રોધ સર્વ માણસોને ઉદ્વેગ કરે છે. જ્યારે ક્રોધ કરવામાં આવે છે ત્યારે વાતાવરણ આખું ઉદ્વેગ કરનારૂં થઇ જાય છે એ પદાર્થ-વિજ્ઞાન શાસ્ત્રનો સાંપ્રત સ્થાપિત નિયમ છે. વળી ક્રોધ વૈર સંબંધ કરે છે અને આ સર્વનાં પરિણામે ક્રોધ સુગતિનો નાશ કરે છે.' આવી રીતે ક્રોધ અનેક રીતે નુકશાન કરે છે અને પ્રાણીનો અધઃપાત કરે છે, માટે તેનો જય કરવા ઉદ્યત થવું એ કર્તવ્ય છે. શાસ્ત્રકારે ક્રોધને અગ્નિ સાથે સરખાવ્યો છે તે યોગ્યજ છે. વિદ્વાન કવિ ગાઈ ગયા છે કેઃ-

તૃણ દહન દહંતો, વરતુ જ્યું સર્વ બાલે,
ગુણ કરણ ભરીત્યું, ક્રોધ કાયા બાલે.
પ્રશમ જલદધારા, વહ્નિ તે ક્રોધવારો,
તપ જપ વ્રત સેવા, પ્રીતિવલ્લી વધારો.
ધરણિ પરશુરામે, ક્રોધે નક્ષત્રી કીધી,
ધરણિ સુભુમરાયે, ક્રોધે નિબ્રહ્મી સાધી.
નરક ગતિ સહાઈ, ક્રોધ એ દુઃખ દાઈ,
વરજ વરજ ભાઈ, પ્રીતિ જે દે વધાઈ.

આટલા કારણથી ક્રોધ ન કરવો તે ઇષ્ટ છે; સુગતિ અને સુખ પરંપરાનું કારણ છે.* ૭૧

* ક્રોધ ન કરવો એ લગભગ ક્ષમા રાખવા જેવું છે. ક્રોધના ત્યાગને મળતો, સદ્‌ગુણ ક્ષમા છે. એ કરતી વખત બહુ આનંદ થાય છે, માટે ક્ષમા કરવી. ક્રોધ કરતી વખતે માનસિક શક્તિ (mental energy) નો બહુ નાશ થાય છે, તેથી શરીરપર પણ બહુ અસર થાય છે અને કેટલીક વખત આત્મઘાત જેવું ભયંકર પાપ પણ તેનાથી થાય છે. ક્રોધનો ત્યાગ અને ક્ષમાનું આચરણ એ ખાસ કર્તવ્ય છે. 'ક્ષમા' નાં મથાળાથી શ્રી જૈન ધર્મ પ્રકાશમાં બહુ વિસ્તારથી એક ઉલ્લેખ કર્યો છે. જુઓ પુ. ૨૪ મું અંક બીજો.

માન-અહંકાર ત્યાગ.

पराभिभूतौ यदि मानमुक्ति, स्ततस्तपोऽखंडमतः शिवं वा[1] ।
मानादतिर्दुर्वचनादिभिश्चेत्तपः[2] क्षयात्तन्नरकादिदुःखम् ॥ २ ॥
वैरादि चात्रेति विचार्य लाभालाभौ कृतिन्नाभवसंभविन्याम् ।
तपोऽथवा मानमवाभिभूता, विहास्ति नूनं हि गतिर्द्विधैव ॥ ३ ॥

"બીજા તરફથી પરાભવ થાય ત્યારે જો માનનો ત્યાગ થાય "તો તેથી અખંડ તપ થાય છે અને તેથી મોક્ષ થાય છે. બીજા "તરફથી દુર્વચન સાંભળતાં જો માનનો આદર થાય તો તપનો "ક્ષય થાય છે અને નારકી વિગેરેનાં દુઃખો થાય છે. આ ભવમાં "પણ માનથી વૈર વિરોધ થાય છે; તેટલા માટે હે પંડિત! લાભ "અને નુકશાનનો વિચાર કરીને આ સંસારમાં જ્યારે જ્યારે તારો "પરાભવ થાય ત્યારે ત્યારે તપ અથવા માન (બેમાંથી એક)નું "રક્ષણ કર. આ સંસારમાં આ બેજ રસ્તા છે. (માન કરવું અથવા "તપ કરવો)". ૨. ૩.

ઉપજાતિ.

ભાવાર્થ–બહારના માણસથી જ્યારે પરાભવ થાય છે ત્યારે પ્રાણીને ઉછાળો આવી જાય છે. હવે આ ઉછાળો દબાવી પરાભવ ખમી શકાય તો ઈચ્છિત લાભ થાય છે, નહિ તો સંસારવૃદ્ધિ થાય છે. આ બે શ્લોકમાં કહે છે કે સંસારી જીવોને માનનો પ્રસંગ પ્રાપ્ત થતાં બે રસ્તા છે–કાંતો માન કરી સંસારમાં ડૂબવું અથવા માન દાબી દઈ પરભવે ઉચ્ચ ગતિ પ્રાપ્ત કરવી.

આ શ્લોકના પ્રાંત ભાગમાં માન અને તપનો સંબંધ બતાવ્યો છે એમાં બહુ ખૂબિ છે. પરથી પરાભવ થાય ત્યારે સામાન્ય વ્યક્તિ મનપરનો અંકુશ ખોઈ દે છે અને તેથી કરીને બાજી બગાડી મૂકે છે. અહંકાર કે ક્રોધ કરવાથી અભ્યંતર તપનો નાશ થાય છે, વિનય વૈયાવચ્ચ કે સદ્ધ્યાન વિગેરે રહેતાં નથી, આવતાં નથી, નાશ પામે છે અને તેથી કર્મની નિર્જરા થતી નથી; પ્રાયે મોક્ષ તો દૂરજ જાય છે. આવી સ્થિતિ છે, માટે હે વિદ્વાન્! તું લાભ નુકશાનનો વિચાર

૧ च इति वा पाठः ૨ दुर्वचनादिभिश्च तप इति वा पाठः

કરી અહંકાર કરજે. સંસારનાં દરેક કાર્યમાં વિચાર કરવાની જરૂર છે અને ગ્રંથકર્ત્તા તે બાબત વારંવાર ભાર મૂકીને જણાવે છે કે તારે જે કરવું હોય તે કરજે પણ તું પ્રથમ વિચાર કરજે. ગમે તેવા પવનના સપાટાથી ગમે તે દિશામાં તારૂં આત્મવહાણ ચાલ્યું જાય એ ધારેલાં બંદરે પહોંચાડશે નહિ; માટે વહાણનો સુકાની થા. ૭૨, ૭૩.

ક્રોધ ત્યાગ કરનાર યોગી-ને મોક્ષ પ્રાપ્તિ.

श्रुत्वाक्रोशान् यो मुदा पूरितः स्यात्, लोष्ट्राद्यैर्यश्चाहतो [1]रोमहर्षी ।
यः प्राणान्तेऽप्यन्यदोषं न पश्यत्येष श्रेयो द्राग् लभेतैव योगी ॥४॥

"જે આક્રોશ (પરાભવ વચન, ઝાટકણી) સાંભળીને ઉલટો "આનંદથી ઉભરાઈ જાય છે, જેને પથ્થર વિગેરે વડે માર્યો હોય "તો પણ જેનાં રોમરાય ઉલટાં વિકસ્વર થાય છે, જે પ્રાણાન્તે "પણ પારકા અવગુણને દેખતોજ નથી, તે યોગી છે, અને તે "તુરતજ મોક્ષ મેળવે છે" ૪.

શાલિનિ.

ભાવ–વ્યવહારમાં બીજા માણસો તારા ઉપર કારણે અકારણે ક્રોધ અનેકવાર કરશે, પણ તે વખત તારે મનની સ્થિતિ જાળવી રાખવી એમાં ખૂબિ છે. મનપર અંકુશ રાખનાર યોગી તે વખત સંસાર સ્વરૂપનો વિચાર કરીને ગુસ્સે ન થતાં આનંદ પામે છે અને ક્ષમા રાખે છે. પથ્થર વિગેરેના માર મારવામાં આવે તો પણ તેનું મન ઊંચું થતું નથી, પરંતુ રોમરાય વિકસ્વર થાય છે; જેમ સ્કંધક મુનિમહારાજના સંબંધમાં બન્યું હતું. તેના બનેવીએ ચામડી ઉતારી લેવા માણસો મોકલ્યા ત્યારે અતિ આનંદ પામી વિચાર કરવા લાગ્યા કે આ માણસો બંધુ કરતાં પણ અતિ ઉપકારી છે, કારણ ઘણા કાળે છૂટી શકે એવું કર્મઋણ આ લોકો તુરતજ ચૂકાવી દેશે. ગજસુકુમાળને તેના સાસરા ઉપર જરા પણ ગુસ્સો થયો ન હોતો અને મેતાર્ય મુનિનાં મનમાં પ્રાણાંત કષ્ટ સોનીએ કર્યા છતાં પણ હર્ષ થયો હતો તેમજ દમદંતમુનિને કૌરવોએ પથ્થરના ઘા માર્યા પણ તેઓનું મન ચલિત થયું નહિ અને પાંડવોએ વિનય કર્યો તે માટે

૧ लोम इति वा पाठः

હર્ષ થયો નહિ. આનું કારણ શું? તેઓને ખરી વિચાર શક્તિ હતી, સંસાર સ્વરૂપનું યથાસ્થિત જ્ઞાન થયું હતું, તેમજ આત્મા અને પુદ્ગળનો ભેદ બરાબર સમજતા હતા અને તદનુસાર વર્તન કરવાની ઇચ્છા હતી. તે ઇચ્છા આવા વખતમાં ફળીભૂત થઇ જાય છે એમ જોઇ-જાણી તેઓ હર્ષ પામ્યા છે. ક્રોધ અને માનના સંબંધમાં એક બાબત બાસ યાદ રાખવાની છે કે તેઓ અશક્તિથી ક્ષમા રાખતા હતા એમ નહોતું, પણ અસાધારણ શક્તિના પ્રતાપથીજ રાખતા હતા. આવા મહાત્માને યોગી કહેવા એ કાંઇ વધારે નથી.

વળી આવા પ્રાણી કોઇનો દોષ દેખતાજ નથી, તેઓ પોતાનાં કર્મનોજ દોષ સમજે છે. જેમ ચાલતાં ચાલતાં ભીંત સાથે અથડાવાથી ભીંત વાગે અને તેનાપર પ્રહાર કરવો અગર દ્વેષ આણવો એમાં મૂર્ખતા છે; તેમજ બીજાના આક્રોશ તાડનથી તેનાપર ગુસ્સે થવું એમાં મૂર્ખતા છે. અત્ર વર્ણવેલ ક્ષમાગુણવાળા પ્રાણીઓ જલદી મોક્ષ પ્રાપ્તિ કરે એ તદ્દન સ્વાભાવિક છે. ૭૪.

કષાય નિગ્રહ.

को गुणस्तव कदा च कषायैर्निर्ममे भजसि च नित्यमिमान यत् ।
किं न पश्यसि दोषममीषां, तापमत्र नरकं च परत्र ॥ ૯ ॥

"તને કષાયોએ કયો ગુણ કર્યો! તે ગુણ કયારે કર્યો! કે તું "તેઓને હમેશાં સેવે છે? આ ભવમાં સંતાપ અને પરભવમાં "નરક આપવા રૂપ તેઓના દોષો છે તે શું તું દેખતો નથી?" ૫.

સ્વાગતા.

ભાવ-કષાયથી ગુણ તો દેખાતો નથી, કોઈ પ્રાણીને કોઇ વખતે કોઇ પણ પ્રકારનો ગુણ થયો હોય એવું સાંભળ્યું નથી. દરેક કષાયથી તેના વિષયમાં કેવી કેવી પીડા થાય છે તે દૃષ્ટાંત આપીને બતાવી આપ્યું છે. ક્રોધથી તાત્કાળિક મગજનો ઉકળાટ, અહંકારથી માનભંગ વખતે મગજની બદલાયેલી સ્થિતિ, માયાથી દરરોજ ખોટો દેખાવ કરવાની પીડા અને લોભથી આખી જીન્દગી સુધીની વેઠ આવો આ ભવનો સંતાપ અને પરભવમાં તેના પરિણામે થતી

દુઃખ સંતતિપર વિચાર કરી કષાય ન કરવો; તેમ ન બને તો છેવટે ઓછો કરવો. તેવા પ્રસંગજ ન આવવા દેવા; આવતા હોય તો અટકાવવા અને સંસારને ચાટતા ન જવું પણ જરા ઊંચા આવવાનો વિચાર કરવો, એ સુજ્ઞનું કર્ત્તવ્ય છે. ૭૫.

કષાય સેવન અસેવનના ફળપર વિચારણા.

यत्कषायजानितं तव सौख्यं, यत्कषायपरिहानिभवं च ।
तद्विशेषमथवै तदुदर्कं, संविभाव्य भज धीर विशिष्टम् ॥ ૬ ॥

"કષાયસેવનથી તને જે સુખ થાય અને કષાયના ક્ષયથી "તને જે સુખ થાય તેમાં વધારે સુખ કર્યું છે, અથવા તો કષાયનું "ને તેના ત્યાગનું પરિણામ કેવું આવે છે તેનો વિચાર કરીને તે "બેમાંથી સારું હોય તે હે પંડિત! આદરી લે." ૬ સ્વાગતા વૃત્ત.

ભાવ-સર્વ પ્રાણીને સુખ મેળવવાની ઇચ્છા સદૈવ હોય છે અને તેથી વિચારવાળા પ્રાણીઓ કોઈ પણ કાર્ય કરતાં તેમાં સુખ કેટલું અને દુઃખ કેટલું તેનો તોલ કરે છે. હવે આપણે એક પ્રાણી પર ક્રોધ કરીએ કે કપટ કરીએ અથવા મગરૂરી કરીએ તેમાં સુખ શું? જ્યારે એકમાં મગજનો ઉકાળો થાય છે ત્યારે બીજામાં હૃદયનો ઉદ્વેગ થાય છે. બહુ બહુતો તાત્કાળિક મનોવિકારોને જરા પુષ્ટિ મળે છે, પણ ક્રોધ કપટ કર્યા પછી બે ચાર કલાકે શાંતિનો સમય આવે ત્યારે શી સ્થિતિ થાય છે? પસ્તાવો-એટલે તેના પરિણામે ભવિષ્યમાં થવાના પરાભવના વિચારથી અત્યંત દુઃખ; અથવા ક્રોધ માનનું પરિણામ શું આવે? એક કહેવત છે કે જો તમે ક્રોધ કરશો તો સામા તરફથી બદલામાં તેજ મળશે, એટલે પરિણામે બરાબરી. હવે બીજી તરફ કોઇપણ કષાય ન કરનારની સ્થિતિ જોઈએ તો તેને નથી મગજનો ઉકળાટ કે નથી હૃદયની ગ્લાનિ. તે ઉપરાંત જાણે પોતે એક મહાન્ કાર્ય કર્યું છે-એક ફરજ બજાવી છે એ વિચારથી મનને બહુજ આનંદ રહે છે. ક્રોધ કે લોભનો પ્રસંગ આવતાં તે ન કરવાથી મનને કેટલો આનંદ થાય છે અને સામો માણસ કેવી કફોડી સ્થિતિમાં મૂકાઈ ઉલટો માફ માગે છે

એ સર્વના અનુભવની વાત છે. આ ઉપરાંત પરભવમાં તો તેથી ઘણો લાભ મળે છે.

આવી રીતે કષાયત્યાગથી સર્વને સર્વ કાળે આનંદ થાય છે અને કષાયથી ઉદ્વેગ થાય છે. આ સ્થિતિપર વિચાર કરીને એમાંથી એક તને યોગ્ય લાગે તે કર. ૭૬.

કષાય ત્યાગ-માન નિગ્રહ-બાહુબલિ.

सुखेन साध्या तपसां प्रवृत्तिर्यथा तथा नैव तु मानमुक्तिः ।
आद्या न दत्तेऽपि शिवं परा तु, निदर्शनाद्बाहुबलेः प्रदत्ते ॥७॥

"જેવી રીતે તપસ્યામાં પ્રવૃત્તિ કરવી તે સુખે થઈ શકે તેમ "છે તેવી રીતે માનનો ત્યાગ કરવો તે સુખે થઈ શકે તેમ નથી જ. "કેવળ તપસ્યામાં પ્રવૃત્તિ મોક્ષને આપી શકતી નથી, પણ માનનો "ત્યાગ તો બાહુબલિના દૃષ્ટાંતની જેમ મોક્ષ જરૂર આપે છે." ૭

ઉપમિતિ.

ભાવાર્થ-દુનિયાનું અવલોકન કરનારને જણાશે કે તપસ્યામાં પ્રવૃત્તિ કરવી એ મુશ્કેલ તો છે, પણ તેમાં એક વખત પ્રવૃત્તિ થયા પછી બહુ મુશ્કેલી રહેતી નથી; પણ તેનો અથવા બીજી કોઇ પણ છતી વસ્તુ, ગુણ કે ધનનો અહંકાર ન કરવો એ બહુજ મુશ્કેલ છે. એટલું બધું મુશ્કેલ છે કે મનુષ્ય અજાણતાં પણ માન-મગરૂણી કરી નાખે છે. જ્યારે પોતાની નમ્રતા બાસ બતાવવા જાય છે ત્યારે પણ તે દ્વારા શ્લાઘ્યતા પ્રાપ્ત કરવાની અંતર્વૃત્તિમાં પ્રવૃત્તિ હોય છે. આવી રીતે માનમુક્તિ બહુ મુશ્કેલ છે. મનો-વિકાર એવી અજબ રીતે કામ કરે છે કે આ પ્રાણી મોહમાં મુઝાઇ સમજી શકતો નથી, અંધ બને છે, ઘેનમાં પડે છે અને અનેક અકાર્યો કરે છે, પણ તેનો હેતુ-ફળ કાંઇ પણ સમજતો નથી. કેવળ તપસ્યામાં પ્રવૃત્તિ જ્યારે એકાંત મોક્ષ આપી શકતી નથી ત્યારે માનમુક્તિ તુરતજ મોક્ષ આપે છે. (માનમુક્તિનો સમય નવમા ગુણસ્થાનમાં બહુ ઉચ્ચ સ્થિતિપર ગયા પછી પ્રાપ્ત થાય છે.)

મારાથી નાના ભાઇઓને વંદન કેમ કરૂં એવા અહંકારથી બાહુબળિને એક વરસ સુધી તપ કરવો પડ્યો, પણ તેમાં ઇષ્ટ ફળની પ્રાપ્તિ થઈ નહિ. તેમની ઇચ્છા હોત તો દેવવૈભવ મળત,

પણ તે તો જોઇતા ન હોતા. "વીરા મારા ગજથકી ઉતરો, ગજ ચેઢા કેવળ ન હોવેરે" એવા પ્રતિબોધનો અવસર થયેલો જાણીને મોકલેલી બ્હેનોના મધુર રવ સાંભળી સુજ્ઞ વીર ચેત્યો, ચમક્યો અને ગજને ઓળખી ગયો. તે ગજને તજ્યો કે તેજ ક્ષણે ઇષ્ટ ફળ પ્રાપ્ત થયું, જ્યારે એક વરસમાં તે ફળ પ્રાપ્ત થયું નહિ. આ વૃત્તિ પ્રાપ્ત થવાની બહુ જરૂર છે. ગજપર ચડવાની વૃત્તિ બહુધા દેખાય છે. જમાનાની પ્રવૃત્તિ માનને અનુકૂળ છે અને સંસારમાં પરિભ્રમણ કરાવનાર આ મહાન્ દુર્ગુણને self-respect,[1] individuality[2] વિગેરે ઉપનામો આપી સદ્ગુણમાં બદલાવી નાંખ્યો છે. વિવેકવાન્ પ્રાણીએ આનાથી ચેતવાની જરૂર છે. માનથી પારકા મહાન્ ગુણો પારખી શકાતા નથી, કદાચ દૃષ્ટિતળે આવે છે તોપણ તેની હોય તે કરતાં બહુ ઓછી કિંમત અંકાય છે, કેટલીક વાર બીલ-કુલ અંકાતી પણ નથી અને વિનય ધર્મ કે જેને પૂર્વધરો પણ विणओ धम्मस्स मूलं જૈન ધર્મનું મૂળ વિનય છે એમ કહી ગયા છે તેપર પાણી ફરી વળે છે. પોતાપણું સ્થાપવાની, ન હોય તેવા સદ્ગુણો ધરાવવાનો દેખાવ કરવાની અને વિવેકવિચાર-કર્ત્તવ્ય શૂન્ય થઇ જવાની ટેવ પડી જાય છે અને તેથી પરિણામે શૂન્ય આવે છે. ૭૭.

માન ત્યાગ-અપમાન સહન.

सम्यग्विचार्येति विहाय मानं, रक्षन् दुरापाणि तपांसि यत्नात् ।
मुदा मनीषी सहतेऽभिभूतीः, शूरः क्षमायामपि नीचजाताः ॥ ८॥

"આ પ્રમાણે સારી રીતે વિચાર કરી માનનો ત્યાગ કરીને "અને દુઃખે મળી શકે તેવાં તપોનું યત્નથી રક્ષણ કરીને ક્ષમા "કરવામાં શૂરવીર એવો પંડિત સાધુ નીચ પુરૂષોએ કરેલાં અપ-"માનો પણ ખુશીથી સહન કરે છે." ૮. ઉપમિતિ.

ભાવ-અત્ર કષાયત્યાગની પરાકાષ્ઠા બતાવી. તપસ્યા કરવી અને સાથે માનત્યાગ કરવો એ અગાઉ બતાવ્યું છે. અત્ર કહે છે કે નીચ પુરૂષો તરફથી અપમાન થાય તે પણ ક્ષમા ધારણ કરવામાં શૂરવીર પ્રાણી સહન કરે છે. આ સ્થિતિ પ્રાપ્ત કરવાની

[1] સ્વમાન-સ્વત્વ. [2] સ્વવ્યક્તિ સ્થાપન.

જરૂર છે. તારો કોઇ દુશ્મન નથી, કરેલાં કર્મ પર વિચાર કરી જ્યારે જીવ પોતાના આત્માનો દોષ જોતાં શીખે અને તેમ કરીને ક્ષમા રાખે ત્યારે તેની ઉચ્ચ વૃત્તિ થઇ એમ સમજવું. માન-ત્યાગ, ક્ષમાધારણ અને અપમાનસહન એ ત્રણ બાબતપર અત્ર ઉપદેશ આપ્યો છે. ૭૮.

સંક્ષેપથી ક્રોધનિગ્રહ.

पराभिभूत्याल्पिकयापि कुप्यस्यघैरपीमां प्रतिकर्तुमिच्छन् ।
न वेत्सि तिर्यङ्नरकादिकेषु, तास्तैरनंतास्त्वतुला भवित्रीः ॥ ९ ॥

"સહજ પરાભવથી પણ તું કોપ કરે છે અને ગમે તેવાં "પાપી કૃત્યોથી તેનું વૈર વાળવાને ઇચ્છે છે, પણ નારકી તિર્યંચ "વિગેરે ગતિઓમાં પાર વગરની અતુલ પરકૃત પીડાઓ થવાની "છે તેને તો તું જાણતો કે વિચારતો પણ નથી." ૯. ઉપજાતિ.

ભાવાર્થ–આ જીવ જરામાત્ર પરાભવથી ગુસ્સે થઇ જાય છે અને સામાને શબ્દથી, હસ્તથી કે હથિયારથી મારવા ઊભો થઇ જાય છે અથવા મનમાં દ્વેષ રાખી વૈર શોધ્યા કરે છે, લાગ શોધ્યા કરે છે અને આખો વખત ધમધમાટમાં રહે છે. આ મનોવિકા-રની અસર તળે આવેલા પ્રાણીને કૃત્યાકૃત્યનો વિવેક રહેતો નથી અને ભવિષ્યનો વિચાર પણ રહેતો નથી. એ તો પોતાના મસ્ત મગજમાં મગ્ન બની નિરંકુશ વૃત્તિએ વર્તે છે, પણ બિચારા જીવને ખબર પડતી નથી કે અગાઉ જણાવ્યું તેમ આ ભવમાં પણ દુઃખ થાય છે અને તે ઉપરાંત પરભવમાં પણ બહુ દુઃખ ખમવું પડે છે. માનસિક મનોવિકારો–જેવા કે ક્રોધ, માન, માયા, લોભ વિગે-રેના પરિણામમાં બહુ સખત દુઃખ ખમવું પડે છે. જ્યારે જુજ વખત કરેલા ભોજનના અંતરાય જેવા સ્થૂળ પાપનું પરિણામ શ્રી ઋદ્ધિ પ્રભુને વરસ સુધી ભોજન ન મળવામાં આવ્યું તો ચિત્ત-વૃત્તિને તોડી અસ્તવ્યસ્ત કરી નાખનાર કષાયો તો કેવું પરિણામ લાવે તે વિચારવા જેવું છે. ૭૯.

ષડ્રિપુપર ક્રોધ-ઉપસર્ગ કરનાર સાથે મૈત્રી.

धत्से कृतिन्! यद्यपकारकेषु, क्रोधं[1] ततो धेह्यरिषट्क एव ।
अथोपकारिष्वपि तद्भवार्त्तिकृत्कर्महन्मित्रबहिर्द्विषत्सु ॥ १० ॥

"હે પંડિત! જો તારૂં અહિત કરનાર ઉપર તું ક્રોધ કરતો "હો તો ષડ્રિપુ (છ શત્રુ-કામ, ક્રોધ, લોભ, માન, મદ અને "હર્ષ) ઉપર ક્રોધ કર, અને જો તું તારા હિત કરનારા ઉપર પણ "ક્રોધ કરતો હોય તો સંસારમાં થતી સર્વ પીડા કરનારાં જે કર્મો "છે તેઓને હરી જનાર (ઉપસર્ગો કરનારા વિગેરે) જે બરોબરા "તારા હિતેચ્છુ છે અને બાહ્ય દૃષ્ટિથી જે તારા શત્રુ જેવા લાગે "છે તેના ઉપર ક્રોધ કર." ૧૦ ઉપજાતિ.

તા. ક. આ શ્લોકનો ભાવ સમજવા યત્ન કરવો. શ્લોક બહુ સારો છે.

ભાવાર્થ–વાસ્તવિક રીતે મનુષ્ય પોતાના ઉપર અપકાર–નુકશાન કરનારપર ક્રોધ કરે છે. નુકશાન કરનાર શત્રુ કહેવાય છે. તે શત્રુ ડાહ્યા માણસોએ શોધી રાખ્યા છે. તેઓનું સ્વરૂપ નીચે પ્રમાણે છે તે ધ્યાનમાં રાખીને વિચારજે.

૧ પારકી અથવા પોતાની સ્ત્રી સાથે અથવા કુંવારી સ્ત્રી સાથે વિષય સંબંધ કરવો, કરવાની ઇચ્છા રાખવી અથવા કુચેષ્ટા કરવી તે કામ.
૨ બીજા પ્રાણીઓપર શી અસર થશે અથવા પોતાને કે પરને કેટલું નુકશાન થશે તેવા કોઇ પણ પ્રકારના પરિણામનો વિચાર કર્યા વગર મનનું અવ્યવસ્થિતપણે ગુસ્સામાં પ્રવર્તન તે ક્રોધ.
૩ છતી જોગવાઇએ દાનયોગ્યને દાન ન આપવું, નિષ્કારણ પારકું ધન લઇ લેવાની ઇચ્છા રાખવી, તૃષ્ણા રાખવી અને દ્રવ્ય અથવા કોઇ પણ વસ્તુ માટે એકવૃત્તિથી ધ્યાન કરવું તે લોભ.
૪ પોતાનામાં ન હોય તેવા ગુણો માની લેવા તેમજ તે હોવાનો દેખાવ કરવો તે માન (Vanity).
૫ કુળ, વિદ્યા, ધન વિગેરેનો અહંકાર કરવો તે મદ (Pride).
૬ વગર લેવે દેવે પારકાને દુઃખ ઉત્પન્ન કરીને અથવા દ્યૂત વિગેરે વ્યસનોનો આશ્રય કરીને મનમાં ખુશી થવું તે હર્ષ.[2]

---

૧ માનં इति वा पाठः
૨ ષડ્રિપુ બીજી રીતે પણ ગણાય છે. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, હર્ષ, (હર્ષ સ્થાને ઇર્ષા પણ ક્વચિત્ લખે છે).

આ છ ખરેખરા દુશ્મન છે, કારણ કે દુઃખ આપે તે દુશ્મન અને અનંત ભવભ્રમણમાં નારકી નિગોદનાં દુઃખ આપનાર આ દુશ્મનો છે. દેખાવમાં સુંદર લાગે છે પણ તેઓ ખરેખરા શત્રુ છે; માટે તેઓપર ખરેખરો ક્રોધ કરવો એટલે કે ક્રોધ કરી તેઓની દોસ્તી છોડી નાખવી એ ઉચિત છે.

વળી સંસારમાં રખડાવનાર કર્મો છે અને તે કર્મોનો નાશ કરનાર ઉપસર્ગ-પરીસહ વિગેરે છે. દુઃખને ઓછા કરાવનાર આ તો તારા વાસ્તવિક મિત્ર થયા અને તેઓને તેવા છે એમ જાણી જો ઉપકાર કરનારાઓ ઉપર પણ ક્રોધ કરતો હોય તો તેઓના ઉપર પણ કર. કહેવાનું તાત્પર્ય એ છે કે ઉપકાર કરનારપર કોઇને ક્રોધ હોય નહિ અને તેથી તારૂં કર્ત્તવ્ય એજ છે કે ષડરિપુને તજવા અને ઉપસર્ગ કરનાર વિગેરેને મિત્રબુદ્ધિએ ગ્રહણ કરવા-તેઓ સાથે મૈત્રી કરવી. ગજસુકુમાળને તેઓના સાસરા સોમિલ પર પ્રેમ આવ્યો હતો, બાહ્યદૃષ્ટિથી તો તે દુઃખ આપતો હતો, પણ વાસ્તવિક રીતે તો તે ઉપકારી હતો. એવીજ રીતે અવંતિસુકુમાળને પણ શિયાળણી વાસ્તવિક ઉપકાર કરનારી થઇ પડી હતી. ઉપરાંત સ્કંદક, અરણીક, મેતાર્ય વિગેરે મુનિ મહારાજાઓનાં દૃષ્ટાંત પણ વિચાર.

આવી રીતે દ્વેષના ઘરના ક્રોધ અને માનના સંબંધમાં ઉપદેશ કર્યો; તે સંબંધમાં વિશેષ આ અધિકારના છેવટના ભાગમાં લખ્યું છે. હવે રાગના ઘરના માયા અને લોભનું વિવરણ કરે છે. ૮૦

માયા નિગ્રહ ઉપદેશ,

अधीत्यनुष्ठानतपःशमाद्यान्, धर्मान् विचित्रान् विदधत्समायान् ।
न लप्स्यसे तत्फलमात्मदेहक्लेशाधिकं तांश्च भवांतरेषु ॥ ११ ॥

" શાસ્ત્રાભ્યાસ, ધર્માનુષ્ઠાન, તપસ્યા, શમ વિગેરે વિગેરે અનેક
" ધર્મો અથવા ધર્મકાર્યો માયા સાથે આચરે છે, તેથી તારા શરી-
" રને ક્લેશ થવા ઉપરાંત ભવાંતરને વિષે બીજું કાંઇ પણ ફળ મેળ-
" વવાનો નથી, અને તે ધર્મો પણ ભવાંતરમાં મળવાના નથી. " ૧૧

વિવરણ-શાસ્ત્રાભ્યાસ, પ્રતિક્રમણ (આવશ્યક) વિગેરે ધાર્મિક અનુષ્ઠાન, બાહ્યાભ્યંતર બાર પ્રકારનાં તપ, ઉપશમ, દમ, યમ, દાન વિગેરે વિગેરે અનેક ધર્મકાર્યો કરતાં છતાં પણ સાથે માયા હોય તો વેઠ થાયછે, લાભ થતો નથી. માયા-કપટ-લુચ્ચાઇ-બગવૃતિ એનો ત્યાગ કરવો બહુ મુશ્કેલ છે. વળી ક્રોધ તથા માન બહુધા જણાઇ આવેછે, પણ માયા ગુપ્ત રહીને કામ કરેછે તેથી સામા માણસને તેની ખબર પડતી નથી અને કેટલીક વાર માયા કરનારને પણ ખબર પડતી નથી. જેને લોકે 'ભદ્રક' જીવો કહેછે તેવા થવાની બહુ જરૂર છે. એટલું તો સત્ય છે કે આવા ભદ્રક પ્રાણીઓને કર્મબંધ બહુ ઓછો થાયછે. ઉપાધ્યાયજી મહારાજ કહી ગયાછે કે "કેશનો લોચ કરાવવો, શરીર પરથી મેલનો ત્યાગ ન કરવો, ભૂમિ પર શયન કરવું, તપસ્યા કરવી, વ્રતો ધારણ કરવા વિગેરે આચરણો આચરવાં તે સાધુને સહેલ છે પણ માયાનો ત્યાગ મહા મુશ્કેલ છે."[૧] આવા વિદ્વાન અવલોકનકારનાં વચનોપર ખાસ ધ્યાન ખેંચવામાં આવેછે. માયા બહુ ઉંડાણમાં થાયછે તેથી બહુધા તે જાણી શકાતી નથી. સીફત, એટીકેટ (ગૃહસ્થાઇના નિયમો), બીન જરૂરીઆતી વિવેક અથવા formality વિગેરે માયાના અનેક ભેદો છે. આ જમાનાનાં જીવનમાં માયાના પ્રસંગો વધતા જાયછે. રાજ્યનું અંગ બહુધા ક્રોધ ને માન હોયછે તેને બદલે હવે માયા ને લોભ થતાં જાયછે. આ જમાનામાં ઉપર ઉપરની ટાપટીપ વધતી જાયછે અને વધશે એમ લાગેછે. વળી વાણીઆપણું-એ માયાના પર્યાય તરીકે વપરાય છે. આથી જૈન ધર્મને અનુસરનારાઓએ મોટા ભાગે આ પાપથી વધારે ડરવાની જરૂર છે. ઉદયરત્નજી કહેછે કે "મુખ મીઠો જુઠો મનેજીરે, કુડ કપટનોરે કોટ; જીલે તો જીજી કરે જીરે, ચિત્તમાં તાકે ચોટરે, પ્રાણી! મ કરીશ માયા લગાર." આવી રીતે માયાને ઓળખી તેનો ત્યાગ કરવાની મુશ્કેલી સંબંધી વિચાર કરી તેપર ચિત્ત લગાડી માયાનો ત્યાગ કરવો જોઇએ.

હવે શાસ્ત્રકાર કહેછે કે તમે ગમે તેવું ધર્મકાર્ય કરો પણ તમારા અંતરમાં જો માયા-કપટ હશે તો તમને ફોકટની મહેનત જ થશે. ઉપાધ્યાયજી મહારાજ કહેછે કે કુસુમપુર નામના નગરમાં એક

[૧] માયાની સજ્ઝાય.

શેઠને ઘેર બે સાધુ ઉતર્યા હતા. એક મુનિ ભોળા, સાધારણ બુદ્ધિના, સરળ, ગુણગ્રાહી અને ટુંકામાં કહીએ તો 'ભદ્રક' હતા. જ્યારે બીજા વિદ્વાન્ બહુ હતા પણ કપટી અને નિંદા કરનાર હતા. જ્ઞાની મહારાજ કહેછે કે લોકો જે કે બીજાની વાહવાહ બોલતા હતા, પણ પહેલો સાધુ થોડા કાળમાં મોક્ષે જશે જ્યારે બીજો ઘણો સંસાર પરિભ્રમણ કરશે. માયાયુક્ત જ્ઞાન પણ નકામું છે બલકે વધારે નુકશાન કરનારૂં છે. " શાસ્ત્રમાં બીજી બધી બાબતમાં સ્યાદ્વાદ છે, પરંતુ માયા કરવાના પ્રસંગો આવે તે વખતે નિષ્કપટી રહેવું એ આજ્ઞાતો જૈનશાસ્ત્રમાં એકાંત છે. "[૧] આ ટંકશાળી વચનો ઉપાધ્યાયજી મહારાજનાં છે. જેમ માયાથી આ ભવમાં લાભ થતો નથી તેમ પરભવમાં પણ લાભ થતો નથી. શ્રી સિંદૂરપ્રકરમાં કહ્યું છે કે-

विधाय मायां विविधैरुपायैः, परस्य ये वंचनमाचरन्ति ।
ते वंचयन्ति त्रिदिवापवर्गसुखान् महामोहसखाः स्वमेव ॥

"જે પ્રાણીઓ અનેક પ્રકારના ઉપાયો વડે માયા કરીને બીજાઓને છેતરે છે તેઓ મહા મોહના મિત્ર હોઈને પોતાના આત્માને જ દેવલોક અને મોક્ષના સુખથી છેતરે છે." આવાં આવાં અનેક કારણોથી માયાનો ત્યાગ કરવો એ ઉચિત છે. માયા અંતરનો વિકાર છે અને તેથી બીજા માણસો તેને જોઈને તે સંબંધી ઉપદેશ કે શિક્ષા આપે એ પણ ઘણું અરૂં બનતું નથી. ૮૧.

લોભનિગ્રહ ઉપદેશ.

सुखाय धत्से यदि लोभमात्मनो, ज्ञानादिरत्नत्रितये विधेहि तत् ।
दुःखाय चेदत्र परत्र वा कृतिन्, परिग्रहे तद्बहिरांतरेऽपिच ॥१२॥

" હે પંડિત! જો તું તારા પોતાના સુખ માટે લોભ રાખતો
" હો તો જ્ઞાન દર્શન ચારિત્ર રૂપ ત્રણ રત્નો મેળવવા માટે લોભ રાખ,
" અને જો આ ભવ અને પરભવમાં દુઃખ મેળવવા માટે લોભ રાખતો
" હોય તો આંતર અને બહિર્ પરિગ્રહ માટે લોભ રાખ." ૧૨.

ઉપજાતિ.

---

૧ વિધિ નિષેધ નવી ઉપદીશે-સુણો સંતાજી,
એકાંતે ભગવંત-ગુણવંતાજી;
કારણે નિષ્કપટી થવું-સુણો સંતાજી,
એ આણા છે તંત-ગુણવંતાજી. યશોવિજયજી.

વિવેચન-આત્માના સુખ માટે જો લોભ રાખતો હોય તો આત્માના મૂળ ગુણો પ્રાપ્ત કરવા લોભ રાખ. જો બાહ્ય વસ્તુ માટે (સ્થૂલ) લોભ રાખીશ તો તેથી આંતર અને બાહ્ય પરિગ્રહ વધશે, જે બન્નેથી આ ભવ અને પરભવમાં નિરંતર દુઃખ પ્રાપ્ત થાય છે. આ ભવમાં મન ચિંતામાં વ્યાકુળ રહે છે અને પરભવમાં અધોગતિ થાય છે. બાહ્ય પરિગ્રહ ધન, ધાન્ય, ક્ષેત્ર, વાસ્તુ, રૂપું, સોનું, ધાતુ, દ્વિપદ અને ચતુષ્પદ એ નવવિધ છે, અને આંતર પરિગ્રહ તે મિથ્યાત્વ, ત્રણ વેદ, હાસ્યાદિ ષટ્ક અને ચાર કષાય એ ચૌદ પ્રકારે છે. આ પરિગ્રહથી અનંત દુઃખ થાય છે તે સ્પષ્ટ છે, માટે સુખ માટે લોભ હોય તો જ્ઞાન વિગેરે ત્રણ રત્નો મેળવવા માટે લોભ રાખ. આ પ્રશસ્ત લોભ છે.

લોભનું સ્વરૂપ સમજવાની બહુ જરૂર છે. લોભ એ એટલો મોટો વિશાળ દરિયો છે કે તેના વમળમાં એક વખત પડ્યા પછી તેનો પાર પામવો મુશ્કેલ છે. કારણ કે દરિયાની દૃષ્ટિમર્યાદા વધતી જાય છે અને જેમ ધનમમત્વમોચન અધિકારમાં કહ્યું તેમ સોવાળાને હજારનો અને પછી લાખ, કરોડ, અબજ, રાજ્ય, સ્વર્ગ અને ઇંદ્રપદવીનો લોભ થતો જાય છે. લોભી પ્રાણીને કોઇ દિવસ સુખ નથી અને લોભથી બહુ નુકશાન થાય છે. લોભથી મન આખો દિવસ ડોળાયા કરે છે અને લોભથી દુર્ઘટ રસ્તે સંચાર કરવામાં આવે છે. લોભી પ્રાણી શું શું કરે છે તે ભર્તૃહરિ પોતાના વૈરાગ્ય શતકના ૩-૪-૫-૬-૭ શ્લોકમાં બતાવે છે. સિંદૂર પ્રકરમાં કહે છે કે

यदुर्गामटवीमटंति विकटं क्रामन्ति देशान्तरम्,
गाहन्ते गहनं समुद्रमतनुक्लेशां कृषिं कुर्वते ।
सेवन्ते कृपणं पतिं गजघटासंघट्टदुःसंचरम्,
सर्पन्ति प्रधनं धनांधितधियस्तल्लोभविस्फूर्जितम् ॥

" ધનથી અંધ થયેલી બુદ્ધિવાળા પુરૂષો ભયંકર અટવીમાં રખડે છે, વિસ્તીર્ણ દેશાંતરમાં ભ્રમણ કરે છે, ગહન સમુદ્રમાં અવગાહન કરે છે, બહુ કષ્ટસાધ્ય એવી ખેતી કરે છે, કૃપણ શેઠની નોકરી કરે છે, હાથીની

ઘટાને લીધે જેમાં સંચાર કરવો પણ મુશ્કેલ છે એવી લડાઇઓમાં સંચરે છે–આ સર્વ લોભની ચેષ્ટા જાણવી.” લોભથી પ્રાણી અનેક ચાળા કરે છે, પુરૂષ હોઈ સ્ત્રીનો વેશ લે છે, ભીખ માગે છે, અને કોઈ પણ અકાર્ય, અપ્રમાણિકપણું કે વિશ્વાસભંગ કરવામાં આંચકો ખાતો નથી. અતિશય લોભી પ્રાણી ગમે તેવું અકાર્ય પણ કરે છે. લોભીને મન સગપણ કે સ્નેહ હિસાબમાં નથી. શ્રી ઉમાસ્વાતિવાચક મહારાજ પ્રશમરતિમાં કહે છે કે सर्वगुणविनाशनं लोभात् લોભથી સર્વ ગુણોનો નાશ થાય છે એ ખરેખર અનુભવીનું વચન છે. ક્રોધ માન માયાથી મુખ્યતાએ જ્યારે એક એક ગુણનો નાશ થાય છે ત્યારે લોભથી સર્વ ગુણોનો નાશ થાય છે. કારણ તેનું એજ છે કે લોભનો છેડો આવતો નથી.

લોભથી અનેક પ્રાણીઓ દુઃખી થયા છે અને તેનાં દૃષ્ટાંતો શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. છ ખંડનું રાજ્ય મળ્યા છતાં પણ લોભનો છેડો ન આવ્યો ત્યારે સુભૂમ બીજું અધિક લેવા ચાલ્યો; પરિણામે પૂર્વપુણ્યથી પ્રાપ્ત થયેલા છ ખંડ અને પ્રાણ પણ ખોયા અને સાતમી નરક પ્રાપ્ત થઇ; કેટલાકના માનવા પ્રમાણે સીતાને થયેલા સોનાના હરિણના લોભથી તેના પતિ રામને હાનિ થઇ અને તેનું પોતાનું હરણ થયું અને મમ્મણ શેઠને અતુલ લક્ષ્મી છતાં તેલ ને ચોળા ખાવા પડ્યા. ધનના લોભથી ધવળ શેઠે શ્રીપાળની સજ્જનતા પારખી નહિ અને છેવટે પોતાને હાથે મરણ પામી સાતમી નરકે ગયો. આવાં આવાં અનેક દૃષ્ટાંતો શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. ત્યારપછીના ઇતિહાસમાં પણ સીઝર, નેપોલીયન અને અલેક્ઝાંડરની તેવી જ દશા થઇ છે અને હિંદુસ્તાનમાં અલ્લાઉદ્દીનથી માંડીને કેટલાક મુસલમાન રાજાઓને લોભના પ્રમાણમાં ઘણું ખમવું પડ્યું છે. આની સાથે હવે નીચેનાં દૃષ્ટાંતો સરખાવીએ.

લોભનો દુશ્મન સંતોષ છે. સંતોષ થતાં જ મન ઉપરથી જે બોજો ઉતરી જાય છે, જે આનંદ થાય છે અને જે સુગમતા થઈ જાય છે તેનું વર્ણન લખી શકાય તેમ નથી. એક માણસને રોટલી શાકથી સંતોષ હોય અને બીજાને ઘેબર ઘારી પ્રાપ્ત થયા છતાં પણ તેના મનમાં દૂધપાકપુરી મેળવવાની ઇચ્છા હોય અથવા

એકને ઓઢની છાલથી અથવા સુતરાઉ કપડાથી સંતોષ હોય જ્યારે બીજાને રેશમી કપડાં મળતાં હોય પણ ઇચ્છા કસણી કપડાની હોય તો એમાં સુખી કોણ? દુનિયાના સમજુવર્ગમાંથી કોઇ પણ એ મત વગર કહી શકશે કે “સંતોષીને ઝાઝું સુખ.” નીતિકારો કહી ગયા છે કે “મન સંતોષ પામે પછી ગરીબ કોણ અને ધનવાન્ કોણ?[1]” સંતોષનું સુખ અતુલ્ય છે. કેનેરીઝ કેન્ઝ અથવા ગિરનારની ઉંડી ગુફામાં વાસ કરી, ચિદાનંદજી મહારાજની પેઠે સંસારપર ઉદાસીન રહી, આત્મભાવના ભાવનાર, આગંતુક મળી આવે તેપર નિર્વાહ કરનાર, ધ્યાનમગ્ન મહાયોગી આગળ રૂશિયાના ઝાર કે ઇંગ્લાંડના શહેનશાહનું સુખ કાંઇ બિસાતમાં નથી.

વર્તમાન સમયે જૈન કોમમાં પ્રથમ કાળની અપેક્ષાએ આ દોષ વધારે દેખાય છે તેથી તેપર ખાસ ધ્યાન ખેંચવાની જરૂર છે. બીજા કષાયો જ્યારે નવમા ગુણસ્થાનકના અંત સુધીમાં નાશ પામી જાય છે ત્યારે લોભ દશમા સુધી રહે છે, જે બતાવે છે કે લોભની સ્થિતિ વધારે છે. આ મનોવિકારપર જય મેળવવા પૂરેપૂરો પુરૂષાર્થ કરવો અને તેને ઓળખી પણ લેવો. ૮૨.

મદ મત્સર નિગ્રહ ઉપદેશ.

करोषि यत्पेत्यहिताय किंचित्, कदाचिदल्पं सुकृतं कथंचित् ।
मा जीहरस्तन्मदमत्सराद्यैर्विना च तन्मा नरकातिथिर्भूः ॥१३॥

“કોઇ વખત મહા મુશ્કેલીએ આવતા ભવ માટે જરા કાંઇ “સારૂં કામ (સુકૃત્ય) કરવાનું તારે બની આવે તો પછી વળી “તેને મદમત્સર કરીને હારી જઇશ મા, અને સુકૃત્ય વગર તું “નરકનો પરોણો થઇશ માં.” ૧૩ ઉપજાતિ.

ભાવાર્થ–કોઇ વખત તેર કાઠિયા માર્ગ આપે ત્યારે ગુરૂમહારાજનો યોગ થાય છે અને તેથી અનેક કર્મોનો ક્ષય થાય ત્યારે દાન શીલાદિક ધર્મકાર્ય કરવાની ઇચ્છા થાય છે. મૂળ તો મનુષ્યપણું જ મળવું દુર્લભ છે અને તે મળે તોપણ શ્રાવક કુળ, ઉત્તમ

[1] मनसि च परितुष्टे, कोऽर्थवान् को दरिद्रः । ભર્તૃહરિ.

દેહ, દેવગુરૂની જોગવાઇ અને શ્રદ્ધા મળતાં નથી. આ સર્વ યોગ પ્રાપ્ત થાય ત્યારે પણ નીચે જણાવેલા કાઠિયા ધર્મકાર્યમાં માર્ગ આપતા નથી, અને કદાચ મોહરાજાનું બંધન તોડી ગુરૂ સમીપે જાય તો ત્યાં પણ અહંકાર અથવા મગરૂબી કરી ધર્મધન હારી જાય છે. આવા પ્રસંગે જ્યારે અહંકાર કે મત્સર રાખે છે ત્યારે તેનો અધઃપાત થાય છે અને પાછો ચડવાનો વારો આવતો નથી. માટે એવે પ્રસંગે તું જરા ચેતીને ચાલજે. તું ગમે તેવો ધનવાન્, ગુણવાન્, પુત્રવાન્ હો, પણ તારા કરતાં દુનિયામાં વધારે મોટા, તારાથી સવાયા ઘણા પડ્યા છે; વળી તું ધન, પુત્ર કે સંપત્તિથી ઓછો હો તો તે જેની પાસે હોય તેની ઇર્ષ્યા કરીશ નહિ, કારણ કે એ સર્વ કર્મજન્ય છે. આ તો બધો મેળો મળ્યો છે અને થોડા વખતમાં પાછા બધા ચાલ્યા જશે. જો આવી વૃત્તિ નહિ રાખ તો પરિણામ સારૂં આવશે નહિ.

ગુરૂ પાસે ન જાય તે **આળસ**, ઘર કામમાં પડ્યો રહે તે મોહ, તેઓ મને ઓળખશે કે નહિ તેથી અવજ્ઞાનો ભય, અભિમાનથી ન જાય તે સ્તંભ, સાધુદર્શનથી ઉલટો પોતે કોપ કરે તે ક્રોધ, મદ્ય પાનાદિથી ન જાય તે પ્રમાદ, જઇશું તો ટીપ ભરવી પડશે કે કાંઈ આપવું પડશે એમ ધારી ન જાય તે કૃપણતા, નારકી આદિનાં દુઃખોનું વર્ણન સાંભળવું પડે તે ભય, ઇષ્ટવિયોગથી ન જાય તે શોક, મિથ્યા શાસ્ત્રમાં મોહ પામે તે અજ્ઞાન, બહુ કામમાં હોવાથી પુરસદ ન મળે તેથી ન જાય તે બહુકર્તવ્યતા, રમત જોવા ઊભો રહે તેથી અટકી જાય તે કુતૂહળ, બાલકો સાથે રમવામાં પડી જાય તે રમણત્વ, આવી રીતે તેર કાઠિયાનું વર્ણન ટીકાકાર આપે છે.[1] વધારે જાણવાની ઇચ્છા હોય તેમણે શ્રી જૈન ધર્મ પ્રકાશમાં[2] તેર કાઠિયાની કથા લખાયલી છે તે જોવી અને તેજ કથાઓ પાછી ચરિતાવળી ભાગ બીજામાં છપાણી છે તે વાંચવી. આ તેર કાઠિયાએ માર્ગ આપ્યા પછી પણ ગયા ન ગયા

૧ પ્રકારાંતરે પણ તેર કાઠિયા કહેલા છે, તેમાં કેટલાંક નામ અને હેતુ જુદાં છે. ૨ પુસ્તક ૧૪ મું, પૃષ્ઠ ૨૧ થી આગળ ચાલુ.

જેવું થાય તો તો બહુજ ખોટું; માટે ધર્મ કરી તેનો અહંકાર કે બીજાની ઇર્ષા કરીને હારી જવો નહિ એ ઉપદેશ છે. ૮૩.

વિશેષે કરીને ઇર્ષા ન કરવી.

पुरापि पापैः पतितोऽसि संसृतौ, दधासि किं रे गुणिमत्सरं पुनः ।
न वेत्सि किं घोरजले निपात्यसे, नियंत्र्यसे शृंखलया च सर्वतः ॥१४॥

"અરે! પહેલાં પણ તું પાપથી સંસારમાં પડ્યો છે, ત્યારે "વળી ફરીથી પણ ગુણવાન્ ઉપર ઇર્ષા કેમ કરે છે? આ પાપથી "તું ઉંડા પાણીમાં ઉતરે છે અને તારે આખે શરીરે સાંકળો બંધાય "છે તે શું તું જાણતો નથી?" ૧૪. વંશસ્થવિલ.

ભાવાર્થ–સંસારમાં રખડાવનાર પાપકર્મોજ છે, બીજું કાંઈ પણ કારણ નથી. આ તું જાણે છે, છતાં વળી ગુણવાન્‌ની તું અદેખાઇ કેમ કરે છે? ગુણવાન્ ઉપર ઇર્ષ્યા થાય છે તેનાં ઘણાં કારણો છે. એક તો ગુણવાન્‌નો વર્ગ (Class) બીજાથી જૂદો પડી જાય છે; અને પછી શામળ ભટ્ટના "વેર સોમ દાતાર, વેર કાયર ને શૂરો" એ છપ્પામાં કહ્યા જેવું થઇ જાય છે. જ્ઞાન, શક્તિ, ધનવ્યય, સંતોષ, ઋજુતા, પ્રાજ્ઞતા, વિદ્વતા, બ્રહ્મચર્ય, દયાળુતા, નમ્રતા, વિગેરે ગુણો એવા છે કે તે ગુણો જેમાં ન હોય તે માણસો તે ગુણવાળાની અદેખાઇ, ઇર્ષ્યા અથવા સ્પર્ધા કરે છે અને તેથી કરીને મહા અધોગતિ પ્રાપ્ત કરે છે. આથી કરીને સંસારબંદીખાનામાં પડેલા પ્રાણીને વધારે સાંકળો બંધાય છે કે જેથી આ જીવરૂપ કેદી તેમાંથી જલદી નીકળી નાસી જઇ શકતો નથી. વાતનો સાર એજ છે કે જો સંસારમાંથી છુટા પડવાની ઇચ્છા હોય તો ગુણવાન્‌ની ઇર્ષ્યા કરવી નહિ, પણ ગુણવાન્ થવું, ગુણવાન્‌નું બહુ માન કરવું, સાદા મનુષ્યોની પણ ઇર્ષ્યા ન કરવી, એ તો સમજાઇ જાય તેવું જ છે; ખાસ કરીને ગુણવાન્‌ના તો પગ ધોવા જોઇએ. ગુણ પ્રાપ્ત કરવાનો રસ્તો એ જ છે કે ગુણીની સેવા કરવી. "સ્વામી ગુણ ઓળખી, સ્વામીને જે ભજે, દર્શન શુદ્ધતા તેહ પામે;"[1]

૧ દેવચંદ્રજી. વીરસ્તવન.

ગુણના જ્ઞાનનો આ મહિમા સમજો, વિચારો અને ગુણ ગ્રહણ કરો, એજ કર્ત્તવ્ય છે અને તે તરફજ પ્રેરણા છે. ગુણવાન્‌પર મત્સર કરવાથી સમકિતની ચાર ભાવના જેનું વર્ણન પ્રથમ અધિકારમાં કરવામાં આવ્યું છે તે પૈકી પ્રમોદ ભાવનાનો નાશ થાય છે. એ પ્રમોદ ભાવનાનો નાશ થવાથી મૈત્રીભાવ રહેતો જ નથી; અને ભાવના વગર સમકિતની શુદ્ધિ રહેતી નથી એટલુંજ નહિ પણ છેવટે તેનો ક્ષય પણ થઇ જાય છે, માટે ગુણવાન્‌પર પ્રેમ રાખવો એ શુદ્ધ જીવનનું એક ખાસ કર્ત્તવ્ય છે.

કષાયથી સુકૃત્યનો નાશ.

कष्टेन धर्मो लवशो मिलत्ययं, क्षयं कषायैर्युगपत्प्रयाति च ।
अतिप्रयत्नार्जितमर्जुनं ततः, किमज्ञ ही हारयसे नभस्वता ॥१५॥

" મહા કષ્ટથી જરા જરા કરીને 'ધર્મ' પ્રાપ્ત થાય છે તે
" કષાય કરવાથી એક સપાટામાં એકદમ નાશ પામે છે. હે મૂર્ખ!
" મહાકષ્ટથી મેળવેલું સોનું એક ફુંક મારીને કેમ ઉડાવી દે છે?" ૧૫

વંશસ્થ.

ભાવાર્થ–શ્રુત ચારિત્ર લક્ષણ ધર્મ મહા મુશ્કેલીએ જરા જરા મળે છે. અનંત પુદ્‌ગળ પરાવર્તન કર્યા પછી છેલ્લા પરાવર્તમાં કાંઇક ધર્મપ્રાપ્તિનો સંભવ થાય છે. તેને પ્રબળ પુરૂષાર્થથી રાખી શકાય તેમ છે, પણ કષાય કરવાથી તેનો એકદમ એક સાથે નાશ થઇ જાય છે. ગુણસ્થાનમાં ચડેલા પ્રાણીઓ પણ કષાય મોહનીયથી એકદમ નીચે પડી જાય છે અને ઘણું ખરૂં તો એવો અધઃપાત થાય છે કે તેને પાછો ગુણસ્થાને ચડવાનો દાદર મળવો પણ દૂર જાય છે. જેમ કોઈ પ્રાણી આખો દિવસરાત્રિ મહેનત કરી, સુવર્ણ પ્રાપ્ત કરે અને પછી તેની સંભાળ ન રાખવાથી પ્રાપ્ત કરેલ સુવર્ણરજ ફુંકના એક સખત સપાટામાં ઉડાડી દે તેવી રીતે મહા કષ્ટથી મેળવેલ ધર્મરૂપ સુવર્ણ, કષાયરૂપ પવનનો સપાટો આવતાં એકદમ નાશ પામી જાય છે. કષાય એટલે સંસારને વધારનાર, ધર્મનો શત્રુ કષાય, તેને શેરણુવેરણ કરી દેનાર કષાય અને જેનાથી ઉચ્ચ

સ્થાન પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળા મુમુક્ષુઓને ચેતાવવાની જરૂર તે કષાય. વિશેષ માટે જુઓ નીચે ૧૮ મો શ્લોક. ૮૫.

કષાયથી થતી હાનિની પરંપરા.

शत्रूभवन्ति सुहृदः, कलुषीभवन्ति,
धर्मा, यशांसि निचितायशसीभवन्ति ।
स्निह्यंति नैव पितरोऽपि च[1] बांधवाश्च,
लोकद्वयेऽपि विपदो भविनां कषायैः ॥ १६ ॥

"કષાયથી મિત્ર શત્રુ થાય છે, ધર્મ મલીન થાય છે, આબરૂ
" સજ્જડ અપયશમાં બદલાઇ જાય છે, માબાપ અને ભાઇઓ
" કે સ્નેહીઓ પણ પ્રેમ રાખતા નથી અને આ લોક તથા પરલો-
" કમાં પ્રાણીને વિપત્તિઓ પ્રાપ્ત થાય છે." ૧૬. વસંતતિલકા.

ભાવાર્થ–કષાયથી બહુ હાનિ થાય છે. તેમાંથી અત્ર થોડી બતાવે છે-(૧) મિત્ર હોય તે શત્રુ થાય છે. ક્રોધથી એમ થાય તે સ્પષ્ટ છે. માનથી પણ તેમ બને છે, તેમજ માયા અને લોભના પરિણામે પણ ગુપ્ત વાત જાહેર થતાં શત્રુતા થઇ જાય છે. આ અનુભવસિદ્ધ હકીકત છે. (૨) કષાયથી ધર્મ મલીન થાય છે. છેલ્લી ગાથામાં એ સારી રીતે જોઇ ગયા છીએ. (૩) યશનો અપયશ થઇ જાય છે. લોભીની દુકાને ઘરાકી ત્રુટી જાય છે, અહંકારીની સાથે કોઈ વાત કરવા ઇચ્છતું નથી, માયાવીને દૂરથી જ નમસ્કાર કરે છે અને ક્રોધીને કોઇ સાથે ઓળખાણ પણ ટકી શકતી નથી. (૪) માબાપ પણ પ્રેમ રાખતા નથી, ઓછો રાખે છે. કોઇ વખત બાહ્ય પ્રેમ રહે છે એમ દેખાય છે, પરંતુ ગૃહકાર્યમાં અથવા સ્વાર્થ સંઘટ્ટ વખતે જ્યારે પુત્ર પોતાનો સ્વાર્થજ ધ્યાનમાં રાખે છે ત્યારે તેનું ખરૂં સ્વરૂપ પ્રગટે છે અને પ્રેમનો નાશ થાય છે એ અનુભવથી દેખીતું છે. માતાપિતા જેવા પ્રેમના

---

1 च સ્થાને न इति वा पाठः

ઝરા પણ ક્રોધી, અહંકારી, કપટી કે લોભી દિકરાપર ઓછો પ્રેમ રાખે છે એ બરેબર અસરકારક વચન છે, અને અનુભવથી સમજાય તેવું છે. (૫) આવીજ રીતે સગો ગમે તેવો ધનવાન્ હોય તો પણ જો તે ક્રોધી, લોભી કે અહંકારી હોય તો તેના સગાઓ તેને બોલાવતા પણ નથી. (૬) કષાયથી આવી રીતે આ ભવમાં અને પરભવમાં આ અને આવી જાતની બીજી અનેક હાનિઓ થાય છે. ૮૬.

મદ નિગ્રહ-બાસ ઉપદેશ.

रूपलाभकुलविक्रमविद्याश्रीतपोवितरणप्रभुताद्यैः ।
किं मदं वहसि वेत्सि न मूढानंतशः स्वभृशलाघवदुःखम्॥१७॥

"રૂપ, લાભ, કુળ, બળ, વિદ્યા, લક્ષ્મી, તપ, દાન, ઐશ્વર્ય "વિગેરેનો મદ તું શું જોઇને કરે છે? હે મૂર્ખ! અનંત વખત "તને લઘુતાઇનું દુઃખ વહન કરવું પડ્યું છે તે શું તું જાણતો નથી?" ૧૭.

સ્વાગતાવૃત્ત.

ભાવાર્થ-જેમ ઉપરની બાબતમાં અનેકવાર લઘુતાઈ પામ્યો છો એમ કહ્યું તેવી રીતે શ્રી હેમચંદ્રાચાર્ય પણ કહે છે કે

जातिलाभकुलैश्वर्यबलरूपतपःश्रुतैः ।
कुर्वन् मदं पुनस्तानि हीनानि लभते जनः ॥

એટલે એ આઠનો મદ કરતાં તેજ વસ્તુઓ નબળી મળે છે. આઠ મદ કરનારના શા હાલ થયા છે તેની વિસ્તારથી કથા જોવી હોય તેમને જૈન કથા રત્નકોષ ભાગ ૬ઠ્ઠામાં ગૌતમ કુળકના પૃષ્ઠ ૬૩ થી વાંચવાની ભલામણ છે. (૧) **જાતિમદઃ**-હું ઉત્તમ જાતિનો છું એવો ફાંકો રાખવો. હરીકેશી મુનિ આ મદ કરવાથી ચંડાળના કુળમાં ઉત્પન્ન થયા. (૨) **લાભમદઃ**-છ ખંડના લાભથી મદમાં આવી જઇ સર્વ ચક્રવર્તીઓથી મોટો થવા સુભૂમ સાતમો ખંડ સાધવા ગયો અને પ્રાણ ખોયા. અત્યારે પણ વ્યાપારમાં ખોટ જાય ત્યારે કર્મની નિંદા થાય છે અને લાભ થાય ત્યારે તેનો મદ થાય છે. (૩)

કુળમદ-અમે આવા, અમારા બાપદાદાએ આવાં આવાં મોટાં કામ કરેલાં વિગેરે મરીચિને પોતાના કુળનો મદ થઇ ગયો તો નીચ ગોત્ર બાંધ્યું અને તે અનેક ભવમાં વેદવું પડ્યું. (૪) **ઐશ્વર્યમદ-દશાર્ણભદ્રને** થયો હતો. અત્યારે રૂશિયાના ઝાર પ્રમુખને થાય છે. બીજાઓ પણ અધિકાર, સ્વામીત્વાદિ પ્રાપ્ત થયે અભિમાની બની જાય છે તે ઐશ્વર્યમદ કહેવાય છે. (૫) **બળમદ**-શ્રી આદિનાથ પ્રભુના પુત્ર બાહુબલિ (Hercules) ને આ મદ થયો હતો તેથી તેણે ભાઈની સાથે પણ યુદ્ધ કર્યું. (૬) **રૂપમદ-સનત્કુમારને** આ મદ થયો હતો. અત્યારે પણ ગોરી કોમોને આ મદ થાય છે. સ્ત્રીઓમાં આ મદ વિશેષ હોય છે, પરંતુ તેથી પરિણામે હાનિ છે. (૭) **તપમદ**-તપસ્વીને મદ થઇ જાય છે તેથી તપના ફળને હારી જાય છે. જુઓ કુરગડુ અને ચાર મુનિનું દૃષ્ટાંત. (૮) **શ્રુતમદ**-વિદ્યાનો મદ આ જમાનામાં ઘણાખરાને થાય છે. **સ્થૂલિભદ્રજીને** થયો હતો; જેથી પાછલાં ચાર પૂર્વ શ્રી સંઘનો આગ્રહ થવાથી માત્ર સૂત્રરૂપે મળ્યાં-અર્થથી મળ્યાં નહીં. આ આઠ મદ બહુ વિચારવા જેવા છે. સીધી કે આડકતરી રીતે દરેક માણસ તેમાં ફસાઇ જાય છે અને સંસાર દીર્ઘ કરી નાંખે છે. એને વશ ન થવું એમાં મનપર અંકુશ અને જીવનયાત્રાની સફળતા છે. ૮૭.

સંસાર વૃક્ષનું મૂળ કષાયો.

विना कषायान्न भवार्त्तिराशिर्भवद्भवेदेव च तेषु सत्सु ।
मूलं हि संसारतरोः कषायास्तत्तान् विहायैव सुखी भवात्मन्१८

"કષાય વગર સંસારની અનેક પીડાઓ થાય નહિ, અને "કષાયો હોય ત્યારે પીડાઓ જરૂર થાય છે. **સંસારવૃક્ષનું મૂળજ** "કષાયો છે. તો હે ચેતન! તેને તજીને સુખી થા." ૧૮ ઉપજાતિ.

ભાવાર્થ-આખા અધિકારનો અત્ર સાર છે. અર્થ સ્પષ્ટ છે. કષાય ત્યાં સંસાર અને કષાય નહિ ત્યાં સંસાર નહિ. કષાય એટલે સંસારનો લાભ, સંસરણ ગતિ કરાવે તે સંસાર અને કષાય તેવીજ રીતે ગતિ કરાવે છે. કોની? આત્માની. એનો ત્યાગ થાય

એટલે ગતિ અટકી જાય છે, આ અન્વય વ્યતિરેક ધર્મ બરાબર સમજવો, વિચારવો, મનન કરવો, હૃદયમાં સ્થાપન કરવો. કષાય ન હોય તો સંસારરૂપ ઝાડ ઉગેજ નહિ, કદિ કષાય થવાથી ઉગ્યું તો હવે તેને પાડી નાખવું, અને ફરી ઉગે નહિ તેમ કરવા માટે તેનાં મૂળો બાળી નાંખવાં. (ઝાડ બાળવામાં પાપ છે તેથી ડરીશ નહિ. આ કષાય ઝાડ તો અનંત દયાના સ્થાન પરમાત્મા તીર્થંકરોએ પણ મૂળથી ઉચ્છેદી નાંખ્યું છે).

દરેક ભવ્યાત્માએ ઘરમાં આ વાક્ય કોરી રાખવું કે "मूलं हि संसारतरोः कषायाः" આ વાક્યના ખરેખરા સમજવાપર ભવિષ્ય સ્થિતિનો આધાર છે. ૮૮.

કષાયના સહચારી વિષયોનો ત્યાગ.

समीक्ष्य तिर्यङ्नरकादि वेदनाः, श्रुतेक्षणैर्धर्मदुरापतां तथा ।
प्रमोदसे यद्विषयैः सकौतुकैस्ततस्तवात्मन् विफलैव चेतना॥१९॥

"શાસ્ત્રરૂપ આંખોથી તિર્યંચ નારકી વિગેરેની વેદનાને જાણી, "તેમજ ધર્મ મળવાની મુશ્કેલી પણ જાણી, તેમ છતાં પણ કુતૂ- "હળવાળા વિષયોમાં તું આનંદ માનશે તો હે ચેતન! તારું ચેતન- "પણું તદ્દન નકામું છે." ૧૯. વંશસ્થ.

વિવેચન–વિષય અને પ્રમાદને પરસ્પર સાધર્મ્ય છે અને વિષય અને કષાય સહચારી છે તેથી કષાયદ્વારમાં વિષયનો ઉપદેશ કરે છે. દેવતાને ચ્યવનસમયે અનંત દુઃખ છે, મનુષ્યભવમાં પ્રવૃત્તિ, વિયોગ, વ્યાધિ, જરા, મૃત્યુ વિગેરે દુઃખ છે, તિર્યંચને પરસ્વાધીન વૃત્તિનું દુઃખ છે અને નારકી તો દુઃખમયજ છે; એ સર્વ હકીકત તેં શાસ્ત્રમાં વાંચી છે એટલે શાસ્ત્રરૂપ જ્ઞાનચક્ષુથી તેં જોઈ છે,[2]

---

૧ सकौतुकः इति पाठोऽपि क्वचिद्दृश्यते.

૨ મનમાં જ્યારે કોઈ વિષય બરાબર પ્રગટ થયો હોય ત્યારે તેનું જ્ઞાનચક્ષુ સમીપ સ્પષ્ટ દર્શન થાય છે. ન જોયેલી વસ્તુઓનું વર્ણન સાંભળી તેનો ઉલ્લેખ આપણે ઘણીવાર કરીએ છીએ. એટલા માટે અત્ર જોઈ છે એમ કહ્યું, એનો ભાવાર્થ એમ છે કે તે તેં અનુભવી છે.

વળી તું સારી રીતે સમજે છે કે અનંત કષ્ટથી પંચેંદ્રિયપણું મળે છે અને ધર્મ તો બહુ મુશ્કેલીએ મળે છે, આટલું આટલું નજરે જોયા છતાં પણ તારી વૃત્તિ ફરેજ નહિ, તને જરા પણ નિર્વેદ થાય નહિ તો જાણ કે તારું ભણ્યું ગણ્યું ધૂળ છે. વાગાડંબર છે, દેખાવ માત્ર છે, નિષ્ફળ છે, વંધ્ય છે.

ધર્મ કેટલી મુશ્કેલીએ મળે છે તે પ્રસિદ્ધ છે. દશ દૃષ્ટાંતથી મનુષ્યભવની દુર્લભતા જણાઈ આવે છે. આ દશ દૃષ્ટાંતોના સંબંધમાં ટીકાકારે દશ શ્લોક આપ્યા છે તે મુખપાઠ કરી હૃદયપર આલેખવા જેવા અને સરળ અર્થવાળા છે તેથી અત્ર ઉતારી લીધા છે.

विप्रः प्रार्थितवान् प्रसन्नमनसः श्रीब्रह्मदत्तात् पुरा,
क्षेत्रेऽस्मिन् भरतेऽखिले प्रतिगृहं मे भोजनं दापय ।
इत्थं लब्धवरोथ तेष्वपि कदाप्यश्नात्यहो द्विः स चेद्,
भ्रष्टो मर्त्यभवात्तथाप्यसुकृती भूयस्तमाप्नोति न ॥ १ ॥
स्तंभानां हि सहस्रमष्टसहितं प्रत्येकमष्टोत्तरं,
कोणानां शतमेषु तानपि जयन् द्यूतेथ तत्संख्यया ।
साम्राज्यं जनकात्सुतः स लभते स्याच्चेदिदं दुर्घटं,
भ्रष्टो मर्त्यभवात्तथाप्यसुकृती भूयस्तमाप्नोति न ॥ २ ॥
वृद्धा कापि पुरा समस्तभरतक्षेत्रस्य धान्यावलिं,
पिंडीकृत्य च तत्र सर्षपकणान् क्षिप्त्वाढकेनोन्मितान् ।
प्रत्येकं हि प्रथक्करोति किल सा सर्वाणि चान्नानि चेद्,
भ्रष्टो मर्त्यभवात्तथाप्यसुकृती भूयस्तमाप्नोति न ॥ ३ ॥
सिद्धद्यूतकलाबलाद्धनिजनं जित्वाथ हेम्नां भरै-
श्चाणाक्येन नृपस्य कोशनिवहः पूर्णीकृतो हेलया ।
दैवादाढ्यजनेन तेन स पुनर्जीयेत मंत्री क्वचित,
भ्रष्टो मर्त्यभवात्तथाप्यसुकृती भूयस्तमाप्नोति न ॥ ४ ॥
रत्नान्याढ्यसुतैर्वितीर्य वणिजां देशांतरादीयुषां,
पश्चात्तापवशेन तानि पुनरादातुं कृतोपक्रमैः ।
लभ्यंते निखिलानि दुर्घटमिदं दैवाद्घटेत्तत्क्वचित,
भ्रष्टो मर्त्यभवात्तथाप्यसुकृती भूयस्तमाप्नोति न ॥ ५ ॥
स्वप्ने कार्पटिकेन रात्रिविगमे श्रीमूलदेवेन च,
प्रेक्ष्यंतुं सकलं कुनिर्णयवशादल्पं फलं प्राप्य च ।

स्वप्नस्तेन पुनः स तत्र शयितेनालोक्यते कुत्रचित्,
भ्रष्टो मर्त्यभवात्तथाप्यसुकृती भूयस्तमाप्नोति न ॥ ६ ॥
राधाया वदनादधः क्रमवशाच्चक्राणि चत्वार्यपि,
भ्राम्यन्तीह विपर्ययेण तदधो धन्वी स्थितोऽवाङ्मुखः ।
तस्या वामकनीनिकामिषुमुखेनैवाशु विध्यत्यहो,
भ्रष्टो मर्त्यभवात्तथाप्यसुकृती भूयस्तमाप्नोति न ॥ ७ ॥
दृष्ट्वा कोपि हि कच्छपो ह्रदमुखे सेवालबंधच्युते,
पूर्णेंदुं मुदितः कुटुंबमिह तं द्रष्टुं समानीतवान् ।
सेवाले मिलिते कदापि स पुनश्चंद्रं समालोकते,
भ्रष्टो मर्त्यभवात्तथाप्यसुकृती भूयस्तमाप्नोति न ॥ ८ ॥
शम्या पूर्वपयोनिधौ निपतिता भ्रष्टं युगं पश्चिमां-
भोधौ दुर्धरवीचिभिश्च सुचिरात्संयोजितं तद्द्वयम् ।
सा शम्या प्रविशेद्युगस्य विवरे तस्य स्वयं क्वापि चेत्,
भ्रष्टो मर्त्यभवात्तथाप्यसुकृती भूयस्तमाप्नोति न ॥ ९ ॥
चूर्णीकृत्य पराक्रमान् मणिमयं स्तंभं सुरः क्रीडया,
मेरौ सन्नलिका समीरवशतः क्षिप्त्वा रजो दिक्षु चेत् ।
स्तंभं तैः परमाणुभिः सुमिलितैः कुर्यात्स चेत्पूर्ववत्,
भ्रष्टो मर्त्यभवात्तथाप्यसुकृती भूयस्तमाप्नोति न ॥ १० ॥

ચુલો–બ્રહ્મરાજાનો પુત્ર બ્રહ્મદત્ત બે વરસની વયનો હતો ત્યારે તે રાજા મરણ પામ્યો. રાજ્યકાર્ય દીર્ઘ નામના મંત્રીને સોંપવામાં આવ્યું. આ મંત્રીની સાથે બ્રહ્મદત્તની રાણી ચુલણી પ્રેમમાં પડી અને વિષય સેવવા લાગી. બ્રહ્મદત્તને આ વાતની ખબર પડતાં તેણે આ દુષ્ટ સંયોગ તોડી નંખાવવા આડકતરી રીતે પ્રયાસ કર્યો, પણ રાણીએ તો ઉલટો તેનો જીવ લેવાનો નિશ્ચય કરી એક લાક્ષાગૃહ બનાવ્યું અને તેમાં નવપરણીત વધૂ સાથે કુંવરને મોકલ્યો અને રાતે આગ લગાડવાનો વિચાર કર્યો. આ દુષ્ટ નિર્ણયની ખબર કુંવરને બીજા મંત્રીએ કરી અને ભૂમિમાં કરેલી સુરંગને રસ્તે થઈ કુંવરને બહાર સહીસલામત કાઢ્યો. અરણ્યમાં એકલા ફરતાં મહા અટવીમાં કુંવર આવી પહોંચ્યો. તે વખતે એક બ્રાહ્મણ સાથે થયો અને અટવી ઉતારી. રાજ્ય મળે ત્યારે આવવાનું કહી બ્રહ્મદત્તે કૃતજ્ઞપણું બતાવ્યું. અનુક્રમે કેટલેક કાળે બ્રહ્મદત્તને કાંપિલપુરનું

રાજ્ય મળ્યું અને છ ખંડ પૃથ્વી સાધી ચક્રવર્તી થયા. ઉક્ત બ્રાહ્મણ આ હકીકત જાણી કાંપિલપુર આવ્યો અને બહુ પ્રયાસે ચક્રવર્તીને મળ્યો. ચક્રવર્તીએ યથારૂચિ વર માગવા કહ્યું. બ્રાહ્મણે વિચાર કરી જવાબ આપવા જણાવ્યું. ઘરે આવી પોતાની સ્ત્રીને પૂછતાં તેણીએ વિચાર કર્યો કે જો આને ગામગરાસ મળશે તો તેના વહીવટની ખટપટ કરવી પડશે અને ઋદ્ધિને અંગે ગરીબ અવસ્થામાં પરણેલી સ્ત્રી પસંદ આવશે નહિ તો મારો ત્યાગ કરશે. આથી તેણીએ એવી સૂચના કરી કે આપણા કુટુંબને દરરોજ એક એક ચુલે આવાનું મળે અને એક મહોર દક્ષિણા મળે એવું વરદાન માગો. બ્રાહ્મણે આવું જ વરદાન માગ્યું. રાજાએ બ્રાહ્મણની પશ્ચિમબુદ્ધિ માટે ખેદ બતાવ્યો. હવે બ્રાહ્મણને પ્રથમ દિવસે બ્રહ્મદત્તને રસોડે જમવાનું હતું, ત્યાં જમી મહોર મેળવી. પછી ચક્રવર્તીની એક લાખ બાણું હજાર અંતેઉરીને ત્યાં જમ્યો. આવી રીતે છ ખંડમાં દરેક ઘરે જમવાનું હતું, પણ પ્રથમ દિવસે જે મીઠાશ આવી હતી તે ફરીવાર આવી નહિ અને દરરોજ પ્રથમ દિવસનું જમણ સંભાર્યા કરે. આથી પ્રથમ શ્લોકમાં કહે છે કે "પ્રસન્ન મનવાળા બ્રહ્મદત્ત ચક્રવર્તી પાસે બ્રાહ્મણે પ્રાર્થના કરી કે 'મને આખા ભરતક્ષેત્રમાં પ્રત્યેક ગૃહે ભોજન અપાવો.' આ પ્રમાણે વરદાન પ્રાપ્ત કરેલ તે બ્રાહ્મણ કદાચિત પ્રથમ દિવસે કરેલ ભોજન બીજીવાર મેળવે; પણ જે કમનશીબ પ્રાણી મનુષ્યભવ પામી હારી જાય છે તે ફરીવાર તેને પ્રાપ્ત કરી શકતો નથી."

દ્યૂત–એક રાજા બહુ વૃદ્ધ થયો, પણ કેમે કરી મરણ પામે નહિ. તેનો પુત્ર મોટી વયનો થયો હતો, અને પ્રત્યેક દિવસ તે પિતાના મરણની રાહ જોતો હતો. વૃદ્ધ રાજાને પણ રાજ્યમોહ બહુ તીવ્ર લાગ્યો હતો, તેથી પુત્રને રાજ્ય આપી શકતો નહોતો. પુત્રને છેવટે ઇચ્છા થઈ કે પિતાને મારીને પણ રાજ્ય લેવું. વૃદ્ધ રાજાને આ વાતની ખબર પડી એટલે તેણે એક યુક્તિ કરી. રાજસભામાં એકસો ને આઠ થાંભલા હતા અને પ્રત્યેક થાંભલે એકસો ને આઠ હાંસો હતો. રાજાએ પુત્રને કહ્યું કે મારે તને હવે રાજ્ય સોંપી દેવું છે, પણ આપણા કુળનો એવો સંપ્રદાય છે કે પુત્રે રાજ્ય લેવા પહેલાં

પિતા સાથે દ્યૂત રમવું અને દ્યૂતમાં એકવાર જીતે ત્યારે એક હાંસ જીતી ગણાય અને તેવી રીતે એકસો આઠ વાર જીતે ત્યારે એક સ્તંભ જીત્યો ગણાય. આવા એકસો આઠ સ્તંભ જીતે ત્યારે પુત્રને રાજ્ય મળે, પણ રમતાં રમતાં વચ્ચે એક વાર હારી જાય તો અગાઉની સર્વ જીત વ્યર્થ જાય અને નવે નામે પહેલી હાંસથી શરૂ કરવું પડે. આ વાત પુત્રે કબૂલ કરી અને દ્યૂત રમવા માંડયું. આ પ્રમાણે રમતાં રમતાં કેટલીકવાર જીતે અને વળી હારી જાય, પણ સંપૂર્ણ તો કોઇ કાળે થાય જ નહિ. આથી દ્વિતીય શ્લોકમાં કહે છે કે "એકસો આઠ થાંભલા પૈકી પ્રત્યેક સ્તંભને એકસો આઠ હાંસો છે અને તે પ્રત્યેક હાંસને પુત્ર પિતા સાથે દ્યૂત રમતાં જીતે ત્યારે તેને સામ્રાજ્ય મલે તે દુર્ઘટ તો છેજ; પણ કદાપિ તેમ બની આવે, પણ જે કમનશીબ પ્રાણી મનુષ્યભવ પામી હારી જાય છે તે ફરીવાર તેને પ્રાપ્ત કરી શકતો નથી."

ધાન્ય–એક રાજાએ ભરતક્ષેત્રમાં ઉત્પન્ન થતાં સર્વ પ્રકારનાં ધાન્યો કૌતુક માટે એકઠાં કર્યાં અને તેમાં એક પાલી સરસવના દાણા નાખ્યા; પછી એક વૃદ્ધ ડોશીને બોલાવી ધાન્યના ઢગલામાંથી સરસવના સર્વ દાણા છુટા પાડી આપવા આજ્ઞા કરી. બિચારી ડોશી આ કેવી રીતે કરી શકે ? તેથી ત્રીજા શ્લોકમાં કહ્યું છે કે "આખા ભરતક્ષેત્રના સર્વ ધાન્યના સમૂહમાં એક પાલી સરસવ નાખેલા હોય અને તેજ દાણાઓને જુદા કરી આપવાનું એક વૃદ્ધ ડોશીને કહ્યું હોય. હવે કદાચ તે ડોશી સર્વ દાણાઓને અને સરસવને જુદા પાડી આપે, પણ જે કમનશીબ પ્રાણી મનુષ્યભવ પામી હારી જાય છે તે ફરીવાર તેને પ્રાપ્ત કરી શકતો નથી."

પાસા–ચાણાક્ય નામનો બ્રાહ્મણપુત્ર નંદ રાજાની સભામાં આવ્યો અને સિંહાસન ઉપર બેસી ગયો. રાજા તે વખત રાજસભામાં હતો નહિ, પણ દાસીએ ચાણાક્યનો તિરસ્કાર કરી દૂર કર્યો. ચાણાક્યે ત્યાં ઘોર પ્રતિજ્ઞા કરી કે જો હું ખરો ચાણાક્ય હોઉં તો નંદ રાજાને સમૂલો ઉન્મૂળ કરી નાંખું. રાજયોગ્ય કુંવરને શોધતાં તે એક મયૂરપોષકની દીકરી પાસે ગયો, તેને ચંદ્રપાન કરવાનો દોહદ થયો હતો. ચાણાક્યે જન્મતાંજ પુત્રને સોંપી દેવાની સરત

કરી યુક્તિથી દોહદ પૂર્ણ કર્યો. તે એવી રીતે કે એક છિદ્રયુક્ત તૃણનું ઘર કરાવ્યું અને એક પુરૂષ છિદ્ર ઢાંકવા સારૂ ઉપર બેઠો. એક વિશાળ થાળમાં પરમાન્ન (ખીર) ભરી છિદ્ર નીચે તે થાળ મૂક્યો અને પુત્રીને ચંદ્રનું પાન કરવા કહ્યું. સ્ત્રી પાન કરતી જાય છે, અને છાપરા ઉપર બેઠેલો પુરૂષ છિદ્ર ઢાંકતો જાય છે. આવી રીતે તેનો દોહદ પૂરો કર્યો. સંપૂર્ણ કાળે પુત્ર થયો તેનું નામ ચંદ્રગુપ્ત પાડયું. ચંદ્રગુપ્ત બાળવયથી જ રાજા થવાનાં લક્ષણ બતાવવા લાગ્યો. નાના બાળકોની સભાઓ કરી તેમાં પોતે રાજા થાય, ન્યાય ચુકવે, ગામગરાસ ભેટ આપે, સભાઓ કરે અને યુદ્ધ પણ કરે. ચાણાક્ય અને ચંદ્રગુપ્ત અનેક સિદ્ધિઓ સાધી પાડલીપુરને ઘેરો નાંખીને પડ્યા. નંદરાજા લડવા આવ્યો અને ચાણાક્યના સૈન્યમાં ભંગાણ પડયું. ચાણાક્ય ભાગ્યો અને તેને મારવા મારા મોકલ્યા. ચંદ્રગુપ્તને કુવામાં સંતાડી પોતે બાવાનો વેશ કરી કાંઠે બેઠો અને મારાઓને કહ્યું કે ચંદ્રગુપ્ત અંદર સંતાઈ ગયો છે. મારાઓ હથિયાર મૂકી અંદર ઉતરવા ગયા કે લઘુ લાઘવી કળાથી તેઓનાં શસ્ત્રથીજ તેઓને મારી નાંખ્યા. આવી રીતે અનેક કષ્ટમાંથી ચંદ્રગુપ્તને બચાવી પોતે પણ યુક્તિથી બચ્યો. ચાણાક્ય નીતિશાસ્ત્રમાં બહુ હુશિયાર હતો અને યુક્તિ કેમ કરવી, જાળ કેમ પાથરવી અને ગમે તેવા પ્રતિકૂળ સંયોગોમાં પણ પોતાનું કાર્ય કેવી રીતે સાધવું એ તે બહુ સારૂં સમજતો હતો. એક પર્વત નામના રાજાને પોતાનો કરી નંદરાજા ઉપર ફરીવાર છાપો માર્યો. પણ આ વખતે પાડલીપુર ઉપર સીધો ઘેરો ન ઘાલતાં આસપાસનાં ગામોને સર કરવા માંડ્યાં. નંદરાજા પડ્યો અને ચંદ્રગુપ્ત સિંહાસનારૂઢ થયો, પર્વતરાજા વિષકન્યાના સંયોગથી મરી ગયો અને તેથી વચ્ચેથી ફાંસ ગઇ. પાડલીપુરના લોકોને કર બહુ આપવો પડ્યો તેથી પ્રજા અસંતોષી બની ગઇ અને ચંદ્રગુપ્તની પાસે ફરિયાદ કરવા આવી. ચાણાક્યે વિચાર્યું કે લોકો અસંતોષી બનશે તો ઉચાળો ભરી ચાલ્યા જશે આથી તેણે લોકોને કર રહિત કર્યા. પૈસા પ્રાપ્ત કરવાનો એક બીજો ઉપાય ચિંતાવતા તેણે દેવતા પાસેથી અજેય પાસા મેળવ્યા. ગામના આગેવાન શેઠીઆઓને બોલાવી તેઓ સાથે

ધૂત રમવા માંડયું અને તેમાં પોતે મોટી બીડ મૂકે અને જીતે તો પ્રમાણમાં બહુ ઓછી વસ્તુ લે. એવી હોડ કરતા પણ સર્વ લોકો તેની સાથે રમતાં હારી જતા પણ ચાણાક્ય કોઇ દિવસ હારે નહિ. આથી ચોથા શ્લોકમાં કહ્યું છે કે "સિદ્ધની પાસેથી મેળવેલ ધૂત રમવાના પાસાના ઉપયોગથી અનેક લોકોને જીતીને ચાણાક્યે રમત માત્રમાં રાજાનો ભંડાર સુવર્ણથી ભરી દીધો. કદાચ દૈવકૃપાથી ગામના શેઠીઆ લોકો તે મંત્રીને જીતી લે, પણ જે કમનશીબ પ્રાણી મનુષ્ય-ભવ હારી જાય છે તે ફરીવાર તેને પ્રાપ્ત કરી શકતો નથી."

રત્ન-વસંતપુર નગરમાં ધન્નો નામે એક શેઠ રહેતો હતો, તેને પાંચ પુત્ર છે. આ ધન્ના શેઠ રત્નની પરીક્ષામાં બહુ કાબેલ હોવાથી તેને રત્નપરીક્ષકના નામથી સર્વ ઓળખતા હતા. શેઠની એક એવી પ્રકૃતિ પડી હતી કે બહુ મૂલ્યવાળાં જે જે રત્નો આવે તે ખરીદી સંગ્રહી રાખે પણ વેચે નહિ. પુત્રો પણ વારંવાર કહે કે બમણા તમણા દામ આવે છે છતાં શા માટે વેચતા નથી? આ પ્રમાણે વારંવાર થયા કરે તો પણ શેઠ તો વેચવાની વાત કરેજ નહિ. એક વખત શેઠ પરદેશ ગયા અને કેટલાક દિવસ પછી પાછા આવ્યા ત્યારે માલૂમ પડયું કે પોતાના પુત્રોએ સર્વ રત્નો પરદેશી માણસોને વેચી નાખ્યાં છે. શેઠે તો આ સમાચાર સાંભળી સર્વ પુત્રોને ઘર બહાર કાઢી મૂક્યા અને સર્વ રત્નો લઇનેજ ઘરે પાછા આવવાનું કહ્યું. પુત્રો તો બાપડા પરદેશ નીકળ્યા, પણ એજ સર્વ રત્નો પાછા કેવી રીતે મેળવી શકે? તેથી પાંચમા શ્લોકમાં કહે છે કે "શેઠના છોકરાઓએ પરદેશથી આવેલા વ્યાપારીઓને રત્નો વેચી દીધાં અને વળી પશ્ચાત્તાપ કરીને તેજ પાછાં મેળવવાનો પ્રયાસ કરવા લાગ્યા; કોઈ દેવની સહાયથી કદાચ તેજ સર્વ રત્નો વણિકપુત્રો પાછાં મેળવે, પણ જે કમનશીબ પ્રાણી મનુષ્યભવ હારી જાય છે તે ફરીવાર તેને પ્રાપ્ત કરી શકતો નથી."

સ્વપ્ન-ઉજ્જયિણી નગરીમાં એક મૂળદેવ નામનો ચતુર રાજપુત્ર છે. તે દેવદત્તા વેશ્યા ઉપર રાગાસક્ત છે. એક દિવસ એક શેઠે તેનું અપમાન કરી ત્યાંથી દૂર કર્યો, તેથી તે પરદેશમાં ભમવા લાગ્યો. અનેક પ્રકારના સૃષ્ટિવૈભવ જોતો તે એક વખત

એક મઠમાં રાતે સુતો હતો, તેવામાં તેણે સ્વપ્ન દીઠું કે ચંદ્રમા પોતાના મુખમાં પ્રવેશ કરે છે. સ્વપ્ન દેખી તે જાગ્યો. તે જ વખતે એક ગોંસાઇના ચેલાએ પણ તેવું જ સ્વપ્ન દીઠું. તેણે પણ જાગી સ્વપ્નનો વિચાર પોતાના ગુરૂને પૂછ્યો. ગુરૂએ કહ્યું કે 'તું આજ ઘૃતખાંડ સહિત રોટલો પામીશ.' શિષ્યને તે પ્રમાણે ભોજન મળ્યું. હવે મૂળદેવ તો શાસ્ત્રવિદ્ હતો તેથી મઠમાંથી બહાર નીકળી ફૂલ-પુલાદિક લઈ શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે સ્વપ્નપાઠક પાસે તે મૂકી તેને સ્વપ્નવિચાર પૂછ્યો. સ્વપ્નપાઠકે કહ્યું કે 'તમને રાજ્ય મળશે.' મૂળદેવે આ વચન માન્ય કર્યું. નગરમાંથી અન્ન મેળવી કોઇ માસો-પવાસી સાધુને ભોજન કરાવ્યું અને દેવતા તુષ્ટમાન થતાં હજાર હસ્તી બંધાય તેવું રાજ્ય દેવદત્તા ગણિકા સહિત એક વચનમાં માગી લીધું. સાત દિવસ પછી એક મરણ પામેલા અપુત્ર રાજાના ગામમાં પ્રવેશ કરતાં પંચદિવ્ય પ્રગટ થયા અને મૂળદેવને રાજ્ય મળ્યું. પેલા ગોંસાઇના શિષ્યે આ હકીકત સાંભળી ત્યારે તેને બહુ ખેદ થયો. એક જ પ્રકારનાં સ્વપ્ન આવ્યાં છતાં પોતાને વિધિનું જ્ઞાન ન હોવાથી મહા લાભ ખોઈ નાખ્યો એ હકીકત તેના હૃદયમાં સાલવા લાગી. આથી તે દરરોજ મઠમાં જઈ સુવે અને ફરીવાર તેજ સ્વપ્ન જોવાની ઈચ્છા રાખે, પણ તે સ્વપ્ન દેખાય નહિ. તેથી છઠ્ઠા શ્લોકમાં કહ્યું છે કે "મૂળદેવે અને કાર્પટિકે (ગોંસાઇના શિષ્યે) સ્વપ્નમાં ચંદ્રમા દેખ્યો, પણ કાર્પટિકે કુનિર્ણય કર્યો તેથી અલ્પ ફળ પામ્યો. ફરીવાર તેજ જગાએ જઇને તે સુવે છે અને કદાચ દૈવ-યોગે તેજ સ્વપ્ન તે ફરીવાર દેખે. પણ જે કમનશીબ પ્રાણી મનુષ્ય-ભવ હારી જાય છે તે ફરીવાર તેને પ્રાપ્ત કરી શકતો નથી."

ચક્ર—ઇંદ્રપુર નગરમાં ઇંદ્રદત્ત રાજા વસે છે, તેને બાવીશ રાણી-ઓથી થયેલા બાવીશ પુત્રો છે. રાજા વળી ત્રેવીશમી સ્ત્રી જે પોતાના જ મંત્રીની પુત્રી હતી તેને પરણ્યો, પણ તુરત જ રાજાને તેની સાથે દ્વેષ થયો તેથી તે પોતાના પિતાને ઘેર જઇ રહી. એક દિવસ રાજા ફરવા નીકળ્યો છે ત્યાં આ રૂપસૌંદર્યની ભંડાર સ્ત્રીને ગોખમાં જોઇ તેનાપર આસક્ત થયો, પણ તેને ઓળખી નહિ. રાજા રાત્રિ ત્યાં જ રહ્યો અને સંયોગબળથી તે જ રાત્રે મંત્રીપુત્રીને ગર્ભ રહ્યો.

મંત્રીએ સર્વ બનાવ કાગળપર લખી લીધો. સંપૂર્ણ કાળે બહુ સુંદર પુત્ર અવતર્યો. તેને કળાચાર્ય પાસે ભણવા મૂક્યો, તે બહુ વિદ્વાન અને ધનુર્વિદ્યામાં નિપુણ થયો. ગર્વિષ્ટ રાજપુત્રો બહુ સારૂં ભણી શક્યા નહિ. મંત્રીપુત્રીના પુત્રનું નામ સુરેંદ્રદત્ત પાડવામાં આવ્યું હતું. હવે મથુરા નગરીના જીતશત્રુ રાજાની નિર્વૃત્તિ નામની પુત્રી રૂપયૌવનસંપન્ન થઇ, શણગાર સજી પિતા પાસે આવી ત્યારે સ્વયંવરથી વર વરવા પિતાએ ઇચ્છા બતાવી. પુત્રીએ પણ રાધાવેધ સાધનારને પરણવા ઇચ્છા બતાવી. ઊંચાં કુટુંબોમાં ઇચ્છાવર વરવાનો નિયમ પૂર્વકાળમાં હતો એમ બહુ પ્રસંગે જણાય છે. રાજાએ પણ પુત્રીની ઇચ્છા અનુસાર સર્વ દેશોમાંથી રાજપુત્રોને બોલાવ્યા. ઇંદ્રદત્ત રાજા પણ પુત્રો સહિત આવ્યો. મંત્રી સુરેંદ્રદત્તને પણ સાથે લઇ આવ્યો. સ્વયંવરમંડપની શોભા અદ્‌ભુત કરી હતી. મંડપની વચ્ચે સ્તંભ ઊભો કર્યો. તેની ઉપર ચાર ચાર ચક્ર મંડાવ્યાં. એક એક ચક્રમાં બહુ આરા કર્યા અને દરેક ચક્રને એવી રીતે સંચ કરી ગોઠવ્યું કે એક જમણી બાજુએ ફરે અને એક ડાબી બાજુએ ફરે. તે સ્તંભની ઉપર એક સુંદર પુતળી માંડી અને તેનું મુખ અધો કરાવ્યું. નીચે મોટી તેલની કઢા માંડી. તેની બાજુમાં કન્યા પંચવર્ણી ફુલમાળા હસ્તમાં લઇ ઊભી રહી. નીચેની કઢાઇમાં નજર રાખી ઉપર આઠ ચક્રમાં પસાર કરી રાધાની ડાબી આંખને વીંધે એવી રીતે જે રાજપુત્ર બાણ મારે તેને વરવું એવી તેની પ્રતિજ્ઞા હતી. રાજપુત્રોએ કાર્ય શરૂ કર્યું. કેટલાક તો પોતાની જગાપરથી ઉઠ્યા જ નહિ, કેટલાક કઢાઇ સુધી જઇ પાછા આવ્યા, કેટલાક ધનુષ્ય પડતું મૂકી ચાલ્યા આવ્યા અને એવી રીતે સર્વ નષ્ટભ્રષ્ટ થયા. ઇંદ્રદત્ત રાજાના બાવીશ પુત્રોના પણ એજ હાલ થયા ત્યારે રાજા બહુ ખિન્ન થઇ ગયા. મંત્રીએ પછી ત્રેવીશમા પુત્રની હકીકત કહી રાજાને સંબુદ્ધ કર્યો. રાજાને સર્વ હકીકત યાદ આવી, સુરેંદ્રદત્તને કાર્ય કરવા રાજાએ આજ્ઞા કરી. તે ઉઠ્યો, ચાલ્યો, ધનુષ્ય લીધું, નીચી દૃષ્ટિ કરી, ધનુષ્ય વાળ્યું, બાણનો યોગ કર્યો અને સર્વ ચંદ્રો જ્યારે અમુક પોઝીશનમાં આવ્યા ત્યારે બાણ છોડ્યું, જેણે આઠ ચક્રોની વચ્ચે થઇ કોઇ પણ આરાનો સ્પર્શ કર્યા વગર રાધાની ડાબી

આંખને વીંધી. તુરતજ કુંવરીએ વરમાળા તેના ગળામાં આરોપણ કરી. આ હકીકતપર વિચાર કરતાં સાતમા શ્લોકમાં કહે છે કે "રાધાના મુખ નીચે આઠ ચક્રો અનુક્રમે એક બીજાની વિરૂદ્ધ દિશામાં ભ્રમણ કરે છે અને તેની નીચે ધનુર્ધર પુરૂષ નીચું મુખ કરીને ઊભો રહ્યો છે. કદાચ કોઇ ભાગ્યવંત નિપુણ તે રાધાની ડાબી આંખ બાણના મુખથી વીંધી શકે, પણ જે કમનશીબ પ્રાણી મનુષ્યભવ હારી જાય છે તે ફરીવાર તેને પ્રાપ્ત કરી શકતો નથી."

કૂર્મ–એક બહુ મોટો દ્રહ છે, તેમાં એક કાચબો રહે છે. તેણે એક વખત ઉપરની સેવાળ તુટવાથી આસો શુદ્ધ પૂર્ણિમાની રાત્રે આકાશમંડપમાં સકળકલાસંપૂર્ણ, નયનાનંદકારી, સમગ્ર નક્ષત્રે બિરાજમાન ચંદ્રમા દીઠો. આથી તેને બહુ આનંદ થયો. આ કુદરતી દેખાવ પોતાનાં કુટુંબને દેખાડવા તે ડૂબકી મારી પાણીમાં ગયો અને કુટુંબને લઇને પાછો આવ્યો ત્યાં તો સેવાળ મળી ગઇ હતી. આથી ચંદ્રદર્શન કર્યા વિના જ તેનાં કુટુંબને પાછું ફરવું પડ્યું. પૂર્ણિમાની રાત્રિ, સેવાલનું સ્ફોટન અને પોતાની હાજરી, એ સર્વ યોગ ફરીવાર મળવા મુશ્કેલ છે. આથી આઠમા શ્લોકમાં કહે છે કે "સેવાલબંધ છુટવાથી એક સરોવરમાં રહેલો કાચબો પૂર્ણ ચંદ્રના દર્શન કરવાથી બહુ આનંદ પામ્યો અને તેનું દર્શન કરવા માટે પોતાના કુટુંબને લઇ આવ્યો. પણ સેવાલ મળી ગઇ. આ પ્રમાણે પુનઃ દર્શન કદાચ તે કરે, પણ જે કમનશીબ પ્રાણી મનુષ્યભવ પામી હારી જાય છે તે ફરીવાર તેને પ્રાપ્ત કરી શકતો નથી."

યુગ–"પૂર્વ સમુદ્રમાં શમી (ખીલી) નાખીએ અને પશ્ચિમે યુગ (ધોંસરૂં) નાખીએ અને બન્ને સમુદ્રમાં દુર્ધર તરંગ આવ્યા કરતા હોય. કદાચ આ યુગમાં શમીનો પ્રવેશ થાય. પણ જે કમનશીબ પ્રાણી મનુષ્યભવ પામી હારી જાય છે તે ફરીવાર તેને પ્રાપ્ત કરી શકતો નથી." બળદની ડોકપર નાખેલું ધોંસરૂં તે યુગ કહેવાય છે, તેમાં જોતર બાંધવા માટે નાંખેલી ખીલી તે શમી કહેવાય છે. અસંખ્યાતા દ્વીપ સમુદ્ર મૂક્યા પછી છેલ્લો સ્વયંભૂરમણ સમુદ્ર અર્ધ રાજ પ્રમાણ આવે છે. તેને પશ્ચિમ છેડે યુગ

હોય અને બીજી બાજુના પૂર્વ છેડે શમી હોય, એ બન્નેનો યોગ કેમ થાય? સમુદ્રમાં મહા જળતરંગ થતા હોય છે એ હકીકત લક્ષમાં રાખવાની છે.

પરમાણુ–"દેવતાએ ક્રીડા કરતા કરતા એક પાષાણના સ્તંભના વજ્રવડે ચૂરેચૂરા કરી નાંખ્યા અને પછી મેરૂ પર્વતપર ઊભા રહી એક નળીમાં સર્વ પરમાણુ એકઠા કરી ફુંક મારી ચારે દિશામાં તે સર્વ પરમાણુ ઉડાડી દીધા. તે જ પરમાણુઓનો બનાવેલો સ્તંભ ફરીવાર કદી તે તૈયાર કરે પણ જે કમનશીબ પ્રાણી મનુષ્યભવ પામી હારી જાય છે તે ફરીવાર તેને પ્રાપ્ત કરી શકતો નથી." લાખ યોજન ઊંચા મેરૂ ઉપરથી પવનના સપાટા સાથે ઉડાડેલા પરમાણુઓની પાછળ પોતાની જબરજસ્ત ફુંક, એ સર્વને સાથે લેતાં અને પરમાણુની અણુતાનો વિચાર કરતાં ઉપરની હકીકત લગભગ બ્યાલી જેવી જ લાગે છે.

દશે દૃષ્ટાંતોનું એ જ પ્રમાણે સમજવું. દરેક દૃષ્ટાંતમાં બહુ ખૂબિ છે, દરેક દૃષ્ટાંત મનન કરીને સમજવા જેવું છે. મનુષ્યભવની દુર્લભતા બહુ વિચારવા યોગ્ય છે. દૃષ્ટાંતની સત્યતા કરતાં હમ્મેશા તેમાંથી પ્રકાશ થતો ભાવ બહુ વિચારવો. દેવકૃત મંત્ર, ચમત્કાર કે બીજી વાત સ્થૂળવાદના આ જમાનામાં ગળે ન ઉતરે તો તેની સામે વિચાર કરવાની અગત્ય નથી, પરંતુ દરેક દૃષ્ટાંતમાં એક અદ્ભુત ભાવ છે અને તે એ છે કે આવો મનુષ્યભવ મહા કષ્ટે મળ્યો છે અને ફરી મળવો મહા મુશ્કેલ છે. એના પરિણામ તરિકે મનુષ્યભવની સફળતા કરવા આસ ઉપદેશ છે. ધર્મ સામગ્રી મુખ્યત્વે મનુષ્યભવમાં જ મળી શકે છે તેથી આ સર્વ દૃષ્ટાંતનું ઉપયોગીપણું બહુજ પ્રાપ્ત થાય છે.

આટલા ઉપરથી ધર્મની દુરાપતા સમજી કષાય ન કરવા અને તેટલા સારૂ તેના સહચારી પાંચે ઇંદ્રિયોના તેવીશ વિષયોને આસ કરીને ત્યજવા. ૮૯.

કષાયના સહચારી પ્રમાદનો ત્યાગ.

चौरैस्तथा कर्मकरैर्गृहीते, दुष्टैः स्वमात्रेऽप्युपतप्यसे त्वम् ।
पुष्टैः प्रमादैस्तनुभिश्च पुण्यधनं न किं वेत्स्यपि लुट्यमानम् ॥२०॥

"ચોર અથવા કામકાજ કરનારા (નોકર ચાકરો) તારૂં જરા "પણ ધન ઉપાડી જાય છે તોપણ તું તપી જાય છે જ્યારે પુષ્ટ "અથવા પાતળા પ્રમાદો તારૂં પુણ્યધન લુંટી લેછે તે તું જાણતો "પણ નથી." ૨૦. ઉપજાતિ.

ભાવાર્થ–ઘરમાં સહજ ચોરી થાય તો ધાંધલ મચાવી મૂકે છે, પોલિસને બોલાવે છે, સજા કરાવે છે અથવા કાયદો હાથમાં લઇ ચોરનાં હાડકાં ખોખરાં કરે છે. આ સર્વ શાને માટે? ધનને માટે. સ્થૂળ દ્રવ્ય માટે. પણ મદ્ય, વિષય, કષાય, વિકથા અને નિદ્રારૂપ પ્રમાદ ચોરો તારૂં પુણ્યધન લુંટી જાય છે તેનો તેં વિચાર કર્યો? વિષય કષાય એ પુષ્ટ ચોરો છે અને વિકથા નિદ્રા નોકષાય એ પાતળા ચોરો છે, પણ બધા ચોર એકઠા થઇ તારા ગુપ્ત પુણ્યધનના ભંડારપર ધાડ પાડે છે તેથી જરા ચેત. ગરથ ગયા પછી જ્ઞાન આવશે તે નકામું છે. તું મૂઢની જેમ બેઠો બેઠો જોયા કરે છે એમાં તારી મૂર્ખાઇ છે. માટે ઉઠ, જાગ્રત થા, વિચાર. ૯૦.

જરા નીચું જોઇને ચાલ–ઉપસંહાર–ઔદ્ધત્ય ત્યાગ.

मृत्योः कोऽपि न रक्षितो न जगतो दारिद्र्यमुत्रासितं,
रोगस्तेननृपादिजा न च भियो निर्णाशिताः षोडश ।
विध्वस्ता नरका न नापि सुखिता धर्मैस्त्रिलोकी सदा,
तत्को नाम गुणो मदश्च विभुता का ते स्तुतीच्छा च का॥२१॥

"હે ભાઇ! તેં હજુ સુધી કોઇ પણ પ્રાણીનું મરણથી રક્ષણ કર્યું "નથી, તેં કાંઇ જગત્નું દળદર ફીટાડ્યું નથી, તેં રોગ ચોર રાજા વિગેરે- "એ કરેલા મોટા સોળ ભયોનો નાશ કર્યો નથી, તેં કાંઇ નરકગતિનો "નાશ કર્યો નથી અને ધર્મવડે તેં કાંઇ ત્રણ લોકને સુખી કર્યા "નથી, ત્યારે તારામાં ગુણ શા છે કે તેનો મદ કરે છે? અને "વળી એવું કાંઇ પણ કાર્ય કર્યા વિના તું સ્તુતિની ઇચ્છા પણ "શેની રાખે છે? (અથવા શું તારા ગુણ અને શો તારો મદ! "તેમજ શી તારી મોટાઇ અને શો તારો ખુશામતનો પ્રેમ!!)" ૨૧. શાર્દૂલ વિક્રીડિત.

વિવેચન–અરે જીવ! તું લાંબો પહોળો થઇને ચાલે છે પણ તેં શું જબરૂં કામ કર્યું છે કે તેનો ફાંકો રાખે છે? તારૂં છતું ધન

છે તેને પણ શોધી શકતો નથી. રે ચેતન! જરા વિચાર કર. આ જીન્દગીમાં મરણનો મોટો ભય છે. તેં એક પણ પ્રાણીને તેમાંથી બચાવ્યો? અરે! તારા પોતાના માથેથી જ તેનો ભય ઓછો થયો? આખા હિંદુસ્તાનમાં ગરીબાઈ વધતી જાય છે. ચાર કરોડ માણસો દિવસમાં એક વખત રોટલો કે કુશકા ખાઈને પાણી પીને સુઈ રહે છે, ઉપરાઉપરી દુકાળમાં લાખો જીવ અન્ન વિના મરણ પામે છે. આવું દળદર તેં ફીટાડ્યું? ફીટાડવા યત્ન કર્યો? ત્યારે શું તેં મોટા ક્ષય, અતિસાર જેવા વ્યાધિ મટાડ્યા? કે સોળ ભયથી ધ્રુજતા પ્રાણીઓને તેમાંથી બચાવ્યા? આ ભવમાં તેં શું લીલું કર્યું? આવતા ભવ માટે તેં નરક કાપી નાંખી? તને ગેરંટી મળી છે કે તું કદિ નારકીમાં તો જઇશ જ નહીં? અથવા તેં નરકનો જ નાશ કર્યો છે કે જેથી કોઇ પણ પ્રાણીને ત્યાં જવું પડે નહિ? તારી ફરજ બજાવી તેં જનસમૂહ કે પ્રાણીસમૂહનું સુખ વધાર્યું? આમાંનું થોડું કે ઘણું કાંઇ કરી શકયો નથી અને તને અહંકાર થાય છે અથવા પારકા માણસો પાસેથી સ્તુતિ સાંભળવાની ઇચ્છા થાય છે તે તદ્દન અસ્થાને, અયોગ્ય, અણઘટતી છે. તારો તેના ઉપર કશો હક નથી. જરા ચેત, જરા વિચાર. આવા ગુણવાળા માણસો તો તેનો ફાંકો રાખતાજ નથી, પણ તારે તો ફાંકો રાખવાનો હક પણ નથી. જો ચેતીશ નહિ તો અનંત કાળચક્રના પ્રવાહમાં તણાઇ જઇશ અને તારો પત્તો લાગશે નહિ. અનુકૂળ સમય, સ્થાન અને સંજોગોનો લાભ લઇ લે.

ઉપરની ગાથામાં સોળ ભય કહ્યા છે તેનાં નામઃ—રોગ, પાણી, અગ્નિ, સર્પ, ચોર, શત્રુ, મત્ત હસ્તી, સિંહ, યુદ્ધ એ નવ અને ઇહલોક ભય (મનુષ્યને મનુષ્યથી ભય તેવીજ રીતે સ્વજાતીય ભય), પરલોક ભય (મનુષ્યને તિર્યંચ અથવા દેવતા કે અસુરથી ભય), આદાન ભય (ધન ચોરાઇ જવાનો ભય), અકસ્માત ભય (ઘરમાં બેઠા બેઠા કાંઇ પણ કારણ વગર ભય લાગે તે), આજીવિકા ભય (કેવી રીતે પેટ ભરાશે તેની નિર્ધનને ચિંતા થાય છે તે ભય), મરણ ભય, અશ્લોક ભય (લોકમાં અપકીર્ત્તિ થવાની બીક). ૯૧.

આવી રીતે આપણા સંસારના દરેક કાર્યમાં અગત્યનો ભાગ ભજવનાર બહુજ અગત્યનો વિષય સંપૂર્ણ થયો. એ વિષયની અગત્યતા એટલા માટે છે કે જ્યારે લોકો બાહ્યાચાર અને દેખાવ ઉપર બહુ ધ્યાન આપે છે, ઘણીવાર તેથી ભૂલ પણ ખાય છે, ત્યારે શાસ્ત્રકાર તેથી તદ્દન ઉલટી દૃષ્ટિએ જુએ છે. દુનિયાના દેખાવમાં "ભગત" ના નામથી ઓળખાવનારા કેટલીકવાર તીવ્ર વિષયી કે કષાયી હોય છે, જ્યારે તદ્દન ભદ્રક જીવો શાસ્ત્રકારની દૃષ્ટિમાં મહા ભાગ્યશાળી ગણાય છે. આ વાતનું કેટલીકવાર સ્પષ્ટ ભાન થાય છે, પણ જરૂરને વખતે બધું ભૂલી જવાય છે. અધ્યવસાય અને આંતરવૃત્તિ ઉપર કેટલો આધાર છે અને તેથી કર્મબંધમાં કેટલો ફેર પડે છે તે માટે એકજ દાખલો બસ છે. છોકરો નિશાળે ન જતો હોય અથવા કુચાલે ચાલતો હોય ત્યારે તેનાપર શિક્ષા-મણ આપવા લાલ આંખ કરવામાં આવે છે તેમજ ગાળ દેનાર ઉપર પણ લાલ આંખ થાય છે. પણ તે બન્ને લાલાશમાં બહુ ફેર છે. આ ફેર સમજવામાં ખૂબિ છે, પણ આવા સામાન્ય પ્રસંગો બાદ કરતાં કોઇ પણ મનુષ્યપ્રકૃતિને માટે બાહ્ય દેખાવપરથી દોરવાઈ જઇ ઘણીવાર છેતરાવાના પ્રસંગો આવે છે.

સંસારનાં સર્વ કાર્યોમાં કષાય એક કે બીજી રીતે જોડાયલા રહે છે. રાગ અને દ્વેષ વગર સંસારનાં કાર્યો બનતાં નથી અને તેથી ગુપ્તપણે કે ઉઘાડી રીતે કષાય થઇ જાય છે. કષાયને ઓળખવાની બહુજ અગત્ય છે તેથી તેના દરેક શ્લોકપર પૂરતું વિવેચન કરવા ઉપરાંત અત્રે પણ દરેક માટે કાંઇક નવીન રૂપમાં વિવેચન કરવાની તક લેવામાં આવે છે. ક્રોધ ઉપર ૧ લો અને ૪ થો એ બે શ્લોક છે. એને શાસ્ત્રકાર ભુજંગનું રૂપ આપે છે તેપર વિવેચન થઇ ગયું છે. ગૌતમ કુળકમાં કહે છે કે कोहाभिभूया न सुहं लहंति 'ક્રોધીને સુખ મળતું નથી.' ભવભાવનામાં સૂર નામના બ્રાહ્મણની કથા છે, તેને ક્રોધ કરવાથી અનંતભવ રખડવું પડ્યું છે. ક્રોધ એ દ્વેષ છે અને વિવેકને ભૂલાવી નાખે છે. શાસ્ત્રકાર કહે છે કે कोहसमो वेरिओ नत्थि. ક્રોધ જેવું કોઇ દુશ્મન નથી; અને મહાત્માઓ, ભાવી-

અન્યાઅણગારો અને સાધુઓ પણ ક્રોધથી રખડી પડ્યા છે. ક્રોધ શું શું કરે છે તેના સંબંધમાં એક વિદ્વાન્ લખે છે કેઃ-

संतापं तनुते भिनत्ति विनयं सौहार्दमुत्सादय,
त्युद्वेगं जनयत्यवद्यवचनं सूते विधत्ते कलिम् ।
कीर्तिं कृंतति दुर्मतिं वितरति व्याहंति पुण्योदयं,
दत्ते यः कुगतिं स हातुमुचितो रोषः सदोषः सताम् ॥

ક્રોધ સંતાપ * કરે છે, વિનયધર્મનો નાશ કરે છે, મિત્રતાનો છેડો આણે છે ઉદ્યમ કરાવે છે, અવદ્ય વચન બોલાવે છે, કલેશ કરાવે છે, કીર્ત્તિનો નાશ કરે છે, દુર્ગતિ ઉત્પન્ન કરે છે, પુણ્યોદયને હણે છે અને કુગતિ આપે છે. આવા આવા અનેક દોષો ક્રોધથી ઉત્પન્ન થાય છે, સુજ્ઞ તે અનુભવથી સમજી શકે છે. ક્રોધ કરવાથી નુકશાન પ્રત્યક્ષ છે. સિંદુર પ્રકર, ઉપાધ્યાયજીની સઝાય વિગેરે અનેક ગ્રંથોમાં તે સંબંધી બહુ વિવેચન છે. ક્રોધનો ત્યાગ એટલે ક્ષમા-ક્ષમા એ જૈન શાસ્ત્રનો સાર; એમાં અહિંસા, અભયદાન, અનુકંપા આદિ સર્વનો સમાવેશ થઇ જાય છે. સ્કંદકાચાર્ય ક્રોધથી બહુ રખડ્યા અને તેના ત્યાગથી ગજસુકુમાળ, મેતાર્ય વિગેરે બહુ જીવ સુખી થયા.

માન-આને માટે ૨-૩-૭-૮-૧૭ મા શ્લોકો છે, આ મીઠો કષાય છે, સર્વને કરવો ગમે છે, ઘણીવાર પોતે નિર્ગુણી છે એમ બતાવતાં પણ અંતરંગમાં અહંકાર હોય છે. કેટલાક મગરૂબ હોય છે તે છતી વસ્તુ માટે હોય છે, એને pride (મદ) કહે છે; કેટલાક મગરૂબ હોય છે તે અછતી વસ્તુ માટે ડોળઘાલુ હોય છે એને Vanity, hypocracy કહે છે. મગરૂબી કે ફાંકો રાખવો તેના કરતાં પણ દંભ રાખવો એ વધારે ખરાબ છે. હાલના સમયમાં માણસો દંભી વધારે હોય છે. બીજું ધ્યાનમાં રાખવાનું એ છે કે આ જમાનામાં

* ક્રોધ અને **તાવ (તાપ-ફીવર)** બરાબર સરખા છે. ક્રોધથી આંખ લાલ થાય છે, તાવથી પણ તેમજ થાય છે. ક્રોધથી મુખ લાલ થાય છે, તાવથી પણ તેમજ થાય છે. તાવથી રહોંમાં પાણીની ખેંચ પડે છે, ક્રોધથી પણ તેમજ થાય છે, તાવથી નાડી તથા હૃદય બહુ વેગમાં ચાલે છે, ક્રોધ વખતે પણ તેમજ થાય છે; તાવથી ભુખ લાગતી નથી, ક્રોધ વખતે પણ અન્ન રૂચતું નથી. વિગેરે વિગેરે.

કેટલાક દુર્ગુણોને સદ્‌ગુણમાં ગણવામાં આવે છે. કેટલાક માણસો self respect 'સ્વવ્યક્તિ સ્થાપન' અથવા 'જાતિયમાન' ના નામથી ઘણો અહંકાર કરે છે. આવી બાબતથી ખાસ ચેતતા રહેવાની જરૂર છે. એમાં ખૂબિ શું છે તે વિચારવાની જરૂર છે. પોતાની જાતને ફેંકી દેવી, દરેક અપમાનને પાત્ર બનાવવી એમ કહેવાની મતલબ નથી; પણ એ દેખાવનાં રૂપમાં અહંભાવ પેસી જાય છે એ ખાસ ધ્યાનમાં રાખવાનું છે. અહંકાર કે દંભ અનેક પ્રકારના છે. શાસ્ત્રકાર મદ ૮ પ્રકારના કહે છે[૧] તે ઉપર જણાવ્યા છે અને તે મદ કરવાથી હેરાન થયેલાના દૃષ્ટાંતો પણ સાથે બતાવ્યાં છે.[૨] આ જમાનામાં આ બાબતથી સાવચેત રહેવાની ખાસ જરૂર છે. ભવભાવનામાં એક ઉઝિતકુમારની કથા છે તે આ બાબતમાં ધ્યાનમાં રાખવા જેવી છે. માનથી વિનયનો નાશ થાય છે, અક્કડ રહેવાનું મન થાય છે અને લોકો તેથી તેવા માણસો સાથે સંબંધ ઓછો કરી નાંખે છે. ભલા માણસ! આખી દુનિયામાં હિંદુસ્તાન ક્યાં? તેમાં ગુજરાત ક્યાં અને તેમાં તારૂં ગામ ક્યાં? અત્યારની ગણતરી પ્રમાણે જણાયલી દુનિયામાં એક અબજ ને સાઠ કરોડ માણસો છે તેમાંનું એક પણ માણસ સો વરસ પછી અહીં રહેશે નહિ ત્યારે તું તે શું જોઇને મદ કરે છે? વળી છેલ્લી ગાથામાં કહ્યું તેમ તારામાં એવો કયો અસાધારણ ગુણ છે કે તું માન કરે છે? જરા વિચાર. જરા ઉંડો ઉતર. શાસ્ત્રકાર માનને 'હાથી' કહે છે.[૩] તેના ઉપર બેસનાર ડોલે છે અને ઉપાધ્યાયજી કહે છે કે માનત્યાગનો રસ્તો એજ છે કે પૂર્વે જે મોટા મોટા પુરૂષો થઈ ગયા હોય તેનાં દૃષ્ટાંતો વાંચી વિચારી તેઓની પાસે પોતાની લઘુતા વિચારવી. વિદ્વાનો કહી ગયા છે કે

बलिभ्यो बलिनः संति, वादिभ्यः संति वादिनः ।
धनिभ्यो धनिनः संति, तस्माद्दर्पं त्यजेद्बुधः ॥

૧ એ આઠ પ્રકાર પણ ઉપલક્ષણરૂપ સમજવા. ૨ જુઓ આ અધિકારના સત્તરમા શ્લોકપરની નોટ. ૩ હેમચન્દ્રાચાર્ય માનને વૃક્ષ કહે છે. એ વડલાના વૃક્ષ જેવું છે. એને કાપ્યું હોય તોપણ ઉગે છે, અને એને નાશ કરવાના ઉપાય તરીકે નદીનું પૂર આણવા જરૂર છે અને જ્યારે એ વૃક્ષનો મૂળમાંથી ઉચ્છેદ થાય ત્યારે જ એને ફરી વધવાનો સંભવ દૂર થાય છે.

'બળવાનથી પણ બળવાન, વાદીથી પણ વાદી અને ધનવાન્થી પણ વધારે ધનવાન્ પ્રાણીઓ દુનિયાપર છે માટે ડાહ્યા હોય તેમણે અહંકાર કરવો નહિ.' શેરને માથે સવાશેર ઘણા પડ્યા છે. સુજ્ઞને આટલી શિખામણ બસ છે. વળી ઉદયરત્ન મહારાજ કહે છે કે માનથી વિનયનો નાશ થાય, વિનય વગર સમકિતપ્રાપ્તિ ન થાય, સમકિત વગર ચારિત્ર ન થાય અને ચારિત્ર વગર સંસારબંધનથી મોક્ષ ન થાય, તેથી પરંપરાએ માનથી મોક્ષ થતો નથી. આ બધું વિચારવાન્ને હસ્તામલક જેવું છે; અને સુજ્ઞને ચેતવણી આપવા દ્વારા સ્વાત્મહિત સાધવા આ પ્રયાસ છે.

માયા–એને શાસ્ત્રકાર નાગણી કહે છે. એને માટે ૧૧ મી ગાથામાં વિવેચન કર્યું છે. એ કષાય બહુ મીઠો છે. એને કરવાથી જીવ મહા તીવ્ર પાપનો સંચય કરે છે. એ દોષ સામાન્ય માણસ કરતાં દુનિયાની નજરમાં હુશિયાર–કરમી કહેવાતામાં વધારે હોય છે. ગાંડી માના ડાહ્યા દિકરાઓનો એ ખાસ ગુણ મનાણો છે. 'વણિક તેહનું નામ જેહ જુઠું નવ બોલે' વિ. વિ. શામળ ભટ્ટે કહ્યું તેમાં નવાઈ લાગે છે. હાલ તો વાણિયાવેડા-વિસાપણું–એ માયાવિપણાના પર્યાય શબ્દો થઈ પડ્યા છે. એ માયા કરવાથી મન બહુ વ્યાકુળ રહે છે. શાસ્ત્રકાર કહે છે કે मायाविणो हुंति परस्स पेसा 'માયાવી માણસો પારકાના નોકર થાય છે' એ તદ્દન અનુભવસિદ્ધ છે. એક બાબતમાં માયા કપટ કર્યું તેને નભાવવું એ બહુ મુશ્કેલ છે. પછી કંઈક યુક્તિઓ લગાવવી પડે, અસત્ય પરંપરા ચાલે અને છતાં પણ મનમાં પકડાઈ જવાની ધાસ્તી રહે. વાણિયાવેડા કરવાની માયા–રાજખટપટની માયા–એ તો દેખીતી રીતે ત્યાજ્ય છે. એ માયા કરનારમાં બગવૃત્તિ, ખોટો દેખાવ બહુ હોય છે, એટલુંજ નહિ પણ મલ્લીનાથજીના દૃષ્ટાંતથી જણાય છે કે પ્રશસ્ત માયા પણ કરવી નહિ. બસુસ કરીને કોમ કે નાત કે સંઘના આગેવાનો, દેરાસરના ટ્રસ્ટીઓ–વિગેરે નેતા પુરૂષોએ તો એવા સરળ થવું જોઈએ કે બીજાઓ તેનું અનુકરણ કરે. વાંચનાર! નાત કે સંઘની મીટીંગમાં જવાનો તને કોઈવાર પ્રસંગ આવ્યો છે? ત્યાં શું થાય છે? એ કોમની અને આખા દેશની સ્થિતિ બતાવે છે. એ પાયમાલીનું ચિહ્ન છે; એ બતાવે છે

કે આર્યાવર્તમાં જ્યાં સુધી સરળતા નથી, સ્વાર્પણ નથી, પક્ષબુદ્ધિનો ત્યાગ નથી, સ્વાત્મભોગ નથી ત્યાં સુધી જાપાનના પાડોશી હોવાની મગરૂબી કરવાનો જરા પણ હક નથી. ભલા ભાઇ! તારાં સાંસારિક કાર્યોમાં તો માયા, પણ વળી તારાં ધાર્મિક કાર્યોમાં પણ માયા! તું શ્રાવક હો કે હિંદુ હો કે કોઈ પણ હો, તું સાધુ હો કે સન્યાસી હો કે પાદરી હો પણ તારૂં જીવન જો. તું દેખાવ કેટલો કરે છે? લોકરંજન કરવા માટે, વાહવાહ બોલાવવા માટે કેટલું કરે છે? તે જો, વિચાર, બહુ નકામું ચાલ્યું જાય છે, તું સમજ્યો નથી, સમજવા યત્ન કરતો નથી તેથી બધી ભૂલ થાય છે.

લોભ–એને શાસ્ત્રકાર 'આકાશ' સાથે સરખાવે છે.[૧] આકાશનો છેડો આવતો નથી તેમ તેનો છેડો આવતો નથી. તેને માટે ૧૨ મી ગાથામાં વિવેચન થઈ ગયું છે. શાસ્ત્રકાર કહે છે કે सर्वगुणविनाशनं लोभात् લોભથી સર્વ ગુણનો નાશ થાય છે. પૈસાને અગ્યારમો પ્રાણ આટલા માટેજ કહેવામાં આવે છે. એ દશ પ્રાણને મૂકાવે છે, પોતાના ગુણોનાં વખાણ કરાવે છે, નાચ કરાવે છે; આખી દુનિયાને મોરલીપર નચાવનાર આશા–તૃષ્ણા–અનેક રૂપે કામ કરે છે. રાજ્યના, ધનના કે પુત્રના લોભથી અનેક અકાર્યો થાય છે, એણે અબજો રૂપિયાના ધણી મમ્મણ શેઠને અંધારી રાત્રિએ નદીના પૂરમાં તણાતાં લાકડાં ખેંચવા સૂચવ્યું, અને એણે કોણિકને પોતાની માના બાપ ચેડા મહારાજ સાથે મોટું યુદ્ધ કરાવ્યું. એણે ધવળશેઠને સાતમી નારકીએ મોકલ્યો અને એણે નપોલિયનને સેંટહેલીનામાં કેદ કરાવ્યો. એણે ઘણાને ભમાવ્યા, રખડાવ્યા અને ધૂળ ભેગા કર્યા.

આટલા માટે ૧૮ મી ગાથામાં કહ્યું કે मूलं हि संसारतरोः कषायाः 'સંસારરૂપ વૃક્ષનું મૂળ જ કષાય છે.' કષાયત્યાગ એટલે સંસારત્યાગ. એ કષાયોના અનુયાયી અને સહચારી તરીકે વિષય અને બીજા પ્રમાદ આવે છે અને તેના સંબંધમાં અન્યત્ર વિવેચન થઇ ગયું છે. વળી સામાન્ય રીતે કષાય ત્યાગ કરવા માટે ૫–૬–૧૫–૧૬–૧૮–૨૧

૧ હેમચંદ્ર મહારાજ એને 'સમુદ્ર' સાથે સરખાવે છે. એ દેખાય છે મર્યાદાવાળો, પણ જ્યારે ઉછાળો મારે છે ત્યારે મોટી હદપર વધી જાય છે, એનું તળીયું આવતું નથી વિગેરે રૂપક ઘટાવવાં.

એ શ્લોકો છે અને વિષયપ્રમાદ ત્યાગ માટે ૧૯–૨૦ એ બે શ્લોકો છે. આ વિષય બહુ જ અગત્યનો છે, મનુષ્યજીવનનો મોટો ભાગ આ મનોવિકારપર ફતેહ પામવાથી જ સફળ કરી શકાય છે; તેને જીતવા એ મનુષ્યજીવનની કસોટિ છે. આ વિષયની અગત્યતા જોઇને બનતા સુધી દરેક શ્લોકપર સારી રીતે વિવેચન કરવાનો પ્રયાસ થયો છે. કષાયનો વિષય એટલો બધો વિસ્તૃત છે કે તેપર બહુ વિવેચન થઈ શકે, પરંતુ ગ્રંથગૌરવ બહુ વધી જાય તેથી અત્ર મુદ્દાની હકીકતપર ખાસ ધ્યાન ખેંચ્યું છે. આ ચાર કષાયો પૈકી ક્રોધ, માન અને લોભપર અન્યત્ર બહુ વિસ્તારથી આ લખનારે ઉલ્લેખ કર્યો છે તે વિસ્તારથી જાણવાની ઇચ્છાવાળાને ઉપયોગી થઈ પડે તેવો સંભવ રહે છે. શ્રી જૈન ધર્મપ્રકાશના સૌજન્યના વિષય તળે એ લેખો મળી આવશે. અત્ર મુખ્ય કહેવાનું એટલું જ છે કે તારે ગમે તેવો પ્રયાસ કરીને કષાયોપર જય મેળવવો. એ પ્રમાણે કરવાથી આ જીવનની સાર્થકતા છે. એમ કરીશ તો જ આ ભવયાત્રા સફળ થશે અને નહિતો અનંત કાળ ચક્રમાં ફરતો આવ્યો છે તે પ્રમાણે આ ભવ પણ એક ફેરા સમાન થશે.

इति सविवरणः कषायनिग्रहनामा सप्तमोऽधिकारः ॥

अथाष्टमः शास्त्रगुणाधिकारः

अત્યાર સુધી અગાઉના સાત અધિકારોમાં મમત્વ મોચન અને –કષાય ત્યાગ તથા પ્રમાદ ત્યાગનો ઉપદેશ કર્યો. આ સર્વ ઉપદેશની અસર મનપર શાસ્ત્રાભ્યાસ હોય તો કાયમ રહે છે, નહિ તો ચાલી જાય છે. જ્ઞાન–સમજણ વગર ત્યાગ થતો નથી, થાય તો બન્યો રહેતો નથી અને થોડો વખત રહે તોપણ પાછી અસલ સ્થિતિ થઇ જવાનો ચાલુ ભય રહ્યા કરે છે. શાસ્ત્રાભ્યાસ કેવા પ્રકારનો જોઇએ, તેથી કેવા કેવા પ્રકારના લાભ છે તે વધારે સ્પષ્ટ કરવા માટે સૂરિ મહારાજ હવે પ્રવૃત્તિ કરે છે.

ઉપરચોટીઓ શાસ્ત્રાભ્યાસ.

शिलातलाभे हृदि ते वहंति, विशंति सिद्धान्तरसा न चान्तः ।
यदत्र नो जीवदयार्द्रता ते,[1] न भावनांकुरततिश्च लभ्या ॥ १ ॥

“સિદ્ધાન્તજળ શિલાની સપાટી જેવા તારા હૃદયપર થઇને
“ચાલ્યું જાય છે પણ તેની અંદર પ્રવેશ કરતું નથી; કારણ કે તેમાં
“(તારા હૃદયમાં) જીવદયારૂપ ભીનાશ નથી અને ભાવનારૂપ
“અંકુરાઓની શ્રેણી પણ નથી.” ૧. ઉપેન્દ્રવજ્રા.

વિવેચન–સાધુના વ્યાખ્યાન, ગ્રંથનો અભ્યાસ, શાસ્ત્રનું શ્રવણ વિગેરે પ્રસંગે હૃદયતટપર જ્ઞાનલહરીનો સુગંધી પવન જરા વખત વાય છે અને ઘણાખરા મનુષ્યોને તો તે જરા આનંદ આપી ચાલ્યો જાય છે. જેમ પાણીનો પ્રવાહ શિલા ઉપર થઇને ચાલ્યો

[1] ते इति वा पाठः क्वचिल्लभ्यते ।

જાય છે અને અર્ધ કલાક પછી જુઓ તો પાછી શિલા જેવી ને તેવી હાલતમાં પડેલી હોય છે, તેમાં ભીનાશ પણ રહેતી નથી અને તેનાપર અંકુરા પણ ઉગતા નથી. તેનાપર દિવસોના દિવસો સુધી પાણી ચાલ્યું તે તદ્દન નકામું થઇ જાય છે; કારણ કે જળ પોતાની અસર કાંઇ પણ સ્થાપન કરી ગયું નહિ અથવા બીજી દૃષ્ટિથી જોઇએ તો શિલામાં કોઇ એવો સ્વભાવ રહેલો છે કે પાણી પ્રાપ્ત થયું તેનો લાભ લેવાની તેનામાં શક્તિ નથી. ત્યારે શિલા જેવા હૃદયથી લાભ નથી. જે જ્ઞાન ઉપર ઉપરથી ચાલ્યું જાય તેનાથી વિશેષ લાભ પણ શું? શાસ્ત્રકાર આવા જ્ઞાનને **વિષય પ્રતિભાસ જ્ઞાન** કહે છે. મતિ અજ્ઞાનના ક્ષયોપશમથી એ જ્ઞાન પ્રાપ્ત થાય છે. વસ્તુતઃ એ મતિ જ્ઞાનનો વિષય હોઇ અજ્ઞાન જ છે. એથી ઇંદ્રિય પ્રત્યક્ષ કેટલીક વસ્તુઓનું જ્ઞાન થાય છે. પરંતુ બાળકને જેમ વિષ, કંટક કે રત્નમાં હેય ઉપાદેયપણાનું જ્ઞાન નથી, તેમ આવા ઉપર ઉપરના જ્ઞાનવાળાને વસ્તુતઃ હેય ઉપાદેયપણાનો બોધ નથી. વ્યવહારથી તે મહાતત્ત્વજ્ઞાની કે ફીલોસોફર પણ કહેવાય, પરંતુ જ્યાં સુધી તેની પ્રવૃત્તિ નિરપેક્ષ છે, ત્યાંસુધી તેનું જ્ઞાન લાભ આપનાર થતું નથી. હૃદય જ્યારે ક્ષેત્રની ફળદ્રુપ ભૂમિ જેવું થાય અને તેનાપર સિદ્ધાન્ત જળ પડે ત્યારે પછી તેમાં સર્વ જીવ પ્રત્યે મૈત્રીભાવરૂપ આર્દ્રતા પ્રાપ્ત થાય છે અને તેમ થાય ત્યારે જ ભાવનારૂપ અંકુરાઓ પણ ત્યાં ઉગે છે. એવી રીતે વર્તનપર અસર કરનાર **તત્ત્વસંવેદન જ્ઞાન** પ્રાપ્ત થાય છે ત્યારે શાસ્ત્રાભ્યાસ બહુ ઉપયોગી થઇ પડે છે. મતિઅજ્ઞાનના ક્ષયોપશમથી જરા જરા વસ્તુ-સ્વરૂપ બતાવવાનું બની શકે તે તદ્દન ઉપર ઉપરનું થાય છે, પરંતુ જ્યારે વસ્તુતઃ સ્વરૂપ પ્રાપ્ત થાય ત્યારે વર્તનપર પણ તેની અસર થાય છે. લોકોનું જ્ઞાન બહુધા ઉપયોગિતા કરતાં આડંબર માટે અને સ્વાત્મગુણવૃદ્ધિના વિકાસ કરતાં સ્વકીર્તિ રૂપ ક્ષુલ્લક ઐહિક-વૃત્તિથી ઉત્પન્ન થયેલું હોય છે, જે કોઇ પણ રીતે જ્ઞાનના નામને યોગ્ય નથી. આટલા માટે જ આ અધિકારના આઠમા શ્લોકમાં કહે છે કે 'આગમ કાંઇ અભ્યાસ માત્રથી ફળ આપનારા થતા નથી.' વિષયપ્રતિભાસ જ્ઞાન જીવને બહુવાર થાય છે પણ સાધ્ય તો તત્ત્વસંવેદન જ્ઞાનથી જ પ્રાપ્ત થાય છે. ૯૨.

શાસ્ત્ર ભણેલા પ્રમાદીને ઉપદેશ.

यस्यागमांभोदरसैर्न धौतः प्रमादपंकः स कथं शिवेच्छुः ।
रसायनैर्यस्य गदाः क्षता नो, सुदुर्लभं जीवितमस्य नूनम् ॥ २ ॥

"જે પ્રાણીનો પ્રમાદરૂપ કાદવ સિદ્ધાંતરૂપ વરસાદનાં જળ "પ્રવાહથી પણ ધોવાતો નથી તે કેવી રીતે મુમુક્ષુ (મોક્ષ મેળ-"વવાની ઇચ્છાવાળો) હોઇ શકે? અરેખર, રસાયણથી પણ જે "કોઇ પ્રાણીના વ્યાધિઓ નાશ પામે નહિ તો પછી તેનું જીવન "રહેવાનું જ નહિ એમ જાણવું." ૨ ઉપજાતિ.

ભાવાર્થ-જ્યારે શાસ્ત્રશ્રવણથી પણ પ્રમાદનો નાશ થાય નહિ ત્યારે પછી આ જીવને અનંતકાળ પર્યંત સંસારમાં પરિભ્રમણ કરવા-નું જ છે, એમ સમજવું. પ્રમાદ આઠ પ્રકારના છે. ૧ સંશય. ૨ વિપર્યય (ઉલટો બોધ). ૩ રાગ. ૪ દ્વેષ. ૫ મતિભ્રંશ. ૬ મન-વચન કાયાના યોગોનું દુઃપ્રણિધાન. ૭ ધર્મપર અનાદર. ૮ અજ્ઞાન. અથવા પાંચ પ્રકારે પણ પ્રમાદ છે. મદ્ય, વિષય, કષાય, વિકથા ને નિદ્રા. આનું વિશેષ સ્વરૂપ છઠ્ઠા અધિકારમાં છે. અત્ર આઠ પ્રકારના પ્રમાદનો ત્યાગ સમજવો. શાસ્ત્રાભ્યાસ કે શ્રવણ પછી તે બન્યા જ રહે તો પછી થઇ જ રહ્યું! વૈદ્યશાસ્ત્રોક્ત વિધિપૂર્વક મારેલાં તામ્ર કે પારદ પ્રમુખના પ્રયોગથી પણ જ્યારે વ્યાધિ મટે નહિ ત્યારે તે કેસની આશા છોડવી. તેમજ સંસારદુઃખરૂપ વ્યાધિ પણ તેને માટેના રસાયણરૂપ શાસ્ત્રથી પણ જો મટે નહિ તો જાણવું કે તેવા વ્યાધિવાળો પ્રાણી 'દુઃસાધ્ય' કે 'અસાધ્ય'ના વર્ગમાં છે. દરેક ભૂલને સુધારવાના ઉપાય હોય છે, દરેક વિમાર્ગગમનને સુમાર્ગે લાવવાનાં સાધન હોય છે, દરેક વ્યાધિનાં ઔષધ હોય છે.

પ્રમાદનો પારિભાષિક અર્થ ન કરીએ તો સામાન્ય ભાષામાં તેનો આલસ-પુરૂષાર્થનો અભાવ એ અર્થ થાય છે. દરેક વ્યક્તિ પછી તે ઉપાધિ સહિત કે રહિત હોય તેને સ્વકર્ત્તવ્યથી ભ્રષ્ટ કરનાર આ મહા દુર્ગુણ છે. એની હાજરી હોય ત્યારે કોઈ પણ કાર્ય થઈ શકતું નથી અને દરેક પગલે સ્ખલના પ્રાપ્ત થાય છે. સાધુ જીવનમાં પ્રમત્ત અવસ્થા અધઃપાત કરાવનારી થાય છે અને સાધ્યને રસ્તે વધારો કરાવવાને બદલે એક પગલું પાછી હઠાડે છે.

આ પ્રમત્ત અવસ્થા દૂર કરવા માટે શાસ્ત્રાભ્યાસ પરમ ઉપાય છે. શાસ્ત્રાભ્યાસથી પોતે કોણ છે, પોતાની ફરજ શી છે, પોતાનું સાધ્ય શું છે, તે સાધ્ય પ્રાપ્ત કરવાના ઉપાય શા છે તે જાણવાનું સમજવાનું બની આવે છે અને તેથી જ પ્રમાદને દૂર કરવાની યોગ્યતા શાસ્ત્રાભ્યાસીને પ્રાપ્ત થાય છે. આ અભ્યાસ પણ મનનપૂર્વક અને વર્તનપર અસર કરનારો જોઇએ. વાગાડંબર કે ચપળતા કરાવનારો શાસ્ત્રાભ્યાસ બહુ લાભપ્રદ નથી, કારણ કે એવી સ્થિતિમાં વ્યાધિના ઔષધ તરીકે તેમાં જે ગુણ રહેલો છે તે નાશ પામે છે, અને ધારેલ પરિણામ ન નીપજાવનાર ઔષધ નકામું થઈ પડે છે તેમ શાસ્ત્રાભ્યાસ પણ આવા સંયોગોમાં ઉપયોગ વગરનો થઈ પડે છે. રસાયનનું ઉક્ત દૃષ્ટાંત તેથી બરાબર થાય છે. કહેવાની મતલબ એ છે કે શાસ્ત્રાભ્યાસ બહુ મનનપૂર્વક કરવો, તે પ્રમાણે વર્તન કરવું અને પ્રમાદ વિગેરે દુર્ગુણો હોય તેને દૂર કરવાનું સાધ્ય લક્ષમાં રાખવું. પરમ સાધ્ય તો 'શિવ' (મોક્ષ) છે એ ખાસ ધ્યાનમાં રાખવું અને બુદ્ધિ તથા શક્તિને આવિર્ભાવ આપવાના આવા અનુકૂળ પ્રસંગો પ્રાપ્ત થયા છતાં તેનો સદુપયોગ ન થાય અને દરેક શુભ કાર્યમાં પ્રમાદ થયાજ કરે એ સ્થિતિ દૂર કરવાની આવશ્યકતા સમજવી અને દૂર કરવા પરમ પુરૂષાર્થ પ્રગટ કરવો. ૯૩.

સ્વપૂજા માટે શાસ્ત્રાભ્યાસ કરનારાઓ પ્રત્યે.

अधीतिनोऽर्चादिकृते जिनागमः, प्रमादिनो दुर्गतिपापते[1]र्मुधा ।
ज्योतिर्विमूढस्य हि दीपपातिनो, गुणाय कस्मै शलभस्य चक्षुषी ॥३॥

"દુર્ગતિમાં પડનાર પ્રમાદી પ્રાણી પોતાની પૂજા માટે જૈન-
"શાસ્ત્રનો અભ્યાસ કરે છે તે નિષ્ફળ છે. દીવાની જ્યોતિમાં ફસા-
"યલા દીવામાં પડનાર પતંગિયાની આંખો તેને શો લાભ કર-
"નારી છે?" ૧૩. વંશસ્થ.

૧ पनीपत्यत इति पापतिः यङन्त पत्धातोरिदं किप्रत्ययांतं आदगमहन जनः किकिनौ लिट्च ३-२-१७१ पाणिनिकृताष्टाध्यायीस्थ सूत्रं तत्रस्थेन सासहि वावहि चाचलि पापतीनामुपसंख्यानमिति वार्त्तिकेन.

ભાવાર્થ–આંખ વગર જીવન અકારૂં છે, પણ તે જ આંખોનો દુરૂપયોગ થાય તો જીવનનો નાશ કરે છે. પતંગીયું આંખથી જ ફસાય છે. શાસ્ત્રાભ્યાસ વગર દુર્ગતિનો નાશ થતો નથી, પણ જ્યારે તે જ અભ્યાસ પોતાની પૂજા સત્કાર માટે તેમ જ પહેલી બુરશી મેળવવા માટે થયો હોય ત્યારે નિષ્ફળ થાય છે એટલું જ નહિ પણ નુકશાન કરનાર થાય છે. જરા માન મળે તેને લાભ કહો તો ભલે, પણ શાસ્ત્રકાર એને નુકશાન કહે છે. શાસ્ત્રાભ્યાસના પરિણામે બધું મળે છે, માન મળે છે, પ્રમુખની બુરશી મળે છે, ગ્રંથકાર થવાય છે, પણ અભ્યાસીની અભ્યાસના ફળ તરીકે એ ઇચ્છા ન હોવી જોઇએ; એ ઇચ્છા થઇ કે બધું ગયું એમ સમજવું. શ્રીમાન્ હરિભદ્રસૂરિ મહારાજ તેટલા માટે **વિષયપ્રતિભાસ જ્ઞાનની** વ્યાખ્યા કરતાં કહે છે કે એ જ્ઞાનથી પ્રવૃત્તિ કેવી કરવી તે સંબંધમાં તદ્દન નિરપેક્ષ વૃત્તિ રહે છે; અને વર્તન વગરના જ્ઞાનથી લાભ થતો નથી તે જેમ અત્ર દૃષ્ટાંત આપીને સ્પષ્ટ કરવામાં આવ્યું છે તેમ અષ્ટકમાં તેવા જ્ઞાનને મહા અપાયનાં કારણરૂપ કહ્યું છે.[1] આપણે વ્યવહારમાં પણ એ વાતનો વારંવાર અનુભવ કરીએ છીએ. જેઓ અવ્યવસ્થિતપણે બહુ અભ્યાસ કરી ગયા હોય છે તેઓને પોતાની પ્રવૃત્તિના સંબંધમાં બહુ વિવેક રહેતો નથી. એકલું મગજ કેળવાયું હોય અને અંતઃકરણપર તેની છાપ ન પડી હોય ત્યારે આવું ભયંકર પરિણામ આવે છે. Mental Education (માનસિક કેળવણી) અને Moral Education (અંતઃકરણની કેળવણી) નો તફાવત અત્ર સારી રીતે દૃષ્ટિગોચર થાય છે. એક વિદ્વાન ગણાતા મનુષ્યને અશુદ્ધ વ્યવહારમાં પ્રવર્તતો દેખવામાં આવે ત્યારે સમજવું કે તેનું જ્ઞાન હજુ પ્રથમની પંક્તિ ઉપર જ છે. પ્રવૃત્તિમાં આત્માને લાભ અલાભનો સદ્ભાવ જ્યાંસુધી તેના જ્ઞાનનો વિષય થાય નહિ ત્યાંસુધી જ્ઞાન આડંબર માત્ર રહે છે, અને તે જ્ઞાનને શાસ્ત્રકાર અનેક પ્રસંગે અજ્ઞાન જ કહે છે.

આ અને હવે પછીના બે શ્લોક આડે રસ્તે ઉતરી ગયેલા, પંડિત હોવાનો ફાંકો રાખનારા અને શુષ્કવાદીઓ ઉપર સખત

૧ જુઓ હરિભદ્રસૂરિનાં અષ્ટક નવમાનો ત્રીજો શ્લોક.

ફટકો મારે છે. દરેક અભ્યાસીએ આ બાબતપર ધ્યાન આપવાની ખાસ જરૂર છે. ૯૪.

પરલોક હિત બુદ્ધિ વગરના અભ્યાસ કરનારાઓને.

मोदन्ते बहुतर्कतर्कणचणाः केचिज्जयाद्वादिनां,
काव्यैः केचन कल्पितार्थघटनैस्तुष्टाः कविख्यातितः ।
ज्योतिर्नाटकनीतिलक्षणधनुर्वेदादिशास्त्रैः परे,
ब्रूमः प्रेत्यहिते तु कर्मणि जडान् कुक्षिंभरीनेव तान् ॥४॥

"કેટલાક અભ્યાસીઓ બહુ પ્રકારના તર્કવિતર્કોના વિચા-
"રોમાં પ્રસિદ્ધ હોઇ વાદીઓને જીતીને આનંદ પામે છે, કેટલાક
"કલ્પના ઉઠાવીને કાવ્યો રચીને કવિ તરીકે ખ્યાતિ મેળવી આનંદ
"માને છે અને કેટલાક જ્યોતિષ્શાસ્ત્ર, નાટ્યશાસ્ત્ર, નીતિશાસ્ત્ર,
"સામુદ્રિકશાસ્ત્ર, ધનુર્વેદ વિગેરે શાસ્ત્રોના અભ્યાસ વડે ખુશી થાય
"છે, પરંતુ આવતા ભવમાં હિતકારી કાર્ય તરફ જો તેઓ અજ્ઞ
"(અથવા બેદરકાર) હોય તો અમે તો તેઓને પેટભરા જ
"કહીએ છીએ." ૪. શાર્દૂલ વિક્રીડિત.

ભાવાર્થ–ઉપરના શ્લોકમાં કહી તે જ હકીકત સ્ફુટ કરે છે. કેટલાક ન્યાય (Logic) ની કોટિમાં ઊંડા ઉતરી આનંદ માને છે જ્યારે કેટલાક કવિ થાય છે, કેટલાક જ્યોશી, નાટકકાર, રાજદ્વારી નીતિમાં કુશળ, સામુદ્રિક જ્ઞાનમાં કુશળ, શસ્ત્રવિદ્યામાં કુશળ અને કેટલાક પૃથક્કરણ શાસ્ત્રી (chemist), આંકડાશાસ્ત્રી (statistician), અર્થશાસ્ત્રી (economist), ખગોળવેત્તા (astronomer), ભૂતળવેત્તા (geologist), વનસ્પતિ વિદ્યાકુશળ (botanist), ગણિતશાસ્ત્રમાં પ્રવીણ (mathematician), વૈયાકરણ (grammarian) વિગેરે વિગેરે થાય છે; ઉદ્યોગ, ગુરૂકૃપા અને ક્ષયોપશમ પ્રમાણે વિદ્વતા મેળવે છે, પણ જો તેને ભવની બીક નથી તો આવતા ભવમાં હિતકારી ધર્માનુષ્ઠાન કરી શકતા નથી અને ધર્માનુષ્ઠાન કર્યા સિવાય આવતા ભવ માટે તૈયારી નથી અને તે ધર્મી હોવા કરતાં ધર્મી હોવાનો દેખાવ માત્ર કરે છે; આ પ્રમાણે હોય તો જાણવું કે તે માણસ

પેટભરા જ છે અને કાળની સપાટિમાં લાગનારા પવન અનુસારે તણાઇ જવાના છે. અષ્ટકજીના ટીકાકાર કહે છે કે–

अविसेसिया मइच्चिय समदिट्ठिस्स सा मइनाणम् ।
मइ अन्नाणं मित्था दिट्ठिस्स सुयंपिए एव ॥

"સમ્યગ્દૃષ્ટિની બુદ્ધિ તે 'મતિજ્ઞાન' છે અને મિથ્યાદૃષ્ટિની બુદ્ધિ તે 'મતિઅજ્ઞાન' છે. મતિમાં કાંઇ ફેરફાર નથી. શ્રુતજ્ઞાનના સંબંધમાં પણ તેજ પ્રકારે સમજવું." મહા તર્ક કરનાર હોય તોપણ જ્યાંસુધી જ્ઞાનની અસર આત્મિક શુભ પ્રવૃત્તિમાં થતી નથી ત્યાંસુધી જ્ઞાનને શાસ્ત્રકાર અજ્ઞાન જ કહે છે; અને અજ્ઞાન તો કષાયાદિ મહા રિપુઓથી પણ વધારે ખરાબ છે. આથી અમુક વ્યક્તિ વિદ્વાન્ હોય તો તેથી કાંઇ બહુ ખુશી થઈ જવા જેવું નથી. વાસ્તવિક તુલના તો પ્રવૃત્તિ ઉપર જ રહે છે અને જેઓ અમુક કાર્યનો આત્મિક ઉન્નતિ અવનતિને અંગે શો સંબંધ છે તે વિચારતા નથી અથવા વિચાર કરવાની દરકાર કરતા નથી અને વિચાર કરીને ઉન્નતિને માર્ગે પ્રવૃત્તિ કરતા નથી તેઓ વસ્તુતઃ અજ્ઞાની જ છે, સંસારરસિક જ છે, સંસારમાં રખડનારા જ છે અને તેથી તેઓને 'પેટભરા' કહેવા યુક્ત જ છે. જેઓ પોતાના પેટ પૂરતો વિચાર કરી બેસી રહે છે તેઓ પેટભરા કહેવાય છે. અત્ર સંસારના વધારનારને તે નામ આપવું બહુ સાર્થ છે, વિચાર કરીને સમજવા યોગ્ય છે અને સમજાઈ જાય તેવું છે.

'અમે' કહીએ છીએ એમ મુનિસુંદર મહારાજ ભાર મૂકીને કહે છે. ગ્રંથકારને બહુવચનથી લખવાનો હક છે એમાં માન જેવું કશું નથી. વિષય લોકોના મનપર ઠસાવવા માટે ભાર મૂકીને કહેવાની આ પદ્ધતિ બહુ અસરકારક છે. ૯૫.

શાસ્ત્ર ભણીને શું કરવું?

किं मोदसे पंडितनाममात्रात्, शास्त्रेष्वधीती जनरंजकेषु ।
तत्किंचनाधीष्व कुरुष्व चाशु, न ते भवेद्येन भवाब्धिपातः॥ ५॥

"લોકરંજન કરનારાં શાસ્ત્રોનો અભ્યાસી થઇને તું પંડિત નામ
"માત્રથી કેમ રાજી થઇ જાય છે? તું કાંઈ એવો અભ્યાસ કર

" અને પછી કાંઇ એવું અનુષ્ઠાન કર કે જેથી તારે સંસાર
" સમુદ્રમાં પડવું પડે જ નહિ." ૫ ઉપનતિ.

ભાવ-ઉક્ત હકીકત સ્પષ્ટ કરે છે. શાસ્ત્રાભ્યાસથી રાજી થઇ જવાનું નથી, પણ કાંઇ કરવું-કાંઇ દાન શીલ તપ ભાવ અથવા શુદ્ધ વર્તન, વિવેક, અનુકંપા-વર્તનમાં આવે એવું કાંઈ કરવું જોઈએ. એના સંયોગમાં આબરૂ કીર્ત્તિ આવે તો ભલે આવે પણ લેવા જઈશ નહિ. તારે તો આંખો મીંચીને ઊંચી પદવી પર જવા, ગુણસ્થાન આરોહણ કરવા, મોક્ષ સન્મુખ કરવા આગળ ચાલ્યા જવું. અભ્યાસનો આ જ હેતુ છે, આ જ ફળ છે અને આ જ પરાકાષ્ઠા છે.

જ્ઞાન બે પ્રકારનું છે. એકમાં માત્ર મગજ કેળવાય છે. બીજામાં હૃદય કેળવાય છે. જેઓ વાદવિવાદ કરવા માત્રમાં જ કુશળ હોય, જેઓ ભાષણ કરવા માત્રમાં જ કુશળ હોય, જેઓ લેખ લખવામાંજ કુશળ હોય, તેઓને કોઇ પણ પ્રકારે આનંદ પામવાનું નથી. એવા જ્ઞાનથી અટકી ન જતાં હૃદયની કેળવણી કરવાની જરૂર બહુ છે. શાસ્ત્રકાર કહે છે કે **જનમન રંજન ધર્મનું, મૂલ્ય ન એક બદામ.** અમુક અપેક્ષાએ આ વચન સત્ય છે. એ અપેક્ષા ધ્યાનમાં રાખીને જ આ અધિકારનો ઉલ્લેખ થયો છે.

બીજું આત્મપરિણતિમત્ જ્ઞાન છે તેમાં અમુક કાર્યથી આત્મિક ગુણ વિકસ્વર કરવામાં લાભ હાનિ કેટલી છે તે બહુ સારી રીતે સમજાય છે, પરંતુ અનર્થનો ત્યાગ થઇ શકતો નથી. આ જ્ઞાન શુદ્ધ શ્રદ્ધાવાળા અવિરતીને હોય છે. એ જ્ઞાનમાં તથાપ્રકારની પ્રવૃત્તિ હોતી નથી. પણ તે જ્ઞાનવાન્ શુદ્ધ માર્ગની સન્મુખ છે અને વૈરાગ્ય ઉત્પન્ન થવાનું તેને કારણ પ્રાપ્ત થયું છે. આવા જ્ઞાનવાળાએ પણ ખુશી થઇ જવા જેવું નથી. જ્યાંસુધી એવા પ્રકારનો અભ્યાસ ન કરવામાં આવે કે જેથી ભવચક્રમાં રખડપટ્ટી મટી જાય ત્યાંસુધી જોઇએ તેટલું ઉપયોગી કાંઈ થતું નથી. ૯૬.

શાસ્ત્રાભ્યાસ કરીને સંયમ રાખવો.

धिगागमैर्मार्ग्यसि रंजयन् जनान्, नोद्यच्छसि प्रेत्यहिताय संयमे ।
दधासि कुक्षिंभरिमात्रतां मुने, क्व ते क्व तत् क्वैष च ते भवांतरे॥६॥

" હે મુનિ! સિદ્ધાંતવડે તું લોકોને રંજન કરતો ખુશી થાય
' છે અને તારાં પોતાનાં આમુષ્મિક હિત માટે યત્ન કરતો નથી
" તેથી તને ધિક્કાર છે! તું માત્ર પેટભરાપણું જ ધારણ કરે છે; પણ
" હે મુને! ભવાંતરમાં તે તારા આગમો ક્યાં જશે, તે તારું જન-
" રંજન ક્યાં જશે અને આ તારો સંયમ ક્યાં જશે!" ૬. ઉપનતિ.

ભાવ-શાસ્ત્રાભ્યાસ કરીને શું કરવું તે ઉપર સામાન્ય શબ્દોમાં કહ્યું, અત્ર સ્પષ્ટ શબ્દોમાં મુનિને ઉદ્દેશીને કહે છે કે જો પાંચ ઇંદ્રિયોપર સંયમ ન હોય તો અભ્યાસ વ્યર્થ છે, પેટભરાપણું જ છે એટલે કે સર્વસંપત્કરી ભીક્ષાનો[1] અધિકારી તું થઇ શકતો જ નથી. આવા સાધુઓ નથી સાધતા આ ભવનું અને નથી સાધતા પરભવનું; તેવીજ રીતે પંડિત હોવાનો દેખાવ કરનારા કેટલાક શ્રાવકો પણ તેજ સ્થિતિમાં હોય છે. જે ' શુકપાઠી ' કહેવાય છે તે આ વર્ગમાં આવે છે. અભ્યાસનું ફળ આત્મપરિણતિ સુધારવી એ જ છે, એ ન બને તો પછી અભ્યાસ વંધ્ય થવાનો. ગ્રંથકાર પોતે તો નીચેની આઠમી ગાથામાં આથી પણ નીચી હદે તે વાત મૂકે છે. જીવનનો હેતુ, અભ્યાસનો હેતુ શો છે, ક્યાં રહી શકે છે તે વિચારો. લોકરંજન કરનાર અભ્યાસીનું પેટભરાપણું ચોથા શ્લોકમાં આપણે વિસ્તારથી જોયું છે. આમાં ખાસ વિચારવા યોગ્ય એટલું છે કે પરભવમાં તું ક્યાં જઇશ? તારા આગમો ક્યાં જશે? અને તારો સંયમ ક્યાં જશે! વળી તારું પ્રેત્યહિત ક્યાં જશે અને જેઓની પાસેથી તું કીર્તિની ઇચ્છા રાખે છે તેઓ ક્યાં જશે? જરા માની લીધેલા માન નામના મનોવિકારને તૃપ્તિ આપવા ખાતર તારું બહુ બગડે છે અને તૃપ્તિ પણ પૂરી થતી નથી. અત્ર મરણ તો અનિવાર્ય છે અને ત્યાર પછી તારી ગતિ તું જાણતો નથી અને છેવટે સંસારસમુદ્રના ઊંડા ખડક ઉપર તારું જીવનવહાણ તને દૂર ફેંકી દેશે ત્યારે પછી તારો કીર્ત્તિનો લોભ અને તે ખાતર સહન કરેલા પરીસહો તને કાંઇ ઉપયોગી નહિ થાય. ઉદ્દેશ અત્ર એજ છે કે શાસ્ત્રાભ્યાસ કરીને સંયમ રાખવો.

---

[1] જુઓ હરિભદ્ર સૂરિનાં અષ્ટક. અષ્ટક પાંચમું.

ટીકાકાર નોટ લખે છે કે "પિતા પુત્રને શિખામણ આપવા સારૂ તિરસ્કારનો શબ્દ લખે તે યુક્ત જ છે."૯૭.

કેવળ અભ્યાસ કરનાર અને અલ્પાભ્યાસી સાધકમાં શ્રેષ્ઠ કોણ?

धन्याः केऽप्यनधीतिनोऽपि सदनुष्ठानेषु बद्धादरा,
दुःसाध्येषु परोपदेशबलतः श्रद्धानशुद्धाशयाः ।
कांचित्त्वागमपाठिनोऽपि दधतस्तत्पुस्तकान् येऽलसाः
अत्रामुत्रहितेषु कर्मसु कथं ते भाविनः प्रेत्यहाः ॥ ७ ॥

"કેટલાક પ્રાણીઓએ શાસ્ત્રનો અભ્યાસ કર્યો ન હોય તો "પણ બીજાના જરા ઉપદેશથી મુશ્કેલીથી સાધી શકાય તેવાં શુભ "અનુષ્ઠાનો તરફ આદરવાળા થઈ જાય છે અને શ્રદ્ધાપૂર્વક શુદ્ધ "આશયવાળા થઈ જાય છે તેઓને ધન્ય છે! કેટલાક તો આગમના "અભ્યાસી હોય અને તેનાં પુસ્તકો પાસે રાખતાં હોય છતાં પણ "આભવ પરભવનાં હિતકારી કાર્યોમાં પ્રમાદી થઈ જાય છે અને "પરલોકને હણી નાંખે છે તેઓનું શું થશે?" ૭ શાર્દૂલવિક્રીડિત.

વિવેચન–વિદ્યા અને મુક્તિપ્રાપ્તિને કેવો સંબંધ છે તે વિચારવા જેવું છે. વિદ્વાનોને જ મોક્ષ મળે છે એમ નથી, પણ અભ્યાસની સાથે સરળતા, સદ્વર્તન જોઇએ. Smiles નામનો એક પ્રખ્યાત ગ્રંથકાર કહે છે કે અસાધારણ વિદ્વતાની સાથે હલકામાં હલકા દુર્ગુણો કેટલીકવાર મળેલા હોય છે, અને ઉચ્ચ ચારિત્રને વિદ્યા સાથે કાંઇ પણ ખાસ સંબંધ નથી; દેવ ગુરૂ ધર્મપર શુદ્ધ શ્રદ્ધા, શુદ્ધ વર્તન અને સરળ સૌમ્ય પ્રકૃતિથી ઘણા ભદ્રક જીવો તરી ગયા છે. હકીકત આમ છે છતાં પણ વિદ્વાનને સંસાર તરવો સહેલો પડે છે એમાં તો જરાપણ શક નથી. જ્ઞાનીને વિચારણા–વર્તન સારૂ થઇ જવા બહુ સંભવ છે અને અજ્ઞાની કરોડો વર્ષે જે કર્મ ક્ષય કરે તે જ્ઞાની એક શ્વાસોશ્વાસમાં કરી શકે છે. પણ આવી સગવડ છે તે સાથે જ જો જ્ઞાની પ્રમાદી થઇ જાય, આડંબર કરનારો થઇ જાય, વાહવાહ બોલાવનારો થઇ જાય, આશીભાવ રાખી ધર્માચરણ કરે તો તેને મોટું નુકશાન થાય છે અથવા ટુંકામાં તેનો અધઃપાત

થાય છે. જેમ કર્મક્ષયનું પ્રબળ સાધન જ્ઞાનીના હાથમાં રહે છે તેમ તીવ્ર કર્મબંધ અને જવાબદારીનું જોખમ પણ તેને માથે વધારે છે. જ્ઞાનવાને–વિદ્યાવાને બહુ વિચારીને દરેક કાર્ય કરવાની જરૂર છે. મૂળ શ્લોકમાં શાસ્ત્રનો નહિ અભ્યાસ કરનાર એમ કહ્યું છે તે અલ્પ અભ્યાસ કરનાર માટે હોય એમ સમજાય છે. આ શ્લોકથી અજ્ઞાનવાદને પુષ્ટિ આપી નથી તે ખાસ સમજવાની જરૂર છે. આ આખા અધિકારમાં જ્ઞાનને અલ્પાંશે પદ આપવામાં આવ્યું હોય ત્યાં વિષય પ્રતિભાસ જ્ઞાનને અંગે તે કથન છે એમ સમજવું. તત્ત્વસંવેદન જ્ઞાન જ્યારે પ્રાપ્ત થાય ત્યારે તો આ અધિકારમાં વર્ણવેલી સ્થિતિ હોય જ નહિ. તે જ્ઞાનવાન્ને હેય ઉપાદેયનો શુદ્ધ નિશ્ચય હોય છે, તેની વૃત્તિ સ્વસ્થ હોય છે અને તેની મુખમુદ્રાપર શાંત રસ ઢળેલો હોય છે. [૧] તેવા જ્ઞાનવાળાનું વર્તન બહુ શુદ્ધ હોય છે અને તેની અને અલ્પ અભ્યાસીની કદિ પણ સરખામણી થઇ શકે જ નહિ. શાસ્ત્રકાર અજ્ઞાનવાદની કદિ પણ પુષ્ટિ આપતા નથી એ ખાસ ધ્યાનમાં રાખવાનું છે. બાકી જ્ઞાનનાં પુસ્તકોનો ભંડાર કબજામાં રાખવાથી અને મોટી સભાઓ જીતવા માત્રથી કાંઇ બહુ લાભ નથી એ અત્ર ઉદ્દેશ છે. ૯૮.

મુગ્ધબુદ્ધિ. વિ. પંડિત.

धन्यः स मुग्धमतिरप्युदितार्हदाज्ञा–
रागेण यः सृजति पुण्यमदुर्विकल्पः ।
पाठेन किं व्यसनतोऽस्य तु दुर्विकल्पै-
र्योदुस्थितोऽत्र सदनुष्ठितिषु प्रमादी ॥ ८ ॥

"માઠા સંકલ્પો નહીં કરનારો અને તીર્થંકર મહારાજે ફરમા- "વેલી આજ્ઞાઓના રાગથી શુભ ક્રિયા કરનારો પ્રાણી અભ્યાસ કરવામાં "મુગ્ધ બુદ્ધિવાળો હોય તોપણ ભાગ્યશાળી છે. જે પ્રાણી માઠા "વિચારો કર્યા કરે છે અને જે શુભ ક્રિયામાં પ્રમાદી હોય છે તેવા "પ્રાણીને અભ્યાસથી અને તેની ટેવથી પણ શો લાભ છે?" ૮.

વસંતતિલકા.

---

[૧] હરિભદ્ર અષ્ટક (૯–૬).

ભાવાર્થ–'તીર્થંકર મહારાજે કહ્યું છે તે ખરૂં છે બાકી સર્વ મિથ્યા છે' એવી સામાન્ય બુદ્ધિવાળા પ્રાણી સંસારસમુદ્રને તરી જાય છે; પણ જે પ્રાણી માઠા વિચાર કરતો હોય, સંસારમાં રાચ્યો માચ્યો રહેતો હોય, રાજકથાદિક વિકથામાં આસક્ત હોય અને શુભ ક્રિયામાં પ્રમાદી હોય તે પ્રાણી વિદ્વાન્ હોય તોપણ કામનો નથી. શુદ્ધ શ્રદ્ધા કેટલો લાભ આપે છે તે અત્ર જોવાનું છે. શુદ્ધ શ્રદ્ધા વગર કાંઇ થઇ શકતું નથી, ગણતરીમાં પણ જીવ ત્યારે જ આવે છે. અતીંદ્રિય વિષયમાં શ્રદ્ધા રાખવાનીજ જરૂર છે. મનુષ્યપ્રવૃત્તિમાં પ્રાણીને વિચાર કરવાનો પણ વખત મળતો નથી, તેથી જેઓએ વિચાર કર્યો હોય તેઓપર આધાર રાખી તેઓને પગલે પગલે ચાલવું શ્રેષ્ઠ છે. મનુષ્યજીવનકાળ અલ્પ છે, બુદ્ધિ મંદ છે અને અન્ય વ્યવહારમાં કાળક્ષેપ બહુ થાય છે તેથી મોટે ભાગે તો જેઓનાં વચન આપ્ત લાગતાં હોય તેની પરીક્ષા કરીને અનુસરવું એજ માર્ગ ગ્રહણ કરવા યોગ્ય જણાય છે. એક માણું મગ રસોઇ માટે ચુલાપર ચડાવ્યા હોય તો તેની પરીક્ષા માટે એક મગ બસ છે; તે પ્રમાણે આપ્તતાની પરીક્ષા કરવી. વીતરાગ દશા, શુદ્ધ માર્ગ કથન, અપેક્ષાઓનું શુદ્ધ સ્થાપન, નય સ્વરૂપનો વિચાર અને સ્યાદ્વાદ વિચારશ્રેણી એ આપ્તતાની પરીક્ષા માટે પૂરતા છે. વિશેષ ક્ષયોપશમ હોય અને અનુકૂળતા હોય તેણે વિશેષ પ્રકારે પરીક્ષા કરવાનો અત્ર નિષેધ નથી, પરંતુ ગમેતેમ કરી આપ્તનાં વચન પ્રમાણે અનુષ્ઠાન કરવાની આવશ્યકતા અત્ર સ્વીકારી છે.

અત્ર જે માર્ગનું દર્શન કરાવવામાં આવ્યું છે તેમાં પણ જ્ઞાન કરવાનો નિષેધ નથી, પણ દુર્વિકલ્પોનો ત્યાગ કરવાનો ઉપદેશ છે એ ખાસ ધ્યાનમાં રાખવાનું છે. ૯૯.

શાસ્ત્રાભ્યાસ-ઉપસંહાર.

अधीतिमात्रेण फलंति नागमाः, समीहितैर्जीवसुखैर्भवान्तरे ।
स्वनुष्ठितैः किंतु[1] तदीरितैः खरो, न यत्सिताया वहनश्रमात्सुखी ॥९॥

१ नु इति वा पाठः

"માત્ર અભ્યાસથી જ ભવાંતરમાં ઇચ્છિત સુખ આપીને "આગમો ફળતા નથી, પરંતુ તેમાં બતાવેલ શુભ અનુષ્ઠાનો કરવાથી "આગમો ફળે છે; જેવી રીતે સાકરનો બોજો ઉપાડવાના શ્રમથી "ગધેડો કાંઇ સુખી નથી." ૯. વંશસ્થ.

ભાવાર્થ–'માત્ર અભ્યાસ અને પરભવમાં તેથી સુખ' એ વાતને વ્યભિચાર છે, અધ્યયન ઉચ્ચ પ્રકારનું સુખ પ્રાપ્ત કરવાનું એક કારણ છે, પણ તેથી તે મળે જ છે એમ નથી. કારણ કે અભ્યાસી હોય છતાં ફળ મળતું નથી એમ બને છે, તેમ જ વળી અભ્યાસી ન હોય છતાં ફળપ્રાપ્તિ થાય છે એમ પણ બને છે. આથી માત્ર અભ્યાસ ઉપર કાંઇ પણ આધાર નથી. સુખ–આત્મિક સુખ મેળવવાનો ઉપાય શાસ્ત્રમાં ફરમાવેલા અનુષ્ઠાન–ચારિત્ર–વર્તનમાં છે. જેવી રીતે ગર્દભ સાકરનો બોજો ઉપાડે તેને તેથી કાંઇ મીઠાશ આવતી નથી, તેવી રીતે જ્ઞાન પણ વર્તન વગર માત્ર બોજો જ છે. એટલે જ્ઞાન પ્રમાણે વર્તન કરે તો જ જ્ઞાનની મીઠાશ પ્રાપ્ત થાય છે. ઉપદેશમાળામાં ધર્મદાસ ગણિ કહે છે કે

जहा खरो चंदनभारवाही, भारस्स भागी न हु चंदनस्स ।
एवं खु नाणी चरणेण हीणो, नाणस्स भागी न हु सुग्गइए ॥

જેવી રીતે ચંદનનો–સુખડનો ભાર વહન કરનારો ગધેડો ભારનો ભાગી છે પણ ચંદનનો નથી તેવી જ રીતે વર્તન વગરના જ્ઞાનને જાણનારો જ્ઞાનનો ભાગી છે, પણ સુગતિનો નથી. આ હકીકત ઉપરના શ્લોકમાં પણ તેજ રૂપમાં કહી છે. ૧૦.

* * * * *

* * * * *

શાસ્ત્રાભ્યાસ અને વર્તન એ ઉપર વિવેચન થયું. પ્રથમ બે શ્લોકમાં શ્રવણ કરનારાઓ અને બાકીના શ્લોકમાં અભ્યાસ કરનારાઓને બહુ ધડો લેવા જેવું બતાવ્યું છે. જેઓ અભ્યાસની બાતરજ અભ્યાસ કરતા હોય, સભાઓ જીતી પોતાના વિજયડંકા વગાડવાની ઇચ્છા રાખતા હોય, અકારણે શાસ્ત્રનો શુષ્કવાદ કરવાનું આમંત્રણ કરતા હોય તેઓએ ચોથો શ્લોક ગોખી રાખવા જેવો

છે. આ ઉપરાંત કહેવાતા 'પંડિતો' ઉપર આ અધિકારમાં સખત ચાબખો છે. "હે ચેતન! એ તો જ્ઞાની મહારાજ ભાખી ગયા છે કે વિં. વિ." ચોક્કસ ગંભીર શબ્દોયુક્ત ભાષામાં બોલતા આવા ડોળઘાલુઓની તે વખતની બોલવાની ઢબછબ, મુખનો રંગ અને આંખના અને હાથના ચાળા જોયા હોય તો જાણે મહા ઊંડા તત્ત્વજ્ઞાનીનું ભાષણ ચાલ્યું. વળી તે વખત શ્રોતાને એમ પણ લાગે કે આ માણસ તો અત્રેથી ઉઠીને આરંભાદિકમાં કે આશ્રવમાં પ્રવર્તતા પણ નહીં હોય; પણ બાનગી રીતે જો બાવાપીવામાં, સાંસારિક સુખભોગમાં, વ્યવહારમાં, લેણદેણમાં અને પ્રમાણિકપણામાં તેઓનો વ્યવહાર જોયો હોય તો તેના જ્ઞાનની અસર પણ તેમાં જણાતી નથી. આવા કેટલાક ડોળઘાલુઓ બહુ નુકશાન કરે છે; પોતે ડૂબે છે અને પથ્થરના નાવની જેમ સાથે બેસનારને ડૂબાડે છે, તેમજ ધર્મને પણ વગોવે છે. અમુક હદ સુધી જ્ઞાન અને ક્રિયાની જરૂર છે. આટલા ઉપરથી અમે ક્રિયાનો એકાંત પક્ષ કરનારા છીએ એમ ધારવાનું નથી; જ્ઞાનાભ્યાસની જરૂર બહુજ છે તે અમે સ્વીકારીએ છીએ; પણ કેટલાક પ્રમાદી જીવો તેનું બહાનું કાઢી ક્રિયા તરફ અપ્રીતિનો દેખાવ કરે છે એટલું જ નહીં પણ શુદ્ધ ક્રિયા કરનારને હસી કાઢે છે, તેઓને નીચેનાં બે મહાન્ વાક્યો લક્ષમાં લેવાની આવશ્યકતા છે.

"ક્રિયા રહિત જ્ઞાનમાત્ર નિષ્ફળ છે. રસ્તાનો જાણનાર પણ ગતિ કર્યા વગર વાંછિત નગરે પહોંચતો નથી." (જ્ઞાનસાર ૯-૨.)

શ્રીમદ્યશોવિજયજી.

"ક્રિયા બિના જ્ઞાન નહીં કબહું, ક્રિયા જ્ઞાન બીજું નાહી;
ક્રિયા જ્ઞાન દોઉ મિલત રહત હે, જ્યોં જલરસ જલમાંહી;
પરમ ગુરૂ જૈન કહો કયું હોવે. ॥"

આ 'પણ' એજ ધુરંધર વિદ્વાન્નું મહાવાક્ય છે. કહેવાની મતલબ એજ છે કે દેખાવ કરો નહિ, શુદ્ધ વર્તન કરો; દરેક માણસ મોટો થવા કે ધનવાન થવા બંધાયલો નથી, પણ ભલો-સારો થવા બંધાયલો છે.

આ અધિકારમાંથી એટલું પણ જણાય છે કે વિશેષ અભ્યાસ ન કર્યો હોય તોપણ શુદ્ધ શ્રદ્ધાથી ક્રિયા કરનાર જીવ ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરે છે.

છેલ્લા શ્લોકમાં 'રાસભ'નું દૃષ્ટાંત મનન કરવા જેવું છે. જ્ઞાન ભણવાની પૂરેપૂરી-બહુજ જરૂર છે. પણ ભણીને પછી આગળ વધવું. અહંકાર કે દેખાવ કરવો નહિ. મુખ્ય રસ્તો એજ છે કે જ્ઞાનનો અભ્યાસ કરી પોતાને યોગ્ય ક્રિયા કરી શુદ્ધ વ્યવહાર કરવો. કારણ કે જ્ઞાનનું ફળજ વિરતિ છે. નહિ તો તે જ્ઞાન વંધ્ય છે. તું સાધુ હો તો સંસારની અસારતા વિચાર, ધર્મોપદેશ આપી લોકોને યોગ્ય રસ્તે દોર, ઇંદ્રિયોપર સંયમ કર, મનપર અંકુશ રાખ; તું શ્રાવક હો તો વ્રતદૃઢતા રાખ, વ્યવહાર શુદ્ધ રાખ, ચિત્તવૃત્તિમાંથી કચરો કાઢી નાખ, દેખાવ કરવાની ચાહનામાં ફસાઇ જઈશ નહિ. આ જમાનામાં ફસાવાનું કારણ બાહ્ય દેખાવ જ છે અને તેમાં ઘણાં માણસો લલચાઇ જાય છે.

ચૌદ પૂર્વધર જ્યારે પ્રમાદવશ થઈ નિગોદમાં રખડે છે ત્યારે સાદી રીતે સામાયિક કરનાર મોક્ષે જાય છે તે પણ સૂક્ષ્મ બુદ્ધિએ વિચારવા યોગ્ય છે. શ્રદ્ધા પૂર્વક અનુષ્ઠાન સિવાય અંગારમર્દકાચાર્યનું જ્ઞાન શું કામ આવ્યું? અને સ્કંદકાચાર્યના પાંચશે શિષ્યોની ગતિ શી થઇ અને તેઓની પોતાની ગતિ જ્ઞાન છતાં પણ શમના અભાવે કેવી થઈ? મુદ્દે જ્ઞાન સાથે ઉચ્ચ વર્તન, ઇંદ્રિયદમન, ચિત્તપર અંકુશ વિગેરે હોય તો ધારેલા લાભ થાય છે.

આ વિષયને અંગે શ્રી હરિભદ્રસૂરિ મહારાજનું નવમું અષ્ટક બહુ મનન કરવા યોગ્ય છે. જ્યાંસુધી વિષય પ્રતિભાસ જ્ઞાન હોય છે ત્યાંસુધી બહુ લાભ થતો નથી. ચાલુ જમાનામાં જ્ઞાનની તંગી નથી; જ્ઞાનીની પણ નથી; પણ બહુધા ઉપર કહ્યું તે જ જ્ઞાન જોવામાં આવે છે. આના પરિણામે ત્યાગ અને ગ્રહણનું શુદ્ધ સ્વરૂપ પણ મળતું નથી અને તેથી ત્યાગ વૈરાગ્ય પણ થતા નથી. શાસ્ત્રકારો આ જ્ઞાનને અજ્ઞાન જ કહે છે. જ્યારે વસ્તુસ્વરૂપનું શુદ્ધ ભાન કરાવનાર તત્ત્વસંવેદન જ્ઞાન પ્રાપ્ત થાય ત્યારે જ જ્ઞાની હોવાનો દાવો

કરી શકાય અને તેવા જ્ઞાની માટે આ આખા અધિકારમાં કાંઈ કહેવા જેવું રહેતું નથી. અત્ર જે આક્ષેપ છે તે પ્રથમના જ્ઞાન માટે જ છે.

* * * * *

ચતુર્ગતિનાં દુઃખો.

શાસ્ત્રાભ્યાસના દ્વારમાં જે હકીકત કહી છે તે જાણ્યા પછી શાસ્ત્રના સાર રૂપ એક હકીકત અત્ર બતાવે છે. તે એ છે કે આ સંસારમાં ગમે ત્યાં જાઓ પણ સુખ નથી. સંસારના સર્વ જીવોનો ચાર ગતિમાં સમાવેશ થાય છે. ૧ નારકી, ૨ તિર્યંચ (તેમાં પૃથ્વી પાણી, અગ્નિ, પવન અને વનસ્પતિ તથા જળો, માંકડ, વીંછી, પક્ષિઓ, જળચર, ઢોર વિગેરે જીવોનો સમાવેશ થાય છે), ૩ મનુષ્ય અને ૪ દેવ.

એ ચાર ગતિમાંથી એકેમાં સુખ નથી એમ બતાવી શાસ્ત્રનું રહસ્ય બતાવે છે અને તેને પરિણામે જીવને સંક્ષેપમાં ઉપદેશ આપવાનો ઇરાદો છે.

નરક ગતિનાં દુઃખો.

दुर्गंधतो यदणुतोपि पुरस्य मृत्यु-
रायूंषि सागरमितान्यनुपक्रमाणि ।
स्पर्शः खरः क्रकचतोऽतितमामितश्च,
दुःखावनंतगुणितौ भृशशैत्यतापौ ॥ १० ॥
तीव्रा व्यथाः सुरकृता विविधाश्च यत्रा-
क्रंदारवैः सततमभ्रभृतोऽप्यमुष्मात् ।
किं भाविनो न नरकात्कुमते बिभेषि,
यन्मोदसे क्षणसुखैर्विषयैः कषायी ॥ ११ ॥ **युग्मम्**

"જે નારકીની દુર્ગંધીના એક સૂક્ષ્મ ભાગ માત્રથી (આ મનુષ્ય "લોકના) નગરનું (એટલે નગરવાસી જનોનું) મૃત્યુ થાય છે, જ્યાં "સાગરોપમથી મપાતું આયુષ્ય નિરૂપક્રમ હોય છે, જેનો સ્પર્શ "કરવતથી પણ બહુ કર્કશ છે, જ્યાં ટાઢ તડકાનું દુઃખ અહીં કરતાં "(મનુષ્યલોક કરતાં) અનંતગણું વધારે છે, જ્યાં દેવતાઓની કરેલી "અનેક પ્રકારની વેદનાઓ થાય છે અને તેથી રડારોળ અને આકું- "દવડે આકાશ ભરાઈ જાય છે–આવા પ્રકારની નારકી તને ભવિ- "ષ્યમાં મળશે એ વિચારથી હે કુમતિ! તું બીતો નથી કે કષાય "કરીને અને થોડો વખત સુખ આપનારા વિષયો સેવીને આનંદ "માને છે?" ૧૦-૧૧. વસંતતિલકા.

વિવેચન–નારકીમાં દુર્ગંધ એટલી હોય છે કે તેના બહુ સૂક્ષ્મ ભાગથી જ આખા નગરવાસી જનોનાં મરણ થઈ જાય.

મનુષ્યનું આયુષ્ય મહામારી, શસ્ત્રઘાત, ભય વિગેરે કારણોથી નાશ પામે છે એટલે તે સોપક્રમ હોય છે, પણ નારકીના જીવનું આયુષ્ય તો ગમે તે કારણથી તુટતું જ નથી. ઘણા કટકા શરીરના થઈ જાય તો પણ પારાની પેઠે તે જોડાઈ જાય છે. વળી નારકીનું આયુષ્ય સાગરોપમથી ગણાય છે. સાગરોપમ એટલે અસંખ્યાતા વરસનું એક પલ્યોપમ અને દશ કોટાકોટિ પલ્યોપમે એક સાગ- રોપમ. પલ્યોપમનો પણ ખ્યાલ આવવો મુશ્કેલ છે. (પાંચમા કર્મગ્રંથની ગાથા ૮૫ મી જુઓ.) આવું મોટું આયુષ્ય અને તેમાં દુઃખ દુઃખજ છે એટલે ક્ષણ માત્ર પણ સુખ નથી. નરકભૂમિનો સ્પર્શ કરવતની ધારથી પણ સખત છે અને ત્યાંની ઠંડી આગળ ઉત્તરધ્રુવની ઠંડી અને તાપ આગળ સહરાના રણનો તાપ કાંઈ ગણતરીમાં નથી. ક્ષેત્રવેદના બહુજ સખત છે. કેટલાંક ક્ષેત્રો તદ્દન ઠંડાં છે, ત્યાંની ઠંડી સહન થઈ શકે નહિ, જ્યારે કેટલાંક ક્ષેત્રો તદ્દન ગરમ છે. એનાં દુઃખનો ખ્યાલ એટલાથી આવશે કે નાર- કીના જીવને ઉષ્ણ ક્ષેત્રમાં એટલી વેદના થાય છે કે તેને ઉપાડી બોરના અંગારાની ખાઈમાં ભર ઉનાળામાં સુવાડવામાં આવે તો જેમ મનુષ્ય કમળની શય્યામાં સુખેથી સુઇ રહે તેમ છમાસ સુધી નિદ્રા કરે. આ પ્રથમ પ્રકારની ક્ષેત્રવેદના છે. જીજ્ઞાસુએ બીજા ગ્રંથોથી તેનું વિશેષ સ્વરૂપ જાણી લેવું.

બીજા પ્રકારની પરમાધામીકૃત વેદના છે. આ હલકી જાતના દેવોને જીવોને દુઃખ દેવામાંજ આનંદ આવે છે. તેઓ તેને મારે

છે, કૂટે છે, તેના શરીરને તોડે છે, કાપે છે, રાડો પડાવે છે, એક-પર બીજાને નાખે છે, કરવતથી વેરે છે અને જીભ ખેંચે છે અને એવી એવી બીજી અનેક પ્રકારની વેદનાઓ કરે છે તેનો ખ્યાલ આવવો મુશ્કેલ છે.

આ ઉપરાંત ત્રીજી અન્યોન્યકૃત વેદના છે. અગાઉના વૈરભાવથી જીવો પરસ્પર કપાઈ મરે છે, લડે છે અને કદર્થના પામે છે, પમાડે છે.

ઉપરની હકીકત ઉપરથી જણાયું હશે કે ક્રોધી, અહંકારી, કપટી, લોભી, વિષયમાં આસક્ત જીવ સદ્દરહુ ગતિમાં જાયછે. જો તારી કલ્પનાશક્તિ સારી હોય તો ઉપરનું સ્વરૂપ જોયા પછી પણ તને નારકીની બીક લાગતી નથી ? વિષયજન્ય સુખ-માની લીધેલું સુખ ક્ષણવાર-પાંચ મિનિટ-કલાક-દિવસ જ ચાલેછે અને તેના બદલામાં નારકીનાં દુઃખો સાગરોપમ ચાલેછે. માટે હવે ગમે તે આદર. ૧૦૧-૨.

તિર્યંચ ગતિનાં દુઃખો.

बंधोऽनिशं वाहनताडनानि, क्षुत्तृड् दुरामातपशीतवाताः ।
निजान्यजातीयभयापमृत्युदुःखानि तिर्यक्ष्विति दुस्सहानि ॥ १२ ॥

"નિરંતર બંધન, ભારનું વહન, માર, ભૂખ, તરસ, દુષ્ટ રોગો, "તડકો, ઠંડી, પવન, પોતાની અને પારકી જાતિનો ભય અને "કુમરણ-તિર્યંચ ગતિમાં આ અસહ્ય દુઃખો છે". ૧૨. ઉપજાતિ.

અર્થ-બંધન તે ગાડા, હળ, ચક્કી વિગેરેમાં. તડકો, ઠંડી અને પવન તે અનુક્રમે ઉનાળો, શિયાળો અને ચોમાસાની ઋતુના ઉપ-દ્રવ છે. પોતાની જાતિનો ભય તે હાથીને હાથીનો, ગોધાને ગોધાનો વિગેરે, અને પરજાતિનો ભય તે મૃગને સિંહનો, ઉંદરને બિલાડીનો વિગેરે; વળી નાક કાનનું છેદવું વિગેરે બહુ પ્રકારનાં દુઃખો તિર્યંચોને છે. બિચારાથી બોલી શકાય નહિ, સહનશીલતા રાખવી પડે. આવી પીડાઓ વિષય કષાયમાં રાચનારને ખમવી પડેછે માટે ચેતો. અત્ર તિર્યંચ ગતિનાં દુઃખો વર્ણવામાં આવ્યાં છે, તે સર્વ જીવોની અપેક્ષાઓ છે; એ ઉપરાંત અમુક જાતિને માટે દુઃખો વિચારીએ તો બહુ થઈ જાય. દાખલા તરીકે કેટલાંક દુઃખો અશ્વને ખાસ હોય છે, કેટલાંક બલદને ખાસ હોય છે, કેટલાંક શ્વાનને ખાસ હોય છે. તે દરેક

જના અનુભવનો વિષય છે તેથી ગ્રંથગૌરવના ભયથી અત્ર વિસ્તાર કર્યો નથી. એકેંદ્રિયાદિકના અવ્યક્ત દુઃખનું વર્ણન કરવું પણ અશક્ય છે. તે ગતિમાં સુખ નથી એ સાર છે. ૧૦૩.

દેવગતિનાં દુઃખો.

मुधान्यदास्याभिभवाभ्यसूया, भियोऽन्तगर्भस्थिति दुर्गतीनाम् ।
एवं सुरेष्वप्यसुखानि नित्यं किं तत्सुखैर्वा परिणामदुःखैः ॥ १३ ॥

"ઇંદ્રાદિકની નિષ્કારણ સેવા કરવી, પરાભવ, મત્સર, અંતકાળ, "ગર્ભસ્થિતિ અને દુર્ગતિનો ભય-આવી રીતે દેવગતિમાં પણ "નિરંતર દુઃખો છે. વળી જેને પરિણામે દુઃખ છે તેવા સુખથી "શું ?" ૧૩. ઉપજાતિ.

ભાવ-૧. મનુષ્ય પારકી ચાકરી કરે છે તેનો હેતુ ગુજરાન ચલાવવાનો હોય છે પણ દેવતાને આજીવિકાનું કારણ નહીં છતાં તેમજ દ્રવ્યપ્રાપ્તિનો હેતુ નહીં છતાં પણ આભિયોગાદિક ભાવ-નાએ કરી પૂર્વોપાર્જન કરેલાં કર્મના આધીનપણાથી વગર કારણે ચાકરી કરવી પડે છે.

૨. પોતાથી વધારે બળવાન દેવો પોતાની સ્ત્રીને ઉપાડી જાય ઇત્યાદિ અભિભવ-પરાભવ

૩. પરનો ઉત્કર્ષ સહન ન કરવો તે અસૂયા. દેવતાને બીજા દેવોનું વિશેષ સુખ જોઇને ઇર્ષ્યા બહુ હોય છે.

૪. દેવતાને મરણની બીક બહુ લાગે છે. પુલની માળાનું કરમાવું વિગેરે મરણનાં ચિન્હ જોઈ છ માસથી તો વિલાપ કરવા માંડે છે.

૫. મરણ પછી ગર્ભમાં નવ માસ અશુચિ કર્દમમાં ઉંધું લટ-કાવું પડશે એવા વિચારથી મૂર્છા પણ પામે છે, અથવા ઢોર પક્ષી કે એકેન્દ્રિયમાં જવું પડશે તેની બીક પણ બહુ લાગે છે.

૬. એ જ રીતે દુર્ગતિમાં જવાની બીક બહુ લાગ્યા કરે છે.

વળી દેવતાઓમાં ખટપટ બહુ ચાલે છે, લડાઈઓ પણ ઘણી વાર થાય છે અને ચિત્તવ્યગ્રતા બહુ રહે છે. એકલી ઋદ્ધિ પ્રાપ્ત થયેલી હોય છે, પણ તેથી કાંઇ માનસિક સુખ મળતું નથી અને એ સુખ દેવતા ભોગવી શકતા નથી.

વળી પૌદ્ગલિક સુખ જરાજરા છે એમ માનીએ તોપણ દેવગતિમાં કરેલી વિષયાસક્તિને પરિણામે દુર્ગતિ મળેછે ત્યારે પછી એને સુખ કેમ કહેવાય? ઉપદેશમાળામાં ધર્મદાસગણિ કહે છે કે "ચ્યવન સમયે દેવતા પોતાનું પૂર્વનું સુખ ને ભાવીમાં પ્રાપ્ત થનારૂં દુઃખ વિચારીને માથું કુટે છે અને ભીંત સાથે માથું અફાળે છે." પંચ ઇંદ્રિયના વિષયમાં આસક્ત, અંગભંગ બગાસાંથી છ માસ પહેલાં જાગ્રત થતા દેવો, કરોડો વર્ષનાં સુખને અંતે બધું હારી જાય છે. પૌદ્ગલિક સુખ એ સુખ જ નથી એ અત્ર સ્ફુટ થઈ જાય છે.

જ્યાં સુધી માનસિક સુખ-જ્ઞાનાનંદ નથી ત્યાં સુધી સ્થૂળ પૌદ્ગલિક સુખ ગમે તેટલું હોય તોપણ તેથી જરાપણ આનંદ થતો નથી. દેવગતિમાં સ્થૂળ સુખો તો કદાચ પરાકાષ્ઠાએ પહોંચે તેટલા લભ્ય થઈ શકે તોપણ તે હોય ત્યારે પણ સુખ નથી અને પછી તો મહા કષ્ટ આપનાર થાય છે. દેવ જેવી એકાંત સુખ આપનારી લાગે તેવી ગતિમાં પણ સુખ નથી એ ખાસ વિચારવા યોગ્ય છે. ૧૦૪.

મનુષ્ય ગતિનાં દુઃખો.

सप्तभीत्यभीभवेष्टविप्लवानिष्टयोगगदद्दुःस्तुतादिभिः ।[1]
स्याच्चिरं विरसता नृजन्मनः, पुण्यतः सरसतां तदानय ॥ १४ ॥

"સાત ભય, પરાભવ (અપમાન), વ્હાલાનો વિયોગ, અપ્રિય-
"નો સંયોગ, વ્યાધિઓ, માંડી વાળેલ છોકરા વિગેરે વડે મનુષ્ય-
"જન્મ પણ લાંબા વખત સુધી વિરસ (ખારોધુધવા) થઈ જાય
"છે, તેટલા માટે પુણ્યવડે મનુષ્યજન્મનું મધુરપણું પ્રાપ્ત કર." ૧૪.

સ્વાગતા.

ભાવાર્થ–આલોકનો ભય, પરલોકનો ભય, આદાન (પોતાની વસ્તુ ચોરાઈ જવાનો)ભય, અકસ્માત્ ભય, ભરણપોષણ (આજીવિકા) ભય, મરણભય અને અપકીર્તિભય[2] એ સાત ભય મનુષ્યભવમાં બહુ પીડા કરે છે. વળી એ ઉપરાંત આ મનુષ્યભવમાં રાજા

---

૧ દુઃકુટુંબવિકૈરીતિ વા પાઠઃ (ખરાબ કુટુંબીઓ–ઓરમાન માતા વિગેરે).
૨ લોકાપવાદ ભય અથવા અપયશનો ભય.

ચોર વિગેરે તરફથી પરાભવ થાય છે. વ્હાલા પુત્રનું મરણ, સ્ત્રીથી વિયોગ, ધન કીર્ત્યાદિનાશ વિગેરે અનિષ્ટનો સંયોગ, (ઇષ્ટવિયોગ, અનિષ્ટસંયોગ એ ચેતન અચેતન આદિ સર્વ પદાર્થના સંબંધમાં હોય છે); એ ઉપરાંત ખરાબ સંજોગોમાં રહેવું, મૂર્ખ રાજા અથવા શેઠની નોકરી કરવી, મૂર્ખ સ્ત્રી સાથે ભવ કાઢવો, પુત્રપ્રાપ્તિ ન થવી, ઘણી દીકઓના પિતા થવું, દ્રવ્ય ખાતર પરદેશમાં રખડવું, નીચ શેઠીઆઓના ફાંટાદાર મગજમાંથી નીકળતાં વિચિત્ર હુકમોનો અમલ કરવો, એ આ મનુષ્યભવમાં મનાતાં અનેક દુઃખોમાંનાં થોડાં છે. પરંતુ આ જીવ તો વિચાર જ કરતો નથી. સંસ્કૃતમાં એક જગ્યાએ કહે છે કે "પ્રથમ તો, માની કુખમાં બહુ દુઃખ છે. ત્યાર પછી નાનપણમાં પરાધીનવૃત્તિનું દુઃખ, યુવાવસ્થામાં વિયોગનું દુઃખ અને ઘડપણ તો દુઃખનું ભરેલું હોવાથી અસાર જ છે. આ મનુષ્યજન્મમાં હે ભાઇઓ! કહો કશું સુખ છે? હોય તો બોલો." આવું જાણે છે તોપણ સંસારમાં રાચ્યો માચ્યો રહે છે. કોઇ પ્રેમી સ્નેહી સગાના મરણ વખતે મોટી પોક મૂકીને રડે છે; પણ વિચારતો નથી કે આ મનુષ્યભવ અમર કરી દેવામાં આવે તો અહીં ગોઠે તેમ નથી. એ તો પચાસ સાઠ વરસ રહેવાનું છે તે જરા ઠીક લાગે છે. બાકી તો મોટા થયા પછી શોકાદિના નિમિત્ત, જવાબદારી અને પંચાતી એટલી વધી જાય છે કે એવી જીંદગી અમર થઇ ગઇ હોય તો દુનિયાને છોડીને ચાલ્યા જવું પડે.

આવી રીતે મનુષ્યભવમાં પણ દુઃખ જ છે તો દુઃખથી કડવા થયેલા મનુષ્યજન્મને પારમાર્થિક ધાર્મિક કાર્ય કરવાદ્વારા પુણ્યોપાર્જન કરી મધુર કર. હવે ચાર ગતિમાં થતાં દુઃખો બતાવી તે દુઃખો ન થાય તેનો પ્રયત્ન કરવા ઉપદેશ આપે છે. ૧૦૫.

ઉક્ત સ્થિતિદર્શનનું પરિણામ.

इति चतुर्गतिदुःखततीः कृतिन्नतिभयास्त्वमनंतमनेहसम् ।
हृदि विभाव्य जिनोक्तकृतांततः, कुरु तथा न यथा स्युरिमास्तव ॥१५॥

"એ પ્રમાણે અનંતકાળ પર્યંત (સહન કરેલી), અતિશય ભય
"આપનાર ચાર ગતિનાં દુઃખોની રાશિઓને કેવળી ભગવંતે કહેલાં
"સિદ્ધાંતથી હૃદયમાં વિચારીને હે વિદ્વન્! એવું કર કે જેથી તને
"તે પીડાઓ ફરી થાય નહિ." ૧૫.

દ્રુતવિલંબિત.

ભાવ–પીડા જાણી, વિચારી, અનુભવી; તેનું પરિણામ એ થવું જોઈએ કે પુરૂષાર્થ કરીને ઉપાય–પ્રતિકાર–એવો કરવો કે જેથી ભવિષ્યમાં એ પીડા થાયજ નહિ. સર્વ પ્રાણી કલ્પિત સુખ મેળવવાની ઇચ્છા રાખે છે, અને માન્યતા પ્રમાણે તે મેળવે છે. પણ સિદ્ધાંતના ફરમાનથી વાસ્તવિક રીતે વિચારતાં જણાય છે કે આ સંસારમાં સુખજ નથી, અને દુઃખ ભર્યું છે. દુઃખ દૂર કરવા ઉપાય કરવો એ આ જીવની પ્રથમ ઇચ્છા અને પ્રેરણા છે. શાસ્ત્રાભ્યાસ કરવાથી સંસારની સર્વ ગતિઓમાં કેટલાં અને કેવા પ્રકારનાં દુઃખો છે તે જણાયું અને તેને પરિણામે હવે જો તને સુખ મેળવવાની ઇચ્છા હોય તો ચતુર્ગતિના કલેશો ન થાય તેવું કાર્ય કર. શાસ્ત્રાભ્યાસદ્વારને ચતુર્ગતિ દુઃખદર્શન સાથે શો સંબંધ છે તે અત્ર સ્પષ્ટ થાય છે. ૧૦૬.

આખા દ્વારનો ઉપસંહાર.

आत्मन् परस्त्वमसि साहसिकः श्रुताक्षै-
र्यद्भाविनं चिरचतुर्गतिदुःखराशिम् ।
पश्यन्नपीह न बिभेषि ततो न तस्य,
विच्छित्तये च यतसे विपरीतकारी ॥ १६ ॥

" હે આત્મન્! તું તો જબરો સાહસિક છે, કારણ કે ભવિષ્ય
" કાળમાં લાંબા વખત સુધી થનાર ચાર ગતિઓનાં દુઃખોને તું જ્ઞાન-
" ચક્ષુથી જુએ છે તોપણ તેઓથી બીતો નથી અને વળી ઉલટો
" વિપરીત આચરણ કરી તે દુઃખોના નાશ સારૂ જરા પણ પ્રયાસ
" કરતો નથી." ૧૬. વસંતતિલકા.

ભાવ–શત્રુઓને આંખે દેખીને પણ તેની ઉપેક્ષા કરે તે બેવકુફ જ ગણાય. તેં ચાર ગતિનાં દુઃખો અનુભવ્યાં છે, ભોગવ્યાં છે, સાંભળ્યાં છે અને હમણાં જ તારી જ્ઞાનદૃષ્ટિ સમક્ષ રજુ થયાં છે. આટલું છતાં પણ તું તેઓને કાપી નાખવા યત્ન કરીશ નહિ તો પછી તારૂં ડહાપણ ફોગટનું કહેવાશે અને તું મૂર્ખ ગણાઈશ. ૧૦૭.

* * * * *
* * * * *

એવી રીતે આઠમું દ્વાર પૂર્ણ થયું. પ્રથમ ભાગમાં શાસ્ત્રાભ્યાસનું ફળ બતાવ્યું. તેમાં જે પ્રાણી અભ્યાસાનુસાર વતન કરતા નથી તે ચતુર્ગતિમાં રખડે છે એમ બતાવ્યું. ઉત્તર વિભાગમાં સૂરિ મહારાજ ટુંકામાં ચાર ગતિનાં દુઃખો બતાવે છે, તે વિચારવા લાયક છે. શાસ્ત્રકારની ફરજ વસ્તુસ્થિતિનું ખરૂં ચિત્ર શ્રોતાલોકો પાસે મૂકવું એ જ છે, અને શાસ્ત્ર વાંચનારની ફરજ એ છે કે વસ્તુસ્વરૂપનું ભાન હૃદયમાં ભાવી તેપર વિચાર કરી વર્તન કરવું. આ ચાર ગતિનાં દુઃખનું વર્ણન શાસ્ત્રાભ્યાસદ્વારમાં લીધું છે તેનો હેતુ ઉપર જણાવ્યા પ્રમાણે વિચારવા જેવો છે. 'વિષય પ્રતિભાસ' જ્ઞાન ઘણા જીવોને થાય છે ત્યારે તે વસ્તુસ્વરૂપનો ભાસ સમજે છે, વસ્તુનાં આકૃતિ, ગુણ જાણે છે, પણ એ નકામું છે. જ્યાંસુધી 'તત્ત્વ સંવેદન'[1] જ્ઞાન હોઈને તેના બતાવ્યા પ્રમાણે વર્તન થતું નથી, જ્યાંસુધી હેય, જ્ઞેય, ઉપાદેયનો તફાવત સમજીને તે પ્રમાણે ત્યાગ કે આદર થતો નથી, જ્યાંસુધી જ્ઞાનનો હેતુ પોતાના મહત્વમાં વધારો કરવો એજ રહે છે, ત્યાંસુધી બધું નકામું છે. એમાં નથી ચડતો જીવ ઊંચી પાયરીએ કે નથી થતો એનો ઉત્કર્ષ. જ્ઞાન ભણી, ચાર ગતિની એટલે સંસારની વાસ્તવિક સ્થિતિ શું છે, એનો ખાસ વિચાર કરવો એ પ્રથમ કર્તવ્ય છે.

પાશ્ચાત્ય સુખસૂત્ર અને જૈન સુખસૂત્રમાં આ મોટો તફાવત છે. પાશ્ચાત્ય તત્ત્વવેત્તાઓ અત્ર સુખ શોધે છે. જૈન શાસ્ત્રકારો કહે છે કે એ બધાં ફાંફાં છે. જ્યાં વાસ્તવિક સુખ છેજ નહિ ત્યાં શોધતાં મળશે ક્યાંથી? માટે વાસ્તવિક ચીરસ્થાયી સુખ મેળવવા પ્રયાસ કરો. આ સંસારના વિષયની વાસના તજી દો, ઇચ્છા ઓછી કરો, ઇંદ્રિયોને દમન કરો અને મનપર અંકુશ રાખો. જૈન સિદ્ધાંતનો–શાંત રસનો સાર એજ છે કે આ ભવના માની લીધેલા જરા જેટલા સુખ સારૂ તમે અનંત ભવની વૃદ્ધિ કરો નહિ. શાસ્ત્રાભ્યાસનો આજ સાર છે અને એનીજ જરૂર છે. બાકી બધો વિતંડાવાદ છે, માત્ર લોકપ્રિય થવાનો પ્રયાસ છે અને તે શાસ્ત્રકારની દૃષ્ટિમાં શૂન્ય છે.

[1] ત્યાગ કરવા યોગ્ય શું છે અને આદરવા યોગ્ય શું છે તેના નિશ્ચયવાળું શુદ્ધ જ્ઞાન.

શાસ્ત્રાભ્યાસને અને વર્તનને બહુ નજીકનો સંબંધ છે, તે આપણે તત્ત્વસંવેદન જ્ઞાનની વ્યાખ્યાપરથી જોયું. શાસ્ત્રાભ્યાસ દ્વારમાં ચતુર્ગતિ ક્લેશ વર્ણન આપવામાં ગ્રંથકર્ત્તાનો આશય બહુ દીર્ઘ જણાય છે. આ પ્રાણી ઝેરમાં સુખ માની બેઠો છે તેની એ માન્યતા કેટલી ખોટી છે તે સામાન્ય શબ્દોમાં બતાવી, વિશેષપણે અનુભવથી અવલોકન કરવાનો તેમનો આગ્રહ જણાય છે. વસ્તુતઃ સુખ સંસારમાં નથી, એ આપણે પ્રથમ **સમતા અધિકારમાં** બહુ વિસ્તૃત કલ્પના અને પ્રમાણથી જોઈ ગયા છીએ. એ મૃગતૃષ્ણાના લોભમાં આકર્ષાયલો અલ્પ સત્વી પ્રાણી દોડાદોડ કરે છે, પરંતુ એ કાંઇ પ્રાપ્ત કરી શકતો નથી. ઉક્ત ચતુર્ગતિદુઃખવર્ણન માટે કદાચ એમ ધારવામાં આવે કે દુઃખ સાથે સુખ પણ છે અને સુખ ઉપર ભાર શામાટે મૂકતા નથી? દુઃખને શામાટે આગળ કરો છો? શાસ્ત્રકાર તેના જવાબમાં કહે છે કે સુખ છેજ નહિ, છે તે માત્ર માનેલુંજ છે. હોય તો અમને તે સુખને પાછળ પાડી દેવાની અગત્યતા નથી. આખા અધિકારનો સાર એકજ છે કે શાસ્ત્રાભ્યાસ સારી રીતે કરવો અને પોતાનું સાધ્ય નિરંતર લક્ષ્યમાં રાખવું. એ સાધ્ય પ્રાપ્ત થવામાં જે જે કારણો પ્રતિબંધ કરનારાં હોય તેને શોધી કાઢી તેને દૂર કરવાં અને સાધ્ય પ્રાપ્તિની સડક સીધી કરી નાખવી. સ્થૂળ કચરો કાઢવા ઉપરાંત માનસિક કચરો પણ દૂર કરવો અને તે શું છે, ક્યાં છે, કેમ દૂર કરાય વિગેરે માટે આવતા અધિકારમાં વિચાર કરવામાં આવશે.

इति सविवरणश्चतुर्गत्याश्रितोपदेशगर्भितोऽष्टमः
शास्त्रगुणाख्याधिकारः ॥

अथ नवमश्चित्तदमनाधिकारः

ઇન્દ્રિયોપર અંકુશ, પ્રમાદ કષાયનો ત્યાગ, સમભાવ એ સર્વ હકીકત કહી, તેનો હેતુ એજ છે કે મનપર અંકુશ રાખવો. મનપર અંકુશ ન હોય ત્યાં સુધી શાસ્ત્રાભ્યાસ અને ધાર્મિક બાહ્ય ક્રિયા તેથી પ્રાપ્ત થવા યોગ્ય ફળની અપેક્ષાએ બહુ અલ્પ ફળ આપે છે; ત્યારે પાપકાર્યોમાં પણ પરાધીનતાએ પ્રવર્તનાર અંકુશિત મનવાળાને અમુક મૃદુતા આવી જાય છે, અને દોષ અલ્પ લાગે છે. આવી મોટી ઉપયોગી હકીકત બતાવનાર આખા ગ્રંથના મધ્યબિન્દુરૂપ આ સર્વથી ઉપયોગી દ્વાર લગભગ બરાબર મધ્યમાં આવે છે. આ અતિ ઉપયોગી દ્વારનો દરેકે દરેક શબ્દ મનન કરવા યોગ્ય છે.

મનધીવરનો વિશ્વાસ ન કરવો.

कुकर्मजालैः कुविकल्पसूत्रजैर्निबध्य गाढं नरकाग्निभिश्चिरम् ।
विसारवत् पक्ष्यति जीव! हे मनः, कैवर्तकस्त्वामिति मास्य विश्वसीः॥१॥

"હે ચેતન! મનધીવર (મચ્છીમાર) કુવિકલ્પ દોરીઓની "બનાવેલી કુકર્મ જાળ પાથરીને તેમાં તને મજબૂત રીતે ગુંથી "લાંબા વખત સુધી માછલાની પેઠે નરકાગ્નિમાં ભુંજશે, તેટલા "માટે તેનાપર વિશ્વાસ રાખીશ નહીં." ૧ વંશસ્થવિલ.

ભાવાર્થ–વિષયની શરૂઆતમાંજ પ્રથમનો શ્લોક બહુ અલંકારિક વાપર્યો છે. શરૂઆતમાં મનપર અંકુશ હોતો નથી ત્યારે શું કરવું તે અત્ર બતાવે છે. હે ચેતન! તું એમ માને છે કે આ મન તો તારૂં પોતાનું છે, પણ તે તો એક ધીવર જેવું બરાબ છે

અને તારૂં પોતાનું નથી એ ચોક્કસ માનજે. તે તો મોટી મોટી જાળ પાથરશે અને તને તેમાં પકડી લેવા યત્ન કરશે અને પકડીને પછી નારકી રૂપ અગ્નિમાં ભુંજશે. આવા આવા તારા હાલહવાલ કરી નાંખશે; માટે હે જીવરૂપ માછલા! તું તારા શત્રુ, મનરૂપ ધીવરનો વિશ્વાસ કરીશ નહિ. માછલું બિચારૂં પૌદ્ગલિક ઇચ્છાથી લેવાઇ જાય છે, તેને ધીવરે પાથરેલી જાળની ખબર પડતી નથી; તેમજ આ અજ્ઞાની જીવ મનધીવરની જાળમાં સપડાઇ જાય છે, ફસાઇ જાય છે અને નીકળી શકતો નથી. એ ફસાવનારી જાળ તારા કુવિકલ્પરૂપ સૂત્રથી બનેલી છે. આ ઉપરથી સાદા પણ ભારવાળા શબ્દોમાં જ્ઞાની મહારાજ ભલામણ કરે છે કે મનનો વિશ્વાસ કરવો નહિ. માછલા પકડવા માછીમારો જાળ કેવી પાથરે છે તેનો અનુભવ હોય તે સમજી શકશે કે એકવાર તેના સપાટામાં આવેલું માછલું પછી નીકળી શકતું નથી.

આપણે મનપર વિશ્વાસ રાખીએ અને પછી વાડજ ચીભડાં ગળવા માંડે ત્યારે કશો બચાવ કે ઉપાય રહેતો નથી, માટે ભાંગેલી ડાળપર બેસવાનો વિશ્વાસ ન રખાય તેમ તેનાપર વિશ્વાસજ કરવો નહિ. મન કુવિકલ્પોથી બનેલી જાળ કેવી રીતે અને કેવે કેવે પ્રસંગે પાથરે છે તેનું સહજ દૃષ્ટાંત જોવું હોય તો પ્રતિક્રમણમાં મન કેવા કેવા દૂર દેશમાં મુસાફરી કરી આવે છે તે યાદ કરવું. આવી શુદ્ધ જગ્યામાં, શુદ્ધ આસન ઉપર, શુદ્ધ ગુરૂ મહારાજની સમક્ષ પણ તે સખણું રહેતું નથી, માટે તેનો શો વિશ્વાસ કરવો?

મનનો વિશ્વાસ કરનાર નરકનાં દુઃખો ખમશે એટલુંજ નહીં પણ અત્ર પણ તેનું એકે કામ સિદ્ધ થઇ શકશે નહિ. માટે તેનો વિશ્વાસ ન કરતાં તેને પોતાના કબજામાં રાખવું. ૧૦૮.

મન મિત્રને અનુકૂળ થવા પ્રાર્થના.

चेतोऽर्थये मयि चिरत्नसख प्रसीद,
किं दुर्विकल्पनिकरैः[1] क्षिपसे भवे माम् ।

१ निकरे इत्यपि पाठो सार्थो दृश्यते.

बद्धोऽञ्जलिः कुरु कृपां भज सद्विकल्पान्,
मैत्रीं कृतार्थय यतो नरकाद्बिभेमि ॥ २ ॥

"હે મન! મારા લાંબા વખતના મિત્ર! હું પ્રાર્થના કરૂં છું "કે મારા ઉપર કૃપા કર! ખરાબ સંકલ્પો કરીને શામાટે મને "સંસારમાં નાંખે છે! (તારી પાસે) હું હાથ જોડીને ઊભો રહું "છું, મારાપર કૃપા કર; સારા વિચારો કર અને આપણી લાંબા "વખતની દોસ્તી સફળ કર–કારણ કે હું નરકથી બીહું છું." ૨.

વસંતતિલકા.

વિવેચન–મનનો વિશ્વાસ ન કરવો એ તો બરૂં, પણ તે તો અસ્તવ્યસ્તપણે ચાલ્યું જાય છે. ત્યારે હવે આત્મા તેને સમજાવે છે, તેની ખુશામત કરે છે. મન અને જીવને ઘણા વખતથી સંબંધ છે. જ્યારે સંજ્ઞી પંચેંદ્રિયપણાની સ્થિતિમાં જીવ આવે છે ત્યારથી તેને મન હોય છે તેથી તેને લાંબા વખતના મિત્રની સંજ્ઞાથી બોલાવે છે. વળી કોઇ પાસેથી કાર્ય સાધવું હોય ત્યારે તેને મીઠાશથી બોલાવવાથી જ કામ થાય છે. હે મિત્ર મન! તું શું કરવા મને સંસારમાં ફેંકી દે છે! તું ખરાબ સંકલ્પો કરે છે તે છોડી દે તો મારા ભવના ફેરા મટી જાય. જે લાંબા વખતના મિત્રો હોય તે એક બીજાનું સાંભળે છે તો મહેરબાની કરી હવે આ બધું તોફાન છોડી દે.

મનને આવી રીતે પુનઃ પુનઃ પ્રાર્થના કરવાથી તે બાબતમાં ચીવટ થાય છે અને છેવટે વિકલ્પો ઓછા થાય છે. આમ પ્રાર્થનાનું વારંવાર પુનરાવર્તન થાય તો પછી મનપર અંકુશ આવી જાય છે, એ બીજું પગથીયું (Stage) છે. એ પગથીયું આવતાં જીવ તેનાં સાધ્યબિંદુની બહુ નજીક થઇ ગયો એમ સમજવું.

"નરકથી બીહું છું." એટલે આ ભવ અને પરભવમાં થતી અનેક પીડાઓથી બીહું છું એમ સમજવું.

મનને પ્રાર્થના કરવી એટલે તે વાત મનપર વારંવાર ઠસાવવી. કાર્યસિદ્ધિનું આ પ્રથમ પગથીયું છે. ૧૦૯.

મનપર અંકુશનો સીધો ઉપદેશ.

स्वर्गापवर्गौ नरकं तथान्तर्मुहूर्तमात्रेण वशावशं यत् ।
ददाति जंतोः सततं प्रयत्नाद्वशं तदंतःकरणं कुरुष्व ॥ ३ ॥

"વશ અને અવશ મન ક્ષણવારમાં સ્વર્ગ મોક્ષ અથવા "નરક અનુક્રમે પ્રાણીને આપે છે માટે પ્રયત્ન કરીને તે મનને "જલદી વશ કર." ૩. ઉપજાતિ.

વિવેચન–મનપર વિશ્વાસ કરવો નહિ અને દુર્વિકલ્પ કરવા નહિ. એ બે વાત થઈ; હવે ત્યાંથી આગળ ચાલતાં બીજે પગથીએ મનપર અંકુશ રાખવો, મનને વશ રાખવું એ બહુજ અગત્યનું-જરૂરનું છે. મન વશ હોય તો દેવસુખ અને મોક્ષનું સુખ મળી શકે છે અને જો મન વશ ન હોય તો બધું ધુળધાણી મળે છે અને દુઃખ ઉપર દુઃખ આવી પડે છે. સંસારથી મુક્ત, મહા તપસ્યા કરનાર, દ્યૂતની વાત ઉપરથી ધારેલા વિશ્વાસઘાતી ક્રૂર મંત્રીઓ સાથે યુદ્ધ કરવાના વિચારમાં મનને પરતંત્ર થયેલા, પુત્ર ઉપરના સ્નેહથી શુદ્ધ માર્ગથી માનસિક રીતે ભ્રષ્ટ થયેલા **પ્રસન્ન-ચંદ્ર** રાજર્ષિ અઘોર તપ તપતાં છતાં સાતમી નારકીએ જવાની તૈયારીમાં હતા, પણ થોડીજવારમાં સંકલ્પમાં પોતાનાં શસ્ત્ર ખૂટતાં મુકુટનો શસ્ત્ર તરીકે ઉપયોગ કરવા માથે હાથ નાખતાં તે મુગ્ધ મનસ્વી ચેત્યા, મનને વશ કરવા માંડયું અને પાંચ મિનિટમાં સર્વ કર્મને ખપાવી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. અસંખ્ય ભવમાં જે બનવું મુશ્કેલ તે પાંચ મિનિટમાં સાધ્યું. આટલા ઉપરથીજ શાસ્ત્રમાં કહ્યું છે કે "मन एव मनुष्याणां कारणं बंधमोक्षयोः એટલે અનંત સંસારમાં ભમવાનું અને મોક્ષ પહોંચી જવાનું કારણ મનજ છે. આમાં ભાર મૂકીને કહેવામાં આવ્યું છે તે બરાબર ધ્યાન આપવા યોગ્ય છે.

આવીજ રીતે બાપડો **तंदुलमत्स्य** મગરમચ્છની આંખની પાંપણમાં ઉત્પન્ન થઈ ત્યાં બેઠો બેઠો જુએ છે. મગરમચ્છ માછલાંનું ભક્ષણ કરે છે તે વખતે પ્રથમ પાણી મુખમાં લે છે અને પછી માછલાંઓને રોકી પાણી કાઢી નાંખે છે; પણ તેમ કરવામાં તેના દાંતની વચ્ચે અંતર હોવાથી સંખ્યાબંધ ઝીણાં માછલાંઓ

પણ પાણી સાથે નીકળી જાય છે. તેની પાંપણમાં રહેલો તંદુલમત્સ્ય વિચાર કરે છે કે જો હું આવડો મોટો હોઉં તો એક માછલાને પણ જવા દઉં નહીં. આવો વિચાર કરીને તેત્રીશ સાગરોપમનું આયુષ્ય બાંધીને સાતમી નરકે જાય છે. જીરણ શેઠે શ્રી મહાવીર ભગવાનને પારણું કરાવવા મનથીજ શુભ ભાવના ભાવી, બારમું દેવલોક પ્રાપ્ત કર્યું અને દેવદુંદુભિ ન વાગી હોત તો ચડતી ધારાએ થોડા વખતમાં મોક્ષ મેળવત. આ ત્રણે દૃષ્ટાંતોથી મન વશ હોય તો મોક્ષ સહજ મળી જાય છે અને મન વશ ન હોય તો નરક મળે છે એ સમજાયું. એ સંબંધમાં શાસ્ત્રમાં બીજાં અનેક દૃષ્ટાંતો છે.

આ દૃષ્ટાંતોનો તાત્પર્યાર્થ એ છે કે આ પ્રકારની મનની સ્થિતિ વર્તે છે. તેને વશ કરી બરાબર ઉપયોગમાં લીધું હોય તો તેનાથી મોક્ષ પણ મળે છે અને તેને મોકળું મૂકી દીધું હોય તો તેથી સાતમી નરક પણ મળે છે. માટે જો અવ્યાબાધ સુખ પ્રાપ્ત કરવા ઇચ્છા રહેતી હોય તો મનને વશ કરવાનો માર્ગ પકડવો. કાર્યસિદ્ધિનું આ દ્વિતીય સોપાન છે. ૧૧૦.

સંસારભ્રમણનો હેતુ–મન.

सुखाय दुःखाय च नैव देवा, न चापि कालः सुहृदोऽरयो वा ।
भवेत्परं मानसमेव जंतोः, संसारचक्रभ्रमणैकहेतुः ॥ ४ ॥

"દેવતાઓ આ જીવને સુખ કે દુઃખ આપતા નથી, તેમજ "કાળ પણ નહિ, તેમજ મિત્રો નહિ અને શત્રુ પણ નહિ, મનુષ્યને "સંસારચક્રમાં ભમવાનો માત્ર એક હેતુ મન જ છે."૪. ઉપજાતિ.

ભાવ–દરરોજ સુખ દુઃખ થયાં કરે છે. કેટલીકવાર જીવ એમ ધારે છે કે ગોત્રદેવતા કે અધિષ્ઠાયક દેવતા દુઃખ આપે છે અથવા સુખ આપે છે, કેટલીકવાર વખત બરાબ છે એમ બોલે છે, કેટલીકવાર સ્નેહીથી સુખ મળે છે અથવા શત્રુથી દુઃખ મળે છે એમ આ જીવ ધારે છે, આ બધું બોટું છે. શાસ્ત્રકાર કહે છે કે;

"સુખ દુઃખ કારણ જીવને, કોઈ અવર ન હોય;
કર્મ આપ જે આચર્યા, ભોગવીએ તે સોય"

ત્યારે કર્મના ઉદયથી જ બધું સુખદુઃખ થાય છે. કર્મબંધ મનના સંકલ્પો પર આધાર રાખે છે તે સ્પષ્ટ છે, અને તે પર હજુ વિશેષ વિવેચન કરવામાં આવશે. તેથી મિત્રો સુખ આપે કે વખત અનુકૂળ થઈ જાય તે પણ મનપર આધાર રાખે છે. સંસારભ્રમણનો હેતુ પરવશ થતું મન છે.

સંસાર એ બરાબર ફરતું ચક્ર છે. એને એકવાર જોરથી ધરી પર ફેરવ્યા પછી તેને અટકાવવા સારૂ મજબૂત બ્રેક (brake)ની જરૂર પડે છે અને તે બ્રેક તે મનપર અંકુશ છે. એ મનપર અંકુશ રૂપ બ્રેક ચડાવી દેતાં જ સંસારચક્રની ગતિ મંદ પડતી જાય છે અને જો બહુજ મજબૂત બ્રેક હોય તો એકદમ અટકી જાય છે. મનના સંકલ્પો સંસારગમન-સંસરણમાં કેટલું કાર્ય બજાવે છે તે આ ઉપરથી બરાબર ધ્યાનમાં રાખવાનું છે. સંસારને ચક્ર સાથે સરખાવવામાં બહુ દીર્ઘ દૃષ્ટિ વાપરી છે. એ રૂપક બહુ સાર્થ છે અને બહુ રીતે અર્થઘટનાવાળો છે. ચક્રને એક વખત ખૂબ જોરથી ચલાવવા માંડ્યા પછી તેને ગતિ આપવામાં ન આવે તો પણ ચાલ્યા કરે છે, તેમ જ સૃષ્ટિ (સંસારવ્યવહાર-આશ્રમ) માંડ્યા પછી થોડો વખત દૂર જાય તો પણ તે તો ચાલ્યા જ કરે છે. એક ચક્ર અનેક ચક્રોને ચલાવે છે તેવી જ સૃષ્ટિરચના જોઈ લેવી; તેને અટકાવવા હાથ લગાડવામાં આવે તો હાથ ભાંગી જાય. તેને અટકાવવાના બેજ ઉપાય છે. કાં તો સ્ટીમ (જે ચક્રગતિનું કારણ છે તે) કાઢી નાંખવી અને કાં તો ચક્રપર મજબૂત બ્રેક ચડાવવી. આપણો સર્વ પ્રયાસ તો સ્ટીમ કાઢી નાખવાનો જ છે, પણ તે જ્યાં સુધી થઇ શકે નહિ ત્યાં સુધી મજબૂત બ્રેક ચડાવવી એ પરમ હિતકર્તા છે અને સાધ્યને નજીક લાવનાર છે. ૧૧૧.

મનોનિગ્રહ અને યમનિયમ.

वशं मनो यस्य समाहितं स्यात्, किं तस्य कार्यं नियमैर्यमैश्च ।
हतं मनो यस्य च दुर्विकल्पैः, किं तस्य कार्यं नियमैर्यमैश्च ॥૬॥

"જે પ્રાણીનું મન સમાધિવંત હોઈને પોતાને વશ હોય છે "તેને પછી યમનિયમથી શું! અને જેનું મન દુર્વિકલ્પોથી હણાયું "છે તેને પણ યમનિયમથી શું!" ૬. ઉપજાતિ.

વિવેચન-જે પ્રાણીનું મન સર્વ સંજોગોમાં એક સરખું રહે છે, જેને સુખદુઃખની લાગણીના પ્રસંગે મનની સ્થિતિસ્થાપકતા કાયમ જળવાઇ રહે છે, એટલે જે ખરેખર મનપર અંકુશવાળા હોય છે તેઓને યમનિયમથી પછી કાંઇ વિશેષ લાભ થતો નથી. યમનિયમ વિગેરે મન વશ કરવાનાં સાધનો છે અને સાધ્ય કબજામાં આવ્યા પછી સાધનની કાંઇ અપેક્ષા રહેતી નથી. મનને નિયમમાં રાખવાની આવા મહાત્માઓને જરૂર રહેતી નથી, પણ સ્વાભાવિક રીતે જ તેનું વર્તન તદનુસાર થાય છે. તેવી જ રીતે જે પ્રાણીના મનમાં સંકલ્પ વિકલ્પો થયા કરે છે તે પ્રાણીને યમનિયમથી લાભ શો થવાનો છે? આવા પ્રાણીને સાધન પરિણામ વગરનું થાય છે. અત્ર કહેવાની મતલબ એમ નથી કે યમનિયમ નકામા છે; તેઓ ચિત્તદમનનાં પરમ સાધન છે, પણ અત્ર બીજો જ હેતુ છે. મતલબ એ છે કે યમનિયમ કરવા છતાં પણ મન વશ ન આવે તો બધું નકામું થાય છે. માટે યમનિયમના ખરા ફળની ઇચ્છા હોય તો મનને વશ કરતાં શીખો, અભ્યાસ પાડો. ટીકાકાર યમનિયમ પર નીચે પ્રમાણે ઉપયોગી નોટ આપે છે. જેનાથી ચિત્ત નિયમમાં-અંકુશમાં આવે તે **નિયમ** પાંચ પ્રકારના છે. ૧ કાયા અને મનની શુદ્ધિ તે **શૌચ.** ૨. નજીકનાં સાધનોથી વધારે મેળવવાની આકાંક્ષાની ગેરહાજરી તે **સંતોષ.** ૩. મોક્ષમાર્ગ બતાવનારાં શાસ્ત્રોનું અધ્યયન અથવા પરમાત્મ જાપ એ **સ્વાધ્યાય.** ૪. જે કર્મોને તપાવે તે ચાંદ્રાયણ વિગેરે **તપ.** ૫. વીતરાગનું ધ્યાન તે **દેવતાપ્રણિધાન. યમ** પાંચ પ્રકારના છે. **અહિંસા, સુનૃત, અસ્તેય, બ્રહ્મચર્ય** અને **અકિંચનતા** એ પાંચ પ્રસિદ્ધ છે.

આ યમ અને નિયમ પર વિચાર કરીને તેનો આદર કરવો એટલે મનપર અંકુશ આવી જાય છે. એમાં કાર્યકારણભાવ અરસપરસ છે એ જરા વિચારવાથી સમજાઇ જશે. આવી જ કટાક્ષ ભાષામાં અન્યત્ર શાસ્ત્રકાર લખે છે કે

रागद्वेषौ यदि स्यातां, तपसा किं प्रयोजनम् ।
तावेव यदि न स्यातां, तपसा किं प्रयोजनम् ॥

'જો રાગદ્વેષ હોય તો પછી તપનું શું કામ છે? તેમ જ જો તે ન હોય તો પછી પણ તપનું શું કામ છે?'

આ સર્વ હકીકતનો સાર એજ છે કે મનને વશ રાખવાની બહુ જ જરૂર છે. એજ હકીકત નીચેના શ્લોકમાં વધારે સ્પષ્ટ કરે છે. ૧૧૨.

મનોનિગ્રહ વિનાના દાનાદિ ધર્મોનું વ્યર્થપણું.

दानश्रुतध्यानतपोऽर्चनादि, वृथा मनोनिग्रहमंतरेण ।
कषायचिंताकुलतोज्झितस्य, परो हि योगो मनसो वशत्वम् ॥६॥

"દાન, જ્ઞાન, ધ્યાન, તપ, પૂજા વિગેરે સર્વે મનોનિગ્રહ વગર "નકામાં છે. કષાયથી થતી ચિંતા અને આકુળવ્યાકુળતાથી રહિત "એવા પ્રાણીને મન વશ કરવું એ મહાયોગ છે." ૬. ઉપજાતિ.

વિવેચન–દાન પાંચ પ્રકારનાં છે. કોઈ પણ જીવને મરણથી બચાવવો તે **અભયદાન**, પાત્ર જોઈને યોગ્ય સમયે યોગ્ય વસ્તુનું યોગ્ય રીતે દાન દેવું તે **સુપાત્રદાન**, દીન દુઃખીને જોઈ દયા લાવી દાન આપવું તે **અનુકંપાદાન**, દેવગુરૂના સમાગમ વખતે, પ્રતિષ્ઠા વખતે, વધામણી આનારને, કાવ્ય કરનાર વિગેરેને દાન આપવું તે **ઉચિતદાન** અને પોતાનું નામ જળવી રાખવા આબરૂ ખાતર દાન આપવું તે **કીર્ત્તિદાન**. આ પાંચમાંથી પ્રથમનાં ત્રણ ઉત્તમ પ્રકારનાં દાન છે અને બાકીનાં બે સંસારભોગફળ આપે છે.

જ્ઞાન એટલે શાસ્ત્રનું અધ્યયન, અધ્યાપન, શ્રવણ, મનન વિગેરે.

ધ્યાન એટલે ધર્મધ્યાન, શુકલધ્યાન વિગેરે.

તપ એટલે બાર પ્રકારનાં કર્મને તપાવનાર નિર્જરા કરનાર તપ. પૂજા એટલે ત્રણ, પાંચ, આઠ, સત્તર, એકવીશ, એકસો આઠ વિગેરે ભેદયુક્ત દ્રવ્યપૂજા.

આ સર્વ વસ્તુઓ–આ સર્વ બાહ્ય અનુષ્ઠાનો સારાં હોય છતાં પણ જો મન તાબે ન હોય તો બધું નકામું છે. ઉપરના શ્લોકમાં કહ્યું કે મનોનિગ્રહ વગર યમનિયમ નકામાં છે. અત્ર બાહ્ય અનુષ્ઠાનોનું વ્યર્થપણું બતાવે છે. ચોખ્ખા શબ્દોમાં કહે છે કે જેને મન

વશ નથી તેનું ભણવું, તપ કરવો કે વરઘોડા ચડાવવા વિગેરે બાહ્ય આડંબર લગભગ નકામા જ છે.

માટે ઉત્તમ અનુષ્ઠાનો સાથે મનને વશ રાખતાં શીખવું એ બહુ જરૂરનું છે. જે મનમાં કષાય ન હોય એટલે કે કષાયથી મનમાં જે ચિંતા અને આકુળવ્યાકુળતા રહે છે તે ન હોય તેવા શુદ્ધ થયેલા પ્રાણીને પોતાનું મન વશ રાખવું એ 'રાજયોગ' છે, અથવા યોગની પરિભાષામાં કહીએ તો એ 'સહજયોગ છે.' અત્ર ઉદ્દેશ ને ઉપદેશ એટલો જ છે કે મનમાં જે ખોટા સંકલ્પ વિકલ્પો થાય છે તેને દૂર કરી નાખો અને મનને એકદમ અંકુશમાં રાખો. એને છુટું મૂકવું એ નુકશાનકારક છે, ભય ભરેલું છે, દુઃખશ્રેણીનું કારણ છે. ૧૧૩.

મન સાધ્યું તેણે સઘળું સાધ્યું.

जपो न मुक्त्यै न तपो द्विभेदं, न संयमो नापि दमो न मौनम् ।
न साधनाद्यं पवनादिकस्य, किं त्वेकमंतःकरणं सुदान्तम् ॥ ७ ॥

"જાપ કરવાથી મોક્ષ મળતું નથી, તેમ જ નથી મળતું બે "પ્રકારનાં તપ કરવાથી; તેવી જ રીતે સંયમ, દમ, મૌનધારણ "અથવા પવનાદ્વિકની સાધના વિગેરે પણ મોક્ષ આપી શકતાં નથી; "પરંતુ સારી રીતે વશ કરેલું એકલું મન જ મોક્ષ આપે છે." ૭ ઉપજાતિ.

વિવેચન–અર્થ સ્પષ્ટ છે. ઓંકારાદિના જાપ કરો કે ઉપવાસાદિ તપ કરો, ધ્યાન કરો કે આશ્રવને રોકો, ઈંદ્રિયનું દમન કરો કે મૌન ધારણ કરીને બેસી જાઓ, આસનસ્થ રહો કે ધ્યાનનો આડંબર કરો, ગુફામાં પેસો કે હિમાલયના શિખરપર જાઓ, જનસમૂહની વચ્ચે રહો કે ગાઢ જંગલના મધ્ય ભાગમાં બેસી જાઓ; પણ જ્યાંસુધી મન તમારા કબજામાં આવ્યું નથી, જ્યાંસુધી તે દૂર દેશમાં મુસાફરી કર્યા કરે છે, જ્યાંસુધી તેને સ્વપરનો ખ્યાલ નથી, જ્યાંસુધી તેને ઇર્ષા થયા કરે છે, જ્યાંસુધી તે અમુક નિયમાનુસાર ચાલી શકતું નથી ત્યાંસુધી તે સર્વે કાંઇ હિસાબમાં નથી; સર્વ પ્રયાસ અસ્થાને છે, અયોગ્ય છે, દુઃખદાયી છે, દેખાવમાત્ર

છે. આટલા ઉપરથી અનુભવી વિદ્વાન્ યોગી આનંદઘનજી મહારાજ કહી ગયા છે કે "મન સાધ્યું તેણે સઘળું સાધ્યું, એહ વાત નહીં ખોટી." અનુભવરસિક વિદ્વાનના આ શબ્દો પૂરેપૂરા સાર્થ છે, સૂચક છે, ધડો લેવા લાયક છે અને તેની સાથે જ જ્યારે તેઓ કહે છે કે કોઇ માણસ એમ કહેતો હોય કે મેં મન સાધ્યું છે તો તે જેમ તેમ માનવામાં આવશે નહિ, કારણ કે મન સાધવું-મનોનિગ્રહ કરવો એ તો બહુ જ મોટી વાત છે. આટલા ઉપરથી સમજાય છે કે મનોનિગ્રહ એ રાજયોગ[૧] છે.

મનની ખૂબિ એ છે કે તેને જેમજેમ એક બાબતમાં અનુકૂળ કરવા જઇએ તેમ તેમ તે પ્રથમ તો વિરૂદ્ધ થતું જાય છે, સામું પડે છે. આમ થતું ઘણી વખત અનુભવમાં આવે છે. દાખલા તરીકે તમે એમ વિચારો કે અમુક બાબત તો આજે મનમાં સંભારવી જ નથી તો બસુસ કરીને તે હકીકત દિવસમાં દશ વખત મનપર આવશે. આવી રીતે મન દરેક બાબતમાં વિરૂદ્ધ આચરણ કરે છે. છતાં અભ્યાસ પાડવામાં આવે તો આ શરૂઆતમાં દેખાતી મોટી પંચાતી ઓછી થતી જાય છે અને ધીમે ધીમે નષ્ટ થઈ જાય છે.

સર્વ હકીકતનો સાર એ જ છે કે મન વશ હોય તો જ સંસારદુઃખથી નિવૃત્તિ મળી શકે છે એટલે કે મોક્ષ મેળવવાનો તે એક જ રસ્તો છે. ૧૧૪.

મનને વશ થયો તે રખડ્યો.

लब्ध्वापि धर्मं सकलं जिनोदितं, सुदुर्लभं पोतनिभं विहाय च ।
मनः पिशाचग्रहिलीकृतः पतन्, भवांबुधौ नायतिदृग् जडो जनः॥ ८॥

"સંસારસમુદ્રમાં ભટકતાં મહા મુશ્કેલીએ પ્રાપ્ત થઇ શકે "તેવું, વહાણ જેવું, તીર્થંકરભાષિત ધર્મ ઝાઝ પ્રાપ્ત કર્યા પછી જે "પ્રાણી મન પિશાચને તાબે થઇ તે ઝાઝને તજી દે છે અને સંસાર "સમુદ્રમાં પડે છે તે મૂર્ખ માણસ લાંબી નજર પહોંચાડનાર નથી."૮.

ઉપજાતિ.

૧ સહજયોગ.

વિવેચન–તમે કોઇ વખત દરીઆની મુસાફરી કરી હશે તો જણાશે કે દરીઓ એટલો વિશાળ, અગાધ અને લાંબો છે કે વહાણ વગર તેનો પાર પામી શકાય નહીં, તેમ જ ભરદરીએ વહાણ ભાંગ્યું હોય તો પાર પામી શકાય નહીં અને ગમે તેમ થાય તોપણ વહાણને તજી તો શકાય જ નહીં અને કોઇ વહાણને તજી દે તો તેને મૂર્ખ સમજવો. એવી જ રીતે સંસાર સમુદ્ર છે, તેનો પાર પામી દુઃખનો અંત કરી મોક્ષમાં જવું એ સર્વનું દૃષ્ટિબિંદુ છે અને તેનો પાર પામવા માટે ધર્મ નૌકાનું સાધન જોઇએ. ધર્મ એટલે આત્મસ્વરૂપમાં સ્થિરતા અને રમણતા એ અર્થ સમજવો. એ ધર્મભ્રષ્ટ કરવા મન પિશાચ હમેશાં આ જીવને પ્રમાદ મદિરા પાઇને વિચારશૂન્ય અંધ જેવો બનાવી દે છે, એને વશ જે પ્રાણી પડે છે તેને નથી રહેતો કાર્યાકાર્યનો વિચાર કે નથી રહેતું ફરજનું ભાન અને કદાચ જરા ભાન હોય તો તે પણ ભૂલી જાય છે. આ સ્થિતિ હોય ત્યારે આત્મસ્વરૂપરમણતા તો હોય જ ક્યાંથી? એના પરિણામે ધર્મભ્રષ્ટ થાય છે એટલે સમુદ્ર તરવાનું વહાણ તજી દેવામાં આવે છે અને પરિણામે સંસારસમુદ્રમાં આડાંઅવળાં ગોથાં માર્યા કરે છે. જરાવારમાં તળીએ જાય છે અને જરાવારમાં ઉપર આવે છે, પણ વહાણ વગર તેનો નિસ્તાર થતો નથી. અનંતવાર ચોરાશી લક્ષ યોનિમાં ભમ્યા કરે છે. આવી રીતે પ્રાપ્ત થયેલું શુભ વહાણ તજી દેનાર જીવને મૂર્ખ કહેવો એ સાર્થ છે.

પોતાની ફરજ બજાવવા માટે પ્રાપ્ત થયેલા આવા સારા પ્રસંગો માણસો ઘણીવાર જતા કરે છે, ઉપેક્ષા રાખે છે, ઇરાદા પૂર્વક પણ તજી દે છે. વસ્તુસ્થિતિ એવી છે કે ગત પ્રસંગ ફરી પ્રાપ્ત થતો નથી અને તેથી મોટો લાભ હાથથી જાય છે.

મન સંસારસમુદ્રમાં કેવી રીતે ફેંકે છે તે અનુભવસિદ્ધ છે. મનુષ્યને કલ્પના અને તર્કશક્તિ એ બે માનસિક શક્તિઓ હોય છે અને તે બેની ઉપર કાર્યરેખા અંકિત થાય છે. હવે જ્યાં સુધી તર્કશક્તિ–વિચારશક્તિનું પરિબળ વધારે હોય છે ત્યાંસુધી તો કાર્ય સારાં જ થાય છે. પરંતુ ઘણીવાર બને છે એમ કે એક

કાર્ય કરવા પહેલાં કલ્પનાશક્તિ બહુ બહુ સંકલ્પો કરે છે. શુભ કાર્યમાં ન ધારેલી આફતો આવી પડશે એમ તે બતાવે છે અને જરાજરામાં તો મોટા મોટા ડુંગરો ખડા કરી દે છે. આ કલ્પનાને વશ થઈ અલ્પમતિ જીવ આગામી કાળનો વિચાર કર્યા વગર કાર્યરેખા અંકિત કરે છે તેને પરિણામે વાસ્તવિક લાભને બદલે દેખીતા લાભ તરફ અથવા લાંબા વખત સુધી ચાલે તેવા પણ આગામી કાળમાં મળનારા લાભને બદલે થોડા પણ તાત્કાળિક લાભ તરફ જ લક્ષ્ય રાખે છે. આવા પ્રકારનાં મનને વશ થયેલા જીવો ધર્મભ્રષ્ટ થઈ જાય છે અને સંસારસમુદ્રમાં ઘસડાય છે. સુજ્ઞનું કર્તવ્ય એ છે કે મનને નિરંકુશ કલ્પના કરવા દેવું નહિ, તેના પર ઊંચી તર્કશક્તિનો કાબુ રાખવો. આવા વિદ્વાન વડીલના અંકુશ તળે વિકસ્વર થયેલું મનરૂપ બાળક જ્યારે મોટી ઉમરનું થાય છે ત્યારે કુર્માપુત્રની જેમ જગત્માં પ્રતિષ્ઠા મેળવે છે અને અસુસ કરીને તેની વૃત્તિ અસ્તવ્યસ્ત સ્થિતિમાં રહેતી નથી. ૧૧૫.

પરવશ મનવાળાને ત્રણ શત્રુથી ભય.

सुदुर्जयं ह्रीं रिपवत्यदो मनो, रिपूकरोत्येव च वाक्तनू अपि ।
त्रिभिर्हतस्तद्रिपुभिः करोतु किं, पदीभवन् दुर्विपदां पदे पदे ॥ ९ ॥

" મહા મુશ્કેલીથી જીતી શકાય એવું એ મન શત્રુના જેવું " આચરણ કરે છે, કારણ કે તે વચન અને કાયાને પણ દુશ્મન " બનાવે છે. આવા ત્રણ શત્રુઓથી હણાયલો તું સ્થાને સ્થાને " વિપત્તિઓનું ભાજન થઈને શું કરી શકીશ ?" ૯. વંશસ્થ.

વિવેચન–અત્ર જે કહેવામાં આવ્યું છે તે પરવશ મનને માટે છે. પરવશ મન સ્વચ્છંદ આચરણ કરે છે એટલું જ નહીં પણ શત્રુવટ કરે છે. પોતે અયોગ્ય વિચારો કરે છે તેની સાથે વચન અને કાયાને પણ શત્રુ બનાવી દે છે અને તેથી જીવને વચનપર અંકુશ રહેતો નથી અને નીતિ ધર્મ કે મર્યાદાની દરકાર કર્યા વગર કાયાથી પાપ સેવવામાં આવે છે. આવી રીતે પરવશ થયેલું મન પોતે શત્રુતા કરવા ઉપરાંત બીજા બેને સાથે લે છે અને એ ત્રણ દંડથી દંડાયેલો જીવ અપમાન પામે છે, દુઃખ પામે છે, ગ્લાનિ પામે છે,

માર ખમે છે અને મદ્યપાનીની પેઠે રખડ્યા કરે છે. બિલાડી દૂધ જોઈને લલચાય છે, પણ માથે પડનારી ડાંગ જોતી નથી. રસ્તા ઉપર પડેલી થેલીને જ ચોર જુએ છે પણ છુપા વેશમાં નજીકમાં ઊભેલા ડીટેકટીવને (છુપી પોલીસને) જોતો નથી, જુઠી સાક્ષી પૂરનાર લાંચને જ જુએ છે, પણ પછી કેદની સજા થાય છે તે તરફ નજર પહોંચાડતો નથી. આ સર્વ મનની શત્રુતા છે. મન એને ખોટે રસ્તે દોરે છે. એનું કારણ ઉપરના શ્લોકમાં કહ્યું તેમ કલ્પનાશક્તિનું જોર અને તર્કશક્તિના અંકુશનો અભાવ છે; અને તેથી જ અનુભવરસિક યોગી ગાઈ ગયા છે કે—

'મુગતિ તણા અભિલાષી તપીયા, જ્ઞાન ધ્યાન અભ્યાસે;
વૈરીહું કાંઇ એહવું ચીંતે, નાંખે અવળે પાસે.
હો કુંથુજન! મનહું કીમહી ન બાઝે.'

આવી રીતે મહાજ્ઞાની મુમુક્ષુઓને પણ ઉંધા પાટા બંધાવનાર મન છે અને ત્રીજા શ્લોકમાં કહ્યું છે તેમ જો તેજ મન વશ હોય તો એક ક્ષણવારમાં મોક્ષસુખ સન્મુખ કરી દે છે.

વચન ઉચ્ચારવાં કે કાયાની પ્રવૃત્તિ કરવી એ મનના હુકમ ઉપર આધાર રાખે છે, તેથી જો મન પરવશ પડી ગયું તો પછી વચન અને કાયા ઉપર કાંઇ પણ અંકુશ રહેતો નથી. મન વચન કાયાને કબજે રાખવાં એ બહુ મુશ્કેલ પણ તેટલીજ જરૂરની ફરજ છે અને તે ત્રણેને સંબંધ એવો છે કે એક મન જો વશ થયું તો પછી બીજું સર્વ વશ થઈ ગયું સમજવું. ૧૧૬.

મન તરફ ઉક્તિ.

रे चित्त वैरि तव किं नु मयापराद्धं,
यद्दुर्गतौ क्षिपसि मां कुविकल्पजालैः ।
जानासि मामयमपास्य शिवेऽस्ति गंता,
तत्किं न संति तव वासपदं ह्यसंख्याः ॥ १० ॥

"હે ચિત્તવૈરિ! મેં તે તારો શો અપરાધ કર્યો છે કે તું કુવિ- "કલ્પજાળવડે મને બાંધીને દુર્ગતિમાં ફેંકી દે છે? શું તારા મનમાં

"એમ આવે છે કે આ જીવ મને તજીને મોક્ષમાં ચાલ્યો જવાનો
"છે (અને તેથી મને પકડી રાખે છે)? પણ તારે શું રહેવાનાં
"બીજાં અસંખ્ય સ્થાનકો નથી?" ૧૦. વસંતતિલકા.

ભાવાર્થ–શાંત સ્થાનમાં, શાંત વખતે, અનુકૂળ સંજોગોમાં, શાંત જીવ પોતાનાં પાછળનાં કૃત્યો–વિચાર–વર્તનનું અવલોકન કરે છે, તેને અત્ર વર્ણવેલી સ્થિતિ પ્રાપ્ત થાય છે. તે વખતે બરાબર રૂશીશી મૂકનારને બોર બોર જેવડાં આંસુ પડે છે, સંસાર કડવો ઝેર લાગે છે અને મનને પછી ઉપદેશ આપી ભવિષ્યમાં એમ ન કરવા સૂચવે છે; આ સ્થિતિ પ્રતિક્રમણાદિ અવસ્થામાં પ્રાપ્ત થાય છે. જો કે લખવું અપ્રસ્તુત નથી તેથી લખાય છે કે આવી રીતે વિચાર કરીને આવશ્યક ક્રિયા કરવાની બહુજ જરૂર છે. ગડબડ કરી અડધી કલાકમાં પ્રતિક્રમણ બલાસ કરી આત્માનો ઉદ્ધાર થયો એમ માનનાર ગમે તેમ માને, પણ થયેલ પાપપર નિરીક્ષણ કરી અંતઃકરણથી પસ્તાવો કરી ફરી ન કરવાનો નિર્ધાર કરવો, ન કરવાનો અભ્યાસ પાડવો એજ આવશ્યક ક્રિયાનો ઉદ્દેશ છે. ન કરવું એમ કહેવાનો ઉદ્દેશ નથી પણ ઉક્ત રીતે શુદ્ધ મનથી કરવું, તેમ ન થઈ શકે ત્યાંસુધી તે દશાની ભાવના રાખી પ્રમાદરહિતપણે કરવાનો અભ્યાસ પાડવો એજ તેનો નિર્દેશ છે.

એવી શાંત અવસ્થામાં આ જીવ ઊંચી પાયરીએ, ગુણસ્થાન પર ચડતો જાય છે. એકને એક ગુણસ્થાનમાં પણ ગુણોની બહુ તરતમતા છે. જીવ ઊંચી સ્થિતિપર જાય છે ત્યારે વિચાર શુદ્ધ થતા જાય છે. મનને તો અત્ર ફક્ત આક્ષેપ છે. મનને કહે છે કે વળી તને બીક લાગતી હશે કે આ જીવ કાંઇક મારી દોસ્તી છોડી દેશે, પણ તારે તો એવાં અસંખ્ય જીવો રહેવાનાં સ્થાનક છે. વાતનો સાર એ છે કે જ્યારે શાંત ભાવ પ્રાપ્ત થાય ત્યારે મનને સારી રીતે સમજાવી, વસ્તુસ્થિતિનું ભાન કરાવી તેને કબજામાં લઇ લેવું. ૧૧૭.

૧ થરમોમીટરપર રૂપક છે.

પરવશ મનવાળાનું ભવિષ્ય.

पूतिश्रुतिः श्वेव रतेर्विदूरे, कुष्टीव संपत्सुदृशामनर्हः ।
श्वपाकवत्सद्गतिमंदिरेषु, नार्हेत्प्रवेशं कुमनोहतोंगी ॥ ११ ॥

"જે પ્રાણીનું મન બરાબ સ્થિતિમાં હોવાથી સંતાપ પમાડ્યા
"કરે છે તે પ્રાણી કૃમિથી ભરપૂર કાનવાળા કૂતરાની પેઠે ભોજ-
"મજાથી બહુ દૂર રહે છે, કોઢીઆની પેઠે લક્ષ્મી સુંદરીને વરવાને
"અયોગ્ય થઇ જાય છે અને ચંડાળની પેઠે શુભગતિ મંદિરમાં
"પ્રવેશ કરવાને લાયક રહેતો નથી." ૧૧. ઇંદ્રવજ્રા.

વિવેચન–અસ્થિર મનવાળા માણસો ભોજમજા, પૈસા કે સારી સોબત પામી શકતા નથી. આબા શરીરે બસ નીકળી હોય, શરીરે અને કાનપર ગંડોલા લાગેલા હોય, બરજ આવતી હોય એવા શ્વાનને બિચારાને કોઇ ઠેકાણે પણ ચેન પડતું નથી–આવી જ સ્થિતિ અસ્થિર મનવાળાની થાય છે. જેને મન વશ ન હોય તેઓ આ બરાબર અનુભવી શકશે. જરા વાંચોઃ–ટપાલ આવી, કાગળ ફોડ્યો, વાંચ્યો, લખ્યું છે કે પુત્રને એકદમ સખત મંદવાડ થઇ ગયો છે અને જલદી તેડાવે છે. ટ્રેન મળવાને ૧૦ કલાકની વાર છે અને તરતજ ઉક્ત શ્વાનની પેઠે બરજ આવવા માંડે છે. તાર ઉપર તાર છુટે છે, ડાક્ટરની સલાહ લેવા દોડાય છે, આંખમાં આંસુની ધાર ચાલે છે, મનમાં ઉકળાટ ઉકળાટ થઈ જાય છે, બાવું ભાવતું નથી, પુત્રનું અશુભ થયું હશે એવો વિચાર આંખ આગળ બડો થાય છે. આ સર્વ કોને? પરવશ મનવાળાને. કર્મસ્થિતિ સમજનાર, ભાવીપર ભરોસો રાખનાર–મનપર અંકુશવાળા પ્રાણીનું હૃદય ફરકતું નથી. છતાં બૂબિ એ છે કે એની લાગણી બુઠી થઈ જતી નથી. લાગણી રહે છે અને વસ્તુસ્થિતિનું ભાન બરાબર તાદાત્મ્ય બની રહે છે. તે ટ્રેનમાં જાય છે બરો, પણ બિચારા પરવશ જીવને ગામ પહોંચતાં રૌદ્રધ્યાનની ધારા ચાલે છે ત્યારે આપણો સ્વવશ મનવાળો વીર કર્મવિપાકની વિચારણામાં લીન થઈ

૧ पूतिश्रुतिश्वेव इति वा पाठः

નિર્જરા કરે છે. આ સર્વ અનુભવસિદ્ધ છે; પણ યોગ્ય સમયે મનપર જય કરવો એમાં જ રાજવટ છે, વાતો કરવામાં કાંઈ સાર નથી.

કુષ્ટ રોગવાળાને જેમ કોઈ સુંદરી વરતી નથી તેમ જ પરવશ મનવાળાને સંપત્તિ વરતી નથી. લક્ષ્મીની પાછળ પડનારને તે મળતી નથી અને મળે છે તો થોડા વખતમાં નાશ પામે છે. ડરબીની લૉટરીમાંથી એકદમ પૈસાદાર થવાની ઇચ્છાવાળાએ દશ રૂપિયાની ટીકટ લીધી. મનમાં થયું કે જો દૈવયોગે આ વખત ઘોડો લાગી જાય તો રૂપિયા ચાર લાખ મળે. તેમાંથી બૈરી પરણું, બંગલો બંધાવું, વ્યાપાર કરું, નાચરંગ મજા ઉડાવું વિગેરે. આવા વિચાર કરનારને લક્ષ્મીસુંદરી કેમ મળે? અને મળે તો વૈરભાવે મળે એટલે થોડો વખત આનંદ આપી ચાલી જાય અને પરિણામમાં દુઃખશ્રેણી મૂકતી જાય.

જેમ ચંડાળ ઉત્તમ મનુષ્યના મંદિરમાં પ્રવેશ કરી શકતો નથી તેમ પરવશ મનવાળો માણસ સદ્ગતિ મંદિરમાં જઈ શકતો નથી. આથી કરીને તેને સારી સોબત થઈ શકતી નથી અને સત્સંગતિ વિના મન વિશુદ્ધ દશામાં જતું નથી અને ઊંચી સ્થિતિ પ્રાપ્ત કરવાની તેને હોંશ પણ રહેતી નથી.

આવી રીતે પરવશ મનવાળા પ્રાણીને આ ભવમાં સંપત્તિ મળતી નથી, આનંદ મળતો નથી, તેમ જ પરભવમાં પણ સદ્ગતિ મળતી નથી અને આનંદ મળતો નથી. ૧૧૮.

મનોનિગ્રહ વગરના તપ જપ વિગેરે ધર્મો.

तपो जपाद्याः स्वफलाय धर्मा, न दुर्विकल्पैर्हतचेतसः स्युः ।
तत्खाद्यपेयैः सुभृतेऽपि गेहे, क्षुधातृषाभ्यां म्रियते स्वदोषात् ॥१२॥

"જે પ્રાણીનું ચિત્ત દુર્વિકલ્પોથી હણાયલું છે તેને તપજપ "વિગેરે ધર્મો પોતપોતાનું (આત્મિક) ફળ આપનારા થતા નથી; "આવા પ્રકારનો પ્રાણી અનપાનથી ભરેલા ઘરમાં પણ પોતાના "દોષથી ભૂખ અને તરસવડે મરણ પામે છે." ૧૨. ઉપજાતિ.

ભાવાર્થ–ગમે તેટલી તપસ્યા કરો, ઘરે બપોરે સખત ઉનાળામાં નદીને કાંઠે વેળુમાં જઈને આતાપના લો, પણ "તબલગ કષ્ટક્રિયા સબ નિષ્ફળ, જ્યોં ગગને ચિત્રામ, જબલગ આવે નહીં મન ઠામ." એ વાત ખરી છે. તપ કરો, ધ્યાન કરો, જાપ કરો પણ 'ભગત ભયા પણ ઘાનત બુરી,' મનમાં લાગ આવે કે છરી મૂકવાની ઘાનત હોય, મનમાંથી વાસના ઉડી ન હોય, સંસારપર પ્રેમ એવો ને એવો ચીકણો હોય ત્યાં સુધી કષ્ટક્રિયા નિષ્ફળ છે, એમ મુનિ સુંદરસૂરિ મહારાજ કહે છે અને તેવ જ વિચારો સિદ્ધ અનુભવી શ્રી આનંદઘનજી મહારાજ બતાવે છે. સંસારના રસિયા જીવડાને આ વાત ગળે ઉતરતાં વખત લાગશે. તેને તો પ્રવૃત્તિ કરી પૈસા મેળવી ધર્મ કરવો છે, પણ શાસ્ત્રકાર તેમાં ધર્મ પણ નથી અને સુખ પણ નથી એમ કહે છે. સુખ આત્મારામપણામાં, વિકલ્પરહિત સ્થિર મનમાં છે અને તેવી સ્થિતિ પ્રાપ્ત ન થાય ત્યાંસુધી જેમ ખોરાક અને પાણીથી ભરપૂર ઘરમાં પ્રમાદી માણસ ભુખ્યો તરસ્યો પડ્યો રહે છે, તેમ આ જીવ સર્વ સગવડ છતાં મનને વશ થઈ પોતાના દોષોથી[1] દુર્ગતિભાજન થાય છે. આ વિચાર શ્લોક પાંચમામાં વિસ્તારથી વિચાર્યો છે તેથી અત્ર પુનરાવર્તન કરતા નથી. ૧૧૯.

મન સાથે પુણ્યપાપનો સંબંધ.

अकृच्छ्रसाध्यं मनसो वशीकृतात्, परं च पुण्यं, न तु यस्य तद्वशम् ।
स वंचितः पुण्यचयैस्तदुद्भवैः, फलैश्च हीं हीं हतकः करोतु किम् ॥१३॥

"વશ કરેલા મનથી મહા ઉત્તમ પ્રકારનું પુણ્ય બીલકુલ કષ્ટ "વગર સાધી શકાય છે. જેને મન વશ નથી તે પ્રાણી પુણ્યની "રાશિથી છેતરાય છે અને તેથી થનારાં ફળવડે પણ છેતરાય છે "(એટલે પુણ્યબંધ થતો નથી અને તેથી થનારાં સારાં ફળ પણ "પ્રાપ્ત થતાં નથી). અહો અહો!! આવો હતભાગી જીવ બિચારો "શું કરે? (શું કરી શકે!)" ૧૩. વંશસ્થવિલ.

---

૧ પોતાના અનેક પ્રકારના દોષોથી આ જીવ દુર્ગતિભાજન થાય છે. દાખલા તરીકે કલેશ, મન્દતા, પ્રમાદ વિગેરે સ્વદોષો આવા પ્રકારના છે.

ભાવાર્થ–મન વશ હોય તો અહીં ઇંદ્રાસન ખડું કરી શકાય છે, મોક્ષ સન્મુખ કરી શકાય છે, એટલે કે વશ મનવાળાને કાંઇ કાર્ય અશક્ય નથી. બીજી રીતે જેને મનપર અંકુશ નથી, જેનું મન અસ્થિર છે અને જેને મનમાં સંકલ્પવિકલ્પો થયા કરે છે તેને એક પણ કામ સાધ્ય થતું નથી. ચિદ્દાનંદજી મહારાજ તેટલાજ સારૂ ગાઇ ગયા છે કે–

વચન કાય ગોપે દૃઢ ન ધરે, ચિત્ત તુરંગ લગામ.
તાસે તું ન લહે શિવસાધન, જિઉ કણુસુને દાન.
જબલગ આવે નહિ ઠામ.

એટલે જ્યાંસુધી ચિત્ત ઘોડાની લગામ તારા હાથમાં નથી ત્યાંસુધી તને મોક્ષસાધન મળવાનું નથી. એવીજ રીતે શ્રીમદ્યશોવિજયજી મહારાજ પણ સ્વકૃત જ્ઞાનસારમાં કહી ગયા છે કે–

अंतर्गतं महाशल्यमस्थैर्यं यदि नोध्धृतम् ।
क्रियौषधस्य को दोषस्तदा गुणमयच्छतः ॥

અસ્થિરતારૂપી હૃદયગત મહાશલ્ય જો હૃદયમાંથી કાઢી નાંખ્યું ન હોય તો પછી ક્રિયારૂપ ઔષધ ગુણ ન કરે તો તેનો શો દોષ? આવી રીતે મનમાંથી અસ્થિરતા કાઢી નાંખી તેને તદ્દન દૃઢ બનાવી દેવું જોઇએ. મનની વક્રતા, જડતા, શૂન્યતા અને અસ્થિરતા આ જીવને બહુ ફસાવે છે; અને વાત એમ છે કે જેવા તેવા વિચાર કરનાર પણ એ જીવ–અને વિચારપર અંકુશ રાખનાર પણ એજ જીવ: તેથી જ્યાંસુધી અંકુશ રાખવાની જરૂરીઆત અને મનનું બંધારણ બરાબર સમજાયું ન હોય ત્યાંસુધી ઘણા જીવ તો એ વિષય પર ધ્યાન પણ આપી શકતા નથી. આટલી હકીકત ઉપરથી જણાય છે કે મનને શુભ યોગોમાં પ્રવર્તાવવાથી સ્વર્ગપ્રાપ્તિ થાય છે, વળી મનયોગનો સર્વથા નિરોધ કરવાથી મોક્ષપ્રાપ્તિ થાય છે અને મનને નિરંકુશ મૂકી દેવાથી અધ:પાત થાય છે. આ ત્રણ નિયમ બરાબર ધ્યાનમાં રાખવા જેવા છે. મનનો તદ્દન નિરોધ બહુ ઉત્કૃષ્ટ સ્થિતિએ થાય છે તેથી તે ઊંચી હદના અધિકારીઓ માટે છે. અત્ર આખા પ્રસ્તાવમાં મનમાંથી સંકલ્પવિકલ્પો ઓછા કરવા અથવા અસ્થિરતા દૂર કરવી અને તેમ કરી મનને શુભ

વિષયોમાં દોરવું એ બતાવ્યું છે. વધારે અધિકારી માટે શાસ્ત્રના વિશેષ ગ્રંથો છે.

ઉક્ત ન્યાયથી પરવશ મનવાળા જીવને પુણ્ય થતું નથી, પાપ થાય છે અને પાપના ફળ તરીકે દુ:ખનો અનુભવ થાય છે. એકવાર પડવા માંડ્યા પછી સ્થિર થવું અને ચડવા માંડવું બહુ મુશ્કેલ પડે છે. ડુંગરપરથી ગબડેલા પથ્થરના દૃષ્ટાંતે એ સ્પષ્ટ છે. એવી સ્થિતિમાં અટવાતો જીવ બહુ ખરાબ હાલત પ્રાપ્ત કરે છે અને નીચો ઉતરતો જાય છે. ૧૨૦.

વિદ્વાન પણ મનોનિગ્રહ વિના નરકગામી થાય છે.

अकारणं यस्य च[1] दुर्विकल्पैर्हतं मनः शास्त्रविदोपि नित्यम् ।
घोरैरघैर्निश्चितनारकायुर्मृत्यौ प्रयाता नरके स नूनम् ॥ १४ ॥

"જે પ્રાણીનું મન નિરર્થક માઠા સંકલ્પોથી નિરંતર પરાભવ "પામે છે તે પ્રાણી ગમે તેવો વિદ્વાન્ હોય તોપણ ભયંકર પાપો "વડે નારકીનું નિકાચિત આયુષ્ય બાંધે છે અને મરણ પામે છે "ત્યારે જરૂર નરકમાં જનારો થાય છે." ૧૪. ઉપજાતિ.

વિવેચન–શાસ્ત્રનું યોગ્ય જ્ઞાન ધરનારા પ્રાણી જ્યારે અલ્પજ્ઞને પણ ન કરવાં યોગ્ય કાર્યો કરે, ત્યારે વ્યવહારમાં શાસ્ત્રરહસ્યના અજાણુ લોકો–અજ્ઞાન બાળ જીવો ઘણીવાર બોલે છે કે ભાઇ એ તો 'જાણુકાર' છે, એને 'આળોવતાં' આવડે છે વિગેરે. શાસ્ત્ર ભણેલો જ્યારે તેવાં પાપાચરણ કરે છે ત્યારે તેને માટે બીજા માણસોને આવી ટીકા કરતા સાંભળ્યા છે. આ ભાષા અસત્ય છે, અણસમજથી ઉત્પન્ન થયેલી છે. જે શાસ્ત્રને જાણે, પાપને પાપ તરીકે જાણે અને એક નિયમ તરીકે નિ:શુકપણે માત્ર મોઢેથી આળોવી જાય પણ બીજે દિવસ તેવીજ ચીકાશથી તેજ પાપકાર્યો કરે તો તેને અવિદ્વાન કરતાં વધારે પાપ લાગે છે. કારણ કે પોતે સારી સ્થિતિએ પહોંચ્યો છે અને બીજાને આલંબનભૂત થયો છે, આ હકીકત વધારે સમજવાની જરૂર છે.

---

[1] सु इति वा पाठः

પાપબંધ[1] કે પુણ્યબંધ[2] પડે છે તે વખતે પ્રદેશબંધની સાથે રસબંધ પડે છે, એટલે કે જે કર્મ બંધાય છે તેની શુભાશુભતા તેમજ તીવ્રતા મંદતા (intensity) કેવી છે એ નિર્માણ થાય છે. દાખલા તરીકે લાડુ ગળ્યા હોય પણ કેટલાકમાં મણે દશ શેર સાકર હોય અને કેટલાકમાં મણે દોઢ મણ સાકર હોય; તેમજ ઔષધમાં કડવાપણાની તરતમતા હોય. એ પ્રમાણે રસમાં ફેર પડે છે. હવે જે રસબંધ પડે છે તે અધ્યવસાયની ચીકાશપર પડે છે અને અનુભવથી એમ માલૂમ પડે છે કે જ્ઞાનવાળો નિરપેક્ષપણે જો પાપકાર્યમાં પ્રવર્તે તો તે જેટલી ચીકાશથી પાપકાર્ય કરે છે તેટલી ચીકાશ સાપેક્ષવૃત્તિવાળા અલ્પજ્ઞ અથવા અજ્ઞને રહેતી નથી અથવા હોતી નથી. ઘણીવાર તો કહેવાતા વિદ્વાનના પ્રણામ તદ્દન નિર્ધ્વંસ બની ગયેલા હોય છે. વળી જવાબદારી હમેશાં જ્ઞાન પ્રમાણે હોય છે. જેમ જ્ઞાન વધારે તેમ જવાબદારી વધારે. ભણેલ માણસ ભૂલે તો ઠપકો વધારે અને ગુન્હો કરે તો સજા પણ વધારે; તેવીજ રીતે આપણે જોઇએ છીએ કે અજ્ઞાની માણસ તો ઘણીવાર અજ્ઞાનપણાથી જ પાપ કરે છે. એને પાપબંધ થતો નથી એમ નથી પણ તેની ચીકાશ ઉપર જણાવ્યું તેમ બહુ ઓછી હોય છે. માટે ભણેલ છે, એ તો આળોવી નાખશે એમ કહેનાર અને સમજનાર શાસ્ત્રનું રહસ્ય સમજતા નથી, તેમ કહેવાતો જ્ઞાની પણ તેવાં પાપાચરણ કરતો હોવાથી રહસ્ય સમજ્યો નથી.

જ્ઞાનનો જો દુરૂપયોગ થાય તો તે મારી દે છે અને તેજ જ્ઞાનનો સદુપયોગ થાય તો તે કાર્ય સિદ્ધ કરી દે છે. રાજ્યદ્વારી જીંદગીનાં રોદણાં જુઓ તો અકારણે હજારો માઠા સંકલ્પવિકલ્પો કરવા પડે અને ઉથલપાથલ કરવી પડે તેવીજ રીતે મોટા વ્યાપારમાં અને તેવીજ રીતે મહા આરંભોમાં થાય છે. આવી સ્થિતિનો માણસ વિદ્વાન્ હોય છે તેમાં તો શક નહિ, પણ તેના જ્ઞાનનો સદુપયોગ થતો નથી અને મનના રાજ્યમાં તણાઈ પોતાને હાથેજ ગળામાં ફાંસી નાંખી રાવણ, દુર્યોધન, જરાસંધ, સુભૂમ વિગેરેની ગતિ

[1] અશુભ પ્રકૃતિનો બંધ. [2] શુભ પ્રકૃતિનો બંધ.

પ્રાપ્ત કરવી પડે છે. વિદ્વાનોએ કદી પણ એમ ન સમજવું કે જ્ઞાન છે માટે વર્તનની જરૂર નથી. જ્ઞાન એવી વસ્તુ છે કે જો તેનો સદુપયોગ ન થાય તો તે વિપરીત પણ કરી નાંખે છે. જે જ્ઞાનીઓ જ્ઞાનબળથી અકાર્યને અકાર્ય સમજી અશક્યપણા વિગેરે કારણથી તેમાં ત્રાસ પામતા ચિત્તે પ્રવર્ત્તે છે અને નિરંતર તેમાં પ્રવૃત્તિ ન થવાને ઇચ્છે છે તેને ઉદ્દેશીને આ લેખ લખાયો નથી, પણ જેઓ વિદ્વાન્ ગણાતા છતાં રાચી માચીને બહુ કપટ કેળવી પાપકાર્યમાં પ્રવર્ત્તે છે અને પોતાનો ખોટો બચાવ કરવા તત્પર થાય છે તેવાઓને માટે આ લેખ છે એમ સમજવું. ૧૨૧.

મનોનિગ્રહથી મોક્ષ.

योगस्य हेतुर्मनसः समाधिः, परं निदानं तपसश्च योगः ।
तपश्च मूलं शिवशर्मवल्ल्या, मनः समाधिं भज तत्कथंचित् ॥१५॥

"મનની સમાધિ (એકાગ્રતા–રાગદ્વેષરહિતપણું) યોગનું કારણ "છે, યોગ એ તપનું ઉત્કૃષ્ટ સાધન છે અને તપ શિવ સુખ વેલડીનું "મૂળ છે; તેટલા માટે કોઇ પણ રીતે મનની સમાધિ રાખ." ૧૫.

ઉપજાતિ.

ભાવાર્થ–શાસ્ત્રનો કોઈ પણ ગ્રંથ વાંચતાં જણાશે કે તેરમા શ્લોકમાં કહ્યું તેમ મનોનિગ્રહથી અશુભ કર્મબંધ રોકાય છે, પુણ્યબંધ થાય છે, એટલુંજ નહીં પણ તેથી પરિણામે મોક્ષપ્રાપ્તિ પણ થાય છે. શાસ્ત્રકાર કહે છે કે આત્માને ઊંચી પાયરીએ ચડાવવા પહેલાં શુદ્ધ ભૂમિકા કરવી જોઇએ. એક ભીંતપર ચિત્ર કાઢવાં હોય તો પ્રથમ તે સાફ કરવી જોઇએ. મનમાં દ્વેષ, ખેદ, વિકલ્પ, અસ્થિરતા રૂપ ઝાંખરાં અને કચરો બાઝેલાં હોય ત્યાંસુધી ભૂમિકા અશુદ્ધ કહેવાય છે અને તેવી ભૂમિકાપર ગમે તેટલાં ચિત્ર કરો અર્થાત્ વાંચન વાંચો, વિચારો, સાંભળો, પણ અસરકારક રીતે શોભતાં થશે નહીં. તે થવા સારૂ મનને સ્થિર, એકાગ્ર, રાગ દ્વેષ સંકલ્પ રહિત કરવાની પ્રથમ જરૂર છે. એક વખત સમતા પ્રાપ્ત થઇ,

[1] भर इति पाठान्तरं. भर–धर.

સ્થિતિસ્થાપકતા આવી એટલે મનપર કબજો આવશે. આવી રીતે જ્યારે યોગપર જય થાય ત્યારે ઇંદ્રિયોપર અંકુશ આવે છે અને તેથી છ બાહ્ય અને છ અભ્યંતર તપ કરવાનું સુઝે છે અને કરેલાં તપ કર્મ તપાવવાનું–નિર્જરા કરવાનું પોતાનું કામ પણ ત્યારે જ કરે છે. ત્યાં સુધી ઘણું બરૂં તો તપ કરવાનું મન જ થતું નથી; અથવા અજ્ઞાન કષ્ટરૂપ તપ, ફળની ઇચ્છા સાથે થાય છે, જે શાસ્ત્રકારની દૃષ્ટિમાં લગભગ નકામાં જ છે; તેથી મનઃસંયમપૂર્વક તપ થાય તો તેનાથી કર્મનિર્જરાદ્વારા તુરત જ મોક્ષપ્રાપ્તિ થાય છે. મોક્ષપ્રાપ્તિ કરી આ સંસારના હમેશાંના કચકચાટનો, રખડપટ્ટાનો છેડો આણવો એ સર્વનો અંતરંગ હેતુ છે અને તેનું મૂળ સાધન મનઃસમાધિ છે. સુજ્ઞ પુરૂષોએ મનની સમાધિ રાખવા યત્ન કરવો એ બાસ જરૂરનું કર્તવ્ય છે. ૧૨૨.

મનોનિગ્રહના ચાર ઉપાય.

स्वाध्याययोगैश्चरणक्रियासु, व्यापारणैर्द्वादशभावनाभिः ।
सुधीस्त्रियोगी सदसत्प्रवृत्तिफलोपयोगैश्च मनो निरुंध्यात् ॥ १६ ॥

" સ્વાધ્યાય (શાસ્ત્રનો અભ્યાસ), યોગવહન, ચારિત્રક્રિયામાં
" વ્યાપાર, બાર ભાવના અને મન વચન કાયાના શુભ અશુભ
" પ્રવૃત્તિનાં ફળનાં ચિંતવનથી સુજ્ઞ પ્રાણી મનનો નિરોધ કરે." ૧૬.

ઉપજાતિ.

ભવાર્થ-શાસ્ત્રાભ્યાસ–સ્વાધ્યાયનાં પાંચ રૂપ છે. વાચના (ભણવું), પૃચ્છના (સવાલો કરવા), પરાવર્તના (પુનરાવર્તન–રીવીઝન), અનુપ્રેક્ષા (મનમાં ચિંતવન) અને ધર્મકથા (ધર્મઉપદેશ). યોગ એટલે મૂળ સૂત્રોના અભ્યાસની યોગ્યતા માટે ક્રિયા તથા તપશ્ચરણ. આ યોગોદ્વહન મનોનિગ્રહનું પ્રબળ સાધન છે અને ઉત્તમ બીજ વાવવા માટે એ ભૂમિકાને શુદ્ધ કરનાર પ્રબળ ઉપાય છે. એ બન્નેનો એકઠો અર્થ 'સ્વાધ્યાયમાં વ્યાપારથી મનનો રોધ કરવો' એવો પણ થાય છે. આ અર્થ પણ સુંદર છે. એ રીતે વચન યોગપર જય મેળવવાની સૂચના કરી, અને વળી એમ પણ કહ્યું કે જ્ઞાન એ મુખ્ય મોક્ષસાધન છે.

મનોનિગ્રહનું બીજું સાધન ક્રિયામાર્ગ છે. શ્રાવક યોગ્ય દેવપૂજા, આવશ્યક, સામાયક, પૌષધ વિગેરે તથા સાધુને આહાર નિહાર, પ્રતિલેખન, પ્રમાર્જન, કાયોત્સર્ગ વિગેરેમાં કાયાની શુભ પ્રવૃત્તિ. જેઓ ક્રિયામાર્ગ તરફ કટાક્ષની નજરથી જોતા હોય તેમણે બાસ યાદ રાખવું કે ક્રિયામાર્ગ એ પણ મનોનિગ્રહનું પરમ સાધન છે. પ્રવૃત્તિવાળા જીવને તો જો નિરાંત મળે તો કંઇક જાતનું તોફાન આદરી બેસે; તેને માટે ક્રિયા બહુ જ ઉપયોગી છે એટલું જ નહિ પણ બાસ જરૂરની છે. આ રીતે કાયયોગપર જય કરવાની સૂચના કરી.

આ સંસારમાં કોઇ વસ્તુ બેસી રહેવાની નથી–સર્વ નાશવંત છે (અનિત્ય), આ જીવને મરતી વખત કોઇ બોલી રાખનાર નથી (અશરણ), સંસારની રચના વિચિત્ર છે (ભવ), આ જીવ એકલો આવ્યો છે અને એકલો જવાનો છે (એકત્વ), બીજા સર્વથી જુદો છે (અન્યત્વ), શરીર મળમુત્ર વિષ્ટા વિગેરેથી ભરેલું છે (અશુચિ), મિથ્યાત્વ, અવિરતી, કષાય અને યોગથી જીવ પાપકર્મ બાંધી સંસારમાં રખડે છે (આશ્રવ), પણ તેજ જીવ જો સમતા રાખે–મન વિગેરેનો નિગ્રહ કરે તો કર્મબંધને રોકે છે (સંવર), અને જો તપસ્યા કરે તો નિકાચિત કર્મોથી પણ મૂકાય છે (નિર્જરા), ચૌદ રાજલોકનું સ્વરૂપ ચિંતવવું (લોકસ્વભાવ), સમ્યક્ત્વ પામવું બરેબરૂં દુર્લભ છે (બોધિ), ધર્મને કહેનારા ઘણા થયા છે, પણ અરિહંત મહારાજ જેવા નિરાગી કહેનારા બહુ થોડા છે (ધર્મ). એવી રીતે બાર **ભાવનાઓને** વારંવાર ભાવવી, તેપર વિચાર કરવો એ મનોનિગ્રહનો ત્રીજો ઉપાય છે. આ ઉપાયથી મનપર અંકુશ આવે છે.

શુભ પ્રવૃત્તિ કરવામાં આવે તેનું ફળ સારૂં થાય છે અને બરાબ પ્રવૃત્તિ કરવામાં આવે તેનું ફળ બરાબ થાય છે એ સંબંધી વિચારણા કરવી, આત્મ નિરીક્ષણ કરવું, આત્માવલોકન કરવું એ મનોનિગ્રહનો ચોથો ઉપાય છે. જે પ્રાણી પોતાની પ્રવૃત્તિપર વિચારણા કરે છે તેને મનોનિગ્રહ બહુ જલદી થઇ જાય છે. અત્ર

મનોનિગ્રહના ચાર ઉપાય કહ્યા. શાસ્ત્રાભ્યાસ, ચારિત્ર અને ક્રિયામાં શુદ્ધ વર્તન, ભાવનાનું ભાવન અને આત્મનિરીક્ષણ. શાસ્ત્રકાર કહે છે કે આત્માને નિરંતર સંયમ યોગોમાં પ્રવૃત્ત રાખવો; તેથી ઘણી જાતના ફાયદા થાય છે. જો એને છૂટો મૂકયો હોય તો ઉપર જણાવ્યું તેમ એ ઘણી જાતનાં તોફાન કરે છે. તેટલા માટે ઉમાસ્વાતિવાચક કહે છે કે–

[૧] पैशाचिकमाख्यानं, श्रुत्वा गोपायनं च कुलवध्वाः ।
संयमयोगैरात्मा, निरंतरं व्याप्तृतः कार्यः ॥

પિશાચની વાત અને કુળવધૂનું વૃત્તાંત સાંભળીને આત્માને નિરંતર સંયમયોગોમાં પરોવેલો રાખવો.' એક વાણીઆએ પોતાનું કાર્ય સાધવા માટે એક પિશાચની સાધના કરી. મંત્રયોગે તે પિશાચ સિદ્ધ થયો. તેણે પિશાચને પોતાનું કામ બતાવ્યું. મનસાધ્ય કામ કરનાર પિશાચે અલ્પ સમયમાં કાર્ય સિદ્ધ કરી આપ્યું. પછી તે વાણીઆને કહે કે હવે મને કામ બતાવ નહિ તો તને મારી નાખું. **અખંડ ઉદ્યમવાળાઓ નવરા બેસતા નથી.** વાણીઓ બુદ્ધિશાળી હતો. તેણે કહ્યું કે અત્રે આડો ખોદ; આડો ખોદાવી તેમાં પાણી આવ્યું એટલે કહ્યું કે તેમાં એક વાંસ નાખ. પછી એક કાણો વાટકો તેને આપી તે વાંસપર બંધાવ્યો અને કહ્યું કે તારે કુવામાંથી પાણી કાઢી વાટકો ભરી દેવો, અને એનું કાણું પૂરાઇ ન જાય એ ધ્યાનમાં રાખવું. જ્યાંસુધી હું તને બીજું કામ ન બતાવું ત્યાંસુધી તારે આ કામ કર્યા કરવું.

કુળવધૂનું દૃષ્ટાંત પણ એવુંજ છે. પતિ પરદેશ જવાથી તેને બરાબ થવાની ઇચ્છા થઇ છે એમ સસરાએ દાસી મારફત જાણ્યું ત્યારે પોતે વહુને માથે ઘરનો સર્વ કારભાર મૂકયો અને એટલા કામમાં નાખી દીધી કે વિષય સંબંધી વિચાર કરવાની પણ પુરસદ મળે નહિ. આવી રીતે તે સુધરી ગઇ. આ નિયમ ધ્યાનમાં રાખી આત્માને નિરંતર સંયમ યોગોમાં પ્રવૃત્ત થયેલો રાખવો, કે

[૧] પ્રશમરતિ પ્રકરણ–શ્લોક ૧૨૦ મો.

જેથી એને અસ્તવ્યસ્તપણે જ્યાં ત્યાં રઝળવાની ટેવ પડે નહિ અને પડી હોય તો મટી જાય. ૧૨૩.

મનોનિગ્રહમાં ભાવનાનું માહાત્મ્ય.

भावनापरिणामेषु, सिंहेष्विव मनोवने[१] ।
सदा जाग्रत्सु दुर्ध्यान–सूकरा न विशंत्यपि ॥ १७ ॥

"મન રૂપ વનમાં ભાવના અધ્યવસાય રૂપ સિંહો સદા જાગ્રત "હોય ત્યારે–દુર્ધ્યાન રૂપ સુવરો તે વનમાં પ્રવેશ પણ કરી શકતા નથી." ૧૭. અનુષ્ટુપ.

ભાવાર્થ–ઉપર મનોનિગ્રહના ચાર ઉપાય કહ્યા તેમાં પણ ભાવનાનો ઉપાય બહુ અસરકારક, તાત્કાળિક અને ધારેલ અસર ઉપજાવનારો છે; જ્યાંસુધી મનમાં શુદ્ધ ભાવના ચાલતી હોય છે ત્યાંસુધી એક પણ ખોટો વિચાર મનમાં આવતો નથી. એક જંગલનો રાજા સિંહ જ્યાં સુધી જંગલમાં ફરતો હોય છે ત્યાંસુધી ડુક્કર કે એવા બીજા પ્રાણીઓ એ જંગલમાં રહી તો શોનાજ શકે પણ ત્યાં પ્રવેશ પણ કરી શકતા નથી–કરવાની હિંમત પણ લાવી શકતા નથી. એવીજ રીતે જ્યાંસુધી મનમાં શુભ ભાવના હોય છે ત્યાંસુધી દુર્ધ્યાન–માઠા સંકલ્પો થતા નથી.

આ હકીકત અનુભવસિદ્ધ છે, અને દરેક વાંચનારને તેનો અનુભવ થયો હશે. દરેક માણસે જીંદગીના કોઇ વખતમાં–જીંદગીની એક સુખી ક્ષણમાં આવી સ્થિતિ જરૂર ભોગવી હશે. કોઈ વખત દેરાસરમાં પ્રભુના દર્શનથી, કોઇ વખત પૌષધમાં સ્તવનગાનની લયમાં, કોઇ વખત પૂજા ભણાવવાની એકાગ્રતામાં, કોઇ વખત અધ્યાત્મ ગ્રંથોના વાંચન અથવા મનનમાં મન એટલું બધું એકાગ્ર થઈ જાય છે કે બહારના વિચારો આવતા નથી, વિકલ્પો નાસી જાય છે અને સ્થિરતા પ્રાપ્ત થાય છે. અત્ર વર્ણવેલ સ્થિતિ તો માત્ર વાનકી છે, બાકી જ્યારે આ જીવને ભાવના ભાવવાની ટેવ પડી

[૧] महावने इति वा पाठः

જાય છે ત્યારે તો મનમાં અલૌકિક આનંદ પ્રાપ્ત થાય છે. સંસારના કોઈ સુખ સાથે એ આનંદની સરખામણી કરી શકાય તેમ નથી, કારણકે સંસારમાં કોઈ સુખ તેવું છેજ નહિ. ૧૨૪.

* * * * *

એવી રીતે મનોનિગ્રહ દ્વાર પૂર્ણ થયું. મનોનિગ્રહ અથવા ચિત્તદમન એ શબ્દ આ અધિકારમાં વારંવાર વાપરવામાં આવ્યો છે. તેનો ભાવાર્થ એ છે કે મનમાં વારંવાર જે માઠા સંકલ્પો આવે છે તેપર અંકુશ રાખવો, અસ્થિરતા દૂર કરવી અને મનની સ્થિતિસ્થાપકતા (equilibrium) જાળવી રાખવાની વ્યવસ્થા કરવી. ઘરમાં કોઈને સખત માંદગી થયેલ હોય ત્યારે અથવા મરણ થયું હોય ત્યારે આ જીવની કેવી દુઃખી સ્થિતિ થઇ જાય છે! પોતે જાણે છે કે અત્ર પોતાને પણ એવી રહેવાનું નથી છતાં પણ મનમાં અનેક ખ્યાલો કરી પોતાની મેળે દુઃખી થાય છે. પાડોશીના ઘરમાં આગ લાગી હોય ત્યારે સામાન ફેરવવાની ધમાલ અને પોતાના ઘરમાં આગ લાગી હોય ત્યારે જીવની સ્થિતિ મન પર કાબુ કેવો છે તે બતાવે છે. એ તો જાણે ઊભો ઊભો સળગી જાય છે. આવે વખતે સ્થિર પ્રકૃતિના માણસો ભવિતવ્યતાપર ખ્યાલ કરી જોયા કરે છે. જરૂરના પ્રસંગો પ્રાપ્ત થતાં પેટમાંથી પાણી પણ ન હાલે ત્યારે જાણવું કે આ જીવ હવે ઉચ્ચતર સ્થિતિ પ્રાપ્ત કરવાને લાયક થયો છે. વ્યવહારકુશળ માણસો આવું દૃઢ મન રાખી શકે છે પણ તેથી આ વિષયની કિંમત ઓછી થતી નથી; કારણ કે વ્યવહારકુશળ માણસો ધાર્મિક સદ્ગુણો તરફ ધ્યાન આપે છે ત્યારે ત્યાં પણ અદ્વિતીયપણે કામ કરી શકે છે. મનના સંકલ્પો જવા એ બહુ મુશ્કેલ છે અને ધ્યાનના પ્રથમ પાયામાં મનને સ્વચ્છ, સ્થિર, રાગદ્વેષરહિત કરવાનું કહ્યું છે. એ ભૂમિકા શુદ્ધ થયા પછી યોગ ક્રિયા થઇ શકે છે, અને તેટલા માટે યમ-નિયમ બતાવવામાં આવ્યા છે. મનને સ્થિર કરવું એ કોઈ પણ ગુણ પ્રાપ્ત કરવાનું પ્રથમ પગથીયું છે. એને તદ્દન કબજે કરવું અને પ્રભુભક્તિ કે ધ્યાનમાં જોડવું એ બહુ મુશ્કેલ છે પણ અશક્ય

નથી. મહાત્મા આનંદઘનજી તેટલાજ માટે કહી ગયા છે કે 'મન કેમે કરીને પ્રભુમાં બાઝતું નથી.'[૧]

શરૂઆતમાં મનમાંથી સંકલ્પો તદ્દન દૂર કરવા એ બનવું મુશ્કેલ છે, તેથી અભ્યાસ પાડવાની ઇચ્છાવાળાએ મનમાં જેવો માઠો સંકલ્પ આવે કે તેને દાબી દેવો; જેમ બાળકને લાત મારે છે તેમ તેને ચીમકી વગાડવી; છતાં મનના બંધારણ પ્રમાણે તે સંકલ્પ પાછો બેવડા જોરથી હલ્લો કરશે. જો તે વખતે વધારે દૃઢતા રાખવામાં આવે તો ધીમે ધીમે ટેવ પડવાથી મનપર અંકુશ આવતો જાય છે. બીજું મનના વિચારો સંજોગાનુસાર થાય છે માટે સંજોગો સારા કરી દેવા, પુષ્ક વિચાર કરીને નિર્ણયો કરવા અને પ્રબળ કારણો વગર તે નિર્ણયોને ફેરવવા નહિ. જરા અગવડ પડે તો પણ વિચારો વારંવાર બદલવા નહિ.

આ અધિકારમાં નીચેની હકીકત પર ધ્યાન ખેંચ્યું છે.

૧. મન વશ કરવાની જરૂર.
આના કારણોમાં મનનું ચંચળપણું અને વશ કર્યા પછી તેની શક્તિ તરફ ખાસ ધ્યાન ખેંચવામાં આવ્યું છે. (૧–૨–૪).

૨. મન વશ કવાનો ઉપદેશ.
ઉક્ત હકીકત વધારે સ્પષ્ટ કરી છે અને સાથે બીક પણ બતાવી છે કે મન વશ કરશો નહીં તો સંસારમાં રઝળશો. (૩)

૩. મનોનિગ્રહ વગર બહિઃક્રિયાનું નિષ્ફળપણું.
યમ, નિયમ, તપ, જ્ઞાન વિગેરે સર્વ ક્રિયા, જ્ઞાન અને વર્તન મનોનિગ્રહ વગર નકામાં છે એ ચાર શ્લોકથી બતાવ્યું છે (૫–૬–૭–૧૨).

૪. મનને વશ થવાથી સંસારમાં પાત.
ત્રણ દૃષ્ટાંતથી સ્પષ્ટ કર્યું છે તે ધ્યાનમાં લેવા જેવું છે. (૧૧)

૫. મનોનિગ્રહથી પરમ પુણ્ય (૧૩) મોક્ષ (૧૫) અને તે વગર વિદ્વત્તાની નિરર્થકતા (૧૪).

---

૧ શ્રી કુંથુનાથજીના આનંદઘનજીકૃત સ્તવનની પ્રથમ પંક્તિ.

ચોથા વિષયની બીજી બાજુ અત્ર નિર્દિષ્ટ થઇ છે.

૬. મનોનિગ્રહના ઉપાય.

જ્ઞાન, ચારિત્ર, ભાવના અને આત્મવિચારણા (૧૬).

આ છ વિષયો જુદાં જુદાં રૂપમાં નોટમાં સારી રીતે ચર્ચવામાં આવ્યા છે. બધી વાતનો સાર એ છે કે મનને મોકળું મૂકી દેવું નહીં.

હવે મનમાંથી સંકલ્પો દૂર કરવા અથવા સારા વિચાર કરવા તેની સાથેજ મનને શાંત રાખવું. દરિયામાં વારંવાર મોજાં આવે છે તેમ મનમાં પણ તરંગના ઉછાળા આવે છે. એ વખતે મનને સ્થિર રાખવું એ મોટો રાજયોગ છે. આ સંબંધમાં નીચેની કહેવત ઘરમાં સુવર્ણાક્ષરથી કોતરી રાખવા જેવી છે.

Under all Circumstances

KEEP AN EVEN MIND.

Take it,

Try it,

Walk with it,

Talk with it,

Lean on it,

Believe in it,

FOR EVER.

સર્વ સંજોગોમાં એક સરખું મન રાખવું.

આ શિક્ષા લ્યો,
તેને અજમાવો,
તેની સાથે ચાલો,
તેની સાથે વાત કરો,
તેના ઉપર આધાર રાખો,
તેમાં માન્યતા રાખો,

હંમેશાં.

આ જ રાજયોગ, આ જ સંસારનો પાર, આ જ મોક્ષપ્રાપ્તિનો ઉત્કૃષ્ટ ઉપાય. જરાયશોઠ આનાથી જ મોક્ષ જશે અને તંદુલ મત્સ્ય

આ નિયમ ભૂલવાથી જ સંસારમાં રઝળે છે. मन एव मनुष्याणां कारणं बंधमोक्षयोः એ નિયમ (૪) અને (૫) વિષયમાં બહુ સ્પષ્ટ લખ્યો છે તેથી અત્ર તેનું પુનરાવર્તન કરતા નથી.

ચિત્તદમન એ ઘણોજ અગત્યનો વિષય છે. તેનાથી કેટલો લાભ છે તે વાંચનારે જોયું હશે. મન સીધું હોય તો કરોડો વરસમાં જે કામ ન થઇ શકે તે એક ઘડીમાં થાય છે. આવા લાભાલાભનો વિચાર વાંચીને વિચારીને, મનોનિગ્રહ કરવાનો ઉપાય બતાવ્યો છે તે અજમાવવો. શુદ્ધવર્તન અને ભાવના ઉપર મન દોડાવવું. એકવાર લાઇનમાં પડી જવાશે એટલે પછી આગળ કેમ વધવું તે સુજી રહેશે. છેવટે 'मन साध्युं तेणे सघळुं साध्युं' એ આનંદઘનજી મહારાજના અનુભવ સૂત્રપર ફરી ધ્યાન ખેંચવામાં આવે છે.

इति सविवरणश्चित्तदमननामा नवमोऽधिकारः

अथ दशमो वैराग्योपदेशाधिकारः

मनोनिग्रह કરવાનાં સાધનો પૈકી ભાવનાનું તારતમ્ય કહ્યું. હવે મનને ભાવનાવાસિત કરવા માટે સંસાર કેવો છે, તેની સ્થિતિ કેવી છે, તેપર વિચાર ચલાવવાની જરૂર છે. તત્ત્વચિંતકોએ વિચાર કરી કહ્યું છે કે વિચાર કરતાં વૈરાગ્ય આવશે એટલે સંસારપરથી મન ઉઠી જશે. સંસારબંધને તોડનાર આ અધિકાર પણ બહુ ઉપયોગી છે અને તેના શ્લોકોપર જોઈતું વિવેચન કરવામાં આવ્યું છે. ખાસ વૈરાગ્યનો વિષય આ જમાનામાં કેટલો ઉપયોગી છે તે સંબંધમાં ઉપોદ્ઘાતમાં પુષ્કળ વિવેચન કરવામાં આવ્યું છે.

મૃત્યુનો ઘોર, તેનો જય અને તે પર વિચાર.

किं जीव माद्यसि हसस्ययमीहसेऽर्थान्,
कामांश्च खेलसि तथा कुतुकैरशंकः ।
चिक्षिप्सु घोरनरकावटकोटरे त्वा-
मभ्यापतल्लघु विभावय मृत्युरक्षः ॥ १ ॥
आलंबनं तव लवादिकुठारघाता-
श्छिंदंति जीविततरुं न हि यावदात्मन् ॥
तावद्यतस्व परिणामहिताय तस्मिं-
श्छिन्ने हि कः क्व च कथं भवतास्यतंत्रः[1] ॥ २ ॥

१ स्यतंत्रः स्थाने स्वतंत्रः इति वा पाठः त्वं कथं स्वायत्तः भविष्यसि इत्यर्थः

"અરે જીવ! તું શું જોઇને અહંકાર કરે છે? કેમ હસે છે? "પૈસા અને કામભોગોને શા માટે ઇચ્છે છે? અને શા ઉપર "નિઃશંક થઇને કુતુહળથી ખેલ કરે છે? કારણ કે નરકના ઊંડા "ખાડામાં ફેંકી દેવાની ઇચ્છાથી મૃત્યુરાક્ષસ તારી નજીક ઉતાવળો "આવતો જાય છે તેનો તું વિચાર કર." ૧.

"જ્યાં સુધીમાં લવ[1] વિગેરે કુહાડાના પ્રહારો તારા આધાર "રૂપ જીવન વૃક્ષનો છેદ કરે નહીં ત્યાં સુધીમાં હે આત્મન્! પરિ- "ણામે હિતને માટે યત્ન કર; તેનો છેદ થયા પછી તું પરતંત્ર થઇશ "એટલે પછી કોણ જાણે કોણ (શું) થઇશ અને કયાં થઇશ અને "કેવી રીતે થઇશ?" ૨. વસંતતિલકા.

વિવેચન–હવે વૈરાગ્ય અધિકાર શરૂ થાય છે. તેના સર્વ શ્લોકો હૃદયપર અસર કરનારા અને હૃદયને ઉદ્દેશીને લખેલા છે. તે બરાબર વાંચવા અને વિચારવા યોગ્ય છે. અરે ચેતન! તું બહુ ભૂલ્યો. જરા વિચાર; આ તું અહંકાર કરે છે, જરા જરામાં હસી પડે છે, ગમે તેવું લવે છે, વાંકોચુંકો ચાલે છે અને જાણે કે મારા જેવો આ પૃથ્વીપર બીજો કોઇ ડાહ્યો નથી એમ માની અભિમાનમાં લેવાતો જાય છે; પણ તારી સ્થિતિ કેટલી છે તે જોતો નથી, એ બહુ મોટા ખેદની વાત છે. તારે માથે મૃત્યુ ભમે છે ને તારા- પર જીત મેળવીને તને નરકમાં નાખવાની તદબીર રચ્યા કરે છે. તે સેતાનની તું સંભાળ લે. તું આમ નિઃશંક થઇને ફરે છે તે ઘટિત નથી. તું બરાબર વિચાર કર અને તારા શત્રુને ઓળખી રાખ કે જેથી તે તને વિશેષ નુકશાન કરી શકે નહીં.

વળી આમ કહેવાનું બીજું કારણ એ છે કે આ શરીર ધર્મ- કરણીમાં સાધનભૂત છે, પણ તે પ્રત્યેક સમયે, પ્રત્યેક કલાકે, પ્રત્યેક દિવસે ક્ષીણ થતું જાય છે, તેને કાળના સપાટા લાગે છે અને મૃત્યુ નજીક આવતું જાય છે. માટે એ શરીરના સાધનથી કાંઇ એવું કામ કરી લેવું જોઇએ કે જેથી પરિણામે આત્મહિત થાય; માણસ ઘણું ખરૂં તાત્કાળિક લાભ તરફ જુએ છે, પણ વાસ્તવિક રીતે પરિણામે થતા લાભ તરફ જોવું જોઇએ. એક સ્ત્રીપર બળાત્કાર

૧. કાળવિશેષ. બે ઘડીનો સત્તોતેરમો ભાગ.

કરનારને કદાચ પાંચ મિનિટ સુખ લાગે, પણ પછી દશ વરસ સુધી જેલજાત્રા કરવી પડે અથવા જીવન પર્યંત દેશપાર થવું પડે તેનું નામ સુખ નજ કહેવાય.[૧] આપણું કલ્પી લીધેલું સુખ ઉક્ત પ્રકારનું છે, માટે તે હકીકતનું સ્વરૂપ વારંવાર સમજી પરિણામ તરફ–લાંબી દૃષ્ટિએ–જોવાની ટેવ પાડવી. વધારે વિચાર કરવાથી જણાશે કે દાન, શીળ, તપ, ભાવ, સંયમ, ધૃતિ, કષાયત્યાગ વિગેરે આ કોટિમાં આવે છે, તેથી સુજ્ઞ માણસે તેના તરફ લક્ષ્ય આપવું.

આ પ્રમાણે જો તું નહિ કરે તોપણ આયુસ્થિતિ પૂરી થયે મૃત્યુ તો તેનો દોર તારા ઉપર ચલાવશે; અને પછી તું કઇ ગતિમાં જઇશ, ક્યા સ્થાનકે જઇશ, ત્યાં શું કરી શકવાને શક્તિમાન રહીશ, એ કાંઇ કહી શકાય નહિ; કારણ કે તારા હાથમાં તે વાત રહેશે નહિ. તું પરતંત્ર થઇ જઇશ. માટે જો સ્વતંત્ર રહેવા ઇચ્છા હોય તો પુરૂષાર્થવડે બધી તૈયારી મૃત્યુ પહેલાં કરી લેવી જોઇએ; મૃત્યુ એ વિભાવ દશા છે, પણ વિભાવ દશા એ સ્વભાવ થઇ પડી છે. સુજ્ઞનું કામ એ છે કે તેણે કદીપણ મરણથી ડરવું નહીં, કારણ કે વહેલા મોડા મરવું તો છે જ, તેમજ તેણે મૃત્યુની ઇચ્છા પણ રાખવી નહિ. સંસારથી કંટાળેલા અજ્ઞ પ્રાણીઓ મનમાં ઇચ્છે છે કે આના કરતાં મરી ગયા હોઇએ તો છુટકો થાય, પણ બિચારાને ખ્યાલ આવતો નથી કે મરણ પછી પણ ક્યાં પલંગ ઢાળી રાખ્યા છે? (અને ઢાળી રાખ્યા હોય તો તે કોને માટે?) એવી રીતે મરણથી ડરવું નહિ, મરણ ઇચ્છવું નહિ પણ તન માટે દરેક વખતે તૈયાર રહેવું. એટલે ધાર્મિક કાર્યો કરી જેમ પરગામ જવાનું ભાતું બાંધી રાખે છે તેમ તૈયાર રહેવું. આ પ્રમાણે કરનારને મૃત્યુસમયે દુઃખ થતું નથી, પશ્ચાત્તાપ કરવો પડતો નથી અને સમાધિમાં કાળ કરીને તે ઉચ્ચગતિ પ્રાપ્ત કરે છે. ૧૨૫. ૧૨૬.

આત્માની પુરૂષાર્થથી સિદ્ધિ.

त्वमेव मोग्धा मतिमान्[૨] त्वमात्मन्, नेष्टाप्यनेष्टा सुखदुःखयोस्त्वम् ।
दाता च भोक्ता च तयोस्त्वमेव, तच्चेष्टसे किं न यथा हिताप्तिः ॥ ३ ॥

૧ Sec. 376 Indian Penal Code. ૨ मनिता इति वा पाठः ज्ञाता इत्यर्थः

"હે આત્મન્! તું જ મુગ્ધ (અજ્ઞાની) છે અને તું જ જાણકાર "છે; સુખની વાંછા કરનાર અને દુઃખનો દ્વેષ કરનાર પણ તું જ "છે અને સુખ દુઃખને દેનાર અને ભોગવનાર પણ તું જ છે; ત્યારે તને "પોતાને હિતની પ્રાપ્તિ થાય તેવો પ્રયાસ શામાટે કરતો નથી?" ૩ ઉપન્નતિ.

વિવેચન–ઉપરના શ્લોકમાં યત્ન કરવા ભલામણ કરી, પણ શિષ્ય શંકા કરે છે કે યત્ન તો દૈવાધીન છે, માટે અમારે કેવી રીતે પરિણામહિત માટે યત્ન કરવો? તેને ગુરૂ કહે છે કે હે શિષ્ય! આ આત્માજ અજ્ઞાની છે અને જ્ઞાની છે એટલે જ્યાંસુધી તેને જ્ઞાનાવરણીય કર્મો લાગેલાં છે ત્યાંસુધી તે અજ્ઞાની છે અને તે ખસેડી નાંખવાથી જ્ઞાની થાય છે. સુખને તે પસંદ કરે છે અને સર્વ સંજોગોમાં દુઃખને તે ધિક્કારે છે. તે સુખદુઃખને પેદા કરનાર પણ પોતેજ છે. કારણ કે સુખદુઃખની પ્રાપ્તિ કર્મબંધપર આધાર રાખે છે. આ હકીકત બતાવે છે કે કર્યાં કર્મો ભોગવ્યાં વિના છુટકો નથી. આ વિચારથી સમજવાનું એમ નથી કે નિરાંતે કર્મપર નજર રાખી બેસી રહેવું; આ વિચારનું પરિણામ એ હોવું જોઇએ કે નવાં કર્મો ન કરવાં અને પૂર્વે કરેલાં કર્મો આત્માથી છુટાં પડે (નિર્જરા થાય) એવા પ્રકારનો પ્રયાસ કરવો.

કેટલાકો ધારે છે કે જૈનીઓ કર્મવાદી છે પણ તેમ નથી. પ્રાણીએ પુરૂષાર્થ કરવો અને તેમાં ફતેહ ન થાય તો સમજવું કે 'કર્મ અનુકૂળ નથી.' આ જૈનશાસ્ત્રનો મુખ્ય સિદ્ધાંત છે, પણ લોકો તે ભૂલી જવા લાગ્યા છે અને ભૂલથી જૈનને કર્મવાદી માનવા લાગ્યા છે. જો તેઓ કેવળ કર્મવાદી હોય તો કદી પણ મોક્ષ જઇ શકે નહિ અને વ્રતાદિક અનુષ્ઠાનોનું ફરમાન પણ પુરૂષાર્થને અંગેજ છે. કર્મને વશ પડેલો જીવ કેવળ કર્મવાદના હઠથી મુક્ત થઇ શકેજ નહિ, કારણકે કર્મની પ્રચૂરતા હોય તો તેનો નાશ થઇ શકે નહિ. પુરૂષાર્થ વગર સર્વથા કર્મક્ષય થવો અસંભવિત છે. મુનિ સુંદરસૂરિ મહારાજ તેટલા માટે પ્રબળ પુરૂષાર્થ ફોરવવાની ભલામણ કરે છે. ટીકાકાર ઉત્તરાધ્યયન સૂત્રનો પાઠ ટાંકીને બતાવે છે કે–

अप्पा नइ वेयरणी, अप्पा मे कूडसामली ।
अप्पा कामदुहा धेणू, अप्पा मे नंदणंवनम् ॥

'મારો આત્મા વૈતરણી નદી છે અને તેજ શાલ્મલી વૃક્ષ છે, વળી તેજ કામદુધા ગાય છે અને તેજ નંદનવન છે.' સારા સંજોગો નિષ્પન્ન કરવાની શક્તિ ધરાવનાર મહાન્ આત્માઓનાં ચરિત્ર જગદ્વિખ્યાત છે. ૧૨૭.

લોકરંજન અને આત્મરંજન.

कस्ते निरंजन चिरं जनरंजनेन,
धीमन्! गुणोऽस्ति परमार्थदृशेति पश्य।
तं रंजयाशु विशदैश्चरितैर्भवाब्धौ,
यस्त्वां पतंतमबलं परिपातुमीष्टे ॥ ४ ॥

"હે નિર્લેપ! હે બુદ્ધિમાન! લાંબા વખત સુધી જનરંજન "કરવાથી તને કયો ગુણ થશે તે પરમાર્થદૃષ્ટિથી જો; અને વિશુદ્ધ "આચરણ વડે તું તો તેનું (ધર્મનું) રંજન કર કે જે બળ વગરના "તારા આત્માનું સંસારસમુદ્રમાં પડતાં રક્ષણ કરવાને શક્તિ-"માન હોય." ૪. વસંતતિલકા.

વિવેચન–તારે સારાં સારાં કપડાં પહેરી કે મીઠાં મીઠાં ભાષણો કરી લોકોને રીઝવવાનો નકામો ઠઠારો શા માટે કરવો પડે છે? વળી તારે સંસારમાં મસ્ત રહી વૈરાગી હોવાનો દંભ કોને માટે કરવો પડે છે? તું જરા વિચાર કર કે તને તેથી જરા પણ ગુણ છે? જેઓ જરા વિચારણા કરે છે તેઓ તો તુરત સમજી શકે છે કે જનરંજન નકામું છે. ત્યારે કરવું શું? એવા પ્રકારનું રંજન કરવું કે જેથી આવતો ભવ સુધરે અને અત્યારે પણ આત્મા પ્રસન્ન થાય. આ ઉપાયનો સમાવેશ આડંબર રહિત ધર્મ કરવામાં સમાય છે, એટલે કે શુદ્ધ વર્તન, ફરજનું યથાસ્થિત ભાન તેમજ ઉચ્ચ દશા પ્રાપ્ત કરવાનાં સાધન રૂપ દાન, શીળ, તપ, ભાવ, ધ્યાન, ધૃતિ, દયા, સત્ય વિગેરેનું આચરણ કરવામાં સમાય છે. આવાં રંજનથી સર્વ પ્રકારનો લાભ થાય છે એમ મન કબૂલ કરશે.

શ્રીમદ્યશોવિજયજી મહારાજ શ્રીમલ્લીનાથજીના સ્તવનમાં કહે છે કે રંજન બે પ્રકારનાં છે. એક લોકરંજન અને બીજું લોકો-

ત્તર રંજન. આ બેમાં શું કરવા યોગ્ય છે? ભરત ચક્રવર્તીના મનમાં પણ આજ સવાલ થયો હતો. ચક્રરત્નની પ્રથમ પૂજા કરવી કે પિતાશ્રીનો કેવળજ્ઞાનમહોત્સવ પ્રથમ કરવો? આવા પરસ્પર ધુંચવાળા સવાલો (questions of relative duties) દુનિયામાં આપણને ઘણીવાર મુંઝવે છે. ઉપાધ્યાયજી તો કહી ગયા છે કે 'રીઝ-વવો એક સાંઈ, લોક તે વાત કરેરી' 'લોકો ગમે તેમ વાતો કરે પણ આપણે તો સાંઇને–પ્રભુને રીઝવવો છે' એટલે કે લોકોત્તર રંજન કરવું છે. આવી રીતે જ્યારે મનનું વલણ થાય ત્યારે આત્મા સિદ્ધિ સન્મુખ થઇ જાય છે.

આ જમાનામાં દેખાવ કરવાનું કામ વધતું જાય છે. જે શ્રાવકો શ્રાવક ધર્મના આચારનો દેખાવ માત્ર કરે છે તેમને અત્ર ઉપદેશ છે તેવીજ રીતે યતિ ગોરજી અને સાધુને પણ ઉપદેશ છે. લોકોને દેખાડવા ઓઘો મુહપત્તિ રાખવા અને મોટાં મોટાં વ્યાખ્યાનો આપવાં અને પ્રચ્છન્નપણે ગમે તેવી આચરણા કરવી તે પેટ ભરા-પણું અથવા નરકગામીપણું બતાવે છે. બધી વાતનું તાત્પર્ય એ છે કે હાથીની જેમ બે પ્રકારના દાંત રાખવા નહિ. લોકોને દેખાડવાનું વર્તન જુદું અને વાસ્તવિક વર્તન જુદું એમ ન રાખવું, દંભ દૂર કરવો. સાધુ શ્રાવક તરીકે ઓળખાતા દરેકે આ શ્લોક વિચારવા જેવો છે.

'સમ્યક્ત્વવાળા અથવા વિરતિવાળા પ્રાણીને ભાવી નિર્લેપતાથી નિર્લેપ એવી રીતે સંબોધી શકાય; તેથીજ શ્લોકમાં નિરંજન એવું સંબોધન આપ્યું છે અને કોમળ આમંત્રણે બોલાવવાથી જીવનું મન પ્રસન્ન થાય છે અને સાંભળવા તત્પર બને છે, તેટલા માટે બુદ્ધિ-માન્ એવું સંબોધન આપ્યું છે.' (ટીકાકાર) ૧૨૮.

મદત્યાગ અને શુદ્ધ વાસના.

विद्वानहं सकललाब्धिरहं नृपोऽहं,
दाताहमद्भुतगुणोऽहमहं गरीयान्।
इत्याद्यहंकृतिवशात्परितोषमेषि,
नो वेत्सि किं परभवे लघुतां भवित्रीम् ॥ ५ ॥

"હું વિદ્વાન છું, હું સર્વ લબ્ધિવાળો છું, હું રાજા છું, હું દાનેશ્વરી "છું, હું અદ્‌ભુત ગુણવાળો છું, હું મોટો છું. આવા આવા અહંકારને "વશ થઈને તું સંતોષ પામે છે; પણ પરભવમાં થનારી લઘુતા શું "તું જાણતો નથી ?" ૫. વસંતતિલકા.

ભાવાર્થ-'સર્વ લબ્ધિ એટલે પંડિતપદપ્રાપ્તિ અથવા ધન, ધાન્ય, વસ્ત્ર, પાત્ર, વ્રતપ્રાપ્તિ; અથવા આમર્ષ ઔષધિ વિગેરે લબ્ધિની પ્રાપ્તિ.' (ટીકાકાર)

આ જીવને દરેક બાબતમાં હું અને હુંનીજ વાત છે. એને નથી દુનિયાના નિયમનું ભાન કે નથી કર્મના સિદ્ધાંતનું ભાન. એ તો જરા સારૂં કામ થશે કે મેં કર્યું એમ કહી ઝુકાવી પડશે અને જો બરાબર ન થયું તો કર્મ વિગેરેને ઠપકો આપશે. આ અહંભાવ એજ સંસાર છે અને તેટલા માટેજ ઉપાધ્યાયજી મહારાજ લખે છે કે 'અહં અને મમ એ મંત્ર જગત્‌ને અંધ કરનાર છે.' આ અહંભાવ મટાડવો એ બહુ અગત્યનું કામ છે. જેઓ ચાલુ જમાનાના મોહક પ્રવાહમાં ફસાઈ આ મોટા દુર્ગુણ (પણ જમાનાએ માનેલા સદ્‌ગુણ)માં ફસી પડે છે તેઓ બન્ને ભવ બગાડે છે. આ ભવમાં હમેશાં અસંતોષ રહ્યા કરે છે, કારણ કે દરેક વાત પોતાની ધારી થતી નથી અને શાસ્ત્રકાર કહે છે કે આવતા ભવમાં અહંકૃતિ કરેલી બાબતમાંજ હીનતા પ્રાપ્ત થાય છે. શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય મહારાજ યોગશાસ્ત્રમાં લખે છે કે-

जातिलाभकुलैश्वर्यबलरूपतपःश्रुतैः ।
कुर्वन् मदं पुनस्तानि हीनानि लभते जनः ॥

જાતિ, લાભ, કુળ, ઐશ્વર્ય, બળ, રૂપ, તપ અને જ્ઞાનનો મદ કરવાથી પ્રાણી તેજ બાબતમાં હીન થાય છે. (આ સંબંધી વિશેષ હકીકત સાતમા કષાય અધિકારમાંથી મળશે.) અને બાકી તો રાવણ, બાહુબળ, સ્થૂળિભદ્ર, સનત્‌કુમાર વિગેરેનાં દૃષ્ટાંતો પ્રસિદ્ધ છે. ૧૨૯.

તને મળેલી જોગવાઈ.

वेत्सि स्वरूपफलसाधनबाधनानि,
धर्मस्य, तं प्रभवसि स्ववशश्च कर्तुम् ।

तस्मिन् यतस्व मतिमन्नधुनेत्यमुत्र,
किंचित्क्वया हि न हि सेत्स्यति भोत्स्यते वा ॥ ६ ॥

"તું ધર્મનું સ્વરૂપ, ફળ, સાધન અને બાધક જાણે છે અને "તું સ્વતંત્ર હોઈને ધર્મ કરવાને સમર્થ છે. તે માટે તું હમણાં જ "(આ ભવમાં જ) તે કરવા યત્ન કર; કારણ કે આવતા ભવમાં "તારાથી કોઈપણ સિદ્ધ થઈ શકશે નહિ અથવા જાણી શકાશે "નહિ." ૬. વસંતતિલકા.

વિવેચન-ધર્મનું સ્વરૂપ-શ્રાવક ધર્મ અથવા સાધુધર્મનું સ્વરૂપ.

ધર્મનું ફળ-પરંપરાએ મોક્ષ અને તાત્કાળિક નિર્જરા અથવા પુણ્યપ્રાપ્તિ.

સાધન-ચાર અનુયોગ, અનુકૂળ, દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવ વિગેરે. અથવા ચાર વસ્તુઓ મળવી બહુ દુર્લભ છે. મનુષ્યપણું, ધર્મશ્રુતિ, શ્રદ્ધા અને સંયમમાં વીર્ય.

બાધક-કુજન્મ, કુક્ષેત્ર, પ્રતિકુળ દ્રવ્ય, પ્રમાદ વિગેરે.

આ સર્વ તું જાણે છે, એટલે તને ધર્મનાં સાધન અને અંતરાયની બબર છે, તેમજ તેનું સ્વરૂપ અને તે કરનારને ફળ શું મળે છે તે પણ જાણે છે. વળી તું સ્વતંત્ર છો. જ્યારે પરમાધામીને વશ થઈશ ત્યારે તો તારાથી કાંઈ બની શકશે નહીં, પરંતુ અત્યારે તો તારે ઘણી સારી જોગવાઈ પ્રાપ્ત થઈ છે કે જે બીજે મળી શકે તેમ નથી. આવો આર્ય દેશ, ગુરૂની સતત જોગવાઈ, સિદ્ધક્ષેત્ર (શત્રુંજય)ની સાંનિધ્ય, રાજકર્તાની ધર્મ સંબંધમાં સર્વ પ્રકારની છૂટ અને લોકોમાં ધર્મનો પુનરૂદ્ધાર કરવાની ઇચ્છા-આ સર્વ સામાન્ય જોગવાઈ અને તે ઉપરાંત શરીરસંપત્તિ, વિદ્યાભ્યાસ, ધર્મરૂચિ વિગેરે તને જે ખાસ લાભો મળ્યા હોય તે સમજી લઈને આજ ભવમાં કાંઈ કર. જેમ વ્યવહારમાં નામ કાઢવાની બરજ આવે છે તેમ ધર્મમાં નામ કાઢવાની બરજ આવે તેમ કર. તારાં પોતાનાં આત્મહિત માટે, તારી કોમ માટે, તારા દેશ માટે, મનુષ્યસમૂહ માટે, આખી સૃષ્ટિ માટે તારાથી બને તે કર. કાંઇ ન બને તો તું જે સંજોગોમાં મૂકાયલો હો તેમાં ઉત્તમ રીતે તારો પાઠ ભજવ. તું આવતા ભવ

ઉપર આધાર રાખતો હો તો તારી ભૂલ છે, કારણકે ત્યાં તને આવી જોગવાઈ મળશે કે નહિ એ કહી શકાય નહિ અને વળી તારી જવાબદારી કે ફરજ શું છે તેનું જ્ઞાન અને વિવેક રહેશે કે નહિ તે પણ કહી શકાય નહિ. માટે આ સારી જોગવાઇનો લાભ લેવા તું યત્ન કર. ચિદાનંદજી મહારાજ બરાબર એજ મતલબનું જ્ઞાન રેડે છે—

ચેતન ચાર ગતિમાં નિશ્ચે, મોક્ષદ્વાર એ કાયારે,
કરત કામના[૧] સુરપણ યાકી[૨], જીનકું અનર્ગલ[૩] માયારે,
પૂરવ પુણ્ય ઉદય કરી ચેતન, નીકા નરભવ પાયારે.
રોહણગિરિ[૪] જીમ રતનખાણ તિમ, ગુણ સહુ યામે સમાયારે,
મહિમા મુખથી વરણત જાકી, સુરપતિ[૫] મન શંકાયારે ॥પુરવ૦
યા તનવિણ તિહુ કાલ કહો કિન, સાચા સુખ નિપજાયારે,
અવસર પાય ન ચૂક[૬] ચિદાનંદ, સતગુરુ યું દરસાયારે[૭] ॥પુરવ૦ ૧૩૦

ધર્મ કરવાની આવશ્યકતા, તેથી થતો દુઃખક્ષય.

धर्मस्यावसरोऽस्ति पुद्गलपरावर्तैरनंतैस्तवा-
यातः संप्रति जीव हे प्रसहतो दुःखान्यनंतान्ययम् ।
स्वल्पाहः पुनरेष दुर्लभतमश्चास्मिन् यतस्वार्हतो,
धर्मं कर्तुमिमं विना हि न हि ते दुःखक्षयः कर्हिचित् ॥७॥

"હે ચેતન! બહુ પ્રકારે અનેક દુઃખો સહન કરતાં કરતાં "અનંતા પુદ્ગલ પરાવર્તન કર્યા પછી હાલમાં તને આ ધર્મ કર- "વાનો અવસર પ્રાપ્ત થયો છે; તે પણ થોડા દિવસ ચાલશે, અને "ફરી ફરીને તેવો અવસર મળવો મહા મુશ્કેલ છે; માટે ધર્મ "કરવામાં ઉદ્યમ કર. આ વગર તારાં દુઃખનો કદી પણ અંત "થશે નહિ." ૭ શાર્દૂલવિક્રીડિત.

વિવેચન–અનંત દુઃખ ખમતાં અને અનંતકાળ ગયા પછી કુદરતી રીતે નદીના પ્રવાહમાં અથડાઇ અથડાઇને ગોળ થતાં

૧ અભિલાષા. ૨ મનુષ્યકાયાની. ૩ અમાપ. ૪ રત્નગિરિ. ૫ ઇંદ્ર.
૬ ભૂલ. ૭ બતાવ્યું.

પાષાણના ન્યાયથી આ જીવ મનુષ્યભવ પામે છે. એની દુર્લભતા કેટલી છે તે ઉપર સમજાઈ ગયું છે. એ મનુષ્યભવ પણ વળી બહુ થોડો વખત ચાલે છે. આ જમાનામાં મનુષ્યનું ઉત્કૃષ્ટ ૧૦૦ વરસનું આયુષ્ય ગણીએ તો તેમાંથી પ્રથમના ૨૦ અને પછવાડેના ૩૦ વરસ તો લગભગ નકામાં છે. બાળપણામાં અજ્ઞતા અને વૃદ્ધાવસ્થામાં અશક્તિ આ વરસોને નકામાં બનાવે છે. બાકીના મધ્યના વખતમાં બને તે કર. ફરી ફરીને આવી જોગવાઈ મળશે નહીં. જો અત્યારે ભૂલ્યો તો પાછો ફરીને જલદી ઠેકાણે પડીશ નહીં. ધર્મ વગરનું જીવન એ નકામું જીવન જ છે. ધર્મ વગર દુઃખનો નાશ થયો નથી અને ધર્મપ્રાપ્તિ મોટે ભાગે મનુષ્યભવમાં જ થઇ શકે છે તેથી આ અવસરનો લાભ લેવા કહ્યું છે.

અનંતકાળનું સ્વરૂપ ચોથા કર્મ ગ્રંથથી જાણી લેવું.

* પુદ્ગળ પરાવર્તનનું સ્વરૂપ જાણવા જેવું છે. તેના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી પ્રત્યેકના બાદર અને સૂક્ષ્મ ભેદ કરતાં આઠ પ્રકાર થાય છે.

ઔદારિક, વૈક્રિય, તેજસ, કાર્મણ, ભાષા, શ્વાસોશ્વાસ અને મનોવર્ગણાપણે ચૌદ રાજલોકના સર્વ પુદ્ગળો પરિણમાવે એટલે પ્રત્યેક વર્ગણારૂપે દરેક પુદ્ગળ પરમાણુ પરિણમાવે ત્યારે **દ્રવ્યથી બાદર પુદ્ગળ પરાવર્તન** થાય. (કોઇક આચાર્યો પ્રથમની ચાર વર્ગણા રૂપે સર્વ પુદ્ગળ પરિણમાવવાનું કહે છે.) એજ પુદ્ગળ પરમાણુને પ્રથમ ઔદારિક વર્ગણારૂપે ભોગવે, ત્યારપછી અનુક્રમે વૈક્રિય વર્ગણારૂપે ભોગવે, યાવત્ મનોવર્ગણારૂપે ભોગવે, તેમાં એક પરમાણુને ઔદારિક તરીકે ભોગવ્યા પછી, વચ્ચે વૈક્રિયાદિરૂપે ગમે તેટલા ભોગવે તે ગણવા નહિ. એવી રીતે અનુક્રમે સાતે વર્ગણા-પણે સર્વ પુદ્ગળો ભોગવાય ત્યારે **દ્રવ્યથી સૂક્ષ્મ પુદ્ગળ પરા-વર્તન** થાય છે.

* આ વિષય વધારે પારિભાષિક (technical) છે. એ બરાબર સમજવા માટે ગુરૂગમની જરૂર પડશે.

લોકાકાશના અસંખ્ય પ્રદેશો છે, તે દરેક પ્રદેશને મરણથી સ્પર્શે ત્યારે **ક્ષેત્રથી બાદર પુદ્ગળ પરાવર્તન** થાય છે અને લોકાકાશના સર્વ પ્રદેશોને ક્રમસર એક પછી એક પ્રદેશે સ્પર્શી મરણ પામે એમ સર્વ પ્રદેશોનો અનુક્રમે સ્પર્શ થાય ત્યારે **ક્ષેત્રથી સૂક્ષ્મ પુદ્ગળ પરાવર્તન** થાય છે. આમાં એટલું ધ્યાનમાં રાખવાનું છે કે કોઈ પણ એક પ્રદેશે મરણ થયા પછી તેના અનંતર પ્રદેશે મરણ થાય તે જ પ્રદેશ ગણવો, બાકી અન્ય પ્રદેશોએ વચ્ચેના વખતમાં ગમે તેટલાં મરણ થાય તે પ્રદેશો ગણવા નહીં.

ઉત્સર્પિણી અને અવસર્પિણીના સર્વ સમયો આડાઅવળા મરણથી સ્પર્શે ત્યારે **કાળથી બાદર પુદ્ગળ પરાવર્તન** થાય છે અને ઉપર બતાવેલી રીત પ્રમાણે એક કાળચક્રના પ્રત્યેક સમયને અનુક્રમે મરણવડે સ્પર્શે ત્યારે **કાળથી સૂક્ષ્મ પુદ્ગળ પરાવર્તન** થાય છે. એમાં ઉત્સર્પિણીમાં પ્રથમ સમયે કાળ કર્યા પછી તેના પછીનાજ બીજા સમયે બીજી કોઇ પણ ઉત્સર્પિણીમાં કાળ કરે તેજ ગણાય છે, વચ્ચેના મરણસમયો ગણાતા નથી.

કષાયના કારણથી જે અધ્યવસાય થાય તેને લીધે કર્મબંધ થાય છે. એ કર્મબંધમાં બહુ તરતમતા હોય છે. કષાય મંદ કે તીવ્ર હોય તેમ કર્મના અનુબંધમાં ફેર પડે છે. એનાં અસંખ્ય સ્થાનો છે અને તેથી અનુબંધસ્થાન પણ અસંખ્ય છે. પ્રાણીને જેવી જેવી જુદી જુદી વાસના તેટલા તેટલા જુદા જુદા અધ્યવસાય થાય છે અને તે પ્રત્યેકમાં તરતમતા હોય છે તેથી પ્રત્યેકનું સ્થાન જુદું પડે છે. એ અનુબંધસ્થાન અસંખ્ય સમજવા; એ સર્વ અધ્યવસાય સ્થાનક આગળ પાછળ ફરસીને પૂરા કરે ત્યારે **દ્રવ્યથી બાદર પુદ્ગળ પરાવર્તન** થાય છે; અને પ્રથમ અલ્પ કષાયોદયરુપ અધ્યવસાયે છતો મરણ પામે, તે વાર પછી બીજા ગમે તેવા સ્થાનકોએ મરણ પામે તે ગણાય નહિ, પણ ત્યાર પછી તેની અનંતર અધ્યવસાય સ્થાનકે મરણ પામે તેજ ગણાય. એવી રીતે સર્વ અધ્યવસાયસ્થાનકોએ અનુક્રમ પ્રમાણે ચાલતો કાળ કરે ત્યારે **ભાવથી સૂક્ષ્મ પુદ્ગળ પરાવર્તન** થાય છે.

આ સ્વરૂપમાં બાદર પુદ્ગળ પરાવર્તનના ચાર ભેદ કહ્યા છે તે જરા ઠીક લાગશે, કારણ કે એમાં બહુ ઓછા ભવો કરવા પડે

છે (પ્રમાણમાં), પરંતુ શાસ્ત્રકાર કહે છે કે એ બાદરના ચાર ભેદ તો સમજવા માટેજ બતાવ્યા છે, તેનો બીજો ઉપયોગ નથી. એ સમજવાથી સૂક્ષ્મ ભેદ ગ્રાહ્યમાં આવે તેથીજ બતાવ્યા છે, બાકી આ જીવે જે અનંત પુદ્ગળ પરાવર્તન કર્યા અને હજુ કરશે તે તો સૂક્ષ્મ સમજવા.

હે જીવ! આ સ્વરૂપ વાંચીને વિચારતાં આંખો ઓડે આવશે. આવાં અનંત પુદ્ગળ પરાવર્તન તેં કર્યાં છે અને જો ધર્મ નહીં કરે તો તેવા અનંતા પુદ્ગળ પરાવર્તન સુધી હજુ રખડવું પડશે. પણ ન રખડવું એ તારા હાથની બાજીનો ખેલ છે. માટે ઉઠ, પ્રમાદ ત્યાગ કર, ધર્મ કર અને ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કર. ૧૩૧.

અધિકારી થવા યત્ન કર.

गुणस्तुतीर्वांछसि निर्गुणोऽपि, सुखप्रतिष्ठादि विनापि पुण्यम् ॥
अष्टांगयोगं च विनापि सिद्धीर्वांतूलता कापि नवा तवात्मन् ॥८॥

"તારામાં ગુણ નથી તો પણ તું ગુણની પ્રશંસા થતી સાંભળવા ઇચ્છે છે. પુણ્ય વગર સુખ અને આબરૂ ઇચ્છે છે તેમજ "અષ્ટાંગ યોગ વગર સિદ્ધિઓની * વાંછા રાખે છે. તારૂં વાયડાપણું "તો કોઇ વિચિત્ર લાગે છે!" ૮. ઉપજાતિ.

ભાવાર્થ—આની એક એવી ટેવ પડી ગઇ છે કે પોતાનામાં ન હોય તે ગુણો હોવાનો ફાંકો રાખવો. ગુણ વગર તે હોવાનો દાવો કરવો અથવા તે ગુણો હોવાની સ્તુતિ થવાની ઇચ્છા રાખવી એ મૂર્ખાઇ છે. તેવીજ રીતે પુણ્ય વગર શેઠીઆ થઈને ગાડીમાં ફરવાની કે માન પ્રતિષ્ઠા મેળવવાની ઇચ્છા રાખવી તે ગેરવાજબી છે. દુનિયાના ભાગ્યશાળી પ્રાણીઓ તેં નથી જોયા કે જેઓ જન્મે ત્યારથી તે મરે ત્યાંસુધી દુઃખનો ખ્યાલ પણ કરી શકતા નથી. શ્રેણીક નામના રાજાને કરિયાણું ધારી 'શ્રેણીકને વખારે નાખો' એમ કહેનાર શાળિભદ્ર કેવા સુખી હશે! પણ પુણ્ય કર્યા વગર એવા સુખની આશા રાખવી એ મૂર્ખાઇ છે. વૃક્ષ વાવ્યા શિવાય ફળની

* અણિમા વિગેરે આઠ સિદ્ધિઓ છે. જુઓ ધર્મરત્ન પ્રકરણ પ્રથમ ભાગ.

આશા રાખવી વ્યર્થ છે. વળી આ જીવ એવી વાંચ્છાઓ નિરંતર કર્યા કરે છે તે અનુભવસિદ્ધ હકીકત છે પણ કારણ સેવ્યા વગર કાર્યને ઇચ્છવું તે તદ્દન મૂર્ખ ખેલ છે. સુખને નિરંતર ઇચ્છવું અને તેના કારણભૂત ધર્મને ન કરવો તે મૂર્ખાઇ નહીં તો બીજું શું? એને સુખ ક્યાંથી મળી શકે? તેવીજ રીતે યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણા અને સમાધિ એ અષ્ટાંગ યોગ (જેનાં સ્વરૂપ માટે જુઓ યોગશાસ્ત્ર) વગર સિદ્ધિઓ મેળવવાની આશા રાખવી એ મૂર્ખાઇ છે.

વાતનો સાર એ છે કે દરેક બાબતમાં હોંશ કરવાને બદલે તેના અધિકારી થવું જોઇએ. લક્ષ્મી એ દાસી છે અને તેના અધિકારી પાસે તે તદ્દન સહેલાઇથી આવે છે. જેમ ઉપરની ત્રણે બાબતની પ્રયાસ વગર ફોગટ વાંછા કરવી એ મૂર્ખાઇ છે તેવીજ રીતે ધર્મ કર્યા વગર દુઃખક્ષયની આશા રાખવી એ પણ વાયડાપણું છે; એવું કદી બનતુંજ નથી. અધિકારી થયા વગર વાંછા ન કરવી એ સામાન્ય નિયમ છે અને તે ઝીણી તથા મોટી દરેક બાબતમાં લાગુ પડે છે. ૧૩૨.

પુણ્યાભાવે પરાભવ અને પુણ્યસાધનનું કરણીયપણું.

पदे पदे जीव पराभिभूतीः, पश्यन् किमीर्ष्यस्यधमः परेभ्यः ।
अपुण्यमात्मानमवैषि किं न, तनोषि किं वा न हि पुण्यमेव ॥ ९ ॥

"હે જીવ! પારકાએ કરેલ પોતાનો પરાભવ જોઇને તું અધમ-
"પણે બીજાઓ તરફ શામાટે ઇર્ષા કરે છે? તારા પોતાના
"આત્માને નિષ્પુણ્યક (અપુણીઓ) કેમ સમજતો નથી? અથવા
"પુણ્ય કેમ કરતો નથી?" ૯. ઉપજાતિ.

ભાવાર્થ–પોતાપણાનું માન (self-respect) નામનો કહેવાતો સદ્‌ગુણ પણ અહંકારની કોટિમાંજ આવે છે. જ્યારે જીવ કોઇ ઠેકાણે પરાભવ પામે છે ત્યારે પરાભવ કરનારની ઇર્ષા કરે છે અથવા તેના પર ગુસ્સે થાય છે; પણ પોતાનો આત્મા પરાભવ પામવાનો અધિકારી શા માટે થયો તેનો વિચાર કરતો નથી. જરા વિચાર કરીશ તો સમજશે કે પરાભવ પાપથી થાય છે અને તારો પોતાનો

આત્મા અપુણીઓ છે તેથીજ તને પરાભવ પ્રાપ્ત થયો છે. માટે તારે બીજાની ઇર્ષા કરવી તે અયોગ્ય છે. માત્ર સન્માન મેળવવા માટે પુણ્ય કરવું એવો અત્ર ઉદ્દેશ નથી પણ કોઇનાથી પરાભવ થાય તે પ્રસંગે આર્ત્તરૌદ્રધ્યાન ન કરવાનો અને અચુકપણે પુણ્યાનુબંધી પુણ્યના હેતુભૂત વિશેષ ધર્મ કરવાનો ઉપદેશ છે. ૧૩૩.

પાપથી દુઃખ અને તેનું ત્યાજ્યપણું.

किमर्दयन्निर्दयमंगिनो लघून्, विचेष्टसे कर्मसु ही प्रमादतः[1] ।
यदेकशोऽप्यन्यकृतार्दनः सहत्यनंतशोऽप्यंग्ययमर्दनं भवे ॥ १० ॥

"તું પ્રમાદથી નાના જીવોને પીડા આપવાના કર્મમાં નિર્દય-
"પણે શું કામ પ્રવૃત્તિ કરે છે? પ્રાણી બીજાને જે પીડા એકવાર પણ
"નીપજાવે છે તેજ પીડા ભવાંતરમાં તે અનંતવાર પામે છે." ૧૦.
વંશસ્થવિલ.

ભાવાર્થ–ઉપરના બે શ્લોકમાં પુણ્ય કરવાનો ઉપદેશ આપ્યો અને તેને આદરવાથી લાભ છે એ બતાવ્યું; હવે પાપનું ત્યાજ્યપણું બતાવે છે. પાપ કરતી વખતજ જાણે મન પ્રથમ તો પાછું હઠે છે, પણ ઘણા કાળના પડી ગયેલા સ્વભાવને લીધે પાછું તે માઠા વિકારને વશ થઇ જાય છે. ખૂન કરનારને એક વખત અટકવાનું મન થાય છે, તેવીજ રીતે પરસ્ત્રી સેવનારને પણ થાય છે. આવી રીતે આત્માની શુદ્ધ સ્થિતિનો ભાવ દેખાય છે; પણ તેના ઉપર ત્યાર પછી મનોવિકારના તુરંગો ઉઠે છે એટલે શુદ્ધ ખ્યાલ (Consceince)નાશ પામી જાય છે અને પાપ સેવાય છે. હવે આવી રીતે પાપ સેવનારને પરભવમાં ઘણું વેઠવું પડે છે. શાસ્ત્રકાર કહે છે કે બીજાને જે પ્રકારની પીડા નીપજાવી હોય તેનાથી આકરી પીડા તે નીપજાવનારને અનેકવાર સહન કરવી પડે છે. વીર પરમાત્માના હસ્તદીક્ષિત શિષ્ય ધર્મદાસ ગણીજી કહે છે કે—

वहमारण अब्भक्खाण दाण परधण विलोवणाईणं ।
सव्व जहण्णो उदओ, दसगुणिओ इक्कसि कयाणं ॥

---

१ प्रमादतः ને બદલે ક્વચિત્ प्रमोदतः પાઠ છે તે પણ સારો અર્થ આપે છે.

तीव्वयरे उ पओसे, सयगुणिओ सयसहस्स कोडिगुणो ।
कोडाकोडिगुणो वा, हुज्ज विवागो बहुतरो वा ॥

અર્થ–'લાકડી વિગેરેનો પ્રહાર કરવો, પ્રાણવ્યપરોપણ કરવું, જુઠું કલંક દેવું અને પરધનનું હરણ કરવું. વિગેરે એકવાર કર્યાનો જઘન્ય ઉદય પણ દશ વખત તો થાય છે અને તીવ્ર પ્રદ્વેષથી કરેલ હોય તો સો, હજાર, લાખ, ક્રોડ અને ક્રોડાક્રોડ વાર પણ ઉદય થાય છે.'

આમ કેમ બને? અને આમાં ન્યાય કયાં રહ્યો? એમ સામાન્ય જનના મનમાં પ્રશ્ન થાય છે તેનો ખુલાસો છે. પાંચ રૂપિયાની ચોરી કરનારને દંડ કેટલો થાય છે? પાંચ મિનિટ બળાત્કારે વિષયસુખ ભોગવનારને કોર્ટ કેટલા વરસની સજા કરે છે? અમુક પાપ, વખત કે દ્રવ્ય ઉપર બંધાતું નથી, પણ તે વખતે તે પાપકર્મ કરવામાં તીવ્રતા કેવી છે તેપર તેનો રસબંધ પડે છે. આ ટુંકી વાતમાંથી બહુ સાર લેવા જેવો છે. પાપકર્મથી નિરંતર ડરતાં રહેવું અને ક્ષણિક સુખની ખાતર પાપકર્મ સેવવું નહીં. હમેશાં પાપકર્મ કરતી વખતે વિચારવું કે સામા પ્રાણીની જગોએ આપણે હઈએ અને આપણું મન સાવધાન હોય તો આપણને કેવું લાગે? પાપ ન કરવું એજ આ જીંદગીનું સાર્થક છે. અનંતકાળથી સંસારમાં નવા નવા જન્મ લઈ આંટા માર્યા કરે છે તેમ આ મનુષ્યજન્મ પણ એક આંટો માત્ર થઇ જશે એવી જેને બીક લાગતી હોય તે પાપાચરણ કરેજ નહીં.

પાપ કોને કહેવાં તે શોધવું મુશ્કેલ નથી. કેટલીકવાર સૂક્ષ્મ બાબતમાં શંકા પડે તો વિદ્વાનોને પૂછી ખુલાસો કરવો અને સામાન્ય વ્યવહાર માટે તો અઢાર પાપસ્થાનકોનું સ્વરૂપ યથાસ્થિત સમજવું. જૈનશાસનનું મંડાણ જીવની દયાપર છે તેથી અત્ર એ શ્લોકમાં દયા રાખવી એ મુખ્ય ઉપદેશ છે અને તે પ્રમાણે સર્વ પાપોને માટે સમજી લેવું. ૧૩૪.

પ્રાણીપીડા–તેનું નિવારણ કરવાની જરૂર.

यथा सर्पमुखस्थोऽपि, भेको जंतूनि भक्षयेत् ।
तथा मृत्युमुखस्थोऽपि, किमात्मन्नर्दसेंऽगिनः ॥ ११ ॥

"જેમ સર્પના મુખમાં રહ્યા છતાં પણ દેડકો અન્ય જંતુઓનું "ભક્ષણ કરે છે તેમ હે આત્મન્! તું મૃત્યુના મુખમાં રહ્યો થકો "પ્રાણીઓને કેમ પીડા આપે છે?" ૧૧. અનુષ્ટુપ.

ભાવાર્થ–અહીં બેસી રહેવાનું હોય તો તો જાણે ઠીક, પણ આને આશા તો મોટા ડુંગર જેટલી છે અને મરવું પગલાની નીચે છે. તેમાં કાળ કયારે આવશે તે પણ પોતે જાણતો નથી, છતાં એક ઘડી પણ નીરાંતે બેસતો નથી. ચોતરફ ધમાધમ કરી મૂકે છે. એક તરફ ગાડીઓ દોડાવે છે તો બીજી તરફ નાચ નચાવે છે. આમ પ્રવૃત્તિ અને મોજશોખમાં, વિષય અને કષાયમાં, અપ્રમાણિકપણામાં અને અભિમાનમાં આવ્યો છે તેમજ ખાલી હાથે ચાલ્યો જાય છે. અરે કાળના એક સપાટામાં ઉંધા પડનાર મોક્ષાભિલાષી પ્રાણી! જરા ચેત. પાપાચરણ કરવાથી બીક રાખ અને સંસારની વાસ્તવિક સ્થિતિ શી છે તેનો વિચાર કર. સર્પના મોઢામાં પડ્યો છે, ચવાઇ જવાની એક ઘડીની વાર નથી તે વખતે પણ દેડકો જીવડા ખાય છે. આવું અજ્ઞાન ક્રોધનું હોય? પણ તારૂં છે! વિચારી જોજે. ૧૩૫.

માની લીધેલું સુખ–તેનું પરિણામ.

आत्मानमल्पैरिह वंचयित्वा, प्रकल्पितैर्वा तनुचित्तसौख्यैः ॥
भवाधमे किं जन सागराणि, सोढासि ही नारकदुःखराशीन् ॥१२॥

"હે મનુષ્ય! થોડાં અને તે પણ માની લીધેલાં શરીરનાં અને "મનનાં સુખવડે આ ભવમાં તારા આત્માને છેતરીને અધમ "ભવોમાં સાગરોપમ સુધી નારકીનાં દુઃખો સહન કરીશ." ૧૨.
ઉપજાતિ.

વિવેચન–સુખ શું? તેનો ખ્યાલ છે? સામાન્ય માણસની નજરમાં કેટલીકવાર પાપાચરણ કરનારાં માણસો સુખી દેખાય છે તેનો અત્ર ખુલાસો કરે છે. પાંચ પચાસ હજાર કે લાખ રૂપિયા મળે તેને સુખ કહેતા હો તો તે પણ થોડો વખતજ ચાલે છે અને જેને તમે સુખ કહો છો તે સુખ નથી પણ માની લીધેલું સુખ

છે. બરાબર વિચાર કરજો કે એમાં સુખ શું? જુઓ દુનિયાનો સર્વ અનુભવ લઇ રાજર્ષિ ભર્તૃહરિ પણ લખે છે કે–

तृषा शुष्यत्यास्ये पिबति सलिलं स्वादु सुरभि,
क्षुधार्तः सव्शालीन्कवलयति शाकादिवलितान् ।
प्रदीप्ते रागाग्नौ सुदृढतरमाश्लिष्यति वधूं,
प्रतीकारो व्याधेः सुखमिति विपर्यस्यति जनः ॥

જ્યારે તરસથી ગળું સુકાઈ જતું હોય ત્યારે ઠંડું પાણી પીને હાશ કરે છે, પણ એમાં સુખ શું? ભુખથી પીડાય છે ત્યારે ચોખા શાક વિગેરે ખાય છે, પણ એમાં સુખ શું? રાગાગ્નિ પ્રદીપ્ત થાય ત્યારે સ્ત્રીનો સંયોગ કરે છે, આ સર્વમાં સુખ શું છે? વ્યાધિનાં ઔષધને આ જીવ ભૂલથી સુખ માને છે. જરા વિચારે તો માલૂમ પડશે કે એમાં સુખ જેવું કાંઈ છે જ નહિ. આવાં માની લીધેલાં સુખના ખોટા ખ્યાલમાં ફસાઈને આ જીવ મહા માઠાં કર્મો બાંધીને અધોગતિ પામે છે. આ બધાનું કારણ માત્ર એકજ છે કે વાસ્તવિક સુખ શું છે? પૌદ્ગલિક સુખ કેવું છે? કોને છે? કેટલું છે? કયારે છે? શા માટે છે? શા પરિણામવાળું છે? તેનો પૂરતો વિચાર કરતો નથી, વિચાર કરનારાઓ નિઃસ્વાર્થ બુદ્ધિથી કહેવા આવે છે તે તે સાંભળતો નથી અને સંસારવમળમાં ફસાયા કરે છે. પરિણામે અસંખ્ય વરસે થતા એક પલ્યોપમ જેવા દશ કોડાકોડિ પલ્યોપમથી થતા એક સાગરોપમ જેવા અનંતા સાગરોપમ સુધીનો કાળ નરક નિગોદમાં કાઢે છે. મનુષ્યભવ અનંતકાળ પરિભ્રમણ કરતાં કોઇક જ વાર મળે છે ત્યારે આવી રીતે હારી જાય છે અને પછી બાકીનો કાળ સંસારમાં રખડ્યા કરે છે.

સાગરોપમનું બરાબર પ્રમાણ પ્રવચન સારોદ્ધાર ગ્રંથથી જાણી લેવું. અત્ર તે પ્રસ્તુત એટલા માટે છે કે એક બાજુએ આ ભવનું થોડું સુખ મૂકવું અને બીજી બાજુએ તેના પરિણામે સહન કરવાનું નારકી તથા નિગોદનું અત્યંત દુઃખ કેટલા વરસ સુધી સહેવું પડશે તે મૂકવું. સમજવું હોય તેને તો આ ઉપદેશ બરાબર વિચારવા યોગ્ય છે. ૧૩૬.

પ્રમાદથી દુઃખ. શાસ્ત્રગત દૃષ્ટાંતો.

उरभ्रकाकिण्युदबिंदुकाम्र, वणिक्त्रयीशाकटभिक्षुकाद्यैः ।
निदर्शनैर्हारितमर्त्यजन्मा, दुःखी प्रमादैर्बहु शोचितासि ॥ १३ ॥

“ પ્રમાદે કરીને હે જીવ! તું મનુષ્યભવ હારી જાય છે અને “ તેથી દુઃખી થઇને બોકડો, કાકિણી, જળબિંદુ, કેરી, ત્રણ વાણીઆ, “ ગાડું હાંકનાર, ભીખારી વિગેરેનાં દૃષ્ટાંતોની પેઠે તું બહુ દુઃખ “ પામીશ. ” ૧૩. ઉપજાતિ.

વિવેચન–પ્રમાદથી આ જીવ મનુષ્યભવ હારી જાય છે અને દુઃખી થાય છે તે આપણે જોઈ ગયા. નીચેનાં દૃષ્ટાંતો શ્રી ઉત્તરાધ્યન વિગેરે મૂળ સૂત્રોમાં આવેલાં છે તેમાં મનુષ્યભવ હારી ગયા પછી કેવો પશ્ચાત્તાપ થાય છે અને તે ભવ ફરી મેળવવો કેટલો મુશ્કેલ છે તે બતાવ્યું છે. આ દૃષ્ટાંતો ખાસ મનન કરવા યોગ્ય છે. ટીકાકાર કહે છે કે “ પ્રમાદના પરવશપણાથી આ જીવ સુકૃત કરતો નથી તેથી મનુષ્યભવથી ભ્રષ્ટ થાય છે અને દુર્ગતિમાં જાય છે. દુર્ગતિમાં ગયા પછી અત્ર નિર્દિષ્ટ સ્વરૂપ પ્રમાણે ત્યાં પશ્ચાત્તાપ કરે છે. હે જીવ! તું તો અત્ર સુકૃતો કર કે જેથી તારે પરભવમાં લીલાલહેર થાય.” ટીકા અને ટબ્બાનુસાર સંપૂર્ણ વિવેચન સાથે હવે દૃષ્ટાંતો આપીએ છીએ તે ધ્યાનથી વાંચો, નીચેનાં સર્વ ઉદાહરણો મનુષ્યજન્મની સાર્થકતા અને તેનો લાભ ન લેવાથી નિરર્થકતા તરફ ઉપનય બતાવનારાં છે, તે ખાસ ધ્યાનમાં રાખવું. વારંવાર તેનું પુનરાવર્તન ઉપનયમાં કર્યું નથી.

૧ બકરા દૃષ્ટાંત.

એક વિશાળ નગર હતું. તે નગરમાં એક પુરવાસીને ઘેર એક બોકડો હતો. કોઈ સારો પરોણો ઘેર આવશે ત્યારે તેનું માંસ કામ આવશે એમ ધારીને તે બોકડાનું બહુ સારી રીતે પોષણ કરવામાં આવતું હતું. તેને દરરોજ સારી રીતે નવરાવવામાં આવતો હતો, તેના શરીરપર પીળાં તિલક કરવામાં આવતાં હતાં, તેની લાલનાપાલના સારી રીતે થતી હતી અને તેથી તે સર્વ પ્રકારે સુખી લાગતો, અને પુષ્ટ શરીરવાળો માતેલો થયો હતો. હવે

તેજ પુરવાસીના ઘરમાં એક બીજો વાછડો હતો. તેને બાપડાને તેની મા ગાયને દોહી રહ્યા પછી બાકીનું અવશેષ દૂધ મળે તે ધાવવું પડતું હતું અને તેની કોઈ સંભાળ રાખતું નહિ. વાછડાએ બોકડાની સારી સ્થિતિ જોઈ એક દિવસ તો ક્રોધ અને ઈર્ષ્યાથી દૂધ પીવાની ના પાડી. તેની મા ગાયે તેને સ્નેહથી તેનું કારણ પૂછ્યું ત્યારે વાછડો કહે છે કે 'અરે મા! આ બોકડાને તો પુત્રની જેમ મિષ્ટાન્ન મળે છે અને મને મંદભાગ્યને તો પૂરું ઘાસ પણ મળતું નથી, અને વખતસર પાણી પણ મળતું નથી. અરેરે! હું તો પૂરેપૂરો કમનશીબ છું.' ગાયે કહ્યું 'વત્સ! જેમ કોઈનું મરણ નજીક આવ્યું હોય અને વૈદ્ય આશા મૂકી દીધી હોય ત્યારે તેને પથ્ય અપથ્યનો વિચાર કર્યા વગર જે આવા માગે તે આપવામાં આવે છે તેવી રીતે આ બોકડો પણ વધ્ય છે અને અત્યારે તો તેની બહુ સારવાર થતી દેખાય છે પણ આગળ ઉપર તેના હાલ થાય તે જોજે.' પોતાની માનું આવું કહેવું સાંભળી કાંઈક સંતોષ રાખી વાછડો જે બને છે તે જોયા કરે છે. પાંચ દશ દિવસ આ પ્રમાણે ચાલ્યા ગયા. એક દિવસ મોટા ઘરના પૈસાદાર સગા મેમાન થઈને આવ્યા; એટલે સવારના પહોરમાં બરાડા પાડતા બોકડાને પકડીને મારી નાંખ્યો અને તેના માંસના કટકા કરી, ભુંજીને આખું ઘર અને મેમાન જમ્યા. વાછડો આ સર્વ હકીકત જોઈ તે દિવસ પણ પોતાની ગાયમાતાને ધાવ્યો નહિ અને માતાના પૂછવાથી કહેવા લાગ્યો કે 'મને તો બહુ બીક લાગે છે. બોકડાની આ સ્થિતિ જોઈ મને તો ધાવવાની ઈચ્છા પણ થતી નથી'. ગાયમાતાએ કહ્યું 'વત્સ! મેં તો તને તે જ વખતે કહ્યું હતું કે આ સર્વ મરવા માટેજ છે.' **ઉપનય:**—જેવી રીતે બોકડો આનંદમાં નિમગ્ન થઈ યથેષ્ટ ખાતો હતો અને પુષ્ટ પણ થયો હતો, પરંતુ જ્યારે પરોણા આવ્યા ત્યારે તેનો શિરચ્છેદ થયો અને તે વખતે રાડો પાડીને રોવા લાગ્યો; તેવી જ રીતે તું પ્રમાદથી વિષય કષાયમાં આસક્ત રહીને યથેષ્ટ વિચરે છે અને પાપથી પુષ્ટ થાય છે પણ જ્યારે આયુષ્ય પૂર્ણ થશે ત્યારે મનુષ્યજન્મ હારીને નરકાદિ દુર્ગતિમાં જતાં મનમાં બહુ જ ખેદ પામીશ. પણ પછી તે ખેદ

કાંઈ કામ આવશે નહિ. માટે વિચાર કરીને તારે તારું ચેષ્ટિત એવું સારું રાખવું કે જેથી ભવિષ્યમાં ખેદ થવાનો સંભવ રહે નહિ. સુખ શું? કયાં મળે? કયારે મળે? કોને મળે? શામાટે મળે? તેનું પરિણામ શું થાય? તેનો વિચાર કર. કેટલાક જીવો વાછડાની પેઠે બીજાનાં સાંસારિક સુખોનું અવલોકન કરી પોતાની મંદ સ્થિતિ માટે પસ્તાય છે પણ તેઓ તેનો વાસ્તવિક વિચાર કરતા નથી. તેને જો કોઈ ગાયમાતા જેવું સત્ય સ્વરૂપ સમજાવનાર મળી જાય તો સારૂં, નહિ તો તેને નિરંતર પરિતાપ રહે છે. આ ઉદાહરણ ઘણું અસરકારક છે અને તેનાપર વિચાર ચલાવી પોતાપર લાગુ પાડવાથી ઉપયોગી બોધ મળે તેમ છે.

૨ કાકિણીનું દૃષ્ટાંત.

એક ગરીબ માણસ હતો. તે પૈસા કમાવા સારૂ પરદેશ ગયો. પરદેશમાં બહુ મહેનત કરીને હજાર સોનૈયા કમાયો. પછી કોઈ સાર્થ પોતાના દેશ તરફ જતો હતો તેને સથવારે તે પણ દેશ તરફ જવા નીકળ્યો. બધી સોનામહોરોને એક વાંસળીમાં ભરી તે વાંસળી કેડ સાથે બાંધી લીધી અને ખરચ સારૂ એક મહોરની કાકિણી લીધી. (એક રૂપીઆની અંશી કાકિણી થાય: એક કાકિણી સવા દોકડાની થાય.) હવે સાર્થ ચાલ્યો. રસ્તે મોટી અટવીમાં એક ઝાડ તળે ભાતું ખાવા બેઠા ત્યારે તે માણસ એક કાકિણી ત્યાં ભૂલી ગયો. બપોરે મુકામ ઉપર્યો. સાંજના કાકિણી સાંભરી. સવારે વિચાર થયો કે કાકિણી સારૂ સોનામહોર વટાવવી પડશે એ તો બોટું, માટે વાંસળીને તેજ ઝાડ તળે દાટીને પોતે કાકિણી લેવા ગયો. જે ઝાડ નીચે ભાતું ખાધું હતું ત્યાં જઈને જોયું તો કાકિણી મળે નહિ. પાછો આવીને જુએ છે તો ચોર લોકો બાકી બોદી વાંસળી ઉપાડી ગયા છે, આવી રીતે બન્નેથી ભ્રષ્ટ થયો અને બહુ શોકાર્ત થયો. ઘેર ગયો ત્યાં બાવાના પણ વાંધા પડ્યા અને સગા વહાલાઓએ હસી કાઢ્યો. **ઉપનય:** જેમ તે ગરીબ માણસ પાસે પ્રથમ કાંઈ પૈસા નહોતા; પણ જ્યારે મહા પ્રયાસે મળ્યા ત્યારે માત્ર સવા દોકડાની એક કાકિણીના લોભથી સર્વ ગુમાવ્યા અને

બન્નેથી ભ્રષ્ટ થઈ દરિદ્રી ને દરિદ્રી રહ્યો. તેવીજ રીતે તું પણ યાદ રાખજે કે અંતરાય કર્મના ઉદયથી સંસારીપણામાં કામભોગની પ્રાપ્તિ ન થતી હોય તેથી તું દેશથી અગર સર્વથી ચારિત્ર લે અને ત્યાર પછી કામભોગની ઇચ્છા કરે તો તેને પરિણામે કામભોગ પણ ન મળે અને ચારિત્રથી પણ ભ્રષ્ટ થાય; માટે એવું કરીશ નહિ. ઉભય ભ્રષ્ટ થનાર ઘણા મનુષ્યો હોય છે; તેમજ થોડા લોભની ખાતર આખો ભવ ઝેર જેવો કરનારા પણ ઘણા મનુષ્યો મળી આવે છે. એવીજ રીતે અમુક વ્રત નિયમ લઈ પાછો તજેલા પદાર્થોના સેવનની ઇચ્છા કરે છે, પરંતુ દુનિયાનો ક્રમ એવો છે કે તજેલી વસ્તુ ફરીને મળતી નથી અને તેની ઇચ્છા કરનારનું તજવાનું પુણ્ય નાશ પામે છે. આવી રીતે તે બન્નેથી ભ્રષ્ટ થાય છે. તજવાથી થતો મનનો સંતોષ અને ન તજનારને થતો સ્થૂળ કલ્પિત સંતોષ એ બન્ને તેને મળતા નથી. બીજી રીતે આ દૃષ્ટાંત મનુષ્યજન્મ ઉપર બરાબર ઘટી શકે તેવું છે. વિષય કાકિણી તુલ્ય સમજવા અને હજાર મહોર તે મનુષ્યભવ સમજવો. જરા વિચાર કરવાથી કાકિણી સારૂ મનુષ્યજન્મ હારનારની મૂર્ખતા સમજી શકાશે.

૩ જળબિંદુનું દૃષ્ટાંત.

એક વખત એક મનુષ્ય બહુ તરસ્યો થયો હતો. તેણે ઉભા ઉભા દેવની સ્તુતિ કરી, તેથી કોઈ દેવતા પ્રસન્ન થઈ તેનાપર તુષ્ટમાન થયો અને તેને ઉપાડીને ક્ષીર સમુદ્રને કાંઠે લાવીને મૂકયો; પણ આ પ્રાણી મૂર્ખ હતો. તેણે તો ત્યાં પણ પાણી પીધું નહિ અને પોતાને ઉપાડી લાવનાર દેવને કહ્યું કે "હે દેવ! મારા ગામની સીમમાં એક કુવો છે તેના કાંઠાપર દર્ભ ઉગેલું છે અને તે દર્ભના છેડાપર રહેલું પાણીનું બિંદુ પીવાની મારી ઇચ્છા છે; તેથી જો તમે મારાપર તુષ્ટમાન થયા હો તો ત્યાં લઈ જાઓ." દેવતાએ જાણ્યું કે એ મંદભાગ્ય મૂર્ખ છે તેથી તેને ઉપાડીને અસલ જગોએ મૂકયો. કુવા કાંઠે જઈને જુએ છે તો પાણીનું બિંદુ તો પવનથી પડી ગયું હતું. તે વખતે તે બાપડો ઘણો શોક કરવા લાગ્યો કે હું તો બન્નેથી ભ્રષ્ટ થયો; મેં જળબિંદુ પણ ખોયું અને ક્ષીર સમુદ્ર પણ ખોયો અને નફામાં તરસ્યો રહ્યો. ઉપનય: કોઈક દેવની સહાયથી

જેમ તે પ્રાણી ક્ષીર સમુદ્રે પહોંચ્યો અને પોતાની લાલસાને તાબે થઈ પાણી પીધા સિવાય પાછો આવ્યો અને બન્નેથી ભ્રષ્ટ થયો; તેવી જ રીતે તને પણ દૈવયોગે તપસંયમ રૂપ ક્ષીરસમુદ્ર પ્રાપ્ત થાય ત્યારે તું તેનું આરાધન કર્યા વગર ઓસબિંદુ તુલ્ય સાંસારિક સુખની લાલસાથી પાછો સંસારી થવા ઇચ્છા કરીશ તો પરિણામે તને આ ભવમાં સુખ મળશે નહિ અને પરભવનું સુખ તો તું ચારિત્રના પ્રણામથી ભ્રષ્ટ થયો ત્યારથી જ હારી ગયો છે; કારણ કે તેના ઉપાયભૂત તપ સંયમને તેં મૂકી દીધા છે. શુદ્ધ ચારિત્ર-વર્તન ન રાખનાર બન્ને રીતે ભ્રષ્ટ થાય છે. સંતોષ રાખનારને-શુદ્ધ વર્તન રાખનારને પ્રવૃત્તિની મારામારીથી થતી મનની વ્યાકુળતાના અભાવ ઉપરાંત ફરજ બજાવ્યાની શાંતિ અને આનંદ થાય છે તે પણ તેને મળતા નથી અને વર્તનનું ફળ પણ મળતું નથી. આ ઉભય ભ્રષ્ટ સ્થિતિ બહુ વિચારવા જેવી છે. બીજા કાકિણીના દૃષ્ટાંતની પેઠે આ દૃષ્ટાંત પણ મનુષ્યભવ માટે ઘટે છે. અત્ર ઉદકબિંદુ તુલ્ય વિષય, દેવતુલ્ય ગુરૂમહારાજ, ક્ષીરસમુદ્ર તુલ્ય સમ્યક્ત્વ કે ચારિત્ર સમજવાં.

૪ આમ્ર દૃષ્ટાંત.

એક રાજાને કેરી ઉપર બહુ જ પ્રેમ હતો તેથી તે દરરોજ કેરી ખાતો. એક દિવસ શરીરમાં વાયુનો પ્રકોપ થયો અને તેનું જોર થવાથી વિશૂચિકા (પેટમાં દુખાવો, ઝાડો અને ગુલ્મ) થઇ આવી, તેની પીડા એવી થઇ કે કોઇ ઠેકાણે રહ્યું જાય નહિ, મોટા મોટા વૈદ્યોને બોલાવ્યા, અનેક ઉપાયો કર્યા. છેવટે મહા પ્રયાસે વિશૂચિકા મટી પણ વૈદ્યોએ હમેશને માટે તાકીદ કરી કે તેણે કેરી ખાવી નહિ; જો કેરી ખાવામાં આવશે તો તેનાથી જરૂર મરણ થશે. માટે તેના સ્વાદનો વિચાર પણ કરવો નહિ અને તેના સામું પણ જોવું નહિ. રાજાને આ વાત પસંદ ન હોતી પણ શરીર ખાતર રાજાએ પોતાના રાજ્યમાંથી સર્વ આંબાઓનો નાશ કરાવી નાંખ્યો. હવે બન્યું એમ કે રાજા એક દિવસ શિકારે નીકળ્યો. એક શિકારની પછવાડે જતાં પ્રધાન સાથે પોતાના લશ્કરથી છુટો પડી ગયો અને મહા અટવીમાં પ્રધાન સાથે એકલો પડ્યો. અટવીમાં ફરતાં ફરતાં બન્ને એક મોટા આંબાના ઝાડ તળે આવી પહોંચ્યા. કેરી જોઈ રાજાને

અપૂર્વ પ્રેમ જાગ્યો, અને તે ખાવાનું મન થયું. વિનાશકાળે વિપરીત બુદ્ધિ પ્રાપ્ત થાય છે અને સમજી હોય તે પણ તે વખતે ભાન ભૂલી જાય છે. પ્રધાને ઘણું વાર્યો પણ રાજા એકનો બે થયો નહિ. રાજાએ કેરી હાથમાં લીધી. વનપક કેરી જોઇ ખુશી થયો, ભાંગી, ખાધી અને તરતજ વિશૂચિકા થવાથી રાજા તેજ જગોએ મરણ પામ્યો. ઉપનય: રાજા જિહ્વાઇંદ્રિયપરવશ થઇ કેરીના સ્વાદમાં ખેંચાયો અને જીવિતવ્યથી ભ્રષ્ટ થયો; તેવીજ રીતે આ જીવ ઇંદ્રિયોને વશ થઇ પ્રમાદથી કામભોગનાં સુખોમાં પ્રવર્તે છે. ઇંદ્રિયને વશ પડેલા જીવને કાર્યાકાર્યનું ભાન રહેતું નથી. લોકોમાં પણ કહેવત છે કે "જેની દાઢ ડળકી તેનો પ્રભુ રૂઠ્યો" એટલે જે જીભને વશ થયો તેનો દુનિયાદારીમાં ઊંચા આવવાનો હક ગયો. રાજાને તો થોડો વખત મનપર કાબુ રહ્યો એટલોએ ઘણીવાર આ જીવને રહેતો નથી અને ખાવાની બાબતમાં તે કેટલો ઊંચો નીચો થયા કરે છે તે ડાકટર કરી કરવાનું કહે છે ત્યારે જણાઇ આવે છે. આવાના લોભથી પોતાના શરીરના લાભોને પણ જોખમમાં મૂકવામાં આ જીવ ડરતો નથી. આ દૃષ્ટાંતપરથી બીજો સાર એ ગ્રહણ કરવાનો છે કે આ જીવને સંસારના વિષયોના ઉપભોગથી અસાધ્ય વ્યાધિ થતાં ગુરૂમહારાજ તેનું નિવારણ કરી દેશથી અગર સર્વથી ચારિત્ર આપી ફરીને સંસારનાં સુખો સામું જોવાનો પણ પ્રતિબંધ કરે છે, છતાં પૂર્વોક્ત રાજાની જેમ તે પ્રાણી ફરી પાછો સાંસારિક સુખ-ભોગ ભોગવવા ઇચ્છે છે-ભોગવે છે; તે કર્મના અસાધ્ય વ્યાધિને વશ થઇ દુર્ગતિમાં ચાલ્યો જાય છે. ફરીને ઊંચો પણ આવતો નથી.

૫ ત્રણ વાણીઆનું દૃષ્ટાંત.

એક ગામમાં કોઇ વાણીઓ રહેતો હતો. તેણે પોતાની ઉમ્મર વૃદ્ધ હોવાથી દુનિયાના તડકા છાયા જોયા હતા. તેને ત્રણ પુત્ર હતા. તેઓ કેવા હુશિયાર છે તેની પરીક્ષા સારૂ દરેકને એકેક હજાર સોના-મહોરો આપી તેણે કહ્યું કે આટલાં દ્રવ્યથી વ્યવહાર ચલાવી અમુક વખત પછી તમારે પાછું આવવું. વ્યવહાર ચલાવીને પાછું આવવું એમ કહ્યું પણ તેનો અર્થ સ્પષ્ટ ન કર્યો. ત્રણે પુત્રો સોનામહોર લઇ જુદે જુદે ગામ ગયા. એક છોકરો તો બીલકુલ મોજશોખ

કરે નહિ, ખાવાનો કે સુવાનો કે ફરવાનો શોખજ નહિ તેમ જ પરસ્ત્રી, સટ્ટા કે એવું બીજું દુર્વ્યસન પણ તેને નહોતું. તેણે તો વેપાર કરીને મોટી રકમ મેળવી અને ખરચ માપસર રાખવાથી મોટો પૈસાદાર બની ગયો. બીજો ભાઈ એવા વિચારનો હતો કે મૂળ રકમ જાળવી રાખવી. બાકી વ્યાજ કે હાંસલ જે વધે તે ખરચી નાખવાં. એટલે એણે મુદ્દલમાં એક પાઇ પણ વધારી નહિ, તેમ ઘટાડી પણ નહિ. ત્રીજો ભાઇ લહેરી હતો. એણે તો ખાવાપીવામાં મોજમજામાં સઘળા પૈસા ઉડાવી દીધા, વેપાર કર્યો જ નહિ. મુદત પૂરી થઈ ત્યારે સર્વ ભાઇઓ પાછા ફર્યા. ત્રીજા ભાઈની હકીકત સાંભળી સર્વ હસ્યા અને તેના બાપે તેને ઘરમાંથી કાઢી મૂક્યો. લોકોએ તેની નિંદા કરી. પહેલા ને બીજા ભાઈ માટે વિશેષ અને અલ્પ સંતોષ જણાવ્યો. ઉપનય: મનુષ્યભવ પામવો બહુ દુર્લભ છે. એ પ્રાપ્ત થવામાં અનેક વિઘ્નો આવી પડે છે. આવી અનેક મુશ્કેલીથી પ્રાપ્ત થયેલ મનુષ્યભવ અને તેની સાથે જૈનધર્મ, નિરોગી શરીર, ગુરૂનો યોગ વિગેરે જોગવાઈ-સામગ્રી પ્રાપ્ત થવી પણ તેટલીજ મુશ્કેલ છે. મહા પુણ્યયોગે એ સઘળું પ્રાપ્ત થાય છે. હવે આ મનુષ્યભવ પ્રાપ્ત કરી કેટલાક દુઃસાધ્ય પ્રાણીઓ તો બાપડા લાડી વાડી અને ગાડીની લહેરમાં લ્હેંકાઇ જઈ ધર્મ શું છે તે સમજતા પણ નથી. આવા જીવો પુણ્યધન હારી જાય છે, પ્રાપ્ત થયેલ વારસો ગુમાવે છે, અને કપુતની જેમ મોટો વારસો મળ્યા છતાં ગરીબ થઈ જાય છે. કેટલાક માણસો તો પ્રતિકૂળ સંજોગોને લીધે પાપ સેવે છે પણ ઉક્ત કનિષ્ટ પ્રકારના મનુષ્યો તો સારા સંજોગોને જ દુષ્ટ બનાવે છે. મધ્યમ માણસો સાદું જીવન જીવે છે. એઓ કોઈનું બગાડતા નથી તેમ મોટો સ્થૂળ કે માનસિક પરોપકાર પણ કરતા નથી. જે ઉત્તમ પ્રકારના 'જીવનો' છે તે તો અત્ર મહા ઉત્તમ વર્તન રાખી પરોપકારમાં વિભૂતિ-આત્મિક અને પૌદ્ગલિક-વાપરી આ ભવમાં લહેર કરે છે અને પરભવમાં પણ આનંદ પામે છે. જે ત્રીજા ભાઈની પેઠે ધન ગુમાવી દેછે તેને તો અનંતકાળ પર્યંત ચોરાશીલાખ જીવાયોનિમાં ભટકવાનું છે, તેનો છેડો નથી; અને પરાક્રમવાળા જીવનોએ મધ્યમ ભાઇની પેઠે બેસી

રહેવું સારૂં નથી. તેજી ઘોડાઓએ તો કામ પાર પહોંચાડવું સારૂં છે. આ મનુષ્યભવ ફરી ફરીને મળવાનો નથી. માટે ત્રીજા ભાઈની જેવી સ્થિતિ ન થાય તે ખાસ ધ્યાનમાં રાખવાની અને પહેલા ભાઈની જેમ વર્તવાની જરૂર છે. આ મનુષ્યભવના સરવૈયામાં પણ ઉધાર પાસું વધે તો તો બહુજ ખોટું કહેવાય.

૬ ગાડું હાંકનારનું દૃષ્ટાંત.

એક ગાડાવાળાને એક ગામથી બીજે ગામ જવાનું હતું. પોતે તે ગામના સારા તથા ખરાબ બન્ને રસ્તા જાણતો હતો, છતાં તે ગામ જતાં પોતે ખાડા ખડબા અને ડુંગરા ટેકરીવાળો રસ્તો લીધો. પરિણામ એ થયું કે રસ્તામાં તેનો ઘરો ભાંગી ગયો ત્યારે ગાડાવાળો પોતાની અણસમજપર પસ્તાવા લાગ્યો. ઉપનય: આ લઘુ દૃષ્ટાંત બહુ ઉપયોગી છે. આમાં ઉપદેશ વિદ્વાન શ્રોતા અને ભણેલા વાંચનારાઓ પ્રત્યે છે. હે વિદ્વાનો! તમે જાણો છો કે મોહથી અને પ્રમાદથી સસાંર વધે છે, તમે સંસારની અસ્થિરતા સાંભળી છે, જાણી છે, માની છે; અને શમ, દમ, દયા, દાન, ધૃતિ વિગેરેથી પુણ્ય છે એ પણ જાણો છો; છતાં તમારૂં વર્તન પાપને રસ્તે થાય છે એ બહુ ખોટું છે. અજાણ્યા ભૂલ કરે એ કાંઇક સંભવિત છે પણ જાણી જોઈને તમારૂં ગાડું ખરાબ રસ્તે ચલાવી પછી ભાંગે ત્યારે પસ્તાવો કરો છો એ તમારે માટે તદ્દન ખોટું છે. તમે સમજી છો તેથી વધારે કહેવાની જરૂર નથી, પણ તમારા વર્તનનું ઘણા માણસો અનુકરણ કરે છે તે પણ તમારે ધ્યાનમાં રાખવાનું છે.

૭ ભિક્ષુકનું દૃષ્ટાંત.

એક ગામડીઓ દરીદ્રી પોતાના ગામમાં કાંઇપણ કમાતો નહોતો તેથી ભિક્ષા માગવા સારૂ પરદેશ ગયો. તે બિચારો અનેક ગામ રખડ્યો પણ તેને પેટ પૂરતી ભિક્ષા પણ મળતી નહોતી. આખરે કંટાળીને તે પોતાના ગામ તરફ પાછો ફર્યો. રસ્તે એક ગામમાં યક્ષનું મંદિર આવ્યું. ત્યાં રાત્રિએ સુતો. પોતાની દરિદ્રતાપર વિચાર કરતો અર્ધ જાગ્રત સ્થિતિમાં સુતો છે, તેવામાં મધ્ય રાત્રિએ એક સિદ્ધ હાથમાં ચિત્રેલો ઘડો લઇ ત્યાં આવ્યો. જમીનપર એક દેવચ્છ જગોએ તે ઘડો મૂકયો અને તરત જ એક સુંદર ઘર બની ગયું.

પછી તે બોલ્યો કે "સ્ત્રી થઇ જાઓ" એટલે ત્યાં નવયૌવના સુંદર વેશવાળી રતીના અવતાર જેવી સ્ત્રી ઉત્પન્ન થઇ. ત્યાર પછી તે સિદ્ધ જે જે બોલવા લાગ્યો તે તે સર્વ થવા લાગ્યું. આખી રાત્રિ તે સ્ત્રી સાથે વિવિધ પ્રકારના કામભોગ ભોગવી સારી રસવતીનો આહાર કરી પ્રભાતસમય નજીક આવતાં સર્વ સંહરી લીધું. પેલો ભિક્ષુક આ સર્વ જોયા કરતો હતો અને આખો વખત વિચારતો હતો કે "અરેરે! હું તો પૃથ્વીપર તદ્દન દુર્ભાગી છું. મને તો માયા પણ મળી નહિ અને પ્રભુ પણ મળ્યા નહિ, માટે હવે હું તો આ સિદ્ધની સેવા કરૂં." આવો વિચાર કરી તે ભિખારીએ સિદ્ધનો આશ્રય લીધો અને તેની સેવા કરવા માંડી. ઘણા વખત સુધી એક ચિત્તે તે સિદ્ધની સેવા કરવાથી આખરે તે પ્રસન્ન થયો અને કહ્યું કે "બોલ તારે શેની ઇચ્છા છે?" ત્યારે ભિક્ષુકે કહ્યું કે 'હું પણ તમારા જેવા સુંદર ભોગો ભોગવું એવું કરો! ત્યારે સિદ્ધે પોતાનો ઘડો તુરતજ તે ભિક્ષુકને આપી દીધો. ભિક્ષુક પોતાને ગામ ગયો અને ઘટના પ્રભાવથી ઉત્તમ હવેલી, શય્યા, નવયૌવના સ્ત્રી, ફરનીચર વિગેરે અનેક સુખની સામગ્રી ઉપજાવી પોતે આનંદમાં રહેવા લાગ્યો. પોતાના કુટુંબને પણ સુખી કર્યું. એક દિવસ દારૂ પીને મસ્ત થયો અને લહેરમાં આવી જઇને ઘડો લઇને નાચવા લાગ્યો. દુર્ભાગીનાં નશીબ મહાન્ હોતાં જ નથી. વખત ભરાઇ ગયો, પાપ ઉદય આવ્યું, ઘડો માથેથી પડ્યો અને ફુટી ગયો. તેજ વખતે જુએ છે તો પોતે ઉકરડામાં ઊભો છે. ઘર, સ્ત્રી, ભોગ સર્વનો નાશ થઇ ગયો. તેણે જો વિદ્યા લીધી હોત તો ફરીને પણ સર્વ નીપજાવી શકત, પણ હવે તો કાંઇ બની શકે તેમ નહોતું. ઉપનય: પ્રાપ્ત થયેલી સર્વ સામગ્રી માત્ર પ્રમાદથી ભિક્ષુક હારી ગયો, તેમ જ મનુષ્યભવમાં ધર્મારાધન યોગ્ય સર્વ સામગ્રી પ્રાપ્ત થયા છતાં પ્રમાદથી સર્વ હારી જાય છે તેના પરિણામે ભવિષ્યમાં તારે પસ્તાવો કરવો પડશે. આ હકીકત અગાઉના દૃષ્ટાંતમાં બહુ સ્પુટ કરી છે. બીજો સાર એ લેવાનો છે કે મનુષ્ય ઘણું ખરૂં તાત્કાલિક લાભ તરફ ધ્યાન આપે છે. જો ભિખારીએ કષ્ટસાધ્ય વિદ્યા લીધી હોત તો શરૂઆતમાં તો તેને જરા પ્રયાસ પડત પણ પછી હમેશાની પીડા

મટી જાત! પરંતુ માણસને બેઠા મળે તો ઉઠવાની ઇચ્છા થતી નથી. આ ટેવ બહુજ બરાબ છે અને ઘણા માણસો તાત્કાલિક લાભની લાલસાથી જ અન્યાયી કાર્યોમાં સપડાય છે. બીજું એ સમજવાનું છે કે પોતાની સ્થિતિ કરતાં એકદમ મોટા થઈ જવાની હોંશ રાખવી નહિ. નાના બાળકને તો જે પચતું હોય તેજ પચે, વધારે ભારે ખોરાક આવામાં આવે તો મરણ પ્રાપ્ત થાય છે.

૮ દરિદ્ર કુટુંબનું દૃષ્ટાંત.

કોઈ ગામમાં એક દરિદ્ર કુટુંબ વસતું હતું. એક સારે દિવસે તેઓ કોઈ ગૃહસ્થને ઘેર ગયા હતા. ત્યાં તેઓએ દૂધપાક રંધાતો અને બવાતો જોયો, ત્યારે તેઓને પણ તે બાવાની ઇચ્છા થઇ. બધાએ એક સાથે નિર્ણય કર્યો કે આજ ભીખ માગીને પણ દૂધપાક બાવો. એક જણ કોઇ જગોએથી જેવું તેવું દૂધ લઇ આવ્યો. બીજો વળી કોઇ ઠેકાણેથી ચોખા લઈ આવ્યો. પૂરી કરવા સારૂ એક જણ ઘી લઇ આવ્યો. એક લોટ લઈ આવ્યો; આવી રીતે છુટી છુટી વસ્તુઓ લાવીને તેના દૂધપાક પૂરી બનાવ્યાં. પોતે જે જે વસ્તુ લાવ્યા હતા તેના પ્રમાણમાં સર્વેએ પોતપોતાના ભાગ પાડવા માંડ્યા; પણ મૂર્ખ હતા તેથી પરસ્પર વાંધો પડ્યો અને જ્યારે કોઇ રીતે અંદર અંદર સમજી ન શકયા ત્યારે દરબારમાં ફરિયાદ કરવા ગયા. કેટલોક વખત થયા પછી પાછા ફર્યા અને જુએ છે તો માલૂમ પડ્યું કે કૂતરા દૂધપાક અને પૂરી વિગેરે સર્વ ખાઇ ગયા છે. ઘણા દિવસે મળેલી વસ્તુ આમ એકદમ ચાલી ગયેલી જોઇ તેઓ સર્વને ધ્રાસકો પડ્યો અને મરણ પામ્યા. **ઉપનય:** મહાપ્રયાસ કરીને પ્રાપ્ત કરેલ દૂધપાક પૂરીનું ફળ જેમ સદરહુ કુટુંબીઓ પામી શકયા નહિ અને ઉટલા તેજ નિમિત્તે મરણ પામ્યા, તેવી જ રીતે મહાપ્રયાસે પ્રાપ્ત થયેલ મનુષ્યભવ વિગેરે સામગ્રી રાગદ્વેષાદિ કારણોથી ફળ વગરની થઇ પડે છે એટલુંજ નહિ પણ અનંત જન્મ મરણ પણ આપે છે; વળી પુણ્યવાન્ ગૃહસ્થોની મોટાઇ જોઇને શક્તિ વગરના રંકો તેની સરસાઈ કરવા માગે તો તેમાં પોતાનો જ નાશ થાય છે. અત્ર મુખ્ય ઉપદેશ એ છે કે પોતાની જે સ્થિતિ હોય તેમાં સંતોષ માનવો. દુનિયામાં અનેક જગોએ સુખ

દેખાય છે તેથી તે તરફ પોતે લલચાઇ જવું નહિ અને ધર્મ સામગ્રી પ્રાપ્ત થયા પછી રાગદ્વેષ કરી તે નિષ્ફળ કરવી નહિ.

૯ બે વાણિયાનું દૃષ્ટાંત.

કોઈ ગામમાં બે વાણિયા રહેતા હતા. તેઓ અનેક કામ કરતા હતા. પરંતુ નશીબના મોળા હોવાથી પાસે પૈસો એકઠો થતો નહોતો. તેઓએ પૈસા પેદા કરવા સારૂ કંઈ કંઇ પ્રયત્નો કર્યા, પણ જ્યારે કોઈ પણ ઉપાયે પૈસા મળ્યા નહિ ત્યારે નગરની બહાર એક યક્ષનું મંદિર હતું ત્યાં જઈ તેની સેવા કરવા માંડી. એક દિવસ યક્ષ પ્રસન્ન થયો ત્યારે તેઓએ તેની પાસે દ્રવ્ય માગ્યું. યક્ષે કહ્યું, "હે વત્સો! તમારે પૈસાની બહુજ ઇચ્છા છે તો જાઓ, હું તમારા પર પ્રસન્ન થયો છું. કાળી ચઉદશની રાત્રિએ તમારે બન્નેએ એકેક ગાડું તૈયાર કરી રાખવું. હું તમને બન્નેને ગાડા સહિત તે રાત્રિએ રત્નદ્વીપે લઇ જઇશ. ત્યાં અનેક રત્નો રસ્તામાં પડ્યાં હોય છે. તમને ત્યાં બે પહોર સુધી રાખવામાં આવશે. તમારાથી જેટલાં રત્નો લેવાય તેટલાં લઈ જજો. બે પહોર પછી તમને ગાડા સહિત ઉપાડીને પાછા અહીં લાવીશ." વાણીઆ તો આ સાંભળી રાજી રાજી થઈ ગયા, અને ઉક્ત રાત્રિએ બહુ સારાં બે ગાડાં તૈયાર કરી લાવ્યા. તેમાં વળી વધારે રત્નો લઈને ગોઠવી શકાય એવી યુક્તિ (સંચ વિગેરેથી) પણ કરી રાખી. નિર્મલ વખતે યક્ષે બન્ને ગાડાંઓ સાથે તે વાણીઆને ઉપાડી રત્નદ્વીપે મૂક્યા. જે જગોએ તેઓને મૂક્યા ત્યાં બહુ સુંદર રીતે પાથરેલી સુગંધીથી બહેકી જતી બે સુંદર શય્યા હતી. એક વાણિયે વિચાર કર્યો કે એક કલાક સુધ લઉં. એમ વિચારી સુતો અને ઉંઘ આવી ગઇ. તેમાં બે પહોર ચાલ્યા ગયા. બીજા વાણિયાએ તો બીજું કામ માત્ર તજી દઇને રત્નોના ગાંસડા બાંધવા માંડ્યા. તેણે બે પહોર સુધી બીજો ધંધો કર્યો નહિ. બે પહોર પૂરા થયા કે દેવે તો ગાડાં ઉપાડ્યાં અને બન્નેને તેના નગરની સમીપ મૂકી દીધા. વિચક્ષણ વાણિયે તો લાવેલાં રત્નોવડે મહેલ બંધાવ્યા અને સુખી થઇ ગયો અને પેલો પ્રમાદી તો દુઃખીજ રહ્યો અને વિચક્ષણની સંપત્તિ જોઈ પસ્તાવા લાગ્યો, અને તેનો દ્વેષ કરવા લાગ્યો. **ઉપનય:** શુદ્ધ દેવ

ગુરૂ ધર્મની જોગવાઇ એ રત્નદ્વીપ છે, એને મહા પુણ્યયોગે પ્રાપ્ત કર્યા પછી કેટલાક મૂર્ખો તો પ્રમાદી વાણિયાની પેઠે એશઆરામ કે પ્રવૃત્તિમાં કાળ ગુમાવી હારી જાય છે, તેઓ તેની પેઠે પસ્તાય છે. જેઓ પ્રથમથીજ ચેતી જાય છે તેઓ વિચક્ષણ વણિકની પેઠે અપ્રમત્તપણે ધર્મક્રિયા કરીને એકલાં રત્નોજ હાથ કરે છે. તેનું મન તો નથી દોડતું વિષય તરફ કે નથી દોડતું કષાય તરફ. એ તો દમ બાંધીને ઉત્તમ વ્યવહાર, ઉત્તમ વર્તન અને દાન, શીળ વિગેરે ધર્મઅનુષ્ઠાનો કરી આખો દિવસ અને રાત જાગતો રહે છે અને બીજી વસ્તુ પોતાના ગાડામાં લેતોજ નથી; એ તો રત્ન-નીજ વાત કરે છે, બીજાને અડકતો પણ નથી. મનુષ્યભવનું આયુષ્ય બે પ્રહર જેટલું છે.[૧] તેટલો વખત ધર્મ કરવાથી જે ફળ બેસે છે તે ઘણા વખત સુધી સુખ આપે છે, માટે અત્ર ઇંદ્રિયોને અને મનને વશ કરી ધર્મધન એકઠું કરી લેવામાં તૈયાર રહેવું.

૧૦ બે વિદ્યાધરનું દૃષ્ટાંત.

વૈતાઢ્ય પર્વતપર બે વિદ્યાધર રહેતા હતા. તેઓએ પોતાના વડિલોની બહુ સેવા કરીને તેમની પાસેથી જગત્‌ને વશ કરે તેવી વિદ્યા મેળવી. પછી તે વિદ્યાની સાધના કરવા માટે પૃથ્વી પરના કોઇ ગામમાં આવ્યા, અને તે વિદ્યાની આરાધનાના કલ્પ અનુસાર ચંડાળની છોડી સાથે વેવીશાળની પ્રાર્થના કરી અને બન્ને ઘરજ-માઇ તરીકે તેને ત્યાં રહ્યા. તેઓ બે ચંડાળપુત્રી સાથે પરણ્યા અને સાથે રહેવા લાગ્યા. પરંતુ જુદા જુદા ભાગમાં રહીને તેઓ વિદ્યા સાધવા લાગ્યા. ચંડાળકન્યા નીચ હોવાથી હાવભાવ કરીને તેઓને ક્ષોભ પમાડતી હતી. પરંતુ બેમાંથી એક વિદ્યાધર તો દૃઢ નિશ્ચયવાળો હોવાથી જરા પણ ડગ્યો નહિ અને છ માસ સુધી નિરતિચાર બ્રહ્મચર્ય પાળી વિદ્યા સિદ્ધ કરીને વૈતાઢ્યે ગયો અને સર્વ લક્ષ્મી અને રાજ્યનું સુખ અનુભવ્યું. બીજો વિદ્યાધર તો ચંડાળકન્યાથી ક્ષોભ પામી ગયો અને તેની સાથે લપટાયો, બ્રહ્મચર્યથી ભ્રષ્ટ થયો. નીચનો સ્પર્શ થતાંજ પોતાની પાસે હતી તે વિદ્યા પણ ચાલી ગઇ અને ચાંડાળપણું પામીને તે દુઃખી થયો. ઉપનયઃ

૧ દેવતાના મોટા આયુષ્યના પ્રમાણમાં મનુષ્યઆયુષ્ય બહુ અલ્પ છે.

આ વિદ્યાધરને સર્વ સામગ્રી મળી હતી છતાં ઇંદ્રિય પરવશ થઇને સર્વ ગુમાવી બેઠો, તેવી રીતે આ સંસારમાં લાલચના પ્રસંગોથી બહુ ચેતવાની જરૂર છે. લાલચને લાત મારતાં શીખવાની ખાસ જરૂર છે. એવે પ્રસંગે મનોવિકારને તાબે થઇ ધર્મધન હારી જવામાં આવશે તો બીજા વિદ્યાધરની પેઠે દુઃખી થવું પડશે. સત્ત્વવંત પ્રાણી પ્રથમ વિદ્યાધરની પેઠે પોતાનું દૃષ્ટિબિંદુ હજારો જોખોની વચ્ચે હોય તો પણ ચૂકતા નથી, અને જે પ્રાણી તેવી રીતે વર્તન કરે છે તે થોડા વખતમાં તેનાં ઉત્તમ ફળ પ્રાપ્ત કરે છે.

૧૧ નિર્ભાગીનું દૃષ્ટાંત.

અનેક દેવોની સેવના કર્યા પછી એક ભિક્ષુક જીવને ચિંતા-મણિ રત્ન પ્રાપ્ત થયું. ચિંતામણિ રત્નનો પ્રભાવ એવો છે કે તે જેની પાસે હોય તે તેનું આરાધન કરે તો પછી તે વસ્તુ તેને મળે. અન્યદા તે પુરૂષ સમુદ્રમાર્ગે પોતાને દેશ જતો હતો. એક રાત્રિએ ચંદ્રની કાંતિ સાથે ચિંતામણિ રત્નની કાંતિ સરખાવી તેને ઉડાડવા લાગ્યો. એવામાં હાથ સર્યો, રત્ન પડ્યું, સમુદ્રમાં ગયું અને પોતે હતો તેવો દરિદ્રી થઇ ગયો. ઉપનયઃ મનુષ્યભવ ચિંતામણિ રત્ન સમાન છે. બહુ પ્રયાસથી મળે તેવું જૈન ધર્મરૂપ ચિંતામણિ રત્ન પ્રાપ્ત કરી પ્રમાદને વશ થઇ તે ખોઇ બેસવામાં આવે તો પછી ભવિષ્યમાં બહુ પસ્તાવાનું કારણ રહે છે. માટે રત્ન પ્રાપ્ત થાય ત્યારે તેની ખરી કિંમત સમજી તેને જાળવી રાખવું.

શાસ્ત્રકારો સ્વપર ઉપકારની બુદ્ધિથી આવાં અનેક દૃષ્ટાંતો બતાવી ગયા છે. સર્વનો સાર એ છે કે વિષયને વશ ન થવું, મન પર અંકુશ રાખવો, પોતાની જવાબદારી સમજવી, મનુષ્યભવની અને દેવ ગુરૂ ધર્મની જોગવાઇની પ્રાપ્તિની દુર્લભતા સમજવી અને લાલચમાં લપટાવું નહિ. સાક્ષર અને નિરક્ષરને બોધદાયક હોવાથી આ દૃષ્ટાંતોપર બની શકે તેટલું વિવેચન કરવામાં આવ્યું છે. ૧૩૭.

પ્રત્યેક ઇંદ્રિયથી દુઃખપર સ્પષ્ટ દૃષ્ટાંત.

पतंगभृंगैणखगाहिमीन द्विपद्विपारिप्रमुखाः प्रमादैः ।
शोच्या यथा स्युर्मृतिबंधदुःखैश्चिराय भावी त्वमपीति जंतो ॥ १४ ॥

"પતંગીયું, ભમરો, હરણ, પક્ષી, સર્પ, માછલું, હાથી, સિંહ
"વિગેરે પ્રમાદથી એક એક ઇંદ્રિયના વિષય રૂપ પ્રમાદને વશ થઈ
"જવાથી–જેમ મરણબંધન વિગેરે દુઃખોથી પીડા પામે છે, તેમ
"હે જીવ! તું પણ ઇંદ્રિયોને વશ પડીને લાંબા વખત સુધી શોચ
"પામીશ." ૧૪. ઉપજાતિ.

વિવેચન–ઉપર સામાન્ય પ્રકારે પ્રમાદ ત્યાગ કરવાનું કહ્યું. તેમાં અનેક દૃષ્ટાંતો બતાવીને કહ્યું કે જો પ્રમાદ કરવામાં આવશે તો મહા દુઃખ પ્રાપ્ત થશે. હવે અત્ર બતાવે છે કે એક એક ઇંદ્રિયને વશ પડવાથી પણ મહાદુઃખ થાય છે. બિચારા વાચા વગરના તિર્યંચોને પણ એક એક ઇંદ્રિયને પરવશ પડવાથી વધ બંધનાદિ સહન કરવાં પડે છે અને છેવટ મરણ પણ થાય છે, તો તારે તો પાંચે ઇંદ્રિયો નિરંકુશપણે વર્ત્તે છે તો તારા શા હાલ થશે તે વિચારજે.

પતંગ–રાત્રિએ છેટે સુવર્ણના રંગ જેવો દીવો જોઇને પતંગીયું તેના મોહથી આકર્ષણ પામી તેપર જઇને પડે છે, તરતજ બળી જાય છે અથવા તેમાં ડૂબી મરે છે. ચક્ષુરિંદ્રિયને પરવશ થવાથી આ મરણદુઃખ થયું.

૨ ભ્રમર–સુગંધીના મોહથી સાંજ સુધી ભમરો કમળમાં બેસી રહે છે અને તેમાં મસ્ત થઈ જાય છે, સાંજે કમળ બીડાવા માંડે છે ત્યારે પણ 'ઉડું છું ઉડું છું' એમ વિચારે છે તેવામાં કમળ બંધ થઇ જાય છે; પછી તે નીકળી શકતો નથી અને આખી રાત બંધન પામે છે. તેમાં પણ પ્રભાત થયા અગાઉ જો હાથી આવે છે તો તે કમળને ઉખેડીને ભક્ષ કરી જાય છે તેથી તે અંદર મરણ પામે છે.

હાથીના ગંડસ્થળોમાંથી મદ ઝરે છે તેની સુગંધથી ખેંચાઈ હાથીના મસ્તક પાસે અને પડખે ભમરાઓ ગુંજારવ કરે છે. હાથી કાન ફફડાવ્યા કરે છે તેના ઝપાટામાં આવવાથી કેટલાક ભમરાઓ મરણ પામે છે. આ નાસિકા ઇંદ્રિયને પરવશ પડવાથી થયેલું દુઃખ છે.

૩ હરણ–જ્યારે હરણને પાસલામાં ફસાવવાં હોય છે ત્યારે પારધી સુંદર વાંસલીથી મધુર ગાન કરે છે. તે સાંભળી જંગલનાં હરણો આવે છે. બિચારાઓને ખબર નથી કે સાંભળવા જતાં

પ્રાણનો નાશ થશે. તે વખતે પાથરેલી જાળ પારધી સંકોચી લે છે, અને ભોગી મૃગ તેનો ભોગ થઈ પડે છે. આ દુઃખ શ્રવણ ઇંદ્રિયને પરવશ પડવાથી થયું.

૪ પક્ષી–નીચે ઘઉં, જાર, બાજરો વિગેરે અનાજ પાથરી તેનાપર જાળ પાથરી પારધીઓ દૂર બેસી જાય છે. અનાજના લોભથી ભોળાં કબૂતરો, અને બીજાં પક્ષીઓ લલચાય છે અને અન્ન ખાવા જતાં જાળમાં ફસાઈ જાય છે. આવનાર પક્ષી દાણા જુએ છે. લાલચુને એકજ આંખ ખુલ્લી હોય છે અને તેથી પાથરેલી જાળ જોવામાં આવતી નથી. બિચારાં અનેક પક્ષીઓ આવી રીતે જાળમાં ફસાઇ જાય છે. જીવ્હાને વશ થવાથી થયેલું આ દુઃખ સમજવું.

૫ સર્પ–કર્ણને વશ થઈને સર્પ વાંસળીનો સ્વર સાંભળવા પોતાના બીલમાંથી બહાર નીકળે છે અને પછી ગારૂડી તેને પકડી લે છે એટલે જન્મ પર્યંત કેદખાનું સહેવું પડે છે. આ કર્ણને વશ થવાથી બંધન પામવાનું બીજું દૃષ્ટાંત થયું.

૬ માછલું–મચ્છીમાર લોહના આંકડામાં ખાવાનો પદાર્થ ભરાવી તે જળાશયમાં મૂકી રાખે છે. માછલું તે પદાર્થના રસથી આકર્ષાઈ તે ખાવા આવે છે. તે પદાર્થ ખાવાનું તો દૂર રહે છે પણ આંકડો તાળવામાં પેસી જાય છે અને માછલું મરણ પામે છે. જીભને વશ થવાથી મરણભય થવાનું આ બીજું દૃષ્ટાંત થયું.

૭ હાથી–હાથીને પકડવાનો રસ્તો નીચે પ્રમાણે છે. જ્યારે તેને પકડવો હોય છે ત્યારે દૂર વિભાગમાં એક હાથણીને ઉભી રાખે છે, અને તેની આડો એક મોટો ખાડો ખોદે છે. કેટલીક વખત એવા ખાડામાં કાગળની હાથણી બનાવીને રાખે છે ને હાથણીનું મૂત્ર ફરતું છાંટે છે, તેના ગંધથી આકર્ષાઈ હાથી ત્યાં આવે છે. ખાડાની અંદર તૃણ વિગેરે ભરી ઉપરથી ઢાંકી લેછે અને હાથી જેવો દૂરથી આવે છે તેવો હાથણીને જોઇ કામવિકારને વશ થાય છે. તેથી દોડતો દોડતો હાથણી પાસે જવા જાય છે તેવોજ તે ખાડામાં પડે છે; ત્યારપછી તેને બંધન વિગેરે મહાદુઃખો પ્રાપ્ત થાય છે. આ બધું સ્પર્શેંદ્રિયને વશ પડવાથી થતું દુઃખ છે.

૮ સિંહ-સિંહને પકડવો હોય છે ત્યારે એક મોટા પાંજરાના બે વિભાગ બનાવે છે. એક ભાગમાં એક બોકડાને પૂરે છે અને તે મજબૂત બંધ કરે છે. બીજે ભાગ ઉઘાડો રાખી તેના ઉપર માણસો બેસે છે. સિંહ લોભથી આવે છે અને બોકડાના માંસની લાલચે જેવો અંદર પેસે છે કે ઉપરના માણસો દરવાજો પાડી નાખી તેને કેદ કરે છે, અથવા બોકડો બુલ્લો રાખે છે તો તેને મારવા જતાં સપડાઇ જાય છે. આ દુઃખ જીભને પરવશ પડવાથી થયેલું છે.

આવી રીતે એક એક ઇંદ્રિયને વશ પડવાથી ઉક્ત તિર્યંચો મરણકષ્ટ જેવું અથવા મરણનું જ દુઃખ પામે છે. તેઓમાં સમજશક્તિ ઓછી છે. તું સમજુ છે, સંસારનું સ્વરૂપ જાણે છે, છતાં મોહને વશ પડી ઇંદ્રિયોપર અંકુશ રાખીશ નહિ તો મનપર અંકુશ રહેશે નહિ; અને જ્યારે મનપર અંકુશ રહેશે નહિ ત્યારે પછી બધી મહેનત લગભગ નકામા જેવી થશે. માટે ચેત, જો, જાગ્રત થા, વિચાર. ૧૩૮.

પ્રમાદનું ત્યાજ્યપણું.

पुरापि पापैः पतितोऽसि दुःखराशौ पुनर्मूढ! करोषि तानि।
मज्जन्महापंकिलवारिपूरे, शिला निजे मूर्ध्नि गले च धत्से ॥ १५ ॥

"હે મૂઢ! પૂર્વે પણ પાપવડે તું દુઃખના ઢગમાં પડ્યો છે "અને વળી હજુ પણ તે જ કરે છે. મહાકાદવવાળા પાણીના "પૂરમાં પડતાં પડતાં ખરેખર તું તો તારે ગળે અને "મોટો પથ્થર ધારણ કરે છે!" ૧૫.

ભાવ-પાપથી સંસારમાં ડૂબે છે અને વળી તે જ ડૂબતો માણસ સાથે ઘંટીનું પડ અથવા મોટો પથરો ગળે તો તે વિશેષ ડૂબી જાય છે અને તેનું મડદું પણ હાથ નથી, કારણ કે તે ભાર વધારે હોવાથી ઊંચો આવતો જ પાપી ડૂબતાં ડૂબતાં પણ એવાં પાપો કરે છે કે જેથી તે વિશેષ ડૂબતો જ જાય છે. અર્થ સ્પષ્ટ છે. ૧૩૯.

સુખપ્રાપ્તિ અને દુઃખનાશનો ઉપાય.

पुनःपुनर्जीव तवोपदिश्यते, बिभेषि दुःखात्सुखमीहसे चेत्।
कुरुष्व तत्किंचन येन वांछितं, भवेत्तवास्तेऽब्जसरोयमेव यत् ॥१६॥

"હે ભાઈ! અમે તો તને વારંવાર કહીએ છીએ કે જો તું "દુઃખથી બીતો હોય અને સુખની ઇચ્છા રાખતો હોય તો તું કાંઇક "એવું કર કે જેથી વાંછિત થઈ જાય, કારણ કે આ તને પ્રાપ્ત "થયેલો અવસર છે (આ તારો વખત છે.") ૧૬. વંશસ્થ.

ભાવાર્થ-જ્ઞાની ગુરૂ મહારાજ દયાના ભંડાર હોય છે. તેઓને આ જીવની દુઃખી સ્થિતિ જોઈ અત્યંત દયા આવી જાય છે, તેથી તેને બધા ઉપદેશનો સાર કહે છે કે હે ભાઈ! તું અત્યારે પંચેંદ્રિયપણું, આર્યક્ષેત્ર, મનુષ્યભવ, ધર્મ સાધવા માટે સર્વ ઇંદ્રિયોની અનુકૂળતા, જૈનધર્મ, સત્ય તત્ત્વોપદેશક ગુરૂ મહારાજનો યોગ અને એવી એવી બીજી અનેક જોગવાઈ પામ્યો છે માટે અમે તને ટુંકામાં કહીએ છીએ. જે આખા શાસ્ત્રમાં કહ્યું છે તેનો સાર તને અર્ધા શ્લોકમાં કહીએ છીએ કે તું કાંઇક કર કે જેથી તારૂં વાંછિત સફળ થાય. આ વખત તો એવું અભિનવ તપ, સંયમ, ધૃતિ, વ્યવહાર શુદ્ધિ, વિરતિ વિગેરે કર કે તારે બધી ભવની પીડા મટી જાય. અત્યારનો વખત એ તારા હાથમાં સોના જેવી તક છે. આવો અવસર ફરી ફરીને આવવાનો નથી અને પછી ગરથ ગયા પછી જ્ઞાન અને વય વહી ગયા પછી તો વૈરાગ્ય વ્યર્થ છે. ૧૪૦

સુખપ્રાપ્તિનો ઉપાય-ધર્મસર્વસ્વ.

धनांगसौख्यस्वजनानसूनपि, त्यज त्यजैकं न च धर्ममार्हतम्।
भवन्ति धर्माद्धि भवे भवेऽर्थितान्यमून्यमीभिः पुनरेष दुर्लभः ॥१७॥

"પૈસો, શરીર, સુખ, સગાસંબંધીઓ અને છેવટ પ્રાણ પણ "તજી દે, પણ એક વીતરાગ અર્હંત પરમાત્માએ બતાવેલો ધર્મ "તજીશ નહીં; ધર્મથી ભવોભવમાં આ પદાર્થો, (પૈસો, સુખ "વિગેરે) મળશે, પણ એથી (પૈસા વિગેરેથી) તે (ધર્મ) મળવો "દુર્લભ છે." ૧૭ વંશસ્થ.

ભાવાર્થ-ગત શ્લોકમાં કહ્યું કે તારે અત્યારે ધર્મ કરવાનો સમય છે, તે હકીકત અત્ર વિશેષ સ્પષ્ટ કરે છે. ધર્મને માટે સર્વ તજી દેવું એ યોગ્ય છે, પણ કોઇપણ વસ્તુ માટે-ગમે તેવા લાભ માટે ધર્મનો ત્યાગ કરવો એ યોગ્ય નથી. માણસ પાંચ દશ રૂપિયા માટે ધર્મનો ત્યાગ કરે છે, જુઠું બોલે છે અને કેટલાક જીવો

તો એક દમડી માટે સો સોગન ખાય છે. ઇંદ્રિયોને તૃપ્ત કરવા અભક્ષ્ય ભક્ષણ કરે છે, અકાળે ભોજન કરે છે, અપેયનું પાન કરે છે અને ગમે તેમ બોલે છે. આ સર્વ થાય છે તેનું કારણ બહુ વિચારવા જેવું છે. આ જીવને પોતાનું શું છે અને પારકું શું છે, આત્મિક શું છે અને પૌદ્ગલિક શું છે તેનું ભાન નથી એટલે ભેદજ્ઞાન નથી. આ જ્ઞાન જ્યાંસુધી યોગ્ય રીતે થતું નથી ત્યાં સુધી સર્વ નકામું છે. એ જ્ઞાન વગર જીવ જેટલાં કહો તેટલાં માઠાં આચરણો કરે છે; પણ બિચારો સમજતો નથી કે—

धर्मादधिगतैश्वर्यो धर्ममेव निहन्ति यः ।
कथं शुभायतिर्भावी स स्वामिद्रोहपातकी ॥

'જે ધર્મના પ્રભાવથી ઐશ્વર્ય પ્રાપ્ત કરે છે તેજ ઐશ્વર્યથી તેના ધણી ધર્મનો નાશ કરે છે ત્યારે તેનું સારૂં તે કેમ થાય? તે તો સ્વામીદ્રોહી છે અને મહાપાપી છે.' આવી રીતે ધર્મનો નાશ કરનાર સ્વામીદ્રોહ કરે છે અને સ્વામીદ્રોહ કરનાર આ ભવ અને પરભવમાં દુઃખી થાય છે. શાસ્ત્રકાર કહે છે કે "ધર્મઅર્થ ઇહાં પ્રાણનેજી, છંડે પણ નહિ ધર્મ." સત્ત્વવંત પ્રાણી હોય છે તે ધર્મને માટે જીવિતવ્ય તજે પણ જીવિતવ્યને માટે ધર્મ ન તજે. કારણ કે ધર્મ એ સર્વસ્વ છે અને એનાથી સર્વ મળે છે, પણ જ્યારે ધર્મને ગુમાવી દેવામાં આવે છે ત્યારે પછી ઐશ્વર્ય, યૌવન, વૈભવ કાંઇપણ મળતું નથી અને રાખેલું પણ જાય છે; માટે પ્રાણાંત કષ્ટે પણ ધર્મનો ત્યાગ ન કરવો. આ હેતુથી જ સુક્તિમુક્તાવલિકારે ધર્મ અર્થ અને કામ રૂપ ત્રણ પુરૂષાર્થોમાં કેવળ ધર્મને જ પ્રધાન કહ્યો છે. तत्रापि धर्मं प्रवरं वदंति–તે ત્રણે પુરૂષાર્થમાં ધર્મ પુરૂષાર્થને જ્ઞાનીઓ શ્રેષ્ઠ બતાવે છે. ગૃહસ્થોએ ત્રણે પુરૂષાર્થ સરખી રીતે સાધવા યોગ્ય છે એમ જે કહેવામાં આવે છે તે પણ જ્યારે ધર્મને બાધ ન થતો હોય ત્યારેજ સમજવું. (આ વિષયપર વિશેષ હકીકત બારમા અધિકારમાંથી મળશે.) ૧૪૧.

સકામ દુઃખસહન-તેનાથી લાભ.

दुःखं यथा बहुविधं सहसेऽप्यकामः,
कामं तथा सहसि चेत्करुणादिभावैः ।

अल्पीयसापि तव तेन भवांतरे स्या-
दात्यंतिकी सकलदुःखनिवृत्तिरेव ॥ १८ ॥

"વગર ઇચ્છાએ જેમ તું બહુ પ્રકારનાં દુઃખો સહન કરે છે "તેમજ જો તું કરૂણાદિક ભાવનાથી ઇચ્છાપૂર્વક થોડાં પણ દુઃખો "સહન કરીશ તો ભવાંતરે હમેશને માટે સર્વ દુઃખોની નિવૃત્તિ "થશે જ." ૧૮. વસંતતિલકા.

ભાવાર્થ–આ પ્રાણી પૈસા ખાતર અને કર્મના પરાધીનપણાથી ટાઢ, તડકો, ભુખ, તરસ વિગેરે સર્વ વેઠે છે, બે વાગે ખાય છે, આખો દિવસ ભુખ્યો રહે છે, ચીડાઉ શેઠીઆઓના ફાંટાવાળા હુકમો ઉઠાવે છે, માર ખમે છે અને સ્વાધીન અને પરાધીનપણે સર્વ પ્રકારનાં દુઃખો ખમે છે. આજ પ્રકારનાં કષ્ટો કર્મક્ષયની ઇચ્છા સહિત સહન કરવાથી યતિઓ મોક્ષ મેળવે છે. આ જીવનો ઇરાદો ફેર હોવાથી તેને લાભ મળતો નથી. જો પ્રથમ અધિકારમાં કહ્યું છે તેવા સ્વરૂપવાળી મૈત્રી, પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થ એ ચાર ભાવના ભાવીને રીતસર દુઃખો સહન કરવામાં આવે તો તો કામ થઇ જાય. મેઘકુમારે હાથીના ભવમાં કરૂણા લાવી ત્રણ દિવસ પગ ઊંચો રાખ્યો તેથી કેટલું સુખ પામ્યા? હજારો વરસો સુધી ઘોર તપસ્યા કરે, છતાં મનમાં ઇચ્છા પૌદ્ગલિક સુખની હોય તો અજ્ઞાન કષ્ટવડે ઉલટો સંસાર વધારે છે. વળી બીજી રીતે જોઇએ તો એકેંદ્રિય, બેઇંદ્રિય, તેઇંદ્રિય અને ચૌરિંદ્રિયપણામાં તેમજ તિર્યંચપણામાં આ જીવ કર્મક્ષયની ઇચ્છા વિના ઘણાં દુઃખો સહન કરે છે. હવે જે દુઃખો આ જીવે સહન કર્યાં છે તેથી થોડાં દુઃખો પણ તે પૌદ્ગલિક સુખની વાંચ્છા સિવાય સહન કરે તો તેને હમેશાંને માટે દુઃખનો છેડો આવી જાય. આવાં દુઃખો સમકિતદૃષ્ટિ જીવો પુદ્ગળના સુખની બુદ્ધિ સિવાય સહન કરે છે તેથી તેને સકામ નિર્જરા થાય છે. 'સકામ' શબ્દનો અર્થ અત્ર વિચારવા જેવો છે. સકામ એટલે ઇચ્છા પૂર્વક–જાણી જોઇને–સમજીને કરેલું કાર્ય; પણ એમાં ફળાપેક્ષા હોતી નથી અથવા હોય છે તો માત્ર કર્મક્ષય કરવાનીજ હોય છે, પૌદ્ગળિક સુખ મેળવવાની હોતી નથી. અમુક ગુણસ્થાનક પ્રાપ્ત થયા પછી જ્યારે અસંગ

અનુષ્ઠાન પ્રાપ્ત થાય છે એટલે જ્યારે આત્મ પરિણતિ એવી સીધી થઇ જાય છે કે વગર ધારણાએ પણ શુદ્ધ વર્તનજ થાય ત્યારે પછી 'કર્મક્ષય'ની પણ કામના રહેતી નથી. કીર્તિ, લાભ કે એવી ઇચ્છા રાખીને અનુષ્ઠાન કરવાની આજ્ઞા નથી, પણ કર્મક્ષયનું નિમિત્ત ધ્યાનમાં રાખી તે કામનાથી અનુષ્ઠાન કરવાની આજ્ઞા છે અને જ્યારે અસંગ અનુષ્ઠાન પ્રાપ્ત થાય છે ત્યારે તે કામના પણ પોતાની મેળેજ જતી રહે છે. ભક્તિમાર્ગની પુષ્ટિને અંગે પ્રભુચરણે સર્વ અર્પણ કરવાનો જે પ્રવાદ શ્રીમદ ભગવદ્ગીતામાં કહેલો છે તેને આ વિષય સાથે બહુ સંબંધ નથી; કારણ કે એમાં પોતાની સ્થિતિ-અધિકાર કે યોગ્યતા વગર કાંઇ પણ ફળની અપેક્ષા રાખ્યા વગર કાર્ય-કર્મ કરવાની આજ્ઞા છે, એવા પ્રકારનું વર્તન અત્ર ઇષ્ટ નથી. કર્મક્ષયનું નિમિત્ત રહે તોજ નવાં બંધાતાં અશુભ કર્મોનો ડર અને મોક્ષ મેળવવામાં અનુકૂળ થઇ પડે તેવાં શુભ કર્મોપર સારૂં લક્ષ્ય રહે. આવા પ્રકારના અનુષ્ઠાનને 'સકામ' અનુષ્ઠાન જૈન પરિભાષામાં કહેવામાં આવે છે. ૧૪૨.

પાપકર્મોમાં ડહાપણ માનનાર પ્રત્યે.

प्रगल्भसे कर्मसु पापकेष्वरे, यदाशया शर्म न तद्विनानितम् ।
विभावयंस्तच्च विनश्वरं द्रुतं, विभेषि किं दुर्गतिदुःखतो न हि ॥१९॥

"જે સુખની ઇચ્છાથી તું પાપકર્મોમાં મૂર્ખાઇથી તલ્લીન "થાય છે તે સુખો તો જીવિતવ્ય વગર કાંઇ કામના નથી; અને "જીન્દગી તો શીઘ્ર નાશવંત છે એમ જ્યારે તું સમજે છે ત્યારે "અરે ભાઇ! તું દુર્ગતિનાં દુઃખથી કેમ બીતો નથી?" ૧૯.

વંશસ્થ.

ભાવાર્થ-ઘણા જીવો પાપમાં પણ મગરૂબી માને છે. પોતે પાપકારી વ્યાપાર કરતો હોય તો બીજાને જણાવે છે કે અરે ભાઇ! આ વ્યાપારથી આવો લાભ અને અર્થશાસ્ત્રીઓનો આવો વિચાર છે અને આમ છે ને તેમ છે વિગેરે વ્યાપારની પ્રવૃત્તિમાં જે અસદ્વ્યાપાર કરે છે અને તેનાથી જે સુખ મેળવવા ઇચ્છે છે તે સુખનો આધાર તો માત્ર જીન્દગી ઉપર છે, એટલે પ્રાપ્ત કરેલું

સુખ બહુ તો આ ભવ સુધી ચાલશે, તેથી વધારે કાંઇ પણ સાથે આવતું નથી. પેદા કરેલા પૈસા, બાંધેલી હવેલીઓ, વાડીઓ, સુંદર ઘોડાની જોડીઓ અને પહેરવાનાં કપડાં તથા છાંટવાનાં સેન્ટ લવંડર સર્વ અહીંજ રહેવાનાં છે. વળી જીન્દગીનો ભરોસો નથી. પૂરેપૂરો તંદુરસ્ત દેખાતો માણસ પળવારમાં ઉડી જાય છે. વળી જીન્દગી આવી અસ્થિર છે અને પાપકર્મોથી આગામી ભવમાં દુઃખ તો બહુ પડવાનું છે ત્યારે તને આ દુઃખો વધારે આકરા લાગે છે કે અહીંનું જરા સુખ વધારે સારૂં લાગે છે? હે ભાઇ! જરા વિચાર કર. પાપકર્મો કરી તેનાપર પંડિતાઇનો તીવ્ર રસ ચડાવી નીકાચિત બંધ કર મા. અમુક પ્રવૃત્તિ કર્યા વગર ચાલે તેવું નજ હોય તો તે અણછુટકે કરવી પણ તેનાપર વળી અભિમાન કરી નવો રસ ચડાવવો એ વિદ્વત્તાનું લક્ષણ નથી.

શેઠ અને મહંત.

આ સંબંધમાં એક દૃષ્ટાંત બહુ મનન કરવા યોગ્ય છે. એક શેઠે સુંદર બંગલો બંધાવ્યો. તેમાં બહુ સારૂં ફરનીચર વસાવ્યું અને રંગ રોગાન કરી ભવ્ય મંદિર તૈયાર કરી દીધું. પોતાને ત્યાં જેટલા પરોણા આવે તેને બંગલાના દરેક વિભાગમાં ફેરવી બતાવે અને વખાણ સાંભળી મનમાં મકલાય. એક વખત તેને ત્યાં એક મહંત આવ્યા. બીજાની પેઠે તેને પણ આખો બંગલો બતાવ્યો અને વારંવાર તેની પાસેથી વખાણ સાંભળવાની આશા રાખે, પણ મહંત મહારાજ તો કાંઇ બોલે નહિ. આ પ્રમાણે જોઇ શેઠ બોલ્યા કે 'સાહેબ! પ્રથમ હોલમાં આપને બતાવેલ ફરનીચર ચીનથી ઓર્ડર કરી મંગાવ્યું છે, દીવાનખાનાનું સર્વ ફરનીચર જાપાનીઝ છે, ડ્રોઇંગ રૂમનું સર્વ ફરનીચર ઇંગ્લીશ છે, કપાટોપર ફ્રેન્ચ પોલીશ ખાસ કારીગર પાસે કરાવ્યો છે. ચીની કામ સર્વ જર્મન છે, અને રંગ વોર્નીશ સર્વ જયપુરના ચિતારાને બોલાવી કરાવ્યા છે.' આ સર્વ હકીકત સાંભળવા છતાં પણ મહંત તો મૌનજ રહ્યા. કારણ વગર વખાણ કરવાથી આરંભના ભાગી થવાય છે એ નિયમ મહંતના મનમાં સુવિદિત હતો. છેવટે શેઠે કહ્યું, 'સાહેબ! આપ કેમ તદ્દન મૌન રહ્યા છો? કેમ કાંઇ બોલતા નથી? આપ શું વિચાર

કરો છો?' મહંત પ્રસંગ જોઇ બોલ્યા, 'શેઠ! હું તમારા ઘરના ફરનીચર બાંધણી વિગેરેનોજ વિચાર કરૂં છું, પણ તમે ઘરની બાંધણીમાં એક મોટી ભૂલ કરી હોય એમ મને જણાય છે.' શેઠ તો ચમક્યા કે આવા સુંદર ફરનીચરથી ફરનીશ કરેલા બંગલામાં વળી ભૂલ તે શું રહી ગઇ હશે! સ્વાભાવિક રીતે 'ભૂલ શું છે' એવો સવાલ કર્યો. પ્રત્યુત્તરમાં મહંત બોલ્યા કે 'શેઠ! તમે આ બારણાં મૂકયાં છે તે ન મૂકવાં જોઇએ.' શેઠે પૂછયું, 'સાહેબ! આપ આ પ્રમાણે કેમ બોલો છો? બારણાં વગરનાં તે ઘર હોય?' મહંત કહે છે કે 'હું સકારણજ બોલું છું. એક દિવસ એવો આવશે કે બીજાં માણસો તને આ બારણાંમાંથી બહાર કહાડશે, અને તારાથી કદિ ફરી પ્રવેશ પણ થઇ શકશે નહિ. તું પ્રવેશ કરવા ઇચ્છા રાખીશ તો બીજાં તને આવતો જોવા ઇચ્છશે પણ નહિ; માટે જો તેં બારણાં મૂકાવ્યાં ન હોત તો તારે બહાર જવું પડત નહિ.' શેઠ આનો ભાવાર્થ સમજી ગયા અને ઘરપરનો મમત્વ મૂકી દીધો. મહાદાનેશ્વરી થઇ સર્વનો ત્યાગ કર્યા પછી મહંત પાસેજ વ્રત લઇ આત્મકર્મમાં ઉદ્યત થઇ ગયા. આ શ્લોકનો આ ભાવ વિચારવા યોગ્ય છે. ૧૪૩.

તારાં કૃત્યો અને ભવિષ્યનો વિચાર.

कर्माणि रे जीव! करोषि तानि, यैस्ते भवित्र्यो विपदो ह्यनंताः ।
ताभ्यो भिया तद्धसेऽधुना किं, संभाविताभ्योऽपि भृशाकुलत्वम् ॥

"હે જીવ! તું કર્મો એવાં કરે છે કે જેના વડે તને ભવિ-
"ષ્યમાં અનંત આપત્તિઓ થાય, ત્યારે સંભવિત એવી વિપત્તિઓના
"ભયથી અત્યારે અત્યંત આકુળવ્યાકુળ શા માટે થાય છે?" ૨૦.

ઇંદ્રવજ્રા.

---

૧ ત્રીજી પંક્તિમાં चेत् (तत् ને બદલે) પાઠાંતર છે. આ બે પંક્તિનો અર્થ આ પ્રમાણે કરવો. "જો તું વિપત્તિઓથી ડરતો ન હો તો આ ભવમાં કલ્પેલી-આરોપેલી અથવા ભવિષ્યમાં બનનારી એવી એ વિપત્તિઓથી તું આકુળવ્યાકુળ કેમ થઇ જાય છે?" આનો ભાવ એમ છે કે તને ભવિષ્યમાં અનેક વિપત્તિઓ થાય તેવાં કૃત્યો તું કરે છે, પરંતુ તે ખમી શકવાનું તારૂં ખમીર નથી; કારણ કે અત્યારે આ ભવમાં સાધારણ રીતે કદાચ માત્ર બને તેવી અથવા તદ્દન કાલ્પનિક વિપત્તિથી ડર્યા કરે છે અને ભવિષ્યમાં વિપત્તિઓ ભલે થાઓ એવું તું બોલે છે એ તદ્દન જોરવાનજોગી છે, પરસ્પર વિરોધી છે અને અવિચારી છે.

ભાવાર્થ-ગુરૂ મહારાજ વ્યાખ્યાન વાંચતા હોય છે તે શાસ્ત્રશ્રવણ વખતે જ્યારે નરકનો અધિકાર ચાલતો હોય છે ત્યારે નારકીનાં દુઃખો અને ત્યાં થતી અન્યોન્યકૃત, ક્ષેત્રજ અને પરમાધામીકૃત વેદનાનું સ્વરૂપ સાંભળીને આ જીવ કમકમે છે, દુઃખી થાય છે અને કંપે છે. બીજાં તિર્યંચ વિગેરેનાં અવાચ્ય દુઃખો સાંભળીને પણ નિસાસો મૂકે છે. પોતે જાણે છે કે પાપકર્મો કરવાથી નારકી તિર્યંચનાં અનેક દુઃખો થાય છે છતાં પોતે તો પાપ કર્યાજ કરે છે. ત્યારે શાસ્ત્રશ્રવણ વખતનો કમકમાટ અને કાર્યરેખા એ બન્ને વચ્ચે દેખીતો વિરોધ છે. જેમ સુખ મેળવનાર સુખના વિચારથીજ દોડે છે અને પછી તે વિચારને અનુસારે ગમે તેટલું કષ્ટ સહન કરીને સુખ મેળવવા યત્ન કરે છે તેવીજ રીતે દુઃખનો ત્યાગ ઇચ્છનાર તેવા વિચારથીજ તે વિચારને અનુકૂળ માર્ગે દોડતા હોય તો નારકીનું થાળું કયારનું એ ઓછું થઈ ગયું હોય! મતલબ કે સંસારી જીવોનાં દુઃખો મટી ગયાં હોય. આની મતલબ એ છે કે જે દુઃખો સંભારવાથી પણ કમકમાટ-રોમાંચ ઉત્પન્ન કરે છે તે દુઃખો જે પાપકર્મોથી થાય છે તેવાં પાપકર્મો કરવાનું છોડી દે. ૧૪૪

સહચારીના મૃત્યુથી બોધ.

ये पालिता वृद्धिमिताः सहैव, स्निग्धा भृशस्नेहपदं च ये ते ।
यमेन तानप्यदयं गृहीतान्, ज्ञात्वापि किं न त्वरसे हिताय ॥२१॥

"જે તારી સાથે પળાયા પોષાયા અને મોટા પણ સાથે થયા,
"વળી જેઓ અત્યંત સ્નેહી હતા અને જે તારા પ્રેમપાત્ર હતા
"તેઓને યમરાજે નિર્દયપણે ગ્રહણ કર્યા છે એમ જાણીને પણ તું
"સ્વહિત કરવા માટે કેમ ઉતાવળ કરતો નથી?" ૨૧. ઉપજાતિ.

ભાવાર્થ-જે ભાઇઓ અને શેરીના છોકરાઓ સાથે રમ્યા, સાથે ઉછર્યા, સાથે આનંદ કર્યો, જેઓના ઉપર બહુ સ્નેહ હતો, જેઓ પ્રાણથી પણ વધારે પ્રિય હતા એવા ઘણા ચાલ્યા ગયા. દરેક પ્રાણીને અનુભવ હશે કે તેના નજીકના મિત્રો, અત્યંત સ્નેહવાન્ સ્ત્રી કે ભર્તા, પુત્રપર અત્યંત સ્નેહાળુ માબાપો, નજીકના સહાયવાન ભાઇઓ અને પ્રેમ રાખનારાઓ આ દુનિયા છોડી ચાલ્યા

ગયા છે અથવા તેમને આ દુનિયા છોડવી પડી છે. તેઓનાં અકાળ મરણ જોઈ જે બોધ થવો જોઈએ તે એજ કે અહો! તેઓની પેઠે આપણો વારો પણ એક દિવસ આવશેજ, માટે આપણે જે કરવું હોય તે કરી લેવું, આત્મહિત શું છે તે વિચારવું અને તે કરવું, મરવાથી જરા પણ ડરવું નહિ પણ પ્રત્યેક ક્ષણે તેને માટે તૈયાર રહેવું. ભર્તૃહરિ આવોજ વિચાર વૈરાગ્ય શતકમાં બતાવે છે.

वयं येभ्यो जाताश्चिरपरिगता एव खलु ते,
समं यैः संवृद्धाः स्मृतिविषयतां तेऽपि गमिताः ।
इदानीमेते स्मः प्रतिदिवसमासन्नपतना-
दृतास्तुल्यावस्थां सिकतिलनदीतीरतरुभिः ॥

એટલે જેનાથી આપણે ઉત્પન્ન થયા તેઓ ઘણા વખતથી ગયા, જેઓ સાથે આપણે મોટા થયા તેઓ સ્મરણ માત્રમાંજ રહ્યા, હવે આપણે પણ પડું પડું થઇ રહ્યા છીએ અને આપણી અવસ્થા નદીકાંઠે રેતીમાં ઉગેલા ઝાડની જેવી થઈ છે. આજ વિચારથી શાંત સુધારસકારે પણ કહ્યું છે કે

यैः समं क्रीडिता ये च भृशमीडिता,
यैः सहाकृष्महि प्रीतिवादम् ।
तान् जनान्वीक्ष्य वत भस्मभूयं गतांन्
निर्विशंकाः स्म इति धिक् प्रमादम् ॥

આ શ્લોકનો ભાવ ઉપર પ્રમાણેજ છે. આવા નજીકના સ્નેહીને ભસ્મ થયેલા જોઇએ છીએ છતાં અમે તો નિઃશંક થઈને ફર્યા કરીએ છીએ. ખરેખર, પ્રમાદને ધિક્કાર છે! આ સર્વ હકીકતની મતલબ એ છે કે દરેક પ્રાણીએ સંસારની અસ્થિરતા સમજી વિચારીને સ્વહિત શું છે તે સમજતાં શીખવું એટલુંજ નહિ પણ આચરણ પણ તેવુંજ કરવું કે જેથી સ્વહિત વૃદ્ધિ પામે. ૧૪૫

પુત્ર સ્ત્રી કે સગાં ખાતર પાપ કરનારાઓને ઉપદેશ.

यैः क्लिश्यसे त्वं धनबंध्वपत्य[1] यशःप्रभुत्वादिभिराशयस्थैः ।
कियानिह प्रेत्य च तैर्गुणस्ते, साध्यः किमायुश्च विचारयैवम् ॥२२॥

१ કવચિત્ પ્રથમ પંક્તિમાં यैः क्लिश्यसे बंधनबंध्वपत्य એવો પાઠાંતર છે, તેનો અર્થ 'બંધન તુલ્ય બંધુ અપત્ય વિગેરેથી તું ક્લેશ પામે છે પણ વિ૦" એ પ્રમાણે કરવો.

"કલ્પનામાં રહેલાં એવાં ધન, સગા, પુત્ર, યશ, પ્રભુત્વ વિગે-
"રેથી (વિગેરે માટે) તું ક્લેશ પામે છે; પણ તું વિચાર કર કે
"આભવમાં અને પરભવમાં તેઓથી કેટલો ગુણ સાધી શકાય તેમ
"છે અને તારૂં આયુષ્ય કેટલું છે?" ૨૨ ઉપજાતિ.

ભાવાર્થ–હે ભાઈ! પૈસા માટે અગાઉ બતાવ્યું તેમ તું અનેક કષ્ટો સહન કરે છે, તેવી જ રીતે છોકરાને મોટો વારસો આપી જવા માટે મહા મહેનત કરે છે, એવી જ રીતે આબરૂ ખાતર પણ મજુરી કરવામાં બાકી રાખતો નથી અને શેઠાઈ માટે તો પડી મરે છે; પણ તું વિચાર તો કર કે આ ભવમાં તે કારણોથી કાંઈ લાભ સાધી શકાય તેમ છે? પૈસાની ખાતર પૈસા મેળવવા એ તો એક જાતનો સન્નિપાત છે અને છોકરા ખાતર મેળવવા એમાં પણ મૂર્ખાઈ છે. કયા છોકરાઓએ મોટો વારસો મળવા માટે પોતાના બાપનો આભાર માન્યો છે? આ વાકય જરા આકરૂં લાગશે, પણ ખરૂં છે. પુત્ર તરફ પિતાની ફરજ નથી એમ નથી, પણ પાપારંભ અને કષ્ટ સહન કરી વારસો આપવાને કોઇ પિતા બંધાયલો નથી. એવી જ રીતે આબરૂ અનિશ્ચિત છે અને શેઠાઈ ચાલી જતાં વાર લાગતી નથી. આવી રીતે આ ભવમાં તો નકામી મજુરી જ થાય છે અને પર ભવમાં પાપના ભારથી ભારે થયેલો જીવ નારકીમાં અને નિગોદમાં અનંત કાળ પર્યંત રખડે છે. વળી કદાચ તકરારની ખાતર આ ભવમાં જરા જરા સુખ છે એમ માનો તો પણ તે કેટલું? મનુષ્યઆયુષ્ય મધ્યમ રીતે આ જમાનામાં ૭૫ વરસનું ગણાય અને તેમાં પણ મરકી વિગેરેના કોપથી અથવા બીજા વ્યાધિ કે અકસ્માતથી વચ્ચે ઉપડી જતાં વાર લાગે તેમ નથી. ત્યારે અરે જીવ! તું શા વાસ્તે નકામો ખેંચાઈ જઈ બધું બગાડે છે? કેટલીકવાર ખોટી આશામાં તણાયલો અને કેટલીકવાર ફરજના ખોટા ખ્યાલથી દોરાયલો આ જીવ મુગ્ધપણા વડે સારા આશયથી પણ અનેક ખોટાં કામોની શ્રેણી કરી નાંખે છે; પણ તે યોગ્ય વિચાર કરતો નથી તેથી જ આ પ્રમાણે થવા પામે છે. પોતાની ખરી સ્થિતિ અને ફરજ શું છે તે વિચારવાની બહુ જરૂર છે. વિચાર પણ યોગ્ય અંકુશ નીચે અને રીતસર કરવાની જરૂર

છે. કેટલીકવાર પોતાનામાં હોય તે કરતાં વિચાર કરવાની વધારે યોગ્યતા માનવામાં આવે છે. દાખલા તરીકે પિતૃધર્મ, પતિધર્મ અને લોકધર્મના સંઘટ્ટમાં કયો ધર્મ પ્રથમ કર્ત્તવ્યરૂપ ગણાય એવા અગત્યના સવાલોમાં પોતાના એકતરફી વિચારોથી દોરાવું નહિ, પણ વધારે માન આપવા લાયક મનસ્થિતિના માણસોના વિચારો સમજવા યત્ન કરવો. ગમે તેમ કરી આત્મહિત કરવાનું દૃષ્ટિબિંદુ ચૂકવું નહિ. ૧૪૬

પરદેશી પંથીનો પ્રેમ. હિત વિચારણા.

किमु मुह्यसि गत्वरैः पृथक् कृपणैर्बंधुवपुःपरिग्रहैः ।
विमृशस्व हितोपयोगिनोऽवसरेऽस्मिन् परलोकपांथ रे ॥ २३ ॥

"હે પરલોકે જનારા પંથી! જુદા જુદા ચાલ્યા જનારા અને "તુચ્છ એવા બંધુ, શરીર અને પૈસાથી તું શું મોહ પામે છે? "આ વખતે તારાં સુખમાં વધારો કરે તેવા ઉપાયો અરેઅરા કયા "છે તે જ વિચાર." ૨૩ ગીતિ.

ભાવાર્થ–સ્ત્રી પુત્ર ધન શરીર છુટા છુટા ચાલ્યા જનારા છે, પૈસો ઘેર રહેશે, સ્ત્રી ડેલી સુધી આવશે, ત્યારે પુત્ર સ્મશાન સુધી આવશે અને શરીર ચિતા સુધી આવશે, પણ અંતે તું એકલો જ છે. વળી આ સર્વે શરણભૂત થવાને અસમર્થ છે. અત્ર જે સર્વ મળ્યાં છે તે એક મેળા જેવું છે. તીર્થની જગોએ જેમ અમુક દિવસે મેળો મળે છે અને બીજે દિવસે પાછું સર્વ વીંખાઈ જાય છે તેમ આંખ મીંચીને ઉઘાડીશ ત્યાં આ સર્વ લોપ થઈ જશે અને પાછું કયાં જશે તેની ખબર પણ પડશે નહિ. તેટલા માટે કહ્યું છે કેઃ—

જેમ મેળો તીરથ મળેરે, જનવણજની કાજ,
કેઈ તોટો કેઈ ફાયદોરે, લેઇ લેઇ નીજ ઘર જાય.

આ પ્રમાણે વસ્તુસ્થિતિ છે તે ઓળખ, અને પછી સાચું હિતકારક શું છે તે સમજ. તે સમજ્યા પછી જનસમૂહના લાભનાં કાર્યો કરી આત્મહિત સાધી આ ભવપ્રપંચની પંચાતીથી દૂર રહે. સર્વ ઉપદેશનું દૃષ્ટિબિંદુ એ જ છે કે **આત્મહિત કરો, સંસારને કાચી નાખો અને સમતારસમાં ગરક થઈ જાઓ.**

આ શ્લોકમાં પૌદ્ગલિક વસ્તુઓ અને પ્રેમીના પ્રેમનું વસ્તુતઃ સ્વરૂપ શું છે તે જાણવાની-વિચારવાની સૂચના કરી અને વસ્તુતઃ તારૂં હિત શું છે તે વિચારીને કરવાની જરૂરિયાત બતાવી. જે બંધનમાં ફસાઇ આ જીવ તદ્દન બાહ્ય વ્યવહારમાં ફસાઈ રહે છે તે વસ્તુઓ બંધનને અથવા પ્રેમને લાયક નથી, અને તેવી માન્યતાવાળી વસ્તુઓ મેળવવા વિગેરેની ઝટપટમાં આ જીવ એટલો મસ્ત થઈ જાય છે કે પોતે કોણ? પોતાનું કોણ? પોતાનું હિત શું? કયાં? કેવી રીતે પ્રાપ્તવ્ય? પ્રાપ્ત કરવાની જરૂર ખરી કે નહિ? વિગેરે સંબંધી વિચાર કરવાનો પ્રસંગ પણ મળતો નથી. આ ભૂલ સુધારવાનો બેવડો ઉપદેશ અત્ર છે, સગાં સંબંધી એટલે સ્ત્રી, પુત્ર કે મિત્રો, શરીર અને પૈસા તારા પ્રેમને યોગ્ય પણ નથી, કારણ કે તે તારાં નથી. ૧૪૭

આત્મ જાગૃતિ.

सुखमास्से सुखं शेषे, भुंक्षे पिबसि खेलसि ।
न जाने त्वग्रतः पुण्यैर्विना ते किं भविष्यति ॥ २४ ॥

"સુખે બેસે છે, સુખે સુએ છે; સુખે ખાય છે, સુખે પીએ "છે અને સુખે ખેલે છે; પણ અગાડી પુણ્ય વગર તારા શા હાલ "થશે તે હું જાણતો નથી." ૨૪. અનુષ્ટુપ.

ભાવ–હે ભાઈ! સુખાસન કે સિંહાસનપર નિરાંતે બેસે છે, વિલાયતી પલંગોપર સુંદર ચાદરો બીછાવી સુએ છે, જીભને સારા લાગતા ભક્ષ્યાભક્ષ્ય સર્વ પદાર્થો ખાય છે, મદિરાપાન કરે છે અને એરટેડ વોટરના અપેય પદાર્થોના ગ્લાસો ગળામાં રેડે છે, તેમજ અનેક રમતો રમે છે; પણ તું વિચાર તો ખરો કે એ સર્વ પુણ્યના પ્રતાપે છે. તારે ગામનું લેણું છે અને તે ઉઘરાણી પતતી જાય છે અને મળેલો વારસો ખવાતો જાય છે, ધન ઓછું થતું જાય છે એટલે પુણ્યધન ખવાતું જાય છે. હવે અત્યારે તો તું કાંઇ ધન રાખતો નથી ત્યારે આગળ તારા શા હાલ થશે? મને તો તારે માટે વિચાર થઇ પડ્યો છે, પણ તું વિચાર કરતો નથી.

જેને અત્ર સુખ, ભોગ, વૈભવ, સંપત્તિ, આરોગ્ય હોય તેણે સંસારમાં લપટાવું એ મળેલી પુંજીને ઉડાવી દેવા જેવું છે, અને

વૈભવ આરોગ્ય વગર સંસારમાં લપટાવું એ તો તદ્દન મજુરી કરવા જેવું છે, અફળ છે, અને કોઇ ડાહ્યો માણસ તેવું કરવાની હા પણ પાડે નહિ એ સમજાય તેવું છે. ભર્તૃહરિએ એક સ્થાનકે લખ્યું છે કે* "મોઢા આગળ ગીતો ગવાતાં હોય, પડખે કવિઓ બીરૂદાવલિ બોલતા હોય, બાજુપર ચામરો ઝુલતા હોય અને માથે સેવકો છત્ર ધરી રહ્યા હોય એવું તારે હોય તો તો તું સંસારરસનો સ્વાદ લેવાની ઇચ્છા કર તે પણ જરા વાજબી ગણાય." આવું તો તારે કાંઇ છે નહિ, વાસ્તે તું સંસારમાં લપટાઈશ નહિ.

તારે તો વ્યવહારમાં કહેવત છે તેમ 'ન મળ્યા રામ ને ન મળી માયા' જેવું થાય છે. જરા પુણ્યધન છે તે પણ ઉલટું તું તો હારી બેસે છે. તારી સ્થિતિ ઉચ્ચ કરવા માટે, અસંગપણું પ્રાપ્ત કરવાનાં સાધનો મેળવવા માટે અને ચાલુ નકામી ઉપાધિઓથી દૂર રહેવા માટે તારે હજુ પુણ્યની બહુ જરૂર છે; માટે જે કાર્ય સુખથી–સરળતાથી કરવાં જોઇએ તે કર અને આવા પીવાના ઉપર બહુ લક્ષ્ય છે તે છોડી દે. તારી હાલની સ્થિતિમાં તો હજુ પુણ્ય ધનના મોટા સંચયની જરૂર છે. તારી જીવન્મુક્ત સ્થિતિ આવશે ત્યારેજ તારે પુણ્યનો બખ નથી; તે વખત અમે તને તે સ્વરૂપ બતાવશું અથવા તું તારી મેળેજ તે સમજી શકીશ. ૧૪૮.

થોડા કષ્ટથી બીહે છે અને બહુ કષ્ટ થાય તેવું કરે છે.

शीतात्तापान्मक्षिकाकत्तृणादि स्पर्शाद्युत्थात्कष्टतोऽल्पाद्बिभेषि ।
तास्ताश्चैभिः कर्मभिः स्वीकरोषि, श्वभ्रादीनां वेदना धिग् धियं ते॥૨૫

"ટાઢ, તડકો, માખીના ડંસ અને કર્કશ તૃણાદિના સ્પર્શથી "થયેલાં બહુ થોડાં અને થોડા વખત સુધી ચાલે તેવાં કષ્ટથી તું "ડરી જાય છે અને તારાં પોતાનાં કૃત્યોથી પ્રાપ્ત થનારી નરક "નિગોદની મહાવેદનાઓનો અંગીકાર કરે છે. રંગ છે તારી "અક્કલને!!" ૨૫ શાલિની.

ભાવાર્થ–જ્ઞાની ગુરૂને એક બહુ મોટું આશ્ચર્ય થાય છે. આ જીવ અહીં તો એવો સુખશેળીઓ થઇ જાય છે કે કપડામાં જરા

* વૈરાગ્ય શતક શ્લોક પહ મો.

તરખલું પેઠું હોય તો તે પણ ખમી શકતો નથી, ઠંડીથી રાડો પાડે છે અને ગરમીના વખતમાં ટટ્ટી, કોલ્ડ ડ્રીન્ક વિગેરે અનેક ધાંધલો કરી મૂકે છે. એક માખી કે મચ્છર બેસે ત્યાં તો તેનો જીવ નીકળી જાય છે અને તપસ્યા પણ કરતો નથી. એક ઉપવાસ કરે તો જાણે બીજા ઉપર પાડ કરી નાખે છે અને તેમાં આગલે દિવસે, સાંજે અને બીજે દિવસે સવારમાં ધમાધમ એટલી કરે છે કે તેવો ઉપવાસ કરવાથી ભોગ બમણો થાય છે. આવી રીતે નાની મોટી દરેક બાબતમાં આ જીવ આગ્રહ ભરેલી રીતે કષ્ટથી દૂર રહેવા યત્ન કરે છે; પરંતુ પોતાનું વર્તન, વ્યવહાર, આચરણ એવું રાખે છે કે જે દુઃખોથી અત્ર બીહેછે તેવાંજ દુઃખો તેનાથી લાખોગણાં જોરમાં સહન કરવાં પડે. અત્ર પુણ્યધન ખાઈ જાય છે અને પછી તેને દુઃખ ને દુઃખજ ભોગવવાનો વારો આવે છે. ગુરૂ મહારાજ કહે છે કે 'અરે મૂર્ખ! તારી બુદ્ધિને માટે અમારે તે શું કહેવું! તું ગૃહસ્થ હો કે યતિ હો, પણ તારે એક મુદ્દો અવશ્ય સાચવવો જોઇએ કે મનુષ્યભવને પરિણામે સરવૈયામાં તોટો આવે નહિ. જે મુડી લઇને આવ્યો હો તેમાં કાંઈ પણ વધારો થવો જોઇએ.' જો ગુરૂ મહારાજના ઉપદેશપર ધ્યાન આપીશ તો તો તને અમોઘ લક્ષ્મી પ્રાપ્ત થશે. તેથી વિચાર કરીને નરક નિગોદનાં દુઃખ સહન કરવાં પડે તેવો વખત આવતો અટકાવ; પછી તે વખતે તું રાડો પાડીશ, રોઇશ તોપણ તારૂં કોઇ સાંભળશે નહિ.

આ શ્લોકમાં એક બીજો ભાવ હોય એમ પણ સ્ફુરે છે. સાધુધર્મ વહન કરવામાં પરીસહ સહન કરવા પડે છે એ ખરૂં છે અને તેની બીકથીજ બહુ પ્રાકૃત પ્રાણીઓ તે ધર્મ અંગીકાર કરી શકતા નથી અને તેનાથી ડર્યા કરે છે, પરંતુ તેને બદલે થાય છે એમ કે જે કષ્ટોની બીકથી ડર્યા કરે છે તેજ કષ્ટો વ્યવહારમાં સહન કરે છે. ઠંડી, તાપ વિગેરે પરીસહના રૂપમાં સહન કરતો નથી, પરંતુ પરતંત્રતાથી સર્વ સહન કરે છે એ લગભગ દરરોજના અનુભવનો વિષય છે. આના પરિણામે બન્ને ભવ બગડે છે. અત્ર કષ્ટ વેઠે છે અને પરભવમાં પાછો દુર્ગતિમાં પડે છે. આવા પ્રકારની તારી પ્રથક્કરણ કરવાની બુદ્ધિને રંગ છે! ૧૪૪.

ઉપસંહાર-પાપનો ડર.

क्वचित्कषायैः क्वचन प्रमादैः, कदाग्रहैः क्वापि च मत्सराद्यैः[1] ।
आत्मानमात्मन् कलुषीकरोषि, बिभेषि धिङ् नो नरकादधर्मा ॥२६॥

"હે આત્મન્! કોઇ વખત કષાય કરીને અને કોઇ વખત પ્રમાદ "કરીને, કોઈ વખત કદાગ્રહ કરીને અને કોઇ વખત મત્સર "વિગેરે કરીને આત્માને મલિન કરે છે! અરે તને ધિક્કાર છે! "તું આવો અધર્મી કે નરકથી પણ બીતો નથી?" ૨૬. ઉપજાતિ.

ભાવાર્થ-આ જીવ કોઇવાર ક્રોધ કરે છે, કોઇવાર અહંકાર કરે છે, કોઇવાર કપટ કરે છે, કોઇવાર પૈસા પૈસાની ઝંખના કર્યા કરે છે, કોઇ વખત ખોટો અભિનિવેશ કરે છે, કોઇ વખત વ્રત નિયમ ન લેતાં અવિરતિ સ્થિતિમાં આનંદ માને છે, કોઇ વખત મનમાં અશુદ્ધ વિચારો શ્રેણીબદ્ધ કર્યા કરે છે, કોઇ વખત પોતાનાં કુળ, બળ, વિદ્યા, ધન વિગેરેનો મદ કરે છે, કોઇ વખત સ્ત્રીમાં આસક્ત થઇ પડ્યો રહે છે, કોઇ વખત સારા સારા પદાર્થો ખાવા માટે અનેક આરંભ કરે છે, કોઇ વખત પરસ્ત્રીઓનાં રૂપ જોઇ આનંદ પામે છે, કોઇ વખત રાજકથા કરે છે, કોઇ વખત રૂશીઆ જાપાનની લડાઇની વાતો કરે છે, કોઈ વખત સ્ત્રીઓની કથા કરે છે, કોઇ વખત ખાટલામાં પડ્યો પડ્યો કલાકના કલાક સુધી ઉંઘ્યા કરે છે, કોઇ વખત કદાગ્રહમાં પડી જઇ મમત્વ બાંધે છે, કોઈ વખત મમતને લીધે સંઘનું કે જ્ઞાતિનું ગમે તેટલું બગડતું હોય તેની દરકાર કે વિચાર કર્યા વગર પોતાનું ધાર્યું કરે છે, કોઇ વખત મત્સર કરે છે, કોઈ વખત કલહ કરે છે, કોઇ વખત અસત્ય બોલે છે, કોઇ વખત નિંદા કરે છે, કોઇ વખત ચોરી કરે છે, કોઇ વખત જીવહિંસા કરે છે, આવાં આવાં અનેક પાપાચરણો કરી આ જીવ મલિન થાય છે, આત્માને મલિન કરે છે અને સંસારમાં રખડે છે. આવા પાપથી આત્માની શુદ્ધતા ઉપર મેલ ચડતો જાય છે અને તે અનંત સંસારસમુદ્રમાં ઝોકાં ખાય છે. દોલિત આજ હાથ રહેતું નથી અને પાણીના વમળમાં અટવાયા

[1] समत्सराद्यैः इति वा पाठः

કરે છે. હે આત્મન! હે ચેતન! આ બાબત બહુ ધ્યાન રાખવા જેવી છે. ૧૫૦.

* * * * * *
* * * * * *

એવી રીતે વૈરાગ્ય ઉપદેશદ્વાર પૂર્ણ થયું. આ દ્વારની અગત્યતા ઘણી છે, કારણ કે વૈરાગ્યનો વિષય ઘણી અગત્યતા ધરાવે છે. આ દ્વારનું પ્રથક્કરણ કરવાની જરૂર રહેતી નથી. દરેક શ્લોકને મથાળે જે નામ લખ્યું છે તેજ આખા દ્વારનું પ્રથક્કરણ છે. લગભગ દરેક શ્લોકમાં જુદા જુદા વૈરાગ્યના વિષયપર વિચારો બતાવ્યા છે. બધી વાતનો સાર એ છે કે આ જીવને ભેદ જ્ઞાન થવું જોઇએ. આત્મિક વસ્તુ કઇ છે અને પૌદ્ગલિક કઇ છે તેનો બરાબર ખ્યાલ હોવો જોઇએ, સ્વપરની વહેંચણી થવી જોઇએ. ચેતન શુદ્ધ છે, એણ વગરનું ઝવેરાત છે, કોહિનૂર છે, પણ અનાદિ અભ્યાસથી પોતાની શુદ્ધિ ઉપર કર્મનાં પડ ફેરવી વાળ્યાં છે; આથી એની શુદ્ધતા દેખાતી નથી. તેની શુદ્ધ સ્થિતિ સમજવા માટે હાલની સ્થિતિ એ અશુદ્ધ સ્થિતિ છે એ સમજવું જોઇએ, અને તેજ આ આખા અધિકારનો વિષય છે. સંસાર પર નિર્વેદ લાવવાની બહુ જરૂર છે, કારણ કે જે દુઃખ થાય છે તે સંસારભ્રમણને લીધે થાય છે અને જો વિષય કષાયપર જય મેળવવામાં આવે તો સંસારભ્રમણ મટી જાય તેમ છે.

સંસારપર નિર્વેદ આવવાનાં (વૈરાગ્ય થવાનાં) ત્રણ કારણો છે. એક ધરિછત વસ્તુનું નહિ મળવું અને અનિચ્છિત વસ્તનું મળવું એને શાસ્ત્રકાર દુઃખગર્ભિત વૈરાગ્ય કહે છે, બીજું આત્માનું ખોટું જ્ઞાન થવાથી વૈરાગ્ય થાય તેને મોહગર્ભિત વૈરાગ્ય કહે છે અને ત્રીજું આત્માનું શુદ્ધ સ્વરૂપ જાણી સમજી વિચારી સંસારપર ઉદાસીનતા ખરેખરા રૂપમાં લાવવી તેને (સદ્જ્ઞાન સંગત) જ્ઞાનગર્ભિત વૈરાગ્ય કહે છે. વસ્તુસ્વરૂપના ખરેખરા જ્ઞાન પછી થયેલ ત્રીજા પ્રકારના વૈરાગ્યથી ભવભ્રમણનું દુઃખ મટે છે અને મોક્ષસુખ મળે છે.

વૈરાગ્યદ્વારને અંગે મનુષ્યભવની દુર્લભતા ખાસ સમજવાની જરૂર છે. આ ભવમાં જે જે જોગવાઈ મળી છે તેવી ફરી ફરીને જલદી

મળી શકતી નથી. શાસ્ત્રાંતરગત કેટલાંક દૃષ્ટાંતો તેરમા શ્લોકમાં આપ્યાં છે તે મનન કરવા લાયક છે. વાંચનની કેટલીક હકીકત ચાખવાની હોય છે, કેટલીક ગળે ઉતારવાની હોય છે અને કેટલીક પચાવવાની હોય છે.[1] તેમ આ વિષય પચાવવાનો છે. મ્હોંમાં નાખી, ચાવી, ગળે ઉતારી, પચાવવો–એટલે કે એને વાંચી, સમજી, વિચારી મનન કરી વારંવાર પુનરાવર્ત કર્યા કરવું.

આવીજ ઉપયોગી હકીકત મનુષ્યો તાત્કાળિક સુખ તરફ વિશેષ ધ્યાન આપે છે પણ લાંબી નજરે જોતા નથી, એ છે. આ બાબતમાં વણિક બુદ્ધિ રાખવાની જરૂર છે. દરેક બાબત ઉપર તેને યોગ્ય જગોએ પૂરતું વિવેચન કરવા યત્ન કર્યો છે. સંસારમાં કોઇ કોઇનું નથી, સ્વાર્થનો મેળો મળ્યો છે માટે ગૃહસ્થાવાસને કે સંસારને અંગે પોતાની યોગ્ય ફરજ હોય તેટલો વખત તેને સારૂ જે કરવું ઘટે તે કરવું. બાકી બરેબરૂં કાર્ય તો શાંત જગોએ બેસી પોતાનું બરૂં સ્વરૂપ શું છે તે વિચારવું એ છે. પ્રવૃત્તિમાં પડી રહેનારને બરા સુખની વાનકી પણ મળતી નથી. એને મનુષ્યભવ એક ફેરા જેવો થાય છે, નકામો થાય છે; અને છેવટે પસ્તાવો કરાવે છે. આવી અનેક ઉપયોગી હકીકત શાસ્ત્રમાં ભરેલી છે, વિચારને માટે આટલું ઘણું છે, બાકી સંસારયાત્રા સફળ કરવાનું પ્રબળ સાધન પોતાના ક્ષયોપશમ પ્રમાણે અને ગુરૂ મહારાજના ફરમાન પ્રમાણે શોધી લેવા દરેકે યત્ન કરવો. આ મનુષ્યભવ સફળ કેવી રીતે થાય એ વિચારવું બહુ અગત્યનું છે.

શુદ્ધ દશા પ્રાપ્ત કરવા માટે આ પ્રસંગ બહુ અનુકૂળ છે. પાશ્ચિમાત્ય સંસ્કારોને લીધે કેળવણીમાં પ્રવેશ, રાજ્ય તરફની ધર્મ સંબંધમાં સગવડ, પુસ્તકો પ્રાપ્ત કરવા માટે મુદ્રાયંત્રથી થયેલી અનુકૂળતા, આખા ભારતવર્ષમાં થયેલી જાગૃતિને લીધે સ્વધર્મમર્યાદા પુનઃ સ્થાપન કરવા માટે સંસ્કારવાળાઓની અભિરૂચિ અને બીજાં અનેક સાધનોને લઇને છેલ્લા કેટલાક સૈકાઓ કરતાં અત્યારનો સમય અનુકૂળ કહી શકાય. તેની સાથે જ પાશ્ચિમાત્ય દૃઢ સંસ્કારોને લીધે ધર્મક્રિયાઓ તરફ પરાઙ્મુખપણું અને યોગ્ય સંસ્કારોને અભાવે ધર્મ

1 See Bacon's essay on Studies.

તરફ પણ ઉપેક્ષાવૃત્તિ પ્રાપ્ત થઇ છે એ ધ્યાનમાં રાખવાનું છે; છતાં સામટી રીતે વખતની પ્રતિકૂળતાના સંબંધમાં બાસ ફરિયાદ કરવાનું કારણ રહેતું નથી. આ અનુકૂળતાને લઇને આ જીવને પોતાને થયેલી વધારાની બાસ અનુકૂળતા ધ્યાનમાં લેતાં વખતનો લાભ લેવો જરૂરનો છે એમ લાગે છે.

વૈરાગ્યને લગતો આ આખો અધિકાર છે. ઉપોદ્‌ઘાતમાં આ વિષયની અગત્યતાના સંબંધમાં સ્પષ્ટ ઉલ્લેખ જોવામાં આવશે. અત્ર વૈરાગ્યનાં કારણો શોધવાં હોય તો તેની બહુ મુશ્કેલી પડતી નથી. આપણે સંસારનો કોઇ પણ પ્રસંગ લઇએ તો તેમાંથી ઉક્ત કારણ સહજ પ્રાપ્ત થશે. પ્રેમની અસ્થિરતા, પ્રેમીના મરણનો સંભવ, વસ્તુનો નાશ, યૌવનનું પ્રાગલ્ભ્ય, વૃદ્ધાવસ્થાની મંદતા, પૌદ્‌ગળિક પદાર્થોનો પલટન સ્વભાવ એ સર્વ વૈરાગ્યને ખેંચી લાવે છે, આકર્ષી લાવે છે, મનપર સજ્જડ છાપ ચોંટાડે છે. આ તો સામાન્ય વાત થઈ, પરંતુ વ્યવહારનો કોઈ પણ પ્રસંગ–સામાન્ય કે અસાધારણ લેતાં તેમાંથી વૈરાગ્યનું કારણ મળી આવશે. વાંધો માત્ર પ્રસંગને અનુકૂળ વિચાર કરવાનો છે. એકના એક પુત્રના મરણપ્રસંગે શોક કરવામાં આવે તો તે વિચાર કર્તવ્ય નથી, શાસ્ત્રોક્ત નથી, પ્રસંગને અનુરૂપ નથી. શુભ કે અશુભ વ્યવહારના કાર્યને અંગે કંઇક વિચારો આવે છે, પણ સાધ્ય અચોક્કસ હોવાથી વસ્તુતઃ કર્તવ્યભાન કરાવનારા વિચારો આવતા નથી. આ અધિકારના દરેક શ્લોકપર વિચાર કરી તેને પોતાના વ્યવહારમાં પણ ઉપયોગી બનાવવામાં આવે તો અત્ર વર્ણવેલી સ્થિતિને બદલે કાંઇક નવીન પ્રકાશ, નૂતન સ્ફુરણા, અભિનવ અનુભવ થાય; પરંતુ અવકાશના વખતમાં માત્ર વાંચવા બાતર જ આ અધિકારાંતરગત શ્લોકો વાંચવામાં આવે તો તેથી સ્વાત્માનુભવ કે આત્મદર્શન થવાનો બહુ સંભવ તુરતમાં તો રહેતો નથી.

આત્માની અનંત શક્તિ છે એ હવે નવું જાણવાનું રહેતું નથી. એ શક્તિ પ્રગટ કરવા માટે આત્મદ્રવ્યપર લાગેલાં કર્મના સમૂહો દૂર કરવાની જરૂર છે. એ ભાવ પ્રાપ્ત કરવા માટે, શુદ્ધ આત્મદર્શન કરવાની રૂચિ થવા માટે વૈરાગ્યની જરૂર છે; કારણ કે સંસાર

અને વૈરાગ્યને બનતું નથી અને સંસાર છે ત્યાં કર્મ છે અને કર્મ છે ત્યાં આત્મદર્શનવિમુખતા છે. સંસારપરથી નિર્વેદ લાવવા માટે શુદ્ધ વિચારણા કરવાની અને પોતાના દરેક કાર્યપર નિરીક્ષા કરવાની જરૂરિયાત તેથી સ્પષ્ટ થાય છે. આ અધિકારનો પ્રત્યેક શ્લોક તે તરફ પ્રયાણ સૂચવે છે.

श्री वैराग्योपदेशनामा दशमोऽधिकारः सविवरणः समाप्तः ॥

अथैकादशो धर्मशुद्ध्युप-देशाधिकारः

જ્યાંસુધી આ જીવને ધર્મશુદ્ધિ પ્રાપ્ત થતી નથી ત્યાંસુધી વૈરાગ્યભાવ કે મનોનિગ્રહથી કાંઇ પણ થઇ શકતું નથી; અથવા બીજી રીતે જોઇએ તો ધર્મશુદ્ધિ વગર એ બંને ભાવો પ્રાપ્ત થતા નથી. શુદ્ધ દેવ ગુરૂ અને ધર્મને ઓળખીને આદરવા એ આગળ વધવાનું પ્રથમ પગથીયું છે અને તે મેળવવા સારૂ અત્ર પ્રથમ ધર્મશુદ્ધિ કેમ અને કેવી રીતે કરવી તેનો ઉપદેશ આપે છે.

ધર્મશુદ્ધિનો ઉપદેશ.

भवेद्भवापायविनाशनाय यः[1], तमज्ञ धर्मं कलुषीकरोषि किम् ॥
प्रमादमानोपधिमत्सरादिभिर्न मिश्रितं ह्यौषधमामयापहम् ॥ १ ॥

"હે મૂર્ખ! જે ધર્મ તારી સંસાર સંબંધી વિટંબણાનો નાશ
"કરનાર છે તે જ ધર્મને પ્રમાદ, માન, માયા, મત્સર વિગેરે વડે
"શામાટે મલિન કરે છે? (તારા મનમાં ચોક્કસ સમજજે કે) મિશ્રિત
"ઔષધ વ્યાધિનો નાશ કરી શકતું નથી." ૧ વંશસ્થવિલ.

ભાવાર્થ–"ધર્મ" શબ્દ અનેક અર્થમાં વપરાય છે. ધર્મ એટલે પોતાની ફરજ, જેમકે માતૃધર્મ, પિતૃધર્મ વિગેરે. "ધર્મ" એટલે

---

૧ આ यः શબ્દ એકજ પ્રતમાં છે, તેની ખાસ જરૂર છે. નહિતો પ્રથમ ચરણમાં અગ્યાર અક્ષર થાય છે. વાસ્તવિક રીતે તો यः ને બદલે यम् જોઇએ, પણ કોઇ જગોએ તેમ નથી, તેથી મૂળમાં અશુદ્ધ જણાતોજ પાઠ રહેવા દીધો છે.

વસ્તુસ્વભાવ. वत्थुसहावो धम्मो. એકસીજનનો ધર્મ એ છે કે હાઇડ્રોજન સાથે મળે ત્યારે પાણી થાય. ધર્મ એટલે પુણ્ય, એ અર્થમાં પ્રાકૃત ભાષામાં તે શબ્દ વપરાય છે. શાસ્ત્રકાર એ શબ્દને ઘણીવાર નીચેના અર્થમાં વાપરે છે. **વીતરાગ પ્રણીત વચનાનુસાર મન વચન કાયાનો શુદ્ધ વ્યાપાર.** એ શબ્દના અર્થ કરતાં એના ભાવ ઉપર ધ્યાન આપવાની અગત્યતા વધારે છે. શબ્દાર્થ ધારયતીતિ ધર્મઃ (નરકાદિ અધોગતિમાં) પડતાં જીવને ઊંચે સ્થાનકે ધારણ કરે તે ધર્મ.

दुर्गतिप्रपतज्जंतु, धारणाद्धर्म उच्यते ।
धत्ते चैतान् शुभे स्थाने, तस्माद्धर्म इतिं स्मृतः ॥

ધારણ શામાટે કરે એ વિચાર કરવાથી સમજાઇ જાય તેવું છે. ભારે વસ્તુ પાણીમાં નીચે બેસે છે અને શુદ્ધ વર્તન રાખનાર કર્મથી ભારે થતો નથી, તેથી એને કર્મબંધ ઓછો થવાથી તે પરિણામે ઉપર તરી આવે છે એટલે ઊંચે શિવપુરમાં જાય છે. શુદ્ધ આત્મધર્મ પ્રકટ કરવો એ સાધ્ય ધર્મ છે. દરેક પ્રયાસ, દરેક ક્રિયા, દરેક વર્તનનું સાધ્ય અનંત ગુણ પ્રકટ કરી અક્ષય સુખ પ્રાપ્ત કરવું એજ છે. આ સાધ્ય ધર્મ બાસ ધ્યાનમાં રાખવાની જરૂર છે. એનાં સાધન સામાયિક, પૂજા, પ્રતિષ્ઠા, દેશસેવા, જનસમૂહ સેવા, પ્રાણીસેવા વિગેરે અનેક પ્રકારનાં છે. કયો સાધન ધર્મ કયા જીવને ઉપયોગી થઇ પડશે એ શોધી કાઢવું પ્રત્યેક પ્રાણીનું કામ છે. કેટલીક વાર સાધન ધર્મને સાધ્ય ધર્મ સમજવાની મોટી ભૂલ થઇ જાય છે તેની સામે બહુ વિચાર કરવાની જરૂર છે. સામાન્ય દૃષ્ટિમાં તે ગમે તેટલું ઉપયોગી સાધન હોય તોપણ જો તે પોતાને પ્રતિકૂળ થઇ પડે તો તેને તજી દેવામાં અડચણ નથી, પરંતુ સાધ્ય ધર્મને કદિ પણ નુકશાન પહોંચવા ન દેવું એ રેખા અનુસાર દરેક ક્રિયા કે વર્તન આદરવાં.

એ ધર્મપ્રાપ્તિની એટલી બધી જરૂર છે કે તેનું વર્ણન કરી શકાય નહિ. જે જે પ્રાણી અથવા પ્રજા ધર્મનો ત્યાગ કરે છે તે ઇતિહાસનાં પાનાપરથી અસ્ત થઇ જાય છે. રોમન પ્રજાએ જ્યારે ધર્મનો ત્યાગ કર્યો ત્યારે તેણે રાજ્ય ખોયું અને ધીમે ધીમે સર્વ

ખોયું. ચાલુ જમાનાની પાશ્ચિમાત્ય પ્રજામાં ધાર્મિક સંસ્કારો ઓછા થતા જાય છે તેને માટે તત્ત્વચિંતકો બહુ ચિંતાતુર રહે છે. તેને લીધે આત્મહત્યા, અસંતોષ, મહા પ્રવૃત્તિ થયા કરે છે અને કમનશીબે હિંદુસ્તાનની ધર્મપરાયણ પ્રજા જો આ વર્તણુંકનું અનુકરણ કરશે તો પછી તેને જે મોટો વારસો મળ્યો છે તે ખોઈ બેસશે અને ધીમે ધીમે ઇતિહાસના પૃષ્ઠપરથી નાશ પામશે; પણ તેના વિચારશીલ પુત્રો આ ભૂલ હવે જોવા લાગ્યા છે અને તેથી પડતી થતી અટકવાનો સંભવ કાંઇક ઉત્પન્ન થયો છે.

અત્ર શરૂઆત કરતાં કવીશ્વર કહે છે કે શુદ્ધ ધર્મથી જન્મ, જરા મૃત્યુનો મોટો ભય નાશ પામે છે. આ જીવ પ્રમાદ, માન, માયાકપટ વિગેરે કરીને પોતાની જાતને અને પોતાથી મનાએલા ધર્મને મલિન કરે છે. શુદ્ધ ધર્મથી જન્મ, જરા અને મૃત્યુનો ભય ઓછો થાય છે, નાશ પામે છે, પણ એ ધર્મ શુદ્ધ જોઇએ. આ જીવ વિષયકષાયાદિ પૌદ્ગલિક ભાવોમાં ફસાઇ જઇને ધર્મને મલિન કરે છે, એટલે ધર્મ રૂપ સંચામાં દુઃખ ટાળવાની જે શક્તિ છે તે તે પ્રાણીના સંબંધમાં બગડી જાય છે, અટકી પડે છે. ઔષધમાં રોગોને હરવાની શક્તિ છે, પરંતુ જ્યારે તેજ ઔષધમાં વિરૂદ્ધ દ્રવ્ય ભેળવ્યું હોય ત્યારે તે પોતાનો ગુણ મૂકી દેછે; તેવીજ રીતે ધર્મ તો ભવનાં દુઃખો ટાળી શકે છે, પણ પ્રમાદ વિગેરે તેને ડોળી નાંખે છે. ધર્મ એ શુદ્ધ સુવર્ણ છે, પણ તેમાં અનેક પ્રકારનો ભેગ થઈ જાય છે; ધર્મ એ શુદ્ધ જળ છે, પણ તેમાં કચરો નાંખવામાં આવે છે; ધર્મ એ ચંદ્ર છે પણ તેમાં લાંછન લાગતાં જાય છે. એ કયા કયા છે તેનાં થોડાં નામો અત્ર બતાવે છે. ૧૫૧.

શુદ્ધ પુણ્યજળમાં મળ. નામો.

शैथिल्यमात्सर्यकदाग्रहक्रुधोऽनुतापदंभाविधिगौरवाणि च ।
ममादमानौ कुगुरुः कुसंगतिः, श्लाघार्थिता वा सुकृते मलाइमे ॥२॥

"સુકૃત્યમાં આટલા પદાર્થો મેલ રૂપ છે–શિથિલતા, મત્સર, "કદાગ્રહ, ક્રોધ, અનુતાપ, દંભ, અવિધિ, ગૌરવ, પ્રમાદ, માન, "કુગુરૂ, કુસંગ, આત્મપ્રશંસા શ્રવણની ઇચ્છા; આ સર્વ પુણ્યરા-"શિમાં મેલ રૂપ છે." ૨.

ભાવાર્થ–નીચે સ્પષ્ટ કરેલા પદાર્થો પુણ્યકાંચનની પર મેલ જેવા છે, એ શુદ્ધ જળને ડોળી નાંખનારા છે, ચંદ્રમાં કલંક જેવા છે, માટે તેમને ઓળખી કાઢવા. એ આખું લીસ્ટ નથી, પણ આગેવાન ડોળનારા એમાં આવી જાય છે. ધર્મકૃત્ય આવશ્યક ક્રિયા ચૈત્યવંદનાદિમાં મંદપણું તે શૈથિલ્ય. પરના ગુણોને સહન ન કરવા, તે તરફ ઇર્ષ્યા કરવી એ માત્સર્ય. પોતાથી થયેલાં અપકૃત્યને પણ વ્યાજબી ઠરાવવું અને તેવા અભિપ્રાય અથવા તકરારને જાણી જોઈને મજબૂતીથી વળગી રહેવું એ કદાગ્રહ. ગુસ્સે થવું એ ક્રોધ. કોઈને દાન માન આપ્યા પછી અથવા ટીપ ભરાવ્યા પછી અથવા તો કોઇ પણ ધર્મકાર્ય કર્યા પછી તે કાર્યોને ભૂલ રૂપ સમજવાં તે અનુતાપ. માયાકપટ એટલે વચન અને વર્તનમાં ભિન્ન ભાવ. શાસ્ત્રમાં બતાવેલી મર્યાદા પૂરઃસર વર્તનને બદલે તેથી ઉલટું કરવું એ અવિધિ. મેં આ મોટું કામ કર્યું તેથી હું મોટો એવી વિચારણા ત ગૈારવ. માન. પ્રમાદ. સમકિત અને વ્રતાદિ રહિત ધર્માચાર્ય નામ-ધારી તે કુગુરૂ. હલકા માણસ સાથે સોબત કરવી એ કુસંગતિ; અને બીજાં માણસો પોતાની પ્રશંસા કરે એ સાંભળવાની ઇચ્છા એ શ્લાઘાર્થિતા.

આ સર્વ વસ્તુઓ સુકૃત્યમાં મળ રૂપ છે, સંસારમાં રખડાવ-નારી છે અને જોકે આ લીસ્ટ પૂર્ણ નથી તોપણ તેમાં અગત્યની બધી આવી જાય છે. હવે આમાંથી સુકૃત્યોમાં મળરૂપ કેટલાક મનો-વિકાર વિષે અત્ર ખાસ વિવેચન કરી બતાવે છે. ૧૫૨.

પરગુણ પ્રશંસા.

यथा तवेष्टा स्वगुणप्रशंसा, तथा परेषामिति मत्सरोज्झी ।
तेषामिमां संतनु यल्लभेथास्तां नेष्टदानादि विनेष्टलाभः ॥ ३ ॥

"જેવી રીતે તને તારા પોતાના ગુણોની પ્રશંસા વહાલી છે
"તેવીજ રીતે બીજાઓને પણ પોતાના ગુણની પ્રશંસા વહાલી
"હોય છે; તેથી મત્સર તજી દઈને તેઓના ગુણની પ્રશંસા સારી
"રીતે કરવા માંડ જેથી તને પણ તે મળે (એટલે તારા ગુણોની
"પણ પ્રશંસા થાય.) કારણ કે વહાલી વસ્તુ આપ્યા વગર વહાલી
"વસ્તુ મળતી નથી." ૩.

ઉપજાતિ.

ભાવાર્થ–ઉપર આપણે જોઇ ગયા કે સ્વગુણપ્રશંસા એ મળ રૂપ છે; હવે અત્ર તે મેલ રૂપ ન થાય અને મળે એવી યોજના બતાવે છે. હે ભાઇ! જો તને તારા ગુણોની સ્તુતિ સાંભળવાની ઇચ્છા હોય તો તું પારકાના ગુણોની સ્તુતિ કર; કારણ કે મનુષ્ય-સ્વભાવ બધે એક સરખો છે. દુનિયાના નિયમ પ્રમાણે 'રાખપત અને રખાપત' અરસ્પરસ હોવાથી જો તું તારી પ્રિય વસ્તુ બીજાને આપીશ તો તેઓ પોતાની પ્રિય વસ્તુ તને આપશે. દરેકને પોતાના ગુણની પ્રશંસા પ્રિય છે એવું તું તારા પોતાના દૃષ્ટાંતથી જાણી શકે છે, માટે તારે તારા પોતાના ઇષ્ટપ્રાપ્તિના લાભ માટે પરગુણ સ્તવન કરવું એ ખાસ જરૂરનું છે.

આ તો વ્યવહારની વાત કરી, પણ જ્યારે નિષ્કામ વૃત્તિથી પારકા ગુણની પ્રશંસા થાય છે ત્યારે કરનારને બહુ આનંદ આવે છે. સદ્‌ગુણ એ એવું શુદ્ધ કાંચન છે કે એની પ્રશંસા થાઓ કે ન થાઓ તોપણ એ ત્રણ કાળમાં સોનુંજ રહેવાનું છે. એનાપર ઓપ ચઢે તો દેખાવ સારો લાગે છે પણ એની મૂળ કિંમત તો ઓપ વગર પણ ત્રણ કાળમાં એક સરખીજ રહે છે. એવા પારકાના એક નાના સદ્‌ગુણને પણ મોટો માની એની સ્તુતિ સ્તવન પ્રશંસા કરવામાં આવે ત્યારે કરનાર આડકતરી રીતે ગુણ માટે માન, ગુણવાન્ થવાની ઇચ્છા અને પોતાનું ગુણીપણું બતાવે છે. એથી પારકા ગુણની પ્રશંસા કરવી એ આડકતરી રીતે પોતાની જ પ્રશંસા કરવા જેવું છે. મુનિસુંદરસૂરિ મહારાજે વાણીઆનો હિસાબ બતાવ્યો છે કે તમે આપશો તો મળશે, પણ તેનો ખરેખરો ભાવ અત્ર બતાવ્યો તેજ છે. ભર્તૃહરિ કહે છે કે સંત લોકો પરગુણસ્તવન કરીને પોતાના ગુણ પ્રસિદ્ધ કરે છે એ તેમનું ચરિત્ર આશ્ચર્યથી ભરપૂર છે. વાતનો સાર એ છે કે પારકા ગુણ જોઇને ઇર્ષ્યા કરવાનું તો સ્વપ્ન પણ લાવવું નહિ, પણ તેના તરફ સ્વાભાવિક પ્રેમથીજ જોવું. ગુણપ્રાપ્તિનો અને સ્વાત્મ શુદ્ધ દશાપર આરોહણ કરવાનો એ મુખ્ય ઉપાય છે. ૧૫૩.

પોતાની ગુણસ્તુતિ અને દોષ નિંદામાં મન ન રાખવું.

जनेषु गृह्णत्सु गुणान् प्रमोदसे, ततो भवित्री[1] गुणरिक्तता तव ।
गृह्णत्सु दोषान् परितप्यसे च चेद्[2], भवन्तु दोषास्त्वयि सुस्थिरास्ततः

१ चेद् स्थाने रे इति वा पाठः २ स्तव इति वा पाठः

" બીજાં માણસો તારા ગુણની સ્તુતિ કરે ત્યારે તું હર્ષ પામીશ
" તો તારામાં ગુણની શૂન્યતા થશે, અને લોકો તારા દોષો ગ્રહણ
" કરે ત્યારે ખેદ પામીશ તો તે દોષો તારામાં નિશ્ચળ-દૃઢ થશે." ૪
વંશસ્થ.

ભાવાર્થ-આપણામાં કાવ્યચાતુર્ય, પ્રમાણિક વ્યવહાર, તપ, દાન, ઉપદેશ દેવાની અદ્‌ભુત શક્તિ કે એવો કોઈપણ સદ્‌ગુણ કે સદ્‌વર્તન હોય તેની આપણાં સ્નેહી સગાં કે રાગીઓ પ્રશંસા કરે, તે સાંભળી આપણને આનંદ થાય કે તુરત મદ ચઢે છે. કેટલીક વાર આ બનાવ આડકતરી રીતે બને છે. માયાથી કે દેખાવ કરવાની ટેવથી આ જીવ તે વખતે બોલે છે કે 'એમાં કાંઈ નહિ, એ તો મારી ફરજ હતી વિગેરે;' પણ એમાં ઘણી વખત માયા હોય છે. બીજા માણસો ગુણસ્તુતિ કરે એ સાંભળવાની ઇચ્છા થાય, પોતાનું વર્તન બીજાને જણાવવાની ઇચ્છા થાય અને બીજા તેનાં વખાણ કરે તે સાંભળી આનંદ થાય ત્યાં ગુણનો છેડો આવે છે. જેને ગુણ ઉપર ગુણ ખાતરજ પ્રેમ હોય છે તે, લોકો શું બોલે છે, શું ધારે છે એની દરકારજ કરતા નથી-એનો વિચાર પણ કરતા નથી.

એજ નિયમ પ્રમાણે જ્યારે પોતાના દોષ સાંભળીને ખેદ થાય છે ત્યારે પછી દોષ દૂર કરવાની વિચારણા કે કર્તવ્યનું ભાન રહેતું નથી. એને બીજા માણસો શું કહે છે તે તરફ ધ્યાન રહે છે, તેથી ખેલ બગડે છે; અને તેને લીધે દોષો જામી જાય છે, દોષપર સીલ થાય છે અને એને દોષ છોડવા એ પોતાની પ્રિય વસ્તુ છોડવા ઓળખી જેવું થઈ પડે છે, અથવા ઘણીવાર દોષને દોષ તરીકે અમુક શકાતોજ નથી અને દોષ છુપાવવાનો પ્રયત્ન થાય છે. કારણકે લોકો વિચાર, ઉચ્ચાર કે આચાર તરફ એનું ધ્યાન રહેતું નથી, પણ લોકોનું તેને માટે શું ધારે છે કે બોલે છે તે તરફ ધ્યાન રહે છે. લોકોમાં આંતર ધારવું બરાબર ન હોય તો આ જીવ છેતરાય છે. હેતુનો વિચાર કરી મત બાંધનારા અલ્પ હોવાથી ધારણામાં ભૂલ કરનારા વિશેષ હોય છે, અને તેથી લોકપ્રશંસા કે જનરૂચિપર આધાર રાખનારા બહુધા છેતરાય છે. હવે ગુણદોષને અંગે કર્તવ્ય શું છે તે વિશેષ સ્પષ્ટ રીતે જોઈએ. પૃ૪-

શત્રુગુણ પ્રશંસા.

प्रमोदसे स्वस्य यथान्यनिर्मितैः, स्तवैस्तथा चेत्प्रतिपंथिनामपि ।
विगर्हणैः स्वस्य यथोपतप्यसे, तथा रिपूणामपि चेत्ततोसि वित्॥५॥

"બીજા માણસોએ કરેલી તારી પ્રશંસા સાંભળીને જેમ તું
" ખુશી થાય છે તેવી જ રીતે શત્રુની પ્રશંસા સાંભળીને પણ તને
" પ્રમોદ થાય, અને જેવી રીતે તારી પોતાની નિંદા સાંભળીને
" ખેદ પામે છે તેવી જ રીતે શત્રુની નિંદા સાંભળીને ખેદ પામે;
" ત્યારે તું ખરેખરો જાણકાર છો એમ સમજવું." ૫. વંશસ્થ.

ભાવાર્થ—પોતાના કે પારકાના ગુણોની સ્તુતિ સાંભળી ગુણ ઉપર પ્રમોદ થાય અને પોતાના કે પારકાના દોષોની નિંદા સાંભળી દોષ ઉપર તિરસ્કાર થાય એવું વલણ કરવાનો અત્ર ઉપદેશ છે. એમાં પોતાની કે પારકાની સ્તુતિ ગણવાનીજ નથી. એને પ્રમોદ થાય છે તે ગુણનો થાય છે, ગુણ ઉપર થાય છે, ગુણ પ્રત્યે થાય છે. એમાં ગુણવાન કોણ છે એજ જોવાનું છે. ગુણવાન્ માણસ ભલે શત્રુ હોય, હાડોહાડી વૈરી હોય, પણ તેના સદ્‌ગુણ માટે તેના તરફ આકર્ષણ થાય છે. ટુંકામાં ગુણ ઉપર ગુણ ખાતર જ પ્રેમ થાય છે. આવી સ્થિતિ જરા અવલોકન કરી વિચાર કરવાની ટેવ પડવાથી પ્રાપ્ત થાય છે. એવી જ રીતે જેમ પોતાની નિંદા સાંભળી ખેદ થાય છે તેવી જ રીતે શત્રુની નિંદા સાંભળીને પણ ખેદ થાય ત્યારે જે કાર્ય કરવાનું છે તે સિદ્ધ થયું સમજવું. સમજણ, જ્ઞાન, વિદ્વત્તા એ સર્વનો સમાવેશ આ નાની વાતમાં થાય છે. ગુણ તરફ ગુણ ખાતર જ પ્રેમ રાખવો એ ઉપદેશ છે. ભર્તૃહરિ કહે છે કે પારકાના નાના સદ્‌ગુણને પણ જે મોટો પર્વત જેવો કરી તેને માન આપે છે તે સંત જાણવો, પણ મુનિસુંદરસૂરિ મહારાજ તો આગળ વધી જણાવે છે કે જે પ્રાણી ગુણને ગુણ ખાતર માન આપે તેજ જાણકાર છે. શાસ્ત્ર વાંચ્યાં હોય તેનું ફળ એ જ છે અને તેવી જ રીતે દોષ ઉપર દોષ ખાતર જ અપ્રીતિ રાખે તે જ ખરો જ્ઞાની છે. આવી રીતના વર્તનનું ફળ શત્રુમિત્રપર સમભાવમાં આવે છે. એવી રીતના વર્તનથી મનને જે ટેકો અને શાંતિ મળે છે તે અનિર્વચનીય છે, અને વાસ્તવિક રીતે

કહીએ તો તે અનુભવગમ્ય જ છે. ઉપાધ્યાયજી કહી ગયા છે કે "રાગ ધરીને જીહાં ગુણ લહીએ." જે જગ્યાએ ગુણ હોય ત્યાં રાગ રાખવો, એમાં ગુણવાન્ કોણ છે તે જોવાનું જ નથી; જ્યાં ગુણ હોય ત્યાં રાગ રાખવો. ૧૫૫.

પરગુણ પ્રશંસા.

स्तवैर्यथा स्वस्य विगर्हणैश्च, प्रमोदतापौ भजसे तथा चेत्।
इमौ परेषामपि तैश्चतुर्ष्व प्युदासतां वासि ततोऽर्थवेदी ॥ ६ ॥

"જેવી રીતે પોતાની પ્રશંસા અને નિંદાથી અનુક્રમે આનંદ
"અને ખેદ પામે છે તેવી જ રીતે પરની પ્રશંસા અને નિંદાથી
"આનંદ અને ખેદ થતો હોય અથવા તે ચારે ઉપર ઉદાસીન
"વૃત્તિ રાખતો હોય તો તું ખરા અર્થનો જાણકાર છે." ૬.

ઉપેંદ્રવજ્રા

ભાવાર્થ—ઉપર કહ્યું તે જ અત્ર પાઠાંતરે કહ્યું છે. પારકો માણસ ગમે તે હોય, ભલે તે મિત્ર હોય કે શત્રુ હોય; પરંતુ જ્યારે તેના ઉપર ગુણવાન્ હોવાથી પ્રમોદ જ થાય ત્યારે શાસ્ત્રના રહસ્યનું જાણકારપણું પ્રાપ્ત થયું છે એમ સમજવું અથવા તો તે ચારે વસ્તુ ઉપર-સ્વગુણ પ્રશંસા, સ્વદોષ નિંદા, પરગુણ પ્રશંસા, પરદોષનિંદા-એના તરફ ઉદાસીન વૃત્તિ આવી જાય તો તે પણ વધારે સારું છે; એટલે એ તરફ ધ્યાન આપવાનું વલણ જ ન થાય, ફક્ત પોતે પોતાને યોગ્ય રસ્તે કામ ચલાવ્યા કરે એવી ઉદાસીન વૃત્તિ પ્રાપ્ત થાય તો વધારે ઠીક છે. પણ કેટલીક વાર ઉદાસીન વૃત્તિને નામે બેદરકારી દાખલ થઈ જાય છે તેનાથી ચેતવાની જરૂર છે. અત્ર ઉદાસીન વૃત્તિ કહી છે તે જાણી જોઈને અજ્ઞાન રહેવું એમ નથી, પણ તે જાણવા તરફ સ્વાભાવિક વળણજ ન રાખવું એ છે. આખા શ્લોકને ઉપરના શ્લોકની નોટ બરાબર લાગુ પડે છે. ૧૫૬.

ગુણસ્તુતિની અપેક્ષા નુકશાનકારક છે.

भवेन्न कोऽपि स्तुतिमात्रतो गुणी, स्त्यात्या न बह्व्यापि हितं परत्र च।
तदिच्छुरीर्ष्यादिभिरायतिं ततो, मुधाभिमानग्रहिलो निहांसि किम्॥७॥

"લોક વખાણ કરે તેથી કોઇ ગુણી થતો નથી, વળી બહુ
"ખ્યાતિથી પણ આવતા ભવમાં (પરલોકમાં) હિત થવાનું નથી,
"તારે જો આવતા ભવમાં તારું સારું કરવાની ઇચ્છા છે તો નકામો
"અભિમાનને વશ થઇને ઇર્ષ્યા વિગેરે કરી આવતો ભવ પણ શા
"માટે બગાડે છે?" ૭. ઉપજાતિ.

વિવેચન-દેવચંદ નામનો માણસ અને સો બસો માણસો હિરાચંદની સ્તુતિ કરે, તેથી હિરાચંદમાં કાંઇ ગુણ આવી જવાના નથી; તેનામાં હીર હશે તો રહેશે, અને કદાચ સ્તુતિથી તો ઉલટું નુકશાન થવાનું હશે તો થશે. વળી અત્ર ગમે તેટલા વખાણ થાય, ભાટ ચારણો આકાશમાં ચઢાવી દે તોપણ પરલોકમાં તેની અસર થતી નથી. ત્યાં કાંઇ વખાણ પામેલા માટે પક્ષપાત નથી તેમજ તેઓમાટે કાંઇ જુદી જગ્યા નથી. **સ્તુતિને પાત્ર થવાની જરૂર છે.**

અત્ર એક ઘણી અગત્યની બાબતપર ધ્યાન ખેંચવાની જરૂર લાગે છે. આપણે આપણું વર્તન ગુણને અનુસરીને રાખવું. ધરાદા-પૂર્વક આપણાં વખાણ થાય તેવી રીતે દુનિયાને બતાવવા ખાતર વર્તન કરવું નહિ, છતાં વખાણને પાત્ર આત્માને બનાવવામાં અડ-ચણ નથી, બલકે તેવાજ થવાની જરૂર છે. લોકો સ્તુતિ કરે તેમાં ગુણહાનિ થતી નથી, પરંતુ સ્તુતિ કરાવનારે તે કરાવવાના હેતુથી કાંઇ પણ વર્તન કરવું જોઇએ નહિ, અને વિદ્યમાન ગુણની પણ સ્તુતિ સાંભળીને તેનાપર મન આપવું જોઇએ નહિ.

અત્ર આ જીવમાં દેખીતો વિરોધ છે તે બતાવે છે. એક તો દરેકને આવતા ભવમાં સારું થાય તેવું કરવાની ઇચ્છા અને બીજું તેથી તદ્દન વિરૂદ્ધ વર્તન. હે ભાઇ! જો તું આવતા ભવમાં માનસિક કે શારીરિક સુખ મેળવવાની ઇચ્છા રાખતો હોય તો પછી આ ભવમાં ઇર્ષ્યા કે અભિમાન કરી પારકામાં ગુણ છતાં નિંદા કે પોતામાં દોષ છતાં પ્રશંસા કે ઇર્ષ્યાથી બીજાના ગુણોને પ્રકાશમાં ન આવવા દેવા વિગેરે વિગેરે નિષિદ્ધ કાર્યો કરી શામાટે સુખ મળ-વાના ઉપાયોને કાપી નાંખે છે? તારે તારા ગુણો બહાર પાડવાની ઇચ્છા રાખવી નહિ. વળી યાદ રાખજે કે ગુણ છે તે દાબડામાં નાંખેલી કસ્તુરી છે. જોકે કસ્તુરી પોતે ઇચ્છા રાખતી નથી કે મારી

સુગંધ બધે પ્રસરે, પણ ગુણનો તેમજ કસ્તુરીનો સ્વભાવ છે કે તે પોતાના મૂળ ધર્મથીજ આપોઆપ સર્વત્ર પ્રસરે, વસ્તુ અવલોકન કરનાર તત્ત્વજ્ઞો સારી રીતે સમજે છે કે પ્રશંસા-આબરૂની પછવાડે દોડનારને તે મળતી નથી, પણ તેને જે લાયક થાય તેને વરવાને હાથમાં માળા લઇને તે આતુર ઊભી હોય છે અને ઇચ્છા કે અનિચ્છાએ તે વરે છે, એવો આ જગત્નો ક્રમ છે. ૧૫૭.

"શુદ્ધ" ધર્મ કરવાની જરૂર. કરનારાઓની સ્વલ્પતા.

सृजन्ति के के न बहिर्मुखा जनाः, प्रमादमात्सर्यकुबोधविप्लुताः ।
दानादिधर्माणि मलीमसान्यमून्युपेक्ष्य शुद्धं सुकृतं चराण्वपि ॥ ८ ॥

"પ્રમાદ, મત્સર અને મિથ્યાત્વથી ઘેરાયેલા કેટલાએક "સામાન્ય માણસો દાન વિગેરે ધર્મો કરે છે, પણ આ ધર્મો મલિન "છે; તો તેઓની ઉપેક્ષા કરી શુદ્ધ સુકૃત્ય જરાએક-એક અણું "જેટલુંજ કર." ૮. વંશસ્થવિલ.

વિવેચન-મદ્ય, વિષય, કષાય, વિકથા અને નિદ્રા એ પાંચ પ્રમાદ છે. પરઋદ્ધિ કે ગૌરવ તરફ ઇર્ષ્યા એ મત્સર, અને દૃષ્ટિરાગ વિગેરે મિથ્યાત્વ. એને લીધે જીવ દાન, શીળ, તપ વિગેરે કરે છે. મિથ્યાત્વથી માનતા માને છે, દૃષ્ટિરાગથી હજારો રૂપીઆ ભોગી ભ્રમરના પગ આગળ સમર્પણ કરી દે છે, અજ્ઞાનથી લાંઘણો કરી કાયકલેશ કરે છે, અહંકારથી નામની ખાતર લાખો રૂપીઆની સખાવત કરી દે છે અને વર્તમાનપત્રમાં નામ આવવા ખાતર મોટી રકમ ફંડમાં ભરી આપે છેઃ પણ આવી રીતે કરેલ ધર્મકાર્ય કલંકિત છે, ચંદ્રમાં કલંક તુલ્ય છે, સોનાની થાળીમાં લોઢાની મેખ છે, અનાદરણિય છે, ઇષ્ટ ફળ રોકનાર છે, સંસારમાં રઝળાવનાર છે.

જો તારે ખરેખરૂં કામ કાઢવાની ઇચ્છા હોય તો એક જરા વખત પણ શુદ્ધ ધર્મ કર. ઉપર કહેલા કોઇ પણ પૌદ્ગળિક ભાવો છોડી દે, સંસારને કાપી નાંખ. પછી તું ખૂબિ જોજે; તને તે વખતે તારા મનમાં જ એવો અપૂર્વ આનંદ થશે કે આખિ જીંદગીમાં તેં એવો આનંદ અનુભવ્યો હશે નહિ. શુદ્ધ ચૈતન્ય સ્થિતિમાં રમણ કરવું

એ આત્મિક દશા છે અને એવી દશા એકવાર પ્રાપ્ત કર. પછી શું કરવું એ તને સુઝી જશે.

આ શ્લોકનો ઉંડો આશય વિચારવા યોગ્ય છે. મોટાં મોટાં પુસ્તકો વાંચવા યોગ્ય જ્ઞાન મેળવવા માટે એકડા શીખવાની જરૂર છે, અને સુંદર મંદિર ચણવા માટે પાયા ખોદવા જેવું કામ કરવાની પણ જરૂર છે. આ વાત ખાસ ધ્યાનમાં રાખવાની આવશ્યકતા છે. એકડા જાણ્યા વગર અને પાયા ખોદ્યા વગર સુંદર પરિણામ બતાવનારાં કાર્યો થતાં નથી એ સ્પષ્ટ છે. પણ સાથે યાદ રાખવું કે નિરંતર એકડા જ ઘુંટવાનું કામ કરવાનું નથી, નિરંતર પાયા ખોદવાનું કામ કરવાનું નથી. સાધ્ય દૃષ્ટિમાં રાખીને જ આ બન્ને કાર્યો આદરણિય છે. મલિન ધર્માચરણો પણ અભ્યાસ પાડવા માટે ઉપયોગી છે, કારણ કે એ એકડા ઘુંટવા જેવાં કાર્યો છે, અનાદિ અભ્યાસથી પ્રમાદ માત્સર્ય કષાય વિગેરેનો ત્યાગ સર્વથી બનવો ઘણા માણસોને અશક્ય લાગે છે, પરતુ પુરૂષાર્થ કરવાથી તેનો ત્યાગ થઇ શકે છે. ત્યાગ કરવો છે એવી ચીવટ મનમાં હોય તોપણ બહુ ફેર પડે છે. આ તદ્દન જુદી વાત છે. અભ્યાસ પાડવા માટે એકડા ઘુંટવાની ખાસ જરૂર છે, પરંતુ એકડામાં ને એકડામાં જ સુંદર સંયોગવાળું જીવન પૂર્ણ થાય તે ઇષ્ટ નથી. ઉપાધ્યાયજી તે જ મતલબનું કથન અધ્યાત્મસારના બીજા અધિકારના વીશમા શ્લોકમાં કરે છે. મલિન ધર્મકાર્યોથી લાભ નથી એમ નથી, પણ તે બહુ અલ્પ છે, મુમુક્ષુ જીવની સાધ્ય મેળવવાની અપેક્ષાએ તદ્દન લાભ નથી એમ કહીએ તો ચાલે. આ સર્વ હકીકતનું તાત્પર્ય એ જ નીકળે છે કે પ્રશસ્ત ધર્માચરણ કરવાં. આપણે એક સામાન્ય દાખલો લઇએ તો આ વાત વિશેષ સ્પષ્ટ થશે. એક પ્રાણીને દશ હજાર રૂપીઆ ખરચવાની આપણે પ્રેરણા કરીએ. તે જીવ વ્યવહારૂ છે, કર્મના અગમ સિદ્ધાન્તને સમજતો નથી, દુનિયાનો કીડો છે. આથી તેને માનની ઇચ્છા છે. આવા પ્રસંગે તેને માન લઇને પણ દાન કરવામાં હરકત નથી. તેના દ્રવ્યનો આ રસ્તે વ્યય થતાં થતાં તે દાનધર્મની ઉત્કૃષ્ટતા સમજશે, અને પછી ગુપ્ત ધર્માદાથી અંતરંગશાંતિ અને સંતોષ કેવો થાય છે તે ધીમે ધીમે સમજશે.

અભ્યાસ પાડવા માટે પ્રથમ તેને માનની ઇચ્છાની તૃપ્તિ કરવી તે પણ ઇષ્ટ છે. વિશેષ સમજી પ્રાણી પ્રથમથી જ આ વાત સમજી શકે છે, અને તેનાં કાર્યો કોઇ પણ ઐહિક મનોવિકારને તૃપ્ત કરવા માટે હોતાં નથી, પણ પરમ સાધ્ય પ્રાપ્ત કરવાના શુદ્ધ અધ્યવસાયથી ઉત્પન્ન થાય છે. આ છેલ્લો માર્ગ પરમ ઇષ્ટ છે, મહા કલ્યાણ આપનાર છે, અને તે ગ્રહણ કરવાનો અથવા ગ્રહણ કરવાની ઇચ્છા અને ભાવના રાખવાનો અત્ર ઉપદેશ છે. ૧૫૮.

પ્રશંસા વગરના સુકૃત્યનું વિશિષ્ટપણું.

आच्छादितानि सुकृतानि यथा दधंते,
सौभाग्यमत्र न तथा प्रकटीकृतानि ।
व्रीडाननाननसरोजसरोजनेत्रा,
वक्षःस्थलानि कलितानि यथा दुकूलैः ॥ ९ ॥

"આ દુનિયામાં ગૂઢ પુણ્યકર્મો–સુકૃત્યો જેવી રીતે સૌભાગ્ય
"આપે છે તેવી રીતે પ્રકટ કરેલાં સુકૃત્યો આપતાં નથી. જેમકે
"લજ્જાથી નમાવ્યું છે મુખકમળ જેણે એવી કમળનયના સ્ત્રીનાં
"સ્તનમંડળ વસ્ત્રથી આચ્છાદિત હોય ત્યારે જેટલી શોભા આપે છે
"તેટલી શોભા ઉઘાડાં હોય ત્યારે આપતાં નથી." ૯. વસંતતિલકા.

ભાવાર્થ–સ્પષ્ટ છે. દુનિયામાં બ્રાનગી (ગુપ્ત) ધર્મદ્રવ્ય કરનારા બરેબરો લાભ બાંધી જાય છે. દુનિયા તેના ગુણ ગાઓ કે ન ગાઓ તેની તેને દરકાર રહેતી નથી-હોતી નથી. કાંચળી પહેરી ઉપર સાડી પહેરેલી હોય ત્યારે સ્ત્રીના હૃદયભાગની જે શોભા સામા માણસને લાગે છે તેટલી ઉઘાડા સ્તન હોય છે ત્યારે લાગતી નથી. આપણું પોતાનું શરીર પણ વસ્ત્રથી વિંટાયલું હોય છે ત્યારેજ શોભા આપે છે. તેવીજ રીતે સુકૃત્યો ઢાંકેલાં હોય છે ત્યાંસુધી વધારે સૌભાગ્ય આપે છે. ગુપ્ત સુકૃત્યો કરતી વખતે કરનારને બહુ શાંતિ આપે છે અને તેનું સ્મરણ કરવાથી આત્મિક સંતોષ આપે છે એ ખાસ લક્ષ્યમાં રાખવા યોગ્ય છે. દરેક કાર્યની અસર આત્મિક સૃષ્ટિમાં કેવી થશે તે વિચારવાની જરૂરિયાત આથી જણાઇ આવે છે. માનકીર્ત્તિથી કદાચ સ્થૂળ આનંદ થોડો વખત લાગે, પણ અપૂર્વ

આત્મિક શાંતિ–જે મેળવવાનો પ્રયાસ સર્વ મુમુક્ષુઓનો છે તે તો શાંત સ્થિતિમાં શાંત રહીને કરેલ શાન્ત કાર્યોથીજ થાય છે.

ગમે તે કારણથી પણ પ્રચલિત વ્યવહાર આથી તદ્દન ઉલટો થઇ ગયો છે એમ સર્વથા નહિ તો સેંકડે નવાણું ટકામાં જોવામાં આવે છે. એક માણસને એક લાખ રૂપિયા ખરચવાની ઇચ્છા થઈ તો ખર્ચ્યા પહેલાંજ તેનાં ઢોલ નગારાં વગડાવવા પ્રયત્ન કરતો તે જોવામાં આવે છે, ખરચ કરવાનો વખત પ્રાપ્ત થાય ત્યારે તેનો કબજો છોડતો નથી, વ્યાજ વાપરવા ઇચ્છા બતાવે છે, ન્યૂસપેપરમાં મોટા મોટા રિપોર્ટો મોકલે છે અથવા મોકલાવે છે અને એકવાર ખર્ચેલા પૈસાનો ચાર પાંચ વખત જુદી જુદી રીતે લાભ લેછે. આવી રીતે ઘણું ખરૂં અપ્રમાણિક પણે પેદા કરે છે અને અભિમાનથી ખર્ચે છે. આ એક ધન ખરચવાની હકીકત થઇ, તેવીજ રીતે બીજાં અનુષ્ઠાનો માટે પણ સમજી લેવું. જીવનો અનાદિ સ્વભાવ અભિમાન કરવાનો છે તે સીધી અને આડકતરી રીતે શુભ કૃત્યોમાં પણ થઈ જાય છે અને તેનું કારણ વાસ્તવિક તત્ત્વગવેષણા નહિ એજ છે. વિચાર કરતાં જણાય છે કે વસ્તુસ્વરૂપ આથી ઉલટુંજ છે. એક સુકૃત્ય કરવા પહેલાં અથવા કરતી વખતે તેને બ્રાનગી રાખવાથી બહુ જાતના લાભ થાય છે. અભિમાન ન થઈ જાય તે બહુ મોટો લાભ છે, કારણ કે અભિમાનથી સુકૃત્યનું ફળ અહીંજ રહી જાય છે! લોકમાં કીર્ત્તિ મેલાય અથવા બહુ તો દેવગતિ મળે, પણ નિર્જરા થવી મુશ્કેલ છે. એ ઉપરાંત ગુપ્ત સુકૃત્ય કરતી વખત અપૂર્વ માનસિક આનંદ થાય છે, આત્મસ્વરૂપમાં રમણ થાય છે અને ફરજ બજાવવાનો શુદ્ધ ખ્યાલ આવે છે એ સર્વ લાભો જુદાજ છે. ૧૫૯.

સ્વગુણ પ્રશંસાથી લાભ જરા પણ નથી.

स्तुतैः श्रुतैर्वाप्यपरैर्निरीक्षितैर्गुणस्तवात्मन् सुकृतैर्न कश्चन ।
फलन्ति नैव प्रकटीकृतैर्भुवो, द्रुमा हि मूलैर्निपतंत्यपि त्वधः ॥१०॥

"તારા ગુણો અથવા સુકૃત્યોની બીજા સ્તુતિ કરે અથવા
"સાંભળે અથવા તારાં સારાં કામો બીજા જુએ, તેથી હે ચેતન!

" તને કાંઇ પણ લાભ નથી. જેમકે ઝાડનાં મૂળ ઉઘાડાં કરી નાખ્યાં
" હોય તો તેથી ઝાડ ફળતાં નથી, પણ ઉલટાં ઉખડી જઇને ભોંય
" પર પડે છે (તેમ જ સારાં કામો પણ ઉઘાડાં પડવાથી ભોંયે
" પડે છે)." ૧૦. વંશસ્થવિલ.

ભાવાર્થ–એક માણસે પૃથ્વીપર સુંદર ઝાડ વાવ્યું અને તેનાં મીઠાં ફળ થશે એમ તેને લાગ્યું, તેથી તેનું મૂળ કેવું હશે તે જોવાની ઇચ્છા થઈ; આમ વિચારી બીજાને બતાવવા સારૂ તથા પોતે જોવા સારૂ મૂળ ફરતાં જે માટી કચરો વિગેરે હતાં તે દૂર કર્યાં અને મૂળ બધાએ જોયું. પણ પરિણામ શું આવ્યું? ફળ તો ન મળ્યું, પરંતુ ઝાડ પણ નાશ પામી ગયું. આવી જ રીતે સારાં કામોનો યશ સારો બોલાશે એમ ધારી આ જીવ સુકૃત્યરૂપ મૂળ બીજાને જોવા સારૂ ઉખેડી તેની ફરતી અપ્રસિદ્ધતારૂપ માટી વિગેરે હોય છે તે દૂર કરે છે; તેમ કરવાથી જો કે યશ તો બોલાય છે પણ તેનાં ફળનો નાશ થાય છે, અને સુકૃત્યના નાશથી તે પોતે પણ નાશ પામી જાય છે. અત્ર યોજના આ પ્રમાણે છે–(૧) સુકૃત્યોની મૂળ સાથે યોજના, (૨) આત્માની વૃક્ષ સાથે, (૩) સ્તવન, શ્રવણ, નિરીક્ષણ (સુકૃત્યોનું)ની (વૃક્ષના) પ્રકટીકરણ સાથે, (૪) (સુકૃત્યના) ગુણનો અભાવ તેની વૃક્ષના ફળવાના અભાવ સાથે અને (૫) ધર્મનાશની વૃક્ષના અધોપાત સાથે યોજના કરવી.

વિચારશો તો છે પણ તેમ જ; પારકા માણસો આપણા ગુણ કે સારાં કામની સ્તુતિ કરે તેમાં લાભ શો છે? તાત્વિક વિચાર કરતાં જણાય છે કે કીર્ત્તિ કે માનની ઇચ્છા એ પણ અજ્ઞાનજન્ય છે, એમાં કાંઈ દમ જેવું નથી, અને વિચક્ષણ માણસો કદી તેની ઇચ્છા કરતા નથી. આગંતુક રીત્યા તે મળી જાય તો ભલે મળે પણ તેની ખાતર ચારિત્રવાન્ પોતાનું વર્તન કરે એ ચારિત્રને જ છાજતું નથી: અને ઘણું ખરૂં દુનિયામાં બને છે પણ એમ કે જે એની પછવાડે દોડે છે તેને એ વરતી નથી અને ઉલટો પછવાડે દોડવાનો કલેશ આપે છે. કીર્ત્તિના લોભીને સુકૃત્યનો નાશ થાય છે અને ઘણીવાર ઉલટું અપમાન મળે છે. આ સર્વ હકીકત અકૃ ભવગમ્ય છે અને અવલોકન કરનાર તરત પામી જાય તેવી છે. ૧૬૦.

ગુણ ઉપર મત્સર કરનાર-તેની ગતિ.

तपःक्रियावश्यकदानपूजनैः, शिवं न गंता गुणमत्सरी जनः।
अपथ्यभोजी न निरामयो भवेद्रसायनैरप्यतुलैर्यदातुरः ॥ ११ ॥

" ગુણ ઉપર મત્સર કરનાર પ્રાણી તપશ્ચર્યા, આવશ્યક ક્રિયા,
" દાન અને પૂજાથી મોક્ષે જતો નથી. જેમકે માંદો માણસ જો
" અપથ્ય ભોજન કરતો હોય તો પછી તે ગમે તેટલું રસાયણ ખાય
" તોપણ તે સાજો ન થાય." ૧૧. વંશસ્થવિલ.

ભાવાર્થ–જેવી રીતે પોતાનાં સુકૃત્યોની સ્તુતિ સાંભળવાની ઇચ્છા રાખવી એ ધર્મશુદ્ધિમાં મળ રૂપ છે, તેવીજ રીતે પારકાના સારા ગુણો તરફ ઇર્ષ્યા-અદેખાઈ કરવી એ પણ મળ રૂપ છે. પારકો મત્સર કરનાર માણસ ગમે તેટલાં ધર્મકૃત્યો કરે, છઠ્ઠ અઠ્ઠમ કરે, યોગ ઉપધાન વહે, પ્રતિક્રમણ પચ્ચક્ખાણ વિગેરે આવશ્યક કરે કે પાંચ પ્રકારનાં દાન આપે, યા તો મહા આડમ્બરથી અષ્ટ, સત્તર, એકવીશ કે એકસો આઠ પ્રકારી પૂજાઓ રચાવે પણ તે મોક્ષે જશે નહિ. જેમ કોઈ માંદો માણસ કરી કરે નહિ અને ખાંડ ખટાશ વર્જ્ય હોય છતાં છાની રીતે ખાય, પછી તેને તમે પંચામૃત પરપટી, વસંતમાલતી કે ગજવેલ અવરાવો તોપણ લાભ થશે નહિ; તેવીજ રીતે તપ, ક્રિયા, દાન વિગેરે રસાયણ છે, તેની સાથેજ જો ગુણ તરફ મત્સર રૂપ અપથ્ય ભોજન લેવામાં આવે તો પછી શિવગમન રૂપ નિરોગીપણું આ જીવ રૂપ વ્યાધિગ્રસ્ત પ્રાણીને પ્રાપ્ત થતું નથી. એ પ્રમાણે દૃષ્ટાંત દાર્ષ્ટાંતિક યોજના સમજવી.

ઘોર તપસ્યાના પરિણામે દેવલોકનાં સુખ મળે એ શા કામનું? આવશ્યક ક્રિયા કરીને પાછું તેજ કૃત્ય ફરી ફરીવાર કરવાના વમળમાં ફરવું પડે તે શા કામનું? દાન આપ્યા પછી પાછું દાન લેવાનો વારો આવે તે શા કામનું? અલબત, या या क्रिया सा सा फलवती એ સૂત્ર ખરેખરૂં છે, પણ ઉપર જણાવ્યું છે તેમ મોક્ષે જનારની અને મોક્ષે જવાની ઇચ્છા રાખનારની નજરમાં એ લાભ તદ્દન અલ્પ છે, તેથી નિષ્ફળ છે એમ કહીએ તોપણ ખોટું ગણાય નહિ.

હે ચેતન! તું પરગુણઅસહિષ્ણુતા તજી દે અને તેમ કરી તારાં કર્મ રૂપ રોગોને દૂર કર. ૧૬૧.

શુદ્ધ પુણ્ય અલ્પ હોય તોપણ સારૂં.

मंत्रप्रभारत्नरसायनादि, निदर्शनादल्पमपीह शुद्धम् ।
दानार्चनावश्यकपौषधादि, महाफलं पुण्यमितोऽन्यथान्यत्॥ १२॥

"મંત્ર, પ્રભા, રત્ન, રસાયણ વિગેરેનાં દૃષ્ટાંતથી (જણાય છે "કે) દાન, પૂજા, આવશ્યક, પૌષધ વિગેરે (ધર્મ ક્રિયા) બહુ "થોડાં હોય તોપણ જો શુદ્ધ હોય તો તે મહા ફળને આપે છે, "અને બહુ હોય છતાં અશુદ્ધ હોય તો મોક્ષરૂપ ફળ આપતાં "નથી." ૧૨. ઉપજાતિ.

ભાવાર્થ–શુદ્ધ મંત્રોચ્ચારથી અસલના વખતમાં પુણ્યના પ્રબલપણાથી દેવ પ્રસન્ન થતા હતા; તે જરા હોય તોપણ બહુ કામ થતું હતું. તેવીજ રીતે સૂર્ય ચંદ્રની પ્રભા જરા પડે તોપણ આખી દુનિયામાં પ્રકાશ કરે છે. પાંચ રૂપિયા ભાર લોઢું અને તેટલાજ વજનનાં રત્ન (મણિ, મોતિ, માણેક કે હીરા) હોય તો કિંમતમાં લાખગણો ફેર પડી જાય છે. રસાયણ–મારેલ પારો વિગેરે એક તલ ભારથી ઓછું ખવરાવવામાં આવે તોપણ જો તે શુદ્ધ હોય તો શરીરને બહુ ગુણ કરે છે. એવીજ રીતે દાન, પૂજા, પૌષધ વિગેરે અનુષ્ઠાનો માટે સમજવું. આપણા લોકો હમેશાં સંખ્યા તરફ જુએ છે અને તેથી છેતરાય છે, પણ સમજુએ તેની શુદ્ધતા–સુંદરતા–તાત્ત્વિકતા તરફ જોવું જોઇએ.

Never look to the quantity of your actions but pay particular attention to the quality thereof.

આ વાકયમાં બહુ ખૂબિ રહેલી છે. આપણે કેટલું કર્યું તેજ જોનારા છીએ, પણ કેવું કર્યું તે જોવાની ખાસ જરૂર છે. આખા જીવનમાં પ્રભુભક્તિમાં એક વખત વીર્યોલ્લાસ થઇ જાય તોપણ ભવની ભાવઠ ભાંગી જાય. તેવીજ રીતે આવશ્યક ક્રિયામાં વિચારણાને પરિણામે બરાબર પશ્ચાત્તાપ થાય કે પૌષધમાં અપૂર્વ

ભાવશુદ્ધિ થઇ સમતા પ્રાપ્ત થાય તો આપણું કામ થઇ જાય અને તેવી સ્થિતિ પ્રાપ્ત કરાવવાને માટેજ સર્વ શાસ્ત્રકારોનો પ્રયાસ છે.

આથી ઉલટું જો શુદ્ધિની અપેક્ષા વગર બહુ બહુ ક્રિયાઓ કરવામાં આવતી હોય પણ શુદ્ધતા જરા પણ ન હોય અને ઉલટી અશુદ્ધતા દાખલ થતી હોય તો ફળપ્રાપ્તિ થતી નથી, જે હેતુથી ક્રિયા કરવામાં આવે છે તે હેતુ જળવાતો નથી, અને કદાચ અલ્પ લાભ થાય છે તો તે રૂપીએ એક બદામ જેટલો થાય છે. આ આખા ગ્રંથનો ઉદ્દેશ એજ છે કે થોડું કર પણ બરાબર કર; બહારની કિંમત કે દેખાવથી લોભાઇ જા નહિ. ૧૬૨.

ઉક્ત અર્થ દૃષ્ટાંતથી બતાવે છે.

दीपो यथाल्पोऽपि तमांसि हन्ति, लवोऽपि रोगान् हरते सुधायाः ।
[1]तृष्णां दहत्याशु कणोऽपि चाग्नेर्धर्मस्य लेशोऽप्यमलस्तथांहः॥ १३॥

"એક નાનો દીવો પણ અંધકારને હણી નાખે છે, અમૃતનું "એક ટીપું પણ અનેક રોગોનો નાશ કરે છે, અને અગ્નિની એક "ચીણગારી ખડના મોટા ઢગલાને બાળી મૂકે છે; તેવીજ રીતે જો "ધર્મનો અંશ પણ નિર્મળ હોય તો તે પાપને હણી નાખે છે." ૧૩. ઉપજાતિ.

અર્થ–સ્પષ્ટ છે. અલ્પ દીવો પણ વિસ્તૃત જગ્યામાંથી અંધકારને દૂર કરી નાખે છે તેવીજ રીતે સર્વ બાબતમાં સમજવું. આ સર્વ હકીકત એજ બતાવે છે કે શુદ્ધિ તરફ ખાસ ધ્યાન આપવાની જરૂર છે. હવે શુદ્ધિ સાથે ભાવની કેટલી જરૂરીઆત છે તે બતાવી અધિકાર સમાપ્ત કરે છે. ૧૬૩.

ભાવ અને ઉપયોગ વગરની ક્રિયાથી કાયકલેશ–ઉપસંહાર

भावोपयोगशून्याः, कुर्वन्नावश्यकीः क्रियाः सर्वाः ।
देहक्लेशं लभसे, फलमाप्स्यसि नैव पुनरासाम् ॥ १४ ॥

[1] तृणं इत्यपि पाठोऽन्यत्र दृश्यते.

" ભાવ અને ઉપયોગ વગર સર્વ આવશ્યક ક્રિયા કરતાં તને
" માત્ર કાયકલેશ (શરીરની મજુરી) થશે, પણ તું તેઓનું ફળ
" મેળવી શકીશ નહિજ." ૧૪. આર્યા.

વિવેચન–'ભાવ' એટલે ચિત્તનો ઉત્સાહ (વીર્યોલ્લાસ) અને 'ઉપયોગ' એટલે સાવધાનતા (તન્મયપણું): જેમકે આવશ્યક ક્રિયામાં સૂત્રાર્થ, સૂત્ર, અર્થ, વ્યંજન, દીર્ઘહ્રસ્વોચ્ચાર વિગેરે બાબતમાં સાવધાનપણું. ભાવ અને ઉપયોગ વગરની ક્રિયા કરવી એ માત્ર કાયકલેશને દેનારૂં છે અને તેમાં ફળ તદ્દન અલ્પ છે, કાંઇ નથી. શાસ્ત્રકાર કહે છે કે–

ભાવ વિના દાનાદિકા, જાણો અલુણો ધાન;
ભાવ રસાંગ મલ્યે થકે, ત્રુટે કર્મ નિદાન.

ભાવ વગર દાન વિગેરે ક્રિયા કરવી એ મીઠા વગરના ભોજન જેવી છે. તેવીજ રીતે સુક્ત-મુક્તાવળીકાર પણ કહે છે કે–

મન વિણ મિલવો જ્યું, ચાવવો દંતહીણે;
ગુરૂ વિણ ભણવો જ્યું, જીમવો જ્યું અલૂણે.
જસ વિણ બહુ જીવી, જીવતે જ્યું ન સોહે,
તિમ ધરમ ન સોહે, ભાવના જો ન હોહે.

એ ઉપરથી સ્પષ્ટ રીતે જણાય છે કે ભાવ વગરની ધર્મક્રિયા તદ્દન શુષ્ક છે, નકામી છે, જીર્ણ છે, અનનુકરણિય છે, અનિષ્ટ છે, એ મન વગરના મેળા છે અને દાંત વગરના ચાવણા છે.

તેટલા માટેજ સિદ્ધસેનસૂરિ મહારાજ કલ્યાણમંદિર સ્તોત્રમાં કહે છે કે 'હે પ્રભુ! અનંત સંસારમાં ભવભ્રમણ કરતાં મને તારૂં દર્શન એકવાર પણ થયું હોય એમ લાગતું નથી; કારણકે થયું હોય તો પછી મારી આ સ્થિતિ રહે નહિ.' મતલબ એ છે કે વાસ્તવિક દર્શન થયું નથી, કારણકે કદાચ પ્રભુનાં દર્શન થયાં હશે, પ્રભુની પૂજા કરી હશે દેશના સાંભળી હશે પણ ચિત્ત વગરનું કર્યું હશે. यस्मात् क्रियाः प्रतिफलन्ति न भावशून्याः જે કારણ માટે ભાવ વગરની ક્રિયા ફળ આપતી નથી તેથી પ્રભુનું વાસ્તવિક દર્શન થયું જ નથી એમ કહીએ તો ચાલે.

ભાવની સાથે સાવધાનપણું–વિવેકની પણ તેટલીજ જરૂર છે. એકલી ભક્તિ ફળતી હોય તો રાત્રિએ ઉઠીને નેમનાથજીને વંદન કરવા જનાર પાલકની શુષ્ક ભક્તિમાં કચાશ નહોતી, પણ ત્યાં ભાવ તથા ઉપયોગ ન હોતાં. **વીરાશાળવી**એ અઢાર હજાર સાધુને વાંદ્યા અને શ્રીકૃષ્ણે પણ વાંદ્યા. જ્યારે શ્રીકૃષ્ણને મહા લાભ થયો, સાતમી નારકીને યોગ્ય આયુષ્યનાં દળીયાં મેળવ્યાં હતાં તે શુદ્ધ થઇ ત્રીજી નારકીને યોગ્ય થઈ ગયાં, એ અને બીજા લાભ પણ થયા, ત્યારે વીરાશાળવી બિચારો માત્ર કાયકલેશ પામ્યો. એકસાથે એકસરખી ક્રિયા કરનારમાં આટલું અંતર પડી જાય છે એનું કારણ ભાવ અને ઉપયોગ જ છે.

વ્યવહારમાં પણ એ બાબત અનુભવસિદ્ધ છે. એક મિત્ર મળે અને સામાન્ય રીતે ન્હોં મલકાવ્યા શિવાય " આપ કેમ છો? " એમ પૂછે તેના કરતાં ચિત્તના પ્રેમથી પૂછે ત્યારે તેની ન્હોંની આકૃતિ પણ મલકાય છે. ચિત્તથી પ્રેમ બતાવનાર તરફ નાનું બાળક પણ ખેંચાય છે અને શેઠના પ્રેમ વગર ગરીબ નોકર પણ બરાબર નોકરી કરતો નથી. શ્રાવકના દીકરા છીએ એટલે શરમ ખાતર દેરે જવું જોઇએ તેમ ધારી દેરે જવામાં કે પૂજા કરવામાં અને પ્રભુના ગુણ ઓળખી પ્રભુને શુદ્ધ રાગથી પૂજવામાં બહુ ફેર છે. ભાવશુદ્ધિ અને તેની વૃદ્ધિ કરી સમજણ રાખી પોતાના અધિકાર પ્રમાણે ક્રિયા કરવી અને બીજાં સર્વ વ્યાવહારિક અને ધાર્મિક કાર્યો પણ તેજ રીતે કરવાં એ જૈન શાસ્ત્રનો મુખ્ય ઉપદેશ છે. ૧૬૪.

* * * * * * *
* * * * * * *

એવી રીતે અગિયારમો ધર્મશુદ્ધિ અધિકાર પૂર્ણ થયો. એ આખા અધિકારમાં મુખ્ય ત્રણ બાબત કહી છે. એ વિષે કાંઇ પણ બોલીએ તે પહેલાં એક બાબતપર ધ્યાન ખેંચવાની જરૂર છે. ઉપદેશ તરંગિણીમાં કહે છે કે " નાગિલાને તજનાર ભવદેવના ભાઈ ભવદત્તની પેઠે લજ્જાથી ધર્મ થાય છે, મેતાર્ય મુનિને હણનાર સોનીની પેઠે ભયથી ધર્મ થાય છે, ચંડરૂદ્રાચાર્યના શિષ્યની પેઠે હાસ્યથી ધર્મ થાય છે, સ્થૂલભદ્રપર માત્સર્ય કરનાર સિંહગુફાનિ-

વાસી સાધુની પેઠે માત્સર્યથી ધર્મ થાય છે, સુહસ્તિ મહારાજે પ્રતિબોધેલા દ્રમકની પેઠે લોભથી ધર્મ થાય છે, બાહુબલિની પેઠે હઠથી ધર્મ થાય છે, દશાર્ણભદ્ર, ગૌતમસ્વામી, સિદ્ધસેન દિવાકરની પેઠે અહંકારથી ધર્મ થાય છે, નમિ વિનમિની પેઠે વિનયથી ધર્મ થાય છે, કાર્તિક શેઠની પેઠે દુઃખથી ધર્મ થાય છે, બ્રહ્મદત્ત ચક્રીની પેઠે શૃંગારથી ધર્મ થાય છે, આભીર તથા આર્યરક્ષિત આચાર્યની પેઠે કીર્ત્તિથી ધર્મ થાય છે, ગૌતમ સ્વામીએ પ્રતિબોધેલા ૧૫૦૩ તાપસોની પેઠે કૌતુકથી ધર્મ થાય છે, ઇલાપુત્રની પેઠે વિસ્મયથી ધર્મ થાય છે, અભયકુમાર તથા આર્દ્રકુમારની પેઠે વ્યવહારથી ધર્મ થાય છે, ભરત ચક્રી તથા ચંદ્રાવતંસની પેઠે ભાવથી ધર્મ થાય છે, કીર્ત્તિધર, સુકોશલ આદિકની પેઠે કુલાચારથી ધર્મ થાય છે, અને જંબૂસ્વામી, ધનગિરિ, વજ્રસ્વામી, પ્રસન્નચંદ્ર તથા ચિલાતી પુત્રની પેઠે વૈરાગ્યથી ધર્મ થાય છે.

"ક્ષમાને વિષે ગજસુકુમાળ, કુરગડુમુનિ, વીરપ્રભુ, પાર્શ્વપ્રભુ, સ્કંધ મુનિ વિગેરેનાં દૃષ્ટાંતો જાણવાં. **શીલ** વિષે સુદર્શન શેઠ, મલ્લીપ્રભુ, નેમનાથજી, સ્થૂલભદ્ર, સીતા, દ્રૌપદી, રાજીમતીનાં દૃષ્ટાંત જાણવાં. પ્રભાવિકપણા વિષે શ્રી હેમચંદ્રાચાર્ય, જીવદેવસૂરિ, કાલિકાચાર્ય, જિનપ્રભસૂરિ, વિષ્ણુકુમાર, યશોદેવસૂરિ, આર્યખપુટાચાર્ય, બપ્પભટ્ટિસૂરિ, પાદલિપ્તસૂરિ, ધર્મઘોષસૂરિ, માનદેવસૂરિ, માનતુંગસૂરિ, હરિભદ્રસૂરિ વિગેરેનાં દૃષ્ટાંતો જાણવાં. વધારે શું કહેવું? સર્વ પ્રકારથી કરેલો ધર્મ મહા લાભકારી છે."

આ મોટું વાક્ય ટાંકીને બતાવવાનો હેતુ એ છે કે ધર્મ કાંઇ અમુક હેતુથી પ્રાપ્ત થાય છે એમ નથી, ગમે તે હેતુને આશ્રયીને તે કરી શકાય છે અને તે તે પ્રસંગે તે ફળ આપે છે. આખા અધિકારમાં એજ હકીકત આડકતરી રીતે જણાવી છે. ધર્મથી કીર્ત્તિ, વિદ્યા અને લક્ષ્મી મળે છે તેમજ ધર્મથી એકાંત શાંતિ મળે છે. એવા ધર્મને કોઇ પણ કારણે ન કરવાનો કે ધર્મની કોઇ પણ બાહ્ય ક્રિયાનો નિષેધ કરવાનો ઉદ્દેશ અત્ર ગ્રંથકર્તાનો કે વિવેચનકર્તાનો નથી. મુખ્ય ઉપદેશ એજ છે કે તમે કરો તે વિચા-

રીને કરો, અલ્પમાં કે અશુદ્ધમાં સંતોષ પામી જાઓ નહિ. આ જમાનાની ખૂબિ–અથવા ખોડ–એ છે કે અસંતોષ રાખવો અને કોઇપણ બાબત પૂરી કરવી નહિ. વ્યવહારમાં પણ આરપાર નીકળનારા ઓછા મળશેઃ ત્યારે ધર્મ કરવાની આવશ્યકતા જે સર્વ કોઈ સ્વીકારે છે, જે સર્વ સમજે છે કે રાજ્યવૈભવ કે સંતતિસુખ, શરીરસંપત્તિ કે સુલક્ષણી ભાર્યા, શાંત સ્થાન કે ફળદ્રુપ બાગબગિચા, માનસિક કે શારીરિક ઉપાધિરહિતપણું જે જીવને પ્રાપ્ત થાય છે તે ધર્મને લીધેજ પ્રાપ્ત થાય છે ત્યારે તો પછી તેને શુદ્ધ રીતે કરવો જોઇએ. અત્ર જે ઉદ્દેશ છે તે કોઇ પણ પ્રકારની ક્રિયાનો નિષેધ કરવાનો નથી પણ શુદ્ધ રીતે કરવાનો છે એ ખાસ ધ્યાનમાં રાખવાનું છે.

આ અધિકારમાં મુખ્ય ત્રણ બાબતપર ધ્યાન ખેંચાય છે.

૧ ધર્મ શુદ્ધિની આવશ્યકતા.

શુદ્ધિ શબ્દથીજ સમજાય છે કે એ ધર્મશુદ્ધિ એવા પ્રકારની રાખવી જોઇએ કે તેમાં કોઇ જાતની મલિનતા આવે નહિ. શુદ્ધ ધર્મરૂપ જળને ડોળનાર પ્રમાદ, મત્સર વિગેરે (શ્લોક બીજો) પદાર્થોથી સાવચેત રહેવું. જ્યારે જ્યારે એ મલિનપદાર્થો ધર્મરૂપ જળમાં દેખાય ત્યારે પાણી ગળી નાખવું અથવા ગમે તેમ કરી કચરો દૂર કરવો. જો ધર્મજળ શુદ્ધ હશે તો તેનાં પાનથી રાગ વિગેરે વ્યાધિઓ નાશ પામી જશે અને ચિર શાંતિ પ્રાપ્ત થશે.

૨ સ્વગુણ પ્રશંસા અને મત્સર.

ધર્મશુદ્ધિને ડોળનારા ઘણા પદાર્થો છે તેમાં આ બે દોષો બહુ આકરા છે. એને લીધે જીવને પોતાની શુદ્ધિ રહેતી નથી. પોતાના વખાણ કરાવવાના આકર્ષણમાં પરવશ બની જાય છે. દરેકને પોતાની સ્તુતિ પ્રિય લાગે છે (શ્લોક ત્રીજો), પણ સ્તુતિ કરાવવા જેવું છે શું? સારાં કપડાં પહેરવાં કે શુદ્ધ વર્તન રાખવું એ તો ફરજ છે, ફરજને વખાણની જરૂર નથી; અને જો વ્યવહાર શુદ્ધ ન હોય, છતાં શુદ્ધ છે એવા વખાણ કરાવવાની ઇચ્છા રહે તો તે દંભ છે જે વર્જ્ય છે; માટે ગમે તે રીતે પોતાના

વખાણની ઇચ્છા રાખવી એ અનુચિત છે. તેવીજ રીતે પારકાનાં ધન, સુખ કે કીર્તિની ઇર્ષ્યા કરવી એ પણ વર્જ્ય છે. કોઇ પણ કાર્ય પ્રશંસાના ઇરાદાથી કરવું નહિ. જો આ જીવને વસ્તુસ્વભાવનો ભરોસો હોય તો સમજે કે શુભ કાર્યની અનુમોદના એની મેળે થાય છે જ. દુનિયા પાસે તેના ઢોલ વગાડવા પડતા નથી. ઝવેરાતમાં અવાજ નથી પણ તેજ છે, કસ્તુરી કહેતી નથી કે મને સુંઘો, ચંદન કહેતું નથી કે મને લો; પણ જરા વિચારવાની તસ્દી લેશો તો આ બધું સ્પષ્ટ થઇ જાય તેવું છે.

૩ ભાવશુદ્ધિ અને ઉપયોગ.

દરેક ધર્મકાર્યમાં ભાવ અને સાવધાનતાની જરૂર છે. જે ક્રિયા, જપ, તપ, ધ્યાન કરવાં તે શુદ્ધ ભાવથી અને ઉપયોગથી કરવાં. ભાવ હોય છે તો અલ્પ ક્રિયા પણ બહુ ફળ આપે છે. નિરાદરપણું, અવિવેક, અનુત્સાહીપણું વિગેરેનો ત્યાગ કરવો. ધર્મરૂપ રાજાનાં દાન વિગેરે અંગ છે અને તેઓમાં ભાવના રૂપી જીવ છે. શાસ્ત્રકાર ઘણીવાર સ્પષ્ટ રીતે કહે છે કે ભાવ વગરની ક્રિયામાં બહુધા કાયક્લેશ થાય છે. શ્રીરત્નમંદિરગણી ઉપદેશતરંગિણીમાં કહે છે કે "**ભાવ** ધર્મનો દિલોજાન દોસ્તદાર છે, કર્મ રૂપ કાષ્ઠોને બાળવામાં અગ્નિ સમાન છે, પુણ્ય અન્નમાં ઘી સમાન છે અને મોક્ષ લક્ષ્મીની કટિમેખલા છે."

એ ત્રણ બાબતોપર ખાસ ધ્યાન આ અધિકારમાં ખેંચી ધર્મશુદ્ધિ જેમ બને તેમ રાખવા ઉપદેશ કર્યો છે. એમાં સ્વગુણ પ્રશંસા રૂપ મીઠા દુર્ગુણથી બચવા અસાધારણ પ્રયાસ કરવાની સૂચના પ્રત્યેક સુજ્ઞને કરવી પડે છે. વળી લોક રંજન માટે ધર્મ કરવો નહિ પણ પોતાના ભાવથી આત્મનિર્મળતા માટે સમજીને સર્વ ધર્મકાર્યો કરવાં અને તેમાં જે જે દોષ પ્રાપ્ત થતા જાય તે સમજીને તજવા. આવતા અધિકારમાં આ ધર્મને સમજાવનાર ગુરુ સંબંધી વિવેચન કરશે.

इति सविवरणो धर्मशुद्ध्युपदेशनामैकादशोऽधिकारः

अथद्वादशः देवगुरुधर्म-शुद्ध्यधिकारः

અગિયારમા અધિકારમાં ધર્મશુદ્ધિ કેવી રીતે રાખવી એ બતાવ્યું. આ ધર્મને બતાવનાર ઓળખનાર શ્રીગુરૂ મહારાજ છે અને તે ધર્મને પ્રરૂપનાર તીર્થંકર દેવ છે તેની આજ્ઞા અને પુષ્ટાલંબનરૂપ મૂર્તિમય ભાવના (ideal) મળવાથી જીવ તેના જેવો થવા યત્ન કરે છે અને થાય છે. અત્યારે તીર્થંકર દેવે કહેલા ધર્મને દર્શાવનાર ગુરૂ છે. તે ગુરૂ–નેતા કેવા પસંદ કરવા જોઇએ એ બહુ વિચાર કરવા જેવું છે અને સૂરિ મહારાજે આ અધિકારનો મોટો ભાગ એ બાબતપરના વિચારમાંજ કાઢ્યો છે.

ધર્મશુદ્ધિ ઉપર અગિયારમો અધિકાર છે, પણ ત્યાં જે ધર્મશુદ્ધિ છે તે શુદ્ધ ધર્મને મલિનતા ન લાગવા દેવાની છે અને શુદ્ધ ધર્મને કયા કયા પ્રકારની મલિનતા લાગવાથી તે ખરાબ થાય છે તે તરફ ધ્યાન ખેંચ્યું છે. અત્ર તો ષડ્દર્શનમાંથી કયા શુદ્ધ દર્શનને સ્વીકારવું એ બતાવ્યું છે તેથી પુનરુક્તિ દોષનો સંભવ નથી. બધી બાબતનો આધાર તેનાપર પડતા પ્રકાશપર આધાર રાખે છે અને પ્રકાશ પાડનાર કોણ છે તેપર પણ મોટો આધાર છે. પરભવ, વ્યવહાર, નિશ્ચય, શુદ્ધિ વિગેરેપર પ્રકાશ પાડનાર કેવા હોવા જોઇએ તે હવે આપણે વિચારીએ. આ બાબતમાં દૃષ્ટિરાગ બહુ ચાલે છે તે નબળાઇ દૂર કરી નીચેની હકીકતપર ધ્યાન ખેંચવામાં આવે છે.

ગુરૂતત્વની મુખ્યતા.

तत्त्वेषु सर्वेषु गुरुः प्रधानं, हितार्थधर्मा[1] हि तदुक्तिसाध्याः ।
श्रयंस्तमेवेत्यपरीक्ष्य मूढ, धर्मप्रयासान् कुरुषे वृथैव ॥ १ ॥

"સર્વ તત્ત્વોમાં ગુરૂ મુખ્ય છે, આત્મહિત માટે જે જે ધર્મો
"કરવાના છે તે તે તેઓના કહેવાથી સાધી શકાય છે. હે મૂર્ખ!
"તેઓની પરીક્ષા કર્યા વગર જો તું તેઓનો આશ્રય કરીશ તો
"તારા ધર્મ સંબંધી કરાતા પ્રયાસો (ધર્મના કામમાં કરવામાં આવતી
"મહેનત) નકામા થશે." ૧. ઉપજાતિ.

ભાવાર્થ–દેવ અને ધર્મને ઓળખાવનાર ગુરૂ મહારાજ છે અને તેટલા માટે સર્વ તત્ત્વમાં ગુરૂતત્ત્વની મુખ્યતા છે. આથીજ નવકારમાં પ્રથમ સિદ્ધ મહારાજા વિશેષ ગુણી છે છતાં તેમની પહેલાં અરિહંત મહારાજને નમસ્કાર કરવામાં આવે છે. અમુક કાર્ય કરવા જેવું છે કે નહિ, અમુક રસ્તે જવા જેવું છે કે નહિ વિગેરે વિગેરે કાર્યાકાર્ય, પેયાપેય, ભક્ષ્યાભક્ષ્યનો વિવેક ગુરૂ મહારાજ બતાવે છે. આથી સર્વ તત્ત્વમાં ગુરૂતત્ત્વની મુખ્યતા છે.

હવે સર્વથી અગત્યનો પ્રશ્ન તેઓને કેવી રીતે શોધી કહાડવા તે છે. જો અયોગ્ય માણસને ગુરૂસ્થાન આપવામાં આવ્યું તો તે આગળ ઉપર કહેવામાં આવશે તેમ પોતાની જાતને અને આશ્રય કરનારને સંસાર સમુદ્રમાં ડૂબાવે છે. ત્યારે વ્યવહારના તેમજ ધર્મના એક બહુ અગત્યના સવાલની તપાસપર આપણે આવીએ છીએ. ગુરૂસ્થાન લેવા માટે વધારે યોગ્યતા સાધુની ગણાય. સાધુની વિશેષ પરીક્ષા કરવાનું કદાચ ન બની આવે તોપણ ગુરૂ તરીકે માન્યતા કરવા પહેલાં એટલું તો વ્યવહારથી અવશ્ય જોવું જોઈએ કે તેઓ કંચન અને કામિનીના ત્યાગી છે કે નહિ. આ બાબત ખાસ જોવી જોઈએ, કારણ કે, કંચન કામિનીના સદ્‌ભાવમાં સાધુપણાનો નાશ થાય છે અને તેનો ત્યાગ જ્યાં ન હોય ત્યાં ગુરૂપણું ઘટતુંજ નથી.[2] ત્યાર પછી બની શકે તો તપસ્યા, જ્ઞાન, ધ્યાન, વર્તન,

૧ हितार्थि धर्मा इति वा पाठः
૨ કંચન અને કામિની એ બે અત્ર લખવાનો ઉદ્દેશ એ છે કે તે અનંત

શુદ્ધિ, કષાયદમન, સાત્વિક પ્રકૃતિ વિગેરે જોવાં. ખાસ કરીને મુદ્દાની બાબતમાં ભૂલ ન થાય એ બહુ બારીકીથી જોવું. ગુરૂ મહારાજની પસંદગીપર આખી સંસારયાત્રાની કૃત્તેહનો આધાર છે, તેથી તેઓની પરીક્ષા કાચી કરવી નહિ, અને તેમ કરવામાં વ્યવહારની કે વિવેકની હદ ઉલ્લંઘીએ છીએ એમ પણ સમજવું નહિ. એ બાબતનો નિર્ણય કરવો એ પ્રત્યેક મુમુક્ષુની ફરજ છે. ૧૬૫.

સદોષ ગુરૂના બતાવેલા ધર્મો પણ સદોષ.

भवी न धर्मैरविधिप्रयुक्तैर्गमी शिवं येषु गुरुर्न शुद्धः ।
रोगी हि कल्यो न रसायनैस्तैर्येषां प्रयोक्ता भिषगेव मूढः ॥ २ ॥

"જ્યાં ધર્મના બતાવનાર ગુરૂ શુદ્ધ નથી ત્યાં અવિધિએ ધર્મો
"કરવાથી પ્રાણી મોક્ષ જઇ શકતો નથી; જે રસાયણ બરાબર બનાવનાર
"વૈદ્ય મૂર્ખ હોય તે બાબાથી વ્યાધિગ્રસ્ત પ્રાણી નિરોગી થઈ
"શકતો નથી." ૨. ઉપજાતિ.

ભાવાર્થ–વહાણનો કપ્તાન મૂર્ખ હોય તો તે વહાણ ધારેલે બંદરે પહોંચતું નથી; ગાડી હાંકનાર માર્ગનો અજાણ્યો હોય તો આડે રસ્તે ચડી જઈ ફેરો બગડાવે છે, પણ ઇચ્છિત સ્થળે પહોંચી શકાતું નથી, ઘડિયાળની રચના ન સમજનાર તેને સુધારવા જતાં ઉલટું નુકશાન કરે છે; તેવીજ રીતે શુદ્ધ ધર્મ ન સમજનાર તથા ન કરનાર પોતાની સાથે આવનારને પણ ભેખડે ભરાવે છે. અનુભવથી જણાય છે કે જે વિષયમાં પોતાનું જ્ઞાન ન હોય તેવા વિષયમાં માથું મારનારા દુનિયામાં બહુ પ્રાણી હોય છે. રોગી પાસે જતાં દરેક માણસ ઔષધ બતાવવા મંડી જાય છે અને જાણે પોતે મોટો વૈદ્ય હોય એવી સત્તાથી બોલે છે. આવા ઔષધથી દુનિયાને

સર્વે મૂળગુણોનો નાશ કરે છે. મહાવ્રત પાંચ છે પણ તેઓમાંના બીજાનો નાશ થયે તે પુરતો નાશ થાય છે, જ્યારે કંચન અને કામિની ચારિત્રગુણનો સર્વથા ઘાત કરે છે. કંચન અને કામિની સર્વ સંસારના મૂળ ભૂત છે અને તેઓ હોય છે ત્યાં સંસારના બીજા સર્વ દુર્ગુણો એક પછી એક ચાલ્યા આવે છે. બારીક અવલોકન કર્યા પછીજ શાસ્ત્રકારે ફરમાવ્યું છે કે ચતુર્થ વ્રતનું ઉલ્લંઘન થાય તો તદ્દન નવેસરથી દીક્ષા લેવી. આ અનુશાસનમાં જે મહત્વતા અને દીર્ઘદૃષ્ટિ રહી છે તે બહુ મનન કરવા યોગ્ય છે.

બહુ નુકશાન થયું છે, પણ આંધળી દુનિયા લોભથી કે રાગથી આવા ઉંટવૈદ્યોનેજ બહુ માન આપે છે.

રસાયણ જો યોગ્ય રીતના અનુપાનથી ખાવામાં આવે તો શરીરને બહુ મજબૂત કરે છે, પણ જો તેની ક્રિયામાં ફેરફાર થઈ જાય તો આખી જીંદગી સુધીનું દુઃખ થાય છે; કારણ કે ઘણું ખરું તે શરીરે કૂટી નીકળે છે. મૂર્ખ વૈદ્ય જો રસાયણ બનાવે તો જરૂર ગફલતી થાય છે. તેમાં ધારેલ લાભ મળતો નથી. પણ કેટલીક વાર ઉલટું પોતાનું હોય તે પણ જાય છે. આવીજ રીતે અજ્ઞાની કે વિકારી ગુરુના બતાવેલા ધર્મથી પણ મોક્ષને બદલે સંસારવૃદ્ધિ થાય છે. આ શ્લોકમાં સંસારી જીવનો રોગી સાથે, ધર્મનો રસાયણ સાથે અને ગુરુનો વૈદ્ય સાથે દૃષ્ટાંત દાષ્ટાંતિક સંબંધ છે. ૧૬૬.

પોતે ડૂબે અને બીજાને ડૂબાવે તેવા કુગુરુ.

समाश्रितस्तारकबुद्धितो यो, यस्यास्त्यहो मज्जयिता स एव।
ओघं तरीता विषमं कथं स, तथैव जंतुः कुगुरोर्भवाब्धिम् ॥ ३ ॥

"આ પુરુષ તારવાને સમર્થ છે એવી બુદ્ધિથી જેનો આશ્રય
"કરવામાં આવે તે આશ્રય કરનારનો જ્યારે આશ્રય આપનારજ
"ડૂબાવનાર થાય ત્યારે પછી આ આકરો (અથવા ચપળ) પ્રવાહ
"તે પ્રાણી કેવી રીતે તરી શકશે? તેવી જ રીતે કુગુરુ આ પ્રાણીને
"સંસાર સમુદ્રથી કેવી રીતે તારશે?" ૩. ઉપજાતિ.

ભાવાર્થ-જે વહાણમાં કપ્તાનના ભરોસાથી બેઠા છીએ તે જ કપ્તાન જ્યારે વહાણને ગાબડું પાડે ત્યારે તેનો પોતાનો પણ વિનાશ થાય છે અને વહાણમાં બેસનારાઓનો પણ વિનાશ થાય છે. સંસાર સમુદ્રની યાત્રા કરવા માટે ગુરુરૂપ કપ્તાન (ટંડેલ)ના આશ્રય તળે ચાલનાર ધર્મરૂપ વહાણમાં બેઠા પછી અયોગ્ય આચરણ કે મદિરાપાન કરનાર કપ્તાન જ્યારે વહાણને ડૂબાવે છે ત્યારે પોતાનો અને બાકીના સર્વનો વિનાશ થાય છે. તેટલા માટે ગુરુની પસંદગી બરાબર કરવી અને તેમ કર્યા પછી તેને આધુનિક અને ભાવી જીવન સોંપી દેવું.

જેઓ ગુરૂનું નામ ધારણ કરી ચામર, છત્રની શોભા ઉપરાંત માથે પટિયાં પાડી સ્થૂળ વિષયોમાં આસક્ત રહે છે અને સામાન્ય માણસને પણ ન છાજતાં દુશ્ચરિત્રો આચરે છે તેઓએ આ શ્લોકથી બહુ ધડો લેવાનો છે. અત્ર જેઓ શુદ્ધ માર્ગ બતાવતા નથી, જેઓ શુદ્ધ માર્ગનું સેવન કરતા નથી તેવા ચોથા પ્રકારના ગુરૂનું વર્ણન કર્યું છે. પોતે ડૂબે અને બીજાને ડૂબાવે એવા પથ્થર સમાન ગુરૂથી એકપણ જાતનો લાભ થવા સંભવ નથી. આ પ્રમાણે વસ્તુસ્થિતિ સમજીને દરેક જીવે યોગ્ય ગુરૂનો આશ્રય કરવો ઉચિત છે.

આ શ્લોકમાં કુત્સિત ટંડેલની કુગુરૂ સાથે અને પ્રવાહની સંસાર સાથે દૃષ્ટાંત દાષ્ટાંતિકતા સમજવી. ૧૬૭.

શુદ્ધ દેવ, ગુરૂ અને ધર્મ ભજવાનો ઉપદેશ.

गजाश्वपोतोक्षरथान् यथेष्टपदाप्तये भद्र निजान् परान् वा ।
भजंति विज्ञाः सुगुणान् भजैवं, शिवाय शुद्धान् गुरुदेवधर्मान्॥४॥

"હે ભદ્ર! જેવી રીતે ડાહ્યા પ્રાણીઓ ઇચ્છિત જગાએ પહોં-
"ચવા સારૂ પોતાનાં અથવા પારકાં હાથી, ઘોડા, વહાણ, બળદ
"અને રથો સરસ જોઇને રાખી લે છે તેવીજ રીતે મોક્ષ મેળવવા
"માટે શુદ્ધ દેવગુરૂધર્મને ભજ." ૪. ઉપેંદ્રવજ્રા.

ભાવાર્થ-મોક્ષનગર પહોંચવા માટે દેવગુરૂ અને ધર્મ એ વાહન છે. જેમ પરગામ જવા માટે સારામાં સારાં વાહન માટે માણસો જોગવાઇ કરે છે, ઘરનાં તૈયાર કરે છે અથવા માંગી લાવે છે, તેવીજ રીતે મોક્ષનગર પહોંચવા માટે તારે અઢાર દૂષણ રહિત દેવ, પંચ મહાવ્રતના ધરનાર ગુરૂ અને આપ્તપ્રણિત ધર્મનો આશ્રય કરવો. જે રથના હાંકનારનું સ્થાન ગુરૂ મહારાજને મળેલું હોય અને જેની ઉપર ધર્મની ધ્વજા ફરકતી હોય અને જેનો માર્ગ અસ્ખલિત વહન કરાતો હોય તે ધર્મરથ મોક્ષનગર જલદી પહોંચે, એ સ્વાભાવિક છે. તારા પોતાના કુળદેવ, કુળગુરૂ કે કુળધર્મ જો ઉપર કહ્યા તેવા સારા હોય તો તેને માની લેજે, તેને સેવજે, પણ બરાબર પરીક્ષા કરીને પછી તેમ કરજે. તેમાં પોતાના કે પારકા છે એ જોવાનું કામ નથી,

પણ શુદ્ધ હોય તેને આદરવા એ કામ છે. ઘરનો ઘોડો ખરાબ હોય, વાહન સારૂં ન હોય અને પારકું સારૂં હોય તો તેમાં બેસી જવું. કારણ કે દરેકનો ઉદ્દેશ ઇચ્છિત સ્થાનકે પહોંચવાનો છે. પોતાના કે પારકામાં કાંઇ ખાસ વિશેષતા નથી. "પ્રસ્તુત ચાલુ વિષય ગુરૂશુદ્ધિનો છે છતાં પણ વિષયને અનુકૂળ ધર્મ અને દેવ યાદ આવતા હોવાથી તે બન્નેનું પ્રતિપાદન નકામું નથી."[1] ૧૬૮.

કુગુરૂના ઉપદેશથી કરેલો ધર્મ પણ નિષ્ફળ છે.

फलाद्वृथाः स्युः कुगुरूपदेशतः, कृता हि धर्मार्थमपीह सूद्यमाः ।
तद्दृष्टिरागं परिमुच्य भद्र हे, गुरुं विशुद्धं भज चेद्धितार्थ्यसि ॥૬॥

"સંસારયાત્રામાં કુગુરૂના ઉપદેશથી ધર્મને માટે કરેલા મોટા "પ્રયાસ પણ ફળની બાબતમાં જોઇએ તો વૃથા નીવડે છે, તેટલા "માટે હે ભાઇ! જો તું હિતની ઇચ્છા રાખતો હોય તો દૃષ્ટિરાગ "પડતો મૂકીને અત્યંત શુદ્ધ ગુરૂને ભજ." ૫. વંશસ્થવૃત્ત.

વિવેચન–દૃષ્ટિરાગથી બે રીતે વાત બગડે છે. પ્રથમ તો અમુક ધર્મ–દર્શન માટે દૃષ્ટિરાગ થાય છે. પછી તેના મોટામાં મોટા ધર્માધ્યક્ષો ગમે તેવા દુરાચારી હોય, "મહારાજા લાઇબલ કેસ" જેવા ફજેતા કોર્ટે ચડી જગત્‌ની બત્રીશીપર ચડતા હોય, છતાં પણ ભોળા પ્રેમલાઓ તેજ ભાવથી 'જે જે' કરવા મંડ્યા રહે છે. બીજું દૃષ્ટિરાગ અમુક વ્યક્તિ પ્રત્યે થાય છે. પોતાના ગુરૂ ગમે તેવા વિષયી, સંસાર દશાવાળા અથવા આત્મદશામાં ઉંઘતા હોય છતાં પણ ચોથા શ્લોકમાં કહ્યું તેમ તેનાજ વહાણમાં બેસી રહેનારા જીવો સંસારયાત્રામાં નિષ્ફળ નીવડે છે. હવે આવી રીતે દૃષ્ટિરાગથી ગ્રહણ કરેલા ગુરૂની ફરમાશથી ધર્મ માટે ગમે તેટલાં સદાચરણો કર્યાં હોય પણ દૃષ્ટિરાગરૂપ મિથ્યાત્વ શલ્ય નષ્ટ ન થવાથી તેનું ફળ કાંઇ થતું નથી. મિથ્યાત્વરૂપ અજ્ઞાનથી છવાયેલ અગીતાર્થ ગુરૂ દેશકાળાદિ જ્ઞાને રહિત હોય છે, અને એક વખત તેઓના ઉપર ઉપરથી સારા સારા લાગતા ઉપદેશથી દાન, તપસ્યા, ઉજમણા કે વરઘોડા ચડાવવામાં આવે તોપણ તેથી નૈશ્ચયિક જ્ઞાનના

[1] ધન વિજય ગણિ.

અભાવે સ્વપર વિવેચન વિનાના કેવળ શુભ વ્યવહાર બળે લાભ થતો નથી. જમાનાની જરૂરીઆત ન સમજનાર, વિષયમાં આસક્ત અને બહારના આડંબરવાળા ગુરૂનાં વચનને અનુસરવાની જરૂર નથી એમ શાસ્ત્રમાં પણ ફરમાન છે. ટીકાકાર 'ગચ્છાચાર પયન્ના'માંથી નીચેની ગાથા ટાંકે છે.

अगीयथ्थस्स वयणेणं, अमियंपि न घुंटए ।
गीयथ्थस्स वयणेणं, विसं हालाहलं पिबे ॥

એટલે 'અગીતાર્થનાં વચનથી અમૃત પણ ન પીવું, જ્યારે ગીતાર્થનાં વચનથી હાલાહલ ઝેર હોય તો તે પણ પી જવું.' આનું કારણ સ્પષ્ટ છે. દેખીતા વિરૂદ્ધ લાગતા હુકમો પણ ગીતાર્થ બહુ વિચાર કરીને કરે છે, ત્યારે અધુરી તપાસ અને અવલોકનને આધારે પોતા પૂરતી સમજણ અનુસાર થયેલો અગીતાર્થનો હુકમ દેખીતો સારો અને મન ગમતો હોય તોપણ લાભ કરતો નથી, પણ નુકશાનકારક થઈ પડે છે.

કેટલીકવાર તદ્દન સંસારવાસમાં સુખ માનનારા વિષયી ગોરજી અને શ્રીપૂજ્યો તરફ દૃષ્ટિરાગી શ્રાવકો બહુ ભાવ બતાવે છે, પણ શાસ્ત્રકાર અત્ર સ્પષ્ટ અક્ષરોમાં કહે છે કે તેઓના આશ્રય તળે રહીને કરેલો ધર્મ પણ નિષ્ફળ છે. આ ઉપરાંત સાધુ કહેવાય છે તેમાં પણ દૃષ્ટિરાગ કરવાનો નથી. આ મારા ગુરૂ અને આ મારા ગચ્છના એ વિચાર ગુણાનુરાગીને હોય નહિ. વેશ માન્ય છે. અવગુણો ન માલૂમ પડે ત્યાંસુધી દૂરથી સામાન્ય રીતે નમન કરવા યોગ્ય છે, પણ પૂજા તો ગુણની જ છે અને અંતરરાગ પણ તેપરજ હોવો જોઇએ. અને ગુરૂ થવા યોગ્ય સાધુને તો આ મારા શ્રાવક છે એવી વૃત્તિ સ્વાર્થ સાધવાની બુદ્ધિએ હોવી નજ જોઇએ.

આટલા ખુલાસા પછી ઉપાધ્યાયજીનું કહેલું વચન સમજાશે. ઉપાધ્યાયજી કહે છે કે–

રાગ ન કરશો કોઈ જન કોઈશું રે,
નવિ રહેવાય તો કરજો મુનિશું રે;
મણી જેમ ફણી વિષનો તેમ તેહો રે,
રાગનું ભેષજ સુજસ સનેહો રે.

દૃષ્ટિરાગ મિથ્યાત્વ જન્ય છે. રાગ તો કોઇની સાથે કરવો નહિ, પણ મોહનીય કર્મના ઉદયથી રાગ કર્યા વિના ન રહેવાય તો ગીતાર્થ ગુરૂ ઉપર રાગ કરવો. કારણ કે આ જીવ સંસાર દશામાં છે તેથી એકદમ રાગથી મુક્ત થઇ શકતો નથી, રાગદશા ટાળી શકતો નથી; તેથી જો ગીતાર્થ ગુરૂપર રાગ થાય તો ગુરૂ ધીમે ધીમે તેને રસ્તાપર લાવી વ્યક્તિ ઉપર નહિ પણ ગુણ ઉપર રાગ કરતાં શીખવે, અને ગુણ ઉપર રાગ થતાંજ તે ગુણને પોતાનો કરતાં શીખે અને છેવટે તે ગુણ પ્રાપ્ત કરે. એટલા માટેજ મલિન ચીકણા વસ્ત્રને અપવિત્ર સાબુ લગાડવાથી જેમ તેની મલિનતા અને ચીકાશનો નાશ થાય છે, તેમજ ગીતાર્થ ગુરૂપરના રાગથી અપ્રશસ્ત રાગનો નાશ થાય છે.

આ પ્રમાણે હકીકત છે, માટે અમુક દર્શન કે વ્યક્તિપર દૃષ્ટિરાગ ન રાખતાં ગુણવાન્ જ્ઞાની ગુરૂની શોધ કરી આ સંસાર-યાત્રા સફળ કરવા યત્ન કરવો. કુગુરૂનો ઉપદેશ સારો ન હોય, હોય તો અસરકારક ન હોય, અસર કરે તોપણ તદનુસાર વર્તન થઈ ન શકે અને વર્તન થાય તોપણ એવું વિચિત્ર થાય કે તેનું ફળ બેસે નહિ.

આગલા શ્લોકમાં દૃષ્ટિરાગ દૂર કરવાનું કહ્યું તોપણ વળી અત્ર તેનું પુનરાવર્ત્તન કરવાનો હેતુ એ છે કે કામરાગ અને સ્નેહરાગ એ બન્ને સામાન્ય કારણ મળે નાશ પામી જાય છે. કામીને વ્યવહારના કાર્યોમાં મૂકવાથી કામરાગ ઘટી જાય છે તેમ જ દૂર દેશ જવાથી અગર ઘણા કાળનો વિરહ પડવાથી સ્નેહરાગ ઘટી જાય છે, પરંતુ દૃષ્ટિરાગ એવા પ્રકારનો છે કે તે બહુ મુશ્કેલીથી પણ ખસી શકતો નથી, એટલુંજ નહિ પણ સમજુ માણસો પણ આ સંબંધમાં ભૂલ કરે છે. વીતરાગ સ્તોત્રમાં શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય તેટલા માટે પ્રભુની સ્તુતિ કરતાં કહે છે કે,

कामरागस्नेहरागावीषत्करनिवारणौ ।
दृष्टिरागस्तु पापीयान् दुरुच्छेदः सतामपि ॥

કામરાગ અને સ્નેહરાગ અલ્પ પ્રયાસથી નિવારી શકાય છે, પરંતુ પાપી દૃષ્ટિરાગ તો સજ્જન માણસોને પણ દુરુચ્છેદ છે

(મહા મુશ્કેલીથી કાપી શકાય તેવો છે). આ હેતુથી એ બાબત વારંવાર દૃઢ કરવામાં આવી છે. દૃષ્ટિરાગ એટલે અમુક વ્યક્તિને જોઇને તેનાપર રાગ થઇ જાય તે સમજવો નહિ, પણ મિથ્યાત્વ જન્ય મોહનીય કર્મના ઉદયથી થતો અસ્વાભાવિક પ્રેમ સમજવો.

આ પ્રસંગે એક બહુ અગત્યની બાબત ઉપર ધ્યાન ખેંચવાની જરૂર લાગે છે. જૈનશાસ્ત્રકાર વિચાર કર્યા વગર અંધ શ્રદ્ધાથી ધર્મ કબૂલ કરાવવાનો આગ્રહ કોઇ જગોએ કરતા નથી, એ ખાસ નોંધ લેવા જેવી હકીકત છે. વારંવાર સ્પષ્ટ રીતે કહે છે કે તમે વિચાર કરો, તપાસ કરો, મનન કરો, તજવીજ કરો, સરખામણી કરો. જો તમને ન્યાયશાસ્ત્રના સામાન્ય જ્ઞાનથી તુલના શક્તિ અને તેને પરિણામે થતી નિશ્ચય પદ્ધતિ (power of independent judgment) પ્રાપ્ત થઇ હોય તો તેને તમે પૂરતો અવકાશ આપો. અન્યધર્મની સરખામણીમાં જો તમને જૈનતત્ત્વજ્ઞાનમાં કાંઇ અપૂર્વ વસ્તુસ્વરૂપ અને પરસ્પર વિરોધનો અભાવ જણાતો હોય તો અત્ર કહેવામાં આવે છે તે આદરો. જૈન શાસ્ત્રકારો કદી પણ કહેતા નથી કે अतींद्रियास्तु ये भावा न तांस्तर्केण योजयेत् અતીંદ્રિય વિષયોમાં તર્ક ચલાવવો નહિ. આ વચન કોનું હોય તે વિચારવા યોગ્ય છે. જે શાસ્ત્ર ન્યાયની અપૂર્વ કોટિઓ ઉપર બંધાયલું હોય તેમાં આવો મનુષ્ય બુદ્ધિને પછાત નાખી દેનારો, તેની અવગણના કરનારો, તેને ઉગતાજ મર્દન કરી નાખનારો વિચાર બતાવવાની આવશ્યકતા હોયજ નહિ. આ સાથે એટલું પણ ધ્યાનમાં રાખવાની જરૂર છે કે દરેક ફિલોસોફિ તર્ક (reason) ઉપરજ બંધાયલી છે અને તેમ બંધાયલી હોય તેનેજ ફિલોસોફિ કહી શકાય. ધર્મ (religion) માં શ્રદ્ધા (faith) નો અંશ વિશેષ હોય છે, તેમ ફિલોસોફિમાં હોતું નથી. પરંતુ જૈન દર્શન તત્ત્વજ્ઞાનથી ભરપૂર છે, તર્કપર બંધાયેલ છે. જૈન ધર્મ એ જુદોજ વિષય છે અને પ્રાકૃત વ્યક્તિના શુદ્ધાચરણ માટે વિકસ્વર કરેલું તેનું સ્વરૂપ છે. તત્ત્વજ્ઞાનના ભંડાર તરીકે તેના સંબંધમાં અથવા બીજા કોઇ દર્શનના સંબંધમાં તર્ક–વિચાર–ન્યાયને સારી રીતે અવકાશ આપવો.

આ પરીક્ષા બતાવવા માટે સ્વરૂપજ્ઞાન પ્રાપ્ત કરવાની જરૂર

પડે છે અને તેને માટે ગુરૂની જરૂર પડે છે. એ ગુરૂ જો શુદ્ધ હોય તો તે શુદ્ધ તત્ત્વજ્ઞાન બતાવે છે, શુદ્ધ સ્વરૂપજ્ઞાન બતાવે છે અને તે પ્રાપ્ત કરવા માટે કેટલાક વર્તનધર્મો પણ બતાવે છે. એ વર્તનધર્મો સાધ્ય નથી પણ સાધન છે. સાધન ગમે તેવાં પ્રબળ હોય પણ સાધ્યનું લક્ષ્ય ન હોય, તે જોયું ન હોય, જાણ્યું ન હોય, તો નકામાંજ છે. આ કારણથી ગુરૂની અગત્યતા કેટલી છે તે સમજાય છે. આ હેતુથી અમુક દર્શનની પરીક્ષા કરવા પહેલાં તેના બતાવનાર ગુરૂની પરીક્ષા પ્રથમ કરવાની આવશ્યકતા સિદ્ધ થાય છે. ૧૬૯.

વીરને વિનતિ. શાસનમાં લુંટારાનું જોર.

न्यस्ता मुक्तिपथस्य वाहकतया श्रीवीर ये प्राक् त्वया,
लुंटाकास्त्वदतेऽभवन् बहुतरास्त्वच्छासने ते कलौ ।
बिभ्राणा यतिनाम तत्तनुधियां मुष्णंति पुण्यश्रियः
पूत्कुर्म[1] किमराजके ह्यपि तलारक्षा न किं दस्यवः ॥ ६ ॥

"હે વીર પરમાત્મા! મોક્ષમાર્ગના વહન કરનારા તરીકે "(સાર્થવાહ તરીકે) જેને તેં પૂર્વે મૂકયા હતા (સ્થાપિત કર્યા હતા) "તેઓ કળિકાળમાં તારી ગેરહાજરીમાં તારા શાસનમાં મોટા "લુંટારા થઈ પડયા છે. તેઓ યતિનું નામ ધારણ કરીને અલ્પ "બુદ્ધિવાળા પ્રાણીઓની પુણ્યલક્ષ્મી ચોરી લે છે. અમારે તે હવે "શું પોકાર કરવો? ધણી વગરનું રાજ્ય હોય ત્યાં કોટવાળ "પણ શું ચોર નથી થતા?" ૬. શાર્દૂલ વિક્રીડિત.

ભાવાર્થ–પાંચસે વરસ ઉપર ઉચ્ચરેલા શબ્દો ત્યાર પછીના બનાવે વધારે સત્ય કર્યા છે. મુનિસુંદરસૂરિએ સ્પષ્ટ અક્ષરોમાં ઘણી હિંમતથી સત્ય બહાર પાડયું છે. ઉપર કહ્યું તેમ વ્યક્તિપરના દૃષ્ટિરાગથી ઘણા જીવોનું બગડે છે, પણ બગાડનાર તો મહા કર્મબંધ કરે છે. શિથિલાચાર, પ્રમાદ, વિનયનો અભાવ, અહંમિદ્રતા વિગેરે સંવેગી સાધુઓમાં પણ દૃષ્ટિગોચર થાય છે. બિચારા જતી

[1] फूत्कुर्म इति वा पाठः

ગોરજી અને પાટધારી શ્રીપૂજ્યો તો ચોથા વર્ગના ગુરૂ છે, તેઓ તો શાસનના બરેબરા લુંટારા છે, પણ જે જગોએથી એકાંત શાંતિની આશા રાખી શકાય ત્યાં પણ જરા જરા સડો પેસતો જાય છે અને વધતો જાય છે. સુધર્મા સ્વામીને પ્રભુએ પાટ સોંપી તેની પરંપરાએ આગળ જતાં કેટલાક કાળે જેઓ થયા તેઓ શાસન બરાબર ચલાવી શકયા નહિ અને ઘણી ઘોરી વગરના રાજ્યમાં કોટવાળ જ લુંટારા થઈ પડે તેમ થયું. લોકોની પુણ્યલક્ષ્મી વધારવાને બદલે સંસારમાં રખડાવી પાપપંક વધારનારા થયા. આ મહા જુલમ થયો છે, અમારો પોકાર કોઇ સાંભળતું નથી, અમારે ફરીઆદ કોની પાસે કરવી? જ્યારે વાડ જ ચીભડાં ગળવા માંડે ત્યારે બચાવ કયાંથી થાય? હે કોટવાળો! તમે તમારી ફરજ સમજો, આંખ ઉઘાડો. તમારી જવાબદારી બહુ જબરી છે. જો તમો લોકોને રખડાવશો તો તમારો નિસ્તાર થશે નહિ.

ધર્માધ્યક્ષોની ફરજ આ જમાનામાં ખાસ વધારે છે તે સ્પષ્ટ હકીકત છે. પાશ્ચિમાત્ય વિચારોનો ધોધબંધ પ્રવાહ, કેન્ટ વિગેરે નવીન તત્ત્વજ્ઞોના સ્થૂળ તત્ત્વવાદ (Materialism)ના ઉલ્લેખો, મીલ વિગેરે અર્થશાસ્ત્રીઓના સ્વતંત્ર લેખો, પૂર્વના દૃઢ સંસ્કારોનો થતો વિષમ સંગમ અને આજુબાજુની હવાને અંગે મહાન ફેરફાર લક્ષ્યમાં રાખી હાલ શું જોઇએ છીએ તેનો અભ્યાસ કરવો, તેનું ચિંતવન કરવું અને સ્વશક્તિ અનુસાર તેને પૂરા પાડવા યત્ન કરવો એ પ્રત્યેક ધર્માધ્યક્ષની ખાસ ફરજ છે. ખાસ કરીને શક્તિનો નકામો વ્યય, વિતંડાવાદ અને કલહ કુસંપ દૂર કરી સન્નદ્ધબદ્ધ થઇ શાસનને જાળવી રાખવા પ્રયાસ કરવાની અત્યારે બહુ જરૂર છે. આ સર્વ કાર્ય તેમનું છે, તેઓએ કરવાનું છે, તેને બદલે ઉલટો પ્રયાસ કરી મુનિસુંદરસૂરિએ અત્ર આપેલા ઉપનામને સાર્થક કરે તો ભવિષ્યમાં બહુ શોચ કરવાનો સમય આવે તેમ છે એ ચોક્કસ સમજવું. કેન્ટ અને હ્યુગોનો સ્થૂળવાદ બહુ આકર્ષક છે અને તેમાં છેલ્લા ફિલોસોફર હર્બર્ટ સ્પેન્સરે બહુ વધારો કર્યો છે. એ પશ્ચિમની ફિલોસોફિ કોલેજમાં શીખવાય છે અને નવીન પ્રજા તેનો સારી રીતે અભ્યાસ કરે છે. એ નવીન ફિલોસોફિમાં પુદ્ગળ

(matter) ને બહુ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. બાસ ખૂબિની હકીકત એ છે કે જૈન તત્ત્વજ્ઞાનને જો આ નવીન ફિલોસોફિના પ્રકાશ સાથે સમજીને સમજાવવામાં આવે તો સર્વ હકીકત બહુ બંધબેસતી આવી જાય તેમ છે. પ્રો. હર્મન જેકોબી જેઓએ જૈન તત્ત્વજ્ઞાનનો બહુ સારો અભ્યાસ કર્યો છે તે જણાવે છે કે કેન્ટની ફિલોસોફિના બહુ તત્ત્વો જૈન તત્ત્વજ્ઞાનને મળતા છે. અલબત! આત્મવાદ, આત્મકર્મ સંબંધ, આત્માની ઉત્ક્રાંતિ વિગેરે ભાવો જૈન તત્ત્વજ્ઞાનમાં સવિશેષ છે, અને પુદ્ગળનું જે અદ્ભુત સ્વરૂપ બાંધ્યું છે તે તો નવીન ફિલોસોફરોને પણ વિચાર કરવા યોગ્ય જણાયું છે. આ સર્વનું સંમેલન કરી બન્નેમાં તફાવત અને જૈન તત્ત્વજ્ઞાનમાં વિશેષતા શું છે અને તે કેવી રીતે સિદ્ધ કરી શકાય છે તે નવીન પદ્ધતિ અનુસાર સમજાવવાની ભારે ફરજ ગુરૂને માથે છે અને તે થઇ શકે તેમ છે. આ સ્થિતિ સમજાય અને તેનો પ્રતિકાર થાય તો મુનિસુંદરસૂરિના શબ્દોનો કાંઇક બદલો વળે તેમ છે.

અંતઃકરણની ઉંડી લાગણીથી નીકળેલા આ વિચારો સર્વને આદરણીય છે. સાધુઓનો ઉદ્દેશ જીવનની ઉન્નતિ કરવાનો હોય તો તેમણે મુનિ સુંદરસૂરિ તરફ સત્ય કહેવા માટે આંખ ચડાવવી નહિ, પણ માર્ગ સરલ અને ચોખ્ખો કરવો. યતિ, ગોરજી કે શ્રીપૂજ્યોએ પટિયા પાડવા નહિ, અયોગ્યાચરણ કરવું નહિ, પોતાને માટે આરંભ કરવો નહિ અને ઇંદ્રિયોના વિષયમાં આસક્ત થવું નહિ. આ કડવો ઘુંટડો છે, પણ સંસાર રોગ મટાડવાનો રામબાણ ઉપાય છે, શુદ્ધ ખપી જીવને ઉપયોગી છે અને સૂરિ મહારાજનો પ્રયાસ તેને માટે જ છે. આ શ્લોક જે આશયથી સૂરિ મહારાજે લખ્યો છે તે જ આશય ધ્યાનમાં રાખવાની જરૂર છે. એમણે અંતઃકરણની ઉંડી લાગણીથી બરોબરા ઉદ્ગારો બહાર પાડ્યા છે; એ બહુજ મનન કરવા યોગ્ય છે.

આ શ્લોકમાં 'લુંટારા' શબ્દથી વેષવિડંબક એટલે સાધુનું નામ અને વેશ ધારણ કરી દુશ્ચરિત્ર સેવનારા અને કુમાર્ગ પ્રવર્તાવનારા મહા સંસાર રસિક કુગુરૂ તેમજ ધર્મને નામે પાપાચરણમાં પ્રવર્તનાર શ્રીપૂજ્ય, યતિ, ગોરજી વિગેરે સમજવા. ૧૭૦.

અશુદ્ધ દેવ ગુરૂ ધર્મ-ભવિષ્યમાં શોચ.

माद्यस्यशुद्धैर्गुरुदेवधर्मैर्धिग्दृष्टिरागेण गुणानपेक्षः ।
अमुत्र शोचिष्यसि तत्फले तु, कुपथ्यभोजीव महामयार्त्तः ॥ ७ ॥

"દૃષ્ટિ રાગથી ગુણની અપેક્ષા વગર તું અશુદ્ધ દેવ ગુરૂ "ધર્મ પ્રત્યે હર્ષ બતાવે છે તે માટે તને ધિક્કાર છે! જેવી રીતે "કુપથ્ય ભોજન કરનાર મહા પીડા પામીને હેરાન થાય છે તેવીજ "રીતે આવતા ભવમાં તું તે (કુદેવધર્મગુરૂસેવન) નું ફળ પામીને "શોચ કરીશ." ૭. ઉપજાતિ.

ભાવાર્થ-ગુણવાન્ ગુરૂનો આશ્રય કરવાની જરૂર કેટલી છે તે આપણે ઉપર જોઇ ગયા છીએ અને એવા ગુરૂનેજ નમન કરવું એ બાસ કર્તવ્ય છે. એવા ગુરૂએ બતાવેલા એકાંત ગુણવાળા દેવને તેની જેવા થવા માટે ભાવથી ભજવા અને એવા ગુરૂ અને દેવનો બતાવેલો ધર્મ આદરવો એ ગુણાપેક્ષીપણું છે. આવી રીતે જે પ્રાણી ગુણની અપેક્ષા રાખતો નથી અને માત્ર પૌદ્ગલિક પદાર્થો જેવા કે પુત્ર પ્રાપ્તિ, ધન પ્રાપ્તિ, અનેક રોગાદિ નાશની આશંસા અને મિથ્યાત્વજન્ય દૃષ્ટિરાગથી ગમે તેવા વિષયી ગુરૂને ભજી સંસાર વધારનાર અધર્માચરણ કરે છે તે પ્રાણી ભવિષ્યમાં બહુ પસ્તાય છે. આ જીવને સંસાર રોગ તો થયેલોજ છે તેમાં પાછું કુગુરૂના પ્રસંગથી અયોગ્ય આચરણરૂપ કુપથ્ય ભોજન પોતે કરે છે અને ગુરૂનાં અયોગ્ય આચરણને પુષ્ટિ આપતો જાય છે એટલે રોગ વધતો જાય છે અને ગુરૂસેવાનો હેતુ જે સંસાર ઘટાડવાનો છે તે નાશ પામતો જાય છે.

મુખ્ય મુદ્દે ગુરૂ મહારાજની જોગવાઇ બરાબર થવાની જરૂર છે. પછી દેવ અને ધર્મ તો તેમના ઉપદેશથી નિયમસર શુદ્ધજ મળતા જશે. જેઓ આ બાબતમાં ગફલતી રાખી તપાસ કરતા નથી તેઓ આ ભવમાં પણ કેટલીકવાર પસ્તાય છે. હિંદુસ્તાનમાં ધર્મને નામે ગોસાંઇઓ, શ્રીપૂજ્યો તથા ગોરજીઓ શાં શાં કામો કરે છે તે અવલોકન કરનારના જોવા સમજવામાં આવી જાય તેમ છે. અજબ છે કે અવિવેકી અવિચારી પ્રેમલા અને ભગતો તે બાબતમાં આંખ ઉઘાડવાની પણ દરકાર કરતા નથી. ૧૭૧.

અશુદ્ધ ગુરૂ મોક્ષ આપે નહિ. દૃષ્ટાંત

नाम्रं सुसिक्तोऽपि ददाति निंबकः, पुष्टा रसैर्वंध्यगवी पयो न च ।
दुःस्थो नृपो नैव सुसेवितः श्रियं, धर्मं शिवं वा कुगुरुर्न संश्रितः[1] ॥१॥

"સારી રીતે સીંચેલો પણ લીંબડો કેરી આપતો નથી;
"(શેરડી, ઘી, તેલ વિગેરે) રસો ખવરાવીને પુષ્ટ કરેલી વંધ્યા ગાય
"દૂધ દેતી નથી; (રાજ્યભ્રષ્ટતા જેવા) ખરાબ સંજોગોમાં આવેલા
"રાજાની સારી રીતે સેવા કરી હોય તોપણ તે લક્ષ્મી આપી
"ન્યાલ કરતો નથી; તેવી જ રીતે કુગુરૂનો આશ્રય કરવાથી તે
"શુદ્ધ ધર્મ અને મોક્ષ આપી અપાવી શકતા નથી." ૮.

ઇંદ્રવંશા.

ભાવાર્થ–પાંચમા શ્લોકમાં બતાવેલી હકીકતપર અત્ર દૃષ્ટાંતો છે. અર્થ સ્પષ્ટ છે. ૧૭૨.

તાત્વિક હિત કરનાર વસ્તુ.

कुलं न जातिः पितरौ[2] गणो वा, विद्या च बंधुः [3]स्वगुरुर्धनं वा ।
हिताय जंतोर्न परं च किंचित्, किंत्वार्हताः सद्गुरुदेवधर्माः ॥ ९ ॥

"કુળ, જાતિ, માબાપ, મહાજન, વિદ્યા, સગાં સંબંધીઓ,
"કુળગુરૂ અથવા પૈસા કે બીજી કોઈ પણ વસ્તુ આ પ્રાણીના
"હિતને માટે થતી નથી. પરંતુ આદરેલા (આરાધન કરેલા)
"શુદ્ધ દેવ ગુરૂ અને ધર્મ જ (હિત કરનારા થાય છે)." ૯.

ઉપજાતિ.

ભાવાર્થ–ઉંચા કુટુંબમાં કે ઉત્તમ જાતિમાં જન્મ થયો હોય અથવા બહુ વિદ્યા ભણ્યો હોય અથવા બહુ ધનપ્રાપ્તિ થઈ હોય કે કરી હોય તેથી આ જીવનું કાંઇ હિત થતું નથી. પૂર્વે મમત્વ મોચનના ચારે અધિકારમાં આપણે જોઇ ગયા છીએ કે પુત્ર, કલત્ર, ધનાદિ વસ્તુઓ તો જેમ જેમ વધારે પ્રમાણમાં મળે છે તેમ તેમ સંસારબંધન વધારનારી થાય છે, પણ ભવચક્રનો એક પણ આંટો

[1] सेवितः इति वा पाठः
[2] पितरौ स्थाने पितरो इति पाठांतरः पितृवंश इत्यर्थः
[3] स्व इति पाठांतरः

ઓછો કરનારી થતી નથી. અનાદિ કાળથી રાગમાં રાચેલો રંક જીવ નવીન કાંઈ કરતો નથી અને ધન સ્ત્રી વૈભવ કે વિદ્યાના મદમાં કે મોહમાં મસ્ત રહી મહા દુઃખપરંપરા પ્રાપ્ત કરે છે.

દુઃખપરંપરાથી હંમેશાને માટે બચવું હોય તો શાસ્ત્રકાર તેનો એક ઉપાય બતાવે છે અને તે એ છે કે શુદ્ધ ગુરૂનો આશ્રય કરવો અને પછી તેમના બતાવેલ દેવની સેવા કરવી અને તેમના બતાવેલા ધર્મોનું પાલન કરવું. આ રીતે જે પ્રાણી વર્તે છે તે પૂર્વ પાપનો નાશ કરી મહા સુખસાધન પામી છેવટે સર્વ દુઃખનો અત્યંતાભાવ કરે છે.

આ શ્લોકમાં અને અન્યત્ર પણ દેવ શબ્દની પહેલાં ગુરૂ શબ્દ મૂકેલો છે એ સૂચક છે. અગાઉ જણાવ્યું તેમ 'દેવ'ને બતાવનાર પણ ગુરૂ મહારાજ હોવાથી શિષ્યવૃત્તિની અપેક્ષાએ 'ગુરૂ'ની દેવ કરતાં પણ મુખ્યતા બતાવી છે, જો કે 'દેવ' તો ગુરૂ અને શિષ્ય બન્નેને એક સરખી રીતે આરાધ્ય છે. ૧૭૩.

ધર્મમાં જોડે તે જ ખરાં માબાપ.

माता पिता स्वः सुगुरुश्च तत्त्वात्प्रबोध्य यो योजति शुद्धधर्मे ।
न तत्समोऽरिः क्षिपते भवाब्धौ, यो धर्मविघ्नादिकृतेश्च जीवम् ॥१०॥

"જે ધર્મનો બોધ આપીને શુદ્ધ ધર્મમાં જોડે તેજ તત્ત્વથી
"ખરેખરાં માબાપ, તેજ ખરેખરાં પોતાના હિતસ્વી અને તેજ
"સુગુરૂ સમજવા. જે આ જીવને સુકૃત્ય અથવા ધર્મના વિષયમાં
"અંતરાય કરીને સંસાર સમુદ્રમાં ફેંકી દે છે તેના સરખો કોઈ
"દુશ્મન નથી." ૧૦.

ઉપજાતિ.

ભાવાર્થ–पातीति पिता જે પાળે તે પિતા. ત્યારે નરક નિગોદના મહાદુઃખથી જે ઉગારે તેનેજ ખરેખરા પિતા કહી શકાય. તેમજ 'દુઃખથી તારે તે માતા' અને પોતાના પણ તેજ કહેવાય કે જેઓ આપણું પરિણામે સારૂં થવાની આશા રાખે અને તેને લગતી યોજનાઓ કરી આપે. ગુરૂમહારાજ પણ તેજ કહેવાય કે જેઓ શુદ્ધ ધર્મમાં જોડે. ધર્મના પ્રતાપથી દુઃખનો નાશ થાય છે. આનાથી

ઉલટું જેઓ ધર્મમાં અંતરાય કરે છે તેના સમાન કોઈ દુશ્મન નથી. આ 'ભાવ' સ્પષ્ટ છે.

ઉપદેશમાળામાં આજ ભાવ બીજા રૂપમાં કહ્યો છે. ત્યાં કહે છે કે "માતાપિતા બાળકપર જે ઉપકાર કરે છે તે અનહદ છે અને તે એટલો બધો છે કે કરોડો વરસો સુધી એકાગ્ર ચિત્તે તેમની સેવા કરવાથી પણ તેનો બદલો વાળી શકાતો નથી, તે બદલો વાળવાનો ઉપાય એકજ છે અને તે એકે માબાપને ધર્મનો બોધ જો પુત્રથી થાય તો બદલો વળે."

સંસારપરથી ઉદ્વિગ્ન ચિત્તવાળા વૈરાગ્યરસિક જીવને જ્યારે આત્મિક ઉન્નતિ કરવાની ઇચ્છા થાય છે ત્યારે સ્વાભાવિક રીતે સર્વ જીવોને ઉન્નત કરવાની ઇચ્છા પણ પ્રબળ થાય છે અને તેવે પ્રસંગે સંસારની અસારતા જોઇ તેનાથી જરા અળગા રહેવાના પ્રયત્ન વખતે માબાપ કે સગાંસ્નેહી આડાં આવે છે; તેને સૂરિમહારાજ દુશ્મનના વર્ગમાં મૂકે છે અને તેમની અવજ્ઞા કરી **સરસ્વતીચંદ્ર**ની જેમ લોકયજ્ઞ માટે પિતૃયજ્ઞનો ભોગ આપવો તેમાં કાંઈપણ અડચણ નથી, પણ મહાન લાભ છે, એ વિચારને તેઓ પુષ્ટિ આપે છે. એક નાના વાકયમાં આવા ગંભીર પ્રશ્નનો સૂરિમહારાજે ખુલાસો કર્યો છે, જે જોઇએ તેટલો સ્પષ્ટ અને વિચારવા લાયક છે. ૧૭૪.

સંપત્તિનાં કારણો.

दाक्षिण्यलज्जे गुरुदेवपूजा, पित्रादिभक्तिः सुकृताभिलाषः ।
परोपकारव्यवहारशुद्धी, नृणामिहामुत्र च संपदे स्युः ॥ ११ ॥

"દાક્ષિણ્યતા, લજ્જાળુપણું, ગુરૂ અને દેવની પૂજા, માબાપ "વિગેરે વડીલ તરફ ભક્તિ, સારાં કાર્યો કરવાની અભિલાષા, પરો- "પકાર અને વ્યવહારશુદ્ધિ મનુષ્યને આ ભવમાં અને પરભવમાં "સંપત્તિ આપે છે." ઉપજાતિ.

ભાવ–*૧–**દાક્ષિણ્યતા** એટલે મનની મોટાઇથી સામા માણસની પણ અનુકૂળ થઇ જવાની મનની સરળતા. દાક્ષિણ્યતામાં સ્વતંત્રતાનો નાશ થતો નથી, પણ તેના કરતાં મહાન્ સદ્‌ગુણ જે સરળતાનો

* જુઓ ધર્મરત્ન-પ્રથમ ભાગ-સાતમો ગુણ.

તે પ્રાપ્ત થાય છે. શ્રાવકના ગુણોમાં 'દાક્ષિણ્યતા' તે એક ગુણ કહેવામાં આવ્યો છે અને તેની વ્યાખ્યા કરતાં તેનું શુભ માર્ગે વ્યવસ્થાપન સ્પષ્ટ બતાવ્યું છે.

૨–**લજ્જાળુપણું**–આ ગુણથી નકામી સ્વતંત્રતાનો નાશ થાય છે અને વિનય સચવાય છે. ખાસ કરીને સ્ત્રીઓમાં આ ગુણ ભૂષણરૂપ ગણાય છે અને પાપ કાર્યમાં પ્રતિબંધ કરનાર તરીકે સ્ત્રી પુરૂષ બન્નેને અતિશય લાભ આપનાર છે.

૩–**ગુરૂ દેવ પૂજા**–દ્રવ્ય અને ભાવથી અવલંબનની જરૂરીઆત સર્વ જીવને બહુ રહે છે. ગુરૂનાં વચન પ્રમાણે વર્તન કરવું એ પણ પૂજા છે અને ભાવના માટે હૃદય સમક્ષ અને ચક્ષુ સમક્ષ ભાવમય અને સ્થૂળ સાકાર વૃત્તિએ નિરાકાર પદ પામવા તે ગુણ પ્રાપ્ત કરેલા ભગવાનનું ધ્યાન કરવું-અર્ચન કરવું એ બહુ ઉપયોગી છે, ખાસ જરૂરનું છે, મહાલાભ કરનાર છે.

૪–**પિત્રાદિ ભક્તિ**–પિતાની ધર્મકાર્યમાં અગવડ ન આવે તે ધ્યાનમાં રાખી અનન્ય ચિત્તે ભક્તિ કરવી. તેઓને સંતોષ આપવો એ દરેક સુપુત્રની ફરજ છે. આદિ શબ્દથી દરેક વડિલ સમજવા.

૫–**સુકૃતાભિલાષ**–સારાં કાર્યો કરવાં, વારંવાર કરવાં અને તેનું ચિંતવન કર્યા કરવું. કાર્ય ક્રમ એ છે કે પ્રથમ વિચાર અને પછી આચાર. શુભ સંસ્કાર જગાડવા માટે સારા વિચારોની જરૂર છે. સારાં કૃત્યોના વિચાર પછી સારાં કૃત્યો થાય છે એ સંશય વગરની વાત છે. સંજોગ પ્રતિકૂળ હોય તો કદાચ અમલમાં તુરત ન મૂકી શકાય તો પણ વિચાર કર્યો હોય તો અનુકૂળતાએ શુભ કાર્યો થઈ શકે છે. વિચારથી સંસ્કાર બંધાય છે અને કાંઇ નહિ તો છેવટે આવતા ભવમાં પણ તે સંસ્કાર જાગૃત થાય છે; તેટલા માટે મોળો વિચાર કદી કરવો નહિ. શુભ કાર્યોની ભાવના નિરંતર રાખવી. આથી અનેક પ્રકારના લાભ થાય છે. નકામી કુથલી ઓછી થાય છે અને મન શુભ માર્ગે ચઢતાં શીખે છે.

૬–**પરોપકાર**–આત્મભોગ વગરનું જીવન નથી, એટલે કે સ્વમાં સંતોષ માની, શરીર પંપાળી, પુત્રને રમાડી, સ્ત્રીને શોભાવી તીજોરીઓ

ઉપર લખેલી છ બાબતો સર્વ પ્રકારની આપત્તિઓ ઉત્પન્ન કરે છે. કેટલીક વખત અમુક પાપનો ઉદય અમુક કાર્ય સાથે મેળવી શકાતો નથી કારણ કે આપણને તેવું જ્ઞાન નથી, પણ કારણ વગર કાર્ય થતું નથી અને મનની અનેક વ્યથા અને શરીરપર ગંભીર વ્યાધિઓ થાય છે તે સર્વ અમુક કારણને લઈને જ થવી જોઈએ અને તેનો મુખ્ય ભાગ અત્ર આપવામાં આવ્યો છે.

આ શ્લોકને અગિયારમા શ્લોક સાથે સરખાવી તેનો ભાવ સમજવાનો છે. અગિયારમા શ્લોકમાં સંપત્તિનાં કારણો બતાવ્યાં છે, આમાં વિપત્તિનાં કારણો બતાવ્યાં છે. સંપત્તિનાં કારણો સેવવા કરતાં વિપત્તિનાં કારણો તજવાની અત્યંત આવશ્યકતા છે, તેથી અગિયારમા શ્લોક કરતાં આ શ્લોકમાં કહેલ ભાવ બહુજ મનન કરવા યોગ્ય છે. જિનેશ્વર તરફ અભક્તિ અને ગુરૂની અવજ્ઞા એ બંને ધર્મની પણ અયોગ્યતા બતાવે છે, વ્યાપારાદિમાં અનુચિત આચરણ ને અધર્મીનો સંગ આ બે ધર્મભ્રષ્ટપણું સૂચવે છે અને માતા પિતાની ઉપેક્ષા તથા પરને ઠગવાપણાની બુદ્ધિ એ વ્યવહારથી પણ વિમુખતા સૂચવે છે. આ છ દોષવાળાને પગલે પગલે વિપત્તિ થવીજ જોઈએ. તે છતાં કદી કોઇ વખત સારો જાય તો તે કાંઇક પૂર્વનોજ પુણ્યોદય સમજવો. આવા શ્લોકો આલી વાંચી જવાથી વિશેષ લાભ કરતા નથી. માટે આ ગ્રંથમાં અગાઉ કહેવામાં આવ્યું છે તેમ વારંવાર તેનું મનન કરવું અને પોતાનો અનુભવ લાગુ પાડી વારંવાર પુનરાવર્તન કર્યા કરવું. ૧૭૬.

પરભવમાં સુખ મેળવવા માટે પુણ્યધન.

भक्त्यैव नार्चासि जिनं सुगुरोश्च धर्मं,
नाकर्णयस्यविरतं विरतीर्न धत्से ।
सार्थं निरर्थमपि च प्रचिनोष्यघानि,
मूल्येन केन तदमुत्र समीहसे शम् ॥ १३ ॥

"હે ભાઈ! તું ભક્તિથી શ્રી જિનેશ્વર ભગવાનની પૂજા કરતો "નથી; તેમજ સારા ગુરૂ મહારાજની સેવા કરતો નથી; નિરંતર ધર્મ "સાંભળતો નથી; વળી વિરતિ (પાપથી પાછા હઠવું-વ્રત પચ્ચ-

"ખ્ખાણ કરવાં તે) ને તો ધારણ પણ કરતો નથી; વળી "પ્રયોજને કે વિના પ્રયોજને પાપને પુષ્ટિ આપે છે; ત્યારે તું શું "કિમતે આવતા ભવમાં સુખ મેળવવાની ઇચ્છા રાખે છે?" ૧૩.

વસંતતિલકા.

ભાવાર્થ-હે ભાઇ! પ્રભુની પૂજા કરતો નથી, વળી તું સુગુરૂની સેવા તેમજ તેમના પાસેથી ધર્મ શ્રવણ કરતો નથી; ઉપરાંત એક દિવસ પણ ત્યાગવૃત્તિ કરતો નથી, ઇંદ્રિયના વિષયો ભોગવવામાં અહર્નિશ આસક્ત રહે છે. કાંઇ પણ પ્રસંગ આવ્યો કે પાપ કાર્ય કરવા મંડી પડે છે. પુત્રનાં લગ્ન કે વ્યવહારના કોઇ પણ બ્હાનાનો જોગ મળતાં હિંસા, ક્રોધ, અભિમાન કરવા મંડી જાય છે અને તેવો જરૂરનો પ્રસંગ આવે ત્યારે ધર્મનું લક્ષ્ય પણ રહેતું નથી. વળી પ્રસંગ વગર પણ અનર્થ દંડથી દંડાય છે. નાટક જોવાં, સર્કસ જોવાં, હવેલીઓ જોઇ તેનાં વખાણ કરવાં, રાજકથા તથા લડાઇની વાતો કર્યા કરવી વિગેરે નકામી પાપરાશિ વહોરી લે છે.

આવી રીતે શુદ્ધ દેવ ગુરૂ ધર્મનું આરાધન કરતો નથી, ઇંદ્રિય દમન કરતો નથી અને કારણે અકારણે મહાપાપોનો સંચય કરે છે. સર્વ પ્રાણીઓ સુખ ઇચ્છે છે અને તેમાં પણ વર્તમાનમાં સુખ હોય કે ન હોય પણ સુખ મેળવવાની ઇચ્છા તો સર્વને રહે છે. પણ હે ભાઇ! સુખ તો ખરીઆણું છે, એને ખરીદ કરવા માટે પુણ્ય ધનની જરૂર પડે છે. તે તો તું અત્રે હારી જાય છે, ઉલટો તેને બદલે પાપરૂપ કચરો એકઠો કરે છે. ત્યારે તું સુખ શાવડે મેળવવાની ઇચ્છા રાખે છે? સુખ કાંઇ ધર્મ કર્યા સિવાય મફત મળી શકવાનું નથી. માટે કોઇ પણ કાર્ય કરતી વખતે એટલો વિચાર અવશ્ય કરજે કે શુભ કાર્ય કર્યાથી આવતા ભવમાં સુખ પ્રાપ્ત થાય છે અને અશુભ કાર્ય કર્યાથી દુઃખ પ્રાપ્ત થાય છે. વળી નકામા પાપ કર્મ સેવવાથી તો આ જીવને કદી પણ સુખ પ્રાપ્ત થતું નથી. આટલી સમજણ રાખવાથી અને તેને પ્રવૃત્તિમાં મૂકવાથી તારી કેટલીક બાબત પાંસરી થઇ જશે.

ધર્મશ્રવણની જરૂરીઆત બહુજ છે. અગાઉ જણાવ્યું તેમ વિચાર વગર વર્તન થતું નથી, પણ વિચાર શુભ આવવા માટે

શાસ્ત્રશ્રવણની બહુ અગત્યતા છે. શ્રવણ ઉપરથી મનનની પણ તેટલીજ જરૂર છે.

આ શ્લોક બહુ ઉપયોગી છે. મોક્ષ પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળાએ શરૂઆતમાં નીચેના નિયમોને અનુસરવું જોઇએ એમ આ શ્લોકમાંથી ભાવાર્થ તરીકે સ્પુટ સંબંધ પ્રાપ્ત થાય છે.

૧. ભક્તિપૂર્વક પ્રભુનું પૂજન કરવું.
૨. ધર્મ શ્રવણ નિરંતર સદ્‌ગુરૂ પાસેથી કરવું.
૩. સ્થૂળ વિષયોથી દૂર રહી તેનો બનતી રીતે ત્યાગ કરવો.
૪. પ્રયોજન હોય કે ન હોય પણ પાપ કાર્યમાં જોડાવું નહિ. ૧૭૭.

સુગુરૂ સિંહ : કુગુરૂ શિયાળ.

चतुष्पदैः सिंहइव स्वजात्यैर्मिलन्निमांस्तारयतीह कश्चित् ।
सहैव तैर्मज्जति कोऽपि दुर्गे, शृगालवच्चेत्यमिलन् वरं सः ॥१४॥

"જેવી રીતે પોતાની જાતિના પ્રાણીઓને મળીને સિંહ તાર્યા "હતા, તેવી રીતે કોઇક (સુગુરૂ) પોતાના જાતિભાઇ (ભવ્ય પંચે- "દ્રિય)ને મળીને આ સંસારસમુદ્રથી તારે છે; અને જેવી રીતે શિયાળ "પોતાના જાતિભાઇઓની સાથે ડૂબી મુએ તેવી રીતે કોઇક (કુગુરૂ) "પોતાની સાથે સર્વને નરકાદિક અનંત સંસારમાં ડૂબાવે છે. માટે "આવા શિયાળ જેવા પુરૂષ તો ન મળ્યા હોય તોજ સારૂં." ૧૪.

ઉપેંદ્રવજ્રા.

વિવેચન–અત્ર પહેલા અને ચોથા પ્રકારના ગુરૂનું વર્ણન કર્યું છે. પહેલા પ્રકારના ગુરૂ પોતે તરે છે અને આશ્રિતને તારે છે. તેઓ વહાણ જેવા છે. ચોથા પ્રકારના ગુરૂ પોતે ડૂબે છે અને આશ્રય કરનારને પણ ડૂબાવે છે. એ પથ્થર સમાન કુગુરૂ સમજવા.

આ સંસારમાં રઝળતા જ્યારે કોઇ વખત સુગુરૂનો સંગ થાય છે ત્યારે તેઓ આ જીવને ઉપદેશ આપી, સંસારથી ઉદ્વિગ્ન ચિત્તવાળો કરી છેવટે તેને વૈરાગ્યવાસિત કરી સંસારથી સલામ ભરાવે છે. આવા ગુરૂ સિંહ સમાન છે. ટીકાકાર તે સંબંધમાં

પાખ્યાનનું પ્રસિદ્ધ કથાનક કહેતાં જણાવે છે કે "બહુ ઝાડીથી ભરપૂર એક મોટું જંગલ હતું, ત્યાં ભયનું કારણ ઉત્પન્ન થવાથી સર્વ વનવાસી પ્રાણીઓએ મળીને સિંહને રાજાની પદવી આપી; હવે કોઇક કાળે એજ જંગલમાં મહા દાવાનળ પ્રકટ થયો, ચોતરફ અગ્નિ ફેલાવા લાગી અને બચાવનાં સાધનો અલ્પ થતાં ગયાં. તે વખતે આ મહાન્ પશુરાજે સર્વ પ્રાણીઓને પોતાની સાથે લીધાં અને નદી કાંઠે ગયો. ત્યાં નદીમાં મહા પૂર હતું છતાં પણ સર્વ વનવાસી પ્રાણીઓને પોતાને પુંછડે વળગાડી દીધા અને એક છલંગ મારી સામે પાર સર્વેને પહોંચાડી દીધાં. વળી જ્યારે તેજ જંગલ નવપલ્લવિત થયું ત્યારે સર્વને પાછાં ત્યાં લઇ આવ્યો. આવી રીતે મહાન્ મુશ્કેલીમાં પણ તેણે પોતાનાં જીવનની દરકાર ન કરી, પણ આશ્રિતોને તારવાના મહા પ્રયાસમાં ગમે તેટલો સ્વાત્મભોગ આપવા તૈયારી બતાવી એ સુગુરૂનું લક્ષણ સમજવું. હવે ઉક્ત સિંહનું ચરિત્ર જોઇ એક શિયાળ પણ નજીકના જંગલનો સ્વામી બન્યો અને તેવો જ પ્રસંગ પ્રાપ્ત થતાં પશુ સહિત નદી ઓળંગવાનો પ્રયાસ કરવા લાગ્યો. પરંતુ તેનામાં આત્મબળ કે અધિકાર ન હોવાથી તે પોતે પણ ડૂબી ગયો અને આશ્રિતોને પણ ડૂબાવી દીધા. આવી રીતે અગીતાર્થ કુગુરૂ પોતે સંસારસમુદ્રમાં ડૂબે છે અને આશ્રિતોને ડૂબાવે છે."

આ સિંહ અને શિયાળનાં દૃષ્ટાંતથી એક બીજી હકીકત એ પણ સમજાય છે કે જેઓ આત્મભોગ આપવાની તૈયારી બતાવ્યા સિવાય અને અધિકારની પ્રાપ્તિ વગર અધિપતિપણાનું પદ ધારણ કરવા ઇચ્છે છે તે પોતાની જાતને પણ મહા નુકશાન કરે છે.

સૂરિ મહારાજ કહે છે કે છેલ્લા પ્રકારના ગુરૂ તો ન મળ્યા હોય તો જ સારૂં. તેમને તો ન દીઠાથી જ કલ્યાણ છે. ગમે તેવા કુગુરૂ હોય, સંસારવાસના યુક્ત હોય છતાં પણ વીરનો વેશ છે એમ ધારી ગુણ અવગુણની પરીક્ષા કર્યા વગર ગમે તેને નમસ્કાર કરી ગુરૂપણે આદરનારે આ ટુંકા પણ સૂચક શ્લોકથી ઘણો બોધ લેવાનો છે. શાસ્ત્રકાર એવા દૃષ્ટિરાગને કે અંધ અનુકરણને ઉત્તેજન આપતા નથી. ૧૭૮.

ગુરૂનો યોગ છતાં પ્રમાદ કરે તે નિર્ભાગી.

पूर्णे तटाके तृषितः सदैव, भृतेऽपि गेहे क्षुधितः स मूढः ।
कल्पद्रुमे सत्यपि ही दरिद्रो, गुर्वादियोगेऽपि हि यः प्रमादी ॥१५॥

"ગુરૂ મહારાજ વિગેરેની બરાબર જોગવાઇ છતાં પણ જે "પ્રાણી પ્રમાદ કરે તે તળાવ પાણીથી ભરેલું છે છતાં પણ તરસ્યો "છે, (ધન ધાન્યથી) ઘર ભરપૂર છે છતાં પણ તે મૂર્ખ તો ભૂખ્યો "છે અને પોતાની પાસે કલ્પવૃક્ષ છે તોપણ તે તો દરિદ્રી જ છે." ૧૫.

ઉપજાતિ.

ભાવાર્થ–સ્પષ્ટ છે. ગુરૂ મહારાજની જોગવાઈ થાય અને તેનાથી દેવ તથા ધર્મ ઓળખાય ત્યાર પછી તે ત્રણે મહાન્ તત્ત્વનો લાભ લેવા ચૂકવું નહિ. શુદ્ધ દેવ, સુગુરૂ અને તેનો બતાવેલો શુદ્ધ ધર્મ એના ઉપર જરા પણ શંકા વગરની તરણુતારણ તરીકે શુદ્ધ શ્રદ્ધા થાય ત્યારે જ આ જીવનો એકડો નોંધાય છે. શ્રદ્ધા વગર જેટલી ક્રિયા કે તપજપધ્યાનાદિ કરવામાં આવે તેનાં મીંડાં મૂકાય છે. એ મીંડાં પણ કિંમતી છે પણ તેની આગળ એકડો હોય તો. લાખપર ચડેલું એક મીંડું નવ લાખ વધારે છે પણ સર્વે મીંડાં એકડા વગર નકામાં છે. એકડો પણ મીંડા કરવાના અભ્યાસ પછી જ આવડે છે. આ વાત અભ્યાસ શરૂ કરનારાએ ભૂલી જવાની નથી.

અત્ર કહેવાનો હેતુ એ જ છે કે ગુરૂ મહારાજ વિગેરે યોગ્ય સામગ્રી પ્રાપ્ત થયા છતાં પણ જો આ જીવ શુદ્ધ વર્તન કરતો નથી અને આળસમાં રહે છે, તો પછી તેના જેવો નિર્ભાગી કોઇ સમજવો નહિ. જે જોઇએ તે પ્રાપ્ત કર્યા છતાં પણ તેનો લાભ ન લેવામાં આવે તો બહુ ખોટું કહેવાય. આ શ્લોક અને નીચેના બંને શ્લોકમાં થઇને કર્તવ્ય સંબંધી બહુ ઉપયોગી ઉપદેશ આપ્યો છે.

ખાસ વિચારવા યોગ્ય વાત એજ છે કે આવો સુંદર મનુષ્ય ભવ, આર્યક્ષેત્ર, રાજ્યની અનુકૂળતા, સાધુઓનો યોગ, શરીરની અનુકૂળતા અને બીજી અનેક પ્રકારની સામગ્રીઓનો સદ્ભાવ આ જીવને પ્રાપ્ત થયો છે, છતાં પણ એ પ્રમાદમાં વખત કાઢી નાંખશે તો પછી એનો આરો આવવાનો નથી. અનંત ભવ કર્યા

પછી પણ આવી અનુકૂળતા પ્રાપ્ત થવી દુર્લભ છે, મુશ્કેલ છે, અશક્ય જેવી છે. ગ્રંથકર્ત્તા કહે છે કે તળાવે જઈને તરસ્યા આવવા જેવું આ થાય છે અને તે હકીકત યથાસ્થિત વસ્તુસ્વરૂપ બતાવે છે. આવા પ્રસંગોનો તો એવો સારી રીતે લાભ લેવો જોઇએ કે પછી આ ભવના ફેરા અને પારકી નોકરી અથવા આશીભાવ નિરંતરને માટે મટી જાય. ૧૭૬.

દેવ ગુરૂ ધર્મ ઉપર અંતરંગ પ્રીતિ વિના જન્મ અસાર છે.

न धर्मचिंता गुरुदेवभक्तिर्येषां न वैराग्यलवोऽपि चित्ते ।
तेषां प्रसूक्लेशफलः पशूनामिवोद्भवः स्यादुदरंभरीणाम् ॥ १६ ॥

"જે પ્રાણીને ધર્મ સંબંધી ચિંતા, ગુરૂ અને દેવ તરફ ભક્તિ "અને વૈરાગ્યનો અંશ માત્ર પણ ચિત્તમાં હોય નહિ તેવા પેટભ- "રાઓનો જન્મ પશુની પેઠે જણનારીને કલેશ આપનારો જ છે."૧૬.

ઉપજાતિ.

વિવેચન–મારૂં કર્તવ્ય શું છે? મારી જનસમૂહ પ્રત્યે ફરજ શી છે? હું કોણ છું? મારી ફરજ બજાવવા માટે મેં આખા દિવસમાં શા શા પ્રયત્ન કર્યા છે? તેમાં હું કેટલે દરજ્જે ફતેહમંદ થયો છું? આજના કાર્યમાં નિષ્ફળતા કેટલી મળી? શા કારણથી મળી? આજે મૂકયું છે ત્યાંથી આવતી કાલે કેવી રીતે શરૂ કરવું? ફરજ બજાવવા–ઉપકાર કરવા માટે આવતી કાલ સવારના જેવો માંગલિક દિવસ એક પણ નથી. આનું નામ શાસ્ત્રકાર ધર્મચિંતા–કર્તવ્યપરાયણવૃત્તિ કહે છે.

આ અધિકારમાં બતાવેલી રીત પ્રમાણે પસંદ કરેલા ગુરૂ મહારાજ અને તેમના બતાવેલા દેવ તથા ધર્મ ઉપર એકાંત શ્રદ્ધા અને ભક્તિ. એ ભક્તિમાં દેખાવ કે આડંબર નહિ પણ અંતઃકરણની ઉર્મિઓનો ઉત્સાહ. "ચિત્ત પ્રસન્નેરે પૂજન ફળ કહ્યું રે, પૂજા અખંડિત એહ" એ વાકયમાં બતાવેલા ભાવનું યાથાર્થ્ય–એનું નામ **દેવગુરૂભક્તિ.**

આ સંસારના સર્વ પદાર્થ અસ્થિર છે, અચિરસ્થાયી છે, પૌદ્ગલિક છે. આ જીવ શુદ્ધ નિરંજન નિર્લેપ છે, અનંત જ્ઞાન દર્શન ચારિત્રરૂપ છે;

ઉપાધિ સહિત દેખાય છે તે તેની વિભાવ દશા છે, કર્મ જન્ય છે. શુદ્ધ દશામાં એ સર્વથી રહિત છે. આત્મિકવસ્તુ આદરી પૌદ્ગલિક વસ્તુનો ત્યાગ કરવો; તે બેનો ભેદ પાડી દેવો, તેને બરાબર ઓળખીને પૌદ્ગલિક ભાવ તજી આત્મિકભાવ આદરવો–એનું નામ વૈરાગ્ય છે.

પ્રત્યેક પ્રાણીએ ધર્મચિંતા, ગુરૂભક્તિ અને વૈરાગ્યવાસિત હૃદયવાળા થવું જોઈએ. જ્યારે આ ત્રણે ભાવ હૃદયમાં ઉંડી જગ્યા લે ત્યારે જ સંસારનો છેડો આવે. જેઓ આ ત્રણ ભાવ હૃદયમાં ધારણ કરતા નથી તેઓ ભલે બહારથી સારો દેખાવ કરનારા હોય, પણ વાસ્તવિક રીતે આ ભવના સુખમાં મગ્ન અને તેને પ્રાપ્ત કરવાનાં સાધનો એકઠાં કરનારા અને પેટભરા જ છે. તેઓ જન્મ લઈને પોતાની માને પ્રસવની મહાવેદના અને યૌવનના નાશનું કષ્ટ માત્ર આપે છે, પણ પોતે તો આવા ઉત્તમ મનુષ્યભવની છેવટે અનંત સંસાર વધારી, કર્મકાદવથી ખરડાઈ રગદોળ્યા કરે છે.

આ શ્લોકપર મનન કરજે. એને 'લાઈન કલીઅર' આપીશ નહિ. જરા વિચાર કરજે કે તું કોણ છે? કયાં છે? કોના ઘરમાં છે? તારૂં શું છે? તું કોનો છે? આ બધું તોફાન શેનું છે? આ સવાલ રાતના સુતી વખત અથવા સવારના ઉઠતી વખત વિચારજે. એથી બહુ લાભ થશે. ૧૮૦.

દેવ સંઘાદિ કાર્યમાં દ્રવ્યવ્યય.

न देवकार्ये न च संघकार्ये, येषां धनं नश्वरमाशु तेषाम् ।
तदर्जनार्त्तैर्ऋजिनैर्भवांधौ, पतिष्यतां किं [1]त्ववलंबनं स्यात् ॥ १७ ॥

"ધન–પૈસા એકદમ નાશવંત છે. આવા પૈસા જેની પાસે "હોય છે તેઓ જો તેને દેવકાર્યમાં અથવા સંઘકાર્યમાં વાપરતા "નથી તો તેઓને સદરહુ દ્રવ્ય મેળવવા માટે કરેલાં પાપોથી "સંસારસમુદ્રમાં પડતાં પડતાં આધાર કોનો થશે?" ૧૭. ઉપજાતિ.

વિવેચન–પૈસા મેળવવા માટે પ્રાણી કેવાં કેવાં કાર્યો કરે છે તે આપણા અનુભવ બહાર નથી. એને માટે એમજ કહીએ તો

1 त्वस्थाने त्व इति वा पाठः

ચાલે કે પૈસા માટે એવું કોઈ પણ અયોગ્ય કામ નથી કે જે પ્રાણી કરતા ન હોય. એનાપર વિસ્તારથી વિવેચન **ધનમમત્વ મોચન** અધિકારમાં થઈ ગયું છે. વળી પૈસા કેટલા બધા અસ્થિર છે, નાશવંત છે તે પણ આપણે વાંચ્યું છે અને અનુભવગમ્ય છે. આવી રીતે મહાન્ પાપથી મેળવેલા પૈસા નાશવંત છે એ ખાસ ધ્યાનમાં રાખવાનું છે. પૈસા બાંધ્યા રહેતા નથી, પુણ્યપ્રકૃતિ ફરે છે ત્યારે હજારો લાખો કે કરોડોની મુંડી એક ક્ષણમાં-બહુ થોડા વખતમાં હતી ન હતી થઈ જાય છે. છેવટે પણ આ દોલત અત્રે મૂકીને ઉઘાડે હાથે ચાલ્યા જવું પડે છે.

હવે પૈસા પ્રાપ્ત કરતી વખતે અનેક આશ્રવ સેવવા પડે છે, હિંસા કે અસત્યનો મોટો ભાગ તે વખતે થાય છે, અને તે ઉપરાંત અનેક ક્રિયા લાગે છે. એ સર્વ પાપ કર્મ જીવને સંસારસમુદ્રમાં ફેંકી દેછે. હવે જો તે વખતે કાંઇ પણ અવલંબન–ટેકો હોય તો જીવ ટકી રહે છે, નહિ તો તળીએ બેસે છે.

પ્રાપ્ત કરેલા પૈસાને જો જ્ઞાનોદ્ધાર, જીર્ણોદ્ધાર, શાસનોદ્ધાર, દેવપૂજા, પ્રતિષ્ઠા, તીર્થયાત્રા, અષ્ટાહ્નિકા મહોત્સવ વિગેરેમાં ખરચવામાં આવે તો સંસારમાં પડતાં તે એક પ્રકારનું આલંબન આપે છે. તેવીજ રીતે ધનને જો સ્વામિવાત્સલ્યમાં એટલે ગુણી સ્વામિ બંધુઓની ભક્તિમાં કે નિરાશ્રિત ધર્મ બંધુઓને આશ્રય આપવામાં અથવા કોન્ફરન્સ વિગેરે મહાન્ યોજનાઓ ઘડી તેનાવડે શાસનના અભ્યુદયની વૃદ્ધિમાં અથવા નિજ ધર્માનુયાયીઓને ધાર્મિક તથા વ્યાવહારિક શિક્ષણ આપવામાં જો ખરચવામાં આવે તો સંસારમાં પડતાં આ જીવને અવલંબન થાય છે.

દ્રવ્ય સાથે પોતાની શક્તિનો ઉપયોગ એવીજ રીતે હાનિ અને લાભ કરનારો થઈ પડે છે એ સ્પષ્ટ સમજી શકાય તેવું છે. ધન મળવું એ નવીન નથી. આ જીવને અનેકવાર ધન મળ્યું હશે, પણ અભિમાન કે દુર્વ્યસનમાં ધનનો વ્યય કરી તે નીચો ઉતરી જાય છે. વળી પાછો ધન મેળવે છે અને ફરી ઉતરી જાય છે. આ અવતરણમાંથી બચવાનો જો કાંઈપણ ઉપાય હોય તો પોતાના ધનનો સમુદાયના કામમાં–લોકોના ભલા માટે વ્યય કરવો એજ છે.

પોતાની જાતને ભૂલીજવી અને તેના ભોગે બીજાને લાભ આપવો એને સ્વાર્પણ[1] કહે છે. સ્વાર્પણ વગર કોઇપણ કામ થઇ શકતું નથી અને ખાસ કરીને ધર્મ કાર્યમાં સ્વાર્પણની પ્રથમ આવશ્યકતા છે.

જમાનાની જરૂરીઆત વિચારી આખી કોમને હિત કરનાર, આખા દેશનો ઉદય કરનાર, આખી મનુષ્ય જાતિને લાભ આપનાર શુભ સંસ્થાઓ બોલે. શાસ્ત્રકાર સીદાતા ક્ષેત્રને પોષવાનું કહે છે. સાધન ધર્મને પુષ્ટિ બહુ અપાઇ ગઇ છે. હાલ સાધકોને ઉચ્ચ કરવાનો વખત છે, જરૂર છે, આવશ્યકતા છે. આવી રીતે મનન કરી વ્યય કરેલા પૈસા અવતરણ પ્રસંગ પ્રાપ્ત થતાં આ જીવને જરૂર બચાવે એ સંશય વગરની હકીકત છે, વસ્તુસ્વરૂપ પ્રત્યક્ષ જોનારે કહી છે અને વિચાર કરવાથી સમજી શકાય તેવી છે. ૧૮૧.

* * * * * *

* * * * * *

એવી રીતે બારમો દેવગુરૂધર્મશુદ્ધિ અધિકાર પૂરો થાય છે. એમાં ઉપર જણાવ્યું તેમ ગુરૂ તત્ત્વની મુખ્યતા છે. એક સદ્‌ગુરૂનો સત્સંગ થઇ જવાથી આ મનુષ્યભવમાં કેટલો લાભ થાય છે તે અત્ર સવિસ્તર બતાવવામાં આવ્યું છે. પરદેશી રાજાને ગુરૂથી કેટલો લાભ થયો હતો તે આપણે જાણીએ છીએ. ગુરૂ બે પ્રકારના છે. એક ધર્મહીન વૃત્તિવાળા જેને આપણા લોકો મિથ્યાદી કહે છે અને બીજા ધર્મપરાયણ વૃત્તિવાળા. પ્રથમ પ્રકારના ગુરૂ માટે આ યોગ્ય જગ્યા નથી. અત્ર જે હકીકત છે તે તેમને લાગતી નથી. ધર્મના ગુરૂઓના બીજી રીતે જોઇએ તો ચાર પ્રકાર છે. કેટલાક પોતે તરે અને આશ્રય લેનારને સદુપદેશ આપી શુદ્ધ માર્ગે ચલાવી તારે. એવા ગુરૂ તે સદ્‌ગુરૂ છે અને એમનો આશ્રય કરવો એજ કહેવાનો ઉદ્દેશ છે. બીજો પ્રકાર પોતે તરે અને બીજાને ડૂબાડે એવો પ્રકાર ગુરૂઆશ્રી થાય છે પણ તેમ હોતું જ નથી, તેથી એ ભાંગો શૂન્ય છે. જે પોતે તરે તે બીજાને તારે યા ન તારે પણ ડૂબાડે તો નહીં જ. ત્રીજા વર્ગમાં પોતે ડૂબે અને આશ્રય કરનારને તારે એવા સાધુઓ હોય છે. આ વર્ગમાં અભવ્યાદિનો

1 Self-sacrifice.

સમાવેશ થાય છે. ઉપદેશ આપવામાં પાછીપાની કરે નહિ, પણ એકાંતમાં પોતે વિષય કષાય સેવે, અથવા તેવા ઉપદેશની અસર તેના પોતાના હૃદયપર લાગે જ નહિ, તેને ખરી શ્રદ્ધા જ આવે નહિ. પરીક્ષા કાચી હોય તો આવા ગુરૂનો જોગ થાય છે. એવાનો આશ્રય કરવામાં પણ બહુ લાભ નથી એટલું જ નહીં પણ અનેક પ્રકારનાં શલ્ય હૃદયમાં પેસે છે કે જે અનંત ભવે પણ જવાં મુશ્કેલ થાય છે. આવા ગુરૂ કદાચ શુદ્ધ ઉપદેશક હોય છતાં પણ અપ્પા જાણઇ અપ્પા આત્મા આત્માને જાણે છે-મનોમન સાક્ષી છે-એ નિયમ પ્રમાણે એવા ડોળઘાલુના ઉપદેશની ખરી અસર થતી નથી. દંભી, કપટી, માયાવી ગુરૂનો પણ આ વર્ગમાં સમાવેશ થાય છે. અપવાદ માર્ગે આ વર્ગ આદરતા કેટલાક ઉત્તમ જીવો તેના ઉપદેશથી તરી પણ જાય છે. ચોથા વર્ગમાં પોતે ડૂબે અને આશ્રય લેનારને પણ ડૂબાડે એવા પથ્થર સમાન ઉત્સૂત્ર પ્રરૂપક શિથિલાચારી કુગુરૂ સમજવા. એ વર્ગમાં પોતે ભ્રષ્ટ અને ભ્રષ્ટાચારની પુષ્ટિ કરનારા ગોરજી, યતિ, શ્રીપૂજ્ય વિગેરે આવે છે. તેઓ સંસારના સર્વ વિષયોમાં આસક્ત, ધર્મને નામે ઢોંગ ચલાવનારા અને ધર્મપર આજીવિકા ચલાવનારા છે. હવે પછીના અધિકારમાં સૂરિ મહારાજ એ વર્ગને ઘટતો ન્યાય આપે છે તેથી અત્ર લખવાની બહુ જરૂર રહેતી નથી. આ ચાર પ્રકારના ગુરૂમાંથી પહેલા ભાંગાના શુદ્ધ ગુરૂ શોધી તેનો ઉપદેશ ગ્રહણ કરવો. ગુરૂ મહારાજને અનુસરવું એ ખાસ ફરજ છે. ઉપાધ્યાયજી ત્યાગાષ્ટકમાં કહે છે કેઃ—

गुरुत्वं स्वस्य नोदेति, शिक्षासात्म्येन यावता ।
आत्मतत्त्वप्रकाशेन, तावत्सेव्यो गुरूत्तमः ॥

"આત્મતત્ત્વ પ્રકાશે કરીને (પરમાર્થ સ્વરૂપની પ્રાપ્તિ થઇને) ગુરૂએ આપેલી શિક્ષામાં થવી જોઇતી તલ્લીનતાએ આ જીવ જ્યાં સુધી ગુરૂત્વને પામતો નથી ત્યાં સુધી ઉત્તમ ગુરૂની સેવા કરવી."

શાસ્ત્રકાર કુગુરૂના પાંચ વર્ગ પાડે છે. પાસથ્થો, ઉસન્નો, કુશીળ, સંસક્તો, યથાછંદો-આ સર્વ ક્રિયા માર્ગમાં તથા જ્ઞાનમાર્ગમાં જુદી જુદી રીતે શિથિળતા બતાવનારા છે. એના ઉપર આવતા અધિકારમાં વિવેચન કરવામાં આવશે. તેની વિશેષ સમજણ મેળ-

વવા માટે સંબોધસિત્તરીની ટીકા, ધર્મદાસગણિકૃત ઉપદેશમાળા અને ઉપાધ્યાયજીની કુગુરૂની સઝાય વાંચવી.

એ પ્રમાણે સદ્‌ગુરૂનું અને કુગુરૂનું સ્વરૂપ છે. આ મનુષ્ય-ભવની સફળતા ગુરૂની જોગવાઈ અને પસંદગીપર જ છે. ગુરૂને શાસ્ત્રકાર એટલું બધું માન આપે છે કે એક તરફ ગુરૂ હોય અને એક તરફ દેવ હોય તો કોઇક અપેક્ષાએ પ્રથમ ગુરૂને નમસ્કાર કર્યા પછી દેવને વંદન કરી શકાય. આનું કારણ સ્પષ્ટ છે. જો કે દેવ તો ગુરૂ અને શિષ્ય બન્નેને એક સરખા આરાધ્ય છે. પરંતુ શિષ્યની અપેક્ષાએ જોઇએ તો ગુરૂ દેવને બતાવનાર છે, ઓળખાવનાર છે. કેટલીકવાર એવો દૃષ્ટિરાગ થઈ જાય છે કે તેથી ગમે તેવા ગુરૂનો આશ્રય કરવાની વૃત્તિ થાય છે. એના સંબંધમાં સાતમા શ્લોકમાં યથાર્થ વિવેચન થયું છે.

આ જીવને ખરેખરા ઉપયોગી ગુરૂમહારાજ જ છે. સંસારથી તારનાર હોવાને લીધે તેજ ખરેખરા લાભકારક કહી શકાય. તેઓના ઉપકારનો બદલો વાળવો મુશ્કેલ છે. શ્રી સિંદૂરપ્રકરમાં ગુરૂ અધિકારે કહે છે કેઃ—

पिता माता भ्राता प्रियसहचरी सूनुनिवहः,
सुहृत् स्वामी माद्यत्करिभटरथाश्वः परिकरः ।
निमज्जंतं जंतुं नरककुहरे रक्षितुमलं,
गुरोर्धर्माऽधर्मप्रकटनपरात्कोऽपि न परः ॥

'નરક રૂપ ખાડાને વિષે પડતાં જીવોને પુણ્ય અને પાપનું ફળ પ્રગટ બતાવી આપનારા ગુરૂ વિના બીજા કોઈ પિતા માતા, ભાઈ, પ્રિય સ્ત્રી, પુત્રનો સમૂહ, મિત્ર, મદોન્મત્ત હસ્તી, અશ્વ, સુભટ અને રથ, સ્વામી કે સેવકવર્ગ રક્ષણ કરવાને સમર્થ નથી.'

તેટલા માટે સંસારસમુદ્રમાં પડતાં બચાવનાર ગુરૂ મહારાજ ખરેખરા માતા, પિતા, બંધુ, મિત્ર, કે જે કહીએ તે છે. એવા સદ્‌ગુરૂની શોધ કરી તેમની સેવા કરવી અને તેમનાથી શુદ્ધ દેવ અને ધર્મને ઓળખવા. ગુરૂની સેવામાં વિનય પ્રધાન છે. એ ગુણથી ધર્મપ્રાપ્તિ, વિદ્યાપ્રાપ્તિ વિગેરે જલદી થાય છે.

ગુરૂ મહારાજની સેવા કરી શુદ્ધ ધર્મ આદરવો. તેનું મોટું મોટું સ્વરૂપ અગ્યારમા તથા બારમા શ્લોકમાં બતાવ્યું છે. વધારે વિગત ગુરૂમહારાજથી જાણવી.

આ જમાનામાં ગુરૂ વગર સર્વ જ્ઞાન મેળવવાની આકાંક્ષા બહુ રહે છે. પરાધીન વૃત્તિ પસંદ આવતી નથી. પરંતુ જૈનશાસ્ત્રોની રચના અને પદ્ધતિ પ્રમાણે એ બનવું અશકય છે. એવા જ્ઞાનથી લાભ કરતાં હાનિ ઘણીવાર થાય છે; અને વાસ્તવિક વિચારીએ તો ચાલુ જમાનાની કેળવણી પણ ગુરૂના બતાવ્યા વગર મળી શકતી નથી. આ બાબત ધ્યાનમાં રાખવાની બહુ જરૂર છે. આવતા અધિકારમાં સાધુ કેવા હોવા જોઇએ તે બહુ સ્પષ્ટ રીતે બતાવશે.

ગુરૂને શાસ્ત્રકાર આવી મહત્વવાળી જગ્યા આપે છે તેના બદલામાં તેઓ પોતાની જવાબદારી સારી રીતે સમજે, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, પ્રમાણે ઘટતા ફેરફારો કર્યા કરે, ઉપદેશ અને ઉદ્દેશ લોકરૂચિ પ્રમાણે નહિ, પણ આગળ પાછળનો પુષ્કળ વિચાર કરી શુદ્ધ વસ્તુસ્વરૂપ બતાવે અને સ્વીય અને પરકીયનો તફાવત રાખે નહિ. આવા પુરૂષો અને મહાત્માઓ ગુરૂસ્થાનને શોભાવે છે.

ધર્મશુદ્ધિના સંબંધમાં આ અધિકારમાં કાંઇ ઉલ્લેખ નથી. અગિયારમા અધિકારમાં તે સંબંધમાં કાંઇક લેખ લખવામાં આવ્યો હતો અને ગુરૂ તત્વની મુખ્યતા કરવાથી અને તેની પસંદગીમાં ભૂલ ન કરવાથી ધર્મ તત્વ પ્રાપ્ત થાય છે એ નિયમને અનુસરીને ધર્મ સંબંધી અત્ર કાંઇ પણ ઉલ્લેખ કર્યો નથી એમ જણાય છે. આ અધિકારના પાંચમા શ્લોકપર વિવેચન કરતાં જણાવ્યું છે તેમ ધર્મની પસંદગીમાં પોતાના તર્કને-વિચારશક્તિને પૂરતો અવકાશ આપવો. ખાસ કરીને ધર્મમાં પ્રતિપાદન કરેલા દેવનું સ્વરૂપ જોવું. તેઓ રાગ દ્વેષ વગરના અને બીજા અસાધારણ ગુણોથી વિરાજમાન હોય તો તે ગમે તે હોય તેને આદરવા. આધુનિક સ્થિતિ એવી છે કે ધર્મ તરફ અંતઃકરણનો પ્રેમ ઓછો થતો જાય છે. તેનું કારણ સંપૂર્ણ અભ્યાસ કરવામાં પ્રમાદ સિવાય બીજું કાંઇ પણ નથી. સામાન્ય સ્વરૂપ જાણતાં તેમાં અનેક તર્ક થાય અને તેનું નિવારણ કરવાનો અવકાશ ન મળે અથવા સંયોગ ન મળે

અથવા લજ્જાથી ન પૂછાય. આ સર્વ બાબતમાં નવીન પદ્ધતિસર અભ્યાસ કરનાર ધર્મગુરૂઓ અને તદનુસાર લેખ લખનાર અને વ્યાખ્યાન કરનાર વિદ્વાનો બહુ કરી શકે. તર્કની પ્રાચીન કોટિઓને બદલે વિજ્ઞાન શાસ્ત્રની અર્વાચીન શોધો નવીન સંસ્કારવાળાને તરત અસર કરે છે. આ સર્વ બાબતમાં ગુરૂ મહારાજ વિચાર કરી શકે. સાધુ વર્ગના ગુરૂ મહારાજમાં મુનિસુંદરસૂરિના વખતમાં પણ કેટલોક સડો પેઠેલો જણાય છે. ચાલતો અધિકાર તદ્દન વ્યવહારૂ દૃષ્ટિ (practical point of view)થી લખાયલો છે.

इति सविवरणो देवगुरुधर्मशुद्धिनामा द्वादशोऽधिकारः

अथ त्रयोदशो यतिशिक्षो-पदेशाधिकारः

ગુરૂમહારાજને સ્વીકારીને અનુસરવાથી થતા લાભ આગલા અધિકારમાં જોયા. વધારે અગત્યનો સવાલ ગુરૂને પોતાને જીવન વહન કેમ કરવું એ છે; તેથી આ અધિકારમાં યતિ-ચોગ્ય શિક્ષા આપે છે. યતિ શબ્દમાં સંસારથી વિરક્ત રહેવાની પ્રતિજ્ઞા કરનાર સાધુ, જતિ, મહાત્મા, શ્રીપૂજ, દ્રવ્યલીંગી અને ભટ્ટારક એ સર્વનો સમાવેશ થાય છે, તેમ જ બીજી શુદ્ધ અપેક્ષાએ જોઈએ તો સંસારભાવથી વિરક્ત એવા સર્વનો સમાવેશ થાય છે. એ અપેક્ષામાં કેવળ વેશમાત્ર જોવાનો રહેતો નથી, પણ વર્તન જોવાય છે. આ અધિકારમાં પ્રથમ વર્ગને ઉદ્દેશીને શિક્ષા આપેલી છે. તે વર્ગ સુશિક્ષિત અને વિદ્વાન્ હોવાથી આ અધિકારમાં તેને માટે વિશેષ વિવેચન કરવાનું ચોગ્ય ધાર્યું નથી. આ અધિકાર યતિ સિવા-યના સર્વને પણ ઉપયોગી છે, કારણ કે ઢુંઢી, દુરાચારી, વેશધા-રીને ઓળખવામાં સહાયભૂત થાય છે. આ અધિકાર સર્વથી વિસ્તા-રવાળો છે, કારણ કે ઉપદેશકને સુધારવા એ પ્રથમ આવશ્યકતા છે. જે શુભેચ્છાથી સૂરિએ આ અધિકાર લખ્યો છે તે જ હેતુથી તેનાપર વિવરણ મુનિ આશ્રય નીચે લખવામાં આવ્યું છે. અને આના અધિકારી તેપર ખાસ મનન અને નિદિધ્યાસન કરશે એટલી આશાની પૂર્વપીઠિકા કરી હવે શરૂઆતમાં શુદ્ધ યતિ-મુનિની ભાવનામય મૂર્ત્તિનું ચિત્ર દોરી હૃદયદૃષ્ટિપર આળેખવા સૂચના કરે છે.

મુનિરાજનું ભાવનામય સ્વરૂપ. (an ideal Munihood)

તે[1] તીર્ણા ભવવારિધિં મુનિવરાસ્તેભ્યો નમસ્કુર્મહે,
યેષાં નો વિષયેષુ ગૃધ્યતિ મનો નો વા કષાયૈઃ પ્લુતમ્ ।
રાગદ્વેષવિમુક્ પ્રશાંતકલુષં સામ્યાપ્તશર્માદ્વયં,
નિત્યં ખેલતિ ચાપ્તસંયમગુણાક્રીડે[2] ભજદ્ભાવનાઃ ॥ ૧ ॥

"જે મહાત્માઓનું મન ઇંદ્રિયોના વિષયમાં આસક્ત થતું
"નથી, કષાયોથી વ્યાપ્ત થતું નથી, જે (મન) રાગદ્વેષથી મુક્ત
"રહે છે, જેણે પાપ કાર્યોને શાંત પમાડ્યાં છે, જેણે સમતાવડે
"અદ્વૈત સુખ પ્રાપ્ત કર્યું છે અને જે ભાવના ભાવતું ભાવતું સંયમ
"ગુણોરૂપી ઉદ્યાનમાં હમેશાં ખેલે છે–આવા પ્રકારનું જેમનું મન
"થયેલું છે તે મહામુનીશ્વરો આ સંસારસમુદ્ર તરી ગયા છે અને
"તેઓને અમે નમસ્કાર કરીએ છીએ." ૧. શાર્દૂલવિક્રીડિત.

વિવેચન–અત્યંત શુદ્ધ દશામાં વર્તનારા મહામુનિપુંગવોની સ્થિતિનું પ્રથક્કરણ કરતાં નીચેના ગુણોનો સ્પષ્ટ આવિર્ભાવ થતો જણાય છે.

૧ શુદ્ધ મુનિરાજ પાંચ ઇંદ્રિયના ત્રેવીશ વિષયમાં આસક્ત થતા નથી. દૃષ્ટાંત તરીકે તેઓને વિલેપન ઉપર રાગ થતો નથી અને દૂધપાક પૂરી જોઇ મોઢામાંથી પાણી છુટતું નથી. ગટરની અને અત્તરની વાસ સરખી જ લાગે છે અને સ્ત્રી સૌંદર્યાદિ વસ્તુ જોઈ મોહ થતો નથી તેમજ પીઆનો વિગેરે સાંભળી મન એક સરખું જ રહે છે.

૨ ક્રોધ, માન, માયા, લોભ–જેપર સાતમા અધિકારમાં વિશેષ વિવેચન કરવામાં આવ્યું છે અને જે આ સંસારમાં રખડાવનાર છે તે મહારિપુ મુનિપુંગવને કષાયના પ્રબળ સાધનોના અભાવે અસર કરતા નથી.

૩ સર્વ કષાયમય અને સંસાર શ્રેણી ઉત્પન્ન કરનાર રાગ અને દ્વેષ છે. એ બન્નેનું સ્વરૂપ તેઓ સ્પષ્ટ રીતે સમજે છે અને તેનો ત્યાગ કરેલો હોય છે.

૧ ये इात पाठांतरिः ૨ चात्मसंयमगुणा कीडे इति वा पाठः

૪ અશુભ કર્મોનું બંધન થાય તેવું અશુભ અધ્યવસાયરૂપ કારણ તેઓને હોતું નથી. એ બીજા અને ત્રીજા ગુણથી સ્વયં સિદ્ધ છે.

૫ સમતા રંગથી દેહ રંગાયલો હોય છે અને અરેબરા સુખના (અવ્યાબાધ સુખના) તે જાણકાર હોવાથી અનન્ય સુખ–શુદ્ધ સુખ–આધ્યાત્મિક સુખ સાથે આ મુનિવૃષભને એકતાન લાગેલ હોય છે.

૬ આ મુનિવર સંયમ ગુણરૂપ ખીલેલાં પુષ્પઉદ્યાનમાં ક્રીડા કરે છે એટલે ગુણોમાં રમણ કરે છે. તેઓનું નૈશ્ચયિક ચારિત્ર એજ છે.

૭ ઉપર પ્રમાણે ખેલ કરતાં કરતાં પણ નિરંતર અનિત્યાદિ બાર ભાવના અને મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય અને માધ્યસ્થ એ ચાર ભાવના ભાવે છે.

આ માત્ર આદર્શ છે. આવા ગુણોથી વિશિષ્ટ જીવનવાળા મહાત્માઓ પોતે સંસાર તરી ગયા છે, તરી જાય છે અને બાકીના સંસારી જીવોને અનુકરણ રૂપ થઈ પડે છે. એવા મહાત્માને અમે નમસ્કાર કરીએ છીએ અને તેમ કરીને તેઓનું બરોબર અનુકરણ કરવાની ભાવના કરીએ છીએ. ૧૮૨.

સાધુના વેશમાત્રથી મોક્ષ મળતું નથી.

સ્વાધ્યાયમાધિત્સસિ નો પ્રમાદૈઃ, શુદ્ધા ન ગુપ્તીઃ સમિતીશ્ચ ધત્સે ।
તપો દ્વિધા નાર્જાસિ દેહમોહાદલ્પેઽહિ[1] હેતૌ દધસે કષાયાન્ ॥ ૨ ॥
પરીષહાન્નો સહસે ન ચોપસર્ગાન્ન શીલાંગધરોઽપિ ચાસિ ।
તન્મોક્ષ્યમાણોઽપિ ભવાબ્ધિપારં,મુને કથં યાસ્યસિ વેષમાત્રાત્। યુગ્મમ્ ૩

"હે મુનિ! તું વિકથાદિ પ્રમાદ કરીને સ્વાધ્યાય (સઝાય-
"ધ્યાન) કરવા ઇચ્છતો નથી, વિષયાદિ પ્રમાદથી સમિતિ અને
"ગુપ્તિ પામતો નથી, શરીરપર મમત્વથી બન્ને પ્રકારના તપ
"કરતો નથી, નજીવા કારણથી કષાય કરે છે, પરીષહ તથા ઉપ-

૧ अलपेऽपीति पाठांतरः

"સર્ગ સહન કરતો નથી. (અઢાર હજાર) શીલાંગ ધારણ કરતો
"નથી તે છતાં તું મોક્ષ મેળવવા ઇચ્છે છે, પણ હે મુનિ! વેશ-
"માત્રથી સંસારસમુદ્રનો પાર કેવી રીતે પામીશ?" ૨-૩.

ઉપન્નતિ.

વિવેચન–ઉપર ભાવનામય મુનિસ્વરૂપ કહ્યું. અત્ર વ્યતિરેકરૂપે તેઓએ શું કરવું જોઇએ તે કહે છે.

૧ પાંચ પ્રકારનો સ્વાધ્યાય મુનિએ દરરોજ કરવો જોઇએ. **વાંચના** (વાંચવું તે), પૃછના (શંકા પૂછવી તે), પરાવર્તના (સંભારવું–રીવીઝન), અનુપ્રેક્ષા (વિચારણા) અને ધર્મકથા; આ પાંચ પ્રકારના સ્વાધ્યાય છે.

૨ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ તે પ્રવચનમાતા કહેવાય છે અને સાધુપણાનું ખાસ લક્ષણ છે.

નિર્જીવ માર્ગે સૂર્ય ઉગ્યા પછી સાડાત્રણ હાથ આગળ દૃષ્ટિ રાખી, જોઇને ચાલવું તે **ઇર્યા સમિતિ.**

નિરવદ્ય, સાચું, હિતકારી અને પ્રિય વચન વિચારીને બોલવું તે **ભાષાસમિતિ.**

અન્ન પાણી વિગેરે બેંતાળીશ દોષ રહિત લેવા તે **એષણાસમિતિ.**

કોઇ પણ વસ્તુ જીવ રહિત ભૂમિ જોઇને તથા પ્રમાર્જના કરીને મૂકવી કે લેવી એ **આદાન ભંડમત્ત નિક્ષેપણા સમિતિ.**

મળ, મૂત્રાદિ જીવ રહિત ભૂમિએ તજવાં તે **પારિષ્ઠાપનિકા સમિતિ.**

મનપર અશુભ ચિંતન માટે પૂર્ણ અંકુશ રાખવો અથવા સર્વથા મનોવ્યાપાર ન કરવો એ **મનગુપ્તિ.**

કોઇ પણ પ્રકારનું સારૂં કે ખરાબ વચન બોલવું નહિ અથવા સાવદ્ય વર્જી નિરવદ્ય બોલવું તે **વચનગુપ્તિ.**

કાયાને અજયણાએ પ્રવર્ત્તાવવી નહિ અથવા સર્વથા પ્રવર્ત્તાવવી નહિ તે **કાયગુપ્તિ.**

૩ બે પ્રકારના તપ કરવા જોઇએ.

બાહ્યતપ–ઉપવાસાદિ કરી બીલકુલ ખાવું નહિ, ઓછું ખાવું, ઓછી વસ્તુઓ ખાવી, રસવાળી વસ્તુઓ ઘી વિગેરે ન ખાવાં, કર્મ ક્ષય કરવાં શરીરને કષ્ટ આપવું અને અંગોપાંગ ઇંદ્રિયો અને મનને સંકોચી રાખવાં. આ સ્થૂળ તપ કહેવાય છે.

અભ્યંતરતપ–કરેલ પાપકૃત્યનું પ્રાયશ્ચિત્ત લેવું, જિનાદિ દશનો યથાયોગ્ય વિનય કરવો, જિનાદિ દશનું યોગ્ય વૈયાવચ્ચ કરવું, વાંચના વિગેરે પાંચ પ્રકારનો સ્વાધ્યાય કરવો, ધ્યાન કરવું અને કાઉસ્સગ્ગ કરવો. આ અભ્યંતરતપ કહેવાય છે.

૪ ચાર પ્રકારના ક્રોધ, માન, માયા અને લોભ તથા તેને જન્મ આપનાર તેમજ તેની સાથે રહેનાર હાસ્ય, રતિ, અરતિ વિગેરે નોકષાય જેનું સ્વરૂપ સાતમા અધિકારમાં જણાવવામાં આવ્યું છે તે ન કરવા જોઇએ.

૫ ભુખ, તરસ સહન કરવા વિગેરે બાવીશ પ્રકારના પરીષહો છે. તેનું સ્વરૂપ શાસ્ત્રમાં આપેલું છે તે તેમજ મનુષ્ય અને દેવતા વિગેરેના કરેલા અનુકૂળ કે પ્રતિકૂળ ઉપસર્ગો સમતાથી સહન કરવા જોઇએ. એ વખતે મનમાં જરા પણ ક્રોધ દ્વેષ કે કલેશ ન આણવો જોઇએ. એવી રીતે પોતાનું વર્તન કરી સમતામય જીવન કરવું જોઇએ.

૬ શાસ્ત્રકારે ચાર મુખ્ય અને તેના પેટા ભેદથી સોળ પ્રકારના ઉપસર્ગ કહ્યા છે.

૧ દેવકૃત.

૧ હાસ્યથી, ૨ દ્વેષથી, ૩ વિમર્શ (વિચાર સહન કરી શકે છે કે નહિ તે દૃઢતા જોવા માટે પરીક્ષા કરવી તે), ૪ પૃથક્‌વિમાત્રા (ધર્મની ઇર્ષા આદિને અંગે વૈક્રિય શરીર કરીને ઉપસર્ગ કરે છે તે.)

૨ મનુષ્યકૃત.

૧ હાસ્યથી, ૨ દ્વેષથી, ૩ વિમર્શથી, ૪ કુશીલ માટે (બ્રહ્મચારીથી પુત્ર થાય તે બળવાન્ હોય છે એમ ધારીને ધર્મવાસના વિનાનું માણસ બ્રહ્મચર્યથી ચળાવવા અનુકૂળ-પ્રતિકૂળ ઉપસર્ગ કરે તે).

૩ તિર્યંચકૃત.

૧ ભયથી (મનુષ્યને જોઈને મને અનર્થ કરશે એમ ધારી સામા ધસે તે). ૨ દ્વેષથી, ૩ આહાર માટે. (ભૂખ લાગ્યા થી તેનું નિવારણ કરવા માટે શિયાળ ગૃધ્રાદિ ઉપસર્ગ કરે તે). ૪ પોતાનાં બચ્ચાંના રક્ષણ માટે.

૪ આત્મકૃત.

૧ વાત, ૨ પીત્ત ૩ કફ ૪ સંનિપાત.

૭ અઢાર હજાર શીલાંગ ધારણ કરવાં જોઈએ. એ અઢાર હજાર શીલાંગ શું છે તે સંબંધી જરા લંબાણ પણ ઉપયોગી નોટ મારા કરેલા ઉપમિતિ ભવ પ્રપંચના પીઠબંધના ભાષાંતરમાંથી અત્ર ઉતારી લેવામાં આવે છે. યોગ ત્રણ, કરણ ત્રણ, સંજ્ઞા ચાર, ઇંદ્રિય પાંચ, પૃથ્વીકાયારંભાદિક દશ અને શ્રમણધર્મ દશ તેણે કરીને અઢાર હજાર શીલાંગ થાય છે. શીલાંગ એટલે ચારિત્રના અવયવો (વિભાગ) તે નીચે પ્રમાણેઃ—યોગ ત્રણ છેઃ મનયોગ, વચનયોગ, કાયયોગ. કરણ ત્રણ છે. કરવું, કરાવવું અને અનુમોદવું. સંજ્ઞા ચાર છેઃ આહાર સંજ્ઞા, ભય સંજ્ઞા, પરિગ્રહ સંજ્ઞા અને મૈથુન સંજ્ઞા. ઇંદ્રિય પાંચ છેઃ સ્પર્શેન્દ્રિય, રસનેંદ્રિય, ઘ્રાણેંદ્રિય, ચક્ષુરિંદ્રિય અને શ્રોત્રેંદ્રિય. પૃથ્વીકાયારંભાદિક દશઃ પૃથ્વીકાય આરંભ, અપકાય આરંભ, તેઉકાય આરંભ, વાઉકાય આરંભ, વનસ્પતિકાય આરંભ, બે ઇંદ્રિય આરંભ, તે ઇંદ્રિય આરંભ, ચૌરિંદ્રિય આરંભ, પંચેંદ્રિય આરંભ અને અજીવ આરંભ.[1] યતિ ધર્મ દશ છેઃ ક્ષમા, માર્દવ, આર્જવ, નિર્લોભપણું (મુક્તિ), તપ, સંજમ, સત્ય, શૌચ, અકિંચનપણું અને બ્રહ્મચર્ય. આમાંના દરેકનું એક એક પદ લઈ જુદા જુદા ભેદ

૧ જીવની બુદ્ધિથી અજીવને મારવાથી તેમજ ઉપકરણાદિકની પડિલેહણ નહિ કરવાથી જે આરંભ થાય તે અજીવઆરંભ કહેવાય છે.

કરવાના છે. પ્રથમ ભેદ દાખલા તરીકે નીચે પ્રમાણે કરાયમને કરી આહારસંજ્ઞા રહિત થઇ શ્રોત્રેંદ્રિયનો સંવર કરી ક્ષમાયુક્ત રહી પૃથ્વીકાયનો આરંભ કરે નહિ. આ વાક્ય કાયમ રાખી 'ક્ષમાયુક્ત' શબ્દને બદલે 'માર્દવયુક્ત' વિગેરે દશ ધર્મો મૂકે ત્યારે દશ ભેદ થાય, પણ તે બધા પૃથ્વીકાય સંબંધે જ થયા. તે જ્યારે અપકાય વિગેરે ઉપર જણાવેલા દશ ભેદ સાથે દશ દશ ભેદ કરે ત્યારે સો ભેદ થાય. તે બધા શ્રોત્રેંદ્રિયે થયા, અને તેવી જ રીતે બાકીની ચાર ઇંદ્રિયો સાથે મેળવતાં પાંચસે ભેદ થાય. તે દરેકને આહાર, ભય, પરિગ્રહ, અને મૈથુન સંજ્ઞા સાથે મેળવતાં બે હજાર ભેદ થાય. મન, વચન, કાયાના યોગ સાથે મેળવતાં છ હજાર ભેદ થાય અને તેને કરવું, કરાવવું અને અનુમોદવું એ ત્રણ કરણ સાથે મેળવતાં અઢાર હજાર ભેદ થાય.

આ ભેદને માટે શ્રી પ્રવચન સારોદ્ધાર ગ્રંથના પૃષ્ટ ૩૩૯ મે (પ્રકરણ રત્નાકર ભાગ ૩ જો) એક કોષ્ટક આપેલું છે તેની ખૂબી એવી છે કે તે નજર આગળ રાખવાથી ૧૮૦૦૦ ગાથા બનાવી શકાય છે. જિજ્ઞાસુઓએ તે જરૂર વાંચવું, કારણ કે તે ઉપયોગી હોવા સાથે કર્ત્તાની અપૂર્વ વિદ્વત્તા બતાવે છે.

મોક્ષાર્થી જીવે ઉપર પ્રમાણે વર્તન કરવું જોઈએ. તું નથી કરતો સ્વાધ્યાય તેમ જ નથી રાખતો સમિતિ ગુપ્તિ, વળી નજીવા કારણસર કષાય કરી નાંખે છે અને તપસ્યા કરતો નથી, તેમ જ પરીષહ ઉપસર્ગ પણ સહન કરતો નથી અને સદરહુ શીલાંગ ધારણ કરતો નથી. તું જાણે છે કે મોક્ષે જવાના ઉપાય તો ઉપર કહ્યું તેમ સઝાય વિગેરે છે; તો પછી તું વાંછે છે મોક્ષ જવાનું અને કાર્ય કરે છે તેની વિરૂદ્ધનાં. આ મોક્ષનગર દૂર છે, ત્યાં પહોંચવા માટે સંસારસમુદ્રનો પાર પામવો જોઈએ; તેને યોગ્ય નાવ તો તું તૈયાર રાખતો નથી, ત્યારે તું ત્યાં કેવી રીતે જઇશ? તારે યાદ રાખવું કે વેશમાત્રથી મોક્ષ મળતું નથી. વેશાનુસાર કરણી-વર્તન જોઈએ. બાકી તો મેરૂ પર્વત જેટલા ઓઘા મુહપત્તિ કર્યા તેમાં પણ કાંઇ આત્માનું વળ્યું નથી. ૧૮૩-૧૮૪.

વેશમાત્રથી કાંઇ વળતું નથી.

आजीविकार्थमिह यद्यतिवेषमेष,[1]
धत्से चरित्रममलं न तु कष्टभीरुः।
तद्वेत्सि किं न न विभेति जगज्जिघृक्षु-[2]
र्मृत्युः कुतोपि नरकश्च न वेषमात्रात् ॥ ४ ॥

"તું આજીવિકા માટે જ આ સંસારમાં યતિનો વેશ ધારણ "કરે છે પણ કષ્ટથી બ્હી જઇને શુદ્ધ ચારિત્ર પાળતો નથી. પણ "તને ખબર નથી કે તમામ જગત્‌ને ગ્રહણ કરવાની ઇચ્છાવાળું "મૃત્યુ અને નરક કાંઇ કોઇ પણ પ્રાણીના વેશ ઉપરથી ડરી "જતાં નથી." ૪. વસંતતિલકા.

ભાવાર્થ–કોઇ અજ્ઞાની જીવ સંસારનાં દુઃખથી પીડાઈ દુઃખ ગર્ભિત વૈરાગ્યનો ડોળ ધારણ કરી (યતિ થયા પછી) ત્યાં પણ શ્રાવકો પાસેથી સારી સારી ગોચરી મેળવવાનો જ લોભ રાખે છે, પણ ચારિત્રની ક્રિયા કરતો નથી, પ્રથમના ત્રણ શ્લોકમાં ભાવાર્થ-રૂપે બતાવેલું વર્તન જરા પણ કરતો નથી, પરંતુ એક નવી જાત-નો જ સંસાર આરંભે છે. કેટલાક નામધારી શ્રીપૂજ્યો અને ગોર-જીઓ તો ચારિત્રના પ્રાણભૂત ચતુર્થવ્રતભંગ કરવા સુધીની હદ પણ પહોંચી જાય છે; તેઓને તો આ અધિકારમાં ઊભા રહેવાની પણ જગ્યા નથી. શિથિળાચારી, એકલવિહારી, આધાકર્મી આહાર લેનાર વિગેરેને કષ્ટભીરૂ કહ્યા છે. પરીષહ ઉપસર્ગથી ડરી જનારા યતિને ઉદ્દેશીને કહે છે કે મૃત્યુ આખી દુનિયાનો કોળીઓ કરી જતું વાટ જોઇ રહ્યું છે, તેના દાંતમાંથી કોઇ બચ્યું નથી અને તેની પેલી બાજુએ ભયંકર અંધકારથી ભરેલ દુઃખનું જ સ્થાન અને કલ્પના માત્રથી પણ શરીરને ધ્રુજાવનાર નરક દેખાય છે. આ બન્ને (મૃત્યુ અને નરક) વેશની દરકાર રાખતા નથી. તેઓ એવા સમર્થ છે કે કોઇને છોડતા નથી, છતાં પણ પ્રથમના ત્રણ શ્લોકમાં ભાવાર્થ તરીકે કહ્યું તેવું આચરણ કરનારા મહાત્માઓ તો તેને પણ ગમે એવા

1 मेव इत्यपि पाठांतरो दृश्यते 2 जगज्जिघत्सुरिति पाठांतरं

જીતી જાય છે કે પાછા ફરીવાર તેનાં દર્શન પણ ન કરે. ટુંકામાં અજર અમર થઇ જાય છે. માટે શુદ્ધ ચારિત્ર ધારણ કરી મનમાં ખુશી થજે, માત્ર વેશથી રાચીશ નહિ. સાધુપણાની ફરજ એક બાજુએ અને બીજી બાજુએ નારકી તથા મૃત્યુ ધ્યાનમાં રાખજે. ફરજ ભૂલ્યો તો બન્ને રાક્ષસો તૈયાર છે એ મનમાં ચોકસ રાખજે. ૧૮૫.

કેવળ વેશ ધારણ કરનારને તો ઉલટો દોષ પ્રાપ્ત થાય છે.

वेषेण माद्यसि यतेश्चरणं विनात्मन्,
पूजां च वांछसि जनाद्बहुधोपधिं च ।
मुग्धप्रतारणभवे नरकेऽसि गंता,
न्यायं बिभर्षि तदजागलकर्तरीयम् ॥ ५ ॥

"હે આત્મન્! તું વર્તન (ચારિત્ર) વગર માત્ર યતિના વેશ-"થીજ મક્કમ રહે છે (અહંકાર કરે છે) અને વળી લોકોની પૂજાની "અપેક્ષા રાખે છે અને અનેક પ્રકારે વસ્ત્રપાત્રાદિ ઉપધિ મેળવ-"વાની ઇચ્છા રાખે છે; તેથી ભોળા વિશ્વાસ રાખનારા લોકોને છેતરવાથી "પ્રાપ્ત કરેલ નરકમાં તું જરૂર જવાનો છે એમ લાગે છે. ખરેખર "તું 'અજાગળ કર્ત્તરી ન્યાય' ધારણ કરે છે." ૫. વસંતતિલકા.

ભાવાર્થ–ઉપધિ એ ધર્મોપકરણરૂપ સાધુનાં વસ્ત્ર, પાત્ર વિગે-રેના સમૂહવાચી શબ્દ છે. લોકો વંદન નમસ્કાર કરે એવી ઇચ્છા રાખવી અને અનેક પ્રકારની ઉપધિ મેળવવા ઇચ્છા રાખવી એ ગુણ વગર ઠીક નથી. વંદન કોને ઘટે? ઉપધિ શા માટે રાખવાની છે? એ કાંઇ મોજશોખનું સાધન નથી, એ તો સંયમ ગુણની વૃદ્ધિમાં અગવડ ન પડે તે સારૂ યોજેલ સાધન છે. આવા બાહ્યાચાર ઉપર વૃત્તિ રાખવી અને પોતાનું વર્તન જરા પણ ઊંચું ન રાખવું એ પોતાને હાથે પોતાનો વધ કરવા જેવું છે. જેવી રીતે બકરીને એક બાટકીએ મારવા તૈયાર કરી અને તે સારૂ છરી શોધવા લાગ્યો. બીજેથી તેને છરી પ્રાપ્ત થઇ નહિ; પણ જાતિ સ્વભાવથી બકરીએ ભૂમિ ઉખેડી, પોતે દીઠેલી છરી દાટી, ઉપર ધૂળ વાળી; અને તે ભાગ ઉપર ગળું રાખી તે છરી છુપાવવાની બુદ્ધિએ બેઠી. પરંતુ એમ કરવા જતાં એજ કાતિવડે

તેનો નાશ થયો. આ 'અજાગળ કર્ત્તરી' ન્યાય છે. આવી રીતે પોતાના હાથથીજ પોતાનો નાશ કરવો એ અનુચિત વર્તન છે. માત્ર વેશ યતિનો રાખવો અને વર્તન ખોટું રાખવું એથી દુર્ગતિ-રૂપ દુઃખ સ્વહસ્તે મેળવવા જેવું થાય છે. શુદ્ધ ચારિત્રવાન્ પણ વંદન નમસ્કાર કે ઉપધિની વાંછા કરતા નથી, પણ કદી તેઓ કરે તો નીતિની અપેક્ષાએ કાંઇ પણ વાજબી ગણાય કારણ કે તેમ કરવાને તેઓનો હક છે, પણ હે નામધારી! તારે તો એક પણ બચાવનું સાધન નથી. ૧૮૬.

બાહ્યવેશ ધરવાનું ફળ.

जानेऽस्ति संयमतपोभिरमीभिरात्म-
न्नस्य प्रतिग्रहभरस्य न निष्क्रयोपि ।
किं दुर्गतौ निपततः शरणं तवास्ते,
सौख्यं च दास्यति परत्र किमित्यवेहि ॥ ६ ॥

"મારા જાણવા પ્રમાણે હે આત્મન્! આવા પ્રકારના સંયમ "અને તપથી તો (ગૃહસ્થ પાસેથી લીધેલાં પાત્ર, ભોજન વિગેરે) "વસ્તુઓનું ભાડું પણ પૂરું થતું નથી. ત્યારે દુર્ગતિમાં પડતાં તને "શરણ શું થશે? અને પરલોકમાં સુખ કોણ આપશે? તેનો તું "વિચાર કર." ૬. વસંતતિલકા.

ભાવાર્થ-ઉપર જણાવ્યું તેવી રીતે બાહ્યાચાર માત્ર વેશ રાખવામાં આવે અને તપ સંયમ કાંઇ ન કરવામાં આવે અથવા તદ્દન બાહ્યાડંબર માટે કરવામાં આવે તેનું ફળ શું તે અત્ર વિચારે છે. ગૃહસ્થ પાસેથી ભોજન, વસ્ત્ર, પાત્ર વિગેરે યતિને મફત મળે છે જેને માટે સૂરિ મહારાજ કહે છે કે ઉક્ત દેખાતા માત્ર તપ સંયમથી તો તેનું ભાડું પણ વળતું નથી. માટે હે યતિ! તારું દુઃખ ફેડવા માટે પણ તારે તારું વર્તન બહુજ ઊંચા પ્રકારનું રાખવાની જરૂર છે. જેઓ દુનિયાના ઉપદેશક હોવાનો દાવો કરતા હોય તેઓનું ચારિત્ર તો એવું સરસ અને અનુકરણીય હોવું જોઇએ કે એમાં બે ભેદ પડેજ નહિ. બાહ્ય દેખાવ જુદો અને આંતર વર્તન તદ્દન જુદા પ્રકારનું એ વાત શુદ્ધ દશામાં વર્તનારા જીવોની કલ્પ-

નામાં પણ આવે નહિ અને લોકો પોતાને માટે શું ધારે છે એવો તો એના મનમાં ખ્યાલ પણ ન હોય. તેને કાંઇ પણ ખ્યાલ હોય તો તે પોતાની ઊંચા પ્રકારની ફરજનો ખ્યાલ હોય છે. આત્માના આ ભવ અને પરભવના સુખ માટે વેશ અને વર્તનની ઐક્યતા કરવાની ખાસ જરૂર છે. ૧૮૭.

* * ૧૮૪-૧૮૭. આ પાંચ શ્લોકમાં બાહ્યાડંબર-વેશ ધારણ કરનારને માટે બહુ કહ્યું છે. ગોરજી, શ્રીપૂજ્યો, જતિ અને સંવેગી પક્ષમાં પણ કેટલાક માત્ર વેશધારી હોય તેમણે આટલી હકીકત ઉપરથી બહુ બહુ સમજવાનું છે. દોરા ધાગા કરી ગૃહકાર્યાદિ સાવદ્ય કાર્યોમાં સલાહકારક બની દૃષ્ટિરાગી ભગતો બનાવી મુગ્ધ પ્રાણીઓને ધર્મને નામે છેતરનાર, ધર્મને બ્હાને આજીવિકા ચલાવનાર, કેશના પટીઆ પાડી ધર્મને દુનિયાની દૃષ્ટિમાં હલકો પાડનાર આવા મૂર્ખદત્તો પોતાની જાતને સંસાર-સમુદ્રમાં પાડે છે અને સાથે ડોકમાં આશ્રિતજનને ડૂબાડવાના પાપરૂપ પથ્થર બાંધે છે તેથી તે ફરીને ઊંચા આવતાજ નથી. વળી કેટલીકવાર સંવેગી પક્ષ જેવા શુદ્ધ પ્રવાહમાં પણ કેટલાકના ન પસંદ કરવા લાયક દેખાવો જોવામાં આવે છે, સંભળાય છે. અમુક કરીને તેવા શુદ્ધ ગુરૂણીજીઓના સમુદાયમાં પણ કેટલીકની સ્થિતિપર ધ્યાન આપવાની બહુ જરૂર જણાય છે. વેશથી કાંઇ લાભ નથી અને તેથી લોકોને છેતરવારૂપ નુકશાન છે એ સ્પષ્ટ છે. વળી આટલું લખતાં સૂરિ મહારાજ સારી રીતે જાણે છે કે વેશથી કોઇ વખત પ્રાણી શરમની ખાતર-દેખાવ ખાતર પણ અયોગ્ય રસ્તે જતાં અટકે છે. સાધુ-મહંત-ત્યાગી-વૈરાગી જેવા ભાવનામય જીવનનો દેખાવ રાખ્યાથીજ લોકો મહા ઉત્તમ વર્તનની આશા રાખે છે અને તેજ જગોએ જ્યારે કાંઇ પણ ચારિત્ર ન હોય ત્યારે કેટલું ખેદ કરવા જેવું ગણાય એ વિચાર કરવાથી સમજાઇ જાય તેવું છે. આ પાંચ શ્લોક અવશ્ય વિચાર કરવા લાયક છે.

વર્તન વિનાનું લોકરંજન, ઓઘિવક્ષને કુહાડો, સંસારસમુદ્રમાં પાત.

किं लोकसत्कृतिनमस्करणार्चनाद्यै,
रे मुग्ध तुष्यसि विनापि विशुद्धयोगान् ।

क्रंदंत भवाधुपतने तव यत्प्रमादो,
बोधिद्रुमाश्रयमिमानि करोति पर्शून् ॥ ७ ॥

"તારા ત્રિકરણ યોગ વિશુદ્ધ નથી છતાં પણ લોકો તારો
"આદર સત્કાર કરે, તને નમસ્કાર કરે અથવા તારી પૂજાસેવા
"કરે ત્યારે હે મૂઢ! તું શા માટે સંતોષ માને છે? સંસારસમુદ્રમાં
"પડતાં તને આધાર ફક્ત બોધિવૃક્ષનોજ છે, તે ઝાડને કાપી
"નાખવામાં નમસ્કારાદિથી થતો સંતોષાદિ પ્રમાદ આ (લોકસત્કાર
"વિગેરે)ને કુહાડા બનાવે છે." ૭. વસંતતિલકા.

ભાવાર્થ–મનની અસ્થિરતા ઓછી થઇ નથી, વચનપર અંકુશ આવ્યો નથી, કાયાના યોગો કાબુમાં નથી અને તેમ છતાં પણ લોકો વંદન પૂજન[1] ભક્તિ કરે ત્યારે તારા મનમાં આનંદ આવે છે એ કેટલું ખોટું છે? હે સાધુ! તેવાં વંદન પૂજન ઉપર તારો હક શું છે? તું જરા સમજ કે આ સંસાર એ સમુદ્ર છે, એમાં જે ડૂબે છે તેનો છેડો અનંત કાળે પણ આવતો નથી. છતાં તેમાંથી બચવા માટે બોધિવૃક્ષ–સમ્યકત્વવતરૂ પ્રાપ્ત થઇ જાય તો બચાવ થાય છે. પરંતુ તને પ્રમાદ થાય છે તે શિથિળતાને લીધે આ વંદન નમસ્કાર ઉપર કહેલા વૃક્ષને કાપી નાખવામાં કુહાડાનું કામ કરે છે. એ વૃક્ષનો નાશ થયો અને તેથી કરીને એ વૃક્ષનો આશ્રય વખત પણ આશ્રય તને ન મળ્યો તો પછી તું સંસારસમુદ્રમાં ધસડાઈ જઇશ. ત્યાં તને કોઈ પણ પ્રકારનો આશ્રય મળશે નહિ.

તારા શુદ્ધ વેશથી તારી જવાબદારી કેટલી વધે છે તેનો તું વિચાર કર. દુનિયા તારી પાસેથી તારી પ્રતિજ્ઞાને અનુસારે કેટલાં ઊંચાં વર્તનની આશા રાખે તેનો ખ્યાલ કર. હે મુનિ! જરા અંતરંગ ચક્ષુ ઉઘાડ. આવો યોગ–આવી સામગ્રી તને ફરી મળવી બહુ મુશ્કેલ છે. કહ્યાપણ વાપરી સમયનો ઉપયોગ કર. ઉપલક્ષણથી મુનિનો અધિકાર છતાં પણ શ્રાવકે આમાં આ શ્લોકનો ભાવાર્થથી વિચાર કરી સમજવાનું છે કે શ્રાવકપણાનો ડાળ ધારણ કરી ગુણ સિવાય મારામારી કરી ધમાધમીથી નોકારશિ આદિનાં

૧ વાસક્ષેપ બરાસ વિગેરે ઉત્તમ ગંધોથી.

જમણ જમવાં, અનેક પ્રકારની પ્રભાવનાઓ વગર હકે, અનીતિથી, વગર ગુણે, એક વખતથી પણ વધારે વખત લેવાની તુચ્છતા કરી, તેના હકદાર તરીકે પોતાના આત્માને માનવો એ બહુ વિચારવા જેવું છે. આવો વિચાર શ્રાવકે પણ પોતાના આત્માને માટે આ અધિકારમાં દરેક સ્થળે કરવાનો છે. ૧૮૮.

લોક સત્કારનો હેતુ. ગુણ વગરની ગતિ.

गुणांस्तवाश्रित्य नमंत्यमी जना, ददत्युपध्याश्रयभैक्ष्यशिष्यकान् ।
विना गुणान् वेषमृषेर्बिभर्षिचेत्, ततष्ठकानां तव भाविनी गतिः ॥९॥

"આ લોકો તારા ગુણોને આશ્રયીને તને નમે છે અને ઉપધિ,
"ઉપાશ્રય, આહાર અને શિષ્યો તને આપે છે. હવે જો ગુણ વગર
"ઋષિ (યતિ)નો વેશ તું ધારણ કરતો હોઇશ તો ઠગના જેવી
"તારી ગતિ થશે." ૮. વંશસ્થવિલ.

ભાવાર્થ–અર્થ સ્પષ્ટ છે. તારા સેવકો સારાં કપડાં તને આપવા ઇચ્છે છે, ઘરમાં સારી વસ્તુ કરે તો તને પ્રથમ આમંત્રણ કરે છે, પોતે ઝુંપડામાં રહે છતાં તને મહેલ જેવા ઉપાશ્રયો રહેવા આપે છે અને છેવટે પોતાના વહાલા પુત્ર પુત્રીને પણ તારા શિષ્યપણે અર્પણ કરી દે છે.[1] એ બધું તારામાં સાધુપણાના ઉત્તમ ગુણો–વિગેરે દશ યતિ ધર્મો છે એમ ધારીને આપે છે. આ ગુણો વગરના તારા જીવનને તો ઠગી–પાખી–ધુતારાની ઉપમા અપાય અને જીંદગીનું ફળ પણ તેવું જ મળે. ૧૮૯.

* * ૧૮૮–૧૮૯. આ બન્ને શ્લોકોમાં લોકરંજનથી અટકી મુનિપણાનો ગુણ ગ્રહણ કરવા ઉપદેશ કર્યો છે. ઠગ–કપટ વિગેરે કરીને બહારથી દેખાવ કરનારને આ ઉપરથી બહુ સમજવાનું છે. સ્વમાન

૧ આ શ્લોકપરથી વૈરાગ્યવાન્ પુત્રપુત્રીને શિષ્ય તરીકે વહોરાવવાનો પ્રચાર અગાઉ હતો એમ જણાય છે. એ બાબતમાં ગૃહસ્થો અને માતા ઉદ્ધારચિત્ત રહેતાં હતાં. તેમ જ સાધુઓ પણ શિષ્યને વહોરી લેતા હતા એમ જણાય છે. એ સંબંધમાં હીરવિજયસૂરિ વિગેરેના દૃષ્ટાંત પ્રસિદ્ધ છે. એ સંબંધમાં શ્રીમદ્ હેમચન્દ્રાચાર્ય યોગ શાસ્ત્રમાં ત્રીજા પ્રકાશને છેડે સાત ક્ષેત્રના નિરૂપણમાં પુત્રપુત્રી વહોરાવવાનો ક્રમ સ્પષ્ટ બતાવે છે અને તેજ વિષયમાં શ્રી માનવિજયજી ઉપાધ્યાય ધર્મસંગ્રહમાં સ્પષ્ટ ઉલ્લેખ કરે છે.

(self-respect) ના રૂપમાં આ જમાનામાં દંભને સારૂં રૂપ આપ-
વામાં આવે છે. બુદ્ધિમાન્ યતિએ તેમાં દંભ શું છે તે સમજી
જવું જોઇએ. આ મીઠો અવગુણ બોધિવૃક્ષનો ઘાત કરે છે અને
પ્રાણીને પોતાની ખરી ફરજ શું છે તેનો ખ્યાલ આવવા દેતો
નથી. દરેક યતિ-સાધુએ યાદ રાખવું કે તેનું કામ લોકોને કેવળ
ખુશી કરવાનું નથી, પણ બરાબર શુદ્ધ માર્ગે દોરવાનું છે. દુનિયાના
ઉપદેશક હોવાનો દાવો કરી એકાંતમાં કુકર્મ કરે એવા શોખીનોને
માટે તો અધોલોક તૈયાર છે, પણ અત્ર કલ્પેલા મુનિવર્ય તો મનમાં
પણ બરાબ વિચાર લાવે નહિ, અને કાયાનું વર્તન તો બહુ જ
શુદ્ધ રાખે. આવા મુનિ તે જ સાધુ કહેવાય, બાકી તો યતિના
જતિ અને ગુરૂજીના ગોરજી થઇ ગયા છે તે શબ્દની માફક વર્તનમાં
પણ અપભ્રંશ બતાવે છે. વીર પરમાત્મા શુદ્ધ પવનનો ફેલાવો કરે!

લોકરંજન એ વાસ્તવિક રીતે શું છે? લોકો થોડો વખત કહે
કે અમુક યતિ સારા છે એમાં વળ્યું શું? જ્યાં સર્વ સુખ દુઃખનો
આધાર કર્મબંધ ઉપર છે ત્યાં બાહ્યદૃષ્ટિની કિંમત કેવળ મીંડા
માત્ર છે. વળી બને છે એમ કે શુદ્ધ વર્તનવાળા પુરૂષને કેટલાક
કારણસર કેટલીકવાર નુકશાન જાય છે ત્યારે લોકો તેની નિંદા
કરે છે, પણ સાધુને તેવું કાંઈ હોતું જ નથી, મલ્લિનાથના સ્તવ-
નમાં ઉપાધ્યાયજીએ લોકરંજન અને લોકોત્તરરંજનનો તોલ કરી
લોકોત્તરરંજનને પ્રાધાન્ય આપ્યું છે. અનંત કાળચક્રના ફેલામાં
ઘસડાઈ જનાર પામર જીવ! તારા માની લીધેલા નાના સર્કલના
ઉપર ઉપરના વખાણ માટે તું બધું ગુમાવી દેવાની ભૂલ કરીશ નહિ.

યતિપણાનું સુખ અને ફરજ.

नाजीविका प्रणयिनी तनयादिचिंता,
नो[1] राजभीश्च भगवत्समयं च वेत्सि ।
शुद्धे तथापि चरणे यतसे न भिक्षो,
तत्ते परिग्रहभरो नरकार्थमेव ॥ ९ ॥

"તારે આજીવિકા, સ્ત્રી, પુત્ર વિગેરેની ચિંતા નથી, રાજા

૧ નો રાજભિર્ધરાસિ ચાગમપુસ્તકાનીતિ વા પાઠઃ

"તરફની બીક નથી. અને ભગવાન્નાં સિદ્ધાંતો તું જાણે છે અથવા
"સિદ્ધાંતનાં પુસ્તકો તારી પાસે છે, છતાં પણ હે યતિ! જો તું
"શુદ્ધ ચારિત્ર માટે યત્ન કરીશ નહિ તો પછી તારી પાસેની
"વસ્તુઓનો ભાર (પરિગ્રહ) નરક માટે જ છે." ૯. વસંતતિલકા.

ભાવાર્થ-તારે બે પાંચનાં પેટ ભરવાં નથી, સ્ત્રી સારૂ સાડી
કે બંગડીઓ લેવી નથી, પુત્રનું વેવિશાળ કે લગ્નાદિ કરવાં નથી,
કે કુટુંબની અનેક ઉપાધિઓ કરવી પડતી નથી; તારે કમાવાની
માથાકુટ નથી અને આ સખત હરીફાઈના જમાનામાં તારે હાથ
પણ હલાવવો પડતો નથી. તારી પાસે મોટી પુંજી પણ નથી કે
અગાઉના વખતમાં તને રાજ્ય તરફથી ભય હતો અને હાલના
વખતમાં નકામા કજીઆના ખરચમાં લુંટાવાનો ભય છે તેવો
ભય તારે હોય. આ સર્વ ઉપરાંત તું જ્ઞાની છે, સમજુ છે, શાસ્ત્ર-
વિદ્ છે, અને વીર પરમાત્માએ સર્વ સમયને અનુકૂળ થાય તેવાં
બતાવેલાં સિદ્ધાંતોનું રહસ્ય જાણનાર છે. આટલી સગવડ છતાં
પણ જો તું શુદ્ધ ચારિત્ર પાળતો નથી તો પછી તારૂં ભવિષ્ય
અમને તો સારૂં લાગતું નથી. તું તારી પાસે નકામો સંચય શા
માટે કરે છે? તું પરિગ્રહના ભારમાં દબાઇ જઈ નરકમાં જઇશ.

અત્ર કહ્યો છે તે સામાન્ય પરિગ્રહ-વસ્ત્રપાત્ર ઉપધિરૂપજ
સમજવો. પંચ મહાવ્રતધારી હોઈ જેઓ પૈસા કે સ્ત્રીનો પરિગ્રહ
કરે તે તો પ્રત્યક્ષ દુરાચારી છે. ગાડી ઘોડા રાખે, વાડી ખેતર
રાખે, છડી પોકરાવે અને પધરામણીઓ કરાવે તેની વાત સૂરિ
મહારાજ બાજુ ઉપરજ મૂકે છે. જૈનધર્મનું બંધારણ બહુજ ઉત્તમ
છે, સાધુ અને શ્રાવકના વ્યવહાર બહુ વિચારીને બંધાયલા છે, તેમાં
કેટલાક પેટભરા બગાડો કરી પોતાની જાતને સંસારના અનંત
પ્રવાહમાં ઘસડાવી મૂકે છે! ૧૯૦.

જ્ઞાની પણ પ્રમાદને વશ થાય-તેનાં બે કારણો.

शास्त्रज्ञोऽपि धृतव्रतोपि[1] गृहिणीपुत्रादिबंधोज्झितोऽ-
प्यंगी यद्यतते प्रमादवशगो न प्रेत्यसौख्यश्रिये ।

૧ દૃઢવ્રતોઽપીતિ પાઠઃ

तन्मोहद्विषतस्त्रिलोकजयिनः काचित्परा दुष्टता,
वद्धायुष्कतया स वा नरपशुर्नूनं गमी दुर्गतौ ॥ १० ॥

"શાસ્ત્રનો જાણનારો હોય, વ્રત ગ્રહણ કરેલાં હોય તથા સ્ત્રી "પુત્ર વિગેરેના બંધનથી મુક્ત હોય, છતાં પ્રમાદને વશ પડીને "પારલૌકિક સુખરૂપ લક્ષ્મી માટે આ પ્રાણી કાંઇ યત્ન કરતો નથી "તેમાં ત્રણ લોકને જીતનાર મોહ નામના શત્રુની કોઈ અવાચ્ય "દુષ્ટતા કારણરૂપ હોવી જોઈએ અથવા તો તે નરપશુ અગાઉ આયુ- "ષ્ય બાંધેલ હોવાને લીધે જરૂર દુર્ગતિમાં જનાર હોવો જોઈએ." ૧૦.

શાર્દૂલ વિક્રીડિત.

ભાવાર્થ–ઉપરના શ્લોકમાં કહ્યું તેમ હે યતિ! તારે સંજોગો બહુ અનુકૂળ છે, દુનિયાના સામાન્ય માણસો કરતાં તારી સ્થિતિ બહુ સારી છે, વળી તું જ્ઞાની છે, વ્રતધારી છે, ગૃહ કે સ્ત્રીના બંધનથી રહિત છે, છતાં પણ તારી ફરજ બજાવતો નથી અને અસ્તવ્યસ્તપણે ઇંદ્રિય અશ્વો જ્યાં ઉપાડી જાય ત્યાં જાય છે તેનું કારણ શું? મને તો લાગે છે કે જે મોહરાજા પોતાનું સામ્રાજ્ય ચલાવી આ આખા જગતને પ્રમાદમદિરાનું પાન કરાવી નચાવી રહ્યો છે તેણે તને પણ છટકવા દીધો નથી, તું પણ તેના પંજામાં સપ- ડાઇ ગયેલો છે; અથવા તો તું અવશ્ય નરકમાં જનારો છે.

બન્ને કારણોમાં વાત એકની એકજ છે. મોહવશ પ્રાણી ઇંદ્રિ- યદમન, આત્મસંયમ કરી શકતો નથી અને તેથી પ્રશસ્ત ઉદ્યમ થતો નથી. આયુષ્ય બંધ ભોગવ્યાવિના છુટતો નથી, છતાં પણ અસાધા- રણ વીર્યોલ્લાસ ફોરવે તો સંજોગોને એવા અનુકૂળ કરી મૂકે કે તે અશુભ આયુષ્ય ભોગવતી વખતે પાછી ફરીને અશુભ કર્મોની સંતતિ ઉત્પન્ન ન થાય. હે મુનિ! તારા સરખા પવિત્ર ઋષિ સન્યા- સીએ તો મોહ-મારાપણાની બુદ્ધિ અને હુંપણું-તેનો ત્યાગ કરવો જોઇએ. ૧૬૧.

यति सावद्य आचरे तेमां मृषोक्तिनो पण दोष.

उच्चारयस्यनुदिनं न करोमि सर्वं,
सावद्यमित्यसकृदेतदथो करोषि ।

नित्यं मृषोक्तिजिनवंचनभारितात्तत्,
सावद्यतो नरकमेव विभावये ते ॥ ११ ॥

"તું હંમેશા દિવસ અને રાતમાં થઇ નવ વાર કરેમિભંતેનો પાઠ "ભણતાં બોલે છે કે હું સાવદ્ય કામ નહિ કરું અને પાછો વારંવાર "તેજ કર્યા કરે છે. આ સાવદ્ય કર્મો કરી તું ખોટું બોલનાર થવાથી "પ્રભુને પણ છેતરનાર છે અને તે પાપના ભારથી ભારે થયેલા "તારે માટે તો નરક જ છે એમ હું ધારું છું." ૧૧. વસંતતિલકા.

ભાવાર્થ–करेमिभंते सामाइअं सव्वं सावज्जं जोगं पच्चरकामि जावज्जीवाए तिविहं तिविहेणं इत्यादि. એટલે આ આખા જીવનમાં મન વચન કાયાથી સર્વ સાવદ્ય કાર્ય પોતે કરીશ નહિ, બીજા પાસે કરાવીશ નહિ અને કરનારાઓને મનમાં સારા જાણીશ નહિ એવી રીતના શબ્દો તું દરરોજ બન્ને ટંકના પ્રતિક્રમણમાં અને પોરિસિ ભણા- વતાં વારંવાર બોલે છે અને છતાં પણ પાછું વર્તનનું ઠેકાણું રાખતો નથી એ તો સ્પષ્ટ રીતે ગેરવ્યાજબી લાગે છે. આથી તો તું બેવડો ભારે થાય છે. સાવદ્ય કર્મથી તને પાપ લાગે છે અને અસત્ય વચન બોલવાથી પણ પાપ લાગે છે. વચન અને વર્તન એક સરખાં પ્રવર્તાવવાં જોઇએ. જ્યાં મન વચન કાયાની ત્રિપુટી ત્રણ રસ્તા લેય ત્યાં દુઃખના દરિયા ઉછળે છે. વચન-દેખાવ-ઉપદેશ જુદા પ્રકારનો કરવો અને વર્તન વિપરીત રાખવું એથી પરભવમાં અનેક જાતની માનસિક ઉપાધિઓ ઉપરાંત નરકના જેવી મહા ભયંકર શારીરિક પીડાઓ ભોગવવી પડે છે અને આભવમાં પણ દેખાવ જાળવી રાખવા કેટલીક ખોટી ખટપટ કરવી પડે છે. વિદ્વાનો કહી ગયા છે કે.

यथा चित्तं तथा वाचो, यथा वाचस्तथा क्रियाः ।
चित्ते वाचि क्रियायां च, साधूनामेकरूपता ॥

એટલે જેવા વિચાર તેવીજ વાચા અને જેવી વાચા તેવુંજ વર્તન. એવી રીતે સાધુને મન વચન કાયાની પ્રવૃત્તિમાં એકીભાવ હોય છે. અત્ર એટલું જણાવવું આવશ્યક થઇ પડશે કે અભ્યાસ દશામાં જેવી વાણી તેવુંજ સર્વથા વર્તન હોઈ શકતું નથી પણ શુદ્ધ ચિત્તથી મનમાં તે વર્તન પોતામાં હોવાનો દાવો કર્યા સિવાય અને ખોટો ડોળ કર્યા સિવાય અભ્યાસ કરવામાં બાધ નથી. ૧૬૨.

યતિ સાવદ્ય આચરે તેમાં પરવંચનનો દોષ.

वेषोपदेशाद्युपधिप्रतारिता, ददत्यभीष्टान्नृजवोऽधुना जनाः ।
मुंक्षे च शेषे च सुखं विचेष्टसे, भवांतरे ज्ञास्यसि तत्फलं पुनः ॥१२॥

"વેશ, ઉપદેશ અને કપટથી છેતરાયલા ભદ્રક લોકો તને હાલ "વાંછિત વસ્તુઓ આપે છે, તું સુખે ખાય છે, સુવે છે અને ફરતો "ફરે છે, પણ આવતા ભવે તેનાં ફળ જાણીશ." ૧૨. ઉપજાતિ.[1]

ભાવાર્થ–ઉપર ચોથા અને પાંચમા શ્લોકમાં આ બાબતમાં બહુ કહ્યું છે. હે યતિ! ભદ્રક જીવો તને ગુણવાન્ ધારીને પોતે ન ખાય તેવી વસ્તુઓ તને ખાવા માટે આપે છે, તેમજ તને દરેક પ્રકારની સગવડ કરી આપે છે, તેનો તું ગેરલાભ લે છે. સાધુપણાને યોગ્ય તારું વર્તન ન હોય તો તારો તે વસ્તુપર કોઈ પણ પ્રકારનો હક નથી. હક વગર તું કાંઈ પણ ગ્રહણ કરીશ તો દેવાદાર થઈશ અને તે ઉપરાંત દંભ કરવાથી મહા દુર્ગતિમાં જવું પડશે.

દંભ[2] કરનારને ભવાંતરે તો મહાકષ્ટ થાય છે પણ અત્રે પણ બહુ ઉપાધિ થઈ પડે છે. ખોટો દેખાવ જાળવી રાખવા અનેક ખટપટો કરવી પડે છે, અસત્ય બોલવું પડે છે, ખુશામત કરવી પડે છે અને છતાં પણ ખુલ્લા પડી જવાના ચાલુ ભયમાં રહેવું પડે છે. ઉપરના શ્લોકોમાં કહેલી હકીકત ઉપાધ્યાયજી ટુંકા શબ્દોમાં કહે છે. "જે જુઠો દીએ ઉપદેશ, જનરંજનને ધરે વેશ, તેનો જુઠો સકળ કલેશ હો લાલ–માયામોસ ન કીજે." ત્યારે ઉપદેશ અને વર્તન જુદા રાખવા એ માયામૃષાવાદ થયું એટલી વાત હાલ તુરત ધ્યાનમાં રાખવી. આગળ ઉપર પ્રસંગે એ બાબતપર વધારે ખુલાસો થશે. ૧૯૩.

સંયમમાં યત્ન ન કરનારને હિતબોધ,

आजीविकादिविविधार्त्तिभृशानिशार्त्ताः,
कृच्छ्रेण केपि महतैव सृजन्ति धर्मान् ।

---

૧ ઇંદ્રવજ્રા અને વંશસ્થનો શંકર થવાથી એક ઉપજાતિ થાય છે. આ ઉપજાતિ તે જાતનો છે. જુઓ છંદાનુશાસન. ૨ દંભને માટે પ્રકરણ રત્નાકર પ્રથમ ભાગમાં છપાયેલા અધ્યાત્મસારનો ત્રીજો અધિકાર જુઓ.

तेभ्योपि निर्दय जिघृक्षसि सर्वमिष्टं,
नो संयमे च यतसे भविता कथं ही ॥ १३ ॥

"આજીવિકા ચલાવવા વિગેરે અનેક પ્રકારની પીડાઓથી "રાત દિવસ બહુ હેરાન થતા કેટલાક ગૃહસ્થો મહા મુશ્કેલીથી "ધર્મકાર્યો કરતાં હોય છે, તેઓ પાસેથી પણ હે દયાહીન યતિ! "તું તારી સર્વ ઈષ્ટ વસ્તુઓ મેળવવા ઇચ્છા રાખે છે અને સંય- "મમાં યત્ન કરતો નથી; ત્યારે તારું શું થશે? ૧૩. વસંતતિલકા.

ભાવાર્થ–સૂરિ મહારાજ અત્ર બેવડી દયાના ખ્યાલમાં છે. બિચારા ભદ્રક શ્રાવકો મહા મુશ્કેલીએ પૂરું કરતા હોય છે, તેવા સામાન્ય સ્થિતિના શ્રદ્ધાળુ બંધુઓ પણ સાધુને જોઈને પોતાની સારામાં સારી વસ્ત્રપાત્રાદિ વસ્તુ આપી દેવા અચકાતા નથી, આવા ખરા પરસેવાથી મેળવેલા દ્રવ્યથી ખરીદેલી વસ્તુઓ તું લે છે અને તારા પોતાના ફરજના કાર્યમાં તું સુસ્ત રહે છે. તું ઇંદ્રિયોનો સંયમ કરતો નથી, કે મનપર અંકુશ રાખતો નથી, કે પાંચ મહાવ્રત બરાબર નિરતિચારપણે પાળતો નથી. ત્યારે હે યતિ! તું જરા વિચાર કર કે તારા આવા વર્તનથી શું પરિણામ આવશે? દુનિયાનો વ્યવહાર છે કે દૂધ પીવાની ઇચ્છા રાખનાર બિલાડી દૂધનેજ જુએ છે, પણ માથે પડનારી ડાંગને જોતી નથી. પરંતુ ધણીનું કાર્ય કરી, પોતાની ફરજ બજાવી, સુકો રોટલો પણ કેટલો સ્વાદિષ્ટ લાગે છે તેનો તું અનુભવ કરજે અથવા અનુભવીથી જાણી લેજે. તારી પોતાની ફરજ શું છે તે વિચારજે અને ખાસ કરીને સર્વ જીવો તરફ તારી ફરજ શું છે તેનો ખ્યાલ કરજે.

કેટલીકવાર સાધુને ન છાજતાં વર્તન કોઈ કોઈ વ્યક્તિમાં જોવામાં આવે છે, મહાવ્રતનો ભંગ થતો જોવામાં આવે છે, અથવા ન લખી શકાય એવા અભિમાનથી અન્ય ગુણવાનને નહિ નમવા પણું, સ્વદોષઢાંકણ અને દંભની હકીકત સાંભળવામાં આવે છે. દુનિયાની સ્થૂળ મર્યાદાથી ઊંચી સપાટીપર ગયેલા હે યતિવર્ય! આ સર્વ સંસારનો હેતુ છે. આવા વર્તનમાં લાભ નથી, પણ એકાંત હાનિ છે. તારાં કપડાંથી મોક્ષ મળવાનું નથી. મનને જ્યારે સંય-

મરંગ લગાડીશ ત્યારે જ આરો આવવાનો છે. બાકી તો દંભ બુદ્ધિથી જે વેશ પહેરવો એ માત્ર નાટક જેવું છે. ૧૯૪.

નિર્ગુણ મુનિની ભક્તિથી તેને તથા ભક્તોને ફળ થતું નથી.

आराधितो वा गुणवान् स्वयं तरन्,
भवाब्धिमस्मानपि तारयिष्यति ।
श्रयन्ति ये त्वामिति भूरिभक्तिभिः,
फलं तवैषां च किमस्ति निर्गुण ॥ १४ ॥

"આ ગુણવાન્ પુરૂષની આરાધના કરી હોય તો તે ભવસમુદ્ર
"તરે ત્યારે આપણને પણ તારશે એવા પ્રકારની બહુ ભક્તિથી ઘણા
"માણસો તારો આશ્રય કરે છે. તેથી હે નિર્ગુણ! તને અને તેઓને
"શું લાભ છે?" ૧૪. ઇદ્રવંશા અને વંશસ્થ (ઉપજાતિ).

ભાવાર્થ–આ સાધુ ગુણવાન્ છે એમ ધારી કેટલાક શ્રાવકો ભક્તિભાવથી તને વહોરાવે છે પણ તેથી તેઓને પુણ્યબંધ થશે એમ કલ્પી તેના કારણભૂત થવાથી તને પુણ્યબંધ થશે એમ તું ધારતો હો તો તારી ભૂલ છે કારણ કે તારામાં તેના ધારેલા સારા ગુણો જરા પણ નથી. તારામાં ગુણ હોય અને ભવસમુદ્ર તરવાની શક્તિ હોય તો જુદી વાત છે; બાકી બાલી કલ્પનાઓ કરવામાં તને કાંઇ પણ લાભ થવાનો નથી, એટલુંજ નહિ પણ હવે પછીના શ્લોકમાં જણાવવામાં આવશે તેમ આ તારા વર્તનથી તો પાપનો બંધ જ થશે.

બિચારા અલ્પજ્ઞાની જીવો ભદ્રકભાવથી તારો ધર્મબુદ્ધિથી આશ્રય કરે છે તે સંસારસમુદ્ર તરવામાં તારી સહાયની ઇચ્છાથી કરે છે, એવી સહાય તો તું કાંઇ આપતો નથી, આપી શકતો નથી, ત્યારે તને શું લાભ થાય? ૧૯૫.

નિર્ગુણ મુનિને ઉલટો પાપબંધ થાય છે.

स्वयं प्रमादैर्निपतन् भवांबुधौ, कथं स्वभक्तानपि तारयिष्यसि ।
प्रतारयन् स्वार्थमृजून् शिवार्थिनः, स्वतोऽन्यतश्चैव विलुप्यसेऽहसा ।१६।

"તું પોતે પ્રમાદવડે સંસારસમુદ્રમાં પડતો જાય છે ત્યાં
"પોતાના ભક્તોને તે કેવી રીતે તારવાનો હતો? બિચારા મોક્ષાર્થી
"સરળ જીવોને પોતાના સ્વાર્થ માટે છેતરીને પોતાથી અને અન્ય-
"દ્વારા પાપવડે તું ખરડાય છે." ૧૫. વંશસ્થવિલ.

ભાવાર્થ–મોક્ષ મેળવી સંસારજાળથી ફારેગ થવાની ઇચ્છા-વાળા સરળ જીવો તારો આશ્રય કરી તારા ઉપદેશ પ્રમાણે વર્તન કરે છે, તેઓને છેતરીને તું અન્યદ્વારા પાપબંધ કરે છે અને તેં લીધેલાં પચ્ચખ્ખાણ (મહાવ્રતો)ના વિષયકષાયાદિ પ્રમાદ સેવ-નાથી ભંગ કરી 'પોતાથી' પાપબંધ કરે છે. આવી રીતે હે મુને! તું નિર્ગુણ છે તેથી તને લાભ થતો નથી, એ તો નિઃસંશય છે, તારા જેવા ઢંભી, લોકસત્કારના અર્થીને વસ્ત્ર કે અન્ન આપવાથી આપનારને લાભ થાય અને તેનું નિમિત્ત તું હોવાથી તને લાભ થાય એવો દાંભિક ખ્યાલ છોડી દે; પણ સમજી લેજે કે આવા વર્તનથી તો તું એવડો ભારે થાય છે, મહા પાપપંકમાં ખરડાય છે અને અનેક ભવ સુધી ઊંચો આવી શકે નહિ એવા સંસારસમુદ્રમાં ગળે પથ્થર બાંધીને ડૂબતો જાય છે.

હે યતિ! તારા હાથમાં સંસારસમુદ્રને તરવાનું વહાણ આવી ગયું છે તેને આવી રીતે વાપરવાની તારી મૂર્ખતા તજી દે, કસાન થા, પવન જો અને પેલે છેડે મોક્ષનગર છે તે સાધ્ય બિંદુ નજરમાં રાખી ત્યાં પહોંચવા યત્ન કર. વચ્ચે ખરાબા કે ડુંગરો આવે છે તે ધ્યાનમાં રાખ અને મનમાં હિંમત રાખ. આ નૌકાનો જે સાધુ ઉપયોગ કરતા નથી અને તેનો સ્વતઃ નાશ કરી બચાવનાં સાધ-નોને જ ઉલટા ડૂબાડવાનાં સાધનોમાં ફેરવી નાખે છે તે કોઈપણ રીતે પોતાનો તેમ જ પોતાના આશ્રિતોનો કલ્યાણનો માર્ગ લેતા નથી અને સંસારસમુદ્રમાં રખડ્યા કરે છે અથવા તળીએ જઇને બેસે છે. ૧૯૬.

નિર્ગુણને થતું ઋણ તેનું પરિણામ.

गृह्णासि शय्याहृतिपुस्तकोपधीन्, सदा परेभ्यस्तपसास्त्वियं स्थितिः ।
तत्ते प्रमादाज्झरितात्प्रतिग्रहैर्ऋणार्णमग्नस्य परत्र का गतिः ॥ १६ ॥

"તું બીજાઓ પાસેથી વસતિ (ઉપાશ્રય), આહાર, પુસ્તક
"અને ઉપધિ ગ્રહણ કરે છે. એ સ્થિતિ તો તપસ્વી લોકોની
"(શુદ્ધ ચારિત્રવાળાઓની) છે (એટલે એ લેવાનો હક તો માત્ર
"તપસ્વી લોકોનો છે). તું તો તેઓનો સ્વીકાર કરીને પાછો
"પ્રમાદવશ પડી જાય છે, ત્યારે મોટા દેવામાં ડૂબેલા એવા તારી
"પરભવે શી ગતિ થશે?" ૧૬.

ઉપનતિ.

ભાવ-કર્તા કહે છે કે હે મુનિ! તું તો એવડા દેવામાં ડૂબતો જાય છે. એક તો ચારિત્ર ગ્રહણ કરીને પ્રમાદ સેવે છે અને શુદ્ધ ચારિત્ર પાળ્યા વગર આહાર વિગેરે લે છે, તેથી દેવામાં ડૂબેલો માણસ જેમ ઊંચું માથું કરી શકતો નથી તેવી તારી ગતિ થશે. ૧૬૭.

* * ૧૬૨-૧૬૭. [1]છેલ્લા છ શ્લોકમાં બતાવેલો ઉપદેશ બહુ વિચારવા યોગ્ય છે. જરૂરનોગ વસ્તુ પાત્ર પુસ્તકાદિ ધર્મોપકરણ સિવાય પરિગ્રહ ન રાખવા માટે મુનિને ખાસ ઉપદેશ છે. મુનિમાર્ગ મહા કષ્ટકારી છે એ શંકા વગરની વાત છે, પરંતુ એક વખત તે માર્ગની ફરજો માથે લીધા પછી તેને અનુસારે વર્તન કરવાને આ જીવ પ્રતિજ્ઞાથી બંધાય છે એટલુંજ નહિ પણ તે ધોરણથી જો જરાપણ પાછો પડે તો મહા કર્મબંધ કરે છે. સૂરિ મહારાજ કવચિત્ કઠોર ભાષાનો ઉપયોગ કરે છે તે સહેતુક છે અને લાયક પુત્રને કંઈ પણ નહિ જેવી ભૂલ થતાં ભવિષ્યમાં તેવી ભૂલ ન થવા માટે જેમ ઠપકો આપતાં બુદ્ધિમાન શિષ્ય ભૂલ સુધારવા પ્રયાસ કરે છે પણ ચોતે ધારણ કરેલી ધુસરી તજી દેતા નથી, તેમ આ ઉપદેશથી ભૂલ સુધારવાની જરૂર છે પણ તેથી કંટાળો ખાઈ સર્વ સંયમભાર છોડી દઈ માથે ઉપા પાઘડી બાંધી ગૃહસ્થી થઈ એશઆરામ કરવા કરાવવા આ ઉપદેશનો ઉપયોગ કરવાનો નથી. સાધ્ય દશામાં રહીને જ સિદ્ધ દશા પ્રાપ્ત કરાય છે. સાધ્ય દશા અને સિદ્ધ દશા વચ્ચેનો તફાવત ધ્યાનમાં રાખી આ ઉપદેશને સારા રૂપે પરિણમાવવામાં આવે તો જ લાભ થવાનો સંભવ છે, નહિતર તો શાસ્ત્રમાંથી એક કાંટો કાઢી નાંખતાં શસ્ત્ર બની જાય તેવું છે. શાસ્ત્રમાં આપેલાં અશુદ્ધ અભ્યાસક્રમનાં વચનો અને આવા ઉપદેશનાં સખત વચનોની પૂર્વાપર અવિરોધીપણે વ્યવસ્થા બાંધવાની અને વિચારવાની આ જમાનામાં ઘણી જરૂર છે. મૂળ તથા ઉત્તરગુણ સંબંધી દૂષણો સેવવાની દિનપરદિન વૃદ્ધિ થતાં જો કોઈપણ પ્રકારની સાધ્ય દૃષ્ટિ ન રહે અને કેવળ "આ ભવ મીઠા તો પરભવ કોણે દીઠા" એ કહેવતની માફક બુદ્ધિ થાય તો સર્વથા મનુષ્યભવ એળે ગુમાવવા કરતાં અધ્યાત્મસારના ત્રીજા અધિકારમાં બતાવેલાં ઉપાધ્યાયજી મહારાજનાં વચનને અનુસરી શાસ્ત્રોક્ત પ્રકારે વેશ છોડી દઈ ઉત્તમ શ્રાવકપણું અંગીકાર કરી લઈ જન્મનું સાફલ્ય કરવું.

[1] આ ઉપસંહારનો કેટલોક ભાગ એક વિદ્વાન મુનિરાજ તરફથી લખવામાં આવ્યો છે. તેથી જેમ તે કિંમતી છે તેમ જ તે મનન કરવા યોગ્ય છે.

વેશ છોડવાથી આત્માનું તદ્દન બગડી જશે તેમ લાગે અગર તો વેશનો આગ્રહ છૂટે નહિ તો સદરહુ અધિકારમાં તેજ મહાત્માએ બતાવેલા માર્ગને અનુસરી સંવેગ પક્ષ ધારણ કરીને પણ આત્મહિતની દૃષ્ટિ ચૂકવી નહિ અને નિઃશુક કે અતિ પ્રમાદી થઈ સાધ્ય દૃષ્ટિ રહિતપણે અનંતો સંસાર ઉપાર્જન કરવો નહિ. કવચિત્ કર્મ ઉછાળો મારતાં અમુક અનાચરણરૂપ દૂષણો લાગી જાય તેથી વેશ છોડી દેવાની બીલકુલ જરૂર નથી. જો તેમ હોત તો તો પછી દશ પ્રકારનાં પ્રાયશ્ચિત્તો આગમમાં કહેવાની જરૂર રહેતજ નહિ, પ્રાયશ્ચિત્તથી શુદ્ધ થાય છતાં પણ વારંવાર મોહના ઉછાળાથી તેનું તેજ અનાચરણ શાસન ઉદ્દાહના નિરપેક્ષ થઈ સેવ્યા કરી અનંત કાળચક્ર સૂધી બોધિબીજનું દુર્લભપણું મેળવવું તેની અપેક્ષાએ તો તે વેશનો ડોળ છોડી દઈ ઉત્તમ શ્રાવકપણું કે સંવેગપક્ષીપણું સ્વીકારવું એ એકાંત આત્માને હિતકારી થાય એમાં સંશય કરવા જેવું નથી. આ સંબંધમાં વિચાર રહિત ન થતાં તેમજ સ્વેચ્છાએ પ્રવૃત્તિ ન કરતાં તેવા ગુંચવાડા વખતે ગીતાર્થનું શરણ લેવું કે જેથી ખાસ આત્મહિત બને; બાકી ઉપદેશ તો ખાસ ઊંચે રસ્તે ચઢાવવાનેજ આવી સખ્ત રીતે સૂરિ મહારાજે કરેલો છે. અત્ર કોઈના ઉપર ખાસ આક્ષેપ કરવા કે કોઈને ઉતારી પાડવા કે કોઈની નિંદા કરવા આ પ્રયાસ થયેલો નથી; પરંતુ કેવળ માર્ગમાં ઊંચા ચઢે અગર ન બને

તો તેથી નીચા ન પડે એ મધ્યબિંદુ રાખીનેજ આ પ્રયાસ કરેલો છે. વિષય કષાયના ત્યાગની પ્રતિજ્ઞા કરી કેટલાક ભોળા મુનિઓ થોડા મમત્વ ખાતર મહા લાભ ચૂકી જાય છે અથવા પ્રમાદ કરીને લોકોને સન્માર્ગનો ઉપદેશ આપવાની પોતાની ફરજ ભૂલી જાય છે તેઓ ઉપર આક્ષેપદ્વારા ઉપદેશ કરવાની પ્રાચીન પદ્ધતિનું તેમણે અનુકરણ કર્યું છે.

અલબત જેઓ સંયમને અનુપયોગી પણ મોટો પરિગ્રહ સાથે રાખે છે અને સંસારના વિષયોમાં આસક્ત રહે છે તેઓને તો અત્ર સ્થાન પણ નથી. They have no *locus standi here*. તેઓએ યતિ, શ્રીપૂજ્ય કે ત્યાગી શા માટે કહેવરાવવું જોઇએ છે તે સમજાતું નથી. ધર્મને નામે આજીવિકા ચલાવનારા, આશ્રિત ભક્તોને છેતરનારા, શાસ્ત્રનો દુરૂપયોગ કરી મંત્ર દ્વારા કે ઢોંગ કરી લોકોમાં પોતાને માટે ખોટો ખ્યાલ કરાવનારા, સુકૃત, પ્રમાદી, શ્રાવક લોકો ઉપર બોજારૂપ, આવા અધોગતિગામી, કહેવાતા મહાત્માઓ જ્યારે આ વિષયપર ખરેખર હિત બુદ્ધિથી વિચાર કરશે ત્યારે તેઓની અને સાથે તેઓના આશ્રિતોની સ્થિતિ સુધરશે.

લોકરંજન અને સ્તુતિ ઇચ્છા માટે જો કે અગાઉ વિવેચન કર્યું છે તોપણ તે વિષય બહુ જરૂરનો છે તેથી તેપર રૂપાંતરથી કર્ત્તા ઉપદેશ આપે છે.

તારા કયા ગુણ માટે તું ખ્યાતિની ઇચ્છા રાખે છે?

न कापि सिद्धिर्न च तेऽतिशायि, मुने क्रियायोगतपःश्रुतादि ।
तथाप्यहंकारकदर्थितस्त्वं, ख्यातीच्छया ताम्यसि धिङ् मुधा किम् ॥

"હે મુનિ! તારામાં નથી કોઇ ખાસ સિદ્ધિ કે નથી ઉત્કૃષ્ટ "પ્રકારનાં ક્રિયા, યોગ તપસ્યા કે જ્ઞાન; છતાં પણ અહંકારથી કદર્થિત "થૈને પામેલો પ્રસિદ્ધિ પામવાની ઇચ્છાથી હે અધમ! તું નકામો "પરિતાપ શા માટે કરે છે?" ૧૭.

ભાવાર્થ–અણિમા સિદ્ધિ[1] વિગેરે આઠ સિદ્ધિ છે. તે તારામાં હોય અથવા ઊંચા પ્રકારની આતાપના લેવા રૂપ કે ઘોર પરીષહ ઉપસર્ગાદિ સહેવા રૂપ ક્રિયા હોય કે યોગ વહન[2] અથવા યોગ

---

૧ આઠ સિદ્ધિઓ નીચે પ્રમાણે છે:—

૧ અણિમા સિદ્ધિ. એથી શરીર એટલું સૂક્ષ્મ કરી શકાય છે કે જેમ સોયના કાણામાંથી દોરો ચાલ્યો જાય છે તેમ તેટલી જગામાંથી પોતે પસાર થઇ શકે.

૨ મહિમા સિદ્ધિ. એથી ઉલટી. એટલું મોટું રૂપ કરી શકે કે મેરૂ પર્વત પણ તેના શરીર આગળ જાનુ પ્રમાણ થાય.

૩ લઘીમા સિદ્ધિ. પવનથી પણ વધારે હલકા (તોલમાં) થઇ જાય.

૪ ગરિમા સિદ્ધિ. વજ્રથી પણ અત્યંત ભારે થઇ જાય. એ ભાર એટલો બધો થાય કે ઇંદ્રાદિક દેવતા પણ સહન કરી શકે નહિ.

૫ પ્રાપ્તિ શક્તિ સિદ્ધિ. શરીરની એટલી બધી ઉંચાઇ કરી શકે કે ભૂમિ ઉપર રહ્યા છતાં અંગુલિના અગ્ર ભાગવડે મેરૂ પર્વતની ટોચ અને ગ્રહાદિકને સ્પર્શે. (વૈક્રિય શરીરથી નહિ).

૬ પ્રાકામ્ય શક્તિ. પાણીની પેઠે જમીનમાં ડૂબકી મારી શકે અને જમીનની પેઠે પાણીમાં ચાલી શકે.

૭ ઇશિત્વ. ચક્રવર્તી અને ઇંદ્રની ઋદ્ધિ પ્રગટ કરવાને શક્તિવાન્ થાય.

૮ વશિત્વ. સિંહાદિ ક્રૂર જંતુઓ પણ વશ થઇ જાય.

આદિશ્વર ચરિત્ર સર્ગ ૧ લો. ૮૫૨–૮૫૯.

૨ યોગ વહન–સૂત્ર સાધુથી વાંચી શકાય, અમુક વરસના દીક્ષાપર્યાય પછી વાંચી શકાય અને યોગવહનની ક્રિયા કર્યા પછી વાંચી શકાય. આ ત્રણે બાબત બહુ ઉપયોગી છે પણ તેના હેતુ સંબંધી વિશેષ વિવેચન કરવાનું અત્ર સ્થળ નથી; પરંતુ શાસ્ત્રના ઉપયોગી રહસ્ય ઉપર એ હકીકત બંધાયલી છે. શ્રાવક આરંભમાં રક્ત હોય ત્યાં રહસ્યની વાત જણવામાં આવતાં અપવાદ સેવી જાય. સાધુ પણ અમુક દીક્ષા પર્યાય પછીજ અપવાદ માર્ગો ગ્રહણ કરી શકે, કારણ કે સંયમમાં અમુક વખત સુધી રમણતાથી અને યોગવહન કરવાથી મન વચન કાયાપર યોગ્ય અંકુશ આવે એ યોગ-વહનના સામાન્ય હેતુ છે.

યોગવહનની ક્રિયામાં અમુક વિધિ અને તપસ્યા કરવા પછી પાઠ વાંચવાનો આદેશ મળે છે એને **ઉદ્દેશ** કહેવામાં આવે છે. એથી વધારે યોગ્યતા થાય ત્યારે ગુરૂ મહારાજ એ પાઠનું પુનરાવર્તન કરવા અને સ્થિર કરવા તથા તે સંબંધમાં શંકાસમાધાન વિગેરેની વાતચિત કરવાની રજા આપે છે એ **સમુદ્દેશ**. એથી પણ વધારે યોગ્યતા થાય ત્યારે તેજ પાઠો ભણાવવાની, સંભળાવવાની અને તેનો ગમે તે લાયક ઉપયોગ કરવાની રજા આપવામાં આવે તે **અનુજ્ઞા**. આ ત્રણ બાબત ધ્યાનમાં રાખવા યોગ્ય છે.

ચૂર્ણાદિ[1] તને પ્રાપ્ત થયા હોય વા ઘોર તપસ્યા–માસક્ષમણાદિ તેં કરી હોય અથવા તો સૂત્ર સિદ્ધાંતનું રહસ્ય પામવા જેટલું તેમજ વિદ્યાદિકનું ગીતાર્થ યોગ્ય જ્ઞાન તેં મેળવ્યું હોય અને માન મેળવવાની વાંછા કરતો હોય તો જાણે સમજ્યા (જો કે એવા વિદ્વાન્ કે તપસ્યાવાન્ કદી માન કરતા જ નથી) પણ તું તે શું જોઇને અભિમાન કરે છે? તારામાં એવો કયો અસાધારણ ગુણ છે કે તું પ્રસિદ્ધિ મેળવવાની ઇચ્છાથી કદર્થના પામી તે મળતી નથી એટલે સંતપ્ત રહ્યા કરે છે. અરે સાધુ! ગુણ તો કસ્તુરી જેવો છે, તેની જો એ હોય છે તો પોતાની મેળે ભભુકી ઉઠે છે, માટે નકામાં ફાંફાં મારવાં મૂકી દે અને તારું કર્ત્તવ્ય કર. તારામાં લાયકાત હશે તો સ્વાભાવિક રીતે ખ્યાતિ વધશે એ તું નિઃસંશય સમજી રાખજે. ૧૯૮.

નિર્ગુણ હોય છતાં સ્તુતિની ઇચ્છા રાખે તેનું ફળ.

हीनोऽप्यरे भाग्यगुणैर्मुधात्मन्, वांछंस्तवार्चाद्यनवाप्नुवंश्च ।
ईर्ष्यन् परेभ्यो लभसेऽतितापमिहापि याता कुगतिं परत्र ॥ १८ ॥

"હે આત્મા[2]! તું નિષ્પુણ્યક છે છતાં પણ પૂજા વિગેરેની "ઇચ્છા રાખે છે અને તે મળતાં નથી ત્યારે બીજા ઉપર દ્વેષ "કરે છે. (પણ તેમ કરવાથી) આ ભવમાં બળતરા વહોરી લે છે "અને પરભવે કુગતિમાં જવાનો છે." ૧૮. ઉપજાતિ.

---

૧ યોગચૂર્ણ. પુદ્ગળની અનંત શક્તિ છે. બે વસ્તુના સંયોગથી અથવા ઘણી વસ્તુના સંયોગથી એવા પ્રકારનાં ચૂર્ણો નીપજાવી શકાય છે કે જેથી ઘણા અમલકારક બતાવી શકાય. દાખલા તરીકે એ ચૂર્ણ પાણીમાં નાંખવાથી માછલા થઇ જાય, સિંહ થઈ જાય, જળ માર્ગ આપે વિગેરે વિગેરે અનેક આશ્ચર્ય થઇ શકે છે. પુદ્ગળની અનંત શક્તિ છે તે Chemistry (વસ્તુવિજ્ઞાનશાસ્ત્ર)ના અભ્યાસીને તુરત સમજાઇ જાય તેવું છે.

૨ આત્માની અચિંત્ય શક્તિ અને નિર્લેપપણું યાદ દેવરાવી પોતાના સ્વભાવમાં રમણુતા કરવા માટે પ્રતિનાયકને ઉદ્દેશીને આ સંબોધન મૂક્યું છે.

અથવા પ્રતિનાયકને પોતાને ઉદ્દેશીને આખો ગ્રંથ વાંચતો કે વિચારતો હોય તો તેના શુદ્ધ સ્વરૂપને ઉદ્દેશીને પોતાના આત્માને આવી રીતે કહી શકે તેટલા માટે આ સંબોધન મૂકવામાં આવ્યું છે.

ભાવાર્થ–તું નશીબનો મોળો છે, પરભવે દાનાદિ કર્યાં નથી છતાં આ ભવમાં પ્રસિદ્ધિ મેળવવાની ઇચ્છા રાખે છે અને નથી મળતા ત્યારે ખેદ પામે છે, પણ તેમાં તારી ભૂલ છે. કોઈ પણ બાબતની ઇચ્છા રાખ્યા પહેલાં તેને માટે લાયક થવાની ઘણી જરૂર છે. જો સ્તુતિ મેળવવાની તારી ઇચ્છા હોય તો ગુણવાન્ થા, અભ્યાસ કર, તારી ફરજ બજાવ. સ્તુતિ એવી વસ્તુ છે કે જે તેને ઇચ્છે છે તેનાથી તે દૂર જાય છે, પણ જે તેને લાત મારી તેનાં કારણો મેળવે છે તેને વળગતી આવે છે. મતલબ સ્તુતિને ઇચ્છવાની જરૂર નથી, પણ ગુણ પ્રગટ કરવા માટે પ્રયાસ કરવાની જરૂર છે.

અને ખાસ કરીને તું કોણ છે? એક રીતે જોઇશ તો તું તદ્દન વહેવારૂ જીવ છે, અનંત જીવસમુદાયમાંના માત્ર એક સમુદાયમાંનો તું એક છે, ત્યારે સ્તુતિ શી? કેટલો વખત ચાલશે? કોણ યાદ રાખશે? વળી બીજી રીતે જોઇશ તો તું સાધુ છે, વીર પરમાત્માનો જ્યેષ્ઠ પુત્ર છે, તેનું શાસન તારાપર વર્તે છે, વીર પરમાત્મા કદી સ્તુતિની ઇચ્છા કરતા હતા? ઇંદ્રના મહોત્સવથી કે દશાર્ણભદ્રના સામૈયાથી તેઓના મનપર જરાપણ અસર થઈ હતી? તારા વડીલ–તારા ઉપકારીને પગલે ચાલ, લાયક થા અને આવો સારો પ્રસંગ મળ્યો છે તેનો સદુપયોગ કરી લે.

છતાં પણ જો તું સ્તુતિની ઇચ્છા કરીશ તો તેથી તને શું લાભ છે? ગુણ વગર કોઈ તારી સ્તુતિ કરશે? નહિ કરે, એટલે તને ખેદ થશે. વળી સ્તુતિ મેળવવા માટે તારે ફોકટ પ્રયાસ કરવો પડશે તે લાભમાં રહેશે.

બાકી તો અત્ર સંતાપ અને પરત્ર દુર્ગતિ. માટે First deserve and then desire પહેલા લાયક થા અને પછી ઇચ્છા કર. ૧૯૯.

ગુણ વગર સ્તુતિની ઇચ્છા કરનારનું ઋણ.

गुणैर्विहीनोपि जनानतिस्तुतिप्रतिग्रहान् यन्मुदितः प्रतीच्छसि ।
लुलायगोऽश्वोष्ट्रखरादिजन्मभिर्विना ततस्ते भविता न निष्क्रयः १९

"તું ગુણ વિનાનો છે છતાંપણ લોકો તરફથી વંદન, સ્તુતિ, "આહાર પાણીનું ગ્રહણ વિગેરે ખુશી થઇને મેળવવા ઇચ્છા રાખે-

"છે, પણ યાદ રાખજે કે પાડા, ગાય, ઘોડા, ઊંટ કે ગધેડાના
"જન્મ લીધા વગર તું તે દેવામાંથી છુટો થઈ શકીશ નહિ." ૧૯. વંશસ્થ.

ભાવાર્થ–દેવું ભારોભાર તોલી આપવું પડશે, લેણ દ્રણ ગતા-
વવી પડશે અને હિસાણ ચૂકતો કરવો પડશે. તું સમજીશ નહિ
કે લોકો તને વાંદે છે, પૂજે છે, આહાર વહોરાવવા સારૂ આડા
પડીને ઘેર લઈ જાય છે તે તને મફત પચી જશે. જો અત્રે તારી
ફરજ બજાવીશ તો તું તે સર્વ મેળવવા માટે હકદાર છે,
નહિ તો આવતા ભવમાં બળદ કે પાડા થઈને ભાર ખેંચી દેવાં
પૂરાં કરવાં પડશે અથવા ગધેડા કે ઘોડા થઈને વાહન ખેંચવાં પડશે.
ભરૂચના પાડા થઈને દેવું આપવું પડશે કે ગ્રામના ઘોડા થઈ દુઃખ
વેઠી હવાલા નખાવવા પડશે. માટે ગુણ વગર સ્તુતિની ઇચ્છા
રાખ નહિ. ગુણ માટે પ્રયાસ કર. પડાઇ પછવાડે પૂછડું ચાલ્યું
આવે છે તેમ ગુણ પછવાડે સ્તુતિ તો ચાલી જ આવે છે. ૨૦.

ગુણ વગરના વંદન પૂજન-ફળ.

गुणेषु नोद्यच्छसि चेन्मुने ततः, प्रगीयसे यैरपि वंद्यसेऽर्च्यसे ।
जुगुप्सितां प्रेत्य गतिं गतोऽपि तैर्हसिष्यसे चाभिभविष्यसेऽपि वा ॥ २०

"હે મુનિ! જો તું ગુણ મેળવવા યત્ન કરતો નથી તો પછી
"જેઓ તારી ગુણસ્તુતિ કરે છે, તને વાંદે છે અને પૂજે છે તેઓજ
"જ્યારે તું કુગતિમાં જઈશ ત્યારે તને ખરેખર હસશે અથવા તારો
"પરાભવ કરશે." ૨૦. વંશસ્થવિલ.

ભાવ–સ્પષ્ટ છે. ગુણગાન, વંદન, પૂજન એ સર્વ ગુણ હોય
તોજ શોભે છે, નહિ તો શોભતાં નથી એટલુંજ નહિ પણ પરલો-
વમાં મહા દુઃખ આપે છે. કૃત કર્મ ભોગવવાં પડે છે. અત્યારે આહીં
દંભ ચાલે છે પરંતુ પરભવમાં તેનો બદલો ભોગવવો પડશે ત્યારે
બહુ આકરૂં પડશે અને ત્યાં કોઇ પણ પ્રકારનો દંભ ચાલશે નહિ. ૨૦.

ગુણ વગરનાં વંદન પૂજન-હિતનાશ.

दानमाननुतिवंदनापरैर्मोदसे निकृतिरंजितैर्जनैः ।
न त्ववैषि सुकृतस्य चेल्लवः, कोऽपि सोऽपि तव लुप्यते हि तैः ॥ २१ ॥

"તારી કપટ જાળથી રંજન પામેલા લોકો તને દાન આપે,
"નમસ્કાર કરે કે વંદન કરે ત્યારે તું રાજી થાય છે, પણ તું જાણતો
"નથી કે તારી પાસે એક લેશ સુકૃત્ય હશે તે પણ તેઓ લુંટી
"જાય છે." ૨૧. રથોદ્ધતા.

ભાવ–પ્રગટ છે. બાહ્યવેશ, ખોટો ઉપદેશ અને આડંબર કરી
તું કપટજાળ પાથરે છે, એ જાળમાં અજાણ્યા પક્ષીઓ જેવા મનુષ્યો
ભૂલથી ફસાઇ જાય છે અને પછી તને દાન માન વિગેરે ભક્ષ્ય આપે
છે ત્યારે તું રાજી થાય છે, પણ મૂર્ખ! તારામાં જરા પુણ્યનો અંશ
કદાચ હોય તે પણ તું ખાતો જાય છે, પાપ બાંધે છે તેનો વિચાર
કરે છે? તું માને છે કે પક્ષી ઠીક સપડાયું છે, પણ પક્ષી તો
નિર્દોષ છે, શુભ ધરાદાથી આવ્યું છે તેથી તે તો લાગ આવે છેવટે
છટકી જશે, પણ જશે ત્યારે તને મોટું નુકશાન થશે, તારી પક્ષીને
મેળવવાની જે સાધનશક્તિ હતી તે પણ જશે. આવી રીતે તને લાભ
કરતાં હાનિ ઘણી વધારે થાય છે તે તું જો. તે ઉપરાંત બાહ્ય દેખાવ
જાળવી રાખવા અત્યારે જે યુક્તિઓ રચવી પડે છે તે તો જુદી. ૨૦૨.

સ્તવનનું રહસ્ય–ગુણાર્જન.

भवेद्गुणी मुग्धकृतैर्न हि स्तवैर्न ख्यातिदानार्चनवंदनादिभिः ।
विना गुणान्नो भवदुःखसंक्षयस्ततो गुणानर्जय किं स्तवादिभिः ॥२२॥

"ભોળા જીવોએ કરેલી સ્તુતિથી કોઇ માણસ ગુણવાન્ થતો
"નથી, તેમજ પ્રખ્યાતિ પામવાથી અથવા દાન અર્ચન અને પૂજન
"મેળવવાથી પણ કોઇ ગુણવાન્ થતો નથી. ગુણ વગર સંસારનાં
"દુઃખનો ક્ષય થતો નથી, તેટલા માટે હે ભાઇ! ગુણ ઉપાર્જન કર.
"આ સ્તુતિ વિગેરેથી શું લાભ છે?" ૨૨ વંશસ્થ અને ઇંદ્રવંશા (ઉપજાતિ).

ભાવાર્થ–અનેકવાર જોઇ ગયા કે સર્વ પ્રાણીની ઇચ્છા દુઃખનો
નાશ કરવાની અને સુખને પ્રાપ્ત કરવાની હોય છે;[1] જે સુખ પછ-
વાડે ફરી દુઃખ થાય તેને સુજ્ઞો સુખ કહેતા નથી તેથી અવ્યાબાધ
સુખ તો મોક્ષ થાય ત્યારેજ મળે છે તેથી મોક્ષ મેળવવા માટે
અસાધારણ ગુણો ઉત્પન્ન કરવા જોઇએ. તેથી જણાય છે કે આ
જીવન સાફલ્ય માટે ગુણ ઉત્પન્ન કરવાની ખાસ જરૂર છે.

---

૧ જુઓ હૃદયપ્રદીપ ષટ્ત્રિંશિકા–શ્લોક ૧૬ મો.

કેટલાક પ્રાણી ભોળા જીવો સ્તુતિ કરે તે સાંભળી રાજી થાય છે. "મહારાજ! આપ તો શાંતરસના દરિયા છો અને કૃપાસિંધુ છો" વિગેરે વિગેરે સાંભળીને પોતામાં કાંઇક ઠીક છે એમ માને છે; પરંતુ એથી ગુણવાન્ થવાતું નથી. ગુણવાન્ તો ગુણ હોય તેજ થાય છે. માટે ગુણ મેળવ. વંદન નમસ્કાર મીઠા લાગે છે, સારા લાગે છે પણ તે પરિણામે ખોટા છે, ફસાવનારા છે, રખડાવનારા છે અને તારૂં જીવન અફળ કરનારા છે. ક્રોધનો જય, બ્રહ્મચર્ય, માનમાયાનો ત્યાગ, નિસ્પૃહતા, ન્યાયવૃત્તિ અને શુદ્ધ વ્યવહાર વિગેરે ગુણોની તારામાં જમાવટ કર અને પછી તેની સુવાસ ચોતરફ ફેલાવ.

ગુણયુક્ત વર્ત્તન કરતી વખતે તારા મનમાં જે અપૂર્વ આનંદ થશે તે વર્ણવી શકાય તેવો નથી. આ જન્મનું સાર્થક કરવાનો એ એક મુખ્ય અને કદી નિષ્ફળ ન થાય તેવો રસ્તો છે. ૨૦૩.

ભવાંતરનો ખ્યાલ-લોકરંજનપર અસર.

अध्येषि शास्त्रं सदसद्विचित्रालापादिभिस्ताम्यसि वा समायैः ।
येषां जनानामिह रंजनाय, भवांतरे ते क्व मुने क्व च त्वम् ॥ २३ ॥

"જે મનુષ્યોનું મનરંજન કરવા માટે તું સારાં અને અરાબ
"અનેક પ્રકારનાં શાસ્ત્રો ભણે છે અને માયાપૂર્વક વિચિત્ર પ્રકારનાં
"ભાષણોથી (કંઠશોષાદિ) ખેદ સહન કરે છે તેઓ ભવાંતરે ક્યાં ઉપજ્ઞાતિ.
"જશે અને તું ક્યાં જઇશ?" ૨૩.

ભાવાર્થ-હવે જો એમ કહેતો હોય કે આપણે તો બધું જન-રંજન કરવા માટેજ કરીએ છીએ અને સભા રીઝવવા સારૂ વ્યાખ્યાન વાંચીએ છીએ અથવા કોકશાસ્ત્ર કામશાસ્ત્ર વિગેરે શીખીએ છીએ અથવા માયાયુક્ત વર્ત્તન અને વચનરચના રાખીએ છીએ તો તને કહેવાનું કે હે ભાઈ! આવું લોકરંજન કેટલો વખત ચાલશે? અત્યારે પાંચ પચાસ માણસ તારાં વખાણ કે સ્તુતિ કરે તેમાં શું થઇ ગયું? સો વરસ પછી તું ક્યાં હઇશ અને તારા ક્યાં ક્યાં હશે! વળી તારા મરણ પછી તારૂં શું બોલાશે તે તારે કયાં સાંભળવું છે? માટે આ બધો બાહ્ય વ્યાપાર છોડી દે,

લાભ પ્રાપ્ત કરવા માટે પ્રયાસ શરૂ કરી દે અને બસુસ કરીને મન વચન કાયાના વ્યાપારોને એક સરખા પ્રવર્તાવવા પ્રયાસ કર. જો આ પ્રમાણે કરીશ તો લાભ થશે. બાકી જરા વિચાર તો ખરો કે જનરંજનથી લાભ શું? તને ક્ષણિક સુખનો પણ ખરે-ખરો ખ્યાલ નથી. તું વિચાર કર્યા વગર દોરવાઇ ગયો છે. વિચાર, જાગ્રત થા. ૨૦૪.

* * ૧૯૮-૨૦૪. આ સાત શ્લોકમાં લોકસત્કાર અને લોકરંજન-પર વિવેચન કર્યું છે. મનુષ્યોના મનોવિકારો પૈકી આ ઘણો નબળો મનોવિકાર છે અને જરા વાસ્તવિક વિચાર કરવામાં આવે તો એ મનોવિકારનું પોકળપણું તુરત જણાઇ આવે તેમ છે. વાસ્તવિક રીતે લોકસત્કાર કે વંદનપૂજનમાં કાંઇ દમ જેવું નથી, છતાં આ જીવ એવી વિભાવદશામાં આવી ગયો છે કે પાંચ માણસ એનું સારૂં બોલે તે સાંભળીને-જાણીને રાજી થાય છે. તેમાં સત્ય હકીકત છે કે ખોટું માન મળે છે તેનો પણ આ જીવને ખ્યાલ રહેતો નથી. નજીવી બાબતમાં પુલણજી બની જાય છે અને કોઇ કામ કદાચ સારૂં કરે તોપણ તે કામ પાંચ પચીશ માણસો કેવી રીતે જાણે અને પોતાને મુબારકબાદી આપે તેનીજ સંકળના હૃદયમાં કર્યા કરે છે. આવી રીતે આ જીવ પોતાનું હિત થાય તેવું કાંઇ કરતો નથી તેથી, અથવા કરીને ઘોઇ નાંખે છે તેથી તે લાભ પ્રાપ્ત કરતો નથી. માનહાથીપર બેસીને જગત્ને મંદ સ્થિતિવાળું ગણે છે, જગત્ના જીવો પણ પ્રાયે અભિમાની હોય છે તેથી આ બિચારો વારંવાર પાછો પડે છે, વળી ઉઠે છે અને એમને એમ જીંદગી પૂરી કરે છે. ભલા સાધુ! તું એક વાત વિચાર. તને અત્યારે કેટલાક માણસો ઓળખતાં હશે? સામાન્ય માણસને અત્યારે પ્રાયઃ બે હજારથી વધારે માણસ સાથે ઓળખાણ હોતી નથી. હવે અત્યાર સુધી જણાયલી અને પ્રચારવાળી પૃથ્વીપર એક અબજ ને સાઠ કરોડ માણસો છે, ત્યારે તને બે હજાર માણસો માન આપે કે ન આપે તેમાં દમ શું છે? વળી તું કોણ! તું ગુણચંદ? ભૂલ્યો. ગુણચંદ તો આ શરીર ને આત્માના સંબંધનું નામ છે. તારી અત્ર સ્થિતિ કેટલી? ગુણચંદ તરીકે તને માન મળશે તે કેટલા વખત

સૂધી? પછી તું કયાં જઇશ? તારા ગુણચંદ નામના વખાણને અને તને શું સંબંધ રહેશે? આ દૃષ્ટિથી વિચારીશ તો સમજાશે કે વંદનપૂજન કે લોકસત્કારમાં કાંઇ દમ જેવું નથી. ત્યારે દમ શેમાં છે? ગુણમાં-લાયકાતમાં-ફરજ બજાવવામાં. એ ગુણપ્રાપ્તિના પ્રયાસમાં આનંદ છે, કારણ કે વૃત્તિ શાંત છે; ગુણપ્રાપ્તિમાં તો અદ્ભુત આનંદ છે અને તેના અનુભવમાં તો વર્તમાન અને ભવિષ્યમાં પણ આનંદ છે. ગુણપ્રાપ્તિના વિચારમાં પણ આનંદ છે. આની સાથેજ લોકસત્કારનો પ્રયાસ, નિષ્ફળતા, લોકોનું અભિમાન એ સર્વ સરખાવતાં જણાય છે કે આપણું કર્ત્તવ્ય તો ગુણ ઉત્પન્ન કરવાનું છે, લોકરંજન થાય કે ન થાય તે જોવાનું આપણું કામ નથી. ફળની ઇચ્છા રાખવી નહિ, ફરજ બજાવવી. ઘણીવાર તો ગુણની સુગંધ જણાઈ આવે છે, પણ કોઇવાર ન જણાય, જણાતાં વખત લાગે તો ધીરજ રાખવી.

આ બહુ અગત્યની બાબત છે અને જરા વિચાર કરતાં ઉઘાડી રીતે સમજાઈ જાય તેવી છે, છતાં ડાહ્યા માણસો પણ ભૂલ ખાતા જોવામાં આવે છે. લોકોના વિચારથી દોરાઇ જવું કે બાહ્ય દૃષ્ટિથી તણાઈ જવું એ અણસમજુનું કામ છે. હે યતિ! બહિરાત્મભાવ તજી અંતરાત્મભાવમાં લીન થઇ પરમાત્મભાવ પ્રગટ કરવાનો તારો પ્રયાસ હોવો જોઇએ, તો પછી તું આવી બહિરાત્મ દશામાં હજુ કેમ વર્તે છે? ગુણ હોય તોપણ લોકસત્કારની ઇચ્છા રાખવી નહિ અને ન હોય તો રાખી શકાય જ નહિ.

પરિગ્રહત્યાગ.

परिग्रहं चेद्व्यजहा गृहादेस्तत्किं नु धर्मोपकृतिच्छलात्तम्।
करोषि शय्योपधिपुस्तकादेर्गरोपि नामांतरतोपि हंता ॥ २४ ॥

"ઘર વિગેરે પરિગ્રહને તેં તજી દીધા છે તો પછી ધર્મના "ઉપકરણને બ્હાને શય્યા, ઉપધિ, પુસ્તક વિગેરેનો પરિગ્રહ શા "માટે કરે છે? ઝેરને નામાંતર કર્યાથી પણ તે મારે છે." ૨૪.

ભાવાર્થ-ધન, ધાન્ય, દ્વિપદ, ચતુષ્પદ વિગેરે સર્વ બાહ્યાદિ

પરિગ્રહનો હે મુને! તેં ત્યાગ કર્યો છે. તેં મહા કષ્ટ વેઠી આ પૈસા અને ઘર મહેલ વિગેરે પરનો મોહ ઉતાર્યો છે. આવી રીતે તું સંસારસમુદ્ર તરી જવાની અણી ઉપર આવી ગયો છે, ત્યારે હવે તારી પાસે શય્યાની પાટ, પુસ્તક કે બીજાં ઉપકરણો છે તેનો પરિગ્રહ શા માટે કરે છે? એ વસ્તુની મૂર્છારૂપ પરિગ્રહ પણ તજી દે.

આ પ્રસંગે પરિગ્રહ શું છે અને પરિગ્રહ કોને કહેવાય તે સમજવું ઉપયોગી થઇ પડશે. ઉપકરણો તજી દેવાનો કે પુસ્તકોનો ત્યાગ કરવાનો અત્ર ઉદ્દેશ નથી. પરિગ્રહ એટલે મૂર્છા. મૂર્ચ્છા પરિગ્રહો વુત્તો. એક વસ્તુ ઉપર મારાપણાની બુદ્ધિ થાય-મમત્વ થાય-એનો ત્યાગ કરતાં ખેદ થાય, એ પરિગ્રહ છે. એવા પ્રકારની મૂર્છા કોઇ પણ વસ્તુ ઉપર રાખવી નહિ. ધર્મનાં ઉપકરણને નામે પણ સાંસારિક રાગ સાધુમાં કોઇવાર થઈ જાય છે એ મનુષ્ય સ્વભાવની નબળાઈ કહો કે પંચમ કાળનો પ્રભાવ કહો કે વિભાવ દશાને સ્વભાવ દશામાં પલટન પામેલી સ્થિતિનો આવિર્ભાવ કહો, ગમે તે કહો, પરંતુ એટલો સ્થૂળ પરિગ્રહ પણ ત્યાજ્ય છે. જે વસ્તુઓ ધાર્મિક ક્રિયામાં સાધન રૂપ છે તે તેટલે અંશે રાખવા યોગ્ય છે; પણ તેના ઉપર મારાપણાની બુદ્ધિ અથવા તો એનો વારસો મુકરર કરવાની પોતાની સત્તા કે એને લગતી કોઇ પણ જાતની ખટપટ ત્યાજ્ય છે. આ બાબતમાં જો કાંઇ પણ અપવાદ હોય તો તે ગુણનિષ્પન્ન ગીતાર્થ અધિપતિ માટે છે, જેના સંબંધમાં અત્ર ઉલ્લેખ નથી. આ છ શ્લોકમાં આ વિષય બહુ દૃષ્ટાંત આપીને ચર્ચ્યો છે. અધિપતિ વ્યતિરિક્ત વ્યક્તિએ શાસ્ત્રમાં ગણાવેલાં ઉપકરણથી અધિક રાખવાં એ પણ પરિગ્રહ છે એ ઉપલક્ષણથી સમજી લેવું.

હે મુનિ! તું કોઇ પણ વસ્તુને ધાર્મિક ઉપકરણનું નામ આપી તેના પર મૂર્છા કરીશ તો તે તને ભવાંતરમાં દુઃખ આપશેજ; નામ ફેરવવાથી કાંઇ પરિણામ ફરી જતું નથી. પરિણામ તો અભિપ્રાય ફેરવવાથી ફરે છે. ઝેરી ક્રિયાકને 'ફળ' કહી નામાંતર કરવામાં આવે તો તેથી તેનું દારૂણ ફળ મળ્યા વગર રહેતું નથી. અથવા 'મીઠાઇ'નું

નામ આપવાથી ઝેર પોતાનું ફળ આપ્યા વગર રહેતું નથી; એવીજ રીતે બીજું કંઈ પણ કલ્પિત નામ આપવાથી કામ થતું નથી. ૨૦૫.

ધર્મના નિમિત્તથી રાખેલ પરિગ્રહ.

परिग्रहात्स्वीकृतधर्मसाधनाभिधानमात्रात्किमु मूढ ! तुष्यसि ।
न वेत्सि हेम्नाप्यतिभारिता तरी, निमज्जयत्यंगिनमंबुधौ द्रुतम् ॥२५॥

"હે મૂઢ! ધર્મનાં સાધનને ઉપકરણાદિનું નામ માત્ર "આપીને સ્વીકારેલા પરિગ્રહથી તું કેમ હર્ષ પામે છે? શું જાણતો "નથી કે વહાણમાં જો સોનાનો પણ અતિ ભાર ભર્યો હોય તો તે "પણ બેસનાર પ્રાણીને તુરતજ સમુદ્રમાં બૂડાડે છે!" ૨૫. વંશસ્થ

ભાવાર્થ-સોનું સર્વને પ્રિય લાગે છે, તેનો રંગ જોઇને પ્રાણી મોહમાં પડે છે, છતાં પણ એક વહાણમાં તેનો અતિભાર ભરવામાં આવે તો તે વહાણ પણ ડૂબે છે અને બેસનારને ડૂબાડે છે, તેવીજ રીતે પરિગ્રહ પ્રિય લાગે છે, બાહ્ય રૂપ જોઇ તેના પર મોહ લાગે છે અને ખાસ કરીને ધર્મને નિમિત્તે કરવામાં આવતો પરિગ્રહ તો જરા પણ ઓટો છે એમ કેટલીકવાર વિચાર કર્યા વગર સમજવામાં પણ આવતું નથી, છતાં પણ યતિજીવનરૂપ વહાણમાં એ બહા-રથી સુંદર દેખાતા પરિગ્રહરૂપ સુવર્ણનો અતિ ભાર[1] ભરવામાં આવે તો ચારિત્રનૌકા સંસારસમુદ્રમાં નાશ પામે છે અને એનો આશ્રય કરનાર મૂઢ જીવ પણ ડૂબે છે.

આવી રીતે જીવ આત્મવંચન કરે છે. એ માને છે ધર્મ, પરંતુ પોતાને મૂર્છા થાય છે તે સમજતો નથી. પુસ્તકની મોટી લાઈ-બ્રેરી રાખો કે ભંડાર રાખો તેની સાથે અત્ર સંબંધ નથી. અત્ર કહેવાનો ઉદ્દેશ એજ છે કે કોઈ પણ વસ્તુ ઉપર ધર્મને નામે પણ હૃદયમાં મારાપણાની બુદ્ધિનો-અહંમમ ભાવનો ત્યાગ કરો, એ પ્રમાણે થશે નહિ ત્યાં સુધી તમે પરિગ્રહથી મુક્ત છો એમ કહી

[1] સંયમના નિર્વાહ માટે કામ લાગતાં વસ્ત્ર પાત્રાદિકને 'ઉપકરણ' કહેવામાં આવે છે અને જે નકામા મમતા બુદ્ધિથી એકઠાં કરેલાં હોય તેવાં ઉપકરણોને અત્ર અતિ-અધિકરણ કહેવાય છે (**યતિદિનચર્યા**) આજ હેતુથી તેવા અધિકરણને અત્ર અતિ-ભારરૂપ કહેવામાં આવેલ છે.

શકાશે નહિ. અલબત, પોતાની પાસે પૈસા રાખવા, અથવા અમુક નિમિત્ત મનમાં કલ્પી શ્રાવકને ત્યાં જમે રખાવવા કે શાસ્ત્રનો આ-દેશ દૂર કરી ઉત્સર્ગ અપવાદના નિમિત્ત વગર વધારે વસ્ત્રપાત્રાદિ રાખવાં એ તો અત્યાચારજ છે અને બહુધા સંસાર વધારનારજ છે; અત્ર તો જે હોય તેનાપર પણ મમત્વ બુદ્ધિ તજવાનો ઉપ-દેશ છે. ૨૦૬.

ધર્મોપકરણપર મૂર્છા-એ પણ પરિગ્રહ.

येऽहः कषायकलिकर्मनिबंधभाजनं,
स्युः पुस्तकादिभिरपीहितधर्मसाधनैः ।
तेषां रसायनवरैरपि सर्पदामयै-
रार्त्तात्मनां गदहृतेः सुखकृत्तु किं भवेत् ॥ २६ ॥

"જેનાવડે ધર્મ સાધનની વાંછા રાખી હોય એવાં પુસ્તકાદિ "વડે પણ જે પ્રાણીઓ પાપ, કષાય, કંકાસ અને કર્મબંધ કરે "ત્યારે તેઓને સુખનું સાધન શું થાય? જે પ્રાણીના વ્યાધિઓ "ઉત્તમ પ્રકારનાં રસાયણોથી પણ ઉલટા વધારે પ્રસરતા જાય તેને "વ્યાધિની શાંતિ માટે સાધન શું થઇ શકે?" ૨૬. મૃદંગ.[1]

ભાવાર્થ-પુસ્તક પ્રભુના વચનનો સંગ્રહ છે અને આ કાળમાં સંસાર તરવાનું મુખ્ય સાધન છે. છતાં કેટલાક મુગ્ધ પ્રાણીઓને તે પણ અનેક પ્રકારના કર્મબંધનું કારણ બને છે. બધેથી વધારેનો સંગ્રહ કરવાને લીધે બરાબર સંભાળ ન રખાવાથી જીવોત્પત્તિ થઇ જઇ તેનો વિનાશ થાય છે અથવા પુસ્તક લેનારપર કષાય થઇ જાય છે, તેવીજ રીતે કંકાસ પણ થઇ જાય છે. જેમ પુસ્તકની બાબતમાં તેમજ બીજા ધાર્મિક ઉપકરણોની બાબતમાં પણ સમ-જવું. હવે આવાં ઉપકરણો-જે સંસારનાશનાં પરમ સાધન છે તેનાથીજ સંસાર વૃદ્ધિ પામે ત્યારે પછી ઉપાય શું કરવો? જે રસાયણથી સર્વ વ્યાધિનો નાશ થાય છે તેનાથીજ જ્યારે વ્યાધિ વૃદ્ધિ પામે ત્યારે પછી સુખસાધન શું રહ્યું? માટે ધર્મના ઉપક-

[1] મૃદંગમાં પંદર અક્ષર હોય છે ત. ભ. જ. જ. ર. ત્મૌ જૌ રો મૃદંગઃ

રણ ઉપર પણ મમત્વ બુદ્ધિ રાખવી નહિ, તેની ખાતર મન બગાડવું નહિ અને કોઇની સાથે કંકાસ કરવો નહિ.

આ હકીકત જરા વિચારવા જેવી છે. એના સંબંધમાં ધ્યાન આપવા જેવું એ છે કે માત્ર મમત્વ ખાતર ધારેલી ધારણા મૂળ મળે છે અને સંસાર વધી જાય છે. આ બાબતમાં હજુ વધારે સ્પષ્ટ શબ્દોમાં કર્ત્તા ઉપદેશ આપે છે તેપર વાંચનારનું ચિત્ત દોરવવા ઇચ્છીએ છીએ. ૨૦૭.

ધર્મોપકરણપર મૂર્છા-તેથી દોષ.

रक्षार्थं खलु संयमस्य गदिता येऽर्था यतिनां जिनै-
र्वासःपुस्तकपात्रकप्रभृतयो धर्मोपकृत्यात्मकाः ।
मूर्च्छन्मोहवशात्त एव कुधियां संसारपाताय धिक्,
स्वं स्वस्यैव वधाय शस्त्रमधियां यद्दुःप्रयुक्तं भवेत् ॥ २७ ॥

"વસ્ત્ર, પુસ્તક અને પાત્રાં વિગેરે ધર્મોપકરણના પદાર્થો શ્રી
"તીર્થંકર ભગવાને સંયમની રક્ષા માટે યતિઓને બતાવ્યા છે તે
"છતાં મંદબુદ્ધિવાળા મૂઢ જીવો વધારે મોહમાં પડીને તેને સંસા-
"રમાં પાડવાના સાધનભૂત બનાવે છે તેઓને અરેઅર ધિક્કાર છે!
"મૂર્ખ માણસવડે અકુશળતાથી વપરાયલું શસ્ત્ર (હથિયાર) તેના
"પોતાનાજ નાશનું નિમિત્ત થાય છે." ૨૭. શાર્દૂલવિક્રીડિત.

ભાવાર્થ-આ ઉપદેશ વધારે સ્પષ્ટ શબ્દોમાં છે. મૂર્છા એજ પરિગ્રહ છે એમ સમજાઇ જાય તો પછી આ હકીકતમાં વિશેષ પ્રકાશ પાડવાની જરૂર રહેતી નથી. વાત એ છે કે આ જીવ સમજતો નથી કે પદાર્થપ્રાપ્તિમાં સુખ નથી પણ સંતોષમાં સુખ છે. સર્વાંશે આ હકીકતની સત્યતા સમજેલ સાધુનું વર્તન ઉપરના શ્લોકમાં લખ્યું છે તેથી તદ્દન ઉલટુંજ હોય છે. આ તો ભગવાને દીર્ઘ વિચાર કરીને રાખવાની રજા આપેલી એવી ઉપધિ-પાત્રાં કુ પુસ્તકાદિ વસ્તુ જે રાખવાનો ઉદ્દેશ સંયમપ્રવૃત્તિનોજ છે તેજ મમતાથી સંસાર વધારે છે, તેમાં પાડે છે અને પાછો ઊંચા આવવા દેતી નથી. શસ્ત્રથી પરને ભય ઉત્પન્ન કરાય છે, હરાવાય છે અને પ્રાણ પણ લેવાય છે, પણ બંદુકનો અરો ઉપયોગ કરી ન જાણનાર

જો દારૂ ભરીને તેને પોતાની તરફજ તાકે તો તેથી પોતાનું જીવન પણ ખોઇ બેસે છે, તેવીજ રીતે સંસારનો નાશ કરવાના પ્રબળ સાધનરૂપ ધર્મોપકરણપર મૂર્છા રાખવાનું થાય તો યતિજીવનનો બહુધા નાશ થાય છે.

હે મુનિ! અનુભવીના ઉપર લખેલા શબ્દોપર બરાબર મનન અને નિદિધ્યાસન કરજે. એ ચમત્કારી ચાર લીટીમાં બહુ ઉત્તમ શિક્ષાનો સમાવેશ કરવામાં આવ્યો છે. સમજુવર્ગને ઉપદેશેલા પદ્યપર વિશેષ ટીકાને અવકાશ આપવાની આવશ્યકતા અલ્પ જણાય છે. ૨૦૮.

ધર્મોપકરણ ઉપાડવાથી દોષ.

संयमोपकरणच्छलात्परान्भारयन् यदसि पुस्तकादिभिः ।
गोखरोष्ट्रमहिषादिरूपभृत्तच्चिरं त्वमपि भारयिष्यसे ॥ २८ ॥

"સંયમ ઉપકરણના બહાનાથી પુસ્તક વિગેરે વસ્તુઓનો
"બીજા ઉપર તું ભાર મૂકે છે, પણ તે ગાય, ગધેડા, ઊંટ, પાડા
"વિગેરેનાં રૂપ તારી પાસે લેવરાવીને ઘણા કાળ પર્યંત તને ભાર
"વહન કરાવશે." ૨૮. રથોદ્ધતા.

ભાવ-ઉપકરણના બહાનાથી બીજા ઉપર અનેક જાતનો ભાર નાખે છે. પૈસાના ખરચનો બોજો, લહીયાને ત્યાં આંટા આવાનો બોજો, તૈયાર કરવાનો બોજો, ભાર વધી જવાથી વિહાર વખતે ઉપાડવાનો બોજો અને તેવા અનેક પ્રકારના બોજા તું અન્યપર નાખે છે, અને તેમાં સંયમના ઉપકરણનું બહાનું કાઢે છે. તે વસ્તુ-ઓને તું સંયમના ઉપકરણ તરીકેજ વાપરતો હઇશ, અને તે પણ તારા ઉપયોગ પૂરતું હશે ત્યાં સુધી તો કાંઇ વાંધો આવશે નહિ, પણ જો તું તેનાપર મમત્વ કરતો હઇશ, તેનાપર મૂર્છા રાખતો હઇશ તો પછી તારા હાલ બહુ બરાબ થશે. ભરૂચના પાડા કે ટ્રામના ઘોડા કે મારવાડના રણના ઊંટ થઇને ભાર ખેંચી ખેંચીને તારે મહા કષ્ટ ભોગવવું પડશે. ૨૦૯.

સંયમ અને ઉપકરણની શોભાની સ્પર્ધા.

वस्त्रपात्रतनुपुस्तकादिनः शोभया न खलु संयमस्य सा ।
[1]आदिमा च ददते भवं परा,मुक्तिमाश्रय तदिच्छयैकिकाम् ॥२९॥

"વસ્ત્ર, પાત્ર, શરીર કે પુસ્તક વિગેરેની શોભા કરવાથી કાંઈ "સંયમની શોભા થતી નથી. પ્રથમ પ્રકારની શોભા (ભવ) વૃદ્ધિ "આપે છે અને બીજા પ્રકારની શોભા મોક્ષ આપે છે, માટે આ "બન્નેમાંથી તારી મરજી આવે તે એક શોભાનો આશ્રય કર. "અથવા-માટે તે વસ્ત્ર પુસ્તક વિગેરે શોભાનો ત્યાગ કરીને હે "યતિ! મોક્ષ મેળવવાની ઇચ્છાવાળો પણ તું સંયમની શોભામાં "કેમ યત્ન કરતો નથી?" ૨૯.

ભાવાર્થ-શોભા બે પ્રકારની છે. બાહ્યશોભા અને અંતરંગ શોભા. સંસાર વધવાના નિમિત્તભૂત બાહ્ય શોભાનો ત્યાગ કરી પરિગ્રહ મમતા પરિહરી અંતરંગ શોભા માટે યત્ન કર. સત્તર પ્રકારના સંયમ અથવા ચરણસિત્તરી અને કરણસિત્તરીની શોભા કરવી એ તારૂં કર્તવ્ય છે. વળી સાથે એટલું પણ ધ્યાનમાં રાખજે કે જ્યાં બાહ્યશોભા કરાય છે ત્યાં અંતરંગ શોભા કરી શકાતી નથી તેથી તારે એકનો જ આશ્રય કરવો યુક્ત છે. ૨૧૦.

* * ૨૦૫-૨૧૦ આ છ શ્લોકોમાં બહુ ઉપયોગી હકીકતનો સમાવેશ થયો છે. કેટલાક વહેવારૂ જીવો કહે છે કે જ્ઞાન દર્શન ચારિત્રના સાધનને પરિગ્રહ કહેવાય નહિ. સૂરિમહારાજ કહે છે કે તમારૂં તે કહેવું બરાબર છે, પણ એમાં જરા ફેર છે. અમુક સંજોગોમાં તેને પણ પરિગ્રહ કહેવાય. જો સંયમનાં ઉપકરણો ઉપર મારાપણાની બુદ્ધિ થાય, એનો વિયોગ કષ્ટકર થઈ પડે, એનો વારસો કોને મળે એ નિર્ણય કરવાની પોતાની સત્તા માનવામાં આવે કે ટુંકામાં કહીએ તો સાક્ષીભાવ ઉપરાંત ધણીપણાની કાંઈ પણ પ્રકારની સત્તા કે હક ભોગવવાની ઇચ્છા થાય તો તુરત જ તે પરિગ્રહની કોટિમાં આવી જાય છે. આ ઉપકરણો સાધુપણામાં

[1] પાછળના બે પદ નીચે પ્રમાણે છે. तां तदत्र परिहाय संयमे, किं यते! न यतसे शिवार्थ्यपि ॥

સ્થિર કરવાના ઇરાદાથી, સંયમનું રક્ષણ કરવાના ઇરાદાથી અને મોહ રાજાપર જય કરવાના શસ્ત્ર તરીકે વાપરવાના ઇરાદાથી રાખવાનું ફરમાન છે, તેને બદલે તેજ જ્યારે સંસારમાં રખડાવનારા થાય ત્યારે કેટલું બધું નુકશાન થાય છે તેનો વિચાર કર. ઘર, સ્ત્રી, પૈસા એનો મમત્વ મૂકાવો બહુ મુશ્કેલ છે, એ સર્વનો ત્યાગ કરી માત્ર પાનાં પુસ્તકપર મમત્વ બંધાવો એ પૂરેપૂરી નબળાઈ છે, પરંતુ જરા વિચાર કરવાથી તેનો ત્યાગ થઈ શકે તેમ છે. એમાં અગાઉના મહાત્માઓનાં દૃષ્ટાંતો લઇએ તો તો કામ થઈ જાય, પરંતુ કેવળ સ્વહિત માટે છેલ્લા છેલ્લા થયેલા આનંદઘનજી અને ચિદાનંદજીનાં દૃષ્ટાંતો જોતાં પણ પરિગ્રહત્યાગનો નમુનો હૃદયપટપર ખડો થાય છે.

જેઓ ધર્મને નામે મ્યાના, પાલખી કે ગાડી ઘોડા રાખે તેઓના શા હાલ થશે તે તો ખ્યાલમાં પણ આવી શકતું નથી. સંસારસમુદ્રના લગભગ કાંઠાપર આવી ગળે પથ્થર બાંધી પાછા પડનારા આ મૂઢ જીવો દશ વીશ વરસની વિનશ્વર અનિયમિત સાહેબી ખાતર અનંતકાળ સુધી દુઃખ મળે એવો સંસાર વધારે છે. તેઓએ ઉપાધ્યાયજીનો નીચેનો શ્લોક વિચારવો.

सुखिनो विषयातृप्ता, नेन्द्रोपेंद्रादयोप्यहो ।
भिक्षुरेकः सुखी लोके, ज्ञानतृप्तो निरंजनः ॥
असंतुष्ट परिग्रह भर्या, सुखीया न ईंद्र नरींद, सलुणे;
सुखी એક અપરિગ્રહી, સાધુ સુજસ સમકંદ, સલુણે;
પરિગ્રહ મમતા પરિહરો.

આ શ્લોકના મનનપર દુનિયાના એક મહાન્ પ્રશ્નનો આધાર છે અને તેપર વિવેચન કરતાં વિચારની વધારે જરૂર છે. એનું રહસ્ય સમજી તદનુસાર સંતોષ રાખવા યત્ન કરવો બહુજ જરૂરનો છે, એટલું જ નહિ પણ સંસારસમુદ્ર પાર ઉતરવાનો સીધો અને સિદ્ધ ઉપાય છે.

પરીષહસહન-સંવર.

शीतातपाद्यान्न मनागपीह, परीषहांश्चेत्क्षमसे विसोढुम् ।
कथं ततो नारकगर्भवासदुःखानि सोढासि भवांतरे त्वम् ॥३०॥

"આ ભવમાં જરા પણ ઠંડી, તાપ વિગેરે પરીષહો સહન
"કરવાને શક્તિવાન્ થતો નથી તો પછી ભવાંતરમાં નારકીનાં તેમજ
"ગર્ભવાસનાં દુઃખો કેવી રીતે સહન કરીશ?" ૩૦. ઉપજાતિ.

ભાવાર્થ–હવે જુદા જુદા વિષયો ઉપર પ્રકીર્ણ શ્લોકોમાં ઉપદેશ આપે છે. એનું સાધ્ય મુનિજીવન છે. અને બહુધા એક વિષય બીજા વિષય સાથે ખાસ સંકળાના ધરાવતો હોય એવું ધોરણ નથી. છતાં આ અને હવે પછીના આઠ શ્લોકમાં પરીષહ સહન કરવાનો મુખ્ય ઉપદેશ છે. હે મુનિ! જે દ્વારા નવાં કર્મો આવતાં અટકે એને શાસ્ત્રકાર સંવર કહે છે. મનોવૃત્તિ ઘણું કરીને વિનાશને (અર્થો) માર્ગેજ ગમન કરે છે, કારણ કે તેનાપર આધિપત્ય રાગદ્વેષ વિગેરેનું હોય છે. આ જીવને પ્રતિકૂળ વિષયો મળે છતાં પણ ચલાવી લેતાં શીખવું, અને રાગાદિ શત્રુઓનો દોર અટકાવવો એ સંવરનું કામ છે અને તે ખાસ કરીને પરીષહોને જીતવાથીજ બની શકે તેમ છે. એ પરીષહો જૈન શાસ્ત્રકાર બાવીશ ગણાવે છે, જેમાંના કેટલાક અકુ-ફળ પણ હોય છે. એનું વિશેષ સ્વરૂપ અત્ર સ્થળસંકોચથી લખી શકાતું નથી.[1] એ પરીષહસહન કરવાથી નવીન કર્મોની રાશિ અટકી પડે છે અને પૂર્વોપાર્જિત પ્રબળ કર્મો ક્ષય પામે છે એ બહુજ મોટો લાભ થાય છે. હે મુનિ! તારા જીવનમાં આ પરીષહ-સહન તો બહુજ અગત્યનો ભાગ બનાવે એમ હોવું જોઇએ અને યાદ રાખજે કે જો અત્ર તે ખુશીથી સહન કરવામાં પાછો પડીશ તો કુંભીપાક અથવા ગર્ભવાસનાં દુઃખો તો અમળજ પડશે, દૂર એટલો કે અત્ર સ્વવશથી અને થોડો વખત પરીષહો સહન કરવાં પડશે જ્યારે ભવાંતરમાં એથી વિપરીત થશે.[2] ૨૧૧.

વિનાશી દેહ-જપ તપ કરવાં.

मुने न किं नश्वरमस्वदेहमृत्पिंडमेनं सुतपोव्रताद्यैः ।
निर्पीड्य भीतिर्भवदुःखराशेर्हित्वात्मसाच्छैवसुखं करोषि ॥ ३१ ॥

"હે મુનિ! આ શરીરરૂપી માટીનો પિંડ નાશવંત છે અને
"પોતાનો નથી, તેને ઉત્તમ પ્રકારનાં તપ અને વ્રતો કરીને ચીરો

૧ જુઓ આગળ શ્લોક ૩૮ ની નીચે નોટ. ૨ જુઓ આગળ શ્લોક ૩૮.

"આપી અનંતભવમાં પ્રાપ્ત થનારાં દુઃખો દૂર કરી નાખીને મોક્ષ
"સુખને આત્મ સન્મુખ કેમ કરતો નથી?" ૩૧. ઉપજાતિ.

ભાવાર્થ–શરીર ઉપયોગી છે, પણ તેનાથી ધર્મસાધન, ઉચ્ચ મનોવૃત્તિ અને શુદ્ધ વ્યવહારમય જીવન વહન કરી શકાય તોજ. એ નાશવંત અને ક્ષણિક છે એ આપણે પાંચમા અધિકારમાં દેહમમત્વત્યાગના વિષય પરત્વે જોઇ ગયા. એ પોતાનું નથી એ તો સ્વતઃ સિદ્ધ છે. જો તારું હોત તો તારી સાથે આવત, પણ અનેક મિત્ર, સગા કે સંબંધીનાં દૃષ્ટાંતો જોઇ ચોક્કસ થાય છે કે એ તો અત્રજ રહી જાય છે, ત્યારે વાસ્તવિક રીતે તો એ એક માટીનો પિંડ છે. ત્યારે એ માટીના પિંડને ધર્મવ્યવહારરૂપ ચાકપર ચડાવી તપ, જપ, વ્રત, ધ્યાન વિગેરે આકૃતિ આપી જ્યાં સૂધી એ પાત્ર ચાલે ત્યાં સૂધી એને તારા ખરા ઉપયોગમાં શા માટે લેતો નથી? એ સમજણ રાખીશ તો એ પિંડથી દુઃખનો અત્યંતાભાવ થશે અને તેથીજ અનંત સુખ પ્રાપ્ત થશે અને સંસારનો પ્રસંગજ દૂર જશે. વ્રત કે તપાદિક કરવાથી શરીર તન્દુરસ્ત રહે છે અને પર-ભવે મહાસુખ મળે છે, એમ બેવડો લાભ થાય છે. ૨૧૨.

ચારિત્રનાં કષ્ટ. વિ. નારકી તિર્યંચનાં કષ્ટ.

यदत्र कष्टं चरणस्य पालने, परत्र तिर्यङ्नरकेषु यत्पुनः ।
तयोर्मिथः सप्रतिपक्षता स्थिता, विशेषदृष्ट्यान्यतरं जहीहि तत् ॥ ३२ ॥

"ચારિત્ર પાળવામાં આ ભવમાં જે કષ્ટ પડે છે અને પરભ-
"વમાં નારકી અને તિર્યંચગતિમાં જે કષ્ટ પડે છે તે બંનેને અર-
"સ્પરસ પ્રતિપક્ષીપણું છે, માટે સમજણ વાપરીને એમાંથી એકને
"તજી દે." ૩૨. વંશસ્થવિલ.

ભાવાર્થ–ચારિત્ર એટલે વર્તન. શુદ્ધ વર્તન રાખવામાં અને આત્મગુણરમણતા કરવામાં અભ્યાસકાળે કેટલું કેટલું સહન કરવું પડે છે. ખાસ કરીને કેટલીકવાર તાત્કાળિક લાભનો ભોગ આપવો પડે છે. એ ચારિત્રનો જૈન પરિભાષામાં સાધુજીવન એવો એક અર્થ થાય છે અને તે જીવન પાળવામાં ઉપાધિત્યાગ, પરિગ્રહ-ત્યાગ, ગૃહત્યાગ, સ્વાદિષ્ટ ભોજનનો ત્યાગ, ભૂમિશય્યા, અપ્રતિબદ્ધ

વિહાર, કેશનો લોચ વિગેરે અનેક પ્રકારનાં કષ્ટ સહન કરવાં પડે છે. આ સર્વ વ્યવહારિક કષ્ટ છે. હવે બીજી બાજુએ નારકી તથા તિર્યંચનાં દુઃખો સુપ્રસિદ્ધ છે. નારકીને સહેવાં પડતાં કુંભીપાક, વૈતરણી વિગેરે દુઃખો અને જનાવરોને સહેવાં પડતાં વધ, બંધન પ્રહારાદિનાં દુઃખો અન્યત્ર વર્ણવ્યાં છે.[1] આ પણ કષ્ટ છે. હવે ચારિત્રનાં અને પરભવનાં દુઃખોને પરસ્પર વિરોધ છે, એટલે એક હોય ત્યાં બીજું નહિ એમ છે. જેઓ અત્ર ચારિત્ર પાળી અનેક પ્રકારનાં કષ્ટો સહન કરે છે તેઓ આવતા ભવમાં મનુષ્ય કે દેવગતિ પામે છે, અને વધારે સ્થિરતાવાળો જીવ તો મોક્ષ પણ પ્રાપ્ત કરે છે, જ્યારે અત્ર વ્યસન સેવનાર, વિષયી, કપટવ્યવહારવાળા જીવોને પરત્ર દુર્ગતિ પ્રાપ્ત થાય છે. હે મુનિ! આ બે પ્રકારનાં કષ્ટો છે. તેમાંથી એક પ્રકારનાં તો સહેવાં જ પડશે. માટે વિવેકપૂર્વક વિચાર કરી એક ગ્રહણ કરી લે, એવી અમારી આસ ભલામણ છે. બન્ને પ્રકારનાં કષ્ટમાંથી કયા કયા કષ્ટનું જોર વધારે છે, કયા વધારે વખત ચાલે છે અને કયા શુભરાશિની પરંપરા ઉત્પન્ન કરે છે, એ સર્વ બાબતપર વિચાર કરી એ બેમાંથી એક વસ્તુ ગ્રહણ કર, અથવા શ્લોકની ભાષામાં કહીએ તો બેમાંથી એક કષ્ટ ત્યાગ કરવાનો નિર્ણય કર. ૨૧૩.

પ્રમાદજન્યસુખ. વિ-મુક્તિનું સુખ.

शमत्र यद्भिंदुरिव प्रमादजं, परत्र यच्चाब्धिरिव द्युमुक्तिजम् ।
तयोर्मिथः सप्रतिपक्षता स्थिता, विशेषदृष्ट्यान्यतरद् गृहाण तत् ॥२३॥

"આ ભવમાં પ્રમાદથી જે સુખ થાય છે તે બિંદુ જેટલું
"છે અને પરભવમાં દેવલોક અને મોક્ષ સંબંધી જે સુખ થાય
"છે તે સમુદ્ર જેટલું છે; આ બન્ને સુખને પરસ્પર પ્રતિપક્ષપણું
"છે, માટે વિવેક વાપરીને એમાંથી એકને તું ગ્રહણ કર." ૩૨.

ભાવાર્થ–ભાવ ઉપરના શ્લોકને મળતો જ છે. પ્રમાદ, કષાયાદિકમાં સુખ થોડું, થોડા વખતનું અને પરિણામે દુઃખ લાવ-

૧ જુઓ અધિકાર આઠમો–ચતુર્ગતિ દુઃખવર્ણન.
૨ द्युमुक्तिगमिति पाठांतरः

નારૂં હોય છે. જ્યારે સ્વર્ગ કે મોક્ષનાં સુખ લાંબાં કે અનંત, ચિરસ્થાયી અને ખરા સુખનો જ ખ્યાલ કરાવનારાં છે. આ બન્ને સુખને વિરોધ છે. એક હોય ત્યાં બીજું ન હોય. માટે વિવેક રાખી, વિચાર કરીને પ્રમાદનું કે સ્વર્ગ મોક્ષનું સુખ મેળવવા નિશ્ચય કર. ૨૧૪.

ચારિત્ર નિયંત્રણાનું દુઃખ વિ. ગર્ભાવાસ વિગેરેનું દુઃખ.

नियंत्रणा या चरणेऽत्र तिर्यक्स्त्रीगर्भकुंभीनरकेषु या च ।
तयोर्मिथः सप्रतिपक्षभावाद्विशेषदृष्ट्यान्यतरां गृहाण ॥ ३४ ॥

"ચારિત્ર પાળવામાં આ ભવમાં તારાપર નિયંત્રણા[1] થાય
"છે, અને પરભવે તિર્યંચગતિમાં, સ્ત્રીના ગર્ભમાં અથવા નાર-
"કીના કુંભીપાકમાં નિયંત્રણા (કષ્ટપરાધીનપણું) થાય છે. આ
"બન્ને નિયંત્રણાને પરસ્પર વિરોધ છે, માટે વિવેક વાપરીને
"એમાંથી એક ગ્રહણ કર." ૩૪. ઉપજાતિ.

ભાવાર્થ–સ્પષ્ટ છે. એમાંથી એક પ્રકારનું કષ્ટ સહન કરવું જ પડશે. અત્ર Choice between two evils એટલે બે દુઃખ વચ્ચે એકને પસંદ કરી લેવાનું છે. નારકીનું કષ્ટ કે તિર્યંચનું કષ્ટ બહુ સખત છે અને દીર્ઘકાળનું છે; જ્યારે સાધુજીવનમાં નિયંત્રણાનું કષ્ટ એ અતિ અલ્પ, અલ્પ સમય ચાલે તેવું અને ભવિષ્યમાં હિત કરનારૂં હોય છે. સર્વ પ્રકારનો વિચાર કરી એમાંથી એક ગ્રહણ કરવા તત્પર થજે. તાત્કાળિક સુખથી લેવાઈ જઈશ નહિ. પરિણામસુખપર વિચાર કરજે. ૨૧૫.

પરીષહ સહન કરવાનો ઉપદેશ (સ્વવશતામાં સુખ.)

सह तपोयमसंयमयंत्रणां, स्ववशतासहने हि गुणो महान्[2] ।
परवशस्त्वति भूरि सहिष्यसे, न च गुणं बहुमाप्स्यसि कंचन ॥३५॥

૧ વ્રત વિગેરેને લીધે સહન કરવું પડવું કષ્ટ તથા તીર્થંકર મહારાજ, ગુરૂ મહારાજની આજ્ઞાનું પરાધીનપણું.
૨ गुणो महान् इति स्थाने शिवं गुण इति पाठः

"તું તપ, યમ અને સંયમની નિયંત્રણા સહન કર. પોતાને
"વશ રહીને (પરીષહાદિનું દુઃખ) સહન કરવામાં મોટો ગુણ છે.
"પરવશ પડીશ ત્યારે તો દુઃખ બહુ બમવું પડશે અને તેનું ફળ
"કાંઈપણ થશે નહિ." ૩૫. દ્રુતવિલંબિત.

વિવેચન-તપ બાર પ્રકારનો છે. છ બાહ્ય અને છ અભ્યંતર. બાહ્ય તપમાં ઉપવાસ વિગેરે આવે છે અને અંતરંગ તપમાં પ્રાયશ્ચિત વિગેરે આવે છે. તેના ઉપર અગાઉ વિવેચન થઈ ગયું છે. યમ પાંચ છે. જીવવધત્યાગ, સત્યવચનઉચ્ચારણ, અસ્તેય (નષ્ટ થયેલું, પડેલું, વિસ્મરણ થયેલું અથવા ફેંકેલું પરદ્રવ્ય ન લેવું તે અથવા સર્વથા ચારે પ્રકારના અદત્તનો ત્યાગ કરવો તે), અખંડ બ્રહ્મચર્ય, અને ધનની મૂર્છાનો ત્યાગ; એટલે ટુંકામાં કહીએ તો પાંચ અણુવ્રતો કે મહાવ્રતોનું આદરવું એ યમ છે. સંયમ સત્તર પ્રકારે છે. ઉપર લખેલા પાંચ મહાવ્રતોનું આચરણ, ચાર કષાયનો ત્યાગ, મન, વચન, કાયાના યોગોપર અંકુશ અગર નિરોધ અને પાંચ ઇંદ્રિયોનું દમન–એ સત્તર પ્રકારે સંયમ છે. આ તપ, યમ અને સંયમને પાળવામાં થતાં બાહ્ય કષ્ટને યંત્રણા કહે છે. એ કષ્ટ તો છે પણ તે સ્વહસ્તે વહોરેલું અને પરિણામે શુભ ફળ આપનારું છે. એ દુઃખને ભવિષ્યમાં મહાન્ લાભ દેનાર જાણી સહન કરવામાં આવે તો તેમાંથી પણ આનંદ મળે છે અને મનમાં શાંતિ રહે છે. વળી બીજી પંક્તિમાં કહે છે તે બહુ અગત્યનું છે. સ્વવશપણે સહન કરવામાં બહુ લાભ છે. ભર્તૃહરિ કહે છે કે:

अवश्यं यातारश्चिरतरमुषित्वापि विषया,
वियोगे को भेदस्त्यजति न जनो यत्स्वयममून् ।
व्रजन्तः स्वातन्त्र्यादतुलपरितापाय मनसः,
स्वयं त्यक्ता ह्येते शमसुखमनंतं विदधति ॥

ઘણા વખત સુધી રહ્યા પછી પણ વિષયો આપણે તો જવાનાજ છે. લોકો જો તેને પોતાની મેળે તજી ન દે તોપણ તેનો વિયોગ થવાનો તેમાં કાંઈ બે મત છે જ નહિ. જો તેઓ પોતાની મેળે જશે તો મનપર મહા શોક મૂકીને જશે, જ્યારે આપણે જો

તેઓને તજી દઈએ તો મહાશાંતિ આપે છે. આ હકીકત અનુભવ સિદ્ધ છે. ઘડપણમાં ઇંદ્રિયોના વિષયો શરીરની નબળાઇથી તજવા પડે છે, ત્યારે પછી પૂર્વની ઇચ્છાને લીધે બાળચેષ્ટાઓ કરવી પડે છે. દાખલા તરીકે ગાંઠીઆનો લોટ કરવો પડે છે અને પાનને સુડીમાં મૂકી કાપવું પડે છે. મોટી વય સુધી વિષયો તજવાની ટેવ ન પડવાને લીધે આવી હાસ્યાસ્પદ સ્થિતિ પ્રાપ્ત થાય છે. તેને બદલે જો તે ઉમ્મર પ્રાપ્ત થયા પહેલાં સ્વયમેવ વિષયોને તજવામાં આવે તો બહુ આનંદ થાય છે.

વળી આ મનુષ્યભવમાં દશ વીશ પચીશ કે પચાસ વરસ સંયમ પાળી સ્વવશપણે જે આત્મવિભૂતિ પ્રાપ્ત થાય છે તેનું ફળ જ્યારે ચિરકાળ સુધીનાં સ્વર્ગનાં સુખ વા અનંત કાળ સુધીનાં મોક્ષનાં સુખ થાય છે ત્યારે અનુભવમાં આવે છે, અને અહીં જો તેમાં ગફલતી કરવામાં આવે છે તો પરભવે પરવશપણે અત્યંત દુઃખ સહન કરવાં પડે છે અને લાભ કાંઈ પ્રાપ્ત થતો નથી. આવી રીતે આજ ભવમાં પરીષહ સહન કરવામાં જ્યારે અનેક પ્રકારના લાભ છે, ત્યારે તે પરભવ ઉપર મુલતવી રાખવામાં દેખીતું નુકશાન છે. એ બાબતનો વિચાર કરી અત્ર શુદ્ધ વર્તન રાખી તપ, જપ, ધ્યાન, સંયમ, ઇંદ્રિયદમન વિગેરે બાબતમાં વારંવાર વધારો કરવા ચીવટ રાખવી યોગ્ય છે. ૨૧૬.

પરીષહ સહન કરવાનાં શુભ ફળ.

अणीयसा साम्यनियंत्रणाभुवा, मुनेऽत्र कष्टेन चरित्रजेन च ।
यदि क्षयो दुर्गतिगर्भवासगाऽसुखावलेस्तत्किमवापि नार्थितम् ॥३६॥

"સમતાથી અને નિયંત્રણા (પરીષહસહન)થી થયેલા થોડા જ
"કષ્ટવડે તેમજ ચારિત્ર પાળવાને લીધે થયેલા થોડા કષ્ટવડે જો
"દુર્ગતિમાં જવાની અને ગર્ભવાસમાં રહેવાની દુઃખપરંપરાનો
"ક્ષય થઈ જતો હોય તો તો પછી શું ઇચ્છિત તું પામ્યો નહિ?" ૩૬. વંશસ્થવિલ.

ભાવાર્થ–સમતા પ્રાપ્ત કરવા મનોનિગ્રહ વિગેરે કરવાં પડે છે, તેમાં સમતા આત્મિક ધર્મ હોવાને લીધે તે કરવામાં નામ પણ કષ્ટ પડતું નથી, ઉલટું સહજ સ્વરૂપમાં રહેવાથી અને ઇંદ્રિયની પ્રવૃત્તિ તજવાથી પરમ આનંદ અને સહજ આત્મિક શાંતિ જળવાઈ રહે છે અને સંકલ્પવિકલ્પરૂપ દાહજન્ય કષ્ટ થતું નથી; તેમજ ચારિત્ર પાળવામાં બાહ્ય કષ્ટ છે, પણ આત્મસંતોષ અપરિમિત છે, એટલે એને કષ્ટ કહેવાય જ નહિ. છતાં તકરારની ખાતર એને થોડું કષ્ટ કહો તોપણ એનાથી જો પરભવમાં થનારી ગર્ભવાસની અને નરક તિર્યંચની અનંત વેદના મટી જતી હોય તો તો પછી બીજું વધારે શું જોઇએ?

શાસ્ત્રકાર અનેક સ્થાને વારંવાર કહે છે કે ચારિત્ર અને સમતાથી દુર્ગતિનો નાશ થાય છે અને મોક્ષનાં અનંત સુખ મળે છે. વળી ઉપર ૩૨ મા શ્લોકમાં પણ આપણે આચાર્યના શ્રીમુખથી એ વચનની સત્યતા સાંભળી સ્વીકારી છે. તેથી ચારિત્રનાં કષ્ટને અને નારકી તિર્યંચનાં કષ્ટને પ્રતિપક્ષતા છે એ સ્પષ્ટ ભાસે છે. આવી રીતે થોડી ક્રિયા પણ બહુ લેખે લાગે છે માટે તદ્દન સાર વર્તન કરવા પ્રયાસ કરવો. ૨૧૭.

પરીષહથી દૂર ભાગવાનાં માઠાં ફળ.

त्यज स्पृहां स्वःशिवशर्मलाभे, स्वीकृत्य तिर्यङ्नरकादिदुखम् ॥
सुखाणुभिश्चेद्विषयादिजातैः, संतोष्यसे[1] संयमकष्टभीरुः ॥ ३७ ॥

"સંયમ પાળવાનાં કષ્ટથી બ્હી જઇને વિષય કષાયથી થતાં "અલ્પ સુખમાં જો તું સંતોષ પામતો હોય તો પછી તિર્યંચ નારકીનાં આગામી દુઃખો સ્વીકારી લે અને સ્વર્ગ તેમજ મોક્ષ "મેળવવાની ઇચ્છા તજી દે." ૩૭. ઉપજાતિ.

ભાવાર્થ–ઉક્ત અર્થ વ્યતિરેકપણે કહે છે. હે સાધુ! જો તું સંયમ કે જેમાં કષ્ટ નથી તેમાં પીડા લાગતી હોય અને વિષય

૧ પાઠાંતર संतोष्यते. એ પાઠ લેવો હોય ત્યારે કર્ત્તા તરીકે આત્મા ન લઈ બીજાને ઉપદેશ આપ્યો છે એમ સમજવું.

સેવવામાં સુખ લાગતું હોય તો પછી મોક્ષની આશા છોડી દે, તેની ઇચ્છા પણ છોડી દે અને નારકી તિર્યંચનાં ભયંકર દુઃખો સ્વીકારી લે. અર્થ સ્પષ્ટ છે, પરંતુ એમાં ગ્રંથકર્ત્તાનો હૃદયભાવ સમજવા જેવો છે. જીવની વર્તમાન દશા સુધારવાની શુભ ઇચ્છામાં પ્રવૃત્ત થયેલા સૂરિ કટાક્ષ રૂપે કડવી ઔષધિનું પાન કરાવે છે, એ બરાબર સમજીને એના આશય પ્રમાણે વર્તન કરવું. ૨૧૮.

પરીષહ સહન કરવામાં વિશેષ શુભ ફળ.

समग्रचिंतार्त्तिहृतेरिहापि, यस्मिन्सुखं स्यात्परमं रतानाम् ।
परत्र चेंद्रादिमहोदयश्रीः, प्रमाद्यसीहापि कथं चरित्रे ॥ ३८ ॥

"ચારિત્રથી આ ભવમાં સર્વ પ્રકારની ચિંતા અને મનની "આધિનો નાશ થાય છે તેથી તેમાં જેને લય લાગી હોય તેઓને "મોટું સુખ થાય છે અને પરભવમાં ઇંદ્રાસન કે મોક્ષની મહા લક્ષ્મી "મળે છે. આ પ્રમાણે છે છતાં પણ આ ચારિત્રમાં શામાટે પ્રમાદ "કરે છે?" ૩૮. ઉપજાતિ.

ભાવાર્થ–ચિંતા=રાજ્યભય ને ચોરભય.

આર્ત્તિ=પોતાનું અને બીજાનું ભરણ પોષણ વિગેરેથી થતી માનસિક પીડા.

સાધુ જીવનમાં મોટે ભાગે self-denial સ્વાત્મ સંતોષ અને લભ્ય વસ્તુનો પણ ત્યાગ જોવામાં આવે છે. એ સ્વાત્મ સંતોષ અને સ્વયંત્યાગમાં કેટલો આનંદ છે તે આપણે અનેક પ્રસંગે અગાઉ જોઈ ગયા છીએ. એમાં ચિંતા કે બીજા કોઇપણ પ્રકારની માનસિક ઉપાધિની ગેરહાજરી જોવામાં આવે છે. આ મોટા લાભ આગળ બીજી સર્વ વસ્તુઓ અલ્પ છે, નાની છે, નકામી છે, અવગણનાને યોગ્ય છે. એ માનસિક સુખ પ્રાપ્ત કરવા માટે ગમે તે પ્રકારની અગવડ સહન કરવી પડે તોપણ તેમાં પાછા હઠવું જોઇએ નહિ. આ સ્થૂળ સુખ ઉપરાંત આત્મિક વૃત્તિ શુદ્ધ થવાથી નવીન કર્મબંધ થતો નથી અથવા થાય છે તો શુભ થાય છે. પ્રથમથી (કર્મબંધના અભાવે) મોક્ષલક્ષ્મી પ્રાપ્ત થાય છે ત્યારે બીજાથી (શુભ

કર્મબંધથી) ઇંદ્ર, મહર્ધિક દેવ વિગેરેની મહાલક્ષ્મી પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે ચારિત્રથી સર્વત્ર આનંદ છે. ટીકાકાર તેટલા માટેજ કહે છે કે—

न च राजभयं न च चौरभयं, न च वृत्तिभयं न वियोगभयम् ।
इहलोकसुखं परलोकसुखं, श्रमणत्वमिदं रमणीयतरम् ॥

એટલે "સાધુજીવનમાં રાજભય, ચોરભય, વૃત્તિ (આજીવિકા) ભય કે વિયોગભય નથી, આ ભવમાં પણ સુખ છે અને પરભવમાં પણ સુખ છે. તેથી સાધુપણું રમણીય છે." આમ હકીકત છે, ત્યારે હે આત્મન્! તું સર્વ પ્રકારે લાભ કરે તેવા જીવનને પ્રાપ્ત કરવામાં અથવા પ્રાપ્ત કરીને તેનો નિર્વાહ કરવામાં શામાટે પ્રમાદ કરે છે? ૨૧૯.

* * ૨૧૧–૨૧૯ સુધીના નવ શ્લોકો બહુ અસરકારક અને ખાસ યતિજીવનને ઉદ્દેશીને લખાયા છે. એમાં પરીષહસહન અને પ્રમાદત્યાગનો વિષય મુખ્ય છે. એ બાવીશ પરીષહ સહન કરવાથી મુનિજીવન સફળ થાય છે. એ બાવીશ પરીષહ નીચે પ્રમાણે છે.

સમતાથી ક્ષુધા સહન કરવી.
સમતાથી તૃષા સહન કરવી.
સમતાથી ઠંડી–ટાઢ ખમવી.
સમતાથી તાપ–ગરમી ખમવી.
સમતાથી ડાંસ–મત્સરના ડંસ ખમવા.
વસ્ત્ર પ્રમાણોપેત રાખવાં.
સંયમમાં અપ્રીતિ ન કરવી.
સ્ત્રીસંસર્ગ સર્વથા તજવો.
અપ્રતિબદ્ધ વિહાર કરવો.
અભ્યાસના સ્થાનની મર્યાદા સાચવવી.
ગમે તેવી શય્યાને લીધે રાગદ્વેષ ન કરવો.
સમતાથી તિરસ્કાર સહન કરવો.
સ્વવધ થાય તોપણ ધર્મત્યાગ ન કરવો.
યોગ્ય યાચના કરતાં શરમાવું નહિ.

યાચના કરતાં છતાં ન મળે તોપણ મનની સ્થિતિસ્થાપકતા ખોવી નહિ.
રોગની પીડા સમતાથી સહેવી.
ડાભ તૃણાદિનો સ્પર્શ ખમવો.
શરીરના મળથી જુગુપ્સા કરવી નહિ.
સત્કાર–આદર થાય કે નહિ તેની દરકાર રાખવી નહિ, કે થાય ત્યારે પુલાઈ જવું નહિ.
જ્ઞાનવાન્પણાને લીધે અહંકાર કરવો નહિ.
અજ્ઞાનપણાથી ન આવડે તો ભણતાં કંટાળવું નહિ.
શ્રદ્ધા દૃઢ રાખવી.

એ બાવીશ પરીષહ મધ્યે અનુકૂળ અને પ્રતિકૂળ સર્વ પરિષહ સહન કરવાથી મહા સંવર થાય છે એટલે તે વખત દરમ્યાન જીવ નવાં કર્મો ગ્રહણ કરતો નથી. એ સ્થૂળ પરીષહ છે એટલું જ નહિ પણ માનસિક પણ છે. એનો આભાસ મનોરાજ્યમાં પણ તેવી જ પ્રબળતાથી થાય છે અને એની હાજરીથી જીવને બહુ વીર્યોલ્લાસ થાય છે. એક એક પરીષહનું સ્વરૂપ ધ્યાન રાખી વિચારવાથી જણાશે કે સ્થૂળ અગવડ સહન કરવામાં તૈયારી બતાવવાથી આ જીવ બહુ સુખ મેળવી શકે છે. સાધુજીવનને ઉદ્દેશીને લખાયલા આ વિચારો ઘણે અંશે ગૃહસ્થોને પણ અનુકરણીય છે. જેઓ પરભવ, આત્મા અને પુદ્ગળનો ભિન્ન સ્વભાવ અને ભિન્ન ભિન્ન હયાતી સ્વીકારતા હોય તેઓને જ આ આધ્યાત્મિક વિષયમાં આનંદ આવે એવું છે. એ વિષયમાં ઊંડા ઉતરવાની ખાસ જરૂર છે, પણ અત્ર તો તેવા વ્યવહારની હાજરી સ્વીકારીને જ ગ્રંથયોજના થઈ છે. આવા પ્રકારના આસ્તિક જીવોએ થોડા કષ્ટનો ભોગે સદાનું મહા સુખ પ્રાપ્ત કરવા સારૂ પ્રબળ પુરૂષાર્થ ફોરવવો એ ખાસ જરૂરનું છે. એટલું જ નહિ પણ મહા લાભકારક છે. આ 'યતિશિક્ષા'ના વિષયમાં વારંવાર પુનરાવર્તન આવે છે, પરંતુ તે દોષ નથી, કારણ કે આ અનાદિ મિથ્યાભ્યાસી જીવને શુદ્ધ ઉપદેશ વારંવાર ઠસાવવા સારૂ ચોકસ ધરાદાથી થયેલું એ પુનરાવર્તન છે, અને એનો આશય બહુ ગંભીર હોવા સાથે શુભ છે.

સુખસાધ્ય ધર્મકર્તવ્ય-પ્રકારાંતર.

महातपोध्यानपरीषहादि, न सत्वसाध्यं यदि धर्तुमीशः ।
तद्भावनाः किं समितीश्च गुप्तीर्धत्से शिवार्थिन्न मनःप्रसाध्याः॥ ३९॥

"ઉગ્ર તપસ્યા, ધ્યાન, પરીષહ વિગેરે સત્વથી સાધી શકાય
"તેવા છે તે સાધવાને તું શક્તિવાન્ ન હો તોપણ ભાવના સમિતિ
"અને ગુપ્તિ જે મનથીજ સાધી શકાય તેમ છે તેને હે મોક્ષાર્થી!
"તું કેમ ધારણ કરતો નથી?" ૩૯. ઉપજાતિ.

વિવેચન–નવ શ્લોકમાં પરીષહ સહન કરવાનો ઉપદેશ આપ્યો. છ માસાદિક તપસ્યા અને મહા પ્રાણાયામાદિક ધ્યાન તેમજ મોટા ઉપસર્ગ પરીષહો સહન કરવાનું કદાચ પંચમ કાળના પ્રભાવે શારીરિક બળ ન હોય તોપણ તેઓ માટે રસ્તા બંધ નથી. તેઓ પણ ધારે તો લાભ પ્રાપ્ત કરી શકે તેમ છે. મનપર અંકુશ હોય તો તેને અનુસારે ઇંદ્રિયદમન, આત્મસંયમ, યોગરૂંધન વિગેરે શારીરિક કષ્ટ વગરનાં મહા વિકટ કાર્યો પણ બની શકે છે. તેથી જ ઉપર કહ્યું છે કે તારાથી માસખમણ વિગેરે તપસ્યા, મહા પ્રાણ-વાયુદમન (મહા પ્રાણાયામ) વિગેરે ધ્યાન અથવા સ્થૂળ ભાવીશ પરીષહસહન વિગેરે ન બને તો પણ તારે ધર્મબુદ્ધિને અંગે ઉત્પન્ન થતી સંસારની અનિત્યતા ભાવવી, તારૂં એકત્વપણું વિચારવું, શરી-રને અશુચિનો પિંડ સમજી તેના પરની મમતા ઘટાડવી વિગેરે સુપ્રસિદ્ધ[1] બાર ભાવના ભાવવી એ તારૂં ખાસ કર્તવ્ય છે, તેમજ પ્રથમ અધિકારમાં વર્ણવેલી મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય અને માધ્યસ્થ એ ચારે ભાવના નિરંતર ભાવવી એ પણ તારી ફરજ છે. એ ઉપ-રાંત કોઈ પણ વસ્તુ લેતાં મૂકતાં, ચાલતાં, બેસતાં, બોલતાં ઉપ-યોગ રાખવો એમાં સમિતિનો સમાવેશ થાય છે જ્યારે મનવચ-નકાયાની પ્રવૃત્તિપર અંકુશ રાખવો એ ગુપ્તિ કહેવાય છે. એ સમિતિ ગુપ્તિ ધારણ કરવી તે તારા મનોબળપર આધાર રાખે છે. તેને તું ધારીશ તો એને અંગે ઘણું કરી શકીશ. એ સંબંધમાં હજી આગળ વિસ્તારથી વિવેચન કરવામાં આવશે. ૨૨૦.

[1] જુઓ નીચેના ચાળીશમા શ્લોકપરનું વિવેચન.

ભાવના-સંયમ સ્થાન-તેનો આશ્રય.

अनित्यताद्या भज भावनाः सदा, यतस्व दुःसाध्यगुणेऽपि संयमे ।
जिघत्सया ते त्वरते ह्ययं यमः[1], श्रयन् प्रमादान्न भवाद्भिषे किम् ४०

"અનિત્યપણું વિગેરે સર્વ ભાવનાઓ નિરંતર ભાવ, જે સંયમ-
"ના (મૂળ તથા ઉત્તર) ગુણો મુશ્કેલીથી સાધી શકાય છે તેમાં
"યત્ન કર, આ યમ (કાળ) તને ખાઈ જવા માટે ઉતાવળ કરે
"છે; ત્યારે પ્રમાદનો આશ્રય કરતી વખતે તું શું સંસારભ્રમણથી
"બીતો નથી?" ૪૦. વંશસ્થવિલ.

વિવેચન–૧ આ સંસારમાં કોઈ વસ્તુ નિત્ય નથી, સર્વ નાશવંત છે, આત્મા માત્ર નિત્ય છે.

૨ આ જીવને જિનવચન સિવાય કોઈનો આધાર નથી, તે ધારે તો પોતાની સત્તા સિદ્ધ કરી પોતાના પગ ઉપર ઊભો રહી શકે.

૩ આ સંસારમાં ભ્રમણ કરતાં જીવ અનેક વખત રંક અને રાજા થાય છે, ભિક્ષુ અને ઇંદ્ર થાય છે, રોગી અને પુષ્ટ થાય છે. તેમજ સંબંધમાં પણ પુત્ર હોય તે પિતા થાય છે, સ્ત્રી હોય તે માતા થાય છે, માતા સ્ત્રી થાય છે. આ વિગેરે અનેક પ્રકા-રની વિચિત્રતા થયાજ કરે છે.

૪ આ જીવ એકલો આવ્યો છે, એકલો જવાનો છે. એનું કોઈ નથી, એ કોઇનો નથી, એની સાથે કોઈ જવાનું નથી.

૫ જેને હે આત્મન્! તું તારૂં ગણે છે, તારાં ગણે છે, તે તારૂં નથી કે તારાં નથી. પૌદ્ગલિક વસ્તુઓ પર છે, વિનાશી છે, ત્યાજ્ય છે. તેમજ સગાં સ્નેહી, સ્ત્રી, પુત્રાદિ પણ તારાં નથી. તું સર્વથી ભિન્ન છે.

૬ શરીરપર તને મહા મોહ છે. પણ તેમાં અશુચિ ભરેલી છે, દુર્ગંધી વસ્તુથી ભરપૂર છે, તેમાંના એક પદાર્થપર પણ પ્રીતિ થાય તેવું નથી. માંસ, રૂધિર, ચરબી, હાડકાં અને ચામડી એ

[1] ह्ययं यमः इात स्थानेऽस्यम: इति पाठ]

સર્વ અપવિત્ર પદાર્થોનું તે બનેલું છે. માટે શરીરપર મમત્વ છોડી દેવો.

૭ મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને મન, વચન, કાયાના યોગો-થીજ કર્મબંધ થાય છે, એ શુભાશુભપણું સમજવું, અને એનો પ્રવાહ વિચારવો એ આશ્રવભાવના કહેવાય છે.

૮ તેવીજ રીતે સમિતિ, ગુપ્તિ, યતિધર્મ, ચારિત્ર, પરીષહસહન વિગેરે કાર્યોથી કર્મબંધ થતો અટકે છે, કર્મનું પ્રવેશદ્વાર બંધ થાય છે. એ સંબંધી વિચાર કરવો એને સંવરભાવના કહે-વામાં આવે છે.

૯ એ ઉપરાંત આત્મપ્રદેશ સાથે લાગેલાં જૂનાં કર્મોને બાહ્ય અભ્યંતર તપ કરીને ખેરવી નાખવા, એનો વિપાકોદય થવા દેવોજ નહિ એ પ્રબળ પુરૂષાર્થને નિર્જરા કહેવામાં આવે છે. એની વિચારણાને નિર્જરા ભાવના કહેવામાં આવે છે.

૧૦ વિશ્વમંડળની રચના, નરકના પાથડા તથા આંતરાનું સ્વરૂપ, મૃત્યુલોકનો પ્રદેશ, બાર દેવલોક, ગ્રૈવેયક, અનુત્તર વૈમાન અને મોક્ષનું સ્થાન, તેમાં રહેલા જીવો અને તે સર્વ સાથે પોતાનો સંબંધ અને તે સર્વ સ્થળમાં થયેલાં અનંતવાર જન્મમરણ વિચારવાં.

૧૧ ધર્મ જીવને દુર્ગતિમાં પડતાં બચાવે છે, એ કરતી વખત મનમાં આનંદ થાય છે અને કોઇને નુકશાન થતું નથી. એ ધર્મ, દાન, શીલ, તપ ને ભાવ એ ચાર રૂપે, અથવા સાધુના દશ યતિધર્મરૂપે, શ્રાવકના બાર વ્રત તેમ જ એકવીશ ગુણ રૂપે, માર્ગાનુસારીના પાંત્રીશ ગુણરૂપે, એમ અનેકરૂપે શાસ્ત્રમાં વર્ણવ્યો છે. તેને કહેનાર ઉત્તમ પુરૂષોની દુર્લભતા વિચારવી.

૧૨ શુદ્ધ દેવ ગુરૂ અને ધર્મને ઓળખવા મુશ્કેલ છે, ઓળખીને તેને પૂજવા, વાંદવા ને આરાધવા એ વધારે મુશ્કેલ છે, પરંતુ તેજ બરૂં કર્ત્તવ્ય છે.

આ બાર ભાવના નિરંતર ભાવવી. એ ઉપરાંત મૈત્રી, પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થ એ ચાર ભાવનાઓ પણ બાસ નિરંતર ભાવવી. (એનું સ્વરૂપ પ્રથમ અધિકારમાં સ્પષ્ટ કર્યું છે.)

હે સાધુ! તારે ચરણસિત્તરી અને કરણસિત્તરી બહુ સારી રીતે પાળવી જોઇએ. એ દરેકના સીત્તેર સીત્તેર ભેદ લખતાં લંબાણ થાય તેમ છે છતાં પણ સંક્ષેપથી એ સિત્તેર ભેદનું સ્વરૂપ અત્ર બતાવીએ છીએ, કારણ કે એ સાધુજીવનમાં બહુ જ ઉપયોગી છે.

પ્રથમ ચરણચિત્તરીના ૭૦ ભેદ બતાવીએ છીએ.[1]

વયસમણધમ્મ સંજમ, વેયાવચ્ચં ચ બંભગુત્તીઓ ।
નાણાઇતિયં તવ કોહ નિગ્ગહાઇં ચરણમેયમ્ ॥

૫ મહાવ્રત—એ સુપ્રસિદ્ધ છે.
૧૦ યતિધર્મ—એ બહુ જ ઉપયોગી છે. એ યતિજીવન જ છે.
૧ ક્ષમા ધારણ કરવી.
૨ અહંકારનો ત્યાગ કરવો.
૩ સરળતા રાખવી.
૪ લોભનો ત્યાગ કરવો.
૫ તપસ્યા કરવી.
૬ આશ્રવની વિરતિ કરવી.
૭ સત્ય ધારણ કરવું.
૮ સંયમમાં નિરતિચારપણું રાખવું.
૯ ધન મમત્વ ત્યાગ—ધનનો ત્યાગ કરવો.
૧૦ અખંડ બ્રહ્મચર્ય પાળવું.

૧૭ પ્રકારે સંયમ.

પાંચ આશ્રવનું વિરમણ. નવા કર્મબંધ કરાવનાર પ્રાણાતિપાતાદિ પાંચ મહાદોષોથી વિરામ પામવો.
પાંચ ઇંદ્રિયોનું દમન, ચાર કષાયનો ત્યાગ, મન વચન કાયાના (ત્રણ) દંડથી વિરતિ, એ સત્તર પ્રકારે સંયમ છે.
એ સિવાય બીજી રીતે પણ સત્તર ભેદ ગણી શકાય છે. તેને માટે પણ સદ્ધરહુ ગ્રંથનું પૃષ્ઠ ૧૬૪ જોવું.

૧૦ પ્રકારે વડીલોની વેયાવચ્ચ.

૧ આચાર્ય, ૨ ઉપાધ્યાય, ૩ તપસ્વી, ૪ નવ દીક્ષિત શિષ્ય,

ગ્રંથ, [1] વિશેષ વિસ્તારથી આનું સ્વરૂપ જાણવાના જીજ્ઞાસુએ 'પ્રવચન સારોદ્ધાર પ્રકરણ રત્નાકર ભાગ ત્રીજાના પૃષ્ઠ ૧૬૦ થી ૨૨૮ સુધી જોવો.

૫ રોગી સાધુ, ૬ સામાન્ય સાધુ, ૭ સ્થવિર, ૮ ચતુર્વિધ સંઘ, ૯ કુલ અને ૧૦ ગણ (સાધુનો મોટો નાનો સમુદાય). એ સર્વને અધિકાર અને યોગ્યતા પ્રમાણે આહાર આપીને, તેમની તજવીજ કરીને કે સેવા કરીને તેમને યોગ્ય સમાધિ-સાધન તૈયાર કરી આપવું તે વૈયાવચ્ચ.

૯ બ્રહ્મચર્ય ગુપ્તિ–એને શીયળની નવ વાડો કહે છે.

૧ જે સ્થાનમાં સ્ત્રી, પશુ અને નપુંસક હોય ત્યાં વસવું નહિ.

૨ સ્ત્રી સાથે કથા કરવી નહિ, સ્ત્રી સંબંધી કથા કરવી નહિ. સ્ત્રી સાથે એકલા વાત કરવી નહિ.

૩ સ્ત્રી જે આસનપર બેઠી હોય તે આસનપર સાથે બેસવું નહિ. તેના ઉઠી ગયા પછી પણ તે આસનપર બે ઘડી સુધી બેસવું નહિ.

૪ સ્ત્રીના કોઇપણ અવયવ ઉપર તાકીને જોવું નહિ. સામાન્ય રીતે જોવાઈ જાય તો દૃષ્ટિ ખેંચી લઈ તે અવયવની સુંદરતા સંબંધી ચિંતવના કરવી નહિ.

૫ દંપતીની કામવિકારાદિજન્ય વાત જે હોલની પડખેના હોલમાં થતી હોય તેવા હોલમાં સુવું કે બેસવું નહિ.

૬ અગાઉ સાંસારિક સુખવિલાસ ભોગવ્યા હોય તે યાદ લાવવા નહિ.

૭ સ્નિગ્ધ, માદક વસ્તુ બાવી નહિ. અવિકારી ખોરાક લેવો.

૮ અવિકારી ખોરાકપણ અધિક બાવો નહિ. ફક્ત શરીરધારણ સારૂ નિર્વાહમાત્ર લેવો.

૯ શરીરની વિભૂષા કરવી નહિ.

૩ જ્ઞાનાદિ ત્રય.

શુદ્ધ અવબોધ, શુદ્ધ શ્રદ્ધા અને નિરતિચાર વર્તન.

૧૨ તપસ્યા. ૬ બાહ્ય અને ૬ અભ્યંતર.

૧ ઉપવાસાદિ કરી બાવું નહિ તે અનશન. ૨ બાકીનું બાવું તે ઉણોદરિકા. ૩ બોછી વસ્તુઓ બાવી તે વૃત્તિસંક્ષેપ.

૪ વિગયત્યાગ કરવો તે રસત્યાગ. ૫ શરીરને જે ક્રિયાથી કલેશ થાય–કષ્ટ પડે તે કાયક્લેશ. ૬ શરીરનાં અંગોપાંગ સંકોચી રાખવાં તે સંલીનતા.

૧ પ્રાયશ્ચિત્ત, ૨ વિનય, ૩ વૈયાવચ્ચ, ૪ જ્ઞાનાભ્યાસ, ૫ ધ્યાન અને ૬ ઉત્સર્ગ.

૪ કષાય ત્યાગ.

એ ચરણસિત્તરીના ૭૦ ભેદ થયા.

હવે કરણસિત્તરીના ૭૦ ભેદ લખીએ છીએ.

૪ પિંડ, શય્યા, વસ્ત્ર અને પાત્ર અકલ્પનીય લેવાં નહિ.

પિંડ વિશુદ્ધિમાં ૪૨ દોષ રહિત આહાર લેવો.

સોળ દોષ પિંડની ઉત્પત્તિને લગતા છે.

પિંડ શુદ્ધ હોય તોપણ સંજોગબળથી સોળ દોષ પ્રાપ્ત થાય છે.

દશ દોષ એષણાને લગતા છે. શુદ્ધ આહારને લેતી વખતે જોવાતા શંકા વિગેરે દોષો.

(એ બેંતાળીશ દોષનું સ્વરૂપ બહુ વિસ્તારથી સમજવા યોગ્ય છે. અત્ર લખતાં ગ્રંથગૌરવ થાય તેમ છે તેથી લખ્યું નથી. જુઓ પ્રવચન સારોદ્ધાર–પ્રકરણ રત્નાકર ૩ જો ભાગ પૃષ્ઠ ૧૬૮.)

૫ સમિતિ.

૧ સાડા ત્રણ હાથ આગળ દૃષ્ટિ રાખી, જોઈને ચાલવું.

૨ નિર્દંભપણે સત્ય અને સર્વને અભિમત થાય તેવું થોડું પણ મુદ્દાસર અને હિતકારી બોલવું.

૩ દોષ વગરનાં આહાર પાણી વિગેરે લેવાં.

૪ વસ્તુઓ લેતાં મૂકતાં પ્રમાર્જનાદિ ઉપયોગ રાખવો.

૫ લઘુશંકા, વડીશંકા વિગેરે કરતાં ભૂમિશોધન કરવું.

૧૨ ભાવના.

તેનું સ્વરૂપ વિસ્તારથી ઉપર લખ્યું છે.

૧૨ સાધુની પ્રતિમા.

વજ્રઋષભનારાચ સંઘયણવાળો ધીરજવાળો સત્ત્વવંત પ્રાણી શાસ્ત્રમાં બતાવેલી વિધિ પ્રમાણે મુનિની ૧૨ પ્રતિમા વહન

કરે. વિસ્તારથી સ્વરૂપ સદ્દરહુ પ્ર. સા. ગ્રંથના પૃષ્ઠ ૨૧૭ થી જોઈ લેવું.

૫ ઇંદ્રિયનિરોધ. સ્પષ્ટ છે.

૨૫ પ્રતિલેખના.

સવાર બપોર અને સાંજનાં સર્વ ઉપકરણોની પ્રતિલેખના કરવી (જુઓ પ્ર. સા. પૃષ્ઠ ૨૨૫)

૩ ગુપ્તિ. મનવચનકાયાના યોગોપર અંકુશ રાખવો અગર રૂંધવાં.

૪ અભિગ્રહ. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી અભિગ્રહ-નિયમ કરવા તે.

ચરણસિત્તરી નિત્ય અનુષ્ઠાન છે અને કરણસિત્તરી પ્રયોજન વશાત્ પ્રાપ્ય અનુષ્ઠાન છે.

આ સર્વ સાધુયોગ્ય કર્ત્તવ્યમાં તું પ્રવૃત્તિ કરજે. પ્રમાદથી સંસાર વધતો જાય છે, મૃત્યુ નજીક આવતું જાય છે અને ગયેલ વખત ફરી મળતો નથી. તેમ જ આ મનુષ્યદેહ ફરીને મળવો મહા દુર્લભ છે. ૨૨૧.

યોગરૂંધનની આવશ્યકતા.

[1]હતં મનસ્તે કુવિકલ્પજાલૈર્વચોપ્યવદ્યૈશ્ચ વપુઃ પ્રમાદૈઃ।
લબ્ધીશ્ચ સિદ્ધીશ્ચ તથાપિ વાંછન્, મનોરથૈરેવ હહા હતોસિ ॥ ૪૧ ॥

" તારૂં મન ખરાબ સંકલ્પ વિકલ્પથી હણાયલું છે, તારાં વચન
" અસત્ય અને કઠોર ભાષણથી ખરડાયાં છે અને તારૂં શરીર પ્રમા-
" દથી બગડયું છે, છતાં પણ તું લબ્ધિ અને સિદ્ધિની વાંછા કરે છે.
" અરેઅર! તું (મિથ્યા) મનોરથથી હણાયો છે." ૪૧. ઉપજાતિ.

૧ પ્રથમ પંક્તિસ્થાને " દગ્ધં મનો મે કુવિકલ્પજાલૈઃ " ચતુર્થ પંક્તિસ્થાને " મનોરથૈરેવ હહા વિહન્યે " ઇતિ વા પાઠઃ આ પાઠાંતરમાં બીજા પુરૂષને ઉદ્દેશીને કહેવાને બદલે આત્માને ઉદ્દેશીને પ્રથમ પુરૂષમાં તેજ ભાવ કહે છે. એ પાઠ પણ સમીચીન છે. એનો અર્થ " મારૂં મન કુવિકલ્પોથી બળી ગયું છે, વચન અસત્ય અને કઠોર ભાષણથી ખરડાયાં છે અને શરીર પ્રમાદથી બગડયું છે; છતાં પણ લબ્ધિ, સિદ્ધિની વાંછા કરીને અરેરે! હું મનોરથથી હણાયો છું." આ અર્થનો ભાવ સમજાય તેવો છે. આને માટે જુઓ ચાલુ અધિકારનો શ્લોક ૧૮ મો.

ભાવ-'મન સાધ્યું તેણે સઘળું સાધ્યું' એ મહાન્ નિયમની સત્યતા મનોનિગ્રહદ્વારમાં આપણે જોઇ ગયા છીએ. એવી જ રીતે વચન અને કાયાનો નિગ્રહ કરવાની જરૂરીઆત પણ આપણે જોઇ ગયા છીએ. એ ત્રણે યોગોને છૂટા મૂકીને પછી લબ્ધિ સિદ્ધિની ઇચ્છા રાખવી એ તદ્દન મિથ્યા છે, અસંભવિત છે, અવિચારી છે. એવે પ્રસંગે લબ્ધિ થવાની કે સિદ્ધિ થવાની ઇચ્છા રાખવી એ મનમાં નકામો કલેશ કરાવનાર થઇ પડે છે. એનું પરિણામ કાંઇ આવતું નથી અને ખેદ થવાથી ઉલટી આત્મઅવનતિ થાય છે. માટે ત્રિકરણ યોગોને મોકળા મૂકી દઈ લબ્ધિ સિદ્ધિ મેળવવાના નકામા મનોરથો કરવા જ નહિ. ગૌતમ સ્વામીને લબ્ધિઓ પ્રાપ્ત થઈ હતી એ આપણે જાણીએ છીએ, પરંતુ એનું યોગવશીકરણ એટલું તો ઉત્તમ હતું કે વીરપ્રભુપર રાગ ન હોત તો પરમ જ્ઞાન પણ ઘણું જલદી મેળવી શકયા હોત. હે સાધુ! યોગ વશ કરવાની બહુ જ જરૂર છે. સંસાર દુઃખનો આત્યંતિક નાશ અને સિદ્ધિલક્ષ્મીનો પ્રસાદ તેનાથી બહુ જ જલદી પ્રાપ્ત થાય છે એટલું ધ્યાનમાં રાખી યોગ ગુપ્તિ માટે હવે જરા ધ્યાન રાખી નીચેના ત્રણ શ્લોક વાંચ. ૨૨૨.

મનોયોગપર અંકુશ-મનગુપ્તિ.

મનોવશસ્તે સુખદુઃખસંગમો, મનો મિલેદ્યૈસ્તુ તદાત્મકં ભવેત્।
પ્રમાદચોરૈરિતિ વાર્યતાં મિલચ્છીલાંગમિત્રૈરનુષંજયાનિશમ્ ॥ ૪૨ ॥

" તને સુખ દુઃખની પ્રાપ્તિ થવી એ તારા મનને વશ છે. મન
" જેની સાથે મળે છે તેની સાથે એકાકાર-એકમેક થઈ જાય છે. તેથી
" પ્રમાદરૂપ ચોરને મળતાં તારા મનને રોકી રાખ-અટકાવ અને
" શીલાંગરૂપ મિત્રોની સાથે તેને નિરંતર જોડ્યા કર." ૪૨. વંશસ્થ.

ભાવાર્થ-મન એવ મનુષ્યાણાં કારણં બંધમોક્ષયોઃ એ સૂત્રનું રહસ્ય ચિત્તદમન અધિકારમાં આપણે જોઈ ગયા. કર્મબંધપર સુખ દુઃખનો આધાર છે અને બંધનું કારણ મન છે, તેથી સુખદુઃખપ્રાપ્તિ કરવી એ મનને વશ છે. આ એક હકીકત થઈ. એનું કારણ એ છે કે

મન જેને મળે તેના જેવું તે થઈ જાય છે. શાસ્ત્રકાર તેને તેલ સાથે સરખાવે છે. તેલ થોડું હોય પણ પાણીમાં નાખે તો જેમ ફેલાઈ જાય છે તેમ સંસારના પવનજળમાં મનને મોકળું મૂકયું હોય તો તે દોડાદોડ કરી મૂકે છે. વળી તેલની સાથે જેવાં પુષ્પ મેળવીએ તેવી તેની ગંધ થાય છે. ઊંચુ અત્તર પણ તેલ મળવાથી થાય છે, અને તેલમાં મોગરો, ચંબેલી વિગેરે મેળવવાથી તેવી ગંધ થાય છે; માટે જો મનને સારી વસ્તુ સાથે મેળવવા પ્રયત્ન કરીશ તો તે સારૂં થશે અને નહિ તો વિપરીત થશે.

તાદાત્મ્ય થવાને અંગે જળનું દૃષ્ટાંત જાણવા જેવું છે. જેમ પાણીમાં રંગ નાખ્યો હોય તો તે એક રૂપ થઈ જાય છે, તેવીજ રીતે સાંસારિક કાર્યોમાંના કોઈપણ સાથે મનરૂપ જળને મેળવ્યું હોય તો મન તેના જેવું થઈ જાય છે, તેમજ શીલાંગ સાથે મનને જોડયું હોય તો તે રૂપ પણ થઈ જાય છે.

આ પ્રમાણે મનની સંબંધક વસ્તુ સાથે થતી તાદાત્મ્યરૂપ-પ્રાપ્તિ તરફ ધ્યાન ખેંચી કહે છે કે, હે યતિ! આ પ્રમાણે વસ્તુ-સ્વરૂપ છે તેથી તારા મનને પ્રમાદની સોબત થવા દઈશ નહિ, નહિ તો એ પ્રમાદી બની જશે. એને તો શીલાંગ સાથે જોડી દેવું. સમતા, દયા, ઉદારતા, સત્ય, ક્ષમા, ધીરજ વિગેરે સદ્‌ગુણો સાથે તેને જોડી દેવું અને બીજો કોઈપણ પ્રકારનો નીચ સંબંધ તેને ન થાય તે ધ્યાનમાં રાખવું. ૨૨૩.

મત્સરત્યાગ.

ध्रुवः प्रमादैर्भववारिधौ मुने, तव प्रपातः परमत्सरः पुनः ।
गले निबद्धोरु शिलोपमोऽस्ति चेत्कथं तदोन्मज्जनमप्यवाप्स्यसि॥४३॥

"હે મુનિ! તું પ્રમાદ કરે છે. તેને લીધે સંસારસમુદ્રમાં
"તારો પાત તો જાણે નક્કીજ છે, પણ વળી પાછો બીજા ઉપર
"મત્સર કરે છે તે ગળે બાંધેલી મોટી શિલા જેવો છે. ત્યારે
"પછી તો તું તેમાંથી ઊંચો પણ કેવી રીતે આવી શકીશ?" ૪૩.

વંશસ્થ.

ભાવાર્થ–'પ્રમાદત્યાગ' અધિકારમાં જોઈ ગયા કે પ્રમાદ કરવાથી સંસારસમુદ્રમાં પાત થાય છે. સાધુધર્મમાં આત્મ જાગૃતિ રાખવી એજ મુખ્ય ધર્મ છે. જાગૃતિ રાખ્યા વગરનો વ્યવહાર નિંદ્ય છે, હેય છે, અધોપાત કરાવનારો છે. આત્મજાગૃતિ ચૂકનાર પ્રમાદને વશ પડે છે અથવા પ્રમાદ વશ પડેલો હોય તે આત્મજાગૃતિ કરી શકતો નથી. આ બન્ને વચન બરાબર સત્ય છે. સાધુને અપ્રમત્ત અવસ્થામાં રહેવાનું તેટલા માટે જ ફરમાન છે[1] અને છદ્મસ્થપણામાં અપ્રમત્ત દશા તેમ જ પ્રમત્ત દશાની સ્થિતિના સંબંધમાં જે શાસ્ત્રકારનો લેખ છે તે યથાસ્થિત છે. અત્ર તો વિશાળ અર્થવાળા પ્રમાદાચરણ, મદ્ય, વિષય, કષાય, વિકથા અને નિદ્રામાં ન પડવાનો ઉપદેશ છે. એ પ્રમાદ કરનારો જીવ અવશ્ય ઉત્ક્રાન્તિમાં નીચો પડી જાય છે અને સાથે જો મત્સર-ઈર્ષ્યા કરે તો તો પછી અધોપાત થતી વખત ગળે મોટો પથરો બાંધે છે. તેથી એનાથી તરીને ઉપર જ આવી શકાતું નથી અને બિચારો ક્ષણિક સુખ ખાતર અનંત કાળ સુધી સંસાર-સમુદ્રને તળીએ સબડયા કરે છે.

અત્ર પરમત્સર ન કરવો, પરઅવર્ણવાદ ન બોલવા અને પ્રમાદ ન કરવો એ ઉપદેશ છે. સાધુજીવનમાં આ ઉપદેશ ખાસ ઉપયોગી છે, પણ બીજાને તેનું ઉપયોગીપણું ઓછું નથી. ૨૨૪.

નિર્જરા નિમિત્ત પરીષહ સહન.

महर्षयः केऽपि सहंत्युदीर्याप्युग्रातपादीन्यदि निर्जरार्थम् ।
कष्टं प्रसंगागतमप्यणीयोऽपीच्छन् शिवं किं सहसे न भिक्षो॥४४॥

"જ્યારે મોટા ઋષિમુનિઓ કર્મની નિર્જરા માટે ઉદીરણા
"કરીને પણ આતાપનાદિ સહન કરે છે તો તું મોક્ષની ઇચ્છા

---

૧ समयं गोयम मा पमायए "ગૌતમ! સમય માત્ર પણ પ્રમાદ કરીશ નહિ." એ વાક્ય પ્રમાદનું અત્યંત અનર્થકારીપણું બતાવવા માટે જ સમય સરખા સૂક્ષ્મ કાળને માટે પ્રવર્તેલું છે. સમયપ્રમાણ ઉપયોગ છદ્મસ્થનો હોતો નથી, પણ અંતર્મુહૂર્તપ્રમાણ જ હોય છે.

"રાખે છે ત્યારે પોતાની મેળે પ્રાપ્ત થયેલ અત્યંત અલ્પ કષ્ટને "પણ હે સાધુ! કેમ સહન કરતો નથી?" ૪૪. ઉપજાતિ.

ભાવ-કર્મનો ઉદયકાળ પ્રાપ્ત થયા પહેલાં તેને પુરૂષાર્થથી આકર્ષણ કરી ભોગવી લેવાં તેને 'ઉદીરણા' કહે છે. (પૂર્વબદ્ધ કર્મોની નિર્જરા કરવા માટે તેની સ્થિતિ પ્રાપ્ત થયા પહેલાં તેને ઉદયમાં લાવી ભોગવીને આત્મપ્રદેશથી ખંખેરી નાખવા માટે કષ્ટાદિ સહન કરવું તે 'ઉદીરણા' કહેવાય છે.) અદ્‌ભુત ચારિત્રવાળા મહાત્માઓ આત્મલાભની પ્રાપ્તિ માટે કષ્ટને શોધે છે, પરમાત્માની પ્રાર્થના કરે છે કે 'અમને એવાં કષ્ટ આપો.' विपदः सन्तु नः शश्वत् અમને નિરંતર વિપત્તિ હો-આ પ્રમાણે સ્તુતિ કરીને પણ શુદ્ધ દૃષ્ટિથી આત્મકલ્યાણ માટે વિપત્તિ ભોગવનાર ધીર, વીર પુરૂષાર્થ કરનાર મધ્યાન્હે નદીની વેળુમાં આતાપના લે છે, પોષ માસની ખરી ઠંડીમાં કપડાં વગર નદીના તીર જેવા અતિ ઠંડીનાં સ્થળો ઉપર કાઉસ્સગ્ગ ધ્યાને રહે છે અને બીજાં અનેક કષ્ટ શોધીને અમે છે. મોક્ષ સન્મુખ થવાની ઇચ્છા હોય તેને આ પ્રમાણે કરવાની ખાસ જરૂર છે; અને હે સાધુ! તારી ઇચ્છા તો તેજ પ્રાપ્ત કરવાની છે, છતાં જરા કષ્ટ પડે કે તું હાય વોય કરે છે અથવા નિસાસા મૂકે છે એ તને છાજતું નથી. ઊંચી સ્થિતિ પ્રાપ્ત કરવા માટે કેટલાક સ્વાર્થનો પણ ભોગ આપવો પડે છે, પરંતુ આમાં તો તેવું પણ કાંઈ નથી. આગન્તુક કષ્ટ પણ સહન કરવામાં તું પાછો શા માટે પડે છે? ઉલટો ઊંચી સ્થિતિ પ્રાપ્ત કરવી એ તારો સ્વાર્થ છે. ૨૨૫.

** ૨૨૧-૨૨૫ આ પાંચ શ્લોકમાં સાધુગુણની મુખ્યતા બતાવી. એમાં ચરણસિત્તરી, કરણસિત્તરી, ભાવનાની પ્રધાનતા અને મુખ્ય વૃત્તિએ નિર્બળ શરીરવાળા વિગેરે અસમર્થને માટે પણ ત્રણ ગુપ્તિનું પ્રબળ સાધન બતાવ્યું છે. એ અભ્યાસથી સાધ્ય વસ્તુ છે. એમાં બાહ્ય વસ્તુની સામગ્રી પૂર્ણપણે ન મળી હોય તો પણ ચાલી શકે છે. વળી દુનિયામાં કોઈપણ વસ્તુ એવી નથી કે જે અભ્યાસથી સાધી શકાય નહિ. ધર્મસંગ્રહમાં કહ્યું છે કે :—

एवं च विरतेरभ्यासेनाविरतिर्जीयते । अभ्यासादेव सर्वक्रियासु कौशल्यमुन्मिलति, अनुभवसिद्धं चेदं, लिखनपठनसंख्यानगाननृत्यादिसर्वकलाविज्ञानेषु सर्वेषामुक्तमपि.

अभ्यासेन क्रियाः सर्वा, अभ्यासात्सकलाः कलाः ।
अभ्यासाद् ध्यानमौनादि, किमभ्यासस्य दुष्करम् ॥

"વિરતિનો અભ્યાસ પાડવાથી અવિરતિનો પરાજય થાય છે. અભ્યાસથી સર્વ ક્રિયામાં કુશળતા પ્રાપ્ત થાય છે. લેખન, પઠન સંખ્યા, ગાયન અને નૃત્ય વિગેરે સર્વ કળાવિજ્ઞાન અભ્યાસથી થાય છે. એ પ્રમાણે સર્વ વિદ્વાનોને અનુભવસિદ્ધ છે. કહ્યું છે કે 'અભ્યાસથી સર્વ ક્રિયાઓ થઈ શકે છે, અભ્યાસથી સર્વ કળાઓ પ્રાપ્ત કરાય છે, અભ્યાસથી ધ્યાન મૌન વિગેરે થાય છે, અભ્યાસ પાસે શું મુશ્કેલ છે?'" આવી રીતે અભ્યાસ પાડવાની જરૂર છે. ગુપ્તિને પ્રવચન માતા કહેવામાં આવે છે. તેનું કારણ પણ એજ છે. એ બરાબર પ્રાપ્ત કરવાથી ભગવાન્‌ની સર્વ આજ્ઞા પળાય છે. હવે પછીના તેર શ્લોકમાં મુનિને સીધી રીતે અને આક્ષેપ રૂપે શિક્ષા આપી છે, તે બહુ ઉપયોગી છે. તે પ્રકીર્ણ[1] હોવા સાથે યથાસ્થિત છે. તેપર ધ્યાન આપવાની ખાસ જરૂર છે.

યતિસ્વરૂપ-ભાવદર્શન.

यो दानमानस्तुतिवंदनाभिर्न मोदतेऽन्यैर्न तु दुर्मनायते ।
अलाभलाभादि परीषहान् सहन्,[2] यतिः स तत्त्वादपरो विडंबकः॥५

"જે પ્રાણી દાન, માન (સત્કાર), સ્તુતિ અને નમસ્કારથી "ખુશી થઈ જતો નથી અને તેથી વિપરીતથી (અસત્કાર, નિંદા "વિગેરેથી) નાખુશ થતો નથી અને અલાભ વિગેરે પરીષહોને "સહન કરે છે તે પરમાર્થથી યતિ છે, બાકી બીજાઓ તો વેશ-"વિડંબક છે." ૪૫. ઇંદ્રવંશા.

૧ એનો સામાન્ય વિષય મુનિહિતશિક્ષા છે, પણ દરેક હકીકતને તે સિવાય બીજે કાંઈ સંબંધ નથી. એને કહેવતો maxims કહી શકાય.

૨ जयन् इति वा पाठः

ભાવ–કોઇ માણસ આદરસત્કાર કરે, સ્તુતિ કરે અને કોઈ તિરસ્કાર કરે, નિંદા કરે તે બન્ને ઉપર એક સરખો જ ભાવ રહે એ યતિસ્વરૂપ છે,[1] એમાં ભાવધર્મનું સૂક્ષ્મ આચરણ થાય છે. માનસિક ક્ષેત્રમાં આવી રીતનો ઉચ્ચભાવ વર્તતો હોય અને શારીરિક ક્ષેત્રમાં અનુકૂળ પ્રતિકૂળ સર્વ પરીષહ સહન કરવામાં દૃઢતા હોય તેજ તત્ત્વથી યતિપણું છે, અને તે જેનામાં હોય તેજ પરમાર્થથી યતિ–સાધુ કહેવાય છે. બાકી બીજા તો વેશની વિડંબનાના કરનારા છે, વેશધારી નટ જેવા છે. ભર્તૃહરિના નાટકમાં તેનો ભજવનાર નાટકીઓ પોતાની જાતમાં કેટલા ગુણ નિષ્પન્ન કરી શકે એ દૃશ્ય દૃષ્ટાંતથી વેશધારીનું સ્વરૂપ સમજી લેવું. વેશધારીને તો એ પણ એક જાતનો વ્યવહારજ થઈ પડે છે, પછી ધાર્મિક જીવનનો છેડો આવે છે. નાટકનો પાઠ ભજવવો મૂકી દઈ શુદ્ધ દશા જાગૃત કર. પૂર્ણ અનુકૂળ જોગવાઈ છતાં પ્રસંગ ખોઈશ તો પસ્તાવો થશે. ૨૨૬.

યતિએ ગૃહસ્થની ચિંતા ન કરવી.

दधद्गृहस्थेषु ममत्वबुद्धिं, तदीयतप्त्या परितप्यमानः ।
अनिवृतांतःकरणः सदा स्वैस्तेषां च पापैर्भ्रमिता भवेसि ॥४६॥

"ગૃહસ્થ ઉપર મમત્વ બુદ્ધિ રાખવાથી અને તેઓનાં સુખ
"દુઃખની ચિંતાવડે તપવાથી તારૂં અંતઃકરણ સર્વદા વ્યાકુળ રહેશે,
"અને તારાં અને તેઓનાં પાપથી તું સંસારમાં રખડ્યા કરીશ." ૪૬.

ઉપજાતિ.

ભાવાર્થ––'આ મારા શ્રાવક છે, આ મારા ભક્ત છે' એ મમત્વ બુદ્ધિ છે, એ રાગનું કારણ છે, મોહને નિષ્પાદન કરે છે અને એક જાતનો નવો વ્યાપાર કરાવે છે. તેથી વધારે થાય છે ત્યારે ભક્ત–રાગી શ્રાવકોનાં સુખદુઃખથી તેવા યતિનું મન પ્રસન્ન થાય છે અથવા બળે છે. પરિણામે મનમાં કોઈ જાતની નિવૃત્તિ રહેતી નથી, સમતાનો છેડો આવતો જાય છે અને અનેક પ્રકા-

[1] કહ્યું છે કે સ મોય માણાવમાણેસુ "માન અને અપમાન વિષે જે સરખો હોય તેમ જ નવિ તસ્સ હોઇ વેસો" તેને દ્વેષ કરવા લાયક કાંઇ પણ નથી.

રના સાવદ્ય આદેશ ઉપદેશ કરતાં અને ગૃહસ્થના સલાહકાર થતાં સાધુપણું નાશ પામે છે. હે યતિ! આ મારા રાગી છે અને આ બીજા સાધુના રાગી છે એવી ક્ષુદ્ર બુદ્ધિ રાખવી એ તારી જેવા ઊંચી હદના પ્રાણીઓને શોભે પણ નહિ. ઉપાધ્યાયજી કહે છે કે 'તમારાથી ન રહેવાય તો મુનિ ઉપર રાગ કરજો, કારણ કે જેમ વિષનું ઔષધ વિષ છે[1] તેમ રાગનું ઔષધ મુનિપરનો રાગ છે.' આનો આશય સમજ. શ્રાવકને મુનિપર રાગ કરવાનું કહ્યું છે તે એટલા માટે કે નિરાગી મુનિ પ્રેમદ્વારા ભક્તિ કરતા શ્રાવકોને શુદ્ધ માર્ગે લાવશે. એવોજ રાગ ગૌતમ સ્વામીનો શ્રી વીર પ્રભુ પ્રત્યે થયેલો સમજવો, પણ ગુરૂનો રાગ તો તદ્દન પ્રશસ્ત હોય. આને બદલે તું મારા તારા શ્રાવક કરે અને દૃષ્ટિરાગ કરાવી તે દ્વારા પોતાને અને તેઓને અનંત કાળચક્ર સુધી સંસારમાં ભમાડે તો તો બહુજ ખોટું કહેવાય.

રાગ ઓછો કરવાના બે ઉપાય છે. ગૃહસ્થનો ઓછો પરિચય गिहिसंथवं न कुज्जा ગૃહસ્થનો અપરિચય, નકામી વાતોનો ત્યાગ, અભ્યાસમાં ચિત્તક્ષેપન, શાસ્ત્રોક્ત રીતે નવ કલ્પી વિહાર અને એક સ્થાનપર ઘડપણ, અશક્તિ, રોગાદિ કારણ સિવાય વિશેષ સ્થિરતા ન કરવાની ટેવ એ પ્રથમ ઉપાય છે, જે બાહ્ય વર્તનને લગતો છે; અને બીજો ઉપાય રાગનું કટુવિપાકપણું, આત્મપરિણતિનું ડોળાવાપણું વિગેરેની ચિંતવના કરવી એ છે. ૨૨૭.

ગૃહસ્થચિંતાનું ફળ.

त्यक्त्वा गृहं स्वं परगेहचिंतातप्तस्य को नाम गुणस्तवर्षे ।
आजीविकास्ते[2] यतिवेषतोऽत्र, सुदुर्गतिः प्रेत्य तु दुर्निवारा ॥ ४७॥

"પોતાનું ઘર ત્યજીને પારકા ઘરની ચિંતાથી પરિતાપ પામતા
"હે ઋષિ! તને શો લાભ થવાનો છે? (બહુ તો) યતિના વેશથી

[1] અથવા સર્પના વિષનું ઔષધ સર્પનો મણિ છે તેમ.

[2] આજીવિકાસ્તે એ પ્રમાણે પાઠ સર્વત્ર જણાય છે, તેનો અર્થ શબ્દાર્થમાં આપ્યો છે તેમ થઈ શકે છે, પણ સકારની જરૂર બહુ લાગતી નથી. તારી આજીવિકા એવો અર્થ વિશેષ યોગ્ય જણાય છે.

"આ ભવમાં તારી આજીવિકા (સુખે) ચાલશે પણ પર ભવમાં "મહા માઠી દુર્ગતિ અટકાવી શકાશે નહિ." ૪૭. ઉપજાતિ.

ભાવ–તારૂં સંસારીપણાનું એક ઘર હતું; તેની ચિંતા મૂકીને હવે શ્રાવકોનાં ઘણાં ઘરોની ચિંતા તું કરે છે તેથી લાભ શું? આ તો 'લેને ગઈ પુત ઔર ખોઈ બેઠી અસમ' એના જેવું થાય છે. તારૂં કામ શું છે? તને લાભ શું છે? આ પેટ ભરવું એ તું મુશ્કેલ ધારતો હો અને તેને માટે મુનિનો વેશ લીધો હોય તો તને યતિ વેશથી આ ભવમાં આવાનું તો મળશે એટલો લાભ થશે; પણ પરભવમાં મહા દુર્ગતિમાં જવું પડશે. વળી પેટ ભરવું એમાં કાંઈ વિશેષ નથી. તારા જેવા પ્રબળ પુરૂષાર્થી તો એક દિવસમાં વરસનું ગુજરાન વળી શકે. માટે નકામા કારણ માટે બધું વ્યર્થ હારી જા મા. મુદ્દે ગૃહસ્થ-ચિંતા કરી તું બધું હારી જાય છે તે વિચાર. ૨૨૮.

તારી પ્રતિજ્ઞા-વિ. તારૂ વર્ત્તન.

कुर्वे न सावद्यमिति प्रतिज्ञां, वदन्नकुर्वन्नपि देहमात्रात् ।
शय्यादिकृत्येषु नुदन् गृहस्थान्, हृदा गिरा वासि[1] कथं मुमुक्षुः ॥४८॥

"'હું સાવદ્ય કરીશ નહિ' એવી પ્રતિજ્ઞાનું દરરોજ ઉચ્ચારણ
"કરે છે છતાં શરીર માત્રથી જ સાવદ્ય કરતો નથી અને શય્યા
"વિગેરે કામોમાં તો મન અને વચનથી ગૃહસ્થોને પ્રેરણા કર્યા
"કરે છે. ત્યારે તું મુમુક્ષુ શાનો?" ૪૮. ઉપજાતિ.

ભાવાર્થ–सव्वं सावज्जं जोगं पच्चक्खामि जावज्जीवाए तिविहं तिविहेणं इત્યાદિ એટલે "હે પ્રભુ! સર્વ પ્રકારનાં સાવદ્ય કાર્યોને જીવન પર્યંત ચિંતવીશ નહિ, કરવાનો આદેશ આપીશ નહિ, અને કરીશ નહિ અને તે સર્વ મન વચન કાયાથી કરીશ નહિ, કરાવીશ નહિ, એટલુંજ નહિ પણ કરનારને સારા જાણીશ નહિ." આવી સખત પ્રતિજ્ઞા તેં ચારિત્ર ગ્રહણ કરતી વખતે લીધી છે, એટલુંજ નહિ પણ દરરોજ તે પ્રતિજ્ઞા નવ વાર બોલે છે, પુનરાવર્તન કરે છે, દૃઢ કરે છે. પરંતુ વાસ્તવિક રીતે જોઇએ તો તું માત્ર કાયાથી સાવદ્ય કરતો નથી, કારણ કે સાધુના વેશને તે છાજે નહિ. લોક-ભય, દેખાવ અને એવાં કેટલાંક બાહ્ય કારણોથી તું કાયાથી વિરત

[1] वा पि इति वा पाठः

રહે છે, બાકી વચન અને મનથી તો અનેક પ્રકારના આદેશ અને ઉપદેશ સીધી અને આડકતરી રીતે કરે છે, કરાવે છે અને અનુમોદે છે.

આવી રીતે પ્રતિજ્ઞા નહિ પાળવાથી જીવ મૃષાવાદ બોલવાનો પણ દોષ કરે છે. નિવૃત્તિનું ખરૂં સ્વરૂપ ધ્યાનમાં હોય તોજ ચિત-વનમાં પણ સાવદ્યનો ત્યાગ થઈ શકે છે. સંસારપરથી વિરક્ત ભાવ જેને આવ્યો હોય તેવો પ્રાણી તો વધારે ગુણ પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખે છે. ત્યાગ કરેલા–વમેલા સાવદ્ય યોગો તરફ તો દૃષ્ટિ-પાત પણ કરતો નથી. હે યતિ! કેટલીકવાર દેખીતા બીજા શબ્દોમાં પણ સમજાઈ જાય તેવા સાવદ્ય આદેશ થઈ જાય છે તેથી સાવધ રહેજે. તારે મુમુક્ષુ થવું હોય તો એ હાનિકારક પ્રનાલિકા બંધ કરી દેજે. ૨૨૯.

દેખીતાં પ્રશસ્ત સાવદ્ય કર્મોનું ફળ.

कथं महत्त्वाय ममत्वतो वा, सावद्यमिच्छस्यपि संघलोके ।
न हेममय्यप्युदरे हि शस्त्री, क्षिप्ता क्षणोति क्षणतोऽप्यसून् किम् ४९

"મહત્વતા માટે અથવા મમત્વપણાથી સંઘલોકોમાં પણ
"સાવદ્ય વાંછે છે, પણ શું સોનાની છરી હોય તે પેટમાં મારવામાં
"આવે ત્યારે તે એક ક્ષણવારમાં પ્રાણનો નાશ કરતી નથી?" ૪૯.
ઉપજાતિ.

ભાવાર્થ–આ સ્થાને પ્રતિષ્ઠાના લેખ કોતરાશે, તેમાં મારૂં નામ રહેશે, લોકોમાં પ્રસિદ્ધ થશે. આવી કાંઇક યશકીર્ત્તિ મેળ-વવાની બુદ્ધિથી, કાંઇક મારાપણાના મોહથી અને વિશેષે કરીને અજ્ઞાનથી સાવદ્ય કર્મોનો આદેશ ઉપદેશ થઈ જાય છે. કોઈ પણ કાર્યમાં જો જરાપણ પૌદ્ગલિક આશા રાખી અભિમાન કે કપટ કર્યું તો તે અશુદ્ધ કર્મજ થાય છે; પછી તે પ્રશસ્ત હો કે અપ્રશસ્ત હો પણ તેવાં કૃત્યોથી પાપબંધ અને તેનાં ભયંકર પરિ-ણામો અવશ્ય થાય છે. છરી હોય, પછી તે સોનાની હોય, કે રત્નજડિત હોય, પણ ઉદરમાં ખોસી હોય તો જરૂર આંતરડાં બહાર કાઢે છે અને પ્રાણ લે છે. આવી રીતે વસ્તુ સ્વભાવના ખોટા બ્યા-લથી કેટલાક ધર્મને બહાને અપ્રશસ્ત આચરણ કરી પોતાના આત્માને

છેતરનારા જીવો તન્નિમિત્તે અનંત સંસાર વધારે છે. વાત એ છે કે મમતા કે મહત્વતાને અંગે જે પ્રશસ્ત કે અપ્રશસ્ત આચરણ થાય છે તે નુકશાન કરનાર થાય છે. તે સિવાયનાં કાર્યો પ્રશસ્ત હેતુથી કરવામાં આવ્યાં હોય તો તેનો અત્ર નિષેધ નથી. સોનાની છરી જો પેટમાં મારી હોય તો આંતરડાં કાઢી નાંખે છે પણ જો તેને મ્યાનમાં રાખવામાં આવે તો તેથી શોભા આપે છે અને બચાવ કરે છે. એ દૃષ્ટાંત બહુ ઉપયોગી છે. પ્રાજ્ઞ ધીમાન્ સંત એવાં સાવદ્ય કાર્યોથી દૂર રહે છે. ઉપદેશ કરે છે તો પણ પૌદ્ગલિક વાંછા વગર શ્રોતાના એકાંત લાભની અપેક્ષાએજ કરે છે. મમત્વ અને મહત્વતાને અંગે સંઘ માટે પણ થતું સાવદ્ય ચિંતવન આત્મ-જીવનરૂપ ઉદરમાં નાખવાથી સંયમપ્રાણને હરી લે છે. છરી લોઢા-નીજ છે, પણ તે સંઘ લોકને અંગે વપરાવાથી સોનાની છે એમ ગણવામાં આવ્યું. અત્ર મમત્વ અને મહત્વતાને શસ્ત્ર–છરીના મૂળ સ્થાનકે રાખવામાં આવ્યા છે. ઉદરતે આત્મપરિણતિ અને પ્રાણ-સ્થાને ચારિત્રજીવન એમ યોજના કરી છે. ૨૩૦.

નિષ્પુણ્યકની ચેષ્ટા. ઉદ્ધત વર્તન–અધમ ફળ.

रंकः कोऽपि जनाभिभूतिपदवीं त्यक्त्वा प्रसादाद्गुरो-
र्वेषं प्राप्य यतेः कथंचन कियच्छास्त्रं पदं कोऽपि च ।
मौखर्यादिवशीकृतर्जुजनतादानार्चनैर्गर्वभाग्-
आत्मानं गणयन्नरेंद्रमिव धिग्गंता द्रुतं दुर्गतौ ॥ ५० ॥

"કોઈ ગરીબ–રાંક માણસ લોકોના અપમાનને યોગ્ય સ્થાનક
"તજી દઈને ગુરૂ મહારાજની કૃપાથી મુનિનો વેશ પામે છે, કાંઈક
"શાસ્ત્રોનો અભ્યાસ કરે છે અને કોઈ પદવી મેળવે છે ત્યારે પોતાના
"વાચાળપણાથી ભદ્રક લોકોને વશ કરીને તે રાગી લોકો જે દાન
"અને પૂજા કરે છે તેથી પોતે ગર્વ માને છે અને પોતાની જાતને
"રાજા જેવી ગણે છે. આવાઓને ખરેખર ધિક્કાર છે! તેઓ
"જલદી દુર્ગતિમાં જવાના છે. (અનંતા દ્રવ્યલિંગ પણ આવી
"દશામાં વર્તવાથીજ નિષ્ફળ થયાં છે.)" ૫૦. શાર્દૂલવિક્રીડિત.

ભાવાર્થ–સાંસારિક સર્વ ભાવો અપમાનને પાત્ર છે. ગરીબ કુળ, પરની અપેક્ષા, દાસપણું, પરતંત્રતા વિગેરે સંસારને અંગે થતા અનિવાર્ય સહચારી ભાવો છે. એનો ત્યાગ થવો એ મહા પુણ્યનો ઉદય છે. ગુરૂ મહારાજની મહા કૃપા થાય ત્યારેજ સદુપદેશધારા આ જીવરૂપ ક્ષેત્રમાં પડે છે, તેથી મુનિપણાનો ઉદ્ગમ થાય છે, અને ઉક્ત અપમાનના સ્થાનકોનો ત્યાગ બની આવે છે. આવો મહાન્ લાભ પ્રાપ્ત થયા પછી જીવ શાસ્ત્રાભ્યાસ કરે છે, પંડિતપદ વિગેરે પદવીઓ મેળવી પંડિત તરીકે દુનિયામાં પ્રસિદ્ધ થાય છે અને વ્યાખ્યાન આપવા બેસે છે. યોગ્ય જીવો ઉપદેશ સાંભળી દાનશીળાદિ તથા પૂજાપ્રભાવનાદિ ધાર્મિક કાર્યો કરે છે, પરંતુ આ જીવ બિચારો ધર્મક્રિયામાં પણ સંસાર ચલાવે છે. એટલે સાંસારિક ભાવ–પૌદ્ગલિક ભાવનો ત્યાગ કરી શકતો નથી. એને તે વખતે અહંકાર આવે છે કે અહો! મારા ઉપદેશથી આ ધર્મ કરે છે; મારો હુકમ માને છે, હું રાજા જેવો છું વિગેરે.

અત્ર તારો હુકમ માને છે એમ લાગે છે, પણ વસ્તુતાએ તેમ નથી. સિપાઈ વારંટ લઈને આવે તો તેથી તાબે થનાર પ્રાણી સિપાઈના હુકમને તાબે થતો નથી, પણ માજીસ્ટ્રેટ તરફથી નીકળેલા વારંટને તાબે થાય છે; તેમ તારી પાસે ધર્મનું વારંટ (જિનેશ્વર મહારા-જનાં વચનરૂપ સિક્કો અને તેઓએ પહેરવા ફરમાવેલ વેશરૂપ [1]યુનીફોર્મ) છે તેનેજ તેઓ તાબે થાય છે અને તેનેજ માન આપે છે. એમાં તારા અંગત માનની માન્યતા હોય તો એ બન્ને તારી પાસે નહોતાં તે વખતની તારી અગાઉની સ્થિતિ તપાસી લે, યાદ કર.

શ્રી ઉપમિતિ ભવ પ્રપંચના પીઠબંધમાં ગ્રંથકર્ત્તા શ્રીસિદ્ધર્ષિ ગણિ પોતાનું ચરિત્ર આપે છે, તેમાં નિષ્પુણ્યક નામનો પોતાનો રંક જીવ ગુરૂના પ્રસાદથી સાધુભાવ પામે છે ત્યારે પાછો અહં-કાર કરી કેવો અધોપાત પામે છે એનું સ્પષ્ટ ચિત્ર આપ્યું છે. (જુઓ મૂળ પૃષ્ઠ ૧૪૨. ભાષાંતર પૃષ્ઠ ૧૬૫) અને વાસ્તવિક હકીકત પણ એજ છે. વિષય કષાય મિશ્રિત દંભથી ગમે તેટલી ધર્મકરણી કરવામાં આવે તેમાં કાંઈ લાભ નથી. એમાં પુણ્યબંધ

[1] દરેક પોલીસ અથવા લશ્કરીને હોદ્દાની રૂઇએ પહેરવો પડતો એક સરખો ડ્રેસ.

થાય તો તે પણ સંસાર છે. માટે પૌદ્ગલિક ફળની અપેક્ષા રાખ્યા વગર શુદ્ધ અધ્યવસાયથી ધર્મક્રિયા કરવી. અભિમાનથી તો આ જીવ અનેક વખત ધન ખરચે છે, ક્રિયા કરે છે, કષ્ટ વેઠે છે અને પ્રાણાંત ઉપસર્ગો પણ ખમે છે, પરંતુ એનો આશય શુદ્ધ નથી તેથી તેવી ફળપ્રાપ્તિ થતી નથી. ૨૩૧.

ચારિત્ર પ્રાપ્તિ-પ્રમાદત્યાગ.

प्राप्यापि चारित्रमिदं दुरापं, स्वदोषजैर्यद्विषयप्रमादैः ।
भवांबुधौ धिक् पतितोऽसि भिक्षो, हतोऽसि दुःखैस्तदनंतकालम् ५१

" મહા કષ્ટથી પણ મળવું મુશ્કેલ એવું આ ચારિત્ર પ્રાપ્ત
" કરીને પોતાના દોષથી ઉત્પન્ન કરેલા વિષય અને પ્રમાદોવડે હે
" ભિક્ષુ! તું સંસારસમુદ્રમાં પડતો જાય છે અને તેના પરિણામે
" અનંતકાળ સુધી દુઃખ ખમીશ. " ૫૧. ઉપજાતિ.

ભાવ-સ્પષ્ટ છે. ઉપરના શ્લોકનો ભાવ અત્ર પ્રગટ કર્યો છે. કર્મબંધન દ્વારા તારા પોતાના ઉત્પન્ન કરેલા વિષય પ્રમાદો છે અને તેનો જો પ્રચાર થવા દઈશ તો પછી અનંતકાળ સુધી તારે દુઃખો ખમવાં પડશે. મુખ્ય વાત એજ છે કે વિષય પ્રમાદ અને તજ્જન્ય ક્રિયા ભવભ્રમણનોજ હેતુ થાય છે. સુજ્ઞ જીવ વિચાર કર્યા વગર પ્રવૃત્તિ કરતો નથી, છતાં જેમ ગમે તેવું વર્તન ચલાવે છે તો તો પછી અનંત દુઃખ સમુદ્રમાં બૂડતો જાય છે. ૨૩૨.

બોધિબીજ પ્રાપ્તિ-આત્મહિત સાધન.

कथमपि समवाप्य बोधिरत्नं, युगसमिलादिनिदर्शनाद्दरापम् ।
कुरु कुरु रिपुवश्यतामगच्छन्, किमपि हितं लभसे यतोऽर्थितं शम् ५२

" યુગ સમિલા વિગેરે સુપ્રસિદ્ધ દૃષ્ટાંતોથી મહા મુશ્કેલીથી
" મેળવી શકાય તેવું બોધિરત્ન (સમકિત) પામીને શત્રુઓને તાબે
" થઈ ન જતાં કાંઈ પણ આત્મહિત કર, જેથી કરીને ઈચ્છિત સુખ
" પ્રાપ્ત થાય." ૫૨. પુષ્પિતાગ્રા.[1]

[1] ન, ન, ર, ય (૧-૩) ન, જ, જ, ર, ગુ (૨-૪). અક્ષર દરેક ચરણમાં અનુક્રમે ૧૨-૧૩, ૧૨-૧૩ છે. 'અપરવક્ત્ર'ની ઉપર એક ગુરૂ અક્ષર ઉમેરવાથી 'પુષ્પિતાગ્રા' થાય છે. એ વિષમ વૃત્ત છે. गातं पुष्पिताग्रा (छंदानुशासन) अयुजि न युग रेफतो यकारो, युजिचतजौ जरगाश्च पुष्पिताग्रा वृत्तरत्नाकर.

૧ જુઓ પૃષ્ઠ ૧૭૧ થી આગળ ચાલુ.

૨. પૃષ્ઠ ૧૭૯.

વિવેચન:-સમકિત થવાનાં શાસ્ત્રકાર અગ્યાર કારણો કહે છે. અનુકંપા, અકામ નિર્જરા, અજ્ઞાન તપ, દાન, વિનય, અભ્યાસ, સંયોગ વિયોગ, દુઃખ, ઉત્સવ, ઋદ્ધિ અને સત્કાર. એ સમકિતની પ્રાપ્તિ અતિ દુર્લભ છે. મનુષ્ય જન્મની દુર્લભતા બતાવવા માટે શાસ્ત્રમાં દશ દૃષ્ટાંતો કહ્યાં છે જે અતિ પ્રસિદ્ધ છે. એનાપર સંપૂર્ણ વિવેચન કથા સહિત આ ગ્રંથમાં અગાઉ થઇ ગયું છે.[1] તે દૃષ્ટાંતો પૈકી યુગસમિલાના દૃષ્ટાંતમાં[2] આપણે વાંચ્યું હતું કે બે બાજુએ થઇને અર્ધ રાજ પ્રમાણનો સ્વયંભૂરમણ નામનો સમુદ્ર છે, તેમાં એક દિશાએ ઘોંસરૂં અને બીજી દિશાએ તેની સમિલા (ઘોંસરામાં બેતર ભરાવવા માટે નાખવાની બીલી) નાખી હોય. તે તરતાં તરતાં આટલો મોટો અંતર ભાગીને એકઠા થાય, એજ બનવું મુશ્કેલ છે, કદી એક જગ્યાએ આવે તો પણ પાસે પાસે થાય તે પણ મુશ્કેલ છે, અને થયા પછી યુગમાં સમિલા પરોવાઈ જાય તે પણ અતિ મુશ્કેલ છે, લગભગ અશક્ય જેવું છે. કદાચ આ તો શકય થાય પણ મનુષ્યભવ પ્રાપ્ત થવો તે તો એથી પણ વધારે મુશ્કેલ છે અને બોધિબીજ પ્રાપ્ત થવું એતો તેથી પણ વધારે મુશ્કેલ છે.

સમકિત પ્રાપ્ત કરી વળી પાછો કામક્રોધાદિક શત્રુને તાબે થઈ જઇશ તો વધારે રખડપાટો થશે. હે યતિ! તેટલા માટે તારે તો આત્મ-હિત કરવામાં જ ઉદ્યમ કરવો અને તને તારૂં ઈચ્છિત સુખ પ્રાપ્ત થાય નહિ-મોક્ષ મળે નહિ-ત્યાંસુધી પ્રબળ પુરૂષાર્થ કર્યાજ કરવો. ૨૩૩.

શત્રુઓનાં નામની ટીપ.

द्विषस्त्वमे ते विषयप्रमादा, असंवृता मानसदेहवाचः ।
असंयमाः सप्तदशापि हास्यादयश्च बिभ्यच्चर नित्यमेभ्यः ॥ ५३ ॥

" તારા શત્રુઓ-વિષય, પ્રમાદ, વિના અંકુશે પ્રવર્ત્તાવેલાં મન,

[1] જુઓ પૃષ્ઠ ૧૭૧ થી આગળ ચાલુ.

[2] પૃષ્ઠ ૧૭૯.

"શરીર અને વચન, સત્તર અસંયમનાં સ્થાનક અને હાસ્યાદિ
"છ છે. તેઓનાથી તું નિરંતર ચેતતો (બીતો) ચાલજે." ૫૩.

ઉપેંદ્રવજ્રા.

ભાવાર્થ–આ શ્લોકમાં તારા શત્રુઓનાં નામની ટીપ આપી તને ઓળખાવે છે, અને તેઓથી નિરંતર સાવચેત રહેજે એ તેમાં ઉપદેશ છે. શત્રુઓનાં નામ.

સ્પર્શ, રસ, ગંધ, રૂપ અને શબ્દ એ પાંચ ઇંદ્રિયોના મૂળ પાંચ અથવા ઉત્તરભેદરૂપ ત્રેવીશ વિષય.

મદ્ય, વિષય, કષાય, વિકથા અને નિદ્રા એ પાંચ પ્રમાદ.

મન, વચન અને કાયાના સંવર કર્યા વગરના વ્યાપારો.

સંયમના સત્તર સ્થાનપર અભાવ અથવા અનુપયોગ તે અસંયમ.

એ સત્તર સ્થાન આ જ અધિકારમાં વિસ્તારથી અન્યત્ર લખ્યા છે.

પાંચ મહાવ્રત, પાંચ ઇંદ્રિયોનું દમન, ચાર કષાયનો ત્યાગ અને ત્રણ યોગનું રૂંધન, એ સત્તર ભેદે સંયમ છે. એની ગેરહાજરી એ અસંયમ છે. હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય અને દુગંછા એ છ નોકષાય છે, કષાયને ઉત્પન્ન કરનારા છે અને સંસાર વધારનારા છે. તેમજ સ્ત્રીવેદ, પુરૂષવેદ અને નપુંસકવેદ એ ત્રણ પણ નોકષાય છે અને બહુજ સંસાર વધારનાર છે.

આ સર્વ મહાશત્રુઓ છે. કેટલાક મિત્રભાવે દુશ્મનાઈ કરે છે અને જીવને આકુળવ્યાકુળ કરી નાંખે છે. એનાથી સાવધ રહેવાની બહુ જરૂર છે. નામ આપવાનું કારણ પણ એજ છે કે આ જીવ તેને ઓળખી ચીવટ રાખીને તેઓથી સાવધ રહે. ૨૩૪.

સામગ્રી–તેનો ઉપયોગ.

गुरूनवाप्याप्यपहाय गेहमधीत्य शास्त्राण्यपि तत्त्ववांचि ।
निर्वाहचिंतादिभराद्यभावेऽप्यृषे न किं प्रेत्य हिताय यत्नः ॥ ५४ ॥

"હે યતિ! મહાન્ ગુરૂની પ્રાપ્તિ થઈ, ઘરબાર છાંડ્યાં, તત્ત્વ
"પ્રતિપાદન કરનારા ગ્રંથોનો અભ્યાસ કર્યો અને નિર્વાહ કરવાની
"ચિંતા વિગેરેનો ભાર ઉતરી ગયો, છતાં પણ પરભવના હિત
"માટે કેમ યત્ન થતો નથી?" ૫૪.

ઉપજાતિ.

ભાવ–હે સાધુ! તને સદ્‌ગુરૂ મળ્યા, તેં ઘરબાર છોડ્યાં, પૈસા છોડ્યા, સ્ત્રી છોડી; અને સર્વથી વધારે દ્રવ્યાનુયોગની ફીલોસોફીનું તને જ્ઞાન પ્રાપ્ત થયું તેમજ એ સર્વથી વધારે તારે ભરણપોષણ કરવાની ચિંતા મટી ગઇ, તારે વ્યાપાર કરવાની, અરજીઓ લખવાની, દવા આપવાની, નામું માંડવાની, હિસાબો ચુકવવાની, ખટપટ કરવાની, રાજ્ય ચલાવવાની કે એવી કોઇ પણ જાતની ચિંતા રહી નથી તેમજ તારે પુત્રપુત્રીઓને ઉછેરવાની, ભણાવવાની કે પરણાવવાની ચિંતા નથી, સ્ત્રી સારૂ ઘાટ ઘડાવવા નથી અને સાડીઓ ખરીદવી નથી; ઘર બાંધવાં નથી કે રીપેર કરાવવાં નથી; આવી કોઇ પણ જાતની ઉપાધિ નથી. છતાં તું સંસારમાં–વિષય-કષાયમાં–રાચ્યોમાચ્યો રહે છે એ તારી ભૂલ છે. સંસારમાં ડૂબવાનાં સાધનો–નિમિત્તો તેં દૂર કર્યાં છે છતાં પણ સંસારને વળગતો જાય છે એ તારૂં દીર્ઘદર્શીપણું નથી. તું આ બધું જાણે છે છતાં પરભવનું હિત થાય તેવો પ્રયાસ શા માટે કરતો નથી? તું બન્ને ભવનું બગાડે છે, માટે વિચાર કર, જાગ્રત થા અને કાર્યસિદ્ધિના રસ્તાપર આવી જા. ૨૩૫.

સંયમની વિરાધના કરવી નહિ.

विराधितैः संयमसर्वयोगैः, पतिष्यतस्ते भवदुःखराशौ ।
शास्त्राणि शिष्योपधिपुस्तकाद्या, भक्ताश्च लोकाः शरणाय नालम् ॥ ५५ ॥

"સંયમના સર્વ યોગોની વિરાધના કરવાથી તું જ્યારે ભવ-
"દુઃખના ઢગલામાં પડીશ ત્યારે શાસ્ત્રો, શિષ્યો, ઉપધિ, પુસ્તક
"અને ભક્ત લોકો વિગેરે કોઇ પણ તને શરણ આપવાને શક્તિ-
"વાન્ થવાનાં નથી." ૫૫.

ઉપજાતિ.

ભાવાર્થ–સંયમના સત્તર ભેદની વિરાધનાનું ફળ શું થશે તે ઉપરના શ્લોકોમાં આપણે અનેકવાર જોઇ ગયા. દુર્ગતિગમન અને અનંત ભવભ્રમણ એ સંયમ વિરાધનાનું અનિવાર્ય ફળ છે, આ નિર્વિવાદ વાત છે; ત્યારે પછી તારો આધાર શું છે એનો વિચાર કર્યો? સમજ કે તેં મોટા આચારાંગાદિ સૂત્રો વાંચ્યાં હશે કે મોટો શિષ્યનો પરિવાર એકઠો કર્યો હશે કે ઉપધિ સંગ્રહી હશે

અથવા પુસ્તકપાનાનો ભંડાર કર્યો હશે કે તને નમન કરનારા અનેક શ્રાવકો તારા ભાવિકો હશે, પરંતુ દુર્ગતિએ જતાં એ કોઇ પણ તારી પડખે ઊભા રહેવાના નથી, તને મદદ કરવાના નથી; ઉલટાં કેટલાંક તો તને પડતાં પડતાં ધક્કો મારતાં જશે. આવી રીતે તને કોઇ આધાર આપવાને શક્તિવાન્ થવાનું નથી. વાસ્તવિક હકીકત એ છે કે તારે સંયમગુણની વિરાધના કરવી નહિ. પર વસ્તુની આશા ખોટી છે, પુદ્ગળ કે પરજીવ આ જીવને મદદ કરતા નથી. આ જીવ એકલો જ છે. માટે પરભવ માટે આવાં આલંબનો શોધવા કરતાં એવો પ્રસંગ જ ન આવે એવું કાર્ય કર. મતલબ કે સાધુ તરીકે સંયમ પાળવાની તારી ફરજ છે તે સમજી તદનુસાર વર્તન કરી આત્માને અનંત દુઃખરાશિમાં પડતો બચાવ. ૨૩૬.

સંયમથી સુખ. પ્રમાદથી તેનો નાશ.

यस्य क्षणोपि सुरधामसुखानि पल्य-
कोटीर्नृणां द्विनवतीं ह्यधिकां ददाति ।
किं हारयस्यधम संयमजीवितं तत्,
हाहा प्रमत्त पुनरस्य कुतस्त्वाप्तिः ॥ ५६ ॥

"જે (સંયમ)ની એક ક્ષણ (મુહૂર્ત) પણ બાણું ક્રોડ પલ્યોપમથી "વધારે વખત સુધી દેવલોકનાં સુખો આપે છે, એવા સંયમજી- "વનને હે અધમ! તું કેમ હારી જાય છે? હે પ્રમાદી! ફરીવાર વસંતતિલકા. "તને આ સંયમની પ્રાપ્તિ પણ કયાંથી થશે?" ૫૬.

ભાવાર્થ–ટીકાકાર ધનવિજય ગણી લખે છે કે "સંયમજીવનની એક ક્ષણ પણ મનુષ્યને દેવલોકનાં સુખો બાણું ક્રોડ પલ્યોપમથી વધારે વખત સુધી આપે છે.

सामाइयं कुणंतो, समभावं सावओय घडियदुगं ।
आउं सुरेसु बंधइ, इत्तिय मित्ताइं पलियाइं ॥
बाणवइ कोडीओ,. लरकागुणसट्ठि सहसपणवीसं ।
नवसय पणवीसाए, सातहा अडभागपलियस्स ॥

'સામાયિક કરતાં શ્રાવક બે ઘડી સુધી સમભાવમાં વર્તે ત્યારે તે આટલું દેવતાનું આયુષ્ય બાંધે છે. બાણું ક્રોડ, ઓગણસાઠ લાખ, પચીસ હજાર નવશે ને પચીશ અને ત્રણ આઠમા ભાગ (૯૨,૫૯,૨૫,૯૨૫½) એટલા પલ્યોપમનું દેવાયુ બાંધે છે.' ઇતિ પ્રતિક્રમણસૂત્રવૃત્તૌ."

એક ક્ષણ[1] માત્ર ચારિત્ર પાળવામાં આટલા કાળ સુધી દેવતાનું મહા સુખ પ્રાપ્ત થાય છે. એ સુખનો ખ્યાલ આવવો પણ મુશ્કેલ છે. એક દિવસનું માત્ર ચારિત્ર પાળી કેટલાક જીવો ઘણા કાળ સુધીનું અનંત સુખ પામ્યા છે એવાં દૃષ્ટાંતો શાસ્ત્રમાં સુપ્રસિદ્ધ છે. એવું સુખ કયારે મળે? જ્યારે સામાયિક બરાબર પાળ્યું હોય, વિરાધના ન કરી હોય ત્યારે જ તે સુખ પ્રાપ્ત થાય છે, અને આજ હેતુથી શાસ્ત્રકાર ભાવસ્તવથી અંતર્મુહૂર્તમાં મોક્ષ કહે છે.

સામાયિક એટલે સમતાનો જેમાં લાભ થાય છે તે. સાધુ આખો વખત સામાયિકમાં જ વર્તે છે. વાંચનારને નવાઇ લાગશે પણ સાધુ ખાતાં પીતાં અને નિહારાદિ દરેક ક્રિયા કરતાં પણ સામાયિકમાં જ છે, કારણ કે સર્વકાળ તેઓ આત્મિક ઉન્નતિ અને સંયમ પાળવાના ઉદ્યમમાં જ વર્તે છે. એક ક્ષણમાત્ર સામાયિકમાં હોય તો ઉપર કહ્યું તેટલું તો સ્થૂળ સુખ મળે છે. આવું મહા ઊંચા પ્રકારનું સાધુનું જીવન તને પ્રાપ્ત થયું છે. હવે જરા પ્રમાદ કરીને જો તું આળસમાં વખત કાઢીશ કે વિષયકષાયમાં પ્રવૃત્તિ કરીશ તો અનંત સંસાર વધશે, ઉપર કહેલો મોટો લાભ મળશે નહિ અને ફરીવાર પછી સંયમની પ્રાપ્તિ થવી પણ મુશ્કેલ પડશે. ૨૩૭.

સંયમનું ફળ–ઐહિક આમુષ્મિક-ઉપસંહાર.

नाम्नापि यस्येति जनेऽसि पूज्यः, शुद्धात्ततो नेष्टसुखानि कानि।
तत्संयमेऽस्मिन् यतसे मुमुक्षोऽनुभूयमानोरुफलेऽपि किं न ॥ ५७ ॥

"સંયમના નામમાત્રથી પણ જો તું લોકોમાં પૂજ્ય છે તો "જો ખરેખર તે શુદ્ધ હોય તો કયું ઇષ્ટ ફળ તને ન મળે? જે

---

૧ મુહૂર્ત–બે ઘડી (ધનવિજયગણી).

"સંયમનાં મહાન્ ફળ પ્રત્યક્ષ અનુભવવામાં આવ્યાં છે તે સંયમમાં "હે યતિ! તું કેમ યત્ન કરતો નથી?" ૫૭. ઉપનતિ.

ભાવાર્થ–ગંભીર આશયવાળો આ શ્લોક તેના અધિકારીને બહુ જ વિચારવા યોગ્ય છે. હે મુનિ! તને વસ્ત્ર, પાત્ર, આહાર આપવા માટે લોકો પડી મરે છે, તને વાંદે છે, પૂજે છે, નમે છે અને માન આપે છે, એ સર્વનું કારણ શું? તું સંયમવાન્ છો, એટલા નામમાત્રથી જ તને આવું મોટું માન મળે છે. જે રાજાઓ અથવા શેઠીઆઓ ગવર્નર પાસે ડોક નમાવતાં પણ વિચાર કરે તે તારી પાસે પંચાંગ પ્રણામ કરે છે, એ સંયમના નામને છે. કેટલાક અપ્રમાણિક વ્યાપારીઓ પૈસા પેદા કરી જાય છે, પણ તે દુકાનમાં પ્રમાણિક રહે તો જ તેમ કરી શકે છે. સ્પષ્ટ રીતે કહે કે 'હું અપ્રમાણિક છું' તો તેનો વ્યવહાર ચાલે નહિ. એવી રીતે સંયમના મહાન્ ગુણો તારામાં છે એમ ધારી તને લોકો નમન પૂજન કરે છે. એ જ ગુણો જો ખરેખર તારામાં હશે તો પછી તને કેટલો મોટો લાભ થશે? દુનિયામાં એવી કોઇ પણ વસ્તુ નથી કે જે સંયમવાન્ને મળે નહિ. સંયમવાન્ને ઇચ્છા જ થતી નથી એ અરૂં છે, પરંતુ મોક્ષસુખ તો તેને પણ ગમે છે અને એ સુખ પણ સંયમથી મળી શકે છે. આવાં સંયમનાં ફળ વિચારીને મુમુક્ષુ જીવ શાંત ચિત્તે આદરવા યોગ્ય હોય તેજ આદરે છે. આ અગત્યની બાબતપર સાધુજીવનનો આધાર છે તેથી દરેક અધિકારીએ આ વિષયપર શાંતિના વખતમાં એકાગ્ર ચિત્તે લાંબા કાળ સુધી વિચાર કરવો. સંસારની દૃઢ ભાવના છુટવાનું અને પોતાની ફરજ બજાવવાનું દ્વાર આ વિચાર ઉઘાડી આપશે. ૨૩૮.

* * * * * *
* * * * * *

એવી રીતે આ **યતિશિક્ષા** અધિકાર પૂર્ણ થયો. આ અધિકાર બહુજ ઉપયોગી છે. વેષમાત્રથી રીઝાવું નહિ, લોકરંજન કરવા પ્રવૃત્તિ કરવી નહિ, આત્મિક ઉન્નતિનું શુદ્ધ દૃષ્ટિબિંદુ હૃદય ભાવના સન્મુખ સર્વદા રાખવું, મન વચન કાયાના યોગોની શુભ પ્રવૃત્તિ કરવી, લોકસન્માનથી આત્મિક ગુણોપર થતી અસર,

પ્રમાદથી થતો અધઃપાત, કોઈ પણ વસ્તુપર મૂર્છા ન રાખવાનો ઉપદેશ, પરિગ્રહ કોને કહેવાય તેનું શુદ્ધ સ્વરૂપ, ઉપધિ વસ્ત્ર પાત્ર ઉપર મૂર્છા ન કરવાનું સબળ કારણ, વિષય અને પ્રમાદનો ત્યાગ, ભાવના ભાવવાનાં ફળ, સંયમ ગુણનું સ્વરૂપ, તે પાળવાનાં ફળ, તે વિરાધવાના દુષ્ટ વિપાક, સમિતિ અને ગુપ્તિનું સ્વરૂપ, સાધુપણામાં સુખ, તેની સરખામણી, સાવદ્ય કૃત્યો અને મુનિકૃત આદેશને પરસ્પર સંબંધ, છેવટે સંયમથી થતું સ્થૂળ સુખ અને સંયમના નામ માત્ર તરફ લોકોનો પૂજ્યભાવ–વિગેરે હકીકતો થોડા શબ્દોમાં પણ બહુજ ભાર મૂકીને એના અર્થી જીવનાં મનપર ઠસાવવામાં આવી છે. અત્ર બતાવેલી દરેક હકીકત સાધુ જીવનને મુખ્ય અસર કરનારી છે અને મુમુક્ષુ ભક્તજનોને પણ શુદ્ધ ગુરૂની ઓળખાણ માટે અને વિશેષ ગુણ પ્રાપ્તિની ઇચ્છા ઉત્પન્ન કરવા માટે તેનું સ્વરૂપ જાણવાની ખાસ જરૂર છે એટલા પૂરતી આ હકીકત તેને પણ ઉપયોગી છે.

અનેક હકીકતનો આ અધિકારમાં સમાવેશ કર્યો છે તેથી બીજા સર્વ અધિકાર કરતાં આ અધિકાર મોટો થયો છે, પરંતુ વસ્તુની ગંભીરતા જોતાં કાંઇ વિશેષ લખાયું હોય એમ જણાતું નથી. વળી અત્ર લખેલા દરેક શ્લોકપર બહુ વિવેચન થઈ શકે તેમ છે, કારણ કે આશય ગંભીર છે, તેમ છતાં પણ અધિકારીની ઉચ્ચ દૃષ્ટિ અને સૂરિ મહારાજના વિષય સાથે વાચકવર્ગને વિશેષ પરિચય થઈ ગયો છે એટલા માટે અત્ર ઓછું વિવેચન કરવામાં આવ્યું છે. વળી ગ્રંથનો આ વિભાગ–બહુજ ઉંડા હેતુથી લખાયો છે. એક તો યતિવર્ગ વિદ્વાન્વર્ગ છે. તેઓને માટે આટલું વિવેચન જોઇએ તેટલું છે. જેઓ યોગ્ય છતાં પણ રસ્તાપરથી ઉતરી ગયા છે તેઓને રસ્તાપર આણવા માટે આટલા શબ્દો પૂરતા છે. જેઓ સંયમના રસ્તાપર આવ્યાજ નથી તેઓ પણ તેમાં રહેલાં સુખ અને પરિણામ તરફ લક્ષ્ય આપી શકે તેવી યોજના ગ્રંથકર્ત્તાએ રાખેલી છે અને તે યોજનાપર લક્ષ્ય રાખીનેજ વિવેચન કરવામાં આવ્યું છે. વિવેચન વાંચતાં આ વર્ગનાં મનમાં ભય વધી જાય અને સંયમ સન્મુખ થતાંજ અટકી જાય એમ ન થવા દેવા માટે

બાસ ધ્યાન રાખવામાં આવ્યું છે. પરંતુ ચોથો વર્ગ જે વક્ર હોઈ પોતાના દુષ્ટ આચરણનો બચાવ કરે છે, સંયમધારી હોવા છતાં ગૃહસ્થી કરતાં પણ વિશેષપણે ઇંદ્રિયોને મોકળી મૂકી દે છે અને સાધુના વેશમાં (મુનિસુંદરસૂરિના શબ્દોમાં કહીએ તો) આજીવિકાજ ચલાવે છે તેઓ સામાન્ય ઉપદેશથી કોઇ દિવસ સુધરવાના નથી. તેઓપર ગમે તેવા સામાન્ય વાક્પ્રહાર કરવામાં આવે તે નકામાજ જાય છે. આવાને માટે કોઈ કોઈ વાર જરા આકરા શબ્દો વાપર્યા છે પરંતુ તેથી પણ જો તેઓ ચાનક લગાડી સુધરે તો ગ્રંથનો મોટો ઉદ્દેશ પાર પડે; છતાં ગ્રંથકર્ત્તાએ પોતાની નેમ પાર પાડવા માટે તેઓ તરફ પણ બહુ કટુ વચન વાપર્યા નથી અને વિવેચનમાં પણ એ વિષય ઉપર બહુધા લક્ષ્ય આપ્યું છે.

આ જીવને મુનિમાર્ગ બહુ કઠણ છે એમ લાગે છે. લાગે છે એનું કારણ એ છે કે જીવનો અનાદિ અભ્યાસ ઇંદ્રિયોનાં સુખ ભોગવવાં અને મનને નિરંકુશ છોડી દેવું એ થઈ ગયો છે. પ્રસંગ મળતાં પ્રમાદ અને કષાય કરવામાં આ જીવ વિચાર કરતો નથી. ડુંગર ચડવું મુશ્કેલ લાગે છે તેમ જ ગુણસ્થાનપર ચડવું એમાં પ્રબળ પુરૂષાર્થની જરૂર પડે છે. એ પુરૂષાર્થ થાય નહિ ત્યાંસુધી એ માર્ગ અતિ મુશ્કેલ લાગે છે, પરંતુ એક વખત રાગદ્વેષ અને સંસારનું બરૂં સ્વરૂપ જાણ્યા પછી અને આત્મિક અને પૌદ્ગલિક ભાવ વચ્ચેનો તફાવત સમજ્યા પછી સંસાર કડવો ઝેર જેવો લાગે છે. આવા જ્ઞાનગર્ભિત વૈરાગ્યવાસી જીવો એક વખત વમેલા સાંસારિક ભાવોને ચાહતા નથી, થુંકેલું ગળતા નથી અને તત્ત્વતઃ તેનાપર દુગંછા રાખે છે. જેઓ આ સ્વરૂપ બરાબર સમજ્યા ન હોય અથવા સમજીને પતિત થયા હોય તેઓ કોઈ વખત વિષયાદિકને આધીન થઇ જાય છે, પૈસા રાખે છે, સ્ત્રીસંબંધ કરે છે અને ધર્મના ઓટા ઉપરાનાથી યાંત્રિક વિહાર જેવાં ત્યાજ્ય કાર્યો પણ કરે છે. આ સર્વ સંસાર છે. એમાં વસ્તુસ્થિતિનું બરૂં જ્ઞાન નથી, ઓઘશ્રદ્ધા પણ નથી અને સંપ્રદાયના પ્રચલિત રિવાજોનું અનુસરણ પણ નથી. આવા પ્રકારની ક્વચિત્ ચેષ્ટા જોઇ મુનિમાર્ગપર અપ્રીતિ ન કરવી. એ માર્ગ બહુજ ઉત્તમ છે એટલુંજ નહિ પણ સર્વોત્તમ છે, સમતામય છે,

મોક્ષસુખની પ્રસાદી છે અને સર્વ કલેશનો નાશ છે. એ માર્ગમાં આત્મકલ્યાણ તરફ લક્ષ્ય રાખી જેટલો પ્રયાસ કરવામાં આવે છે તેટલો લાભ થાય છે અને મળેલ લાભ જતો નથી. વળી જેઓ એ માર્ગ આદરી શકતા ન હોય તેવાઓએ પણ એના ગુણો પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખવી અને તે માર્ગ તરફ શુભ દૃષ્ટિ રાખ્યા કરવી. ઇચ્છા રાખવાથી ને પ્રયાસ કરવાથી ઇચ્છિત વસ્તુ યોગ્ય કાળે પ્રાપ્ત થાય છે.

જેઓ દુનિયાના વ્યવહારોથી બહાર હોઈ દુનિયાને ઉપદેશ દેવાની જગા લેતા હોય તેઓના સંબંધમાં અભિપ્રાય આપતાં ઘોરણ ઊંચા પ્રકારનું તો રાખવુંજ જોઇએ. જેઓ ધાર્મક બાબતો પર મોટાં ભાષણો આપતા હોય, દુનિયાની નજરમાં કામક્રોધાદિકથી મુક્ત ગણાતા હોય, તેઓ પણ પ્રાકૃત મનુષ્યની માફક વિષયાંધ અથવા ઇંદ્રિયવશ થઈ જાય તે માફ ન થઈ શકે તેવું વર્તન ગણાય, અને એવા ક્ષુલ્લક મનુષ્યોને તો સમુદાય તુરતજ દૂર કરી નાખે છે; છતાં કેટલીક વખત દેખીતી બાબતમાં પણ મનુષ્ય સ્વભાવ સરાગ દૃષ્ટિથી ભૂલ કરે છે. દોરા ચીઠ્ઠી કરનાર, છડી પોકરાવનાર, રેલવેમાં મુસાફરી કરનાર, સ્ત્રીસંબંધ કરનાર અથવા વાડી ગાડી રાખનાર આવા યતિ, ગોરજી કે સાધુઓ ધર્મને વગોવનારા થાય છે. તેઓને પણ રાગથી સન્માન મળે છે તે અનિષ્ટ છે. આવું વર્તન તો સામાન્ય માણસને માટે પણ હાસ્યાસ્પદ ગણાય છે, અને એવા વર્તનવાળાને દૂર કરવામાં વિલંબ ન જ થવો જોઇએ. બસુસ કરીને સાધુઓએ પોતાનું વર્તન ઉચ્ચ રાખવા માટે વિચાર કરવો જોઇએ. તેઓ બીજા સંસારી જીવોના વર્તનથી બહુ ઊંચા વર્તનવાળા હોવા જોઇએ. સ્થૂળ બાબતમાંજ નહિ પણ માનસિક વિચારો અને કષાયાદિકની મંદતામાં પણ તેઓ ઉચ્ચ વૃત્તિપર હોવા જોઇએ. આ હકીકતપર આખા અધિકારમાં વારંવાર ભાર મૂકવામાં આવ્યો છે. જમાનાનો રંગ બદલાતો જાય છે. પ્રપંચ, અજ્ઞાન અને ઇંદ્રિયવશતાનો ત્યાગ કરી નવા જમાનાને યોગ્ય શુદ્ધ ઉપદેશ આપવાની બહુ જરૂર છે.

સાધુઓના વર્તન માટે ઉત્તમ ધોરણ જોઇએ, છતાં આજકાલ અભિમાનને અંગે થતો સમુદાય ભેદ અને અયોગ્યતા છતાં

પદવી માટે લોભ ઘણે સ્થાનકે જોવામાં આવે છે. મુનિસુંદરસૂરિ આ સ્થિતિને પાંચમા આરાના ભાવજ કહે છે. એથી વધારે શું કહી શકાય! જમાનાની જરૂરીઆત સમજી, અંદરનો વિક્ષેપ દૂર કરી ધર્મપ્રભાવના કરવા સારૂ સાધુઓએ ઉદ્યત થવું જોઇએ. છતાં કાળમાહાત્મ્ય કહો કે ગ્રહ અવળા કહો કે ગમે તે કહો, પણ સાધુજીવન પાસેથી જે સ્પષ્ટ ઉપદેશની અને ઉદ્દેશની ઇચ્છા રખાય તે તે વર્ગનાજ સમજુઓ જોઈ શકતા નથી. નકામા સમુદાયલેહ હવે છોડી દેવા જોઇએ છે, અને શાસ્ત્રોક્ત નિયંત્રણાઓ કબૂલ રાખી શાસનના સામાન્ય હિત માટે એક સરખો ઉદ્યમ કરવાની બહુ જરૂર છે. આ વિષયમાં સાધુઓ બહુ કરી શકે તેમ છે. વળી ધાર્મિક ઉન્નતિ થવા સાથે પુણ્યબળ જાગશે એટલે સામાન્ય સ્થિતિ પણ સુધરી જશે. સાધુ વિગેરે ધર્મના સંરક્ષણમાં બહુ કરી શકે તેનું કારણ એ છે કે તેઓને સંસારની ઉપાધિ નથી, ભરણપોષણની ચિંતા નથી, દીકરાદીકરી પરણાવવાં નથી, ઘરહાટ ચણાવવાં નથી અને મનને અન્યત્ર રોકવું પડે એવું કોઈપણ કાર્ય નથી, તેમજ કોઈની પરવા નથી.

આ અધિકારમાં કોઈ કોઈ વાર પુનરાવર્તન થયું છે. વિષયની ગંભીરતા અને ગહનતાને લઇને પ્રેરણા કરવા સારૂ એમ કરવું યુક્તજ છે. દરેક વિષયપર પ્રસંગ મળતાં નોટો લખી છે તેથી ઉપસંહારમાં વિશેષ લખવાની જરૂર નથી.

આ યતિશિક્ષા ઉપદેશમાં સૂરિ મહારાજે બહુ કહ્યું છે. હે યતિ! મનુષ્યભવ વિગેરે જોગવાઈ મળ્યા પછી અને સંસારમાંથી નીકળવાનું આવું ઉત્તમ દ્વાર પ્રાપ્ત થયા પછી પણ જો તું પૂરતો લાભ લઇશ નહિ તો પછી તને પસ્તાવો થશે. આ ભવમાં ઘોડા વખત સુધી મનપર અંકુશ રાખી ઇંદ્રિયના વિષયો અને કષાયો તજીશ તો પછી તને મહાસુખ પ્રાપ્ત થશે, દુઃખનો નાશ થશે અને પર વસ્તુનો આશીભાવ મટી જશે. હે સાધુ! તારૂં જીવન સમિતિ અને ગુપ્તિમય છે. એ અષ્ટપ્રવચન માતા છે અને એ પાળવા માટે તારે યત્ન કરવો એજ તારૂં મુખ્ય કર્ત્તવ્ય છે. વિશેષ વિસ્તારથી તારે

સંયમના સત્તર ભેદો અને ચરણ કરણ સિત્તરી પાળવી એ તારૂં સાધ્ય બિંદુ છે.

હે શ્રાવક! સાધુમાર્ગ તું ધારે તો ન બની શકે તેવો નથી, મનપર જરા અંકુશ લાવ, વસ્તુસ્થિતિનો બરાબર વિચાર કર અને તારૂં શું છે અને તને શું ગમે છે તેનો બરાબર ખ્યાલ કર; પછી જો કે સંયમમાં કાંઈ મુશ્કેલી છે? ગુણ પ્રાપ્ત કરવા માટે ગુણી પુરૂષના ચરણની સેવા કરવી એજ તારૂં કામ છે. દેશવિરતિ જીવ સર્વવિરતિ ગુણ પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખે તોજ તેનો દેશવિરતિ ગુણ બન્યો રહે એવો શાસ્ત્રકારોનો ઉલ્લેખ છે. તું સાધુપર પ્રેમ રાખજે અને બની શકે તો તેવું જીવન ગ્રહણ કરજે. આ લેખ સાધુઓની પરીક્ષા માટે લખાયેલો હોવાથી શ્રાવકોને તેટલો ઉપયોગી નથી કે જેટલો સાધુઓને ઊંચી હદે ચઢવા અને આત્મહિત વિચારવા ઉપયોગી હોય. પરંતુ શ્રાવકો પણ સાધુના વેશની પેઠે પોતાનો શ્રાવકપણાનો વ્રતઉચ્ચારણાદિનો વેશ કલ્પી વિચાર કરે તો તેઓને પણ પોતાના આત્માને ઊંચી હદે ચઢાવવા માટે આ લેખ અક્ષરશઃ ઉપયોગી થાય તેમ છે. તથાપ્રકારનો જીવનો અનાદિ સ્વભાવ હોવાને લીધે જીવ બીજાનાં સરસવ જેવાં દૂષણને મેરૂ જેવાં દેખવા હજારો નેત્રવાળો થઇ પડે છે, પણ પોતાની હદમાં રહેલાં પોતાનાં મેરૂ જેવાં દૂષણને સરસવ જેવાં પણ દેખી શકતો ન હોવાથી તેમાટે તેને એકે નેત્ર મળ્યું હોય તેમ માલૂમ પડતું નથી. સમકિત, દેશવિરતિ કે સર્વવિરતિના ગુણો દિનપરદિન વિશેષે લાવવા માટે સર્વ ભવ્ય જીવોએ તે સર્વ ગુણોનો ઉત્સર્ગ માર્ગ જોઈ વિચાર કરવો જોઇએ. ઉત્સર્ગમાર્ગમાં ઘણે ભાગે પોતાના હૃદયની કેવી સ્થિતિ છે એજ વિચાર હોય છે. બીજા જીવો સમકિતવંત, દેશવિરતિવંત કે ચારિત્રવંત છે કે નહિ તેની પરીક્ષા તેનાં બાહ્ય આચરણો ઉપરથીજ કરવાની છે. નહિ તો અલ્પજ્ઞાન દશાને લીધે પોતાના માટે અપવાદ માર્ગે વિચાર કરતાં સર્વ પોતાના આત્માને ગુણનિષ્પન્ન માની લે અને બીજાને માટે ઉત્સર્ગ માર્ગે પરીક્ષા કરવા જતાં બીજાઓનું હૃદય વિશિષ્ટ જ્ઞાન સિવાય છદ્મસ્થને ગમ્ય ન હોવાને લીધે કોઈ પણ બીજા ગુણી માલૂમ પડે નહિ, આવું થતાં પોતે અભિમાની

બની સર્વ ગુણીઓને અવગુણી માની તેઓની અવજ્ઞા કરી બોધિબીજ અનંતકાળ સુધી ન મળે એવું પરિણામ લાવી મૂકે, માટેજ અંતિમ શ્રુતકેવળી ભદ્રબાહુ સ્વામી મહારાજાએ વંદન નિર્યુક્તિમાં રહેવાનું સ્થાન, વિહાર વિગેરે બાહ્ય અનુષ્ઠાન ઉપર દૃષ્ટિ દઈને સાધુપણાની પરીક્ષા કરવાનું લખ્યું છે. ત્યાં તે મહાત્મા એટલે સુધી ખાતરી આપે છે કે કદાચિત્ અભવ્યાદિકનાં શુદ્ધ આચરણ દેખી તેને શુદ્ધ માની જો શુદ્ધ બુદ્ધિથી આશીર્ભાવ સિવાય વંદન કરવામાં આવે તો વંદન કરનારને કોઇ પણ પ્રકારનું નુકશાન ન થતાં ખાસ લાભજ થાય છે.[૧]

આ જમાનામાં આ ઉપર કહેલો વિચાર બરોબર ધ્યાનપર લાવવાની જરૂર હોવાથી આ લંબાણથી વિવેચન કર્યું છે. હમેશાં બાહ્ય આચરણ કાળાનુસાર પ્રાપ્ત થયેલી સંઘયણ આદિ સામગ્રી અનુસારેજ બની શકે છે. આ પોતાની વ્યક્તિ ઉપર પોતાની હદનો વિચાર કરવાથી તરતજ અનુભવમાં આવે તેવું છે. જો શાસ્ત્રનાં દરેક વચન સુપરિણામે પરિણમવામાં ન આવે તો તે શાસ્ત્ર શાસ્ત્રરૂપે પરિણામ પામી પ્રાણીને પોતામાં ગુણીપણું મનાવી, બીજા ગુણીઓમાં અવગુણીપણું મનાવી, તેઓની અવજ્ઞા અને પોતાના ઉત્કર્ષદ્વારા અનંત કાળચક્ર સુધી સંસારમાં રઝળાવે છે.

મુનિજીવન એકાંત પરોપકાર પરાયણ છે. એમાં આળસરૂપ નિવૃત્તિ નથી, પરંતુ વિશુદ્ધ પ્રવૃત્તિ ગર્ભિત નિવૃત્તિ છે અને તારા સર્વ પુરૂષાર્થને પૂરતો માર્ગ આપી પરોપકાર કરવાની તારી વૃત્તિને રસ્તો આપે એવો પરમ વિશુદ્ધ એ માર્ગ છે. એ માર્ગની એક ક્ષણ પણ અસંખ્ય વરસો સુધી ઉત્કૃષ્ટ સુખ આપે છે અને એનું નામ પણ વંદન નમસ્કાર સ્તુતિ મેળવે છે.

હે યતિ! આ અધિકારમાં કડવું ઔષધ આપ્યું છે, પરંતુ આપનાર વૈદ્ય (સૂરિ)નો આંતરંગ આશય સમજવા યત્ન કરજે. સંસારત્યાગ એ યતિજીવન છે. વેશ બદલવો એ બરો સંસારનો

૧ આ હકીકતને અને ગુરૂશુદ્ધિ અધિકારમાં બીજા ત્રીજા શ્લોકમાં કહેલી હકીકતને જરાપણ વિરોધ નથી એ સુજ્ઞોએ વિચારી લેવું.

ત્યાગ નથી, પરંતુ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સરાદિ આંતરંગ શત્રુનો નાશ કરવો એ સંસારત્યાગ છે. આટલી ટુંકી હકીકત ધ્યાનમાં રાખી તારાથી બીજાનો કોઇનો ઉપકાર ન બને તો ભલે, પણ તું તારા આત્માનું તો બગાડીશ નહિ. પરનિંદા, મત્સર, ઈર્ષા, માયા વિગેરે સુપ્રસિદ્ધ અઢાર પાપસ્થાનકોનો ત્યાગ કરજે અને તારી ફરજ શું છે તેનો અહર્નિશ વિચાર કરજે, તેમજ તારે યોગ્ય આવશ્યક પડિલેહણાદિક ક્રિયામાં સાવધાન રહેજે. જો તારામાં શક્તિ હોય તો જ્ઞાનથી પરોપકાર કરજે. લોકોને ઉપદેશ આપીને અથવા લેખો લખીને આ જમાનાને અને આવતા જમાનાને ઉપકૃત કરજે. આ જમાનાને તારા જેવા પાસેથી નિસ્પૃહ ઉપદેશ સાંભળવાની બહુ જરૂર છે. સાંસારિક જીવન પ્રવૃત્તિમય થઈ જવાથી ધાર્મિક અભ્યાસ ઘટતો જાય છે અને તેવા વખતમાં જો તારી તરફથી કાંઈ અસાધારણ ચમત્કારી અસર થાય તેવો ઉપદેશ થશે તો ઘણા માણસોને જ્ઞાનક્રિયાની પ્રવૃત્તિદ્વારાએ તેનો લાભ મળી શકશે અને તે લાભથી તારા આત્માને પણ લાભ થશે. તું ગમે તેમ કરી તારી પંક્તિઓના યતિઓને ફરજનું ભાન કરાવજે અને એટલું થશે તો પછી જે હેતુથી તારો પ્રયાસ છે તે જરૂર પાર પડશે.

આ અધિકારમાં કોઈ સ્થાને કઠિન શબ્દોમાં લખાયું હોય તો ક્ષમા કરજો. જેમ બને તેમ ઓછુંજ લખવા નિશ્ચય કર્યો હતો, છતાં લાગણીના બળથી કાંઈ વિશેષ લખાયું હોય તો અંતઃકરણથી ક્ષમાયાચના છે. તમારાં અંતઃકરણમાં હેમચંદ્રાચાર્ય જેવી અદ્ભુત જ્ઞાનશક્તિ, હીરવિજયસૂરિ જેવી અદ્ભુત ઉપદેશશક્તિ અને હરિભદ્રસૂરિ જેવો દૃઢ શાસનરાગ વધો એવી અંતઃકરણની પ્રાર્થના છે. સાધુજીવનને અંતઃકરણથી નમસ્કાર છે અને ગમે તેટલું લખવા છતાં તે જીવન તરફ ઉચ્ચભાવ અને વિશેષ બહુમાન રાખવાની ફરજ નિરંતર ખ્યાલમાંજ છે.

इति सविवरणो यतिशिक्षोपदेशनामा त्रयोदशोऽधिकारः

अथ चतुर्दशो मिथ्यात्वादि निरोधाधिकारः

તેરમા અધિકારનો મુખ્ય ઉદ્દેશ સાધુને માટે ઉપદેશનો હતો- આ સાધુ પ્રાયે દેશવિરતિ શ્રાવક વર્ગમાંથી ઉત્પન્ન થાય છે તેને મન વચન કાયાના યોગપર અંકુશ, ઇંદ્રિયોનું દમન અને મિથ્યાત્વ વિગેરે બંધ હેતુનો ત્યાગ કરવાનો અત્ર ઉપદેશ છે. ગ્રંથકર્ત્તા તેટલા માટે લખે છે કે अथ सामान्यतो यतीन् विशेषतो धर्म गृहिणश्चाश्रित्य मिथ्यात्वादिसंवरोपदेशः તેથી આ ઉપદેશ યતિને સામાન્ય છે અને દેશવિરતિ ગૃહસ્થને પણ ઉદ્દેશીને લખેલો છે. આના અધિકારીને યોગ્ય વિવેચન પણ નીચે માલૂમ પડશે.

બંધ હેતુનો સંવર કર.

मिथ्यात्वयोगाविरतिप्रमादान्, आत्मन् सदा संवृणु सौख्यमिच्छन्।
असंवृता यद्भवतापमेते, सुसंवृता मुक्तिरमां च दद्युः ॥ १ ॥

"હે ચેતન! જો તું સુખની ઇચ્છા રાખતો હોય તો મિથ્યાત્વ "યોગ, અવિરતિ અને પ્રમાદનો સંવર કર. તેઓનો સંવર કર્યો "ન હોય તો તે સંસારનો તાપ આપે છે, પણ જો તેઓનો સારી "રીતે સંવર કર્યો હોય તો મોક્ષલક્ષ્મીને આપે છે." ૧. ઉપનતિ.

વિવેચન-મિથ્યાત્વનો ત્યાગ કર્યા વગર સમકિત કે વિરતિ કંઇ પણ પ્રાપ્ત થતું નથી. એ મિથ્યાત્વનું સ્વરૂપ ઓળખવાની બહુજ જરૂર છે. ધર્મસંગ્રહમાં તેનું ટુંકામાં પણ સંપૂર્ણ સ્વરૂપ આપ્યું છે તેનો ભાવાર્થ અત્ર આપીએ છીએ.

મિથ્યાત્વ બે પ્રકારનું છે. લૌકિક અને લોકોત્તર. તે દરેક બે બે પ્રકારના છે.[૧] દેવગત અને ગુરૂગત. (૧) લૌકિક દેવગત મિથ્યાત્વ-હરિ હર બ્રહ્મા વિગેરે પરધર્મે પોતાના દેવ તરીકે અંગીકાર કરેલા સ્ત્રી શસ્ત્ર આદિવાળા દેવને દેવ માનવા અને તેની પૂજા સેવા કરવી તે. (૨) લૌકિક ગુરૂગત-બ્રાહ્મણ સંન્યાસી વિગેરે મિથ્યોપદેશી આરંભ પરિગ્રહવાળાને ગુરૂ માનવા, નમવું, તેમની કથા સાંભળવી અને અંતઃકરણથી બહુ માન કરવું. (૩) લોકોત્તર દેવગત-કેશરીઆજી-મલ્લિનાથજી વિગેરેની માનતા કરવી. આ લોકના લાભ અર્થે પૂજા કરવી. (૪) લોકોત્તર ગુરૂગત-તેરમા અધિકારમાં જૈનાભાસ તરીકે ગણેલા ગોરજી, યતિ, શ્રીપૂજ્ય, પાસસ્થા, કુશીળીઆ વિગેરે કુગુરૂની ગુરૂપણે સેવા કરવી.

અથવા મિથ્યાત્વ પાંચ પ્રકારનું છે. ૧ આભિગ્રહિક. ૨ અનાભિગ્રહિક. ૩ આભિનિવેશિક. ૪ સાંશયિક. ૫ અનાભોગિક. એનું સ્વરૂપઃ-

આભિગ્રહિક-કલ્પિત શાસ્ત્ર ઉપર મમત્વ રાખવો, પરપક્ષપર કદાગ્રહ કરવો. હરિભદ્રસૂરિ જેવા કહે છે "મને વીર તરફ પક્ષપાત નથી, કપિલપર દ્વેષ નથી. યુક્તિમાન્ વચન હશે તે આદરવું છે." આવી બુદ્ધિ રાખવી એ તો ઉક્ત મિથ્યાત્વનો અભાવ છે. ગીતાર્થ ઉપર નિષ્ઠા રાખવી અને ગુણવાનનું પરતંત્રપણું રાખવું તે દોષ નથી, કારણ કે સર્વ જીવોનો બુદ્ધિવૈભવ વિશાળ હોતો નથી.

અનાભિગ્રહિક-સર્વે દેવો વંદવા યોગ્ય છે, કોઇ નિંદવા યોગ્ય નથી. એમ જ સર્વે ગુરૂ અને સર્વ ધર્મો સારા છે. આવી સામાન્ય વાણી. આળસ કરીને બેસી રહેવાની અને સત્યની પરીક્ષા ન કરવાની વૃત્તિ એ બીજું મિથ્યાત્વ. આમાં સુવર્ણ ને પીત્તળ, હીરો ને કાચ બંને સરખા ગણવામાં આવે છે તે જ મિથ્યા ભાવ છે.

---

૧ અન્યત્ર ત્રણ ત્રણ પ્રકાર પણ કહ્યા છે. તેમાં લૌકિકને લોકોત્તર પર્વગત મિથ્યાત્વ વધારે ગણેલ છે.

આભિનિવેશિક–ધર્મનું પોતે યથાર્થ સ્વરૂપ સમજે, છતાં કોઇ પ્રકારના દુરાગ્રહથી પ્રરૂપણા વિપરીત કરે. અહંકારથી નવો મત સ્થાપવા કે ચલાવવા માટે અથવા વંદન નમસ્કારાદિ પ્રાપ્ત કરવા માટે ઘણા દુર્ભવી જીવો આવા પ્રકારનું મિથ્યાત્વ સેવે છે.

સાંશયિક–શુદ્ધ દેવ ગુરૂ અને ધર્મ સાચા હશે કે ખોટા એવી શંકા. સૂક્ષ્મ અર્થનો સંશય તો સાધુને પણ થાય છે, પરંતુ તેઓ તો તત્ત્વ કેવળીગમ્ય એ છેવટના નિર્ણયપર રહે છે. તેથી તે મિથ્યાત્વરૂપ નથી પણ ખરૂં સમાધાન જાણવાની ઇચ્છારૂપ છે. ૧ દેવ આદિ તત્ત્વને અંગે શંકા તે **સાંશયિક** મિથ્યાત્વ. ૨ તેના સ્વરૂપને અંગે શંકા તે શંકા. ૩ તેને જાણવાની ઇચ્છા તે જિજ્ઞાસા ને તેના કાર્યભૂત થતો પ્રશ્ન તે આશંકા.

અનાભોગિક–વિચારશૂન્ય એકેંદ્રિય જીવને અથવા વિશેષ જ્ઞાનથી રહિત જીવોને થાય છે.

જે જે કર્મ બંધ થાય છે તે તે ભોગવવો પડે છે (ઉદય સમય પ્રાપ્ત થયે). એ બંધ થવાના હેતુ મિથ્યાત્વ–અવિરતિ–કષાય અને યોગ એ ચાર છે. એના ૫૭ ભેદ છે. એ સત્તાવન બંધ હેતુનું સ્વરૂપ સમજવાની બહુ જ જરૂર છે. તેમાં પ્રથમ પાંચ પ્રકારના મિથ્યાત્વ છે તે ઉપર જોઇ ગયા. હવે બાકીના ત્રણ હેતુનો વિસ્તાર કહે છે.

બાર અવિરતિ–પાંચ ઇંદ્રિય અને મનનો સંવર ન કરવો અને છકાય જીવનો વધ કરવો તે બાર પ્રકારની અવિરતિ કર્મ બંધના હેતુભૂત છે.

કષાય–સંસારનો લાભ. તે ૨૫ છે. તેપર વિષયકષાયદ્વારમાં પૂરતું વિવેચન થઈ ગયું છે. ક્રોધ, માન, માયા, લોભ એ પ્રત્યેકના ચાર ચાર ભેદ છે. ઉત્કૃષ્ટ પંદર દિવસ ચાલે અને દેવગતિ પ્રાપ્ત કરાવે તે 'સંજ્વલન,' ઉત્કૃષ્ટ ચાર માસ ચાલે અને મનુષ્યગતિ પ્રાપ્ત કરાવે તે 'પ્રત્યાખ્યાનાવરણ,' ઉત્કૃષ્ટ વરસ ચાલે અને તિર્યંચગતિ પ્રાપ્ત કરાવે તે 'અપ્રત્યાખ્યાની' અને ઉત્કૃષ્ટ યાવજ્જીવ ચાલે અને નરકગતિ પ્રાપ્ત કરાવે તે 'અનંતાનુબંધી' એ અનુક્રમે યથાખ્યાત ચારિત્ર, સર્વવિરતિ, દેશવિરતિ અને સમકિતગુણ પ્રાપ્ત થવા દે નહિ.

એ સોળ ભેદ થયા. તેમાં હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય અને જુગુપ્સા તથા સ્ત્રીવેદ, પુરૂષવેદ અને નપુંસકવેદ એ નવ નોકષાય મેળવતાં પચીશ કષાય થાય છે. તે કર્મબંધના પ્રબળ હેતુ છે.

યોગ પંદર છે–મનયોગના ચાર ભેદ છે.

૧ સત્યમનોયોગ–ખરેખરા વિચાર કરવા તે.
૨ અસત્યમનોયોગ–ખોટા વિચારો.
૩ મિશ્રમનોયોગ–જે વિચારમાં કેટલીક વાત સાચી ને કેટલીક ખોટી હોય.
૪ અસત્યામૃષા મનોયોગ–એમાં સામાન્ય વિચારો. ખોટા કે સારાના ભેદ વગર. ચાલુ પ્રવાહ. (જેમ ઘડો ઝરે છે, પર્વત બળે છે, નદી વહે છે.)

વચન યોગના ચાર ભેદ છે. સત્ય વચનયોગ, અસત્ય વચનયોગ, મિશ્ર વચનયોગ અને અસત્યામૃષાવચનયોગ. અર્થ ઉપર પ્રમાણે.

કાયયોગના ૭ ભેદ છે.

૧ **તૈજસ કાર્મણ કાય**–જ્યારે જીવ એક ગતિથી બીજી ગતિએ જાય છે ત્યારે તેને અનાદિકાળથી સાથે રહેનારાં ભવમૂલ તરીકે પ્રખ્યાતિ પામેલાં બન્ને (તૈજસ ને કાર્મણ) શરીર સાથે હોય છે, જેમાં તૈજસથી આગળના ભવમાં આહાર લે તે પચાવીને શરીરરૂપે કરી શકે છે અને કાર્મણથી નવી નવી અવસ્થાઓ પામવા સાથે નવાં કર્મપુદ્ગલો ગ્રહણ કરી શકે છે.

૨ **ઔદારિકમિશ્ર**–આગળના ભવથી જીવ પોતાની સાથે તૈજસ કાર્મણ લાવે છે તે અને ઔદારિક શરીરની જો કે શરૂઆત કરી છે પણ નિષ્પત્તિ થઈ નથી તો તે ઔદારિક મિશ્ર કહેવાય છે.

૩ **ઔદારિક**–જે શરીરનાં પુદ્ગલ સ્થૂલ તેમજ પ્રાયે અસ્થિ, માંસ, રૂધિર અને ચરબીમય હોય છે તે.

૪ **વૈક્રિયમિશ્ર**–દૃશ્ય થઈને અદૃશ્ય થવું, ભૂચર થઈને ખેચર થવું, મોટા થઈને નાના થવું, એવી અનેક પ્રકારની ક્રિયાઓ

કરનાર સાત ધાતુ વિનાનું શરીર તે વૈક્રિય. તેની શરૂઆત થયા છતાં સમાપ્તિ ન થઈ હોય ત્યાં સુધી વૈક્રિયમિશ્ર.

૫ વૈક્રિય-ઉપર જણાવેલું શરીર પૂર્ણ થાય એટલે તે વૈક્રિય.

૬ આહારકમિશ્ર-ચૌદ પૂર્વને જાણનારા મહા પુરૂષો કોઈ સૂક્ષ્મ શંકાનું નિવારણ કરવા માટે કેવળી મહારાજ પાસે મોકલવા જે શરીર તૈયાર કરે (જે કેવલ જ્યોતિઃસ્વરૂપજ હોય છે) તેની સમાપ્તિ પહેલાની અવસ્થા.

૭ આહારક-ઉપર જણાવેલા શરીરની સંપૂર્ણ અવસ્થા.

આ ઉપર જે સાત પ્રકારનાં શરીર જણાવવામાં આવ્યાં છે તે સંબંધી જીવનો જે જે પ્રયત્ન હોય તે તે નામનો યોગ સમજવો. જેમકે આપણે અત્યારે ઔદારિક અને તૈજસ કાર્મણને અંગે પ્રયત્નવાળા છીએ. અહીં ધ્યાન રાખવાની જરૂર છે કે તૈજસ સિવાય કાર્મણ કે કાર્મણ સિવાય તૈજસ હોતું નથી ઈત્યાદિ કારણોને લીધે તૈજસ કાર્મણને શરીર તરીકે ભિન્ન ગણવા છતાં યોગ તરીકે એકઠા કરી એકજ ગણેલ છે.

આ સત્તાવન બંધ હેતુનો સંવર કર્યો હોય તો કર્મબંધની પ્રણાલિકા બંધ થાય છે અને આગળ બાંધેલાં કર્મોનો ક્ષય થઈ જતાં જીવ સ્વતંત્ર અનવધિ સુખ પ્રાપ્ત કરે છે. આ અધિકારમાં યોગનિરોધ અને ઇંદ્રિયદમનપર ખાસ વિવેચન કરવામાં આવશે. મિથ્યાત્વ વિષે વિવેચન આ શ્લોકમાં થઈ ગયું છે, અવિરતિના સંબંધમાં ઇંદ્રિયદમન, મનોનિરોધ અને દયા માટે સારી રીતે લખેલું હોવાથી ખાસ વિશેષ લખવાનું નથી, કષાય માટે વિષયકષાય અધિકારમાં લખાઈ ગયું છે અને યોગપર અત્ર ખાસ વિવેચન છે તે બહુજ મનન કરવા યોગ્ય છે. ૨૩૯.

મનોનિગ્રહ-तंदुलमत्स्य.

मनः संवृणु हे विद्वन्नसंवृतमना यतः ।
याति तंदुलमत्स्यो द्राक्, सप्तमीं नरकावनीम् ॥ २ ॥

"હે વિદ્વાન્! મનનો સંવર કર; કારણ કે તંદુલમત્સ્ય મનનો સંવર કરતો નથી તો તુરત જ સાતમી નરકે જાય છે." ૨.

અનુષ્ટુપ્.

વિવેચન-મનઃસંવર-મનોનિગ્રહ અધિકાર (નવમો) આજ વિષયપર લખાયેલો છે. અત્ર વધારે સ્પષ્ટ શબ્દોમાં મનોનિગ્રહ કરવાની ભલામણ કરે છે. સર્વ યોગોમાં મનોયોગનું રૂંધન વધારે મુશ્કેલ છે પણ તે તેટલુંજ વધારે ફળદાયી છે. વળી જો મનયોગનો નિરોધ કરવામાં આવતો નથી અને મનને ગમે તેમ રખડવા દેવામાં આવે છે તો તે મહા પાપબંધ કરાવે છે. તંદુલમત્સ્ય મનના વેગથી જ મહાતીવ્ર પાપબંધ કરે છે. એનું દૃષ્ટાંત શાસ્ત્ર પ્રસિદ્ધ છે. એ તંદુલમત્સ્ય મોટા જબરા મગરમચ્છોની આંખની પાંપણમાં ગર્ભજપણે ઉત્પન્ન થાય છે. [1]અંતર્મુહૂર્ત ગર્ભમાં રહે છે અને પછી તેની માતા મગરમચ્છની પાંપણમાંજ તેને પ્રસવે છે. ગર્ભજ હોવાથી તેને મન હોય છે. તેનું શરીર તંદુલ (ચોખા) જેવડું હોય છે, અને આયુષ્ય અંતર્મુહૂર્તનું હોય છે. મગરમચ્છની આહાર લેવાની રીત વિચિત્ર છે. એ પાણીનો મોટો જથ્થો મોઢામાં ભરી લેછે અને તેમ કરતાં સંખ્યાબંધ માછલાઓ તેના મોઢામાં જાય છે. પછી તેના મોઢામાં જાળી હોય છે (દાંતની બેવડ) તેમાંથી તે પાણી પાછું કાઢી નાખે છે, પણ આ જાળીના છિદ્રો મોટાં હોવાથી સંખ્યાબંધ ઝીણા ઝીણા માછલાઓ નીકળી જાય છે. આ વખતે દુર્ધ્યાની તંદુલમત્સ્ય આંખની પાંપણમાં બેઠો બેઠો વિચાર કરે છે કે જો હું આ મગરમચ્છના સ્થાને હોઉં તો આમાંથી એક પણ માછલાને નીકળવા દઉં નહિ. આવા દુર્ધ્યાનમાંજ નરકાયુ બાંધી કાળ કરી તેત્રીશ સાગરોપમને આઉખે સાતમી નારકીમાં ઉત્પન્ન થાય છે.[2] ઉક્ત પાપ તદ્દન માનસિક છે, છતાં પણ તેની વૃત્તિ બહુજ ખરાબ હોય છે. મનપર અંકુશ ન હોય તેની આવીજ સ્થિતિ થઈ જાય છે. જેઓ આખો વખત ગામની વાતો કરતા હોય, કુથલી કરતા હોય, તેઓએ આ નાની હકીકતથી બહુ સમજવાનું છે.

---

[1] અંતર્મુહૂર્તના ઘણા ભેદો હોવાથી નાના નાના કેટલાક અંતર્મુહૂર્તો મળીને પણ અંતર્મુહૂર્તજ કાળ કહી શકાય.

[2] તંદુલમત્સ્ય તથા પ્રસન્નચંદ્ર રાજર્ષિની હકીકત થોડી થોડી નવમા અધિકારમાં લખી છે, તોપણ ખાસ કારણથી તેનું અત્ર પુનરાવર્તન કર્યું છે.

સ્ત્રીઓએ પણ વિકથા ત્યાગ કરવા ખાસ વિચાર કરવો જોઇએ એમ આ દૃષ્ટાંત બતાવે છે. વળી જેમ મનથી મહા પાપબંધ થાય છે તેમજ તેનો સંવર કર્યાથી મહા લાભ થાય છે તેમાટે હવે જુઓ. ૨૪૦.

મનનો વેગ. વિ૰ પ્રસન્નચંદ્ર.

प्रसन्नचंद्रराजर्षेर्मनःप्रसरसंवरौ ।
नरकस्य शिवस्यापि, हेतुभूतौ क्षणादपि ॥ ३ ॥

"ક્ષણવારમાં પ્રસન્નચંદ્ર રાજર્ષિને મનની પ્રવૃત્તિ અને નિવૃત્તિ "અનુક્રમે નરક અને મોક્ષનું કારણ થઈ." ૩. અનુષ્ટુપ્

વિવેચન–મનનો વેગ અત્યંત છે. શુભ અધ્યવસાયની ધારા જ્યારે માનસિક રાજ્યદ્વારા આત્મકુંજપર પડે છે તે વખતે તેના પરનો મેલ એકદમ ખસી જાય છે, પડી જાય છે, હઠી જાય છે અને જીવ અલ્પ સમયમાં પોતાના શુદ્ધ સ્વરૂપમાં આવી જાય છે. પ્રસન્ન ચંદ્ર રાજર્ષિનું ચરિત્ર શાસ્ત્ર પ્રસિદ્ધ છે. તેઓને પણ એજ પ્રમાણે થયું હતું. મેતાર્ય મુનિ, ધન્નાશાળિભદ્ર, ગજસુકુમાળ વિગેરે અનેક મહાપુરૂષો મનોરાજ્યપર અંકુશ પ્રાપ્ત કરી શુભ ગતિના ભાગી થયા છે. ધનવિજયગણિ પ્રસન્નચંદ્ર રાજર્ષિનું ચરિત્ર આપે છે, તદનુસાર અત્ર ટુંકામાં લખીએ છીએ. ક્ષિતિપ્રતિષ્ઠિત નામે એક નગર હતું. વિચિત્ર પ્રકારની શોભાથી આખા વિશ્વને તે પોતાના તરફ આકર્ષણ કરતું હતું. અનેક દુકાન, બજારો અને હર્મ્યોથી તે નગર બહુ શોભતું હતું. **પ્રસન્નચંદ્ર** નામના રાજા ત્યાં રાજ્ય કરતા હતા. વિશાળ ભુજબળવાળા આ મહારાજા શત્રુદમનમાં કુશળ અને ન્યાયના નમુના હતા. તેની પ્રજા સર્વ પ્રકારે સુખ ભોગવતી હતી. રાજ્યસુખ ભોગવતા હતા તેવામાં શ્રી વીર પરમાત્મા એક વખત તે નગરની બહાર સમવસર્યા. રાજાએ સમાચાર સાંભળ્યા એટલે વંદન કરવા સારૂ ગયા. સંસારના અસ્થિર ભાવનું સ્વરૂપ સાંભળી રાજાને વૈરાગ્ય ઉત્પન્ન થયો, સંસારવાસના ઉડી ગઇ અને અંતરદૃષ્ટિ જાગૃત થઈ. તેથી બાલ્યાવસ્થાના પુત્રને રાજ્યપર સ્થાપન કરી તેણે દીક્ષા લીધી. અભ્યાસ કરતાં ગીતાર્થ

થયા અને રાજર્ષિ તરીકે ઓળખાવા લાગ્યા. અન્યદા ધર્મતત્ત્વનું ચિંતવન કરતા અને શુભ ભાવના ભાવતા તે રાજર્ષિ રાજગૃહ નગરની બહાર કાયોત્સર્ગ ધ્યાને રહ્યા છે. હવે તે વખતે વીર પરમાત્મા નજીકના ભાગમાં સમવસર્યા છે, તેમને વંદન કરવા માટે લોકો ટોળે મળીને જાય છે. લોકોના સમૂહમાં ક્ષિતિપ્રતિષ્ઠિતપુરના બે વાણીઆ હતા, આ બન્ને જણા વાતો કરતા કરતા શ્રી વીરપ્રભુને વંદન કરવા જતા હતા, તેવામાં તેઓએ પોતાના આગલા રાજાને દીઠા. એટલે વૃદ્ધ વણિક બોલ્યો. "અહો! રાજ્યલક્ષ્મીનો ત્યાગ કરી આ રાજર્ષિએ તપલક્ષ્મીનો સ્વીકાર કર્યો છે તેથી તે ધન્યાત્મા છે, ભાગ્યશાળી છે." બીજો વાણીઓ બોલ્યો "અરે જવા દે ને! આ મુનિને ધન્યવાદ તે શું ઘટે છે? તેને તો ખરેખરો ઠપકો ઘટે છે. એમણે દીક્ષા લીધી ત્યારે પુત્ર બહુ બાળ વયનો હતો, બળ વગરનો હતો, પણ એ વાતનો વિચાર કર્યા વગર તેને રાજ્યપર સ્થાપી પોતે તો વ્રત લઈ લીધું એટલે કૃતકૃત્ય થઈ ગયા! હવે એના સગા-વહાલા બિચારા બાળને હેરાન કરે છે, આખા શહેરને ઉપદ્રવ કરે છે અને લોકોમાં કાળો કેર વરતાઈ રહ્યો છે. આટલા માટે આ મુનિની તો સામું જોવું પણ યોગ્ય નથી." આવો વાર્તાલાપ કરતા કરતા તેઓ તો કર્ણપથથી દૂર થયા, પરંતુ તેની વાત સાંભળી રાજર્ષિ ધ્યાન ભ્રષ્ટ થયા, તેમને ક્રોધ ઉત્પન્ન થયો અને સંસારથી એકવાર નિવૃત્ત થયેલું મન પાછું સંસારમાં રખડવા માંડ્યું. આર્ત્તધ્યાન ચાલ્યું અને વિચાર થયો કે–અહો! અહો! હું બેઠા પુત્રની આવી હાલત કેમ થાય!! આવા વિચારની સાથે જ મનમાં તેના વિરોધીઓની સાથે યુદ્ધ કરવા માંડ્યું.

આવી રીતે મુનિમહારાજના મનમાં પ્રચંડ યુદ્ધ ચાલી રહ્યું છે તે વખતે વીરપ્રભુનો પરમભક્ત શ્રી શ્રેણિક નૃપતિ તેમને વંદન કરવા ચાલ્યો. રસ્તામાં મુનિને જોઈ વાંદ્યા, પરંતુ મુનિએ તેનાપર નજર પણ કરી નહિ. શ્રેણિકે ધાર્યું કે આ મહાત્મા આ વખત શુક્લ ધ્યાનારૂઢ થયા હશે. શ્રેણિક પ્રભુ પાસે ગયા, સવિનય નમસ્કાર કર્યો, વાંદ્યા, દેશના સાંભળી. પછી પૂછ્યું "હે ભગવન્! જે સ્થિતિમાં મેં પ્રસન્નચંદ્ર રાજર્ષિને વાંદ્યા તેજ સ્થિતિમાં તે વખતે તેઓ કાળ

કરે તો કઈ ગતિમાં જાય?" ભગવાન બોલ્યા-"સાતમી નરકે જાય." શ્રેણિક રાજાને આ પ્રત્યુત્તર સાંભળી બહુ આશ્ચર્ય સાથે દીલગીરી થઈ.

હવે પ્રસન્નચંદ્ર રાજર્ષિને શું થયું તે જોઇએ. તેઓ તો મનમાં મોટી લડાઈ કરવા મંડી ગયા. મોટા સમરાંગણમાં સર્વ શત્રુઓને મારી નાખ્યા પણ બાકીમાં એક પ્રધાન શત્રુ રહ્યો. આ વખતે સર્વ શસ્ત્રો ખુટી ગયાં. હાથમાં તરવાર સરખી પણ રહી નહિ, છતાં ક્ષત્રીય વીર ડર્યો નહિ. હિંમત મજબૂત રાખી માથાપરના ટોપથી એને મારી નાખીશ એમ વિચાર કર્યો. હવે પોતાના માથાપરનો ટોપ લેવા હાથ ઊંચો કર્યો અને માથાપર હાથ ફેરવે છે તો કેશ લુંચિત તાલકું મળ્યું. સુજ્ઞવીર ચેત્યો, જ્ઞાન દૃષ્ટિ જાગી, વિપર્યાસ ભાવ ભાગ્યો અને સંવેગ પ્રાપ્ત થયો. વિચાર્યું કે અરે જીવ! આ તું શું કરે છે? કોના પુત્ર અને કોનું રાજ્ય? વગર વિચાર્યે તેં પ્રથમ વ્રતનો ભંગ કર્યો. આવા શુદ્ધ અધ્યવસાયમાં ધ્યાનારૂઢ થતાં સ્વઆચરણની નિંદા કરવા માંડી અને અતિચાર આલોચવા માંડ્યા. મનથી બાંધેલાં કર્મ મનથીજ ખપાવી દીધાં અને સાતમી નરકને યોગ્ય દળીયાં એકઠાં કર્યાં હતાં તે વિખેરી નાખ્યાં. હવે વીર-પ્રભુને શ્રેણિકે થોડા વખત જવા દઈ ફરીને પ્રશ્ન પૂછ્યો કે "હે પરમાત્મન્! તે રાજર્ષિ કદાચ અત્યારે કાળ કરે તો ક્યાં જાય?" પ્રભુએ ઉત્તર આપ્યો કે "અનુત્તર વિમાને દેવ થાય." શ્રેણિકને આ ઉત્તરથી વધારે આશ્ચર્ય થયું, તેથી તેનું કારણ પૂછ્યું. મનો-રાજ્યનું સ્વરૂપ, તેનું જોર, તેને વશ કરવાથી થતી અનંતગુણની પ્રાપ્તિ વિગેરે પ્રભુએ સમજાવ્યું. તે સમયે દેવદુંદુભિનો અવાજ થયો. શ્રેણિકે પૂછ્યું કે હે પ્રભુ! આ દુંદુભિ શેની વાગે છે? પ્રભુએ કહ્યું કે "શ્રેણિક રાજા! એ રાજર્ષિને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું છે." શ્રેણિક રાજાને આ હકીકત જાણી મનનો વેગ કેવો બળ-વાન્ હોય છે તે બરાબર સમજાયું.

આ દૃષ્ટાંતથી મનોરાજ્યની વેગવાળી ભાવના સમજાણી હશે. એ અગત્યના વિષયમાં વારંવાર પર્યાલોચન કરવાની જરૂર છે. મનનું બંધારણ પણ જાણવા જેવું છે, જેને માટે નીચેના બે શ્લોક મનન કરવા યોગ્ય છે. ૨૪૧.

મનની અપ્રવૃત્તિ-સ્થિરતા.

मनोऽप्रवृत्तिमात्रेण, ध्यानं नैकेंद्रियादिषु ।
धर्म्यशुक्लमनःस्थैर्यभाजस्तु ध्यायिनः स्तुमः ॥ ४ ॥

"મનની પ્રવૃત્તિ ન કરવા માત્રથી જ ધ્યાન થતું નથી. જેમ "કે એકેંદ્રિય વિગેરેમાં (તેઓને મન ન હોવાથી મનની પ્રવૃત્તિ "નથી.) પણ જે ધ્યાન કરનારા પ્રાણીઓ ધર્મધ્યાન અને શુકલ "ધ્યાનને લીધે મનની સ્થિરતાના ભાજનભૂત થાય છે તેઓની અમે "સ્તુતિ કરીએ છીએ." ૪. અનુષ્ટુપ્.

વિવેચન-શ્રી અધ્યાત્મોપનિષદ્ (યોગશાસ્ત્ર)ના પાંચમા પ્રકા-શમાં અનુભવી યોગી શ્રીમાન્ હેમચંદ્રસૂરિ કહે છે કે પવનરોધ વિગેરે કારણોથી પ્રાણાયામનું સ્વરૂપ અન્ય દર્શનકારોએ બતાવ્યું છે તે બહુ ઉપયોગી નથી. તે તો કાળજ્ઞાન માટે અને શરીર આરોગ્ય માટે જાણવા જેવું છે; આમ કહીને ત્યારપછી તેનું સ્વરૂપ હેમચંદ્રસૂરિ મહારાજ આગળ બતાવે છે. તે કહે છે કે એ બહુ લાભ કરતું નથી તેનું કારણ એ છે કે એમાં મનની પ્રવૃત્તિ જ થતી નથી. એવી પ્રવૃત્તિ ન કરવી એ તો મનનો નાશ કરવા જેવું છે. એકેંદ્રિયાદિકને તથા વિકલેંદ્રિયોને મન હોતું નથી, પણ તેથી તેઓને લાભ થતો નથી. પરંતુ મનને બરાબર ઉપયોગમાં લેવા માટે તેમાં સ્થિરતા પ્રાપ્ત કરવાની જરૂર છે. મનની પ્રવૃત્તિનો પ્રવાહ અટકાવવો એમાં લાભ નથી, પણ તેને સદ્ધ્યાનમાં પ્રેરવું, તેમાં જ રમણ કરાવવું અને તે સંબંધી જ પ્રેરણા કરવી અને પ્રેર-ણાદ્વારા સ્થિરતા પ્રાપ્ત કરાવવી એ આદરણીય છે, 'હઠયોગ' જૈન શાસ્ત્રના મત પ્રમાણે બહુ ઓછો લાભ કરે છે. કાયયોગપર તેથી જરા અંકુશ આવે છે, પણ મનનું બંધારણ સમજી તેને સદ્ધ્યા-નમાં જોડી દેવાની રીતિ સર્વત્ર અનુસરવા યોગ્ય છે. મનનો રોધ કરવાની પણ આવશ્યકતા છે, પરંતુ તે અવસ્થા પરત્વે છે. ધ્યેય ચાર પ્રકારના છે. પિંડસ્થ (જેની પાર્થિવી, આગ્નેયી, મારૂતી, વારૂણી અને તત્રભૂ એવી પાંચ ધારણા હોય છે), પદસ્થ (નવકા-

રાદિ), રૂપસ્થ (જિનેશ્વર મહારાજની મૂર્ત્તિ) અને રૂપાતીત (શુદ્ધ સ્વરૂપ, અખંડઆનંદ, ચિદ્દઘનાનંદરૂપ, પરમાત્મભાવ પ્રકાશ). એ ધ્યેયમાં મનને જોડી દેવું, તે ધ્યાન છે અને તેમ કરીને મનની સ્થિરતા લાવવી એ યોગનું મુખ્ય અંગ છે. આથી જ જૈનશાસ્ત્રકારો ધ્યાનનું સ્વરૂપ દર્શાવતાં કહે છે કે रागाइ विउट्टणसद्दं झाणम् રાગાદિને કુટવામાં સમર્થ હોય તેને ધ્યાન કહેવાય. ધ્યાન ચાર પ્રકારનાં છે; તેમાં આર્ત્ત અને રૌદ્ર એ દુર્ધ્યાન છે. અત્ર ધર્મ અને શુક્લ એ બે શુભ ધ્યાનની વ્યાખ્યા પ્રસ્તુત છે. એનું સ્વરૂપ બહુ સૂક્ષ્મ છે. એ દરેકના શાસ્ત્રકાર ચાર ચાર ભેદ પાડે છે. ધર્મ ધ્યાનના ચાર ભેદોમાં પ્રથમ ભેદ 'આજ્ઞાવિચયધ્યાન'નો છે. સર્વજ્ઞનાં વચનોમાં પરસ્પર વિરોધ નથી એવું સમજી એની ચિંતવના કરવી–એની ખૂબી સમજવી એ પ્રથમ ધર્મધ્યાન છે. ત્યારપછી 'અપાયવિચયધ્યાન' આવે છે. એમાં રાગદ્વેષ કષાય પ્રમાદ કેવી કેવી જાતિનાં દુઃખો ઉત્પન્ન કરે છે તે વિચારવું, અને પાપકાર્યોથી પાછા હઠવું એ ધર્મ ધ્યાનનો બીજો ભેદ છે. ત્રીજો ભેદ 'વિપાકવિચયધ્યાન' છે. કર્મનો બંધ અને ઉદય વિચારવો, તેનું સામ્રાજ્ય, તીર્થંકર ચક્રવર્તી જેવાપર પણ તેની ચાલતી શક્તિ અને જગત્નો વ્યવહાર કર્મવિપાકથીજ ચાલે છે એ સંબંધી વિચાર કરવો તે ધર્મ ધ્યાનનો ત્રીજો ભેદ છે. છેલ્લું 'સંસ્થાનવિચયધ્યાન' છે. એમાં લોકનું સ્વરૂપ વિચારવાનું છે. ચૌદ રાજલોક, ઉત્પત્તિ સ્થિતિ અને લયવાળા જીવ અજીવાદિક છ દ્રવ્ય યુક્ત લોકાકૃતિની ચિંતવના કરવી તે. આવીજ રીતે શુક્લધ્યાનના ચાર ભેદ છે. (પ્રથકત્વ વિતર્ક સવિચાર, એકત્વ વિતર્ક અવિચાર, સૂક્ષ્મ ક્રિય અને ઉચ્છિન્ન ક્રિય). એ ધ્યાનની હકીકત વધારે સૂક્ષ્મ છે. એ ધ્યાનનું સ્વરૂપ યોગશાસ્ત્રથી જાણી લેવું. અત્ર કહેવાની હકીકત એ છે કે આવા ધર્મ અને શુક્લ ધ્યાનમાં મનને જોડી દઇ સ્થિરતા પ્રાપ્ત કરવાથી મહાલાભ થાય છે.

ચિત્ત સ્થિરતા પ્રાપ્ત કરવાનો ઉપાય એજ છે કે મનને નિરંતર સુધ્યાનમાં પ્રેર્યા કરવું. ઉક્ત ધ્યાનથી પ્રાણીને ઇંદ્રિયોથી અગોચર આત્મસંવેદ્ય સુખ થાય છે. ૨૪૨.

સુનિયંત્રિત મનવાળા પવિત્ર મહાત્માઓ.

सार्थं निरर्थकं वा यन्मनः [1]सुध्यानयंत्रितम् ।
विरतं दुर्विकल्पेभ्यः पारगांस्तान् स्तुवे यतीन् ॥ ९ ॥

"સાર્થકતાથી અથવા નિષ્ફળ પરિણામવાળા પ્રયત્નોથી પણ "જેઓનું મન સુધ્યાન તરફ જોડાયલું રહે છે અને જેઓ ખરાબ "વિકલ્પોથી દૂર રહે છે તેવા-સંસારનો પાર પામેલા યતિઓને "અમે સ્તવીએ છીએ." ૫. અનુષ્ટુપ્.

વિવેચન–કોઇપણ પ્રાણી કાર્યના પરિણામ માટે જોખમદાર નથી. તેણે શુભ પરિણામ આવશે એ પ્રમાણે વિચાર કરીને કાર્ય કરવું જોઇએ. આવા શુભ ધ્યાનથી કરેલા કાર્યનું પરિણામ ખરાબ આવતું નથી, પણ કદાચ ખરાબ આવે તોપણ કાર્ય કરનારને પાપનો અનુબંધ થતો નથી. પોતાના ક્ષયોપશમ પ્રમાણે તેણે દીર્ઘ દૃષ્ટિ પહોંચાડવી જોઇએ. જેઓ હમ્મેશાં સારાં કાર્ય કરવાના મનોરથો કરે છે, અને ખરાબ સંકલ્પો કરતા નથી, તેઓ ખરેખરા ભાગ્યશાળી છે.

'સાર્થ' એટલે શુભ પરિણામવાળું કાર્ય. આવાજ હેતુથી પરિણામ માટે બહુ ચિંતા ન રાખવાનું શાસ્ત્રમાં કહ્યું છે. भवन्ति भूरिभिर्भाग्यैर्धर्मकर्ममनोरथाः । फलन्ति यत्पुनस्ते तु तत्सुवर्णस्य सौरभम् ॥ ધર્મકાર્ય કરવાના મનોરથો જ મહાભાગ્યથી થાય છે અને જો તેઓ શુભ ફળ આપે તો તો સોનામાં સુગંધ ભળી એમ સમજવાનું છે.

મન ખોટા વિચારો કરીને કેટલી જાતનાં પાપો બાંધે છે તે આપણે ચિત્તદમન અધિકારમાં જોયું છે. કલ્પનાશક્તિપર જ્યાંસુધી સુનિયંત્રિત તર્કશક્તિનો અંકુશ ન હોય ત્યાંસુધી સુકાન વગરના વહાણની જેમ મનોવિકાર રૂપ પવનથી આ આત્મા સંસારસમુદ્રમાં અસ્તવ્યસ્તપણે ઝોકાં ખાય છે અને જરા ઝપાટો આવતાં એક દિશાએ તણાઇ જાય છે. વળી પાછો બીજી દિશામાં આવે છે. માટે આર્ત રૌદ્રાદિ દુર્ધ્યાનને તેપણે સમજી તે તજી દેવા અને ધર્મધ્યાન તથા શુક્લધ્યાન ધ્યાવવાં. ૨૪૩.

---

१ सद्ध्यान इति वा पाठः

વચન અપ્રવૃત્તિ-નિરવદ્ય વચન.

वचोऽप्रवृत्तिमात्रेण, मौनं के के न बिभ्रति ।
निरवद्यं वचो येषां, वचोगुप्तांस्तु तान् स्तुवे ॥ ६ ॥

"વચનની અપ્રવૃત્તિ માત્રથી કેાણ કેાણ મૌન ધારણ કરતું "નથી ? પણ અમે તેા જે વચન ગુપ્તિવાળા પ્રાણીઓ નિરવદ્ય વચન "બેાલે છે તેઓની સ્તવના કરીએ છીએ." ૬. અનુષ્ટુપ્

ભાવાર્થ-વચનસંવર-અનેક કારણેાથી વચનની પ્રવૃત્તિ થતી નથી. એકેંદ્રિયપણામાં સ્વાભાવિક બંધારણજ તેથી વિરૂદ્ધ છે, તે ઉપરાંત બે ઇંદ્રિયથી પંચેંદ્રિય સુધીના તિર્યંચેા સ્પષ્ટપણે બેાલી શકતા નથી, રેાગ, સભાક્ષેાભ અથવા મુંગાપણાથી મનુષ્યેા પણ બેાલતા નથી; પણ એથી કાંઇ લાભ થતેા નથી. બેાલવાની શક્તિ હેાય છતાં નિરવદ્ય વચન બેાલવું તેમાંજ ખરેખરી ખૂબી છે. વચન ગુપ્તિ ધારણ કરી હેાય, ભાષાપર અંકુશ હેાય અને બેાલે ત્યારે સત્ય, પ્રિય, મિત અને પથ્ય વચનજ બેાલે તે નિરવદ્ય વચન કહેવાય છે. અશક્તિમાન્ સાધુ થાય તેમાં નવાઇ નથીઃ શક્તિ હેાય છતાં કારણ વગર બેાલે નહિ, ગંભીરતા રાખે અને બેાલે ત્યારે પણ વિચાર કરીને, પ્રમાણેાપેત અને અલ્પ જેટલું જ બેાલે તેઓ સંયમવાન્ કહેવાય છે. ૨૪૪.

નિરવદ્ય વચન--વસુરાજા.

निरवद्यं वचो ब्रूहि, सावद्यवचनैर्यतः ।
प्रयाता नरकं घोरं, वसुराजादयो द्रुतम् ॥ ७ ॥

"તું નિરવદ્ય (નિષ્પાપ) વચન બેાલ; કારણ કે સાવદ્યવચન "બેાલવાથી વસુરાજા વિગરે એકદમ ઘેાર નરકમાં ગયા છે." ૭. અનુષ્ટુપ્

વિવરણ-ઉપર કહ્યું તેમ નિરવદ્ય-પાપરહિત-વચન બેાલવાની જરૂર છે. નિરવદ્ય વચનમાં સત્ય પ્રિય અને પથ્ય એ ત્રણે ગુણેાનેા સમાવેશ થાય છે એમ સમજવું. વચન સત્ય હેાય છતાં પણ અપ્રિય હેાય તેા નિરવદ્ય નથી અને વળી વચન બેાલતાં જેને તે કહેવામાં આવે તેને હિત કરનારૂં તે વચન હેાવું જોઇએ, સાવદ્ય વચન બેાલવાથી ભાષાપર અંકુશ રહેતેા નથી, દુનિયામાં બેાજ પડતેા નથી અને પેાતાના વિચારેા ગંભીર રહી શકતા નથી. બેાલતી વખત મનમાં ક્ષેાભ રહ્યા કરે છે અને પછી મગજ ખવાતેા જાય છે. નિરવદ્ય વચન બેાલનારની શુભ ગતિ થાય છે. નરેા વા કુંજરેા વા એટલું ગર્ભિત વચન બેાલનાર ધર્મરાજા પણ એટલે અંશે સત્ય ધર્મથી ભ્રષ્ટ થયા. તેટલા માટે સત્ય બેાલવું, પૂરેપૂરૂં સત્ય બેાલવું અને સત્ય સિવાય કાંઇ પણ બેાલવું નહિ એ ત્રણે સૂત્ર બરાબર યાદ રાખવાનાં છે. કાંઇ પેાઇન્ટ પકડીને અમુક હકીકત સાચી બેાલીએ તેા સામેા માણસ સમજી શકે નહિ, પણ તે શુદ્ધ સત્ય ભાષા કહેવાય નહિ. આવા પ્રસંગે આપણે ઘણીવાર જાણતા પણ હેાઇએ છીએ કે સામેા માણસ તે ખેાટા અર્થમાંજ સમજવાનેા છે. વસુરાજા અસત્ય બેાલવાથી નરકે ગયેા. જે સત્ય વચનપર આખી દુનિયાનેા આધાર હેાય તે તેા સ્પષ્ટ રીતે સત્ય હેાવું જોઇએ. વસુરાજાનું દૃષ્ટાંત બેાધદાયક હેાવાથી ટીકાનુસાર અત્ર લખીએ છીએ. વિસ્તારરૂચિએ આવશ્યકાદિથી જોઇ લેવું.

પૃથ્વીમાં વિખ્યાત થયેલી શ્રુતીપુર નામની નગરી હતી. એ નગરીમાં મહા તેજસ્વી અભિચંદ્ર નામે રાજા રાજ્ય કરતા હતા. તેને સત્ય બેાલનાર વસુ નામે એક પુત્ર હતેા. બાલ્યવયથી આ વસુ મહાબુદ્ધિશાળી હતેા અને સત્ય વચનેાચ્ચારના ગુણમાટે પ્રસિદ્ધ થયેા હતેા. પિતાએ તેને ક્ષીરકદંબક નામના કલાચાર્ય પાસે અભ્યાસ કરવા મૂકયેા. અહીં તેની સાથે તેજ ગુરૂનેા પુત્ર પર્વત અને એક નારદ નામે બ્રહ્મચારી અભ્યાસ કરતા હતા. ગુરૂની ત્રણે શિષ્યેાપર અપૂર્વ પ્રીતિ હતી અને બહુ સંભાળથી અભ્યાસ કરાવતા હતા.

એક દિવસ ગુરૂ સુતા છે તે વખતે એ ચારણ મુનિ વાતેા કરતા કરતા આકાશમાં ચાલ્યા જતા હતા. તેઓની વાતચીત પરથી ગુરૂ સમજ્યા કે ત્રણ શિષ્યેા પૈકી બે નરકમાં જશે અને એક સ્વર્ગમાં જશે એમ તેઓએ કહ્યું. આ હકીકત સાંભળી ગુરૂને બહુજ ખેદ

થયેા. આ ત્રણમાંથી સ્વર્ગમાં જવા કેાણ ભાગ્યશાળી થશે તેની તપાસ કરવા સારૂ ગુરૂએ ત્રણેને પેાતાની પાસે એક સાથે બેાલાવ્યા અને દરેકને જવના લેાટથી બનાવેલેા બનાવટી એકેક કુકડેા આપીને કહ્યું કે જે જગેાએ કેાઇપણ ન દેખે ત્યાં જઇને આનેા વધ કરી આવેા. વસુ અને પર્વતે તેા એકાંત જગેાએ જઇને કુકડાને મારી નાખ્યેા. મહાત્મા નારદ પણ નગર બહાર ગયેા અને એક તદ્દન એકાંત જગા શેાધી. ચારે દિશાઓમાં નજર ફેરવી વિચાર કરવા લાગ્યેાઃ ગુરૂએ કેાઈપણ ન દેખે એવી જગાએ આ કુકડાનેા વધ કરવાની આજ્ઞા આપી છે, પણ અહીં તેા તે પેાતે (કુકડેા) દેખે છે અને હું દેખું છું, આ ખેચરેા આકાશમાં ઉડતા ઉડતા દેખે છે અને લેાકપાળેા જુએ છે તથા દિવ્ય ચક્ષુથી જ્ઞાની મહારાજ પણ દેખી રહ્યા છે. ત્યારે એવું એક પણ સ્થાન નથી કે જ્યાં કેાઇપણ દેખે નહિ, માટે ગુરૂની વાણીનેા અર્થ એજ થાય છે કે કુકડાને મારવેા નહિ. ગુરૂ ખરેખરા દયાળુ છે અને તેમણે આવા પ્રકારની હિંસા કરમાવી હેાય એ બનવા જોગ પણ નથી. આવેા વિચાર કરી કુકડાને માર્યા વગર પાછેા લાવ્યેા અને તેમ કરવાનું કારણ ગુરૂને કહી બતાવ્યું. નારદ સ્વર્ગમાં જશે એમ ગુરૂના મનમાં નિશ્ચય થયેા. ગુરૂએ તેને 'બહુ સારૂં' એટલેા જવાબ આપ્યેા. થેાડા વખત પછી પર્વત અને વસુ આવ્યા અને ગુરૂને જણાવ્યું કે નિર્જન વનમાં કેાઈ ન દેખે એવી જગાએ અમે કુકડાને માર્યો છે. ગુરૂએ કહ્યું કે 'મૂર્ખાનંદેા! તમે પેાતે દેખતા હતા છતાં શા માટે માર્યો?' ક્ષીરકદંબ આચાર્યના મનમાં બહુ ખેદ થયેા કે આ બન્ને શિષ્યેા નરકમાં જશે. વસુ, રાજાનેા પુત્ર છે અને પર્વત પેાતાનેા પુત્ર છે તે બન્નેપર લીધેલી મહેનત નકામી જશે અને વહાલેા પુત્ર અને તેથી પણ વધારે વહાલેા વસુ નરકમાં જશે માટે હવે આ ઘરમાં (સંસારમાં) રહેવામાં શું સાર છે? એવી રીતે વૈરાગ્યભાવ થવાથી તેમણે સંસારનેા ત્યાગ કર્યો. હવે પિતાએ દીક્ષા લીધા પછી પર્વત ગુરૂસ્થાનકે અભ્યાસ કરાવવા લાગ્યેા, નારદ ત્યાંથી ચાલ્યેા ગયેા અને ત્યાર પછી થેાડા વખતે અભિચંદ્ર રાજાએ વ્રત ગૃહણ કર્યું તેથી વસુને તેની ગાદીએ બેસાડવામાં આવ્યેાઃ વસુ રાજાએ બહુ સારી રીતે

રાજ્ય કર્યું અને ન્યાય તથા ધર્મથી અને પેાતાના શુદ્ધ વર્તનથી જગત્માં પ્રસિદ્ધ મેળવી. દુનિયામાં સત્યવાદી તરીકે જાણીતેા થયેા અને તે પદવીને જાળવી રાખવા ખાતર તે કાયમ સત્યજ બેાલતેા રહ્યેા.

આવી રીતે ઘણેા સમય પસાર થઈ ગયેા. એક વખત એક મેાટું આશ્ચર્ય બન્યું. એક શિકારી જંગલમાં પશુપર બાણ ફેંકતેા હતેા, પણ તેનાં બાણ વચ્ચે અટકી જવા લાગ્યાં. શિકારી આનું કારણ કાંઈ સમજ્યેા નહિ તેથી તે જગાપર જઇને હાથ ફેરવ્યેા તેા સ્ફટિકની શિલા દેખાણી, તે એટલી તેા પારદર્શક હતી કે હસ્ત લગાડ્યા વગર તે છે એમ પણ દેખાતું નહેાતું. આવી સુંદર શિલાને જોઈ મહા ભાગ્યવાન્ વસુરાજાને જ તે યેાગ્ય છે એમ શિકારીએ ધાર્યું. વસુરાજા પાસે જઈ ખાનગીમાં તે હકીકત નિવેદન કરીને શિલા ભેટ કરી. રાજા બહુ ખુશી થયેા અને શિકારીને બહુ ભેટ આપી. પછી રાજાએ હુશિયાર શિલ્પીઓને રાખી તેની પાસે પેલી સ્ફટિક શિલાની સુંદર વેદિકા તૈયાર કરાવી અને પ્રચ્છન્નપણે તે ઘડનારાઓનેા પછી ઘાત કરી નાખ્યેા. આ વેદિકાપર સિંહાસન મૂકયું જેથી લેાકેાએ એમ જાણ્યું કે સત્યના પ્રભાવથી વસુરાજાનું સિંહાસન આકાશમાં અધર રહે છે. લેાકેામાં વાત ચાલી કે સત્યના પ્રભાવથી દેવતાઓ રાજાની પાસે રહે છે અને તેની સેવા કરે છે. સિંહાસનના પ્રભાવથી કેટલાક રાજાઓ તેને વશ થઈ ગયા અને તેની કીર્ત્તિ દશે દિશામાં વધારે વધારે પ્રસરવા લાગી.

હવે નારદ એક વખત તે શહેરમાં આવ્યેા. તે પર્વતને મળવા ગયેા તે વખતે પર્વત શિષ્યેાને ઋગ્વેદ ભણાવતેા હતેા. તેમાં એ વાત આવી કે અજથી યજ્ઞ કરવેા, પર્વતે તે ઋચ્નેા અર્થ સમજાવતાં કહ્યું કે અજ એટલે બેાકડાનું બલિદાન કરી યજ્ઞ કરવેા. આ વખતે નારદ નજીક બેઠેા હતેા તેણે કહ્યું કે " ભાઈ પર્વત! તું આવેા બેાટેા અર્થ કેમ કરે છે? ગુરૂએ તેા આપણને શીખવ્યું છે કે न जायते इति अजः વાવ્યાથી ન ઉગે તેવું ત્રણ વરસનું ધાન્ય (ડાંગર-શાલિ) એવેા અર્થ અજ શબ્દનેા થાય છે, એ વાત તું કેમ વીસરી

ગયો? આ પ્રમાણે ખોટો અર્થ કરવો અયુક્ત છે, પાપ બંધનકારી છે અને પરભવમાં દુર્ગતિમાં પાડનાર છે." પર્વત બોલ્યો "તમારું કહેવું ખોટું છે. ગુરૂએ આપણને એવો અર્થ કહ્યો જ નથી. વળી 'નિઘંટુ' માં અજ શબ્દનો અર્થ 'બકરો' થાય છે. નારદે જવાબ આપ્યો "ભાઈ પર્વત! શબ્દની અર્થઘટના મુખ્ય અને ગૌણ એ પ્રકારની છે, તેમાંથી ગુરૂએ આપણને ગૌણ અર્થ કહ્યો હતો. ગુરૂ ધર્મોપદેષ્ટા હતા, શ્રુતિ (વેદ) ધર્મમય છે, છતાં તું ગુરૂ અને વેદથી વિપરીત કહીને પાપ વહોર નહિ." પર્વતે ઉત્તરમાં આક્ષેપ કરીને કહ્યું "ગુરૂએ તો અજ એટલે બકરો એમ કહ્યું છે અને ગુરૂએ કહેલા શબ્દાર્થને વિપરીત કરવાથી તું પાપ વહોરી લે છે. આ બાબતમાં જે હારે તેણે પોતાની જિહ્વા કાપી નાખવી એવું હું પણ કરું છું અને આ શબ્દનો અર્થ આપણા સહાધ્યાયી વસુરાજા જે કહે તે પ્રમાણ છે." નારદે આ સર્વ અંગીકાર કર્યું, કારણ કે સત્ય બોલનારને ક્ષોભ હોતો નથી.

હવે પર્વતની માતાએ એકાંતમાં પર્વતને કહ્યું કે "જો કે હું ઘરના કામકાજમાં નિરંતર ગુંચાયલી રહેતી હતી છતાં મને ચોક્કસ ખ્યાલ છે કે અજ શબ્દનો અર્થ તારા પિતાજી ત્રણ વરસની જુની (શાલિ) ડાંગર કહેતા હતા, તેથી તેં વગર વિચાર્યે અહંકારમાં જીહ્વા છેદવાનું પણ કર્યું છે." પર્વતે કહ્યું "હવે મેં તો આ પ્રમાણે કહી દીધું તે ન કહ્યું થવાનું નથી માટે તમને ઠીક લાગે તે રીતે તેનું નિવારણ કરો." માને દીકરાનું સ્વાભાવિક રીતે હેત લાગ્યું તેથી હૃદયમાં પીડા પામતી તે વસુરાજા પાસે ગઈ. **પુત્રને માટે માતા શું નથી કરતી?** "હે માતા! આપના દર્શનથી આજ ક્ષિરકદંબક ગુરૂના દર્શન થયા. આપને હું શું આપું અથવા આપને માટે શું કરું? મને ફરમાવો." આ પ્રમાણે વસુરાજાએ તેમને કહ્યું. માતા બોલી. "વત્સ! મને પુત્રભિક્ષા આપો. હે પુત્ર! પુત્ર વગર ધનધાન્ય શા કામના છે?" વસુરાજાએ કહ્યું "માતા! આ શું બોલો છો! પર્વત તો મારે પાલ્ય અને પૂજ્ય છે, ગુરૂપુત્રને ગુરૂતુલ્ય માનવો એવી શ્રુતિની આજ્ઞા છે. આજે યમરાજે કોનું પાનું ઉઘાડ્યું છે કે જે મારા ભાઈને મારવા તૈયાર થયો છે. માટે

હે માતા! તમે જે હકીકત હોય તે જલદી બોલો." પછી પર્વતની માતાએ નારદનું આગમન, અજ શબ્દની વ્યાખ્યા સંબંધમાં થયેલો વાદવિવાદ, પર્વત તથા નારદની તકરાર, જિહ્વાછેદનું પણ અને વસુરાજાની ઠરેલી સાક્ષી એ સર્વ હકીકત કહી બતાવી. પછી કહ્યું કે "તારી પાસે ન્યાય કરાવવા આવે ત્યારે હે ભાઈ! પર્વતનું રક્ષણ કરવા માટે તું અજ એટલે બકરો એમ કહેજે. મોટા માણસો પ્રાણથી પણ બીજા ઉપર ઉપકાર કરે છે તો વાણીથી કરવો એમાં તો સવાલજ શો છે?" વસુરાજા બોલ્યો "હે માતા! મિથ્યા વચન હું કેવી રીતે બોલું? પ્રાણનો નાશ થાય તો પણ સત્યવ્રત પુરૂષો કદિપણ અસત્ય બોલતા નથી. પાપથી બ્હીનાર પ્રાણીએ કોઈપણ બાબતમાં અસત્ય બોલવું જોઈએ નહિ તો પછી ગુરૂની વાણી અન્યથા કરવા સારૂ ખોટી સાક્ષી પૂરવી એ તો બહુજ ખોટું કહેવાય." "ભાઈ! તારે તો ગુરૂના પુત્ર કરતાં પણ સત્ય વ્રતનો આગ્રહ વધારે છે તો ઠીક છે! મારૂં નશીબ!" આટલું બોલતાં ગુરૂપત્નીએ દયાર્દ્ર મુખ કર્યું, ત્યારે રાજા લેવાઈ ગયો અને તેનું વચન અંગીકાર કર્યું. ગુરૂપત્ની રાજી થઈને પોતાને ઘેર ગઈ.

હવે નારદ અને પર્વત રાજસભામાં આવ્યા. સભામાં અનેક સભ્યો, વિદ્વાનો અને માધ્યસ્થ વૃત્તિવાળા પુરૂષો બીરાજ્યા હતા. રાજા સ્ફટિકની વેદિકાના પ્રભાવથી અધર દેખાતા સિંહાસનપર આરૂઢ થયો હતો. રાજાએ ગુરૂપુત્ર અને સહાધ્યાયી નારદને આદર આપ્યો. નારદે અને પર્વતે પોતાનો પક્ષ સ્થાપિત કર્યો, અને રાજાનું પ્રમાણ અંગીકાર કર્યું; સત્યનો મહિમા બતાવ્યો અને રાજાને સત્ય બોલવા સૂચવ્યું. આ પ્રમાણે સર્વ હકીકત કહ્યા છતાં જાણે તે સાંભળીજ ન હોય, પોતાના સત્યવાદીપણાની પ્રસિદ્ધિને અંગે પોતાને માથે લટકતી મહા ફરજનો ખ્યાલ જાણે ક્ષણવાર દૂરજ ગયો હોય તેમ ગુરૂપત્નીનાં વચનને માન્ય રાખી વસુ રાજાએ ન્યાય આપ્યો કે "ગુરૂએ અજ શબ્દનો અર્થ 'બકરો' શીખવ્યો છે." આ અસત્ય વચન બોલતાંજ દેવો તેનાપર કોપાયમાન થઇ ગયા અને જે સ્ફટિક વેદિકાપર તે બેસતો હતો તેના ચૂરે ચૂરા થઈ ગયા. રાજા ભૂમિપર પડ્યો, તેના પર સિંહાસન પડ્યું અને વસુમતી (પૃથ્વી) નો નાથ

વસુરાજા મરણ પામી વસુમતીને તળીએ ગયેા. અત્યારે પણ નારકીની મહા વેદના તે સહન કરે છે.

જે વચનપર જગત્નેા પ્રવાહ ચાલતેા હેાય છે અથવા ભવિષ્યમાં ચાલવાનેા સંભવ હેાય છે તે વચન તેા બહુજ વિચારીને બેાલવું જોઈએ. સત્યવચન બેાલવાની અગત્ય આ કથાથી સ્પષ્ટ સમજાઇ જાય તેમ છે. ૨૪૫.

દુર્વાચ્યાનાં ભયંકર પરિણામ.

इहामुत्र च वैराय, दुर्वाचो नरकाय च ।
अग्निदग्धाः प्ररोहन्ति, दुर्वाग्दग्धाः पुनर्न हि ॥ ८ ॥

"દુષ્ટ વચન આ લેાક અને પરલેાકમાં અનુક્રમે વૈર કરાવે છે "અને નરકગતિ પ્રાપ્ત કરાવે છે. અગ્નિથી બળેલું ફરી વાર ઉગે છે "પણ દુષ્ટ વચનથી બળેલાં હેાય તેમાં પછી ફરીવાર સ્નેહાંકુર "ફુટતેા નથી." ૮. અનુષ્ટુપ્.

ભાવાર્થ–આ શ્લેાકમાં બે વાત સમાવી છે. આ લેાકમાં અને પરલેાકમાં દુર્વચનનું ફળ શું બેસે છે તે સૂચવ્યું છે. દુર્વચનથી આ લેાકમાં વૈર ઉત્પન્ન થાય છે અને પરલેાકમાં નરકગતિ પ્રાપ્ત થાય છે. આ લેાક આશ્રી ફળના સંબંધમાં વિશેષ રીતે સમજુતી આપવા કહે છે કે– ધાન્ય વાવ્યાથી ઉગે છે, પણ જો તે ધાન્ય બળી ગયું તેા બીજત્વ નાશ પામે છે તેથી તે ઉગતું નથી. પણ કેાઇ કેાઇ કઠણ બીજ બળ્યા છતાં પણ ઉગે છે. પણ જે દુર્વચનથી બળેલાં હેાય છે તેનામાં ફરીને પ્રેમના અંકુર ઉગતાજ નથી. અનુભવીઓ જાણે છે કે વચનબાણ હૃદયમાં શલ્યની જેમ કામ કરે છે અને એક વાર વાગ્યાં હેાય તેા તે ભૂલી શકાતાં નથી. આટલા માટે નકામું બેાલવાની ટેવ બંધ કરવી. કેટલાક માણસેા પેાતાની વિદ્વત્તા બતાવવા સારૂ અકારણે પણ અપ્રસ્તુત બેાલ્યા કરે છે અને તેમ કરીને પેાતાની લઘુતા કરે છે. આસ કરીને નકામું બેાલવું નહિ અને કડવું પણ બેાલવું નહિ. ૨૪૬.

તિર્થંકર મહારાજ અને વચનગુપ્તિની આદેયતા.

अत एव जिना दीक्षाकालादाकेवलोद्भवम् ।
अवद्यादिभिया ब्रूयु र्ज्ञानत्रयभृतोऽपि न ॥ ९ ॥

"તેટલા માટે જોકે તીર્થંકર મહારાજને ત્રણ જ્ઞાન હેાય છે "તેાપણ દીક્ષા કાળથી માંડીને કેવળજ્ઞાન થતાં સુધી પાપની "બીકથી તેઓ કાંઈપણ બેાલતા નથી." ૯. અનુષ્ટુપ્.

ભાવ–'તેટલા માટે' એટલે સાવદ્ય બેાલવાથી અનિષ્ટ ફળ થાય છે તેટલા માટે. તીર્થંકર મહારાજ પણ છદ્મસ્થ અવસ્થામાં મૌન ધારણ કરે છે. મેાટા જ્ઞાનીને પણ આવેા ભય રહે છે તેપર બહુ ખ્યાલ કરવા જેવું છે. આ તેા જાપાનમાં આજે આમ થયું અને વીસુવિયસ જ્વાળામુખી ફાટયેા, પાર્લામેન્ટમાં આવી તકરાર થઈ અને રાજ્યમાં આવી અટપટ ચાલે છે, આવી વાતેા કરીને નકામેા કાલક્ષેપ કરવામાં આવે છે. ચાલુ ઇતિહાસ જાણવેા એ જુદી વાત છે, પણ પછી એ સંબંધી વાતેા કરી વિચારેા બતાવી નકામેા કર્મબંધ શા માટે કરવેા? શાસ્ત્રકાર એક વ્યવહારૂ વચન કહે છે કે "બહુ બેાલે તે બાંઠેા" આમાં બધી વાતેાનેા મુદ્દો આવી જાય છે. ૨૪૭.

કાયસંવર–કાચબાનું દૃષ્ટાંત.

कृपया सवृणु स्वांगं कूर्मज्ञातनिदर्शनात् ।
संवृतासंवृतांगा यत् सुखदुःखान्यवाप्नुयुः ॥ १० ॥

"(જીવ ઉપર) દયા લાવીને તારા શરીરનેા સંવર કર; કાચ"બાના દૃષ્ટાંતથી શરીરનેા સંવર કરનાર અને નહિ કરનાર અનુ"ક્રમે સુખ દુઃખ પામે છે." ૧૦. અનુષ્ટુપ્.

ભાવાર્થ–કાયસંવર–મન અને વચનની પ્રવૃત્તિ જેમ નુકશાન કરનારી છે તેમ કાયાની પ્રવૃત્તિ પણ સાવદ્ય હેાય તેા અનંત સંસાર પરિભ્રમણ કરાવે છે. કાયયેાગની પ્રવૃત્તિ કરવી તે પણ શુભ હેતુ પૂર્વક કરવી. નિષ્ફળ અને હાનિકારક પ્રવૃત્તિનેા સંવર

કરવાની આવશ્યકતા બહુજ છે. હઠયોગ વિગેરેથી શરીરપર જય થાય છે તે તો માત્ર આરોગ્યાદિ ઐહિક લાભ માટે થાય છે. શાસ્ત્રકાર એને બહુ અગત્ય આપતા નથી. એક વગડામાં જમીન પર બે કાચબા ચાલ્યા જતા હતા, તે વેળા કોઈ હિંસક જનાવર આવ્યું, તેને જોતાંજ બંને કાચબાએ પોતાનાં પગ ને માથું અંદર લઈ લીધાં, પછી તે જનાવર દૂર ઊભું રહી તેના પગ ને માથું બહાર કાઢવાની રાહ જોવા લાગ્યું. કેટલીક વારે એક કાચબાએ અકળાઈને પગ ને માથું બહાર કાઢયાં એટલે પેલા જનાવરે તે પકડીને તેને મારી નાખ્યો. બીજા કાચબાએ ઘણો વખત થયા છતાં પણ પગ કે માથું બહાર કાઢયાં નહીં તેથી છેવટે થાકીને પેલું જનાવર જતું રહ્યું.

આ બે કાચબામાં જે કાચબાએ પોતાનાં અંગોપાંગ ગોપવી રાખ્યા તે સુખ પામ્યો અને બીજો દુઃખ પામ્યો, માટે કાયાનો સંવર કરવાની પણ બરોબરી જરૂર છે. ૨૪૮.

કાયાની અપ્રવૃત્તિ. વિ. કાયાનો શુભવ્યાપાર.

कायस्तंभान्न के के स्युस्तरुस्तंभादयो यताः ।
शिवहेतुक्रियो येषां, कायस्तांतु स्तुवे यतीन् ॥ ११ ॥

"માત્ર કાયાના સંવરથી ઝાડ સ્તંભ વિગેરે કોણ કોણ સંયમી "ન થાય? પણ જેઓનું શરીર મોક્ષ મેળવવા માટે ક્રિયા કર- "વામાં ઉદ્યત થાય છે તેવા યતિની અમે સ્તુતિ કરીએ છીએ." ૧૧.

અનુષ્ટુપ્.

ભાવ-ઉપર વચનયોગ માટે કહ્યું તેમજ કાયાની અપ્રવૃત્તિ માત્રથી કાંઈ લાભ થતો નથી, પરંતુ જરૂરનું એ છે કે કાયાની પ્રશસ્ત પ્રવૃત્તિ થવી જોઇએ એટલે શુભક્રિયા અનુષ્ઠાન કરવાં જોઇએ. આ પ્રમાણે મન વચન કાયાના યોગોની પ્રવૃત્તિ સંબંધી ઉપયોગી ઉપદેશ આપ્યો. હવે પાંચ ઇંદ્રિયોના સંવરની વાત કહે છે. ૨૪૯.

શ્રોત્રેન્દ્રિય સંવર.

श्रुतिसंयममात्रेण, शब्दान् कान् के त्यजन्ति न ।
इष्टानिष्टेषु चैतेषु, रागद्वेषौ त्यजन्मुनिः ॥ १२ ॥

"કાનના સંયમ માત્રથી કોણ શબ્દોને ત્યજતું નથી? પણ ઇષ્ટ "અને અનિષ્ટ શબ્દોપર રાગદ્વેષ તજી દેય તેને મુનિ સમજવા." ૧૨.

અનુષ્ટુપ્.

ભાવ-કુદરતી સંયમ બે રીતે આવે છે. ચઉરીંદ્રિયસુધી શ્રોત્રેંદ્રિય હોતીજ નથી તેને અથવા બહેરાને સ્વભાવે શ્રોત્ર સંવર થાય છે. કૃત્રિમ સંયમ કાનમાં આંગળી નાખી કે પુંમડાં નાખી બેસી રહેવું એ રીતે થાય છે. આવી રીતે બાહ્ય સંયમથી ઇંદ્રિયનો સંયમ તો અનેકવાર થાય છે, પરંતુ એવા પ્રકારના કર્માધીનપણે થયેલા બાહ્ય સંયમથી કાંઈ લાભ થતો નથી, પણ એક તરફ વાયોલીન, હારમોનિયમ, પીયાનો અથવા વેણુ, મૃદંગ, દીલરૂબા વિગેરેના કોમળ ધ્વનિ ચાલતા હોય અને એક બાજુ કુતરાનું ભસવું, બેસુર અને ભેંસાસુર જેવા અવાજથી ચાલતું ગાયન, અથવા ગધેડાનું ભુંકવું ચાલતું હોય એ બન્ને સાંભળીને મનમાં જરાપણ પ્રેમ કે ખેદ આવે નહિ, સમભાવ રહે એમાં જ બરોબરૂં મહત્વ છે, એ જ મુનિપણું છે અને એવી સમવૃત્તિવાળા પ્રકૃષ્ટ જીવનને વૃદ્ધિ પામતાં વખત લાગતો નથી.

શ્રોત્રેંદ્રિય વશ ન રાખવાથી હરણ બહુ દુઃખી થાય છે. પારધિ જ્યારે જાળ પાથરે છે ત્યારે હરણને તેમાં લલચાવવા સારૂ વાંસળી વગાડે છે. સુંદર સ્વરથી આકર્ષાઈ ગયેલું ઇંદ્રિયપરવશ હરણ પારધિના સપાટામાં આવી જાય છે. સાંભળવાની લેમાં તેને બીજી દિશાનું ભાન રહેતું નથી. તેટલા માટે શાસ્ત્રકાર કહે છે કે "જીવિ- તવ્યને અશાશ્વત જાણી, મોક્ષમાર્ગના સુખને શાશ્વત જાણી અને આયુષ્યને પરિમિત જાણીને ઇંદ્રિયભોગથી વિશેષે કરીને નિવર્તવું." (ઇંદ્રિયપરાજય શતક.) ૨૫૦.

ચક્ષુરિન્દ્રિય સંવર.

चक्षुःसंयममात्रात्के, रूपालोकांस्त्यजन्ति न ।
इष्टानिष्टेषु चैतेषु, रागद्वेषौ त्यजन्मुनिः ॥ १३ ॥

"માત્ર ચક્ષુના સંયમથી કોણ રૂપપ્રેક્ષણ તજતા નથી? પણ "ઇષ્ટ અને અનિષ્ટ રૂપોમાં જેઓ રાગદ્વેષ છોડી દે છે તે જ ખરા "મુનિ છે." ૧૩.

અનુષ્ટુપ્.

ભાવ–તેઇંદ્રિય સુધીના સર્વ જીવો ચક્ષુ વગરના હોય છે. વળી પંચેન્દ્રિય મનુષ્ય અને તિર્યંચમાં પણ કેટલાક અંધ હોય છે, પરંતુ આવા પ્રકારના સંયમથી શું? તેમ જ આંખો મીંચીને બેસી રહે તેથી પણ શું? તેથી કાંઇ મહા લાભ થતો નથી, કદાપિ જરા જરા લાભ થાય તો તે હિસાબમાં નથી. પરંતુ જ્યારે સુંદર સ્ત્રીનું રૂપ જુએ, તેની હંસગતિ અને સુંદર મુખ, હૃદયવિસ્તાર અને કદળી જંઘા જુએ, અથવા નાટક કે કુદરતની સુંદર સીનેરી જુએ ત્યારે તેમ જ કુષ્ટ, દુર્ગંધ અને રોગથી બગડેલ શરીરવાળાને જુએ ત્યારે બન્ને ઉપર સમદૃષ્ટિ રાખે તો જ ચક્ષુરિંદ્રિયનો સંવર થયો કહેવાય. આનું નામ ખરેખરો સંયમ છે. બાહ્ય સંયમ તો ઘણીવાર થાય છે, થઈ જાય છે. તેટલા માટે શાસ્ત્રકાર કહે છે કે "તે જ પુરૂષોને ધન્ય છે, તેને જ અમે નમસ્કાર કરીએ છીએ અને તે જ સંયમધારીના અમે દાસ છીએ કે જે પુરૂષોનાં હૃદયમાં અરધી આંખે જોનારી અર્થાત્ કટાક્ષ નેત્રે જોનારી સ્ત્રી ખટકતી નથી." (ઇંદ્રિયપરાજય શતક.)

ચક્ષુરિન્દ્રિયનો સંયમ ન કરવાથી પતંગિયું બહુ દુઃખ પામે છે. દિવાના રૂપથી આકર્ષાઈ ચક્ષુરિંદ્રિયને પરવશ થઈ તેમાં ઝંપલાવીને પોતાના પ્યારા પ્રાણ ખુએ છે. ૨૫૧.

ઘ્રાણેન્દ્રિય સંવર.

घ्राणसंयममात्रेण, गंधान् कान् के त्यजन्ति न।
इष्टानिष्टेषु चैतेषु, रागद्वेषौ त्यजन्मुनिः ॥ १४ ॥

"નાસિકાના સંયમમાત્રથી કોણ ગંધોને ત્યજતું નથી? "પણ ઇષ્ટ અને અનિષ્ટ ગંધોમાં જેઓ રાગદ્વેષ ત્યજી દે છે તે જ "મુનિ કહેવાય." ૧૪. અનુષ્ટુપ:

ભાવ–ઉપર પ્રમાણે સમજવો. સેંટ, લવંડર, અત્તર કે સુગંધી પદાર્થોની ગંધ આવવાથી રાગ ન થાય અને વિષ્ટા વિગેરેની દુર્ગંધથી દ્વેષ ન થાય ત્યારે ઘ્રાણેન્દ્રિયનો સંવર થયો સમજવો. ઇષ્ટ અને અનિષ્ટ વસ્તુપર સમભાવ રાખવો એ જ સંવર છે. જેઓ ઇંદ્રિય-

ભોગમાં ચોંટી રહેતા નથી, ગૃદ્ધિ ભાવ કે આસક્તિ રાખતા નથી તેઓ જ સંયમવાન્ કહેવાય છે. તેટલા માટે શાસ્ત્રકાર કહે છે કે, "લીલો અને સુકો એવા બે માટીના ગોળા ભીંત તરફ ફેંકયા, તે બે ગોળા ભીંતે અથડાયા. આ બેમાં જે લીલો ગોળો હતો તે ભીંતે ચોંટી રહ્યો અને સુકો ગોળો ન ચોંટી રહ્યો. એ પ્રકારે ઇંદ્રિયભોગમાં લંપટી અને દુર્બુદ્ધિ પુરૂષો સંસારરૂપ ભીંતમાં ચોંટી રહે છે અને જે કામભોગથી વિરામ પામ્યા છે તે સુકા ગોળાની પેઠે સંસાર-ભીંતપર ચોંટી રહેતા નથી." (ઇંદ્રિયપરાજય શતક.) અત્ર ચીકાશ તે રાગદ્વેષજન્ય સમજવી. ભીંત સુધી જતા સુધી તો બન્નેની ગતિ સરખી જ હોય છે પણ પછી સ્થિત્યંતર થઈ જાય છે.

કમળની સુગંધમાં લપટાઈ ભ્રમર તેમાં આસક્ત થઇ જાય છે અને લહેરમાં આવી જઇ તેમાં બેસી રહે છે; જાણે છે કે સૂર્ય અસ્ત થતાં કમળ મીંચાઇ જશે અને પોતે કેદખાને પડશે, છતાં હમણાં ઉડું છું, ઉડું છું, એવા વિચારમાં ને વિચારમાં આસક્તપણામાં પડ્યો રહે છે. અંતે સાંજે કમળ મીંચાઈ જાય છે અને નિર્દોષ પણ ઇંદ્રિયપરવશ ભ્રમર સુગંધના લોભમાં તેમાં સપડાઈ જાય છે. પ્રભાતે નીકળવાની આશા રાખે છે તેવામાં જો કોઇ હાથી આવે છે તો તે કમળને તોડીને ખાઈ જાય છે. એ રીતે તે પોતાના પ્રાણ અર્પણ કરે છે. ૨૫૨.

રસેન્દ્રિય સંવર.

जिह्वासंयममात्रेण, रसान् कान् के त्यजन्ति न।
मनसा त्यज तानिष्टान्, यदीच्छसि तपःफलम् ॥ १५ ॥

"જીહ્વાના સંયમમાત્રથી કોણ રસોને ત્યજતું નથી? હે ભાઇ! "જો તું તપનું ફળ મેળવવાની ઇચ્છા રાખતો હોય તો સુંદર "લાગતા રસોને તજી દે." ૧૫. અનુષ્ટુપ:

ભાવ–વ્યવહારમાં પણ કહેવત છે કે "જેની દાઢ ડળકી તેનો પ્રભુ રૂઠ્યો." સંસારમાં અનંતભવ પર્યંત રખડાવનાર આ ઇંદ્રિય છે. સારૂં ખાવાના વિચારમાં અને યોગ્ય સાધનો તૈયાર કરવામાં, સારા ખાવાના પદાર્થો મેળવવામાં અને છેવટે સારૂં ખાવામાં આ જીવ

ધન્યતા માને છે. દુનિયામાં ખાઈપીને આનંદ માનનારા ધર્મો પણ નીકળેલા છે!! ખાવાપીવામાં જ મોક્ષ માનનારા જીહ્વાનાં લાલચુ જીવો મનુષ્યભવનું ખરૂં સાધ્યબિંદુ શું છે તે ચૂકી જાય છે. વળી આવા બાહ્ય રસપોષણથી ઇંદ્રિય તૃપ્ત થતી નથી, અનંત વખત મેરૂપર્વતના ઢગલાથી પણ અનંત ગણો ખોરાક ખાધો છતાં જીવને તૃપ્તિ થતી નથી. તેથી રસેન્દ્રિયને વશ કરવા માટે અસાધારણ પ્રયાસ કરવાની જરૂર છે. તેટલા માટે શાસ્ત્રકાર કહે છે કે "જો તું સંસારથી બ્હીતો હો અને મોક્ષપ્રાપ્તિની ઈચ્છા રાખતો હો તો ઇંદ્રિયોનો જય કરવા માટે અસાધારણ પુરૂષાર્થ ફોરવ. (શ્રીમદ્યશોવિજયજી. ઇંદ્રિય જયાષ્ટક).

માછલાને પકડવા માટે માછીમાર લોઢાનો કાંટો પાણીમાં મૂકે છે, પણ તેની સાથે મીષ્ટ લોટની પીંડીઓ બાંધે છે. રસના લાલચે માછલું તે ખાવા આવે છે. તે ખાતાં ખાતાં કાંટામાં ભોંકાઇ જાય છે. આવીજ રીતે અનેક પક્ષીઓ પણ ખાવાની લાલચે જાળમાં ફસાઇ જાય છે. શાસ્ત્રકાર સર્વ ઇંદ્રિયોમાં રસેંદ્રિયને જીતવી મુશ્કેલ કહે છે. अरक्काण रसणी कम्माण मोहणी वयाण तह चेव बंभवयम् । गुत्तीण य मणगुत्ती, चउरो दुरकेहिं जिप्पंति ॥ ઇંદ્રિયોમાં રસેંદ્રિય, કર્મમાં મોહનીય કર્મ, વ્રતોમાં બ્રહ્મચર્યવ્રત અને ગુપ્તિમાં મનગુપ્તિ એ ચારે વધારે મુશ્કેલીથી જીતી શકાય છે. ૨૫૩.

સ્પર્શેન્દ્રિય સંયમ.

त्वचः संयममात्रेण, स्पर्शान् कान् के त्यजन्ति न ।
मनसा त्यज तानिष्टान् यदीच्छसि तपः फलम् ॥ १६ ॥

"ચામડીનો સ્પર્શ ન કરવા માત્રથી કોણ સ્પર્શનો ત્યાગ કરતું "નથી ? પણ જો તારે તપનું ફળ મેળવવું હોય તો ઈષ્ટ સ્પર્શનો "મનથી ત્યાગ કર." ૧૬. અનુષ્ટુપ્.

ભાવ–સંસારમાં સર્વથી વધારે રખડાવનાર આ ઇંદ્રિય છે. એનો વિશેષ આવિર્ભાવ સ્ત્રીસંયોગમાં થાય છે. તેને તજવાની ખાસ અગત્યતા બતાવવા સારૂ એક ખાસ શ્લોક આપવામાં આવ્યો

છે. સુંદર સ્ત્રી કે બાળકના ગાલના સ્પર્શથી મનમાં રાગ ન થાય અને ચામડીપર કુષ્ટ જેવા વ્યાધિ થાય તેથી અથવા ડાંસ, મચ્છર તાપ કે શીતના અનિષ્ટ સ્પર્શથી મનમાં દ્વેષભાવ ન થાય એ સ્પર્શેન્દ્રિયનો સંયમ છે, અને બાકી બધી ફોગટની વાતો છે.

સ્પર્શેન્દ્રિયને પરવશ પડીને હસ્તી મહાદુઃખ પામે છે. હાથીને જ્યારે પકડવો હોય છે ત્યારે એક મોટો ખાડો ખોદી તેનાપર બડ નાંખી ઢાંકી દે છે. ખાડાની સામી બાજુએ કાગળની સુંદર હાથણીને રંગીને ઉભી રાખે છે. એનાપર આસક્ત થયેલો હાથી તેને ભોગવવા માટે ઉતાવળ કરી દોડતો જાય છે ત્યાં વચ્ચે તૃણથી ઢાંકેલા ખાડામાં પડી જાય છે. પછી કેટલાક દિવસ સુધી તેને ભૂખ્યો રાખવામાં આવે છે, માર મારવામાં આવે છે અને પછી હંમેશને માટે કેદખાને પુરાય છે અર્થાત્ પરવશ પડે છે. આ સર્વ દુઃખનું કારણ સ્પર્શેન્દ્રિય પરવશપણું છે. ૨૫૪.

ઋસિત સંયમ.

वस्तिसंयममात्रेण, ब्रह्म के के न बिभ्रते ।
मनःसंयमतो धेहि, धीर चेत्तत्फलार्थ्यसि ॥ १७ ॥

"મુત્રાશયના સંયમમાત્રથી કોણ લોકો બ્રહ્મચર્ય ધારણ કરતા "નથી? હે ધીર! જો તને બ્રહ્મચર્યના ફળની ઇચ્છા હોય તો "મનનો સંયમકરીને બ્રહ્મચર્યને ધારણ કર." ૧૭. અનુષ્ટુપ્.

વિવેચન–સ્પર્શેન્દ્રિયના વિષયમાં સ્ત્રીસંયોગનો વિષય મહાવૃદ્ધિનું કારણ છે, અને તેનું ખાસ મનન કરવા માટે એક જુદા શ્લોકમાં તેની વ્યાખ્યા કરી છે. એથી એ પાંચથી જુદી ઇંદ્રિય છે એમ સમજવાનું નથીઃ એ તો સ્પર્શેન્દ્રિયનોજ વિભાગ છે. આ ઇંદ્રિય કેટલી ભયંકર છે તે એટલા ઉપરથી જણાશે કે શાસ્ત્રકાર કહે છે કે બાકીની ઇંદ્રિયોના વિષયોને ભોગવતાં કેવળજ્ઞાન થાય છે. સુગંધ લેતાં, સુસ્વર સાંભળતાં, રૂપ જોતાં અને ઉત્તમ પદાર્થ ખાતાં જો આત્મસ્વરૂપ વિચારે અને પૌદ્ગલિક ભાવનો ત્યાગ

કરે તો કેવળજ્ઞાન પણ પ્રાપ્ત કરી શકે છે, પણ સ્ત્રીસંયોગ કરતાં તે બની શકે તેમ નથી. એકાંત દુર્ધ્યાન થાય, સાત ધાતુની એકત્રતા થાય અને મહા કલીષ્ટ અધ્યવસાય થાય ત્યારેજ સ્ત્રીસંયોગ બની શકે છે. આવી રીતે એકાંત અધઃપાત કરનારી સ્પર્શેન્દ્રિય કાંઇ અજય્ય નથી, પણ ગુહ્યેંદ્રિયનો બળાત્કારે સંયમ કરવો પડે તેથી બહુ લાભ નથી. અસન્ની પંચેંદ્રિય સુધી તો નપુંસક વેદ છે પણ તે પુરૂષ વેદ કરતાં વધારે સખ્ત છે, તેઓ તથા નારકીના જીવો અને કૃત્રિમ નપુંસક બળદ અથવા અશ્વો બ્રહ્મચર્ય પાળે તેમાં કાંઇ લાભ નથી, પરંતુ સામી રંભા અથવા ઉર્વશી આવીને ઊભી હોય, પ્રાર્થના કરતી હોય, પોતાની પાસે પૈસા તથા શક્તિ હોય, સ્થાન એકાંત હોય અને બીજી સર્વ બાબતની અનુકૂળતા હોય છતાં મનપર સંયમ રહે ત્યારેજ ખરેખરૂં મુનિપણું પ્રાપ્ત થાય છે. પરસ્વાધીનપણાદિ કારણથી તો ઘણીવાર અશ્વને પણ બ્રહ્મચર્ય પાળવું પડે છે, પરંતુ એમાં અશ્વની ઇચ્છા જેમ વિરામ પામતી નથી તેમ આ જીવ માટે પણ સમજી લેવું.

સ્ત્રીને માટે શાસ્ત્રકારોએ બહુ કહ્યું છે. (આ સર્વ સ્ત્રીઓએ પુરૂષ માટે સમજી લેવું.) એ સંબંધી વિચાર કરતાં આ જીવ શુદ્ધ સ્વરૂપ સમજી જાય છે. આજ ગ્રંથના સ્ત્રીમમત્વમોચન અધિકારમાં બહુ વિસ્તારથી તેનું સ્વરૂપ સમજાવવા યત્ન કરવામાં આવ્યો છે; માટે વિદ્વાન્ માણસે સ્ત્રીસંયોગ કરતાં વિચાર કરવો. એ સંયોગની સત્તા કેવી પ્રબળ છે અને દૃઢ સત્ત્વવંત મહાત્માઓ તે સત્તાનો તેનાં પુષ્કળ પ્રબળ કારણો છતાં પણ કેવી રીતે જડમૂળથી નાશ કરે છે એ સિંહગુફાવાસી મુનિ અને સ્થૂળભદ્રજીના દૃષ્ટાંતથી સમજાઇ જાય છે. ચાર માસ સુધી મિષ્ટાન્ન ખાઇને વેશ્યાને ત્યાં રહ્યા છતાં ગુરૂએ તેમનું કાર્ય મહાદુષ્કર કહ્યું અને ચાર માસના ઉપવાસ કરીને પ્રાણાંત ભયમાં રહી આત્મજાગૃતિ રાખનાર સિંહગુફાવાસીનું કાર્ય માત્ર દુષ્કર કહ્યું એ ગુરૂના નિષ્પક્ષપાતપણાને જે પંડિતો સમજી ગયા છે તેઓ મુત્ર, માંસ, રૂધિર અને ચામડીની કોથળીપર રાગાંધ બની સંસારકૂપમાં પડતા બચી ગયા છે. એ સ્પર્શેન્દ્રિયને વશ પડી ઇલાચી

પુત્ર નાટકીઓ થયો, એને વશ પડી બેનાતટ નગરીનો રાજા ઇલાચીપુત્રનું મરણ ઇચ્છવા લાગ્યો, એને વશ પડી " ભયવં જા સા સા સા " વાળી સ્ત્રી પાંચસે પુરૂષને ભોગવતાં છતાં પણ અસંતોષી રહેતી હતી, એને વશ પડેલો બ્રહ્મદત્ત ચક્રી સાતમી નારકીમાં રહ્યો રહ્યો પણ " ચારૂદત્તા ચારૂદત્તા " એમ પોકાર કર્યા કરે છે, એને વશ પડેલા રાવણે પોતાનાં દશ મસ્તક અને મહા ઋદ્ધિ રણમાં ગુમાવી, એને વશ પડેલા જીવો એક માષાપથી અવતરેલા સગા ભાઇઓ સાથે કલેશ કરે છે, એને વશ પડેલા વિવેક ભૂલી જાય છે, અંધ બને છે, અનેક પાપો કરે છે અને ટુંકામાં કહીએ તો ક્ષણિક સુખની ખાતર મનુષ્યજન્મમાં જે મહા લાભ પ્રાપ્ત કરી પરિણામે અનંત સુખ પ્રાપ્ત કરી શકાય તેમ છે તે સર્વ ગુમાવે છે.

આ બહુ અગત્યના વિષય માટે વિદ્વાનોએ રચેલા અનેક ગ્રંથો છે. ટુંકામાં જાણવાના જિજ્ઞાસુઓએ " ઇંદ્રિય પરાજય શતક[1] " " શૃંગાર વૈરાગ્ય તરંગિણી[2] " અને " શીલોપદેશમાળા " એ ત્રણ ગ્રંથો વાંચવા. અત્ર વિસ્તારભયથી વિશેષ કહેવામાં આવતું નથી, પરંતુ એટલું તો પુનરૂક્તિ કરીને કહેવામાં આવે છે કે હે બંધુઓ! તમે સુખ શું છે? અને તે કયાં છે? તેનું ખરૂં સ્વરૂપ સમજો. પ્રાકૃત માણસોના અવગણનાને પાત્ર પ્રવાહપર ચાલ્યા જવાની અનાદિ પદ્ધતિ છોડી દો. અનંતગુણ તમારા આત્મામાં ભરેલાજ છે એ પ્રાપ્ત કરવા જવા પડે તેમ નથી, ફક્ત તેને પ્રગટ કરવાની જરૂર છે. બ્રહ્મચર્ય પાળ્યા વગર અને તેમ ન બને તોપણ સ્પર્શેન્દ્રિયપર સારી રીતે સંયમ રાખ્યા વગર એ ગુણ પ્રગટ થાય તેમ નથી. માટે પોતાનું (આત્માનું) જાણવું અને પારકું (પુદ્ગલનું) તજવું એ સામાન્ય જણાતા સૂત્રપર વ્યવહાર કરવો યોગ્ય છે. ૨૫૫.

સમુદાયથી પાંચે ઇંદ્રિયોના સંવરનો ઉપદેશ.

विषयेंद्रियसंयोगाभावात्के के न संयताः ।
रागद्वेषमनोयोगाभावाद्येतु स्तवीमि तान् ॥ १८ ॥

१ જૈન સુબોધ પ્રકાશ ભાગ ૨ જો. ૨ પ્રકરણ રત્નાકર ભાગ ૨ જો.

"વિષય અને ઇંદ્રિયનો સંયોગ ન થવાથી કોણ સંયમ પાળતું
"નથી? પરંતુ રાગદ્વેષનો યોગ જેઓ મનની સાથે થવા દેતા નથી
"તેઓની હું તો સ્તવના કરું છું." ૧૮. અનુષ્ટુપ્

ભાવાર્થ–મધુર સ્વર, સુંદર રૂપ, સુગંધી પુષ્પ, મિષ્ટ પદાર્થ અને સુકોમળ સ્ત્રી–આ પાંચ વિષયો છે. તેઓ ઇંદ્રિયને મળે નહિ એટલે કાનને સુસ્વર મળે નહિ, આંખને સુરૂપ મળે નહિ, રસનાને અનુકૂળ પદાર્થ મળે નહિ, ઇત્યાદિ; ત્યારે તો 'વૃદ્ધા નારી પતિવ્રતા' જેવું થાય છે, પણ એનું નામ આત્મસંયમ કહેવાય નહિ. ઇંદ્રિયના સારા વિષયોપર રાગ ન થાય અને બરાબ વિષયોપર દ્વેષ ન થાય એજ વાસ્તવિક સંયમ છે, અને વાસ્તવિક રીતે ત્રિકાલિક વસ્તુસ્વરૂપ વિચારતાં કોઈ વસ્તુ સારી કે બરાબ છેજ નહિ; કારણ કે સ્વાભાવિક રીતેજ અમુક વસ્તુ બરાબ હોય તો તે સર્વદા બરાબજ રહેવી જોઈએ, પણ અવલોકન કરતાં આથી વિરૂદ્ધ અનુભવ થાય છે. લીંબડો કડવો લાગે તેથી રસનાને અપ્રિય લાગે છે, પણ મંદવાડ વખતે વ્યાધિનો નાશ કરે છે અને તિર્યંચો તે આનંદથી ખાય છે. ત્યારે વસ્તુનું બરાબપણું અથવા સારાપણું મનના માનવા ઉપરજ થાય છે એમ સિદ્ધ થાય છે અને ઘણું બરું તો તેને ગ્રહણ કરનાર વ્યક્તિના મનના ચલન વિચલન સ્વભાવ પરજ તે આધાર રાખે છે. તેટલા માટે નીતિકાર કહે છે કે

न रम्यं ना रम्यं प्रकृतिगुणतो वस्तु किमपि ।
प्रीयत्वं वस्तूनां भवति च खलु ग्राहकवशात् ॥

કોઈપણ વસ્તુ પ્રકૃતિથી સુંદર કે અસુંદર નથી, સુંદર અથવા અસુંદરપણું વસ્તુના ગ્રાહકપર આધાર રાખે છે.' ત્યારે હવે જે સવાલ રહે છે તે વસ્તુપર નહિ પણ આપણા પોતાના મનના વલણપર આધાર રાખે છે. એ મનને અનુકૂળ ઇંદ્રિયોનો જય કરવો એ પ્રબળ પુરૂષાર્થ છે અને તેથીજ ઇંદ્રિયસંયમ લક્ષ્ય છે. જરા આત્મવીર્ય સ્ફુરાવી મનને ચોકસ નિયમથી કાર્યતંત્ર વહન કરવાનો દૃઢ સંકલ્પ કરવામાં આવે તો ઇંદ્રિયવિષયઉપભોગનો માર્ગ અંકિત થઈ જાય અને એક વાર આવો અભ્યાસ થોડો વખત પાડવામાં આવે તો પછી તે નૈસર્ગિક પ્રવાહ થઈ જાય. આવા

આત્મિક શુદ્ધ પ્રવાહમાં રમણ કરનારા–ઇંદ્રિયોને શુભ માર્ગે પ્રવર્તાવનારા મહાત્માઓની અમે સ્તુતિ કરીએ છીએ. ૨૫૬.

કષાયસંવર–કરટ અને ઉત્કરટ.

कषायान् संवृणु प्राज्ञ, नरकं यदसंवरात् ।
महातपस्विनोप्यापुः, करटोत्करटादयः ॥ १९ ॥

"હે વિદ્વાન્! તું કષાયનો સંવર કર. તેનો સંવર નહિ કર-
"વાથી કરટ અને ઉત્કરટ જેવા મહા તપસ્વીઓ પણ નરકને
"પામ્યા છે." ૧૯. અનુષ્ટુપ્

વિવેચન–મિથ્યાત્વત્યાગ અને યોગસંવર માટે કહ્યું, હવે કષાયસંવર માટે જરા સૂચના કરે છે. એ વિષયપરત્વે આખો અધિકાર અગાઉ લખાયો છે તેથી અત્ર વિશેષ લખવાની જરૂર રહેતી નથી.[1] એ સર્વ હકીકતનો મુખ્ય સાર એ છે કે કષાયનો ત્યાગ કરવો, તે (કષાય) કરવાનો પ્રસંગ પ્રાપ્ત થાય તોપણ કરવો નહિ અને આત્મિક ચિંતવના કર્યા કરવી. કષાય એ જ સંસારનો લાભ છે અને સંસારની વૃદ્ધિ કરનાર છે. એનો પ્રસાર થવા દીધાથી બહુ મોટું નુકશાન થાય છે. કષાયથી અનેક જીવો દુર્ગતિ પામ્યા છે જેનાં દૃષ્ટાંત આ ગ્રંથના સાતમા અધિકારમાં યોગ્ય જગાએ બતાવવામાં આવ્યાં છે. કરટ અને ઉત્કરટ મુનિનું દૃષ્ટાંત જાણવા લાયક છે તેથી ધનવિજયસૂરિની ટીકા ઉપરથી અત્ર લખવામાં આવ્યું છે.

કરટ અને ઉત્કરટ નામના બે ભાઈઓ હતા. એ બન્ને સગા ભાઇ નહોતા પણ માસીમાસીના દીકરા હતા. તેઓ બન્ને અધ્યાપકનો ધંધો કરતા હતા. એક વખત સંસારપર વૈરાગ્ય આવ્યો તેથી બન્ને ભાઇઓએ વ્રત ગ્રહણ કર્યું. તેઓ બહુ તપસ્યા કરતા હતા. પૃથ્વીતળપર વિહાર કરતા કરતા તેઓ કુણાલા નગરીમાં ચોમાસુ કરવા આવ્યા અને ગામ ફરતા કિલ્લાના ગરનાળામાં રહી ઘોર તપસ્યા કરવા માંડી. વરસાદ થશે તો તેમાં આ સાધુ તણાઈ જશે

[1] જુઓ "કષાયત્યાગ" નામનો સાતમો અધિકાર.

એ વિચારથી ક્ષેત્રદેવતાએ વરસાદને કુણાલા નગરીમાં વરસવા દીધો નહિ, અટકાવી રાખ્યો. તે નગરી સિવાય આજુબાજુ બહુ સારી રીતે વરસાદ થયો. ગામના લોકો આનું કારણ સમજી ગયા તેથી તે મુનિઓને અંતઃકરણથી શ્રાપ આપવા લાગ્યા અને છેવટે સર્વ લોકોએ એકઠા થઈ મુનિઓને યષ્ટિમુષ્ટિ વિગેરેના પ્રહારો કરી ગામથી દૂર કાઢી મૂક્યા. આ વખતે લોકોએ કરેલા તાડન-તર્જનથી ગુસ્સે થઈ તેઓ બોલ્યા.

કરટ–વર્ષ મેઘ કુણાલાયાં । હે વરસાદ! તું કુણાલામાં વરસ.
ઉત્કરટ–દિનાનિ દશ પંચ ચ । પંદર દિવસ સુધી.
કરટ–મુશલપ્રમાણ ધારાભિઃ । મુશળ પ્રમાણ ધારાથી.
ઉત્કરટ–યથા રાત્રૌ તથા દિવા । જેમ દિવસે તેમ જ રાત્રે.

વરસાદ તરત શરૂ થયો અને મુશળધારાએ કુણાલામાં પંદર દિવસ સુધી વરસ્યો, જરા પણ વિસામો લીધો નહિ, તેથી આખા ગામમાં પાણી ભરાઈ ગયું અને તેથી સર્વે લોકો તણાઇ ગયા. મહા સંહાર થઇ ગયો. આ મહા પાપનું પ્રાયશ્ચિત્ત લીધા વગર પાપને આલોવ્યા વગર ત્રીજે વરસે બન્ને સાધુઓએ સાકેતપુર નગરમાં કાળ કર્યો અને સાતમી નરકે કાળ નામના નરકાવાસમાં બત્રીશ સાગરોપમને આઉખે ઉત્પન્ન થયા.

મહાક્રોધનું આવું પરિણામ આવ્યું! ક્ષણિક ક્રોધ સારૂ અસંખ્ય વરસ સુધી નરકનાં મહા દુઃખ સહન કરવાં પડશે. તેવી જ રીતે સનત્કુમાર માનથી, મલ્લિનાથજી માયાથી અને ધવલ–મમ્મણ–સાગર શેઠ વિગેરે લોભથી મહા દુઃખ પામ્યા છે. આ સર્વ દૃષ્ટાંતપર વિચાર કરી કષાયનો સંવર કરવો. બંધહેતુમાં એની ખાસ જગો છે એ ધ્યાનમાં રાખવાની જરૂર છે. ૨૫૭.

ક્રિયાવંતની શુભ યોગમાં પ્રવૃત્તિ હોવી જોઈએ તેનું કારણ.

यस्यास्ति किंचिन्नतपोमयादि, ब्रूयात्स यत्तत्तुदतां परान् वा ।
यस्यास्ति कष्टाप्तमिदं तु किं न, तद्भंशभीः संवृणुते स योगान् ॥२०॥

"જેને તપસ્યા વિગેરે કાંઈ પણ નથી તે તો ગમે તેવું બોલે "અથવા બીજાઓને પીડા ઉપજાવે, પણ જેઓએ મહા કષ્ટે કરીને "આ તપસ્યાદિક પ્રાપ્ત કર્યું છે તેઓ તેનો નાશ થઈ જવાની બ્હીક "રાખીને યોગનો સંવર કેમ ન કરે?" ૨૦. ઇંદ્રવજ્રા.

ભાવ–અનંત કાળથી મિથ્યાત્વના પ્રવાહમાં તણાતો પ્રાણી ગમે તે બોલે, મન વચન કાયાના અશુભ યોગોની પ્રવૃત્તિ કરીને ગમે તેને દુઃખ દે, પીડા ઉપજાવે, કષ્ટ આપે કે ગમે તે કરે તે તેને પાલવે એમ છે. એને વધારે સુખ પ્રાપ્ત થયું નથી, પ્રાપ્ત કરવાની તેની ઇચ્છા પણ નથી અને પ્રયાસ પણ નથી; પણ જેઓ ઘોર તપસ્યા કરે છે, મહા પચ્ચખ્ખાણ કરે છે, અને બીજા તેવા જ અસાધારણ પ્રયાસથી વિરતિ ધારણ કરે છે તેઓએ તો યોગનો સંવર જરૂર કરવો જોઈએ; ગમે તેટલો પૌદ્ગલિક ભોગ આપવો પડે તો પણ તેમ કરવામાં પોતાની સર્વ શક્તિનો ઉપયોગ કરવો જોઈએ. ગ્રંથકર્ત્તા આશ્ચર્ય બતાવે છે કે આવી રીતે તપસ્યાદિક કરતાં છતાં પણ તેનો નાશ થવાની બ્હીક લાગતી હોય તો યોગનો સંયમ કરવો જોઇએ એમ જાણતાં છતાં એના અધિકારી જીવો શા માટે યોગસંવર કરતા નહિ હોય! પ્રયાસથી મળેલ વિરતિ-ગુણનો નાશ થઈ જશે, મહેનત ફોકટ જશે અને પરિણામે પસ્તાવો થશે, માટે યોગસંવર કર. ૨૫૮.

મનયોગના સંવરની મુખ્યતા.

भवेत्समग्रेष्वपि संवरेषु, परं निदानं शिवसंपदां यः ।
त्यजन् कषायादिजदुर्विकल्पान्, कुर्यान्मनः संवरमिद्धधीस्तम् ॥२१॥

"મોક્ષલક્ષ્મી પ્રાપ્ત કરવાનું મોટામાં મોટું કારણ સર્વ પ્રકા-"રના સંવરોમાં પણ મનનો સંવર છે એમ જાણીને સમૃદ્ધબુદ્ધિ જીવ "કષાયથી ઉત્પન્ન થયેલા દુર્વિકલ્પોને તજી દઈને મનનો સંવર કરે." ૨૧. ઉપજાતિ.

ભાવાર્થ–સુખ પ્રાપ્ત કરવું એ સર્વ પ્રવૃત્તિનો હેતુ છે. તેમાં પણ મોક્ષસુખ પ્રાપ્ત કરવાની ઇચ્છા ઉત્કૃષ્ટ હોય છે, કારણ કે એ

સુખ અનંત છે. ત્યારે પાછી વાત તો મનઃસંયમપરજ આવીને ટકે છે; સંવર કરવો એ મોક્ષપ્રાપ્તિનો પરમ ઉપાય છે, તેમાં પણ મનઃસંવર કરવો એ સર્વોત્કૃષ્ટ સાધન છે. "મન સાધ્યું તેણે સઘળું સાધ્યું." અને मन एव मनुष्याणां कारणं बंधमोक्षयोः એ પ્રબળ સૂત્રપર રચાયલું માનસશાસ્ત્ર મનની પ્રવૃત્તિપર આધાર રાખે તો તેમાં નવાઇ જેવું નથી. મનની ઉપર મોટો આધાર છે. તેમાં પણ જ્યારે કષાયથી થતા સંકલ્પવિકલ્પો ત્યજી દીધા હોય ત્યારે મનમાં જે શાંતિ, પ્રેમ, મૈત્રીભાવ ઉત્પન્ન થાય તેનો અપૂર્વ આનંદ તો અનુભવીજ સમજી શકે. એનો ટુંકામાં ખ્યાલ આપવો હોય તો એટલુંજ કહી શકાય કે છ ખંડના અધિપતિ ચક્રવર્તીનું સુખ પણ મનનાં સુખ આગળ બિસાતમાં નથી, હિસાબમાં નથી અને વધારે સ્પષ્ટ રીતે કહીએ તો તેની પાસે કાંઇજ નથી. તેથી હે બંધુઓ! વારંવાર સૂચના છે, પ્રેરણા છે, ઉપદેશ છે કે મનને સુધારો, બરાબ વિચારો કરતું અટકાવો, કષાયજન્ય દુર્ધ્યાન અને દુર્વિકલ્પોનો ત્યાગ કરાવો અને શુભ વિચાર તરફ પ્રવૃત્તિ કરાવો; છેવટે ધ્યાનધારા ધારણ કરી, કર્મની નિર્જરા કરી નીચેના શ્લોકમાં બતાવેલું સુખ પ્રાપ્ત કરો, અથવા તે પ્રાપ્ત કરવાના અધિકારી થાઓ. ૨૫૮.

નિઃસંગતા અને સંવર-ઉપસંહાર.

तदेवमात्मा कृतसंवरः स्याद्, निःसंगताभाक् सततं सुखेन ।
निःसंगभावादथ संवरस्तद्द्वयं शिवार्थी युगपद्भजेत ॥ २२ ॥

"ઉપર કહ્યું તે પ્રમાણે કર્યો છે સંવર જેણે એવો આ આત્મા "તરતજ વગર પ્રયાસે નિઃસંગતાનો[1] ભાજન થાય છે, વળી " નિઃસંગતા ભાવથી સંવર થાય છે; માટે મોક્ષનો અભિલાષી જીવ " આ બન્નેને સાથે સાથેજ ભજે." ૨૨. ઉપજાતિ.

ભાવાર્થ–મિથ્યાત્વનો ત્યાગ કર્યો હોય, અવિરતિ દૂર કરી હોય, કષાય પાતળા કરી નાખ્યા હોય અને યોગોનું રૂંધન કર્યું હોય ત્યારે પછી સ્વાભાવિક રીતેજ મમત્વભાવ ઘટતો જાય છે. મમત્વ ઘટે

[1] પુત્ર સ્ત્રી ધન વિગેરે પર મમતા રહિતપણું.

એટલે સંસાર સાથે જે દૃઢ વાસના છે તે ઘટે છે અને વાસના ઘટવાથી વિષય સાથે એકાકારવૃત્તિ થતી અટકે છે, છેવટે વાસના પણ જાય છે અને મમતા પણ જાય છે, એ જાય એટલે મોહ ગયો અને મોહ ગયો એટલે ભવભ્રમણ ગયું અને ભવભ્રમણ ગયું એટલે અવ્યાબાધ મોક્ષસુખ મળ્યું.

કેટલાક જીવોને પ્રથમ મોહ ત્યાગ થાય છે, વૈરાગ્યનિમિત્ત પ્રાપ્ત થતાં સ્ત્રીપુત્રાદિપર પ્રેમ ઘટે છે, ત્યારપછી આત્મજાગૃતિ થાય છે, કાયા, વચન અને મનના યોગોની પ્રશસ્ત પ્રવૃત્તિ થાય છે અને કષાય પાતળા પડે છે. આવી રીતે સંવરથી નિઃસંગતા અને નિઃસંગતાથી સંવર પ્રાપ્ત થાય છે. કયા જીવને કયો માર્ગ અનુકૂળ આવશે તેને માટે એક સામાન્ય નિયમ કહી શકાય નહિ, એનો આધાર પુરૂષ, કાળ, સ્થાન અને સંજોગોપર છે. અમુક પ્રાણીને કયો માર્ગ અનુકૂળ આવશે તે વિચાર કરીને સમજી લેવું. વધારે સારો રસ્તો એ છે કે યોગાદિકનો સંવર કરવો અને મમતાનો ત્યાગ કરવો એ બન્ને કાર્યો સાથેજ કરવાં. બન્નેથી મહા લાભ છે અને બન્ને સાથે થઈ શકે તેવાં છે. ૨૬૦.

* * * * * * * *
* * * * * * * *

આવી રીતે મિથ્યાત્વાદિ નિરોધ અને સંવરોપદેશ અધિકાર પૂર્ણ થયો. આ અધિકારમાં પણ અનુભવી સૂરિમહારાજે હદ કરી છે. એક ગામમાં પરદેશથી આવતા માલપર જગાત લેવાનો ઠરાવ થયો. તે ગામ બંદર નહોતું પણ મોટું શહેર હતું. અનેક જાતના વ્યાપાર, અનેક વેપારી અને અનેક દુકાનો હોવાથી તેનો કયાં મેળ રાખવો, કેવી રીતે રાખવો, કેટલા દેખ-રેખ રાખનારા રાખવા એ વિચારમાં અધિકારીઓ ગભરાઈ ગયા. પછી એક માણસે યુક્તિ બતાવી કે શહેરમાં દાખલ થવાનાં નાકાં પકડો અને ત્યાં ચોકી રાખો. આ યુક્તિથી પાંચ કે છ માણસો રાખવાથી આખા ગામપર અમલ થઈ શકયો. એવીજ રીતે પાપ પુણ્યની અનેક પ્રકૃતિઓ, બંધનાં વિચિત્ર સ્થાનો અને તેને અટકાવવાની મહા મુશ્કેલી વિચારતાં પાર આવે તેમ નથી. તેથી સૂરિ

મહારાજ અત્ર નાકાં બતાવે છે, એને પકડીને કબજે કરવાથી આખા કર્મપુરપર સામ્રાજ્ય ચાલી શકશે.

એ નાકારૂપ ચાર બંધહેતુ કહ્યા. મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ. એની અંતરંગ વાટિકાઓ જોઇએ તો સત્તાવન હેતુ થાય છે. સૂરિમહારાજે મિથ્યાત્વપર વિશેષ વિવેચન ન કરતાં તેનો ત્યાગ કરવાનુંજ કહ્યું છે કારણ કે આ ગ્રંથના અધિકારી બહુધા મિથ્યાત્વી નજ હોય એટલેજ તેપર બહુ વિવેચન ન કરતાં યોગનો અગત્યનો વિષય હાથ ધર્યો છે. તેમાં મનોનિગ્રહ, વચનનિગ્રહ, કાયનિગ્રહ અને અંતરંગમાં ઇંદ્રિયદમન માટે જે વિચારો બતાવ્યા છે તે બહુજ ઉપયોગી છે. મનની અપ્રવૃત્તિ અને મનોનિગ્રહ એ બેમાં બહુ તફાવત છે. મનના વ્યાપારોને છુંદી નાખવા, તેને કાંઈપણ કાર્ય કરવા દેવું નહિ અને હઠયોગ કરવો એ શાસ્ત્રશૈલીથી વિપરીત છે, એથી પુરતો લાભ થતો નથી. અનેક પ્રાણીઓ આ રસ્તે કાર્ય કરી લાભ મેળવવા ઇચ્છે છે. એથી શરીરની તંદુરસ્તી કે કાળજ્ઞાનાદિ અલ્પ લાભ થાય છે એમ શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય તેઓના યોગશાસ્ત્રમાં કહે છે, પણ પ્રયાસના પ્રમાણમાં કાંઈ લાભ થતો નથી. મનના સંબંધમાં કરવા જેવું કાર્ય એ છે કે મન જ્યારે ખોટે રસ્તે જતું હોય ત્યારે તેના પરિણામો વિચારી તેને પાછું વાળવું, ખોટા વિચારો કરવા દેવા નહિ, પરંતુ તેની શુભ પ્રવૃત્તિપર અંકુશ મૂકવાની જરૂર નથી. શુભમાં પ્રવૃત્તિ અને અશુભથી નિવૃત્તિ એજ મહાયોગ છે અને તેને માટેજ ધર્મ શુકલાદિ ધ્યાનનો વિસ્તાર છે. "હું કયારે બેંતાળીશ દોષ રહિત આહાર કરીશ? કયારે પૌદ્ગલિક ભાવનો ત્યાગ કરી આત્મિક તત્ત્વમાં રમણ કરીશ?" વિગેરે વિગેરે શુભ મનોરથો કરવા એ પણ પ્રશસ્ત મનોયોગની આચરણામાંજ ગણાય છે. આવીજ રીતે વચનયોગ અને કાયયોગ માટે પણ સમજવું. વચન કે કાયાની પ્રવૃત્તિ તદ્દન અટકાવવી અગત્યની નથી, પરંતુ એની પ્રવૃત્તિની દિશા ફેરવવી એ ખાસ કતવ્ય છે. કાયયોગના સંબંધમાં ઇંદ્રિયપર સંવર કરવાનું કહેવામાં આવ્યું છે તે પણ તેટલુંજ ઉપયોગી છે. એક સામાન્ય નિયમ એવો છે કે જ્યાં સુધી બાહ્ય ઇંદ્રિયોપર અંકુશ આવતો નથી ત્યાં સુધી મન વશ થવું મુશ્કેલ

છે; વળી મનપર અંકુશ આવ્યો ન હોય ત્યાં સુધી ઇંદ્રિયોપર અંકુશ આવવો મુશ્કેલ છે. આવી રીતે મન અને ઇંદ્રિયો એક બીજાપર અસર કરે છે અને તેઓને બન્નેને દમન કરવા માટે અસાધારણ આત્મવીર્ય સ્ફુરવવાની જરૂર પડે છે. એ કાર્ય અશકય નથી પણ અનુભવ ન હોય તેને બહુ વિષમ લાગે છે. બાકી જ્યારે તની ટેવ પડી જાય છે ત્યારે તો ઇંદ્રિયના વિષયોનો ભોગ ઉચ્છિષ્ટ ભોજન જેવો લાગે છે.

આવી રીતે યોગરૂંધન કરવાનો પ્રયાસ કરવા સાથેજ કષાયનો જય કરવાની પણ જરૂર છે. અંતરંગ શત્રુઓમાં કષાયો પ્રબળ શત્રુઓનું કામ કરે છે અને તેથી તેના સંબંધમાં પણ પુરૂષાર્થ કરવાની જરૂર પડે છે. યોગરૂંધન અને કષાયવિજય સાથે સાથે ચાલતા હોય છે ત્યારે વિરતિગુણ સ્વાભાવિક રીતે પ્રાપ્ત થાય છે. આવી રીતે બંધહેતુ શિથિલ પડતા જાય છે, ઓછા થતા જાય છે અને છેવટે નાશ પામે છે.

આ જન્મમાં ધન, સ્ત્રી, પુત્ર પામવાં એ મુશ્કેલ નથી. કેટલાકને મુશ્કેલ લાગે છે તે પણ ખોટું છે. અનાદિ કાળથી એ વસ્તુઓ મળ્યા કરે છે. એને મેળવવા માટે પ્રયાસ કરવો એ નકામો છે એટલુંજ નહિ પણ તે સંસારમાં રખડાવનારો છે. એમાં રાચેલ માચેલ પ્રાણી કર્તવ્યનું ભાન ભૂલી જાય છે અને માનદશામાં લેવાઈ જાય છે. એને નિરાંતે બેસી આત્મચિંતવન કરવાનું સૂજતું નથી. છેલ્લી ગાથામાં નિઃસંગભાવ પ્રાપ્ત કરવા માટે આપેલો ઉપદેશ બહુજ મનન કરવા યોગ્ય છે. ખાસ સમજવાનું એજ છે કે અનંતકાળ સુધી પ્રયાસ કર્યા છતાં જે મળ્યું નથી તે અત્ર સૂરિમહારાજે બતાવ્યું છે. એ યોગરૂંધન, કષાયવિજય અને મિથ્યાત્વનિરોધ કરવા ખાસ પ્રયાસ કરવો. જેઓ એ રસ્તે ચડી આત્મિક કાર્ય કરશે તે સુખી થશે અને છેવટે ઘોર સમુદ્ર તરી તેનો કાંઠો પ્રાપ્ત કરશે.

इति सविवरणो मिथ्यात्वादिनिरोध संवरोपदेशनामा चतुर्दशोऽधिकारः

अथ पंचदशः शुभवृत्तिशिक्षोपदेशाधिकारः

चित्तदमन, वैराग्य उपदेश अने यतियोग्य शिक्षा कही गत अधिकारमां मिथ्यात्व, अविरति, कषाय अने योगनो निरोध करवानो उपदेश आप्यो अने प्रसंगे संवर करवा गर्भित उपदेश आप्यो. हवे केवा प्रकारनी वृत्ति करवी ते बतावे छे. अमुक प्रणालिका बंध थाय त्यारे यंत्रनी शक्तिनो उपयोग करवा माटे नवीन प्रवाहो शोधवा जोईओ, नहितो शक्तिनो लय थाय छे अथवा अस्तव्यस्त दिशामां चाली जाय छे. आ अधिकारमां जे वृत्ति-वर्तन बतावेल छे तेमांना घणाक साधु योग्य छे अने केटलाक श्रावक योग्य छे. वांचनारे पोतानी योग्यता प्रमाणे शिक्षा ग्रहण करवी. आ अधिकार खास करीने साधुने उद्देशीने लखायलो छे. दरेक श्लोकना प्रसंगपर विवेचन करवामां आव्युं छे.

आवश्यक क्रिया करवी.

आवश्यकेष्वातनु यत्नमाप्तोदितेषु शुद्धेषु तमोऽपहेषु ।
न हंत्यभुक्तं हि न चाप्यशुद्धं, वैद्योक्तमप्यौषधमामयान् यत् ॥१॥

"आप्त पुरुषोना बतावेला शुद्ध अने पापना हरनारा[1] एवा "आवश्यको करवामां यत्न कर; कारणके वैद्ये बतावेलुं औषध खाधुं

१ मामयापहमितिपाठांतरः रोगहरणक्षममित्यर्थः ।

"न होय अथवा (खाधा छतां पण जो) अशुद्ध होय तो ते रोगनो "नाश करी शकतुं नथी." उपजाति.

भावार्थ-आवश्यक एटले अवश्य करवा योग्य नित्यकर्म अथवा वधारे स्पष्ट रीते कहीओ तो साधु अने श्रावकनी फरजीआत नित्यक्रिया. ए छ छे. १ सामायिक. बे घडी सुधी स्थिर चित्ते स्थिर आसनथी समता राखी शांत जग्यामां आत्मिक जागृति करवी ते. एमां अभ्यास, तत्त्वचिंतवन, ध्यान अने जापमांथी पोतानी शक्ति प्रमाणे कर्तव्य छे. आ श्रावकने माटे छे अने साधु माटे तफावत एटलोज छे के तेओ निरंतर सामायिक दशामां वर्ते छे. २ चतुर्विंशतिजिनस्तवन. जगत्पर महा उपकार करनार, महाप्रभावक परमात्मानी नामादि रूपे स्तुति. ३ वंदन. गुरु विगेरे वडिल पुरुषोने वंदन करवुं. ४ प्रतिक्रमण. आखा दिवस के रात्रि संबंधी अगर पंदर दिवस, चारमास के वर्ष संबंधी कार्य, उच्चार के चिंतवनथी थयेल दोषो, फरमावेल कार्यो अने अनुमोदेल अपवर्तनो संबंधी अंतःकरणथी पश्चात्ताप. नहि करवा संबंधी विचार करवो जोइओ ते न कर्यो होय ते संबंधी विचारणा. ए सर्वथी वधारे उपयोगी आवश्यक छे. एनो हेतु बतावतां श्रावक प्रतिक्रमण सूत्रमां कहे छे "निषेध करेलां कार्यो कर्यां होय, आदेश करेलां कार्यो न कर्यां होय, जीवादिक पदार्थोपर श्रद्धा न करी होय अने धर्मविरुद्ध प्ररूपणा करी होय ते सर्वनुं क्षमायाचन करवुं ए प्रतिक्रमण छे. (गाथा ४८.) ५ कायोत्सर्ग. देहनो उत्सर्ग करवो, त्याग करवो एटले ते संबंधी व्यवसाय मंद पाडी आत्मजागृति करवी ते अने ६ पच्चक्खाण. स्थूळ पदार्थोना भोग अल्प करवा, तद्दन बंध करवा अने बनी शके तेटलो त्यागभाव करवो ते.

आ छ आवश्यको सर्व जैनोओ अवश्य करवानां छे, शास्त्रप्रणित छे, परमात्मानां मुखथी निर्दिष्ट थयेलां छे अने स्वतः निर्दोष छे. वळी ए पोते निर्दोष छे एटलुं ज नहि पण भवरोग मटाडवा माटे ए औषधरूप छे. एनी औषधपणानी शक्ति सर्वज्ञ प्रणित छे अने अनुभवगम्य छे. औषध बतावनार वैद्य गमे

તેવો વિદ્વાન્ હોય છતાં પણ તેનું બતાવેલું ઔષધ ખાવાથી જ વ્યાધિનો નાશ થાય છે, માત્ર નામ જાણવાથી કામ થતું નથી. એવીજ રીતે આવશ્યક રૂપ ઔષધ આવાથીજ ભવરોગ મટે છે. વળી ખાધા છતાં પણ ઔષધ શુદ્ધ ન હોય તો એ વ્યાધિ મટતો નથી એ બાબતમાં પણ ચિંતા કરવા જેવું નથી. અનેક પ્રાણીઓ ઉપર પ્રયોગ થયા પછી અને અતીન્દ્રિય ચક્ષુથી તેનો લાભ પ્રત્યક્ષ નજરમાં આવ્યા પછીજ તે બતાવવામાં આવ્યું છે અને તેના બતાવનાર સર્વ પ્રકારનો વિચાર કરી શકે તેવી સ્થિતિમાં હતા તેથી એ ઔષધ ફૂટી નીકળશે કે વ્યાધિ વધારશે એવી પણ ચિંતા કરવા જેવું નથી.

આવશ્યક ક્રિયાની બહુ જરૂર છે. તેનાથી આત્મા બહુ નિર્મળ રહે છે, જુનાં પાપો અંશે અંશે છોડી દેતો જાય છે, નવીન ગ્રહણ કરતો નથી તેથી તે ધર્મ સન્મુખ રહે છે અને તેની આંતરવૃત્તિ જાગૃત રહે છે. આવશ્યક ક્રિયામાં લાગતા દોષો સમજવાની જરૂર છે. સામાયિકના ૩૨ દોષ, કાયોત્સર્ગના ૧૯ દોષ વિગેરે ક્રિયામાર્ગના ગ્રંથોથી જાણવા અને તેનો ત્યાગ કરવા નિશ્ચય કરવો. દોષ વગરનાં આવશ્યકો મહા ફળ આપે છે, પણ એ સ્થિતિ અભ્યાસથી પ્રાપ્ત થાય છે. દરમ્યાન શુદ્ધ દશાના બની થવું પણ સદોષ ક્રિયા કરતાં ક્રિયા ન કરવી સારી, એવી વિપરીત વૃત્તિ રાખવી નહિ.

આ શ્લોકમાં સર્વજ્ઞ ભગવાનને વૈદ્ય સાથે, આવશ્યક ક્રિયાને ઔષધ સાથે અને વ્યાધિને ભવપર્યટન સાથે ઉપમાન ઉપમેય સંબંધ છે. ૨૬૧.

तपस्या करवी.

तपांसि तन्यादविधानि नित्यं, मुखे कटून्यायतिसुंदराणि ।
निघ्नंति तान्येव कुकर्मराशिं, रसायनानीव दुरामयान् यत ॥२॥

"શરૂઆતમાં કડવાં લાગે તેવાં પણ પરિણામે સુંદર અનંત "પ્રકારનાં તપો હમેશાં કરવાં. તે કુકર્મના ઢગલાનો તુરત વિનાશ "કરે છે, જેવી રીતે રસાયણ દુષ્ટ રોગોને દૂર કરે છે તેમ." ૨.

ઉપજાતિ.

ભાવાર્થ–બાહ્ય અને અભ્યંતર એમ બે પ્રકારના તપો છે. ન ખાવું (અનશન) ઓછું ખાવું, ઓછા પદાર્થો ખાવા, રસનો ત્યાગ કરવો, કષ્ટ સહન કરવાં અને અંગોપાંગ સંકોચી રાખવાં એ છ બાહ્ય તપ છે. કરેલ પાપનું પ્રાયશ્ચિત્ત લેવું, વડીલનો વિનય કરવો, બાળવૃદ્ધગ્લાનનું વૈયાવૃત્ય કરવું, અભ્યાસ કરવો, ધ્યાન કરવું અને કાયાનો ઉત્સર્ગ કરવો એ છ આંતર તપ છે. આ સર્વ તપ કરતાં કષ્ટ પડે છે, જરા આકરૂં પણ લાગે છે, પણ આત્માની સાથે અનાદિ કાળથી જે કર્મસમૂહ લાગ્યો છે તેને એકદમ દૂર કરવો હોય, ભોગવ્યા સિવાય તેનો ત્યાગ કરવો હોય, જૈન પરિભાષામાં કહીએ તો કર્મની 'નિર્જરા' કરવી હોય તો તેનો આજ રસ્તો છે. દરેક સમયે સાત અગર આ�ઠ કર્મ બાંધનાર જીવ ભોગવતી વખત બધાં કર્મો વિપાકોદયેજ ભોગવે એવો નિયમ નથી, તેથી જો તપસ્યા કરી આત્મપ્રદેશથી ભોગવી કર્મને ખેરવી નાખે તોજ એનો કટુક વિપાકોદય વેદવો ન પડે. તપસ્યા કરવામાં જરા કડવું લાગે છે, કારણ કે તેમાં સ્થૂળ ભોગોનો ત્યાગ કરવો પડે છે તે શરૂઆતમાં આકરૂં લાગે છે. વળી અભ્યંતર તપમાં એકાકાર વૃત્તિ રાખવી પડે છે, સ્થિરતા રાખવી પડે છે વિગેરેથી જરા મુશ્કેલી આવે છે, પણ તે શરૂઆતમાંજ આવે છે, તેનું પરિણામ ઘણું સારૂં છે અને આગળ જતાં અભ્યાસ પડ્યા પછી અભ્યાસની શરૂઆતમાં માલૂમ પડેલી મુશ્કેલી પણ લાગતી નથી.

જે ઇંદ્રિયદમન માટે ચૌદમા અધિકારમાં સારી રીતે કહ્યું છે અને જેથી મહા લાભ થઈ શકે છે તે ઇંદ્રિયદમનનું પરમ સાધન તપજ છે. આવી રીતે તપસ્યાથી મહાલાભ થાય છે. રસાયણ જેમ ખાતી વખત, કરી પ્રમુખ સાચવતાં સખ્ત લાગે, પરંતુ શરીરમાં ગયા પછી દુઃસાધ્ય લાગતા વ્યાધિઓને પણ મટાડે છે તેવીજ રીતે જો સુગુરૂ રૂપ સુવૈદ્યે બતાવેલ તપરૂપ રસાયણ શાસ્ત્રાનુસાર વિધિ પ્રમાણે અપથ્યનો ત્યાગ કરી ભક્ષણ કરવામાં આવે તો આ સંસારી જીવનો કર્મરોગ સુસાધ્ય થઈ નાશ પામે અને પરિણામે અનંત સુખ મળે.

ગ્રંથકર્ત્તા કહે છે કે તપ કુકર્મનો નાશ કરે છે એટલુંજ નહીં પણ કુકર્મની રાશિનો નાશ કરે છે. એ બાબતપર ખાસ ધ્યાન ખેંચવામાં આવે છે. સહજ લાભ થતો હોય તો બાબત સામાન્ય ગણાય પણ આ તો ઢગલાબંધ લાભ છે. ૨૬૨.

શીલાંગ-યોગ-ઉપસર્ગ-સમિતિ-ગુપ્તિ.

विशुद्धशीलागसहस्रधारी, भवानिशं निर्मितयोगसिद्धिः ।
सहोपसर्गास्तनुनिर्ममः सन्, भजस्व गुप्तीःसमितीश्च सम्यक्॥३॥

"તું (અઢાર) હજાર શુદ્ધ શીલાંગને ધારણ કરનારો થા,
"યોગસિદ્ધિ નિષ્પાદિત થા, શરીરપરની મમતા દૂર મૂકીને ઉપ-
"સર્ગોને સહન કર, સમિતિ અને ગુપ્તિને સારી રીતે ભજ." ૩.

ઇંદ્રવજ્રા.

ભાવ-૧. શીલાંગ એટલે ચારિત્રનાં અંગ. એના દશ યતિ ધર્મ સાથે અઢાર હજાર ભેદ થાય છે જે આ ગ્રંથમાં અન્યત્ર સવિસ્તર વર્ણવ્યા છે.[૧] અત્ર સાધુનું શું કાર્ય છે તે બતાવતાં તેનું સ્મરણ માત્ર આપે છે. ૨. મન વચન કાયાના યોગોને વશ કરી લે અને તેનાં સાધન તરીકે અષ્ટાંગ યોગની સાધના કર. યોગરૂંધનનું માહાત્મ્ય કેટલું છે તે ચૌદમા અને નવમા અધિકારમાં સવિસ્તર જોઈ લેવું. સંસાર સમુદ્રમાંથી ઊંચા આવવાનું પરમ સાધન યોગરૂંધનજ છે. ૩. શરીરપર મમતા છોડી દેવી અને પરીષહ તથા ઉપસર્ગો યથાશક્તિ સહન કરવા. શરીર શું છે? શેનું છે? કોનું છે? અને તેનો સ્વભાવ શું છે? એ આપણે દેહમમત્વમોચન નામના આ જ ગ્રંથના પાંચમા અધિકારમાં જોયું છે. ૪. સમિતિ અને ગુપ્તિ[૨] રાખી શુદ્ધ વર્ત્તન કરવું.

આ શ્લોકમાં શુભ પ્રવૃત્તિ કેવી રીતે રખાય તેનો માર્ગ દેખાડવા માટે નામ માત્ર નિર્દેશ કર્યો છે. આ આખો શ્લોક ખાસ

૧ જુઓ શ્લોક ૨-૩, અધિકાર તેરમો, પૃષ્ટ. ૩૫૨.
૨ જુઓ વિવેચન શ્લોક ૨-૩ અધિકાર તેરમો. પૃષ્ટ ૩૫૦.

મુનિમહારાજને ઉદ્દેશીને લખાયેલો છે. આ આખા અધિકારમાં આજ રીતિ ગ્રહણ કરી છે. ચૌદ અધિકાર વાંચીને આવનાર આ અધિકાર સહજ સમજી જાય છે તેમ હોવાથી વિશેષ વિવેચનની અપેક્ષા મૂળ ગ્રંથકર્ત્તાએ પણ યોગ્ય ધારી નથી. ૨૬૩.

સ્વાધ્યાય-આગમાર્થ-ભિક્ષા વિગેરે.

स्वाध्याययोगेषु दधस्व यत्नं, मध्यस्थवृत्त्यानुसरागमार्थान् ।
अगारवो भैक्षमटाविषादी, हेतौ विशुद्धे वशितेंद्रियौघः ॥ ४ ॥

"સજ્ઝાયધ્યાનમાં યત્ન કર, મધ્યસ્થ બુદ્ધિથી આગમના
"અર્થને અનુસર, અહંકાર મૂકી દઈને ભિક્ષા માટે ફર તેમજ
"ઇંદ્રિયના સમૂહને વશ કરીને શુદ્ધ હેતુમાં વિષવાદ રહિત થા." ૪.

ઉપજાતિ.

ભાવાર્થ-ઉપરના શ્લોકમાં જેમ નામનિર્દેશ કર્યો છે તેમજ અત્ર પણ સાધુને ઉદ્દેશીને શુભ પ્રવૃત્તિ માટે વિશેષ કાર્યો નામ માત્ર બતાવ્યાં છે.

૧. હે યતિ! તું સ્વાધ્યાયમાં કાળ નિર્ગમન કર. તારે નકામી વાતો કરવી કે પંચાત કરવી અયોગ્ય છે, કેમ કે તેથી ભાષાસમિતિ અને જીવયતના નહિ જળવાતાં સાવદ્ય ઉપદેશ અને સાવદ્ય ચિંતવન તને ખ્યાલ ન આવે તેમ થાય છે. અભ્યાસથી જ્ઞાનદૃષ્ટિ જાગૃત થાય છે અને પરોપકાર કરવાનું પ્રબળ સાધન મળે છે. વળી તારે યોગ વહન કરવા. આગમનું જ્ઞાન મેળવવાની યોગ્યતા મેળવવા માટે ઉદ્દેશ સમુદ્દેશ અનુજ્ઞા રૂપ અનુષ્ઠાન કરવાં (ધન વિજય). યોગવહન કરવાની જરૂરીઆત શાસ્ત્રમાં બતાવી છે. એની ક્રિયા જોતાં એથી યોગસિદ્ધિ અને મનવચન કાયાના યોગોપર પણ સારો અંકુશ પ્રાપ્ત થાય છે. ૨. આગમમાં કહેલા ભાવોને મધ્યસ્થ બુદ્ધિએ ગ્રહણ કર. કદાગ્રહ કરીને તાણી તોડીને આગમના અર્થ કરવાનું તજી દે અને તારું શુદ્ધ દૃષ્ટિબિંદુ હૃદયચક્ષુ સન્મુખ નિરંતર રાખી શુદ્ધ પ્રરૂપણા કર. ૩. તારે નૃપાદિકૃત સત્કારનો, સારા પદાર્થો મળવાનો કે તંદુરસ્તીનો અહંકાર કરવો નહિ,[૧] એ

૧ જૈન પરિભાષામાં તે અનુક્રમે ઋદ્ધિ, રસ અને શાતાગારવ કહેવાય છે.

અહંકાર કરવાથી કેવાં દુઃખો થાય છે તે આપણે કષાયમોચન દ્વારમાં જોઈ ગયા છીએ. ૪. તારે મનમાં પણ વિષાદ આણવો નહિ. ખેદ કરવાથી આત્મિક તત્વ ક્ષીણ પડે છે અને સંસારભાવ વૃદ્ધિ પામે છે. ૫. ઇંદ્રિયના સમૂહને તારે વશ કરવો. એ કેટલું દુઃખ આપે છે તે આપણે ચૌદમા અને દશમા અધિકારમાં જોઈ ગયા છીએ, તેમ જ વશ કર્યા પછી કેવો આનંદ આપે છે તે પણ એજ સ્થળોએ જોઈ ગયા છીએ.[1] ૬. શુદ્ધ હેતુ માટે ભિક્ષા લેવા સારૂ પર્યટન કર. સાધુ માધુકરી વૃત્તિ કરે છે એટલે જેવી રીતે મધમાખ એક ફુલથી બીજા ફુલપર બેસીને (તે ફુલના દેખાવને બગાડયા વગર) તેમાંથી મધ ચૂસે છે તેવીજ રીતે સાધુ શાસ્ત્રોક્ત ગોમુત્રરેષાદિ આકાર પ્રમાણે છૂટા છૂટા ઘરોમાંથી, બોજારૂપ થયા વગર, શુદ્ધ આહાર લઈ, જે મળે તેમાં સંતોષ માની, બેસી રહે છે. એના આહાર પાણી શુદ્ધ હેતુ માટેજ હોય છે. શરીર પોષવા સારૂ આહાર નથી, પણ ધર્મકાર્યમાં શરીર ઉપયોગી થઈ પડે તેવા શુદ્ધ હેતુથી શરીરને ભાડારૂપે આહાર આપવામાં આવે છે. ૨૬૪.

ઉપદેશ-વિહાર.

ददस्व धर्मार्थितयैव धर्म्यान्, सदोपदेशान् स्वपरादिसाम्यान्[2] ।
जगद्धितैषी नवभिश्च कल्पैर्ग्रामे कुले वा विहराप्रमत्तः ॥ ५ ॥

"હે મુનિ! તું ધર્મ પ્રાપ્ત કરવાના હેતુથી એવા પ્રકારના "ધર્માનુસાર ઉપદેશો આપ કે જે સ્વ અને પરની બાબતોમાં "સમાનપણું પ્રતિપાદન કરનારા હોય. તું જગતનું સારૂં ઇચ્છીને પ્રમાદ "વગરનો થઈને, ગામ અથવા કુળમાં નવકલ્પી વિહાર કર." ૫.

ઉપજાતિ.

વિવેચન–૧. હે સાધુ! ઉપદેશ આપવો એ તારો ધર્મ છે. તારા ઉપદેશમાં ત્રણ ગુણ હોવા જોઈએ. (અ) ઉપદેશ નિષ્પાપ

૧ જુઓ પૃષ્ટો ૪૪૮ થી શરૂ કરીને આગળ ૭ શ્લોકો સુધી તેમજ શ્લોક ૧૪ અધિકાર દશમો પૃષ્ટ ૨૭૧.

૨ साम्यात् એવો પાઠાંતર છે. પોતાના પક્ષ અને બીજાના પક્ષ તરફ રાગદ્વેષની વૃત્તિરહિતપણે ઉપદેશ આપવો એ અર્થ છે.

હોવો જોઈએ એટલે તેમાં સાવદ્ય આચરણની આજ્ઞા કે સૂચના ન હોવી જોઈએ; (બ) એ ઉપદેશ ધર્મ પ્રાપ્તિના એકાંત હેતુથીજ આપેલો હોવો જોઈએ; અને તે ઉપદેશ આપતી વખત કોઈ પણ જાતનો સ્વાર્થ ન હોવો જોઈએ. ફક્ત પારમાર્થિક હેતુથીજ તે ઉપદેશ આપવો જોઈએ અને (ક) તે ઉપદેશ પોતાની અને પારકી આત્મિક અને પૌદ્ગલિક વસ્તુઓ ઉપર સમભાવ ઉત્પન્ન કરનારો હોવો જોઈએ. એ ઉદ્ધતાઈ ભરેલો કે સ્વોત્કર્ષ બતાવનાર ન હોવો જોઈએ. સાંભળનારને મણિ અને પથ્થરપર, લવંડર અને વિષ્ટાપર સમભાવ આવવો જોઈએ. ઉપદેશના આ મુખ્ય ગુણો છે. એના પેટામાં અનેક વિષયો સમાઈ જાય છે. દાખલા તરીકે વિષય સર્વ-સામાન્ય જોઈએ, અંગિત દ્વેષબુદ્ધિએ અમુક વ્યક્તિને અપેક્ષીને કાંઈ બોલવું ન જોઈએ, ભાષા પ્રૌઢ જોઈએ, વચન પદ્ધતિસર અને વિચાર નિયમસર એક પછી એક કુદરતી રીતે અનુસરનારા હોવા જોઈએ, વિષયની પ્રૌઢતા સાથે શાસ્ત્રોક્ત દૃષ્ટાંતોથી સંકુલિત ભાવ હોવો જોઈએ, ભાષા શ્રોતાને પ્રિય પણ હિત કરનારી, પ્રસંગ પ્રાપ્ત થયે દુર્ગુણોનાં કટુ ફળ સમજાવનારી છતાં નિરંતર સત્ય હોવી જોઈએ. દલીલ ન્યાયસર અને કદાગ્રહનો અભાવ દર્શાવનારી હોવી જોઈએ: આ વિગેરે અનેક ગુણો ઉપદેશમાં હોવા જોઈએ. ટુંકામાં કહીએ તો સાંભળનારનાં મનપર એવા પ્રકારની છાપ પડવી જોઈએ કે જાણે તે શ્રવણ દરમ્યાન કોઈ અપર વ્યવહારમાં જોડાઈ ગયો છે અને તેનો ચાલુ વ્યવહાર વિસરી ગયો છે. આવો અસરકારક ઉપદેશ પથ્થરને પણ પીગળાવી શકે છે.

૨. સાધુએ નવકલ્પી વિહાર કરવો જોઈએ. કાર્તિક પૂર્ણિમાથી અસાડ શુદ ચૌદશ સુધીના આઠ માસના આઠ વિહાર અને ચોમાસાનો એક વિહાર એમ નવ વિહાર તો અવશ્ય કરવા જોઈએ. એમાં કદિ પ્રમાદ કરવો નહિ અને જગતનું હિત દૃષ્ટિ સન્મુખ રાખવું. આ બાબત સર્વ સાધુ-યતિને ઉપયોગી છે. ખાસ અભ્યાસ, રોગ, વૃદ્ધતા અથવા તો શાસનને અપૂર્વ લાભ થવાના શાસ્ત્રોક્ત કારણ સિવાય એક સ્થાનકે સાધુએ રહેવું નહિ. એક સ્થાને રહેવામાં ઘણી જાતની હાનિ છે. મોટામાં મોટું નુકશાન ગૃહસ્થના

પ્રતિબંધનું થાય છે. મારા શ્રાવકો અથવા મારો પક્ષ એમ થઈ જાય છે, અને આ કાળમાં ચાલતા પ્રવાહની જેમ આ અમુક સાધુનો ઉપાશ્રય એમ પણ થઈ જાય છે. નગરમાં રહેવાની આજ્ઞાને આપનાર સ્થવીરકલ્પનો ધીમે ધીમે અત્યંત દુરૂપયોગ કરવામાં આવે છે. વિહાર કરવાથી ઉપદેશનો લાભ સર્વ ગામના લોકોને મળી શકે છે, કરવા ધારેલાં કાર્યો પાર પડે છે અને જીવનસાફલ્ય થાય છે. એક જગાએ રોગાદિ કારણ સિવાય સંયમનિર્વાહ યોગ્ય અન્ય ક્ષેત્રો છતાં પણ લાંબો વખત રહેવું એ શાસ્ત્રાજ્ઞા વિરૂદ્ધ છે, અનુચિત છે અને પરિણામે પ્રત્યક્ષ રીતે સંસાર વધારનાર છે.

આ શ્લોકમાં એક ઘણા અગત્યના સવાલનો નિર્ણય કર્યો છે. સાધુજીવનમાં નિવૃત્તિ પ્રધાન છે કે પ્રવૃત્તિ પ્રધાન છે? સાધુને એકાંતસ્થાનકે બેસી રહી કાંઈ ન કરવું એવો અત્ર ઉદ્દેશ નથી અને એવી નિવૃત્તિની સ્થિતિ પ્રાપ્ત કરવા પહેલાં અપ્રમત્ત પ્રવૃત્તિ કરવી પડે છે. અલબત, એ પ્રશસ્ત પ્રવૃત્તિ છે અને વાસ્તવિક રીતે કહીએ તો એ નિવૃત્તિજ છે. ઉપદેશ દેવો, સભાઓ ભરવી, ફરજો સમજાવવી, વિહાર કરવા, ગ્રંથો રચવા, અભ્યાસ કરવો, આવશ્યક ક્રિયા કરવી, યોગવહન કરવા વિગેરે પ્રશસ્ત પ્રવૃત્તિજ છે અને સાધુજીવનને વખાણવાનો હેતુ ઘણો ખરો આ પ્રશસ્ત પ્રવૃત્તિ ઉપરજ બંધાયલો છે. કેટલીકવાર પ્રવૃત્તિ શબ્દથીજ ગભરાઈ જઈને લોકો તેની વિરૂદ્ધ બોલે છે, પરંતુ બહુ વિચાર પછી નિર્ણય થાય છે કે જૈનશાસ્ત્રમાં નિવૃત્તિ હેતુક પ્રશસ્ત પ્રવૃત્તિ પણ બાસ આદરણીય છે. અધિકાર વિશેષ પ્રાપ્ત થયા પછી શું કર્તવ્ય છે તે અધિકારી શોધી કાઢે છે. ૨૬૫.

સ્વાત્મનિરીક્ષણ-પરિણામ.

कृताकृतं स्वस्य तपोजपादि, शक्तीरशक्तीः सुकृतेतरे च ।
सदा समीक्षस्व हृदाथ साध्ये, यतस्व हेयं त्यज चाव्ययार्थी ॥६॥

"તપ જપ વિગેરે તેં કર્યો છે કે કર્યો નથી, સારાં કામ અને "નઠારાં કામો કરવામાં શક્તિ અશક્તિ કેટલી છે તે સર્વ બાબ-

"તનો હમ્મેશાં તારા હૃદય સાથે વિચાર કર. તું મોક્ષસુખ મેળ-
"વવાની ઇચ્છાવાળો છે તેથી સાધવા યોગ્ય (બની શકે તેવાં)
"કાર્યોમાં યત્ન કર અને ત્યાગ કરવા યોગ્ય કાર્યોને છોડી દે." ૬. ઉપજાતિ.

ભાવાર્થ-આત્મવિચારણા કરવાથી બહુ પ્રકારના લાભ થાય છે. પોતે શું કાર્યો કરે છે તેનો ખ્યાલ આવે છે અને તેમાંથી કયા કાર્યોનો ત્યાગ કરવો, શું ગ્રહણ કરવું વિગેરે સંબંધી વિચાર આવે છે. પરિણામે કાર્યરેખા અંકિત કરવાનો નિશ્ચય થાય છે અને શુદ્ધ વર્તન થવાનું નિમિત્ત પ્રાપ્ત થાય છે.

હે પ્રાણી! તું તપ, જપ અને આદિ શબ્દથી પૂજા પ્રભાવના સ્વામિવાત્સલ્ય (એકલી જમણવાર નહિ, પણ તેથી સ્વધર્મના લોકોનો ઉત્કર્ષ થાય એવા ઉપાયોનું વત્સલ ભાવથી વિચારવું અને તદનુસાર યોજનાઓ કરવી) વિગેરેમાંથી શું શું કરી શકે છે અને શું શું કરી શકતો નથી તે વિચાર. આ શ્રાવકને અંગે છે. સાધુને અંગે તેં કેટલા લોકોને ઉપદેશ આપ્યો, તેં પોતે પઠન પાઠન કેટલાં કર્યાં, ક્યારે કર્યાં, તેં શાસનઉદ્યોત કેવો કર્યો, તે વિચાર અને કેમ કરી શકતો નથી તેપર ધ્યાન આપ. શરીરની અશક્તિ છે કે મનની નબળાઈ છે તે શોધી કાઢ. વળી સુકૃત્ય અને દુષ્કૃત્યમાં તારી શક્તિ અને મન કેટલું પ્રવર્તે છે, તેમાં તારી શી સ્થિતિ વર્તે છે, તું કેવી તાદાત્મ્ય વૃત્તિથી સારાં કાર્યો કરે છે અને કેટલા અંતરથી બરાબ કામ કરે છે; કે તારા સંબંધમાં એથી ઉલટું જ છે એટલે સારાં કામો ઉપર ઉપરથી કરે છે અને બરાબ કામ તાદાત્મ્ય વૃત્તિથી કરે છે; એ સર્વ બાબતનો તારા હૃદય સાથે વિચાર કર. વળી કેટલાં સુકૃત્યમાં કે અપકૃત્યમાં તારી અશક્તિ વર્તે છે એ પણ તું વિચારી લે.

આવી રીતે આત્મનિરીક્ષણ કરી જાગૃતિ પામેલો જીવ અનેક પાપમાંથી સહજ રીતે બચી જાય છે અથવા તો પાપકાર્યોમાંથી બચવાનું એને પ્રબળ નિમિત્ત પ્રાપ્ત થાય છે. પછી જે સાધ્ય કાર્યો જણાય એમાંજ તારે લક્ષ આપવું અને એ સાધવા પાછળ જ પુરૂષાર્થ કરવો, અને જે ત્યાગ કરવા યોગ્ય કાર્યો લાગે તે તજી દેવાં. કહેવાની મતલબ એ છે કે આત્મવિચારણા કરીને બેસી રહેવું

નહિ, પણ પછી જે કરવા યોગ્ય કે તજવા યોગ્ય લાગે તે કરવું અને તજવું. ચૌદ નિયમ આજ ધોરણપર ધારવાનું શાસ્ત્રકાર કહે છે અને તેથી જેમ સ્થૂળ પદાર્થોપર અંકુશ આવે છે તેમ જ આંતર પ્રવૃત્તિપર અંકુશ રાખવા માટે આત્મજાગૃતિ બહુ ઉપયોગી છે અને તેથી જ ચૌદ નિયમોપર અંકુશ આવે છે. એનો ઉપયોગ સાધુજીવન અને શ્રાવકજીવનમાં એક સરખો છે. ૨૬૬.

પરપીડાવર્જન-યોગનિર્મળતા.

परस्य पीडापरिवर्जनात्ते, त्रिधा त्रियोग्यप्यमला सदास्तु ।
साम्यैकलीनं गतदुर्विकल्पं, मनो वचश्चाप्यनघप्रवृत्ति ॥ ७ ॥

"બીજા જીવોને ત્રણે પ્રકારે પીડા ન કરવાથી તારાં મનવચન "કાયાના યોગોની ત્રિપુટી નિર્મળ થાય, મન માત્ર સમતામાં જ "લીન થઇ જાય, વળી તે તેના દુર્વિકલ્પો તજી દે અને વચન પણ "નિરવદ્ય વ્યાપારમાં જ પ્રવૃત્ત થતું રહે." ૭. ઉપજાતિ.

ભાવાર્થ–માનસિક, વાચિક અને કાયિક હિંસાનો યથાધિકાર ત્યાગ કરવાના મૂળ સિદ્ધાંતપર જૈનધર્મની રચના છે. અહિંસા પરમો ધર્મઃ એ સૂત્ર સર્વ સંજોગોમાં સત્ય છે અને એ સિદ્ધાંતપર જ બંધાયલો ધર્મ હોય તે તે નામને યોગ્ય છે એ જૈનો વર્તનથી અને દલીલથી સિદ્ધ કરી આપે છે. આત્મવ્યતિરિક્ત કોઇ પણ પ્રાણીને પીડા કરવી, બીજા પાસે કરાવવી અથવા કરનારને મદદ કરવી કે તે કાર્યની પ્રશંસા કરવી કે તેની પુષ્ટિ કરવી એ સર્વ વર્જ્ય છે અને એને વર્જવાથી મન, વચન અને કાયાના યોગો બહુ નિર્મળ થાય છે. જૈનાચાર્યો કોઇ પણ કાર્યનું તરતમતાએ શુભત્વ અશુભત્વ તેના હિંસા સાથેના સંબંધપરથી જ કરે છે. જે કાર્યમાં અલ્પ હિંસા તે કાર્ય તેટલે અંશે સારું.

હિંસાના સંબંધમાં એટલું યાદ રાખવાનું છે કે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર વિગેરે કરવા એ પણ (ભાવ) હિંસા જ છે, કારણ કે એમાં આત્મગુણનો ઘાત થાય છે. બાહ્ય હિંસા અને અંતરંગ હિંસાનો ત્યાગ થાય છે ત્યારે જ સમતા અને ક્ષમા રૂપ મહા ગુણો પ્રાપ્ત થાય છે અને ત્યાર પછી ગુણશ્રેણીએ વધતાં વખત લાગતો

નથી. સમતા વગરના કોઈ પણ કાર્યને શાસ્ત્રકાર નકામું ગણે છે એટલુંજ નહિ પણ કેટલીકવાર નકામા કરતાં પણ વધારે બરાબ ગણે છે, જ્યારે સમતાવંત કાર્યોમાં એક એવી જાતનો આનંદ આવે છે જે અનુભવથી જ જાણી શકાય. વળી હિંસાનો ત્યાગ થતાં મનમાંથી સર્વ જાતના માઠા વિકલ્પો દૂર થાય છે, કારણ કે દુર્વિકલ્પોનું કારણ હિંસા જ છે. જ્યારે પારકું મન દુઃખાવવું એ પણ હિંસા છે એમ સમજવામાં આવે અને તેનો ત્યાગ કરવા ઉપાય લેવામાં આવે ત્યારે સંકલ્પોનું ઉત્પત્તિસ્થાન નાશ પામી જાય છે. આવી રીતે હિંસા તજવાથી મનયોગ સાધ્ય થાય છે અને વચનપ્રવૃત્તિ પણ નિરવદ્ય થાય છે તેનું કારણ ઉપર કહ્યું તે જ સમજવું.

ગ્રંથકર્ત્તાએ મનયોગ અને વચનયોગની શુદ્ધિ સ્પષ્ટ શબ્દોમાં કહી, એ બન્નેની અપેક્ષાએ કાયયોગશુદ્ધિ સુસાધ્ય છે તેથી સ્પષ્ટ કહી નથી, પણ અર્થ અને સંબંધપરથી સમજી લેવી. (ધનવિજય ગણિ.)

શ્રીમદ્યશોવિજયજી મૌનાષ્ટકમાં લખે છે કેઃ–

सुलभं वागनुच्चारमौनमेकेंद्रियेष्वपि ।
पुद्गलेष्वप्रवृत्तिस्तु योगानां मौनमुत्तमम् ॥

"વાણીના અનુચ્ચારરૂપ મૌન એકેંદ્રિયાદિને વિષે પણ સુલભ છે, પરંતુ યોગોનું પુદ્ગલને વિષે અપ્રવૃત્તિરૂપ મૌન ઉત્તમ છે." આ ભાવ બરાબર હૃદયમાં રાખવાની જરૂર છે. ૨૬૭.

ભાવનાઃ આત્મલય.

मैत्रीं प्रमोदं करुणां च सम्यक्, मध्यस्थतां चानय[1] साम्यमात्मन् ।
सद्भावनास्वात्मलयं[2] प्रयत्नात्, कृताविरामं रमयस्व चेतः ॥ ८ ॥

"હે આત્મન્! મૈત્રી, પ્રમોદ, કરૂણા અને મધ્યસ્થતાને સારી "રીતે ભાવ, (અને તે વડે) સમતાભાવ પ્રગટ કર. પ્રયત્ને કરી "સદ્ભાવના ભાવીને આત્મલયમાં વિરામ પામીને (તારા) મનને "ક્રીડા કરાવ." ૮. ઉપજાતિ.

---

१ साम्यमिति पाठांतरो आत्मना सहैकीभावमित्यर्थः २ स्वात्मलयमिति वा पाठः संप्राप्ततन्मयस्वभावं यथास्यात्तथेत्यर्थः ।

ભાવાર્થ–૧ મૈત્રીભાવ, પ્રમોદભાવ, કરૂણાભાવ અને માધ્યસ્થભાવ તારા હૃદયમાં નિરંતર ભાવ. એ ચાર ભાવના બહુજ ઉપયોગી છે, એમાં આત્મરમણ કરવાથી પરમ સાધ્ય પદાર્થ અનુભવગોચર થાય છે અને મનને પરમ શાંતિ પ્રાપ્ત થાય છે. એનું સૂક્ષ્મ સ્વરૂપ પ્રથમ અધિકારમાં બતાવવા પ્રયાસ કર્યો છે.[૧] એ ભાવના શુભ વૃત્તિનું મુખ્ય અંગ છે.

૨ ભાવના ભાવતાં ભાવતાં શુદ્ધ સમતાનો ઉદય થાય છે. એ સમતા આત્મિક ગુણ છે અને સ્થિરતા એ એનો પાયો છે. જ્ઞાન, ધ્યાન, તપ અને શીળ યુક્ત મુનિઓ પણ સમતાયુક્ત મુનિ જેટલો ગુણ નિષ્પાદન કરી શકતા નથી એમ જ્યારે વાચકવર્ય ઉમાસ્વાતિજી તેમજ શ્રીમદ્યશોવિજયજી કહે છે ત્યારે સમતાના લાભની પરાકાષ્ઠા સમજાય છે.

૩ આ પ્રમાણે શુભપ્રવૃત્તિ કરતાં કરતાં જ્યારે સમતા પ્રાપ્ત થાય છે ત્યારપછી જીવ આત્મજાગૃતિ કરે છે, એને સાંસારિક સર્વ કાર્યો તુચ્છ લાગે છે, એનું મન આત્મપરિણતિમાં દોડે છે, એને સર્વ દિશા પ્રફુલ્લિત લાગે છે, પણ આત્મરમણ એજ કાર્ય લાગે છે. શુભ ધ્યાનધારાનો વરસાદ થાય ત્યારે આત્મલય થાય છે અને એ વખતે જે આત્માનંદ થાય છે તે વચન અગોચર છે. આત્મરમણ કરવા માટે પ્રબળ પુરૂષાર્થ ફોરવવાની જરૂર પડે છે અને મન જ્યારે તે બાબતમાં રોકાય છે ત્યારે તેને બાહ્ય વસ્તુનું ભાન પણ રહેતું નથી. ૨૬૮.

મોહના સુભટોનો પરાજય.

कुर्यान्न[૨] कुत्रापि ममत्वभावं, न च प्रभो रत्यरती कषायान् ।
इहापि सौख्यं लभसेऽप्यनीहो, ह्यनुत्तरामर्त्यसुखाभमात्मन् ॥९॥

"હે સમર્થ આત્મા! કોઇ પણ વસ્તુ ઉપર મમત્વભાવ ન "કરવો, તેમ જ રતિ, અરતિ અને કષાય પણ ન કરવા. જ્યારે "તું વાંછા રહિત થઇશ ત્યારે તો અનુત્તર વિમાનમાં રહેનારા "દેવતાઓનું સુખ પણ તને અહીં મળશે." ૯. ઇંદ્રવજ્રા.

૧ જુઓ શ્લોક ૧૩–૧૬ પૃષ્ટ ૨૭–૪૧.

૨ કુર્યા ન ઇતિ વા પાઠો મા વિદધ્યા ઇત્યર્થઃ

ભાવાર્થ–શુભ વૃત્તિના સાધનોનું વિશેષ દર્શન કરાવતાં કહે છે. ૧ હે ચેતન! તારૂં છે તે તારી પાસે છે. દેહ તારો નથી, પુત્ર તારા નથી, સ્ત્રી તારી નથી અને ધન તારૂં નથી. એ ચારેનો મમત્વ અત્ર મહા પીડા કરનારો છે એટલું જ નહિ પણ પરભવમાં મહા દુઃખ આપનાર છે.[૧] જે વસ્તુઓ તારી નથી તેને તારી માનીને તેઓના ઉપર શા માટે રાચીમાચી રહે છે? તારો આત્મા મોહમદિરામાં ચકચૂર થઇ સત્યાસત્યનો વિવેક ચૂકી જાય છે, તેથી તે સ્થિતિ દૂર કરી મમત્વભાવનો ત્યાગ કરી દે.

૨–૩ તારે સુંદર વસ્તુ જોઇને રાજી થવું નહિ અને તને પ્રિય ન લાગે એવી વસ્તુ જોઇને નારાજ થવું નહિ. વસ્તુ કોઇ ખરાબ કે સારી નથી; એ બાબતમાં તારી માન્યતા જ ખોટી છે. એ ખોટી માન્યતાપર બાંધેલા વિચારો તને હેરાન કરે છે, માટે રતિ અરતિનો ખ્યાલ છોડી દે. પછી તને આઠમા શ્લોકમાં ઉપર કહ્યો તેવો અપૂર્વ આનંદ થશે.

૪ સંસારમાં ભ્રમણ કરાવનાર કષાયોને તારે છોડી દેવા. એનું સ્વરૂપ સાતમા અધિકારમાં આપણે જોયું છે.

આ સર્વ મોહ રાજાના સુભટો છે, તે તારાપર જય મેળવવા આવ્યા છે; જો એને ફાવવા દઇશ નહિ તો તને લાભ થશે અને જો તું તેઓને જીતી જઇશ અને મારીને કાઢી મૂકીશ તો તો તને મહાસુખ થશે. કારણ કે કષાય અને મમત્વ જશે એટલે તું નિઃસ્પૃહ થઈ જઇશ અને ઉપાધ્યાયજી કહે છે કેઃ–

परस्पृहा महादुःखं निस्पृहत्वं महासुखम् ।
एतदुक्तं समासेन लक्षणं सुखदुःखयोः ॥

નિઃસ્પૃહ વૃત્તિ એ મોટામાં મોટું સુખ છે. અનુત્તર વિમાનના દેવોને સર્વથી વધારે સુખ છે, કારણ કે ત્યાં સ્વામીસેવકભાવ નથી તેમ જ કામવિકારથી થતી શારીરિક કે માનસિક વિડંબણા નથી. આ સુખ તને પ્રાપ્ત થશે. અરે! અમે તો કહીએ છીએ કે તને તેથી પણ વધારે સુખ પ્રાપ્ત થશે, કારણ કે નિઃસ્પૃહ જીવપર

૧ વિશેષ હકીકત માટે જુઓ અધિકાર બીજો, ત્રીજો, ચોથો તથા પાંચમો.

દુઃખ અસર કરતું નથી અને દુઃખ કદાચ જ પડે છે. એટલા માટે જ શુદ્ધ ચારિત્ર પાળતાં અખંડપણે એક વર્ષ વીતી ગયા પછી ચારિત્રવંતને અનુત્તર વિમાનના દેવો કરતાં પણ વધારે સુખ આગમકાર બતાવે છે. દુઃખ કે સુખ એ પણ મનનાં માનેલાં છે અને તેથી તને આ મહાન્ લાભ મળશે તે ધ્યાનમાં લે.

આત્મામાં અનંત જ્ઞાન છે અને અનંતવીર્ય છે. વીરપ્રભુ જેવું બળ, અભયકુમાર જેવી બુદ્ધિ, હેમચંદ્રાચાર્ય જેવું શ્રુતજ્ઞાન, કયવન્ના શેઠ જેવું સૌભાગ્ય અને ગજસુકુમાળ જેવી સમતા શક્તિરૂપે સર્વ આત્મામાં ભરેલી છે, પુરૂષાર્થ કરી તેને વ્યક્ત કરાવવાનીજ જરૂર છે. આ હેતુથી જ આત્માને 'સમર્થ' એમ ઉદ્દેશીને અત્ર બોલાવ્યો છે. શુભપ્રવૃત્તિનાં સ્થાનો અત્ર બતાવ્યાં અને કિંચિત્ ફળ પણ નિર્દિષ્ટ કર્યું. ૨૬૯.

ઉપસંહાર-શુદ્ધ પ્રવૃત્તિ કરનારની ગતિ.

इति यतिवरशिक्षां योऽवधार्य व्रतस्थ-
श्चरणकरणयोगानेकचित्तः श्रयेत ।
सपदि भवमहाब्धिं क्लेशराशिं स तीर्त्वा,
विलसति शिवसौख्यानंत्यसायुज्यमाप्य ॥ १० ॥

"યતિવરોના સંબંધમાં (ઉપર પ્રમાણે) બતાવેલી શિક્ષા જે "વ્રતધારી (સાધુ અને ઉપલક્ષણથી શ્રાવક) એકાગ્ર ચિત્તથી હૃદ-"યમાં ઠસાવે છે અને ચારિત્ર અને ક્રિયાના યોગોને સેવે છે તે "સંસાર સમુદ્રરૂપ ક્લેશનો ઢગલો એકદમ તરી જઈને મોક્ષના "અનંત સુખ સાથે તન્મયપણું પામી પોતે આનંદ કરે છે." ૧૦.

માલિનિ.

ભાવાર્થ–આ પ્રમાણે તીર્થંકર મહારાજાઓ, ગણધરો અને પૂર્વાચાર્યો શિખામણ આપી ગયા છે. તેઓ આ જીવ ઉપર એકાંત ઉપકાર કરવાની નિઃસ્પૃહ વૃત્તિથી દોરાયા હતા, અને તેથી આ જીવને શુભ રસ્તે દોરવા સારૂ કોઈ બાબતમાં કહેવામાં બાકી રાખ્યું નથી. આવા પરમોપકારી મહાત્માઓના શબ્દો લક્ષમાં રાખી જે પ્રાણી ચારિત્ર અને ક્રિયામાં ઉદ્યત થઈ જાય છે તે પ્રભુના આજ્ઞાંકિત સેવકો કહેવાય છે. આ ઉપદેશમાં સાધુએ પોતાને યોગ્ય અને શ્રાવકે પોતાને

યોગ્ય ઉપદેશ ગ્રહણ કરવાનો છે. એ નિયમાનુસાર જે પ્રાણી ચરણકરણ ગુણોને અનુસરે છે તે થોડા વખતમાં સંસારરૂપી સમુદ્ર ઉલ્લંઘી જાય છે અને જે મોક્ષસુખનું વર્ણન પણ કરવું અશક્ય છે તેને પોતાના આત્મા સાથે 'અનંત' શબ્દ સહિત યોગ કરાવે છે એટલે અનંતકાળ સુધી તે સુખ પ્રાપ્ત કરે છે. એક તો મહા સુખ અને વળી તે અનંતકાળ સુધી એટલે પછી એમાં વિચારવાનો પણ કાંઈ અવકાશ રહેતો નથી. એને પ્રાપ્ત કરવા બનતો પ્રયાસ કરવો એજ કર્તવ્ય છે. ૨૭૦.

* * * * * * * *
* * * * * * * *

એવી રીતે **શુભ વૃત્તિ ઉપદેશ** નામનો પંદરમો અધિકાર સંપૂર્ણ થયો. આ અધિકારમાં વૃત્તિ એટલે વર્તન અથવા પ્રવૃત્તિ એ અર્થ સમજવાનો છે. શુભપ્રવૃત્તિના અનેક પ્રસંગો અત્ર બતાવવામાં આવ્યા છે. તે સર્વને વિષય સાથે સામાન્ય સંબંધ છે, પરંતુ એક બીજા સાથે ખાસ સંબંધ નથી. આ અધિકારમાં મુખ્ય ઉપદેશ સાધુને આશ્રયી છે, પરંતુ કેટલીક હકીકત શ્રાવકને પણ બહુ ઉપયોગી છે પ્રવૃત્તિના વિષયોનું પૃથક્કરણ શ્લોકોમાં જ કર્યું છે તેથી અત્ર પુનરાવર્તન કરવાની જરૂર રહેતી નથી. શુભ પ્રવૃત્તિની અનેક હકીકતો છે, તે સર્વ અત્ર બતાવી શકાય નહિ તેથી સૂરિમહારાજે બહુ જ જરૂરના વિષયોને જ હાથ લગાડ્યો છે. એ સર્વ બાબતોપર ખાસ ધ્યાન આપવાની જરૂર છે.

આવશ્યક ક્રિયાની જરૂરીઆત પ્રથમ જ બતાવી છે અને તે આ જમાનામાં ખાસ જરૂરની છે. પ્રવૃત્તિ (અપ્રશસ્ત) વધતી જાય છે અને ધર્મસાધન અલ્પ થતાં જાય છે, તેટલા માટે નિત્ય આવશ્યક ક્રિયા અવશ્ય કરવી જોઈએ. જેમ દરરોજનું પેપર વાંચનારને પાંચ દિવસ પેપર ન મળે તો દિશાશૂન્ય જેવું લાગે છે તેવું જ આવશ્યક ક્રિયામાં રટણ થઈ જવું જોઈએ. તપશ્ચર્યાની બાબત પણ એટલી જ ઉપયોગી છે. જમાનો જ્યારે પાપબંધનાં અનેક કાર્યો શીખવે છે ત્યારે છોડવાનાં આ પ્રબળ સાધનો મંદ થતાં જાય છે એ ખેદ કરવા જેવું છે. જ્ઞાનાભ્યાસનો પણ આ જ વિષયમાં સમાવેશ થાય છે એ ખાસ ધ્યાનમાં રાખવા જેવું છે.

ત્યાર પછીના વિષયોમાં અનિયત વિહાર કરવા માટે સાધુને ઉપદેશ છે. સૂરિમહારાજ ગમે તેવા આકરા શબ્દોમાં કહે તો તે કહેવાને તેઓ હકદાર છે. વિહારના વિષયને અંગે શ્રાવકોએ પણ વરસના થોડા દિવસો કોમના ભલા માટે અર્પણ કરી ધાર્મિક વિષયો-પર વિવેચન-ભાષણો કરવાં ધ્યાન આપવું એ ઉપલક્ષણથી સમજ-વાનું છે. આત્મનિરીક્ષણ માટેની સૂચના તો બહુ જ ઉપયોગી છે. એનાથી પોતાનાં સર્વ કાર્યોપર કાબુ આવે છે અને ધાર્યા વગરનું કોઈ પણ કાર્ય થતું નથી અથવા થયું હોય તો પણ ભવિષ્યમાં ન થવા માટે નિશ્ચય કરવાનો પ્રસંગ પ્રાપ્ત કરાવે છે. અઢાર પાપસ્થાનકને અંગે જો દરરોજ આત્મનિરીક્ષણ થાય તો અપૂર્વ લાભ પ્રાપ્ત થવાનો પૂરતો સંભવ છે. એ શુભ પ્રવૃત્તિનો મુખ્ય ઉદ્દેશ મન વચન અને કાયાને શુભ રસ્તે પ્રવર્તાવવા પ્રયાસ કરવો એ જ છે, અને તે હેતુ ઉપર પણ સૂરિ મહારાજ ધ્યાન ખેંચ્યા વગર રહ્યા નથી. જ્યાંસુધી મનમાં વિચાર જુદા, વચન જુદું અને વર્તન ત્રીજા પ્રકારનું હોય ત્યાં સુધી સર્વ ફોકટ છે. ત્રિપુટીને ત્રણ રસ્તે ચલાવવી નહિ. એ ત્રણમાં પણ મનને વશ કરવાની વિશેષ જરૂર છે. એ જેમ જેમ વશ થતું જાય છે તેમ તેમ કર્મબંધમાં બહુ ફેર પડતો જાય છે. એ જ્યારે નિર્મળ થાય છે ત્યારે આત્મપ્રદેશમાંથી શુભ ભાવના ઉઠે છે, શુભ ભાવનાથી આત્મલય થાય છે, આત્મલયથી કૈવલ્ય જ્ઞાન પ્રાપ્ત થાય છે અને તે પછીજ મુક્તિ થાય છે. મુક્તિ પ્રાપ્ત કરવી એજ કર્તવ્ય છે અને એજ પ્રાપ્તવ્ય છે. હેય જ્ઞેય ઉપાદેયનું સ્વરૂપ સમજી સ્વાનુકૂળ ક્રિયામાં પ્રવૃત્તિ રાખવી એ આપણું કામ છે. પરિણામ સુલભ છે અને આ ભવમાં પણ અનુભવગોચર છે. એક વખત કાર્ય કરો અને પછી શુભ ફળ મળી આવશે એ ચોક્કસ માનજો. આ શુભ વૃત્તિ રાખવાના શિક્ષાપાઠો આપ્યા છે તે હૃદયપટપર ચીતરી રાખવા જેવા છે.

इति सविवरणः शुभवृत्तिशिक्षोपदेशनामा पंचदशोऽधिकारः

अथ षोडशः साम्यसर्वस्वाधिकारः

હવે આખા ગ્રંથના દોહનરૂપ-એકપ્રધાન તત્ત્વ-સામ્ય-સમતા સર્વસ્વ જ છે એ વિષયપર ઉપસંહાર કરતાં સંક્ષિપ્ત વિવેચન કરે છે. આ આખા ગ્રંથનો ઉદ્દેશ શું છે, સાધ્યબિંદુ ક્યાં છે, પ્રયોજન શું છે એ સર્વ ગ્રંથકર્તા બતાવે છે. બીજી રીતે જોઇએ તો આ અધિકાર પ્રશસ્તિ જેવો છે. સમતાના સંબંધમાં અત્ર જે વિચારો બતાવવામાં આવ્યા છે તે સંક્ષિપ્ત પણ બહોળા છે. મનો-નિગ્રહ, મમત્વત્યાગ અને શુભવૃત્તિ એ સર્વ સમતામાં પરિસમાપ્તિ પામે છે, તેથી સર્વ દ્વારપર શિખર ચડાવનારૂં આ દ્વાર છે. સમ-તાનું રહસ્ય ધારણ કરવા અત્ર દિગ્દર્શન કરવામાં આવ્યું છે.

સમતાનું ફળ-મોક્ષસંપત્તિ.

एवं सदाभ्यासवशेन सात्म्यं, नयस्व साम्यं परमार्थवेदिन् ।
यतः करस्थाः शिवसंपदस्ते, भवन्ति सद्यो भवभीतिभेत्तुः ॥ १ ॥

"હે તાત્વિક પદાર્થના જાણનાર! આ પ્રમાણે (ઉપર પંદર "દ્વારમાં કહેલ) નિરંતર અભ્યાસના યોગથી સમતાને આત્મા સાથે "જોડી દે; જેથી કરીને ભવના ભયને ભેદવાવાળા તને મોક્ષસંપત્તિઓ "એકદમ હસ્તગત થઇ જાય." ૧. ઉપજાતિ.

ભાવાર્થ-કાંઇક મમત્વભાવ છોડીને, કાંઇક કષાય છાંડીને, કાંઇક

યોગની નિર્મળતા કરીને અને કાંઇક સ્વાત્મલય કરીને શુભવૃત્તિ કરવી એ આપણે પંદરમા અધિકારમાં જોઇ ગયા. એ સર્વ પ્રશસ્ત પ્રવૃત્તિનો હેતુ સમતાની પ્રાપ્તિ કરવાનો જ છે. ત્યારે આ આખા ગ્રંથમાં જે જે સાધન બતાવ્યાં છે તે સર્વનું સાધ્ય સમતાપ્રાપ્તિ છે. જો તને આ ગ્રંથ વાંચતાં કાંઇ પણ પરમાર્થ સમજાયો હોય તો તે આજ છે. पणिहन्ति क्षणार्धेन साम्यमालंब्य कर्मतत् । यन्नहन्यान्नरस्तीव्रतपसा जन्मकोटिभिः (હેમચંદ્રાચાર્ય-યોગશાસ્ત્ર) મતલબ સમતાને અવલંબવાથી જે કર્મો ક્રોડો જન્મ સુધી તીવ્ર તપસ્યા કરતાં પણ તોડી શકાય નહિ તેનો એક ક્ષણમાત્રમાં નાશ કરે છે. તારૂં સાધ્ય સમતા હોવું જોઈએ અને તેને અને આત્માને જોડાણ કરવા માટે નિરંતર અભ્યાસની જરૂર છે એ પણ આખા ગ્રંથમાં આપણે અવારનવાર જોયું છે. હવે સમતા પ્રાપ્ત કરવાનું પણ કાંઈ નકામું નથી, તે સાધ્ય અને સાધન બન્ને છે. સુખનો આદર અને દુઃખનો ત્યાગ એ સર્વ પ્રવૃત્તિનું પરમ કારણ છે. સમતાથી જે સુખ મળે છે તે અવર્ણ્ય છે, કારણ કે બીજાં સર્વ સુખ પાછળ દુઃખ આવે છે, પણ સુખમય સમતાથી થતું મોક્ષનું સુખ તો અનંત છે. એ પરમ સાધ્યબિંદુ દૃષ્ટિમાં રાખીને સમતા મેળવવા-સમતા રાખવા અત્ર ઉપદેશ છે. મોક્ષનાં સુખ અનિર્વચનીય છે. મોક્ષમંદિરપર ચડવા માટે ચૌદ પગથીઆં (ગુણસ્થાન) છે, એનું આરોહણ કરવા સારૂ અત્ર સીડી બતાવવામાં આવે છે. એ મંદિરના ઘંટો વગાડવા માટે ગુણસ્થાનપર આરોહણ કરવાનો પુરૂષાર્થ કરવો ઉચિત છે. હે બંધુઓ! એક વખત તદ્દન નિરૂપાધિ, નીજ સ્વરૂપમાં લીનતા, અજરામરત્વ, દોડાદોડનો અભાવ અને અખંડ શાંતિ તથા સ્થિરતાનો ખ્યાલ કરો. એમાં કાંઈ પણ પ્રાપ્તવ્ય લાગે તો એના પ્રબળ કારણ સમતાને પ્રાપ્ત કરવા પ્રયાસ કરો અને તે પ્રાપ્ત કરવા માટે આ આખા ગ્રંથમાં બતાવેલા જુદા જુદા વિષયો ઉપર ધ્યાન આપો. દૃઢ પ્રયત્ન, દૃઢ નિશ્ચય અને ચાલુ અનુસરણ જરૂર ઇચ્છિત પરિણામ લાવશે અને મોક્ષમંદિરમાં તમારા નામના ઘંટ વાગશે, પણ તે માટે ઉઠો, ઉદ્યમ કરો. યાદ રાખજો કે અત્યારે જેવો અવસર છે, જેવી જોગવાઈ છે તે ફરી ફરીને મળતાં મહા મુશ્કેલી થશે. ૨૭૧.

અવિદ્યાત્યાગ-એ સમતા બીજ.

त्वमेव दुःखं नरकस्त्वमेव, त्वमेव शर्मापि शिवं त्वमेव ।
त्वमेव कर्माणि मनस्त्वमेव, जहीह्यविद्यामवधेहि चात्मन् ॥ २ ॥

"હે આત્મન્! તુંજ દુઃખ, તુંજ નરક, તુંજ સુખ અને મોક્ષ "પણ તુંજ. વળી તુંજ કર્મ અને મન પણ તુંજ. અવિદ્યાને તજી "દે અને સાવધાન થા." ૨. ઇંદ્રવજ્રા.

ભાવાર્થ-હે આત્મન્! તુંજ દુઃખ છે, કારણકે દુઃખને નિષ્પાદન કરવા માટે જે કર્મ જોઇએ તે તેંજ કર્યાં છે. દુઃખનાં સાધનો પણ તુંજ તૈયાર કરે છે અને દુઃખસુખની સાચી ખોટી કલ્પના પણ તુંજ કરે છે. એજ નિયમાનુસાર નરક પણ તુંજ છે. વળી દુઃખનો સંચય કરનાર અને સમજનાર તુંજ છે. તેમ સુખ માટે પણ તુંજ અધિષ્ઠાતા અને વિવેક કરનાર છે. તારી ઓછી વધતી સમજણ માટે તું અમુક લાગણીને સુખ માની બેઠો છે તે પણ તુંજ છે અને જો પ્રબળ પુરૂષાર્થ કરે તો સર્વ દુઃખનો અત્યંતાભાવ કરી મોક્ષમંદિરમાં ચિરકાળ સુધી આનંદ ભોગવે તે પણ તુંજ છે. તેથી વાસ્તવિક કહીએ તો મોક્ષ તારો છે એટલે તુંજ મોક્ષ છે. ન્યાયના એક નિયમ પ્રમાણે ધર્મ અને ધર્મીનો અભેદ છે. મીઠું ખારૂં છે, ખારાપણું એ ધર્મ થયો. મીઠું એ ધર્મી થયું. અત્ર ખારાશ અને મીઠું એ જુદાં નથી તેથી ધર્મ અને ધર્મીનો અભેદ થયો; તેવીજ રીતે જીવ કર્મે કરીને સંવૃત અને અસંવૃત છે, છતાં પણ પર્યાય અને પર્યાયીનો ઉપરના નિયમ પ્રમાણે અભેદ છે.

એજ નિયમ પ્રમાણે કર્મનો કરનાર અને મનનો પ્રેરનાર પણ તુંજ હોવાથી તું કર્મ અને મન પણ તુંજ છે.

જૈન શાસ્ત્રમાં આત્મા ઉપરજ બધો આધાર રહે છે. એને કોઈ મદદ કરતું નથી, તેમજ એને બહારની મદદની અપેક્ષા રહેતી પણ નથી. એની અખંડ સ્થિતિમાં એ શુદ્ધ, અક્ષય, અવિનાશી,

---

૧ अविद्यां પાઠાંતરે अवज्ञां એટલે અવજ્ઞાનો ત્યાગ કરી દે, એટલે અનાદરનો ત્યાગ કર. આ કરતાં અવિદ્યા પાઠ વધારે બંધબેસતો અર્થ બતાવનારો લાગે છે.

નિત્ય છે. કર્મના સંબંધથી એની શુદ્ધ દશાપર પડ ફરી વળ્યાં છે; એ પડ દૂર કરવા માટે પ્રબળ પુરૂષાર્થ ફોરવવો જોઈએ અને તેટલા માટે અસાધારણ ઉદ્યોગ કરવો જોઇએ. આ આત્મામાં અનંત શક્તિ છે. એ ધારે તો પર્વતોને પણ તોડી શકે છે અને વીર પરમાત્મા જેટલું જ્ઞાન અને ઋદ્ધિ મેળવવાની તેનામાં શક્તિ છે. એટલા માટે આપણે અગાઉ જોઈ ગયા છીએ કે अप्पा नइ वेयरणी, अप्पा मे कुड सामली । अप्पाकामदुघा धेणू, अप्पा मे नंदनं वनम ॥ આ સિદ્ધાંતનું વાક્ય છે અને તુરત સમજાઈ જાય તેવું છે. એમાં કહે છે કે આત્મા કામદુધા ગાય છે અને આત્મા નંદનવન છે. એની પાસેથી કામ લેતાં આવડે તો એ સર્વ ઇચ્છિત સુખો (સ્થૂળ અને માનસિક) આપે છે. એ સર્વ છે એ વાત તો ખરી પણ તે તારામાં છે એમ બતાવી આપ.

એ બતાવી આપવા માટે અવિદ્યાનો ત્યાગ કરવો. અજ્ઞાનથી અંધ સમાન અવસ્થા રહે છે. અજ્ઞ જીવન એ લગભગ નકામું થઈ જાય છે, માટે અવિદ્યાનો ત્યાગ કરી તારાં યોગ્ય કર્તવ્યોમાં સાવધાન થઈ જા. શાસ્ત્રકાર કહે છે કે अज्ञानं खलु भो कष्टं, क्रोधादिभ्योपि तीव्रपापेभ्यः । ક્રોધાદિક તીવ્ર પાપોથી પણ અજ્ઞાન મહાકષ્ટ આપનાર છે. જ્યાંસુધી અજ્ઞાનનો નાશ થશે નહિ ત્યાંસુધી સાધ્ય નજરમાં આવશે નહિ. માટે હે ભાઈ! તું જાગૃત થા, ખડો થા, પુરૂષાર્થ પ્રગટ કર, વીર્ય ફોરવ. ૨૭૨.

સુખદુઃખનું મૂળ. સમતા. મમતા.

निःसंगतामेहि सदा तदात्मन्नर्थेष्वशेषेष्वपि साम्यभावात् ।
अवेहि विद्वन् ममतैव मूलं, शुचां, सुखानां समतैव चेति ॥ ३ ॥

"હે આત્મન્! સર્વ પદાર્થો ઉપર સદા સમતાભાવ લાવીને "નિઃસંગપણું પ્રાપ્ત કર. હે વિદ્વન્! તું જાણી લેજે કે દુઃખનું "મૂળ મમતાજ છે અને સુખનું મૂળ સમતાજ છે." ૩.

ઉપજાતિ.

ભાવાર્થ–આપણે જોઈ ગયા કે સુખ દુઃખ મોક્ષ કે નરક એ

આત્માજ છે કારણ કે તેનું ઉપાદાન કારણ આત્મા છે. એ આત્મામાં જો સમભાવ આણ્યો હોય તો તે પોતાનું અસલ સ્વરૂપ પ્રગટ કરીને ઇચ્છિત અર્થ પ્રાપ્ત કરી શકે. એ સમતા પ્રાપ્ત કરવાનાં સાધનો અને રસ્તાઓ આ ગ્રંથમાં બતાવ્યાં છે. એ રીતે સમતાભાવ જ્યારે પ્રાપ્ત થાય છે ત્યારે પછી નિઃસંગ વૃત્તિ પ્રાપ્ત થવાનો માર્ગ મળે છે. પૌદ્ગલિક સર્વ વસ્તુઓ અને ભાવો એટલે ઘર, ઘરેણું, પલંગ વિગેરે પદાર્થો અને કષાયાદિ ભાવોથી છૂટા પડવું, તેનો સંબંધ છોડવો એ નિઃસંગતા કહેવાય છે. એ હકીકત લક્ષમાં રાખીને એને સાધ્યબિંદુ બનાવવું જોઈએ.

હવે સુખનું મૂળ શું છે અને દુઃખનું મૂળ શું છે એ ટુંકામાં કહી દે છે. સર્વ જીવોપર સમભાવ, સર્વ વસ્તુઓપર સમભાવ, રાજા કે રંકપર, ધનવાન્ કે નિર્ધનપર અથવા એવા વિરોધ બતાવનારા બે શબ્દોથી પ્રદર્શિત થતા કોઈપણ વ્યક્તિયુગલ ઉપર તેમજ કોઈપણ પદાર્થયુગલ ઉપર ચોક્કસ આકર્ષણ કે દૂરીગમન ન થાય એ સમતા છે અને સર્વ સુખનું મૂળ એજ છે. એક તો સમતા રાખનારપર દુઃખ પડતું નથી અને બીજું તેને દુઃખ લાગતું નથી. આવી રીતે સમતા રાખનારો પ્રાણી બન્ને જાતિના સંયોગોમાં આત્મહિત સાધી શકે છે. બીજી બાજુએ જોઈએ તો સર્વ દુઃખોનું કારણ મમતા છે. આ ઘર મારૂં છે, આ સ્ત્રી મારી છે કે આ પુત્ર મારો છે એ મારાપણાથીજ દુઃખ થાય છે. પોતાની જાતને સાક્ષીભાવે માનનારા વીર ધુરંધરો ઘરને ધર્મશાળા ગણે છે અને પરિવારને મેળા તુલ્ય ગણે છે. મમતાથીજ દુઃખ થાય છે એ સ્પષ્ટ જણાય છે. એને શાસ્ત્રકાર મોહજન્ય કહે છે અને મોહને સર્વ કર્મોમાં શાસ્ત્રકાર રાજાનું પદ આપે છે. સર્વ કર્મોમાં તેની ચીકાશ પણ બહુ હોય છે અને સ્થિતિ પણ બહુ હોય છે. એ મોહરાજાને વશ કરવા માટે ધર્મબોધકર મંત્રી જેવા સત્યવક્તા મહાત્માઓના સંગની બહુ જરૂર છે. એ સંગથી સંસારસ્થિતિ સમજાય, તેથી તેનો ત્યાગ કરવા વિચાર થાય, વિચારથી કાર્ય થાય, કાર્યથી સમતાગુણ આવે અને સમતાથી નિઃસંગતા પ્રાપ્ત થાય અને તેમ થાય ત્યારે વૈરાગ્ય શતકકાર કહે છે તેમ ગાયન

અને વિલાપ, નૃત્ય અને વિટંબના, આભૂષણ ને ભાર, કામભોગ અને દુઃખનાં સાધનોમાં તેને કાંઈ તફાવત લાગતો નથી.

મમતા અને સમતાની આ ફીલોસોફિ બહુ ધ્યાનમાં રાખવા યોગ્ય છે. સમતા રાખવી એટલે બેસી રહેવું એ ભાવ નથી એ ઉપરના વિવેચનથી સ્પષ્ટ થયું હશે. ઇંદ્રિયોની શુભ પ્રવૃત્તિ કરાવી પોતાના જીવનને ધર્મમય કરી દેવું એ દુઃષમ કાલાનુસાર સ્વઅધિકાર પ્રમાણે 'સમતા'નું પ્રથમ આદરણીય લક્ષણ છે. ૨૭૩.

સમતાની વાનગી. ફળાવાપ્તિ.

स्त्रीषु धूलिषु निजे च परे वा, संपदि प्रसरदापदि चात्मन् ।
तत्त्वमेहि समतां ममतामुग्, येन शाश्वतसुखाद्वयमेषि ॥ ४ ॥

"સ્ત્રી ઉપરથી અને ધૂળ ઉપરથી, પોતાના ઉપરથી અને પારકા "ઉપરથી, સંપત્તિ ઉપરથી અને વિસ્તૃત આપત્તિ ઉપરથી મમતા "મૂકી દઈને હે આત્મન્! તું સમતા રાખ, જેથી કરીને શાશ્વત "સુખ સાથે ઐક્ય થશે." ૪. સ્વાગતા.

ભાવાર્થ–સમતાનોજ ઉપદેશ વિશેષ સ્પષ્ટ કરે છેઃ હે આત્મન્! તારે જો મોક્ષસુખ સાથે ઐક્ય કરવું હોય, અભેદ કરવો હોય, એકાકાર વૃત્તિ કરવી હોય તો હું તને કહું છું તેમ તું સમભાવ પ્રાપ્ત કર; એ સમભાવ તારૂં સર્વસ્વ છે, એજ તને દુઃખમાંથી છોડાવવા શક્તિવાન્ છે અને અધ્યાત્મ ગ્રંથોનો એજ પ્રથમપદે ઉપદેશનો વિષય છે.

તને જ્યારે સ્ત્રી ઉપર અને ધૂળ ઉપર સમભાવ થશે અને તને પોતાના અને પારકા ઉપર સમભાવ થશે ત્યારે તારો કાંઈક છેડો આવ્યો છે એમ જણાશે. અત્યારે તો એકદમ સમાચાર સાંભળ્યા કે ભાઈ! તમારો છોકરો પડી ગયો, સખત વાગ્યું છે, રૂધિર ચાલ્યું જાય છે વિગેરે. આ શબ્દો સાંભળતાં આ જીવના ગભરાટનો પાર રહેતો નથી. ગમે તેવા કામમાં હશે તે સર્વ છોડી એક તરફ વૈદ્યોને બોલાવવા માણસો મોકલશે અને પોતે પણ તે જગોપર જવા ચાલવા માંડશે. રસ્તે કેટલી જાતના સંકલ્પવિકલ્પો

મનમાં થાય છે તે વાંચનાર સમજી શકશે. અડધે રસ્તે પહોંચતાં ખબર પડી કે એ તો બીજાનો છોકરો પડી ગયો છે. "હાશ! ઠીક થયું." આ ઉદ્‌ગાર નીકળી જશે. આ સર્વ શું બતાવે છે? જ્યાં સુધી પોતાના છોકરા તરફ અને પારકાના છોકરા તરફ આટલો ભેદ રહે છે ત્યાં સુધી સમભાવ પ્રાપ્ત થયો છે એમ કહેવાય નહિ. જ્યારે પોતાના અને પારકાના પુત્ર તરફ સરખો પ્રેમભાવ અથવા ઉદાસીનતા રહે (પણ પોતાના ઉપર પ્રેમ અને બીજાના ઉપર ધિક્કાર નહિ) ત્યારે સમતા પ્રાપ્ત થાય અને ત્યારેજ નિઃસંગતા પ્રાપ્ત થાય અને પછી છેવટે અજરામર સુખ પણ ત્યારેજ પ્રાપ્ત થાય.

જેમ પોતાના અને પારકા ઉપર સમભાવ રાખવાની આવશ્યકતા છે તેમજ સંપત્તિ અને વિપત્તિના પ્રસંગોએ પણ મનની સ્થિરતા જાળવી રાખે તોજ સમતા પ્રાપ્ત થઈ કહેવાય છે. આ વિષય પરત્વે અન્યત્ર બહુ લખાયું છે તેથી અત્ર વિસ્તાર કરવાની જરૂર રહેતી નથી. ૨૭૪.

સમતાના કારણરૂપ પદાર્થોનું સેવન કર.

तमेव सेवस्व गुरुं प्रयत्नादधीष्व शास्त्राण्यपि तानि विद्वन् ।
तदेव तत्त्वं परिभावयात्मन्, येभ्यो भवेत्साम्यसुधोपभोगः ॥५॥

"તેજ ગુરૂની પ્રયત્નથી સેવા કર, તેજ શાસ્ત્રોનો અભ્યાસ "કર અને હે આત્મન્! તેજ તત્ત્વનું તું ચિંતવન કર કે જેનાથી "તને સમતારૂપ અમૃતનો સ્વાદ આવે." ૫. ઉપજાતિ.

ભાવ–ગુરૂ મહારાજની સેવના કરવી ઠીક છે, પણ તેનો હેતુ શું? તેવીજ રીતે શાસ્ત્રાભ્યાસ કરવો એ પણ સારો છે અને તત્ત્વચિંતવન કરવું એ પણ સારૂં છે; પણ એ બધાં કારણ છે, એનું કાર્ય સમતાભાવની પ્રાપ્તિ જ છે. નહિ તો અભ્યાસ અભ્યાસમાંજ રહે છે અને સેવાથી ખાસ લાભ થતો નથી. એટલાજ માટે ઉમાસ્વાતિ વાચક મહારાજે પ્રશમરતિ પ્રકરણમાં કહ્યું છે કે[1]

---

૧ જુઓ શ્લોક પ્રશમરતિ.

दृढतामुपैति वैराग्यवासना येन येन भावेन ।
तस्मिन् तस्मिन्कार्यः कायमनोवाग्भिरभ्यासः ॥

જે જે ભાવથી વૈરાગ્યવાસના દૃઢ થાય, વૈરાગ્યભાવ પોષાય તે તે ભાવ ભાવવા માટે મન વચન કાયાથી અભ્યાસ કરવો.

સમતા સર્વસ્વ છે એ બતાવ્યું અને આ શ્લોકમાં તેને ઉત્પન્ન કરનાર અને જાળવી રાખનાર ભાવોને વિશેષ જાગૃત કરવાને અને અભ્યાસ કરવાને ઉપદેશ કરી સમતાભાવ સર્વદા બન્યો રહે એ ઉપદેશ આપ્યો.

તેજ ગુરૂની સેવા કરવી કે જ્યાંથી સમતાભાવ પોષાય, એ શબ્દથી એવો ધ્વનિ થયો કે જે ગુરૂ પાસે ભોજભજા ખાતર સાંસારિક વાતો ચાલતી હોય, ખટપટ ચાલતી હોય, કષાયની વૃદ્ધિ થતી હોય તેમની પાસે જવાનો પરિચય બહુ રાખવો નહિ.

શાસ્ત્રાભ્યાસમાં પણ બહુ ધ્યાન રાખવાની જરૂર છે. જે શાસ્ત્રો વિષય કષાયને વધારનારાં હોય, જેમાં આ સંસારમાં સર્વ પ્રકારનું પૌદ્ગલિક સુખ ભોગવી લેવાનો ઉપદેશ હોય, જેમાં પરજીવને પીડા ઉપજાવી પોતાને સુખ મેળવવાનું કથન હોય, એ સર્વ શાસ્ત્રો જોવાની ઇચ્છા કરવી નહિ. જે શાસ્ત્રો વાંચી સંસારસ્વરૂપ બરાબર સમજાય અને મન સમતા પામી જાય એનો જ અભ્યાસ કરવો. એવી જ રીતે તત્ત્વચિંતવન માટે પણ સમજી લેવું. ૨૭૫.

આ ગ્રંથ. સમતા રસની વાનકી.

समग्रसच्छास्त्रमहर्णवेभ्यः, समुद्धृतः साम्यसुधारसोऽयम् ।
निपीयतां हे विबुधा लभध्वमिहापि मुक्तेः सुखवर्णिकां यत् ॥ ६ ॥

"આ સમતા અમૃતનો રસ મોટા મોટા સમગ્ર શાસ્ત્ર સમુદ્રો-"માંથી ઉદ્ધર્યો છે. હે પંડિતજનો! તમે તે રસ પીઓ અને મોક્ષ-"સુખની વાનકી અહીં પણ મેળવો." ૬. ઇંદ્રવજ્રા

વિવેચન–સમતાવંતનું સ્વરૂપ બતાવતાં અનુભવી યોગી શ્રીમદ્ કપૂરચંદજી (ચિદાનંદજી) મહારાજ કહે છે કે:–

જે અરિ મિત્ત બરાબર જાનત, પારસ ઔર પાષાણ જ્યું હોઈ;
કંચન કિચ સમાન અહે જસ, નીચ નરેશમેં ભેદ ન કોઈ.
માન કહા અપમાન કહા મન, એસો વિચાર નહિ તસ હોઇ;
રાગ નહિ અરૂ રોસ નહિ ચિત્ત, ધન્ય અહે જગમેં જન સોઇ. ૧.
જ્ઞાની કહો જ્યું અજ્ઞાની કહો કોઇ, ધ્યાની કહો મનમાની જ્યું કોઇ;
જોગી કહો ભાવે ભોગી કહો કોઇ, જાકું જીસ્યો મન ભાવત હોઈ.
દોષી કહો . નિરદોષી કહો પિંડપોષી કહો કો ઔગુન જોઈ;
રાગ નહિ અરૂ રોસ નહિ જાકું, ધન્ય અહે જગમેં જન સોઇ. ૨.
સાધુ સુસંત મહંત કહો કોઈ, ભાવે કહો નિરગંથ પિયારે;
ચોર કહો ચાહે ઠોર કહો કોઈ, સેવ કરો કોઉ જાન દુલ્હારે.
વિનય કરો કોઉ ઉચ્ચે બેઠાવ જ્યું, દૂરથી દેખ કહો કોઉ જારે;
ધાર સદા સમભાવ ચિદાનંદ, લોક કહાવત સુનત નારે. ૩.

સમતાવંતનું આ લક્ષણ છે. સમતાને માટે છેવટે ઉપાધ્યાયજી કહે છે કે "ઉપશમ સાર છે પ્રવચને, સુજસ વચન એ પ્રમાણોરે."[1] સમતા એજ શાસ્ત્રનો સાર છે.

સંસારસુખમાં સુખ જેવું કાંઈ પણ નથી. ગમે તે કાર્યમાં સમતા હોય તોજ સુખ છે. તેથી શાસ્ત્રકાર કહે છે કે,

સમતાવિણ જે અનુસરે, પ્રાણી પુણ્યકામ.
છાર ઉપર તે લીપણું, જાંખર ચિત્રામ.

ધાર્મિક કાર્યોમાં સમતા હોય તોજ સુખ થાય છે. મોક્ષમાં પણ સમતાનુંજ સુખ છે. ત્યાં છોકરાઓના વેશવાળ કે માલની લેવડદેવડના સ્વાર્થ, દેખાવ કરવાનો બાહ્ય રંગ અને અંતરંગ કપટવૃત્તિ એવું કાંઈ હોતું નથી. સ્થિરતા એ સમતા છે અને મોક્ષમાં સ્થિરતા એજ ચારિત્ર છે. મોક્ષસુખમાં જે આનંદ છે તેની વાનકી અત્રે મેળવવી હોય તો સમતાપ્રાપ્તિથી તે મળે છે.

ગ્રંથકર્ત્તા મુનિસુંદરસૂરિ મહારાજે કેટલો વિચાર કરીને આ ગ્રંથ લખ્યો છે તે આ શ્લોકપરથી જણાય છે. અનેક શાસ્ત્રોનું દોહન કરી આ ગ્રંથ લખાયો છે. શાંતરસાત્મક ગ્રંથોનું દોહન કરી કાઢેલો રસ જ્યારે પીવામાં આવે છે ત્યારે મન ડોલે છે, અનિર્વચનીય

[1] અઢાર પાપસ્થાનકમાં છઠ્ઠા ક્રોધ પાપસ્થાનની સજ્ઝાય.

સુખનો અનુભવ કરે છે અને પ્રફુલ્લિત બને છે. એવી રીતે જ્યારે સમતારસનો અનુભવ કરે છે, રસાધિરાજનું સેવન કરે છે એટલે જ્યારે મમતા મૂકી સમતા આદરે છે ત્યારે ઉપર કહ્યું તેમ મોક્ષ-સુખની વાનકી આ મનુષ્યજન્મમાં પણ પ્રાપ્ત કરે છે. આધિ, વ્યાધિ, ઉપાધિનો ત્યાગ, કષાયનો વિરહ અને સ્વાત્મસંતોષ જ્યાં એકઠાં થાય ત્યાં પછી શું બાકી રહે?

પ્રિય વાંચક! જરા એક વાર અનુભવ કરજે. આ ગ્રંથ વાંચવાનું ફળ એજ છે. આત્મદર્શન કરવું હોય, દુઃખનો સર્વથા નાશ કરવો હોય તો આ ગ્રંથ દશ વીશ વાર વાંચજે, વિચારજે, સમજજે. ગ્રંથ-કારે જે વિચારો બતાવ્યા છે તે પુખ્ત વિચાર કર્યા પછી સિદ્ધ કરેલા વિચારોજ છે. પ્રથમ દૃષ્ટિએ સામાન્ય લાગતા વિષયો પણ અત્યંત ગંભીર છે. એ સુખનો અનુભવ થયા પછી તને એમાં અપ-રિમિત આનંદ આવશે, પછી ભલા મણ કરવાની જરૂર રહેશે નહિ. ૨૭૬.

કર્ત્તા. નામ. વિષય. પ્રયોજન.

शांतरसभावनात्मा, मुनिसुंदरसूरिभिः कृतो ग्रंथः ।
ब्रह्मस्पृहया ध्येयः, स्वपरहितोऽध्यात्मकल्पतरुरेषः ॥ ७ ॥

"શાંત રસ ભાવનાથી ભરપૂર અધ્યાત્મ જ્ઞાનના કલ્પવૃક્ષ "(અધ્યાત્મકલ્પદ્રુમ) ગ્રંથને શ્રી મુનિસુંદરસૂરિએ પોતાના અને "પરના હિતને માટે રચ્યો તેનું બ્રહ્મ (જ્ઞાન અને ક્રિયા) પ્રાપ્ત "કરવાની ઇચ્છાથી અધ્યયન કરવું." ૭. ગીતિ.

ભાવ–આ ગ્રંથના કર્ત્તા કોણ છે તેનું પ્રથમ સૂચવન કરવામાં આવ્યું છે. શ્રી સોમસુંદરસૂરિના શિષ્ય મુનિસુંદરસૂરિ મહારાજ આ ગ્રંથના કર્ત્તા છે. તેઓનું જે ચરિત્ર લભ્ય થયું છે તે ગ્રંથની શરૂઆતમાં આપ્યું છે. તેઓ સહસ્રાવધાની હોઈ અસાધારણ બુદ્ધિ-બળ ધરાવતા હતા. જનસમૂહપર અનેક ઉપકાર કરવામાં અહોનિશ તત્પર થયેલા તેઓ શાંતરસનો વરસાદ વરસાવતા હતા.

એ સૂરિ મહારાજે આ અધ્યાત્મકલ્પદ્રુમ ગ્રંથ બનાવ્યો છે, એ નામ કેટલે અંશે સાર્થક થાય છે તે આપણે ઉપોદ્ઘાતમાં જોઈ ગયા અને ગ્રંથનું અધ્યયન કરતાં એ વિષય સ્ફુટ થયો. આ શ્લોકમાં કર્ત્તાનું અને ગ્રંથનું નામ બતાવ્યું.

આ ગ્રંથનો વિષય શું છે તે પણ અત્ર બતાવ્યું છે. શાંતરસની ભાવનાવાળો આ ગ્રંથ છે. એ રસ હૃદયને કેટલું નિર્મળ કરે છે અને તેને શામાટે રસની વ્યાખ્યામાં મૂકવો જોઇએ, એટલુંજ નહિ પણ એને 'રસાધિરાજ' શામાટે કહેવામાં આવ્યો છે તે માટે આપણે ભૂમિકામાં નિરૂપણ કરેલું વિવેચન જોઈ ગયા.

ગ્રંથ કરવાનું પ્રયોજન શું છે તે પણ અત્ર સ્ફુટ થાય છે. બ્રહ્મ એટલે જ્ઞાન અને ક્રિયા અથવા પરમાત્મસ્વરૂપે પ્રગટ થયેલું શુદ્ધ આત્મસ્વરૂપ. મોક્ષની ઇચ્છાવાળા પ્રાણીઓએ તે પ્રાપ્ત કરવા અભ્યાસ કરવો. એ પ્રયોજન બતાવતાં અધિકારી કોણ છે એનું પણ સૂચવન કરવામાં આવ્યું છે.

ગ્રંથકર્ત્તા હમેશાં પરહિત કરવાની ઉચ્ચ વૃત્તિથીજ દોરાય છે, છતાં પરહિત પણ તત્ત્વથી આત્મહિતજ છે તેથી, તેમજ સમતા-રસ પ્રધાન જીવનવાળાનું એ પ્રથમ કર્તવ્ય છે તેથી સૂરિમહા-રાજે આ ગ્રંથ સ્વપરહિત સારૂ બનાવ્યો છે. એજ મહાત્માને પગલે ચાલી અને એને મળતી ઇચ્છાથી પ્રેરાઈ અત્ર કાંઈક વિવે-ચન કરવા પ્રયાસ કર્યો છે. એ કાર્યમાં કૃતેહ કેટલે દરજ્જે મળી છે તે જોવાનું કાર્ય લેખકનું નથી, પણ શુદ્ધ હૃદય રાખવાનું અને જણાયલા ભાવો કહેવાનું તેનું કર્તવ્ય છે. સૂરિ મહારાજે આ ગ્રંથની રચના કરવામાં પોતાની શક્તિ બહુ સારી રીતે વાપરી છે એમ અનુમાન થાય છે. (એને માટે જુઓ ઉપોદ્ઘાત). આ કલ્પવૃક્ષ છે, માગનાર ભૂલશે તો જુદી વાત છે, બાકી જે વસ્તુ માગવામાં આવશે તે કલ્પવૃક્ષ તો તુરતજ આપશે. ૨૭૭.

ઉપસંહાર.

इममिति मतिमानधीत्य, चित्ते रमयति यो विरमत्ययं भवाद्द्राक् ।
स च नियतमतो रमेत चास्मिन् सह भववैरिजयश्रिया शिवश्रीः॥८॥

"આ ગ્રંથનું જે બુદ્ધિમાન પુરૂષો અધ્યયન કરીને ચિત્તમાં "રમણ કરાવે તે પુરૂષ થોડા વખતમાં સંસારથી વિરક્ત થઈ જાય "અને સંસારરૂપ શત્રુના જયની લક્ષ્મીની સાથે મોક્ષલક્ષ્મીની "જરૂર ક્રીડા કરે." ૮. આર્યાગીતિ.[૧]

૧ ચારે પદમાં અનુક્રમે ૧૨–૨૦–૧૨–૨૦ માત્રા હોય છે.

ભાવ–આ ગ્રંથના અધ્યયન અને રમણ (નિદિધ્યાસન) પર અત્ર ધ્યાન ખેંચવામાં આવ્યું છે. જે પ્રાણી આ ગ્રંથનો અભ્યાસ કરી અનુભવની જાગૃતિ રાખે છે તે સર્વ વાંછિત પદાર્થોને પ્રાપ્ત કરી શકે છે. એકલો અભ્યાસ કામનો નથી. અભ્યાસનો સદુપયોગ અને દુરૂપયોગ બન્ને થાય છે. દુનિયામાં બરાબમાં બરાબ માણસ પણ અભ્યાસવાળાજ થાય છે, અને કેટલીકવાર યોગ્યતા વગર અધ્યાત્મનો ડોળ કરવાથી ઢોંગ પણ પ્રાપ્ત થાય છે. વસ્તુતત્ત્વે સાર એ છે કે જે અભ્યાસ કરી તે અભ્યાસને ચિત્તમાં ચોંટાડી દે છે, મન સાથે મેળવી નાખે છે અને ચિત્તમાં રમણ કરાવે છે તેજ ઇચ્છિત સુખો જરૂર મેળવી શકે છે. એક લોક (Locke) નામનો અંગ્રેજ વિદ્વાન થયો છે તે કહે છે કે પાંચ મિનિટ વાંચો અને તેનાપર પંદર મિનિટ વિચાર કરો. આવી રીતે જેને મનન કરવાની ટેવ પડશે તેજ પ્રાણી બરેબરો સાર શોધી શકશે. મનન કર્યા વગર આત્મજાગૃતિ થતી નથી, વાંચેલો વિષય અંતરંગમાં જરાપણ અસર કર્યા વગર ઉપર ઉપરથી ચાલ્યો જાય છે. મનનની ટેવ પડે છે ત્યારેજ વસ્તુરહસ્ય સમજાય છે; નહિ તો કુવાના કાંઠાપર બાંધેલો પથ્થર કોશના આખા દિવસના પાણીના મારા પછી પણ પાંચ મિનિટ પાણી પડવાનું બંધ થાય છે ત્યારે જેમ પાણી વગરનો કોરો થઈ જાય છે તેમ મનન વગરનો અભ્યાસ અંતરંગમાં ઉતરતોજ નથી.

એવી રીતે મનન કરવામાં આવે તો સંસારશત્રુની જયલક્ષ્મી અને મોક્ષલક્ષ્મી બન્ને બેનપણીઓ આ જીવને સાથે વરમાળા આરોપણ કરે. એ પ્રાપ્ત કરવાનીજ આપણી ઇચ્છા છે. જયશ્રિયા શબ્દથી ગ્રંથકર્ત્તાનું નામ ધ્વનિત થાય છે. ૨૭૮.

* * * * * * * *
* * * * * * * *

એવી રીતે સામ્યસર્વસ્વાધિકાર નામનો સોળમો અને છેલ્લો અધિકાર પૂર્ણ થયો. આમાં ગ્રંથના સર્વ વિષયનું દોહન કરી સાર બતાવવામાં આવ્યો છે. જે છે તે સમતામાંજ આવીને સમાય

છે. સમતાના સુખ પાસે ઇન્દ્ર અને ચક્રવર્તીનું સુખ પણ અલ્પ કહ્યું ત્યારે પછી એ સુખ ઉત્કૃષ્ટ છે એમાં જરાપણ સંદેહ જેવું નથી. વળી એ સમતાના પ્રભાવથી મોક્ષ આંગળીના ટેરવાપર આવી જાય છે. આથી વધારે શું કહી શકાય? સર્વ જીવ ઉપર સમભાવ રાખવો, સર્વ વસ્તુ ઉપર સમભાવ રાખવો, પૌદ્ગલિક વસ્તુપર રાગ દ્વેષ કરવા નહિ અને રાગદ્વેષ પૌદ્ગલિકજ છે એમ સમજવું, દોષવાન્ પ્રાણી ઉપર પણ કરૂણા રાખવી અને ગુણવંતને જોઈ અંતઃકરણમાં પ્રમોદ લાવવો અને પોતે ગુણ પ્રાપ્ત કરવાની શુદ્ધ ઇચ્છા રાખવી એજ આ જીવનનો મુખ્ય હેતુ છે, જીવન પ્રાપ્તિનું પરમ સાધ્યબિંદુ છે અને પ્રાપ્ત થયેલ જોગવાઇનો સદુપયોગ છે. એવા પ્રકારનું જીવન સમતામય જીવન કહેવાય છે. એની ગેરહાજરીમાં આ ભવ એક ફેરા સમાન સમજવો. અનાદિ સંસારની ઘટનામાં પચાસ સાઠ કે એંસી વરસ એ કાંઈ બહુ નથી. એટલા વખતમાં અનેક જાતનાં તોફાન કરી આખી દુનિયાને હચમચાવી મૂકવી અથવા અપ્રમાણિક આચરણ કરવાં અને પાપકર્મથી ભારે થઈ જવું એ વસ્તુસ્વરૂપનું અજ્ઞાન, જડતા અને એકાંત મૂર્ખાઈ છે. અનંત શક્તિવાળો આ આત્મા શુભ પ્રવૃત્તિથી ધારે તો આજથી નવ વરસમાં મોક્ષ પ્રાપ્ત કરી શકે. આ જીવ નિર્નિમિત્ત અનેક દુઃખો સહન કરે છે, તે સર્વનો હેતુ અને કારણ સમજી મૂળ વિષયપર આવી જવું અને ત્રીજા શ્લોકમાં કહ્યું છે કે મમતા સર્વ દુઃખોનું મૂળ છે અને સમતા સર્વ સુખોનું મૂળ છે એ સારી રીતે સમજવું. એટલા માટે ક્રોધાગ્નિને શમ જળથી શમાવવો, વિવેક વજ્રથી માન પર્વતનો છેદ કરવો, સરલતા ઔષધિથી માયા શલ્યનું નિવારણ કરવું અને સંતોષરૂપ જાંગુલિમંત્રથી લોભ ભુજંગમને વશ કરવો. એ કષાયોપર જય કરવો અને વિષયોને તજી દેવા, એ સમતાપ્રાપ્તિનો ઉપાય છે. એ સમતા સમકિતદૃષ્ટિ તત્ત્વજિજ્ઞાસુને મન સર્વસ્વ છે, એની ખાતર ચિંતામણિ રત્ન કે કામધેનુનો ભોગ આપવો પડે તોપણ તેને કાંઈ લાગતું નથી.

આવી રીતે મુનિસુંદરસૂરિ મહારાજે રચેલ શ્રી અધ્યાત્મકલ્પદ્રુમ ગ્રંથ અત્ર પૂર્ણ થાય છે. એમાં સમતાનો વિષય મુખ્ય છે.

એની પુષ્ટિમાં અનેક ઉપયોગી વિષયોપર પ્રસંગે વર્ણન કર્યું છે. એ ગ્રંથ કેટલો ઉપયોગી થયો છે તે સંબંધી વિશેષ હકીકત વિવેચનમાં દરેક પ્રસંગે કહી છે અને કાંઈક હકીકત ઉપોદ્‌ઘાતમાં પણ બતાવી છે. એ ગ્રંથ વાંચી સમતારસ પ્રાપ્ત કરી, જીવનમાં ધાર્મિક તન્મયતા લગાવી, અખંડ સમાધિસુખ અનુભવી અવિચ્છિન્ન સાદિ અનંત સુખ પ્રાપ્ત કરો એવી આ લેખકની અંતઃકરણની પ્રાર્થના અને ઇચ્છા છે.

इति सविवरणः साम्यसर्वस्वनामा षोडशोऽधिकारः

श्रीशांतरसभावनास्वरूपोऽध्यात्मकल्पद्रुमो ग्रंथो

जयश्रृंयकः श्रीमुनिसुंदरसूरिभिः कृतः

सविवरणः समाप्तः। इति शम्.

શ્રી અધ્યાત્મ કલ્પદ્રુમ ગ્રંથ મૂળ શ્લોકોની ભાષામાં ચોપાઈ.*

પરમ પુરુષ પરમેસર રૂપ, આદિ પુરુષ નઉ અકલ સરૂપ;
સામી અસરણ સરણ કહાય, સકલ સુરાસુર સેવે પાય. ॥
પ્રણમી તાસ ચરણ અરવિંદ, ખરતર ગચ્છપતિ શ્રી જિણચંદ;
સંભારી શ્રી સદ્‌ગુરુ નામ, ભાષા લિખું સંસ્કૃત ઠામ. ॥
અધ્યાતમ કલ્પદ્રુમ લહ્યઉ, શ્રી મુનિસુંદરસૂરે કહ્યઉ;
પરમારથ ઉપદેશન કરી, નવમ શાંતરસપતિ અણુસરી. ॥
અંતર અરિ જીપી જયસિરી, શાંતરસે શ્રી વીરે વરી;
નિરવૃત્તિકારી તે પરિણામ, ચરમ કરણમાં આવ્યા તામ. ૧
સકલ મંગલનિધિરૂપી હિયે, આવ્યે નિરૂપમ સુખ પામીયે;
શિવસુખ તરત લહીજે જિણે, ભાવઉ ભવિક શાંતરસ તિણે. ૨
સમતામાંહિ રહે લયલીન[૧], ન રહે સ્ત્રી[૨] સુત[૩] ધન[૪] અધીન;
દેહી મમત[૫] ને વિષય[૬] કષાય[૭], ન કરે રહે શ્રુતહ[૮] ચિત લહાય[૯]. ૩
વૈરાગી[૧૦] વળી શુદ્ધ[૧૧] ધ્રમ દેવ,ગુરુ ધ્રમ જાણ[૧૨] કરે વ્રત સેવ[૧૩];
સંવરરૂપી[૧૪] શુભ ચલગતી,[૧૫] સેવે સમતારસ શિવમતી[૧૬]. ૪
એહ કહ્યા સોળહ અધિકાર, સંગ્રહ એણે શાસ્ત્ર મઝાર;
પહિલું તિહાં સમતા ઉપદેશ, વચન કરી ભાખું લવલેશ. ॥

સામ્યોપદેશ કથન.

ચિત્તખાલ મત મૂંકિ તું, ભાવન બીજ અનૂપ;
જિણ તુજને દુરધ્યાન સુર, ન છલઈ છલના રૂપ. ૫

સદ્દશતા કથન.

જે સગલું ઇંદ્રિય સુખ થાય, નર સુર ઇંદ્ર તણુઇ સુખ માય;
બિંદુપરે સમતા પુરેસરે, તે જાણી આદર ચિત ધરે. ૬

* આ ચોપાઇનું પુસ્તક રા. રા. કેશવલાલ પ્રેમચંદ તરફથી અમદાવાદ ડહેલાના ભંડારમાંથી મળી આવ્યું છે પરંતુ તે બહુ મોડું મળ્યું તેથી પછવાડે દાખલ કર્યું છે. વાંચનારની સગવડ માટે દરેક શ્લોકના વિવેચનને અંતે જે ચાલુ નંબર મૂક્યો છે તેજ નંબર ચોપાઇને પણ આપ્યો છે. આથી સંસ્કૃત શ્લોક સાથે મુકાબલો કરવામાં બહુ સગવડ થવા સંભવ છે.

સમતાશ્રય ફળ કથન.

અદ્દીઠ વિવિધ કરમ પરકાર, જાણી સહુજન વચન વિકાર;
પરણતિ રાખી ઉદાસ ભાવ, મુનિ આસરે અદુઃખ સુખદાવ. ૭

સમતાશ્રય સુખ કથન.

સરવ જંતુ ઉપરિ ક્ષણ એક, જઉ મન મૈત્રી આણે છેક;
તે સુખ પરમરૂપ ભોગવે, જે ઇહ પરભવ ન થયો કબે. ૮

સમતાશ્રિત જીવ લક્ષણ કથન.

જેહ નઇ મિત્ર ન શત્રુ ન કોઇ, નિજપર ભાવ ન હોવે સોઇ;
ઇંદ્રિયાર્થ ન રમે ચિત્ત જાસ, યોગી મુક્ત કષાયા વાસ. ૯

સમતા કારણ કથન.

મૈત્રી કરી જીઉ જગજંતસું, પ્રમોદ ધરિ જીવ ગુણવંતસું;
કરુણા ભવપીડિત જનસંગ, નિરગુણ પરિ ધરિ ઉદાસ રંગ. ૧૦

મૈત્ર્યાદિ સ્વરૂપ કથન.

મૈત્રી પરહિતચિંતા જેહ, પરદુખવારણ કરુણા તેહ;
પ્રમોદ પરસુખ સંતોષસું, ઉપેક્ષા તે મધ્યગ દોષસું. ૧૨

મૈત્રી લક્ષણ કથન.

ધરિવું જે મ કરઉ કો પાપ, વળી ન લહઉ કોઇ દુખતાપ;
મુંકાવો ભવથી જગજંત, મતિ એ મૈત્રી કહિયે તંત. ૧૩

પ્રમોદ લક્ષણ કથન.

સકલ દોષના ફેડણહાર, વસ્તુ તત્વના દેખણહાર;
ગુણવંતનું એ કરિઉં પક્ષ, જીઉ તું લહિ તે મુદિતા લક્ષ. ૧૪

કરુણા લક્ષણ.

દીન હીન દુખિયા ભયભીત, યાચમાન જીવિત નિજ ચીત;
તસ ઉપકાર તણી જે બુદ્ધિ, લહિ તે જીઉ તું કરુણા શુદ્ધિ. ૧૫

મધ્યસ્થા લક્ષણ.

જોવું ક્રૂર કર્મ તેહવું, વળી સુર ગુરુ નિંદા જેહવું;
નિજ પરસંસક ઉપરિ તિમઇ, લહિ જીઉ તે મધ્યસ્થાઇ મઇ. ૧૬

૧ ૧૧ મા શ્લોકની ચોપાઇ લખી નથી તેથી તે સંખ્યા પડી રહે છે.

સમતા સુખ કથન.

સકલ ચેતનાચેતન વિષે, સ્પર્શ, રૂપ, રવ, ગંધ, રસ લખે;
સામ્યભાવ જોઇસ જો ચિત્ત, તો તુઝ કરગત શિવસુખ તત્ત. ૧૭

આતમ મદ્દવારણ કથન.

સ્યાં ગુણ તુઝ જિણ વાંછે સ્તુતિ, સ્યું કરતઉ મદ્દભર અદ્દભૂતિ;
નરકભીતિ કિણ સુકૃતે ગઇ, સ્યું જીતૂં યમ તેં મન જઇ. ૧૮

વેત્તૃત્વપણ કથન.

ગુણ લેવઇ જે ગુણિયલ તણુઇ, પરનિંદા આતમને ભણે;
મન સમભાવે રાખે વળી, બીજે વ્યત્યયે વેત્તા રળી. ૧૯

યથાર્થવેત્તા કથન.

નવિ જાણે શત્રુ નઇ મિત્ર, નૈવ હિતાહિત નિજપર ચિત્ત;
સુખ વાંછે જીઉ કરઇ દુઃખદ્વેષ, ઇષ્ટ લહિસિ કિમ નિયાણુ હરેષ. ૨૦

વેત્તાફળ કથન.

સુકૃત જાણી સર્વ પરિણામ, રમણીયે રહે ચિરથિતિ ઠામ;
અન્ય ભવે તુ અનંત સુખ લહઇ, તઉ કિમ વ્રતથી નાઠઉ વહઇ. ૨૧

સ્વપર વિભાગ કથન.

નિજપર કીધું જેહ વિભાગ, રાગાદિકે તેહજ અરિલાગ;
ચઉગતિ દુઃખ કારણથી તનઇ, જાણઇ નહી અરિકૃત્રિમ મને. ૨૨

વસ્તુ અનિત્યે સામ્ય કથન.

અનાદિ આતમ નિજપર આદિ, કોનઇ પિણ નહી ભાવ અનાદિ;
રિપુ મિત્ર વલિ થિર નહી દેહ, તઉ સરિખું ન લહે કિમ એહ. ૨૩

અનિત્ય દૃઢાવ કથન.

પંડિતને તતથી લેપ નહી, માતપિતા સુત સ્ત્રી સુખ ગહી;
ન હુવે સુખકર લેપથી અન્ન, ગત આકાર સકલગત તન્ન. ૨૪

સામ્યે અલ્પતા કથન.

કામી હુવે સહુ સંજ્ઞાવંત, ધની મનુષ કે કર્મી તંત;
ધર્મી કે જૈની કે યતી, શિવવંછક કે એ શિવમતી. ૨૫

સર્વ સ્વારથ કથન.

નેહી તિતલઈ નિજનિજ વિષઈ, પોતીકો સ્વારથ જ્યાં લખઈ;
જોઈ એહવી સ્વારથ રીતિ, એ ઉપરિ કુણ રાખે પ્રીતિ. ૨૬

રાગદ્વેષ નિષ્ફલતા.

પામ્યું સ્વપન ઇંદ્રજાલાદિકઈ, જે રતિ અરતિ નિફલએ થકઈ;
તિણુપરિ લખિ એ સકુ ભવ વિષઈ, ચીંતવવું આતમને સખેં. ૨૭

શ્લોકૈઃ પરવશ કથન.

એ મુજ માતપિતા એ મુજ, સજ્જન બંધવ એહ અણુજ;
એ ધન ઉપરિ મમતા રહઈ, નિજ યમવશતા કાં નવિ લહઈ. ૨૮
ન ધન ન પરિજન સજ્જન ન કોઈ, પરિચિત મંત્ર ન દેવ ન સોઈ;
યમથી કોઈ ન રાખઈ તુજ, જાણી મૂઢ હિવે તો બુજ. ૨૯

ધને મૂઢતા કથન.

તેણે જો ભવસુખ ન ગહે, સાધનરૂપ ધનાદિક વહે;
મુંઝે વિષયવિકારે મને, પ્રીતિ ન ચાહે સમતત્તને. ૩૦

શત્રુ કુટુંબપણુ બોધ.

કરે કષાય મલિન સ્યું ચિત્ત, કો ઉપરિ અરિબુદ્ધે અત્ત;
તે તુજ માતપિતાદિકપણે, ઇષ્ટ થયાં બહુ ભવભરમણે. ૩૧

કુટુંબે શત્રુબોધ.

જ્યાં શોચે કિહાં ગયાં મુજ એહ, નેહાલુ આતમહ સનેહ;
તિણે હણ્યો તુંહિજ પૂરવઈ, હણણુહણાવણ તે ભવભવઈ. ૩૨

અસમર્થ કથન.

ન શકે તું રાખી તેહને, તે પિણ રાખણ તુજ દેહને;
નિફલ મમત કરે સ્યું એસું, પગ પગ મૂરખ સ્યું ચિંતેસું. ૩૩

રાગદ્વેષ નિરાસ કથન.

સચેતની પુદ્ગલીયા જીવ, અન્ય પદારથ અણુગ સદીવ;
ધરે અનંત પરિણામ સભાવ, તહાં કુણ રાગદ્વેષનો દાવ. ૩૪

સમતામાંહિ મગનપણે, એહ રચ્યઉ અધિકાર;
હિવ અનુક્રમિ બીજે લિખું, લલના મુગતા ચાર. ॥

ઇતિ પ્રથમઃ સમતાધિકારઃ

મોહે સ્યું સ્ત્રીજન ઉપરઈ, પુણ્યાતમ પ્રીતે રતિ ધરૈ;
ન લખે કાં પડતાં ભવદધઇ, સ્ત્રી તે શુદ્ધ શિલા ગલ બધઈ. ૩૫
ચરમ અસથિ મજ્જ આંતર વસા, અસ્થિ માંસ અમેધ્યાદિક કસા;
અશુચિ પિંડગત સ્ત્રી આકાર, દેખી રમે સ્યું આતમસાર. ૩૬
દેખિ દૂરસ્થ અમેધ્ય અલપ્પ, સૂગ કરે તું નાસાકલપ્પ;
તિણે ભરઇ સ્ત્રી ડીલે મૂઢ, સ્યું અભિલાષ કરે અવગૂઢ. ૩૭
માંસ અસ્ત્ર અમેધ્યે ભરી, સ્ત્રી દેહી દેખે સ્યે કરી;
ઇહ ભવ સુત ધન ચિંતા તાપ, થાયે પરભવ દુરગતિ પાપ. ૩૮
મુંઝે સ્યું દેખી સ્ત્રીઅંગ, ચિત્ત પ્રસન્ને પેસ નિસંગ;
લખ ક્ષણ વિરમ અશુચિ એ ગાત, કરતો શૌચ અશૌચ હુ ઘાત. ૩૯
મોહાયે સ્યું સ્ત્રી મુખનેત્ર, દેખી અંગોપાંગ વિચિત્ર;
દેખે નહીં નરકગતિ રૂપ, મોહ તે મહા કદર્થન રૂપ. ૪૦
અમેધ્ય ભઠ્ઠી નઈ બહુરંધ, નીકલતા મલ કૃમિચય બંધ;
માયિણ ચપલ કુડકોથળી, દુરગતિણી સુગતે સ્યું રળી. ૪૧
જેહ નિભૂંઈ વિષકંદલી, અદરી વાઘિણિ નિનમી વળી;
વ્યાધિ અકારણ મૃત્યુ એ કરે, અણુવાદલી વજ્રાશનિ પરે. ॥
સાહસ બંધુ સનેહ વિઘાત, મૃષા પ્રમુખ સંતાપહ ઘાત;
ઇણ પરિ એ પ્રતખ રાક્ષસી, સુણી ભવિયણ દૂરે રહ્યઉ વસી. ૪૨
અસ્ત્રી વિરમણ રૂપ એ, લિખ્યુ દુતીય અધિકાર;
તીજે સુત મમતા રહિત, જાણો હૃદય મઝાર. ॥

ઇતિ દ્વિતીયઃ સ્ત્રીમમત્વમોચનાધિકારઃ

જીવ મ કુધસુ સુતાસુત દેખ, હરખે આકુલ ચિત્ત વિશેષ;
મોહે નરકબંદિ મેલવા, મેલ્યા એહ નિગડના લવા. ૪૩
આભવ જીવ ભવાંતર તિમી, ન લખે શાલ મુકયા જે ઇમી;
દ્વેષે કરી ચલાચલ પીડ, હણે સદા તમ સમાધિ કીડ. ૪૪
કૃમિ વિચિત્ર સ્ત્રી કુખે હવે, અસ્રક્ સુકર ધાતુ પ્રભવે;
ઇંપતિ રાગ દ્વેષ તે વિષે, ન હુવે તો સ્યો સુત પરમુખે. ૪૫

આપદ રાખણ સમરથ નહી, સુત સંબંધ પિતાદિક મહી;
ઉપકારે દીસે સંદેહ, સુતપર નેહ મકરિ જીઉં એહ. ૪૬

સુતમમતામોચન પ્રગટ, એહ તૃતીય અધિકાર;
ધનની મમતા મુકવા, ચોથો સુણિ અધિકાર. ॥

ઇતિ તૃતીયઃ પુત્રમમત્વમોચનાધિકારઃ

સુખબુદ્ધે લખમી મેલતો, રહે જીઉ તું મમતા છતો;
અધિકારી એ પાપહુ વેત, સંસારે નાખે તું ચેત. ૪૭
લછમી એ દુસમણ ભોગ હવે, ઉદર સરપ ગતિ વળિ હવે;
મરણાપદ રાખે નહી કિમી, રાખે સ્યું જિઉ મોહ એહ મઈ. ૪૮
મમતા માત્ર હુવે મનસુખ, ધન અલપ કાલે તો લખ;
આરંભાદિકથી અતિ દુઃખ, દુરગતિરૂપી દારૂણ રૂખ. ૪૯
આતમસાધન એ છે દ્રવ્ય, ધર્મ થવે પિણ નહી અતિ ભવ્ય;
પુણ્યાતમ નિઃસંગહ યોગ, તદ્ભવ મુક્તિ સ્ત્રી હુવે ભોગ. ૫૦
ક્ષેત્ર વસ્તુ ધન ધાન્યહ તેહ, મેલી રાખે પ્રાણી જેહ;
કલેશ પાપ નરકગતિ હવે, ગુણ નહી કોઇ ધરમને ઠવે. ૫૧
બૂડે આરંભે ભવમાંહ, રાજા પ્રમુખ છલે વળિ તાંહ;
ચિંતાકારક ને ભ્રમ હરે, પરિગ્રહ છંડવઇ કારજ સરે. ૫૨
વાવે નહી જો ધન શુભ ખેત, જાવું પરભવ સ્યું તે લેત;
તેહ ઉપાજર્યું કરી અતિ પાપ, જીઉ કિમ તો જાયે દુઃખતાપ. ૫૩

પરિગ્રહ મમતા મુગત એ, ચઉથું ઇહાં અધિકાર;
હિવ અનુક્રમિ પંચમ લિખું, દેહ મમત પરિહાર. ॥

ઇતિ ચતુર્થો ધનમમત્વમોચનાધિકારઃ

પાપ ચિંતવે પોષે દેહ, કિમ તુજ થશે સહાયી તેહ;
ઇમ જો ઉત્તર સુખ ચીંતવે, એ જગવંચે ધૂરત રવે. ૫૪
કારાગાર થકી નીસરે, જડ પિણ ભેદી નઈ બહુ પરે;
પડ્યું અધિક તેથી તનુ બંદિ, જીઉ ક્રમયતન કરે સ્યે છંદ. ૫૫
જો પરભવ દુઃખ વંછે ચિત્ત, તો ન કરે કિમ પુણ્ય પવિત્ર;
રાખી ન સકે ભવભય કોઈ, પુણ્ય વિના જઉ વજ્રિ હોઇ. ૫૬
કરે પાપ મુંઝી ઇણ દેહ, ભવ દુઃખ જાલ ન જાણે જેહ;
અગનિ લોહાશ્રય સહે ઘન સહી, વ્યોમ અનાશ્રય બાધા નહીં. ૫૭

કાયનામ અનુચર એ દુષ્ટ, કર્મ ગુણે બાંધી તુજ પુષ્ટ;
છલનું દેઇ સંયમ લાંછ, જિણ તુજ જીવ ન આવે આંછ. ૫૮
શુચિપણું અશુચિપણું લહે જિહાં, કૃમિ જાલે આકુળ વપુ ઇહાં;
તરત ભસ્મભાવીથી જીવ, લે નહીં કાં આતમહિત નીવ. ૫૯
તપ જપ સંયમ પરઉપકાર, દેહે એ ફલ લ્યે નહી સાર;
બહુ ભાટકે અલપ દિનગેહ, મૂરખ તૂં સ્યું તિહાં ફલ લેહ. ૬૦
માટીરૂપ ઇણે વિણસતે, નિદ્રાવંત રોગઘર છતે;
દેહે આતમ હિત જો નહી, મૂરખ યતન કરે સ્યો તહીં. ૬૧

દેહ મમત રહિત ઇહાં, એ પંચમ અધિકાર;
વિષય પ્રમાદ નિવારવા, સુણિ વળી વિકથા વાર. ॥

ઇતિ પંચમો દેહમમત્વમોચનાધિકારઃ

તુચ્છ સુખદાયક ઇંદ્રિય વિષે, સ્યું મુંઝે આતમ ઇણ વિષે;
મેલ્હે એ ભવભયવનમાંહ, જીઉ નઇ સુલભ નહી શિવ તાંહ. ૬૨
પડતે શુભ પરિણતિ અતિ અસુભ, રચ્યો વિષય સુખમાં સ્યું મુગ્ધ;
જડ પિણ રહે હિતાહિત લખી, ન લખે તૂં કાં પંડિત પખી. ૬૩
ઇંદ્રિય સુખ તે તો જિમ બિંદ, અતીંદ્રિય સુખ તે શિવ ગતિ કંદ;
પંડિત દુકું(?) પરસ્પર દેખી, આણે દૃષ્ટિ એક પરિશેષ. ૬૪
દેહી નરક દુઃખ કિમ ભોગવે, શાસ્ત્ર સુણી ને લહિ જીઉ હવે;
જેહ નિવર્ત્યો તૃષ્ણા વિષે, સુણી પાપભય સગલા લખે. ૬૫
નરક વેદના ને ગર્ભવાસ, દેખીને શ્રુતલોચન ભાસ;
મન ન લગે જ્યું વિષય કષાય, તો પંડિત વળી ચીતવિ તાય. ૬૬
જિમ પશુને વળી જિમ ચોરને, વધ કરતાં મૃતિ હુવે થિર મને;
હલકે હલકે તિમ સરવને, તો સ્યું આતમ વિષયાજને. ૬૭
બીહે જીઉ જો દુઃખની રાશ, મન વશ ઇંદ્રિય વિષયાવાસ;
ઇંદ્રિય સુખ તે નાશે તુરત, તસ નાસ્યે નિશ્ચય દુઃખ ઝત. ૬૮
યમ સ્યું મુયો દુરામય ગયા, નરક જડાણા સ્યું કાં થયા;
સ્યું નિશ્ચલ આયુસ ધન દેહ, કૌતુક વિષયે મુંઝયો જેહ. ૬૯
મુંઝે સ્યું જીઉ વિષય પ્રમાદ, ભ્રમગત સુખ ઉત્તર દુઃખખાદ;
સુખ જે ઇંદ્રિય લિપ્સા મુક્ત, નિરૂપમને આયતિ શિવ યુક્ત. ૭૦

વિષય પ્રમાદ નિવારવા, એ છઠ્ઠો અધિકાર;
જિણ કષાય ઉપજે નહીં, સો સુણિ સપ્તમસાર. ॥

ઇતિ ષષ્ઠો વિષયપ્રમાદત્યાગાધિકારઃ

સહી સહીસ જીવ પીડા ઘણી, દ્વેષ વશે નરકાદિક તણી;
સ્યું તું મુગ્ધ કહ્યે કુવચને, ક્રોધે નિજ સુકૃતધન હને. ૭૧
માનહીન વચને જો માન, ન હુવે તો તપ આખે માન;
કુવચન માને હુવે તપનાસ, દુઃખ લહે આતમ નરકાવાસ. ૭૨
વૈરાદિકનો લાભાલાભ, આતમ જાણો આ ભવગાભ;
માન રાખ ભાવે તપ રાખ, નિહચે ઇહાં દુહું ગતિ સાખ. ૭૩
સુણિ કુવચન જે હરષિત થાય, પાહણ કે જસ રોમ હરખાય;
જે મરણાંતે ન ધરે દોષ, જીઉ જાણે એ શિવગતિ પોષ. ૭૪
સ્યું ગુણ તુઝ કષાયે કદા, કીધું છે જિણ સેવઇ સદા;
સ્યું દેખે નહિ એહનું દોસ, તાપ ઇહાં પરભવ દુખકોસ. ૭૫
સ્યું તુજ સુખ કષાયે કર્યો, કષાયનાસથી સ્યું સુખ ઘિટયો;
એ બેમાં ઉતર ફલદેણ, જાણી જીઉ ભજ તે અભેણ. ૭૬
તપપ્રવૃત્તિ તો જીઉ સુખસાધ્ય, જિમ તિમ માનમુગતિ સુ અબાધ્ય;
પહિલી પ્રવૃત્તિ ન દ્યે સુખ કઈ, બાહુબલિને બીજે શિવ દઈ. ૭૭
વિચાર કરી ઇમ તજવું માન, દુર્લભ તપ રાખવું નિદાન;
પંડિત હરખે મન ધરિ ક્ષમા, માન મત્સર હ્વે મૂરખ ગમા. ૭૮
થોડે પરાભવ પિણ તું કુપે, પાપ ચીંતવઈ નિજ ગુણ લુપે;
ન લખે નરક તિરશ્ચી ગતિ, વારવાર થાસ્યે દુઃખતતિ. ૭૯
ધરે પુણ્યાતમ અપકારિયે, ક્રોધ તેહ ધરિ અરિષટકીયે;
તે ભવબાહિજ દૃષ્ટિ પીડ, અંતર અરિને ભવ ભવ ઇડ. ૮૦
ભણે ક્રિયા તપ શમમાં રહે, માયા સહિત ધરમ નઈ કહે;
ન લહે તે ફલ આતમ દેહ, કિલેસ રૂપ ભવાંતર છેહ. ૮૧
વહે લોભ આતમ સુખ ભણી, સેવા લ્યે જ્ઞાનાદિક તણી;
દુખ લેવા નઈ ઇહ પરવહે, વાંછા તઉ ધરિ દુહું પરિગ્રહે. ૮૨
કરીસ જઉ પરભવ હિત કાંઈ, કાંઇક કરિ સુકૃત કિહિ ઠાંઇ;
વળી તે મદ મત્સરેં ન હાર, માનાદિકે નરકગતિ ધાર. ૮૩

પહિલે પાપ સંસારે પડ્યો, હવે કિસું ગુણિયલ મદ જડ્યો;
નવિ જાણે સ્યું ભવજલ નિધે, પાડે યંત્રી સાંકલ મધે. ૮૪
કષ્ટે તુજ ધરમલવ મિલ્યો, યુગપત જાઇ કષાયે ભિલ્યો;
અતિયત્ને સુ લહ્યું ધન લેસુ, મૂરખ કિમ હારે પુંકેસુ. ૮૫
મિત્ર તેહ શત્રુ હવે તરત, ધરમ મલિન યશ અપયશ ઝત;
ન ધરે નેહ બંધવ માબાપ, ઇહ પરભવસુ કષાયે તાપ. ૮૬
રૂપ લાભ કુલ વિક્રમપણે, વિદ્યા તપ દત પ્રભુતા ભણે;
સું મદ વહે ન જાણે મૂઢ, તે અનંત નિજલાઘવ વૂઢ. ૮૭
વિણ કષાય ન વધે ભવરાશ, ભવ ભવમાંહે એ મહા પાસ;
એ કષાય ભવતરુના મૂલ, તે છંડ્યા આતમ શિવતૂલ. ૮૮
દેખી નરક તિર્યંગ વેદના, શ્રુત નજરે ધ્રમ દુર્લભ મના;
કૌતુક તે હરખે જે વિષે, વિફલ ચેતન એ જીઉ નવિ લખે. ૮૯
ચોરે તિમ રાજન અનુચરે, દુષ્ટ પ્રમાદ તુજ ગુણધન હરે;
ન લખે કાં લુંટાતું ફરે, * * * * (?) ૯૦
મૃત્યુથકી રાખ્યો નહીં કોઇ, રોગભીતિ ન ગમાડી જોઇ;
ન કર્યો સુખિયો ધરમે જગત્, તો સ્યો ગુણમદ પ્રભુતા કરત. ૯૧

કર્યો કષાય નિવારવા, એ સપ્તમ અધિકાર;
શાસ્ત્રહ આગમ આસરી, ઉપદેશ વેહવાર. ॥

ઇતિ સપ્તમઃ કષાયનિગ્રહાધિકારઃ

વહે હિયે તુજ સિલા સમાન, આગમ રસ નવિ પેસે કાંન;
જે ઇહ નવી જીવદયાલીન, થયો નહી ધ્રમ ભુવન અધીન. ૯૨
જસ પ્રમાદ ન ગયો આગમે, સુણવે કિમ તે શિવસુખ પમે;
રસાયને ન ગયાં જસ રોગ, નિહુચે દુર્લભ જીવિત ભોગ. ૯૩
ભણણુહારનો આગમ વૃથા, મૂકી નહીં પ્રમાદહ કથા;
પડતા દીપક માંહિ પતંગ, આખ્યાનો તિંહાં સ્યો ગુણતંગ ૯૪
હરખે તરક વાદ જય કેઇ, કવ્યાદિક રચનાયે કેઇ;
જ્યોતિષ નિમિત્ત શાસ્ત્ર બહુ પરે, તે સહુ મૂરખ જડગુણ ધરે ૯૫
હરખે સ્યું પંડિતને નામ, ક્ષયોપશમ જનરંજક પામ;
કાંઇક ભણ એહવું જિણ થાય, જીઉ તાહરૂં વાધે ગુણમાય. ૯૬

ધિગ ભણુવે જિણ રંજે લોક, ન ધરે પરહિત સંયમ થોક;
નિકેવલ ઉદરંભર થયેા, ભણુવેા ગયેા સંયમ વળી ગયેા. ૯૭
ધન તે ન ભણ્યા પિણ શુભકૃત્ય, શુદ્ધાશય શુદ્ધ વચનાધિત્ય;
જે આગમપાઠી આલસૂ, ઇંહ પરહિત ન કરે કમવસૂ. ૯૮
ધન તે મુગધ કથિત જિનમાગ, રાગે લ્યે સંયમ મહાભાગ;
સ્યું ભણીયે વ્યસની કલેસિયે, જે દુક્રિય પરમાદી થિયે. ૯૯
અક્રિય ભણુવે ફલ નહિ તંત, સુખને વાંછે જીઉં ભવપ્રત;
ક્રિયા સહિત ન ભણે ફલ તેમ, ખર ન લહે ચંદન શ્રમ જેમ. ૧૦૦

*આગમ ઉપદેશે કરી, ભાખ્યું એ અધિકાર;
હિવ ચૌગતિ ઉપદેશ ગત, લિખું નવમ અધિકાર.

મૃત્યુ હુવે જસ અણુ દુરગંધ, સાગર પિણ ખૂટે અનુબંધ;
કઠિન ફરસ કરવતથી ઘણેા, દુઃખ અનંત શીત તપ તણેા. ૧૦૧
દેવતા કૃત તીવર વેદના, કંદ પુકાર નિરંતર ઘના;
ભાવિ નરકે ન ગિહે કાંઈ, કુમતી જે હરખે વિષયાંઈ. ૧૦૨
બંધ વહન તાડન છે સદા, ભુખ તૃષા દુષ્ટત્રણ કદા;
શીતતાપ નિજ પર ભય બહુ, તિર્યંગ ગતિ દારૂણ દુખ સહુ. ૧૦૩
વૃથા દાસપણ અભિભવ દોષ, ગર્ભસ્થિતિ દુર્ગતિ ભય પોષ;
એહવા દેવગતે પિણ અસુખ, સુખ તે પિણ પરણામે દુઃખ. ૧૦૪
ઇષ્ટવિરહ અભિભવ ભય સાત, રોગ શોગ દુખ દે નિજ જાત;
નિહચે એહ મનુષગતિ વિરસ, ચિદાનંદ ગુણ સધીય સરસ. ૧૦૫
એ ચૌ ગતિ દુખિણી જિય જાણી, અનંતકાળનેા અતિ ભય આણી;
જિન પ્રવચન ભાવી નિજ હીયે, કરી તિમ જિમ એ તુજ નવિ લિયે. ૧૦૬
આતમ છે તું અતિ સાહસી, સુણિ ભાવી ચઉગતિ દુખ કસી;
દેખી પિણ ન બીહે બહુ પરે, તસ વિચ્છેદ ઉદ્યમ નવિ કરે. ૧૦૭

ઇતિ અષ્ટમેા ચતુર્ગત્યાશ્રિત્યેાપદેશાન્તરગતઃ શાસ્ત્રગુણાજ્ઞાધિકારઃ

કુકરમ જાલે ગુણ કુવિલપ, તુજ બાંધી નરકાગતિ તલપ;
મછની પરે પચાસ્યે મન્ન, માછીગર જીઉ વિસસ ન ઘન. ૧૦૮

* રંગવિજય અહીં આઠમેા અધિકાર પૂર્ણ કરે છે. ધનવિજય ગણિ ૧૦૭ મા શ્લેાકે તે પૂરેા કરે છે.

સુણી મન તું મુજ ચિરતન મીત, કાં કુવિકલ્પે દ્યે ભવભીત;
કર જોડયાં હિવ ભજ સત કલપ, સફલ મિત્રાઈ કરી સવિ કલપ. ૧૦૯
શિવ સુખ નરકર બિઘડી માંહ, આપે વશ્ય અવશ્ય થઈ આંહ;
પ્રયતન કરી સદા જીવને, વશ હુઈ મન હું કહું ઈમ તને. ૧૧૦
સુખદુખ નવિ દ્યે કેાઇ દેવ, કાળ મિત્ર તિમ અરિ નિતમેવ;
એ મન હુવે સકલ જીવને, બહુ સંસાર ભમાવણ મને. ૧૧૧
આતમ એ મન વશ જસ થયેા, કામ કિસુ યમ નિયમે ભયેા;
કુવિકલપ જસ મન થિર નહી, યમ નિયમાદ્રિ કરે સ્યું ગ્રહી. ૧૧૨
અરચા તપ શ્રુત દૃતને ધ્યાન, નિફલ વિણ જીતે મન માન;
કષાય ચિંતા વિણ મન રહે, અધિકેા યેાગ ભેાગગુણ લહે. ૧૧૩
જપ શિવ ન દ્યે ન દ્યે શિવતપ, સંયમ દમ નવિ મૌન તરપ;
પવનાદ્રિક સાધન સવિ વૃથા, મનવશ કર્યે સર્વ ફલ તથા. ૧૧૪
લાભી સકલ ધરમ જિન કહ્યો, વાહનસમ છેાડી જે વહ્યો;
મનપિશાચ ગહિલેા તે ઈહાં, મૂરખ પડે ભવેાદધિ જિહાં. ૧૧૫
હાહા મન દુર્જયી અમિત્ર, કરે વચન કાયા રિપુ સત્ર;
તીને રિપે હણાણેા જીવ, વહે વહે આપદા સદીવ. ૧૧૬
મન દુસમણ સ્યેા મુઝ અપરાધ, નાખે જિણે દુરગતે અગાધ;
લખે ઈમ મુઝ છેાડી શિવ જશ્યે, તેાહી તુઝ પદ અસંખ હશ્યે. ૧૧૭
કાનકુહી કુતરીની પરે, સભાવિષ્ટ કુષ્ટી અનુસરે;
શ્વપચ પરે સદ્ગતિ મંદિરે, મનહુત પ્રાણી પેસણ કરે. ૧૧૮
તપજપ પ્રમુખ સફલ નહીં ધરમ, કુવિકલ્પે હત ચિત્ત મરમ;
ભર્યો ખાનપાને પિણ ગેહ, ભૂખ તૃષા સહે રેાગી દેહ. ૧૧૯
કષ્ટરહિત સાધ્યું મન વસે, અધિક પુણ્ય ઉપાર્જન લસે;
વંચાણું મનવશ વિણ પુન્ય, હત તત્ ફલ સૌ થઈ અધન્ય. ૧૨૦
વિણ કુવિકલ્પે નિઃકારણે, શાસ્ત્રી ભણીય હણ્યું મન ઘણે;
પાપી તે બાંધી નરકાયુ ગઈ, નિહચઈ મરી નરકહી જઈ. ૧૨૧
જો ગહે તતે ચિત્ત સમાધિ, યેાગ નિદાન અધિક તપ સાધી;
શિવ સુખ વેલી તણેા તપમૂળ, તિણ ભજીયે સમાધિ ફૂલ. ૧૨૨
સઝાયે જોગે તિમ ચરણ, ક્રિયા વ્યાપારે ભાવન કરણ;
પંડિત મન રૂંધઈ સત અસત, પ્રવૃત્તિ ત્રિયેાગી મેલી તત. ૧૨૩

મનવચનમાં ભાવન પરિણામ, સિંહ સમાન રહ્યાં તિણ ઠામ;
દુષ્ટ ધ્યાન શુકર જાગતાં, નવિ પેસે ભાવન તાકતાં. ૧૨૪

એ સદ્‌ગુરૂ ઉપદેશમય, લીખ્યેા નવમ અધિકાર;
હિવ ભાખે વૈરાગમે, શ્રી મુનિસુંદર સાર. ॥

ઇતિ નવમશ્ચિત્તદમનાધિકારઃ

શું જીઉ મદ્દે હસે જે અરથ, વાંછી કામ ખેલે શું નિરર્થ;
ઘેાર નરક ખાડે પેસવા, ઇચ્છી લખે ન મૃતિ રક્ષહવા. ૧૨૫
તુઝ લવાદ્દિ કુહાડા ઘાઉ, છેદે નહી જીવિત તરૂ જાઉ;
તાઉ જીઉ યતના કરી તિણે, છેધે કિહાં કુણ લખવું ગિણે. ૧૨૬
તું મૂરખ જ્ઞાની તું જીવ, અવંછક વંછક સુખ દુઃખ નીવ;
દાતા ભેાક્તા તું તેહનેા, ઉજમે કાં નહી હેતમાં ઘનેા. ૧૨૭
કુણ તુઝ જીઉ ચિર જનરંજને, ગુણ પરમારથ લખ તું મને;
રંજ વિશદ્દ ચરિતે ભવ સમુદ્ર, પડતાં તુઝને પાલણ મુદ્ર. ૧૨૮
પંડિત હું રાજા હું વળી, દાતા અદ્‌ભૂત ગુણીઓ ગળી;
વાંછે એ મદ્દથી પરિતેાષ, ન લખે કાં પરભવ લઘુ પેાષ. ૧૨૯
સાધન બાધન જાણે સરવ, ધ્રમના લખે નિજવશ ધરવ;
ઇહ પરભવ જીઉ કરિ તે યતન, લખે નહીં કન ભુગતે તન. ૧૩૦
ધ્રમ અવસર લહ્યો બહુ પુદ્‌ગલે, અનંત દુઃખ સહતાં જીઉ દલે;
વલી તુઝ દુરલભ જિન ધ્રમ ઇમ, આદરવા વિણ દુઃખક્ષય કિમ. ૧૩૧
ગુણથુતિ વાંછે વલી નિર્ગુણી, વિણ પુણ્યે વાંછે સુખ ચુણી;
અષ્ટયેાગ વિણ વાંછે સિદ્ધિ, નવેા વાયુ તુઝ આતમ બુદ્ધિ. ૧૩૨
પડા પગપર અભિભવ જીઉ દેખી, ઇરષે કાં તેથી સવિશેષ;
અપુણ્ય આતમ ન લખે કાંઇ, વિસ્તારે કાં જીઉ અઘઠાંઇ. ૧૩૩
કાં પીડી નિરદય લઘુ જીવ, વાંછે પ્રમેાદ્દથી કમનીવ;
એકવાર પીડે એકજંત, તે તઉ પીડે વાર અનંત. ૧૩૪
રહ્યો મૃત્યુ મુખ પિણ જિમ ભેક, ભક્ષણ કરે જંતુ નિચ્છેક;
તિમ તું પણ મૃતિ મુહમેં રહ્યો, જીઉ પીડે સ્યું જીવ ઉમહ્યો. ૧૩૫
આપણપૈા તું વંચી ઇહાં કલ્પી થેાડું સુખભર જિહાં;
વરતે છે સ્યું જીઉ પરભવે, નરક દુખ સાગર નહીં વહે. ૧૩૬

અજ કેાડીને પાણી બિંદ્ર, અંગ વણિકત્રય ભિક્ષુક વૃંદ;
ઇણ પરિહાર્યું મનુષ્ય જનમ, શેાચસ પરમાદે દુખ ગરમ. ૧૩૭
મૃગ ભમરઉ પંખીને મીન, હાથી પ્રમુખ પ્રમાદે લીન;
શેાચે જિમ નિજ દુખ મૃતિ બંધ, ન લખે તું ચિરભાવી અંધ. ૧૩૮
પડ્યો દુઃખે કરી પહેલાં પાપ, વળી મૂરખ તસ કરે કલાપ;
પડતેા અતિ કર્દમ જલપૂર, માથે શિલા ધરે થઈ સૂર. ૧૩૯
વાર વાર તુઝ કહીયે જીવ, બીહે દુખે ગહે સુખનીવ;
તેા તું કર હવે વાંછિત કાંઇ, સમજ સમજ એ અવસર જાઈ. ૧૪૦
ધન શરીર સુખ બંધવ પ્રાણ, છેાડી છેાડી લ્યે જિનધ્રમ સાણ;
હવે ધરમે વાંછવા ભવભવે, પિણ વળી ઇણ દુલ્લભ ધ્રમ હવે. ૧૪૧
જિમ દુઃખ બહુ સહે અકામ, કરી કરૂણાએ સહીસ કામ;
થેાડે સકામ પણ પરભવે, સુખ અત્યંત ઘણા દુઃખ જવે. ૧૪૨
ધીઠેા રહે પાપ કમ વિશે, સુખ વાંછે સુવિનાશ ન લખે;
ચિંતવતેા તે સુખ વિણસતે, બીહે કાં નહી દુરગતિ લતે. ૧૪૩
કર્મ કરે રે જિય તું તેહ, દુરચે અત્યંત વિપદ્ર તિણ રેહ;
તેહનું બીહ ધરે નહીં હિયે, જિહાંઅત્યા કુલતા ભાવીયે. ૧૪૪
પાલ્યાં જે સંઘાતે વધ્યા, નેહાલુ થાનકમાં સધ્યા;
તે પિણ યમે ગ્રહ્યા નિરદયી, લખિપિણ કાં હિત ન કરે અઈ. ૧૪૫
ધન બંધવ સુત જસ ચીંતવ્યે, જિણે કલેશ પામ્યે તું હવ્યે;
કુણ ગુણ તસ ઇહ પરભવમાંહ, આયું કિતેા જિણ વિલપે તાંહ. ૧૪૬
સ્યું મુંઝે ગતરૂપે ભિન્ન, સકલ પરિગ્રહ બંધવતન્ન;
શેાચી નિજહિતકારી યેાગ, પરભવપથિ કરી અવસર ભેાગ. ૧૪૭
સુખસું ભેસે સુખસું સુવે, જીમે રમે ખેલે વળી જુવે;
નવિ જાણે આગળી ધ્રમ વિના, સ્યું હુઇસ્યે આતમ તુંજના. ૧૪૮
શીત તાપ માખી તૃણ ફરસ, લિગરેક કષ્ટે ઝમકે નિરસ;
તિણથી ઇણ કરમે બહુ મેલ, ન લહે નરકવેદના હેલ. ૧૪૯
ક્રેાધે કિહાં પ્રમાદ્દે કિહાં, કદાગ્રહે કિહાં મદ્દસું કિહાં;
મલિન કરે આતમને જીવ, ધિગ તુઝ ન ડરે નરક હરીવ. ૧૫૦

વૈરાગે ભવિ બુઝવા, કર્યેા દસમ અધિકાર;
હવે શુદ્ધ ધરમ તણેા, લિખું કહ્યો તિમ સાર. ॥

ઇતિ દશમેા વૈરાગ્યાધિકારઃ

રે જીવ ધરમે હવે ભવનાશ, મેલું કરે મૂરખ કાં તાસ;
મદ મત્સર માયાયઈ કરી, ઓસડ મિલ્યું ન હવે ગુણ પરી. ૧૫૧
શિથિલાઈ હઠ મત્સર ક્રોધ, પશ્ચાતાપ કપટ છલ રોધ;
કુગુરૂ કુસંગતિ માન પ્રમાદ, સુકૃત મલિન કરણ ઈણવાદ. ૧૫૨
વલ્લભ જિમ તુઝ નિજ ગુણશંસ, મત્સરી ધરિ તિમ પર પરશંસ;
નિજ પ્રશંસ પરને નવિ વહે, ઈષ્ટ દાન વિણ કિમ તે લહે. ૧૫૩
જિન ગુણ લેતાં હરખે ઘણું, પરભવ તિણગુણ રહિતપણું;
લેતાં દોષ ધરે નહીં તાપ, તો પરભવ ગુણ થિરતા વ્યાપ. ૧૫૪
હરખે નિજ ગુણ પરિ પર કહ્યે, તિમ જો વૈરી ઉપરી વહ્યે;
નિજ ગર્હાયે જિમ ઉપતાપ, તિમ રિપુને જાણ્યા ગુણ ચાપ. ૧૫૫
જમ નિજ ગર્હા તવના પણે, આતમ તાપ હરખ તું જણે;
તિમ પરને ચિંતવિ ચિહુ વિધે, ઉદાસથી હુવે વેત્તા પખે. ૧૫૬
સ્તવવાથી ન હુવે કો ગુણી, પરભવ હિત નહીં ખ્યાતે ઘણી;
એ અપગુણ ઉત્તર જાણતો, વૃથા માનગહિલો કાં હતો. ૧૫૭
કુણ કુણ ન કરે જન બહિમુખી, પ્રમાદ મત્સર કુબોધ મુખી;
મેલું એ દાનાદિક ધરમ, અણ પિણ કર સુધ સુકૃત કરમ. ૧૫૮
છાનું પુન્ય ધરે જિમ શોભ, પરગટ કરતાં તિમ નહીં થોભ;
લાજ સહિત જિમ મહિલાતણા, વસ્ત્ર છન્ન ઉરથલ ગુણ ઘણા. ૧૫૯
સુકૃત ગુણ સુણવે દેખવે, આતમ તુઝ કોઇ ગુણ નહી હવે;
ફલે નહીં ધરતીથી પ્રગટ, મૂળ કર્યાં તરૂ પડે નિપટ. ૧૬૦
તપકિરિયા દાને પૂજણે, શિવ ન જાઈ ગુણમત્સરપણે;
અપથ્ય કર્યે ન હુવે નિરોગ, રસાયને પિણ આતુર લોગ. ૧૬૧
મંતર યંતર રતન પ્રમુખ, થોડા પિણ શુદ્ધ તો ફલ મુખ;
દાન પૂજ પોસહ ગુણ કરે, શુદ્ધપણે, ઇમથાં ગિરપરે. ૧૬૨
દીવો નાન્હો જિમ તમ હણે, અમૃત લવ પિણ રૂજને લણે;
અગની કણ પિણ દહે તૃણ રાશ, ધર્મલેશ તિમ હવે ભવનાશ. ૧૬૩
વિના ભાવ ઉપયોગે કરી, આવશ્યક કિરિયા આદરી;
દેહ કષ્ટ ફલ ન લહે કાંઈ, આતમ લખિ કરી ભાવ મિલાઇ. ૧૬૪

શુદ્ધ ધરમ ઉપદેશ એ, ભાખ્યું ઈણ અધિકાર;
દેવ ધરમ ગુરૂ જાણવા, સુણ દ્વાદશમ વિચાર. ॥

ઇત્યેકાદશમો ધર્મશુદ્ધ્યધિકારઃ

સરવ તત્ત્વમાં ગુરૂ પરધાન, જે ભાખે હિત ધરમ નિદાન;
અણપરખી તેહને આસરે, મૂરખ ધ્રમ નિફલહી કરે. ૧૬૫
અવિધ ધરમથી પ્રાણી અહીં, શિવ ન લહે જસ ગુરૂ શુદ્ધ નહીં;
રોગ ન જાય રસાયન કરી, અજાણ વૈદ્ય બતાયે જરી. ૧૬૬
તારક બુદ્ધ જે આસર્યો, જેહને તેહ બૂડવા પડ્યો;
તરે તેહ કેમ વિષમ પ્રવાહ, કુગુરૂ પસાય પડે ભવ માંહ. ૧૬૭
ગજ રથ વાહન વૃષભ તુરગ, પદાતિ રાખે નિજપર મગ;
પંડિત તિમ સેવે શિવ ભણી, શુધ ગુરૂદેવ ધરમ ગુણધણી. ૧૬૮
કુગુરૂ કહ્યે કૃત ધરમઉદ્યમ, ફલે રહિત હવે એહ મરમ;
મૂકી દૃષ્ટિરાગ તે ભવિક, ગુરૂ શુદ્ધ કરે હિતાર્થી હુઇક. ૧૬૯
મૂક્યા શિવપથ વાહણ ભણી, શ્રી મહાવીરે જે ગુણધણી;
લુંટણહારા તેહજ થયા, કલિયુગમાં તુઝ શાસન મયા. ॥
રાખી તેહ યતીનું નામ, મુસે ધરમધન જનનું આમ;
નીરાજકે પુકારૂં કિસું, કોટવાલ નવિ ચોરાં જિસું. ૧૭૦
અશુદ્ધ દેવગુરૂ ધરમે મદ્દે, દૃષ્ટિરાગ ધિગ અઉગણ પદ્દે;
શોચિસિ પરભવ તું તે ફલે, રોગી કુપથભક્ષ્યે જિમ કલે. ૧૭૧
સીંચ્યો નીંબ અંબફલ ન ઘે, વાંઝ ગાય ઘે દુધ ન વઘ;
નાપે ધન દુષ્ટ નૃપ સેવ, નાપે કુગુરૂ ધરમ શિવમેવ. ૧૭૨
કુલ વળી જાતિ પિતા ને માત, વિદ્યાબંધવ ગુરૂ નિજ જાત;
ન હુવે જિયને કો હિતભણી, સુખ આપે ગુરૂસુર ધ્રમ ઘણી. ૧૭૩
તત્વે માત પિતા ગુરૂ જેહ, બોધી બીજે શુદ્ધ ધ્રમ જેહ;
નાંખે ભવમાં તે સમ કોઇ, વૈરી નહી રહે ધ્રમ લોઇ. ૧૭૪
દેવ પૂજ ગુરૂ સેવા લાજ, પિતર ભગતિ ને સુકૃત સાજ;
વ્યવહાર શુદ્ધ ને પરઉપકાર, ઇહ પરભવ જીઉ સંપદકાર. ૧૭૫
જિન અભગતિ મુનિની અવગન્યા, કર્મ અયોગ્ય અધરમ ધ્વન્યા;
પરવંચન માણાપ અવગણન, કરે પુરૂષને વિપદા મલિન. ૧૭૬
ભગતે પૂજિસ નહી જિન ભણી,સુણી ગુરૂધ્રમ મ કરિસિ વિરમણી;
સનિમિત્ત અનિમિત્ત મેલી પાપ, કિણ હેતે વાંછે શિવમાપ. ૧૭૭
ચઉપદ જાતે સિંહ જિમ ભિલ્યો, કોઇ સુગુરૂ તારે મુઝ મિલ્યો;
કોઇક તે બોળે ભવકૂપ, શ્યાલ સમાન અણમિલ્યો ભૂપ. ૧૭૮

ભર્યે તલાવે તીસીયેા સદા, ભૂખ્યેા મૂઢ ભર્યે ઘર તદા;
દરિદ્રી તે કલ્પદ્રુમ છતે, જે પ્રમાદી ગુરૂયેાગ હતે. ૧૭૯
ન ધરમચિંત ન ગુરૂદેવ ભગત, વૈરાગ્ય લેવા નહીં જસ ચિત્ત;
તેહનેા જનમ પશુની પરે, નિષ્ફળરૂપ થયેા બહુપરે. ૧૮૦
ન દેવકામ ન સંઘકામ, જસ ધન ખરચાણેા નહીં આમ;
તસ ધન ઉપાર્જ્યે ભવકુપે, પડતાં સ્યું આલંબણ હુયે. ૧૮૧

કહ્યો દેવગુરૂ ધર્મમય, દ્વાદશમેા અધિકાર;
હિવ મુનીપર શિષ્યાપણે, લિખું યથા અચાર. ॥

ઇતિ દ્વાદશમેા ગુરૂશુદ્ધ્યધિકારઃ

ભવભયવારક મુનિવર નમું, જસ મન વિષય કષાયે ગમું;
રાગદ્વેષ રહિત પરિણામ, રમે ભાવન સંજમનેં ઠામ. ૧૮૨
પરમાદે ન કરિસિ સિઝાય, સમિતિ ગુપ્તિ ન ધરીસ ચિત્તલાય;
શરીરમેાહે ન કરિસિ તપ, કરિસ કષાય બાંધિસ તેા અપ. ૧૮૩
પરીસહ ન સહિસ તિમ ઉપસર્ગ, ધરીશ નહીં શીલંગ રથવર્ગ;
તેા મુંકાતેા પિણ ભવપાર, મુનિ કિમ તુરિસ વેષે ધાર. ૧૮૪
આજીવિકાયે એ જે વેષ, ધરે ચરિત્ર ન પાલે લેસ;
લખિતેા ન બીહે લેત જગત, મૃત્યુ નરક વેષે ન લહુત. ૧૮૫
ચરણ વિના યતિ વેષે મદે, જીય વાંછે પૂજોપધિ હુદે;
વંચી મુગધ નરકભવ જઇશ, અજગલ પાલી ન્યાય વહીશ. ૧૮૬
આતમ ન થયેા સંયમતપે, પ્રતિગ્રહ ભાર મૂલપિણ કપે;
સ્યું તુજ દુરગતિ પડતાં શરણ, જીઉ થાશે પરભવ તુજ કવણ. ૧૮૭
સ્યું જન સતકારે પૂજણે, અરે મુગ્ધ તુસે વિણ ગુણે;
બેાધિ બીજ તરૂને એ પરશુ, પ્રમાદરૂપ ભવમાંહિ કરશું. ૧૮૮
નમે ભવિક તુજ ગુણ આસરી, આપે ઉપધિ વસતિ બહુપરી;
વેષ ધરી મુનિ તું ગુણ વિના, ઠગની ગતિ ભાવી તુજ મના. ૧૮૯
આવણ પીવણની નહિ ચિંત, ન રાજભય જાણે સિદ્ધંત;
તેા પિણ શુદ્ધ ચરણમેં યતન, ન કરે મુનિ તેા નરકમાં પતન. ૧૯૦
શાસ્ત્ર જાણ પિણ લેઇ વિરતિ, ન રહે સ્ત્રીસુત બંધે રહિત;
પ્રાણી તિણે પ્રમાદે કરી, લુંટાઈ પરભવ નિજ સિરી. ૧૯૧

ન કરૂં હું ઇમ નિત્ય ઉચરે, સાવદ્ય સરવ તેહ વલિ કરે;
નિત જૂઠે વચને મન રંજિ, પાપે જાણ નરકગતિ ગંજિ. ૧૯૨
વેષે તુજ આપે એ લેાક, ઉપદેશે વંચ્યા બહુ થેાક;
સુયે સુખે રહે ભેાગવે, જાણીશ તે ફલ તું પરભવે. ૧૯૩
આજીવિકા પ્રમુખ દુઃખભર્યા, કષ્ટે કેઈ રહે ભ્રમવર્યા;
તેથી પિણ નિરદય તું ધૃષ્ટ, વાંછે પિણ નહીં નિયમ વિશિષ્ટ. ૧૯૪
પેાતે તરતેા સે ગુણવંત, આરાધ્યેા તારે ભવિજંત;
તુજ નિગુણને જે આસરે, કેહવું તેહ ભગતિફલ વરે. ૧૯૫
નિજ પરમાદે પેાતે પડે, તે કિમ તારે પરને તડે;
નિજકાજે ભવિને વંચતેા, નિજપર પાપે આયે અતેા. ૧૯૬
લયે શય્યા પુસ્તક આહાર, પર પાસે એ તપ આચાર;
પ્રમાદથી પરભવમે કિસી, ઋણ ઋણીયાની તુજ ગતિ થસી. ૧૯૭
મુનિવર તુજજ નહી કા સિદ્ધિ, કિરિયા તપયેાગે ગુણબુદ્ધિ;
તેા પિણ તું કાં માને ભર્યો, સ્તુતિ વાંછે સ્યું દુઃખે પર્યો. ૧૯૮
નિર્ભાગી આતમ ગુણ હીન, સ્તુતિ વાંછે અણહુંતઈ દીણ;
રીસી પરથી લાભે તાપ, ઇહભવ પરભવ કુગતિ પાપ. ૧૯૯
ગુણહીણેા જન નમનાદિકે, સુખ વાંછે હરખભર થકે;
મહિષ વૃષભ ખર જનમની પરે, ગુણવિણ તુજ તિણ મૂલ ન સરે. ૨૦૦
મુનિ જે ઉજમે ગુણવિષે, વંદન સેવ કરાવે મિષે;
નંદાઈસ પરભવ ગતિ ગયેા, હસી તિણે તું અભિભવ લયેા. ૨૦૧
દાનમાન થુતિ વંદન કર્યે, હરખે માયા રંજે પર્યે;
નવિ જાણે જે સુકૃત નામ, કુણ તું તિણ લુટયેા તુજ ગામ. ૨૦૨
મુગધ કહ્યે ન હુવે તું ગુણી, કર્યે દાન પૂજાવિધિ ઘણી;
ગુણવિણ ન હુવે તુજ ભવનાસ, સ્યું સ્તવનાયે લયે ગુણગ્રાસ. ૨૦૩
ભણી શાસ્ત્ર સત્ અસત્ વિચિત્ર, આલાપે માયાયે તત્ર;
જે જનને રંજે ઇહભવે, કુણ તે તું કુણ મુનિ પરભવે. ૨૦૪
ઘર પરમુખ પરિગ્રહ મુનિ છાંડી, ધર્મોપગરણ છલ તે માંડી;
કરે શય્યાદિક ઉપગ્રણ પણે, નિશ્ચે વિષનામાંતર જણે. ૨૦૫
કરે ધરમ સાધન પરિગ્રહે, તુસે નામે મુરખ કિહે;
નવિ જાણે સેાનાને ભાર, નાવ ન બુડે પારાવાર. ૨૦૬

પાપકષાય કરમ ભાજને, મુનિ હુવે પિણ ઇહાં ધ્રમસાધને;
રસાયને પિણ સુખ તેહને, ન હુવે અસાધ્ય રૂજ જેહને. ૨૦૭
જિને કહ્યા મુનિ સંયમરખા, જે તે વસ્ત્ર પાતર પરમુખા;
મોહ્યાં તેણે હુવે ભવપીડવે, નિજશસ્ત્રે રિયે નહ દુખ હુવે. ૨૦૮
સંયમ છલથી પર અભિભવે, ભારે પુસ્તક પ્રમુખે રવે;
વૃષભ ઉંટ મહિષાદિક રૂપ, ધરી વહિસ તું ભાર અનૂપ. ૨૦૯
વસ્ત્રપાત્ર તનુ પુસ્તક લોભ, કરવે ન હુવે સંયમસોભ;
લોભે પડવું ભવનિધિમાંહિ, સંયમ શોભે શિવગતિ છાંહિ. ॥
એક વસ્ત્ર પાત્રાદિક શોભ, બીજી સંયમપાલણ શોભ;
પહિલી ભવ દ્યે બીજી મુગતિ, શુદ્ધ જાણી તું એકજ ગ્રહતિ. ૨૧૦
શીત તપાદિક થોડું લહે, તે પિ પરીસહ તું નવિ સહે;
તો કિમ નરક ગરભ દુખખાણ, સહીસ ભવાંતરી કેમ અજાણ. ૨૧૧
મુનિ સ્યું વિણસિત વપુ મૃત્પિંડ, પીડી ઘાલી તપ વિરતિ કરંડ;
જાણે જો ભવભય દુખરાશ, તો આતમ કર શિવસુખવાસ. ૨૧૨
ઇહાં કષ્ટ જે ચારિત વિષે, પરભવ તિરયગ નારગ શિખે;
સપ્રતિપક્ષપણું બે માંહિ, વિશેષ નિજરે લ્યે ઇક ચાહિ. ૨૧૩
પ્રમાદ સુખ તે ઇહાં ભિંદનો, દિવ શિવ સુખ પરભવ સમુદનો;
એ બેમાં પખ લેવા વૈર, વિશેષ નિજરે ઇક લ્યે સૈર. ૨૧૪
પરવશતા ચારિત્રમાં ઇહાં, તિર્યગ સ્ત્રી ગ્રભ નરકસુ કિહાં;
તેમાં વૈર પખાપખ ભાવ, વિશેષ જાણી લ્યે ઇક દાવ. ૨૧૫
સહિ તપ સંયમ પરવશપણો, નિજવસ સહિવે હુવે ગુણ ઘણો;
પરવશ અતિદુખ સહિવે કિસો, તુજ ગુણ થાસ્યે ચીંતવિ ઇસો. ૨૧૬
થોડે સમતા પરવશગુણે, મુનિ જે કષ્ટે ઘાતે ઇણે;
જો ક્ષય હુવે દુર્ગતિ ગ્રભવાસ, તો કિમ તું વાંછે નહી તાસ. ૨૧૭
તજ વાંછા દિવ શિવ સુખતણી, નરકાદિક દુઃખ લખ તિમ સુણી;
સુખ થોડે વિષયાદિક તણે, સંતોષાઇસ માં દુઃખ ઘણે. ૨૧૮
સહુ ચિંતા નાઠે જે ઇહાં, રાગીને સુખ હુવે પિણ કિહાં;
પરભવ શિવ સુખ લેખે પડે, સ્યું તો પ્રમદે ચારિતતડે. ૨૧૯
અતિતપ ધ્યાન પરીસહ જેહ, ન સધે જો અસમર્થે તેહ;
તો સ્યું સુમતિ ગુપતિ ભાવના, ન ધરે જીવ શિવારથમના. ૨૨૦

અનિત્ય પ્રમુખ ભાવન નિતમેવ, યતતો સંયમ ગ્રહિ નિતમેવ;
આયુસ યમ આવે સુ નજીક, પ્રમદે કાં ન લહે ભવભીક. ૨૨૧
તુજ મન હુયું કુવિકલપનાદ, પાપ વચનમેં શરીર પ્રમાદ;
તો પિણ લબધિ સિદ્ધિ વાંછતો, મનોરથે ભંગાણો મતો. ૨૨૨
તુજમન વશતો સુખ દુઃખ મેલ, મન મિલતે આતમ તહાં કેલ;
પ્રમાદ ચોરે મિલતો વાર, કરી સીલાંગ સજ્જનની સાર. ૨૨૩
પ્રમાદથી ભવ સમુદે તુજ, પડવો વળી પરમત્સર ગુજ;
દીસે તેં ગલ બાંધી શિલા, જલપર આવવો તઉ મુસકલા. ૨૨૪
મહાતપી કે સહે ઉદીર, ઉગ્ર તપાદિક નિર્જરા હીર;
થોડે કષ્ટ પ્રસંગે થયો, તે પિણ અણુવાંછે મુનિ નયો. ૨૨૫
દાન માન નતિ પ્રમુખે જેહ, નવિ હરખે વિપરીતે તેહ;
લાભાલાભ પરીસહ સહી, યતી તે બીજે વિટમહી. ૨૨૬
મમત્વ ધરતો શ્રાવક વિષે, તદીય તાપે તપીયો થશે;
નિજ મન અણુસંવરતો સદા, ભમણુહાર ભવતાપે મુદા. ૨૨૭
નિજ ઘર છંડયુ પરઘર ચિંત, તામે કુણ ગુણ તાપ મહંત;
આજીવિકા વેષે તુજ ચલે, દુરગતિ કાં નવિ શોચે કલે. ૨૨૮
કરીશ ન પાપ ઇસું ભાખતો, કરતો પિણ દેહે લ્યે ખતો;
શય્યાદિકે પ્રેરતો લોગ, મન વચને સ્યો છે મુનિયોગ. ૨૨૯
કિસું મમત્વે મોટિમપણે, સાવદ્ય વંછવે પિણ નિજ જણે;
સોનામે પાલી નવિ પેટ, મારી હુણે પ્રાણુને નેટ? ૨૩૦
તજ પદવી કો ગુરૂ પરસાદ, પામી વેષ ભણી ગ્રથનાદ;
મુખરાઇથી વશી કરી લોગ, લખે ઇંદ્રિ પદ દુરગતિ જોગ. ૨૩૧
પામી પિણ ચારિત એ દુલભ, વિષય પ્રમાદ રચ્યો જ્યું કલભ;
ભવકૂપે પડતો તું મુનિ, અનંત કાળે લેસી દુઃખખની. ૨૩૨
કષ્ટે બોધિ રતન એ લહ્યો, યુગસમિલા દૃષ્ટાંતે ગહ્યો;
કરી કરી અંતરંગ રિપુ વશે, અણુથાતો નિજ હિત જો કસે. ૨૩૩
દુસમણુ એ તુજ વિષય પ્રમાદ, અણુગોપ્યા મનવચનદેહાદ;
એહ અસંયમ સતરે વલી, એથી બીહતો ચલિ ધ્રમગલી. ૨૩૪
પામી ગુરૂ છંડી નિજ ગેહ, ભણી શાસ્ત્ર તતવાચક જેહ;
નિજ નિરવાહ ચિંતાથી ટલ્યો, તો મુનિ હિવ યતને કાં ગલ્યો. ૨૩૫

સંયમયોગ વિરાધનપણે, રહ્યો પડિસ ભવરાશે ઘણે;
શાસ્ત્ર શિષ્ય પુસ્તકને ઉપધિ, નિજ જન નહીં કોઇ શરણે સમધિ. ૨૩૬
ક્ષણ પિણ જેહનો સુખ સુરભવે, પલ્ય કોડી બાણું ઉપજવે;
સાધિક કાં તો સંયમ હરે, અને પ્રમાદ થકો કાં ફરે. ૨૩૭
જન પૂજે જેહને નામ, શુદ્ધ મને હુવે અતિ સુખ ઠામ;
સંયમ વિષે જીઉ કરિ યતન, જાણીએ ઉત્તમ ફલ રતન. ૨૩૮

વિરતિરૂપ અધિકાર એ, કહ્યો તેરમે થાન;
હિવ સંવર કરિવા ભણી, લિખીયે તાસ નિદાન. ॥

ઇતિ ત્રયોદશો યતિશિક્ષાધિકારઃ

અવિરતિ યોગ પ્રમાદ મિથ્યાત, આતમ નિત સંવર કરી જાત;
ભવરૂપી એ અણુસંવર્યા, મુગતિતણા સુખ ઘે સંવર્યા. ૨૩૯
મન સંવર કરી હે પંડિત, સ્યું ન લખે અણુસંવર રીત;
તરત હિ જાયે તંદુલી મત્સ, સાતમી પૃથિવીમાં બીભત્સ. ૨૪૦
પ્રસન્નચંદ્ર રાજઋષિ જેહ, મન મોકળે સંવરવે તેહ;
નરકના દલ પિણ વલિ શિવદલ, ક્ષણ એકમાં મેલ્યા નિરમલ. ૨૪૧
મન અણુલાધે જે જોઇએ, ધ્યાન ન એકેંદ્રિયાદિ થીએ;
ધરમ શુકલમાં મન થિર કર્યું, મન સંવર તે તેણે વર્યું. ૨૪૨
સકારણ નિકારણ જેહ, મન શુભ ધ્યાને યંત્રી લેહ;
દુર્વિકલપથી વિરમ્યા યતી, પારંગામી તેહજ સતી. ૨૪૩
વચન અલાધે બહુલા જીવ, મૌન કરે નહી કુણ કુણ કીવ;
નિરવદ્ય વચન અછે જેહમે, વચન ગુપતિ તે કહી તેહમે. ૨૪૪
આતમ કહી તું નિરવદ્ય વચન, સુણ સાવદ્ય વચને દુઃખવસન;
પામ્યા ઘણા નરક અતિ ઘોર, વસુરાજાદિ વચનના ચોર. ૨૪૫
દુર્વચને ઇહભવ હુવે વૈર, પરભવ નરક તણી દુઃખ સૈર;
અગનિદગ્ધ ઉગે વળી વૃક્ષ, નવિ જીવે કરી કુવચન પક્ષ. ૨૪૬
ભગવંત તે એહિજ કારણે, દીક્ષાથી જં કેવળપણે;
ન હુવે તાં નવિ બોલે વચન, પાપ ડરે જ્ઞાનાદિક છતન. ૨૪૭
કરૂણાયે સંવર નિજ અંગ, કુર્મા જ્ઞાત સુણીને ચંગ;
આશ્રવ સંવરથી જિમ તિણે, લાધ્યું સુખ દુઃખ તિમ નિજ ગિણે. ૨૪૮

કાય રૂંધવે કુણ કુણ નહિ, તરૂ થાંભાદિક નિજગુણ રહી;
કરે ક્રિયા જે શિવગતિ હેત, કાય ગુપત તે કહીયે ચેત. ૨૪૯
શ્રુત સંયમ આદરમાં રહી, શબ્દોને કુણ છોડે નહિ;
ઇષ્ટ અનિષ્ટપણે એ વિષે, રાગ દ્વેષ તજે મુનિ ઇષે. ૨૫૦
કે સંયમમાત્રે આખિને, રૂપ પ્રતે ન તજે પ્રતિ દિને;
ઇષ્ટ અનિષ્ટપણે એ વિષે, રાગ દ્વેષ તજે મુનિ ઇષે. ૨૫૧
નાસા સંયમમાત્રે કરી, કુણ કુણ ન તજે ગંધને ધરી;
ઇષ્ટ અનિષ્ટપણે એ વિષે, રાગ દ્વેષ તજે મુનિ ઇષે. ૨૫૨
જિહ્વા સંયમમાત્રે વળી, રસાંપ્રતે કુણ ન તજે રલી;
તજ મનસાથે ઇષ્ટ અનિષ્ટ, જો વંછે તું તપફલ શિષ્ટ. ૨૫૩
શરીર સંયમરૂપે ઇહાં, સ્પર્શ પ્રતે કુણ ન તજે કિહાં;
ઇષ્ટ અનિષ્ટપણે એ વિષે, રાગ દ્વેષ તજે મુનિ ઇષે. ૨૫૪
રે વપુ સંયમમાત્રે રલી, કુણ કુણ બ્રહ્મ ન જાણે વળી;
મન સંયમવે તું અવધાર, પંડિત જો તે ફલ મન ધાર. ૨૫૫
વિષય ઇંદ્રિય સંયોગ અભાવ, થકી ન કો સંયમનો દાવ;
રાગ દ્વેષ વિણ જસ મનયોગ, તે સંયમધારી મૃત્યુલોગ. ૨૫૬
સંવર પંડિત સરવ કષાય, જે સેવ્યે સુ નરકગતિ થાય;
પામ્યા મહાતપી પિણ ઇણે, કુરૂડ વુરૂડ મુખ દુરગતિ તિણે. ૨૫૭
તપ યમ પ્રમુખ નહીં જેહને, અવિતથ વચને ન બોલે મને;
જેહને છે તપ નિયમસુ કાંઇ, તે ત્રિણયોગ સંવરે આંઇ. ૨૫૮
થાતું સકલ સંવરને વિષે, શિવસંપદ કારણ જો રખે;
તજી કષાયાદિક કુવિકલપ, કરી મન સંવર તું બુધ જલપ. ૨૫૯
તે ઇમ આતમ હુવે સંવરી, સદા સુખે સ્રવ સંગ પરિહરી;
નિઃસંગભાવપણે સંવરે, તે બો શિવપદ યુગપદ વરે. ૨૬૦

સંવર ગુણ વિસ્તારતા, એ અવદમ અધિકાર;
શુભચલગતિમાંહે હિવઈ, લિખિશ વચન તે ધાર. ॥

ઇતિ ચતુર્દશો મિથ્યાત્વનિરોધાધિકારઃ

કરી જીઉ યતન આવશ્યક વિષે, જિન ભાષિત શુદ્ધ તમપહશિષે;
ઓસડ ન હુણે રોગ અશુદ્ધ, અણખાધો વૈદે કહ્યો શુદ્ધ. ૨૬૧

તપ કરી દુહુ વિધિ જીવ નિતપ્રતે, મુખ કટુ પિણુ ઉત્તર સુખ છતે;
કુકરમરાશિ પ્રતે તો હણે, જેમ રસાયણ રૂજને લણે. ૨૬૨
ધરી શીલંગરથ સહસ વિશુદ્ધ, કરી યોગ સિદ્ધિ નિરંતર બુદ્ધ;
નિરમમ પણ ઉપસર્ગ નિજસહી, સુમતિ ગુપતિ ભજ નિશ્ચલ રહી. ૨૬૩
સઝાય યોગે કરી જીઉ યતન, આગમ ગ્રહી જીઉ મધ્યમ ગમગન;
વિષાદ ગારવ પિણુ લ્યે ભીખ, ઇંદ્રિય વશ કરી એ તુજ શીખ. ૨૬૪
દે ક્રમાર્થે ક્રમ ઉપદેશ, ન ધરી નિજપરભાવ વિશેષ;
જગ હિતુયે નવ કલ્પાચાર, ગામ પુરે ચલી પ્રમાદ વાર. ૨૬૫
કૃત અકૃત નિજ તપ જપ પ્રમુખ, શક્તિ અશક્તિ સુકૃત અઘદુખ;
સહુ વિચારીને નિજ હૃદે, હેય ઉપાદેય વળી કરી જૂદે. ૨૬૬
પરની પીડાને વરજવે, ત્રિવિધ યોગ તુજ નિરમલ હવે;
સમતા માંહે તિમ મન રાખ, વચન મલીનતા તજી શુદ્ધ ભાખ. ૨૬૭
મૈત્રી કરૂણાને પરમોદ, ઉપેક્ષઆણુ જીઉ સામ્યવિનોદ;
યતને રૂડી ભાવન ભાય, આતમ નિહુચલપણે રમાય. ૨૬૮
ન કરી કીહાંઇ મમતા ભાવ, કષાય ને રતિ અરતિ ન લાવ;
ઇહ સુખ નિસ્પૃહુપણે લહીશ, પરભવ અનુત્તર સુખ પામીશ. ૨૬૯
જાણી યતિ વૃતિ વ્રતિની એ સીખ, ચરણ કરણ ધરી શુદ્ધ ચિત ભીખ;
તો તું તરત ભવોદધિ તરી, વિલસે સારી શિવ સુખ સિરી. ૨૭૦

ભાખ્યો સારી ચાલમાં, એ પન્નરમ અધિકાર;
હિવ સમતારૂપી સરસ, લિખું શાસ્ત્ર અનુસાર. ॥

ઇતિ પંચદશો શુભવૃત્તિશિક્ષાધિકાર:

ઇમ શુદ્ધ અભ્યાસે નિજ ચિત્ત, રહિ પરમારથમાં સમચિત્ત;
શિવસંપદ જિમ તુજ કર થકા, હુવઈ તરત ભાવી શિવસકા. ૨૭૧
તુંહિજ દુઃખ તુંહિજ નરકમાં, તુંહિજ સુખ તુંહિજ શિવગમાં;
તુંહિજ ક્રમ તુંહજ મનપણે, તજ અવજ્ઞા આતમ ઇમ ભણે. ૨૭૨
આતમ નિજ આદર નિસ્સંગ, સરવ અરથમાં સમતા સંગ;
આતમ લખિએ સમતા મૂળ, શુદ્ધ સુખ તે સમતા અનુકૂળ. ૨૭૩
સ્ત્રીમાં ધૂલિ નિજપરમાંહ, સંપદ આપદ આતમ આંહ;
તત્વે સમતા મમતા વિના, જે ચાહે તે સુખીઆ ઘના. ૨૭૪

યતને તેહજ તું ગુરૂસેવ, પંડિત તે ભણુ શાસ્ત્ર સુલેવ;
આતમ તેહિજ તત પરિભાવ, સમતા સુધા હુવે જેદાવ. ૨૭૫
સકલશાસ્ત્ર જોઇ ઉધરી, મેલ્યો એ સમતામૃત કરી;
પીઓ એ લાભી પંડિતાં, એ શિવસુખ આવે છે કિનાં. ૨૭૬
આતમ શાંત સુધારસ ભર્યો, શ્રીમુનિ સુંદર સૂરિ તિણ કર્યો;
અધ્યાત્મ ભાવે ધ્યાઇવો, પરહિત કલ્પતરૂ ભાઇવો. ૨૭૭
એ બુદ્ધિવંત ભણી ચિત્તમાંહિ, તરત રમાડી વિરમી તાંહ;
ઇહભવ તે પામી જયસિરી, પરભવ સહજે લ્યે શિવપુરી. ૨૭૮

શાંત સુધારસ પૂરમે, ભાખ્યો એ અધિકાર;
સોલેહી પૂરા ઇહાં, લિખીયા શાસ્ત્ર વિચાર. ૧
ચિદાનંદ ભગવાન તું, પરમાતમ ગુણવંત;
અક્ષયનિધિ નિજ સમરતો, પામે બોધિ મહંત. ૨
અમૂરતી ને મૂરતી, થાયે પંચ પ્રકાર;
તેમાં ચરમ કરણ વસે, અંતર કરણ પસાર. ૩
દોઈ ઘડી હુવે ઉપશમી, તે વળી આદિ કષાય;
કરવે પડતાં પામીયે, ગુણ સાસાદન ભાય. ૪
તીન મોહની નઇ વલી, ધુરલા ચ્યાર કષાય;
પ્રકરતિ સાતે ક્ષય કર્યા, ક્ષાયિક ભાવે પ્રાય. ૫
એ મિથ્યાત સભાવથી, તીને બોધિ અરૂપ;
જો હુવે ચરમ કરણ પણે, તીને પુંજસરૂપ. ૬
શુદ્ધ અધશુદ્ધ અતિશુદ્ધમાં, પહિલઇ પુંજે આય;
રહતાં હુવે ક્ષય ઉપશમી, ચરમ સમય શુદ્ધ પાય. ૭
વેદક બોધિ પણું લહે, નિરમલ દલ ઇહાં હોય;
તિણ રૂપી કહિયે બિને, આતમ નિજ ગુણ જોઈ. ૮
બોધ લહી જે કો ઇહાં, નવિ લખીસ્યે એ શાસ્ત્ર;
ફોરવવા તપ જપ સકતિ, ભજસ્યે તે ભવપાત્ર. ૯
લિખ્યો શાસ્ત્ર ભાષાપણે, સમઝે સગલા લોગ;
ઇમ નરવિજય તણે વચન, ધરમારથ ઉપયોગ. ૧૦
દેખી દેખી વચન તે, લિખીયા મતિ અનુસાર;
પંડિત દેખી સોધજ્યો, દે દૃષ્ટી ઉપકાર. ૧૧

સંવત સતર સત્યોત્તરે, માસ શુકલ વૈશાખ;
રવિવારે પાંચમિ દિને, પૂર્ણ થયો અભિલાષ, ૧૨
ખરતર ગચ્છ માંહે સરસ, આચારજ ગણુધાર;
શ્રી જિણચંદ સૂરીસવર, સૌમ્યગુણે સિરદાર. ૧૩
તાસ સીસ ગુરૂ ચરણ રજ, સમ તે રંગવિલાસ;
નિજપર આતમ હિત ભણી, કીનો આદરિ જાસ. ૧૪
ભણિજ્યો ગુણજ્યો વાંચજ્યો, એ અધ્યાતમ રાસ;
જિમ જિમ મનમાં ભાવસ્યો, તિમ તિમ થસ્યે પ્રકાસ. ૧૫

અધ્યાત્મકલ્પદ્રુમ ગ્રંથની ગુજરાતી ચોપાઈ સમાપ્ત.

यावद्देहमिदं गदैर्न मृदितं नोवा जराजर्जरं ।
यावत्त्वक्षकदंबकं स्वविषयज्ञानावगाहक्षमम् ॥
यावच्चायुरभंगुरं निजहिते तावद्बुधैर्यत्यतां ।
कासारे स्फुटिते जले प्रचलिते पालिः कथं बध्यते ॥

જ્યાં સુધી આ શરીર રોગવાળું અથવા વૃદ્ધાવસ્થાથી જર્જરિત થયું નથી, જ્યાં સુધી પાંચે ઇંદ્રિયો પોતાના વિષયો સમજવાને સમર્થ છે અને જ્યાં સુધી આયુષ્ય ક્ષય થઇ ગયું નથી ત્યાં સુધીમાં હે જીવ! તું તારા કલ્યાણ માટે યત્ન કર; કારણ જ્યારે તળાવ તૂટી જઈ પાણી બહાર નીકળવા માંડશે ત્યારે પછી તું પાળ કેવી રીતે બાંધીશ? શાંત સુધારસ.

भवारण्यं मुक्त्वा यदि जिगमिषुर्मुक्तिनगरीं,
तदानीं मा कार्षीर्विषयविषवृक्षेषु वसतिम् ।
यतच्छायाप्येषां प्रथयति महामोहमचिरा-
दयं जंतुर्यस्मात्पदमपि न गंतुं प्रभवति ॥

આ સંસારરૂપ અરણ્યનો ત્યાગ કરીને જો તારે મોક્ષ નગરીમાં જવાની ઈચ્છા હોય તો વિષયરૂપ વિષવૃક્ષમાં વસતિ કરીશ નહિ. એ વૃક્ષોની છાયા પણ લાંબા વખત સુધી મહા મોહ કરનાર છે જેમાંથી એક પગલું પણ ભરવાને આ પ્રાણી સમર્થ નથી.

શૃંગાર વૈરાગ્ય તરંગિણી.

राज्यं राज्यं सुभगदयिता नंदनानंदनानां,
रम्यं रूपं सरसकविता चातुरी सुस्वरत्वम् ।
नीरोगत्वं गुणपरिचयः सज्जनत्वं सुबुद्धिं,
किं तु ब्रूमः फलपरिणतिं धर्मकल्पद्रुमस्य ॥

મહાન રાજ્ય, સુંદર સ્ત્રી, પુત્ર પુત્રીઓ અને તેઓનાં રમણીય રૂપ, રસયુક્ત કવિતા બનાવવાની ચતુરાઈ, સુંદર ભાષણ કરી અથવા બોલી રીઝવવાની શક્તિ, નિરોગીપણું, ગુણનો પરિચય, સજ્જનપણું, સારી બુદ્ધિ, આ સર્વ વસ્તુ ધર્મ કલ્પવૃક્ષનાં ફળ છે. શાંત સુધારસ.

यस्याशयं श्रुतकृतातिशयं विवेक-
पीयूषवर्णरमणीयरमं श्रयन्ते ।
सद्भावना सुरलता नहि तस्य दूरे,
लोकोत्तरप्रशमसौख्यफलप्रसूतिः ॥

(સમતા પામવા યોગ્ય કોણ છે તે અત્ર કહે છે.) સિદ્ધાન્તના પરિચયથી વૃદ્ધિ પામેલ અને વિવેક અમૃતના વરસવાથી શોભાયમાન થયેલ અંતઃકરણ જે પ્રાણીઓનું છે તેઓનો સદ્‌ભાવના આશ્રય કરે છે અને તેવા પ્રાણીઓને લોકોત્તર સમતા સુખના ફળને જન્મ આપનાર (મોક્ષ આપનાર) કલ્પલતા દૂર નથી. શાંત સુધારસ.

મુનિસુંદરસૂરિકૃત

શ્રી અધ્યાત્મકલ્પદ્રુમ

ગ્રંથ વિવેચન સહિત

સંપૂર્ણ.